શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર

અરિહંત પ્રકાશન

અમદાવાદ

શ્રી

ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર.

●

પર્વ ૩–૪–૫–૬ ઠું

શ્રી આદીશ્વરજી અને ભરતચક્રીનું ચરિત્ર

તથા

શ્રી અજિતનાથજી અને સગરચક્રીનું ચરિત્ર.

કલિકાલસર્વજ્ઞ

આ. શ્રી હેમચંદ્રાચાર્યવિરચિત

સંસ્કૃત પદ્યાત્મકનું

ગુજરાતી ભાષાંતર.

પ્રકાશક

શ્રી જૈનધર્મ પ્રસારક સભા (ભાવનગર)ના સૌજન્યથી

અરિહંત પ્રકાશન

અમદાવાદ

નવી આવૃત્તિ　　સંવત ૨૦૪૧　　ચૈત્ર સુદી–૧૫

કિંમત–રૂા. ૨૦૦=૦૦ (સેટના)

પ્રકાશક :
અરિહંત પ્રકાશન ૭૧૧, જૈન ચાલી, ખમાસા ગેટ સામે, **અમદાવાદ-૩૮૦૦૦૧**

મુખ્ય વિક્રેતા :

સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન નં. ૩૩૬૬૨૬

શ્રી પાર્શ્વ પ્રકાશન
નીશાપોળ, ઝવેરીવાડ, રીલીફરોડ,
અમદાવાદ-૩૮૦૦૦૧

અન્ય પ્રાપ્તિસ્થાન

સોમચંદ ડી. શાહ
જીવન નિવાસ સામે,
પાલીતાણા

જૈન પ્રકાશન મંદિર
દોશીવાડાની પોળ,
અમદાવાદ-૧

મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
ગોડીજીની ચાલ, પાયધુની
મુંબઈ-૨

શ્રી પાર્શ્વનાથ જૈન પુસ્તક ભંડાર,
કુવારા સામે, તળેટી રોડ
પાલીતાણા

સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજનગલી,
ઝવેરી બજાર
મુંબઈ-૨

स्वर्गस्तस्य गृहांगणं सहचरी साम्राज्यलक्ष्मीः शुभा ।
सौभाग्यादिगुणावलिर्विलसति स्वैरं वपुर्वेश्मनि ॥
संसारः सुतरः शिवं करतलक्रोडे लुठत्यंजसा ।
यः श्रद्धाभरभाजनं जिनपतेः पूजां विधत्ते जनः ॥ १ ॥

શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રના દશ પર્વમાં સમાવેલા ચરિત્રોનું યંત્ર.

પર્વ.	તીર્થંકર	ચક્રવર્તી.	વાસુદેવ	બળદેવ	પ્રતિવાસુદેવ	કુલ ચરિત્રો
૧ લું	૧	૧	૦	૦	૦	૨
૨ જું	૧	૧	૦	૦	૦	૨
૩ જું	૮	૦	૦	૦	૦	૮
૪ થું	૫	૨	૫	૫	૫	૨૨
૫ મું	૧	૧	૦	૦	૦	૨
૬ ઠું	૪	૪	૨	૨	૨	૧૪
૭ મું	૧	૨	૧	૧	૧	૬
૮ મું	૧	૦	૧	૧	૧	૪
૯ મું	૧	૧	૦	૦	૦	૨
૧૦ મું	૧	૦	૦	૦	૦	૧
	૨૪	૧૨	૯	૯	૯	૬૩

મુદ્રક- પી. જે. શાહ
ડીલક્ષ પ્રિન્ટર્સ, ઘીકાંટા રોડ,-નગરશેઠનો વંડો
અમદાવાદ-૧

પ્રસ્તાવના

(નોંધ : અગાઉ આ ગ્રંથ શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર તરફથી તૈયાર થઈ છપાયેા હતેા. તે સભાએ તે વખતે આ ગ્રંથની પ્રસ્તાવનારૂપે જે લખેલું, તેમાંથી સાર ભાગ અહીં ઉદ્ધૃત કર્યો છેઃ-)

જૈન પુસ્તકેામાં જે જ્ઞાનનેા ભંડાર સમાયેલેા છે તેના ચાર વિભાગેા કરવામાં આવ્યા છે. દ્રવ્યાનુયેાગ, કથાનુયેાગ, ગણિતાનુયેાગ અને ચરણકરણાનુયેાગ દ્રવ્યાનુયેાગમાં ફિલૉસૉફી એટલે વસ્તુસ્વરૂપનું જ્ઞાન આવી જાય છે. જીવ સંબંધી વિચાર, ષટ્દ્રવ્ય સંબંધી વિચાર, કર્મ સંબંધી વિચાર અને ટૂંકામાં કહીએ તેા સર્વ વસ્તુઓની ઉત્પત્તિ, સ્થિતિ, નાશ વિગેરેનેા તાત્ત્વિક બેાધ-એનેા આ વર્ગમાં સમાવેશ થાય છે. આ અનુયેાગ બહુ કઠીન છે અને તેને સરલ કરવાના ઉપાયેા આચાર્યોએ યેાજ્યા છે. આ અનુયેાગમાં અતીંદ્રિય વિષયેાનેા સમાવેશ થઈ જાય છે, અને તેથી તેનું રહસ્ય સમજવામાં મુશ્કેલી પડે એ તદ્દન સ્વાભાવિક છે. ત્યારપછી કથાનુયેાગ આવે છે. આ જ્ઞાનનિધિમાં મહાત્મા પુરુષેાનાં જીવનચરિત્રેા અને તે દ્વારા ઉપદેશ-પ્રસાદી ચખાડવામાં આવે છે. ત્રીજા અનુયેાગમાં ગણિતનેા વિષય આવે છે. તેમાં ગણુતરીનેા વિષય એટલે ક્ષેત્રનું પ્રમાણ, જ્યેાતિષચક્રનું વર્ણન ઇત્યાદિ અનેક હકીકતેા આવે છે તેમજ આઠ પ્રકારના ગણિતનેા પણ તેમાં સમાવેશ કરેલેા છે. ચેાથા અનુયેાગમાં ચરણસીત્તરી અને કરણસીત્તરીનું વર્ણન અને તત્સંબંધી વિધિ વગેરે બતાવેલ છે. આ ચાર અનુયેાગ પર સૂત્રેા અને અનેક ગ્રંથેા લખાયા છે તેમાંથી ઘણાનેા નાશ થયેા છે, છતાં પણ હજુ ઘણા જૈન ગ્રંથેા વિદ્યમાન છે અને તે સર્વમાં એક અથવા તેથી વધારે અનુયેાગ પર વિવેચન કરવામાં આવેલું હેાય છે.

અમે અત્રે પ્રયાસ કરી જે ભાષાંતર બહાર પાડયું છે તે ગ્રંથ ચરિતાનુયેાગનેા છે. ચરિતાનુયેાગથી લાભ એ છે કે-તે સાધારણ વ્યક્તિ અને વિદ્વાન્ સર્વને એકસરખેા લાભ કરી શકે છે. સર્વ મનુષ્યેાનું બુદ્ધિબળ સરખું કામ કરી શકતું નથી. અને ખાસ કરીને દ્રવ્યાનુયેાગ જેવા ગહન વિષયમાં તેા તદ્દન સામાન્ય બુદ્ધિ બહુ ઓછું કામ કરી શકે છે. અવલેાકન કરનારાઓને જણાયું હશે કે જ્યારે ધાર્મિક ઊંડા સવાલેા પર વ્યાખ્યાનેા ચાલે છે ત્યારે કેટલાક બગાસાં ખાય છે, પણ કથાના વિષય પર સર્વને એક સરખેા આનંદ આવે છે; એટલું જ નહિ પણ તે જ કથા ઘણા રસથી યાદ રાખી સાંજના ઘરનાં માણસેાને, પાડેાશીને અથવા દેવમંદિરમાં બીજાઓને સંભળાવવામાં આવે છે અને તેના સાંભળનારાઓ આનંદ પામે છે. દીર્ઘ અવલેાકન કરનારા શાસ્ત્રકારેા મનુષ્યસ્વભાવની આ કૂંચી પામી ગયા અને તેનેા લાભ લેવાનેા પૂરતેા વિચાર કર્યો. તેઓને લેાકેા ઉપર ઉપકાર કરવાની એકાંત બુદ્ધિ હતી અને તે ઉત્તમ હેતુથી દેારવાઈને તેઓએ કથાનેા સાથે ધર્મનાં મુખ્ય ફરમાનેા, વર્તનના ઊંચા નિયમેા અને જીવનના ઊંચા ઉદ્દેશેા જોડી દીધા. આ તેા સ્પષ્ટ વાત છે કે—એક મનુષ્યને એમ કહેવામાં આવે કે 'પ્રમાણિકપણે જીવન ગાળવામાં બહુ લાભ છે' તેના કરતાં પ્રમાણિકપણે જીવન ગાળનાર અમુક વ્યક્તિને અમુક વધારે લાભ થયેા છે, એમ બતાવી આપવામાં આવે તેા તે તેના પર વધારે અસર કરે છે. આ નિયમને અનુસરીને જ ઉત્તમ પુરુષેાની કથાઓ રચવામાં આવી છે. જ્યારે લેાકેામાં દ્રવ્યાનુયેાગનેા વિષય વંચાતેા ઓછેા થતેા ગયેા, લેાકેા જ્યારે આ અગત્યના વિષયના અભ્યાસમાં ઓછા થવા લાગ્યા ત્યારે આચાર્યોએ બનેલા બનાવેાની ઉપયેાગી કથાઓ સાથે ધાર્મિક વિષયેા જોડી દીધા, અને સંસ્કૃત ગદ્ય તથા પદ્યમાં કથાઓરૂપે બેાધદાયક વૃત્તાંતેા મૂકી દીધાં. છેવટે પ્રાકૃતમાં પણ કથાઓ રચી, અને આખરે અભ્યાસ બહુ મંદ સ્થિતિ પર આવી ગયેા ત્યારે રાસ વિગેરે પણ પ્રાકૃત અને ગુજરાતીમાં રચવામાં આવ્યા. આ કથાનુયેાગથી અનેક જીવેા પર ઉપકાર થયેા અને થાય છે. એકન તત્ત્વજ્ઞાનના અભ્યાસને Drylight કહે છે અને તેના તરફ લેાકેાનું ધ્યાન ઓછું ખેંચાય એ તદ્દન બનવાજોગ છે, પણ કલ્પનાશક્તિ સામાન્ય વ્યક્તિઓમાં વધારે બળવાન હેાય છે અને કથાનુયેાગમાં કલ્પનાશક્તિનેા બહુ ઉપયેાગ કરવેા પડે છે; તેથી તે સામાન્ય વર્ગને બહુ આનંદ આપે છે. આટલા ઉપરથી જણાયું હશે

કે કથાનુયોગ સામાન્ય બુદ્ધિના માણસો પર બહુ લાભ કરે છે. બુદ્ધિબળનો વૈભવ ધારણ કરનારને પણ તે બહુ અસર કરે છે; કારણ કે થાકેલા મગજને તેથી વિશ્રાંતિ અને ટેકો મળે છે. આવી રીતે કથાનુયોગથી સર્વને એકસરખો લાભ મળે છે, તેથી તેનું ઉપયોગીપણું જૈનગ્રંથકારો સારી રીતે અસલથી જ સ્વીકારતા આવ્યા છે.

હેમચંદ્રાચાર્ય એક મહાન્ આચાર્ય થઈ ગયા છે. તેઓએ **કુમારપાળ** રાજાને બોધ આપી, જૈનધર્મી બનાવી, આખા દેશમાં જૈનધર્મનો વિજયવાવટો ફરકાવ્યો છે અને તેઓનો ઉપકાર એટલો બધો છે કે અત્યારે કોઈ પણ જૈન તેઓનું નામ બહુ મગરૂબીથી લેશે. આ મહાન્ આચાર્યને કુમારપાળ ભૂપાળે વિનંતિ કરી તે પરથી આ ગ્રંથ દશ પર્વ (વિભાગ)માં લખાયો એમ જણાય છે. આ સંબંધમાં તેઓ પોતે જ દશમા પર્વની પ્રશસ્તિમાં લખે છે કે--"ચેદી, દશાર્ણ, માલવ, મહારાષ્ટ્ર, સિંધુ અને બીજા દુર્ગમ દેશોને પોતાના ભુજવીર્યની શક્તિથી હરિની જેમ જીતનાર, પરમાર્હત્, વિનયવાન અને ચૌલુક્યના કુળમાં થયેલા કુમારપાળ રાજાએ એક વખતે તે (હેમચંદ્ર) સૂરિને નમીને કહ્યું કે-'સ્વામિન્! નિષ્કારણ ઉપકાર કરવાની બુદ્ધિવાળા આપની આજ્ઞાથી નરકગતિના આયુષ્ય નાંનિમિત્તકારણ મૃગયા, દ્યૂત, મદિરા વિગેરે દુર્ગુણોનો મારી પૃથ્વીમાંથી મેં નિષેધ કર્યો છે તથા પુત્રરહિત મૃત્યુ પામેલાનું ધન લેવું પણ મેં છોડી દીધું છે અને બધી પૃથ્વી અર્હંતના ચૈત્યોવડે સુશોભિત કરી દીધી છે તો હવે હું સાંપ્રતકાળમાં **સંપ્રતિરાજા** જેવો થયો છું. અગાઉ મારા પૂર્વજ સિદ્ધરાજની ભક્તિયુક્ત યાચનાથી વૃત્તિયુક્ત સાંગ વ્યાકરણ (સિદ્ધહૈમવ્યાકરણ) આપે રચેલું છે, મારે માટે નિર્મળ યોગશાસ્ત્ર રચેલું છે અને લોકોને માટે **દ્વયાશ્રયકાવ્ય, છંદાનુશાસન, કાવ્યાનુશાસન** અને **નામસંગ્રહ** (અભિધાનચિંતામણિ વિગેરે કોષ) પ્રમુખ બીજાં શાસ્ત્રો પણ રચેલા છે. હે સ્વામિન્! તમે સ્વયમેવ લોકો પર ઉપકાર કરવા માટે સજ્જ થયા છો, તથાપિ મારી પ્રાર્થના છે કે-મારા જેવા મનુષ્યોને પ્રતિબોધ થવા માટે ત્રેસઠ શલાકા પુરુષોનાં ચરિત્ર પ્રકાશ કરો.' કુમારપાળ રાજાના આવા આગ્રહથી શ્રી હેમચંદ્રાચાર્યે ધર્મોપદેશ જેનું એક પ્રધાનફળ છે એવું આ ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર વાણીના વિસ્તારમાં સ્થાપિત કર્યું. આવો રીતે કુમારપાળના આગ્રહથી લખાયેલો આ ગ્રંથ અત્યુત્તમ હોય તેમાં કાંઈ પણ નવાઈ નથી. કલિકાળસર્વજ્ઞનું બિરુદ ધારણ કરનાર મહાત્માનો લેખ અને કુમારપાળ જેવા પરમાર્હત્ રાજાના આગ્રહથી અને તેને બોધ થવાના ઉદ્દેશથી લખાયેલો ગ્રંથ કાવ્યચમત્કૃતિનો અને કથાવિષયનો નમૂનો બને એમાં કાંઇ પણ આશ્ચર્ય જેવું નથી.

આ ગ્રંથની ખૂબીઓ તરફ ધ્યાન આપીએ તો તેમાં હેમચંદ્રાચાર્યની બુદ્ધિની વિશાળતા, વિસ્તૃત સ્મરણશક્તિ અને પ્રશંસનીય પૃથક્કરણ શક્તિ એ ખાસ ધ્યાન ખેંચનારા થઈ પડે છે. હેમચંદ્રાચાર્ય પોતે વ્યાકરણ, કોષ, કાવ્ય અને અલંકારના કર્તા હોવાથી તેઓમાં શબ્દદોષ આવે કે તાણીતોડીને આશય લાવવાનો અકલિત પ્રયાસ કરવો પડે એવું તો સંભવિત જ નથી. આ ગ્રંથમાં એટલાં બધાં ચરિત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે કે વાંચનાર વિચારમાં પડી જાય છે. સ્થાનોનાં વર્ણનો અને લશ્કરની વ્યૂહરચના તથા સેનાના પ્રવાસનું વર્ણન અદ્ભૂત આપેલું છે. પ્રભુના કલ્યાણકોના મહોત્સવો, ચક્રીનો દિગ્વિજય અને દેવકૃત સમવસરણની રચનાનું ચિત્તાકર્ષક વર્ણન વાંચતાં તે સમય, તે સ્થાનો, તે ચિત્ર હૃદય પર ખડું થાય છે અને જરા પણ લાગણીવાળો મનુષ્ય આપણા લોકો ચોથા આરાનું સુખ કહે છે તેનો ક્ષણભર અનુભવ કરે છે. અત્ર તેનું વિશેષ વિવેચન ન કરતાં વાંચનારની કલ્પનાશક્તિ પર છોડી બીજી રીતે વિચારીએ તો દરેક પ્રભુની ઇન્દ્રે કરેલી સ્તુતિ અને દરેક પ્રભુની દેશના પર ખાસ ધ્યાન ખેંચાય છે. આ ગ્રંથના મૂળ દશ વિભાગ કરેલા છે અને તેને પર્વ એવો સંજ્ઞા આપેલી છે. તે દશ પર્વોમાં સૂરિએ એવી ખૂબી કરી દીધી છે કે તેથી સર્વ સિદ્ધાંતનું રહસ્ય સમજાઈ જાય. જુદા જુદા પ્રભુની દેશનામાં નયોનું સ્વરૂપ, ક્ષેત્રસમાસ, જીવવિચાર, કર્મસ્વરૂપ, આત્માનું અસ્તિત્વ, બાર ભાવના, સંસાર પર વૈરાગ્ય, જીવનની અસ્થિરતા અને ટૂંકામાં બોધ તેમજ જ્ઞાનના સર્વ વિષયો એવી સરળતાથી અને ચિત્તાકર્ષક ભાષામાં સમાવ્યા છે કે કથાનુયોગનો ઊંચામાં ઊંચો લાભ આપવા સાથે બહુ ભારે બોધ આપી વાંચનારને પોતાની ફરજ તરફ જાગૃત કરી દીધા છે. આ પ્રસંગે એટલું લખવું વાસ્તવિક છે કે

કથાનુયોગના ચિત્રકાર તરીકે હેમચંદ્રાચાર્ય પૂરેપૂરા ફત્તેહમંદ ઉતર્યા છે, અને તેઓનું ચિત્ર તદ્દન દોષ-રહિત હોઈ વાંચનાર અને સાંભળનારને આનંદ સાથે બોધ આપે છે.

કવિ તરીકે તેઓની ફત્તેહ પાશ્ચિમાત્ય વિદ્વાનો પણ સ્વીકારી ચૂકયા છે અને પરિશિષ્ટ પર્વની પ્રસ્તાવનામાં પ્રો. જેકોબી કવિ તરીકે તેમને ઉત્તમ સ્થાન આપે છે. તે પ્રોફેસર તેમને માટે લખે છે કે— "શબ્દાનુશાસન જેવા મહાવ્યાકરણના રચનાર, અભિધાનચિંતામણિ જેવા કોષના રચનાર અને છંદાનુ-શાસન જેવા પિંગળના રચનાર તથા કાવ્યાનુશાસન જેવા કાવ્યો પર ગ્રંથો રચનારની વિદ્વત્તા કોઈ પણ પ્રકારની ભૂલો દૂર કરવાને માટે પૂરતી હતી, છેવટે તે લખે છે કે—Still he has done his work cleverly and he has succeeded in producing a narrative which the reader will paruse with as much pleasure and interest as many works of greater pretension. (આટલું છતાં હેમચંદ્રાચાર્યે આ ગ્રંથ અતિ નિપુણતાથી રચેલો છે અને પોતાની કથા વાંચકવર્ગ સમક્ષ મૂકવામાં તેઓ એટલા બધા ફત્તેહમંદ થયા છે કે આથી વધારે સારા ગ્રંથો હોવાનો સંભવ ન રાખતાં અપૂર્વ પુસ્તકોની જેટલા જ આનંદ અને હોંશથી વાંચનાર આ ગ્રંથ વાંચશે.)"

અમે કેટલીક તપાસ કર્યા પછી એવા નિર્ણય પર આવ્યા છીએ કે આ ગ્રંથ સંવત ૧૨૨૦ માં લખાયો છે. એ સંબંધી યોગ્ય પુરાવા અને દલીલો શ્રી હેમચંદ્રાચાર્યના ચરિત્રમાં વિસ્તારથી આપવામાં આવી છે.

રાજ્યવહીવટની દરેક બાબત પર ધ્યાન રાખનાર, રાજ્યસભામાં દરરોજ જનાર અને સતત ગ્રંથ રચવાના અભ્યાસી એવા અસાધારણ બુદ્ધિબળવાળા કલિકાળમાં સર્વજ્ઞતુલ્ય થયેલા આ સૂરિએ રાજસભામાંથી ઉપાશ્રયે આવતાં જ હાથમાં કલમ લઈ જે અનુપમ ગ્રંથો બનાવ્યા છે તે ખરેખર જૈન કોમનો મોટો વારસો છે અને તે વારસો જાળવી રાખવા માટે જૈન કોમે તત્પર તેમજ મગરૂબ થવું જોઈએ.

આ પ્રમાણે દશે પર્વની ઉપયોગિતા અને ગ્રંથકર્તાની ખૂબીનું જરા જરા ચિત્ર આપી હવે આ ગ્રંથના દશ પર્વોમાં ત્રેસઠ મહાપુરુષોનાં ચરિત્રો કેવી રીતે સમાવ્યાં છે તે બતાવવાની આવશ્યકતા છે.

૧ પહેલા પર્વમાં શ્રી આદીશ્વર પ્રભુ અને ભરતચક્રી મળી બે મહાપુરુષોનાં ચરિત્રો છે.

૨ બીજા પર્વમાં શ્રી અજિતનાથજી તથા સગરચક્રી મળી બે મહાપુરુષોનાં ચરિત્રો છે.

૩ ત્રીજા પર્વમાં શ્રી સંભવનાથજીથી શીતળનાથજી પર્યંત આઠ તીર્થંકરોનાં ચરિત્રો છે.

૪ ચોથા પર્વમાં શ્રી શ્રેયાંસનાથજીથી ધર્મનાથજી સુધી પાંચ તીર્થંકરોનાં અને પાંચ પાંચ વાસુદેવ, બળદેવ અને પ્રતિવાસુદેવનાં તથા મઘવા ને સનત્કુમાર બે ચક્રીનાં મળી ૨૨ મહાપુરુષોનાં ચરિત્રો છે.

૫ પાંચમા પર્વમાં શ્રી શાંતિનાથનું જ ચરિત્ર છે, પણ તેઓ એક ભવમાં તીર્થંકર ને ચક્રી એમ બે પદવીવાળા થયેલા હોવાથી બે ચરિત્ર ગણેલાં છે.

૬ છઠ્ઠા પર્વમાં શ્રી કુંથુનાથજીથી મુનિસુવ્રતસ્વામી પર્યંત ચાર તીર્થંકરોનાં, ચાર ચક્રીનાં અને બે-બે વાસુદેવ, બળદેવ અને પ્રતિવાસુદેવનાં મળી કુલ ૧૪ મહાપુરુષોનાં ચરિત્રો છે. તેમાં પણ ચાર ચક્રીમાં બે તો કુંથુનાથજી તથા અરનાથજી જ તે ભવમાં ચક્રી પણ થયેલા હોવાથી તેમને ગણેલા છે.

૭ સાતમા પર્વમાં શ્રી નેમિનાથજી, દશમા તથા અગિયારમા ચક્રી અને આઠમા બળદેવ, વાસુદેવ અને પ્રતિવાસુદેવ-રામ, લક્ષ્મણ તથા રાવણનાં ચરિત્ર મળી ૬ મહાપુરુષોનાં ચરિત્રો છે. આ પર્વનો મોટો ભાગ રામચંદ્રાદિનાં ચારિત્રમાં રોકાયેલો હોવાથી તે **જૈન રામાયણ** તરીકે ઓળખાય છે.

૮ આઠમા પર્વમાં શ્રી નેમિનાથજી તથા નવમા વાસુદેવ, બળદેવ ને પ્રતિવાસુદેવ-કૃષ્ણ, બળભદ્ર તથા જરાસંધના મળી ૪ મહાપુરુષોનાં ચરિત્રો છે. પાંડવો નેમિનાથજીના સમકાલીન હોવાથી તેમનાં ચરિત્રોનો સમાવેશ પણ આ પર્વમાં કરેલો છે.

૯ નવમા પર્વમાં શ્રીપાર્શ્વનાથજી તથા બ્રહ્મદત્ત નામના બારમા ચક્રીના મળી બે મહાપુરુષોનાં ચરિત્રો છે.

૧૦ દશમા પર્વમાં શ્રી મહાવીરસ્વામી ભગવંતનું ચરિત્ર જ છે, પણ પ્રસંગોપાત શ્રેણિક, અભયકુમારાદિક અનેક મહાપુરુષોનાં ઘણાં વિસ્તારવાળા ચરિત્રો તેમાં આપેલાં છે. આ પર્વ બધા પર્વો કરતાં મોટું છે અને શ્રી વીરભગવંતનું ચરિત્ર આટલા વિસ્તારથી બીજા કોઈ ગ્રંથમાં ઉપલબ્ધ નથી.

આ પ્રમાણે દશ પર્વમાં મળી ૬૩ શલાકા પુરુષોનાં ચરિત્રોનો સમાવેશ કરવામાં આવેલો છે. તેનું યંત્ર પણ આ પ્રસ્તાવનાની પ્રારંભમાં આપેલું છે.

આ ત્રેસઠ મહાપુરુષો 'શલાકા પુરુષ' એટલા માટે કહેવાય છે કે તેમના મોક્ષગમનનો ચોક્કસ નિર્ણય થયેલો છે. ચોવીશ તીર્થંકરો તો તદ્ભવમોક્ષગામી હોય છે, ચક્રવર્ત્તીમાં જે તે ભવમાં ચારિત્ર ગ્રહણ કરે છે તે સ્વર્ગે અથવા મોક્ષે જાય છે અને જે સંસારમાં જ રહે છે તે નરકે જાય છે. આ ચોવીશીમાં થયેલા ૧૨ ચક્રીમાંથી સુભૂમ ને બ્રહ્મદત્ત એ ચક્રી મહાપાપારંભ કરી નરકે ગયેલા છે, પણ તે આગામી ભવે અવશ્ય મોક્ષે જનારા છે. વાસુદેવ ને પ્રતિવાસુદેવ તો તે ભવમાં નરકે જ જાય છે, કારણ કે તે સંસારમાં બહુ ખૂંચેલા હોય છે ને સંસાર ત્યજી શકતા નથી; પણ આગામી ભવે તેઓ જરૂર મોક્ષે જનારાં છે. નવ બળદેવ ઉત્તમ જીવો હોવાથી વાસુદેવના કાળ કરી ગયા પછી છ માસે સ્નેહબંધન તૂટવાથી ચારિત્ર ગ્રહણ કરે છે અને સ્વર્ગે અથવા મોક્ષે જાય છે. સ્વર્ગે જનારા બળદેવો આગામી ભવે મોક્ષે જાય છે.

શ્રી કાળસિત્તરી પ્રકરણમાં ૧૧ રુદ્ર તથા ૯ નારદનો પણ સમાવેશ કરી ૮૩ની સંખ્યા કરેલી છે. દરેક ચોવીશીમાં ૧૧ રુદ્ર થાય છે. આ ચોવીશીમાં ૧૧ મા રુદ્ર સત્યકી શ્રી મહાવીરસ્વામીના સમયમાં થયેલા છે, જે 'શિવ'ના નામથી પ્રખ્યાતિ પામેલા છે અને દરેક વાસુદેવના સમયમાં એકેક નારદ થતા હોવાથી ૯ નારદ થાય છે.

આ ગ્રંથમાં બતાવેલા ૬૩ શલાકાપુરુષોમાં જીવ ૫૯ અને સ્વરૂપ ૬૦ છે; એટલે કે શ્રી શાંતિનાથજી, કુંથુનાથજી તથા અરનાથજી તે જ ભવમાં ચક્રવર્તી પણ થયેલા હોવાથી તે ત્રણ બાદ કરતાં ૬૦ સ્વરૂપ (શરીર) થાય છે અને શ્રી મહાવીરસ્વામીનો જીવ જ પહેલા વાસુદેવ ત્રિપૃષ્ઠ તરીકે થયેલ હોવાથી કુલ ચાર બાદ કરતાં ૫૯ જીવ થાય છે.

જીવો અનાદિ કાળથી ભવભ્રમણ કરતાં હોવાથી તેના ભવ તો અનંતા થાય છે; પરંતુ જ્યારે તે સમકિત પામે છે ત્યારપછીના ભવ ગણત્રીમાં ગણાય છે. વધારેમાં વધારે અર્ધા પુદ્ગળપરાવર્તનની અંદર તો સમકિત પામ્યા પછી મોક્ષે જાય જ છે. તીર્થંકરના જીવો સમકિત પામ્યા પછી તેટલું ભવભ્રમણ કરતા નથી. એક મહાવીરસ્વામીનો જીવ ક્રોડાક્રોડ સાગરોપમ ઉપરાંત સમકિત પામ્યા પછી સંસારમાં રહ્યો છે, બીજા તીર્થંકરના જીવો તો બહુ થોડા કાળમાં-થોડા ભવમાં સમકિત પામ્યા પછી મોક્ષે ગયા છે. આ ચરિત્રગ્રંથમાં દરેક પ્રભુ સમકિત પામ્યા તે ભવથી પ્રારંભીને તેમનાં ચરિત્ર વર્ણવેલાં છે જેમકે શ્રી ઋષભદેવ પ્રભુ તેરમા ભવે ધનસાર્થવાહના ભવમાં સમકિત પામ્યા ત્યારથી તેમનું ચરિત્ર વર્ણવેલ છે.

દરેક તીર્થંકરનામકર્મ ત્રીજા ભવે જ બાંધે છે (નિકાચીત કરે છે) અને તે વીશ સ્થાનક પૈકી એક અથવા વધારે યાવત્ વીશે સ્થાનકોના આરાધનથી બંધાય છે. એ વીશ સ્થાનકોનું વર્ણન પહેલા સર્ગમાં છેવટના ભાગમાં આપેલું છે.

આ ગ્રંથ મહાકાવ્ય હોવાથી તેમાં મહાકાવ્યના લક્ષણ પ્રમાણે દરેક બાબત સમાવેલી છે. છએ ઋતુનું વર્ણન, નાયક નાયિકાના રૂપ વિગેરેનું વર્ણન, દેશ નગરાદિનું વર્ણન, યુદ્ધનું વર્ણન વિગેરે દરેક પર્વમાં પૃથક્ પૃથક્ પ્રસંગે સમાવેલ છે. આ ગ્રંથના સંબંધમાં જેટલું લખીએ તેટલું થોડું છે, કારણ કે કર્તાપુરુષ મહાવિદ્વાન્ અને દરેક વિષયમાં પરિપૂર્ણ તેમજ વ્યાકરણાદિના આદ્યકર્તા જેવા હોવાથી આ ગ્રંથમાં કોઈ વાત બાકી રાખેલી નથી. આ આખા ગ્રંથમાંથી પ્રભુની સ્તુતિઓ અને પ્રભુએ આપેલી દેશનાઓનો જૂદો સંગ્રહ કરવામાં આવે તો તેની અંદર જિનપ્રવચનની સર્વ બાબતો સમાઈ જાય તેમ છે

આ ભાગમાં આવેલા ૪ પર્વોમાં કયા કયા મહાપુરૂષોનાં ચરિત્રો આવેલાં છે તે આ નીચે ટૂંકામાં બતાવવામાં આવે છે.

પર્વ ત્રીજામાં આઠ સર્ગ છે. તેમાં-

૧ સર્ગ પહેલામાં–શ્રી સંભવનાથજીનું ચરિત્ર.
૨ સર્ગ બીજામાં–શ્રી અભિનંદન સ્વામીનું ચરિત્ર.
૩ સર્ગ ત્રીજામાં–શ્રી સુમતિનાથજીનું ચરિત્ર.
૪ સર્ગ ચોથામાં–શ્રી પદ્મપ્રભ પ્રભુનું ચરિત્ર.
૫ સર્ગ પાંચમામાં–શ્રી સુપાર્શ્વનાથજીનું ચરિત્ર.
૬ સર્ગ છઠ્ઠામાં–શ્રી ચંદ્રપ્રભ પ્રભુનું ચરિત્ર.
૭ સર્ગ સાતમામાં– શ્રી સુવિધિનાથજીનું ચરિત્ર.
૮ સર્ગ આઠમામાં–શ્રી શીતળનાથજીનું ચરિત્ર.

પર્વ ચોથામાં સર્ગ સાત છે. તેમાં-

૧ સર્ગ પહેલામાં–શ્રી શ્રેયાંસનાથજીનું તથા પહેલા વાસુદેવ, બળદેવ ને પ્રતિવાસુદેવ ત્રિપૃષ્ટ, અચળ ને અશ્વગ્રીવનાં ચરિત્રો.

૨ સર્ગ બીજામાં–શ્રી વાસુપૂજ્યજીનું તથા બીજા વાસુદેવ, બળદેવ ને પ્રતિવાસુદેવ દ્વિપૃષ્ટ, વિજય ને તારકનાં ચરિત્રો.

૩ સર્ગ ત્રીજામાં–શ્રી વિમળનાથજીનું તથા ત્રીજા વાસુદેવ, બળદેવ ને પ્રતિવાસુદેવ સ્વયંભૂ, ભદ્ર ને મેરકનાં ચરિત્રો.

૪ સર્ગ ચોથામાં–શ્રી અનંતનાથજીનું તથા ચોથા વાસુદેવ, બળદેવ ને પ્રતિવાસુદેવ પુરૂષોત્તમ, સુપ્રભ ને મધુનાં ચરિત્રો.

૫ સર્ગ પાંચમામાં–શ્રી ધર્મનાથજીનું તથા પાંચમા વાસુદેવ, બળદેવ ને પ્રતિવાસુદેવ પુરૂષસિંહ, સુદર્શન ને નિશુંભનાં ચરિત્રો.

૬ સર્ગ છઠ્ઠામાં–ત્રીજા મઘવા ચક્રવર્ત્તીનું ચરિત્ર.

૭ સર્ગ સાતમામાં–ચોથા સનત્કુમાર ચક્રવર્ત્તીનું ચરિત્ર.

પર્વ પાંચમામાં સર્ગ ૫ છે.

તેમાં શ્રી શાંતિનાથજીનું તથા તેમના પુત્ર ચક્રાયુધનું ચરિત્ર છે.

૧ સર્ગ પહેલામાં–પ્રથમના પાંચ ભવનું વર્ણન. પહેલે ભવે શ્રીષેણ રાજાને અભિનંદિતા રાણી, બીજે ભવે ઉત્તર કુરૂમાં યુગલિક, ત્રીજે ભવે સૌધર્મ દેવલોકમાં દેવતા, ચોથે ભવે અમિતતેજ વિદ્યાધર ને ત્રિપૃષ્ટ વાસુદેવના પુત્ર શ્રીવિજય અને પાંચમે ભવે દશમા દેવલોકમાં દેવતા થયા તેનું સવિસ્તર ચરિત્ર છે.

૨ સર્ગ બીજામાં–છઠ્ઠા ને સાતમા ભવનું વર્ણન–છઠ્ઠે ભવે અપરાજિત નામે બળદેવ અને અનંતવીર્ય નામે વાસુદેવ મહાવિદેહક્ષેત્રમાં થયા, પ્રાંતે બળદેવ બારમા દેવલોકના ઈંદ્ર થયા અને વાસુદેવ પહેલી નરકે ગયા, ત્યાંથી નીકળી વાસુદેવનો જીવ મેઘનાદ વિદ્યાધર થયા અને ચારિત્ર આરાધીને તે પણ બારમે દેવલોકે ઈંદ્રના સામાનિક દેવ થયા તેનું અસરકારક ચરિત્ર છે.

૩ સર્ગ ત્રીજામાં–આઠમા ને નવમા ભવનું વર્ણન–આઠમા ભવમાં અચ્યુતેંદ્ર ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં ક્ષેમંકર તીર્થંકરના પુત્ર વજ્રયુધ નામે ચક્રવર્ત્તી થયા; અને તેના સામાનિક દેવ હતા તે તેના પુત્ર સહસ્રાયુધ થયા. પ્રાંતે દીક્ષા લઈને બંને નવમા ભવે ત્રીજા ગ્રૈવેયકમાં અહમિંદ્ર દેવતા થયા તેમનું ચમત્કારિક ચરિત્ર છે.

૪ સર્ગ ચોથામાં–દશમા ને અગ્યારમા ભવનું વર્ણન–દશમા ભવમાં બંને જીવ ત્રીજા ગ્રૈવેયકથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં ઘનરથ તીર્થંકરના મેઘરથ અને દૃઢરથ નામે પુત્ર થયા. તે ભવમાં મેઘરથે

પારેવો ઉગાર્યો અને વીશસ્થાનકની આરાધનાવડે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. પ્રાંતે દીક્ષા લઈને બંને અગ્યારમા ભવે સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવતા થયા, તેનું મનોહર ચરિત્ર છે.

૫ સર્ગ પાંચમામાં–મેઘરથ રાજાનો જીવ શ્રી શાંતિનાથ નામે પાંચમા ચક્રી ને સોળમા તીર્થંકર થયા તેમનું તેમજ દૃઢરથનો જીવ શ્રી શાંતિનાથજીના પ્રથમ પુત્ર અને પ્રથમ ગણધર ચક્રાયુધ નામે થયા તેમનું અપૂર્વ ચરિત્ર છે.

આ પ્રમાણે પાંચમા પર્વમાં શ્રીશાંતિનાથજીનું તેમના બાર ભવના સવિસ્તર વર્ણન સાથે એકજ ચરિત્ર સમાવેલું છે. ઉત્તમ જીવો દરેક ભવમાં ઉત્તમ સ્થાને, ઉત્તમ કુળમાં, ઉત્તમ જીવના પુત્રપણે ઉપજે છે, તે આમાં પ્રત્યક્ષ દેખાડી આપ્યું છે. શાંતિનાથજીના જીવ બેવાર તીર્થંકરના પુત્ર થયા, બેવાર ચક્રવર્તીપણું પામ્યા, એકવાર બળદેવ થયા અને પોતે તીર્થંકર પણ થયા. આવી શ્રેષ્ઠતા કોઈ અપૂર્વ પુણ્યવાન જીવનેજ પ્રાપ્ત થાય છે. શ્રી મહાવીર સ્વામીના જીવે મરિચિના ભવમાં કુળમદ કર્યો; પરંતુ તેમના કરતાં શ્રી શાંતિનાથજીના જીવની ઉચ્ચતા અતિ વિશેષ છે, અને એમનું આખું ચરિત્ર પ્રશંસનીય છે. તેમના ચરિત્રમાં કોઈ પણ પ્રકારનો ડાઘ સરખો પણ દૃષ્ટિએ પડતો નથી.

છઠ્ઠા પર્વમાં આઠ સર્ગ છે તેમાં–

૧ સર્ગ પહેલામાં–છઠ્ઠા ચક્રી ને ૧૭ મા તીર્થંકર શ્રી કુંથુનાથજીનું ચરિત્ર.

૨ સર્ગ બીજામાં–સાતમા ચક્રી ને ૧૮ મા તીર્થંકર શ્રીઅરનાથજીનું ચરિત્ર. તેમાં વિસ્તાર સહિત વીરભદ્રનું ચરિત્ર.

૩ સર્ગ ત્રીજામાં–છઠ્ઠા વાસુદેવ, બળદેવ ને પ્રતિવાસુદેવ પુરુષપુંડરિક, આનંદ ને બળિરાજાનાં ચરિત્ર.

૪ સર્ગ ચોથામાં-સુભૂમ નામે આઠમા ચક્રવર્તીનું ચરિત્ર, તેની અંતર્ગત પરશુરામનું ચરિત્ર.

૫ સર્ગ પાંચમામાં–સાતમા વાસુદેવ, બળદેવ ને પ્રતિવાસુદેવ દત્ત, નંદન અને પ્રલ્હાદનાં ચરિત્રો.

૬ સર્ગ છઠ્ઠામાં–શ્રી મલ્લિનાથનું ચરિત્ર. તે સાથે તેમના પૂર્વ ભવના છ મિત્રોનાં પણ ચરિત્ર, મલ્લીકુમારી માટે દૂત મોકલવાનાં કારણો વિગેરે.

૭ સર્ગ સાતમામાં–શ્રી મુનિસુવ્રતસ્વામીનું ચરિત્ર. તેમાં હરિવંશની ઉત્પત્તિ, અશ્વાવબોધ તીર્થની ઉત્પત્તિ અને કાર્ત્તિકશેઠની કથા વિગેરે.

૮ સર્ગ આઠમામાં–મહાપદ્મ નામે નવમા ચક્રવર્તીનું ચરિત્ર. તેની અંતર્ગત તેમના મોટા ભાઈ વિષ્ણુકુમારનું ચરિત્ર.

એકંદર ચાર પર્વમાં ૨૮ સર્ગની અંદર ૪૫ મહાપુરુષોનાં અને બીજા અનેક ચરિત્રો સમાવેલાં છે. તેની અંદર વાસુદેવ, પ્રતિવાસુદેવ ને ૧ સુભૂમ ચક્રી દુર્ગતિએ ગયેલા છે; બાકી બધા જીવો સદ્ગતિના ભાજન થયેલા છે.

દરેક સર્ગમાં શું શું હકીકત છે તેની વિસ્તારવાળી વિષયાનુક્રમણિકા આ સાથે જુદી આપેલી હોવાથી અહીં તે સંબંધી વધારે લખવાની આવશ્યકતા રહેતી નથી.

અન્યમતિઓ જેને દૈત્ય કહે છે અને જેને મારવા માટે તેઓ પોતાના દેવને અવતાર ધારણ કરવા પડ્યાનું કહે છે તે દૈત્યો પ્રતિવાસુદેવ જ જણાય છે અને તેમના દેવના અવતાર તે વાસુદેવ જણાય છે. આ ભાગમાં આવેલા સાત પ્રતિવાસુદેવ અશ્વગ્રીવ, તારક, મેરક, મધુકૈટભ,[૧] નિશુંભ, બળિ ને પ્રલ્હાદ એ બધાને અન્યમતિઓ અસુર અથવા દૈત્ય તરીકે જ ઓળખે છે. તેઓ વાસ્તવિક દૈત્ય નહીં પણ દૈત્ય જેવા હોવાથી દૈત્ય ગણાયેલા જણાય છે.

આ ભાગમાં આવેલાં ચરિત્રો સંબંધી, તેમાં આવેલી હકીકત સંબંધી તેમજ ગ્રંથકર્તા સંબંધી વધારે ન લખતાં આ પ્રસ્તાવના આટલેથીજ સમાપ્ત કરીએ છીએ; અને સુજ્ઞ તેમજ ગુણગ્રાહી વિદ્વાનો પ્રત્યે ભાષાંતરમાં થયેલી ભુલચુકને માટે ક્ષમા યાચના કરીએ છીએ.

---

૧ મધુ ને કૈટભ બે ભાઈઓ થયેલા છે.

વિષયાનુક્રમણિકા.

પર્વ ૩-૪-૫-૬.

પર્વ ૩ જું.

પહેલા સર્ગમાં-શ્રી સંભવનાથજીનું ચરિત્ર-તેમનો પૂર્વભવ-વિપુળવાહન રાજા-તેના ગુણોનું વર્ણન-પડેલો દુષ્કાળ-તેનું વર્ણન-તે ઉપરથી રાજાને થયેલો વિચાર-શ્રી સંઘની ભક્તિ કરવાની થયેલી ઈચ્છા-દુષ્કાળમાં પણ કરેલી અપ્રતિમ સંઘભક્તિ-તેથી બાંધેલું તીર્થંકરનામકર્મ-એકદા મેઘ ઉત્પન્ન થઈને એકાએક અસ્તવ્યસ્ત થયેલ જોઈ ઉપજેલી **વિચારણા**- તે ઉપરથી ચારિત્ર ગ્રહણ કરવાનો કરેલો નિર્ણય-પુત્ર સાથે થયેલ ઉત્તર પ્રત્યુત્તર-વિપુળવાહને લીધેલી દીક્ષા-નવમા દેવલોકમાં ઉપજવું-જીતારી રાજા ને સેના દેવીનું વર્ણન-માતાને આવેલાં ચૌદ સ્વપ્ન-નવમા દેવલોકથી ચ્યવી સેના દેવીના ગર્ભમાં ઉપજવું-ઈંદ્રનું સ્વપ્નાર્થ કહેવા આવવું-ભગવંતનો જન્મ-દિશાકુમારીઓએ કરેલ સૂતિકર્મ-તેમણે કરેલો જન્મોચ્છવ-ઈંદ્રોએ કરેલો જન્મોચ્છવ-**સૌધર્મેંદ્રે કરેલ સ્તુતિ**-જીતારિ રાજાએ કરેલો જન્મોચ્છવ-ગુણનિષ્પન્ન **સંભવનાથ** નામ પાડવું-બાળક્રીડા-પ્રાપ્ત થયેલ યૌવન-દેહ વર્ણન-ભગવંતનો વિવાહ-રાજ્યેસ્થાપન -ભગવંતે વિચારેલ સંસારસ્થિતિ-લોકાંતિક દેવોનું આગમન-પ્રભુએ આપેલું સંવત્સરીદાન-દીક્ષામહોત્સવ-ભગવંતે લીધેલ દીક્ષા-**ઇંદ્રે કરેલ સ્તુતિ**-ભગવંતે કરેલ પ્રથમ પારણું-પંચ દીવ્યનું પ્રકટ થવું-પ્રભુને ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાન-સમવસરણની રચના-બાર પર્ષદાનું આગમન- **ઇંદ્રે કરેલ સ્તુતિ-ભગવંતે આપેલી દેશના**-તેમાં અનિત્ય ભાવનાનું સ્વરૂપ-ગણધરોની સ્થાપના-પ્રભુના યક્ષયક્ષિણી-ભગવંતનો પરિવાર-પ્રાંતે સમેત શિખર પધારવું-ભગવંતનું નિર્વાણ-આયુષ્યનું પ્રમાણ વિગેરે- પૃષ્ઠ ૧ થી ૧૭

બીજા સર્ગમાં-શ્રી અભિનંદન સ્વામીનું ચરિત્ર-તેમનો પૂર્વભવ-મહાબળરાજાએ લીધેલી દીક્ષા-નિરતિચાર પ્રતિપાલન-વીશ સ્થાનક આરાધન-તીર્થંકર નામ કર્મનો બંધ-વિજયવિમાનમાં ઉપજવું-અયોધ્યાનું વર્ણન-સંવર રાજા ને સિદ્ધાર્થા રાણીનું વર્ણન-વિજયવિમાનથી ચ્યવવું-સિદ્ધાર્થા દેવીના ગર્ભમાં ઉત્પન્ન થવું-તેમણે દીઠેલાં ચૌદ સ્વપ્ન- ઇંદ્રે કહેલ તેનો અર્થ-પ્રભુનો જન્મ-દેવકૃત જન્મોચ્છવ-ઇંદ્રે **કરેલી સ્તુતિ-અભિનંદન** નામસ્થાપન-દેહનું વર્ણન-ભગવંતનો વિચાર-રાજ્યસ્થાપન-ભગવંતે લીધેલી દીક્ષા-પ્રાપ્ત થયેલ કેવળજ્ઞાન-**ઇંદ્રે કરેલી સ્તુતિ-ભગવંતે આપેલી દેશના**-તેમાં અશરણ ભાવનાનું સ્વરૂપ-ગણધરસ્થાપના-યક્ષયક્ષિણી-ભગવંતનો પરિવાર-સમેતશિખર પધારવું-ભગવંતનું નિર્વાણ-આયુનું પ્રમાણ વિગેરે— પૃષ્ઠ ૧૮ થી ૨૫

ત્રીજા સર્ગમાં - શ્રી સુમતિનાથનું ચરિત્ર -તેમનો પૂર્વભવ-વિજયસેન રાજા ને સુદર્શના રાણી-રાણીને થયેલ પુત્રાભિલાષ-તેને માટે રાજાએ કરેલ કુલદેવીનું પૂજન-તેણે કરેલ પુત્રપ્રાપ્તિની વાત-રાણીને ગર્ભ રહેવો-પૂર્ણ સમયે થયેલ પુત્રજન્મ-પુરૂષસિંહ નામસ્થાપન-યૌવનાવસ્થાની પ્રાપ્તિ-મુનિરાજનો મેળાપ-તેને જોતાં થયેલા વિચાર-પુછેલો ધર્મ-મુનિએ કહેલ ધર્મનું સ્વરૂપ-પુરૂષસિંહને દીક્ષા લેવાનો થયેલ વિચાર-પિતાપુત્રને થયેલ **પ્રશ્નોત્તર** -પુરૂષસિંહે લીધેલ દીક્ષા-તીર્થંકરનામકર્મનું ઉપાર્જન -વૈજયંત વિમાનમાં ઉપજવું-મેઘરાજા ને મંગળા રાણીનું વર્ણન-વૈજયંતવિમાનથી ચ્યવવું-મંગળા રાણીની કુખે ઉપજવું-બે શોકોને એક પુત્રના સંબંધમાં પડેલો વિવાદ-રાજાથી ન થયેલો ઈન્સાફ-ગર્ભના પ્રભાવે રાણીને પ્રાપ્ત થયેલ સુમતિ-તેણે કરી આપેલો ઈન્સાફ-પ્રભુનો જન્મ-દેવકૃત જન્મોચ્છવ-**સૌધર્મેંદ્રે કરેલી સ્તુતિ-સુમતિનાથ** નામસ્થાપન-યૌવનાવસ્થા - પાણિગ્રહણ-રાજ્યેસ્થાપન-દીક્ષાગ્રહણ-પ્રથમ પારણું-કેવળજ્ઞાન પ્રાપ્તિ-ઇંદ્રોનું આગમન-**ઇંદ્રે કરેલી સ્તુતિ-ભગવંતે આપેલી**

દેશના–તેમાં એકત્વ ભાવનાનું સ્વરૂપ–ગણધરસ્થાપના–યક્ષયક્ષણી–પ્રભુનો પરિવાર–સમેતશિખર પધારવું –પ્રભુનું નિર્વાણ–આયુષ્યનું પ્રમાણ વિગેરે— પૃષ્ઠ ૨૬ થી ૩૬

ચોથા સર્ગમાં–શ્રી પદ્મપ્રભ ચરિત્ર –તેમનો પૂર્વભવ–અપરાજિત રાજાને થયેલ **વિચારણા**–તેમણે લીધેલી દીક્ષા–વીશસ્થાનક આરાધન–તીર્થંકરનામકર્મનો બંધ–નવમા ગ્રૈવેયકમાં ઉપજવું–ધર રાજા ને સુસીમા રાણીનું વર્ણન–નવમા ગ્રૈવેયકથી ચ્યવવું–સુસીમા રાણીની કુખે ઉપજવું–પ્રભુનો જન્મ મેરૂપર્વતપર જન્મોચ્છવ–ઇંદ્રે **કરેલી સ્તુતિ–પદ્મપ્રભ** નામ સ્થાપન–યૌવનાવસ્થા–પાણિગ્રહણ– રાજ્યે સ્થાપન–દીક્ષા ગ્રહણ–પ્રથમ પારણું–કેવળજ્ઞાનપ્રાપ્તિ–દેવાગમન–ઇંદ્રે **કરેલી સ્તુતિ–ભગવંતે આપેલી દેશના**–તેમાં સંસાર ભાવનાનું **સ્વરૂપ–ચારે ગતિમાં પ્રાપ્ત થતાં દુઃખોનું સવિસ્તર વર્ણન**– ગણધરસ્થાપના – યક્ષયક્ષણી–પ્રભુનો પરિવાર–પ્રાંતે સમેત શિખર પધારવું–પ્રભુનું નિર્વાણ–આયુષ્યનું પ્રમાણ વિગેરે— પૃષ્ઠ ૩૭ થી ૪૫

પાંચમા સર્ગમાં–શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર – તેમનો પૂર્વભવ–નંદિષેણ રાજાએ લીધેલ દીક્ષા **વીશ સ્થાનકનું** આરાધન–તીર્થંકરનામકર્મનો બંધ–છઠ્ઠા ગ્રૈવેયકમાં ઉપજવું–પ્રતિષ્ઠ રાજા ને પૃથ્વી રાણીનું વર્ણન–છઠ્ઠા ગ્રૈવેયકથી ચ્યવવું–પૃથ્વી રાણીના ઉદરે ઉપજવું–પ્રભુનો જન્મ–જન્મોચ્છવ–**ઇંદ્રે કરેલી સ્તુતિ** સુપાર્શ્વ નામ સ્થાપન–યૌવનાવસ્થા–પાણિગ્રહણ–રાજ્યે સ્થાપન–સંવત્સરીદાન–દીક્ષા ગ્રહણ–પ્રથમ પારણું– કેવળજ્ઞાનપ્રાપ્તિ–ઇંદ્રાગમન–**ઇંદ્રે કરેલ સ્તુતિ–ભગવંતે આપેલ દેશના** –તેમાં અન્યત્વ ભાવનાનું **સ્વરૂપ**–ગણધરસ્થાપના –યક્ષયક્ષણી–પ્રભુનો પરિવાર–સમેત શિખર પધારવું–પ્રભુનું નિર્વાણ–આયુનું પ્રમાણ વિગેરે– પૃષ્ઠ ૪૬ થી ૫૧

છઠ્ઠા સર્ગમાં–શ્રી ચંદ્રપ્રભ ચરિત્ર–તેમનો પૂર્વભવ –પદ્મ રાજાએ લીધેલ ચારિત્ર–**વીશસ્થાનક** આરાધન–તીર્થંકરનામકર્મનો બંધ–વૈજયંત વિમાનમાં ઉપજવું–મહાસેન રાજા ને લક્ષ્મણા રાણીનું વર્ણન–વૈજયંત વિમાનથી ચ્યવવું–લક્ષ્મણા રાણીની કુક્ષીમાં ઉપજવું–પ્રભુનો જન્મ–ઇંદ્રકૃત જન્માભિષેક– **ઇંદ્રે કરેલી સ્તુતિ–ચંદ્રપ્રભ** નામસ્થાપન – યૌવનાવસ્થા– પાણિગ્રહણ–રાજ્યપ્રતિપાલન –દીક્ષાગ્રહણ– પ્રથમ પારણું–કેવળજ્ઞાન પ્રાપ્તિ–દેવાગમન– **ઇંદ્રકૃત સ્તુતિ–પ્રભુએ આપેલ દેશના**–તેમાં અશુચિ ભાવનાનું સ્વરૂપ–ગણધર સ્થાપના–યક્ષયક્ષણી–પ્રભુનો પરિવાર–સમેત શિખર પધારવું –પ્રભુનું નિર્વાણ– આયુનું પ્રમાણ વિગેરે– પૃષ્ઠ ૫૨ થી ૫૭

સાતમા સર્ગમાં–શ્રી સુવિધિનાથ ચરિત્ર – તેમનો પૂર્વભવ–મહાપદ્મ રાજાએ **લીધેલી** દીક્ષા– **વીશ સ્થાનક** આરાધન–તીર્થંકરનામકર્મનું ઉપાર્જન–વૈજયંત વિમાનમાં **ઉપજવું**– સુગ્રીવ રાજા ને **રામા**–રાણીનું વર્ણન–વૈજયંત વિમાનથી ચ્યવવું–રામા દેવીની કુક્ષીમાં ઉપજવું–પ્રભુનો જન્મ–દેવકૃત **જન્મોચ્છવ–ઇંદ્રકૃત સ્તુતિ–સુવિધિ** અને **પુષ્પદંત** નામ–સ્થાપન–યૌવનાવસ્થાપાણિગ્રહણ–રાજ્ય પરિપાલન–ચારિત્રગ્રહણ–પ્રથમ પારણું–દેવાગમન–**ઇંદ્રે કરેલી સ્તુતિ–પ્રભુએ આપેલ દેશના** – તેમાં **આશ્રવ** ભાવનાનું **સ્વરૂપ–આઠ કર્મ બાંધવાના હેતુઓ**–ગણધર સ્થાપના–યક્ષયક્ષણી–પ્રભુનો પરિવાર– સમેત શિખર પધારવું – પ્રભુનું નિર્વાણ–આયુનું પ્રમાણ– તીર્થોચ્છેદ–અસંયતિ પૂજા–બીજા ૭ પ્રભુના અંતરમાં પણ તે જ પ્રમાણે થવાનો તીર્થોચ્છેદ–મિથ્યાત્વ વૃદ્ધિ વિગેરે– પૃષ્ઠ ૫૮ થી ૬૫

આઠમા સર્ગમાં–શ્રી શીતળનાથ ચરિત્ર – તેમનો પૂર્વભવ–પદ્મોત્તર રાજાએ લીધેલ દીક્ષા– **વીશસ્થાનક** આરાધન–તીર્થંકરનામકર્મનું ઉપાર્જન–દશમા દેવલોકમાં ઉપજવું –દઢરથ રાજા ને નંદારાણીનું વર્ણન–દશમા દેવલોકથી ચ્યવી નંદા દેવીની કુક્ષીમાં ઉપજવું–પ્રભુનો જન્મ–દેવકૃત **જન્મોચ્છવ–ઇંદ્રકૃત સ્તુતિ–શીતળનાથ** નામસ્થાપન–યૌવનાવસ્થા–પાણિગ્રહણ–રાજ્યેસ્થાપન–લોકાંતિક દેવાગમન–ચારિત્રગ્રહણ–પ્રથમ પારણું–કેવળજ્ઞાન પ્રાપ્તિ– દેવાગમન–**ઇંદ્રે કરેલી સ્તુતિ–પ્રભુએ આપેલી દેશના**– તેમાં સંવર ભાવનાનું સ્વરૂપ–**સંવરના**–ભેદ ગણધર સ્થાપના–યક્ષયક્ષણી–પ્રભુનો પરિવાર–પ્રાંતે સમેત– શિખર પધારવું–પ્રભુનું નિર્વાણ – આયુષ્યનું પ્રમાણ વિગેરે– પૃષ્ઠ ૬૬ થી ૭૧

પર્વ ત્રીજું સમાપ્ત.

પર્વ ચોથું.

સર્ગ–૭

પહેલા સર્ગમાં–શ્રી શ્રેયાંસનાથ, ત્રિપૃષ્ટ, અચળ ને અશ્વગ્રીવનું ચરિત્ર–શ્રી શ્રેયાંસનાથજીનો પૂર્વભવ–નલિનગુલ્મ રાજાએ લીધેલ દીક્ષા–વીશસ્થાનક આરાધન–તીર્થંકરનામકર્મનો બંધ–સાતમા દેવલોકમાં ઉપજવું–સિંહપુર નગર, વિષ્ણુરાજ રાજા અને વિષ્ણુદેવી રાણીનું વર્ણન–સાતમા દેવલોકથી ચ્યવવું–વિષ્ણુ રાણીની કુક્ષીમાં ઉપજવું–તેણે દીઠેલાં ચૌદ સ્વપ્ન–પ્રભુનો જન્મ–છપ્પન દિશાકુમારીનું આવવું–તેણે કરેલ જન્મોચ્છવ ને સૂતિકર્મ–ઈંદ્રોએ કરેલ જન્મોચ્છવ–**સૌધર્મેંદ્રે કરેલી સ્તુતિ–શ્રેયાંસ** નામસ્થાપન–યૌવનાવસ્થા–રાજ્યભારગ્રહણ–લોકાંતિક દેવનું આવવું–સાંવત્સરિકદાન–દીક્ષામહોચ્છવ–ચારિત્રગ્રહણ–પ્રથમ પારણું–અચળ બળદેવનો પૂર્વભવ–અનુત્તર વિમાનમાં ઉપજવું–ત્રિપૃષ્ટ વાસુદેવનો પૂર્વભવ–વિશ્વભૂતિ કુમારની ઉદ્યાનક્રીડા–વિશાખનંદીને થયેલ ઈર્ષ્યા–યુક્તિથી વિશ્વભૂતિ પાસે કરાવેલ ઉદ્યાનનું ત્યાજન–તેને થયેલ વૈરાગ્ય–તેણે લીધેલ દીક્ષા–મથુરા નગરીમાં એકઠા થવું–વિશાખનદીએ કરેલ હાંસી–વિશ્વભૂતિએ કરેલ નિયાણું–મહાશુક્ર દેવલોકમાં ઉપજવું–

પોતનપુર નગર, રિપુપ્રતિશત્રુ રાજા ને ભદ્રારાણીનું વર્ણન–અચળ બળદેવના જીવનું અનુત્તર વિમાનથી ચ્યવવું–ભદ્રાદેવીની કુક્ષીમાં ઉપજવું–તેણે દીઠેલાં ચાર સ્વપ્ન–પુત્રજન્મ–**અચળ** નામસ્થાપન–બીજીવાર રહેલ ગર્ભ–મૃગાવતીનો જન્મ–તેના રૂપનું વર્ણન–રિપુપ્રતિશત્રુ રાજાને તેના પર થયેલ અનુરાગ–તેનું અંતઃપુરમાં સ્થાપન–તેની સાથે કરેલ ગાંધર્વ લગ્ન–લોકોએ પાડેલું **પ્રજાપતિ** નામ–ભદ્રાદેવીને થયેલ લજ્જા–તેનું દક્ષિણ દેશપ્રતિ ગમન–માતાને ત્યાં મુકીને અચળનું પાછું આવવું—

વિશ્વભૂતિના જીવનું સાતમા દેવલોકથી ચ્યવવું–મૃગાવતીની કુક્ષીમાં ઉપજવું–તેને આવેલાં સાત સ્વપ્ન–પુત્રજન્મ–**ત્રિપૃષ્ટ** નામસ્થાપન–અચળ કુમાર સાથે ક્રીડા–બંનેનો અપ્રતિમ સ્નેહ—

રત્નપુર નગરમાં **અશ્વગ્રીવ** પ્રતિવાસુદેવનો જન્મ–તેણે સાધેલા ત્રણ ખંડ–તેને થયેલ મૃત્યુ સંબંધી ચિંતા–નિમિત્તિઆને કરેલ પ્રશ્ન–નિમિત્તિએ બતાવેલી તેને મારનારની નીશાનીઓ–અશ્વગ્રીવે સભામાં કરેલ પ્રશ્ન–ચંડવેગ દૂતને મોકલવો–તેનું પ્રજાપતિ રાજાની સભામાં આવવું–તેથી થયેલો રંગમાં ભંગ–ત્રિપૃષ્ટ કુમારનું તેનાપર ગુસ્સે થવું–ચંડવેગનું પાછું નીકળવું–ત્રિપૃષ્ટે કરેલું તેનું અત્યંત અપમાન–પ્રજાપતિ રાજાને પડેલા ખબર–તેને થયેલ ખેદ–ચંડવેગને પાછો બોલાવીને તેણે કરેલ સન્માન–ચંડવેગનું અશ્વગ્રીવ પાસે ગમન–અશ્વગ્રીવને પ્રથમથી પડેલા ખબર–ચંડવેગે પ્રજાપતિ રાજાનો કરેલો બચાવ–શાળીના ક્ષેત્રની સિંહથી રક્ષા કરવાને પ્રજાપતિ ઉપર મોકલેલ હુકમ–પિતાપુત્ર વચ્ચે થયેલ સંવાદ–ત્રિપૃષ્ટને અચળનું શાળીક્ષેત્ર પ્રતિ ગમન–સિંહ સાથે ત્રિપૃષ્ટે કરેલું યુદ્ધ–સિંહનું વિદારણ–તેને થયેલ શોક–સારથીએ કરેલ સાંત્વન–અશ્વગ્રીવને કહેવરાવેલ સંદેશો–પિતા પાસે આવવું–અચળ કુમારે કહેલ વૃત્તાંત–તેનું ખુશી થવું—

વૈતાઢ્ય પર્વત ઉપર અર્કકીર્ત્તિને સ્વયંપ્રભાનો જન્મ–સ્વયંપ્રભાના રૂપનું વર્ણન–તેને થયેલ મુનિસમાગમ–સમકિતની પ્રાપ્તિ–તેના વર માટે તેના પિતા જ્વલનજટીને થયેલ ચિંતા–તે બાબત પ્રધાનોને કરેલ પ્રશ્ન–તેમણે બતાવેલ જુદા જુદા વિચાર–રાજાએ નિમિત્તિઆને પુછવું–તેણે ત્રિપૃષ્ટ કુમારની બતાવેલી યોગ્યતા–ત્યાં મોકલેલ દૂત–કબુલ થયેલ વિવાહ–સ્વયંપ્રભાને લઈને પરણાવવા આવવું–ત્રિપૃષ્ટ સાથે થયેલા લગ્ન–વિવાહનું વર્ણન–અશ્વગ્રીવને પડેલા ખબર–તેને થયેલ ક્રોધ–જ્વલનજટી પાસે મોકલેલ દૂત–તેણે કરેલ સ્વયંપ્રભાની માગણી–જ્વલન જટીએ આપેલ ઉત્તર–દૂતનું ત્રિપૃષ્ટ પાસે આવવું–તેની પાસે કરેલી સ્વયંપ્રભાની માગણી–ત્રિપૃષ્ટે આપેલો ઉત્તર–દૂતનું અશ્વગ્રીવ પાસે આવવું–અશ્વગ્રીવે વિદ્યાધરોને કરેલ હુકમ–તેનું જ્વલનજટી સાથે યુદ્ધ કરવા જવું–તેઓનો થયેલ પરાજય–અશ્વગ્રીવને યુદ્ધ માટે કરેલું નિમંત્રણ–અશ્વગ્રીવે પ્રધાનોની લીધેલી સલાહ–તેમની સલાહનું અણગમતપણું–યુદ્ધની તૈયારી–અશ્વગ્રીવને

થયેલાં અપશુકનો–તે છતાં યુદ્ધમાં કરેલ પ્રયાણ–રથાવર્ત્તગિરિ પાસે કરેલ પડાવ–ત્રિપૃષ્ટ ને અચળ કુમારે કરેલ વિદ્યાસાધન–તેમનું પણ યુદ્ધ માટે પ્રયાણ–રથાવર્ત્તગિરિ પાસે આવવું–ત્રિપૃષ્ટની અગ્રસેનાએ હયગ્રીવની સેનાનો કરેલ પરાજય–તેના પક્ષના વિદ્યાધરોએ બતાવેલ માયા–ત્રિપૃષ્ટની સેનાનું નિરાશ થવું–જ્વલનજટીએ ત્રિપૃષ્ટને કરેલી પ્રેરણા–ત્રિપૃષ્ટને અચળનું યુદ્ધભૂમિ તરફ પ્રયાણ–દૈવી શસ્ત્રાદિકની પ્રાપ્તિ –અશ્વગ્રીવે પોતાના સૈનિકોનો કરેલ તિરસ્કાર–અશ્વગ્રીવનું યુદ્ધભૂમિમાં આવવું–ત્રિપૃષ્ટનું ને અશ્વગ્રીવનું સામસામા થવું–પરસ્પર થયેલ વિવાદ–બંનેએ પરસ્પર યુદ્ધ કરવાનો કરેલ નિર્ણય– બંનેએ કરેલ યુદ્ધ– અનેક શસ્ત્ર પ્રતિશસ્ત્રનું નાખવું–અશ્વગ્રીવના શસ્ત્રોનું નિષ્ફળ જવું–તેણે કરેલું ચક્રનું સ્મરણ–ત્રિપૃષ્ટ ઉપર ચક્રનું ફેંકવું–તેના પ્રહારથી ત્રિપૃષ્ટને આવેલ મૂર્છા–મૂર્છાનું વળવું–ત્રિપૃષ્ટે કરેલ ચક્રનું ગ્રહણ– અશ્વગ્રીવ ઉપર ચક્રનું ફેંકવું–તેણે કરેલ અશ્વગ્રીવના મસ્તકનો છેદ–તેનું સાતમી નરકમાં ઉપજવું– ત્રિપૃષ્ટનો જય–પ્રથમ વાસુદેવ પ્રગટ થયાની અંતરીક્ષ વાણી–ત્રિપૃષ્ટે કરેલો દિગ્વિજય–કોટી શીલાનું ઉપાડવું–પોતનપુરમાં પ્રવેશ–અર્ધચક્રીપણાનો અભિષેક—

શ્રેયાંસનાથજીનો છદ્મસ્થ વિહાર–કેવળજ્ઞાનપ્રાપ્તિ–ગણધર સ્થાપના–યક્ષયક્ષણી–પ્રભુનું પોતનપુર પધારવું–દેવે રચેલું સમવસરણ–બાર પર્ષદા–ત્રિપૃષ્ટને ગયેલ વધામણી–તેનું પ્રભુ પાસે આવવું–**ધર્મદ્રાદિકે કરેલી પ્રભુની સ્તુતિ–પ્રભુએ આપેલી દેશના**–તેમાં નિર્જરા ભાવનાનું સ્વરૂપ–પ્રભુનો પરિવાર– સમેતશિખર પધારવું–ભગવંતનું નિર્વાણ–આયુષ્યનું પ્રમાણ–

ત્રિપૃષ્ટ વાસુદેવને થયેલ પુત્રો–ગવૈયાઓને બંધ રાખવાનો સય્યાપાળને કરેલ હુકમ–તેણે કરેલ અનાદર–ત્રિપૃષ્ટને ચડેલ કોપ–તેના કાનમાં રેડાવેલું તરવું–તેથી સય્યાપાળનું થયેલ મરણ–ત્રિપૃષ્ટે બાંધેલ અસાતા વેદની કર્મ–ત્રિપૃષ્ટનું મરણ–સાતમી નરકમાં ઉપજવું–અચળ બળદેવને થયેલ અતિ ખેદ–તેણે બતાવેલો મોહવિલાસ–પ્રાંતે લીધેલ દીક્ષા–નિરતિચાર પ્રતિપાલન–બળદેવનું નિર્વાણ–

પૃષ્ઠ ૭૨ થી ૧૦૬

બીજા સર્ગમાં–શ્રી વાસુપૂજ્ય, દ્વિપૃષ્ટ, વિજય ને તારકનું ચરિત્ર–શ્રી વાસુપૂજ્યનો પૂર્વ-ભવ–પદ્મોત્તર રાજાએ લીધેલ દીક્ષા–વીશ સ્થાનકનું આરાધન–તીર્થંકરનામકર્મનો બંધ–દશમા દેવલોકમાં ઉપજવું–ચંપાનગરી, વસુપૂજ્ય રાજા ને જયારાણીનું વર્ણન–પ્રાણત દેવલોકથી ચ્યવવું–જયાદેવીની કુક્ષીમાં ઉપજવું–પ્રભુનો જન્મ–ઈન્દ્રોએ કરેલ જન્માભિષેક–**સૌધર્મેન્દ્રે કરેલી સ્તુતિ**–વાસુપૂજ્ય નામ સ્થાપન– બાળક્રીડા–યૌવનાવસ્થા–માતપિતાએ વિવાહ માટે કરેલી પ્રાર્થના–ભગવંતે આપેલ ઉત્તર–માતપિતાનું ફરીને કહેવું–તેનો પણ પ્રભુએ આપેલ ઉત્તર–વિવાહનો અસ્વીકાર–લોકાંતિક દેવોનું આગમન–દીક્ષા-મહોચ્છવ–ઉદ્યાનવર્ણન–પ્રભુએ લીધેલ દીક્ષા–પ્રથમ પારણું–

વિજય બળદેવનો પૂર્વભવ–તેણે લીધેલ દીક્ષા–અનુત્તર વિમાનમાં ઉપજવું–દ્વિપૃષ્ટ વાસુદેવનો પૂર્વ-ભવ–વિંધ્યશક્તિ રાજાએ પર્વત રાજા પાસે મોકલેલ દૂત–ગુણમંજરી વેશ્યાના રૂપનું વર્ણન–તેની માગણી– પર્વત રાજાએ દૂતનું કરેલું અપમાન–વિંધ્યશક્તિનું યુદ્ધ માટે પ્રયાણ–પરસ્પર યુદ્ધ–પર્વત રાજાનો પરાજય–તેણે કરેલ પલાયન–ગુણમંજરી વેશ્યા વગેરેનું વિંધ્યશક્તિએ કરેલ ગ્રહણ–પર્વત રાજાને થયેલ દુઃખગર્ભિત વૈરાગ્ય–તેણે લીધેલી દીક્ષા–વિંધ્યશક્તિને મારનાર થવાનું કરેલું નિયાણું–દશમા દેવલોકમાં ઉપજવું–વિંધ્યશક્તિના જીવનું કેટલાક ભવ પછી દેવતા થવું–ત્યાંથી ચ્યવવું–વિજયપુરમાં ઉપજવું–**તારક** પ્રતિવાસુદેવ થવું–

દ્વારકા નગરીમાં બ્રહ્મ રાજા ને સુભદ્રાને ઉમારાણી–અનુત્તર વિમાનથી બળદેવના જીવનું ચ્યવન–સુભદ્રાને આવેલાં ચાર સ્વપ્ન–તેની કુક્ષીમાં ઉપજવું–પુત્રજન્મ–**વિજયકુમાર** નામસ્થાપન–દશમાં દેવલોકથી વાસુદેવના જીવનું ચ્યવન–ઉમાદેવીએ દીઠેલાં સાત સ્વપ્ન–પુત્રનો જન્મ–**દ્વિપૃષ્ટ** નામસ્થાપન–અચળ ને દ્વિપૃષ્ટનો અપ્રતિમ સ્નેહ–ભ્રાતભીદારે તારકને કહેલી હકીકત–તેણે સેનાપતિને કરેલ હુકમ–મંત્રીએ દૂત

મોકલવાનું કરેલ સૂચવન–બ્રહ્મરાજા પાસે મોકલેલ દૂત–ઉત્તમ વસ્તુઓની કરેલી માગણી–દ્વિપૃષ્ટ કુમારે દૂતનું કરેલ અપમાન–તારક પ્રતિવાસુદેવનું યુદ્ધ માટે પ્રયાણ–દ્વિપૃષ્ટનું પણ પ્રયાણ–બંને સેનાનું પરસ્પર થયેલું યુદ્ધ–તારક ને દ્વિપૃષ્ટનું સામ સામે થવું–તારકે મૂકેલું ચક્ર–દ્વિપૃષ્ટને થયેલ મૂર્ચ્છા–તેમાંથી સાવધાન થવું–તારક ઉપર ચક્રનું મૂકવું–તેનો શિરચ્છેદ–દ્વિપૃષ્ટનું બીજા વાસુદેવ તરીકે પ્રસિદ્ધ થવું–તેણે કરેલો દિગ્વિજય–કોટી શિલાનું ઉપાડવું–દ્વારકામાં પ્રવેશ–અર્ધચક્રીપણાનો અભિષેક—

વાસુપૂજ્ય સ્વામીનો છદ્મસ્થ વિહાર–પ્રાપ્ત થયેલ કેવળજ્ઞાન–ગણધર સ્થાપના – યક્ષયક્ષણી – દ્વારકા તરફ પ્રભુનું પધારવું–દ્વિપૃષ્ટાદિકનું વાંદવા નીકળવુ–સમવસરણમાં પ્રવેશ–**ઇન્દ્રે કરેલ સ્તુતિ–ભગવંતે આપેલ દેશના**–ધર્મ દુર્લભ ભાવનાનું સ્વરૂપ– **મિથ્યાત્વીઓમાં ધર્મનું અજ્ઞાનપણું–તેમણે માનેલો અધર્મને ધર્મ**–તેનો વિસ્તાર–પ્રભુનો પરિવાર–પ્રાંતે ચંપાનગરીએ પધારવું–પ્રભુનું નિર્વાણ–આયુષ્યનું પ્રમાણ–

દ્વિપૃષ્ટ વાસુદેવનું મરણ–છઠ્ઠા નરકમાં ઉપજવું–બળદેવને થએલ શોક– તેણે લીધેલી દીક્ષા–તેમનું મોક્ષગમન– પૃષ્ઠ ૧૧૦ થી ૧૨૫

ત્રીજા સર્ગમાં–શ્રી વિમળનાથ, સ્વયંભૂ, ભદ્ર ને મેરકનું ચરિત્ર–વિમળનાથનો પૂર્વભવ–પદ્મસેન રાજાએ લીધેલી દીક્ષા–વીશ સ્થાનકોનું આરાધન–તીર્થંકરનામકર્મનું ઉપાર્જન–આઠમા દેવલોકમાં ઉપજવું–કાંપિલ્યપુર નગર, કૃતવર્મા રાજા તથા શ્યામા રાણીનું વર્ણન–આઠમા દેવલોકથી ચ્યવવું–શ્યામારાણીની કુક્ષીમાં ઉપજવું–પ્રભુનો જન્મ–દેવકૃત જન્મોત્સવ– **શક્રેંદ્રે કરેલ સ્તુતિ–વિમળનાથ** નામસ્થાપન– યૌવનાવસ્થા–પાણિગ્રહણ–રાજ્યપ્રતિપાલન – દીક્ષામહોત્સવ–ઉદ્યાનવર્ણન – દીક્ષાગ્રહણ–પ્રથમ પારણું–

ભદ્ર બળદેવનો પૂર્વભવ–ચારિત્રગ્રહણ–અનુત્તર વિમાનમાં ઉપજવું–સ્વયંભૂ વાસુદેવનો પૂર્વભવ–ધનમિત્ર રાજા ને બળિરાજાની દ્યૂતક્રીડા–ધનમિત્રનું રાજ્ય હારી જવું–તેણે લીધેલી દીક્ષા–બળિરાજાનો વધ કરનાર થવાનું કરેલું નિયાણું– બારમા દેવલોકે ઉપજવું–બળિરાજાનું પણ દેવતા થવું – ત્યાંથી ચ્યવી **મેરક** પ્રતિવાસુદેવ થવું–તેણે કરેલ દિગ્વિજય– દ્વારકા નગરીમાં રૂદ્ર રાજાને સુપ્રભા ને પૃથિવી રાણી–સુપ્રભાની કુક્ષિમાં અનુત્તર વિમાનથી ચ્યવીને બળદેવના જીવનું ઉપજવું–તેને આવેલાં ચાર સ્વપ્ન–પુત્રનો જન્મ – **ભદ્ર** નામસ્થાપન–ધનમિત્રના જીવનું બારમા દેવલોકથી ચ્યવવું–પૃથિવી દેવીની કુક્ષિમાં ઉપજવું–તેણે દીઠેલાં સાત સ્વપ્ન–પુત્રનો જન્મ–**સ્વયંભૂ** નામસ્થાપન–બંને ભાઈઓની અપ્રતિમ મૈત્રી–તેમનું ક્રીડા કરવા જવું–પ્રતિવાસુદેવને ભેટ આપવા જનારાં સૈન્યની છાવણી– તેને લૂંટી લેવાને સ્વયંભૂએ કરેલો હુકમ–સુભટોએ છાવણીને લુંટવી–મેરક પાસે ગયેલી ફર્યાદિ – તેને ચડેલો કોપ–એક મંત્રીએ કરેલું નિવારણ–મંત્રીને રુદ્ર રાજા પાસે મોકલવો–ત્યાં સ્વયંભૂએ સંભળાવેલાં વચનો–સચીવનું પાછા જવું–મેરકનું યુદ્ધ માટે પ્રયાણ–સ્વયંભૂનું પણ પ્રયાણ–બંને સૈન્યનું મળવું–પરસ્પર યુદ્ધ–મેરકે કરેલું ચક્રનું સ્મરણ–સ્વયંભૂ ઉપર છોડવું– તેને આવેલી મૂર્છા–મૂર્છાનું વળવું–તેણે ચક્રનું મેરક ઉપર મુકવું– મેરકનો શિરચ્છેદ–નર્કે ગમન – સ્વયંભૂનું ત્રીજા વાસુદેવ તરીકે પ્રસિદ્ધ થવું–તેણે કરેલો દિગ્વિજય–કોટિશિલાનું ઉપાડવું–દ્વારકામાં પ્રવેશ–અર્દ્ધચક્રીપણાનો અભિષેક–

શ્રી વિમળનાથનો છદ્મસ્થવિહાર–કેવળજ્ઞાનની પ્રાપ્તિ–ગણધર સ્થાપના– યક્ષયક્ષણી–દ્વારકા પાસે આવવું–પ્રભુનું સમવસરણ–પર્ષદાનું આગમન–વાસુદેવને વધામણી–તેનું પ્રભુને વાંદવા આવવું–**ઈંદ્રાદિકે કરેલી સ્તુતિ–પ્રભુએ આપેલી દેશના** – બોધિ દુર્લભ ભાવનાનું સ્વરૂપ– પ્રભુનો પરિવાર–સમેત શિખર પધારવું–પ્રભુનું–નિર્વાણ–આયુનું પ્રમાણ–સ્વયંભૂનું છઠ્ઠી નરકે જવું–ભદ્ર બળદેવનું મોક્ષે જવું–ઇત્યાદિ. પૃષ્ઠ ૧૨૬ થી ૧૩૫

ચોથા સર્ગમાં-શ્રી અનંતનાથ, પુરૂષોત્તમ, સુપ્રભ ને મધુનું ચરિત્ર-અનંતનાથનો પૂર્વ ભવ- પદ્મરથ રાજાએ લીધેલ ચારિત્ર-**વીશ સ્થાનકનું** આરાધન-તીર્થંકરનામકર્મનો બંધ-દશમા દેવલોકમાં ઉપજવું-**અયોધ્યાનગરી**, સિંહસેનરાજા ને સુયશારાણીનું વર્ણન-દશમા દેવલોકથી ચ્યવવું-**સુયશા** માતાની કુક્ષીમાં ઉપજવું-પ્રભુનો જન્મ-દેવકૃત જન્મોચ્છવ-ઇંદ્રે **કરેલી સ્તુતિ-અનંતજિત્** નામ-સ્થાપન-યૌવનાવસ્થા-પાણિગ્રહણ-રાજ્યેસ્થાપન-પ્રભુએ લીધેલ દીક્ષા-પ્રથમ પારણું-

બળદેવનો પૂર્વભવ-મહાબળરાજાએ લીધેલ દીક્ષા-આઠમા દેવલોકમાં દેવ થવું-વાસુદેવનો પૂર્વભવ-સમુદ્રદત્ત રાજા ને નંદા રાણી-મલયપતિ ચંડશાસન રાજાનું તેને ત્યાં આવવું-નંદા રાણીને જોઈ વ્યા-મોહ થવું-તેનું તેણે કરેલું હરણ-સમુદ્રદત્તને થયેલ વૈરાગ્ય-તેણે લીધેલી દીક્ષા-ચંડશાસનને મારનાર થવાનું કરેલું નિયાણું -આઠમા દેવલોકમાં ઉપજવું-

ચંડશાસનનું સંસારમાં પરિભ્રમણ કરીને પૃથ્વીપુરમાં **મધુ** નામે પ્રતિવાસુદેવ થવું-તેને **કૈટભ** નામનો એક ભાઈ-દ્વારકાનગરીમાં સોમ નામે રાજા સુદર્શના ને સીતા રાણી-**સુદર્શના**ના ઉદરથી ચાર સ્વપ્ને સૂચિત બળદેવનો જન્મ-**સુપ્રભ** નામસ્થાપન-સીતા રાણીના ઉદરથી સાત સ્વપ્ને સૂચિત વાસુદેવનો જન્મ-**પુરૂષોત્તમ** નામસ્થાપન -બંનેનો અપ્રતિમ સ્નેહ -દેવતાએ કરેલ આયુધાર્પણ-નારદનું મધુ રાજા પાસે ગમન-તેણે કરેલી કલહપ્રેરણા-સોમ રાજા પાસે દૂતનું મોકલવું-સાર સાર વસ્તુની માગણી-પુરૂષોત્તમ વાસુદેવે કરેલો દૂતનો તિરસ્કાર- દૂતનું પાછા જવું-મધુ રાજાને ચડેલો ક્રોધ-**યુદ્ધ** કરવા નીકળવું-સોમ રાજાનું પણ બંને પુત્રો સહિત સામે નીકળવું-પરસ્પર **યુદ્ધ**-મધુરાજાના સૈન્યનો પરાજય- મધુ રાજાનું **યુદ્ધ** કરવા ઉઠવું- પુરૂષોત્તમનું સામા થવું- તે બંનેનું **યુદ્ધ**-મધુએ કરેલું ચક્રનું સ્મરણ-ચક્રનું પ્રગટ થવું-વાસુદેવ ઉપર ફેંકવું-તેને આવેલી મૂર્ચ્છા-મૂર્ચ્છાનું વળવું-તેણે હાથમાં લીધેલ ચક્ર-મધુ ઉપર ફેંકવું-તેનો શિરચ્છેદ-નરકે ગમન-કૈટભનું પણ સેનાપતિથી મરણ- પુરૂષોત્તમ રાજાનું વાસુદેવ તરીકે પ્રગટ થવું-તેણે કરેલો દિગ્વિજય-કોટીશીલાનું ઉપાડવું-અર્ધચક્રીપણાનો અભિષેક-

અનંતનાથનો છદ્મસ્થ વિહાર-તેમને થયેલ કેવળજ્ઞાન-ગણધરસ્થાપના-યક્ષયક્ષણી-દ્વારકા નગરીએ પધારવું-પ્રભુનું સમવસરણ-વાસુદેવને વધામણી-તેમનું પ્રભુને વાંદવા આવવું-**ઇંદ્રાદિકે કરેલી પ્રભુની સ્તુતિ -પ્રભુએ આપેલી દેશના**-નવ તત્ત્વોનું સ્વરૂપ-**જીવ ને અજીવ તત્ત્વની સવિસ્તર પ્રરૂપણા**--પ્રભુનો પરિવાર-પ્રાંતે સમેત શિખર પધારવું-પ્રભુનું નિર્વાણ-આયુષ્યનું પ્રમાણ-પુરુષોત્તમ વાસુદેવનું છઠ્ઠી નરકે ગમન-સુપ્રભ બળદેવનું મોક્ષગમન- પૃષ્ઠ ૧૩૬ થી ૧૪૯

પાંચમા સર્ગમાં-શ્રી ધર્મનાથ, પુરુષસિંહ, સુદર્શન ને નિશુંભનું ચરિત્ર-ધર્મનાથનો પૂર્વ ભવ-દશરથ રાજાએ લીધેલ દીક્ષા-વીશસ્થાનકનું આરાધન-તીર્થંકરનામકર્મનો બંધ-વૈજયંત વિમાનમાં ઉપજવું -રત્નપુર નગર ભાનુરાજા ને સુવ્રતા રાણીનું વર્ણન-વૈજયંત વિમાનથી ચ્યવન-સુવ્રતા રાણીની કુક્ષીમાં ઉપજવું-ઇંદ્રકૃત જન્મોચ્છવ-ઇંદ્રે **કરેલ જિન સ્તુતિ-ધર્મનાથ** નામસ્થાપન -યૌવનાવસ્થા-પાણિગ્રહણ-રાજ્યે સ્થાપન- દીક્ષાવિચાર-**ઉદ્યાનવર્ણન**-પ્રભુએ લીધેલી દીક્ષા -પ્રથમ પારણું-

બળદેવનો પૂર્વભવ-પુરુષવૃષભ રાજાએ લીધેલી દીક્ષા-આઠમા દેવલોકમાં ઉપજવું-વાસુદેવનો પૂર્વભવ-વિકટ અને રાજસિંહ રાજા-રાજસિંહે વિકટનો કરેલો પરાજય-વિકટ રાજાએ લીધેલી દીક્ષા-રાજસિંહને મારનાર થવાનું કરેલું નિયાણું-બીજા દેવલોકમાં ઉપજવું-રાજસિંહનું ભવભ્રમણ-હરિપુરમાં **નિશુંભ** નામે પ્રતિવાસુદેવ થવું-

અશ્વપુરમાં શિવ નામે રાજા ને વિજયાને અંબિકા નામે રાણી-બળદેવના જીવનું આઠમા દેવલોકથી ચ્યવવું-વિજયાની કુખે ઉપજવું-તેનો **જન્મ-સુદર્શન** નામસ્થાપન-વાસુદેવના જીવનું બીજા દેવલોકથી

ચ્યવવું–અંબિકાની કુખે ઉપજવું–તેનો જન્મ–**પુરુષસિંહ** નામસ્થાપન–બંનેનો અપ્રતિમ **સ્નેહ**–સીમાડાના રાજાને જીતવા બળદેવનું ગમન–પુરુષસિંહનું પાછળ જવું–માર્ગમાં રોકાવું–શિવરાજાને દાહજ્વર–તેના ખબર મળવાથી પુરુષસિંહનું પશ્ચાત્ગમન–પિતાનો મેળાપ–અંબિકા માતાનો અગ્નિપ્રવેશ–પુરુષસિંહને થયેલ શોક–શિવરાજાનું મરણ–પુરુષસિંહને વિશેષ શોક–બળદેવને ખબર આપવા–તેનું આગમન–બંને ભાઈઓનું મળવું–શોકની વિશેષતા–નિશુંભ પ્રતિવાસુદેવના દૂતનું આવવું–તેણે શિવ રાજાના બંને પુત્રોને પોતાની પાસે આવવાનું કહેવરાવવું–પુરુષસિંહને ચડેલો ક્રોધ–તેણે કરેલું દૂતનું અપમાન–તેનું પાછા ફરવું–નિશુંભનું યુદ્ધ કરવા નીકળવું–પુરુષસિંહનું પણ સસૈન્ય નીકળવું–બંનેનો મેળાપ–પરસ્પર યુદ્ધ–નિશુંભે કરેલ ચક્રનું સ્મરણ–ચક્રનું પ્રગટ થવું– વાસુદેવ પર છોડવું–વાસુદેવને મૂર્ચ્છા–મૂર્ચ્છાનું વળવું–તેણે હાથમાં લીધેલ ચક્ર–નિશુંભપર છોડવું–તેથી થયેલ તેનો શિરચ્છેદ–પુરુષસિંહનું પાંચમા વાસુદેવ તરીકે પ્રગટ થવું–તેણે કરેલ દિગ્વિજય–કોટી શીલાનું ઉપાડવું–અર્ધચક્રીપણાનો અભિષેક–

ધર્મનાથ પ્રભુને કેવળજ્ઞાન–ગણધરસ્થાપના–યક્ષયક્ષિણી–અશ્વપુર પધારવું–પુરુષસિંહને વધામણી–તેનું વાંદવા નીકળવું–ઇંદ્રાદિકે **કરેલી સ્તુતિ**–**પ્રભુએ આપેલી દેશના**–ચાર કષાયોનું સવિસ્તર વર્ણન–પ્રભુનો પરિવાર–સમેત શિખર પધારવું–પ્રભુનું નિર્વાણ–આયુષ્ય પ્રમાણ–પુરુષસિંહ વાસુદેવનું છઠ્ઠી નરકે ગમન–સુદર્શન બળભદ્રનું મોક્ષ ગમન– પૃષ્ઠ ૧૫૦ **થી ૧૬૫**

છઠ્ઠા સર્ગમાં–શ્રી મઘવા ચક્રવર્તીનું ચરિત્ર–તેનો પૂર્વભવ–નરપતિ રાજાએ લીધેલ ચારિત્ર–મધ્યમ ગ્રૈવેયકમાં ઉપજવું–શ્રાવસ્તી નગરી, સમુદ્રવિજય રાજા અને ભદ્રા રાણીનું વર્ણન–ગ્રૈવેયકથી ચ્યવવું–ભદ્રાદેવીની કુક્ષીમાં ઉપજવું–તેણે દીઠેલાં ચૌદ સ્વપ્ન–પુત્રજન્મ–**મઘવા** નામસ્થાપન–યૌવનાવસ્થા–રાજ્યે બેસવું–**પ્રાપ્ત** થયેલ ચૌદ રત્નો–છખંડનો દિગ્વિજય–પાછા શ્રાવસ્તીએ આવવું–ચક્રવર્તીપણાનો અભિષેક–શ્રાવક તથા સાધુ ધર્મની પ્રતિપાલના–પ્રાંતે ત્રીજા દેવલોકમાં ઉપજવું. પૃષ્ઠ ૧૬૬ **થી** ૧૬૮

સાતમા સર્ગમાં–સનત્કુમાર ચક્રીનું ચરિત્ર–તેનો પૂર્વભવ–વિક્રમયશા નામે રાજા–તેણે કરેલું નાગદત્તની **સ્ત્રી** વિષ્ણુશ્રીનું અપહરણ–નાગદત્તનું ગાંડા થઈ જવું–વિષ્ણુશ્રીનું કામણપ્રયોગથી મરણ–વિક્રમયશાને થયેલ અપાર શોક અને ઉન્મત્તપણું–મંત્રીઓએ વિષ્ણુશ્રીના શરીરને અરણ્યમાં બતાવવું–શબની થયેલી દુર્વ્યવસ્થા–તે જોઈ વિક્રમયશાને થયેલ વૈરાગ્ય–**તેની ભાવના**–તેણે લીધેલ ચારિત્ર–ત્રીજા **દેવલોકે** દેવ થવું–ત્યાંથી ચ્યવન–રત્નપુરમાં જિનધર્મ નામે શ્રેષ્ઠિપુત્ર થવું–નાગદત્તનું ભવ ભ્રમણ–સિંહપુરમાં અગ્નિશર્મા નામે બ્રાહ્મણ થવું–તેણે સ્વીકારેલ ત્રિદંડીપણું–તેનું રત્નપુર આગમન–જિનધર્મને જોતાં પ્રગટ થયેલું વૈર–રાજાએ કરેલ નિમંત્રણ–જિનધર્મની પીઠ ઉપર ઉષ્ણ દુધપાકનું પાત્ર મુકીને જમવાનો કરેલ સ્વીકાર–રાજાએ જિનધર્મને કરેલ આજ્ઞા–તેણે સહન કરેલ અસહ્ય દુઃખ–તેના **શુભવિચાર**–તેણે લીધેલ દીક્ષા–કરેલ કાયોત્સર્ગ–તેનું સૌધર્મે થવું–ત્રિદંડીનું યક્ષ થવું.

હસ્તીનાપુરમાં અશ્વસેન રાજા ને સહદેવી રાણી–સહદેવીની કુક્ષીમાં સૌધર્મેન્દ્રનું ઉપજવું–ચૌદ સ્વપ્ન સૂચિત ગર્ભધારણ–પુત્રજન્મ–**સનત્કુમાર** નામસ્થાપન–યૌવનાવસ્થા–અશ્વ ઉપર સ્વાર થવું–તેના વેગથી ઘણે દૂર જવું–અશ્વસેન રાજાનું પાછળ આવવું–પ્રાપ્ત થયેલ અટવી–કુમારના મિત્ર મહેન્દ્રસિંહનું અટવીમાં ગમન–અશ્વસેનનું પાછા વળવું–સનત્ કુમારની મહેન્દ્રસિંહે કરેલી એક વર્ષ પર્યંત શોધ–વર્ષ પ્રાંતે સનત્કુમારનો મેળાપ–પરસ્પર વાર્તાલાપ–મહેન્દ્રસિંહે કરેલ તેની હકીકત સંબંધી પ્રશ્ન–સનત્કુમારે બકુલમતિને કરેલી સંજ્ઞા–તેણે કહી બતાવેલ સનત્કુમારનું સર્વ વૃત્તાંત–તેમાં એક પક્ષે તેને માન સરોવર લઈ જવું–ત્યાં અસિતાક્ષ યક્ષનું આવવું–કુમારને જોતાં તેને થયેલ વૈરનું સ્મરણ–પરસ્પર યુદ્ધ–યક્ષનું ભાગી જવું–ભાનુવેગની આઠ કન્યા સાથે પાણિગ્રહણ–સુખે નિદ્રા–ત્યાંથી અસિતાક્ષ યક્ષનું ઉપાડવું–અટવીમાં ફેંકી દેવું–ત્યાં સુનંદા સાથે મેળાપ–વજ્રવેગનું મૃત્યુ–સુનંદા સાથે પાણિગ્રહણ–વંધ્યાવળીનું આવવું–તેની સાથે પાણિગ્રહણ–ચંદ્રવેગ ને ભાનુવેગ આદિ વિદ્યાધરોનું આવી મળવું–વંધ્યાવળીએ આપેલ પ્રજ્ઞપ્તિ વિદ્યા–વજ્રવેગના પિતા

અશનિવેગનું યુદ્ધ કરવા આવવું–તેની સાથે યુદ્ધ–અશનિવેગનું મૃત્યુ–વિદ્યાધરાધિપતિપણાનો અભિષેક–ચંદ્રવેગની સેા પુત્રી સાથે પરણવું–ક્રીડા માટે અહીં આવવું ને તમારેા મેળાપ–મહેંદ્રસિંહ સહિત સનત્કુમારનું વૈતાઢ્યે ગમન–મહેંદ્રસિંહે માતાપિતાને મળવા જવાની કરેલી પ્રેરણા–હસ્તીનાપુર તરફ પ્રયાણ–માતાપિતાનેા મેળાપ–અશ્વસેન રાજાએ સનત્કુમારને રાજ્ય આપી લીધેલ દીક્ષા–ભરતક્ષેત્રને સાચવું–હસ્તીનાપુર આવવું–સૌધર્મેન્દ્રે મેાકલલ દેવતા વગેરેએ કરેલ ચક્રવર્તીપણાનેા અભિષેક–

સૌધર્મેન્દ્રે સનત્કુમારના રૂપની કરેલી પ્રશંસા–બે દેવતાનું જોવા આવવું–તેણે દીઠેલ અપ્રતિમ રૂપ–સનત્કુમારે સભામાં આવવાનું કહેવું–તેનું સભામાં આવવું–વ્યાધિગ્રસ્ત શરીર જોઇ તેમને થયેલેા ખેદ–સનત્કુમારે પુછવું–તેણે બતાવેલ કારણ–સનત્કુમારને થયેલ વૈરાગ્ય–દીક્ષા લેવાનેા વિચાર–લીધેલી દીક્ષા–તેમણે કરેલ ઉગ્રતપ–પ્રાપ્ત થયેલ લબ્ધિઓ–સાતસેં વર્ષ પર્યંત વ્યાધિઓનું સહેવું–ઇંદ્રે તેમના દેહનિરપેક્ષપણાની કરેલી પ્રશંસા–બે દેવેાનું પરીક્ષાર્થે આવવું–પરીક્ષામાં પાર ઉતરવું–દેવેાએ કહેલ પેાતાની હકીકત–સનત્કુમારનું આયુષ્ય–પ્રાંતે કરેલ અનશન–ત્રીજા દેવલેાકમાં દેવ થવું. પૃષ્ઠ ૧૬૯ થી ૧૮૪

પર્વ ચેાથું સમાપ્ત.

પર્વ પાંચમું.

સર્ગ ૫.

શ્રી શાંતિનાથજી ચરિત્ર.

સર્ગ પહેલામાં– શ્રીશાંતિનાથનેા પ્રથમ ભવ–રત્નપુર નગરમાં **શ્રીષેણ** રાજા અને તેની **અભિનંદિતા** તથા શિખિનંદિતા રાણીનું વર્ણન–ઇંદુષેણને બિંદુષેણ નામના બે પુત્રેા–અચળ ગ્રામમાં ધરણીજટ બ્રાહ્મણની દાસીનેા પુત્ર **કપિલ**–તેનેા પ્રચ્છન્નપણે વેદાભ્યાસ–તેનું પરદેશ નીકળવું–રત્નપુર આવવું–સત્યકિ બ્રાહ્મણને ત્યાં નિવાસ–પુત્રવત્ રહેવું–સત્યકિની સ્ત્રી જંબૂકાના આગ્રહથી તેની પુત્રી **સત્યભામા** સાથે કપિલનું પાણિગ્રહણ–તેના માનની વૃદ્ધિ–અન્યદા તેનું નાટક જોવા જવું–રાત્રી ને વર્ષા હેાવાથી વસ્ત્ર રહિત થઈને આવવું–તે ઉપરથી સત્યભામાને કુલિનપણાની પડેલી ભ્રાંતિ–સ્નેહની મંદતા–ધરણીજટનું નિર્ધન થવું–કપિલ પાસે આવવું–તેણે કરેલું પૃથગ્ ભેાજન–સત્યભામાની શંકામાં વૃદ્ધિ–તેનું ધરણીજટ પ્રત્યે પુછવું–તેણે કરેલ ખુલાસેા–સત્યભામાનું શ્રીષેણ રાજા પાસે જવું–અકુલિન વરને તજી દેવાનેા આગ્રહ–રાજાએ કપિલને કહેવું–તેનેા ન તજવાનેા આગ્રહ–છેવટ તજી દેવાની પડેલી જરૂર–સત્યભામાનું રાજમહેલમા રહેવું–ઇંદુષેણને વરવા સ્વયંવરે આવેલ શ્રીકાંતા કન્યા–તેની સાથે આવેલી અનંતમતિકા વેશ્યા–તેના પર ઇંદુષેણ ને બિંદુષેણ બન્નેનું મેાહી પડવું–પરસ્પર યુદ્ધ–તેનું નિવારણ ન થઈ શકવાથી શ્રીષેણ રાજા, બંને રાણીઓ તથા સત્યભામાએ કરેલ વિષઘ્રાણ–તેથી ચારેનું મરણ–ઉત્તર કુરૂમાં ચારેનું યુગલિક થવું– ઇંદુષેણ બિંદુષેણ પાસે એક વિદ્યાધરનું આવવું–તેણે કહેલેા **પૂર્વભવ**–અનંતમતિકાનું તેની પૂર્વભવની બહેન તરીકે ઓળખાવવું–તેમને ઉપજેલેા વૈરાગ્ય–તેથી લીધેલી દીક્ષા–શ્રીષેણ રાજા વિગેરે ૪ યુગલિકનું સૌધર્મ કલ્પે દેવ થવું–

અર્કકીર્ત્તિ વિદ્યાધરની સ્ત્રી જ્યોતિર્માળાના ઉદરમાં શ્રીષેણ રાજાના જીવનું ઉપજવું–પુત્રજન્મ–**અમિતતેજ** નામસ્થાપન–સત્યભામાના જીવનું તેની બહેનપણે ઉત્પન્ન થવું–**સુતારા** નામસ્થાપન–અભિનંદિતાના જીવનું ત્રિપૃષ્ટ વાસુદેવના પુત્ર થવું–**શ્રીવિજય** નામસ્થાપન–શિખિનંદિતા જીવનું તેની બહેન થવું–**જ્યોતઃપ્રભા** નામસ્થાપન–કપિલના જીવનું સંસારમાં ભમી **અશનિઘોષ** વિદ્યાધર થવું–સુતારા ને શ્રીવિજયનું અને અમિતતેજ ને જ્યોતિઃપ્રભાનું પાણિગ્રહણ–અર્કકીર્ત્તિએ કરેલ ચારિત્રગ્રહણ–અમિતતે-

જનુ રાજા થવું–ત્રિપૃષ્ટના રાજ્યે શ્રીવિજયનું રાજા થવું–અમિતતેજનું પોતનપુર આવવું–ત્યાં મહોત્સવ જોઈ શ્રીવિજય પ્રત્યે પુછવું–તેણે કહેલ તેનું કારણ–તેમા નિમિત્તિઆએ કહેલ શ્રીવિજય ઉપર વિદ્યુત્પાતની હકીકત–નિમિત્તિઆનું વૃત્તાંત–ઉપદ્રવ ટાળવા માટે મંત્રીઓના વિચાર–એક મંત્રીએ ભાવી ભાવ મિથ્યા ન થવા ઉપર કહેલ કથા–શ્રી વિજયને સ્થાનકે વૈશ્રમણની પ્રતિમાનું સ્થાપન–તેના પર થયેલ વિદ્યુત્પાત–નિમિત્તિઆનો સત્કાર–અમિતતેજનું પાછા રથનુપુર ચક્રવાળ જવું–શ્રી વિજયનું સુતારા સાથે જ્યોતિર્વનમાં જવું–ત્યાં અશનિઘોષનું આવવું–તેણે વિપ્રતારણી વિદ્યાવડે કરેલ સુતારાનું હરણ–કૃત્રિમ સુતારાનું દેખાડેલું મરણ–તેથી શ્રીવિજયને થયેલ અપાર શોક–તેની સાથે બળી મરવાની તૈયારી–બે વિદ્યાધરનું આગમન–તેણે છાંટેલા મંત્રિત જળથી કૃત્રિમ સુતારાનું નાસી જવું–વિદ્યાધરોએ કહેલો પોતાનો વૃત્તાંત–તેમાં સુતારાનું અશનિઘોષે કરેલ હરણની હકીકત–સુતારાના કહેવાથી તેનું અહીં આવવું–શ્રીવિજયને અમિતતેજ પાસે લઈ જવું–તેને કહેલી હકીકત–લસ્કર સહિત શ્રીવિજયને અશનિઘોષ સાથે યુદ્ધ કરવા મોકલવું–અમિત-તેજનું મહાજ્વાળા વિદ્યા સાધવા જવું–શ્રીવિજયે અશનિઘોષ પાસે દૂતને મોકલવું–તેણે કરેલો દૂતનો તિરસ્કાર–યુદ્ધની શરૂઆત–અશનિઘોષના સૈન્યનું પાછા હઠવું–અશનિઘોષનું યુદ્ધ કરવા ઉઠવું–તેનું ને શ્રી-વિજયનું યુદ્ધ–અશનિઘોષની વિદ્યાશક્તિ–અમિતતેજનું મહાજ્વાળા વિદ્યા સાધીને ત્યાં આવવું–તેના બળથી અશનિઘોષનું ભાગવું–પાછળ મોકલેલી મહાજ્વાળા વિદ્યા–અશનિઘોષનું કેવળજ્ઞાની બળદેવ મુનિને શરણે જવું–મહાજ્વાળાનું પાછા વળવું–તેણે અમિતતેજને કહેલી હકીકત–સુતારાને તેડવા મરિચિ વિદ્યાધરને મોકલી અમિતતેજને શ્રીવિજયનું બળદેવ મુનિ પાસે આવવું–મરિચિ વિદ્યાધરનું સુતારા પાસે જવું–તેનું પણ બળદેવ મુનિ પાસે આવવું–અશનિઘોષે અમિતતેજ ને શ્રીવિજયને ખમાવવું–બળદેવ મુનિ પ્રત્યે સુતારાપરના સ્નેહસંબંધી અશનિઘોષે કરેલ પ્રશ્ન–મુનિએ કહેલ પૂર્વભવનું વૃત્તાંત–તેમાં કપિલના બીજા ભવોની હકીકત–અમિતતેજે કરેલ પોતાની ભવ્યતા સંબંધી પ્રશ્ન–મુનિએ કહેલ તેના આગામી ભવની હકીકત–તેમાં ભરત ક્ષેત્રમાં પાંચમા ચક્રવર્તી ને સોળમા તીર્થંકર થવાની કહેલ વાત–અમિતતેજ ને શ્રી-વિજયે ગ્રહણ કરેલ શ્રાવકધર્મ–અશનિઘોષે બતાવેલ પોતાનો વિચાર–પોતાના બાળપુત્રને અમિતતેજને ખોળે સોંપવું–અશનિઘોષે ગ્રહણ કરેલ ચારિત્ર–અમિતતેજ ને શ્રીવિજયે કરેલ ધર્મારાધન–અમિતતેજે આપેલ મુનિદાન–અન્યદા બંનેનું નંદન વનમાં જવું–ત્યાં મુનિરાજના દર્શન–મુનિએ આપેલ દેશના–આયુષ્ય સંબંધી બંનેએ કરેલા પ્રશ્ન–મુનિએ કહેલ ૨૬ દિવસનું બંનેનું આયુષ્ય–બંનેનું પોતપોતાને નગરે આવી પુત્રને રાજ્ય સોંપી ચારિત્રનું ગ્રહણ કરવું–શ્રીવિજયે કરેલ વાસુદેવ થવાનું નિયાણું–બંનેએ કરેલ અનશન–દશમા દેવલોકમાં દેવતા થવું. પૃષ્ઠ ૧૮૫ થી ૨૦૩

સર્ગ બીજામાં–જંબૂદ્વીપના પૂર્વ વિદેહમાં રમણીય વિજયમાં શુભા નગરી, સ્તિમિતસાગર રાજા ને વસુંધરા તથા અનુદ્ધરા રાણી–વસુંધરા દેવીના ઉદરમાં અમિતતેજના જીવનું આવીને ઉપજવું–તેણે દીઠેલા બળદેવનાં જન્મ સૂચક ચાર સ્વપ્ન–પુત્ર જન્મ–**અપરાજિત** નામ સ્થાપન–અનુદ્ધરાના ઉદરમાં વિજયના જીવનું ઉત્પન્ન થવું–તેણે દીઠેલા વાસુદેવનાં જન્મસૂચક સાત સ્વપ્ન–પુત્ર જન્મ–**અનંતવીર્ય** નામસ્થાપન–બંનેની પ્રીતિ–યૌવનાવસ્થા–સ્તિમિતસાગર રાજાને મુનિ સમાગમ–તેણે લીધેલી દીક્ષા–તેનું ચમરેંદ્ર થવું–અનંતવીર્ય તથા અપરાજિતને એક વિદ્યાધર સાથે મૈત્રી–તેણે આપેલી મહાવિદ્યા–બર્બરી ને કિરાતી નામની તેની નૃત્યકુશળ બે દાસીઓ–નારદનું તત્રાગમન–દાસીઓના નૃત્યાદિમાં લીન હોવાથી નારદને નહીં આપેલું માન–નારદને થયેલ કોપ–તેનું દમિતારિ પ્રતિવાસુદેવ પાસે જવું–દમિતારિએ આપેલ સન્માન–નારદ પ્રત્યે આશ્ચર્યકારી વસ્તુ સંબંધી તેણે કરેલ પ્રશ્ન–નારદે બર્બરી ને કિરાતીનાં કરેલાં વખાણ–દમિતારિએ અનંતવીર્ય પાસે મોકલેલ દૂત–તેણે કરેલી બે દાસીની માગણી–અનંત-વીર્યે દાસીઓ મોકલવાનો આપેલ ઉત્તર–તેમણે સાધેલી વિદ્યાઓ–તત્કાળ વિદ્યાઓનું સાધ્ય થવું–ફરીને આવેલો દમિતારિનો દૂત–તેનાં કઠોર વચનો–અનંતવીર્યનું સહનશીળપણું–તેની સાથે જ બે

દાસીને રૂપે બે ભાઈઓનું જવું–દમિતારિ પાસે પહોંચવું–દમિતારીએ નાટક કરવાની કરેલી આજ્ઞા–કૃત્રિમદાસીઓએ કરેલું નાટક–તેમાં **દરેક રસનું પોષણ**–દમિતારિનું પ્રસન્ન થવું–પોતાની પુત્રી **કનકશ્રી**ને નાટયકળા શિખવવા વાસ્તે સોંપવું–તેના રૂપપર અનંતવીર્યનું મોહિત થવું–તેની પાસે અનંતવીર્યના રૂપના અપરાજિતે કરેલાં વખાણ–કનકશ્રીનું અનંતવીર્યપર અનુરાગી થવું–અનંતવીર્યને જોવાનો બતાવેલી દૃઢ ઇચ્છા–બંને ભાઈઓનું પોતાના રૂપમાં પ્રગટ થવું–કનકશ્રીએ અનંતવીર્યનો પતિ તરીકે કરેલો સ્વીકાર–ત્યાંથી શુભા નગરીએ જવાનો કરેલો નિર્ણય–અનંતવીર્યે કરેલ ઉદ્‌ઘોષણા–કનકશ્રીને લઈને આકાશ માર્ગે ગમન–દમિતારિએ પાછળ મોકલેલા સુભટો–તેનું હારીને પાછા આવવું–દમિતારિનું યુદ્ધ કરવા નીકળવું–સૈન્યનું યુદ્ધ–દમિતારિને અનંતવીર્યનું યુદ્ધ–અનંતવીર્યપર ચક્ર મુકવું–તેણે ચક્ર લઈને પાછું દમિતારિ ઉપર મુકવું–દમિતારિનો શિરચ્છેદ–વાસુદેવ તથા બળદેવ તરીકે પ્રસિદ્ધ થવું–શુભાનગરી તરફ પ્રયાણ–માર્ગે મેરૂ સમીપે આવતાં જિનચૈત્યના દર્શન કરવા જવું–કેવળી મુનિનો સમાગમ–કનકશ્રીએ પોતાના પિતાના પૂર્વભવાદિ સંબંધી પુછેલ પ્રશ્ન–મુનિએ કહેલ તેનો પૂર્વભવ–તેમાં શ્રીદત્તાનું વૃત્તાંત–તેણે કરેલ ધર્મચક્રવાળ તપ–જૈન ધર્મનું આરાધન–ધર્મના ફળનો સંદેહ–શિવમંદિર નગરમાં કીર્ત્તિધર રાજા ને અનિલવેગા રાણી–તેને થએલ ત્રણ સ્વપ્ન સૂચિત દમિતારિ પ્રતિવાસુદેવ પુત્ર–તેની સ્ત્રી મદિરાના ઉદરમાં દત્તાના જીવનું ઉપજવું–તેનો જન્મ–કનકશ્રી નામસ્થાપન–ધર્મફળના સંદેહથી બંધુ જનોનો વિરહ–કીર્ત્તિધર રાજાએ લીધેલ દીક્ષા–તે હું મુનિ–પૂર્વ ભવ સાંભળવાથી કનકશ્રીને થયેલ વૈરાગ્ય–તેણે દીક્ષા લેવા માટે માગેલી આજ્ઞા–શુભા નગરીએ પહોંચ્યા પછી દીક્ષા લેવાનું કહેવું–કનકશ્રીએ કબુલ કરવું–શુભા નગરીએ પહોંચવું–અર્ધચક્રીપણાનો અનંતવીર્યને અભિષેક–અનંતવીર્યને **સ્વયંપ્રભ પ્રભુ** પધાર્યાની મળેલી વધામણી–વાસુદેવનું વાંદવા જવું–કનકશ્રીએ લીધેલ દીક્ષા–તેને થયેલ કેવળજ્ઞાન ને મોક્ષ–પદની પ્રાપ્તિ–બળદેવને **સુમતિ** નામે પુત્રી–તેણે આપેલ મુનિદાન–તેનો સ્વયંવર–મંડપમાં આકાશમાંથી વિમાનનું ઉતરવું–તેમાં આવેલાં સૌધર્મેંદ્રની ઈંદ્રાણી–તેણે કહેલો પોતાનો તથા સુમતિનો પૂર્વભવ–તેણે આપેલો બોધ–તેનું પાછા ઉત્પતી જવું–સુમતિને થયેલ જાતિસ્મરણ–તેણે દીઠેલો પૂર્વભવ–ઉત્પન્ન થયેલ વૈરાગ્ય–તેણે માગેલી દીક્ષા લેવાની આજ્ઞા–તેણે લીધેલી દીક્ષા–તેને થયેલ કેવળ જ્ઞાન અને મોક્ષપદની પ્રાપ્તિ–

અનંતવીર્યનું મરણ–પહેલી નરકમાં ઉપજવું–અપરાજિતે લીધેલી દીક્ષા–તેનું બારમા દેવલોકમાં ઈંદ્ર થવું–અનંતવીર્યના જીવનું નરકમાંથી નીકળી **મેઘનાદ** વિદ્યાધર થવું–તેનું મેરૂ પર્વતપર આવવું–અચ્યુતેંદ્રનો મેળાપ–તેણે આપેલો મેઘનાદને બોધ–તેણે લીધેલી દીક્ષા–પૂર્વ જન્મના વૈરી દેવે કરેલ ઉપસર્ગ–મુનિનું નિશ્ચળ રહેવું–અનશન કરીને બારમા દેવલોકમાં ઉપજવું– પૃષ્ઠ ૨૦૪ થી ૨૧૯

સર્ગ ત્રીજામાં—મંગળાવતી વિજયમાં રત્નસંચયાનગરી, **ક્ષેમંકર** રાજા ને રત્નમાળા રાણી–રત્નમાળાની કુક્ષીમાં અપરાજિતના જીવનું આવવું–તેણે દીઠેલાં ચક્રવર્તીના જન્મ સૂચક ચૌદ સ્વપ્ન તથા પંદરમું વજ્ર–પુત્રજન્મ–**વજ્રાયુદ્ધ** નામ સ્થાપન–યૌવનાવસ્થા–લક્ષ્મીવતી સાથે પાણિગ્રહણ–તેને થયેલ **સહસ્રાયુધ** પુત્ર તે અનંતવીર્યનો જીવ–તેની યૌવનાવસ્થા–તેનું કનકશ્રી સાથે પાણિગ્રહણ–તેને થયેલ શતબળી પુત્ર–

ઈશાન કલ્પના દેવોમાં થયેલી વજ્રાયુધના સમ્યક્ત વિષે ચર્ચા–ચિત્રચૂળ દેવનું પરીક્ષા નિમિત્તે ક્ષેમંકર રાજાની સભામાં આવવું–તેણે કરેલું નાસ્તિકમતનું સ્થાપન–વજ્રાયુધે આપેલ તેનો ઉત્તર–દેવની પ્રસન્નતા–તેનું સ્વર્ગ ગમન–ઈશાનેંદ્રે વજ્રાયુધ આગામી ભવે તીર્થંકર થવાના છે એમ કહેવું–**વજ્રાયુદ્ધનું** વસંતક્રીડા માટે ઉદ્યાનમાં જવું–જળક્રીડા–મિતારિ પ્રતિવાસુદેવના જીવનું વિદ્યુદ્દંષ્ટ્ર દેવ થઈને ત્યાં આવવું–તેણે કરેલ ઉપદ્રવ–વજ્રાયુદ્ધે કરેલ તેનું નિવારણ–શક્રેંદ્રનું ત્યાં આવવું–તેણે કરેલ પૂજા ને સ્તુતિ–ક્ષેમંકર રાજા પાસે લોકાંકિત દેવનું આવવું–તેમણે લીધેલ દીક્ષા–પ્રાપ્ત થયેલ કેવળજ્ઞાન–તેમની દેશનાને **વજ્રાયુધ** વિગેરેનું વાંદીને સ્વસ્થાને જવું–

વજ્રાયુધની આયુધશાળામાં ચક્ર રત્નની ઉત્પત્તિ–તેણે કરેલ મંગળાવતી વિજયના છખંડનું સાધન–સહસ્રાયુધનું યુવરાજપદે સ્થાપન–

વજ્રાયુધની સભામાં એક વિદ્યાધરનું તેને શરણે આવવું–તેની પાછળ આવેલી સુરેખા વિદ્યાધરી–ત્યાર પછી આવેલ એક વિદ્યાધર–તેણે પેલા વિદ્યાધરના દુર્નય સંબંધી કહેલ વૃત્તાંત– તે સાંભળી અવધિજ્ઞાનવડે જાણીને વજ્રાયુધે કહેલો તેમના પૂર્વભવનો વૃત્તાંત–તે સાંભળીને ત્રણેને થયેલ વૈરાગ્ય–તેઓનુ પરસ્પર ખમાવવું–વજ્રાયુધે કહેલો આગામી વૃત્તાંત–તે સાંભળી તેમનું ક્ષેમંકર પ્રભુ પાસે જઈ ચારિત્રનું ગ્રહણ કરવું–અનુક્રમે અવ્યય પદની પ્રાપ્તિ–

સહસ્રાયુધની રાણી જયના દેવીને થયેલ શુભ સ્વપ્ન સૂચિત પુત્ર–કનકશક્તિ નામ સ્થાપન–તેનું કનકમાળા સાથે પાણિગ્રહણ–ત્યારબાદ વસંત સેના સાથે પાણિગ્રહણ–વસંત સેનાની કુઈના પુત્રને થયેલો કોપ–કનકશક્તિને આકાશગામિની વિદ્યાની પ્રાપ્તિ–તેનું હિમવંતગિરિએ જવું–ચારણ મુનિનો સમાગમ–તેણે તથા બંને સ્ત્રીઓએ લીધેલ દીક્ષા–તેને થયેલ ઉપસર્ગ–કેવળજ્ઞાનની પ્રાપ્તિ–વજ્રાયુધે કરેલો તેનો મહોત્સવ—

ક્ષેમંકર પ્રભુનું વજ્રાયુધની નગરીએ પધારવું–વજ્રાયુધનું વાંદવા જવું–તેને થયેલ વૈરાગ્ય–સહસ્રાયુધને રાજ્યે સ્થાપન–વજ્રાયુધે લીધેલી દીક્ષા–તેને થયેલ ઉપસર્ગ–રંભા વિગેરેએ કરેલું તેનું નિવારણ–સહસ્રાયુધે કરેલ રાજ્ય પાલન–તેણે લીધેલી દીક્ષા–વજ્રાયુધ સાથે મળવું–બંનેએ કરેલ તીવ્રતપ ને શુભ ધ્યાન–સાથે કરેલ અણસણ–ત્રીજા ગ્રૈવેયકમાં ઉત્પન્ન થવું–પૃષ્ઠ ૨૨૦ થી ૨૨૮

સર્ગ ચોથામાં–પુષ્કળાવતી વિજયમાં પુંડરીકિણી નગરીમાં **ઘનરથ** રાજા–તેની પ્રિયમતિ ને મનોરમા નામે રાણી–તે બંનેના ઉદરમાં ત્રીજા ગ્રૈવેયકથી આવીને બંને દેવનું ઉપજવું–બંનેનો જન્મ–**મેઘરથ ને દૃઢરથ** નામ સ્થાપન–નિહતશત્રુ રાજાના મંત્રીનું આવવું–તેણે તે બંનેને પોતાના રાજાની કન્યા આપવાની કરેલી માગણી–ઘનરથ રાજાએ કરેલ સ્વીકાર–મેઘરથ ને દૃઢરથનું તે તરફ પ્રયાણ–માર્ગમાં સુરેંદ્રદત્ત રાજા સાથે થયેલ યુદ્ધ–તેનો પરાજય–સુમંદીરપુર પહોંચવું–ત્રણ કન્યા સાથે પાણિગ્રહણ–પાછા વળતાં સુરેંદ્રદત્તને તેનું રાજ્ય પાછું સોંપવું–ત્રણ રાણીઓને થયેલ એકેક પુત્ર–નંદિષેણ, મેઘસેન ને રૂપસેન નામ સ્થાપન–

ઘનરથ રાજા પાસે સુસેના ગણિકાનું કુકડો લઈને આવવું–તેની સાથે મનોરમા રાણીના કુકડાનું યુદ્ધ–પરસ્પરનું અજયપણું–ઘનરથ રાજાએ કહેલ તે બંનેનો પૂર્વભવ–મેઘરથે બતાવેલું તેનું વિદ્યાધર અધિષ્ઠિતપણાનું કારણ–બે વિદ્યાધરના પૂર્વભવનું કહેવું–તેનું પ્રગટ થવું–ઘનરથ રાજાને નમીને તેમનું સ્વસ્થાને જવું–કુકડાઓને થયેલ જાતિ સ્મરણ–તેમણે કરેલ અનશન–તેમનું ભુતનાયક થવું–મેઘરથ પાસે આવવું–તેમના ઉપકારનું કરાવેલ સ્મરણ–વિમાનમાં સાથે લઈ જઈને મનુષ્યલોકનું બતાવવું–તેમનું સ્વસ્થાને ગમન–

ઘનરથ રાજા પાસે લોકાંતિક દેવનું આગમન–તેમણે લીધેલી દીક્ષા–પ્રાપ્ત થયેલ કેવળજ્ઞાન–

મેઘરથ રાજાનું ઉદ્યાનમાં જવું– તેમની પાસે ભૂતોએ કરેલું તાંડવ–એક વિદ્યાધર યુગલનું ત્યાં આવવું–તેનો મેઘરથ રાજાએ કહેલ વૃત્તાંત–પ્રિયમિત્રના પુછવાથી કહેલો તેનો પૂર્વભવ–તે સિંહરથ વિદ્યાધરનું સ્વસ્થાને જવું–તેણે ઘનરથ પ્રભુ પાસે લીધેલી દીક્ષા–પ્રાપ્ત કરેલ અવ્યયપદ–

મેઘરથ રાજાનું પૌષધ લઈને બેસવું–એક પારેવાનું તેના ખોળામાં આવીને પડવું–મેઘરથે આપેલી તેને આશ્વાસના–પાછળ બાજ પક્ષીનું આવવું–તેણે કરેલી પારાવતની માગણી–મેઘરથે આપેલ ઉપદેશ–તેણે આપેલો ઉત્તર–મેઘરથ રાજાએ પારેવા જેટલું પોતાનું માંસ આપવાનું કબુલ કરવું–કાંટાનું મંગાવવું–પારેવાનો અત્યંત તોલ–મેઘરથ રાજાનું કાંટાને એક પાસે બેસી જવું–સામંતાદિકે કરેલ હાહાકાર–

દેવતાનું પ્રગટ થવું–તેણે પરીક્ષા માટે આવવાનું કહેલું કારણ–તેનું સ્વસ્થાને જવું–પારેવાને બાજપક્ષીના તથા તે દેવના પૂર્વભવનો મેઘરથે કહેલ વૃત્તાંત–બંને પક્ષીને થયેલ જાતિ સ્મરણ–તેણે કરેલ અનશન–તેનું ભુવનપતિ દેવતા થવું–

મેઘરથ રાજાએ અઠ્ઠમ કરીને કરેલ કાયોત્સર્ગ–ઇશાનેન્દ્રે કરેલ પ્રશંસા–બે ઈંદ્રાણીઓનું પરીક્ષા માટે આવવું–તેમણે કરેલ અનુકૂળ ઉપસર્ગ–મેઘરથનું અચળ રહેવું–ઈંદ્રાણીઓનું સ્વસ્થાને જવું–મેઘરથને થયેલ વૈરાગ્ય–ઘનરથ તીર્થંકરનું ત્યાં પધારવું–મેઘરથે જણાવેલ દીક્ષા લેવાનો વિચાર–દઢરથનું પણ સાથે જ તૈયાર થવું–મેઘસેનને રાજ્યે સ્થાપન–મેઘરથ તથા દઢરથે લીધેલ દીક્ષા–મેઘરથે કરેલ વીશ સ્થાનકનું આરાધન–તીર્થંકર નામ કર્મનો બંધ–બંનેએ કરેલ અનશન–સર્વાર્થસિદ્ધ વિમાનમાં બંનેનું ઉપજવું–

પૃષ્ઠ ૨૨૯ થી ૨૪૨

સર્ગ પાંચમામાં–હસ્તીનાપુર નગર, વિશ્વસેન રાજા ને અચિરા દેવીનું વર્ણન–મેઘરથના જીવનું સર્વાર્થ સિદ્ધથી ચ્યવવું–અચિરાં માતાની કુક્ષીમાં ઉપજવું– માતાએ દીઠેલાં ચૌદ સ્વપ્ન–ભગવંતના ગર્ભમાં ઉપજવાથી મરકી વિગેરેની થયેલી શાંતિ–પ્રભુનો જન્મ–દિશા કુમારીકૃત જન્મોચ્છવ–ઈંદ્રકૃત જન્મોચ્છવ–**ઈન્દ્રે કરેલી પ્રભુની સ્તુતિ**–વિશ્વસેન રાજાએ કરેલો જન્મોચ્છવ–**શાંતિનાથ** નામ સ્થાપન–યૌવનાવસ્થા–રાજ્યે સ્થાપન–અનેક રાજકન્યાઓ સાથે વિવાહ–શાંતિનાથની રાણી યશોમતિએ દીઠેલ શુભ સ્વપ્ન–દઢરથના જીવનું સર્વાર્થસિદ્ધથી ચ્યવવું–તેની કુક્ષીમાં ઉપજવું–પુત્ર જન્મ–**ચક્રાયુદ્ધ** નામ સ્થાપન–

ચક્રરત્નની ઉત્પત્તિ–શાંતિનાથનું દિગ્વિજય માટે પ્રયાણ–માગધાદિ દેવોનું સ્વયમેવ સાધ્ય થવું–તેમણે આપેલ ભેટ–ઉત્તર તરફના ત્રણ ખંડ સાધવા જવું–કીરાતો સાથે યુદ્ધ–તેણે કરેલું મેઘ કુમારોનું આરાધન–મેઘકુમારોએ કરેલ ઉપદ્રવ–પ્રભુના સેવક દેવોનું તેની પાસે જવું અને સમજાવવું–કીરાતોનું વશ થવું–ઋષભકૂટ પર નામ લખવું–નવનિધાનનું વશ થવું– હસ્તીનાપુરમાં પ્રવેશ–પાંચમા ચક્રી તરીકે અભિષેક–ઋદ્ધિનું વર્ણન–

લોકાંતિક દેવોનું આવવું–સાંવત્સરિકદાન–દીક્ષા મહોચ્છવ–પ્રભુએ લીધેલ દીક્ષા–પ્રથમ પારણું–પ્રભુને કેવળજ્ઞાન–દેવકૃત સમવસરણ–ચક્રાયુધને વધામણી–તેનું વાંદવા આવવું–ઇંદ્રાદિકે **કરેલી પ્રભુની સ્તુતિ–પ્રભુની દેશના**–ઈંદ્રિયોને જીતવા સંબંધી ઉપદેશ–ચક્રાયુધે લીધેલ દીક્ષા–ગણધર સ્થાપના–યક્ષયક્ષણી–કુરુચંદ્રે કરેલ પૂર્વભવ સંબંધી પ્રશ્ન–પ્રભુએ કહેલ તેનો પૂર્વભવ–તેમાં વસંતદેવને ક્ષેમપાળ તથા મદિરાને કેસરાનું સવિસ્તર વૃત્તાંત–પ્રભુનો પરિવાર–સમેતશિખર પધારવું–પ્રભુનું નિર્વાણ–આયુષ્યનું પ્રમાણ–ચક્રાયુધનું કોટિશિલાએ મોક્ષ ગમન વિગેરે–પૃષ્ઠ ૨૪૩ થી ૨૬૩

પર્વ પાંચમું સમાપ્ત.

પર્વ છઠ્ઠું.

સર્ગ-૮

સર્ગ પહેલામાં-શ્રી કુંથુનાથ ચરિત્ર-તેમનો પૂર્વભવ-સિંહાવહ રાજાએ લીધેલ દીક્ષા-વીશ સ્થાનકનું આરાધન-તીર્થંકર નામ કર્મનો બંધ-સર્વાર્થ સિદ્ધે ઉપજવું-હસ્તીનાપુર નગરમાં શૂર રાજા તથા શ્રીદેવીનું વર્ણન-શ્રી દેવીની કુક્ષીમાં સર્વાર્થ સિદ્ધથી ચ્યવીને ઉપજવું-તેમણે દીઠેલાં ચૌદ સ્વપ્ન-પુત્ર જન્મ -દેવકૃત જન્મોચ્છવ-ઇંદ્રે **કરેલી સ્તુતિ-કુંથુનાથ** નામ સ્થાપન-યૌવનાવસ્થા-પાણિગ્રહણ-રાજ્ય સ્થાપન-ચક્ર રત્નનું ઉત્પન્ન થવું-છ ખંડનો દિગ્વિજય-છઠ્ઠા ચક્રી તરીકે અભિષેક-લોકાંતિક દેવોનું આવવું-પ્રભુએ લીધેલ દીક્ષા-પ્રથમ પારણું કેવળ-જ્ઞાનની નિષ્પત્તિ-સમવસરણ-ઇંદ્રાગમન-ઇંદ્રે **કરેલી પ્રભુની સ્તુતિ-પ્રભુની દેશના**-મન શુદ્ધિની આવશ્યકતાનો **ઉપદેશ**-ગણધર સ્થાપના-યક્ષ યક્ષણી-પ્રભુનો પરિવાર-સમેતશિખર પધારવું-પ્રભુનું નિર્વાણ-આયુષ્યનું પ્રમાણ- પૃષ્ઠ ૨૬૪ થી ૨૬૯

સર્ગ બીજામાં-શ્રીઅરનાથ ચરિત્ર-તેમનો પૂર્વભવ-ધનપતિ રાજાએ લીધેલ દીક્ષા-વીશ સ્થાનકનું આરાધન-તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન-નવમા ગ્રૈવેયકે ઉપજવું-હસ્તીનાપુરમાં સુદર્શન રાજા ને મહાદેવીનું વર્ણન-નવમા ગ્રૈવેયકથી ચ્યવવું-મહા દેવીની કુક્ષીમાં ઉપજવું-ચૌદ સ્વપ્ન-પ્રભુનો જન્મ-દેવકૃત જન્મોચ્છવ-ઇંદ્રે **કરેલ સ્તુતિ-અરનાથ** નામ સ્થાપન-યૌવનાવસ્થા-વિવાહ-રાજ્ય સ્થાપન-સાતમા ચક્રવર્તીપણું-લોકાંતિક દેવનું આવવું-પ્રભુએ લીધેલ દીક્ષા-પ્રથમ પારણું-પ્રભુને કેવળ જ્ઞાન-ઇંદ્રાદિકનું આવવું-ઇંદ્રે **કરેલી પ્રભુસ્તુતિ-પ્રભુના દેશના**-રાગદ્વેષનો જય કરવાનો ઉપદેશ-ગણધર સ્થાપના-યક્ષયક્ષણી-

પ્રભુનું પદ્મિની ખંડ નગરે પધારવું-કુંભ ગણધરની દેશના-એક વામનનું ત્યાં આવવું-સાગરદત્ત શેઠે કહેલ વૃત્તાંત-તેમાં પોતાની પુત્રી **પ્રિયદર્શના**નો વીરભદ્ર સાથે વિવાહ-વીરભદ્રનું એકાકી પરદેશગમન-વામનથી તેના કેટલાક મળેલા ખબર-સ્ફુટ જાણવા માટે પ્રશ્ન-કુંભગણધરે **કહેલ વીરભદ્રનું** વૃત્તાંત-વીરભદ્રે કરેલ રૂપનું પરાવર્તન-તેનું સિંહલદ્વીપ જવું-શંખ શેઠને ત્યાં પુત્ર તરીકે રહેવું-તેની પુત્રી વિનયવતી સાથે રાજપુત્રી **અનંગ સુંદરી** પાસે જવું-વીરભદ્રની કળા જોઈને તેનું વશ થવું-વીરભદ્રે પોતાનું રૂપ પ્રગટ કરવું-અનંગ સુંદરીને થયેલ પ્રીતિ-તેણે પોતાની માતાને જણાવેલો વિચાર-અનુક્રમે તેની સાથે થયેલો વીરભદ્રનો વિવાહ-ત્યાંથી સ્વદેશ જવા નીકળવું-સમુદ્ર માર્ગે પ્રયાણ-વહાણનું ભાગવું-અનંગ સુંદરીનું કોનારે નીકળવું-તાપસોનો પ્રસંગ-તાપસોએ પદ્મિનીખંડ નગરે મુકી જવું-ત્યાં સુવ્રતા સાધ્વીનો મેળાપ-તેના ઉપાશ્રયમાં રહેવું-પ્રિય દર્શનાનો મેળાપ-બંનેને થયેલ સ્નેહ-વીરભદ્રને રતિવલ્લભ વિદ્યાધરે સમુદ્રમાંથી કાઢવો-તેણે કહેલ બંને સ્ત્રીઓની હકીકત-વીરભદ્રે કરેલ ગૌરવર્ણ-**બુદ્ધદાસ** નામ-રાખવું રતિવલ્લભની પુત્રી **રત્નપ્રભા** સાથે પાણિગ્રહણ-તેની સાથે કરેલો આનંદ-અન્યદા પદ્મિની ખંડ નગરે બંનેનું આવવું-સુવ્રતા સાધ્વીના ઉપાશ્રય પાસે રત્નપ્રભાને મુકીને વીરભદ્રનું પ્રચ્છન્ન રહેવું-રત્નપ્રભાનું ગભરાવું-સાધ્વીએ કરેલ આશ્વાસન-ઉપાશ્રયમાં રહેવું-વીરભદ્રનું વામનરૂપ કરીને શેહેરમાં ફરવું-રત્નપ્રભાનો અનંગસુંદરી ને પ્રિયદર્શના સાથે મેળાપ-પરસ્પર વાતચિત-પરસ્પર સ્નેહ-કોઈ પણ પુરુષ સાથે ન બોલવાની પ્રતિજ્ઞામાં ત્રણેનું સ્થિત થવું-રાજા પાસે થયેલી તે વાત-વીરભદ્રે તેમને બોલાવવાનું સ્વીકારવું-વામન વેષે ઉપાશ્રયમાં આવવું-તેણે કહેવા માંડેલો પોતાનો વૃત્તાંત-પહેલાં પ્રિયદર્શનાનું પછી અનંગ સુંદરીનું ને પછી રત્નપ્રભાનું બોલવું-તે જ વીરભદ્ર આ વામન છે એમ કુંભગણધરે પ્રગટ કરવું-વામનનું ઉપાશ્રયે આવવું-પોતાના રૂપનું પ્રગટ કરવું-પરસ્પર મેળાપ-અતિશય આનંદ-સુવ્રતાગણિનીએ બતાવેલો સુપાત્રદાનનો પ્રભાવ-વિશેષ પુછવા માટે અરનાથ પ્રભુ પાસે આવવું-સુવ્રતા ગણિનીએ કહેલ પ્રશ્ન-પ્રભુએ કહેલ વીરભદ્રનો પૂર્વભવ-તેમાં તેના જીવે અરનાથ પ્રભુના જીવને પૂર્વભવે આપેલ દાન-તેના પ્રભાવથી થયેલ સુખ પ્રાપ્તિ-અનુક્રમે વીરભદ્રનું સ્વર્ગ ગમન-

પ્રભુનો પરિવાર–સમેતશિખર પધારવું–પ્રભુનું નિર્વાણ–આયુષ્યનું પ્રમાણ– પૃષ્ઠ ૨૭૦ થી ૨૮૫

ત્રીજા સર્ગમાં –છઠ્ઠા વાસુદેવ, બળદેવ ને પ્રતિવાસુદેવના ચરિત્ર–બળદેવનો પૂર્વભવ–સુદર્શન રાજાનું દીક્ષા લઈને આઠમા દેવલોકમાં ઉપજવું–વાસુદેવનો પૂર્વભવ–પ્રિયમિત્ર રાજાની રાણીનું સુકેતુ રાજાએ હરણ કરવું–પ્રિયમિત્રે લીધેલ દીક્ષા–સુકેતુને મારનાર થવાનું કરેલું નિયાણું–ત્રીજા દેવલોકમાં ઉપજવું–સુકેતુના જીવનું ભવ ભ્રમણ કરીને વૈતાઢ્ય ઉપર **બલિ** નામે પ્રતિવાસુદેવ થવું–ચક્રપુર નગરમાં મહાશિર રાજાને વૈજયંતી ને લક્ષ્મીવતી નામે બે રાણીઓ– સુદર્શનના જીવનું વૈજયંતીની કુક્ષીમાં ઉપજવું– પુત્ર જન્મ–**આનંદ** નામ સ્થાપન–પ્રિય મિત્રના જીવનું લક્ષ્મીવતીની કુક્ષીમાં ઉપજવું–**પુરુષ-પુંડરિક** નામ સ્થાપન–બંનેનો અત્યંત સ્નેહ–યૌવનાવસ્થા–પુરુષપુંડરિકનું પદ્માવતી સાથે પાણિગ્રહણ–તેના રૂપનું વર્ણન સાંભળી બળિ રાજાનું તેને હરણ કરવા આવવું–પરસ્પર યુદ્ધ–બળિરાજાએ ફેંકેલ ચક્ર–તેનું નિષ્ફળ જવું–તે જ ચક્રથી પુરુષ પુંડરિકે કરેલ બળિરાજાનો શિરચ્છેદ–પુરુષ પુંડરિકને આનંદનું છઠ્ઠા વાસુદેવને બળદેવ તરીકે પ્રસિદ્ધ થવું–કોટી શીલાનું ઉપાડવું–વાસુદેવનું છઠ્ઠી નરકે જવું–બળદેવનું મોક્ષે જવું–

પૃષ્ઠ ૨૮૬ થી ૨૮૭

ચોથા સર્ગમાં–સુભૂમ ચક્રવર્તીનું ચરિત્ર–તેનો પૂર્વભવ–ભૂપાળ રાજાએ લીધેલી દીક્ષા–નિયાણું બાંધીને સાતમા દેવલોકમાં ઉપજવું–હસ્તિનાપુરમાં અનંતવીર્ય રાજા–જમદગ્નિ તાપસની ઉત્પત્તિ–બે દેવતાનું ધર્મ પરીક્ષા માટે આવવું–તેમણે કરેલી પદ્મરથ રાજર્ષિની પરીક્ષા–તેનું પાર ઉતરવું–દેવોનું યમદગ્નિ તાપસ પાસે આવવું–ચકલાચકલીરૂપે તેની દાઢીમાં રહેવું–તેના સંવાદથી યમદગ્નિને થયેલ ક્રોધ–તેના વચનથી સ્ત્રી પરણવાનો તેણે કરેલો નિર્ણય–તેનું જિતશત્રુ રાજા પાસે કન્યા યાચવા આવવું–દેવોનું સ્વર્ગ ગમન–જૈન ધર્મ ઉપર દૃઢ વિશ્વાસ–જિતશત્રુ રાજાની ૯૯ પુત્રીએ કરેલો યમદગ્નિનો અસ્વીકાર–તેને કુબડીઓ બનાવી દેવી–રેણુકાએ કરેલ સ્વીકાર–તેનો સાથે યમદગ્નિનો વિવાહ–૯૯ રાજપુત્રીને સજ્જ કરવી–રેણુકાનું યૌવન વયમાં આવવું–તેને માટે ને તેની બેન માટે એકેક ચરુનું સાધવું–રેણુકાએ ખાધેલ ક્ષત્રિય ચરુ ને તેનો બેનને આપેલ બ્રહ્મચરુ–બંનેને થયેલ પુત્ર–રેણુકાને **રામ** ને તેનો બેનને **કૃતવીર્ય**–રામે એક વિદ્યાધરની કરેલી સેવા–તેણે આપેલ પરશુ વિદ્યા–તેનું સાધવું–**પરશુરામ** નામથી પ્રગટ થવું–રેણુકાનું અનંતવીર્યને ત્યાં જવું–તેની સાથે લુબ્ધ થવું–તેમાંથી થયેલ પુત્રોત્પત્તિ–યમદગ્નિનું પુત્ર સહીત તેને લઈ આવવું–પરશુરામને તેથી ચડેલો ક્રોધ–તેણે પુત્ર સહીત રેણુકાનો કરેલ વિનાશ–તે વાત સાંભળી અનંતવીર્યનું ત્યાં આવવું–યમદગ્નિના આશ્રમાદિનો નાશ પમાડવો–તાપસોના આક્રંદથી પરશુરામનું ત્યાં આવવું–તેણે કરેલો અનંતવીર્યનો વિનાશ–અનંતવીર્યના રાજ્યે કૃતવીર્યનું બેસવું–તેની સ્ત્રી તારાના ઉદરમાં ભૂપાળ રાજાના જીવનું ઉપજવું–કૃતવીર્યે યમદગ્નિનો કરેલ વિનાશ–પરશુરામે કરેલો કૃતવીર્યનો વિનાશ–તેના રાજ્યે તેનું બેસવું–કૃતવીર્યની સ્ત્રીનું તાપસોને શરણ જવું–ત્યાં ભૂમિગૃહમાં રહેવું–ચૌદ સ્વપ્ન સૂચિત પુત્રનો જન્મ–**સુભૂમ** નામ સ્થાપન–પરશુરામને ક્ષત્રિય જાતિપર ચડેલો કોપ–તેણે કરેલી સાતવાર નક્ષત્રો ભૂમિ–તેની દાઢોનો ભરેલો થાળ–એક નિમિત્તિયાને પોતાના મૃત્યુ સંબંધી પરશુરામે કરેલ પ્રશ્ન–તેણે બતાવેલ નિશાની– પરશુરામે મંડાવેલી દાનશાળા–

સુભૂમનું ભોંયરામાં વૃદ્ધિ પામવું–મેઘનાદ વિદ્યાધરની પુત્રી સાથે તેનું પાણિગ્રહણ–સુભૂમે માતાને કરેલ પ્રશ્ન–તેણે આપેલ ઉત્તર–સુભૂમનું બહાર નીકળવું–હસ્તીનાપુર જવું–દાનશાળામાં પ્રવેશ–દાઢોનું ક્ષીર થઈ જવું–સુભૂમે કરેલો તેનો આહાર–પરશુરામ સાથે યુદ્ધ–પરશુરામનું મરણ–તેણે કરેલી ૨૧ વાર નિબ્રાહ્મણી પૃથ્વી–સુભૂમે કરેલો દિગ્વિજય–તેવું ચક્રવર્તીપણું–તેણે કરેલ અઘોર પાપ–મરણ પામીને સાતમી નરકે જવું–

પૃષ્ઠ ૨૮૮ થી ૨૯૨

પાંચમા સર્ગમાં–સાતમા વાસુદેવ બળદેવ ને પ્રતિવાસુદેવનું ચરિત્ર–બળદેવનો પૂર્વભવ–વસુંધર રાજાએ લીધેલી દીક્ષા–પાંચમાં દેવલોકમાં ઉપજવું–વાસુદેવનો પૂર્વભવ–લલિતમિત્રનું બળ મંત્રીએ

કરેલ અપમાન–લલિતમિત્રે લીધેલી દીક્ષા–બળ મંત્રીને મારનાર થવાનું કરેલું નિયાણું--પહેલા દેવલોકમાં દેવ થવું-બળ મંત્રીનું ભવ ભ્રમણ કરીને વૈતાઢય પર્વત ઉપર **પ્રલ્હાદ** નામે પ્રતિવાસુદેવ થવું–

વારાણસી નગરીમાં **અગ્નિસિંહ** રાજાને જયંતી ને શેષવતી રાણી–જયંતીની કુક્ષીમાં વસુંધરના જીવનું ઉપજવું–પુત્ર જન્મ–**નંદન** નામ સ્થાપન–શેષવતીના ઉદરમાં લલિતમિત્રના જીવનું ઉપજવું–પુત્ર જન્મ–**દત્ત** નામ સ્થાપન–બંનેની મૈત્રી–તેમની પાસેથી પ્રલ્હાદે કરેલી **ઐરાવણ** હસ્તીની માગણી–તેણે કરેલા તીરસ્કાર-પરસ્પર યુદ્ધ–પ્રલ્હાદે મુકેલું ચક્ર–તેનું નિષ્ફળ જવું–તેજ ચક્ર દત્તે પ્રલ્હાદપર મુકવું–તેથી થયેલ તેનો શિરચ્છેદ--નંદન ને દત્તનું સાતમા વાસુદેવ બળદેવ તરીકે પ્રસિદ્ધ થવું--કોટી શિલાનું ઉપાડવું–દત્તનું મરણ–પાંચમી નરકે જવું–નંદન બળદેવે લીધેલી દીક્ષા–તેમનું મોક્ષ ગમન– પૃષ્ઠ ૨૯૩ થી ૨૯૪

સર્ગ છટ્ઠામાં–શ્રી મલ્લીનાથ ચરિત્ર–તેમનો પૂર્વભવ–વીતશોકા નગરીમાં બળ રાજા ને ધારણી રાણીનો મહાબળ નામે પુત્ર–તેને છ મિત્રો–બળ રાજાએ લીધેલ દીક્ષા–તેમનું મોક્ષ ગમન–મહાબળને થયેલ બળભદ્ર નામે પુત્ર–મહાબળને દીક્ષા લેવાનો થયેલ વિચાર–છ મિત્રની સંમતિ–સાતે મિત્રોએ લીધેલ દીક્ષા–સમાન તપસ્યા કરવાનો કરેલ સંકેત–મહાબળ મુનિએ કપટવડે કરેલ વિશેષ તપ–તેથી બાંધેલ સ્ત્રીવેદ–**વીશ સ્થાનકના** આરાધનથી બાંધેલ તીર્થંકર નામ કર્મ–સાતે મિત્રોનું વૈજયંત વિમાનમાં ઉપજવું-**મિથિલા નગરીમાં** કુંભ રાજા ને પ્રભાવતી રાણીનું વર્ણન–મહાબળના જીવનું ચ્યવવું–પ્રભાવતીની કુક્ષીમાં **ઉપજવું**–**ચૌદ** સ્વપ્ન સૂચિત પુત્રીનો જન્મ–દેવકૃત જન્મોચ્છવ–**ઇંદ્રે કરેલ સ્તુતિ–મલ્લીકુમારી** નામ સ્થાપન–

અચળ મિત્રના જીવનું ચ્યવવું–સાકેતપુરમાં **પ્રતિબુદ્ધિ** રાજા થવું–તેની રાણી સાથે નાગ મંદિરમાં તેનું આવવું–પુષ્પ મુદ્દગર સંબંધી મંત્રીને કરેલ પ્રશ્ન–તેણે મલ્લીકુમારીના પુષ્પ મુદ્દગરની કરેલી પ્રશંસા--તેને ઉપજેલો રાગ--તેણે મોકલેલો કુંભરાજા પાસે દૂત--

ધરણ મિત્રના જીવનું ચ્યવવું--ચંપાપુરીમાં **ચંદ્રછાય** રાજા થવું--ચંપાનિવાસી **અર્હન્નય** શ્રાવકનો જળ પ્રવાસ--તેની ધર્મ દૃઢતા સંબંધી ઈંદ્રે કરેલી પ્રશંસા--એક દેવતાનું પરીક્ષા કરવા આવવું--તેમાં પાર ઉતરવું--દેવતાએ આપેલ કુંડળની બે જોડ–એક જોડ મિથિલામાં કુંભ રાજાને ભેટ ધરવી--બીજી જોડ ચંપાએ આવીને ચંદ્રછાય રાજાને ભેટ ધરવી--રાજાએ પુછેલ તેની હકીકત--પ્રસંગે તેણે કરેલું મલ્લીકુમારીના રૂપનું વર્ણન--તેથી તેને થયેલો અનુરાગ–તેણે કુંભરાજા પાસે મોકલેલ દૂત--

પૂરણ મિત્રના જીવનું શ્રાવસ્તીમાં **રૂક્મી** રાજા થવું-તેણે પોતાની પુત્રીનો કરેલ સ્નાનવિધિ--તે સંબંધી રાજાએ કરેલ સેવકને પ્રશ્ન–તેણે કરેલી મલ્લીકુમારીના સ્નાનવિધિની તેમજ તેના રૂપની પ્રશંસા--તેથી તેને ઉપજેલો અનુરાગ--તેણે કુંભરાજા પાસે મોકલેલ દૂત–

વસુમિત્રના જીવનું વારાણસીપુરીમાં **શંખ** રાજા થવું--અહીં મલ્લીકુમારીના કુંડળનું ભાંગવું--તે સાંધી દેવાનો કુંભ રાજાએ કરેલ સોનીઓને હુકમ--સોનીઓએ બતાવેલ પોતાનું અશક્તપણું--કુંભ રાજાએ કરેલ દેશનીકાલ--તેમનું વારાણસી આવવું--શંખ રાજા પાસે તેઓએ કરેલું મલ્લીકુમારીના રૂપનું વર્ણન--તે ઉપરથી શંખ રાજાને થયેલ અનુરાગ--તેણે મોકલેલ કુંભરાજા પાસે દૂત–

અભિચંદ્ર મિત્રનું કાંપિલ્યપુરમાં **જિતશત્રુ** રાજા થવું--ચોક્ષા પરિવ્રાજિકાનું મલ્લીકુમારી પાસે આવવું–તેના મતનો મલ્લીકુમારીએ કરેલો નિરાસ--દાસીઓએ કરેલ અપમાન -તેને થયેલ કોપ--તેનું જિતશત્રુ રાજા પાસે આવવું--તેણે પોતાની રાણીઓના રૂપ સંબંધી કરેલ પ્રશ્ન--ચોક્ષાએ મલ્લીકુમારીના રૂપની કરેલી પ્રશંસા--તે સાંભળી જિતશત્રુને થયેલો અનુરાગ–તેણે કુંભરાજા પાસે મોકલેલ દૂત–

વૈશ્રવણ મિત્રના જીવનું હસ્તીનાપુરમાં **અદીનશત્રુ** રાજા થવું–મલ્લીકુમારીના ભાઇ મલ્લકુમારે ચિત્રાવેલી ચિત્રશાળા–એક ચિત્રકારે ચીતરેલું મલ્લીકુમારીનું આબેહુબ ચિત્ર–મલ્લકુમારનું ત્યાં ક્રીડા માટે આવવું–મલ્લીકુમારીને દેખીને શરમાવું–ધાત્રીએ કરેલો ખુલાસો–ચિતારાપર ચડેલો ક્રોધ–તેના **અંગુઠાનું**

છેદ્વું–ચિતારાનું હસ્તીનાપુર આવવું–અદીનશત્રુ રાજા પાસે તેણે કરેલું મલ્લીકુમારીના રૂપનું વર્ણન–તે સાંભળી તે રાજાને થયેલ અનુરાગ–તેણે મોકલેલ કુંભ રાજા પાસે દૂત–

મલ્લીકુમારીએ છએ રાજાઓને પ્રતિબોધ પમાડવા માટે કરેલી ગોઠવણ–સુવર્ણમય પોતાની મૂર્ત્તિ–દરરોજ તેમાં એક અન્નકવળનો પ્રક્ષેપ–

છ રાજાના દૂતોનું કુંભ રાજા પાસે આવવું–દરેકે જુદી જુદી રીતે કરેલી મલ્લીકુમારીની માગણી–કુંભરાજાએ છએ દૂતોનો કરેલો તિરસ્કાર–દૂતોનું પાછા જવું–છએ રાજાએ એકઠા મળીને લડાઈ માટે આવવું–તેણે નાખેલો મિથિલા ફરતો ઘેરો–કુંભ રાજાને થયેલ ચિંતા–મલ્લીકુમારીએ કરેલ તેનું નિવારણ –છએ રાજાને પોતાની મૂર્ત્તિવાળા સ્થાનમાં તેડાવવું–તેઓનું આવવું–મલ્લીકુમારીની મૂર્ત્તિ જોઈને અનુરાગી થવું–મલ્લીકુમારીએ માથાપરનું ઉઘાડેલું ઢાંકણું–તેમાંથી ઉછળેલો દુર્ગંધ–છએ રાજાનું પરાઙ્મુખ થવું–તે વખતે **મલ્લીકુમારીએ આપેલ બોધ**–છએ રાજાને થયેલ જાતિ સ્મરણ–તેમણે માનેલો મલ્લીકુમારીનો ઉપકાર–અવસરે દીક્ષા લેવાનું સ્વીકારી તેમનું સ્વસ્થાને જવું–

લોકાંતિક દેવોનું આગમન–મલ્લીકુમારીએ આપેલ સંવત્સરીદાન–તેમણે લીધેલ દીક્ષા–તે જ દિવસે થયેલ કેવળજ્ઞાન–દેવે રચેલ સમવસરણ–કુંભ રાજાના છએ મિત્ર રાજાનું આવવું–**ઈંદ્ર તથા કુંભ રાજાએ કરેલી સ્તુતિ–પ્રભુએ આપેલી દેશના**–સમતાની આવશ્યકતાનો ઉપદેશ–છ રાજાઓએ લીધેલ દીક્ષા–ગણધર સ્થાપના–પ્રથમ પારણું–યક્ષયક્ષણી–પ્રભુનો પરિવાર–સમેતશિખર પધારવું–પ્રભુનું નિર્વાણ–આયુષ્યનું પ્રમાણ– પૃષ્ઠ ૨૯૫ થી ૩૦૫

સાતમા સર્ગમાં–શ્રીમુનિસુવ્રત સ્વામીનું ચરિત્ર–તેમનો પૂર્વભવ–સુરશ્રેષ્ઠ રાજાએ લીધેલ દીક્ષા–વીશસ્થાનકનું આરાધન–તીર્થંકર નામ કર્મનો બંધ–દશમા દેવલોકમાં ઉપજવું–

હરિવંશની ઉત્પત્તિ–કૌશાંબી નગરીમાં સુમુખ રાજા વીરકુવિંદની સ્ત્રી વનમાળાને જોઈને તેને ઉપજેલો મોહ–તેને મેળવવા માટે સુમતિ મંત્રી મારફત કરેલો પ્રયત્ન–તેણે મોકલેલી પરિવ્રાજિકા–વનમાળાને પણ થયેલ અનુરાગ–પરિવ્રાજિકાએ કરી આપેલો બંનેનો મેળાપ–તેની સાથે સુમુખ રાજાએ કરેલ ક્રીડા–વીરકુવિંદનું ગાંડા થઈ જવું–તેને તેવી સ્થિતિમાં જોઈને સુમુખ રાજાને થયેલો ખેદ–તે અવસરે તેની ને વનમાળાની ઉપર થયેલ વિદ્યુત્પાત–બંનેનું મરણ–તેનું હરિવર્ષ ક્ષેત્રમાં યુગળિક થવું–હરિને હરિણી નામસ્થાપન–વીરકુવિંદે કરેલ બાળ તપ–તેનું સૌધર્મ દેવલોકમાં કિલ્વિષિક દેવ થવું–તેનું અવધિજ્ઞાનવડે યુગળિકને દેખવું–તેને ઉપજેલો કોપ–મારી નાખવાનો થયેલ વિચાર–વિચારનું ફરવું–ચંપા નગરીમાં તે બંનેને મૂકવું–ત્યાંના રાજા રાણી થવું–અનેક પ્રકારનાં પાપો કરીને તેમનું દુર્ગતિ જવું–તેના નામ ઉપરથી શીતળનાથજીના તીર્થમાં થયેલી હરિવંશની ઉત્પત્તિ–તેના વંશમાં થયેલા અનેક રાજાઓ–

રાજગૃહ નગરમાં હરિવંશમાં થયેલ સુમિત્ર નામે રાજા–તેની પદ્માવતી રાણીના ઉદરમાં દશમા દેવલોકથી ચવીને સુરશ્રેષ્ઠ રાજાના જીવનું ઉપજવું–તેણે દીઠેલાં ચૌદ સ્વપ્ન–પુત્રનો જન્મ–ઈંદ્રનું મેરૂપર લઈ જવું–ત્યાં કરેલો જન્માભિષેક–**ઈન્દ્રે કરેલ સ્તુતિ–મુનિસુવ્રત** નામ સ્થાપન–યૌવનાવસ્થા–પાણિગ્રહણ–પ્રભાવતી રાણીથી થયેલ સુવ્રત નામે પુત્ર–લોકાંતિક દેવોનું આવવું–પ્રભુએ લીધેલ દીક્ષા–પ્રથમ પારણું–કેવળજ્ઞાનની નિષ્પત્તિ–સમવસરણ–**ઈન્દ્રે કરેલી સ્તુતિ–પ્રભુએ આપેલી દેશના**–યતિ ધર્મ તથા ગૃહસ્થ ધર્મનું વર્ણન–ગૃહસ્થનો સામાન્ય ધર્મ–ગણધર સ્થાપના–યક્ષયક્ષણી–

પ્રભુનું ભૃગુકચ્છ નગરે પધારવું–જિતશત્રુ રાજાનું અશ્વ સહીત વાંદવા આવવું–ગણધરે કોણ ધર્મ પામ્યું ? એવો કરેલો પ્રશ્ન–ભગવંતનું અશ્વ જ ધર્મ પામ્યો છે એમ કહેવું–રાજાએ અશ્વ સંબંધી પુછેલ પ્રશ્ન–ભગવંતે કહેલ તેનો પૂર્વભવ–તેમાં બતાવેલું સાગરદત્તે કરાવેલા શિવાલયના પુજારીઓનું દુષ્ટ આચરણ–સાગરદત્તના જીવનું અશ્વ થવું–જિતશત્રુએ અશ્વને કરેલ સ્વતંત્ર–**અશ્વાવબોધ** તીર્થનું પ્રગટ થવું–અશ્વનું સદ્ગતિએ જવું–

કાર્ત્તિક શેઠની કથા—રાજાની આજ્ઞાથી કરાવવું પડેલું પરિવ્રાજકને પારણું–તેણે લીધેલી મુનિ-સુવ્રત સ્વામી પાસે દીક્ષા–તેનું સૌધર્મેન્દ્ર થવું–પરિવ્રાજકનું ઐરાવણથવું–ઐરાવણને વશ કરવું.

પ્રભુનો પરિવાર–સમેત શિખર પધારવું–પ્રભુનું નિર્વાણ–આયુનું પ્રમાણ– પૃષ્ઠ ૩૦૬ થી ૩૧૬

આઠમા સર્ગમાં–મહાપદ્મ ચક્રવર્તીનું ચરિત્ર–તેનો પૂર્વભવ–પ્રજાપાળ રાજાએ લીધેલી દીક્ષા-બારમા દેવલોકના ઈંદ્ર થવું–ત્યાંથી ચ્યવવું–હસ્તીનાપુરમાં પદ્મોત્તર રાજાની જ્વાળા રાણીની કુક્ષીમાં ઉપજવું–પુત્રનો જન્મ–વિષ્ણુકુમારના નાના ભાઈ થવું–**મહાપદ્મ**–નામસ્થાપન–

ઉજ્જયિનીમાં શ્રીવર્મ રાજાને **નમુચિ** નામે પ્રધાન–સુવ્રતાચાર્યનું ત્યાં પધારવું–મંત્રી સહીત રાજાનું તેમની પાસે જવું–નમુચિએ કરવા માંડેલો વાદ–એક ક્ષુલ્લક મુનિએ તેને કરેલો નિરૂત્તર–નમુચિને ચડેલો ક્રોધ–રાત્રે મુનિને મારવા જવું–દેવે કરેલી સ્થંભના–લોકોમાં થયેલું અતિ અપમાન–તેનું પરદેશગમન–હસ્તીનાપુર આવવું–મહાપદ્મના પ્રધાન તરીકે રહેવું–સિંહબળ રાજાને પકડવા માટે તેને મોકલવો–સિંહબળને બાંધીને લાવવું–મહાપદ્મની થયેલી પ્રસન્નતા–તેણે આપેલો વર–નમુચિએ રાખેલી વરની થાપણ–

જૈનરથને બ્રહ્મરથ ચલાવવાની જ્વાળા રાણીને તેની શોક વચ્ચે થયેલ સ્પર્ધા–પદ્મોત્તર રાજાએ કરેલ બન્નેનો અટકાવ–મહાપદ્મને લાગેલું અપમાન–તેનું પરદેશગમન–તાપસના આશ્રમમાં નિવાસ–ચંપાના રાજાની રાણીનું મદનાવળી પુત્રી સાથે ત્યાં આવવું–મદનાવળી ને મહાપદ્મને થયેલ પરસ્પર અનુરાગ–મદનાવળીની માતાએ કરેલ અટકાવ–મહાપદ્મનું ત્યાંથી નીકળી જવું–સિંધુસદનપુરે પહોચવું–ત્યાંના રાજાના હાથીનું બંધન ત્રોડીને ભાગવું–મહાપદ્મે કરેલું તેનું નિવારણ–ગજને વશ કરવો–મહાસેન રાજાની પુત્રીઓ સાથે થયેલો વિવાહ–વેગવતી વિદ્યાધરીનું ત્યાં આવવું–તેણે કહેલો પોતાનો વૃત્તાંત–તેની સાથે મહાપદ્મ કુમારનું સુરો-દયપુરે જવું–જયચંદ્રા સાથે પાણિગ્રહણ–બે વિદ્યાધરો સાથે યુદ્ધ–તેમનો પરાજય–ચક્રાદિ રત્નોની ઉત્પત્તિ–મહાપદ્મ કરેલું ષટ્‌ખંડનું સાધન–વળતાં તાપસોના આશ્રમમાં આવવું–ત્યાં મદનાવળી સાથે પરણવું–હસ્તીનાપુર પહોચવું–માતા પિતાને થયેલ આનંદ–

સુવ્રતાચાર્યનું હસ્તીનાપુર પધારવું–પદ્મોત્તર રાજાનું વાંદવા આવવું–તેને થયેલ વૈરાગ્ય–વિષ્ણુકુમારને રાજ્ય લેવા કહેવું–તેણે પણ દીક્ષા લેવાનો બતાવેલો વિચાર–મહાપદ્મકુમારને ચક્રવર્તીપણાના અભિષેક સાથે પોતાના રાજ્યનો પણ અભિષેક–તેણે કરેલો દીક્ષા મહોચ્છવ–પદ્મોત્તર રાજા ને વિષ્ણુકુમારે લીધેલ દીક્ષા--મહાપદ્મે જૈનરથ ફેરવવાનો કરેલ મહોચ્છવ–પદ્મોત્તર રાજાનું મોક્ષગમન–વિષ્ણુકુમારને પ્રાપ્ત થયેલ અનેક લબ્ધિઓ–

સુવ્રતાચાર્યનું ચતુર્માસ કરવા હસ્તિનાપુર આવવું–નમુચિએ વૈર વાળવાનો કરેલો વિચાર–મહાપદ્મ પાસે કરેલ વરની માગણી–અમુક દિવસ માટે તેને સોંપેલું રાજ્ય–સુવ્રતાચાર્ય પાસે જઈને તેણે કરેલ આક્ષેપ–સાત દિવસની અંદર ભરતક્ષેત્ર મુકીને જતા રહેવાનો કરેલ હુકમ–વિષ્ણુકુમારને લાવવાની જણાયેલી જરૂરીઆત–ગુરૂની આજ્ઞાથી એક મુનિનું મેરૂ પર્વત ઉપર તેમની પાસે જવું–વિષ્ણુકુમારનું તેની સાથે આવવું–નમુચિ પાસે જવું–તેને ઘણી રીતે સમજાવવો–પોતાને રહેવા માટે કરેલ ત્રણ પગલાં જમીનની માગણી–નમુચિએ કરેલ તેથી વધારે જમીનનો નિષેધ–વિષ્ણુકુમારને ચડેલ ક્રોધ–તેણે વૈક્રિય શરીર કરવું–તેથી થયેલો અત્યંત્ય ક્ષોભ–નમુચિને ભૂમિપર પછાડવો–મહાપદ્મ ચક્રીનું તેમની પાસે આવવું–મહા પ્રયાસે તેમના કોપનું કરેલ નિવારણ– તેમણે કરેલ શરીરનો સંકોચ–નમુચિને છોડી મુકવો–વિષ્ણુકુમારનું મોક્ષગમન–મહાપદ્મચક્રીએ લીધેલ દીક્ષા–તેમના આયુનું પ્રમાણ–તેમનું મોક્ષગમન ઈત્યાદિ. પૃષ્ઠ ૩૧૭થી ૩૨૫

પર્વ છઠું સમાપ્ત.

શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત

પર્વ ત્રીજું.

प्रथमसर्गः

त्रैलोक्यप्रभवे पुण्यसंभवाय भवच्छिदे ।
श्रीसंभवजिनेन्द्राय मनोभवभिदे नमः ॥१॥

ત્રણ લોકના સ્વામી, પવિત્ર જન્મવાળા, સંસારને છેદનારા અને કામદેવને ભેદનારા એવા શ્રી સંભવનાથ જિનેંદ્રને નમસ્કાર કરીને પૃથ્વીને પવિત્ર કરનારૂં અને કર્મરૂપી લતાને છેદનારૂ એવું તેમનું (શ્રીસંભવનાથ સ્વામીનું) ચરિત્ર હું કહીશ.

ધાતકીખંડ દ્વીપના ઐરાવત ક્ષેત્રને વિષે કુશલપણાના સ્થાનરૂપ ક્ષેમપરા નામે એક પ્રખ્યાત નગરી છે, ત્યાં સ્વર્ગમાથી પૃથ્વી ઉપર જાણે ઈંદ્ર અવતર્યો હોય એવો વિશાળ બુદ્ધિવાળો વિપુલવાહન નામે રાજા છે. બાગવાન જેમ બગીચાનું પાલન કરે તેમ એ રાજા અવિશ્રાંતપણે સર્વ પ્રકારના શલ્ય (દુઃખ) નો ઉચ્છેદ કરી વિધિથી પ્રજાનું પાલન કરતો હતો. પથિકની જેમ દેશને પ્રીતિકારી એવી એ રાજાની નીતિરૂપી સરિતા નિરંતર ચોતરફ પ્રસરતી હતી. અસહ્ય શાસનને ધારણ કરનારો એ રાજા એવો નીતિવંત હતો કે જે પોતાના અપરાધને પણ બીજાના અપરાધની પેઠે જરા પણ સહન કરતો નહીં. જેમ સારી ચિકિત્સા કરનાર વૈદ્ય રોગના પ્રમાણમાં રોગીઓને ઔષધ આપે છે, તેમ એ રાજા ગુન્હેગારને તેના ગુન્હા પ્રમાણે જ દંડ આપતો હતો, અને ગુણી પુરૂષોની તેમના ગુણ પ્રમાણે પૂજા કરતો હતો. યોગ્યતા પ્રમાણે વર્તવું તે વિવેકી પુરુષોના વિવેકનું ફળ છે. એ રાજાને બીજા લોકોની જેમ મદ થવાનાં સ્થાનો પણ મદને અર્થે થયાં નહોતાં, કારણ કે વર્ષાઋતુ જેવી રીતે નદીને ગર્વ કરાવે છે તેવી રીતે સમુદ્રને કરાવી શકતી નથી. ચૈત્યની જેમ તેના હૃદયમાં હમેશાં સર્વજ્ઞ દેવ રહેતા હતા, જૈનશાસ્ત્રની પેઠે તેની વાણીમાં સર્વજ્ઞના ગુણનીજ પ્રશંસા હતી. તીર્થંકર દેવ અને સુસાધુરૂપ ગુરુનેજ તે પોતાનું મસ્તક નમાવતો હતો અને બીજા સર્વે તેને નમતા હતા. આર્ત્ત અને રૌદ્ર શિવાયના શુભ ધ્યાનવડે મનનું, સ્વાધ્યાય કરવાથી વાણીનું અને જિનેશ્વરની પૂજાથી શરીરનું તેણે પરમફળ મેળવ્યું હતું. વસ્ત્રમાં જેમ ગળીનો રંગ સ્થિર રહે છે તેમ તેનામાં બાર પ્રકારનો શ્રાવકધર્મ હમેશાં સ્થિર રહેલો હતો. મોટા મનવાળો એ રાજા બાર પ્રકારના રાજચક્રમાં જેવી રીતે જાગ્રત રહેતો તેવીજ રીતે બાર પ્રકારના શ્રાવકધર્મમાં પણ જાગ્રત રહેતો હતો. પવિત્ર આત્માવાળો તે રાજા, ધર્મરૂપ વૃક્ષના અંકુરને ઉત્પન્ન કરનાર બીજ વાવે તેમ પોતાના દ્રવ્યને યોગ્યતા પ્રમાણે સાત ક્ષેત્રમાં નિરંતર વાવ્યા કરતો હતો. દીન અને અનાથના એક શરણરૂપ અને પરમ

દયાળુ એ રાજા પાસેથી કોઈ પણ યાચક સમુદ્ર પાસેથી મેઘની જેમ ખાલી જતો નહીં. મેઘ જેમ જળને વરસે તેમ તે યાચકોની ઉપર દ્રવ્યની વૃષ્ટિ કરતો હતો, તો પણ તદ્દન અહંકાર રહિત હોવાથી મેઘની જેમ જરા પણ ગર્જના કરતો નહીં. કંટકનો[1] ઉચ્છેદ કરવામાં ફરશીરૂપ અને દાન આપવામાં કલ્પવૃક્ષ જેવો એ રાજા પૃથ્વી ઉપર રાજ્ય કરતો હતો ત્યારે કોઈ પણ નઠારી હાલતમાં નહોતું.

એ પ્રમાણે એ રાજા નીતિપૂર્વક રાજ્ય કરતો હતો તોપણ એક વખતે ઘણો ભયંકર દુકાળ પડયો. **ભવિતવ્યતાનો યોગ ઉલ્લંઘન થવો એ અશક્ય છે.** દિશાઓને અંધકાળવાળી કરનાર મેઘના અભાવથી જાણે બીજો ગ્રીષ્મઋતુ આવ્યો હોય તેવો વર્ષાઋતુ ભયંકર જણાવા લાગ્યો. સર્વ જળને શોષણ કરનારા, વૃક્ષને ઉખેડવામાં ઉન્મત્ત અને કલ્પાંત કાળના પવનની જેવા નૈરૃત્ય દિશાના પવનો વાવા લાગ્યા, આકાશમાં વાદળાંનો રંગ કાગડાના ઉદરભાગ જેવો અત્યંત શ્યામ દેખાવા લાગ્યો, સૂર્ય કાંસાની થાળી જેવો જણાવા લાગ્યો, અને નગર તથા દેશના લોકો ધાન્ય નહીં મળવાથી તાપસની જેમ વૃક્ષની છાલ, કંદમૂળ તથા ફળને ખાવા લાગ્યા. જાણે ભસ્મક[2] નામનો રોગ થયો હોય તેમ લોકોને કદાપિ પુષ્કળ ભોજન મળે તો તેથી પણ ધરાતા નહોતા. ભીખ માગવામાં લાજ પામનારા લોકો ભિક્ષા મેળવવાને માટે ઘણે ભાગે કપટતાપસનો વેષ લઈને ફરવા લાગ્યા. પિતાઓ, માતાઓ અને પુત્રો ક્ષુધા લાગવાથી જાણે દિગ્મૂઢ થયા હોય તેમ એક બીજાને ત્યજી દઈને આડા અવળા ભમવા લાગ્યા. પિતા પણ કદિ અન્ન મળી જાય તો સામું જોઈ રહેલા અને ખાવાને માટે રૂદન કરતા પોતાના પુત્રને આપતો નહીં. જેમ ચાંડાળની સ્ત્રી સૂપડા વિગેરે તુચ્છ વસ્તુઓ વેચે તેમ શેરીઓમાં ભમતી માતાઓ એક ચણાની પસલીને માટે પોતાના બાળકને વેચવા લાગી. પ્રાતઃકાળે ધનવાનની હવેલીઓના આંગણામાં વેરાયેલા દાણાને ગરીબ રાંકાઓ ઘરના પારેવાની જેમ વીણવા લાગ્યા. દુર્જનો કંદોઈની દુકાનો પર વારંવાર શ્વાનની પેઠે લાગ મેળવી ખાવાના પદાર્થો પર ઝોંટ મારવા લાગ્યા. કેટલાએક લોકો આખો દિવસ ભમી ભમી છેવટે સાયંકાળે માંડમાંડ ગ્રાસ[3] જેટલું ખાવાનું મળે તો એ દિવસને સારો માનવા લાગ્યા. આમતેમ ખોપરીઓની જેમ અથડાતા અતિ બીહામણા રાંકાઓથી નગરના રાજમાર્ગો સ્મશાનથી પણ વધારે ખરાબ જણાવા લાગ્યા, અને ઠેકાણે ઠેકાણે ભમતા રાંકાઓના મોટા કોલાહલોથી સત્પુરૂષોના કાન જાણે સોયે વીંધાતા હોય તેમ પીડાવા લાગ્યા.

આવા કલ્પાંત કાળની જેવા દુકાળમાં ચતુર્વિધ સંઘનો ક્ષય થતો જોઈ મોટા મનવાળો મહારાજા વિચાર કરવા લાગ્યો કે "આ સઘળી પૃથ્વીનું મારે આ વખતે રક્ષણ કરવું જોઈએ પણ શું કરૂં! આ પાપી કાળ મારા અસ્ત્રના વિષયમાં લાવી શકાતો નથી, તથાપિ આ સર્વ સંઘની તો મારે અવશ્ય રક્ષા કરવી જોઈએ; કારણ કે **મોટા પુરૂષો સત્પાત્રના ઉપકારમાં પ્રથમ આરંભ કરે છે.**"

એવી રીતે વિચારી રાજાએ પોતાના રસોઈઆને આજ્ઞા કરી કે "હે પાચકો! આજથી સંઘના જમ્યા પછી અવશેષ રહેલું અન્ન હું જમીશ, માટે મારે વાસ્તે રાંધેલું અન્નમુનિઓને વહોરાવવું અને બીજા રાંધેલા અન્નથી શ્રાવકોને જમાડવા." રાજાની

---

૧ દુષ્ટાચરણવાળી પ્રજારૂપ કંટક. ૨ ઘણું ખાતા છતાં પણ તૃપ્તિ ન થાય એવો વ્યાધિ-વિશેષ. ૩ કોળીઓ.

એવી આજ્ઞાનો સ્વીકાર કરી રસોઇઆ તે પ્રમાણે નિત્ય કરવા લાગ્યા, અને રાજા પોતે તે જોવા લાગ્યો. નાસિકાથી સુંઘવું પાન કરી શકાય તેવી કમળના જેવી ઉત્તમ શાળી, અડદના દાણાથી પણ મોટા રસ ભરેલા મગ, મેઘના જળની પેઠે પુષ્કળ, ઘાટા અને જાણે અમૃતના મિત્ર હોય તેવા જાતજાતના શાકો વિગેરે, ખાંડ ભેળવીને બનાવેલા માંડા, પ્રમોદ કરનારા મોદક, સ્વાદિષ્ટ ખાજાં, ખાંડની મીઠાઈ, કોમળ મમરા, અતિ સુંવાળાં વડાં, મનોહર કઢી, ઘાટા દહીં, મશાલા નાખીને ઉકાળેલાં દૂધ, અને ક્ષુધાને ટાળનાર શીખંડ એવા રાજભોજન જેવા પદાર્થો શ્રાવકોને મળવા લાગ્યા, અને એ મોટા મનવાળો રાજા મહામુનિઓને એષણીય, કલ્પનીય અને પ્રાસુક આહાર પોતાની જાતે આપવા લાગ્યો.

આવી રીતે રાજાએ દુકાળ રહ્યો ત્યાં સુધી સર્વ સંઘને યથાવિધિ ભોજન પૂરું પાડ્યું. સર્વ સંઘની વૈયાવચ્ચ કરવાથી અને સમાધિ ઉપજાવવાથી તેણે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.

એક દિવસ તે મહારાજા મહેલની અગાશી ઉપર બેઠો હતો, તેવામાં પૃથ્વીનું જાણે છત્ર હોય તેવો આકાશમાં ચડેલો મેઘ તેમના જોવામાં આવ્યો. જાણે આકાશનો ગળીએ રંગેલા વસ્ત્રનો કંચુક હોય તેવો એ મેઘ વિદ્યુત્ રૂપ આભૂષણને ધારણ કરતો સર્વ દિશાઓમાં ચોતરફ વ્યાપી ગયો. એ અરસામાં વૃક્ષોને મૂળમાંથી કંપાવતો અને પાતાળકળશનું જાણે સર્વસ્વ હોય તેવો પ્રચંડ પવન ઉત્પન્ન થયો. એ મોટા પવને આકડાના તૂલની પેઠે તે મહાન મેઘને ઉડાડીને દશે દિશામાં વેરણછેરણ કરી દીધો. ક્ષણવારમાં ઉત્પન્ન થયેલા અને પાછા ક્ષણવારમાં નાશ પામેલા એવા મેઘને જોઇને એ સદ્બુદ્ધિવાળો રાજા વિચાર કરવા લાગ્યો કે "અહો! જોતજોતામાં આ મેઘ જેમ દૃષ્ટનષ્ટ "થઇ ગયો તેમ આ સંસારમાં બીજું સર્વ પણ જોતાજોતામાંજ નાશ પામી જાય તેવું છે. "જે પ્રાણી સ્વેચ્છાથી બોલે છે, પ્રવેશ કરે છે, નાચે છે, હસે છે, રમે છે, દ્રવ્ય મેળવવા- "ના અનેક ઉપાયો ચિંતવે છે, ચાલે છે, ઉભા રહે છે, સુએ છે, વાહનપર ચડે છે, કોપ "કરે છે અને ઘરની અંદર કે બહાર વિલાસ કરે છે, તે પ્રાણીને તેવી ક્રિયા કરતાંજ યમરાજાના દૂતની જેમ નિત્ય પાસે રહેલા અનેક દોષો મૃત્યુ પમાડે છે. તે દોષો આ પ્ર- "માણે છે–તત્કાળ કાળે પ્રેરેલો સર્પ આવી કરડે છે, પ્રચંડ વિજળી રૂપ દંડ પડીને પાડી "નાખે છે, ઉત્મત્ત હાથી આવીને દંતાશૂળથી પીસે છે, જુની વંડી કે ભીંત તૂટી પડી "દબાવે છે, ભુખથી કૃશ ઉદર વાળો વ્યાઘ્ર ભક્ષ કરી જાય છે, જેની ચિકિત્સા ન થઇ શ- "કે તેવો વિકાર[1] લાગુ પડે છે, અકસ્માત ઉન્મત્ત[2] ઘોડા વિગેરે પાડી નાખે છે, શત્રુ કે ચોર "આવી છરીવડે હણી નાખે છે, પ્રદીપ્ત થયેલો અગ્નિ બાળી નાખે છે, મહા વૃષ્ટિથી આ- "વેલું નદીનું પૂર વેગવડે તાણી જાય છે, સર્વ અંગમાં વાયુનો બલવાન્ દોષ પ્રગટ થાય "છે, શરીરની તમામ ગરમીને શાંત કરીને કફ વ્યાપ્ત થાય છે, પિત્તનો પ્રબળ દોષ "પ્રાણને લુપ્ત કરી નાખે છે, અથવા તત્કાળ થયેલો સન્નિપાત પરાભવ કરે છે, કરોળી- "આનો રોગ શરીરને ભક્ષણ કરે છે, રાજ્યક્ષ્મા[3] પ્રાપ્ત થાય છે, વિસૂચિકા[4] નો ઉપદ્રવ "હેરાન કરે છે, જેનું ખરાબ પરિણામ છે એવું અર્બુદ જાતિનું વ્રણ પેદા થાય છે, પ્રવા- "હનો રોગ મૂર્ચ્છા પમાડે છે, સંગ્રહણીનો વ્યાધિ સપડાવે છે, વિદ્રધિનો રોગ રૂંધે છે, "ખાંસીનું દરદ કલેશ પમાડે છે, શ્વાસનો વ્યાધિ ભરપૂર થાય છે, અથવા શૂલનો રોગ "ઉન્મૂલન કરી નાખે છે. આવા અનેક દોષોથી પ્રાણી મૃત્યુ પામે છે,

૧ રોગ. ૨ તોફાની. ૩ ક્ષયરોગ. ૪. કોલેરા.

"તથાપિ પશુની પેઠે મંદ બુદ્ધિવાળો મનુષ્ય પોતાની સ્થિતિને શાશ્વત માની "પોતાના જીવિત રૂપ વૃક્ષનું ફળ લેવાને પ્રવર્ત્તતો નથી. એ મુગ્ધ બુદ્ધિવાળો "પુરૂષ 'આ મારા ભાઇઓ નઠારી સ્થિતિમાં છે, આ મારા પુત્રો અદ્યાપિ નાના "છે, આ કન્યા હજુ કુંવારી છે, આ પુત્રને હજુ ભણાવવો છે, આ ભાર્યા હજુ "નવોઢા છે, આ માતાપિતા વૃદ્ધ છે, આ સાસુસસરો ગરીબ સ્થિતિમાં છે અને આ "બ્હેન વિધવા છે'–એમ સર્વ પરિવાર નિરંતર પોતાને જ પાળવા યોગ્ય છે એવી ચિંતા "કર્યા કરે છે, પણ તે પરિવાર પોતાને સંસારરૂપી સમુદ્રમાં ડુબાડવાને હૃદયપર બાં- "ધેલી શિલા જેવો છે એમ જાણતો નથી, અને જ્યારે અંતકાળ આવે છે તે વખતે પણ "એ જડ પુરૂષ પશ્ચાતાપ કરે છે કે 'અરે! અદ્યાપિ કાંટાના શરીરને આલિંગન કરવા- "ના સુખથી હું તૃપ્ત થયો નથી, દ્રુધ વિગેરે ખાદ્ય પદાર્થોથી ધરાણો નથી, પુષ્પ સુંઘ- "વાની મારી ઇચ્છા પૂરી થઇ નથી, મનોહર પદાર્થોને જોવાનો મનોરથ પૂરો થયો નથી, "હજી વીણાયુક્ત વેશ્યાના ગીત સાંભળવાનો આનંદ જરા પણ પામ્યો નથી, મારા "કુટુંબને માટે હજુ ભંડાર ભરપૂર કર્યા નથી, આ જીર્ણ ઘરનો ઉદ્ધાર કરીને નવીન ક- "રવું બાકી રહેલું છે, ઊંચી શિક્ષા આપેલા આ અશ્વો ઉપર હજી આરૂઢ થયો નથી, "અને આ પલોટેલા બળદ ઉત્તમ રથ સાથે જોડયા પણ નથી,' એવી રીતનો પશ્ચાત્તાપ "કરે છે, પણ 'મેં ધર્મ કર્યો નથી' એવો જરા પણ પશ્ચાતાપ કરતો નથી. આ સંસારમાં "એક તરફ મૃત્યુ સદા તૈયાર થઇ રહેલું છે, એક તરફ અનેક પ્રકારના અપમૃત્યુ થયા "કરે છે, એક તરફ અનેક પ્રકારના વ્યાધિઓ થાય છે, એક તરફ ઘણી આધિ ઉત્પન્ન "થાય છે, એક તરફ રાગદ્વેષાદિ શત્રુઓ નિત્ય ઉદ્યત થઇ રહ્યા છે, અને એક તરફ "દુર્જનની પેઠે પ્રબળ કષાયો વિપત્તિ આપ્યા કરે છે; તેથી તેમાં મરૂદેશની પેઠે કાંઇપણ " સુખકારી નથી, તે છતાં પ્રાણીઓ તેમાં સુખ કેમ માની રહે છે અને વૈરાગ્ય કેમ પામતા " નથી? સુતેલા માણસ ઉપર જેમ અકસ્માત્ રાત્રિયુદ્ધ આવી પડે તેમ સુખાભાસથી " મૂઢ થયેલા પ્રાણી ઉપર સદ્ય પ્રાણનો નાશ કરનાર કાળપાશ આવી પડે છે, તેથી " રાંધેલા અન્નનું ફળ જેમ ભોજન કરવું છે તેમ આ નાશવંત શરીરનું ફળ ધર્માચારણ છે. " આ નાશવંત શરીરવડે અવિનાશી પદ મેળવવું સુલભ છે, તે છતાં મૂઢ પ્રાણીઓ તેને " મેળવતા નથી, પણ હું તો આ શરીરવડે નિર્વાણસંપત્તિને ખરીદ કરવા અત્યંત ઉત્સાહ " રાખીશ, અને આ રાજ્ય પુત્રને સોંપી દઇશ."

આ પ્રમાણે નિશ્ચય કરી રાજાએ તત્કાળ દ્વારપાળને મોકલી જેને કીર્ત્તિ પ્રિય છે એવા પોતાના પુત્ર વિમલકીર્તિને તેડાવ્યો. રાજકુમારે આવી પરમ ભક્તિથી ઇષ્ટદેવની જેમ પોતાના પિતાના ચરણમાં પ્રણામ કર્યો, અને અંજલિ જોડી આ પ્રમાણે બોલ્યો- "પિતાજી! કોઇ મોટી આજ્ઞા કરી પ્રસન્ન થઈ મારા ઉપર અનુગ્રહ કરો; તેમાં આ પુત્ર બાળક છે એવી શંકા રાખશો નહીં. આપ આજ્ઞા કરો–તમારા કયા શત્રુરાજાની પૃથ્વી ખુંચવી લઉં? કયા પાહાડી રાજાને પર્વત સાહત સાધી આવું? જલદુર્ગમાં રહેલા કયા શત્રુનો જલ સાથે વિનાશ કરૂં? અથવા તે શિવાય બીજું પણ કોઇ તમને શલ્યરૂપ હોય તો તેને પણ કહો કે તરત ઉખેડી નાખું. હું બાળક છતાં પણ તમારો પુત્ર હોવાથી દુઃસાધ્યને સાધવામાં સમર્થ છું, એ આપ પિતાજીનોજ પ્રભાવ છે, તેમાં કાંઇ મારી બહા- દૂરી નથી." પુત્રનાં એવાં વચન સાંભળી રાજાએ કહ્યું–"હે મોટી ભુજાવાળા કુમાર! મારે કોઇ શત્રુરાજા નથી, કોઇપણ પાહાડી રાજા મારાં વચનને ઉલ્લંઘન કરતો નથી, અ-

ને કોઈ બેટનો રાજા પણ મારી આજ્ઞાનો અનાદર કરતો નથી, કે જેને સાધવાને હું તને મોકલું. પણ હે કુળભૂષણ! હે પૃથ્વીનો ભાર ધારણ કરવામાં ધુરંધર! એક આ ભવવાસ[1] મને હમેશાં શલ્યનાં જેવો પીડે છે તેનો તું ઉદ્ધાર કર, અને આ પરંપરાથી આવેલા રાજ્યને મારી જેમ તું અંગીકાર કર કે જેથી દીક્ષા લઈને હું આ ભવવાસનો કાયમને માટે ત્યાગ કરૂં. હે વત્સ! અલંઘ્ય એવી ગુરુજનની આજ્ઞાને અને હમણા કરેલી તારી પોતાની પ્રતિજ્ઞાને ભક્તિપૂર્વક સંભારીને તારે તે અન્યથા કરવી ઘટિત નથી." એ સાંભળી કુમાર વિચારમાં પડયો કે 'પિતાશ્રીએ આજ્ઞા આપીને અને મારી પ્રતિજ્ઞાને સંભારી દઈને મને નિરૂત્તર કર્યો.' રાજપુત્ર આ પ્રમાણે ચિંતવતો હતો તેવામાં તો રાજાએ તેજ વખતે અભિષેકમહોત્સવ સાથે તેને પોતાને હાથે રાજ્ય ઉપર બેસારી દીધો; અને કુમાર વિમલકીર્ત્તિએ જેમને દીક્ષાઅભિષેક કરેલો છે એવા તે મહારાજા શિબિકાપર બેસી તરતજ સ્વયંપ્રભ નામના સૂરિ પાસે આવ્યા. ત્યાં આચાર્યની સમીપે સર્વ સાવદ્ય યોગનું પ્રત્યાખ્યાન કરીને તેમણે દીક્ષા લીધી. સંયમરુપી રથમાં આરૂઢ થયેલા એ રાજમુનિએ અંતરંગ શત્રુનો જય કરી વિધિથી સામ્રાજ્યની પેઠે દીક્ષાનું પ્રતિપાલન કર્યું, અને વીશ સ્થાનક માંહેના બીજા સ્થાનકોના પણ આરાધનવડે પોતાના તિર્થંકર નામ કર્મનું તેમણે સારી રીતે પોષણ કર્યું. ઉપસર્ગોથી ઉદ્વેગને નહિ પામતા અને પરીષહોથી ખુશી થતા એ મુનિરાજ પહેરેગીર જેમ પોતાના પોહોરને ખપાવે તેમ આયુષ્યને ખપાવી છેવટે અનશન કરી મૃત્યુ પામી **આનત** નામના નવમા દેવલોકને પ્રાપ્ત થયા. **મોક્ષના ફળને આપનારી દીક્ષાનું આટલું ફળ ઘણુંજ થોડું છે.**

આ જંબૂદ્વીપમાં પૂર્વ ભરતાર્દ્ધના આભૂષણરૂપ, લક્ષ્મીથી ભરપૂર અને વિસ્તારવાળી **શ્રાવસ્તી** નામે નગરી છે. તેમાં ઇક્ષ્વાકુ કુળરૂપી ક્ષીરસાગરને ચંદ્ર સમાન અને અરિઓ જીતવાથી યથાર્થ નામવાળો **જિતારી** નામે રાજા છે. મૃગોમાં સિંહની જેમ અને પક્ષીઓમાં ગરૂડની જેમ રાજાઓમાં તેના જેવો કે તેનાથી અધિક કોઈ પણ રાજા તે વખતે નહોતો. મંડળની અંદર પ્રવેશ કરનારા ગ્રહોવડે જેમ ગ્રહપતિ[2] શોભે તેમ પેદલરૂપે પ્રવેશ કરતા રાજાઓથી એ રાજા શોભતો હતો. જાણે મૂર્તિમાન્ ધર્મ હોય તેમ તે કોઇ પણ અધર્મકારી વચન બોલતો નહીં, તેવું આચરતો નહીં, અને તેવું ચિંતવતો પણ નહીં. દુરાચારીને શિક્ષા કરનાર અને નિર્ધનને ધન આપનાર એ રાજાના રાજ્યમાં કોઇ અધર્મી કે નિર્ધન હતું નહીં. શસ્ત્રધારી છતાં એ દયાળુ હતો, શક્તિમાન છતાં ક્ષમાવાન હતો, વિદ્વાન્ છતાં અભિમાન રહિત હતો, અને યુવાન છતાં જીતેંદ્રિય હતો.

એ જિતારિ રાજાને રૂપ અને સંપત્તિથી યોગ્ય એવી **સેનાદેવી** નામે મહિષી[3] હતી. એ ગુણના સૈન્યની સેનાપતિ તુલ્ય હતી. રોહિણીની સાથે ચંદ્રની જેમ તે રાણી સાથે બીજા પુરૂષાર્થોને બાધા કર્યા શિવાય તે રાજા યોગ્ય અવસરે ક્રીડા કરતો હતો. અહીં વિપુલવાહન રાજાનો જીવ નવમા દેવલોકમાં પોતાનું આયુષ્ય પૂર્ણ કરી, ત્યાંથી ચવીને ફાલ્ગુન માસની શુકલ અષ્ટમીને દિવસે મૃગશિર નક્ષત્રમાં ચંદ્રમાનો યોગ આવ્યો હતો તેવે સમયે સેનાદેવીના ઉદરમાં અવતર્યો. એ વખતે નારકીના જીવોને પણ ક્ષણવાર સુખ થયું, અને ત્રણલોકમાં વિદ્યુતના જેવો ઉદ્યોત થઈ રહ્યો. રાત્રિના અવશેષ ભાગમાં સુતેલી સેનાદેવીએ પોતાના મુખકમળમાં પ્રવેશ કરતાં ચૌદ મહા સ્વપ્નો જોયાં–જાણે શરદૃતુનો મેઘ હોય તેવો ગર્જના કરતો અને ઉજ્જવળ મોટો ગજેંદ્ર, સ્ફાટિક મણિના પર્વતના

---

૧ સંસારમાં રહેવું તે. ૨ સૂર્ય. ૩ પટ્ટરાણી.

પથ્થરનો જાણે મોટો ગોળો હોય તેવો નિર્મલ વૃષભ, કુંકુમની જેવી અતિ રક્ત કેસરાવાળો કેસરીસિંહ, બે હાથી જેને અભિષેક કરી રહ્યા છે તેવી લક્ષ્મીદેવી, સંધ્યાકાળના વાદળાની કાંતિને ચોરનારી પંચવર્ણી પુષ્પોની માળા, જાણે રૂપાનું દર્પણ હોય તેવો પૂર્ણ ચંદ્રમા, અંધકારને નાશ કરનારૂં સૂર્યનું મંડળ, નાદ કરતી ઘુઘરીઓના જાળ અને પતાકાવાળો મહાધ્વજ, જેના મુખ ઉપર કમળનાં પુષ્પો ઢાંકેલાં છે એવો સુવર્ણનો જલપૂર્ણ કુંભ, વિકાશી કમળો વડે જાણે હસતું હોય તેવું મોટું પદ્મ સરોવર, ઊંચા તરંગ રૂપી હાથ વડે જાણે નૃત્ય કરતો હોય તેવો ક્ષીરસમુદ્ર, જેનું પ્રતિમાન[૩] કોઈ ઠેકાણે જોવામાં આવતું નથી તેવું રત્નનિર્મિત વિમાન, પાતાળના ફણિધરોનો જાણે મણિસમૂહ હોય તેવો રત્નપુંજ અને પ્રાતઃકાળના સૂર્યની જેવો નિર્ધૂમ અગ્નિ–આ પ્રમાણેનાં ચૌદ સ્વપ્નોને જોઈ દેવી જાગ્યા, અને તરતજ રાજા સમીપે જઈ સ્વપ્નાંની હકીકત કહી. રાજાએ કહ્યું–' હે દેવી ! આ સ્વપ્નના પ્રભાવથી તમને ત્રણલોકને વંદન કરવા યોગ્ય પુત્ર થશે.'

આસનકંપથી ઇંદ્રોએ ત્રીજા તીર્થંકરનું ચ્યવન જાણ્યું, એટલે ત્યાં આવી સેનાદેવીને નમસ્કાર કરી સ્વપ્નાના અર્થને કહેવા લાગ્યા કે ' હે સ્વામિનિ ! આ અવસર્પિણી કાળમાં જગત્ના સ્વામી અને ત્રીજા તીર્થંકર એવા તમારે પુત્ર થશે.' એવા સ્વપ્નના અર્થને સાંભળવાથી મેઘની ગર્જનાથી જેમ મયૂરી હર્ષ પામે તેમ દેવી હર્ષ પામ્યા, અને બાકીની રાત્રિ જાગ્રતપણામાંજ નિર્ગમન કરી. તે દિવસથી હીરાની ખાણ જેમ હીરાને અને અરણિનું વૃક્ષ જેમ અગ્નિને ધારણ કરે તેમ સેનાદેવીએ મોટા સત્વવાન અને પવિત્ર એવા ગર્ભને ધારણ કર્યો. ગંગાના જળમાં સુવર્ણકમળની જેમ દેવીના ઉદરમાં એ ગર્ભ ગૂઢ રીતે વધવા લાગ્યો. જેમ શરદૃઋતુના સમયમાં સરસીના કમળો વિશેષ વિકાશ પામે છે તેમ તે વખતે દેવીની દૃષ્ટિમાં વિશેષ વિકાશ જણાવા લાગ્યો. ગર્ભના અનુભાવથી પ્રતિદિન દેવીના અંગમાં લાવણ્ય, સ્તનમાં પુષ્ટતા અને ગતિમાં મંદતા અધિક અધિક વધવા લાગી. ફાલ્ગુન માસની શુકલ અષ્ટમીએ તે ગર્ભને ધારણ કરનાર દેવી મેઘના ગર્ભને ધારણ કરનાર આકાશની પેઠે જગત્ના હર્ષને માટે થયા.

પછી નવમાસ અને સાડાસાત દિવસ ગયા ત્યારે માગશર માસની શુકલ ચતુર્દશીએ મૃગશિર નક્ષત્રમાં ચંદ્ર આવતાં, પૂર્વ દિશા જેમ સૂર્યને જન્મ આપે તેમ જરાયુ અને રૂધિર વિગેરે દોષથી વર્જિત અને અશ્વના લાંછનવાળા એવા સુવર્ણવર્ણી પુત્રને દેવીએ જન્મ આપ્યો. તે ક્ષણે ત્રૈલોકયમાં અંધકારને નાશ કરનાર ઉદ્યોત પ્રગટ થયો, નારકી પ્રાણીઓને પણ ક્ષણવાર સુખ થયું, સર્વ ગ્રહો ઊચ્ચ સ્થાનમાં આવ્યા, સર્વ દિશાઓ પ્રસન્ન થઈ રહી, સુખકારી પવન વાવા લાગ્યો, સર્વ લોક ક્રીડા કરવા લાગ્યા, સુગંધી જળની વૃષ્ટિ થઈ, આકાશમાં દુંદુભીના નાદ થયા, પવને રજ દૂર કરી, અને પૃથ્વી ઉચ્છવાસ પામી ગઈ.

એ વખતે અધોલોકમાંથી ભોગંકરાદિક આઠ કુમારીકાઓ અવધિજ્ઞાનવડે પ્રભુના જન્મને જાણી સ્વામીના મંદિરમાં પ્રાપ્ત થઈ, અને ભગવંતને તથા માતાને ત્રણ પ્રદક્ષિણા કરી ' તમે ભય પામશો નહીં' એમ કહી પોતાના આત્માને ઓળખાવ્યો. પછી ઇશાનદિશામાં જઇ વૈક્રિય સમુદ્‌ઘાત કરી, સંવર્ત્ત વાયુવડે એક યોજન સુધી કાંટા વિગેરે દૂર

૩ પ્રતિબિંબ.

કરી, ભગવાનને પ્રણામ કરી ગોપીઓની જેમ પ્રભુના ગુણગીત ગાતી તેમની નજીક બેઠી. તેવીજ રીતે આસનના કંપવાવડે પ્રભુનો જન્મ જાણી, મેઘંકરા, વિગેરે આઠ ઊર્ધ્વલોકવાસી દિક્કુમારીઓ ત્યાં આવી, અને જિનેશ્વર તથા જિનેશ્વરની માતાને નમસ્કાર કરી તેઓએ તત્કાળ અભ્ર (વાદળ) વિકૃત કર્યું. તેનાવડે સુગંધી જલની વૃષ્ટિ કરીને સૂતિકાગૃહની ફરતી એક યોજન સુધી રજને શમાવી દીધી, અને જાનુપ્રમાણ પંચવર્ણી પુષ્પોની વૃષ્ટિ કરી; પછી જિનેશ્વરને નમી તેમના ગુણોનું ગાન કરતી તેઓ પોતાના ઉચિત સ્થાને સ્થિર રહી. પૂર્વ રૂચકાદ્રિ ઉપર રહેનારી નંદા, નંદોત્તરા વિગેરે આઠ દિક્કુમારીઓ આવી નમસ્કાર કરી પોતાના હાથમાં દર્પણો રાખી પૂર્વ દિશા તરફ ઉભી રહી. દક્ષિણ રૂચકાદ્રિમાં રહેનારી સમાહારા વિગેરે આઠ દિક્કુમારીઓ ત્યાં આવી, જિનેશ્વર અને તેમની માતાને નમસ્કાર કરી હાથમાં કલશ લઇને દક્ષિણ દિશામાં ઉભી રહી. પશ્ચિમ રૂચકાદ્રિમાંથી ઇલા વિગેરે આઠ દિક્કુમારીઓ આવી, નમસ્કાર કરી હાથમાં પંખા રાખીને પશ્ચિમદિશામાં ગાયન કરતી કરતી ઉભી રહી. ઉત્તર રૂચકાદ્રિ ઉપરથી અલંબુસા વિગેરે આઠ કુમારીકાઓ ત્યાં આવી ભગવંતને તથા તેમની માતાને પૂર્વની પેઠે નમસ્કાર કરી હાથમાં ચામર રાખી ગાન કરતી કરતી ઉત્તર દિશામાં ઉભી રહી. વિદિશામાં રહેલા રૂચક પર્વતથી ચિત્રા વિગેરે ચાર દિક્કુમારીઓ આવી, અને જિનેશ્વર તથા માતાને નમન કરી હાથમાં દીપક રાખી ઇશાન વિગેરે વિદિશાઓમાં ગીત ગાતી ઉભી રહી. રૂચક દ્વીપના મધ્યથી રૂપા વિગેરે ચાર દિક્કુમારીઓ પણ તત્કાલ ત્યાં આવી; તેઓએ ભગવાનના નાભિનાળને ચાર અંગુલ રાખી છેદન કર્યું; પછી ત્યાં એક ખાડો ખોદી તેમાં તે નાળ નિક્ષિપ્ત કરી ખાડાને રત્ન અને વજ્રાથી પૂરી દીધો, અને તેના ઉપર દૂર્વા (દ્રો) થી પીઠિકા બાંધી. પછી ભગવાનના જન્મગૃહને લગતા પશ્ચિમ શિવાય પૂર્વ દક્ષિણ અને ઉત્તર દિશામાં ચતુઃશાળા (ચોક) સહિત ત્રણ કદલીગૃહ વિકુર્વ્યાં. પછી જિનેશ્વરને પોતાના બે હાથવડે લઇ, જિનમાતાને હાથનો ટેકો આપી, દક્ષિણ દિશાના ચતુઃશાળમાં લઇ જઇને ત્યાં સિંહાસન ઉપર બેસાર્યા, અને લક્ષપાક તૈલથી અભ્યંગન કરી સુગંધી દિવ્ય ઉદ્વર્ત્તનથી બંનેને ઉદ્વર્ત્તન કર્યું. પૂર્વ દિશાના ચતુઃશાળમાં લઇ જઇ સિંહાસન ઉપર બેસારી, તેઓએ સુગંધી ઉદકથી સ્નાન કરાવ્યું, દેવદૂષ્ય વસ્ત્રથી તેમના અંગને લુછી નાખ્યું, અને ગોશીર્ષચંદનના રસથી તેમને ચર્ચિત કરી દેવદૂષ્ય વસ્ત્ર તથા દિવ્ય આભૂષણો પહેરાવ્યાં. પછી ભગવાન અને ભગવાનની માતાને ઉત્તર દિશાના કેળના ચતુઃશાળમાં લઇ જઈ રત્નમય સિંહાસન ઉપર બેસાર્યા. ત્યાં તેઓએ આભિયોગિક દેવતાઓ પાસે ગોશીર્ષચંદનના ઘણા કાષ્ઠ મંગાવી, તેમના સમિધ કરીને અરણિના બે કાષ્ઠને ઘસવાવડે ઉત્પન્ન કરેલા અગ્નિમાં હોમ કર્યો. તે અગ્નિથી થયેલી ભસ્મની તેઓએ વિધિવડે બે રક્ષાપોટલી કરીને બંનેને હાથે બાંધી. પછી ' તમે પર્વતની જેવા આયુષ્યવાળા થાઓ ' એવું પ્રભુના કાનમાં કહી, પાષાણના બે ગોળાનું તેઓએ આસ્ફાલન કર્યું; પછી પ્રભુને અને માતાને સૂતિકાગૃહમાં લઈ જઈ શય્યા ઉપર સુવારી તેઓ ઊંચે સ્વરે મંગળ ગીત ગાવા લાગી.

તે વખતે પ્રભુના ચરણકમળની પાસે જવાને ઇચ્છતા હોય તેમ સર્વ ઇંદ્રોના આસનો કંપાયમાન થયા. અવધિજ્ઞાનથી ભગવાનના જન્મને જાણી શક્ર ઇન્દ્રે તે દિશા સન્મુખ સાત આઠ પગલા ભરીને તીર્થંકરને વંદના કરી. ઘંટાના ઘોષથી અને સેનાપતિની ઘોષણાથી એકઠા થયેલા દેવતાઓ પ્રભુનો જન્મોત્સવ કર-

વામાં ઉત્સુક થઇને ઇંદ્રની ફરતા ફરી વળ્યા. પછી ઇંદ્ર તે દેવતાઓ તથા પોતાના પરિવાર સાથે પાલક વિમાનમાં બેસી, નંદીશ્વરદ્વીપે જઈ વિમાન સંક્ષેપી એકાકીપણે પ્રભુના નિવાસગૃહ પાસે આવ્યા. પ્રથમ નિવાસગૃહને પોતાના નાના વિમાન સહિત પ્રદક્ષિણા કરી ઈશાન દિશામાં વિમાનને મૂકી નીચે ઉતર્યા. પછી ઇંદ્રે પ્રભુના વાસગૃહમાં પ્રવેશ કર્યો અને પ્રભુનું દર્શન થતાંજ તેમને ભક્તિથી પ્રણામ કર્યો. ત્યાં જિનેશ્વરને અને તેમની માતાને ત્રણ પ્રદક્ષિણા કરી, પાંચ અંગોથી પૃથ્વીનો સ્પર્શ કરી વારંવાર નમસ્કાર કર્યા. પછી સેનાદેવીને અવસ્વાપિનિકા નિદ્રા મૂકી અને તેમની પાસે પ્રભુનું પ્રતિબિંબ રાખી ઇંદ્રે પોતાના પાંચ સ્વરૂપ વિકુર્વ્યાં. તેઓમાં એક સ્વરૂપે પ્રભુને ધારણ કર્યા, એક સ્વરૂપે માથે છત્ર ધર્યું, બે સ્વરૂપે બે બાજુ ચામર વિંજવા માંડયાં અને એક સ્વરૂપે આગળ વજ્ર ઉછાળી ચાલવા માંડયું. એવી રીતે જયજય શબ્દ કરતા દેવતાઓના પરિવાર સાથે ઇંદ્ર પ્રભુને લઈ ક્ષણવારમાં મેરૂપર્વતના શિખર ઉપર આવ્યા.

ત્યાં અતિપાંડુકબલા નામની શિલા ઉપર રહેલા સિંહાસનને વિષે જગત્પતિને ઉત્સંગમાં લઈ શક્ર ઇન્દ્ર બેઠા. તે દરમ્યાન આસનોનો કંપ થવાથી અનાહત અવધિજ્ઞાનવડે ભગવાનનો જન્મ જાણીને તત્કાળ અચ્યુતેંદ્ર, પ્રાણતેંદ્ર, સહસ્રારેંદ્ર, મહાશુક્રેંદ્ર, લાંતકેન્દ્ર, હે બ્રહ્મેંદ્ર, માહેંદ્ર, સનત્કુમાર, ઇશાન[1], ચમર, બલિ, ધરણ, ભૂતાનંદ, હરિ, હરિસહ, વેણુદેવ, વેણુદારી, અગ્નિશિખ, અગ્નિમાણવ, વેલંબ, પ્રભંજન, સુઘોષ, મહાઘોષ, જલકાંત, જલપ્રભ, પૂર્ણ, અવશિષ્ટ, અમિત, અમિતવાહન[2]; કાલ, મહાકાલ, સુરૂપ, પ્રતિરૂપ, પૂર્ણભદ્ર, માણિભદ્ર, ભીમ, મહાભીમ, કિંનર, કિંપુરૂષ, સત્પુરૂષ, અતિકાય, મહાકાય, ગીતરતિ ગીતયશા, સંનિહિત, સમાન, ધાતા, વિધાતા, ઋષિ, ઋષિપાળ, ઇશ્વર, મહેશ્વર, સુવત્સક, વિશાલક, હાસ, હાસરતિ શ્વેત, મહાશ્વેત, પવક, પવકપતિ[3]; સૂર્ય અને ચંદ્ર[4]; એ ત્રેસઠ ઇંદ્રો સર્વ ઋદ્ધિ અને પરિવાર સાથે લઈ પ્રભુના જન્માભિષેકને માટે મેરૂપર્વતની ઉપર જાણે પાડોશમાં રહેતા હોય તેમ ત્વરાથી આવ્યા. પછી અચ્યુત ઇંદ્રની આજ્ઞાથી આભિયોગિક દેવતાઓએ સુવર્ણના, રૂપાના, રત્નના, સોના અને રૂપાના, સોના અને રત્નોના, રૂપા અને રત્નોના તથા સોનાના, રૂપાના અને રત્નોના તેમજ મૃત્તિકાના[5] એક હજાર ને આઠ કલશો બનાવ્યા તેજ પ્રમાણે ઝારીઓ, દર્પણ, સુપ્રતિષ્ટ (ડાબલા), રત્નના કરંડીઆ, થાલ, પાત્રિકા અને પુષ્પોની ચંગેરીઓ પણ તત્કાલ બનાવી. પછી ત્યાંથી નીકળીને ઇંદ્રના મનને હર્ષ ઉપજાવવાને ક્ષીર સમુદ્ર વિગેરે સમુદ્રોમાંથી અને બીજા તીર્થોમાંથી તેઓએ જલ, મૃત્તિકા અને કમલો લીધાં તથા હિમાદ્રિ પર્વત ઉપરથી ઔષધી અને ભદ્રશાળ વનમાંથી ઉત્તમ પુષ્પાદિક તેમજ બીજા પણ સુગંધી દ્રવ્ય લઇને તેઓ ત્યાં આવ્યા. પછી સર્વ સુગંધી દ્રવ્ય નાખી તેઓએ ભક્તિથી તીર્થ જલને સુગંધમય કરી દીધું. પછી અચ્યુત ઇન્દ્ર, દેવતાઓના લાવેલા કુંભોના જળવડે પારિજાતનાં પુષ્પોની કુસુમાંજલિ પ્રથમ કરીને પ્રભુને સ્નાન કરાવવા લાગ્યો. એ અચ્યુતેન્દ્રે કરેલા પ્રભુના સ્નાત્ર વખતે દેવતાઓ હર્ષ પામી મનોહર વાદ્ય, ગીત અને નૃત્ય કરવામાં પ્રવર્ત્યા. પછી આરણાચ્યુત ઇન્દ્રે પ્રભુને દિવ્ય અંગરાગ પૂર્વક પૂજા કરી યથાવિધિ વંદના કરી. પછી શક્ર શિવાય બાકીના બાસઠ ઇન્દ્રોએ પણ જગત્ને પવિત્ર કરનારૂં પ્રભુને સ્નાત્ર કરાવ્યું.

---

૧ અહિં સુધી વૈમાનિકના શક્ર સુધી દશ ઇંદ્રો. ૨ અહિં સુધી ભુવન પતિના વીશ ઇંદ્રો ૩ અહિં સુધી વ્યંતરના ૩૨ ઇંદ્રો. ૪ આ જ્યોતિષીના ઇંદ્રો. ૫ એ પ્રમાણે આઠ જાતિના.

પછી ઇશાન ઇંદ્રે પોતાનાં પાંચ સ્વરૂપ કરી એક સ્વરૂપે પ્રભુને ઉત્સંગમાં રાખ્યા, એક સ્વરૂપે છત્ર ધર્યું, બે સ્વરૂપે બે ચામર રાખ્યાં અને એક સ્વરૂપે શક્રની પેઠે વજ્ર[1] લઇ આગળ ઉભા રહ્યા. પછી ભક્તિમાં ચતુર એવા શક્રે પ્રભુની ચારે દિશાઓમાં મોટા શીંગડાંવાળા સ્ફાટિકના ચાર વૃષભો વિકુર્વ્યા. તે વૃષભોના શૃંગના અગ્ર ભાગમાંથી મૂળમાંથી જુદી જુદી પણ પ્રાંત ભાગમાં મિશ્ર થયેલી મનોહર જળની ધારાઓ નીકળીને પ્રભુના મસ્તક ઉપર પડવા લાગી.

આ પ્રમાણે સૌધર્મકલ્પના ઇન્દ્રે અતિભક્તિથી બીજા ઇન્દ્રોએ કરેલા સ્નાત્રથી વિલક્ષણ પ્રકારે પ્રભુનું સ્નાત્ર કર્યું. પછી શક્ર ઇન્દ્રે તે વૃષભો સંહારી લઇને જગદ્ગુરૂની પૂજા કરી હર્ષથી પ્રણામ કરી આ પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

" હે ભગવન્ ! વિશ્વનું પ્રતિપાલન કરનાર ! મોટી સમૃદ્ધિઓ સહિત અને ત્રીજા " તીર્થનાથ એવા આપ ભગવંતને હું નમસ્કાર કરૂં છું. હે વિભો ! જન્મથીજ પ્રાપ્ત " થયેલા ત્રણ જ્ઞાન અને ચાર અતિશયોથી તમે જગત્માં વિલક્ષણ છો અને તમારામાં " સ્ફુટ રીતે એક હજાર લક્ષણો રહેલાં છે. હમેશાં પ્રમાદી પુરૂષોના પ્રમાદના છેદનું કારણ " એવું આ તમારૂં જન્મકલ્યાણ આજે મારા જેવાના કલ્યાણને માટેજ થયું છે. હે " જગત્પતિ ! આ રાત્રિ આખી પ્રશંસા કરવાને યોગ્ય થઈ છે, કારણકે જેમાં નિષ્કલંક " ચંદ્રરૂપ એવા તમે પ્રગટ થયા છો. હે પ્રભો ! તમને વંદના કરવાને જ આવ કરતા " અનેક દેવતાઓથી આ મનુષ્યલોક હમણા સ્વર્ગલોકના જેવો જણાય છે. હે દેવ ! " તમારાં દર્શન રૂપ અમૃતના સ્વાદથી જેઓનાં ચિત્ત સંતુષ્ટ થએલાં છે એવા અમૃત- " ભોજી દેવતાઓને હવેથી જીર્ણ થયેલા સ્વર્ગના અમૃતની કાંઈ જરૂર નથી. આ ભરત " ક્ષેત્રરૂપી સરોવરમાં કમળ રૂપ એવા હે ભગવન્ ! તમારામાં ભમરાની પેઠે મારો " પરમ લય થઈ જાઓ. હે અધીશ ! જેઓ હમેશ તમારૂં દર્શન કરે છે તે મનુષ્યોને " પણ ધન્ય છે, કારણ કે તમારા દર્શનનો ઉત્સવ સ્વર્ગના રાજ્યથી પણ અધિક છે."

આ પ્રમાણે સ્તુતિ કરી ઇન્દ્રે પોતાનાં પાંચ રૂપ કરી એક સ્વરૂપે ઇશાનેંદ્ર પાસેથી પ્રભુને લીધા અને બીજા સ્વરૂપોથી પૂર્વની જેમ ક્રિયાઓ શરૂ કરી. પછી પ્રભુને વસ્ત્ર અલંકારવડે અલંકૃત કરી સેનાદેવીની પડખે મૂકી ઉલ્લોચ ઉપર શ્રીદામગંડક બાંધ્યું; અને પ્રભુના ઉશીકા નીચે બે કુંડળ તથા રેશમી વસ્ત્ર યુગ્મ મૂકી અવસ્વાપિની નિદ્રા અને પાસે મૂકેલું અર્હંતનું પ્રતિબિંબ હરી લીધું. પછી સ્વર્ગના પતિ ઇન્દ્રે આભિયોગિક દેવતાઓની પાસે કલ્પવાસી દેવતાઓમાં, ભવનપતિઓમાં, વ્યંતરોમાં અને જ્યોતિષ્ક દેવોમાં એવી ઉદ્ઘોષણા કરાવી કે " જે કોઈ પ્રભુની માતાનું કે પ્રભુનું અશુભ ચિંતવશે તેના મસ્તકના સાત કકડા થશે. " પછી ઇન્દ્રે પ્રભુના અંગુઠામાં પાન કરવાને માટે અમૃત રસનો સંક્રમ કર્યો; કારણ કે **તીર્થંકરો સ્તનપાન કરતા નથી.** જ્યારે તેમને ક્ષુધા લાગે છે ત્યારે તેઓ પોતાના અંગુઠાનું જ પાન કરે છે. પછી પ્રભુના નિરંતર સર્વ ધાત્રી (ધાવ્ય) કર્મ કરવાને માટે ઇન્દ્રે પાંચ અપ્સરાઓને આજ્ઞા કરી.

આ પ્રમાણે કરી અને પ્રભુને નમીને શક્ર ઇન્દ્ર ત્યાંથી નંદીશ્વર દ્વીપે અને બીજા ઇન્દ્રો મેરૂથી પરભાર્યા નંદીશ્વર દ્વીપે ગયા. સર્વ સુર તથા અસુરો, નંદીશ્વર

---

૧ ઇશાન ઇંદ્ર ત્રિશૂળ રાખે છે.

દ્વીપે આવી શાશ્વત અર્હંતોની પ્રતિમાઓનો અષ્ટાન્હિકોત્સવ કરી પોતપોતાને સ્થાને ગયા.

પ્રાતઃકાલે જિતારી રાજાએ પોતાને ઘેર પુત્રપણાને પામેલા જગત્પૂજ્ય અર્હંત ભગવાનનો મોટો જન્મોત્સવ કર્યો. સર્વ નગરીમાં રાજ મંદિરની જેમ ઘેર ઘેર, માર્ગે માર્ગે અને ચૌટે ચૌટે ઉત્સવ થઇ રહ્યો. પ્રભુ ગર્ભમાં હતા ત્યારે શંબા (સીંગ)-નું ધાન્ય ઘણું થયું હતું, તેથી રાજાએ તેમનું **સંભવનાથ** અથવા **શંભવનાથ** એવું નામ પાડ્યું. બાળ સ્વરૂપી જગત્પતિને વારંવાર જોઈ મહારાજા પોતાના આત્માને અમૃતમાં મગ્ન થયો હોય તેમ માનવા લાગ્યા. પ્રભુનો સ્પર્શ કરવાની ઇચ્છાથી રાજા ઉત્કૃષ્ટ માણિક્યની જેમ તેમને ઉત્સંગ, હૃદય અને મસ્તક ઉપર ધારણ કરવા લાગ્યો. ઇન્દ્રે નિમેલી પાંચ ધાત્રીઓ ભક્તિને વિસ્તારી, દેહની છાયાની પેઠે પ્રભુના સમીપ ભાગને છોડતી નહોતી. કોઇવાર પ્રભુ, ઉત્સંગપરથી ઉતરીને નિર્ભયપણે ભ્રમણ કરી સિંહણને જેમ બાળસિંહ હંફાવે તેમ તેને પકડી લેવા આવતી ધાત્રીને હંફાવતા હતા. પ્રભુ જો કે જ્ઞાનવાન્ છે તથાપિ લોકોને બાળચેષ્ટા બતાવવાને રત્નમણિમય ભૂમિપર પડેલા ચંદ્રના પ્રતિબિંબને ગ્રહણ કરવા પોતાનો હાથ નાંખતા હતા. મનુષ્યરૂપ ધારણ કરી સમાનવયના થઇને આવેલા દેવતાઓની સાથે પ્રભુ ક્રીડા કરતા હતા. તેની સાથે ક્રીડા કરવાને બીજો કોણ સમર્થ થાય? ક્રીડાથી દોડતા પ્રભુની અાગળ જાણે હાથીઓની નકલ કરતા હોય તેમ પોતાની ગ્રીવાને વાળતા વાળતા દેવતાઓ દોડતા હતા. રમત રમતાં લીલા માત્રમાં પાડી નાખેલા અને 'રક્ષાકરો, રક્ષાકરો,' એમ બોલતા દેવતાઓ ઉપર પ્રભુ, પરિણામે યોગ્ય કૃપા કરતા હતા.

આ પ્રમાણે વિચિત્ર ક્રીડાઓથી અને જાત જાતની રમુજથી પ્રદોષ કાળને જેમ ચંદ્ર ઉલ્લંઘન કરે તેમ પ્રભુએ શિશુવયને ઉલ્લંઘન કર્યું. તે સમયે ચારસો ધનુષ ઊંચા સુવર્ણના જેવી કાંતિવાળા જગદ્‌ગુરૂ કૌતુકથી પુરૂષનું રૂપ ધારણ કરીને આવેલા મેરુપર્વતની જેવા શોભવા લાગ્યા. તેમના મસ્તકનો મધ્યભાગ છત્રના જેવો ગોળ અને ઉન્નત જણાવા લાગ્યો, કેશ સ્નિગ્ધ અને શ્યામ થયા, લલાટની શોભા અષ્ટમીના ચંદ્ર જેવી થઇ, લોચન કાનની હદ સુધી વિશ્રાંત થયાં, કાન સ્કંધના ભાગ સુધી લટકવા લાગ્યા, સ્કંધ વૃષભના સ્કંધ જેવા દેખાવા લાગ્યા, ભુજાઓ મોટી થઇ, છાતીનો ભાગ વિશાળ થયો, ઉદર સિંહનાં જેવું કૃશ થયું, સાથળ ગજેંદ્રની સુંઢ જેવા જણાવા લાગ્યા, જાંઘો મૃગલીની જાંઘ જેવી શોભવા લાગી, પગના ગુલ્ફનો ભાગ અલ્પ દેખાવા લાગ્યો, ચરણ કૂર્મના પૃષ્ટ જેવા ઉન્નત અને તળીએ સરખા જણાવા લાગ્યા, આંગળીઓ સરલ થઈ, રોમરાય છુટા છુટા ઉગેલા શ્યામ તથા સ્નિગ્ધ થયા અને મુખનો શ્વાસ કમળના જેવો સુગંધી થયો. એવી રીતે નિરંતર મલિનતા રહિત અને સ્વભાવથીજ સર્વ અંગમાં સુંદર એવા જગત્પતિ શરદ **ઋતુ**વડે જેમ પૂર્ણિમાનો ચંદ્ર શોભે તેમ યૌવન વયથી અધિક શોભવા લાગ્યા.

એક વખતે ઉત્સવની અતૃપ્તિને લીધે માતાપિતાએ દેવકન્યા જેવી રાજ કન્યાઓ પરણવાને પ્રભુને વિનંતી કરી. મોટા મનવાળા પ્રભુએ ભોગફળ કર્મ છે એમ જાણી માતાપિતાની આજ્ઞા પાળવાને રાજ કન્યાની સાથે પાણિગ્રહણ કરવાનું કબુલ કર્યું. પ્રભુની સંમતિ થઇ એટલે જિતારિ રાજાએ તથા ઇન્દ્રે પ્રત્યક્ષ આવી સંભવ સ્વામીનો વિવાહ મહોત્સવ આરંભ્યો, જેમાં હાહા અને હૂહૂ નામના ગંધર્વો ગંભીર મૃદંગને વગાડી મધુર સ્વરે ગાયન કરવા લાગ્યા. રંભા, તિલોત્તમા વિગેરે અપ્સરાઓ નૃત્ય કરવા લાગી અને

કુલિન નારીઓ ઊંચે સ્વરે ધવલ મંગલ ગાવા લાગી. વિવાહ મહોત્સવ થઈ રહ્યા પછી હાથણીઓની સાથે હાથીની જેમ ચાતુર્યવડે રમણીય એવી એ હજારો રમણીઓની સાથે પ્રભુ કોઈવાર નંદનવનના જેવી ઉદ્યાનોની શ્રેણીઓમાં, કોઇવાર રત્નગિરિના શિખર જેવા ક્રીડા પર્વતોમાં, કોઇવાર અમૃતના કુંડ જેવી ક્રીડાવાપીઓમાં અને કોઈવાર સ્વર્ગના વિમાન જેવી ચિત્રશાલાઓમાં ક્રીડા કરવા લાગ્યા. એવી રીતે કૌમારવયમાં વિવિધ ભોગને ભોગવતા એવા પ્રભુને પંદર લાખ પૂર્વ નિર્ગમન થયાં; તે સમયે જિતારી રાજાને સંસાર ઉપર વૈરાગ્ય થવાથી પ્રભુને આગ્રહ કરીને મુદ્રિકા ઉપર રત્નની જેમ પોતાના રાજ્ય ઉપર તેમને સ્થાપન કર્યા. અને પોતે સદ્‌ગુરૂના ચરણ કમળમાં જઇ દીક્ષા લઈને પોતાનો અર્થ સાધવા લાગ્યા. મોટા પરાક્રમવાળા સંભવ સ્વામી પણ પિતાના આગ્રહથી રાજ્યને સ્વીકારી સર્વ પૃથ્વીનું પુષ્પની માલાની જેમ રક્ષણ કરવા લાગ્યા. પ્રભુના પ્રભાવથી રાજ્યની અંદર પ્રજાઓ ઇતિ[1] તથા ભય વિનાની અને પૂર્ણ આયુષ્ય ભોગવનારી થઇ. કોઈની ઉપર પ્રભુને ભ્રકુટી પણ ચડાવવી પડતી નહીં તો ધનુષ્ય ચડાવવાની વાતનો તો અવકાશજ કયાંથી ? એવી રીતે રાજ્ય કરતા અને ભોગ કર્મને ખપાવતા એવા પ્રભુએ ચાર પૂર્વાંગ[2] સહિત ચુમ્માલીશ લાખ પૂર્વ નિર્ગમન કર્યાં.

એકદા જેમનો આત્મા ત્રણ જ્ઞાનથી વ્યાપ્ત છે એવા સ્વયંબુદ્ધ પ્રભુ આ પ્રકારની સંસારની સ્થિતિ ચિંતવવા લાગ્યા—" અહા ! આ સંસારમાં વિષયના સ્વાદનું સુખ ઝેર ભેળવેલા મિષ્ટ ભોજનની જેવું આરંભમાં મધુર પણ પરિણામે " અનર્થને આપનારૂં છે. ઉખર ભૂમિમાં મીઠા જળની જેમ આ અસાર સંસારમાં " પ્રાણીઓને માંડમાંડ મનુષ્યત્વ પ્રાપ્ત થાય છે. એવા મનુષ્યત્વને પામીને પણ " મૂઢ લોકો પગ ધોવામાં અમૃત રસ વાપરવાની જેમ તે મનુષ્ય જન્મને વિષયસેવા માંજ " વ્યર્થ પણે ગુમાવે છે. " આ પ્રમાણે પ્રભુ ચિંતવતા હતા તેવામાં લોકાંતિક દેવતાઓએ આવી વિજ્ઞપ્તિ કરી કે ' હે સ્વામી ! તીર્થ પ્રવર્ત્તાવો ' એમ કહી તે દેવતાઓ ગયા, એટલે પછી દીક્ષા લેવાના ઉત્સવમાં ઉત્કંઠિત એવા પ્રભુએ સાંવત્સરિક દાન આપવાનો આરંભ કર્યો. તે વખતે ઇંદ્રે આદેશ કરવાથી કુબેરે પ્રેરેલા જૃંભક દેવતાઓ; નિધણીયાતું, મર્યાદાને ઉલ્લંઘન કરનારું, ગિરિમાં રહેલું શ્મશાન વિગેરે સ્થાનમાં રહેલું, ઘરની અંદર ગુપ્ત કરેલું, ઘણા કાળથી ખોવાયેલું, અને નષ્ટ થયેલું એવું સુવર્ણાદિક દ્રવ્ય સર્વ જગ્યાએથી લાવીને, શ્રાવસ્તી નગરીના ચોકમાં ત્રિકશેરીઓમાં તેમજ બીજા પ્રદેશોમાં તેના પર્વતોના શિખર જેવડા ઢગલા કરવા લાગ્યા. સ્વામીએ સેવકપુરુષો પાસે નગરીમાં ઊંચે પ્રકારે આઘોષણા કરાવી કે ' જે જેનો અર્થી હોય તેણે આવીને તે માગી લેવું. ' તેવી રીતે અર્થીઓને દાન આપતા એવા પ્રભુ હમેશાં એક કરોડ અને આઠ લાખ સુવર્ણ (સોનૈયા) નું દાન આપતા હતા. એ પ્રમાણે એક વર્ષમાં પ્રભુએ ત્રણશે અઠયાશી કોડ અને એંશીલાખ સુવર્ણ મુદ્રાનું દાન કર્યું.

વાર્ષિક દાનને અંતે પોતાના આસન ચલિત થવાથી ઇંદ્રો અંતઃપુરને પરિવાર સાથે લઈ ત્યાં આવ્યા. પ્રથમ પ્રભુના ગૃહને પ્રદક્ષિણા કરી ભૂમિથી ચાર આંગળ ઊંચા રહી વિમાન પરથી ઉતર્યા. વિનયવાળા તે ઇંદ્રોએ ભક્તિથી પ્રભુને પ્રદક્ષિણા કરી પ્રણામ કર્યો. પછી અચ્યુત ઇન્દ્રે આભિયોગિક દેવતાઓએ લાવેલા તીર્થજળના કુંભોવડે જન્માભિષેકની પેઠે પ્રભુને વિધિ પૂર્વક દીક્ષા સંબંધી અભિષેક કર્યો. બીજા ઈન્દ્રોએ પણ અનુક્રમે જગ-

---

૧. અનેક પ્રકારના દુષ્કાળાદિ ઉપદ્રવ. ૨. પૂર્વાંગ તે ચોરાશી લાખવર્ષ.

ત્પતિને ભક્તિથી દીક્ષા કલ્યાણક સંબંધી સ્નાન કરાવ્યું. સુર અને અસુરોની પેઠે રાજાઓએ પણ તત્કાળ ભક્તિથી **સંભવસ્વામીને** પવિત્ર જળવડે સ્નાન કરાવ્યું. પછી દેવતાઓએ, સ્નાન જળથી આર્દ્ર એવા દેવાધિદેવના શરીરને સુવર્ણના દર્પણની જેમ દેવદૂષ્ય વસ્ત્રથી લુંછી નાંખ્યું, અને ગોશીર્ષ ચંદનથી પ્રભુને વિલેપન કરી દિવ્ય રેશમી વસ્ત્રો ભક્તિથી ધારણ કરાવ્યાં. જાણે હીરાની ખાણનું સર્વસ્વ હોય તેવો મુગટ પ્રભુના મસ્તક ઉપર આરોપણ કર્યો, જાણે આકાશમુક્તામણિમય[1] હોય તેવાં બે કુંડલ કાનમાં પહેરાવ્યાં, કંઠમાં હિમાચાળ ઉપરથી પડતા ગંગાના પ્રવાહ જેવો હાર પહેરાવ્યો, બાહુપર જાણે સૂર્ય કિરણના રચેલા હોય તેવા કેયૂર[2] અને કંકણ[3] ધરાવ્યાં, અને ચરણ કમળમાં કુંડલાકાર કરેલાં નાળવા જેવાં કપડા પહેરાવ્યાં. એ પ્રમાણે પ્રભુને ભૂષણો ધારણ કરાવ્યા પછી સ્વામીને માટે સામંત રાજાઓએ ચરણપીઠ સહિત સિંહાસન વાળી **સિદ્ધાર્થા** નામે એક શિબિકા રચાવી. અચ્યુત ઇંદ્રે પણ આભિયોગિક દેવતાઓની પાસે એક શિબિકા વિકૃત કરાવી; તે વૈમાનિક દેવતાના વિમાનોની જાણે અધિષ્ઠાયક દેવી હોય તેવી જણાવા લાગી. અચ્યુત ઇંદ્રે, તે શિબિકાને શ્રીચંદનમાં અગરૂ ચંદનની જેમ રાજાઓની શિબિકામાં અંતર્હિત કરી દીધી. પછી ઇંદ્રે જેમને હાથનો ટેકો આપ્યો છે એવા પ્રભુ શિબિકાપર આરુઢ થયા, અને હંસ જેમ કમલ ઉપર બેસે તેમ અંદરના સિંહાસન પર બેઠા. ઘોરી ઘોડાઓ જેમ મોટા રથને વહન કરે તેમ પ્રથમ મનુષ્યોએ અને પછી ઘનવાત જેમ પૃથ્વીને વહન કરે તેમ દેવતાઓએ તે શિબિકાને ઉપાડી. તે વખતે ચારે તરફ મેઘના ગર્જારવની જેમ વાજિંત્રો વાગવા લાગ્યાં. ગંધર્વો કાનમાં અમૃત જેવું ગાયન કરવા લાગ્યા, અપ્સરાઓ વિચિત્ર અંગહાર કરી નૃત્ય કરવા લાગી, બંદીજનો સ્તુતિપાઠ કરવા લાગ્યા. બ્રાહ્મણો બ્રહ્મ [વેદ] ને ગાવા લાગ્યા, કુળની વૃદ્ધ સ્ત્રીઓ ઊંચેસ્વરે મંગલ આશિષ આપવા લાગી, કુલીન કાંતાઓ મનોહર ધવલ મંગલ ગાવા લાગી, આગળ પછવાડે અને બે પડખે દેવતાઓ અશ્વની પેઠે ચેષ્ટા કરવા લાગ્યા, અને લોકો નેત્રને પ્રફુલ્લિત કરી જોવા લાગ્યા તથા અંગુલીઓથી પ્રભુને બતાવવા લાગ્યા.

આવા મહોત્સવ પૂર્વક સ્થાને નગરના લોકોના મંગલ આચારને ગ્રહણ કરતા, જાણે અમૃતની વૃષ્ટિ કરતી હોય તેવી દૃષ્ટિથી જગત્ને આનંદ આપતા, દેવતાઓએ ચામરોથી વીંજેલા અને માથે છત્રને ધારણ કરતા પ્રભુ શ્રાવસ્તી નગરીના મધ્યભાગમાં પસાર થઈને સહસ્રામ્ર વનમાં આવ્યા; ત્યાં હારની પેઠે દીક્ષાને ગ્રહણ કરવાને ઇચ્છતા જગદ્‌ગુરુ, વૃક્ષ ઉપરથી જેમ મયુર ઉતરે તેમ શિબિકારત્ન પરથી ઉતર્યા. તરતજ માલ્ય અને સર્વ અલંકારાદિકનો પ્રભુએ ત્યાગ કર્યો, અને ઇંદ્રે આપેલું દેવદૂષ્ય વસ્ત્ર સ્કંધ ઉપર ધારણ કર્યું. માગશર માસની પૂર્ણિમાએ ચંદ્રમાં મૃગશિર નક્ષત્રમાં આવતાં દિવસના પાછલા ભાગમાં છઠ્ઠ તપને કરનારા પ્રભુએ એક લીલામાત્રમાં જાણે પૂર્વે ઉપાર્જેલા કલેશો[4] હોય તેમ પોતાના મસ્તકના કેશનો પાંચ મુષ્ટિ વડે લોચ કર્યો. તત્કાલ ઇંદ્રે તે કેશને પોતાના વસ્ત્રના છેડામાં શેષાની[5] પેઠે લઇ ક્ષીરસમુદ્રમાં ક્ષેપન કર્યા ક્ષીરસમુદ્રથી પાછા આવીને ઇંદ્રે તરત જ દ્વારપાળની જેમ સુર, અસુર અને મનુષ્યોના કોલાહળને મુષ્ટિ સંજ્ઞા વડે નિવૃત્ત કર્યો. પછી 'સર્વ સાવદ્ય યોગનું હું પ્રત્યાખ્યાન કરૂં છું.' એમ બોલતા પ્રભુએ દેવતા વિગેરે પર્ષદાની સમક્ષ ચરિત્રનો સ્વીકાર કર્યો. જાણે કેવળજ્ઞાનનો એક સત્યંકાર[6] હોય તેવું

૧. સૂર્ય ચંદ્રજેવા. ૨. બાજુબંધ ૩. વીરવલય. ૪ કર્મો. ૫ પ્રસાદી. ૬ કોલ.

મનઃપર્યવ નામે ચોથું જ્ઞાન તેજ વખતે પ્રભુને પ્રાપ્ત થયું.[૧] તે વખતે જાણે અગ્નિમાં નાખેલા હોય તેમ એકાંત દુઃખ વડે દગ્ધ થયેલા નારકી જીવોને ક્ષણવાર સુખ થયું. દીક્ષાને ગ્રહણ કરતા ત્રિલોક પતિની સાથે એક હજારરાજાઓએ પણ તૃણની જેમ રાજ્યનો ત્યાગ કરી, સ્વેચ્છાએ દીક્ષા ગ્રહણ કરી. પછી ઇંદ્રે ભગવાનને નમસ્કાર કરી, અંજલિ જોડીને ભક્તિથી ભરપૂર વાણીથી આ પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

" ચાર પ્રકારના જ્ઞાનને ધારણ કરનારા, ચતુર્વિધ ધર્મને બતાવનારા અને ચાર " પ્રકારની ગતિવાળા પ્રાણીઓના ગણને પ્રીતિ આપનારા હે પ્રભુ ! તમે જય પામો " હે ત્રણ જગતના પતિ તીર્થંકર ! આ ભારત ક્ષેત્રની ભૂમિને ધન્ય છે કે જેમાં જંગમ " તીર્થરૂપ તમે વિહાર કરશો. હે નાથ ! જેમ પંકજ (કમળ) કાદવમાંથી ઉત્પન્ન " થાય છે તથાપિ તે કાદવની સાથે લેપાતું નથી, તેમ તમે સંસારમાં વસો છો તે છતાં " તેમાં લિપ્ત થતા નથી. હે જગત્ પ્રભુ ! કર્મરૂપી પત્રને છેદવામાં સમર્થ ખડ્ગ " ધારા જેવું તમારું આ મહાવ્રત જય પામે છે. તેમ મમતારહિત છતાં કૃપાળુ છો, " નિર્ગ્રંથ છતાં મોટી ઋદ્ધિ વાળા છો, તેજસ્વી છતાં સૌમ્ય છો અને ધીર છતાં સંસા- " રથી ભય પામેલા છો. મનુષ્ય છતાં દેવતાઓને અત્યંત પૂજવા યોગ્ય એવા તમે " વિહાર કરીને વિશ્વને તારનારૂં પારણું કરાવશો. હે સ્વામી ! રોગીને ઔષધની જેમ " અવિરતી એવા મને મોટા ઉપકારને ઉત્પન્ન કરનારૂં તમારૂં દર્શન થયેલું છે. હે ત્રણ " જગતના નાથ ! હું તમારી પાસે એટલું માગું છું કે મારૂં મન તમારામાં જાણે વ્યાપ્ત " હોય, કોતરાયેલું હોય અને હંમેશાં જોડાએલું હોય તેમ રહ્યા કરજો."

આ પ્રમાણે સ્તુતિ કરીને શક્ર ઇંદ્ર તથા અચ્યુતાદિ ઇંદ્રો પ્રભુના સાન્નિધ્યને સ્મરણ કરતા કરતા પોત પોતાને સ્થાનકે ગયા. બીજે દિવસે એજ નગરીમાં પ્રભુ, **સુરેંદ્રદત્ત** રાજાને ઘેર પારણું કરવાની ઇચ્છાથી ગયા. પ્રભુને આવેલા જોઈ રાજા ઉભો થયો અને ભક્તિથી નમસ્કાર કરી ઉત્તમ દુધપાક (ક્ષીર) લઇને 'આ ગ્રહણ કરો' એમ કહેવા લાગ્યો. જગતમાં અદ્વિતીય પાત્રરૂપ એવા પ્રભુએ તે પાયસાન્નને એષણીય, કલ્પનીય અને પ્રાસુક ધારીને પોતાના હસ્તરૂપી પાત્રમાં ગ્રહણ કર્યું. સ્વાદમાં જેનું મન અલુબ્ધ છે એવા પ્રભુએ તે પાયસાન્નથી દાતારને કલ્યાણ કરનારૂં અને ફક્ત પ્રાણને ધારણ કરનારૂં પારણું કર્યું. તે વખતે દિગ્ગજની ગર્જના જેવો દુંદુભિનો નાદ થયો, તુટી ગયેલી મોતીની માળા-માંથી મોતી ખરીપડે તેમ આકાશમાંથી દિવ્ય વસુ (ધન) ની ધારા થઇ, નંદન વનનું જાણે સર્વસ્વ હોય તેવા પુષ્પોની વૃષ્ટિ થઇ, દિગ્ગજોના મદના જેવો સુગંધી જળનો વર્ષાદ થયો, જાણે એક રાશે ધરી રાખ્યા હોય તેમ દેવતાઓએ વસ્ત્રનો ઉત્ક્ષેપ કર્યો અને 'અહોદાન, મહાદાન તથા સુદાન' એવી આકાશ વાણી થઈ. જે ઠેકાણે ભગવંતે પારણું કર્યું તે ઠેકાણે સુરેંદ્રદત્તે એક સુવર્ણ મણિમય પીઠ રચાવ્યું. રાજા સુરેંદ્રદત્ત પ્રભુના ચરણની પેઠે તે પીઠની ત્રિકાલ પૂજા કરતો અને પૂજા કર્યા શિવાય કદિપણ જમતો નહીં.

ભગવાન્ સંભવનાથ પ્રભુએ ત્યાંથી નીકળીને અનેક ગ્રામ, દ્રોણમુખ, નગર, ખાણ, કર્બટ, ખેટ, મંડળ, પત્તન, વન અને બીજા નવાં નવાં સ્થાનોમાં એકાગ્ર દૃષ્ટિ રાખી ચૌદ વર્ષ સુધી વિહાર કર્યો. વિહાર કરતાં કરતાં પ્રભુ નવા નવા અભિગ્રહો કરતા હતા, ઉદ્વેગ શિવાય બાવીશ પરિસહોને સહન કરતા હતા, મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાય-

૧ વિપુળમતિ મનઃ પર્યવજ્ઞાન જેને થાય તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ જરૂર થાય જ છે.

ગુપ્તિને ધારણ કરતા હતા, પાંચ સમિતિનો સ્વીકાર કરતા હતા અને મૌન રાખી નિર્ભયપણે સ્થિર રહેતા હતા. અનુક્રમે સહસ્રામ્ર વનમાં સાળવૃક્ષની નીચે શુકલ ધ્યાનને બીજે પાયે વર્ત્તતા પ્રભુએ કાયોત્સર્ગ કર્યો. ધ્યાનમાં વર્ત્તતાં પ્રભુને વૃક્ષના સુકાં પત્ર જેમ ખરી પડે તેમ તેમ ચાર પ્રકારના ઘાતિકર્મ ક્ષય થઇ ગયાં, એટલે કાર્તિક માસના કૃષ્ણ પક્ષની પંચમીને દિવસે ચંદ્રમાં મૃગશિર નક્ષત્રમા આવ્યે સતે, છઠ્ઠ તપ કર્યો છે જેણે એવા પ્રભુને ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન કાળની સર્વ વસ્તુને બતાવવામાં જામીન રૂપ ઉજ્જવળ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તે વખતે પરમાધાર્મિકોએ કરેલા, ક્ષેત્રથી ઉત્પન્ન થયેલા અને પરસ્પર નિપજાવેલા દુઃખોનો નાશ થવાથી નારકીઓને પણ ક્ષણવાર સુખથયું અને સર્વ સુર અસુરના ઇંદ્રો પોતાના આસન ચલિત થવાથી કેવળજ્ઞાનનો મહિમા કરવાને ત્યાં આવ્યા.

પછી સમવસરણ કરવાને માટે વાયુકુમાર દેવતાઓએ એક યોજન સુધી પૃથ્વીને સાફ કરી અને મેઘકુમાર દેવોએ તેમાં સુગંધી જળનો છંટકાવ કર્યો. પછી વ્યંતરોએ સુવર્ણ અને રત્નના પાષાણોથી ભૂમિને બાંધી લીધી અને તે ઉપર પાંચ વર્ણના પુષ્પો વેરી દીધાં. તે પછી તેઓએ ચારે દિશાઓમાં શ્વેત છત્ર, ધ્વજા, સ્તંભ અને મઘરમુખાદિ ચિન્હોથી સુશોભિત એવાં ચાર તોરણો વિકુર્વ્યાં. તેમની વચમાં ભવનપતિઓએ રત્નની પીઠ બનાવી તેની ચોતરફ સુવર્ણના કાંગરાવાળો રૂપાનો કિલ્લો રચ્યો. તેની મધ્યમાં જ્યોતિષ્ક દેવોએ, પૃથ્વી રૂપી સ્ત્રીનું જાણે કંકણ હોય તેવો રત્નના કાંગરાવાળો સુવર્ણનો કિલ્લો કર્યો. તેની ઉપર વિમાનપતિઓ (વૈમાનિકો) એ મણિકયના કાંગરાવાળો રત્નમય કિલ્લો કર્યો. પ્રત્યેક કિલ્લાને ચાર ચાર દરવાજા મૂકયા. બીજા મધ્યના કિલ્લાની અંદર ઈશાન કૂણમાં દેવતાઓએ એક દેવછંદ રચ્યો. ત્રીજા કિલ્લાની પૃથ્વીના મધ્યભાગમાં વ્યંતરોએ બે કોશ અને આઠસો ધનુષ ઊંચું એક ચૈત્યવૃક્ષ બનાવ્યું. તેની નીચે મણિમય પીઠ બાંધીને એક પાદપીઠવાળું રત્નનું સિંહાસન કર્યું. તે દેવછંદ ઉપર ત્રણ સુંદર છત્રો રચ્યાં, બે પડખે ચંદ્રના જેવા ઉજ્જવળ ચામર ધારણ કરાવી બે યક્ષોને રાખ્યા, અને પરમ પ્રભુના ધર્મચક્રિપણાને સૂચવતું પ્રકાશમાન ધર્મચક્ર સમોસરણના આગળના ભાગમાં સ્થાપન કર્યું. પછી દેવતાઓએ સંચાર કરેલા સુવર્ણના નવ કમલ ઉપર ચરણને આરોપણ કરતા અને કોટી દેવતાઓએ વીંટાયેલા પ્રભુએ પૂર્વ દ્વારથી સમોસરણમાં પ્રવેશ કર્યો. ત્યાં જઈ ચૈત્યવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા દઈ **'नमस्तीर्थाय'** એમ બોલીને પ્રભુ દેવછંદમાં રહેલા સિંહાસનપર પૂર્વાભિમુખે આરૂઢ થયા. તરત જ વ્યંતરોએ સ્વામીના પ્રભાવથી બીજી ત્રણ દિશાઓમાં પણ રત્નના સિંહાસન ઉપર પ્રભુનાં પ્રતિબિંબોને સ્થાપન કર્યાં. તે સમયે પ્રભુના મસ્તકના પાછલા ભાગમાં ભામંડળ થયું, આગળના ભાગમાં ઇંદ્રધ્વજ થયો, અને આકાશમાં દુંદુભિનો નાદ થયો. પછી પૂર્વદ્વારથી પ્રવેશ કરી અને પ્રભુને નમસ્કાર કરીને સાધુઓ અગ્નિકૂણમાં બેઠા અને વૈમાનિક સ્ત્રીઓ તથા સાધ્વીઓ તેમની પાછળના ભાગમાં ઉભી રહી. ભવનપતિ, જ્યોતિષ્ક અને વ્યંતરની સ્ત્રીઓ દક્ષિણ દ્વારથી પ્રવેશ કરી પ્રભુના ચરણને નમી નૈઋતકૂણમાં બેઠી. ભવનપતિ, જ્યોતિષ્ક અને વ્યંતર દેવતાઓ પશ્ચિમ દ્વારથી પ્રવેશ કરી પ્રભુને નમી વાયવ્યકૂણમાં અનુક્રમે બેઠા. વૈમાનિક દેવતા, નર અને નારીઓ ઉત્તર દ્વારથી પ્રવેશ કરી સ્વામીને નમી અનુક્રમે ઇશાનદિશામાં બેઠા. એવી રીતે પહેલા કિલ્લામાં શ્રીમાન્ ચતુર્વિધ સંઘ, બીજા કિલ્લામાં તિર્યંચ અને ત્રીજા કિલ્લામાં સર્વ વાહનો ગોઠવાયાં. પછી શક્રઇંદ્રે સ્વામીને નમસ્કાર કરી અંજલિ જોડીને ભક્તિ સહિત વાણીથી આ પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

" હે પ્રભુ ! તમે ન બોલાવ્યા છતાં પણ સર્વના સહાયકારી છો, કારણ શિવાય "વાત્સલ્યવાન છો, પ્રાર્થના કર્યા વગર પણ ઉપકારી છો અને સંબંધ વગરના બાંધવ "છો. તેથી હે નાથ ! અભ્યંગ કર્યા વગર સ્નિગ્ધ હૃદયવાળા, મલાપકર્ષણ વિના ઉજ્જ્વળ "વચનને બોલનારા, પ્રક્ષાલન કર્યા વગર નિર્મલ શીલવાળા અને શરણ કરવાને લાયક "એવા તમારા શરણનો હું આશ્રય કરું છું. હે સ્વામી ! શાંત છતાં વીર વ્રતવાળા, "શમતાવાન અને સર્વમાં સરખી રીતે વર્ત્તનારા એવા તમોએ કર્મરૂપી કુટિલ કાંટાને "અત્યંત કૂટી નાખ્યા છે. અભવ[1] છતાં મહેશ, અગદ[2] છતાં નરકને છેદનાર (કૃષ્ણ) "અને [3]અરાજસ છતાં બ્રહ્મરૂપ એવા તમને અમે નમસ્કાર કરીએ છીએ. હે પ્રભુ ! સિંચન "કર્યા શિવાય ફલદ્રુપ અને પડવા વગર મોટા વધેલા એવા તમે સંકલ્પ રહિત કલ્પવૃક્ષ "છો. માટે તમારાથી મને મોટું ફળ પ્રાપ્ત થાઓ. હે સ્વામી ! દ્રવ્યાદિ સંગરહિત, "મમતાએ વર્જિત, કૃપાળુ, મધ્યસ્થ અને જગતને પાલન કરનાર એવા આપ જિનેશ્વરના "હું કોઇપણ પ્રકારના ત્રિશૂળાદિ ચિન્હ વિનાનો કિંકર છું. હે નાથ ! નહીં ગોપવેલા " રત્નના નિધિરૂપ, વાડ વિનાના કલ્પવૃક્ષરૂપ અને નહીં ચિંતવેલા ચિંતામણિરૂપ એવા "તમારે વિષે આ મારા આત્માને મેં અર્પણ કરેલો છે. હે પ્રભુ ! હું ફલની ચિંતાથી "રહિત છું અને તમારી મૂર્તિ ફલરૂપજ છે તેથી 'શું કરવું' એવા વિચારમાં જડ થયેલા "મને, મારે શું કરવું જોઈએ તે બતાવવાનો પ્રસાદ કરો."

આ પ્રમાણે સ્તુતિ કરીને ઈંદ્રના વિરામ પામ્યા પછી ભગવાન્ સંભવ પ્રભુએ વિશ્વનો ઉપકાર કરવાની ઇચ્છાથી આવી રીતે દેશના દેવાનો આરંભ કર્યો.

"આ સંસારમાં વસ્તુતાએ સર્વ વસ્તુ અનિત્ય છે, તથાપિ પ્રથમ લાગતી સહજ "માત્ર મીઠાશના સુખને માટે પ્રાણીઓને તેમાં મૂર્છા રહ્યા કરે છે. પોતાથી, બીજાઓથી "અને બધી તરફથી જેઓને આપત્તિ હમેશાં આવ્યા કરે છે એવા પ્રાણીઓ યમરાજના "દાંતરૂપ યંત્રમાં રહીને પણ અહા ! કેવા કષ્ટથી જીવે છે ! અનિત્યતા વજ્ર જેવા દેહોને "પણ સપડાવે છે, તો આ કદલીના ગર્ભજેવા પ્રાણીઓની તો શી વાત કરવી ! જો કોઇ "આ અસાર શરીરને સ્થિર કરવાને કોઈ ઇચ્છે તો તે જુના અને સડેલા ઘાસના બના-વેલા ચાડીઆના પુરુષનેજ સ્થિર કરવાને ઇચ્છે છે એમ સમજવું. મરણરૂપી વાઘની "મુખગુફામાં વસનારા પ્રાણીઓનું રક્ષણ કરવાને માટે મંત્ર, તંત્ર અને ચિકિત્સા સર્વે "નકામા છે. જેમ જેમ પુરૂષ વયમાં વધતો જાય છે તેમ તેમ પ્રથમ તેને જરાવસ્થા "ગ્રસ્ત કરતી જાય છે અને પછી તેને માટે યમરાજ ત્વરા કરે છે. 'અહા ! પ્રાણીઓના "જન્મને ધિક્કાર છે!' આ શરીર યમરાજાને વશ રહેલું છે, એમ જો ખરેખરું જાણવામાં "આવે તો પછી કોઇ પણ પ્રાણી અન્નના ગ્રાસને ગ્રહણ કરી શકે નહીં તો પાપ કર્મની "તો વાતજ શી કરવી ! જેમ પાણીમાં પરપોટા ઉત્પન્ન થઈ થઇને વિલય પામી જાય "છે તેમ પ્રાણીઓનાં શરીર ક્ષણ ક્ષણમાં ઉત્પન્ન થઇને વિલય પામે છે. સમદૃષ્ટિવાળો "કાળ, ધનાઢ્ય કે નિર્ધન, રાજા કે રાંક, સમજુ કે મૂર્ખ અને સજ્જન કે દુર્જન સર્વનો "સરખી રીતે સંહાર કરવાને પ્રવર્ત્તે છે. એ કાળને ગુણમાં દાક્ષણ્યતા નથી અને દોષોમાં

---

૧ અરાજસ-રજોભાવ જે વિષયાભિલાષ તે જેને નથી એવા. આ વિરોધાભાસ અલંકાર છે. ૨ અભવ-શંકર નહીં અથવા જેને ભવ કરવા રહ્યા નથી એવા. ૩ અગદ-ગદા નામના આયુધને નહીં ધારણ કરનારા અથવા ગદ જે રોગ તે જેને નથી એવા.

"દ્વેષ નથી, પણ તે તો મોટા અરણ્યને દાવાનળની જેમ સર્વ પ્રાણીઓનો સંહારજ કર્યા "કરે છે. કુશાસ્ત્રથી મોહ પામેલા પુરૂષોએ 'કોઇપણ ઉપાયથી આ કાયા નિરપાય થાય' "એવી શંકા પણ કરવી નકી. જેઓ મેરુપર્વતનો દંડ અને પૃથ્વીનું છત્ર કરવાને સમર્થ "હોય છે તેઓ પણ પોતાને વા બીજાને મૃત્યુથી બચાવવાને સમર્થ થતા નથી. ક્રીડાથી "માંડીને ઇંદ્રિ સુધી તે યમરાજનું શાસન સમર્થ રીતે પ્રવર્ત્તે છે. તેમાંથી કોઇ રીતે કાળને "વંચના કરવાની વાત ડાહ્યા માણસ તો બોલેજ નહીં. કદિ કોઇએ પોતાના પૂર્વજોમાં કોઇને "પણ જો જીવતો રહેલો જોયેા હોય તો તે કાળને વંચના કરવાની વાત ન્યાયમાર્ગથી "ઉલટી રીતે પણ સંભવે ખરી, પણ તેવું તો જણાતું "નથી. 'બલ અને રૂપને હરણ તો "કરનારી વૃદ્ધાવસ્થાથી શિથિલ થવાય છે' એ વાતના અનુભવથી વિદ્વાન્ પુરૂષોને "યૌવનવય અનિત્ય છે' એવી ખાત્રી થવીજ જોઇએ. કામિનીઓ કામદેવની લીલાથી યૌવન "વયમાં જેઓની ઇચ્છા કરતી હતી, તેજ પુરૂષોને વૃદ્ધાવસ્થામાં તેઓ થુંકી થુંકીને "ત્યજી દે છે. ધનવાન પુરૂષોએ જે ધન ઘણા કલેશથી મેળવી ઉપભોગ કર્યા વગર "રક્ષણ કરીને એકઠું કરી રાખ્યું હોય છે તે પણ ક્ષણવારમાં વિનાશ પામી જાય છે. "જોતજોતામાં અવશ્ય નાશ પામી જતાં એવાં ધનવાનનાં ધનને ચીણ, પરપોટા અને "વિજળીની ઉપમા કેમ ન આપી શકાય ? પોતાનો વા બીજાનો ગમે ત્યાં ન્યાસ કરો "તેમજ વિકાર કે અપકાર કરો, પણ આ સંસારમાં મિત્ર કે બંધુજનોના જે સમાગમો "છે તે છેવટે વિનાશ પામનારા છે. જેઓ હમેશાં અનિત્યતાનું ધ્યાન કરે છે તેઓ પોતાનો "પુત્ર મૃત્યુ પામી જાય તો પણ તેનો શોક કરતા નથી; અને જે મૂઢ નિત્યતાનો આગ્રહ "રાખે છે તે પોતાની એક દિવાલ પડી જાય ત્યારે પણ રૂદન કરે છે. શરીર, યૌવન, ધન "અને બંધુ વિગેરેજ "ફકત અનિત્ય છે એમ નથી, પણ આ સઘળું સચરાચર જગતજ "અનિત્યપણે રહેલું છે. આવી રીતે આ સર્વને અનિત્ય જાણીને પ્રાણીઓએ પરિગ્રહનો ત્યાગ "કરી નિત્ય સુખવાળું શાશ્વત્ પદ (મોક્ષ) મેળવવાને માટે પ્રયત્ન કરવો."

આ પ્રમાણે પ્રભુની દેશના સાંભળીને તત્કાળ ઘણા પુરૂષો અને સ્ત્રીઓએ સ્વામીના ચરણકમળની પાસે દીક્ષા ગ્રહણ કરી. પછી ચારૂ વિગેરે ગણધરોને પ્રભુએ સ્થિતિ, ઉત્પાદ અને નાશ એવી ત્રિપદીનો ઉદ્દેશ કર્યો. એ ત્રિપદીને અનુસરીને એકસો ને બે ગણધરોએ ચૌદપૂર્વ સહિત દ્વાદશાંગી રચી. પછી પ્રભુએ ઉઠી ઇંદ્રે લાવેલો વાસક્ષેપ તેમના ઉપર નાખીને તેમને દ્રવ્યાદિકવડે અનુયોગ તથા ગણની અનુજ્ઞા આપી. તે સમયે દેવતા અને મનુષ્યોએ પણ દુંદુભિનો અવાજ કરી ગણધરોની ઉપર વાસક્ષેપ કર્યો અને તે ગણધરો પ્રભુની વાણીને ગ્રહણ કરવાને ઉભા રહ્યા. પછી પ્રભુએ પૂર્વાભિમુખે ફરીવાર દિવ્ય સિંહાસનપર બેસીને તે ગણધરોને શિક્ષારૂપ દેશના આપી. પછી જયારે પહેલી પૌરૂષી પૂર્ણ થઈ ત્યારે પ્રભુએ દેશના સમાપ્ત કરી. તે વખતે રાજભવનમાંથી આઢક પ્રમાણ શાળીનો બળિ આવ્યો, તે બળિને આકાશમાં ઉડાડયો એટલે તેમાંથી ખરી પડેલો અર્દ્ધ ભાગ આકાશમાંથી દેવતાઓએ લીધો અને બીજો અર્ધ ભાગ રાજાએ અને બીજા લોકોએ હર્ષથી સમભાગે વહેંચી લીધો. પછી તીર્થંકર ભગવાને ઉઠી ઉત્તર દ્વારથી નીકળીને જો કે પોતે શ્રાંત થયા ન હતા તો પણ બીજા ગઢમાં રચેલા દેવછંદ ઉપર વિસામો લીધો; કારણકે એવી મર્યાદા છે. પછી ગણધરોના અગ્રણી ચારૂ ગણધરે પ્રભુના ચરણપીઠ ઉપર બેસીને સ્વામીના પ્રભાવથી સંશયને છેદનારી દેશના આપી. બીજી પોરસી પૂર્ણ થઈ એટલે ચારૂ ગણધર કાળવેળાએ જેમ શાસ્ત્રના અધ્યયનથી વિરામ પામે તેમ દેશનાવિધિથી વિરામ પામ્યા. તે પછી સુર, અસુર અને

રાજાઓ વિગેરે જેમ ઉત્સવ ઉપર આવેલા લોકો ઉત્સવ વીત્યા પછી ચાલ્યા જાય તેમ પ્રભુને નમસ્કાર કરીને હર્ષથી પોતપોતાને સ્થાનકે ગયા.

તે સંભવનાથ સ્વામીના તીર્થમાં ત્રિમુખ નામે એક યક્ષ ઉત્પન્ન થયો. તેને ત્રણ નેત્ર, ત્રણ મુખ અને છ હાથ હતાં; તેનો શ્યામવર્ણ હતો, મયૂરનું તેને વાહન હતું, જમણી તરફની ત્રણ ભુજાઓમાં તેણે નકુલ, ગદા અને અભયને ધારણ કર્યાં હતાં અને ડાબી તરફની ત્રણ ભુજાઓમાં બીજોરૂં, માળા અને અક્ષસૂત્ર રાખેલાં હતાં. તેવીજ રીતે તે તીર્થમાં દુરિતારિ નામે એક દેવી (યક્ષણી) ઉત્પન્ન થઈ. તેને ચાર ભુજાઓ હતી, વર્ણ ગૌર હતો અને મેષનું વાહન હતું. દક્ષિણ તરફની બે ભુજાઓમાં વરદ અને અક્ષસૂત્રથી અને વામ તરફની બે ભુજાઓમાં સર્પ અને અભયથી તે શોભી રહ્યા હતા. એ ત્રિમુખ યક્ષ અને દુરિતારિ દેવી બંને પ્રભુના શાસનદેવતા થયા. તેઓ નિરંતર પ્રભુની પાસે આત્મરક્ષકની જેમ રહેવા લાગ્યા. તે પછી ચોત્રીશ અતિશયવાળા સંભવનાથ પ્રભુએ સાધુઓના પરિવાર સાથે તે સ્થાનથી બીજે વિહાર કર્યો.

વિહાર કરતાં પ્રભુને બે લાખ સાધુઓ, ત્રણ લાખ અને છત્રીશ હજાર સાધ્વીઓ, બે હજાર અને દોઢસો ચૌદ પૂર્વધારી, નવ હજાર અને છસો અવધિજ્ઞાની, બાર હજાર અને દોઢસો મનઃપર્યવજ્ઞાની, પંદર હજાર કેવળજ્ઞાની, ઓગણીશ હજાર અને આઠસો વૈક્રિય લબ્ધિવાળા, બાર હજાર વાદ લબ્ધિવાળા (વાદી), બે લાખ ને ત્રાણુ હજાર શ્રાવકો અને છ લાખ ને છત્રીશ હજાર શ્રાવીકાઓનો પરિવાર થયો. પ્રભુએ કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ચાર પૂર્વાંગ અને ચૌદ વર્ષોથી ન્યૂન એવા એક લાખ પૂર્વ સુધી વિહાર કર્યો. પછી સર્વજ્ઞ પ્રભુ પોતાનો મોક્ષકાળ સમીપ જાણીને પરિવાર સહિત સમેતશિખર પર્વતે આવ્યા. ત્યાં તેમણે એક હજાર મુનિઓ સાથે પાદપોપગમ અનશન કર્યું. તે વખતે સુર અસુરોના ઇંદ્રો પરિવાર સાથે ત્યાં આવીને ભક્તિથી પ્રભુની સેવા કરવા લાગ્યા. એક માસને અંતે પર્વતની જેમ નિષ્કંપ એવા પ્રભુએ સર્વ યોગને નિરોધ કરનારૂં શૈલેશી નામે છેલ્લું ધ્યાન પ્રાપ્ત કર્યું, અને ચૈત્ર માસની શુકલ પંચમીને દિવસે ચંદ્ર મૃગશિર નક્ષત્રમાં આવતાં, ચાર અનંતને સિદ્ધ કરતા એવા સંભવનાથ પ્રભુ નિર્બાધ પદ (મોક્ષ)ને પામ્યા. જાણે પ્રભુના અંશ હોય તેવા નિર્મળ એક હજાર મુનિઓ પણ તેજ વિધિથી તેજ પદને પામ્યા. પ્રભુએ કુમારપણામાં પંદર લાખ પૂર્વ, રાજ્યમાં ચાર પૂર્વાંગ સહિત ચુંમાલીશ લાખ પૂર્વ અને દીક્ષામાં ચાર પૂર્વાંગે વર્જિત એક લાખ પૂર્વ એવી રીતે એકંદર સાઠ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવ્યું અને અજિતનાથ સ્વામીના નિર્વાણ પછી ત્રીશ લાખ કોટી સાગરોપમ ગયા ત્યારે સંભવનાથ પ્રભુ નિર્વાણપદને પામ્યા. સંભવનાથ પ્રભુનો શરીરસંસ્કાર તેમજ બીજું પણ જે યોગ્ય કર્મ હતું તે ઇંદ્રોએ યથાવિધિ કર્યું. પછી પ્રભુની દાઢો પણ તેઓએ યથાયોગ્ય વહેંચી લીધી અને દેવતાઓએ દાંત તથા અસ્થિઓ ગ્રહણ કર્યાં. પછી ઇંદ્ર અને દેવતાઓ પોતપોતાને સ્થાને ગયા; ત્યાં પ્રભુનાં અસ્થિઓ માણવ સ્તંભની ઉપર પૂજન કરવાને માટે તેઓએ ઉત્કર્ષ રીતે સ્થાપન કર્યાં. **તીર્થંકરોનું શું પૂજવા લાયક નથી ? અર્થાત્ સર્વ દેહ પૂજન કરવા યોગ્ય છે.**

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्ठिशलाकापुरुषचरिते
महाकाव्ये तृतीये पर्वणि श्रीसंभवस्वामिचरितवर्णनो
नाम प्रथमः सर्गः ॥ १ ॥

દ્વિતીય સર્ગ.

શ્રી અભિનંદનસ્વામી ચરિત્ર.

ગુણરૂપી વૃક્ષની સમૃદ્ધિને વધારનાર અને જગત્‌ને આનંદ કરનાર **સંવર** રાજાના પુત્ર **શ્રી અભિનંદન** સ્વામીને હું વંદના કરૂં છું. ભવ્યજનોની મોહનિદ્રાને નાશ કરવામાં પ્રાતઃકાળરૂપ અને તત્વજ્ઞાનરૂપ અમૃતના કુંભરૂપ તે પ્રભુનું ઉજ્જવળ ચરિત્ર હવે કહું છું.

આ જંબૂદ્વીપના પૂર્વવિદેહમાં મંગળીક કાર્યોના ઉત્પત્તિસ્થાન તુલ્ય **મંગલાવતી** નામે એક સુંદર વિજય છે. તેમાં સમુદ્રની પેઠે સર્વ રત્નોની ખાણ અને પૃથ્વીના મસ્તકપર રત્નરૂપ **રત્નસંચયા** નામે સર્વ નગરીઓમાં રત્ન સમાન નગરી છે. તેમાં લક્ષ્મીથી કુબેર જેવો અને બલથી જાણે બીજો મહાબલ હોય તેવો **મહાબલ** નામે રાજા રાજ્ય કરે છે. ગંગા, સિંધુ અને રોહીતાશા નામની ત્રણ નદીઓથી જેમ હિમાચલ શોભે તેમ ઉત્સાહ, મંત્ર અને પ્રભુતા એ ત્રણ શક્તિઓથી તે શોભતો હતો. ચાર દાંતોથી યુવાન ગજેંદ્રની જેમ શત્રુવાર્ગને જીતનારા ચાર ઉપાયોથી[1] તે પ્રકાશી રહ્યો હતો. બુદ્ધિનો નિધિ એ રાજા અર્હંત દેવને, સાધુ ગુરૂને અને જિનોપજ્ઞ ધર્મને જ હમેશાં માનતો હતો. દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારના ધર્મમાં તે હમેશાં રમતો હતો, કારણ કે **મહાપુરૂષોનું પુણ્ય પુણ્યાનુબંધી જ હોય છે.**

આવો તે વિવેકી મહારાજા સર્વ ઠેકાણે અનિત્યતા જાણી અને સંસારથી ઉદ્વેગ પામી ફક્ત દેશ માત્ર આશ્રયના ત્યાગી એવા શ્રાવકધર્મના આરાધનથી સંતુષ્ટ થયો નહીં, તેથી ઇંદ્રિયોને દમન કરનારાઓમાં શ્રેષ્ઠ એવા તેણે **વિમલસૂરિના** ચરણ પાસે આવી સર્વવિરતિપણું અંગીકાર કર્યું. સાધુપણે વિચરતો એ રાજા દુર્જનોની નિંદાથી હૃદયમાં ખુશી થતો હતો અને સજ્જનોએ કરેલી પૂજાથી ઉલટો લજ્જા પામતો હતો. પાપી લોકો તેને કલેશ પમાડતા તોપણ તે જરા પણ ઉદ્વેગ પામતો નહીં, અને મોટા લોકો પૂજા કરતા તો પણ જરાપણ ગર્વ ધરતો નહીં. રમણીય ઉદ્યાન વિગેરેમાં વિહાર કરતો પણ તેમાં તેને રાગ થતો નહીં અને સિંહ વ્યાઘ્ર વિગેરેથી ભયંકર અરણ્યોમાં વિહાર કરવાથી તેને વિરાગ થતો નહીં. હેમંતઋતુમાં હિમ પડવાથી ગહન રાત્રિઓને, હાથીના આલાનસ્તંભની જેમ નિશ્ચલપણે કાયોત્સર્ગ કરીને નિર્ગમન કરતો હતો. સૂર્યની ગરમીથી ભયંકર ગ્રીષ્મ ઋતુમાં તડકે રહીને કાઉસગ્ગ કરતાં છતાં પણ અગ્નિથી પવિત્ર કરેલા વસ્ત્રની જેમ ચળકતો હતો. વર્ષાઋતુમાં હાથીની પેઠે ધ્યાનવડે બે નેત્રને સ્થિર કરી વૃક્ષ નીચે પ્રતિમા ધારણ કરીને[2] રહેતો હતો. જેમ ઋણ રહિત પુરૂષ વ્યાપારમાં ધન એકઠું કરે તેમ એકાવળી અને રત્નાવળી વિગેરે અનેક પ્રકારનાં તપ કરીને તપસંપત્તિ મેળવી હતી. તેમણે વીશ સ્થાનકોમાંના કેટલાએક સ્થાનકોના આરાધનવડે છેવટે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. અને દીર્ઘકાળ પર્યંત વ્રત પાળી અનશન લઈ મૃત્યુ પામીને વિજય વિમાનને વિષે મહર્દ્ધિક દેવતા થયા.

---

૧ શામ, દામ, ભેદ, દંડ. ૨ કાઉસગ્ગ કરીને,

આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રની અંદર ઇંદ્રની નગરી જેવી અયોધ્યા નામે પુરી છે. તે નગરીમાં ઘેરઘેર રહેલા મણિમય સ્તંભોમાં પ્રતિબિંબિત થયેલો ચંદ્રમા સ્થાવર પદાર્થોને પણ શૃંગારરૂપ દર્પણની શોભા આપે છે. ત્યાં દરેક ગૃહના આંગણામાં વૃક્ષો ઉપર ક્રીડાની મયૂરીઓએ ખેંચી ખેંચીને હારો લટકાવેલા છે, તેથી તે વૃક્ષો કલ્પવૃક્ષની જેવા જણાય છે. ત્યાં રહેલી ચૈત્યોની શ્રેણીઓ ઝરતા ચંદ્રકાંત મણિઓથી ઝરણાવાલા મોટા પર્વતોની લીલાને વિસ્તારે છે. ચૈત્યની આગળ રત્નોથી બાંધી લીધેલી પૃથ્વીઓમાં તારાઓનાં પ્રતિબિંબો પડે છે, તે દેવતાઓએ મૂકેલી પુષ્પાંજલિ જેવા શોભે છે. જેમાં બાલલલનાઓ ખેલી રહેલી છે એવી ગૃહવાપિકાઓ, જેમાંથી અપ્સરાઓ નીકળે છે એવા ક્ષીરસમુદ્રની લક્ષ્મીને હરી લે છે. તેમાં કંઠ સુધી મગ્ન થયેલી ગૌર અંગવાળી સ્ત્રીઓના મુખોથી એ વાપિકાઓ સુવર્ણના કમળવાળી ક્ષણવાર દેખાય છે. નવીન મેઘથી પર્વત નીચેની ભૂમિઓની જેમ વિશાળ ઉદ્યાનોથી તે નગરીની બહારની ભૂમિઓ શ્યામ રંગે છવાઈ રહી છે. દેવકૃત મોટી ખાઈથી અષ્ટાપદ પર્વતની જેમ મનુષ્યકૃત મોટી ખાઇથી એ નગરીનો કિલ્લો ચોતરફથી વીંટાઈ રહેલો છે. તે નગરીમાં સ્વર્ગને વિષે કલ્પવૃક્ષની જેમ ઘેર ઘેર દાતાર પુરૂષો સુલભ છે, પણ યાચકો દુર્લભ થઈ પડ્યા છે.

એ નગરીમાં ઇક્ષ્વાકુ વંશરૂપી ક્ષીર સમુદ્રમાં ચંદ્ર સમાન અને સર્વ શત્રુઓની લક્ષ્મીને સ્વયંવરપણે વરનાર **સંવર** નામે રાજા છે. આજ્ઞાથીજ સર્વ ભુવનતળને સાધનારા એ રાજાના મ્યાનમાંથી કૃપણના ખજાનામાંથી દ્રવ્યની જેમ કોઈવાર તરવાર બહાર પણ નીકળતી નથી. મોટી ભૂજવાળા અને પોતાના ઉગ્ર પ્રતાપથી સમર્થ એવા એ રાજાએ એક ચંદ્રવાળા આકાશની જેમ સમગ્ર પૃથ્વી એક છત્રવાળી કરી હતી. તેણે પૃથ્વીને દૃઢ રીતેજ ધારણ કરી હતી, નહીંતો દિગ્યાત્રામાં પ્રયાણ કરનાર એ રાજાનાજ સૈન્યના ભારથી પૃથ્વી સહસ્ર રીતે ફાટી જાત. દિશાઓમાંથી દાસીની જેમ ખેંચીને આણેલી ચપલ એવી લક્ષ્મીને પણ તેણે પોતાના ગુણોથી કેદ કરેલી હતી. અન્ય રાજાઓના ઘણા દંડ તેની પાસે આવતા તોપણ તેને કદાપિ ગર્વ થતો નહીં. કારણ કે **નદીઓના જળથી સમુદ્ર જરા પણ ગર્વ ધરતો નથી.** પ્રસન્ન ચિત્તવાળો, હમેશાં નિર્લોભી અને પ્રમાદ રહિત એવો એ રાજા ધનાઢ્ય અને દરિદ્રીમાં મુનિની જેમ સમદૃષ્ટિએ વર્ત્તતો હતો. તે પ્રજાને ધર્મને માટે શિક્ષા કરતો પણ ધનની ઇચ્છાથી કરતો નહીં અને પ્રજાના રક્ષણને માટે શત્રુઓને શિક્ષા કરતો પણ દ્વેષબુદ્ધિથી નહીં. એક તરફ રાજ્યનાં તમામ કાર્યો અને એક તરફ ધર્મનું કાર્ય, એમ તાજવાની માફક સમભાગે તે પોતાના આત્મામાં ધારણ કરતો હતો.

એ સંવર રાજાને **સિદ્ધાર્થા** નામે રાણી હતી. શુદ્ધ વંશમાં ઉત્પન્ન થયેલી અને ગુણોથી મનોહર તે રાણી અંતઃપુરના આભૂષણ રૂપ ગણાતી હતી. વિલાસવડે મંદ એવી ગતિથી અને ઘણી મધુર વાણીથી એ મધુર આકૃતિવાળી રાણી રાજહંસીના જેવી શોભતી હતી. પવિત્ર લાવણ્યની સરિતા રૂપ એ રમણીનાં મુખ, નેત્ર, હાથ અને ચરણ કમલના જેવાં મનોહર હતાં, નેત્રરૂપી કમલમાં જાણે ઇંદ્રનીલ મણિમય હોય, દાંતમાં જાણે મોતીએ જડેલી હોય, અધર પલ્લવમાં જાણે પરવાળાથી વ્યાપ્ત હોય, નખોમાં જાણે પદ્મરાગ મણિથી પ્રચુર હોય, અંગ ઉપર જાણે સુવર્ણમય હોય અને સર્વ અંગે જાણે રત્નમય હોય એવી એ મહારાણી અતિ રમણિક જણાતી હતી. નગરીઓમાં જેમ અયોધ્યા, વિદ્યાઓમાં જેમ રોહિણી અને નદીઓમાં જેમ ગંગા તેમ એ દેવી સતીઓમાં અગ્રેસર હતી. કોઈવાર પ્રેમથી પણ એ નારી પોતાના પતિ ઉપર ગુસ્સે થતી નહીં. કારણ કે **કુલવાન સ્ત્રીઓ,**

વ્રતની જેમ પોતાના પતિવ્રતપણાને અતિચાર લગાડવામાં ભીરૂ હોય છે. પોતાને સર્વ રીતે અનુકૂલ એવી એ પ્રિય રાણીમાં રાજાનો ગળીના રંગની જેમ અવ્યભિચારી પ્રેમ હતો. મદ થવાના સ્થાનોથી અબાધિત રહેનારા એ રાજદંપતી સર્વ ધર્મને હાનિ ન લાગે તેમ વર્તતાં સાંસારિક સુખ ભોગવતા હતા.

આ તરફ મહાબલના જીવે વિજય વિમાનમાં તેત્રીશ સાગરોપમનું આયુષ્ય સુખમાં મગ્નપણે નિર્ગમન કર્યું. પછી આયુ પૂર્ણ થયે વૈશાખ માસની શુકલ ચતુર્થીએ અભિજિત નક્ષત્રમાં ચંદ્ર આવતાં એ મહાત્માનો જીવ ત્યાંથી ચવીને સિદ્ધાર્થા દેવીના ઉદરમાં અવતર્યો. જ્યારે ત્રણ જ્ઞાનને ધારણ કરનાર પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે ત્રણ જગત્‌માં ઉદ્યોત થઇ રહ્યા, અને નારકીના જીવોને પણ ક્ષણવાર સુખ થયું. રાત્રીએ સુખે સુતેલા મહાદેવીએ રાત્રીના છેલ્લા પહોરમાં પોતાના મુખમાં પ્રવેશ કરતાં ચૌદ સ્વપ્નો જોયાં. જેમાં ચાર દાંતવાળો શ્વેતવર્ણી હાથી, કોલરના પુષ્પની જેવો શ્વેત વૃષભ, પહોળા મુખવાળો કેસરીસિંહ, અભિષેકથી મનોહર એવી લક્ષ્મી, પંચવર્ણી પુષ્પની માળા, પરિપૂર્ણ ચંદ્ર, પ્રકાશમાન સૂર્ય, ઘુઘરીઓવાળો ધ્વજ, સુવર્ણનો પૂર્ણ કુંભ, કમળોથી છવાઈ રહેલું સરોવર, ઉછળતા તરંગવાળો સમુદ્ર, મનોહર વિમાન, સુંદર રત્નનો ઢગલો અને ધૂમ્ર રહિત અગ્નિ, આ પ્રકારનાં ચૌદ સ્વપ્નો દેખીને જાગ્રત થઇ દેવીએ રાજાને નિવેદન કર્યાં. હે દેવી ! આ સ્વપ્નોથી તમને ત્રણ જગતનો ઈશ્વર એવો પુત્ર થશે.' એમ નરપતિએ સ્વપ્નનો અર્થ વિચારીને કહ્યું. તરતજ સર્વ ઇન્દ્રોએ પણ ત્યાં આવી એકઠા થઈને સ્વપ્નનો અર્થ કહ્યો કે 'હે દેવી ! તમારા પુત્ર ચોથા તીર્થંકર થશે.' આવું સ્વપ્નનું ફળ સાંળળી દેવીને એવો હર્ષ થયો કે જેના ધક્કાથી નિદ્રા દૂર ચાલી ગઈ અને બાકીની શેષરાત્રિ તેણીએ જાગ્રતપણેજ નિર્ગમન કરી. ત્યારથી કમલના કોશમાં બીજ કોશની જેમ સિદ્ધાર્થા દેવીના ઉદરમાં તે ગર્ભ દિવસે દિવસે ગૂઢ રીતે વધવા લાગ્યો. સિદ્ધાર્થા દેવીએ પણ તે ગર્ભને સુખેથી ધારણ કર્યો; **તેવા પુરૂષોનો અવતાર આખા જગતને સુખ માટેજ થાય છે.**

ગર્ભ ધારણ કર્યા પછી નવ માસ અને સાડાસાત દિવસ જતાં માઘ માસની શુકલ દ્વિતીયાને દિવસે ચંદ્ર અભિચિ નક્ષત્રમાં આવતાં દેવીએ સૂર્યના જેવા તેજસ્વી પુત્રને સુખેથી જન્મ આપ્યો. એ કુમારનો સુવર્ણના જેવો વર્ણ હતો, અને વાનરનું લાંછન (ચિન્હ) હતું. પ્રભુનો જન્મ થતાં ત્રણ લોકમાં ઉદ્યોત થઇ રહ્યો, અને ક્ષણવાર નારકીના પ્રાણીઓને પણ સુખ થયું. તે વખતે દિક્‌કુમારીઓ પોતપોતાના સ્થાનેથી ત્યાં આવીને દેવી અને કુમારનું યથાયોગ્ય સૂતિકર્મ કર્યું. શક્ર ઇંદ્ર પણ પોતાના આસન કંપથી અર્હંતનો જન્મ જાણી પાલક વિમાનમાં બેસીને દેવતાઓ સહિત ત્યાં આવ્યો. વિમાન ઉપરથી ઉતરી પ્રભુના સૂતિકાગૃહમાં પ્રવેશ કરી સ્વામીને અને સ્વામીની માતાને તેણે નમસ્કાર કર્યો. પછી દેવીને અપસ્વાપિની નિદ્રા મૂકી, તેમની પડખે પ્રભુનું પ્રતિબિંબ રાખીને સૌધર્મઇંદ્રે પોતાના પાંચ રૂપ કર્યાં. એક ઇંદ્રે પ્રભુને ધરી રાખ્યા, બીજા ઇંદ્રે છત્ર ધારણ કર્યું, બે ઈંદ્રોએ બે બાજુ ચામર રાખ્યા, અને એક ઇંદ્ર વજ્રને નચાવી નાચતો આગળ ચાલ્યો. પછી ક્ષણવારમાં મેરૂપર્વત ઉપર આવીને અતિપાંડુકબલા નામની શિલા વિષે સિંહાસનપર પ્રભુને ખોળામાં લઇને બેઠો તે વખતે ત્યાં પરિવાર સહિત બીજા ત્રેસઠ ઇંદ્રો પણ આવ્યા, અને જળથી ભરેલા કુંભોવડે વિધિ પ્રમાણે પ્રભુને સ્નાન કરાવવા લાગ્યા. પછી ઇશાન ઇંદ્રે પાંચ રૂપ કરી એક રૂપે પ્રભુને રાખ્યા, એક રૂપે છત્ર ધારણ કર્યું, બેરૂપે બે બાજુ ચામર વિંજવા લાગ્યો, અને એકરૂપે ત્રિશૂળ લઈ આગળ ઉભો રહ્યો. પછી શક્ર

ઇંદ્ર તુષ્ટિને માટે ચાર દિશામાં સ્ફાટિકના ચાર વૃષભ વિકુર્વી, તેમના શૃંગમાંથી થતી જલધારાઓવડે પ્રભુને સ્નાન કરાવ્યું. પછી ચંદનનું વિલેપન કરી, વસ્ત્ર અલંકારાદિક ધારણ કરાવી અને આરાત્રિક ઉતારીને શક્રઇંદ્ર અંજલિ જોડી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.

"ચોથા તીર્થંકર, ચોથા આરા રૂપ આકાશમાં સૂર્ય સમાન અને ચોથા પુરૂષાર્થ " (મોક્ષ)ની લક્ષ્મીને પ્રકાશ કરનાર હે પ્રભુ ! આપ જય પામો. હે નાથ ! લાંબે કાળે " આપનાથી સનાથ થયેલું આ જગત્, હવે વિવેકની ચોરી કરનારા મોહાદિકથી કયારે " પણ ઉપદ્રવને પામશે નહીં. હે પ્રભુ ! આપના પાદપીઠમાં જેનું મસ્તક લોટે છે એવા " મારે વિષે પુણ્યરૂપ પરમાણુંના કણ જેવી આપની ચરણરજ દીર્ઘકાળ સ્થાપન થાઓ. " હે ઇશ ! મારાં નેત્ર આપના મુખને વિષે આસક્ત હોવાથી નહીં જોવા લાયક વસ્તુને " જોવાથી ઉત્પન્ન થયેલા એ નેત્રના મળને હર્ષાશ્રુની ઉર્મીઓવડે ક્ષણવારમાં ધોઈ " નાંખો. હે પ્રભુ ! લાંબા કાળની મમતાના દર્શનથી ઉત્પન્ન થયેલા મારા રોમાંચો " ચિરકાલની અસદ્દર્શન (મિથ્યાદર્શન) ની વાસનાને દૂર કરો. હે નાથ ! મારાં નેત્રો સર્વદા " તમારા મુખને જોઈ વિલાસ પામો. મારા હાથ તમારી ઉપાસના કરો, અને મારા કાન " તમારા ગુણના શ્રોતા થાઓ. હે દેવાધિદેવ ! કુંઠ એવી મારી બુદ્ધિ જો તમારા ગુણને " ગ્રહણ કરવા તરફ ઉત્કંઠાવાળી હોય તો તેનું કલ્યાણ થાઓ, કેમકે તેને બીજાથી " શું થવાનું છે ! હે નાથ! હું તમારો શિષ્ય, દાસ, સેવક અને કિંકર છું એ પ્રમાણે " તમે સ્વીકાર કરો; એથી વધારે બીજું કાંઇપણ હું કહેવા ઇચ્છતો નથી."

આ પ્રમાણે સ્તુતિ કરી શક્ર ઈંદ્ર પાંચરૂપે થઈ, ઇશાન ઈંદ્રની પાસેથી પ્રભુને લઈ, પૂર્વની પેઠે છત્ર વિગેરેને ધારણ કરી ક્ષણવારમાં પાછો પ્રભુને ઘરે પહોચ્યો; ત્યાં પ્રભુની માતાની અવસ્વાપિની નિદ્રા તથા પ્રભુનું પ્રતિબિંબ હરી લઇ સાક્ષાત્ પ્રભુને તે સ્થિતિમાં માતાની પાસે સ્થાપન કર્યા. પછી શક્રઇંદ્ર ત્યાંથી અને બીજા ઇંદ્રો મેરૂ ઉપરથીજ જેમ આવ્યા હતા તેમ પાછા પોતાને સ્થાને ચાલ્યા ગયા. પ્રાતઃકાળે સંવર રાજાએ સર્વ લોકોમાં હર્ષના એક છત્રરૂપ પુત્રનો જન્મોત્સવ કર્યો. જ્યારે પ્રભુ ગર્ભમાં હતા ત્યારે કુળ, રાજ્ય અને નગરી સર્વ અભિનંદ (હર્ષ) પામ્યા હતા. તેથી માતા-પિતાએ તેમનું **અભિનંદન** એવું નામ પાડયું. પોતાના અંગુષ્ટમાંથી ઈંદ્રે સંચારેલા અમૃતનું પાન કરતા અને દેવાંગના રૂપ ધાત્રીઓએ પાલન કરાતા પ્રભુ અનુક્રમે વધવા લાગ્યા. વિચિત્ર પ્રકારનાં રમકડાંઓ હાથમાં રાખીને આવતા એવા સુરઅસુરોના કુમારોની સાથે વિચિત્ર ક્રીડાથી ક્રીડા કરતા એવા પ્રભુએ પોતાનું બાલ્યવય ઉલ્લંઘન કર્યું. ઉદ્યાનનું વૃક્ષ જેમ વસંતને પામે તેમ પ્રભુને સર્વ અંગમાં શોભા કરનારૂં યૌવનવય પ્રાપ્ત થયું. સાડાત્રણસો ધનુષ્ય ઊંચી કાયા, હીંચકાવાળું જાણે વૃક્ષ હોય અથવા લક્ષ્મીના જાણે બે હીંચકા બાંધ્યા હોય તેવી જાનુ પર્યંત લંબાયમાન બે ભુજા, અર્ધચંદ્ર સમાન શોભતું લલાટ અને પૂર્ણચંદ્રની શોભાને અનુસરતા મુખથી પ્રભુ વિશેષ શોભાને પ્રાપ્ત થયા. સુવર્ણમય મેરુપર્વતની શિલા જેવી છાતી, પુષ્ટ સ્કંધ, કૃશ ઉદર, મૃગલીના જેવી જંઘાઓ અને કૂર્મના જેવાં ઉન્નત ચરણથી પ્રભુ મનોહર જણાતા હતા. જો કે પ્રભુ વિષયમાં નિઃસ્પૃહ હતા તોપણ પોતાનું ભોગ્યકર્મ જાણી માતાપિતાની પ્રાર્થનાથી તેમણે અનેક રાજ્યપુત્રીઓની સાથે વિવાહ કર્યો. તારાઓની સાથે ચંદ્રની જેમ તે રાજકુમારીઓની સાથે ક્રીડા કરવાના ઉદ્યાન, સરોવર, વાપી અને પર્વત વિગેરેમાં પ્રભુ સ્વેચ્છાથી વિહાર કરવા લાગ્યા.

એવી રીતે પ્રભુએ અહમિંદ્રની જેમ સુખમાંજ મગ્ન રહીને સાડાબાર લાખ પૂર્વ નિર્ગમન કર્યા; પછી સંવર રાજાએ પ્રભુને પ્રાર્થના કરીને રાજ્યપર બેસાર્યા, અને પોતે પ્રવ્રજ્યારૂપી રાજ્ય ગ્રહણ કર્યું. પ્રભુએ એક ગામની જેમ તે પૃથ્વીનું રાજ્ય લીલામાત્રથી ચલાવા માંડયું; જગત્ને રક્ષણ કરવામાં ચતુર એવા પ્રભુને એટલો પૃથ્વીનુ પાલન કરવું એ શું હિશાબમાં છે ? એ પ્રમાણે રાજ્ય કરતાં પ્રભુને આઠ અંગ સહિત સાડી છત્રીશ લાખ પૂર્વ નિર્ગમન થઈ ગયા.

અનુક્રમે પ્રભુને દીક્ષા લેવાની ઈચ્છા થઇ. તેજ વખતે ભાવને જાણનારા મંત્રીઓની જેમ લોકાંતિક દેવતાઓ આવીને આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરવા લાગ્યા–'હે નાથ ! હવે સંસારવાસથી સર્યું માટે ધર્મતીર્થને પ્રવર્તાવો; તમારા પ્રવર્તાવેલા તીર્થથી બીજા પણ અનેક પ્રાણીઓ આ દુસ્તર સંસારરૂપ સાગરને તરી જશે.' આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરીને લોકાંતિક દેવતાઓ ગયા પછી પ્રભુએ નિદાન (નિયાણા) રહિત વાર્ષિક દાન આપવાનો આરંભ કર્યો. ઇંદ્રની આજ્ઞાથી કુબેરે પ્રેરેલા જૃંભક દેવતા દ્રવ્ય લાવી લાવીને પ્રભુને દાન દેવા માટે પૂરવા લાગ્યા. સાંવત્સરિક દાન દઈ રહ્યા પછી ચોસઠ ઇન્દ્રોએ પ્રભુનો વિધિ સહિત દીક્ષાભિષેક કર્યો. પછી અંગરાગ લગાવી, દીવ્ય વસ્ત્ર અને આભૂષણ ધારણ કરી જગત્પતિ સ્વાર્થસિદ્ધિ કરવાને માટે **અર્થસિદ્ધ** નામની શિબિકા પર આરૂઢ થયા. પ્રથમ મનુષ્યોએ અને પછી દેવતાઓએ એ શિબિકાને ઉપાડી લીધી. શિબિકાપર બેસીને પ્રભુ **સહસ્રામ્ર** વનમાં ગયા. ત્યાં તેમણે પોતાના આભૂષણો વિગેરે સર્વ ઉતારીને છોડી દીધું, એટલે ઇન્દ્રે તેમના ખભા ઉપર દેવદૂષ્ય વસ્ત્ર નાંખ્યું. માઘ માસની શુકલ દ્વાદશીએ અભિચિ નક્ષત્રમાં દિવસના પાછલા ભાગમાં પ્રભુએ છઠ્ઠ તપ કરીને પંચમુષ્ટિ લોચ કર્યો. શક્ર ઇન્દ્ર પ્રભુના કેશને પોતાના ઉત્તરીય વસ્ત્રના છેડામાં લઈ ક્ષણવારમાં ક્ષીરસમુદ્રમાં પધરાવી પાછા આવ્યા. પછી ઇન્દ્રે સુર, અસુર અને મનુષ્ય સંબંધી કોલાહળને શાંત કરાવ્યો એટલે પ્રભુએ સામાયિક સૂત્ર ભણીને ચારિત્રનો સ્વીકાર કર્યો. તેજ વખતે મનઃપર્યવ નામે ચોથું જ્ઞાન ઉત્પન્ન થયું. તે સમયે ક્ષણવાર નારકીના જીવોને પણ સુખ થયું. શરીરના મળની જેમ રાજ્યને છોડી બીજા એક હજાર રાજાઓએ પ્રભુની સાથે જ મોહને નાશ કરનારી પ્રવ્રજ્યા ગ્રહણ કરી. પછી પ્રવાસી પુરૂષો વર્ષાઋતુમાં જેમ પોતાના સ્થાનમાં ચાલ્યા જાય તેમ શક્ર વિગેરે સર્વે ઇન્દ્રો પરિવાર સહિત પ્રભુને નમસ્કાર કરીને પોતપોતાના સ્થાનકે ગયા.

બીજે દિવસે અયોધ્યા નગરીના રાજા ઇન્દ્રદત્તને ઘેર પ્રભુએ પરમાન્ન (ક્ષીર) થી પારણું કર્યું. તે વખતે દેવતાઓએ દ્રવ્યની વૃષ્ટિ, પુષ્પની વૃષ્ટિ, સુગંધી જળની વૃષ્ટિ, આકાશમાં દુંદુભિનો નાદ અને વસ્ત્રનો ઉત્ક્ષેપ કર્યો. હર્ષને પરવશ થયેલા સુર, અસુર અને મનુષ્યોએ 'અહોદાન, અહોદાન, અહો સુદાન' એમ ઉદ્ઘોષણ કરી. ત્યાંથી શ્રી અભિનંદન પ્રભુએ બીજે સ્થાને વિહાર કર્યો. પ્રભુના ચરણસ્થાનમાં ઇંદ્રદત્તે પૂજન કરવાની ઇચ્છાથી એક રત્નપીઠ કરાવ્યું. પ્રભુએ છદ્મસ્થપણે પરીસહોને સહન કરી અઢાર વર્ષ સુધી વિવિધ અભિગ્રહો ધારણ કરતાં કરતાં વિહાર કર્યો.

એ પ્રમાણે વિહાર કરતાં પ્રભુ એકદા સહસ્રામ્ર વનમાં આવ્યા. ત્યાં છઠ્ઠ તપ કરી રાયણના વૃક્ષની નીચે કાયોત્સર્ગ કરીને રહ્યા. ધ્યાનમાં વર્તતાં શુકલ ધ્યાનના બીજા પાયાને અંતે ઘાતિકર્મનો ક્ષય થતાં પોષમાસની શુકલચતુર્દશીએ અભીચિ નક્ષત્રનો ચંદ્ર થતાં

પ્રભુને નિર્મલ કેવલજ્ઞાન પ્રગટ થયું; જે જ્ઞાન ક્ષણવાર નારકીના જીવોને પણ પીડાનો નાશ કરવામાં ઔષધ રૂપ થઇ પડયું. અવધિજ્ઞાન વડે પ્રભુને કેવળજ્ઞાન થયાની ખબર જાણીને ચોસઠ ઇન્દ્રોએ ત્યાં આવી એક યોજન પ્રમાણ પ્રદેશમાં સમવસરણ રચ્યું. દેવતાઓએ સંચાર કરેલા સુવર્ણ કમળ ઉપર ચરણને ધારણ કરતા પ્રભુએ પૂર્વ દ્વારથી તેમાં પ્રવેશ કર્યો. સમવસરણની મધ્યમાં રહેલા બે ગાઉ અને બસો ધનુષ્ય ઊંચા ચૈત્ય-વૃક્ષની પ્રભુએ પ્રદક્ષિણા કરી. **'तीर्थायनमः'** એમ બોલતા પ્રભુએ દેવચ્છંદાના મધ્ય ભાગમાં રહેલા પૂર્વાભિમુખ સિંહાસનને અલંકૃત કર્યું. પછી દેવ, અસુર અને મનુષ્ય સહિત ચતુર્વિધ સંઘ પોતપોતાના યોગ્ય દ્વારથી પ્રવેશ કરી યોગ્ય સ્થાનકે બેઠો. તે વખતે ભગવાનને નમસ્કાર કરી, અંજલિ જોડી શક્ર ઇન્દ્રે રોમાંચિત શરીરે નીચે પ્રમાણે પ્રભુની સ્તુતિ કરી.

"હે ભગવન્ ! આપે સર્વદા કષ્ટકારી એવી મન, વચન અને કાયાની ચેષ્ટાનો " સંહાર કરી શિથિલપણાથી મનરૂપી શલ્યને જુદું કરેલું છે. હે નાથ ! તમારી ઇન્દ્રિયો " સંમત પણ નથી તેમજ ઉચ્છૃંખલ પણ નથી, એમ સમ્યક્ પ્રકારે પ્રતિપાદન કરીને " તમે ઇન્દ્રિયોનો જય કરેલો છે. યોગના જે આઠ અંગ કહેલા છે તે તો ફક્ત પ્રપંચ " માત્ર છે, નહીં તો એ યોગ બાળપણાથી આરંભીને તમારી સાત્મ્યતાને કેમ પ્રાપ્ત " થાય ? હે સ્વામીન્ ! લાંબા કાળથી સાથે રહેનારા વિષયોમાં તમને વિરાગ છે અને અદૃષ્ટ " એવા યોગમાં સાત્મ્યપણું છે; એ અમને તો અલૌકિક લાગે છે. જેવો તમે અપકાર " કરનાર ઉપર રાગ ધરો છો તેવો બીજાઓ ઉપકાર કરનાર ઉપર પણ રાગ ધરતા " નથી; અહો ! તમારૂં સર્વ અલૌકિક છે ! હે પ્રભુ ! તમે હિંસક પુરૂષોના ઉપર " ઉપકાર કર્યો અને જે આશ્રિત હતા તેમની ઉપેક્ષા કરી; એવા તમારા વિચિત્ર ચરિત્રને " કોણ અનુસરી શકે ? હે ભગવન્ ! પરમ સમાધિમાં તમે તમારા આત્માને એવી રીતે " જોડી દીધો છે કે જેથી 'હું સુખી છું કે દુઃખી છું અથવા સુખી કે દુઃખી નથી' એમ તમારા " મનમાં પણ આવતું નથી. જેમાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એ ત્રિપુટી એકાત્માને " પામેલી છે એવા તમારા યોગના મહાત્મ્ય ઉપર બીજાઓને કેમ શ્રદ્ધા આવે ?"

આ પ્રમાણે સ્તુતિ કરીને ઇંદ્ર વિરામ પામ્યા; એટલે પ્રભુએ એક યોજન સુધી પ્રસરતી ગંભીર ગિરાથી દેશના આપવી શરૂ કરી.

" આ સંસાર એક વિપત્તિની ખાણરૂપ છે. એમાં પડતા મનુષ્યને પિતા, માતા, " મિત્ર, બંધુ કે બીજા કોઇ પણ શરણરૂપ થતા નથી. ઇંદ્ર અને ઉપેંદ્રાદિ જેવા પણ " જે મૃત્યુના સપાટામાં આવે છે તે મૃત્યુને પણ પીડા કરનાર એવો કયો પુરૂષ શર- " ણેચ્છુ જનોને શરણ કરવા લાયક છે ? અહા ! આ સંસારમાં પિતા, માતા, બહેન, " ભાઇ અને પુત્રો જોઇ રહે છે, અને રક્ષણ વગરના આ જીવને તેનાં કર્મો યમરાજના " ગૃહમાં દોરીને લઇ જાય છે. મૂઢ બુદ્ધિવાળા પુરૂષો, પોતાના કર્મોથી મૃત્યુને પામતા " એવા સ્વજનને જોઇ શોક કરે છે, પણ તેઓ 'પોતાના આત્માને પણ કર્મો તેવી જ " રીતે લઇ જશે' એમ શોક કરતા નથી. મોટા ભયંકર જંગલમાં મૃગના બચ્ચાંની જેમ " દુઃખરૂપી દાવાનલની પ્રજ્વલિત જ્વાળાઓથી વિકરાળ એવા આ સંસારમાં પ્રાણીને " કોઇપણ શરણભૂત નથી. અષ્ટાંગ આયુર્વેદથી, સંજીવની ઔષધીઓથી અને મૃત્યુંજ- " યાદિક મંત્રોવડે પણ મૃત્યુથી રક્ષણ થતું નથી. ખડગના પાંજરાના મધ્ય ભાગમાં રહેલા

" અને ચતુરંગસેનાથી વિંટાયેલા મોટા રાજાને પણ યમરાજના કિંકરો રાંકની પેઠે
" હઠથી ખેંચી જાય છે. જેમ પશુઓ મૃત્યુથી બચવાનો ઉપાય જાણતા નથી તેમ
" વિદ્વાનો પણ જાણતા નથી, એ કેવી મૂઢતા કહેવાય ? જેઓ ખડગ માત્રના સાધનથી
" પૃથ્વીને નિષ્કંટક કરે છે, તેઓ યમરાજની ભ્રુકુટીથી ભય પામીને મુખમાં આંગ-
" ળીઓ ઘાલે છે, એ કેવી વિચિત્ર વાર્ત્તા ! પાપ રહિત મુનિઓના ખડગની ધારા જેવા
" વ્રતો પણ મૃત્યુનો ઉપાય કરી શકતા નથી. અહા ! શરણ વિનાનું, રાજા વિનાનું,
" નાયક વિનાનું અને ઉપાય વગરનું આ જગત્ યમરાજરૂપી રાક્ષસથી ગળી જવાય
" છે ! ! જે ધર્મરૂપ ઉપાય છે તે પણ મૃત્યુની સામે ચાલતો નથી; પણ તે ઉપાય શુભ
" ગતિને આપનારો ગણાય છે; તેથી પ્રવ્રજ્યા રૂપ ઉપાયને ગ્રહણ કરીને જેમાં અક્ષય
" સુખ છે એવા મોક્ષને માટે પ્રયત્ન કરવો."

આવી પ્રભુની દેશનાથી અનેક નરનારીઓએ તત્કાલ દીક્ષા લીધી, અને **વજ્રનાભ** વિગેરે એકસો ને સોળ ગણધરો થયા. તેમને વિધિ પ્રમાણે અનુયોગ અને ગણની અનુજ્ઞા આપીને પ્રભુએ શિક્ષારૂપ ધર્મદેશના આપી. પછી પ્રભુએ જન્મ, વ્યય અને ધ્રુવમય ત્રિપદી તેઓને કહી બતાવી; તે ત્રિપદીને અનુસારે તેમણે દ્વાદશાંગીની રચના કરી. થોડીવારે પૌરૂષી પૂર્ણ થઈ એટલે પ્રભુએ દેશના સમાપ્ત કરી. પછી રાજાએ બલિ મંગાવી. તેને ઉડાડી દેવતા, રાજા અને મનુષ્યો અનુક્રમે લઈ ગયા. પછી જગત્પતિ ત્યાંથી ઉઠીને વચલા કિલ્લામાં આવી ઇશાન દિશામાં રહેલા દેવછંદા ઉપર વિરાજમાન થયા. પ્રભુના ચરણપીઠ ઉપર બેસીને વજ્રનાભ ગણધર કે જેઓને લોકોએ કેવલી જેવા જાણેલા હતા અને જે શ્રુતકેવલી હતા તેમણે દેશના આપવા માંડી. જ્યારે બીજી પૌરૂષી પૂર્ણ થઈ ત્યારે તેમણે દેશના સમાપ્ત કરી. તે વખતે દેવતા વિગેરે સર્વે પ્રભુને નમસ્કાર કરી પોતપોતાને સ્થાનકે ગયા.

તેમના તીર્થમાં શાસનદેવતા તરીકે શ્યામ કાંતિવાળો, હાથીના વાહન ઉપર બેસનાર, બે દક્ષિણ ભુજાઓમાં બીજોરૂ અને અક્ષસૂત્ર ધારણ કરનાર અને બે વામ ભુજાઓમાં નકુલ અને અંકુશને રાખનાર **યક્ષેશ્વર** નામનો યક્ષ થયો, કે જે હમેશાં પ્રભુની પાસે સેવામાં તત્પર રહેતો હતો; અને શ્યામ વર્ણવાળી, કમળના આસનપર બેસનારી, બે દક્ષિણ ભુજામાં વરદ અને પાશને ધારણ કરનારી અને બે વામભુજામાં નાગ અને અંકુશ ધારણ કરનારી **કાલિકા** નામે એક નિત્ય પ્રભુને પાસે રહેનારી શાસનદેવતા થઈ. ચોત્રીશ અતિશયોએ યુક્ત એવા પ્રભુ ગ્રામ, આકર અને નગર વિગેરેમાં પ્રાણીઓને બોધ કરતા વિહાર કરવા લાગ્યા.

ત્રણ લાખ સાધુઓ, છ લાખ ને ત્રીશહજાર સાધ્વીઓ, નવહજાર ને આઠસો અવધિજ્ઞાનીઓ, એક હજાર ને પાંચશેં ચૌદ પૂર્વી, અગિયાર હજાર છસો ને પચાસ મનઃપર્યય જ્ઞાની, ચૌદહજાર વાદલબ્ધિવાળા, બે લાખ ને અઠયાસી હજાર શ્રાવકો અને પાંચ લાખને સત્યાવીશ હજાર શ્રાવિકાઓ–આટલો પરિવાર પ્રભુને પૃથ્વીમાં વિહાર કરતા કરતા થયો. કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી આઠ પૂર્વાંગ અને અઢાર વર્ષે ઊણા લાખ પૂર્વ વ્યતીત થયે સતે પોતાનો નિર્વાણકાલ સમીપ જાણીને પ્રભુ સમેતશિખર પર્વતે પધાર્યા. ત્યા ઇંદ્ર સહિત દેવતાઓ અને રાજાઓએ સેવેલા પ્રભુએ એક હજાર મુનિઓની સાથે એક માસનું અનશન ગ્રહણ કર્યું. પછી ભવોપગ્રાહી કર્મને ભેદનારા એવા શૈલેશી ધ્યાનપર આરૂઢ થઈ અનંત

ચતુષ્કને સિદ્ધ કરી ભગવાન્ અભિનંદન પ્રભુ, વૈશાખ માસની શુકલ અષ્ટમીએ ચંદ્ર પુષ્ય નક્ષત્રમાં આવતાં એક સહસ્ર મુનિઓ સાથે મોક્ષપદને પ્રાપ્ત થયા.

કુમાર અવસ્થામાં સાડાબાર લાખ પૂર્વ, રાજ્યમાં આઠ પૂર્વાંગ સહિત સાડીછત્રીશ લાખ પૂર્વ અને દીક્ષામાં આઠ પૂર્વાંગે ઊણા એક લાખ પૂર્વ—એકંદર પચાસ લાખ પૂર્વનું આયુષ્ય પ્રભુએ નિર્ગમન કર્યું. સંભવસ્વામીના નિર્વાણ પછી દશ લાખ ક્રોડ સાગરોપમ વીત્યા ત્યારે અભિનંદન સ્વામી નિર્વાણપદને પામ્યા.

શ્રી અભિનંદન સ્વામીએ કાળ કર્યા પછી સુરઅસુરોએ તેમનો અને બીજા મુનિઓનો અંગસંસ્કાર કર્યો, અને પ્રભુની દાઢો, દાંત અને અસ્થિ તેઓ પૂજનને માટે લઇ ગયા. પછી તેઓ નંદીશ્વર દ્વીપે જઈ શાશ્વત અર્હંતના બિંબોનો અષ્ટાન્હિક ઉત્સવ કરી પોત-પોતાના દેવલોકમાં ગયા, અને નિર્વાણસ્થાનકે આવેલા રાજાઓ પોતપોતાની રાજધાની-ઓમાં ગયા.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्ठिशलाकापुरुषचरिते
महाकाव्ये तृतीये पर्वणि श्रीअभिनंदनस्वामिचरित
वर्णनो नाम द्वितीयः सर्गः

તૃતીય સર્ગ

શ્રી સુમતિનાથ ચરિત્ર

આ અપાર સંસારરૂપી મહાસાગરને ઉતરવામાં સેતુ (મર્યાદા) રૂપ ઉત્કૃષ્ટ જ્ઞાનના હેતુ એવા **શ્રી સુમતિનાથ** ભગવાનને નમસ્કાર કરી, ભવ્ય પ્રાણીઓના કલ્યાણરૂપ વૃક્ષને ઉછેરવામાં નીકના જળ જેવું એ પ્રભુનું ચરિત્ર તેમના પ્રસાદથી કહેવામાં આવશે.

આ જંબૂદ્વીપમાં પુષ્કળ ઋદ્ધિથી પૂર્વવિદેહમાં તિલકરૂપ **પુષ્કલાવતી** નામે એક વિજય છે. એમાં **શંખપુર** નામે એક સુંદર નગર છે. તેમાં મોટા ચૈત્ય અને હવેલીઓની વિચિત્ર ધ્વજાઓથી બધું આકાશ વ્યાપ્ત થયેલું રહે છે. તે નગરમાં વિજય કરનાર **વિજયસેન** નામે રાજા રાજ્ય કરે છે. ભુજવીર્યથી શોભનારા એ રાજાને સૈન્ય ફકત શોભાને માટેજ હતું. સર્વ અંતઃપુરની સ્ત્રીઓમાં આભૂષણરૂપ **સુદર્શના** નામે એક તેને પ્રિયા હતી, જે ચંદ્રની લેખાની જેમ હમેશાં સુદર્શના[1] હતી. રતિ સાથે કામદેવની જેમ વિસ્તૃત વૈભવવાળો વિજયસેનરાજા તેની સાથે ક્રીડા કરતો પોતાનો સમય નિર્ગમન કરતો હતો.

એક વખતે કોઇ ઉત્સવનો દિવસ આવતાં નગરના લોકો સર્વ સમૃદ્ધિ અને પરિવાર સહિત ઉદ્યાનમાં ક્રીડા કરવાને ગયા. તે વખતે જાણે મૂર્તિમાન્ રાજ્યલક્ષ્મી હોય તેવી સુદર્શના રાણી પણ છત્રચામરથી અલંકૃત એવી એક હાથિણી ઉપર બેસીને તે ઉદ્યાનમાં આવી; ત્યાં જાણે દિક્કન્યાઓ હોય તેવી અમુલ્ય આભૂષણોની શોભાને ધારણ કરનારી આઠ સ્ત્રીઓથી પરવરેલી કોઇ એક સ્ત્રી તેના જોવામાં આવી. અપ્સરાઓ જેમ ઇંદ્રાણીની ઉપાસના કરે તેમ એ આઠ વધૂઓએ ઉપાસના કરાયેલી એ સુંદર સ્ત્રીને જોઇને સુદર્શના પોતાના ચિત્તમાં પરમ વિસ્મય પામી. 'આ સ્ત્રી કોણ છે, અને તેની પાસે રહેલી બીજી આઠ બાળાઓ કોણ છે' એ જાણવા માટે દેવી સુદર્શનાએ પોતાના એક નાજરને તપાસ કરવાની આજ્ઞા આપી. ત્યાં જઈ પૂછી આવીને દેવી સુદર્શનાને તે કહેવા લાગ્યો–'હે મહારાજ્ઞિ! એ સ્ત્રી આ નગરના પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી **નંદષેણની સુલક્ષણા** નામે સ્ત્રી છે. એ સુલક્ષણાને બે પુત્રો છે, અને તે પ્રત્યેક પુત્રોને ચાર ચાર સ્ત્રીઓ છે. તે આઠ સ્ત્રીઓ દાસીની જેમ પોતાની સાસુની સેવા કરવાને અહીં સાથે આવેલી છે.' આ પ્રમાણે સાંભળીને સુદર્શના ચિત્તમાં વિચાર કરવા લાગી કે 'અહા! આ શેઠાણીને ધન્ય છે કે જે પુત્રનું સુખ જુએ છે, અને જાણે નાગકન્યા હોય તેવી સ્વરૂપવાન અને કુલવાન આઠ પુત્રવધૂઓ જેની સર્વદા સેવા કરે છે. મારા જેવી પુણ્ય રાહત સ્ત્રીને ધિક્કાર છે કે જેને પુત્ર કે પુત્રવધૂ કાંઇ નથી. જોકે હું મારા પતિને એક હૃદય રૂપ છું તોપણ મારું જીવિત વૃથા છે. આમ તેમ પોતાના હાથને ઉછાળતો અને ચારે તરફ ધૂળીથી ધૂસર થયેલો પુત્ર વૃક્ષ ઉપર વાનરની જેમ પુણ્યવંતી સ્ત્રીઓના ઉત્સંગ-માંજ ક્રીડા કરે છે. ફળ વિનાની વલ્લીની જેમ અને જળ વિનાના પર્વતની જેમ પુત્ર વિનાની સ્ત્રીઓ શોક કરવા લાયક અને નિંદવા લાયક છે. જે સ્ત્રીઓને પુત્રના જન્મ, નામ, ચૌલ અને વિવાહાદિ સંસ્કારના મહોત્સવોની પ્રાપ્તિ નથી તે સ્ત્રીઓને બીજા ઉત્સવો શા કામના છે!'

---

૧ સારું છે દર્શન જેનું એવી.

આ પ્રમાણે વિચારતી સુદર્શના દેવી હિમથી પીડાયેલી પદ્મિનીની પેઠે કરમાઇ ગયેલ મુખવાળી થઈ ખેદ સહિત પોતાના ભુવનમાં પાછી આવી. પોતાની પ્રિય સખીઓને વિદાય કરી જાણે વ્યાધિવાળી હોય તેમ નિઃશ્વાસ મૂકતી શય્યા ઉપર પડી. ત્યાં તે કાંઈપણ બોલતી નહોતી, ખાતી નહોતી અને કાંઈ શૃંગાર પણ કરતી નહોતી. કેવળ રત્નની પુતળીની જેમ શૂન્ય મનથી પડી રહેલી હતી. પરિવારના મુખથી તેની તેવી સ્થિતિ જાણીને મહારાજા વિજયસેન ત્યાં આવી પ્રેમયુક્ત કોમળ ગિરાવડે કહેવા લાગ્યા–'હે દેવિ! હું પોતે તારે આધીન છતાં તારો કયો મનોરથ અપૂર્ણ છે કે જેથી મરૂસ્થળમાં પડેલી હંસલીની જેમ તું તરફડે છે? શું તને કાંઇ અંતરની પીડા છે? અથવા કોઇ નવીન વ્યાધિ થયેલ છે? વા કોઇએ તારી આજ્ઞા ઉલ્લંઘન કરી છે? કે તેં કોઈ દુઃસ્વપ્ન જોયેલું છે? વા કોઇ બાહ્ય કે અભ્યંતર અપશુકન થયેલ છે? જે કાંઇ પણ તને ખેદ થવાનું કારણ હોય તે કહી દે. મારી પાસે તારે કાંઇપણ છાનું રાખવું ન જોઈએ.' સુદર્શના નિઃશ્વાસ મૂકી ગદગદ સ્વરે બોલી –'હે પ્રિયનાથ! તમારા પ્રસાદથી તમારી જેમ મારી આજ્ઞાને કોઇએ પણ ખંડિત કરી નથી, તેમ આધિ, વ્યાધિ, દુઃસ્વપ્ન, અપશુકન કે બીજું કાંઇ પણ મને પીડા કરતું નથી; પણ એક બાબત મને ઘણી પીડા કરે છે, તે એ છે કે જ્યાં સુધી આપણે પુત્રનું મુખ જોયું નથી ત્યાં સુધી રાજ્યસંપત્તિ, વિષયસુખ અને આપણી બંનેની પ્રીતિ એ સર્વ વ્યર્થ છે. જેમ નિર્ધન પુરૂષ લક્ષ્મીવાનની લક્ષ્મીને જોઇને તેની ઇચ્છા રાખે છે તેમ પુત્રવાળાના પુત્રોને જોઇને હું પણ તેવી રીતેજ ઇચ્છા રાખું છું, એ કેટલી બધી ખેદની વાત છે! જો આપણે મનરૂપી તાજવામાં એક તરફ સર્વ સુખ અને એક તરફ પુત્રપ્રાપ્તિનું સુખ અધિક થશે. વનમાં પુત્ર પરિવાર સાથે ફરતા એવા મૃગાદિક પશુઓ સારા છે, પણ પુત્ર રાહત એવા આપણને ધિક્કાર છે! કારણકે તેમનાથી પણ આપણું ભાગ્ય અલ્પ છે.'

પછી રાજા બોલ્યો–'હે દેવિ! તમે ધીરા થાઓ, દેવતાનું આરાધન કરીને હું તમારો મનોરથ થોડા સમયમાં પૂર્ણ કરીશ. જે પરાક્રમથી અસાધ્ય છે, જે બુદ્ધિથી અગોચર છે, જે મંત્રોનો વિષય નથી, જે તંત્રથી દૂર છે, અને બીજા ઉપાયોથી પણ જે અગમ્ય છે તેવા પુરૂષાર્થને પ્રસન્ન થયેલા દેવીદેવતાઓ સાધી આપે છે. હે માનિની! આ તમારો મનોરથ હવે સિદ્ધ થઈ ચુકયો છે એમજ જાણો, હવે શોક શા માટે કરો છો? હું પુત્રને માટે ઘણું કરીને આપણી કુલદેવીની પાસેજ જઇને બેસીશ.'

એવી રીતે રાણીને ધીરજ આપી વિજયસેન રાજા સ્નાન કરી, પવિત્ર વેષ પહેરી પોતાના મંદિરમાંથી નીકળી કુલદેવીના સ્થાનમાં ગયો. ત્યાં તે કુળદેવતાની પૂજા કરી પુત્રનો લાભ થાય ત્યાંસુધી અન્નપાનનો ત્યાગ કરીને દૃઢ નિશ્ચય ધરાવી બેઠો. જ્યારે છઠ્ઠો ઉપવાસ થયો ત્યારે કુલદેવી પ્રત્યક્ષ થઇ, અને 'હે મહીપતિ! વરદાન માગ' એમ પ્રસન્ન થઈને કહ્યું. રાજા વિજયસેન દેવીને નમસ્કાર કરીને બોલ્યા–'હે કુલદેવી! આપ પ્રસન્ન થઈને સર્વ પુરૂષમાં ઉત્કૃષ્ટ એવા પુત્રલાભને આપો.' 'દેવલોકમાંથી ચવીને કોઈ ઉત્તમ દેવતા તમારો પુત્ર થશે' એવું વરદાન આપી કુલદેવી તત્કાલ અંતર્ધાન થઈ ગઇ. રાજાએ દેવીના આપેલા વરદાનની વાર્ત્તા પોતાની પ્રિયાને કહી. તેથી મેઘની ગર્જનાથી બગલીની જેમ તે વાર્ત્તાથી રાણી ઘણો હર્ષ પામી. બીજેજ દિવસે ઋતુસ્નાત થયેલા સુદર્શના દેવીની કુક્ષિમાં દેવલોકમાંથી ચ્યવીને કોઇ મહર્દ્ધિક દેવતા ઉત્પન્ન થયો. તે વખતે સુતેલા મહાદેવીએ કેશરના જેવી રાતી કેશરાવાળો એક કિશોર કેશરીસિંહ પોતાના મુખમાં પ્રવેશ કરતો જોયો. તરતજ ભય પામેલા રાણીએ શય્યા ઉપરથી બેઠા થઈને પોતાના મુખમાં થયેલા સિંહના

પ્રવેશની સ્વપ્નવાર્ત્તા રાજાને કહી. એ સાંભળી મહારાજા બોલ્યા–'હે દેવિ ! આ સ્વપ્નાએ કુલદેવીના વરદાનરૂપી વૃક્ષનું એવું ફળ પ્રકાશિત કર્યું છે કે સિંહના જેવો પરાક્રમી તમારે એક પુત્ર થશે.' આવો સ્વપ્નનો વિચાર સાંભળી રાણી ઘણા ખુશી થયા, અને બાકીની રાત્રિ શુભ કથાઓ કરતાં જાગ્રતપણેજ નિર્ગમન કરી.

ઉત્તમ સરિતાના જળમાં સુવર્ણના કમળની જેમ દેવીની કુક્ષિમાં તે ગર્ભ દિવસે દિવસે વધવા લાગ્યો. એક વખતે દેવી પોતાને ઉત્પન્ન થયેલા દોહદ મહારાજા કહેવા લાગ્યા કે –'હું સર્વ પ્રાણીઓને અભય આપવાને ઇચ્છું છું, સર્વ નગર વિગેરેમાં અમારી ઘોષણા કરવાને ઈચ્છું છું, અને સમગ્ર જિનચૈત્યોમાં અષ્ટાન્હિક ઉત્સવો કરવાની અભિલાષા રાખું છું.' રાજાએ કહ્યું– 'હે દેવિ ! ગર્ભના પ્રભાવથી કુલદેવીના વરદાનને અને સ્વ-માર્થને સત્ય કરનાર એવા આ તમારા દોહદ છે. ઉત્તમ ઇચ્છાવાળા ! ગર્ભના પ્રભાવથીજ તમારી આવી ઇચ્છા થઈ છે, કારણકે **પ્રતિમાનો પ્રભાવ અધિષ્ઠાયક દેવને ઉચિતજ થાય છે.**' આ પ્રમાણે કહીને રાજાએ ભય પામેલાઓને અભયદાન આપ્યું, પટહ વગડા-વીને સર્વ ઠેકાણે અમારીઘોષણા પ્રવર્ત્તાવી, અને અષ્ટપ્રકારી પૂજાથી તથા દિવ્ય સંગીતથી દરેક ચૈત્યોમાં **અષ્ટાન્હિક** ઉત્સવો કરાવ્યા.

એ દોહદ પૂર્ણ થવાથી પૂર્ણચંદ્રના જેવા ઉજ્વળ મુખવાળી દેવી પ્રસન્ન થઈ, અને સમય આવ્યો ત્યારે વેલ જેમ ફળને જન્મ આપે તેમ એક પુત્ર રત્નને તેણે જન્મ આપ્યો. તે વખતે સર્વ રાજાઓમાં શિરોમણિ વિજયસેન રાજાએ ચિંતામણિ રત્નની જેમ ઉદ્ઘોષણા કરાવીને યાચકોને ઇચ્છિત દાન આપવા માંડયું, અને હૃદય રૂપ સમુદ્રને ચંદ્ર સમાન મોટો મહોત્સવ કર્યો. તે પછી તેવીજ રીતે સ્વજનોની જેમ નગરજનોએ પણ મહોત્સવ કર્યો. પછી દેવીના સ્વપ્નને અનુસરીને મહારાજાએ પુત્રનું **પુરૂષસિંહ** એવું મનોહર નામ પાડયું. અનુક્રમે વૃદ્ધિ પામી વિશાળ ભુજાવાળો એ કુમાર રૂપથી, કળાથી અને કુળથી પોતાને સદૃશ એવી રાજાઓની આઠ કન્યાઓ પરણ્યો. અપ્સરાઓની સાથે દેવની જેમ તેઓની સાથે વિજયસેન રાજાનો કુમાર ક્ષણે ક્ષણે ક્રીડા કરતો વિષયસુખ ભોગવવા લાગ્યો.

એક વખતે જાણે સાક્ષાત્ વસંત હોય અથવા જાણે સાક્ષાત્ વસંતનો મિત્ર કામદેવ હોય તેવો એ કુમાર સ્વેચ્છાથી ક્રીડા કરવાને ઉદ્યાનમાં ગયો. ત્યાં રૂપથી અને શમથી આનંદનો જય કરનાર **વિનયનંદન** નામના સૂરિને ઘેરાઈ રહેલા તેણે જોયા. તેમને જોતાંજ જાણે અમૃતનું પાન કર્યું હોય તેમ કુમારનાં લોચન, હૃદય અને બીજાં અંગો પણ પૂર્ણ વિકાશ પામ્યાં, ક્ષણવાર તેમને નીરખી રાજકુમાર વિચારવા લાગ્યો કે 'જેવું વેશ્યાની પાસે રહીને સતીવ્રતનું પાળવું, ચોરની પાસે રહીને નિધાનનું ગોપવવું, યુવાન માર્જારની પાસે રહીને અમૃતના આસવનું રક્ષણ કરવું અને ડાકણની પાડોશમાં રહીને પોતાની કુશળતા સાચવવી મુશ્કેલ છે, તેવીજ રીતે આ મુનિનું અનુપમ રૂપ અને યૌવનવય જોતાં વિષય-વૃત્તિરૂપ ઉન્માદનો હેતુ ઉદય પામે તેવું જણાય છે તેછતાં આવા કઠિણ વ્રતનું ધારણ કરવું દેખાય છે તે તેવુંજ મુશ્કેલ છે. હેમંતઋતુમાં હિમ, ગ્રીષ્મઋતુમાં સૂર્યનો તાપ અને વર્ષા-ઋતુમાં ઝંઝાવાત સહન થઇ શકે પણ યૌવનમાં કામદેવનો ઉપદ્રવ સહન થઈ શકતો નથી. તે છતાં આવા કામદેવને જીતનારા મુનિ, આજે પુણ્યાનુબંધી પુણ્યથી ભાગ્યયોગે મારા જોવામાં આવ્યા છે કે જેઓ માતા, પિતા કે ગુરૂ હોય તેમ મને પ્રીતિ ઉત્પન્ન કરે છે.' આ પ્રમાણે વિચાર કરી રાજકુમાર સત્વર તેમની પાસે આવ્યો, અને હૃદયને આનંદ

આપનારા એ વિનયનંદન મુનિને તેણે વંદના કરી. મુનિએ કલ્યાણરૂપી અંકુરને ઉત્પન્ન કરવામાં મેઘવૃષ્ટિ જેવી ધર્મલાભરૂપ આશિષ આપીને રાજપુત્રને આનંદિત કર્યો. પછી કુમાર નમસ્કાર કરી બોલ્યો–'હે મુનિરાજ! નવયૌવનવાન્ છતાં તમે આવું વ્રત ધારણ કરેલું છે તે જોઈને મને આશ્ચર્ય થાય છે. આવી વયમાં તમે યત્ન પૂર્વક વિષયોથી વિમુખ થયા છો તે વિષયોના કિંપાકના ફળની જેવા માઠા વિપાક હું જાણું છું. આ સંસારમાં હું પણ કિંચિત્ માત્ર સાર જોતો નથી, પરંતુ તેવા સંસારનો પરિહાર કરવાને આપના જેવા વિરલા પુરૂષોજ ઉદ્યુક્ત થાય છે. હે સ્વામી! આપ આ સંસાર તરવાનો ઉપાય મને બતાવો અને સાર્થવાહ જેમ વટેમાર્ગુને લઈ જાય, તેમ તમે મને તમારે માર્ગે લઈ જાઓ. હે મહા મુનિ! કાંકરાને શોધતાં જેમ પર્વત ઉપરથી માણિક્ય મળી જાય, તેમ ક્રીડા કરવાને આવેલા મને અહીં તમે પ્રાપ્ત થયા છો.'

આવી રીતે જ્યારે રાજકુમારે કહ્યું ત્યારે કામદેવના શત્રુ એવા એ મહામુનિ નવીન મેઘના જેવી ગંભીર ગીરાથી આ પ્રમાણે બોલ્યા–"જેમ માંત્રીક પુરૂષને સર્વ ભૂત પિશાચ શાંતિને માટે થાય છે તેમ વૈરાગ્યવાન્ પુરૂષને યૌવન, ઐશ્વર્ય અને રુપાદિક જે મદનાં સ્થાન છે તે શાંતિને માટે થાય છે; શ્રી ભગવંતે સંસાર રૂપ સમુદ્રને તરવામાં ઉત્તમ વહાણની જેવો યતિધર્મ કહેલો છે. એ યતિધર્મ સંયમ,[૧] સત્ય, શૌચ,[૨] બ્રહ્મચર્ય, અપરિગ્રહ, તપ, ક્ષમા, મૃદુતા,[૩] આર્જવ[૪] અને મુક્તિ[૫] એ દશ પ્રકારનો છે પ્રાણાતિપાત નિવૃત્તિ એ સંયમ; અસત્ય વચનનો પરિહાર કરવો તે અમૃષાવાદ; અદત્તાદાન (ચોરી) વર્જીને સયંમની શુદ્ધિ રાખવી તે શૌચ; નવ ગુપ્તિ સહિત કામ–ઇંદ્રિયનો સંયમ કરવો તે બ્રહ્મચર્ય; શરીર વિગેરેમાં પણ મમતારહિતપણું તે અકિંચનતા; અનશન, ઔનોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, તનુકલેશ અને સંલીનતા એ છ પ્રકારે બાહ્યતપ અને પ્રાયશ્ચિત્ત, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વિનય, કાયોત્સર્ગ અને શુભધ્યાન એ છ પ્રકારે આભ્યંતર તપ–તે બંને મળી બાર પ્રકારે તપ; શક્તિ વા અશક્તિ છતાં ક્રોધનો નિગ્રહ કરી સહન કરવું તે ક્ષમા; માનનો જય કરી મદના દોષનો ત્યાગ કરવો તે મૃદુતા; માયાને જીતીને મન, વચન, કાયાથી વક્રતાને છોડી દેવી તે આર્જવ; અને બાહ્ય તથા અભ્યંતર વસ્તુઓમાં તૃષ્ણાનો વિચ્છેદ તે મુક્તિ; એ દશ પ્રકારનો ધર્મ સંસારસમુદ્રથી પાર ઉતારવામાં સમર્થ છે, અને એ નિર્દોષ ધર્મ ચિંતામણિ રત્નની જેમ આ જગત્માં પુણ્યથીજ પ્રાપ્ત થાય છે."

આ પ્રમાણે મુનિરાજની વાણી સાંભળી રાજકુમાર પુરૂષસિંહ વિનય પૂર્વક આ પ્રમાણે બોલ્યો–"હે પ્રભુ! નિર્ધનને ધનનો ભંડાર બતાવવાની જેમ આપે આ ધર્મ મને સારી રીતે બતાવ્યો છે. પણ એ ધર્મ ગૃહવાસમાં રહીને આચરી શકાતો નથી; કારણકે ગૃહવાસ સંસારરૂપી વૃક્ષનો એક ઉત્તમ દોહદ છે. પણ હે ભગવંત! આ સંસાર રૂપી દુર્ગમના નિવાસથી હું તો ઉદ્વેગ પામ્યો છું, માટે મને ધર્મરાજાની રાજધાની રૂપ દીક્ષા આપો." રાજપુત્રનાં એ વચન સાંભળી વિનયનંદન સૂરિ બોલ્યા–"હે રાજકુમાર! આ તમારો મનોરથ ઘણો શ્રેષ્ઠ અને પુણ્યસંપત્તિને સાધનારો છે. મોટી બુદ્ધિવાળા, વિવેકી અને દૃઢ નિશ્ચય રાખનારા હે મહાસત્વ! તમે વ્રતનો ભાર ધારણ કરવાને યોગ્ય છો તેથી તમારો મનોરથ અમે પૂર્ણ કરશું. પરંતુ પ્રથમ તમે નગરમાં જઈ તમારા પુત્રવત્સલ માતાપિતાની રજા લઈને આવો; કારણકે જગત્માં પ્રાણીને પહેલા ગુરૂ માતાપિતા છે." મુનિનાં એવાં વચન સાંભળી પુરૂષસિંહ નગરમાં ગયો, અને માતાપિતા પાસે જઈ પ્રણામ કરી અંજલિ જોડી દીક્ષા

૧ અહિંસા. ૨ અચૌર્ય. ૩ નિરભિમાનતા. ૪ સરલતા. ૫ નિર્લોભતા.

લેવાની આજ્ઞાને માટે વિજ્ઞપ્તિ કરી. પુત્રનું એવું વચન સાંભળી તેઓએ કહ્યું–"હે વત્સ! આ વખતે તને દીક્ષા લેવી યુક્ત નથી. કારણકે પંચ મહાવ્રતનો ભાર વહન કરવો ઘણો મુશ્કેલ છે. સંયમી પુરૂષને પોતાના દેહમાં પણ મમતા છોડી અને રાત્રિભોજનથી વિરામ પામી, બેંતાલીશ દોષોથી રહિત એવા પિંડનું ભોજન કરવું પડે છે. નિત્ય ઉદ્યોગી, મમતા રહિત, પરિગ્રહે વર્જિત અને ગુણમાં તત્પર એવા મુનિને પાંચ સમિતી અને ત્રણ ગુપ્તિઓ સર્વદા ધારણ કરવી પડે છે. વળી વિધિપૂર્વક માસાદિક પ્રતિમા તથા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને અનુસરી અનેક પ્રકારના અભિગ્રહો કરવા પડે છે. યાવજ્જીવિત સ્નાનનો ત્યાગ, પૃથ્વી ઉપર શયન, કેશનો લોચ, શરીરનો અસત્કાર, ગુરૂકુલમાં સદાનિવાસ, પરીષહ અને ઉપસર્ગોની અનુમોદન સહિત સહનતા અને અઢાર હજાર શીલના અંગનું અવધારણ, ઇત્યાદિક સર્વ નિયમો દીક્ષા લેવાથી પાળવાં પડે છે. હે સુકુમાર કુમાર! એ પ્રમાણેના નિરંતર નિયમો પાળવા તે લોઢાના ચણા ચાવવા છે, બે હાથથી અપાર સમુદ્રને તરવાનો છે, ખડ્ગની તીક્ષ્ણ ધારા ઉપર ચરણથી ચાલવાનું છે, અગ્નિની જવાળાનું પાન કરવાનું છે, તાજવા ઉપર મેરૂપર્વત તોળવાનો છે, મોટી નદી સામે પૂરે તરવાની છે, એકલે પંડે બલવાન શત્રુઓનું સૈન્ય જીતવાનું છે, અને ફરતા ચક્ર ઉપર રહેલ રાધાવેધ કરવાનો છે. ગ્રહણ કરેલી દીક્ષા જે યાવજ્જીવિત પાળવી તેજ મોટું સત્વ, તેજ અગાધ ધૈર્ય, તેજ મોટી બુદ્ધિ અને તેજ મોટું બળ છે."

આ પ્રમાણે માતાપિતાનાં વચન સાંભળી રાજકુમાર પ્રસન્ન થઈ બોલ્યો–"હે પૂજ્યપાદ! આપ કહો છો તે બરબર છે. દીક્ષા પાળવી તેવીજ કઠિણ છે, પણ હું આપને વિજ્ઞપ્તિ કરૂં છું કે સંસારમાં નિવાસ કરવાથી ઉત્પન્ન થતા કષ્ટની આગળ દીક્ષાનું કષ્ટ એક સોમો ભાગ પણ નથી. વચનથી ન કહી શકાય અને શ્રવણથી ન સાંભળી શકાય તેવી પ્રત્યક્ષ નરકની વેદના તો દૂર રહી, પણ આ લોકમાં નિરપરાધી તિર્યંચ જાતિને બંધન, છેદન અને તર્જનાદિકની દુઃસહ પીડાઓ; મનુષ્યોને કુષ્ટાદિક વ્યાધિઓની પીડા, કેદખાનું, અંગનું કતરાવું, ત્વચા ઉખડાવવી, શરીર બાળી દેવું અને મસ્તક છેદન કરવું ઇત્યાદિક વેદનાઓ; અને સ્વર્ગવાસી દેવતાઓને પ્રિયજનોનો વિયોગ, શત્રુથી પરાભવ અને ચ્યવનના જ્ઞાનથી થતું દુઃસહ દુઃખ જોવામાં આવે છે." રાજકુમારે પોતાના માતાપિતાને આ પ્રમાણે કહ્યું, ત્યારે પુત્રને સાબાશી આપી ખુશી થઈને તેઓએ વ્રત લેવાની આજ્ઞા આપી. પછી પિતાએ હર્ષથી જેનો નિષ્ક્રમણોત્સવ કરેલો છે એવો રાજપુત્ર ફળનો અર્થી જેમ વનસ્પતિ પાસે જાય તેમ દીક્ષાને અર્થે મુનિની પાસે આવ્યો. ત્યાં સામાયિક ઉચ્ચરી પુરૂષસિંહ કુમારે **વિનયનંદન** મુનિના ચરણકમળની પાસે ભવસાગર તરવામાં નાવિકારૂપ દીક્ષા ગ્રહણ કરી. પ્રમાદરહિત સર્વ પ્રાણીની રક્ષા કરતા એ રાજકુમારે રાજની જેમ દૃઢપણે દીક્ષાનું પ્રતિપાલન કર્યું; તે સાથે વીસસ્થાનકોમાંથી કેટલાએક સ્થાનકો આરાધીને તેણે ઉજ્વળ એવું તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું ઘણા કાળ પર્યંત વિહાર કરી છેવટે અનશનથી કાળ કરીને વૈજયંત વિમાનમાં મહાદ્ધિક દેવતાપણે ઉત્પન્ન થયો.

આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રની અંદર મોટી સંપત્તિઓના સ્થાનરૂપ **વિનીતા** નામે નગરી છે. જાણે બીજા દ્વીપોમાંથી ચંદ્રોના બિંબ લાવીને રચેલા હોય તેવા રૂપાના કાંગરાથી એ નગરીની આસપાસ એક મોટો કિલ્લો શોભતો હતો. અનેક પ્રકારનાં રત્નોના ભંડાર રૂપ એ નગરીમાં રાજાઓએ રક્ષાને માટે એક બીજો રૂપાનો કિલ્લો કરેલો હતો તે જાણે શેષનાગ કુંડલાકારે થઈ તેની રક્ષા કરતો હોય તેમ જણાતો હતો. ત્યાં રહેલા ચુનાદાર મહેલો-

ના રત્નના છજા ઉપર પડતા ચંદ્રના પ્રતિબિંબને ગૃહના માર્જાર દહીંનો પિંડ જાણીને ચાટતા હતા. ત્યાં ક્રીડાના શુકપક્ષીઓ ઘેરઘેર 'અર્હંતદેવ અને સાધુ ગુરૂ' એમ પઢતા હતા, અને તેનેજ સાંભળતા હતા. દરેક વાસગૃહમાં બાળવામાં આવતા અગરૂધૂપમાંથી નીકળતી ધૂમાડાની શ્રેણીઓ આકાશમાં તમાલ વૃક્ષના વનનો દેખાવ વિસ્તારતી હતી. જળના રેંટમાંથી ઉછળતા બિંદુઓથી છવાઇ રહેલા ત્યાંના ઉદ્યાનોની અંદર જાણે શીતથી ભય પામતા હોય તેમ સૂર્યકિરણો કદાપિ પેસી શકતા નહીં. એ નગરીમાં ઇક્ષ્વાકુ વંશમાં તિલકરૂપ મેઘ નામે રાજા હતો, જે મહામેઘની પેઠે સર્વ જગત્ને આનંદ આપતો હતો. એ રાજાની રાજલક્ષ્મી યાચકોને કૃતાર્થ કરવાને માટે સદૈવ આપવામાં આવતી હતી, તે છતાં પણ નીકના જળની પેઠે તે અતિશય વૃદ્ધિ પામતી હતી. બીજા રાજાઓ આવીને પાંચ અંગથી પૃથ્વીનો સ્પર્શ કરી મેઘરાજાને નમતા હતા અને વસ્ત્ર, અલંકાર તથા રત્નાદિકના ભેટણાથી તેનું અર્ચન કરતા હતા. મધ્યાન્હનો સૂર્ય જેમ દેહની છાયાનો સંકોચ કરે તેમ તેનો પ્રસરતો પ્રતાપ શત્રુઓની લક્ષ્મીનો સંકોચ કરતો હતો. મોટી સમૃદ્ધિથી, મોટી શક્તિથી અને મોટા પ્રભાવથી બેસઠ ઇન્દ્રો ઉપરાંત જાણે પાંસઠમો ઇન્દ્ર હોય તેવો તે રાજા જણાતો હતો.

એ રાજાને મંગળીકના સ્થાનરૂપ **મંગળા** નામે એક પત્ની હતી. એ શીલવતી રાણી જાણે દેહધારી કુલલક્ષ્મી હોય તેવી જણાતી હતી. એ રાણી નિરંતર પોતાના પતિના હૃદયમાં રહેતી હતી, અને રાજા તેણીના હૃદયમાં રહેતો હતો. વાસગૃહ વિગેરેમાં તો તેમનો ફક્ત બહિરંગ માત્રજ નિવાસ હતો. ગૃહમાં કે ઉદ્યાન વિગેરેમાં એ મહારાણી સંચાર કરતી, ત્યાં પણ પોતાના પતિનું દેવતાથી અધિક ધ્યાન કરતી હતી. એ વિશાળ લોચનવાળી કાંતાએ પોતાનાં રૂપ, લાવણ્ય અને સૌભાગ્યથી દેવાંગનાને તો દાસીરૂપ કરી હતી, અને પોતાના સુંદર મુખથી ચંદ્રને પણ દાસ કર્યો હતો. તેણીનું અધિક ઉજ્જવળ રૂપ અને લાવણ્ય, આંગળી અને મુદ્રિકાની જેમ પરસ્પર એક બીજાને શોભાવતા હતા. ઇન્દ્રાણીની સાથે ઇંદ્રની જેમ એ દેવી સાથે ભોગ ભોગવતા એ રાજાને અક્ષય પ્રીતિ બંધાણી હતી.

હવે પુરૂષસિંહનો જીવ જે વૈજયંત વિમાનમાં ગયેલો છે તે તેત્રીશ સાગરોપમનું આયુષ્ય ભોગવી શ્રાવણ માસની શુકલ દ્વિતીયાને દિવસે મઘા નક્ષત્રમાં ચંદ્ર આવતાં ત્યાંથી ચવીને મંગલાદેવીની કુક્ષિમાં અવતર્યો. તે વખતે મંગલાદેવીએ તીર્થંકરના જન્મને સૂચવનારાં ગજેંદ્ર વિગેરે ચૌદ મહા સ્વપ્નો જોયાં, અને પૃથ્વી જેમ નિધાનને ગૂઢ રીતે ધારણ કરે તેમ મંગલાદેવીએ ત્રણ ભુવનના આધારરૂપ ગર્ભને ધારણ કર્યો.

તે દરમીયાન કોઈ ધનાઢ્ય વ્યાપારી પોતાની બે સરખી વયની સ્ત્રીઓને સાથે લઇને વ્યાપાર કરવાને માટે એ નગરીથી દૂર દેશાંતર ગયો. માર્ગમાં તેની એક પત્નીએ પુત્રને જન્મ આપ્યો. તે પુત્રને બંને સપત્નીઓ (શોકયો) એ સમદૃષ્ટિએ ઉછેરીને મોટો કર્યો. પરંતુ એ વ્યાપારી દેશાંતરમાંથી ધન ઉપાર્જિને પાછો ફરતાં માર્ગમાંજ મૃત્યુ પામ્યો. **'દૈવની ગતિ મહા વિષમ છે.'** શોકથી અશ્રુને વર્ષાવતી દીન થઇ ગયેલા મુખવાળી બંને સ્ત્રીઓએ પોતાના પતિનો અગ્નિસંસ્કાર કરાવીને ઔર્ધ્વદેહિક ક્રિયા કરી પછી તે માંહેલી એક કપટવાળી સ્ત્રી, "આ પુત્ર અને ધન મારાં છે" એમ કહેતી પુત્રની ખરી માતાની સાથે કજીઓ કરવા લાગી. તેઓમાંથી એક ખરી પુત્રમાતા, પુત્ર અને ધનનું ક્ષેમ અને બીજી કપટી માતા પુત્ર અને ધનનો યોગ ઇચ્છતી હતી. તે બંને ત્યાંથી સત્વર અયોધ્યા નગરીમાં

આવી. ત્યાં તે બંનેએ પોતાના કુળમાં, બીજા કુળમાં અને ન્યાયના ધર્માસન પાસે પણ ફરીયાદી કરી; પરંતુ તેઓનો કજીઓ તેઓનાથી જરા પણ પત્યો નહીં. ત્યાંથી વિવાદ કરતી તે બંને રાજા પાસે આવી. રાજાએ સભામાં બોલાવીને તેમને વાદનું કારણ પૂછયું. પ્રથમ પુત્રની અપર માતાએ રાજાને કહ્યું- "હે મહારાજા ! આ અમારો કજીઓ આ નગરમાં સર્વ ઠેકાણે કહેવામાં આવ્યો છે, પણ કોઇએ તેનો ઉચ્છેદ કર્યો નથી કારણકે પરદુઃખથી બીજા કોણ દુઃખી થાય ? પૃથ્વીમાં પરસુખે સુખી અને પરદુઃખે દુઃખી એવા તો આપ ધર્મરાજા છો, તેથી ન્યાયજ્ઞી ન્યાય મળશે એમ ધારીને હું આપની શરણે આવી છું. આ મારો ઔરસ પુત્ર છે ને મેં આને સરખી રીતે ઉછેર્યો છે, તેથી આ સર્વ ધન પણ મારૂંજ છે; કારણકે જેનો પુત્ર તેનુંજ ધન કહેવાય." પછી પુત્રની ખરી માતા બોલી-"હે કૃપાળુ રાજા ! આ પુત્ર અને ધન મારાં છે. આ મારી શોકય સંતાન વગરની છે. તે દ્રવ્યના લોભથી મારી સાથે કલેશ કરે છે. પ્રથમ મારા પુત્રનું મારી સાથે એ પણ પાલન કરતી હતી તે વખતે મેં સરલતાથી તેને તેમ કરતી અટકાવી નહીં, તેથી અત્યારે સ્નેહથી પગ પાસે સુવારતા બોશીકાને પકડનારી થઇ પડી છે. માટે હે મહારાજા ! આપ ન્યાય કરવા સજ્જ થાઓ, આ કજીઓ આપનેજ પતાવવો જોઇશે, રાજા તપાસ કરીને વા તપાસ કર્યા વગર જે કાંઈ ફેસલો આપે છે તે પ્રાયે ફરતો નથી." આ પ્રમાણે બંને સ્ત્રીઓ કહી રહી ત્યારે રાજા બોલ્યો -"આ બે સ્ત્રીઓ જાણે એક ડીંટમાંથી ચ્યવી હોય તેમ બરાબર સરખી છે. બંને સ્ત્રીઓ જ્યારે વૈસદશ રૂપવાળી હોય ત્યારે જેની સાથે પુત્રની આકૃતિ મળતી આવે તેનો એ પુત્ર છે એમ અનુમાન કરી શકાય, પણ આ પુત્ર તો બંનેના આકાર સાથે મળતો છે, તેથી એ અનુમાન પણ થઈ શકે તેમ નથી. વળી આ બાળક બોલી પણ જાણતો નથી તો પછી આ માતા છે ને આ વિમાતા છે એવા જ્ઞાનની તો વાતજ શી કરવી !" આ કજીઆનો નિર્ણય કરવાને ચકિત થઇએ પ્રમાણે કહેતા એવા રાજાને એ વિચારમાં ને વિચારમાં નિત્યકૃત્ય કરવાનો મધ્યાન્હ કાળ થઇ ગયો. પછી સભાસદોએ કહ્યું-"હે પ્રભુ ! આ બંનેનો વિવાદ વજ્રગ્રંથીની જેમ દુર્ભેદ્ય હોવાથી છમાસે પણ અમારાથી તે ભેદી શકાશે નથી, માટે હાલ આપનો નિત્યકૃત્યનો વખત થયો છે તો તે નિર્ગમન થવો ન જોઇએ, ક્ષણ પછી ફરીવાર વળી આપ આ વિવાદને માટે વિચાર કરજો." ભલે એમ કરો' એમ કહી રાજાએ સભા વિસર્જન કરી, અને તે પછી નિત્યના કૃત્ય કરી તે અંતઃપુરમાં ગયા. ત્યાં મંગળાદેવીએ વિજ્ઞપ્તિ કરી કે 'હે સ્વામી ! મધ્યાન્હ કૃત્યને માટે આજે અતિ વેળા કેમ થઇ ?' રાજાએ એ બંને સ્ત્રીઓના વિવાદનો વૃત્તાંત રાણીને કહી બતાવ્યો. એટલે ગર્ભના પ્રભાવથી જેમની સુમતિ થયેલી છે એવા સુમંગળાદેવી આ પ્રમાણે બોલ્યા- 'હે દેવ ! સ્ત્રીઓના વિવાદનો નિર્ણય તો સ્ત્રીઓનેજ કરવો યુક્ત છે, માટે તે બંનેના વિવાદનો નિર્ણય હું પોતે કરીશ.' પછી રાજા મહારાણીને સાથે લઇને સભામાં આવ્યા. ત્યાં તે બંને સ્ત્રીને બોલાવીને ફરીને તેના વિવાદનું કારણ પૂછયું, એટલે તેઓએ પૂર્વની પેઠે કહી બતાવ્યું. રાણી તેમનું બોલવું અને ઉત્તર આપવાની રીતિ તરફ વિચાર કરી બોલ્યા-'બાઇઓ ! મારા ઉદરમાં ત્રણ જ્ઞાનને ધારણ કરનાર તીર્થંકર ઉત્પન્ન થયેલા છે. તેમનો પ્રસવ થયા પછી અશોક વૃક્ષ નીચે બેસીને તે તમારા વિવાદનો નિર્ણય કરશે, માટે ત્યાં સુધી તમે બંને રાહ જુઓ.' અપરમાતાએ એ વાત કબુલ કરી, પણ પુત્રની ખરી માતા બોલી 'હે મહાદેવિ ! હું જરા વાર પણ રહી શકીશ નહીં, અને મારા વહાલા પુત્રને તેટલા કાળ સુધી શોકયને સ્વાધીન પણ કરી શકીશ નહીં, આપ સર્વજ્ઞની માતા છો તો તમે પોતે આજેજ તેનો નિર્ણય કરો.' આવાં પુત્રમાતાનાં વચન સાંભળી મંગળા-

દેવી નિર્ણય કરીને બોલ્યા—"આ સ્ત્રી કાલક્ષેપને સહન કરી શકતી નથી, માટે આ પુત્ર ખરેખર એનો જ છે, અને આ બીજી સ્ત્રી પારકો પુત્ર અને ધન બંનેને આધીન રહેવા દેવાનો મારો નિર્ણય સાંભળી કાલક્ષેપ કરવાને કબુલ કરે છે, તેથી તે તેની ખરી માતા નથી. કારણ કે ખરી માતા પોતાનો પુત્ર બીજાને આધીન રહેવા દેવા રૂપ કાલક્ષેપ કેમ સહન કરે ? માટે હે ભદ્રે ! તું જરા પણ કાલક્ષેપ સહન કરતી નથી તેથી મારા જાણવામાં આવ્યું કે આ પુત્ર તારો છે તેથી તેને લઇને તું ઘેર જા. કદી આ સ્ત્રીએ પુત્રનું લાલન-પાલન કર્યું હશે, પણ તેથી કાંઈ એ પુત્ર તેનો કહેવાય નહીં. કેમકે કોકિલાના પુત્રને પોષણ કરનાર તો કાગડી હોય છે, પણ એ પુત્ર તો કોકિલાનો જ કહેવાય છે." ગર્ભના પ્રભાવથી દેવીએ તેઓનો આ પ્રમાણે નિર્ણય કર્યો, તે સાંભળીને સર્વ ચતુર્વિધ સભા નેત્રવિકાસ કરી વિસ્મય પામી. પછી પ્રાતઃકાળ થવાથી કમલિની અને કુમુદિનીની જેમ એ પુત્રથી હર્ષ અને ખેદ પામતી તે બંને શોકયો પોતાને ઘેર ગઈ.

જાણે સંકોચ કરીને રહેતો હોય તેમ દેવીને કાંઇપણ વેદના નહીં ઉપજાવતો ગર્ભ શુકલ પક્ષના ચંદ્રની જેમ અનુક્રમે વધવા લાગ્યો. પછી નવમાસ અને સાડાસાત દિવસ વીત્યા, એટલે વૈશાખ માસની શુકલ અષ્ટમીએ ચંદ્ર મઘા નક્ષત્રમાં આવતા પૂર્વ દિશા જેમ ચંદ્રને જન્મ આપે તેમ મંગળાદેવીએ સુખેથી કોંચપક્ષીના ચિન્હવાળા સુવર્ણ-વર્ણ પુત્રરત્નને જન્મ આપ્યો. તે વખતે ત્રૈલોક્યમાં ઉદ્યોત થયો, ક્ષણવાર નારકી જીવોને પણ સુખ થયું, અને ઇંદ્રોનાં આસન કંપ્યાં. પ્રથમ દિક્કુમારીઓએ ત્યાં આવીને યથા-યોગ્ય સૂતિકાકર્મ કર્યું. પછી શક્રઇંદ્ર આવી મંગળાદેવીની શય્યામાંથી પ્રભુને મેરૂપર્વત ઉપર લઈ ગયા. ત્યાં અચ્યુતાદિ ત્રેસઠ ઈંદ્રોએ આવીને શક્રઇંદ્રના ઉત્સંગમાં રહેલા પ્રભુને તીર્થજલથી અભિષેક કર્યો. પછી ઈશાનઇંદ્રના ઉત્સંગમાં પ્રભુને બેસાડીને શક્રઇંદ્રે વિકુર્વેલા સ્ફાટિકના ચાર વૃષભોના શીંગમાંથી નીકળેલા જળવડે પ્રભુનું સ્નાત્ર કર્યું. પછી વિલેપન કરી, વસ્ત્રાલંકાર પહેરાવી તથા આરાત્રિક ઉતારીને શક્રઇંદ્ર ભક્તિથી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.

"હે દેવ ! આપના જન્મકલ્યાણકથી આ પૃથ્વી કલ્યાણવાળી થઈ ગઈ છે, તો
" જ્યારે તમે ચરણકમળથી આ પૃથ્વીપર વિહાર કરશો ત્યારની તો વાતજ શી કરવી !
" હે ભગવાન ! તમારા દર્શનસુખથી અમારી દૃષ્ટિઓ કૃતાર્થ થઈ છે, અને તમારું પૂજન
" કરવાથી આ હાથ કૃતાર્થ થયેલા છે. હે જિનનાથ ! તમારા સ્નાત્ર અર્ચન વિગેરેનો જે
" મહોત્સવ કરવામાં આવેલો છે તે ચિરકાળના મારા મનોરથરૂપી પ્રાસાદ ઉપર કલશરૂપ
" થયેલો છે. હે જગન્નાથ ! સાંપ્રતકાલે હું આ સંસારની પણ પ્રશંસા કરું છું, કારણકે
" જેમાં મુક્તિના એક નિબંધનરૂપ તમારું દર્શન પ્રાપ્ત થયું છે. હે દેવ ! સ્વયંભૂરમણ
" સમુદ્રના ઉર્મિઓ કદી ગણી શકાય, પણ મારા જેવા પુરૂષો અતિશયોના પાત્ર એવા
" તમારા ગુણોને ગણી શકે નહીં. ધર્મરૂપી મંડપના સ્તંભરૂપ, જગત્ને ઉદ્યાત કરવામાં
" સૂર્યરૂપ અને દયારૂપી વેલાના આશ્રયને માટે મોટા વૃક્ષરૂપ એવા હે જગત્પતિ ! આ
" વિશ્વની રક્ષા કરો. હે દેવ ! મુક્તિના બંધ થયેલા દ્વારને ઉઘાડવામાં કુંચી રૂપ તમારી
" દેશના પુણ્યવંત પ્રાણીઓનાજ સાંભળવામાં આવે છે. હે ભુવનેશ્વર ! ઉજ્જવળ દર્પણ
" જેવા મારા મનમાં હમેશાં પ્રતિબિંબ રૂપે પડેલી તમારી મૂર્તિ મને મુક્તિસુખના કારણ
" રૂપ થાઓ."

આ પ્રમાણે સ્તુતિ કરી શક્રઇંદ્ર પ્રભુને લઈને ક્ષણવારમાં ત્યાંથી ઉત્પતિ મંગલા-દેવીની પાસે આવ્યા, અને ત્યાં પ્રભુને મુકીને પોતાને સ્થાનકે ગયા. પ્રભુ ગર્ભમાં હતા તે વખતે માતાની સારી મતિ થયેલી હતી તેથી પિતાએ પ્રભુનું **સુમતિ** એવું નામ પાડયું. ઇંદ્રની આજ્ઞાથી ધાત્રીઓએ આવીને લાલનપાલન કરેલા પ્રભુ શૈશવવયનું ઉલ્લંઘન કરીને યૌવનવયને પ્રાપ્ત થયા. તે વખતે પ્રભુની કાયા ત્રણસો ધનુષ ઊંચી થઈ, સ્કંધ પુષ્ટ થયા, અને ભુજરૂપી શાખા જાનુ સુધી લાંબી થઈ તેથી જાણે જંગમ કલ્પવૃક્ષ હોય તેમ પ્રભુ શોભવા લાગ્યા. તેમની લાવણ્યરૂપી તરંગિણીમાં માછલીઓની જેમ લલનાઓની દૃષ્ટિઓ ચંચળ થવા (રમવા) લાગી. પોતાને ભોગ્યકર્મ છે એમ જાણીને તેમજ માતાપિતાના આગ્રહથી સૌંદર્યવતી રાજકન્યાઓની સાથે પ્રભુએ પાણિગ્રહણ કર્યું. જન્મથી દશ લાખ પૂર્વ ગયા ત્યારે પિતાના ઘણા આગ્રહથી પ્રભુએ રાજ્યભાર ગ્રહણ કર્યો. જાણે વૈજયંત વિમાનમાં રહ્યા હોય તેમ બાર પૂર્વાંગસહિત ઓગણત્રિશ લાખપૂર્વ રાજ્યાવસ્થામાં પ્રભુએ નિર્ગમન કર્યા. જોકે પોતે સ્વયંબુદ્ધ છે તથાપિ લોકાંતિક દેવતાઓએ બોધ કરવાથી (યાદ આપવાથી) શ્રી સુમતિનાથ પ્રભુએ દીક્ષા લેવાની ઇચ્છાવડે વાર્ષિક દાન આપવા માંડયું. વાર્ષિક દાનને અંતે જેમના આસન ચલિત થયેલા છે એવા ઇંદ્રોએ અને રાજાઓએ સ્વામીનો દીક્ષાભિષેક કર્યો. પછી પ્રભુ **અભયકરા** નામની શિબિકા ઉપર આરૂઢ થઇને સુર, અસુર, અને મનુષ્યોની સાથે સહસ્રામ્રવનમાં પધાર્યા. ત્યાં વૈશાખ માસની શુકલ નવમીને દિવસે મધ્યાહ્ન વખતે મઘા નક્ષત્રમાં ચંદ્ર આવ્યે સતે હજાર રાજાઓની સાથે નિત્યભક્ત એવા પ્રભુએ દીક્ષા લીધી. પછી જાણે દીક્ષાનો અનુજબંધુ[1] હોય અથવા જાણે પ્રિયમિત્ર હોય તેવું મનઃપર્યવ નામે જ્ઞાન તેજ વખતે પ્રભુને ઉત્પન્ન થયું.

બીજે દિવસે વિજયપુરમાં પદ્મરાજાને ઘેર પ્રભુએ પરમાન્નથી પારણું કર્યું. દેવતાઓએ તેને ઘેર સુવર્ણવૃષ્ટિ વિગેરે અદ્‌ભુત દિવ્ય પ્રગટ કર્યા. રાજાએ નિત્ય પૂજનને માટે તે ઠેકાણે એક રત્નપીઠ બનાવ્યું. ત્યાંથી વિવિધ અભિગ્રહોને ધારણ કરતા અને પરીષહોને સહન કરતા પ્રભુએ વીશ વર્ષ સુધી પૃથ્વી પર વિહાર કર્યો. ગ્રામ, આકર વિગેરેમાં વિહાર કરતા કરતા પ્રભુ એકદા પાછા પોતાના દીક્ષાગ્રહણવાળા સહસ્રામ્રવનમાં આવ્યા. ત્યાં પ્રિયંગુ વૃક્ષના મૂલ નીચે ધ્યાન કરતા પ્રભુ અપૂર્વકરણથી ક્ષપકશ્રેણીમાં આરૂઢ થયા, એટલે તેમના સર્વ ઘાતિકર્મો તુટી ગયા. ચૈત્રમાસની શુકલ એકાદશીએ ચંદ્ર મઘા નક્ષત્રમાં આવતાં જેમણે છઠ્ઠ તપ કરેલું છે એવા પ્રભુને ઉજ્જવળ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આસનકંપથી એ વૃત્તાંત જાણીને સર્વ ઇંદ્રો સુર અસુરોની સાથે ત્યાં આવ્યા, અને તેઓએ દેશના દેવાને માટે સમોવસરણ રચ્યું. તેમાં પ્રભુએ પૂર્વદ્વારથી પ્રવેશ કરીને તેના મધ્યભાગમાં રહેલા એક કોશ ને સોળસો ધનુષ ઊંચા ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા કરી. પછી **'तीर्थायनमः'** એમ કહી પ્રભુ પૂર્વાભિમુખ સિંહાસન પર બીરાજ્યા, એટલે દેવતાઓએ બીજી ત્રણ દિશાઓમાં પ્રભુનાં પ્રતિબિંબો સ્થાપિત કર્યાં. સુર, અસુર અને મનુષ્ય સહિત ચતુર્વિધ સંઘ પણ યોગ્ય સ્થાને બેઠો, પછી ઇંદ્ર નમસ્કાર કરી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.

" હે ભગવાન ! આ અશોક વૃક્ષ ભમરાઓના ગુંજારવથી જાણે ગાતો હોય, ચલાય-
" માન પત્રોથી જાણે નાચતો હોય, અને તમારા ગુણોમાં રક્ત થવાથી રક્ત થયો હોય
" એવો ખુશી થતો દેખાય છે. આ દેવતાઓ, જેઓના બંધન (ડીંટ) નીચા છે એવા
" પુષ્પોને યોજન પ્રમાણ તમારી દેશના ભૂમિ ઉપર જાનુપ્રમાણ વર્ષાવે છે. તમારો " માલ-

---

૧ નાનોભાઇ.

" વકૌશીકી પ્રમુખ ગ્રામ તથા રાગથી પવિત્ર એવો જે દિવ્યધ્વનિ થાય છે, તેને મૃગલાઓ
" પણ હર્ષવડે ઊંચી ગ્રીવા કરીને પીએ છે (સાંભળે છે). તમારી આગળ રહેલી ચંદ્ર
" જેવી ઉજ્જ્વળ આ ચામરશ્રેણી જાણે તમારા મુખકમળની સેવા કરવાને આવેલી હંસની
" પંક્તિ હોય તેવી શોભે છે. સિંહાસન ઉપર બીરાજી તમે જ્યારે દેશના આપો છો ત્યારે
" મૃગલાઓ સિંહની સેવા કરવા જાણે આવતા હોય તેમ તે દેશના સાંભળવાને આવે છે.
" જ્યોત્સ્નાથી વ્યાપ્ત એવો ચંદ્રમાં જેમ ચકોર પક્ષીને હર્ષ આપે છે તેમ કાંતિઓથી
" વ્યાપ્ત એવા તમે સર્વની દૃષ્ટિઓને પરમ હર્ષ આપો છો.[1] હે વિશ્વપતિ ! તમારી
" આગળ આકાશમાં ધ્વનિ કરતો દુંદુભિ, સર્વ જગત્‌માં આપ્ત પુરૂષોને વિષે તમારા
" મોટા સામ્રાજ્યને જાણે બતાવતો હોય તેમ જણાય છે. પુણ્ય સમૃદ્ધિઓના ક્રમ જેવા
" અને ત્રણ ભુવન ઉપરના તમારા પ્રૌઢ પ્રભુપણાને બતાવવા આ ત્રણ છત્રો તમારી ઉપર
" શોભી રહ્યા છે. હે નાથ ! આવી તમારી ચમત્કારી પ્રાતિહાર્ય લક્ષ્મીને જોઇને કયા
" મિથ્યાદૃષ્ટિઓ પણ આશ્ચર્ય ન પામે !"

આ પ્રમાણે સ્તુતિ કરી શક્ર ઇંદ્ર વિરામ પામ્યા પછી સુમતિનાથ પ્રભુએ સર્વ ભાષાઓને અનુસરનારી વાણીથી દેશના આપવાનો આરંભ કર્યો.

" આ જગત્‌માં કાર્યાકાર્યના જ્ઞાનની યોગ્યતાને પામેલા પ્રાણીએ પોતાના કર્ત્તવ્યમાં
" મૂઢ રહેવું ન જોઇએ. પુત્ર, મિત્ર તથા સ્ત્રી વિગેરેની અને પોતાના શરીરની પણ જે
" સત્ક્રિયા કરવામાં આવે છે તે સર્વ પરકાર્ય છે, તેમાં કાંઈપણ સ્વકાર્ય નથી. પ્રાણી
" એકલોજ ઉત્પન્ન થાય છે, એકલોજ મૃત્યુ પામે છે, અને ભવાંતરે સંચિત કરેલ
" કર્મોને એકલો જ અનુભવે છે. એકે ચોરીથી ઉપાર્જન કરેલું ધન બધા મળીને ખાઈ
" જાય છે, અને તે ચોરી કરનારને એકલાનેજ નરકમાં પોતાના કર્મથી દુઃખ ભોગવવા
" પડે છે. દુઃખરૂપ દાવાનલથી ભયંકર અને વિસ્તારવાળા આ ભવરૂપ અરણ્યમાં કર્મને
" વશ થયેલો પ્રાણી એકલોજ ભટકયા કરે છે. આ જીવને બાંધવ વિગેરે કોઇ પણ
" સહાયકારી થતા નથી. જો શરીર સહાયકારી છે એમ કહીએ તો તે શરીર તો ઉલટું
" સુખદુઃખના અનુભવને આપનારું છે. સુખદુઃખના અનુભવને આપનારું શરીર સહાય-
" કારી છે એમ જો કહીએ તો તે પૂર્વ ભવમાંથી સાથે આવતું નથી, અને આગલા ભવમાં
" સાથે આવવાનું પણ નથી. તેથી સંફેટમાં (હડફેટમાં) આવી મળેલી કાયાને સહા-
" યકારી કેમ કહેવાય ? 'ધર્મને અધર્મ સહાયકારી છે' એમ જો માનીએ તો તે પણ સત્ય
" નથી, કારણ કે ધર્મ અધર્મની સહાયતા મોક્ષમાં બીલકુલ નથી. તેથી આ સંસારમાં
" શુભ અશુભ કર્મ કરતો પ્રાણી એકલો ભટકે છે, અને પોતાના શુભાશુભ કર્મને યોગ્ય
" શુભ અશુભ ફળને અનુભવે છે. તેજ પ્રમાણે અનુત્તર એવી મોક્ષલક્ષ્મીને પણ એક-
" લોજ ગ્રહણ કરે છે; કારણ કે ત્યાં પૂર્વોક્ત સર્વે સંબંધીઓનો વિરહ હોવાથી બીજા
" કોઈને સાથે રહેવાનો સંભવ નથી. માટે સંસાર સંબંધી દુઃખ અને મોક્ષ સંબંધી
" સુખ તેને પ્રાણી એકલોજ ભોગવે છે; તેમાં કોઇ સહાયકારી નથી. જેવી રીતે હાથપગ
" છુટા હોય તેવો માણસ એકલો તત્કાળ સમુદ્રના પારને પામી શકે છે પણ હૃદય, હાથ,
" પગ વિગેરેથી બાંધી લીધેલો માણસ તેનો પાર પામી શકતો નથી; તે પ્રમાણે જે ધન
" અને દેહ વિગેરેની ઉપર આસક્તિવાળો હોય છે તે આ ભવસમુદ્રનો પાર પામી
શક્તો " નથી, પરંતુ તેની ઉપરની આસક્તિ વિનાનો એકલો સ્વસ્થ પ્રાણી હોય તે આ

---

૧ આમાં ભામંડળ પ્રાતિહાર્ય સૂચવ્યું છે.

" ભવ સમુદ્રના પારને તત્કાલ પામે છે; માટે સાંસારિક સર્વ સંબંધને છોડી દઈ ને પ્રાણીએ " એકલાપણે શાશ્વત આનંદ સુખવાળા મોક્ષને માટે યત્ન કરવો. "

આ પ્રમાણેની પ્રભુની દેશના સાંભળીને પ્રબોધ પામેલા ઘણા નર નારીઓએ નિઃસંગ થઈને ચારિત્રવ્રત ગ્રહણ કર્યું. તેમાંથી **ચમર** વિગેરે સો ગણધરો થયા. તેઓએ પ્રભુ પાસેથી ત્રિપદી પ્રાપ્ત કરીને દ્વાદશાંગી રચી. જ્યારે પ્રથમ પૌરૂષી પૂર્ણ થઈ ત્યારે પ્રભુએ દેશના સમાપ્ત કરી. પછી પ્રભુના ચરણપીઠ ઉપર બેસીને ચમર ગણધરે દેશના આપવા માંડી. જ્યારે બીજી પૌરૂષી પૂર્ણ થઇ ત્યારે તેમણે પણ દેશના સમાપ્ત કરી. એટલે ઇંદ્રાદિક દેવતાઓ અર્હંતને નમસ્કાર કરીને પોતપોતાને સ્થાનકે ગયા.

તે પ્રભુના તીર્થમાં શ્વેત વર્ણવાળો, ગરૂડના વાહનવાળો, બે દક્ષિણ ભુજામાં વરદ અને શક્તિને ધરનારો, તથા બે વામભુજામાં ગદા અને પાશને રાખનારો તેમજ સદા સંનિધિ રહેનારો **તુંબુરૂ** નામે યક્ષ શાસનદેવતા થયો. તેમજ સુવર્ણના જેવી કાંતિવાળી, પદ્મ ઉપર બેસનારી, બે દક્ષિણ ભુજામાં વરદ અને પાશને ધરનારી, બે વામભુજામાં બીજોરૂં અને અંકુશને રાખનારી અને નિરંતર પ્રભુની પાસે રહેનારી **મહાકાલી** નામે યક્ષણી શાસનદેવી થઇ. વચનના પાંત્રીશ અતિશયથી શોભતા પ્રભુ ભવ્ય પ્રાણીઓને બોધ કરતા પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા,

ઘણા કાળ પર્યંત પૃથ્વીપર વિહાર કરતાં ચોત્રીશ અતિશયવાળા સુમતિનાથ પ્રભુને ત્રણલાખ ને વીશહજાર સાધુ, પાંચલાખ ને ત્રીશહજાર સાધ્વી, બે હજાર ને ચારસો ચૌદપૂર્વી, અગ્યારહજાર અવધિજ્ઞાની. દશહજાર ને સાડીચારસો મનઃપર્યવ જ્ઞાની, તેરહજાર કેવળજ્ઞાની, અઢારહજાર ને ચારસો વૈક્રિય લબ્ધિવાળા, દશ હજાર ને સાડી ચારસો વાદ લબ્ધિવાળા, બે લાખ ને એકાશીહજાર શ્રાવક અને પાંચલાખ ને સોળહજાર શ્રાવિકાનો પરિવાર થયો.

કેવળજ્ઞાનની ઉત્પત્તિથી આરંભીને સુમતિનાથ પ્રભુએ વીશ વર્ષ અને બાર પૂર્વાંગે ઊણા એકલાખ પૂર્વ પૃથ્વીપર વિહાર કર્યો. અનુક્રમે પોતાનો મોક્ષકાલ સમીપ જાણીને સમેતશિખર પર્વતે આવ્યા. ત્યાં એક હજાર મુનિઓની સાથે અનશન ગ્રહણ કર્યું. એક માસને અંતે ભવોપગ્રાહી ચાર અઘાતિકર્મને ખપાવી, અનંત ચતુષ્કને પ્રાપ્ત કરી, શૈલેશી ધ્યાનમાં વર્ત્તતાં ચૈત્ર માસની શુકલ નવમીને દિવસે પુનર્વસુ નક્ષત્રમાં ચંદ્રના યોગ થતાં એક હજાર મુનિઓની સાથે સુમતિનાથ સ્વામી અવ્યયપદ (મોક્ષ) પામ્યા.

દશ લાખ પૂર્વ કૌમાર અવસ્થામાં, ઓગણત્રીશ લાખ ને બાર પૂર્વાંગ રાજ્યાવસ્થામાં અને બાર પૂર્વાંગે ઊણા લાખ પૂર્વ વ્રતધારણમાં એવી રીતે સુમતિનાથ પ્રભુએ ચાળીશલાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કર્યું. અભિનંદન પ્રભુના નિર્વાણ પછી નવલાખ ક્રોડ સાગરોપમ ગયા પછી સુમતિનાથ પ્રભુ મોક્ષે ગયા. પછી સર્વ ઇંદ્રા પ્રભુના શરીરને અને બીજા સહસ્ર મુનિઓનાં શરીરોને વિધિથી અગ્નિસંસ્કાર કરી ત્યાંથી નંદીશ્વર દ્વીપે જઈને પ્રભુના નિર્વાણપર્વનો મહોત્સવ કરી પોતપોતાને સ્થાનકે ગયા.

इत्याचार्यश्रीहेमचन्द्रविरचिते त्रिशष्टिशलाकापुरुषचरिते
महाकाव्ये तृतीये पर्वणि श्रीसुमतिस्वामिचरित्र
वर्णनो नाम तृतीयः सर्गः ३

સર્ગ ૪ થો.

શ્રી પદ્મપ્રભ ચારત્ર.

પદ્મના જેવા વર્ણવાળા, અને જાણે લક્ષ્મીની લીલાના નિવાસરૂપ પદ્મનો સમૂહ હોય તેવા **શ્રીપદ્મપ્રભ** જિનેશ્વરને અમે વંદના કરીએ છીએ. એ પ્રભુના અસાધારણ પ્રભાવથી, જોકે હું ક્ષીણ બુદ્ધિવાળો છું તથાપિ દુરિતને નાશ કરનારૂં તેમનું ચરિત્ર કહું છું.

ધાતકીખંડ દ્વીપમાં પૂર્વવિદેહ ક્ષેત્રના મંડનરૂપ **વત્સ** નામના વિજયમાં **સુસીમા** નામે એક ઉત્તમ નગરી છે. ત્યાં શત્રુઓએ અપરાજિત એવો **અપરાજિત** નામે રાજા છે. ઇંદ્રિયોને જીતનારો એ રાજા જાણે દેહધારી ધર્મ હોય તેવો દેખાતો હતો. તે રાજાને ન્યાય એજ મિત્ર હતો, ધર્મ એજ સુહૃદ હતો તથા ગુણ એજ ધન હતું. બીજા મિત્ર, સુહૃદ અને ધન જે હતાં તે તો ફક્ત બહાર દેખવા માત્ર જ હતા વૃક્ષમાં પલ્લવોની જેમ સરલતા, શીલ અને સત્ત્વાદિક જે ઊર્જિત ગુણો તેનામાં હતા તે પરસ્પર આભૂષણરૂપે રહેલા હતા. વિવેકી જનોમાં શિરોમણિ એ રાજા અક્રોધીપણે શત્રુઓને શિક્ષા કરતો, અનાસક્તપણે સંસારિક સુખને અનુભવતો અને અલુબ્ધપણે લક્ષ્મીને ધારણ કરતો હતો.

એક વખતે દેવતાઓ જેમ અમૃતનું પાન કરે તેમ અર્હંત ભગવાનના પ્રવચન રૂપ અમૃતનું પાન કરતો તત્ત્વનિષ્ટ ચિત્તવડે તે ચિંતવન કરવા લાગ્યો–" અહા ! " આ સંસારમાં સંપત્તિ, યૌવન, રૂપ, શરીર, કામિનીઓ, પુત્રો, મિત્રો અને હવેલીઓ એ સઘળું આ પ્રાણીને છોડી દેવું ઘણું અશકય લાગે છે, પરંતુ તેજ પ્રાણી પોતાના જીવનસમયમાં દુર્દશાને પામે છે ત્યારે અથવા તો કાળધર્મને પામે છે ત્યારે પક્ષીઓ જેમ વિનાશ પામેલા ઇંડાને ત્યજી દે છે તેમ તે સંપત્તિ વિગેરે તેને ત્યજી દે છે. પક્ષી જેમ એક પાંખથી ફાળ ભરતાં ભ્રષ્ટ થઈ નીચે પડે છે તેમ પૂર્વોકત પદાર્થોમાં એક ચરણથી ફાળ ભરવા તુલ્ય એકપક્ષી[1] સ્નેહ કરતો મંદબુદ્ધિ પ્રાણી પોતાના સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે. માટે જ્યાં સુધી પુણ્યકર્મના ક્ષયથી એ સંપત્તિ વિગેરે મને છોડી દે નહીં ત્યાં સુધીમાં પુરૂષાર્થનું અવલંબન કરીને હું પોતેજ તેનો ત્યાગ કરું." આ પ્રમાણે વિચાર કરીને જેને ધારાધિરૂઢ વૈરાગ્ય પ્રાપ્ત થયેલો છે એવા અને વિવેકરૂપી મણિના રોહણાચળ પર્વત સરખા અપરાજિત રાજાએ પોતાનું રાજ્ય પુત્રને અર્પણ કરી દીધું, **પિહિતાશ્રવ**[2] આચાર્ય ભગવંતના ચરણકમલ સમીપે આવી મોક્ષમાર્ગમાં મહારથ જેવી દીક્ષા ગ્રહણ કરી. ત્રણ ગુપ્તિવાળા, પાંચ સમિતિએ યુક્ત, નિર્મમ અને પરિગ્રહરહિત એવા એ રાજર્ષિએ તીક્ષ્ણ ખડ્ગની ધારા જેવું ચારિત્ર ચિરકાલ પાલન કર્યું. નિર્મળ મનવાળા એ મહાત્માએ વીશ સ્થાનકોમાંથી કેટલાએક સ્થાનકોના આરાધનવડે તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું, અને છેવટે શુભ ધ્યાનપરાયણ થઈ આયુષ્યને ખપાવી એ મોટા મનવાળા મુનિ નવમા ગ્રૈવેયકમાં મહર્દ્ધિક દેવતા થયા.

---

૧ એકતરફી. ૨ આશ્રવના દ્વાર–આશ્રવ જેમણે ઢાંકી દીધા છે એવા આચાર્ય.

આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રની અંદર વત્સદેશના આભૂષણ તુલ્ય **કૌશાંબી** નામે નગરી છે. તે નગરીમાં આવેલાં ઊંચાં ચૈત્યોના અગ્ર ભાગમાં રહેલી સિંહની પ્રતિમાની નજદીક ચંદ્રમા આવે છે તે વખતે એ સિંહથી ત્રાસ પામીને કલંકરૂપ મૃગ નાસી જવાથી ચંદ્ર પણ નિષ્કલંક થઈ જાય છે. ત્યાં ગૃહોમાં પ્રસરતા ધૂપના ધૂમાડા, સંભોગથી વસ્ત્ર રહિત થયેલા યુવાન સ્ત્રીપુરુષોનાં જોડલાંને વસ્ત્રની શોભા પ્રત્યે વિસ્તારે છે. ત્યાં પ્રતિગૃહમાં રચેલા મુક્તાફળના સ્વાસ્તકોના મોતી ઉપર શુકપક્ષીઓ આવી આવી દાડિમના દાણાની શંકાથી ચાંચોવડે ઘાત કરે છે. ત્યાં સર્વ મનુષ્યો શ્રીમાન છે તેથી બીજાના દ્રવ્યને કોઇ લુંટતું નથી. ફક્ત ઉદ્યાનના પુષ્પોની ખુશબોને પવન જ એક લુંટે છે. એ નગરીમાં **ધર** નામે રાજા હતો. પૃથ્વીના તાપને ટાળવાથી અને ધારણ કરવાથી મેઘ અને પર્વતનો તેણે તિરસ્કાર કરેલો હતો. પૃથ્વીમંડળ ઉપર રહેલા સર્વ રાજાઓ તેની આજ્ઞાને ખંડન કરતા નહીં, પણ પુષ્પમાલાની જેમ અખંડ મસ્તકપર ધારણ કરતા હતા. તેના ભુજદંડ ધનુષધારણવડે પ્રચંડ હતા તથાપિ તે દંડ કરવામાં પ્રચંડ પણું બતાવતો નહીં પણ ભદ્રિક હાથીની જેમ સૌમ્યપણે રહેતો હતો. એક સાથે વિસ્તાર પામેલા યશ અને અનુરાગથી અર્ધોઅર્ધ શ્રીખંડ ચંદનની સાથે રહેલા કેશરની જેમ તેણે સર્વ દિશાઓને ચિરકાળ વિલેપન કર્યું હતું. લક્ષ્મીદેવીના લીલાગૃહ રૂપ એ રાજામાં વાસ્તુદેવની જેમ ગુણનો સમૂહ સાથે જ ઉત્પન્ન થયેલો હતો.

એ રાજાને સતીઓની સીમારૂપ અને દેવકન્યા જેવી રૂપવંત **સુસીમા** નામે રાણી હતી. તે હાથ, પગ અને હોઠથી પલ્લવવાળી, શબ્દોથી પુષ્પિત અને ભુજાઓથી શાખાવાળી કલ્પવૃક્ષની જાણે લતા હોય તેવી શોભતી હતી. મુખ ઉપર લજ્જાવસ્ત્ર ઢાંકીને માત્ર પૃથ્વી-નેજ જોતી. તે ઈર્યાસમિતિમાં લીન થયેલા મુનિની જેમ મંદમંદ ચાલતી હતી. કાંતિએ શરીરને, લજ્જાએ શીલને, સરલતાએ મનને અને સત્યતાએ તેનાં વચનને પૂર્ણ રીતે શોભાવ્યાં હતાં. જ્યારે એ કાંઈ પણ બોલતી ત્યારે ચંદ્રની કાંતિના પ્રવાહથી રાત્રિની જેમ અતિ ઉજ્જવળ દાંતનાં કિરણોથી તેની મનોહર મૂર્તિ દીપી નીકળતી હતી.

અહીં નવમા ગ્રૈવેયકમાં અપરાજિત રાજાના જીવે એકત્રીશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કર્યું. ત્યાંથી ચ્યવીને માઘ માસની કૃષ્ણ ષષ્ઠિને દિવસે ચંદ્ર ચિત્રા નક્ષત્રમાં આવતાં સુસીમા દેવીની કુક્ષિમાં તે ઉત્પન્ન થયો. તે વખતે તીર્થંકરના જન્મને સૂચવનારાં ચૌદ મહાસ્વપ્નાં દેવીએ પોતાના મુખમાં પ્રવેશ કરતાં જોયાં. ગર્ભ જ્યારે વૃદ્ધિ પામ્યો ત્યારે દેવીને પદ્મની શય્યામાં સુવાનો દોહદ થયો તે તત્કાલ દેવતાઓએ પૂર્ણ કર્યો. પછી નવ માસ ને સાડાસાત દિવસ થતાં કાર્તિક માસની કૃષ્ણ દ્વાદશીને દિવસે ચંદ્ર ચિત્રા નક્ષત્રમાં આવતાં, વક્રચાર અતિચારને મૂકીને સર્વ ગ્રહો ઊંચા સ્થાનકના થતાં પદ્મના જેવા વર્ણવાળા અને પદ્મના લાંછનવાળા પુત્રને દેવીએ જન્મ આપ્યો.

તે અવસરે છપ્પન દિક્કુમારીઓએ આવી સૂતિકાકર્મ કર્યું અને શક્ર ઇંદ્ર પ્રભુને મેરૂ પર્વતના મસ્તક પર લઇ ગયા. શક્રઇંદ્રના ઉત્સંગમાં રહેલા પ્રભુને સહોદર બંધુઓમાં જ્યેષ્ઠ બંધુઓના ક્રમની જેમ અચ્યુતાદિ ઇંદ્રોએ આવી સ્નાન કરાવ્યું. શક્ર ઇંદ્રે ઈશાન ઇંદ્રના ખોળામાં પ્રભુને સ્થાપીને યથાવિધિ સ્નાન કરાવી પૂજા કરી. પછી નીચે પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.

"હે દેવ ! આ અપાર સંસારરૂપ મરૂદેશમાં સંચાર કરતા પ્રાણીઓને ચિરકાળે અમૃતની "પરબ તુલ્ય તમારૂં દર્શન થયેલું છે. રૂપથી અનુપમ એવા તમને અશ્રાંતપણે જોનારા

"દેવતાઓનાં નેત્રોની અનિમેષતા કૃતાર્થ થયેલી છે. તમારા જન્મ વખતે નિત્ય અંધકારમાં "ઉદ્યોત થયો તેથી નારકીઓને પણ સુખ થયું, માટે તમારું તીર્થંકરપણું કોને સુખરૂપ "નથી? હે નાથ! સંસારીઓના પુણ્યોથીજ તમે ધર્મરૂપી વૃક્ષને દયારૂપ નીકના જળથી સિંચન "કરીને વૃદ્ધિ પમાડો છો. હે પ્રભુ! જળના શીતલપણાની જેમ ત્રણ જગતનું સ્વામીપણું "અને ત્રણ જ્ઞાનનું ધારણ કરવાપણું તમારે જન્મથીજ સિદ્ધ થયેલું છે. પદ્મના જેવા વર્ણ- "વાળા, પદ્મના ચિન્હવાળા, પદ્મના સુગંધ જેવા મુખપવનને ધરનારા, પદ્મના જેવા મુખવાળા "પદ્મા (લક્ષ્મી) એ યુક્ત અને પદ્મના ગૃહરૂપ એવા હે પ્રભુ! તમે જય પામો. હે નાથ! "અપાર અને દુસ્તર એવો આ સંસારરૂપી સાગર તમારા પ્રસાદથી હવે જનુપ્રમાણ થઇ "જશે. હે સ્વામી! હવે હું કલ્પાંતરનું[1] સામ્રાજ્ય કે અનુત્તર વિમાનનો નિવાસ પણ "ઇચ્છતો નથી, ફક્ત તમારા ચરણકમલની સેવાનેજ ઇચ્છું છું."

આ પ્રમાણે સ્તુતિ કરીને શક્રઇંદ્ર પ્રભુને લઈ તરત સુસીમાદેવીની પાસે આવ્યા, અને ત્યાં પ્રભુને મૂકીને સ્વર્ગમાં ગયા. પ્રભુ ગર્ભમાં આવતાં માતાને પદ્મની શય્યાનો દોહદ થયો હતો તેમજ પદ્મના જેવી પ્રભુની કાંતિ હતી, તેથી પિતાએ તેમનું **પદ્મપ્રભ** એવું નામ પાડયું. સ્વર્ગની ધાત્રીઓએ લાલન કરાતા અને દેવકુમારોની સાથે ક્રીડા કરતા પ્રભુ અનુક્રમે વૃદ્ધિ પામી બીજી વયને[2] પ્રાપ્ત થયા. એ વયમાં અઢીસો ધનુષ ઊંચા અને વિશાળ છાતીવાળા શ્રીવિભુ જાણે લક્ષ્મીનો પદ્મરાગમણિમય ક્રીડાપર્વત હોય તેવા શોભવા લાગ્યા. જોકે પ્રભુ સંસારનો ત્યાગ કરવાને ઇચ્છતા હતા, તથાપિ લોકોના અનુવર્તનથી અને માતા-પિતાના આગ્રહથી તેમણે પાણિગ્રહણ કર્યું. જન્મથી સાડાસાત લાખ પૂર્વ ગયા પછી પિતાના ઘણા આગ્રહથી પ્રભુએ રાજ્યનો ભાર ગ્રહણ કર્યો. રાજ્યનું પરિપાલન કરતાં જગત્પતિએ સાડી એકવીશ લાખ પૂર્વ અને સોળ પૂર્વાંગ નિર્ગમન કર્યા. પછી વટેમાર્ગુને જેમ સારા શુકનો ચાલવાની પ્રેરણા કરે, તેમ સંસારનો પાર પામવાને ઇચ્છતા એવા પ્રભુને લોકાંતિક દેવતાઓએ આવી દીક્ષા લેવાને પ્રેરણા કરી. તરતજ પ્રભુએ વાર્ષિક દાન આપવા માંડયું. એ દાનનું દ્રવ્ય કુબેરની આજ્ઞાથી જૃંભક દેવતાઓએ લાવીને પૂરું કર્યું. પછી ઇંદ્રો અને રાજાઓએ જેમનો અભિષેક કરેલો છે એવા પ્રભુ સુખકારી શિબિકામાં આરૂઢ થઈ સહસ્રામ્ર વનમાં ગયા. ત્યાં છઠ્ઠનો તપ કરી કાર્તિક કૃષ્ણ ત્રયોદશીને દિવસે ચિત્રા નક્ષત્રમાં અપરાહ્ણકાળે પ્રભુએ એક હજાર રાજાઓની સાથે દીક્ષા લીધી.

બીજે દિવસે બ્રહ્મસ્થળ નગરમાં **સોમદેવ** રાજાને ઘેર પ્રભુએ પરમ અન્નથી પારણું કર્યું. ત્યાં દેવતાઓએ પાંચ અદ્‌ભુત દિવ્ય પ્રગટ કર્યા, અને રાજાએ જ્યાં પ્રભુ ઉભા રહ્યા હતા ત્યાં એક રત્નપીઠ બનાવી. પછી પ્રભુ છદ્મસ્થપણે છ માસ પર્યંત વિહાર કરી પોતાની દીક્ષાના સાક્ષીરૂપ એવા સહસ્રામ્ર વનમાં ફરીવાર આવ્યા. ત્યાં છઠ્ઠ તપ કરીને કાયોત્સર્ગ ધ્યાને વડના વૃક્ષ નીચે રહ્યા. તે અવસરે વાયુથી કંપાવેલા અભ્રના[1] જળની જેમ પ્રભુના ઘાતિકર્મ ક્ષય પામ્યાં. તત્કાળ ચૈત્ર માસની પૂર્ણિમાએ ચિત્રા નક્ષત્રનો ચંદ્ર થતાં પદ્મપ્રભ પ્રભુને ગ્લાનિ રહિત કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. સુર અસુરોએ આવીને ત્યાં સમોસરણ રચ્યું તેમાં પ્રભુએ પૂર્વ દ્વારથી પ્રવેશ કર્યો. પછી ઇંદ્ર જેમ પ્રભુને પ્રદક્ષિણા કરે તેમ પ્રભુએ સમવસરણની મધ્યમાં રહેલા દોઢ કોશ ઊંચા ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા કરી, અને **તીર્થાયનમઃ** એમ ઊંચે સ્વરે ઉચ્ચાર કરીને રત્ન સિંહાસન પર પૂર્વમુખે વિરાજમાન થયા. પ્રભુના પ્રભાવથી દેવતાઓએ તેમના જેવાજ પ્રતિબિંબો વિકુર્વી બીજી ત્રણ દિશાઓમાં સ્થાપન કર્યા.

---

૧ વાદળાના.

પછી મયૂરોનો સમૂહ જેમ મેઘગર્જનાની ઉત્કંઠા ધરાવતો બેસે તેમ શ્રીમાન્ ચતુર્વિધ સંઘ પ્રભુની દેશના શ્રવણ કરવાની ઉત્કંઠા રાખીને યોગ્ય સ્થાને બેઠો. પછી સૌધર્મ કલ્પનો ઈંદ્ર પરમેશ્વરને પ્રણામ કરી ભક્તિવંત ચિત્તથી યથાર્થ સારરૂપ વાણીવડે આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.

"હે પ્રભુ! પરીષહોની સેનાને હણતા અને ઉપસર્ગોને વિદારતા પણ તમે શમતાને "પામેલા છો. અહા! મહાન્ પુરૂષોની કેવી વિદ્વત્તા! હે નાથ! તમે વિરાગી છતાં મુક્તિને "ભોગવનારા છો, અને અદ્વેષી છતાં શત્રુઓને હણનારા છો. અહો! મહાત્માઓનો કેવો "દુર્લભ મહિમા છે! હે દેવ! તમે હમેશાં જિગિષા રહિત છો અને અપરાધથી ભય પામો "છો, તથાપિ તમે ત્રણ જગત્ને જીતેલું છે. અહા! મોટા પુરૂષોની કેવી ચાતુરી! હે "નાથ! કોઇને તમે કાંઈ આપ્યું નથી અને કોઇની પાસેથી કાંઈ લીધું નથી, તથાપિ "તમારે પ્રભુપણું છે. અહા! વિદ્વાનોની કેવી વિચિત્ર કલા હોય છે! હે પ્રભુ! જે "સુકૃત બીજાઓએ દેહત્યાગ કરીને પણ મેળવ્યું નથી તે સુકૃત, સુકૃતસંપાદનમાં ઉદાસી "એવા તમારા ચરણપીઠ ઉપર આળોટે છે. રાગાદિકમાં ક્રૂર અને સર્વ પ્રાણીઓ પર કૃપાળુ "તેથી ભયંકર અને મનોહર બંને ગુણવાળા એવા તમે સર્વ સામ્રાજ્ય સાધેલું છે. "મોટામાં મોટા અને મહાત્માઓએ પૂજવા યોગ્ય એવા તમે અહો! મારી સ્તુતિગોચર "થયેલા છો. હે સ્વામી! બીજાઓમાં જે સર્વ રીતે દોષો છે તે તમારામાં ગુણરૂપ છે; "આ તમારી સ્તુતિ જો મિથ્યા હોય તો તે વિષે આ સભાસદો પ્રમાણરૂપ છે. હે "જગત્પતિ! તમારા ચરણનું મને વારંવાર દર્શન થાઓ એવી જ હું ઇચ્છા રાખું છું. "તે સિવાય મોક્ષની પણ મારે ઇચ્છા નથી"

આ પ્રમાણે સ્તુતિ કરી ઈંદ્ર વિરામ પામ્યો, એટલે પાંત્રીશ અતિશયોએ યુક્ત એવી વાણીથી પ્રભુએ દેશના દેવાનો આરંભ કર્યો.

"આ ઘોર સંસાર સમુદ્રના જેવો અપાર છે. તેમાં ચોરાશી લાખ જીવાયોનિને વિષે "પ્રાણી રખડયા કરે છે. આ સંસારરૂપી નાટકમાં સંસારી પ્રાણીઓ શ્રોત્રીય,[1] ચંડાળ, "સ્વામી, સેવક, બ્રહ્મા અને કૃમીના વેષો ધરી ધરીને અનેક ચેષ્ટાઓ કરે છે. સંસારી "પ્રાણી કર્મના સંબંધથી ભાડે રાખેલી ઝુંપડીની જેમ કઈ યોનિમાં નથી ગયો અને "કઈ યોનિ તેણે છોડી નથી? આ સમગ્ર લોકાકાશમાં પોતપોતાના કર્મથી દરેક પ્રાણીએ "નાનાં રૂપો ધરીને સ્પર્શ કર્યો ન હોય તેવી વાલાગ્ર માત્ર પૃથ્વી પણ નથી, અર્થાત્ સર્વ "પ્રદેશનો તેણે સ્પર્શ કરેલો છે. આ જગત્માં નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર "પ્રકારના પ્રાણીઓ છે તેઓ પ્રાયઃકર્મના સંબંધથી બાધિત થઇને ઘણું દુઃખ ભોગવ્યા "કરે છે. પહેલા ત્રણ નરકોમાં માત્ર ઉષ્ણ વેદના છે, છેલ્લા ત્રણ નરકોમાં શીતળ વેદના "છે, અને મધ્યના ચોથા નરકમાં ઉષ્ણ અને શીતળ બંને પ્રકારની ક્ષેત્ર વેદના છે. તે "અનુસારે તે તે ક્ષેત્રમાં દુઃખ થયા કરે છે. એ ઉષ્ણ અને શીતળ નરકોમાં લોઢાનો પર્વત "પણ કદી લઇ જવામાં આવે તો તે ત્યાંની ભૂમિનો સ્પર્શ કર્યા અગાઉ જ ઓગળી જાય "છે અથવા વેરણશીર્ણ થઇ જાય છે. એ પ્રમાણેની ક્ષેત્ર વેદના ઉપરાંત પરસ્પર નારકી "જીવોએ ઉપજાવેલી વેદના તથા પરમાધામી કૃત વેદના એમ ત્રણ પ્રકારની વેદનાઓએ "જેમને મહાદુઃખ ઉત્પાદન કરેલું છે એવા નારકીઓ વિવિધ દુઃખોથી પીડિત થઇને તે "નર્કભૂમિમાં વસે છે. ઘટીયંત્રોમાં ઉત્પન્ન થયેલા[2] નારકી જીવોને પરમાધાર્મિક દેવો

---

૧ પવિત્ર બ્રાહ્મણ. ૨ નાના મોઢાવાળી કુંભી જેવા સ્થાનકમાં (આલામાં) નારકી જીવો ઉત્પન્ન થાય છે.

" સીસાની સળીઓ જેમ જંતરડા માંથી ખેંચે તેમ લઘુ દ્વારથી આકર્ષણ કરે છે. કેટલા-
" એક નારકી જીવોને, વસ્ત્રોને જેમ રજકો[1] પછાડે તેમ હાથ પગ વિગેરેથી પકડીને
" વજ્રકંટક જેવી સંકટકારી શિલાના પૃષ્ટ ઉપર પરમાધામીઓ પછાડે છે. કોઈ ઠેકાણે
" તેઓએ કાષ્ટની જેમ દારૂણ કરવતથી વિદારે છે, અને કોઈ ઠેકાણે તલની જેમ વિચિત્ર
" યંત્રોથી પીલવામાં આવે છે. વળી નિત્ય તૃષાતુર એવા તે રાંકડાઓને ત્યાંથી લઇ
" જઇને તૃષા શાંત કરાવવા માટે તરવા[2] અને સીસાના રસને વહન કરનારી વૈતરણી
" નામની નદીમાં ઉતારવામાં આવે છે. કદી તે પ્રાણીઓને છાયામાં બેસવાની ઈચ્છા
" થાય તો તેમને અસિપત્ર વનમાં લઈ જાય છે. ત્યાં એ વનમાં રહેલા વૃક્ષોના શસ્ત્ર
" જેવા પત્રો પડવાથી તેઓના તિલતિલ જેવડા કટકા થઇ જાય છે. કોઈ ઠેકાણે વજ્ર કંટન
" જેવા શાલ્મલીના વૃક્ષની સાથે અને કોઈ ઠેકાણે અત્યંત તપાવેલી લોઢાની પુતળીઓની
" સાથે આલિંગન કરાવે છે, અને તે વખતે તેઓએ કરેલા પરસ્ત્રીઓના આલિંગનનું સ્મ-
" રણ કરાવે છે. કોઈ ઠેકાણે પૂર્વે કરેલું માંસભક્ષણનું લોલુપપણું યાદ આપીને તેમને
" તેઓના અંગનું જ માંસ તોડી તોડીને ખવરાવવામાં આવે છે, અને પૂર્વે કરેલી મદિરા-
" પાનની લોલુપતાને સ્મરણ કરાવીને તપેલું તરવું પાવામાં આવે છે. વળી ભ્રાષ્ટ્ર, ખરજ,
" મહાશૂલ અને કુંભીપાક વિગેરેની વેદનાનો નિરંતર અનુભવ કરાવે છે તથા માંસની
" પેઠે તેઓને શેકવામાં આવે છે. તે પ્રાણીઓના શરીર છિન્નભિન્ન થઇને પાછા મળી જાય
" તેવા છે. તેઓનાં નેત્રાદિક અંગો, બગલા અને કંક વિગેરે પક્ષીઓની પાસે ખેંચાવે છે
" આ પ્રમાણે મહાદુઃખોથી હણાયેલા અને સુખના એક અંશથી પણ રહિત પ્રાણીઓ
" ત્યાં રહીને યાવત્ તેત્રીશ સાગરોપમ જેવા મોટા કાળને નિર્ગમન કરે છે.

" કેટલાએક પ્રાણીઓ તિર્યંચગતિને પ્રાપ્ત થઇ તેમાં પણ એકેન્દ્રિયપણું પામે છે.
" અને તેમાં પણ પૃથ્વીકાય રૂપને પ્રાપ્ત થઇ હલાદિક શસ્ત્રોથી ફડાય છે, હાથી ઘોડા
" વિગેરેથી ચોળાય છે, જલપ્રવાહોથી પ્લાવિત થાય છે, દાવાનલથી બળી જાય છે. ખારા,
" ખાટા અને મૂત્રાદિકના જળથી વ્યથા પામે છે, લવણ ક્ષારને પામ્યા હોય છે તે ઉષ્ણ
" જળમાં તેને ઉકાળવામાં આવે છે. કુંભાર પ્રમુખ તેના દેહના ઘડા ઇંટ વિગેરે કરીને
" તેને પકાવે છે, ભીંતમાં કાદવરૂપ થઇને ચણાય છે; કોઈ ક્ષાર મૃત્તિકાના પુટપાકવડે
" પકવીને તેઓને શરાણથી ઘસે છે, કોઇવાર ટાંકણાથી તેમનું વિદારણ થાય છે, અને
" પર્વતની સરિતાના પ્રવાહોથી ફાડી નખાય છે. અપકાયપણાને પામેલા જંતુઓ સૂર્યનાં
" કિરણોથી તપાય છે, હિમરૂપે ઘનીભૂત કરાય છે, રજથી શોષણ કરાય છે. ઘણા ક્ષાર
" રસના સંપર્કથી પરસ્પર મૃત્યુ પામે છે, સ્થાળીની અંદર રાખીને પચાવાય છે, અને
" તૃષાવાળા માણસોથી પીડાય છે. તેજકાયપણાને પામેલા જંતુઓ જલાદિકથી બુઝાવાય
" છે, ઘણ વિગેરેથી કુટાય છે, અને ઇંધડાદિકથી દગ્ધ કરાય છે. વાયુકાયપણાને પામેલા
" જંતુઓ પંખા વિગેરેથી હણાય છે, ક્ષણે ક્ષણે શીતોષ્ણ પ્રમુખ દ્રવ્યના યોગથી મૃત્યુ
" પામે છે, પ્રાચીનની અર્વાચીનથી વિરાધના થાય છે[3], મુખાદિકના પવનોથી બાધા પામે
" છે, અને સર્પ પ્રમુખથી પાન કરાય છે કંદ પ્રમુખ દશ પ્રકારની વનસ્પતિ કાયને પામેલા
" જંતુઓ હમેશાં છેદાય છે, ભેદાય છે, અગ્નિના યોગથી પચાવાય છે, પરસ્પર ઘર્ષણોથી
" પીલાય છે, અન્ય પ્રયોગવડે શોષણ થાય છે, બાવાના લોલુપીઓ ક્ષાર પ્રમુખના યોગથી

---

૧ વસ્ત્ર ધોનારા ધોબીઓ. ૨ તરવું=લોઢું. ૩ નવો પવન આવે છે તે જુના પવનના જીવોનો વિનાશ કરે છે.

" તેને બાળે છે, અને એકત્ર પણ કરે છે, સર્વ અવસ્થામાં ભક્ષણ કરાય છે, પવનોથી
" ભંગાય છે, દાવાનળોથી ભસ્મ કરાય છે, અને નદીના પ્રવાહથી ઉખેડાય છે. એવી રીતે
" સર્વ વનસ્પતિઓ સર્વને ભોજ્ય થઈ પડે છે અને સર્વ પ્રકારનાં શસ્ત્રોથી તેઓ સર્વદા
" ક્લેશની પરંપરાનો અનુભવ કરે છે. બે ઇંદ્રિયપણામાં પૂરા વિગેરે થઈને તપાય છે. અને
" પીવાય છે, કૃમિયો થાય છે તો ચરણોથી ચૂર્ણ થાય છે અને ચકલા વિગેરે પક્ષીઓ તેમનું
" ભક્ષણ કરે છે, શંખાદિક જંતુઓ ખોડાય છે, જલૌકાદિકનો[1] નિષ્કર્ષ થાય છે, અને
" ગંડૂપદ[2] વિગેરે જંતુઓનો ઔષધાદિવડે જઠરમાંથી પાત થાય છે. ત્રીંદ્રિયપણામાં જુ
" અને માંકડ વિગેરે શરીર સાથે ચોળાય છે અને ઉષ્ણ જળથી તપાય છે, કીડીઓ પગથી
" અને સંમાર્જનથી પીડાય છે અને અદૃશ્ય એવા કુંથુવા વિગેરેનું આસનાદિકથી મથન
" થાય છે. ચતુરિંદ્રિયપણામાં મધમાખી અને ભમરાદિક જંતુઓ મધુભક્ષક પુરૂષોએ
" કરેલા લાકડી તથા ઢેખાળાદિકના તાડનોથી વિરાધાય છે, ડાંસ, અને મસલા પ્રમુખ
" પ્રાણીઓ પંખા વિગેરેથી તત્કાળ તાડન કરાય છે, ગરોળી વિગેરે મક્ષિકા તથા કરો
" ળિઆ વિગેરેને ગળે છે. પંચેન્દ્રિયપણામાં જળચર પ્રાણીઓ ઉત્સુક થઈને પરસ્પર
" એક બીજાનું જ ભક્ષણ કરે છે અને ઢીમર લોકો તેઓને પકડે છે, તથા ચરબીના
" અર્થી ચરબીને માટે તેમને ગાળે છે. સ્થળચરોમાં ઉત્પન્ન થયેલા પ્રાણીઓમાં માંસને
" ખાનારા બલવાન્ સિંહ પ્રમુખ પ્રાણીઓ નિર્બલ એવા મૃગાદિકને મારી નાખે છે,
" મૃગયા કરનારા પુરૂષો શિકાર કરવામાં પોતાના ચિત્તને આસક્ત કરીને ક્રીડાથી વા
" માંસની ઇચ્છાથી અનેક ઉપાયો રચીને તે નિરપરાધી પ્રાણીઓને હણે છે, કેટલાએક
" પ્રાણીઓ ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ અને અતિ ભારનું વહન કરવા વિગેરેથી તેમજ
" ચાબુક, અંકુશ અને કોરડાના મારાથી અસહ્ય વેદનાને સહન કરે છે. ખેચર પ્રાણી-
" ઓમાં તેતર, શુક, કપોત અને ચકલા વિગેરે કેટલાએક પ્રાણીઓને માંસમાં લુબ્ધ
" થયેલા શ્યેન, સીંચાણા અને ગીધ પક્ષીઓ પકડીને ગ્રાસ કરે છે, કેટલાએક માંસના
" લોભી-પક્ષીના શિકારી પુરૂષો અનેક જાતના ઉપાય વિસ્તારી તેઓને પકડે છે અને
" અનેક જાતની વિંડંબનાથી તેમનો વિનાશ કરે છે. તિર્યંચ પક્ષીઓને જળ, અગ્નિ
" અને શસ્ત્ર વિગેરેથી સર્વ રીતે ભય રહ્યા કરે છે. અહા ! પોતપોતાના કર્મબંધનું
" નિબંધન કેટલું ક વર્ણવીએ.

" મનુષ્યપણું પ્રાપ્ત થયાં છતાં પણ અનાર્ય દેશમાં ઉત્પન્ન થયેલા પ્રાણીઓ
" એવું પાપ કરે છે કે જે કહી શકાય તેવું પણ નથી. આર્ય દેશમાં પણ ચંડાલ અને
" શ્વપચાદિ જાતિમાં ઉત્પન્ન થાય છે તેઓ પણ તેવાં પાપ કરે છે, અને તેને અનુસારે
" મહા દુઃખનો અનુભવ કરે છે. કેટલાએક પ્રાણીઓ આર્ય દેશમાં ઉત્પન્ન થયા છતાં
" અનાર્ય ચેષ્ટાવાળા થાય છે, અને તેને લીધે તેઓ દુઃખ, દારિદ્ર અને દુર્ભાગ્યથી દગ્ધ
" થઇને નિરંતર દુઃખ ભોગવે છે. કેટલાક મનુષ્યો પરની સંપત્તિના ઉત્કર્ષથી અને
" પોતાની સંપત્તિના અપકર્ષથી તેમજ બીજાની સેવા કરવા વડે દગ્ધ ચિત્તવાળા થવા-
" થીદુઃખે કરી જીવે છે. કેટલાએક દીન પુરૂષો રોગ, જરા અને મૃત્યુથી ગ્રસ્ત થઇને
" તથા નીચ કર્મવડે કદર્થના પામીને દયા ઉત્પન્ન કરે તેવી દુઃખદશાને અનુભવે છે.
" વળી મનુષ્યપણામાં પણ ઘોર નરકમાં નિવાસ કરવા જેવા ગર્ભાવાસના દુઃખને
" ગર્ભવાસ જેવા દુઃખનું કારણ છે તેવા દુઃખનું કારણ જરા, રોગ, મૃત્યુ અને દાસપણું પણ
" નથી. તપાવીને કરેલી અગ્નિ જેવા વર્ણવાળી સોયોથી રોમે રોમે ભેદાયેલા પુરૂષને જેટલું

---

૧ જળો વિગરે. ૨. ગંડોળા પેટમાં થાય છે.

" દુઃખ થાય છે તેનાથી આઠગણું દુઃખ પ્રાણીને ગર્ભવાસમાં ઉત્પન્ન થાય છે. વળી યોનિયંત્ર-
" માંથી નીકળતી વખત પ્રાણીને જે દુઃખ થાય છે તે ગર્ભવાસના દુઃખથી પણ અનંતગણું
" છે. જન્મ્યા પછી પણ બાલ્યવયમાં મૂત્રવિષ્ટાથી, યૌવનવયમાં રતિવિલાસોથી અને
" વૃદ્ધાવસ્થામાં શ્વાસ તથા ખાંસીના રોગથી એ પ્રાણી પીલાય છે, તથાપિ તેને કદી
" પણ લજ્જા આવતી નથી. પ્રાણી પ્રથમ બાલ્યાવસ્થામાં વિષ્ટાનો ડુક્કર, પછી
" યૌવનાવસ્થામાં કામદેવનો ગધેડો અને છેવટે વૃદ્ધાવસ્થામાં ઘરડો બૈલ બને
" છે; પણ કદાપિ તે પુરૂષ છતાં પુરૂષ થતો નથી. શિશું વયમાં માતૃમુખી[1], યૌવન
" વયમાં સ્ત્રીમુખી[2] અને વૃદ્ધપણે પુત્રમુખી[3] થાય છે, પણ એ મૂર્ખ પ્રાણી કોઇવાર
" અંતર્મુખ થતો નથી. ધનની આશામાં વિહ્વલ થયેલો પ્રાણી કોઇવાર સેવા, કૃતિ, વ્યાપાર
" અને પશુપાલન વિગેરે ઉદ્યોગથી પોતાના જન્મને નિષ્ફલ ગુમાવે છે. કોઇવાર ચોરી, કોઇ-
" વાર દ્યુત અને કોઇવાર જારપણું કરવાથી મનુષ્યોને વારંવાર સંસારમાં પરિભ્રમણ કરવાનાં
" કારણ ઉત્પન્ન થયા કરે છે. મોહથી અંધ થયેલા પ્રાણીઓ સુખી હોય છે ત્યારે કામવિ-
" લાસથી દુઃખી થાય છે અને દીનતા અને રૂદન કરવાથી પોતાનો જન્મ ગુમાવે છે પણ
" ધર્મકાર્ય કરતા નથી. અનંત કર્મના સમૂહનો ક્ષણમાત્રમાં ક્ષય કરવાને સમર્થ એવું મનુ-
" ષ્યપણું પ્રાપ્ત થયા છતાં પણ પાપી પુરુષો પાપ કર્મ કર્યા કરે છે. જ્ઞાન, દર્શન અને
" ચારિત્ર એ ત્રણ રત્નોના પાત્ર રૂપ મનુષ્યપણામાં જે પાપ કર્મ કરવું તે સુવર્ણ પાત્રમાં
" મદિરા ભરવા જેવું છે. આ સંસાર રૂપી સમુદ્રમાં શમિલાયુગના યોગની[4] જેમ માંડ-
" માંડ પ્રાપ્ત થયેલું આ મનુષ્યપણું અહા ! મૂર્ખ જેમ ચિંતામણિ રત્ન હારી જાય
" તેમ પ્રાણી હારી જાય છે. સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિના કારણરૂપ મનુષ્યપણું પ્રાપ્ત
" થયા છતાં પણ માણસ નરકપ્રાપ્તિના ઉપાય રૂપ કર્મની અંદર ઉદ્યમ કર્યા કરે છે એ
" કેવી દિલગીરીની વાત ! અનુત્તર વિમાનના દેવતાઓ પણ મોટા પ્રયત્નથી જેની આશા
" રાખે છે એવું મનુષ્યત્વ પ્રાપ્ત થયા છતાં પણ તેને પાપી પુરૂષો પાપ કર્મમાં જોડી
" દે છે. નરકમાં પરોક્ષ દુઃખ છે અને નરજન્મમાં તો પ્રત્યક્ષ દુઃખ છે; તેથી તેનો
" વિસ્તાર અતિશયપણે શામાટે અહીં વર્ણવવો જોઇએ ?

" શોક, અમર્ષ, ખેદ, ઈર્ષ્યા અને દીનતા વિગેરેથી જેમની બુદ્ધિ હણાયેલી છે એવા
" દેવતાઓમાં પણ દુઃખનું સામ્રાજ્ય પ્રવર્તિ રહેલું છે. બીજાની મોટી લક્ષ્મીને જોઇને
" દેવતાઓ પોતાના અલ્પ સુકૃતને સંપાદન કરનારા પૂર્વ જન્મના જીવિતનો ચિરકાળ
" શોક કરે છે. બીજા કોઈ બલવાન દેવતાની તરફથી પોતાને અડચણ ઉત્પન્ન થતાં
" તેનો પ્રતિકાર કરવાને અસમર્થ એવા દેવતાઓ તીક્ષ્ણ એવા અમર્ષ રૂપ શલ્યથી
" નિરંતર કચવાયા કરે છે. 'મેં પૂર્વ જન્મમાં કાંઈ પણ સુકૃત કર્યું જણાતું નથી જેથી
" આ ભવમાં સેવકદેવતાપણાને પામ્યો છું.' આવી રીતે વિચારતાં અને પોતાથી
" અધિક ઉત્તરોત્તર બીજા દેવોની લક્ષ્મીને દેખતાં નિરંતર કેટલાએક દેવતાઓ ખેદ
" કર્યા કરે છે. કેટલાએક દેવતાઓ બીજાઓની વિમાન, સ્ત્રીરત્ન અને ઉપવન સંબંધી
" સંપત્તિ જોઈ જોઇને યાવજ્જીવિત ઈર્ષ્યારૂપ જ્વલિત અગ્નિના ઊર્મિઓથી બળ્યા કરે
" છે. કેટલાએક દેવતાઓ બીજા બળીષ્ટ દેવતા તરફથી પોતાનું સર્વસ્વ લુંટાઇ જતાં

---

૧ માતાના મુખ સામું જોવાવાળો. ૨ સ્ત્રીના મુખસામું જોવાવાળો. ૩ પુત્રના મુખ સામું જોવાવાળો. ૪ સ્વયંભૂરમણ સમુદ્રમાં સામસામી દિશાએ નાંખેલું ધોંસરૂં ને બીલી અનંત કાળે કદાપિ એકઠું થઈ જાય અને ધોંસરામાં બીલી પરોવાઈ જાય, એ જેટલું અસંભવીત અને કવચિતજ બને તેવું છે તેના સરખું મનુષ્યપણું પામવું દુર્લભ છે.

" દીનવૃત્તિએ ' હે પ્રાણેશ ! હે પ્રભુ! હે દેવ ! તમે પ્રસન્ન થાઓ ' એમ ગદ્‌ગદ્ સ્વરે
" પોકારે છે. પુણ્યથી સ્વર્ગલોક પ્રાપ્ત થયા છતાં પણ કામી દેવતાઓ કામ, ક્રોધ અને
" ભયથી આતુર થયા સતા કયારે પણ સ્વસ્થપણાને પામતા નથી. વળી દેવતાઓ
" દેવભુવનમાંથી પોતાને ચ્યવવાનાં ચિહ્નોને અગાઉથી જોઈને ' અમે કયાં સંતાઈ
" જઈએ' એમ બોલ્યા કરે છે અને સંતાઈ પણ જાય છે. કલ્પવૃક્ષોનાં પુષ્પોથી ઉત્પન્ન
" થયેલી માલાઓ ગ્લાનિ પામે નહીં પણ ચ્યવન નજીક આવે છે તે વખતે દેવતાના
" મુખકમલોની સાથે તે પણ ગ્લાનિ પામી જાય છે. મોટા બળવાન્ પુરૂષોથી પણ
" અકંપ્ય એવાં કલ્પવૃક્ષો તેઓના હૃદયની સાથે સંબંધ શિથિલ થઈ જવાથી કંપાય-
" માન થાય છે. ઉત્પન્ન થયા ત્યારથીજ પ્રાપ્ત થયેલી અને ઘણી પ્યારી એવી લક્ષ્મી
" અને લજ્જા પણ જાણે અપરાધ કર્યો હોય તેમ તેઓને તત્કાલ છોડી દે છે. નિરંતર
" નિર્મલ એવી વસ્ત્રની શોભા પણ અકસ્માત્ પ્રસરેલા મિલન અને ઘાટા પાપના
" સમૂહથી હોય તેમ તત્કાળ મલિન થઈ જાય છે. મૃત્યુકાળે જેમ કીડીઓને પાંખો
" આવે છે તેમ તેઓને તે વખતે અદીનપણું છતાં દૈન્યતા આવે છે અને નિદ્રા રહિત
" છતાં નિદ્રા આવે છે. મરવાને ઈચ્છતા એવા પુરુષો જેમ યત્ન કરીને પણ કુપથ્ય સેવન-
" ની ઇચ્છા કરે છે તેમ અજ્ઞાની દેવતાઓ એવે વખતે ન્યાય તથા ધર્મને બાધ કરીને
" વિષયો ઉપર રાગ ધરે છે. નીરોગી છતાં પણ ભવિષ્યમાં આવનારા ચ્યવનથી ઉઠેલી
" વેદનાને જાણે વશ થયેલા હોય તેમ તેઓના સર્વ અંગોપાંગના સાંધાઓ ભાંગવા
" માંડે છે, અર્થાત્ આળસ પર આળસ મરડવા લાગે છે. જાણે બીજાઓની સંપત્તિના
" ઉત્કર્ષને જોવાને અસમર્થ હોય તેમ તેઓની પદાર્થને ગ્રહણ કરવામાં દૃષ્ટિઓ અપટુ[1]
" થઈ જાય છે. ભવિષ્યમાં આવવાના ગર્ભાવાસના દુઃખનો જાણે તેઓને ભય લાગ્યો હોય
" તેમ પોતાને થયેલા પ્રકંપથી ચપળ અંગોવડે બીજાઓને પણ બીવરાવે છે. પૂર્વોક્ત
" ચિન્હોવડે તેઓને ચ્યવવાનો નિશ્ચય થવાથી જાણે અગ્નિના અંગારાઓએ તેમનું
" આલિંગન કરેલું હોય તેમ વિમાનમાં, નંદનવનમાં, વાપીકામાં કે કોઈપણ સ્થાનકે
" તેઓને શાંતિ વળતી નથી. તે વખતે તેઓ વિલાપ કરે છે કે 'હા પ્રિયા ! હા
" વિમાનો ! હા વાપીકાઓ ! અને કલ્પવૃક્ષો ! હતભાગ્ય એવા મારાથી વિયોગ પામેલા
" તમે હવે ફરી મને કયાં જોવામાં આવશો ? અહો ! અમૃતને વર્ષાવનારી વાણી,
" અમૃતમય કાંતા, રત્નના ઘડેલા સ્તંભો, શોભા સહિત મણિમય ભૂમિઓ અને રત્ન-
" મયી વેદિકાઓ ! તમે કોને આશ્રયે જશો ? રત્નની પદ્મપંક્તિએ યુક્ત અને શ્રેણીબંધ
" કમલોવાળી હે પૂર્ણવાપીકાઓ ! તમે કોના ઉપભોગને અર્થે થશો ? હે પારિજાત ! હે
" સંતાન ! હે હરિચંદન ! અને હે કલ્પવૃક્ષ ! શું તમે આ માલેકને છોડી દેશો ? અરે !
" સ્ત્રીના ગર્ભરૂપ નરકમાં શું મારે પરવશ થઈને નિવાસ કરવો પડશે ? અને અશુચિ
" રસનું શું મારે વારંવાર આસ્વાદન કરવું પડશે ? અહા ! મારે પોતાના કર્મથી
" બંધાઈને જઠર રૂપ અંગારશકટીના[2] પાકથી થતું દુઃખ સહન કરવું પડશે ! અરે !
" રતિસુખની જાણે ભંડાર હોય તેવી આ દેવાંગનાઓ કયાં ! અને અશુચિનું જ સ્થાનક
" હોવાથી બીભત્સ એવી માનવ સ્ત્રીઓનો ભોગ કયાં !' આ પ્રમાણે સ્વર્ગીય વસ્તુને
" સંભારી સંભારી વિલાપ કરતા એ દેવતાઓ, દીપક જેમ ક્ષણવારમાં બુઝાઈ જાય
" તેમ ત્યાંથી ચ્યવી જાય છે. તેથી આ સંસારને અસાર જાણી શુભ બુદ્ધિવાળા પ્રાણીએ
" દીક્ષારૂપ ઉપાયથી મુક્તિને અર્થે પ્રયત્ન કરવો યોગ્ય છે."

---

૧. અસુંદર ૨. શગડી.

આ પ્રમાણેની દેશના સાંભળીને હજારો મનુષ્યો પ્રતિબોધ પામ્યા. તેઓમાં કેટલા-એકે દીક્ષા ગ્રહણ કરી, અને કેટલાએકે સમકિતનો સ્વીકાર કર્યો. **સુવ્રત** વિગેરે એકસો ને સાત ગણધરો થયા. તેઓએ પ્રભુથી ત્રીપદીને પામીને દ્વાદશાંગીની રચના કરી. પ્રભુ. જ્યારે દેશનાથી વિરામ પામ્યા ત્યારે સુવ્રત ગણધરે દેશના દીધી. કારણકે **કુવાની ક્રિયા જેમ પાછળથી અવાડો કરે તેમ શિષ્યો ગુરૂની ક્રિયાને અનુસરે છે.** સુવ્રત ગણધર દેશનાથી વિરામ પામ્યા પછી સર્વ દેવતાઓ અને મનુષ્યો વિગેરે પ્રભુને પ્રણામ કરી પોતપોતાને સ્થાનકે ગયા.

તે વખતે નીલ અંગવાળો, મૃગના વાહનવાળો, પોતાની બે દક્ષિણ ભુજામાં સફલ અને અભયને ધારણ કરનારો અને બે વામ ભુજામાં નકુલ તથા અક્ષસૂત્રને રાખનારો **કુસુમ** નામે યક્ષ એ તીર્થનો અધિષ્ઠાતા થયો. એ યક્ષ હમેશાં પ્રભુની પાસે રહેનાર હોવાથી શાસનદેવતા કહેવાયો. તેજ પ્રમાણે શ્યામ અંગવાળી, પુરૂષના વાહનવાળી, બે દક્ષિણ ભુજામાં વરદ તથા બાણને ધરનારી અને બે વામ ભુજામાં કાર્મુક તથા અભયને રાખનારી **અચ્યુતા** નામે યક્ષણી પ્રભુની શાસનદેવી થઈ. એ યક્ષ અને શાસનદેવીએ જેમની સાંનિધ્ય છોડી નથી એવા જગત્પ્રભુએ વિશ્વને અનુગ્રહ કરવાની ઇચ્છાથી ગ્રામ, આકર અને નગર વિગેરેમાં વિહાર કર્યો.

પ્રભુને ત્રણલાખ ને ત્રીશ હજાર સાધુઓ થયા, ચારલાખ અને વીશહજાર સાધ્વીઓ થઈ, બે હજાર અને બસો ચૌદ પૂર્વધારી થયા, દશ હજાર અવધિજ્ઞાની થયા, દશહજાર ને ત્રણસો મનઃપર્યવ જ્ઞાની થયા, બાર હજાર કેવળજ્ઞાની થયા, સોળ હજાર એકસો ને આઠ વૈક્રિય લબ્ધિવાળા થયા, નવહજાર ને છસો વાદ લબ્ધિધારી થયા, બે લાખને છોતેર હજાર શ્રાવકો થયા, અને પાંચ લાખ ને પાંચહજાર શ્રાવિકાઓ થઈ. આટલો પરિવાર પ્રભુને કેવળજ્ઞાન થયા પછી છ માસ અને સોળ પૂર્વાંગે ઊન એવા એક લાખ પૂર્વ સુધી વિહાર કરતાં થયો. પછી પોતાનો મોક્ષકાળ નજીક જાણીને પદ્મપ્રભ પ્રભુ સમેતશિખર પર્વતે આવ્યા, અને ત્યાં માસિક અનશન ધારણ કર્યું. માગશર માસની કૃષ્ણ એકાદશીને દિવસે ચંદ્ર ચિત્રા નક્ષત્રમાં આવતાં, શ્રી પદ્મપ્રભ પ્રભુ અઘાતિ ચતુષ્કર્મને ખપાવીને અને અનંત ચતુષ્ટયને સિદ્ધ કરીને ત્રણસો ને આઠ અનશન વ્રતવાળા મુનિઓની સાથે ચતુર્થ શુકલ ધ્યાનવડે ચોથા પુરૂષાર્થ (મોક્ષ) ને પ્રાપ્ત થયા.

સાડા સાતલાખ ને સોળ પૂર્વાંગ કૌમાર વયમાં, સાડી એકવીશલાખ પૂર્વ રાજ્ય પાળવામાં અને સોળ પૂર્વાંગે ન્યૂન એકલાખ પૂર્વ વ્રતમાં-એમ સર્વ મળી ત્રીશ લાખ પૂર્વનું શ્રી પદ્મપ્રભનું આયુષ્ય હતું. સુમતિ સ્વામીના નિર્વાણ પછી નેવુહજાર કોટી સાગરોપમ ગયા પછી શ્રી પદ્મપ્રભ પ્રભુ મોક્ષપદને પામ્યા. પ્રભુ મોક્ષ પામ્યા પછી ભક્તિવાળા ચોસઠ ઇન્દ્રોએ આવી પ્રભુના અને બીજા મુનિઓના શરીરનો ઉંચે પ્રકારે સંસ્કાર કર્યો, અને નિર્વાણકલ્યાણકનો મોટો મહોત્સવ પણ કર્યો.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्ठिशलाकापुरुषचरिते
महाकाव्ये तृतीये पर्वणि श्रीपद्मप्रभस्वामिचरित्र
वर्णनो नाम चतुर्थः सर्गः ४

સર્ગ ૫ મો.

શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર.

વેલાતટને ઉલ્લંઘન કરનાર કેવળજ્ઞાન રૂપ સમુદ્રની જાણે લેહેરો હોય એવી શ્રી સુપાર્શ્વનાથ પ્રભુની દેશનાની વાણીઓ તમારી રક્ષા કરો. સર્વ પ્રાણીઓના કુબોધરૂપ અંધકારનો નાશ કરવામાં શુભ દિવસરૂપ એવું સાતમા તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથ પ્રભુનું ચારિત્ર હવે હું કહું છું.

ધાતકી ખંડના પૂર્વ વિદેહ ક્ષેત્રના તિલક જેવા રમણીય વિજયમાં ક્ષેમપુરી નામે એક નગરી છે. તેમાં સૂર્યની જેમ તેજના એક સ્થાનરૂપ અને જગત્ને આનંદકારક શ્રી નંદીષેણ નામે રાજા હતો. રાજ્યના તમામ વ્યાપારમાં જાગ્રત રહેનારા એ રાજાને પોતાના જમણા હાથના જેવો ધર્મ પ્રધાનપણે રહેલો હતો. પ્રજામાં રહેલા કંટક જેવા દુષ્ટ જનસમૂહને શિક્ષા કરવામાં તેને કોપ થતો તે પણ લોકોના સુખને માટે હતો. જેનો કોપ પણ ધર્મને અર્થે થતો હતો તેની બીજી ક્રિયાને માટે તો વાતજ શી કરવી ? અહર્નિશ સ્મૃતિગોચર થતા શ્રી વીતરાગ ભગવાન્ તેને હૃચ્છય (હૃદયમાં સુનારા, પક્ષે કામદેવ) રૂપ થતા હતા એ મોટી આશ્ચર્યની વાત હતી. એ રાજા પીડિત જનોની પીડા હરવામાં સદા શરણ કરવા યોગ્ય હતો, પણ કામપીડિત પરસ્ત્રીઓને કોઈવાર શરણ આપતો નહીં, એ મોટું આશ્ચર્ય હતું.

કેટલોએક કાળ ગયા પછી મોટા મનવાળા નંદીષેણ રાજાએ સંસારથી ઉદ્વેગ પામીને અરિદમન આચાર્યની પાસે જઇ દીક્ષા લીધી. તીક્ષ્ણ મહાવ્રતને પાળતા એ મહામુનિએ વીશસ્થાનમાંથી કેટલાએક સ્થાનકના આરાધનવડે તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું. અંત સમયે અનશન કરી નંદીષેણ મહામુનિ પંચત્વ પામીને છઠ્ઠા ગ્રૈવેયકમાં મહર્દ્ધિક દેવતા થયા.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં કાશી દેશના મંડનરૂપ વારાણસી નામે નગરી છે. તેમાં રહેલા પ્રકાશિત રત્નની ભીંતોવાળા ગૃહોની અંદર જો દેવની આગળ અષ્ટ પ્રકારની પૂજાના દીપક હોય તો અનુપમ શોભા થઇ રહે છે. એ નગરીમાં ચૈત્યના ઊંચા ધ્વજદંડ ઉપર આવેલો ચંદ્રમા, એક છત્રવાળા ધર્મરાજાના છત્રની શોભાને ધારણ કરે છે. તે નગરીમાં કિલ્લાની અગાશી ઉપર ક્રીડા કરવાને આવેલી વિદ્યાધરોની સ્ત્રીઓ જગતી ઉપરના જાળ–કટકનું વિસ્મરણ કરી સુખેથી ત્યાંજ રહે છે. રાત્રિએ વાસગૃહોની અંદર આવીને શબ્દ કરતા પારાવત પક્ષીઓ કામદેવને જગાડવાને માટે જાણે મંગળ પાઠ કરતા હોય તેમ જણાય છે. એ નગરીમાં સત્પુરુષોની પ્રતિષ્ઠા કરવામાં કલ્પવૃક્ષ સમાન અને ઇંદ્રની જેવો પ્રતિષ્ઠાને પામેલો પ્રતિષ્ઠ નામે ન્યાયવાન્ રાજા હતો. મેરૂ પર્વતની જેમ મહત્ત્વ પણાથી અનુપમ એવા તે રાજાના ચરણની છાયા નીચે સર્વ જગત્ રહેલું હતું. જ્યારે રાજા દિગ્વિજય કરવાને જતો તે વખતે તેને મસ્તકે ધરેલાં શ્વેત છત્રોથી અને મયૂરપિચ્છનાં છત્રોથી આકાશનો સર્વ પ્રદેશ જાણે બગલીઓના અથવા મેઘનાં ચિહ્નોથી છવાયેલો હોય તેવો જણાતો હતો. નિઃસીમ પુરુષવ્રતરૂપી આભૂષણોને ધારણ કરતો

એ રાજા જેમ યાચકોથી પરાઙ્મુખ થતો નહીં તેમ રણભૂમિમાં શત્રુઓની સામે પણ કદાપિ પરાઙ્મુખ થતો નહીં. મોટી ભુજાવાળા એ રાજાને જન્મથીજ કોઈની સહાય ન હતી તોપણ સર્વ પૃથ્વીને ક્રીડાકમળની જેમ લીલા માત્રથી ધારણ કરતો હતો.

તે પૃથ્વીપતિને જાણે જંગમ પૃથ્વી હોય તેમ સ્થિરતાદિક ગુણોના પાત્રરૂપ પૃથ્વીનામે રાણી હતી. એ રાણીને શીલ અને રૂપ એ બે નિત્ય આભૂષણપણાને પામેલાં હતાં અને બહારનાં આભૂષણો તો ફક્ત ભૂષ્યતાનેજ પામેલાં હતાં. તામ્રપર્ણી નદીમાં મોતીના દાણાની જેમ એ રાણીમાં સ્વભાવથીજ નિર્મળતાવાળા અનેક ગુણો ઉત્પન્ન થયેલા હતા. એ રાજયુવતિનું રૂપ લાવણ્યરૂપ જળથી અને મુખ, નેત્ર, હાથ તથા પગ રૂપ કમળોથી લક્ષ્મી દેવીના નિવાસરૂપ પદ્મદ્રહ હોય તેવું શોભતું હતું. એ પૃથ્વી દેવી તીર્થંકરની માતા થવાના છે, તેથી ભવિષ્ય કાળમાં તો તેમનું દાસી પણું થવાનુંજ હતું, તથાપિ આ મહાદેવીના રૂપથી પરાજય પામેલી દેવાંગનાઓ અત્યારથીજ તેમની દાસીઓ થઈને રહેલી હતી.

આ તરફ નંદિષેણ રાજાનો જીવ જે છઠ્ઠા ગ્રૈવેયકમાં રહ્યો ત્યાં તેણે પોતાનું અઠ્યાવીશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કર્યું. ત્યાંથી ચ્યવીને ભાદ્રપદ કૃષ્ણ અષ્ટમીને દિવસે ચંદ્ર અનુરાધા નક્ષત્રમાં આવતાં, તે પૃથ્વીની કુક્ષીમાં અવતર્યો. સુખે સુતેલા પૃથ્વી દેવીએ રાત્રિના શેષ ભાગમાં તીર્થંકરના જન્મને સૂચવનારાં ચૌદ મહાસ્વપ્નો જોયાં. એ ગર્ભ વૃદ્ધિ પામ્યે સતે તેમણે એક, પાંચ અને નવ ફણાવાળા નાગની શય્યા ઉપર પોતાના આત્માને સુતેલો જોયો. અનુક્રમે જ્યેષ્ઠ માસની શુકલ દ્વાદશીએ વિશાખા નક્ષત્ર ઉપર આવતાં સ્વસ્તિકના ચિહ્નવાળા એક સુવર્ણવર્ણી પુત્રને તેમણે સુખે જન્મ આપ્યો. તરતજ અવધિજ્ઞાનથી અર્હંતના જન્મ જાણીને છપ્પન દિક્કુમારીઓએ આવી સૂતિકાકર્મ કર્યું. તેવીજ રીતે શક્રેંદ્ર પણ ત્યાં આવીને પ્રભુને મેરુ પર્વતના મસ્તક ઉપર રહેલી અતિપાંડુકંબલા નામની શિલા ઉપર લઈ ગયો. ત્યાં બાળભાવની જેમ પ્રભુને ઉત્સંગમાં રાખી ઇન્દ્ર રત્નના સિંહાસન ઉપર બેઠો. પછી સમુદ્રની વેલાઓ તટ ઉપર રહેલા પર્વતને જેમ સ્નાન કરાવે તેમ ત્રેસઠ ઇંદ્રોએ તીર્થજળથી અનુક્રમે પ્રભુને સ્નાન કરાવ્યું. પછી ઈશાન ઈંદ્રના ઉત્સંગમાં પ્રભુને બેસાડી સ્ફાટિકમય વૃષભના શૃંગમાંથી નીકળતી જળધારાથી ધારાયંત્રના જળની પેઠ શક્રેંદ્રે અભિષેક કર્યો. વિલેપન તથા વસ્ત્ર અલંકારાદિક વડે પૂજા કરીને આ પ્રમાણે પ્રભુની સ્તુતિ કરવાનો તેણે આરંભ કર્યો.

" હે પ્રભુ! જેનું સ્વરૂપ અવિજ્ઞેય છે એવા તમારે વિષે અર્થવાદ કરવાનો[1] આગ્રહ
" જે હું ધારૂં છું તે આદિત્યમંડળને ગ્રહણ કરવાને કપિએ ફાળ માર્યા જેવું છે તથાપિ
" હે પરમેશ્વર! તમારા પ્રભાવથીજ હું તમારી સ્તુતિ કરીશ; કારણકે ચંદ્રકાંતમણિ ચંદ્રની
" કાંતિના પ્રભાવથી ઝરે છે. હે પ્રભુ! તમારા સર્વ કલ્યાણકોને અવસરે તમે નારકીઓને
" પણ સુખ આપો છો તો તિર્યંચ, નર અને દેવતાઓને સુખ આપનાર તમે કેમ ન
" થાઓ? તમારા જન્મોત્સવને સમયે ત્રણ જગતમાં જે ઉદ્યોત થયો છે તે ભવિ-
" ષ્યમાં ઉદય પામનારા કેવળ જ્ઞાનરૂપ સૂર્યનો અરુણોદય છે એમ જણાય છે. હે પરમેશ્વર!
" જાણે તમારા પ્રસાદના સંપર્કથી થયેલી હોય તેમ આ સર્વ દિશાઓ હમણાં પ્રસન્ન
" થયેલી છે. હે પવિત્ર આકૃતિવાળા પ્રભુ! હમણાં આ પવનો પણ સુખકારી વાય છે.
" કારણકે તમારા જેવા સુખદાયક પ્રભુ પ્રગટ થતાં જગતમાં પ્રતિકૂલ વર્ત્તનાર કોણ થાય
" છે? હે પ્રભુ અમારા પ્રમાદને ધિક્કાર છે કે જેને આપના જન્મસમયની ખબર ન પડી અને

---

૧ તમારૂં સ્વરૂપ વર્ણવવાનો.

" આ અમારા આસનોને ધન્ય છે કે જેઓએ ચલાયમાન થઈને તમારા જન્મકલ્યાણની
" અમને ખબર જણાવી. હે પ્રભુ ! નિયાણું બાંધવું એ નિષિદ્ધ છે, તોપણ 'તમારા દર્શ-
" નનું ફળ મને તમારી ભક્તિ રૂપેજ નિરંતર થાઓ ' એવું નિયાણું હું બાંધુ છું. "

આ પ્રમાણે સ્તુતિ કરીને શક્રઇંદ્રે પ્રભુને લઈ સત્વરપણે આવીને પ્રભુને પૃથ્વીદેવીની પડખે અલક્ષિત પણે જેમ હતા તેમ મૂકી દીધા.

કારાગૃહમાંથી બંદીવાનોને મૂકાવવા વિગેરે અદ્‌ભુત કૃત્યોથી પ્રાણીઓને પ્રસન્ન કરતા રાજાએ તે વખતે આનંદ ફળના વૃક્ષરૂપ મોટો મહોત્સવ કર્યો. પ્રભુ ગર્ભમાં હતા તે વખતે તેમની માતા સારા પાર્શ્વ (પડખા) વાળા થયા, તેથી પ્રતિષ્ઠરાજાએ પ્રભુનું **સુપાર્શ્વ** એવું નામ પાડયું. ઈંદ્રે અંગુઠામાં સંક્રમાવેલ અમૃતનું પાન કરનારા પ્રભુ વધવા લાગ્યા, કારણકે **અમૃતનું જ ભોજન કરનારા અર્હંત પ્રભુઓ સ્તનપાન કરતા નથી.** શિશુવય ને લાયક એવી ચપળતા વડે ખોળામાંથી વારંવાર ઉતરી જતા પ્રભુ પોતાની ધાવ્યમાતાને વારંવાર છેતરતા અનેક પ્રકારે ક્રીડા કરવા લાગ્યા. પણ કરીને ક્રીડા કરતા મનુષ્યનું રૂપ ધરનાર દેવતાઓને પ્રભુ લીલા માત્રથી જીતી લેતા હતા. **ક્રીડામાં પણ પ્રભુની આગળ ઈંદ્ર શું માત્ર છે !** વિચિત્ર ક્રીડાઓથી કામી પુરુષ જેમ રાત્રિને નિર્ગમન કરે તેમ પ્રભુએ પોતાનું શિશુવય નિર્ગમન કર્યું. પછી બસો ધનુષ ઊંચી કાયાવાળા અને સર્વ લક્ષણોએ લક્ષિત એવા પ્રભુ રૂપ સંપત્તિના આભૂષણ રૂપ યૌવનવયને પ્રાપ્ત થયા. પોતાના માતા-પિતાની દાક્ષિણ્યતાથી જગત્પતિએ રાજપુત્રીઓની સાથે પાણિગ્રહણ કર્યું. **ત્રૈલોકયના સ્વામીઓ પણ માતાપિતાનું શાસન માન્ય કરે છે.** ભોગ્ય કર્મ ખપાવવાને માટે પ્રભુ રમણી સાથે રમવા લાગ્યા. **"ભગવંતો કર્મનો ઉચ્છેદ કરવાને તત્પર હોય છે."** પાંચ લાખ પૂર્વ કૌમાર વયમાં વ્યતીત થયા પછી પિતાએ આરોહણ કરેલા ભૂમિભાર (રાજ્ય) ને પ્રભુએ ઉપાડી લીધો. પૃથ્વીનું પાલન કરતાં તેમણે વીશ પૂર્વાંગે અધિક એવા ચૌદલાખ પૂર્વ નિર્ગમન કર્યા. પછી પ્રભુનું મન સંસારમાંથી વિરક્ત છે એમ જાણીને લોકાંતિક દેવતાઓ બ્રહ્મ દેવલોકમાંથી પ્રભુની પાસે આવ્યા. 'હે પ્રભુ ! તમે જો કે સ્વયંબુદ્ધ હોવાથી કોઈનાથી બોધ પામતા નથી પણ ભક્તિ વડે અમો આપને સ્મરણ કરાવીએ છીએ, તેથી હે નાથ ! ધર્મ તીર્થને પ્રવર્ત્તાવો' એમ કહીને તેઓ સ્વર્ગમાં ગયા. પછી દાન દેવામાં ચિંતામણિ તુલ્ય અને દીક્ષાગ્રહણના મહોત્સવમાં ઉત્કંઠાવાળા એવા સુપાર્શ્વ સ્વામીએ એક સંવત્સર સુધી દાન આપ્યું. વાર્ષિક દાનને અંતે આસનો ચલિત થવાથી ઇંદ્રોએ આવીને પ્રભુને દીક્ષાભિષેક કર્યો. પછી મોક્ષગામી પ્રભુ વિવિધ રત્નોથી મનોહર એવી **મનોહરા** નામની શિબિકા ઉપર આરૂઢ થયા. સુર, અસુર તથા નરેશ્વરોએ અનુસરેલા ભગવંત સહસ્રામ્રવન નામે ઉત્તમ ઉપવનમાં પધાર્યા. ત્યાં આવીને ત્રણ જગત્‌ના ભૂષણ રૂપ પ્રભુએ આભૂષણાદિક સર્વ છોડી દીધું અને સ્કંધ ઉપર ઇંદ્રે આરોપણ કરેલું દેવદૂષ્ય વસ્ત્ર ધારણ કર્યું. જેઠ માસની શુકલ ત્રયોદશીએ અનુરાધા નક્ષત્રમાં દિવસના પાછલા ભાગે એક સહસ્ર રાજાઓની સાથે પ્રભુએ છઠ્ઠ તપ કરીને દીક્ષા લીધી.તે વખતે તરત જ ચોથું મનઃપર્યાય જ્ઞાન ઉત્પન્ન થયું, અને ક્ષણવાર નારકીઓને પણ સુખ થયું.

બીજે દિવસે પાટલીખંડ નગરમાં મહેંદ્ર રાજાને ઘેર પ્રભુએ પરમ અન્નથી પારણું કર્યું. દેવતાઓએ તે ઠેકાણે ધનની વૃષ્ટિ કરવા વિગેરે પાંચ દિવ્યો પ્રગટ કર્યા. મહેન્દ્ર રાજાએ જ્યાં પ્રભુ ઉભા રહ્યા હતા ત્યાં રત્નમય પીઠ કરાવ્યું. પર્વતના હસ્તીની જેમ

પરીસહોની સેનાના તાપનો જય કરતા, શરીરમાં પણ આકાંક્ષાએ રહિત, સુવર્ણ અને તૃણમાં સમાન ભાવ રાખનારા, એકાકી, મૌનધારી, એકાંત દૃષ્ટિ દેનારા, વિવિધ પ્રકારના અભિગ્રહમાં તત્પર, નહીં બેસનારા, નિર્ભય, સ્થિર, વિવિધ પ્રકારે કાયોત્સર્ગ કરતા, છદ્મસ્થ અને ધ્યાનમાં તત્પર એવા જગત્પતિ પ્રભુએ નવ માસ સુધી પૃથ્વીપર વિહાર કર્યો. વિહાર કરતા કરતા ફરીને સહસ્રામ્ર વનમાં આવ્યા. ત્યાં છઠ્ઠ તપ કરીને શિરીષ વૃક્ષની નીચે પ્રતિમા ધારીને સ્થિર રહ્યા. બીજા શુકલ ધ્યાનને અંતે વર્ત્તતા જગદ્ગુરૂએ જાણે સંસારના મર્મસ્થળ હોય તેવા ઘાતિકર્મનો નાશ કર્યો જેથી ફાગણ માસના કૃષ્ણ પક્ષની ષષ્ઠીને દિવસે ચંદ્ર વિશાખા નક્ષત્રમાં આવતાં સુપાર્શ્વ સ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

સુર અને અસુરોના ઇંદ્રોએ તત્કાળ ત્યાં આવી સેવકોની જેમ પ્રભુને દેશના દેવા માટે સમોવસરણ રચ્યું. જગત્ગુરૂ ભગવંતે મોક્ષદ્વારની જેમ પૂર્વદ્વારથી તેમાં પ્રવેશ કર્યો. અને સુરનરાદિકોએ પણ યથાયોગ્ય દ્વારથી પ્રવેશ કર્યો. ત્યાં પૃથ્વીમાં કલ્પવૃક્ષરૂપ પ્રભુએ ચારસો ધનુષ અધિક એક કોશ ઊંચા એવા ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા કરી, અને પછી અતિશયોથી શોભતા એવા જગત્પતિ **'तीर्थायनमः'** એમ કહીને ઉત્તમ સિંહાસન ઉપર બેઠા. પૃથ્વીદેવીએ સ્વપ્નામાં જેવો સર્પ દીઠો હતો તેવો સર્પ જાણે બીજું છત્ર હોય તેમ પ્રભુના મસ્તક ઉપર વિકુર્વ્યો. ત્યાંથી માંડીને તે પ્રભુને બીજા પણ સમોવસરણોમાં એક ફણાવાળો, પાંચ ફણાવાળો અથવા નવ ફણાવાળો નાગ થયેલો છે. પ્રભુના મોટા પ્રભાવથી દેવતાઓએ બીજી ત્રણ દિશાઓમાં પણ પ્રભુની જેવાજ પ્રતિબિંબો વિકુર્વ્યાં. ભગવાન્ ચતુર્વિધ સંઘ પણ યથાયોગ્ય સ્થાને આવી બેઠો, કારણ કે સભાની અંદર સામાન્ય માણસનો પણ સ્થાનવ્યત્યયય થતો નથી. પછી સૌધર્મ કલ્પના ઇંદ્રે પ્રભુને પ્રણામ કરી, મસ્તક ઉપર અંજલિ જોડી નીચે પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

"સર્વ ભુવનકોશરૂપ કમલમાં સૂર્ય સમાન અને પ્રથમ અર્હંત[1] એવા શ્રી ભગવંત ! "તમને હું નમસ્કાર કરૂં છું. હે પ્રભુ ! હવે વિશ્વનું દુઃખ ગયું છે અને હર્ષ ઉત્પન્ન થયો "છે. કારણકે તીર્થપરાવર્ત્તનથી આ વિશ્વ જાણે પરાવૃત્ત થયું હોય તેમ જણાય છે. "હે ધર્મચક્રી ! પ્રકાશવાન્ એવા તમારા વચનરૂપ રત્નદંડથી આજ નિર્વાણરૂપ વૈતાઢ્યગિરિનું "દ્વાર ઉઘડશે. હે નાથ ! ઉન્નત એવા મેઘની જેમ તમારૂં દર્શન સર્વ જીવલોકના સંતાપને "છેદવાથી હર્ષને માટે થાય છે. અનંત જ્ઞાનવાળા હે ભગવાન્ ! તમારી દેશનાનાં વચનો "દરિદ્ર ઘણા કાળે દ્રવ્ય પામે તેમ અમે ચિરકાલે પ્રાપ્ત કરીશું. પ્રથમ તમારા દર્શનથી "કૃતાર્થ થયેલા અમે હવે અત્યુક્તિવાળા અને મુક્તિના દ્વારને પ્રકાશ કરનારા તમારા "દેશનાવચનથી આજે વિશેષ કૃતાર્થ થઇશું. અનંત દર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય અને "અનંત આનંદમય સ્વરૂપવાળા તેમજ સર્વ અતિશયોના પાત્રરૂપ એવા તમને-યોગી "સ્વરૂપને હું નમસ્કાર કરૂં છું. હે જગત્પતિ ! આ ઇંદ્રાદિક પદવીની પ્રાપ્તિ તો શું માત્ર છે ! "કેમકે **તમારી સેવાથી તો તમારા જેવાજ થવાય છે.**"

આ પ્રમાણે સ્તુતિ કરીને સુરપતિ વિરામ પામ્યા, એટલે સર્વજ્ઞ ભગવાને ધર્મદેશના આપવાનો આરંભ કર્યો.

---

૧ પોતપોતાના શાસનની અપેક્ષાએ પ્રથમ અર્હંત–પ્રથમ પૂજનીક સમજવા.

"આ લોકમાં સ્ત્રી, પુત્ર, પરિવાર, દ્રવ્ય અને દેહાદિક સર્વ પોતાના આત્માથી જુદું "છે તથાપિ તેઓને અર્થે અનેક પ્રકારનાં પાપ કર્મ કરીને મૂર્ખ માણસ પોતાના આત્માને "ભવસમુદ્રમાં ડુબાડે છે. જ્યાં પ્રાણીને પોતાના આત્માથી વિસદૃશ હોવાને લીધે પોતાના "શરીરની સાથે પણ જુદાપણું છે તો પછી ધન, બંધુ વિગેરે સહાયકોનું જુદાપણું કહેવું "તે કાંઈ વિશેષ નથી. જે પોતાના આત્માને દેહ, ધન અને બંધુથી જુદો જુએ છે, "તે પુરૂષને શોકરૂપ શંકુવડે પીડા કેમ થાય? અહીંઆં જે જુદાપ- " ણાનો ભેદ છે તે પરસ્પરના લક્ષણના વિલક્ષણપણાથીજ જાણવા યોગ્ય છે અને તે " પોતાના આત્માના સ્વભાવને દેહાદિક ભાવની સાથે સરખાવતાં સાક્ષાત્પણે જણાય છે. " જે દેહાદિક પદાર્થો છે તે ઈંદ્રિયોથી ગ્રાહ્ય છે અને આત્મા તો ફક્ત અનુભવથી જ " ગોચર થાય છે, તો તેઓને અનન્યપણું (એકત્વ) કેમ સંભવે? કદી શંકા થાય કે " આત્મા અને દેહાદિ પદાર્થોને જો જુદાપણું હોય તો દેહને પ્રહારાદિ થાય ત્યારે આત્માને " પીડા કેમ થાય? તેના સમાધાનમાં કહેવાનું કે તારૂં કહેવાનું સાચું છે, પણ જેમને " આત્મા અને શરીરમાં ભેદબુદ્ધિ પ્રાપ્ત થઈ નથી તેઓનેજ દેહ ઉપર પ્રહારાદિ થતાં " પીડા ઉત્પન્ન થાય છે, જેઓએ દેહ અને આત્માનો ભેદ સારી રીતે અનુભવીને પ્રતિપાદન " કરેલો છે તેવા પુરુષોનો આત્મા દેહને પ્રહારાદિ થતાં પીડા પામતો નથી. ભેદને જાણ- " નારો જ્ઞાની પુરુષ પિતા સંબંધી દુઃખ આવી પડે તો પણ પીડા પામતો નથી અને " પરમાં પોતાપણું માની બેસનાર-ભેદ જ્ઞાનને નહીં જાણનાર અજ્ઞપુરુષ એક ચાકર સંબંધી " દુઃખ આવી પડે તો પણ મૂંઝાય છે. અનાત્મીયપણાથી ગ્રહણ કરેલો પુત્ર પણ જુદો છે " અને આત્મીયપણાથી ગ્રહણ કરેલો ચાકર પણ પુત્રથી અધિક થઈ પડે છે. પ્રાણી જેટલા " જેટલા સંબંધો પોતાના આત્મીયપણાથી પ્રિય માને છે તેટલા તેટલા શોકના ખીલાઓ " તેના હૃદયમાં ખોડાય છે. તેથી આ જગત્માં સર્વ પદાર્થ આત્માથી જુદાજ છે, તે " પ્રમાણે જાણીને અન્યત્વબુદ્ધિ પ્રાપ્ત થઇ છે જેને એવો માણસ કોઇ પણ વસ્તુનો નાશ " થવાથી તત્ત્વમાર્ગમાં મોહ પામતો નથી, તુંબિકા ઉપર કરેલો મૃત્તિકાનો લેપ ધોવાતો " જાય છે તે પ્રમાણે મમતારૂપ મૃત્તિકાના લેપને નિવારી દીક્ષાને ગ્રહણ કરતો પુરુષ તુંબિ- " કાની જેમ થોડાકાળમાં શુદ્ધાત્મા થઇને આ સંસારને તરી જાય છે."

આ પ્રમાણે પ્રભુની દેશના સાંભળીને ઘણા લોકો પ્રતિબોધ પામ્યા. તેમાંથી કેટલાકે દીક્ષા લીધી અને કેટલાક શ્રાવક થયા. વિદર્ભ વિગેરે પંચાણું ગણધર થયા. તેઓએ પ્રભુની વાણીને આધારે દ્વાદશાંગી રચી. પ્રભુની દેશના પૂર્ણ થયા પછી તેમના ચરણપીઠ ઉપર બેસીને વિદર્ભ ગણધરે ધર્મદેશના આપવા માંડી. વિદર્ભ ગણધર પણ જ્યારે દેશ- નાથી વિરામ પામ્યા ત્યારે સર્વ દેવતા તથા મનુષ્ય વિગેરે પ્રભુને નમસ્કાર કરી પોતપો- તાને સ્થાને ગયા.

તે તીર્થમાં જન્મ પામનારો, શ્યામ શરીરવાળો, હસ્તીના વાહન ઉપર બેસનારો, બે જમણી ભુજામાં નકુલ અને અંકુશને ધરનારો એક માતંગ નામે યક્ષ સુપાર્શ્વ પ્રભુની પાસે રહેનારો શાસનદેવતા થયો. તેમજ સુવર્ણ, કાંતિવાળી, હસ્તીના વાહનપર બેસનારી સરખી બે દક્ષિણ ભુજામાં વરદ અને અક્ષસૂત્રને ધરનારી, તથા બે વામ ભુજામાં ત્રિશૂલ અને અભયને રાખનારી શાંતા નામે યક્ષણી સદા પ્રભુની પાસે રહેનારી શાસનદેવી થઇ. પછી સૂર્ય જેમ કમલને વિકસ્વર કરે તેમ ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ (વિકસ્વર) કરતા પ્રભુએ ત્યાંથી અન્ય ગ્રામ નગરાદિ તરફ વિહાર કર્યો. પૃથ્વીમાં વિહાર કરતાં ત્રણલાખ સાધુઓ, ચાર લાખ ને ત્રીશ હજાર સાધ્વીઓ, બે હજાર ને ત્રીશ ચૌદપૂર્વધર, નવ હજાર અવધિ-

જ્ઞાનવાળા, નવ હજાર ને દોઢસો મનઃપર્યય જ્ઞાનીઓ, અગિયાર હજાર કેવળજ્ઞાનીઓ, પંદર હજાર ને ત્રણસો વૈક્રિય લબ્ધિવાળા, આઠ હજાર ને ચારસો વાદલબ્ધિવાળા, બે લાખ ને સત્તાવન હજાર શ્રાવકો અને ચાર લાખ ને ત્રાણું હજાર શ્રાવિકાઓ–આ પ્રમાણે સુપાર્શ્વનાથ પ્રભુનો પરિવાર થયો.

કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી નવમાસ અને વીશ પૂર્વાંગે ન્યૂન એવા લાખ પૂર્વ ગયા પછી પ્રભુ સંમેતશિખર પર્વતે પધાર્યા. ત્યાં અસુર સુરોએ સેવેલા પ્રભુએ પાંચશે મુનિઓની સાથે એક માસનું અનશન કર્યું. માસને અંતે ફાલ્ગુન માસની કૃષ્ણ સપ્તમીને દિવસે મૂલ નક્ષત્રમાં ચંદ્ર આવતાં સુપાર્શ્વનાથ પ્રભુ ૫૦૦ મુનિઓની સાથે મોક્ષપદને પામ્યા. કુમારવયમાં પાંચલાખ પૂર્વ, પૃથ્વીને પાળવામાં વીશ પૂર્વાંગ સહિત ચૌદ લાખ પૂર્વ અને દીક્ષાપર્યાયમાં વીશ પૂર્વાંગે ન્યૂન એક લાખ પૂર્વ–એ પ્રમાણે એકંદર સુપાર્શ્વનાથ પ્રભુએ વીશ લાખ પૂર્વનું આયુષ્ય સંપૂર્ણ કર્યું. શ્રીપદ્મપ્રભુના નિર્વાણ પછી નવ હજાર કોડ સાગરોપમ વીત્યા ત્યારે સુપાર્શ્વનાથ પ્રભુનો નિર્વાણકાળ થયો. પ્રભુ મોક્ષ પામ્યા પછી અચ્યુત વિગેરે ઇંદ્રોએ તેમનો તથા બીજા મુનિજનોનો અગ્નિસંસ્કારપૂર્વક મોક્ષ પર્વનો મોટો મહિમા કર્યો.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते
महाकाव्ये तृतीये पर्वणि श्रीसुपार्श्वस्वामिचरित्र
वर्णनो नाम पंचमः सर्गः ५

સર્ગ ૬ ઠ્ઠો.

શ્રી ચંદ્રપ્રભ ચરિત્ર

ચંદ્રની કાંતિની જેમ મોહરૂપી મોટા અંધકારને નાશ કરનારી અને આનંદને આપનારી ચંદ્રપ્રભ પ્રભુની વાણીને વંદના કરીને ભવ્ય પ્રાણીઓના મોહરૂપી મોટા બરફનો વિનાશ કરવામાં સૂર્યના આતપ જેવું **શ્રી ચંદ્રપ્રભ પ્રભુના** ચરિત્રનું હું કીર્ત્તન કરીશ.

ધાતકીખંડ દ્વીપના પ્રાગ્વિદેહ ક્ષેત્રના આભૂષણરૂપ **મંગળાવતી** વિજયમાં **રત્નસંચયા** નામે એક નગરી છે. ભોગાવતી નગરીમાં શેષનાગની જેમ તે નગરીમાં ઉગ્ર પરાક્રમવાળો અને કમલની જેમ લક્ષ્મીના ગૃહરૂપ પદ્મ નામે રાજા હતો. દિવ્ય સંગીતને કરનારા ગંધર્વોનો અને અપ્સરાઓને ઉલ્લંઘન કરનારી વારાંગનાઓનો પરિવાર તેની સેવા કરતો હતો. મનોહર એવા દિવ્ય અંગરાગથી અને પહેરેલા રેશમી વસ્ત્રોથી તેના સર્વ અંગપર વિશેષ પ્રકારે લક્ષ્મી શોભી રહેલી હતી. અહર્નિશ બીજા રાજાઓ તેના શાસનને ઉઠાવતા હતા. તેને અખુટ ભંડાર હતો અને તેની પ્રજા નિરંતર સ્વસ્થ રહેતી હતી. આવી રીતે એ મહારાજને સર્વ પ્રકારે લેશમાત્ર પણ દુઃખ નહોતું, તથાપિ તત્ત્વવેત્તાઓમા શ્રેષ્ઠ એવો તે રાજા સંસારવાસમાં વૈરાગ્યદશાને ભજતો હતો તેથી કેશરીસિંહ જેમ ગિરિરાજનો આશ્રય ગ્રહણ કરે તેમ તેણે સંસાર છેદવાને માટે યુગંધર ગુરૂની પાસે દીક્ષા ગ્રહણ કરી. વિવિધ અભિગ્રહને ધારણ કરનારા, મનને દમનારા, ઇંદ્રિયોનો નિગ્રહ કરનારા અને પોતાના શરીરમાં પણ આકાંક્ષા રહિત એવા એ રાજમુનિએ ઘણા કાળ સુધી ચારિત્ર પાળ્યું, અને છેવટે મોટા મોટા મૂલ્ય વડે મહા રત્ન ખરીદ કરે તેમ વીશ સ્થાનકોમાંથી કેટલાક સ્થાનકોના આરાધન વડે દુર્લભ એવું તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. કાળે કરી આયુષ્યને ખપાવીને વ્રત રૂપી વૃક્ષના પ્રથમ ફલરૂપ વૈજયંત નામના વિમાનમાં એ મહા તપસ્વી ઉત્પન્ન થયા.

આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રની અંદર પૃથ્વીના મુખ જેવી **ચંદ્રાનના** નામે એક નગરી છે. તેમાં જળવૈભવ જે રત્નાદિક તે બહાર કાઢીને સમુદ્રે જાણે પાત્ર સદશ નિર્માણ કરી હોય તેવી અનેક રત્નોવાળી હાટની શ્રેણી શોભી રહેલી હતી, પૃથ્વી ઉપર ઉતરેલાં જાણે સંધ્યાકાળનાં વાદળાં હોય તેવા રંગબેરંગી જાતજાતની આકૃતિવાળાં ઘરો હતા, અને તેના ઉદ્યાનની અંદર મસ્તકથી ચરણ પર્યંત કંપરહિતપણે કાયોત્સર્ગ કરીને રહેલા ચારણ મુનિઓ, પુરૂષાકૃતિવાળા જાણે પર્વતો હોય તેવા જણાતા હતા. ત્યાં રાત્રિએ વાસગ્રહમાં પડેલા પોતાના પ્રતિબિંબોવડે 'આ બીજી કઇ સ્ત્રી છે ?' એવો ભ્રમ કરીને સ્ત્રીઓ પોતાના પતિ ઉપર કોપ કરતી હતી. તે નગરીમાં સમુદ્રની જેમ ધારણ કરી ન શકાય તેવા પુરૂષોમાં શિરોમણિ અને પોતાના સૈન્યથી પૃથ્વીને આચ્છાદન કરનાર **મહાસેન** નામે રાજા હતો. તેનો પ્રતાપ તેના પ્રરાક્રમનો પરમ ભક્ત થઇને રહેલો હતો અને ચાકરની જેમ પૃથ્વીને વિજય કરવાનું તે હંમેશાં કામ કરતો હતો. જેના શાસનને કોઈ ઉલ્લંઘન કરી શકતું નહીં એવો તે મહાસેન રાજા પૃથ્વી ઉપર રાજ્ય

કરતો તે વખતે સર્વ જન જન્મથીજ પરધન હરવામાં વિરામ પામેલા હતા. એ અધીશ્વર મહારાજાનું અંતઃકરણ સમુદ્રના મધ્યની જેમ લબ્ધ થતું નહીં. તે ચંદ્રની જેવો અતિ આહ્લાદક હતો અને કલ્પવૃક્ષની જેવો દાનેશ્વરી હતો. ગંગાના તટ ઉપર હંસી ક્રીડા કરે તેમ તેના કપાટ જેવા વિશાળ વક્ષસ્થળ ઉપર હમેશાં લક્ષ્મી અનન્ય મનથી રમતી હતી.

મહારાજા મહાસેનને અતિ મનોહર મુખલક્ષ્મીવડે ચંદ્રનો વિજય કરનારી અને સંપૂર્ણ લક્ષણોવાળી **લક્ષ્મણા** નામે પત્ની હતી. એ સુંદર સ્ત્રી સર્વ અંગમાં અતુલ્ય લાવણ્યને તથા રૂપને ધારણ કરતી હતી, અને દૃષ્ટિથી તેમજ વાણીથી અમૃતનેજ વર્ષાવતી હતી. અતિ મંદમંદ ચાલતી એ રમણી, પગલે પગલે પ્રફુલ્લિત સ્થળકમલોને આરોપતી હોય તેમ જણાતી હતી. કુટિલતા માત્ર તેની ભ્રકુટીમાં અને ગતિમાં હતી પણ ચિત્તમાં નહોતી અને તુચ્છતા માત્ર તેના મધ્ય ભાગમાં હતી[1] પણ બુદ્ધિ સંપત્તિમાં નહોતી. તેનો મોટો શીલગુણ સેનાપતિની જેમ તેના સર્વાતિશાયી ગુણોની સેનાને અલંકૃત કરતો હતો.

આ તરફ વૈજયંત વિમાનમાં રહેલો પદ્મરાજાનો જીવ તેત્રીશ સાગરોપમ આયુષ્યને પૂર્ણ કરી ત્યાંથી ચ્યવીને ચૈત્ર માસની કૃષ્ણ પંચમીને દિવસે ચંદ્ર અનુરાધા નક્ષત્રમાં આવતાં લક્ષ્મણાદેવીની કુક્ષિમાં અવતર્યો. તે વખતે સુખે સુતેલા લક્ષ્મણા દેવીએ તીર્થંકર જન્મને સૂચવનારાં ચૌદ મહા સ્વપ્નો જોયાં. રત્નગર્ભા પૃથ્વીની જેમ રત્નોનું સર્વસ્વ એવા એ ઉજ્જ્વળ અલક્ષિત ગર્ભને લક્ષ્મણાદેવીએ સુખેથી ધારણ કર્યો. અનુક્રમે પૌષ માસની કૃષ્ણ દ્વાદશીએ ચંદ્ર અનુરાધા નક્ષત્રમાં આવતાં તે મહાદેવીએ ચંદ્રના ચિન્હવાળા ચંદ્રવર્ણા પુત્રરત્નને જન્મ આપ્યો. તે વખતે આસનકંપથી આઠમા અર્હંતનો જન્મ જાણીને છપ્પન્ન દિક્કુમારીઓએ આવી સૂતિકાકર્મ કર્યું. પછી જન્મસ્નાત્ર કરવાને કરવાને ઇચ્છતો સૌધર્મેંદ્ર દેવતાઓના પરિવારયુક્ત ત્યાં આવીને પ્રભુને મેરૂપર્વતના શિખર ઉપર લઈ ગયો. ત્યાં અતિપાંડુકબલા નામની શિલા ઉપર પ્રભુને ઉત્સંગમાં લઇને ઇંદ્ર રત્નસિંહાસન ઉપર બેઠા; એટલે અચ્યુત વિગેરે ત્રેસઠ ઇંદ્રોએ હર્ષના ઉલ્લાસ સાથે અનુક્રમે પ્રભુને સ્નાન કરાવ્યું. પછી ઈશાન ઇંદ્ર પ્રભુને અંક રૂપ પર્યંકમાં લઇને બેઠા, એટલે સૌધર્મેંદ્રે વૃષભના શૃંગમાંથી ઉછળતા જળવડે પ્રભુને સ્નાન કરાવ્યું; અને અંગરાગ, નેપથ્ય અને વસ્ત્રોથી ભગવંતનું ભક્તિવડે અર્ચન કરી આ પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

" હે પ્રભુ ! આકાશને આધાર આપવાની બુદ્ધિથી ઊંચા પગ કરીને રહેનારા ટીટોડા
" પક્ષીની જેમ અનંત ગુણવાળા એવા તમારી સ્તુતિ કરવાને હું જે પ્રવૃત્ત થયો છું તે
" પંડિતોને હાસ્યના સ્થાનરૂપ છું, તથાપિ તમારા પ્રભાવથી વ્યાપક બુદ્ધિને પ્રાપ્ત થયેલો
" હું તમારી સ્તુતિ કરવાને સમર્થ થઈશ; કારણકે એક લેશમાત્ર વાદળાંનો ભાગ પણ
" પૂર્વ દિશાના પવનના સંગમથી સર્વ દિશાઓમાં વ્યાપી જાય છે. હે પ્રભુ ! ભવ્ય પ્રાણી-
" ઓએ જોવા માત્રથી અથવા ધ્યાન કરવા માત્રથી તમે તેઓના કર્મરૂપ પાશને છેદવા-
" ને કોઈ અપૂર્વ શસ્ત્રરૂપ થાઓ છો. સૂર્યથી કમળોનો અભ્યુદય થાય તેમ વિશ્વના
" અંધકારને છેદનારા એવા અપૂર્વ સૂર્યરૂપ તમારા જન્મથી આજે જગત્માં શુભ કર્મનો
" ઉદય થયેલો છે. ચંદ્રનાં કિરણ માત્ર પડવાથી જેમ શેફાળિકાના પુષ્પ ખરી પડે છે તેમ
" તમારા દર્શન માત્રથી મારૂં અશુભ કર્મ પોતાનું ફલ આપ્યા સિવાય ગળી જશે. વિશ્વને

---

૧ દેહનો મધ્ય ભાગ—કટીપ્રદેશ તે તુચ્છ—અલ્પ હતો.

" અભય આપનારુ તમારૂં દીક્ષાધારી સ્વરૂપ તો એક તરફ રહ્યું, પણ હે ભગવન્! તમે
" આ બાલ્યાવસ્થાની મૂર્ત્તિથી પણ પ્રાણીઓનાં દુઃખને હરી લ્યો છો. વનનાં વૃક્ષોનું ઉન્મૂ-
" લન કરવાને જેમ ઉન્મત્ત ગજેંદ્ર આવે તેમ તમે સંસાર છે મૂળ જેનું એવાં સર્વ
" કર્મોને છેદવાને માટે અહીં અવતર્યા છો. જેમ મુક્તાહારાદિ મારા હૃદયનું બાહ્ય આભૂ-
" ષણ છે તેમ ત્રણ જગત્ના પતિ એવા તમે મારા હૃદયનું આંતર આભૂષણ છો."

આ પ્રમાણે સ્તુતિ કરીને શક્રેંદ્રે ઇશાનેંદ્ર પાસેથી પ્રભુને લીધા, અને લક્ષ્મણાદેવીની પાસે યથોચિત સ્થાને સ્થાપન કર્યા. મહારાજા મહાસેને મોટો ઉત્સવ કર્યો; કારણકે અર્હંત ભગવાન્નો જન્મ બીજે સ્થાનકે પણ ઉત્સવને માટે થાય છે તો પોતાના ઘેર ઉત્સવ થાય તેમાં તો શું કહેવું! પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે તેમની માતાને ચંદ્રપાન કરવાનો દોહૃદ થયો હતો તેમજ તેમની ચંદ્રના જેવી કાંતિ હતી તેથી કરીને પ્રભુને **ચંદ્રપ્રભ** એવા નામથી બોલાવવા લાગ્યા. ચંદ્રિકા જેવી ગૌરપ્રભાના ભરપૂર મંડળથી મનોહર એવું બાલ-પ્રભુનું રૂપ જાણે વૈજયંત વિમાનમાંજ રહેતા હોય તેના જેવું શોભતું હતું. વૃક્ષલતાની જેવા ધાત્રીઓના કરપલ્લવોને આકર્ષણ કરતા પ્રભુ ગજેન્દ્રના શિશુની જેમ પ્રતિદિન વધવા લાગ્યા. ત્રણ જ્ઞાનને ધારણ કરનારા છતાં પ્રભુ દેવપણામાં પણ નહીં પ્રાપ્ત થયેલ એવા બાલપણાને જાણે સ્વેચ્છાએ પ્રાપ્ત થયું હોય તેમ મુગ્ધપણાના દેખાવે અનુભવવા લાગ્યા. જેમ વટેમાર્ગુ અતિ રસિક વાતો કરવા વડે માર્ગનું ઉલ્લંઘન કરે તેમ ચંદ્રપ્રભ પ્રભુએ વિવિધ ક્રીડાઓથી શિશુવયનું ઉલ્લંઘન કર્યું.

દોઢસો ધનુષ ઉન્નત શરીરવાળા પ્રભુ બાલ્યવયરૂપ સરિતાનો પાર પામીને સ્ત્રીવર્ગને વશ કરવામાં કારણરૂપ યૌવનવયને પ્રાપ્ત થયા. પોતાના ભોગફળ કર્મને જાણીને માતા-પિતાની આજ્ઞા પાળવાને માટે પોતાને યોગ્ય એવી રાજકન્યાઓ સાથે પાણિગ્રહણ કર્યું. દીક્ષા લેવામાં ઉત્સુક એવા પ્રભુએ જન્મથી અઢીલાખ પૂર્વ ગયા પછી માતાપિતાની પ્રાર્થ-નાથી, કરનાર જેમ અનધ્યાય પાળે તેમ ચોવીશ પૂર્વે યુક્ત એવા સાડા છ લાખ પૂર્વ સુધી પૃથ્વીનું પાલન કર્યું. પછી જોકે પ્રભુ જાણતા હતા તો પણ નીમી રાખેલા જ્યોતિ-ષીઓની જેમ લોકાંતિક દેવતાઓએ આવીને પ્રભુને દીક્ષાનો સમય જણાવ્યો. કોઇ ધનાઢ્ય દીક્ષા લેવાને ઇચ્છતો હોય અને દાન આપે તેમ દીક્ષા લેવાને ઇચ્છતા એવા પ્રભુએ ત્યારથી સાંવત્સરિક દાન દેવાનો આરંભ કર્યો. વર્ષને અંતે જેમનાં આસન ચલિત થયાં છે એવા ઇંદ્રોએ આવીને સેવકોની જેમ પ્રભુનો દીક્ષાભિષેક કર્યો. પછી શોભાથી મનોહર એવી **મનોરમા** નામની શિબિકા ઉપર નર, સુર, અસુર તથા તેમના ઈંદ્રોના પરિવાર સાથે પ્રભુ આરુઢ થયા. લોકોએ સ્તુતિ કરેલા, ગાયેલા અને હર્ષથી જોયેલા એવા ભગવાન્ સહસ્રામ્રવણ નામના ઉદ્યાનમાં આવ્યા. શિબિકા ઉપરથી ઉતરીને ત્રણ રત્નોને[1] ગ્રહણ કર-વાની ઇચ્છાવાળા છતાં પણ પ્રભુએ રત્નાલંકારાદિ ત્યજી દીધાં, અને પોષ માસની કૃષ્ણ ત્રયોદશીને દિવસે અનુરાધા નક્ષત્રમાં પાછલે પહોરે છઠ્ઠ તપ કરીને હજાર રાજાઓની સાથે પ્રભુએ દીક્ષા ગ્રહણ કરી. તરતજ મનુષ્યક્ષેત્રમાં રહેલા પ્રાણીઓના મનોદ્રવ્યનેપ્રકાશ કરનારું મનઃપર્યાય નામે ચોથું જ્ઞાન પ્રભુને ઉત્પન્ન થયું.

પછી બીજે દિવસે પદ્મખંડ નગરમાં **સોમદત્ત** રાજાને ઘેર પ્રભુએ પરમ અન્નથી પારણું કર્યું. દેવતાઓએ ત્યાં વસુંધરાદિ પાંચદિવ્ય પ્રગટ કર્યાં. રાજાએ પ્રભુના ચરણથી અંકિત

---

૧ જ્ઞાન, દર્શન, ચારિત્ર એ રત્નત્રયી.

પૃથ્વી ઉપર રત્નપીઠ કરાવ્યું. સૂર્યના તેજને પરાભવ કરનારા, મોટા હિમથી પણ પરાભવને નહીં પામતા, ઝાકળે કરી દર્દિનને કરનારા, પવનોવડે નહીં કંપતા, સરોવરના જળને હિમમય કરી દેતા, હેમંત ઋતુ સંબંધી અર્દ્ધ રાત્રિના પવનથી પણ પ્રતિમાને અખંડિત રાખનારા, માને કરી વર્જિત, વ્યાઘ્ર સિંહાદિક દુષ્ટ હિંસક પ્રાણીઓથી ભયંકર એવા અરણ્યમાં અને ઘણા શ્રાવકોવાળા નગરમાં સરખી ગતિ અને સ્થિતિ રાખનારા, એકાકી, મમતાએ રહિત, મૌનધારી, નિર્ગ્રંથ અને ધ્યાનમાં તત્પર એવા પ્રભુએ છદ્મસ્થપણે ત્રણ માસ સુધી વિહાર કર્યો. વિહાર કરતા પ્રભુ ફરીવાર સહસ્રામ્રવનમાં આવ્યા. ત્યાં પુન્નાગ વૃક્ષની નીચે પ્રતિમા ધારણ કરીને રહ્યા. બીજા શુકલ ધ્યાનને અંતે રહેલા પ્રભુના શિશિરઋતુ વ્યતિક્રમ્યા પછી જેમ હિમ વિનાશ પામે તેમ ઘાતિકર્મ વિનાશ પામી ગયાં. ફાલ્ગુન માસની કૃષ્ણ સપ્તમીએ ચંદ્ર અનુરાધા નક્ષત્રમાં આવતાં છઠ્ઠતપ જેમણે કર્યો છે એવા પ્રભુને ઉજ્જવળ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તરતજ સુર અસુરોના ઈંદ્રોએ યોજન પ્રમાણ ક્ષેત્રમાં પ્રભુને દેશના આપવાને માટે સમવસરણ રચ્યું. દેવતાઓએ સંચાર કરેલા સુવર્ણના નવ કમળોને ચરણન્યાસથી પવિત્ર કરતા એવા પ્રભુએ તેમાં પૂર્વ દ્વારથી પ્રવેશ કર્યો. પરંપરાની અર્હંતની સ્થિતિને પાળતા એવા પ્રભુ, અઢારસો ધનુષ ઊંચા ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા કરીને **तीर्थायनमः** એવી વાણીને ઉચ્ચારતા રત્નસિંહાસન ઉપર પૂર્વાભિમુખે બેઠા. પછી સુર, અસુર અને મનુષ્ય સહિત ચાર પ્રકારનો સંઘ યોગ્ય દ્વારથી પ્રવેશ કરીને યથોચિત સ્થાને બેઠો. પછી ઇંદ્રોપાંચ અંગે પૃથ્વીનો કરી ભગવંતને પ્રણામ કરી ભક્તિના વેગથી નીચે પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

" હે પ્રભુ! સુર, અસુર અને નરોએ મસ્તક ઉપર ધારણ કરેલું ત્રણ લોકના ચક્ર-
" વર્ત્તી એવા તમારું શાસન આ જગત્માં વિજય પામે છે. હે ભગવાન્! પ્રથમ ત્રણ
" જ્ઞાનને ધારણ કરનારા, પછી મનઃપર્યય જ્ઞાનને ધરનારા અને અધુરા કેવળજ્ઞાનવાળા
" એવા તમે અમને દિનપરદિન અધિકાધિક જોવામાં આવ્યા છો. હે નાથ! માર્ગના
" વૃક્ષની છાયાની જેમ વિશ્વને ઉપકાર કરનારું તમારું ઉજ્જવળ કેવળજ્ઞાન જય પામો.
" હે ભગવાન્! જ્યાં સુધી સૂર્યોદય થયો નથી ત્યાં સુધીજ અંધકાર રહે છે, જ્યાં સુધી
" કેસરીસિંહ આવતો નથી ત્યાં સુધીજ ગજેંદ્રો મદાંધ રહે છે, જ્યાં સુધી કલ્પવૃક્ષ પ્રાપ્ત થતું
" નથી ત્યાં સુધીજ દારિદ્રય રહે છે, જ્યાં સુધી વૃષ્ટિકારક મેઘ થતો નથી ત્યાં સુધીજ
" જળની તંગાશ રહે છે, અને જ્યાં સુધી પૂર્ણ ચંદ્ર ઉગતો નથી ત્યાં સુધીજ દિવસનો
" તાપ રહે છે, તેમ જ્યાં સુધી તમે જોવામાં આવેલા નથી ત્યાં સુધીજ આ જગત્માં કુબોધ
" રહેલો છે. જે પ્રાણીઓ નિત્ય તમને જુએ છે અને સેવે છે તેઓની હું હર્ષથી સર્વ-
" કાલ અનુમોદના કરું છું. હે પ્રભુ! હાલમાં તમારા પ્રસાદથી તમારા દર્શનનું ફલ ઉત્તમ
" સમ્યક્ત્વ મને યાવજ્જીવિત નિશ્ચલપણે રહેવારૂપ થાઓ. "

એવી રીતે સ્તુતિ કરીને ઇંદ્ર મૌન રહ્યા પછી જગદ્ગુરૂએ મેઘના જેવી ગંભીર વાણીથી આ પ્રમાણે દેશના દેવાનો આરંભ કર્યો.

" અનંત કલેશરુપી તરંગોએ યુકત આ ભવસાગર ક્ષણે ક્ષણે સર્વ પ્રાણીઓને ઊંચે
" નીચે અને તિર્છાપણે ફેંકયા કરે છે. જેમ અશુચિ સ્થાનમાં કીડાઓ પ્રીતિ કરે છે તેમ
" પ્રાણીઓ આ ક્ષણિક શરીર ઉપર પ્રીતિ કરે છે, અને તે શરીર તેમનેજ એક બંધનરૂપ
" થઇ પડે છે. રસ, રૂધિર, માંસ, ચરબી, અસ્થિ, મજ્જા, વીર્ય, આંતરડા અને વિષ્ટા

" વિગેરે અશુચિના સ્થાનરૂપ આ દેહમાં શુચિપણું કેમ સંભવે ? નવ દ્વારોમાંથી ઝરતા
" દુર્ગંધી રસના નીઝરણાથી રગદોળાયેલા આ દેહમાં જે પવિત્રતાનો સંકલ્પ કરવો, તેજ
" માત્ર મોટો મોહનો વિલાસ છે. વીર્ય અને રૂધિરથી ઉત્પન્ન થયેલો, મલિન રસથી
" વધેલો અને ગર્ભમાં જરાયુ (ઓર) થી ઢંકાયેલો આ દેહ પવિત્ર કેમ થાય ? માતાએ
" ખાધેલા અન્નપાનથી ઉત્પન્ન થયેલા અને રસનાડીમાં થઇને આવેલા રસનું પાન કરી
" વૃદ્ધિ પામેલો કયો પુરુષ શરીરમાં પવિત્રતાને માને ? દોષ, ધાતુ અને મલથી ભરેલાં,
" કૃમિ અને ગંડુપદના સ્થાનરૂપ તથા રોગરૂપ સર્પના ગણેવડે ખવાયેલા આ શરીરને
" કોણ શુચિ કહે ? સ્વાદિષ્ટ અન્ન, પાન, ક્ષીર, ઇક્ષુ અને બીજા ઘૃતાદિ વિગય પદાર્થો પણ
" ભોજન કર્યા પછી જેમાં વિષ્ટારૂપ થાય છે, તે શરીર કેમ શુચિ કહેવાય ! જેમાં વિલે-
" પન કરેલો સુગંધી યક્ષકર્દમ[1] પણ તત્કાળ મલરૂપ થઇ જાય છે, તે શરીરમાં કેવી રીતે
" શૌચપણું મનાય ? સુગંધી તાંબૂલનું આસ્વાદન કરીને સુઇ ગયેલો માણસ સવારે ઉઠી
" પોતાના મુખના દુર્ગંધની જુગુપ્સા કરે, એ શરીરની કેમ શુચિતા ગણાય ! સુગંધી ધૂપ,
" પુષ્પ અને પુષ્પમાલાદિક જેઓ સ્વતઃ સુગંધી છે, તેઓ પણ જેના સંગથી દુર્ગંધતાને
" પામી જાય એ કાયા કેમ પવિત્ર ગણાય ? માંજેલો, વિલેપન કરેલો અને સેંકડો ઘડા-
" ઓથી ધોયેલો પણ અશુચિ દેહ કલાલના ઘડાની જેમ પવિત્રપણાને પામતો નથી.
" મૃત્તિકા, જળ, અગ્નિ, પવન અને સૂર્યકિરણોના સ્નાનવડે જેઓ આ દેહને શૌચ
" કહે છે તેવા ગતાનુગતિક લોકોએ ખરેખર ફોતરાંજ ખાંડેલાં છે. તેથી આવા અશુચિ
" શરીરવડે માત્ર મોક્ષફલોત્પાદક તપજ કરવું. કારણકે **બુધ્ધિમાન લોકોએ ખારા સમુ-**
" **દ્રમાંથી રત્નની જેમ અસારમાંથી સારનો ઉદ્ધાર કરવો એજ ઉત્તમ છે.**"

આવી પ્રભુની ધર્મદેશનાથી ઘણા પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા, અને હજારોએ દીક્ષા લીધી.

ભગવાન્ ચંદ્રપ્રભને દત્ત વિગેરે ત્રાણુ ગણધરો થયા, તેઓએ ઉત્પાદાદિ ત્રિપદીવડે દ્વાદશાંગી રચી. પ્રભુની દેશનાને અંતે ચરણપીઠ પર બેસીને દત્ત ગણધરે પ્રાણીઓને બોધ આપનારી દેશના આપવા માંડી. સંગીત પૂર્ણ થયા પછી યુવાન નાગરિકોની જેમ મનુષ્ય દેવતાઓ વિગેરે તે દેશનાને અંતે પોતપોતાને સ્થાનકે ગયા. તેમના તીર્થમાં હંસના વાહનવાળો, દક્ષિણ પ્રજ્ઞામાં વત્સને વામ પ્રજ્ઞામાં મુદ્ગરને ધારણ કરનારો **વિજય** નામે યક્ષ અને હંસના વાહનવાળી, પીળા અંગવાળી, બે દક્ષિણ પ્રજ્ઞામાં ખડ્ગ અને મુદ્ગર ધારણ કરનારી તથા બે વામ પ્રજ્ઞામાં ફલક અને ફરસીને રાખનારી **ભ્રુકુટી** નામે દેવી એ બંને ભગવંતના શાસનદેવતા થયા.

હમેશાં તે બંને શાસનદેવતા જેની સાન્નિધ્યમાં રહેલા છે એવા સર્વ અતિશયોના પાત્ર એવા ચંદ્રપ્રભ પ્રભુ આકાશમાં ચંદ્રની જેમ પૃથ્વીપર વિહાર કરવા લાગ્યા. અને અઢીલાખ સાધુઓ, ત્રણ લાખ ને બેંશીહજાર સાધ્વીઓ, બેહજાર ચૌદપૂર્વિઓ, આઠહજાર અવધિજ્ઞાની, આઠ હજાર મનઃપર્યયજ્ઞાની, દશહજાર કેવળજ્ઞાની, ચૌદહજાર વૈક્રિયલબ્ધિ-વાળા, સાતહજાર ને છસો વાદલબ્ધિવાળા, અઢીલાખ શ્રાવકો અને ચારલાખ ને એકાણું હજાર શ્રાવિકા-એ પ્રમાણે પ્રભુનો પરિવાર થયો. ચોવીશ પૂર્વ ત્રણ માસે વર્જિત એક લાખ પૂર્વ વિહાર કરી પ્રભુ સંમેતગિરિએ આવ્યા. ત્યાં એકહજાર મુનિઓની સાથે પ્રભુએ અનશન વ્રત ગ્રહણ કર્યું. સુરઅસુરોએ સેવેલા પ્રભુ એવી રીતે એક માસ સુધી રહ્યા. પછી સર્વ યોગનો નિરોધ કરી નિષ્કંપ ધ્યાનને પ્રાપ્ત થયેલા પ્રભુના ભવોપગ્રાહી[2] ચાર કર્મ

---

૧ સુગંધી દ્રવ્યોનો એકત્ર કરેલ પદાર્થ. ૨ ભવ પર્યંત રહેનાર.

તત્કાળ ક્ષીણ થઈ ગયાં. ભાદરવા માસની કૃષ્ણ સપ્તમીને દિવસે ચંદ્ર શ્રવણ નક્ષત્રમાં આવતાં ચંદ્રપ્રભ પ્રભુ તે મુનિઓની સાથે પરમપદને પ્રાપ્ત થયા.

અઢીલાખ પૂર્વ કુમારવયમાં, ચોવીશ પૂર્વ સહિત સાડાછ લાખ પૂર્વ રાજ્યસ્થિતિમાં અને ચોવીશ પૂર્વ રહિત એક લાખ પૂર્વ વ્રત પાળવામાં એવી રીતે સર્વ મળી દશ લાખ પૂર્વનું આયુષ્ય પ્રભુએ નિર્ગમન કર્યું. સુપાર્શ્વ સ્વામીના નિર્વાણ પછી નવશેં કોટી સાગરોપમ વીત્યા ત્યારે શ્રી ચંદ્રપ્રભ વિભુ નિર્વાણપદને પામ્યા.

શ્રી ચંદ્રપ્રભ પ્રભુ મોક્ષે ગયા પછી સુરેશ્વરોએ તેમનો અને બીજા મુનિઓનો વિધિથી અંગસંસ્કાર કર્યો અને પછી તેઓ પાછા દેવલોકમાં ગયા.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते
महाकाव्ये तृतीये पर्वणि श्रीचंद्रप्रभस्वामिचरित्र-
वर्णनो नाम षष्ठः सर्गः ६ ॥

સર્ગ ૭ મો.

શ્રી પુષ્પદંત (સુવિધિનાથ) ચરિત્ર.

પુષ્પની માળાની જેમ ત્રણ જગત્‌ને મસ્તક ઉપર વહન કરવા યોગ્ય, નિર્મળ અને પાપનો નાશ કરનાર **શ્રીપુષ્પદંત** પ્રભુના નિર્મલ શાસનને હું વંદના કરું છું. નવમા તીર્થંકર શ્રીપુષ્પદંત પ્રભુના નિર્દોષ ચરિત્રને તેમના પ્રભાવથી સમર્થ બુદ્ધિવાન થયેલો હું કીર્તન કરવાને તત્પર થાઉં છું.

પુષ્કરવર નામે શ્રેષ્ઠ દ્વીપાર્દ્ધના પૂર્વ વિદેહમાં **પુષ્કલાવતી** વિજયમાં **પુંડરીકીણી** નામે એક નગરી છે. મહાહિમવંત પર્વત ઉપર મહાપદ્મ દ્રહની જેવો ગંભીર **મહાપદ્મ** નામે ત્યાં રાજા હતો. તેણે જન્મથીજ સ્વીકારેલો ધર્મ બાલ્યવય તથા યૌવનવયમાં પણ શરીરની શોભાની સાથે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો હતો. વ્યાજથી આજીવિકાવાળા માણસ જેમ વ્યાજ વગરના પડી રહેલા ધનથી હમેશાં ખેદ પામે તેમ વિરતિ વગર એક મુહૂર્ત્ત માત્ર જવાથી પણ તે રાજા ખેદ પામતો હતો. જેમ વટેમાર્ગુ માર્ગમાં આવેલી નદી ઉતરતો ઉતરતો પણ જળપાન કરતો જાય છે, તેમ એ રાજા ધર્મનાં કામ કરતો કરતો રાજ્યનાં કામ કરતો હતો. ઉત્તમ બુદ્ધિવાળો એ રાજા પ્રમાદ રહિતપણે પોતાના ઉત્તમ કુળની જેમ નિર્મલ શ્રાવકધર્મનું સારી રીતે ચિરકાલ પાલન કરતો હતો. પ્રાયે સંતોષમાંજ નિષ્ઠાવાળો છતાં એ રાજા ધર્મના કાર્યમાં સંતોષ પામતો નહીં, અને બીજાઓ અલ્પ ધર્મ કરનારા હોય તોપણ તેઓને પોતાથી અધિક માનતો હતો.

આ પ્રમાણે વર્ત્તતા એ રાજાએ યુદ્ધનો પાર પામવાને દિવ્ય અસ્ત્રની જેમ સંસારનો પાર પામવાની ઇચ્છાથી **જગન્નંદ** ગુરૂની પાસે દીક્ષા ગ્રહણ કરી. સંલેખના કરનારો પુરૂષ જેમ મરણ પર્યંત અનશન પાળે તેમ શ્રાવકધર્મનો નિર્વાહ કર્યા પછી એ રાજા દૃઢ પણે મહા વ્રત પાળવા લાગ્યો. છેવટે ઘણા દુસ્તપ એવા એકાવળી વિગેરે તપવડે કરીને અને અર્હંત પ્રભુની ભક્તિ વિગેરે કરીને તેણે ઊંચે પ્રકારે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. એવી રીતનાં આચરણોથી પોતાનું આયુષ્ય નિર્ગમન કરી તે રાજર્ષિ વૈજયંત નામના વિમાનમાં મહર્દ્ધિક દેવતા થયા.

આ જંબૂદ્વીપને વિષે દક્ષિણ ભરતાર્દ્ધમાં વિશેષ સંપત્તિવડે મોટી **કાકંદી** નામે એક નગરી છે. ત્યાં આવેલા મહેલોની અંદર મોતીની ઝાલરો, મનસ્વિની સ્ત્રીઓને વશ કરવા માટે જાણે કામદેવની નિર્મળ માલાઓ હોય તેવી શોભતી હતી. ત્યાંનાં દેવમંદિરોમાં થતું ચાર પ્રકારનું સંગીત ખેચરોની સ્ત્રીઓની ગતિને સ્તંભન કરવા માટે મંત્રરૂપ થઈ પડતું હતું. પ્રફુલ્લિત કમલોથી ભરપૂર અને નિર્મલ જળવાળા ત્યાંના સુંદર જલાશયો સ્પષ્ટ નક્ષત્ર સંયુક્ત શરદૃતુના વાદળાવાળા આકાશની શોભાને અનુસરતા હતા. તે નગરીમાં યાચકલોકો ગુરૂની જેમ દૂરથી દાતાઓની સામા જઈ પાદ્યપાત્ર[1] આપતા હતા, અને તેઓ યોગ્ય દ્રવ્ય દેવાવડે પ્રસન્ન કરાતા હતા, તે નગરીમાં પૃથ્વીનું જાણે કંઠાભરણ

---

૧ પૂજનસામગ્રી અર્પણ કરવી અથવા પગે પડવું.

હોય અને લક્ષ્મી વડે જાણે ગ્રૈવેયકવાસી દેવતા હોય તેવો સુગ્રીવ નામે રાજા હતો. તેની આજ્ઞા નગર, અરણ્ય, સાગર અને પર્વતોને વિષે કોઈ ઠેકાણે મંત્રસિદ્ધ આયુધની જેમ અટકતી નહોતી. પર્વતની જેમ તેનાથી ઉત્પન્ન થયેલી નીતિરૂપ સરિતા કીર્તિરૂપ કલ્લોલવાળા જળને વહન કરતી સમુદ્ર સુધી પ્રસરેલી હતી. સર્વ રાજાઓમાં શિરોમણિ એ રાજાનો યશરાશિરૂપ સાગર બીજા સર્વ ભૂભૃતો (રાજાપક્ષે પર્વતો) ની પ્રસરેલી કીર્તિરૂપ સરિતાઓનો ગ્રાસ કરી જતો હતો.

સર્વ દોષે રહિત, નિર્મલ ગુણોથી અભિરામ અને સર્વ રામા (સ્ત્રી)ઓમાં શિરોમણિ રામા નામે તેને એક પત્ની હતી. ગગનમાં ચંદ્રકાંતિની જેમ સ્વાભાવિક સૌંદર્યની ભૂમિરૂપ અને દૃષ્ટિઓને આનંદ આપનારી આ ભૂતલ ઉપર તે એકજ સ્ત્રી હતી. બંને શુદ્ધ પક્ષથી[1] શોભતી અને મધુરસ્વરવાળી એ રાણી રાજહંસીની જેમ હમેશાં પતિના માનસરૂપ માનસરોવરમાં રહેતી હતી. તેના અનુપમ રૂપથી પરાજય પામેલી રતિ રતિને પામતી નહીં અને પ્રીતિ પ્રીતિને પામતી નહીં. પરસ્પરને અનુરૂપ એવા એ રાજા સુગ્રીવ અને રાણી રામાનો વખત રોહિણી અને ચંદ્રની જેમ અનેક પ્રકારની ક્રીડા કરતાં નિર્ગમન થતો હતો.

અહીં વૈજયંત વિમાનમાં રહેલો મહાપદ્મ રાજાનો જીવ તેત્રીશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી, ફાલ્ગુન માસની કૃષ્ણ નવમીને દિવસે ચંદ્ર મૂલ નક્ષત્રમાં આવતાં ત્યાંથી ચ્યવીને રામાદેવીની કુક્ષિમાં અવતર્યો. તે સમયે દેવીએ તીર્થંકરના જન્મને સૂચવનારાં હસ્તી વિગેરે ચૌદ મહા સ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં. હિમાચલમાંથી નીકળતી ગંગા નદી પોતાની અંદર ક્રીડા કરતા ગજેંદ્રના બાળકને જેમ ધારણ કરે તેમ રામાદેવીએ જગત્ના આધારભૂત પ્રભુને ગર્ભમાં ધારણ કર્યા. પછી પૂર્ણ સમય થતાં માગશર માસની કૃષ્ણ પંચમીએ મૂલ નક્ષત્રમાં ચંદ્ર આવતાં મગરના ચિન્હ યુક્ત શ્વેત વર્ણવાળા એક પુત્રરત્નને દેવીએ જન્મ આપ્યો. તે વખતે ભોગંકરાદિ છપ્પન દિક્કુમારીઓએ આવી પ્રભુ તથા પ્રભુની માતાનું સૂતિકાકર્મ કર્યું. પછી સૌધર્મ કલ્પનો અધિપતિ અભિયોગ્ય દેવતાની જેમ આવી પ્રભુને ગ્રહણ કરી ભક્તિથી મેરૂપર્વતના શિખર ઉપર લઈ ગયો, અને તેની ચૂલિકા ઉપર દક્ષિણ તરફ રહેલી પાંડુકબલા નામની શિલાપર રહેલા સિંહાસનને વિષે પ્રભુને ખોળામાં રાખીને બેઠો. ત્યાં અચ્યુત ભક્તિવાળા અચ્યુતાદિક ત્રેસઠ ઇંદ્રોએ તીર્થના જળથી પ્રભુને સ્નાન કરાવ્યું. પછી પહેરેગીર જેમ પોતાનો પહેરો પૂર્ણ થયા પછી પોતાની રક્ષણીય વસ્તુ બીજા પહેરેગીરને સોંપે, તેમ સૌધર્મેન્દ્રે ઈશાનપતિને પ્રભુ સોંપ્યાં, અને ઇશાનપતિના ઉત્સંગમાં રહેલા પ્રભુને વૃષભના શૃંગમાંથી નીકળેલા સુગંધી જળવડે તેણે સ્નાન કરાવ્યું; પછી નવીન અંગરાગોથી ચર્ચા કરીને તથા આભૂષણાદિકથી અર્ચીને અને આરતી ઉતારીને શક ઇંદ્ર પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો.

" ધર્મરૂપી હવેલીના દૃઢ સ્તંભરૂપ, સમ્યક્ જ્ઞાનરૂપી અમૃતના દ્રહ રૂપ અને જગત્ને
" આનંદ આપવામાં મેઘરૂપ એવા હે ત્રિભુવનપતિ ! તમે જય પામો. હે જગદીશ !
" તમારા એક જુદાજ પ્રકારના અતિશયને અમે શું કહીએ કે જે તમારા મહાત્મ્ય ગુણથી
" ખરીદ થયેલા આ ત્રણલોક તમારા દાસપણાને પામેલા છે. જેવી રીતે તમારા દાસ
" પણાથી હું પ્રકાશું છું-શોભુ છું, તેવી રીતે મારા સ્વર્ગરાજ્યથી પણ હું શોભતો નથી.
" કારણકે ચરણના કડામાં જડેલું રત્ન જેવું શોભે છે તેવું પર્વત ઉપર પડેલું શોભતું

---

૧. માતૃપક્ષ અને પિતૃપક્ષ—હંસ પક્ષે બંને ઉજ્જ્વળ પાંખો.

" **નથી.** મોક્ષે જવાની ઇચ્છાવાળા તમે વૈજયંત વિમાન મોક્ષસ્થાનની નજીક છતાં મોક્ષને
" માટે ભ્રાંતિમાં ભટકતા એવા લોકોને માર્ગ બતાવવાને માટે જ અહીં આવેલા છો.
" આ ભરતક્ષેત્રરૂપ ગૃહના તમે ઘણા લાંબા કાળના એક દેવતા છો, તેથી તમારા આવ-
" વાથી એ ગૃહમાં રહીને ધર્મ, ગૃહસ્થની જેમ આજે નિઃશંકપણે આનંદ પામો. હે
" વિશ્વનાથ ! આ સર્વ દેવતાઓનો સમૂહ, તમારા અતિશાયી રૂપની અંદર અવતાર-
" પણાને પામી જાય છે, અર્થાત્ તે સર્વનું રૂપ આપના રૂપમાં સમાઇ જાય છે. ચંદ્રની
" જ્યોત્સ્ના જેવી તમારી કાંતિના પૂરમાં સ્પૃહા સહિત લીન થયેલા અમારાં લોચનો
" આજે લાંબે કાળે સારા નશીબને લીધે ચકોર પક્ષીનું આચરણ કરે છે. વાસગૃહમાં કે
" સભામાં બેસતા અને ચાલતા એવા મારે સર્વ અર્થની સિદ્ધિને આપનારૂં તમારા
" નામરૂપ મંત્રનું સ્મરણ થયા કરો. "

આ પ્રમાણે પ્રભુની સ્તુતિ કરીને ઇંદ્રે પ્રભુને લઇને રામાદેવીની પાસે જે સ્થિતિમાં હતા તે સ્થિતિમાં સ્થાપન કર્યા. પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે તેમની માતા સર્વ વિધિમાં કુશલ થયા હતા તેથી ' **સુવિધિ** ' અને પુષ્પના દોહદથી પ્રભુને દાંત આવ્યા હતા તેથી **'પુષ્પદંત'** એ પ્રમાણે પ્રભુનાં બે નામ માતાપિતાએ મોટા મહોત્સવથી શુભ દિવસે સ્થાપન કર્યાં. જન્મથી માંડીને મેષ સંક્રાંતિના દિવસની જેમ પ્રભુ મોટું અંતર બતાવતા અનુક્રમે વધવા લાગ્યા. જાણે મૂર્ત્તિમાન્ ક્ષીરસમુદ્ર હોય તેવા સો ધનુષ ઊંચા, શ્વેત અંગવાળા પ્રભુ રૂપથી પ્રવિત્ર એવા યૌવનને પ્રાપ્ત થયા. જોકે પ્રભુ સંસારથી વિરક્ત હતા તોપણ પિતાના અત્યંત આગ્રહથી શોભાવડે લક્ષ્મીનો વિજય કરનારી રાજકન્યાઓને પરણ્યા. જન્મથી પચાસહજાર પૂર્વ ગયા પછી રાજ્યમાં લુબ્ધતા નહીં છતાં પણ પિતાની દાક્ષિણ્યતાને લીધેજ રાજ્યભાર ગ્રહણ કર્યો. તે પછી અઠ્ઠાવીશ પૂર્વાંગ સાંહત તેટલોજ કાળ (પચાસહજાર પૂર્વ) તેઓએ વિધિવડે **રાજ્યઋદ્ધિનું** પાલન કર્યું. પછી જ્યારે પ્રભુએ વ્રત લેવાની ઇચ્છા કરી ત્યારે જાણે માહું બોલનારા હોય તેમ લોકાંતિક દેવતાઓએ આવીને વ્રતને માટે પ્રભુને પ્રરણા કરી. પછી કોઇપણ પ્રકારની કામના રહિત એવા પ્રભુએ ચિંતામણિની જેમ એક વર્ષ સુધી યાચકોને ઇચ્છાનુસાર દાન આપ્યું. સાંવત્સરિક દાનને અંતે દેવતાઓએ જન્મકાલની જેમ પ્રભુનો વિધિથી દીક્ષાભિષેક કર્યો. પછી સુરઅસુરોએ વિંટાયેલા પ્રભુ **સુરપ્રભા** નામની શિબિકા ઉપર બેસી સહસ્રામ્રવનમાં ગયા. ત્યાં માર્ગશિષ માસના કૃષ્ણ પક્ષની ષષ્ટીએ મૂલ નક્ષત્રમાં ત્રીજે પહોરે એક હજાર રાજાઓની સાથે પ્રભુએ છઠ્ઠતપ કરીને દીક્ષા ગ્રહણ કરી.

બીજે દિવસે શ્વેતપુર નગરમાં પુષ્પ રાજાને ઘેર પ્રભુએ પરમ અન્નથી પારણું કર્યું. ત્યાં દેવતાઓએ વસુધારાદિક પાંચ દિવ્ય પ્રગટ કર્યાં. પુષ્પરાજાએ પ્રભુના ચરણને સ્થાને એક રત્નપીઠ રચાવ્યું. એકલા, મમતા રહિત અને પરીષહોને સહન કરતા એવા પ્રભુએ ચાર માસ સુધી છદ્મસ્થપણે વિહાર કર્યો. ફરીવાર તેઓ ફરતા ફરતા સહસ્રામ્રવનમાં આવ્યા. ત્યાં માલુરવૃક્ષ નીચે પ્રતિમાપણે ઉભારહ્યા. પછી ક્ષપકશ્રેણી પર આરૂઢ થઇ અપૂર્વકરણના ક્રમથી કાર્ત્તિક માસની શુકલ તૃતીયાને દિવસે મૂલ નક્ષત્રમાં પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તત્કાલ સુરઅસુરોએ આવી સમવસરણ રચ્યું. પ્રભુએ પૂર્વ દ્વારથી તેમાં પ્રવેશ કર્યો. ત્યાં મધ્યમાં રચેલા બારસો ધનુષ ઊંચા ચૈત્યવૃક્ષને સર્વ અતિશયે શોભતા પ્રભુએ પ્રદક્ષિણા કરી; અને **'तीर्थायनमः'** એમ કહીને પ્રભુ સિંહાસન પર પૂર્વાભિમુખે આરૂઢ થયા. એટલે દેવતાઓએ બીજી ત્રણ દિશાઓમાં પ્રભુનાં બીજાં રૂપ વિકુર્વ્યાં.

પછી દેવતાદિક પર્ષદા યોગ્ય સ્થાનકે આવીને બેઠી. એટલે શક્ર ઇંદ્રે પ્રભુને પ્રણામ કરી નીચે પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

" હે પ્રભુ ! તમે જો વીતરાગ છો તો તમારા હાથપગમાં રાગ કેમ છે ? તમે જો* " કુટિલતાને છોડી દીધી છે તો તમારા કેશ કુટિલ+ કેમ છે ? તમે પ્રજાના ગોપ[1] છો તો " તમારા હાથમાં દંડ કેમ નથી ? જો તમે નિઃસંગ છો તો ત્રૈલોક્યના નાથ કેમ કહેવા- " ઓ છો ? જો તમે મમતા રહિત છો તો સર્વ ઉપર શા માટે દયાળુ છો ? તમે જો અલંકાર " માત્રનો ત્યાગ કર્યો છે તો તમને ત્રણ રત્ન (જ્ઞાન, દર્શન, ચારિત્ર) કેમ પ્રિય છે ? " જો તમે સર્વને અનુકૂલ છો તો મિથ્યાદૃષ્ટિ[2] ઉપર શામાટે દ્વેષ કરો છો ? જો તમે " સ્વભાવેજ સરલ છો તો પૂર્વે છદ્મસ્થપણે કેમ રહ્યા હતા ? જો દયાલુ છો તો કામદેવનો " કેમ નિગ્રહ કર્યો ? જો તમે નિર્ભય છો તો સંસારથી કેમ ભય પામો છો ? જો તમે " ઉપેક્ષા કરવામાં તત્પર છો તો વિશ્વના ઉપકારક કેમ છો ? જો અદીપ્ત છો તો ભામંડ- " લથી દીપ્ત કેમ છો ? જો તમે શાંત સ્વભાવી છો તો ચિરકાલ કેમ તપો છો ? જો રોષ " રહિત છો તો કર્મ ઉપર કેમ રોષ રાખો છો ? આ પ્રમાણે જેનું સ્વરૂપ જાણી શકાતું " નથી, જે મોટાથી પણ મોટા છે અને જેને અનંત ચતુષ્ટય[1] સિદ્ધ થયેલા છે એવા " તમો ભગવંતને હું નમસ્કાર કરું છું."

આ પ્રમાણે સ્તુતિ કરીને ઇંદ્ર વિરામ પામ્યા પછી ભગવાન્ સુવિધિ સ્વામીએ નીચે પ્રમાણે દેશના આપી.

"આ સંસાર અનંત દુઃખના સમૂહનો ભંડાર છે. ઝેરનું ઉત્પત્તિસ્થાન જેમ સર્પ છે " તેમ સંસારનું ઉત્પત્તિસ્થાન **આશ્રવ** છે. જંતુઓને મન, વચન અને કાયાની જે ક્રિયા " તે યોગ કહેવાય છે. તે યોગ પાણીને શુભાશુભ કર્મને આશ્રવે છે, તેથી તે આશ્રવ " કહેવાય છે. મૈત્રી વિગેરે ભાવનાથી વાસિત ચિત્ત પ્રાણીને શુભ કર્મ બંધાવે છે, અને " કષાય તથા વિષયોથી આક્રાંત થયેલું ચિત્ત પ્રાણીને અશુભ કર્મ બંધાવે છે. શ્રુતજ્ઞાનને " આશ્રિત એવું સત્ય વચન શુભ કર્મનું ઉપાર્જન કરાવે છે, અને તેથી વિપરીત " હોય તો અશુભ કર્મના ઉપાર્જનનું હેતુભૂત થાય છે. ભલી રીતે ગોપવેલું એટલે " અસત્ કાર્યમાંથી પાછું વાળી સત્યકાર્યમાં પ્રવર્ત્તાવેલું શરીર શુભ કર્મ બંધાવે છે, " અને હમેશાં આરંભી તથા જીવઘાતક શરીરવડે અશુભ કર્મ બંધાય છે. કષાય, વિષય, " યોગ, પ્રમાદ, અવિરતિ, મિથ્યાત્વ અને આર્ત્ત તથા રૌદ્ર ધ્યાન એ અશુભ આશ્રવના " હેતુ છે. જે કર્મપુદ્ગલને ગ્રહણ કરવામાં હેતુભૂત છે તે આશ્રવ કહેવાય છે. તે કર્મો " જ્ઞાનાવરણાદિક ભેદથી આઠ પ્રકારનાં છે. જ્ઞાનદર્શનના સંબંધમાં, જ્ઞાનદર્શનવાળાઓ

---

* રંગ–રક્તતા + વાંકા. પાલનકર્ત્તા–ગોવાળ. ૧૨ મિથ્યાત્વ. મિથ્યાદૃષ્ટિ જીવો નહીં.

૧ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર ને અનંત વીર્ય.

૨ જ્ઞાન જાણનારને અથવા જ્ઞાનીને અંતરાય—અડચણ કરવી, જ્ઞાન આપનાર ગુરુને ઓળખવા, જ્ઞાન આપનાર ગુરુની ચાડી કરવી, તેમની આશાતના કરવી, તેમનો ઘાત કરવો અને જ્ઞાનવાન પ્રત્યે મત્સરભાવ–ઈર્ષા–અદેખાઇ ધરાવવો તે સર્વે જ્ઞાનાવરણી કર્મ બાંધવાનાં કારણો છે. તેજ પ્રમાણે દર્શનના સંબંધમાં પણ સમજવું. એટલે ચાર પ્રકારના દર્શનની વિપરીત પ્રરુપણા કરવી અથવા દર્શન પ્રાપ્ત કર્યું છે જેમણે તેમના પ્રત્યે તથા દર્શનોત્પત્તિનાં કારણો પ્રત્યે પૂર્વોક્ત વિઘ્નાદિ કરવા તે દર્શનાવરણી કર્મ બાંધવાનાં કારણો સમજવાં.

" પ્રત્યે અને જ્ઞાનદર્શન ઉત્પન્ન કરવાના હેતુઓમાં જે વિઘ્ન, નિહ્નવ, પિશૂનતા, આ-
" શાતના, ઘાત અને મત્સર કરવો તે **જ્ઞાનાવરણી** અને **દર્શનાવરણી** કર્મ બાંધવાના
" હેતુભૂત આશ્રવ છે. દેવપૂજા, ગુરૂસેવા, પાત્રદાન, દયા, ક્ષમા, સરાગ સંયમ[૧], દેશ વિરતિ,
" અકામનિર્જરા, શૌચ[૨] અને બાલતપ[૩] એ એ સદ્વેદ્ય (**સાતાવેદની**) કર્મ બંધાવનારા
" આશ્રવો છે. પોતાને, પરને, અથવા બંનેને દુઃખ, શોક, વધ, તાપ, આક્રંદન અને
" વિલાપ કે પશ્ચાત્તાપ ઉત્પન્ન કરવો-કરાવવો તે **અસાતાવેદની** કર્મ બાંધવાનાં કારણો
" છે. વીતરાગના, શાસ્ત્રના, સંઘના, ધર્મના અને સર્વ દેવતાઓના અવર્ણવાદ બોલવા, તીવ્ર
" મિથ્યાત્વના પરિણામ કરવા, સર્વજ્ઞ અને સિદ્ધ દેવનો[૪] નિહ્નવ કરવો, ધાર્મિક માણસોને
" દૂષણ આપવું, ઉન્માર્ગે ચાલવાનો ઉપદેશ કરવો, અનર્થ કરવાનો આગ્રહ રાખવો,
" અસંયમીની પૂજા કરવી, અવિચારિત કાર્ય કરવું અને ગુરૂ વિગેરેની અવજ્ઞા કરવી-
" ઇત્યાદિક **દર્શનમોહની** કર્મ બાંધવાના આશ્રવો છે. કષાયના ઉદયથી આત્માના તીવ્ર
" પરિણામ થવા તે **ચારિત્રમોહની** બાંધવાના આશ્રવ છે. મશ્કરી કરવાની ટેવ, સકામ
" ઉપહાસ[૫], વિશેષ હસવાનો સ્વભાવ, બહુબોલાપણું અને દૈન્યપણું બતાવનારી ઉક્તિ
" એ **હાસ્યમોહની**ના આશ્રવો છે. અનેક દેશો વિગેરે જોવાની ઉત્કંઠા, અનેક પ્રકારે
" રમવું તથા ખેલવું અને બીજાના ચિત્તને આકર્ષવું-વશ કરવું એ **રતિ મોહની**ના
" આશ્રવો છે. અસૂયા[૬], પાપ કરવાની પ્રકૃતિ, બીજાના આનંદનો નાશ કરવો અને
" કોઈનું અકુશલ થતું જોઇ ઉપહાસ કરવો-એ **અરતિમોહની**ના આશ્રવો છે[૭].

"પોતામાં ભયના પરિણામ, બીજાને ભય પમાડવો, ત્રાસ ઉપજાવવો અને નિર્દયપણું
"ધરાવવું-એ **ભયમોહની**ના આશ્રવો છે. પોતે શોક ઉત્પન્ન કરી શોચ કરવો, બીજાને
"કરાવવો અને રૂદન કરવામાં અતિ આસક્તિ રાખવી-એ **શોકમોહની**ના આશ્રવો છે.
"ચતુર્વિધ સંઘના અવર્ણવાદ બોલવા, તેમના તરફ તિરસ્કાર બતાવવો અને સદાચારની
"નિંદા કરવી-એ **જુગુપ્સામોહની**ના આશ્રવો છે. ઇર્ષ્યા, વિષયોમાં લોલુપતા, મૃષાવાદ, અતિ-
"વક્રતા અને પરસ્ત્રીના વિલાસમાં આસક્તિ-એ **સ્ત્રીવેદ** બાંધવાનાં કારણો છે. પોતાની
"સ્ત્રીમાત્રમાં સંતોષ, અનીર્ષ્યાળુ સ્વભાવ, મંદ કષાય અને અવક્રાચાર શીલ[૮]-એ **પુરૂષવેદ**ના
"આશ્રવો છે. સ્ત્રી તથા પુરૂષ બંનેની સ્પર્શ ચુંબનાદિ અનંગસેવા, ઉગ્ર કષાય, તીવ્ર કામેચ્છા,
"પાખંડ અને સ્ત્રીના વ્રતનો ભંગ કરવો-એ **નપુંસકવેદ** બાંધવાના આશ્રવો છે. સાધુઓની
"નિંદા કરવી, ધર્મિષ્ઠ લોકોને વિઘ્ન કરવા, મધુ માંસાદિથી અવિરત પુરૂષોની પાસે તે
"અવિરતિની પ્રશંસા કરવી, દેશવિરતિ પુરૂષોને વારંવાર અંતરાય કરવો, અવારિતપણે

---

૧ દશમા ગુણઠાણા પર્યંત સરાગસંયમ જાણવું.

૨ શૌચ-તે ભાવ શૌચ, વ્રતાદિમાં અતિચાર ન લગાડવા અને આત્માને પવિત્ર-કર્મલેપ રહિત રાખવો તે.

૩ અજ્ઞાન દશાએ કરેલ તપ અને બાલતપ.

૪ **સર્વજ્ઞ** અને સિદ્ધમાં દેવપણું ન માનવું, તેમાં વિપરીત ભાવ બતાવવો, તેમના ગુણાદિકને ઓળવવા તે તેમનો નિહ્નવ કર્યો સમજવો.

૫ કામ ઉત્પન્ન કરે એવી સ્ત્રિયાદિકની હાંસી કરવી તે.

૬ ગુણમાં દોષનું આરોપણ કરવું તે અસૂયા.

૭ **કોઇપણ** પ્રકારનાં કર્મના આશ્રવો-એટલે તે પ્રકારનું કર્મ બાંધવાનાં કારણો એમ સમજવું.

૮ **સરલતાયુક્ત** મનવાળો **શુભ** આચાર.

"સ્ત્રિયાદિના ગુણોનું આખ્યાન કરવું, ચરિત્રને દૂષણ આપવું અને બીજાઓના કષાય અને
"નોકષાયને ઉદીરણા કરવી–એ **ચારિત્રમોહનીય** કર્મ બાંધવાના સામાન્ય આશ્રવો છે.

"પંચેંદ્રી પ્રાણીઓનો વધ, ઘણો આરંભ તથા પરિગ્રહ, અનુગ્રહ કરવાનો ત્યાગ,
"માંસભોજન, સદાસ્થિર વૈરબુદ્ધિ, રૌદ્રધ્યાન, અનંતાનુબંધી કષાય, કૃષ્ણ નીલ અને કાપોત
"લેશ્યા, અસત્ય ભાષણ, પરદ્રવ્યહરણ, વારંવાર મિથુનસેવન અને ઇંદ્રિયોનું અવશપણું
"એ **નર્કગતિનું આયુષ** બાંધવાના આશ્રવો છે. ઉન્માર્ગે ચાલવાની દેશના, માર્ગનો નાશ,
"ગુપ્ત રીતે વિત્તનું રક્ષણ, આર્ત્તધ્યાન, શલ્યસહિતપણું, માયા (કપટ), આરંભ, પરિગ્રહ,
"શિયળમાં તથા વ્રતમાં સાતિચારપણું, નીલ તથા કાપોત લેશ્યા અને અપ્રત્યાખ્યાની કષાય
"–એ **તિર્યંચગતિનું આયુષ** બાંધવાના આશ્રવો છે. અલ્પ પરિગ્રહ તથા આરંભ, સ્વાભાવિક
"કોમળતા અને સરલતા, કાપોત અને[1]પીત લેશ્યા, ધર્મધ્યાનમાં અનુરાગ, પ્રત્યાખ્યાની
"કષાય, મધ્યમ પરિણામ, દાન દેવાપણું, દેવ અને ગુરૂનું પૂજન, પૂર્વાલાપ[2], પ્રિયાલાપ,
"સુખે સમજાવવાપણું, લોકસમૂહમાં મધ્યસ્થપણું–એ **મનુષગતિનું આયુષ્ય** બાંધવાનાં આશ્રવો
"છે. સરાગ સંયમ, દેશ સંયમ, અકામ નિર્જરા, કલ્યાણમિત્રનો પરિચય, ધર્મ શ્રવણ
"કરવાનું શીલ, પાત્રદાન, તપ, શ્રદ્ધા, ત્રણ રત્નની આરાધના, મૃત્યુકાલે પદ્મ અથવા પીત
"લેશ્યાનું પરિણામ, બાલ તપ, અગ્નિ જળ વિગેરે સાધનોવડે મૃત્યુ પામવું, ગળે ફાંસો
"ખાવો અને અવ્યક્ત સામાયિકપણું[3]–એ **દેવગતિનું આયુષ** બાંધવાના આશ્રવો છે. મન
"વચન કાયાની વક્રતા, બીજાઓને છેતરવું, માયાપ્રયોગ કરવો, મિથ્યાત્વ, પિશૂનતા, ચિત્તની
"ચપલતા, સુવર્ણાદિકનો પ્રતિચ્છંદ કરવો એટલે બનાવટી સુવર્ણાદિ બનાવવું[4],ખોટી સાક્ષી
"પુરવી, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શનું જુદી રીતે સંપાદન કરવું,[5]કોઈના અંગ ઉપાંગ
"કાપવાં કપાવવાં, યંત્ર તથા પંજરની ક્રિયા, ખોટાં માપ, ખોટા તોલ તથા ખોટાં ત્રાજવાં
"બનાવવાં–વાપરવાં, અન્ય નિંદા, આત્મપ્રશંસા, હિંસા, અસત્ય વચન, ચોરી, અબ્રહ્મચર્ય,
"મોટા આરંભ, મોટા પરિગ્રહ, કઠોર વચનો બોલવાં તથા કનિષ્ટ ભાષણ કરવું, ઉજાગળ
"વેષાદિકથી મદ કરવો, વાચાળપણું, આક્રોશ કરવો, સૌભાગ્યનો ઉપઘાત, કામણ કરવું,
"ત્યાગીપણાની વિડંબનાથી–દાંભિકપણાથી ઉન્માર્ગી યતિ વગેરે થઇને બીજાઓને કૌતુક
"ઉત્પન્ન કરવું, વેશ્યા પ્રમુખને અલંકાર આપવા, દાવાનળ સળગાવવો, દેવાદિકના મિષથી
"ગંધાદિક વસ્તુની ચોરી કરવી, તીવ્ર કષાય, ચૈત્ય, ઉપાશ્રય, ઉદ્યાન અને પ્રતિમાઓનો
"વિનાશ કરવો અને અંગારાદિક પંદર કર્માદાનની ક્રિયા કરવી એ સર્વે **અશુભનામકર્મ**
"ના આશ્રવો છે. ઉપર કહેલાથી વિપરિત ક્રિયા, સંસારથી ભીરૂતા, પ્રમોદનો નાશ,
"સદ્ભાવનું અર્પણ, ક્ષાંતિ વિગેરે ગુણો, ધાર્મિક પુરૂષોનું દર્શન, સંભ્રમ અને તેમનો
"સત્કાર–એ **શુભનામ** યાવત્ તીર્થંકર નામ કર્મ બાંધવાના આશ્રવો છે. ૧ અર્હંત ૨
"સિદ્ધ, ૩ ગુરૂ, ૪ સ્થવિર, ૫ બહુશ્રુત, ૬ ગચ્છ, ૭ શ્રુતજ્ઞાન અને ૮ તપસ્વીઓ (મુનિ)
"ની ભક્તિ, ૯ આવશ્યકાદિ ક્રિયામાં, ૧૦ ચારિત્રમાં તથા ૧૧ બ્રહ્મચર્ય સેવનમાં
"અપ્રમાદ, ૧૨ વિનય, ૧૩ જ્ઞાનાભ્યાસ, ૧૪ તપ, ૧૫ ત્યાગ (દાન), ૧૬
"વારંવાર ધ્યાન. ૧૭ તીર્થની પ્રભાવના, ૧૮ ચતુર્વિધ સંઘને સમાધિ ઉપજાવવી તથા
"સાધુઓની વૈયાવચ્ચ કરવી, ૧૯ અપૂર્વ જ્ઞાનનું ગ્રહણ કરવું અને ૨૦ સમકિત દર્શનની

---

૧. તેજુ લેશ્યા. ૨. પહેલાં બોલાવવું-આવો, પધારો વિગેરે કહેવું તે. ૩ અવ્યક્ત સમજ પૂર્વક નહીં એવો સમ ભાવ આવવો તે. ૪ બનાવટી નોટ સિક્કા વિગેરે બનાવવા તે. ૫ વર્ણ ગંધાદિ બદલાવીને વસ્તુ દેખાડવી, વેચવી, સાટવો, ભેળસંભેળ કરવો, કૃત્રિમ વર્ણાદિવડે કોઈને ભૂલાવો ખવરાવવો તે.

"શુદ્ધિ, આ વીશ (સ્થાનકો) આશ્રવો પહેલા અને છેલ્લા તીર્થંકરોએ સ્પર્શેલા છે, અને "બીજા તીર્થંકરોએ એક, બે, ત્રણ અથવા સર્વે સ્થાનકો સ્પર્શેલા છે. [1]પરનિંદા, અવજ્ઞા ને "ઉપહાસ, સદ્ગુણનો લોપ, છતા અછતા દોષનું કથન, પોતાની પ્રશંસા, છતા અછતા "ગુણના વખાણ, પોતાના દોષનું આચ્છાદન અને જાતિ વિગેરેનો મદ કરવો એ **નીચગોત્ર**ના "આશ્રવો છે. નીચ ગોત્રમાં કહેલા કરતાં વિપરિત આશ્રવો, ગર્વરહિતપણું અને મન "વચન કાયાથી વિનય કરવો એ **ઉચ્ચગોત્ર**ના આશ્રવો છે. દાન, લાભ, વીર્ય, ભોગ તથા "ઉપભોગમાં મિષથી વા મિષ વગર એટલે કારણ કે વગર કારણે જે પરને વિઘ્ન કરવું એ **અંતરાયકર્મ**ના આશ્રવો છે."

"આવી રીતના આશ્રવોથી જન્મ પામેલો આ અપાર સંસાર રૂપ સાગર, દીક્ષા રૂપ "વહાણવડે વિદ્વાન્ પુરુષોએ તરી જવાને યોગ્ય છે.

ચંદ્રની કાંતિથી કુમુદ બોધ પામે-વિકસ્વર થાય તેમ પ્રભુની આવા પ્રકારની ધર્મદેશનાથી હજારોપુરુષો બોધ પામ્યા, અને પ્રભુની સમીપે કેટલાકે દીક્ષા ગ્રહણ કરી. પ્રભુને **વરાહ** વિગેરે અઠ્યાશી ગણધરો થયા. જ્યારે પ્રભુ દેશનાથી વિરામ પામ્યા ત્યારે **શ્રી** વરાહ ગણધરે ધર્મદેશના આપી. ગણધરની દેશના પૂર્ણ થયા પછી સુરઅસુરો નંદીશ્વર દ્વીપે જઈ અષ્ટાહ્નિક ઉત્સવ કરીને પોતપોતાને સ્થાને ગયા.

પ્રભુ **શ્રી** સુવિધિનાથના તીર્થમાં શ્વેત અંગવાળો, કાચબાના વાહન યુક્ત, બે દક્ષિણ પ્રજ્ઞાઓમાં બીજોરૂં અને અક્ષસૂત્ર તથા બે વામ પ્રજ્ઞાઓમાં નકુલ અને ભાલાને ધારણ કરનારો **અજિત** નામે યક્ષ પ્રભુની નજીક રહેનારો શાસનદેવતા થયો. તેમજ ગૌર વર્ણવાળી, વૃષભના વાહન ઉપર બેસનારી, બે દક્ષિણ પ્રજ્ઞામાં વરદ અને અક્ષસૂત્ર તથા બે વામ પ્રજ્ઞામાં કલશ અને અંકુશને ધારણ કરનારી **સુતારા** નામે યક્ષણી પ્રભુની પાસે રહેનારી શાસનદેવી થઈ. એ બંને દેવતાઓથી અધિષ્ઠિત અને કૃપારસના સાગર જગત્પતિ પ્રભુ લોકોને બોધ કરતા પૃથ્વીપર વિહાર કરવા લાગ્યા.

અઠ્યાવીશ પૂર્વાંગ અને ચાર માસે ઉણા એવા એક લાખ પૂર્વ પર્યંત વિહાર કરતા પ્રભુને બે લાખ સાધુઓ, એક લાખ ને વીશ હજાર સાધ્વીઓ, આઠ હજારને ચારસો અવધિજ્ઞાનીઓ, દોઢ હજાર પૂર્વધારી, સાડાસાત હજાર મનઃપર્યજ્ઞાની, સાત હજાર અને પાંચસો કેવળજ્ઞાની, તેર હજાર વૈક્રિય લબ્ધિવાળા, છ હજાર વાદ લબ્ધિવાળા, બે લાખ ને ઓગણત્રીશ હજાર શ્રાવકો અને ચારલાખ ને બોંતેર હજાર શ્રાવિકાઓ—આટલો પરિવાર થયો.

પ્રાંતે પ્રભુ સમેતશિખર પર્વતે ગયા, ત્યાં એક હજાર મુનિઓની સાથે અનશન કરી એક માસ સુધી તે પ્રમાણે રહ્યા. કાર્તિક માસની કૃષ્ણ નવમીએ મૂલ નક્ષત્રે હજાર મુનિઓની સાથે શૈલેશી ધ્યાનમાં લીન થઈ પ્રભુ અવ્યયપદને પ્રાપ્ત થયા. અર્દ્ધ લાખ પૂર્વ કુમાર વયમાં, અઠ્યાવીશ પૂર્વાંગ સાહત અર્દ્ધલાખ પૂર્વ રાજ્ય પાળવામાં અને અઠ્યાવીશ પૂર્વાંગે રહિત એક લાખ પૂર્વ વ્રતમાં—એકંદર સર્વ મળી બે લાખ પૂર્વનું આયુષ્ય શ્રી સુવિધિનાથ પ્રભુનું હતું. શ્રી ચંદ્રપ્રભ પ્રભુના નિર્વાણ પછી નેવું કોટી સાગરોપમ ગયા પછી સુવિધિ સ્વામીનું નિર્વાણ થયું. પ્રભુનું નિર્વાણ થયા પછી સર્વ ઇંદ્રોએ એક હજાર મુનિઓની સાથે નવમા પ્રભુનો વિધિ યુક્ત શરીરસંસ્કાર કરવા પૂર્વક મોક્ષપ્રાપ્તિનો અનુપમ મહિમા કર્યો. પછી તેઓ પોતપોતાના પરિવાર સાથે સ્વસ્થાનકે ગયા.

---

૧ આ વીશ સ્થાનકો અનુક્રમે લખેલાં નથી તેમજ તેમાં પ્રકાર ભેદથી નામાંતર પણ રહેલાં છે.

શ્રી સુવિધિ સ્વામીના નિર્વાણ પછી કેટલોએક કાળ જતાં હુંડાવસર્પિણી કાળ[૧] ના દોષથી સાધુઓનો ઉચ્છેદ થઈ ગયો. પછી જેમ માર્ગ ભ્રષ્ટ થયેલા વટેમાર્ગુઓ બીજા જાણીતા મુસાફરોને માર્ગ પૂછે તેમ ધર્મના અજ્ઞ લોક સ્થવિર શ્રાવકોને ધર્મ પૂછવા લાગ્યા. જ્યારે તેઓ પોતાને અનુસારે ધર્મ કહેવા લાગ્યા, ત્યારે લોકો તેઓની શ્રાવકોચિત અર્થપૂજા કરવા લાગ્યા; એવી રીતે પૂજા થવાથી દ્રવ્યાદિકમાં લુબ્ધ થઇને એ સ્થાવર શ્રાવકોએ તત્કાલ નવાં કૃત્રિમ શાસ્ત્રો રચી તેમાં વિવિધ જાતનાં મોટાં ફળવાળાં દાનો પ્રગટ કર્યાં. તેમાં પ્રતિદિન દ્રવ્યાદિકમાં લુબ્ધ આચાર્યો થઈને તેઓએ આલોક તથા પરલોકમાં નિશ્ચિત મોટાં ફળવાળાં કન્યાદાન, પૃથ્વીદાન, લોહદાન, તિલદાન, કપાસદાન, ગોદાન, સ્વર્ણદાન, રૂપ્યદાન, ગૃહદાન, અશ્વદાન, ગજદાન અને શય્યાદાન વિગેરે વિવિધ–દાનોને મુખ્યપણે ગણાવ્યા, અને મોટી ઇચ્છાવાળા તેમજ દુષ્ટ આશયવાળા તેઓએ તે સર્વ દાન દેવા માટે યોગ્ય પાત્ર પોતે છે અને બીજા અપાત્ર છે એમ જણાવ્યું. એવી રીતે લોકોની વંચના કરતાં છતાં પણ તેઓ લોકોના ગુરૂ થઈ પડ્યા, વૃક્ષ વગરના દેશમાં એરંડાના વૃક્ષને પણ લોકો વેદિકા રચાવે છે.

એવી રીતે શ્રી શીતળ સ્વામીનું તીર્થ પ્રવર્ત્તતા સુધી આ ભરતક્ષેત્રમાં સર્વ પ્રકારે તીર્થોચ્છેદ રહ્યો. તેથી તે વખતમાં રાત્રિએ ઘુવડ પક્ષીની જેમ કનિષ્ટ બ્રાહ્મણોએ આ ભરતક્ષેત્ર ઉપર પોતાનું એકછત્ર રાજ્ય ચલાવ્યું. તે પછી બીજા છ જિનેશ્વરોના અંતરમાં પણ એટલે શાંતિનાથના અંતર સુધી એવી રીતનું આંતરે આંતરે મિથ્યાત્વ પ્રવર્ત્યું અને તીર્થનો ઉચ્છેદ થવાથી તે સમયમાં મિથ્યાદૃષ્ટિઓનો અસ્ખલિત પ્રચાર થયો.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते
महाकाव्ये तृतीये पर्वणि श्रीसुविधिस्वामिचरित्र
वर्णनो नाम सप्तमः सर्गः ७॥

१ મહા કનિષ્ટ અવસર્પિણી તે હુંડાવસર્પિણી.

સર્ગ ૮ મો.

શ્રી શીતળનાથ ચરિત્ર.

ચંદ્રનાં કિરણોની જેમ કુવલય[૧] ને બોધ કરનારા શ્રી શીતળનાથ પ્રભુના ચરણો તમોને મોક્ષ આપનારા થાઓ. ત્રણ જગત્‌ની શ્રોત્રેંદ્રિયને શીતળ કરનારું આ **શીતળ ભગવાનનું** ચરિત્ર હવે કીર્ત્તન કરવામાં આવશે.

પુષ્કરવર દ્વીપાર્ધમાં પૂર્વવિદેહક્ષેત્રના આભૂષણરૂપ **વજ્ર** નામના વિજયમાં **સુસીમા** નામે એક ઉત્તમ નગરી છે. અનુત્તર વિમાનવાસીઓમાંથી જાણે કોઈ દેવ અહીં આવેલ હોય તેવો સર્વ રાજાઓમાં ઉત્તમ **પદ્મોત્તર** નામે ત્યાં રાજા હતો. તે રાજાનું શાસન કોઈનાથી ઉલ્લંઘન થઈ શકતું નહીં, અને તે સર્વ પ્રાણીઓ ઉપર કરૂણા રાખતો તેથી તેનામાં વીર અને શાંતરસ બંને જાણે સહોદર હોય તેમ સાથે રહેતા હતા. જેમ ધનપતિ પોતાના ભંડારના રક્ષણમાં અને તેની વૃદ્ધિ કરવામાં જાગ્રત (ઉદ્યમવંત) રહે તેમ એ રાજા અનેક નિર્વિઘ્ન ઉપાયોથી તેને (ધર્મને) વધારતો વધારતો નિત્ય ધર્મારાધનમાં જાગ્રત રહેતો હતો. 'આજે કે કાલે આ સંસારનો ત્યાગ કરૂં' એવું ચિંતન કરતો તે રાજા વિદેશી પ્રાહુણાની જેમ સંસારવાસમાં અનાસ્થાથી (ઊંચે મને) રહેતો હતો. એમ કરતાં કરતાં યોગ્ય અવસર મળ્યે એકાદ પાષાણના કટકાની જેમ તેણે પોતાના વિસ્તારી રાજ્યને છોડી દઈને **ત્રિસ્તાદ્ય** નામના સૂરિની સમીપે દીક્ષા ગ્રહણ કરી. અતિચાર રહિત વ્રતોને આચરતા એવા એ સુબુદ્ધિમાન રાજમુનિએ આગમોક્ત સ્થાનકોના આરાધનવડે તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું. વિવિધ અભિગ્રહોથી અને તીવ્ર તપોથી સર્વ આયુષ્યનું નિર્ગમન કરી પ્રાંતે તેઓ પ્રાણત નામના દશમા દેવલોકના અધિપતિ થયા.

આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રને વિષે લક્ષ્મીથી સુંદર **ભદ્દિલપુર** નામે એક શ્રેષ્ઠ નગર છે. સમુદ્રના વલય વડે જંબૂદ્વીપની જગતિ શોભે છે તેમ ચોતરફ આવેલી ખાઈના વલયવડે એ નગરનો સુવર્ણમય કિલ્લો શોભી રહેલો હતો. સાયંકાલે બજારની પંક્તિઓમાં થતી દીવાઓની શ્રેણી નગરલક્ષ્મીની જાણે સુવર્ણની કંઠી હોય તેવી જણાતી હતી. મોટી સમૃદ્ધિથી ભુજંગ[૨] અને વૃંદારક[૩] જનોને વિલાસ કરવાના સ્થાન રૂપ એ નગર ભોગવતી[૪] અને અમરાવતીના[૫] સારથીજ જાણે વસેલું હોય તેમ જણાતું હતું. તે નગરમાં વસતા ધનાઢ્ય પુરૂષો ઉત્સવમાં જેમ સ્વજનને જમાડે તેમ પોતાની દાનશાળાઓમાં ભોજનાર્થી લોકોને વિવિધ જાતના ભોજનો જમાડતા હતા. તે નગરમાં શત્રુઓના મંડલને નમાડનાર **દૃઢરથ** નામે રાજા હતો. તે સમુદ્રની જેમ આખા ભૂમંડલને વ્યાપીને રહેલો હતો. મોટા મહર્ષિઓ પણ તેના ગુણોનું વર્ણન કરતા હતા; તે વખતે જાણે પોતાના અવગુણોનું વર્ણન કરતા હોય તેમ તે અધિક અધિક લજ્જા પામતો હતો. શત્રુઓની પાસેથી બલા-

---

૧ ચંદ્રવિકાશી કમળ. પક્ષે પૃથ્વીનું વલય–સુરાસુર મનુષ્યાદિ. ૨ ભુજંગ એટલે નાગદેવ અને નગરપક્ષે વિલાસી પુરુષો. ૩ વૃંદારક એટલે દેવતા અને નગરપક્ષે મુખ્ય પુરુષો. ૪ નાગ દેવતાની નગરી. ૫ વૈમાનિક દેવતાની નગરી.

ત્કારે ગ્રહણ કરેલી લક્ષ્મી યાચકોને આપી દઇ અદત્તાદાન દોષનું જાણે તે પ્રાયશ્ચિત્ત લેતો હોય તેમ જણાતો હતો. તેની આગળ વારંવાર ભૂમિ ઉપર આલોટતા રાજાઓ સર્વાંગે ભૂમિનું આલિંગન કરીને ચિરકાલે ભૂપતિપણાને પ્રાપ્ત થતા હતા. મોટા વિદ્વાન્ ગુરૂજનો તેને લેશમાત્ર જ્ઞાનોપદેશ કરતા તોપણ તે જ્ઞાનોપદેશ, જળમાં પડેલા તેલના બિંદુની જેમ તે રાજાના અંતઃકરણમાં વિસ્તાર પામી જતો હતો. નદીઓમાં ગંગાની જેમ સતીઓમાં અગ્રેસર અને હૃદયને આનંદ આપનારી નંદા નામે એ રાજાને એક પટ્ટરાણી હતી. મંદમંદ ચરણન્યાસથી મનોહરપણે ચાલતી તે રાણીની પાસે રાજહંસીઓ પણ ગતિ શીખવામાં જાણે તેની શિષ્યા હોય તેવી જણાતી હતી. એ રાણી જ્યારે સુગંધી મુખશ્વાસથી કાંઈપણ બોલતી ત્યારે તેનું તે વચન સુગંધના પ્રસારથી ભ્રમરોને આકર્ષણ કરવાના મંત્ર રૂપ થતું હતું. એ રૂપવતી રાણીને તેની પોતાનીજ ઉપમા ઘટતી હતી, કારણ કે મહત્ત્વપણામાં આકાશને બીજી ઉપમા ઘટી શકે નહીં. મહારાણી નંદા પોતાના ગુણોથી દૃઢરથ રાજાના હૃદયમાં જાણે દૃઢપણાથી પરોવાયેલી હોય તેમ જણાતી હતી અને મહારાજા દૃઢરથ એ રાણીના ચિત્તમાં જાણે કોતરાયેલા હોય તેમ રહેલા હતા.

અહીં પ્રાણત કલ્પમાં પદ્મોત્તર રાજાના જીવે વીશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કર્યું. ત્યાંથી ચ્યવીને વૈશાખ માસની કૃષ્ણ ષષ્ટિને દિવસે ચંદ્ર પૂર્વાષાઢા નક્ષત્રમાં આવતાં નંદા દેવીની કુક્ષિમાં તે જીવ ઉત્પન્ન થયો. તે વખતે તીર્થંકરના જન્મને સૂચવનારાં ચૌદ મહાસ્વપ્ન સુખે સુતેલા દેવીએ અવલોકન કર્યાં. પછી માઘ માસની કૃષ્ણ દ્વાદશીને દિવસે ચંદ્ર પૂર્વાષાઢા નક્ષત્રમાં આવતાં શ્રીવત્સના લાંછનવાળા અને સુવર્ણના જેવા વર્ણવાળા પુત્રને દેવીએ જન્મ આપ્યો.

એ અવસરે આઠ અધોલોકવાસી, આઠ ઊર્ધ્વલોકવાસી, આઠ આઠ રૂચક દ્વીપમાં ચારે દિશાઓના પર્વતોપર રહેનારી, ચાર વિદિશાના પર્વતપર રહેનારી અને ચાર રૂચક દ્વીપની મધ્યે રહેનારી–મળી છપ્પન દિક્કુમારીઓ આસન ચલિત થવાથી ત્યાં આવી, અને તેઓએ સૂતિકાકર્મ કર્યું. પછી દેવતાઓથી પરવરેલો શક્રઇંદ્ર તરત ત્યાં આવી પ્રભુને લઇને મેરૂ પર્વતના મસ્તકપર ગયો. ત્યાં પ્રભુને ઉત્સંગમાં લઈ અતિપાંડુકબલા નામની શીલા ઉપરના રત્નમય સિંહાસન ઉપર તે બેઠો. પછી અચ્યુતાદિક ઇંદ્રોએ સમુદ્રો, નદીઓ અને દ્રહોમાંથી મગાવેલા જળવડે પ્રભુને અભિષેક કર્યો. ત્યાર પછી શક્ર ઇંદ્રે ઈશાન ઇંદ્રના ખોળામાં પ્રભુને સ્થાપીને પોતે વિકુર્વેલા સ્ફાટિકમય ચાર વૃષભોના શૃંગાગ્રમાંથી નીકળતા જળવડે પ્રભુને સ્નાન કરાવ્યું, અને દિવ્ય અંગરાગ તથા આભૂષણાદિકથી પ્રભુને અર્ચિત કરી નીચે પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.

" હે પ્રભુ! ઇક્ષ્વાકુ ક્ષીરસમુદ્રમાં ચંદ્રરૂપ અને આ જગત્ની મહાનિદ્રાનો નાશ
" કરવામાં સૂર્ય સમાન એવા તમે જયવંતા વર્ત્તો. હે નાથ! તમને જોવાને, તમારી
" સ્તુતિ કરવાને અને તમારૂં પૂજન કરવાને માટે મારા શરીરમાં અનંત નેત્રો, અનંત
" જિહ્વાઓ અને અનંત પ્રજાઓ થાય એવી હું ઇચ્છા રાખું છું. દશમા તીર્થંકર પ્રભુ!
" તમારા ચરણકમલમાં મેં આ પુષ્પો સ્થાપન કર્યાં તેથી હવે મને તેનું ફળ સંપાદન
" થઈ ચુકયું છે. દુઃખના તાપથી પીડાયેલા લોકોને અમંદ આનંદ આપનારા એવા તમે
" આ મનુષ્યલોકમાં નવીન મેઘની જેમ અવતરેલા છો. વસંત ઋતુવડે વૃક્ષોની જેમ તમારા
" દર્શનથી આજે સર્વ પ્રાણીઓ નવીન શોભાવાળા થયેલા છે. જે દિવસો તમારા દર્શન-

" થી પવિત્ર છે તેજ મારે દિવસો છે; બાકીના જે દિવસો છે તે મારે કૃષ્ણપક્ષની રાત્રિ
" જેવા છે. આત્માની સાથે નિત્યપણે પરોવાયેલા પાણીઓનાં કુકર્મો અયસ્કાંત મણિથી
" લોઢાની જેમ તમારા દર્શનાદિકથી આજે જુદા પડી જાઓ. આ લોકમાં, સ્વર્ગમાં કે
" બીજે ગમે ત્યાં રહું તોપણ તમનેજ હૃદયમાં વહન કરનારો હું તમારૂં વાહન થાઉં
" એવી ઇચ્છા રાખું છું."

આ પ્રમાણે દશમા તીર્થંકરની સ્તુતિ કરીને શક્રઇંદ્રે પ્રભુને લઇ નંદા દેવીપાસે જેમ હતા તેમ મૂકયા. પ્રાતઃકાલે પ્રભુના જન્મથી હર્ષ પામેલા દઢરથ રાજાએ કેદીઓને કારાગૃહમાંથી મુક્ત કર્યા અને મોટો મહોત્સવ કર્યો, કારણકે તેવા પુરૂષોનો જન્મ બધા જગતના મોક્ષને અર્થે થાય છે. પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે રાજાનું તપ્ત થયેલું અંગ નંદાદેવીના સ્પર્શથી શીતળ થઇ ગયું હતું; તેથી રાજાએ પ્રભુનું **શીતલ** એવું નામ પાડયું. વેલાધારી દેવોથી સમુદ્રની વેલાની જેમ દેવકુમારેએ નિરંતર સેવેલા જગત્પતિ દિવસે દિવસે વધવા લાગ્યા. અનુક્રમે પ્રભુએ શિશુવય ઉલ્લંઘન કરી, અને વટેમાર્ગુ જેમ ગામથી નગરમાં પહોંચે તેમ શિશુવયમાંથી યૌવનવયને પ્રાપ્ત થયા. જેની બંને તરફ મોટી વેલ લટકતી હોય તેવા વૃક્ષની જેમ જાનુ પર્યંત લંબાયમાન હાથવાળા પ્રભુનું નેવું ધનુષ ઊંચું શરીર શોભતું હતું. જોકે પ્રભુ વિષયસુખ ભોગવવામાં નિઃસ્પૃહ હતા, તો પણ હાથી જેમ પીંડને ગ્રહણ કરે તેમ માતાપિતાની પ્રાર્થનાથી કુલિન કન્યાનું પાણિગ્રહણ કર્યું; અને પચીશ હજાર પૂર્વની વય થયા પછી પિતાની દાક્ષિણ્યતાથી પ્રભુએ રાજ્યનો સ્વીકાર કર્યો. અપૂર્વ પરાક્રમવાળા પ્રભુએ પૂર્વક્રમથી આવેલા રાજ્યનું પચાસ હજાર પૂર્વ સુધી વિધિથી પાલન કર્યું. પછી પ્રભુનું મન સંસારવાસમાંથી તદ્દન વિરકત થયું; એટલે તત્કાલ લોકાંતિક દેવતાનાં આસનો ચલાયમાન થયાં. તેઓએ અવધિજ્ઞાનથી જાણ્યું કે ' જંબૂદ્વીપમાં દક્ષિણ ભરતાર્દ્ધની અંદર દશમા તીર્થંકર ઉત્પન્ન થયેલા છે. તેઓ હાલ વ્રત ગ્રહણ કરવાને માટે ઇચ્છાવાન વર્ત્યા છે, તેથી આપણે ત્યાં જઈ ને તે કાર્યમાં તેમને પ્રેરણા કરીએ, કારણકે આપણું હમેશાંનું તે કૃત્ય છે.' આ પ્રમાણે વિચારી સારસ્વતાદિક દેવતાઓ બ્રહ્મલોકમાંથી ત્યાં આવી પ્રભુને નમસ્કાર કરીને આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરવા લાગ્યા. ' હે નાથ ! અરણ્યમાં જળપ્રવાહની જેમ આ દુસ્તર સંસારમાં તીર્થનો અભાવ થયેલો છે, તેથી જગત્ ઉપર કૃપા કરીને ધર્મતીર્થને પ્રવર્ત્તાવો.' આ પ્રમાણે કહી લોકાંતિક દેવતાઓ બ્રહ્મ દેવલોકમાં પાછા ગયા. પછી શીતળનાથ સ્વામીએ સાંવત્સરિક દાન આપવા માંડયું. વાર્ષિક દાનને અંતે ઇંદ્રનાં આસનો ચલિત થયાં એટલે તેઓએ આવી શીતળ પ્રભુનો દીક્ષાકલ્યાણક સંબંધી સ્નાત્રમહોત્સવ કર્યો; પછી ત્રણ જગતના આભૂષણરૂપ પ્રભુએ અંગરાગ તથા વસ્ત્રાભૂષણ ધારણ કર્યાં. એક ઇંદ્રે પ્રભુને હાથનો ટેકો આપ્યો અને બીજા ઇન્દ્રોએ તેમની ઉપર ચામરાદિ ધારણ કર્યા, એટલે પ્રભુ **ચંદ્રપ્રભા** નામના શિબિકા રત્ન ઉપર આરૂઢ થયા. પછી હજારો સુર, અસુર અને મનુષ્યોના પરિવાર સાથે પ્રભુ પોતાના નગરની બહાર સહસ્રામ્ર નામના વનમાં આવ્યા. ત્યાં આવીને જેને મોક્ષગતિ પ્રિય છે એવા પ્રભુએ સંસારસમુદ્રને તરી જવાની ઇચ્છાથી પોતાનાં સર્વ આભૂષણ તત્કાલ ભારની પેઠે છોડી દીધાં. ઇંદ્રે નાખેલા દેવદૂષ્ય વસ્ત્રને ખભા ઉપર ધારણ કરતા પ્રભુએ પ્રથમ પાંચમુષ્ટિ વડે કેશનો લોચ કર્યો. તે કેશને ક્ષીરસમુદ્રમાં નાખી આવીને ઇંદ્રે સર્વ કોલાહલનો નિષેધ કર્યો, અને દ્વારપાળની જેમ અંજલિ જોડી પ્રભુની આગળ ઉભો રહ્યો. એટલે માઘ માસની કૃષ્ણ દ્વાદશીએ પાછલે પહોરે ચંદ્ર પૂર્વાષાઢા નક્ષત્રમાં આવતાં છઠ્ઠુતપ જેમણે કર્યો છે એવા પ્રભુએ એક હજાર રાજાઓની સાથે

સુર, અસુર અને રાજાઓની સમક્ષ સર્વ સાવદ્ય યોગનું પ્રત્યાખ્યાન કર્યું અર્થાત્ ચારિત્ર અંગીકાર કર્યું. તેજ વખતે તેમને મનઃપર્યવ નામે ચોથું જ્ઞાન ઉત્પન્ન થયું; અને દેવતા વિગેરે સર્વે પ્રભુને પ્રણામ કરીને પોતપોતાને સ્થાને ગયા.

પછી બીજે દિવસે રિષ્ટ નગરમાં પુનર્વસુ રાજાને ઘેર પ્રભુએ પરમ અન્નથી પારણું કર્યું. ત્યાં દેવતાઓએ વસુધારાદિ પાંચ દિવ્ય પ્રગટ કર્યા, અને રાજાએ જ્યાં પ્રભુ ઉભા રહ્યા હતા ત્યાં એક સુવર્ણપીઠ રચાવી. પછી વિવિધ અભિગ્રહને ધારણ કરતા અને પરીસહોને સહન કરતા એવા પ્રભુ છદ્મસ્થપણે ત્રણ માસ પર્યંત વિહાર કરી સહસ્રામ્ર વનમાં ફરીવાર આવ્યા. ત્યાં પીપળાના વૃક્ષ નીચે પ્રભુ કાયોત્સર્ગ ધ્યાને રહ્યા. જગત્ના ગુરૂ એવા પ્રભુએ સુભટ જેમ કિલ્લા ઉપર ચડી શત્રુઓને મારે તેમ શુકલ ધ્યાનના બીજા પાયા ઉપર ચડી ઘાતિકર્મનો નાશ કર્યો. તત્કાલ પોષમાસની કૃષ્ણ ચતુર્દશીએ ચંદ્ર પૂર્વાષાઢા નક્ષત્રમાં આવતાં શીતલનાથ સ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. સુર અસુરોએ આવીને ચાર ચાર દ્વારવાળા સુવર્ણ અને રૂપાના ત્રણ ગઢવાળું સમોસરણ રચ્યું. તેમાં પ્રભુએ પૂર્વ દ્વારથી પ્રવેશ કરી તેની મધ્યમાં રહેલા એક હજાર ને એંશી ધનુષ ઊંચા ચૈત્યવૃક્ષની પ્રદક્ષિણા કરી; અને **તીર્થાયનમઃ** ' એમ ઉચ્ચાર કરી રત્નસિંહાસન પર પૂર્વ મુખે વિરાજમાન થયા. દેવતાઓએ તેમના જેવાજ ત્રણ પ્રતિબિંબો વિકુર્વી બીજી ત્રણ દિશાઓમાં સ્થાપન કર્યાં. પછી મયૂરો જેમ મેઘગર્જનાની ઉત્કંઠા ધરાવતા બેસે, તેમ મનુષ્ય દેવતા વિગેરે સર્વ પ્રભુની દેશના શ્રવણ કરવાની ઉત્કંઠા રાખીને યોગ્ય સ્થાને બેઠા. તે અવસરે સૌધર્મ કલ્પનો ઇંદ્ર મસ્તક વડે પૃથ્વીતળનો સ્પર્શ કરી શીતલનાથ સ્વામીને પ્રણામ કરી અંજલિ જોડી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.

"હે ત્રણ ભુવનોના પતિ ! જે પુરુષો તમારા ચરણકમલના નખની કાંતિના જલ-
"રૂપી જળના પ્રવાહમાં સ્નાન કરી કરીને પોતાના આત્માને પવિત્ર કરે છે તેઓને ધન્ય
"છે. સૂર્યથી જેમ આકાશ, હંસથી જેમ સરોવર અને રાજાથી જેમ નગર તેમ તમારાથી
"આ ભારતક્ષેત્ર શોભે છે. સૂર્યનો અસ્ત અને ચંદ્રના ઉદયના અંતરમાં અંધકારથી
"જેમ પ્રકાશ પરાભવ પામે છે તેમ નવમા દશમા બે પ્રભુના અંતરમાં મિથ્યાત્વથી ધર્મ
"પરાભવ પામ્યો છે. વિવેકરૂપી લોચન વગરનું આ જગત્ અંધ થઈ જાણે દિગ્મૂઢ થયું
"હોય તેમ સર્વ પ્રકારે કુમાર્ગોમાં પ્રવર્ત્યું છે. સર્વ લોકો ભ્રાંતિ પામીને અધર્મને
"ધર્મબુદ્ધિથી, અદેવને દેવબુદ્ધિથી અને અગુરૂને ગુરૂબુદ્ધિથી ગ્રહણ કરે છે. એવી રીતે આ
"જગત્ નરકરૂપ ખાડામાં પડવાને જેવામાં તૈયાર થયેલું હતું તેવામાં જ તેના પુણ્યોદયથી
"સ્વાભાવિક દયાના સમુદ્ર એવા તમે અવતરેલા છો. હે પ્રભુ ! જ્યાં સુધી તમારું વચન
"રૂપી અમૃત આ લોકમાં પ્રસર્યું નથી ત્યાં સુધીજ આ લોકમાં મિથ્યાત્વ રૂપી સર્પ
"ચિરકાલ સમર્થ થઈ પ્રવર્ત્તો છે. પણ ઘાતિકર્મના ક્ષયથી જેમ તમોને કેવળજ્ઞાન ઉત્પન્ન
"થયું છે તેમ તમારા ઉપદેશથી આ જગત્ને મિથ્યાત્વનો નાશ થઇને સમકિતની પ્રાપ્તિ
"થશે."

આ પ્રમાણે સ્તુતિ કરીને શક્રેંદ્ર વિરામ પામ્યા, એટલે શીતલનાથ પ્રભુએ અમૃતના જેવી મધુર વાણીથી આ પ્રમાણે દેશના આપવા માંડી–

"આ સંસારમાં સર્વ પદાર્થાદિ વિવિધ જાતનાં દુઃખનાં કારણ અને ક્ષણિક છે, તેથી
"સર્વ પ્રાણીઓએ મોક્ષને માટે પ્રયત્ન કરવો જોઈએ. તે મોક્ષ સંવર કરવાથી થઈ શકે

"છે. સર્વ આશ્રવોનો જે નિરોધ કરવો તે સંવર કહેવાય છે. તે સંવર દ્રવ્ય અને ભાવથી
"બે પ્રકારે છે. જે કર્મ પુદ્ગળના ગ્રહણનો છેદન કરે તે **દ્રવ્યસંવર** કહેવાય છે, અને જેમાં
"સંસારહેતુ ક્રિયાનો ત્યાગ થાય તે **ભાવસંવર** કહેવાય છે. જે જે ઉપાયથી જે જે આશ્રવનો
"નિરોધ થાય તે તે આશ્રવના નિરોધને માટે વિદ્વાનોએ તે તે ઉપાય યોજવો ઉચિત છે.
"તે ઉપાય આ પ્રમાણે-ક્ષમાથી ક્રોધનો, કોમલતાથી માનનો, સરલતાથી માયાનો અને
"નિઃસ્પૃહતાથી લોભનો નિરોધ કરવો. અસંયમવડે ઉન્મત્ત થયેલા વિષ જેવા વિષયોનો
"મહામતિ પુરુષે અખંડ સંયમ વડે નિરોધ કરવો. ત્રણ ગુપ્તિઓથી ત્રણ યોગને વશ કરવા,
"અપ્રમાદથી પ્રમાદને સાધ્ય કરવો અને સર્વ સાવદ્ય યોગના ત્યાગથી અવિરતિને સાધવી
"(કબજે કરવી). સંવરને અર્થે ઉદ્યમ કરનારા પુરુષે સદ્દર્શનથી મિથ્યાત્વનો અને ચિત્તની
"ઉત્તમ સ્થિરતાથી રૌદ્ર ધ્યાનનો વિજય કરવો. જેમ મધ્ય ચોકમાં આવેલા ઘણા દ્વાર-
"વાળા ઘરના દ્વારો જો ઉઘાડા રહે તો તેમાં જરૂર રજનો પ્રવેશ થાય છે અને પ્રવેશ
"થયેલ રજ સ્નેહ (ચીકાશ)ના યોગથી તન્મયપણે બંધાઇ જાય છે; પણ જો તે ઘરનાં દ્વાર
"બંધ કરી દીધાં હોય તો તેમાં રજ પેસતી નથી, તેમ દૃઢપણે બદ્ધ પણ થતી નથી. વળી
"જેમ કોઈ સરોવરમાં ચારે બાજુ ગરનાળાં ખુલ્લાં હોય છે તો તે સર્વ દ્વારોથી જળ પેસી
"જાય છે, પણ જો તે દ્વાર રૂંધેલાં હોય તો તેમાં જરાપણ જળ પેસી શકતું નથી. તેમજ
"કોઇ વહાણના મધ્ય ભાગમાં છિદ્રો હોય છે તો તેમાંથી જળ પેસી જાય છે, પણ જો તે
"છિદ્રો બંધ કરી દીધાં હોય તો તેમાં જરાપણ જળ પેસી શકતું નથી. તેવી રીતે યોગાદિ
"આશ્રવદ્વારોનું સર્વ પ્રકારે રૂંધન કરવાથી સંવરથી શોભતા એવા જીવમાં કર્મદ્રવ્યનો
"પ્રવેશ થઈ શકતો નથી. આશ્રવદ્વારનો નિરોધ સંવરવડે થાય છે, અને એ સંવર ક્ષમા
"વિગેરે ભેદથી બહુ પ્રકારે કહેલો છે. ચડતા ચડતા ગુણસ્થાનોમાં જેનો જેનો સંવર થાય
"તે તે નામનો સંવર કહેવાય છે. પારંગતોમાં[1] મિથ્યાત્વનો ઉદય બંધ થવાથી જે સંવર
"થાય છે તે મિથ્યાત્વસંવર કહેવાય છે. દેશવિરતિ વિગેરે ગુણઠાણામાં જે સંવર થાય છે
"તે અવિરતિસંવર છે, અપ્રમત્તસંયત વિગેરે ગુણઠાણામાં જે સંવર થાય છે તે પ્રમાદ-
"સંવર કહેવાય છે. ઉપશાંતમોહ ને ક્ષીણમોહ ગુણઠાણામાં કષાયનો સંવર થવાથી તે
"કષાયસંવર કહેવાય છે. અને અયોગી કેવળી નામના ચૌદમાં ગુણઠાણામાં યોગસંવર
"સંપૂર્ણપણે થાય છે. જેમ વહાણવટી છિદ્ર રહિત વહાણવડે સમુદ્રના અંતને પામે છે,
"તેમ સદ્બુદ્ધિવાળો પુરુષ ઉપર પ્રમાણે સંવરયુકત થઇને આ સંસારના અંતને પામે છે."

આ પ્રમાણેની પ્રભુની દેશના સાંભળીને ઘણા જીવો પ્રતિબોધ પામ્યા. કોઇએ દીક્ષા લીધી, અને કોઇએ શ્રાવકપણું ગ્રહણ કર્યું. પ્રભુના **આનંદ** વિગેરે એકાશી ગણધરો થયા. પ્રભુની ધર્મદેશના પૂર્ણ થયા પછી આનંદ ગણધરે ધર્મદેશના આપી, અને આનંદ ગણધરની દેશના પૂર્ણ થયા પછી સુર, અસુર અને નરેશ્વરો પ્રભુને નમસ્કાર કરી પોત-પોતાને સ્થાને ગયા.

તે વખતે ત્રણ નેત્રવાળો, ચાર મુખવાળો, પદ્મના આસનપર બેસનારો, શ્વેતવર્ણ-વાળો, પોતાની ચાર જમણી ભુજામાં બીજોરું, મુદ્ગર, સપાદ અને અભયને ધારણ કરનારો અને ચાર ડાબી ભુજામાં નકુલ, ગદા, ચાબુક અને અક્ષસૂત્રને ધરનારો **બ્રહ્મ** નામે યક્ષ અને મગ જેવા નીલ વર્ણવાળી, મેઘના વાહનવાળી, બે દક્ષિણ ભુજામાં વરદ અને પાસને ધરનારી અને બે વામ ભુજામાં ફલ અને અંકુશને રાખનારી **અશોકા** નામે દેવી–એ બંને દશમા તીર્થંકર શ્રી શીતળનાથ પ્રભુના શાસનદેવતા થયા.

---

૧ અવિરતિ સમ્યક્ દૃષ્ટિમાં.

તે બંને શાસનદેવતા જેમની નિરંતર ઉપાસના કરે છે એવા શીતળ પ્રભુએ ત્રણ માસે ઊણા પચીશ હજાર પૂર્વ સુધી વિહાર કર્યો. એક લાખ મુનિઓ, એક લાખ ને છ હજાર સાધ્વીઓ, ચૌદસો ચૌદ પૂર્વધારી, સાત હજાર ને બસો અવધિજ્ઞાની, સાડાસાત હજાર મનઃપર્યવધારી, સાત હજાર કેવળજ્ઞાની, બાર હજાર વૈક્રિય લબ્ધિવાળા, પાંચ હજાર ને આઠસો વાદ લબ્ધિવાળા, બે લાખ નેવાશી હજાર શ્રાવકો તથા ચાર લાખ ને અઠ્ઠાવન હજાર શ્રાવિકાઓ–આ પ્રમાણે શીતળનાથ પ્રભુનો વિહાર કરતાં પરિવાર થયો. મોક્ષ થવાનો કાળ પ્રાપ્ત થતાં પ્રભુ સમેતશિખર પર્વતે પધાર્યા. ત્યાં એક હજાર મુનિઓની સાથે પ્રભુએ એક માસનું અનશન કર્યું. આસને અંતે વૈશાખ માસની કૃષ્ણ બીજને દિવસે પૂર્વાષાઢા નક્ષત્રમાં ચંદ્ર આવતાં શીતલનાથ પ્રભુ તે મુનિઓની સાથે મોક્ષે ગયા. કુમારવયમાં પચીશ હજાર પૂર્વ, પૃથ્વીને પાળવામાં પચાસહજાર પૂર્વ અને દીક્ષાપર્યાયમાં પચીશ હજાર પૂર્વ–એ પ્રમાણે એકંદર શ્રી શીતલનાથ પ્રભુએ એક લાખ પૂર્વનું આયુષ્ય સંપૂર્ણ કર્યું. શ્રી સુવિધિ સ્વામીના નિર્વાણ પછી નવકોટી સાગરોપમ વ્યતીત થયા ત્યારે શ્રી શીતલનાથ પ્રભુનો નિર્વાણકાળ થયો. હજાર મુનિઓની સાથે શ્રી શીતલ પ્રભુ મોક્ષ પામ્યા પછી અચ્યુત વિગેરે ઇંદ્રોએ યથાયોગ્ય તેમનો તથા બીજા મુનિજનોનો મોટી શોભાવાળો નિર્વાણગમનનો મહિમા કર્યો અને પછી તેઓ પોતપોતાના દેવલોકમાં ગયા.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते
महाकाव्ये तृतीये पर्वणि श्रीशीतळनाथस्वामिचरित्र
वर्णनो नामाष्टमः सर्गः ८ ॥

श्रीसंभव प्रभृति तीर्थकृतां तृतीये
ऽष्टानां चरित्र महपर्व वरेऽष्ट सर्गे ।
ध्येयं पदस्थमिव वारिरुहेऽष्टपत्रे
ऽनुध्यायतो भवति सिद्धिरवश्यमेव ॥१॥

समाप्तं चेदं तृतीयं पर्व ॥

શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર

પર્વ ૪ થું

સર્ગ ૧ લો

શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર

શ્રીશ્રેયાંસપ્રભોઃ પાદાઃ શ્રેયો વિશ્રાણયંતુ વઃ ।
નિઃશ્રેયસપથાલોકદીપાયિત નખાંશવઃ ॥૧॥

મોક્ષમાર્ગને પ્રકાશ કરવામાં નબો દીપકનું આચરણ કરે છે એવા શ્રી શ્રેયાંસ પ્રભુના ચરણ તમોને શ્રેય આપો. હવે ત્રણ જગત્‌ને પવિત્ર કરનારું અને કર્મરૂપી વલ્લીઓને કાપનારું **શ્રી શ્રેયાંસ પ્રભુ** નું ચરિત્ર કહીએ છીએ.

પુષ્કરવર દ્વીપાર્દ્ધમાં પૂર્વ વિદેહક્ષેત્રને વિષે કચ્છ નામના વિજયની અંદર **ક્ષેમા** નામે એક ઉત્તમ નગરી છે. ત્યાં રાજાઓના મુગટોથી જેમના ચરણરૂપી કમળ ઘસાયા કરે છે એવો **નલિનીગુલ્મ** નામે ગુણોથી નિર્મલ રાજા હતો. જગત્‌માં એકજ મહાભુજ અને મોટા પરાક્રમવાળા એ રાજાએ પોતાના રાજ્યના અંગો વિકલ ન થાય એમ ધારીને પોતાના મંત્ર (વિચાર) બલથી શત્રુઓની લક્ષ્મીને આકર્ષણ કરનારા મંત્રીઓ રાખ્યા હતા, બધા દેશને સ્વર્ગના દેશ જેવો સર્વ અરિષ્ટરહિત કર્યો હતો, વૈતાઢ્ય ગિરિ તથા વિદ્યાધરના નગરની સ્પર્ધા કરે તેવા કિલ્લાઓ બાંધ્યા હતા, કુબેરના પણ સર્વ ભંડારોને હંફાવે તેવા ખજાના કર્યા હતા, હાથીઓ, ઘોડાઓ, પાયદલ અને રથોથી પૃથ્વીને ઢાંકી દે તેવું સૈન્ય એકઠું કર્યું હતું, અને શત્રુઓના હૃદયરૂપ ક્ષેત્રોને ખેડે તેવા મિત્રો કર્યા હતા. વિવેકથી નિર્મલ મનવાળો એ મહા પ્રાજ્ઞ રાજા સારરૂપ ગણાતાં શરીર, યૌવન અને લક્ષ્મીને અસાર માનતો હતો. શુદ્ધ બુદ્ધિવાળો એ રાજા નઠારા ભોજનથી દિવસની જેમ અને કુશય્યાથી રાત્રિની જેમ રાજ્યમાં આસક્ત થયા વિના કાળને નિર્ગમન કરતો હતો. છેવટે ધર્મબુદ્ધિવાળા એ નૃપતિએ તત્ત્વબોધરૂપ ઔષધવડે રાજ્યરૂપ રોગને છોડી દઈને **વજ્રદત્ત** મુનિએ આપેલી દીક્ષા ગ્રહણ કરી. તીવ્ર તપ તપતાં અને પરીસહોને સહન કરતાં એ મમતા રહિત રાજમુનિ કર્મની જેમ શરીરને કૃશ કરતા સતા વિહાર કરવા લાગ્યા. પ્રવચન સિદ્ધાંતમાં કહેલા અર્હદ્‌ભક્તયાદિક સ્થાનકોના આરાધનથી તેમણે તીર્થંકરનામકર્મ દૃઢ રીતે ઉપાર્જન કર્યું. અવસાનકાલે એ તપસ્વી મુનિ શુભ ધ્યાન ધરી અને ચાર શરણ લેવામાં તત્પર થઈ **મહાશુક્ર** નામના સાતમા સ્વર્ગલોકમાં ગયા.

આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રનું આભૂષણ અને ભૂમિનું જાણે રત્નમય નુપૂર[1] હોય તેવું **સિંહપુર** નામે નગર છે. ત્યાં આવેલા મંદિરોની રત્નમય ભીંતોમાં તારાઓના પ્રતિબિંબ

---

૧ પગનું ઝાંઝર.

પડે છે, તેથી તે રંગબેરંગી પટની શોભાને ધારણ કરે છે. તે નગરના કિલ્લાની મેખલામાં મેઘ આવી આવીને વિશ્રામ લે છે, તે દૃષ્ટિદોષની રક્ષાને માટે જાણે કાજળના તિલક કર્યાં હોય તેવા જણાય છે. ત્યાંના ધનાઢય લોકોના ઘરોમાં ફરતી સ્ત્રીઓના સુંદર નુપૂરશબ્દો-વડે લક્ષ્મીદેવી હમેશાં સંગીતઉત્સવ કરતી હતી. જ્યારે વરસાદ વરસતો ત્યારે તે નગરીના ગૃહોમાંથી પ્રસરતા જળના પ્રવાહ રત્નોને તાણી જતા હતા; જેથી તે વખતે રત્નાકરના પ્રવાહની તુલનાને પામતા હતા.

આ સુંદર નગરમાં યશવડે વ્યાપ્ત, ભુજપરાક્રમથી સમર્થ અને વિષ્ણુના જેવા પરા-ક્રમવાળો વિષ્ણુરાજ નામે રાજા હતો. તેનામાં ઇંદ્રિયજય નામે એવો એક ઉત્તમ ગુણ હતો કે જે પૃથ્વીમાં નાખેલું બીજ જેમ ધાન્યરાશિને ઉત્પન્ન કરે તેમ ગુણરાશિને ઉત્પન્ન કરતો હતો. પ્રણામ કરનાર ઉપર તુષ્ટ થયેલી અને શત્રુ ઉપર રૂષ્ટ થયેલી તે રાજાની દૃષ્ટિ લક્ષ્મીથી અને ભીતિ (ભય) ની સ્વયંવર માલારૂપ થતી હતી. જેમ યોગ્યતાથી દાનધર્મ અને સત્ય વચનથી વાણી શોભે તેમ ઉજ્જ્વળ યશથી તેનું પરાક્રમ શોભતું હતું. શૌર્ય, ગાંભીર્ય અને ધૈર્યાદિક ગુણોનું, ક્રીડાનું તથા સંગીતનું તે એક સ્થાન હતો. ઇંદ્રને જેમ ઇંદ્રાણી તેમ સ્થિરતાના ગુણથી જાણે બીજી પૃથ્વી હોય તેવી સ્વરૂપથી પ્રકાશિત વિષ્ણુ નામે તેને પત્ની હતી. તે શિરીષના પુષ્પ જેવા કોમલ પોતાના શરીર ઉપર ખડ્ગની ધારા જેવું તીક્ષ્ણ સતીવ્રતરૂપ આભૂષણ ધારણ કરતી હતી. જેમ મહારાજા વિષ્ણુ પરાક્રમથી અનુપમ હતા તેમ તે રાણી રૂપલાવણ્યની સંપત્તિથી અનુપમ હતી. તે પોતાની ગતિમાંજ મંદ હતી પણ ધર્મકાર્યમાં મંદ નહોતી, અને દેહના મધ્ય ભાગમાંજ તુચ્છ (કૃશ) હતી પણ આશય (વિચારો) માં તુચ્છ નહોતી. પરસ્પર જાણે તેમનું ચિત્ત પરોવાયેલું હોય તેમ નિર્વિઘ્ને ક્રીડા કરતા તે રાજા અને રાણીને પરસ્પર અક્ષય પ્રીતિ બંધાયેલી હતી.

આ તરફ મહાશુક્ર દેવલોકમાંથી નલિનગુલ્મ રાજાનો જીવ પોતાનું ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્ણ કરી, જ્યેષ્ઠ માસની કૃષ્ણ ષષ્ટીએ ચંદ્ર શ્રવણનક્ષત્રમાં આવતાં ત્યાંથી ચ્યવીને વિષ્ણુ-દેવીની કુક્ષિમાં અવતર્યો. તે વખતે નારકીઓને પણ સુખ થયું અને ત્રણ જગત્માં ઉદ્યોત થઈ રહ્યો; કારણ કે તીર્થંકરોના દરેક કલ્યાણકમાં એક ક્ષણ એમ થાય છે. તે વખતે વિષ્ણુદેવીએ તીર્થંકરના જન્મને સૂચવનારાં ચૌદ મહાસ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં. પ્રથમ સ્વપ્ને જાણે સંક્ષેપેલો ગૈતાઢય પર્વત હોય તેવો શ્વેતવર્ણો હસ્તી, બીજે સ્વપ્ને મત્સ્ય સહિત શરદૃતુનો મેઘ હોય તેવો ઊંચા શૃંગવાળો શ્વેત ઋષભ, જાણે છત્ર ધર્યું હોય તેવો ઊંચા પુચ્છવાળો કેશરીસિંહ, જાણે બીજી પોતાની મૂર્ત્તિ હોય તેવી અભિષેક થતી લક્ષ્મીદેવી, જાણે પોતાનો મૂર્ત્તિમાન્ યશ હોય તેવી સુગંધી પુષ્પમાલા, જાણે અમૃતનો કુંડ હોય તેવો જ્યોત્સ્ના સહિત પૂર્ણિમાનો ચંદ્ર, જાણે દેવલોકનું સીમંત રત્ન હોય તેવું દેદિપ્યમાન સૂર્યમંડળ, શાખાઓ યુક્ત વૃક્ષ હોય તેવો ચપળ પતાકાઓવાળો ધ્વજ, જાણે કલ્યાણનો ભંડાર હોય તેવો પૂર્ણ કુંભ, જાણે બીજો પદ્મહૃદ હોય તેવું મોટા પદ્મવાળું સરોવર, જાણે સ્વર્ગપર ચડવાને ઇચ્છતો હોય તેવો ઉછળતા મોજાવાળો સમુદ્ર, પાલક વિમાનનો અનુજ બંધુ[1] હોય તેવું ઉત્તમ વિમાન, રત્નાકરનું સર્વસ્વ હોય તેવો રત્નપુંજ અને મોટા મંડલને હરનાર નિર્ધૂમ અગ્નિ: આ પ્રમાણે ચૌદ સ્વપ્નો જોયાં.

૧. નાનો ભાઈ.

ભાદ્રપદ માસની કૃષ્ણ દ્વાદશીને દિવસે શ્રવણનક્ષત્રમાં વિષ્ણુદેવીએ ગેંડાના ચિન્હવાળા સુવર્ણવર્ણી પુત્રને જન્મ આપ્યો. તે વખતે આસનકંપથી પ્રભુના જન્મને જાણીને અધોલોકમાં વસનારી ભોગંકરાદિક આઠ દિક્કુમારીઓ ત્યાં આવી. તેઓ તીર્થંકરની માતાને નમસ્કાર કરી ' તમે ભય પામશો નહીં ' એમ કહી પોતાના આત્માને જણાવી સૂતિકાગૃહની ચોતરફ એક યોજન સુધી સંવર્ત્તક વાયુવડે જમીનને સાફ કરીને માતાની નજીક ગાયન કરતી ઉભી રહી. નંદન ઉદ્યાન માંહેના કુટ ઉપર રહેનારી હોવાથી ઊર્ધ્વ લોક સંબંધી મેઘંકરાદિક આઠ દિક્કન્યાઓએ આવી દેવીને પ્રણામ કરી પોતાને ઓળખાવી સુગંધી જળ યુક્ત વાદળ વિકુર્વીને સૂતિકાગૃહની ચારે તરફ એક યોજન પૃથ્વી પર જળસિંચન કર્યું. પછી પુષ્પવૃષ્ટિ કરીને તથા સુંદર ધૂપને સળગાવીને વિષ્ણુદેવીની નજીક અર્હંત ગુણોને ગાતી ઉભી રહી. પછી પૂર્વ રૂચકથી નંદોત્તરાદિક આઠ કુમારીઓ, દક્ષિણ રૂચકથી સમાહારાદિક આઠ કુમારીઓ, પશ્ચિમ રૂચકથી ઈલાદિક આઠ કુમારીઓ અને ઉત્તર રૂચકથી આલંબુશાદિક આઠ કુમારીઓ આવીને અર્હંતને તથા માતાને નમસ્કાર કરી, પોતાને ઓળખાવી દર્પણ, ઝારી, પંખા અને શ્વેત ચામરને ધારણ કરી પૂર્વાદિક દિશાઓમાં અનુક્રમે ગાયન કરતી ઉભી રહી. રૂચક પર્વતની વિદિશાઓમાંથી ચિત્રાદિક ચાર કુમારીઓ આવી પૂર્વ પ્રમાણે નમસ્કાર કરી હાથમાં દીપક લઇ વિદિશાઓમાં ગાયન કરતી ઉભી રહી. રૂચક દ્વીપમાં રહેનારી રૂપાદિક ચાર દિક્કુમારીઓએ ત્યાં આવી અર્હંત તથા તેમની માતાને નમસ્કાર કરી પોતાને ઓળખાવી ચાર અંગુલથી અધિક પ્રભુના નાળનું છેદન કર્યું, અને તે ત્યાંજ ખાડો ખોદી તેમાં ક્ષેપન કર્યું. તે વિવરને વજ્ર રત્નોથી પૂરી તેની ઉપર અપૂર્વ ક્રોવડે નિબિડ પીઠિકા બાંધી; પછી તેમણે સૂતિકાગૃહની ત્રણ દિશાઓમાં સિંહાસન અને ચતુઃશાલ સહિત ત્રણ કદલીગૃહો રચ્યાં, અને પ્રભુને હાથમાં તથા માતાને ભુજાપર ગ્રહણ કરી દક્ષિણ દિશાના કદલીગૃહમાં ચતુઃશાલની મધ્યમાં સિંહાસન ઉપર સ્થાપન કર્યા. ત્યાં શતપાકાદિક તૈલોથી બંનેને મર્દન કરી સુગંધી દ્રવ્ય અને સૂક્ષ્મ પીઠીવડે સુખસ્પર્શથી તેમનું ઉદ્વર્ત્તન કર્યું. ત્યાંથી પૂર્વ દિશાના કદલીગૃહના ચતુઃશાલવાળા સિંહાસનપર લઈ જઇ ત્યાં ગંધ પુષ્પવાળા શુદ્ધ જળવડે તેઓને સ્નાન કરાવ્યું. પછી વસ્ત્ર અલંકારાદિક પહેરાવી ઉત્તરના કદલીગૃહના ચતુઃશાલવાળા સિંહાસન પર બેસાડયા. પછી અરણીમાંથી ઉત્પન્ન કરેલા અગ્નિથી ગોશીર્ષચંદન બાળી તેની ભસ્મથી બંનેને હાથે રક્ષાગ્રંથિ બાંધી અને ' પર્વતના જેવું આયુષ્ય થાઓ ' એમ પ્રભુના કાનમાં કહીને રત્નમય પાષાણના બે ગોળા સામસામા અથડાવ્યા. પછી પ્રભુને તથા માતાને સૂતિકાગૃહમાં લઈ જઇને તેમની પાસે તેઓ મંગલિક ગીત ગાવા લાગી; ત્યાર પછી તે સર્વ સ્વસ્થાનકે ગઇ. એટલે ઇંદ્રે અવધિજ્ઞાનવડે પ્રભુના જન્મને જાણીને ત્યાં આવી, પાલક વિમાનવડે પ્રભુના સૂતિકાગૃહની પ્રદક્ષિણા કરી અને ઈશાન દિશામાં પાલક વિમાનને રાખી સૂતિકાગૃહની અંદર પ્રવેશ કરી અર્હંતને તથા માતાને નમસ્કાર કર્યો. પછી માતાને અવસ્વાપિની નિદ્રા આપી તેમની પડખે પ્રભુનું પ્રતિબિંબ મૂકી ઇંદ્રે પોતાના પાંચ રૂપો વિકુર્વ્યાં. એક રૂપે પ્રભુને ધારણ કરી બીજે રૂપે માથે છત્ર ધર્યું; બે બાજુ ચામર ધારણ કર્યા, અને એક રૂપે વજ્ર લઇને પ્રભુની આગળ ચાલ્યો. ક્ષણવારમાં મેરૂપર્વતપર અતિપાંડુકબલા શિલા ઉપર ઈંદ્ર આવ્યો. ત્યાં ઉત્સંગમાં પ્રભુને રાખી સિંહાસન ઉપર બેઠો.

પછી અચ્યુત વિગેરે નવ કલ્પેંદ્રો, ચમર વિગેરે વીશ ભવનપતિના ઈંદ્રો, કાલ વિગેરે બત્રીશ વ્યંતરોના ઇંદ્રો અને સૂર્ય તથા ચંદ્ર એ બે જ્યોતિષ્કના ઇંદ્રા સર્વ મળીને ત્રેસઠ

ઇંદ્રો પ્રભુનો જન્મસ્નાત્રમહોત્સવ કરવાને ત્યાં આવ્યા. તેમની આજ્ઞાથી તરતજ આભિયોગિક દેવતાઓએ પૂર્ણ કુંભ વિગેરે ઉપકરણો વિકુર્વ્યાં. પછી અચ્યુતાદિક સર્વ ઇંદ્રોએ અનુક્રમે પવિત્ર તીર્થોદકવડે પ્રભુને સ્નાત્ર કર્યું.

છેવટે ઇશાનપતિના ઉત્સંગમાં પ્રભુને બેસાડી શક્ર ઇંદ્રે ચારે દિશાઓમાં સ્ફાટિકના ચાર વૃષભ વિકુર્વ્યા. તેઓના શૃંગમાંથી એકઠી મળીને પડતી ઉજ્જ્વળ જળધારાવડે શક્ર ઇંદ્રે પ્રભુને સ્નાન કરાવ્યું. પછી તે સ્ફાટિકના વૃષભોને સંહરી લઈ શક્રઇંદ્રે ચંદનાદિકવડે પ્રભુનું અર્ચન કરી આરતિ ઉતારીને નીચે પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

" હે પ્રભુ ! સર્વ કલ્યાણુકોમાં શ્રેષ્ઠ તમારું જન્મકલ્યાણુક પવિત્ર ભક્તિવાળા એવા " મને કલ્યાણકારી થાઓ. હે ઈશ ! તમોને હું કેટલું સ્નાત્ર કરાવું ? તમારું કેટલું પૂજન " કરું ? અને તમારું હું કેટલું સ્તવન કરું ? મને તમારું આરાધન કરવામાં તૃપ્તિજ થતી " નથી. હે પ્રભુ ! તમારા જેવા રક્ષક થતાં કુતીર્થિકરૂપી વ્યાઘ્રથી ત્રાસ પામેલો આ ધર્મરૂપી " વૃષભ હવે આ ભરતક્ષેત્રમાં સ્વેચ્છાથી વિચરો. હે દેવાધિદેવ ! આજે સારે ભાગ્યે મારા " હૃદયરૂપી મંદિરમાં તમે નિવાસ કરી તેને સનાથ કરેલું છે. જેવી રીતે તમારા ચરણ- " નખનાં કિરણો મારા શિર આગળ પ્રસરવાથી મને આભૂષણરૂપ થાય છે તેવી રીતે આ " મુગટ વિગેરે આભૂષણો થતાં નથી. હે ત્રિજગન્નાથ ! તમારા ગુણોની સ્તુતિ કરતાં મને " જે પ્રસન્નતા થાય છે તેવી પ્રસન્નતા ચારણભાટો[1] મારી સ્તુતિ કરે ત્યારે થતી નથી. " તમારી પાસે ભૂમિ ઉપર બેસતાં જેવો મારી ઉન્નતિ થાય છે તેવી ઉન્નતિ સૌધર્મા " સભાની અંદર સિંહાસનપર બેસતાં થતી નથી. હે પ્રભુ ! તમારા જેવા સ્વામીની પરતં- " ત્રતામાં લાંબો કાળ રહેવાને જેમ હું ઇચ્છું છું તેવી રીતે મારા રાજ્યની સ્વતંત્રતામાં " રહેવાને હું ઇચ્છતો નથી. "

આ પ્રમાણે સ્તુતિ કરી પ્રભુને લઈ ઇંદ્ર માતાની પાસે આવ્યો, અને પ્રભુને માતાની પાસે મૂકી માતા પાસે રાખેલ પ્રભુનું પ્રતિબિંબ તથા અવસ્વાપિની નિદ્રા હરી લીધી. પછી શક્રઇંદ્ર પ્રભુના સૂતિકાગૃહમાંથી અને ઇંદ્રો મેરૂપર્વતથી વિદાય કરેલા સેવકોની જેમ નંદીશ્વરદ્વીપે થઇને પોતપોતાને સ્થાનકે ગયા.

પ્રભુનો જન્મ થયાના ખબર મળતાં પ્રાતઃકાલે વિષ્ણુ રાજાએ મોટો ઉત્સવ કર્યો. તે વખતે જાણે એક છત્રવાળો હોય તેવો પ્રમોદ પ્રવર્ત્તવા લાગ્યો. માતાપિતાએ શ્રેયકારી દિવસે મોટા ઉત્સવ વડે કરીને **શ્રેયાંસ** એવું પ્રભુનું નામ પાડ્યું. ઇંદ્રે આદેશ કરી મૂકેલી પાંચ ધાત્રીઓએ લાલન કરેલા પ્રભુ, ઇંદ્રે સંચારેલા અમૃતવાળા પોતાના અંગુષ્ટનું પાન કરતા વૃદ્ધિ પામ્યા. પ્રભુ જોકે ત્રણ જ્ઞાનને ધારણ કરતા હતા તોપણ બાલ્યવયને યોગ્ય એવી તેઓ મુગ્ધતા બતાવતા હતા, કારણકે સૂર્ય પ્રચંડ કિરણોવાળો છે તે છતાં તે પ્રાતઃકાલમાં પોતાની પ્રચંડતા બતાવતો નથી. સુર, અસુર અને મનુષ્યોના કુમારો સાથે ક્રીડા કરતા પ્રભુ રથમાંથી ઉતરીને હાથી ઉપર બેસે તેમ શિશુવયમાંથી ઉતરી યૌવનવય પર આરૂઢ થયા. પ્રભુની કાયા એંશી ધનુષ ઊંચી થઇ. જોકે પોતાને સંસારપર વૈરાગ્ય વર્ત્તતો હતો તોપણ પિતાના આગ્રહથી રાજકન્યાઓનું તેમણે પાણિગ્રહણ કર્યું; અને જન્મથી એકવીશ લાખ વર્ષો ગયા પછી પિતાની પ્રાર્થનાથી પ્રભુએ પૃથ્વીનો ભાર ગ્રહણ કર્યો. જેનો મહિમા અક્ષીણ છે અને જે શ્રેયના ભંડારરૂપ છે એવા શ્રેયાંસ પ્રભુએ બેંતાલીશ લાખ વર્ષો

---

૧ એવા જાતના પણ કેટલાક દેવો હોય છે કે જેઓ ઇંદ્રની પ્રશંસા જ કર્યા કરે છે.

સુધી ભૂમંડલપર શાસન પ્રવર્ત્તાવ્યું. પછી જ્યારે પ્રભુ સંસારથી વિરકત થઇ દીક્ષા ગ્રહણ કરવાને ઉત્સુક થયા ત્યારે શુભ શકુનની જેમ લોકાંતિક દેવતાઓએ આવીને પ્રેરણા કરી. તે દિવસથી ઇંદ્રની આજ્ઞાથી કુબેરે પ્રેરેલા જૃંભક દેવતાઓએ પૂરેલા દ્રવ્યવડે પ્રભુએ વાર્ષિક દાન આપવા માંડયું. વર્ષ પૂર્ણ થયા પછી ઇંદ્રાએ આવી જાણે કર્મરૂપ શત્રુઓના વિજયને માટે હોય તેમ સત્વર પ્રભુને દીક્ષાભિષેક કર્યો. પછી દિવ્ય અંગરાગનું વિલેપન કરી, રત્ન આભૂષણોથી સુશોભિત કરી, મંગલિક અને દિવ્ય વસ્ત્ર ધારણ કરાવી, જાણે મૂર્ત્તિમાન્ માંગલ્ય હોય તેવા પ્રભુને સેવકની જેમ નમ્ર થયેલા સૌધર્મ ઇંદ્રે હાથનો ટેકો આપ્યો, અને બીજા ઇંદ્રા છત્રચામર ધારણ કરી તેમને વીંટાઈ વળ્યા. પછી રત્નોવડે નિર્મલ એવી સુંદર કાંતિવાળી **વિમળપ્રભા** નામની શિબિકા ઉપર બેસી, સુરનરોથી પરવરેલા પ્રભુ સહસ્રામ્ર વનમાં પધાર્યા. ત્યાં આવી શિબિકા ઉપરથી ઉતરી આભૂષણાદિકનો ત્યાગ કર્યો, અને ઇંદ્રે આરોપણ કરેલું દેવદૂષ્ય વસ્ત્ર સ્કંધ ઉપર ધારણ કર્યું. ફાલ્ગુન માસની કૃષ્ણ ત્રયોદશીને દિવસે પૂર્વાન્હકાળે શ્રવણનક્ષત્રમાં ચંદ્રનો યોગ થયે સતે છઠ્ઠ તપ કરીને પ્રભુએ પંચમુષ્ટિ લોચ કર્યો. પ્રભુના કેશ પોતાના ઉત્તરીય વસ્ત્રના છેડામાં લઇ શક્ર ઇંદ્રે પવનની જેમ ક્ષણવારમાં ક્ષીર સમુદ્રમાં ક્ષેપન કર્યા. પછી ઇંદ્રે મુષ્ટિની સંજ્ઞા કરી સર્વ કોલાહલ શાંત કર્યો, એટલે પ્રભુએ વિશ્વને અભય આપનારું ચારિત્ર ગ્રહણ કર્યું. પ્રભુની સાથે એક હજાર રાજાઓએ રાજ્યને તૃણની જેમ છોડી દઈને વ્રત ગ્રહણ કર્યું. પછી સુરઅસુરોના અધિપતિઓ, નંદીશ્વર દ્વીપમાં શાશ્વત અર્હંત પ્રતિમાઓનો અઠ્ઠાઇઉત્સવ કરી પોતપોતાને સ્થાનકે ગયા. બીજે દિવસે સિદ્ધાર્થ નગરમાં નંદરાજાને ઘેર પ્રભુએ પરમ અન્નથી પારણું કર્યું. દેવતાઓએ ત્યાં વસુધારાદિક પાંચ દિવ્ય પ્રગટ કર્યા, અને નંદરાજાએ પ્રભુના ચરણસ્થાનમાં રત્નની એક પીઠ કરાવી. પછી તે સ્થાનથી પવનની જેમ પ્રતિબંધ રહિત એવા પ્રભુ ગ્રામ, ખાણ અને નગર વિગેરેમાં વિહાર કરવાને પ્રવર્ત્યા.

આ તરફ પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં શિરોમણિ **પુંડરિકીણી** નામની નગરીમાં **સુબલ** નામે રાજા ચિરકાલથી રાજ્ય કરતો હતો. તેણે ઉચિત સમય આવતાં મુનિવૃષભ નામના સૂરિની પાસે દીક્ષા લીધી, અને ઉત્કૃષ્ટ તપ તપી મૃત્યુ પામ્યા પછી અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા.

હવે રાજગૃહી નગરીમાં **વિશ્વનંદી** નામે રાજા છે. તેની **પ્રિયંગુ** નામે પત્નીની કુક્ષીથી એક **વિશાખનંદી** નામે પુત્ર થયો. વિશ્વનંદી રાજાને **વિશાખભૂતિ** નામે એક લઘુ બંધુ યુવરાજ છે. તે બુદ્ધિમાન્, વીર્યમાન્, વિનીત અને ન્યાયી છે. તે વિશાખભૂતિની **ધારિણી** નામની સ્ત્રીની કુક્ષીથી પૂર્વના નજીક ભવમાં ઉપાર્જેલાં સુકૃતોવડે મરીચિનો જીવ[1] પુત્ર રૂપે અવતર્યો. માતાપિતાએ તેનું **વિશ્વભૂતિ** એવું નામ પાડયું. ધાત્રીઓએ લાલનપાલન કરેલો એ પુત્ર અનુક્રમે મોટો થયો. સમગ્ર કલાકલાપનો અભ્યાસ કરી તેણે સર્વ ગુણો પ્રાપ્ત કર્યા. અનુક્રમે શરીરના મૂર્ત્તિમાન આભૂષણરૂપ યૌવનવયને તે પ્રાપ્ત થયો. પછી અનેક સ્ત્રીઓનું પાણિગ્રહણ કરીને જાણે પૃથ્વી ઉપર નંદનવન આવ્યું હોય તેવા ઘણા સુંદર **પુષ્પકરંડક** નામના ઉદ્યાનમાં અંતઃપુરની સાથે તે ક્રીડા કરવા લાગ્યો.

એકવાર રાજપુત્ર વિશાખનંદીને તે ઉદ્યાનમાં ક્રીડા કરવાની ઇચ્છા થઈ. પણ તે ઉદ્યાન કદિપણ વિશ્વભૂતિ વગરનું ખાલી દેખાયું નહીં. એકદા વિશાખનંદીની માતાની દાસીઓ પુષ્પ લેવાને માટે તે ઉદ્યાનમાં ગઈ; તેમણે ત્યાં અંતઃપુર સાથે વિશ્વભૂતિને ક્રીડા કરતો

---

૧ ભરતચક્રીનો પુત્ર મરીચિ, જેનું વૃત્તાંત પર્વ ૧લાના છઠ્ઠા સર્ગમાં આવેલું છે.

જોયેા. તે જોઇને દાસીઓના મનમાં ઇર્ષ્યા ઉત્પન્ન થઇ. તેથી તેમણે આવીને પ્રિયંગુદેવીને કહ્યું–" યુવરાજ વિશાખભૂતિનેા પુત્ર વિશ્વભૂતિજ હાલ રાજા હેાય એમ જણાય છે, બીજો કેાઈ રાજા જણાતેા નથી; કારણકે પેાતાના અંતઃપુર સાથે તે પુષ્પકરંડક ઉદ્યાનમાં હમેશાં ક્રીડા કરે છે, અને આપણા રાજકુમાર તેા નિવારિત થઈ ને બહાર રહે છે." આ વચન સાંભળી પ્રિયંગુ રાણી કેાપ કરીને કેાપગૃહમાં જઈ ને બેઠા. રાજાએ આવીને પૂછયું–'આમ કેમ કર્યું છે?' ત્યારે તે બેાલી–"યુવરાજના કુમાર વિશ્વભૂતિ એકલા જ પુષ્પકરંડક ઉદ્યાનમાં ક્રીડા કરે અને તમે છતાં મારેા કુમાર રાંકની પેઠે બહાર ઉભેા રહે એ કેવી વાત?" રાજાએ કહ્યું–"માનિનિ! આપણા કુળમાં એવી વ્યવસ્થા છે કે જ્યાં એક ક્રીડા કરતેા હેાય ત્યાં બીજાએ પ્રવેશ કરવેા નહીં.' રાજાએ આ પ્રમાણે કહ્યું તેાપણ દેવી પ્રિયંગુએ તે માન્યું નહીં, ત્યારે અન્ય ઉપાયને જાણનારા રાજાએ યુદ્ધપ્રયાણનેા ભેરી વગડાવ્યેા. તે સાથે ઉદ્‌ઘેાષણા કરાવી કે "પુરૂષસિંહ નામનેા એક સામંત અમારી આજ્ઞા માનતેા નથી, તેથી તેને જીતવા માટે અમે પ્રયાણ કરીએ છીએ." આ ખબર સાંભળી કુમાર વિશ્વભૂતિ સંભ્રમથી રાજા પાસે આવી કહેવા લાગ્યેા–'શું હું છતાં પિતાજી જાતે યુદ્ધ કરવા પ્રયાણ કરે છે?' આ પ્રમાણે કહી આગ્રહથી રાજાને નિવારી, વિશ્વભૂતિ પેાતે મેાટું સૈન્ય લઈ તે સામંતની રાજ્યભૂમિ તરફ ચાલ્યેા. કુમારને આવતાં સાંભળીને તે સામંત સંભ્રમથી સામેા આવ્યેા, અને એક સેવકની જેમ ભક્તિ બતાવી પેાતાના મંદીરમાં તેમને લઈ ગયેા. પછી અંજલિ જોડી 'હે સ્વામી! શી આજ્ઞા છે?' એમ કહી હસ્તી, અશ્વ વિગેરેની ભેટ ધરી અને વિશ્વભૂતિના મનનું તેણે રંજન કર્યું. કાંઈપણ વિરેાધ જોવામાં આવ્યેા નહીં, એટલે વિશ્વભૂતિ જે માર્ગે આવ્યેા હતેા તે માર્ગેજ પાછેા વળ્યેા. કારણકે **નિરપરાધી ઉપર કેાપ કેાણ કરે?**

વિશ્વભૂતિના ગયા પછી વિશાખનંદીને રાજાએ પુષ્પકરંડક ઉદ્યાનમાં દાખલ કર્યેા. પરદેશમાંથી પાછેા આવીને વિશ્વભૂતિ પૂર્વ પ્રમાણે ફરીને તે ઉદ્યાનમાં ક્રીડા કરવા આવ્યેા. ઉદ્યાનમાં પ્રવેશ કરતાં છડીદારે 'કુમાર વિશાખનંદી ઉદ્યાનમાં છે' એમ કહી તેને અટકાવ્યેા. મર્યાદા અને બલનેા સમુદ્ર વિશ્વભૂતિ તરત ત્યાં ઉભેા રહ્યેા. તેણે વિચાર કર્યેા કે 'અહેા! કપટવડે કરીનેજ આ વનમાંથી વનના હાથીની જેમ મને બહાર કાઢયેા જણાય છે, માટે હવે હું શું કરૂં?' એમ વિચારી કેાપ કરીને મત્ત હસ્તી જેમ દાંતવડે તાડન કરે તેમ મુષ્ટિવડે તેણે એક પુષ્કળ ફળવાળા કેાઠાના વૃક્ષ ઉપર તાડન કર્યું. તેના આઘાતથી પડેલાં ફલેાથી સર્વ નીચેની પૃથ્વી આચ્છાદિત થઇ ગઇ; એ પૃથ્વીને બતાવતા વિશ્વભૂતિએ છડીદારને કહ્યું–'જો મારા વડિલ પિતાની ભક્તિનેા અંતરાય ન હેાત તેા તમારા સર્વનાં મસ્તકેા હું આ કેાઠાની જેમ ભૂમિપર પાડી નાખત, પણ જે ભેાગેાને માટે આવી રીતે છેતરવાના ઉપાયેા કરવા પડે છે એવા સર્પની ફણા જેવા ભયંકર ભેાગેાથીજ મારે તેા હવે સર્યું.' આ પ્રમાણે કહી વિશ્વભૂતિએ તૃણની જેમ સર્વ સમૃદ્ધિ છેાડી દીધી, અને સંભૂતિ મુનિના ચરણ પાસે જઈ વ્રત ગ્રહણ કર્યું. આ ખબર જ્યારે વિશ્વનંદીના સાંભળવામાં આવ્યા, ત્યારે તે અંતઃપુર તથા પરિવારને લઇ યુવરાજ સહિત પેાતે ત્યાં આવ્યેા; અને સૂરિના ચરણને નમસ્કાર કરી વિશ્વભૂતિની પાસે આવી આનંદ રહિતપણે ગદ્‌ગદ્ સ્વરે આ પ્રમાણે કહ્યું–"હે વત્સ! હમેશાં તું અમારી આજ્ઞા લઇનેજ સર્વ કાર્ય કરતેા હતેા પણ આજે આ કાર્ય તેં સાહસથી કેમ કર્યું? શું અમારા ભાગ્યનેા ક્ષય થવા લાગ્યેા જાણીને તેં એમ કર્યું? હે વત્સ! આ રાજ્યને ધારણ કરવામાં અમારી હમેશાં તારા ઉપરજ આશા

હતી. તે આશાનો તું આ વખતે અકસ્માત્ કેમ ભંગ કરે છે? તું અમારો આપત્તિમાં ત્રાતા છે માટે હજુ પણ વ્રત મૂકી દે, ઇચ્છા પ્રમાણે ભોગ ભોગવ, અને પૂર્વની જેમ પુષ્પકરંડરક ઉદ્યાનમાં યથેચ્છ ક્રીડા કર." વિશ્વનંદીનાં આવાં વચન સાંભળી વિશ્વભૂતિ બોલ્યો–"હવે મારે ભોગસંપત્તિથી સર્યું; કેમકે આ વિષય સંબંધી સુખ વસ્તુતાએ દુઃખરૂપજ છે. આ સંસારરૂપ કારાગૃહમાં સ્વજનસ્નેહરૂપ તંતુઓ મજબુત પાશ જેવા થઇ પડે છે અને પોતાની લાળવડે જેમ કરોળીઓ બંધાય છે તેમ પ્રાણીઓ તેમાં મોહ પામી બંધાઇ જાય છે. તેથી હવે મને તે બાબત કાંઇપણ કહેશો નહીં, હું ઉત્કૃષ્ટ તપનુંજ આચરણ કરીશ. કારણકે તે પરલોકમાં સહાયભૂત થવા માટે સાથે આવનાર છે." આ પ્રમાણેનો ઉત્તર સાંભળીને રાજા પશ્ચાત્તાપ કરતો ઘેર ગયો; અને વિશ્વભૂતિ મુનિએ ગુરૂની સાથે ત્યાંથી બીજે વિહાર કર્યો.

છઠ્ઠ અઠ્ઠમ વિગેરે તપ કરવામાં તત્પર અને ગુરૂની સેવા કરવામાં ઉદ્યમવંત એવા વિશ્વભૂતિ મુનિએ અનુક્રમે સૂત્રાર્થનું અધ્યયન કરતાં ઘણો કાલ નિર્ગમન કર્યો. પછી ગુરૂની આજ્ઞાથી એકલ વિહારી પ્રતિમાને ધારણ કરી ગ્રામ, આકર અને નગર વિગેરેમાં એકલા વિહાર કરવા લાગ્યા. વિવિધ અભિગ્રહોને ધારણ કરતા અને વિહાર કરતા એ મહામુનિ એકદા મથુરા નગરીમાં આવી ચડયા. તે વખતે એ નગરીના રાજાની કન્યા કે જે પોતાની ફુઇની પુત્રી થાય તેને પરણવાને વિશાખનંદી મોટા પરિવાર સાથે ત્યાં આવ્યો હતો. મહામુનિ વિશ્વભૂતિ માસક્ષમણના પારણાને માટે ફરતા ફરતા કુમાર વિશાખનંદીની છાવણીની પાસે આવી ચડયા. 'આ વિશ્વભૂતિ કુમાર' એમ બોલતા કેટલાએક પુરૂષોએ તે મુનિ વિશાખનંદીને બતાવ્યા; તેને જોવાથી વિશાખનંદીને તે વખતે રોષ ઉત્પન્ન થયો. તેવામાં અચાનક એક ગાયનું ગોથું વાગવાથી વિશ્વભૂતિ મુનિ પડી ગયા. તેને પડતાં જોઇ વિશાખનંદીએ હસતાં હસતાં કહ્યું–'કોઠાના વૃક્ષપરથી કોઠાંને પાડવાનું તારૂં બલ આ વખતે ક્યાં સંતાઇ ગયું?' એ વચન બોલતા એવા વિશાખનંદીને જોઇ વિશ્વભૂતિ મુનિ તે વચનો અમર્ષવડે સહન કરી શક્યા નહીં તેથી તરતજ તે ગાયને બે શીંગડાવતી પકડીને ખડના પૂલાની પેઠે આકાશમાં ભમાડી. પછી નિવૃત્તિ પામી વિશ્વભૂતિ મુનિ હૃદયમાં આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા કે "અહો! હું નિઃસંગ છું તે છતાં પણ રોષવાળો આ વિશાખનંદી અદ્યાપિ મારે વિષે માઠું મન ધરાવે છે, તેથી આ ઉગ્ર પ્રભાવવાળા તપ વડે હું આવતા ભવમાં ઘણા પરાક્રમવાળો થાઉં." આ પ્રમાણે તેણે નિયાણું કર્યું. તે નિયાણાની આલોચના કર્યા વગર કોટી વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી, મૃત્યુ પામીને તે મુનિ મહાશુક્ર વિમાનમાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળા દેવતા થયા.

દક્ષિણ ભરતાર્દ્ધની ભૂમિનો જાણે મુગટ હોય તેવું ઊંચા દરવાજાઓવાળું **પોતનપુર** નામે નગર છે. તે નગરમાં કિરણોથી જેમ સૂર્ય શોભે તેમ ગુણોથી શોભતો **રિપુપ્રતિશત્રુ** નામે રાજા છે. છ ખંડોથી ભરતક્ષેત્રની જેમ તે રાજા છ ગુણોથી શોભતો હતો, અને ચાર દાંતોથી ઐરાવતની જેમ ચાર પ્રકારની સામ, દામ, ભેદ અને દંડરૂપ રાજનીતિથી પ્રકાશતો હતો. તે શૌર્યમાં સિંહ જેવો, પરાક્રમમાં હસ્તી જેવો, રૂપમાં કામદેવ જેવો અને બુદ્ધિમાં બૃહસ્પતિ જેવો હતો. પૃથ્વીને સાધવામાં પ્રગટ પરાક્રમવાળા તે રાજાના બુદ્ધિ અને પરાક્રમ બે ભુજાની જેમ પરસ્પર એક બીજાને શોભા આપતા હતા. એ રાજાને શરીરધારિણી જાણે પૃથ્વી હોય તેવી કલ્યાણના સ્થાનરૂપ **ભદ્રા** નામે એક પટરાણી હતી. એ રાણી પતિભક્તિરૂપ કવચને ધારણ કરી, પહેરેગીરની જેમ જાગ્રત રહી, રત્નના નિધાનની જેમ

હમેશાં પોતાના શીલની રક્ષા કરતી હતી. નેત્રરૂપ દીપકની જાણે અમૃતમય વાટ હોય, શરીરધારી જાણે રાજ્યલક્ષ્મી હોય અને મૂર્ત્તિવતી જાણે કુલવ્યવસ્થા હોય તેવી તે નિરંતર પ્રકાશતી હતી: એકદા પ્રથમ કહેલો સબલનો જીવ અનુત્તર વિમાનમાંથી ચ્યવીને તે મહાદેવીની કુક્ષિમાં અવતર્યો. તે વખતે સુખે સુતેલા મહાદેવીએ રાત્રિના છેલ્લા પહોરે બલભદ્રના જન્મને સૂચવનારાં ચાર મહાસ્વપ્નો જોયાં. તે વખતે ઉત્પન્ન થયેલા પરમાનંદથી પરાભવ પામીને દૂર ગઇ હોય તેમ તેની નિદ્રા જતી રહી, એટલે રાણીએ તે સ્વપ્નની વાત રાજાને આ પ્રમાણે જણાવી –" હે સ્વામિન્ ! આજે રાત્રે પ્રથમ સ્ફાટિક મણિના જેવો ઉજ્જ્વળ ચાર દાંતવાળો હસ્તી વાદળાની અંદર ચંદ્ર પ્રવેશ કરે તેમ મેં મારા મુખમાં પ્રવેશ કરતો જોયો. પછી શરદ્ ઋતુના વાદળાથી જાણે બનાવેલો હોય તેવો નિર્મલ કાંતિવાળો, ઊંચા કોઢવાળો અને સરલ પુંછડાવાળો એક ગર્જના કરતો વૃષભ જોયો. પછી દૂર પ્રસરતા કિરણોના અંકુરાઓથી જાણે દિશાઓને કર્ણાભૂષણ રચતો હોય તેવો ચંદ્રમા જોયો; અને છેવટે જેમાં ભમરાઓ મધુર ગુંજારવ કરી રહ્યા છે એવા વિકાસિત કમળોથી જાણે શત મુખોવડે ગાયન કરતું હોય તેવું એક પૂર્ણ સરોવર જોયું. હે નાથ ! આ સ્વપ્નાઓનું મને શું ફલ થશે તે તમે કહો. કારણ કે સામાન્ય જનને ઉત્તમ સ્વપ્નનું ફલ પૂછવું પણ યોગ્ય નથી." રાજાએ કહ્યું— " હે દેવિ ! લક્ષ્મીથી દેવના જેવો અને લોકોત્તર બલવાળો તમારે **બલભદ્ર** પુત્ર થશે."

પછી સુખે સુખે ગર્ભનો નિર્વાહ કરતાં અનુક્રમે પૂર્વ દિશા જેમ સૂર્યને જન્મ આપે તેમ ભદ્રાદેવીએ પૂર્ણ સમયે શ્વેત વર્ણવાળા, મોટી ભુજાવાળા અને એંશી ધનુષ્ય શરીરવાળા પુત્રને જન્મ આપ્યો. ચક્રરત્ન ઉત્પન્ન થતાં જેમ ચક્રવર્તી મહોત્સવ કરે તેમ પુત્રરત્ન ઉત્પન્ન થતાં મહારાજાએ મોટા આડંબરથી મહોત્સવ કર્યો. પછી શુભ દિવસે શુભ રાશિનો ચંદ્ર થતાં રાજાએ મોટા ઉત્સવથી પુત્રનું **અચલ** એવું નામ પાડ્યું. નીકવડે વૃક્ષની જેમ દિવસે દિવસે શરીરની કાંતિને અધિક અધિક વિસ્તારતો એ બાલક ધાત્રીઓથી વૃદ્ધિ પામવા લાગ્યો. એ અચલ કુમાર જન્મ્યા પછી કેટલોએક કાલ ગયો ત્યારે કેતકી જેમ પુષ્પને ધારણ કરે તેમ ભદ્રાદેવીએ ફરીવાર ગર્ભ ધારણ કર્યો. પૂર્ણ કાળ થતાં ગંગા જેમ કમલિનીને જન્મ આપે તેમ દેવીએ સર્વ લક્ષણોએ સંપૂર્ણ એવી એક પુત્રીને જન્મ આપ્યો. રાજાએ મૃગનાં બચ્ચાં જેવા નેત્રવાળી એ ચંદ્રવદના પુત્રીનું **મૃગાવતી** એવું નામ પાડ્યું. તાપસોના ઉત્સંગમાં મૃગલીની જેમ લોકોના ઉત્સંગમાં સંચાર કરતી એ મૃગલોચના બાલા નિર્વિઘ્ન વધવા લાગી. એ બાલિકાને કટી ઉપર બેસાડી ઘરના આંગણામાં વિચરતી એવી ધાત્રીએ રત્નની પુતળીથી જેમ ઘરના થાંભલાઓ શોભે તેમ શોભતી હતી. અનુક્રમે બાલ અવસ્થાનું ઉલ્લંઘન કરી એ મૃગાવતી કામદેવને જીવન આપનાર અને શરીરની લક્ષ્મીને વિશેષ કરનાર એવા યૌવન વયને પ્રાપ્ત થઇ.

તેનું મુખ ભ્રકુટીના મિષથી જાણે ચંદ્રનું દંતપત્ર હોય તેવું શોભવા લાગ્યું; ભમરા સહિત કુમુદ પુષ્પ હોય તેવા તેના કૃષ્ણ ધવલ નેત્ર શોભવા લાગ્યાં. તેનો કંઠ જાણે મુખરૂપ કમલનું નાલ હોય તેવો સુંદર દેખાવા લાગ્યો. સરળ આંગળીવાળા તેના બંને હાથ કામદેવના જાણે બે ભાથા હોય તેવા જણાવા લાગ્યા. શરીરની લાવણ્યરૂપ સરિતાના જાણે ચક્રવાક પક્ષી હોય તેવા સ્તન થયા. જાણે સ્તનના ભારનો શ્રમ લાગવાથી હોય તેમ તેનું ઉદર કૃશતાને પામ્યું. કામદેવને ક્રીડા કરવાની જાણે વાપિકા હોય તેવી તેની ગંભીર નાભિ જણાવા લાગી. રત્નાચળની જાણે તળેટી હોય તેવી મોટી નિતંબની ભીંત દેખાવા

લાગી. કદલીના સ્તંભના જેવા ક્રમે કરી વર્તુલાકાર ઉરૂ શોભવા લાગ્યા, અને જાણે ઊંચી નાલવાળા બે કમળ હોય તેવા સરલ જંઘાવાળા ચરણ જણાવા લાગ્યા. આ પ્રમાણે નવીન યૌવનની લક્ષ્મીથી જેના દરેક અંગ વિભક્ત થયેલા છે એવી એ મૃગાવતી જાણે વિદ્યાધરીઓની અધિષ્ઠાત્રી દેવી હોય તેવી શોભવા લાગી. જેમ જેમ મૃગાવતીની યૌવનાવસ્થા વધતી ગઈ, તેમ તેમ ભદ્રાદેવીને તેના વરને માટે ચિંતા પણ વધવા લાગી. એકદા ભદ્રાદેવીએ 'મારી માફક રાજાને પણ આના પતિને માટે ચિંતા થાઓ' એમ ધારીને મૃગાવતીને રાજાની પાસે મોકલી. તેને જોઈને કામદેવના બાણથી વિધુર બનેલો રાજા 'આ પુત્રી છે' એમ જાણે ન જાણતો હોય તેમ હૃદયમાં ચિંતવવા લાગ્યો–"અહો! ત્રણ જગત્ની સ્ત્રીઓને વિજય કરવામાં પ્રવીણ એવું આ સ્ત્રીનું સૌંદર્ય ખરેખર કામદેવનું વિજયી અસ્ત્ર છે. ભૂમિ અને સ્વર્ગનું સામ્રાજ્ય મળવું સુલભ છે, પણ આ હૃદયવલ્લભા બાલા (સ્ત્રી) મળવી ઘણી દુર્લભ છે. સુર, અસુર અને નરપતિઓના પુણ્યથી પણ અધિક અને સેંકડો જન્માંતરમાં ઉપાર્જેલાં મારાં પુણ્યોથીજ મને આ બાલા પ્રાપ્ત થઈ છે." આ પ્રમાણે વિચારીને રિપુપ્રતિશત્રુ રાજાએ મધુર આલાપે બોલાવી એ પ્રાણવલ્લભા બાલાને તરત ઉત્સંગમાં બેસાડી. સ્પર્શ, આલિંગન અને ચુંબનથી અનુરાગ બતાવીને પછી તે સુંદરીને વૃદ્ધ કંચુકીઓની સાથે રાજાએ અંતઃપુરમાં મોકલાવી દીધી. પછી લોકાપવાદથી બચવાને માટે એકવાર રાજાએ અધિકારી વર્ગ સાથે પુરજનોને બોલાવીને આ પ્રમાણે પૂછયું–"મારી ભૂમિમાં, ગામમાં, ઘરમાં કે કોઇ બીજા સ્થાનમાં રત્ન ઉત્પન્ન થાય તે કોનું ગણાય તે તમે કહો." લોકોએ કહ્યું–"તમારી ભૂમિમાં જે રત્ન ઉત્પન્ન થાય તેના સ્વામી થવાને તમે યોગ્ય છો, બીજા કોઇપણ યોગ્ય નથી." એવી રીતે ત્રણવાર નિર્ણય કરાવીને પછી પોતાની મૃગાવતી કન્યા બતાવીને ફરીવાર કહ્યું–"આ મારૂં કન્યારત્ન છે, તેને હું તમારી આજ્ઞાથી પરણીશ." આવાં રાજાનાં વચનથી નગરજનો લજ્જા પામી પોતપોતાને ઘેર ગયા. પછી રાજા ગાંધર્વવિવાહથી પોતાની પુત્રીને પરણ્યો. રાજા પોતાનીજ પુત્રીનો પતિ થયો તેથી પૃથ્વી ઉપર તેનું **પ્રજાપતિ** એવું નામ પ્રખ્યાત થયું. સર્વ લોકમાં ઉપહાસ્ય કરવા યોગ્ય અને ઘણી લજ્જા પમાડનારૂં આવું પોતાના પતિનું નવીન કુલકલંક સાંભળી ભદ્રાદેવી ઘણી લજ્જા પામી.

પછી પોતાના અચલ કુમારને સાથે લઈ તે દક્ષિણ દેશમાં ચાલી ગઈ. કારણકે **જ્યાં દુર્જનોના મ્હેણાનાં વચનો ન સાંભળવાં પડે તે દેશ જ ઉત્તમ સમજવો.** જાણે નવો વિશ્વકર્મા હોય એવા એ અચલ કુમારે એ દેશમાં પોતાની માતાને માટે **માહેશ્વરી** નામે એક નગરી વસાવી. પછી કુબેરે જેમ અયોધ્યાને ધનથી પૂરી હતી તેમ અચલ બલદેવે એ નગરીને બીજે ઠેકાણેથી લાવી લાવીને ધનવડે પૂરી દીધી. પછી તેણે કુલીન પ્રધાનો અને આત્મરક્ષક સેવકોની સંભાળ નીચે જાણે મૂર્તિમાન પૂરદેવી હોય તેવી પોતાની માતાને તે નગરીમાં રાખ્યાં. સ્ત્રીઓનું શિરોરત્ન ભદ્રાદેવી પણ શીલરૂપી અલંકારને ધારણ કરી દેવપૂજાદિક ષટ્ કર્મમાં તત્પરપણે તે નગરીમાં રહેવા લાગ્યા. પછી ભક્તિમાન્ એવો અચલકુમાર પોતનપુર નગરમાં પોતાના પિતા પાસે આવ્યો. **જેવો તેવો પિતા પણ સત્પુરૂષોને પૂજ્ય છે.** અચલ કુમાર પૂર્વ પ્રમાણેજ પિતાની સેવા કરતો ત્યાં રહ્યો. **વિદ્વાનો પૂજ્યપુરૂષના ચરિત્રની ચર્ચા કરતા નથી.**

હવે ચંદ્રને રોહિણીની જેમ રાજાએ તે મૃગલોચના મૃગાવતીને પટરાણીની પદવીએ સ્થાપન કરી. કેટલોક કાળ ગયા પછી વિશ્વભૂતિ મુનિનો જીવ મહાશુક્ર દેવલોકથી ચવીને

તે મૃગાવતીની કુક્ષિમાં અવતર્યો. રાત્રિને પાછલે પહોરે વાસુદેવના જન્મને સૂચવનારાં સાત સ્વપ્ન મૃગાવતી દેવીએ સુખે સુતાં સુતાં જોયાં. પહેલે સ્વપ્ને કુંકુમની જેવી અરૂણ કેસરાવાળો, ચંદ્રની રેખા જેવા તીક્ષ્ણ નખવાળો અને ચામરની જેવા પુચ્છને ધારણ કરનારો યુવાન કેસરીસિંહ જોયો. બીજે સ્વપ્ને જેમના હાથ (શુંઢ)માં ક્ષીરોદકે ભરેલા કુંભ છે એવા બે હસ્તીઓથી જેનો અભિષેક થાય છે એવા પદ્માસનપર બેઠેલા લક્ષ્મીદેવી જોયા. ત્રીજે સ્વપ્ને મહા અંધકારને વિદારતો, રાત્રિને દિવસ કરતો અને ઉગ્ર તેજને પ્રસરાવતો સૂર્ય જોયો. ચોથે સ્વપ્ને સ્વચ્છ અને સ્વાદિષ્ટ જલથી ભરેલો, મુખપર પુંડરીક કમલોથી અર્ચિત થયેલો અને સુવર્ણની ઘંટા તથા પુષ્પની માળાવાળો કુંભ જોયો. પાંચમે સ્વપ્ને અનેક જાતિના જલચર પ્રાણીઓથી ભરેલો, રત્નોના સમૂહથી પ્રકાશતો અને ગગનમાં કલ્લોલને ઉછાળતો સમુદ્ર જોયો. છઠ્ઠે સ્વપ્ને પાંચવર્ણના મણિઓની કાંતિના પ્રસરથી આકાશના આંગણામાં ઇંદ્રધનુષ્યની શોભાને વિસ્તારતો રત્નનો રાશિ જોવામાં આવ્યો. સાતમે સ્વપ્ને જ્વાલાથી આકાશને પલ્લવિત કરતો અને દૃષ્ટિને આલોકવડે સુખ આપતો નિર્ધૂમ અગ્નિ જોવામાં આવ્યો.

આ પ્રમાણે સાત સ્વપ્ન જોઇ મૃગાવતી જાગી, અને તેણે રાજાને તે વાર્ત્તા જણાવી. રાજાએ કહ્યું–'દેવિ ! આ સ્વપ્નથી તમારે અર્દ્ધચક્રી (વાસુદેવ) પુત્ર થશે.' પ્રાતઃકાલે રાજાએ નિમિત્તિયાને બોલાવીને પણ પૂછયું, ત્યારે તેઓએ પણ સ્વપ્નનું ફલ તેજ પ્રમાણે કહ્યું. **બુદ્ધિવાન પુરુષોના બોલવામાં ફેર પડતોજ નથી.** ગર્ભસમય પૂર્ણ થયો ત્યારે દેવીએ સર્વ લક્ષણોથી લક્ષિત એંશી ધનુષ ઊંચા શરીરવાળો અને કૃષ્ણ વર્ણવાળો એક પુત્ર પ્રસવ્યો, તે વખતે દિશાઓ પ્રસન્ન થઇ, પૃથ્વી ઉલ્લાસ પામી, અને રાજાના મનની પેઠે સર્વ જનો હર્ષ પામ્યા. ગોપાલ જેમ વાડામાંથી ગાયોને છોડે તેમ હર્ષ પામેલા રિપુપ્રતિશત્રુ રાજાએ પૂર્વે કેદ કરેલા પુરુષોને કારાગારમાંથી છોડી મૂકયા. આવનારી વાસુદેવપણાની લક્ષ્મીને જાણે તે અગાઉથી સ્થાન કરી આપતો હોય તેમ કામધેનુની જેમ યાચકોને ઇચ્છાનુસાર દાન આપવા લાગ્યો. લોકોમાં પણ પુત્રવિવાહની જેમ તે રાજપુત્રના જન્મનો મોટો ઉત્સવ પ્રવર્ત્તી રહ્યો. હાથમાં મંગલિક વસ્તુઓ લઇને સૌભાગ્યવતી સ્ત્રીઓ રાજમંદિરમાં આવવા લાગી. ત્યાં ન સમાવાથી તેમના પરસ્પર સંઘર્ષવડે ગામમાં પણ મોટી ભીડ થઈ પડી. રાજગૃહની જેમ શહેરમાં પણ ઠેકાણે ઠેકાણે તોરણ બાંધવામાં આવ્યાં, અને સ્થાને સ્થાને સંગીત પ્રવર્ત્તી રહ્યાં. પુત્રના પૃષ્ટ ઉપર ત્રણ વંશ જોઇને રાજાએ મોટા ઉત્સવથી તેનું **ત્રિપૃષ્ટ** એવું નામ પાડયું. ધાત્રીઓએ લાલનપાલન કરેલો અને અચલ બલદેવની સાથે ક્રીડા કરતો ત્રિપૃષ્ટ કુમાર ધીમે ધીમે વધવા લાગ્યો. માવતની પછવાડે બાળહસ્તીની જેમ આગળ ચાલતા બલભદ્રની પછવાડે પગના ઘુઘરા વગાડતો એ ત્રિપૃષ્ટ કુમાર ક્રીડા કરવા લાગ્યો.

યોગ્ય વય થતાં દર્પણ જેમ પ્રતિબિંબને ગ્રહણ કરે તેમ એ મહાપ્રાજ્ઞ કુમારે ઉપાધ્યાયને સાક્ષીભૂત કરી લીલામાત્રમાં સર્વ કળા ગ્રહણ કરી લીધી. અનુક્રમે કવચ ધરનાર અને દૃઢ વક્ષસ્થલવાળો એ મહાભુજ કુમાર, જો કે અનુજ હતો તોપણ જાણે બલભદ્રનો વયસ્ય (મિત્ર) હોય તેમ દેખાવા લાગ્યો. અંતર રહિત નિત્ય ક્રીડા કરતા એ બંને ભાઈ જાણે મૂર્ત્તિવંત શુકલ અને કૃષ્ણપક્ષ હોય તેમ શોભવા લાગ્યા. નીલ અને પીળાં વસ્ત્રને ધારણ કરનાર અને તાડ તથા ગરૂડના ચિન્હવાળા તે બંને ભાઈ જાણે સુવર્ણગિરિ તથા અંજનગિરિ હોય તેવા શોભતા હતા. તે બલદેવ અને વાસુદેવ ક્રીડાથી ચાલતા તોપણ

તેઓના ચરણન્યાસથી વજ્રપાતની જેમ પૃથ્વી કંપાયમાન થતી હતી. પુરુષોમાં ગજેંદ્ર સમાન તે બંને ભાઇ જ્યારે હાથી ઉપર ચડતા ત્યારે તે પ્રૌઢ હાથીઓ પણ કુંભસ્થળ ઉપર તેમના હસ્ततળનું આસ્ફાલન સહન કરી શકતા નહીં. ક્રીડા કરતા તેઓ પોતાની પ્રચંડ ભુજાએ જ્યારે પર્વતના શિખરપર આઘાત કરતા ત્યારે તે મોટા પર્વતના શિખરો પણ એક રાફડા જેવા થઈ પડતા. એ બંને કુમાર મોટા દૈત્યાદિકથી પણ ભય પામતા નહીં તો બીજાની શી વાત કરવી! નિર્ભિક એવા તેઓ જે કોઇ તેને શરણે આવતું તેને શરણ આપતા. પરસ્પર અત્યંત સ્નેહ હોવાથી અચલ કુમાર વિના ત્રિપૃષ્ટ કુમાર અને ત્રિપૃષ્ટ-કુમાર વિના અચલ કુમાર એકલા રહેતા નહીં. જાણે બે શરીર અને એક આત્મા હોય તેમ તેઓ સાથેજ ફરતા હતા.

આ તરફ રત્નપુર નગરમાં **મયુરગ્રીવ** નામે રાજાની **નીલાંજના** નામે રાણીની કુક્ષીથી **અશ્વગ્રીવ** નામે પ્રતિવાસુદેવ ઉત્પન્ન થયો હતો. એ મહાભુજ એંશી ધનુષના શરીરવાળો, નવીન મેઘના જેવી કાંતિવાળો અને ચોરાશી લાખ વર્ષના આયુષ્યવાળો હતો. મોટા હસ્તી-ઓના કુંભસ્થલોને ફાડી નાખતાં છતાં પણ જેમ સિંહની કંડૂ[1] શાંત થાય નહીં તેમ અનેક શત્રુઓને કૂટવાથી પણ તે અશ્વગ્રીવ પ્રતિવાસુદેવની ભુજાની કંડૂ[1] શાંત થતી નહોતી. એ મહાબાહુ અને પરાક્રમી વીર રણસંગ્રામમાં એવો કુતુહલી હતો કે યુદ્ધ કરતા શત્રુઓથી જેવો પ્રસન્ન થતો તેવો શત્રુઓના નમ્ર થવાથી પ્રસન્ન થતો નહીં. તેનો પ્રતાપ વરૂણાસ્ત્રની જેમ શત્રુઓની સ્ત્રીઓના નેત્રકમળમાંથી અશ્રુજળનુ આકર્ષણ કરીને વરસાવતો હતો. તેના હાથમાં દિશાઓના ચક્રને આક્રમણ કરનારૂં એક ચક્ર હતું, કે જે શત્રુઓને ઉત્પાત કરનાર બીજો સૂર્ય હોય તેવું જણાતું હતું. મોટા રાજાઓ, હૃદયમાં પેસીને પણ એ પ્રતિવાસુદેવ આપણને વિરોધી જાણી હણે નહીં એવા ભયથી મનથી પણ તેની અભક્તિ ચિંતવી શકતા નહોતા. યોગી પુરૂષો જેમ પરમાત્માને ભૂલે નહીં તેમ સર્વ રાજાઓ કોઈ દિવસ પણ તેને પોતાના હૃદયમાંથી ભૂલી જતા નહોતા. તે અશ્વગ્રીવ પ્રતિવાસુદેવે પોતાના પરાક્રમથી જેમાં વૈતાઢય પર્વત આઘાટ શીલામય સ્તંભરૂપ છે એવા આ ભરતક્ષેત્રના ત્રણ ખંડ સ્વાધીન કરી લીધા. તેમજ વિદ્યાધરોમાં પણ ઉત્તમ એવાએ પ્રતિવાસુદેવે જાણે વૈતાઢય પર્વતની બે ભુજાઓ હોય તેવી વિદ્યાધરોની બે શ્રેણીઓ વિદ્યા અને પરાક્રમથી પરાજીત કરી લીધી. માગધ, પ્રભાસ અને વરદામ તીર્થોના અધિપતિઓએ પોતાના રાજા હોય તેમ ભેટો ધરીને તેનું અર્ચન કર્યું. સોળહજાર મુગટબદ્ધરાજાઓ તેના ઉગ્ર શાસ-નને મુગટની જેમ પોતાના મસ્તકપર ધારણ કરવા લાગ્યા.

આવી રીતે એ મોટા ભુજવાળો પ્રતિવાસુદેવ એક છત્ર સામ્રાજ્યને ભોગવતો કાળને નિર્વાહ કરી પૃથ્વીમાં ઇંદ્રની જેમ રહેવા લાગ્યો. એક દિવસે સ્વેચ્છાએ ક્રીડા કરતા અશ્વ-ગ્રીવ રાજાને અકાળે આકાશમાં ઉત્પાતકારી મેઘ ઉત્પન્ન થાય તેમ હૃદયમાં ચિંતા ઉત્પન્ન થઈ કે "દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રમાં જે કોઇ રાજાઓ છે તે તો સર્વે સમુદ્રમાં પર્વતોની જેમ મારી ભુજાના બલમાં મગ્ન થઈ ગયેલા છે; તથાપિ પૃથ્વીમાં એક મલ્લ જેવો, મને મારનાર, મૃગોમાં કેશરીસિંહની જેવો, કોઇ રાજાને પુત્ર ઉત્પન્ન થશે ખરો? આ જાણવું જો કે અશક્ય છે તોપણ મારે જાણવું જોઇએ." આવો નિશ્ચય કરી તેણે **અશ્વબિંદુ** નામના એક નિમિત્તિયાને દ્વારપાલદ્વારા બોલાવ્યો. રાજાએ પોતાનો વિચાર તેને પૂછ્યો, એટલે તે બોલ્યો–"હે રાજા! પાપ શાંત થાઓ. આ અમંગલિક વચનજ વિનાશ પામો.

---

૧ યુદ્ધ કરવાની ઇચ્છારૂપ ખરજ.

આ સર્વ જગત્નો વિજય કરનારા એવા તમારો અંત લાવવાને યમરાજ પણ સમર્થ નથી તો મનુષ્યોમાં એવો બીજો કયો પામર તમારો વધ કરનાર થઈ શકે ?" ફરીથી અશ્વગ્રીવે કહ્યું-" અરે નિમિત્તિજ્ઞ ! અર્થવાદ છોડી દઈને જે યથાર્થ હોય તે કહે, આપ પુરૂષો ચાટુ વચન બોલતા નથી." આ પ્રમાણે પ્રતિવાસુદેવે જ્યારે ઘણા આગ્રહથી પૂછ્યું ત્યારે તે મુખ્ય નિમિત્તિયાએ લગ્નાદિક વિચારીને સ્ફુટાક્ષરે કહ્યું-" હે રાજા ! તમારા ચંડવેગ નામના દૂતનો જે પરાભવ કરશે અને પશ્ચિમ દિશાના અંત ઉપર રહેલા સિંહને જે મારશે તે તમારો પણ વધ કરનાર થશે." નિમિત્તિયાની આવી વાર્ત્તા સાંભળીને મેઘની ગર્જનાથી પ્રવાસીની જેમ અશ્વગ્રીવ રાજા ગ્લાનિ પામી ગયો, પણ ઉપરથી કૃત્રિમ પૂજા કરી તે નિમિત્તિયાને શત્રુના દૂતની જેમ વિદાય કર્યો. તેવા અવસરે એક યુવાન કેશરીસિંહે પશ્ચિમ દેશને ઉજડ કર્યાના ખબર આવ્યા, એટલે રાજાએ તે સિંહના વધ કરનાર પુરૂષને જાણવાને માટે તે પ્રદેશમાં શાળિના છોડ વવરાવ્યા; અને તે શાળની રક્ષાને માટે સોળહજાર રાજાઓને રહેવાની આજ્ઞા કરી. તે રાજાઓ અનુક્રમે શસ્ત્રાદિવડે સન્નદ્ધબદ્ધ થઈ ત્યાં જઈને ગોવાલ જેમ ગાયોથી ક્ષેત્રની રક્ષા કરે તેમ કેશરીસિંહથી તે શાળિક્ષેત્રની રક્ષા કરવા લાગ્યા.

એક વખત પ્રતિવાસુદેવ સભામાં આવી પોતાના અમાત્ય, સેનાપતિ અને સામંત વિગેરે સભાસદો પ્રત્યે કહેવા લાગ્યો કે " મારા સામંત રાજાઓમાં અને સેનાનીઓ વિગેરેમાં હાલ અસાધારણ પરાક્રમવાળો કોઇ મહાભુજ કુમાર છે કે નહીં ?" તેઓએ કહ્યું-" હે દેવ ! સૂર્યની આગળ કોણ વધારે તેજસ્વી હોય, પવનની પાસે કોણ પરાક્રમી હોય, ગરૂડ કરતાં કોનો વેગ વધારે હોય, મેરૂ પર્વત આગળ કોની ગૌરવતા હોય, અને સમુદ્ર કરતાં કોણ વધારે ગંભીર કહેવાય, તેમ મહાપરાક્રમી એવા આપની પાસે કયો પુરૂષ વિશેષ પરાક્રમી ગણાય ?" રાજાએ કહ્યું-"તમારૂં આ વચન ચાટુ વચન[1] છે, વાસ્તવિક નથી. હમેશાં બલવાન્ પુરુષોથી પણ બલવાન્ પુરુષો રહેલા હોય છે, અને તેથીજ આ પૃથ્વી બહુરત્ના કહેવાય છે." તેવામાં સુંદર લોચનવાળો એક મંત્રી બૃહસ્પતિની જેમ સ્ફુટ અને યથાર્થ વાણીથી બોલી ઉઠયો-"હે રાજેંદ્ર ! આ પૃથ્વી ઉપર પ્રજાપતિ રાજાના દેવ જેવા બે કુમારો છે, તેઓ સર્વ મનુષ્યવીરોને તૃણ જેવા ગણે છે." મંત્રીનાં આવાં વચન સાંભળી તત્કાળ રાજાએ સભા વિસર્જન કરી, અને ચંડવેગ નામના પોતાના એક દૂતને કોઈ મતલબ સમજાવી પ્રજાપતિ રાજાની પાસે મોકલ્યો. એ દૂત સારા સારા રથીઓ અને શ્રેષ્ઠ ઘોડેસ્વારોને સાથે લઇને પોતાના રાજાના તેજની જેમ પોતનપુર નગરે આવી પહોંચ્યો. ત્યાં પ્રજાપતિ રાજા સર્વ અલંકારોથી વિભૂષિત થઇને જલજંતુઓ સહિત વરૂણની જેમ અચલ તથા ત્રિપૃષ્ટ કુમાર, સામંત રાજાઓ, સેનાપતિઓ, મોટા અમાત્યો અને પુરોહિત, પ્રમુખ માન્ય પુરૂષો તેમજ પ્રધાન પુરુષોની સાથે મહર્દ્ધિક દેવની જેમ સભા ભરીને બેઠો હતો, અને નિઃશંકપણે સંગીત કરાવતો હતો. એ સંગીતમાં વિચિત્ર અંગચેષ્ટા અને અંગહાર પૂર્વક સુંદર નૃત્ય થતું હતું, ધ્વનિ કરતા મૃદંગના ઘોષથી આકાશ તથા ગુફાનો ભાગ ગાજી રહેતો હતો, ગાયનના સ્પષ્ટ ઉદ્ગારથી મધુર વીણાને જીવન મળતું હતું, ગ્રામ તથા રાગ રાગણીને પ્રગટ કરનારી વીણા શ્રુતિઓને વ્યક્ત કરતી હતી, અને તાલને અનુસરીને ગાયનનો આરંભ થતો હતો. તે વખતે દ્વારપાલો જેની ગતિને અટકાવી શક્યા નહીં એવો ચંડવેગ દૂત વીજળીના ઝાટકાર જેમ તત્કાલ સંગીતસભામાં દાખલ થયો. પ્રતિવાસુદેવના દૂતને અકસ્માત્ આવેલો જોઈ સામંતરાજાઓ સહિત

1 ખુશામતનું વચન.

પ્રજાપતિ રાજા પણ સંભ્રમ પામ્યો, અને સ્વામીની જેમ એ સ્વામીના દૂતને પણ સંભ્રમ સહિત માન આપવાને માટે ઉભો થયો. મોટા સત્કાર સાથે તેને આસનપર બેસાડ્યો. પછી રાજાએ તેના સ્વામીના સર્વ ખબર પૂછ્યા. અવસર વગર વીજળીના જોવાથી જેમ આગમના અધ્યયનનો ભંગ થાય[1] તેમ એ દૂતના અવસર વગર આવવાથી સંગીતનો ભંગ થયો. સર્વ સંગીત કરનારાઓ પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. કારણકે **જ્યારે સ્વામીનું ચિત્ત વ્યગ્ર થાય છે, ત્યારે કલાવાનને પોતાની કલા બતાવવાનો અવકાશ રહેતો નથી.**" તે વખતે સંગીતના રંગને ભંગ કરનાર તે દૂતને જોઇને ત્રિપૃષ્ટ કુમારથી તે સહન થયું નહીં, તેથી તેણે પોતાની પડખે રહેલા કોઈ પુરુષને પૂછ્યું–"અરે! સમયને નહીં જાણનાર આ પુરૂષ રૂપી પશુ કોણ છે કે જેણે પોતાના આગમનની ખબર આપ્યા વગર પિતાજીની સભામાં પ્રવેશ કર્યો? એને જોઇને પિતાજી સંભ્રમથી કેમ સામા ઉભા થયા? અને તેને પ્રવેશ કરતાં છડીદારે કેમ અટકાવ્યા નહીં?" આ પ્રમાણે જ્યારે ત્રિપૃષ્ટ કુમારે પૂછ્યું, ત્યારે તે પુરૂષ બોલ્યો " એ રાજાધિરાજ હયગ્રીવ મહારાજાનો દૂત છે. આ ત્રિખંડ ભરતક્ષેત્રમાં જેટલા રાજાઓ છે તે સર્વે તે મહારાજાના કિંકર છે, તેથી તમારા પિતા તેના દૂતને માન આપવાને સામા ઉઠ્યા અને તેથીજ ઉચિતને જાણનાર દ્વારપાલે તેને અટકાવ્યો નહીં. કારણકે એ મહારાજાના શ્વાનનો પણ પરાભવ કરી શકાય નહીં તો પુરુષનો તો કેમજ કરી શકાય? આ દૂત હયગ્રીવ રાજાનો માનીતો છે, અને એને પ્રસન્ન કરવાથી મહારાજા હયગ્રીવ પણ પ્રસન્ન થાય છે. આ દૂતના પ્રસાદથીજ રાજાઓનાં રાજ્યો આબાદીમાં છે. આ દૂતની અવજ્ઞા કરીને તેને બીજ્યો હોય તો તે મહારાજા પણ બીજાય છે, કારણકે રાજાઓ દૂતની દૃષ્ટિને અનુસારેજ પ્રવર્તે છે. જ્યારે યમરાજની પેઠે દુઃસહ મહારાજા હયગ્રીવ બીજાય ત્યારે રાજાઓ જીવવાને પણ અસમર્થ છે તો પછી રાજ્યની તો વાતજ શી કરવી!" આ પ્રમાણે સાંભળીને તત્કાલ ત્રિપૃષ્ટ કુમાર બોલ્યો–"આ જગત્માં અમુક સ્વામી કે અમુક સેવક એવો નિર્ણય હોતો નથી; એ સર્વ પોતપોતાની શક્તિને આધીન છે. હું વાણી માત્રથી હમણાં કાંઇ કહેતો નથી; કારણકે પોતાની પ્રશંસા કરવી અને બીજાની નિંદા કરવી એ સત્પુરુષોને લજ્જા પમાડનાર છે, તથાપિ સમય પ્રાપ્ત થયે મારા પિતાનો તિરસ્કાર કરનાર એ હયગ્રીવને પરાક્રમવડે છિન્નગ્રીવ કરી (ગ્રીવા છેદી) ભૂમિપર પાડી નાખીશ. હે સેવક! જ્યારે પિતા એને વિદાય કરે ત્યારે તું મને ખબર આપજે જેથી હું તેને યોગ્ય હશે તે બતાવી આપીશ." આવાં ત્રિપૃષ્ટ કુમારનાં રાજવિરુદ્ધ વચન પણ તે પુરુષે સ્વીકાર્યાં; કારણકે સેવકોએ રાજાના પુત્રને પણ રાજાની પ્રમાણે જ માનવો જોઇએ. પછી ચંડવેગ દૂતે, પોતાનો જેમ કોઇ અધિકારપર નિમેલા સેવક હોય તેમ પ્રજાપતિ રાજાને ઉદ્દેશીને કેટલાએક રાજપ્રયોજન કહી સંભળાવ્યાં. રાજાએ તે સર્વે માન પૂર્વક કબુલ કર્યાં અને ભેટ વિગેરે આગળ ધરીને ચંડવેગને વિદાય કર્યો. પરિવાર સહિત રથમાં બેસી એ દૂત પ્રસન્ન થઇ પોતનપુરની બહાર નીકળી પોતાની નગરી તરફ ચાલ્યો. તેને રવાને કર્યાના ખબર જાણીને મહા બલવાન્ ત્રિપૃષ્ટ કુમારે આગળ જઇ, પવન સહિત દાવાનલ જેમ વટેમાર્ગુને અટકાવે તેમ તેને અટકાવ્યો; અને કહ્યું કે "રે ધીઠ! પાપીષ્ટ! દુષ્ટ! પશુ! તું દૂત છતાં રાજાની પેઠે કેમ પ્રવર્તે છે? હે મૂર્ખ! જેવી રીતે તેં સંગીતરંગનો ભંગ કર્યો, તેવી રીતે બીજો મરવાને ન ઇચ્છતો કયો સચેતન પશુ પણ કરે? એક સાધારણ ગૃહસ્થને ઘેર રાજા આવે તો પણ તે પોતે પહેલાં ખબર આપીને પછી પ્રવેશ કરે, એવી વિદ્વાનોની નીતિ છે; તે છતાં

---

૧ અકાળે વિદ્યુત્ થાય તો અનધ્યાય પાળવો પડે.

તું જાણે પૃથ્વી ફાડીને નીકળ્યો હોય તેમ અકસ્માત્ સભામાં કેમ આવ્યો ? જોકે સરલ સ્વભાવવાળા મારા પિતાશ્રીએ તારું અવિનીતપણું છતાં તારો સત્કાર કર્યો પણ તે ફોગટ કર્યો છે. હે દુષ્ટ! જે શક્તિથી તું દુર્વિનીત થયેલો છે તે તારી શક્તિ હવે પ્રકાશ કર; નહીં તો આ તારા અન્યાયરૂપ વૃક્ષનું ફલ તો હું તને હમણાંજ બતાવું છું.” આ પ્રમાણે કહીને ત્રિપૃષ્ટ કુમાર મુષ્ટિ ઉગામી તેને મારવા જાય છે, તેવામાં સમીપ રહેલા અચલકુમારે (બલદેવે) નજીક આવી અટકાવીને આ પ્રમાણે કહ્યું–“હે કુમાર ! બસ કરો, એ નરરૂપી કીડાની ઉપર પ્રહાર કરશો નહીં. **આક્રોશ કરનારા પણ શિયાળીઆની ઉપર કેશરીસિંહ પ્રહાર કરે નહીં.** દ્રુત કદિ અવળું આચરણ કરે તોપણ એ વધ કરવાને યોગ્ય નથી. વળી વિરૂપ બોલનારો પણ બ્રાહ્મણ બ્રાહ્મણ્યતાને લીધે વધ કરવા યોગ્ય નથી. તેથી આ કઠોર પુરુષની ઉપરથી ક્રોધનું સંહરણ કરો. હસ્તીના દંતઘાતનું સ્થાન એરંડનું વૃક્ષ નથી.” આ પ્રમાણે અચલ કુમારે કહ્યું. એટલે ત્રિપૃષ્ટે હાથી જેમ પોતાની શુંઢને સંકોચે, તેમ ઉગામેલી મુષ્ટિને પાછી સંકોચી પોતાના સુભટોને આજ્ઞા કરી કે “સંગીતના રંગનો ભંગ કરનાર આ પાપી દ્રુતનું જીવિત વિના બીજું બધું હરી લ્યો.” પછી કુમારની આજ્ઞાથી ઘરમાં પેઠેલા શ્વાનની જેમ સુભટોએ યષ્ટિ મુષ્ટિ વિગેરેથી તેને ઘણો માર માર્યો; અને પછી વધસ્થાન ઉપર લઇ ગયેલા વધ્ય પુરુષની પાસેથી જેમ આરક્ષકો લઈ લે તેમ તેનું સર્વ અલંકારાદિક લઇ લીધું. પછી તે દ્રુત હાથીની સાથે સાઠમારી કરનાર પુરુષની જેમ તેઓના પ્રહારને પ્રાણની રક્ષા માટે વંચના કરતો પૃથ્વી ઉપર આળોટવા લાગ્યો. તેની એવી સ્થિતિ જોઇને તેના સર્વ પરિવાર હથીઆરાદિક મૂકી, ભક્ષ્ય છોડીને જેમ કાગડાઓ નાસે તેમ જીવ લઇને નાસી ગયો. પછી તે દ્રુતને ગધેડાની જેમ માર મારી, કલવિંકની જેમ લુંટી લઇ અને વિટ પુરુષની જેમ નચાવીને બંને કુમારો પોતાના ઘર તરફ ચાલ્યા ગયા.

આ સર્વ વૃત્તાંત પ્રજાપતિ રાજાએ લોકોના મુખથી સાંભળ્યો ત્યારે ચિત્તમાં શલ્ય પેઠું હોય તેમ ચિંતવવા લાગ્યો કે “અહો ! મારા કુમારોએ આ યુક્ત કર્યું નથી. પણ પોતાને ઘોડે પાડી નાખ્યો હોય તે વાત બીજા કોની આગળ જઈને કહેવાય ? આ ચંડવેગ દ્રુત ઉપર જે ધસારો કર્યો છે તે કાંઈ તેના ઉપર કર્યો નથી પણ અશ્વગ્રીવ રાજાની ઉપરજ એ ધસારો કર્યો છે, કારણકે દ્રુતો છે તે સ્વામીના પ્રતિનિધિ થઈને જ સંચરે છે; તેથી જ્યાંસુધી ચંડવેગ અશ્વગ્રીવ પાસે ગયો નથી, ત્યાંસુધીમાંજ એને પાછો બોલાવીને તેનો અનુનય કરવો સારો છે; જ્યાંથી અગ્નિ ઉઠ્યો હોય ત્યાંજ તેને બુઝાવી દેવો યુક્ત છે.” આ પ્રમાણે વિચારી પ્રજાપતિ રાજાએ પોતાના પ્રધાનોદ્વારા પ્રેમથી કોમલ એવાં મીઠાં વચનોથી તેની પ્રણિપત કરાવીને તેને પાછો બોલાવ્યો, અને અંજલિ જોડી પોતાના કુમારોએ કરેલી કલુષતાને ધોવામાં જલના પ્રવાહરૂપ વિશેષ બરદાસ કરી. કોપ પામેલા હસ્તીના કોપની શાંતિને માટે જેમ શીતોપચાર કરે તેમ તેના કોપની શાંતિને માટે મોટા મૂલ્યવાળી પ્રથમ કરતાં ચાર ગણી ભેટ તેને આપી. પછી રાજાએ નમ્રતાથી કહ્યું–“ તમે જાણો છો કે એક સામાન્ય ધનવાન્ ગૃહસ્થના કુમાર પણ નવીન યૌવનમાં ઉન્મત્ત થઈ જાય છે તો મહારાજા અશ્વગ્રીવના પ્રસાદથી વૃદ્ધિ પામેલી મારી સંપત્તિવડે મારા કુમાર નહીં દમેલા વૃષભની જેમ વિશેષ ઉચ્છૃંખલ થાય તેમાં શું કહેવું ! હે માનને આપનારા મિત્ર! એ ઉન્મત્ત કુમારોએ તમારો ઘણો અપરાધ કર્યો છે, પણ તે તમારે નઠારા સ્વપ્નની જેમ ભૂલી જવો. મારા મનની વૃત્તિને જાણનારા હે મિત્ર! સગા ભાઈઓની જેમ આપણા બેની

જે પ્રીતિ છે તેને આવા કારણથી એકદમ છોડવી નહીં. એ અનઘ ! આ મારા કુમારનું માઠું આચરણ તમારે અશ્વગ્રીવ રાજાને નિવેદન કરવું નહીં. ક્ષમાવાન્ પુરુષોની એ જ ખરી કસોટી છે.”

આ પ્રમાણેના સામ વચનરૂપ અમૃતની વૃષ્ટિથી જેનો કોપરૂપ અગ્નિ શાંત થયેલો છે એવો ચંડવેગ સ્નેહવડે કોમળ વાણીથી બોલ્યો–“હે રાજન્ ! તમારી સાથે લાંબા વખતનો સ્નેહ હોવાને લીધે મેં જરાપણ કોપ કર્યો નથી. આમાં શું ક્ષમા કરવી છે ? તમારા જે કુમાર તે મારે મન કંઈ પારકા નથી. જ્યારે બાળક દુર્નય કરે ત્યારે તેને ઉપાલંભ દેવો એજ દંડ કહેલો છે, તેની ફરીયાદ કાંઇ લઈ જવાતી નથી, આવી લોકમાં પણ મર્યાદા છે. આ તમારા કુમારનું આવું આચરણ રાજા પાસે કહીશ નહીં. કારણકે હાથીના મુખમાં ભક્ષ્યનો ગ્રાસ આપી શકાય છે પણ તેને પાછો બહાર કાઢવો અશકય છે. હે રાજન્ ! તમે મારો વિશ્વાસ રાખ્યો અને હવે મને રજા આપો. મારા મનમાં કાંઇ પણ કલુષતા નથી.” આ પ્રમાણે કહેતા એ દૂતને બંધુની જેમ આલિંગન કરી અંજલિ જોડીને પ્રજાપતિ રાજાએ વિદાય કર્યો.

ચંડવેગ દૂત કેટલેક દિવસે અશ્વગ્રીવ રાજાની પાસે પહોંચ્યો, પણ તેના પરાભવની વાર્ત્તા તો વધામણી આપનાર પુરુષની જેમ પ્રથમથીજ રાજાની પાસે પહોંચી ગઈ હતી; કારણકે ત્રિપુષ્ટના ત્રાસથી ભાગી ગયેલા ચંડવેગના પરિવારે પ્રથમથીજ આવીને એ બધી વાત રાજાની પાસે કહી હતી. વિશ્વનો ગ્રાસ કરવા ઉદ્યત થયેલો જાણે યમરાજ હોય તેમ ઊંચી ગ્રીવા કરી રહેલા અને રાતા લોચનવાળા અશ્વગ્રીવ રાજાને ચંડવેગે જોયો, એટલે તરત જ તેના મનમાં નિશ્ચય થયો કે જરૂર કોઇએ આવી રાજાને મારા પરાભવનું વૃત્તાંત જણાવ્યું લાગે છે. **રાજાના સેવકો આકૃતિ ઉપરથી જ મનોગત ભાવને જાણી શકે છે.** રાજાએ પૂછયું, એટલે તેણે સર્વ વૃત્તાંત નિવેદન કરી દીધું. **ઉગ્ર સ્વામીની આગળ અન્યથા કહેવાને કોણ સમર્થ છે ?** પછી પોતે પ્રજાપતિ રાજા પાસે જે કબુલાત આપેલી તેનું સ્મરણ કરીને તેણે કહ્યું–“ હે દેવ ! મારા જેવો જ પ્રજાપતિ રાજા આપના ભક્ત છે, અને તેના કુમારોએ જે આ કરેલું છે તે બાળપણામાં સુલભ એવી તેમની અજ્ઞતા છે. પોતાના કુમારોના આવા કૃત્યથી તે રાજા ઘણો ખેદ પામ્યો છે. સર્વ રાજાઓમાં જેવી રીતે શક્તિવડે તમે અતિશયપણાને પ્રાપ્ત થયેલા છો, તેવીજ રીતે પ્રજાપતિ રાજા તમારા ઉપર ભક્તિવડે સર્વથી અતિશય ભક્તિમાન્ થયેલો છે. તે રાજા પોતાના કુમારના આ દોષથી પોતાના આત્માને ઘણો નિંદતો હતો, અને તેથી તમારા શાસનને ગ્રહણ કરીને તેણે આ ભેટ આપેલી છે.”

આ પ્રમાણે કહીને દૂત વિરામ પામ્યો, એટલે હયગ્રીવ વિચારવા લાગ્યો કે “ પેલા નિમિત્તિયાની વાણીના એક વચનની તો ખરેખર પ્રતીતિ જોવામાં આવી છે, પણ જો હવે સિંહના વધ રૂપ બીજા વચનની પ્રતીતિ થાય તો બરાબર શંકાસ્થાન પ્રાપ્ત થયું એમ માની શકાય.” આવો વિચાર કરીને તેણે એક બીજા દૂતને મોકલી પ્રજાપતિ રાજાને કહેવરાવ્યું કે ‘ તમે સિંહના ઉપદ્રવથી શાળીના ક્ષેત્રોની રક્ષા કરો.’ અશ્વગ્રીવની આવી આજ્ઞા આવતાં રાજાએ ત્રિપૃષ્ટ અને અચલકુમારને બોલાવી કહ્યું–“હે કુમારો ! સિંહવડે થતા ઉપદ્રવથી શાળીક્ષેત્રની રક્ષા કરવાની જે આ અકસ્માત્ આજ્ઞા થઈ તે તમારૂં દુરાચરણ તત્કાળ ફલિત થયું છે. હવે જો આ તેમની આજ્ઞાનું અકાળે ખંડન કરશું તો અશ્વગ્રીવ રાજા યમરૂપ થશે, અને જો તેની આજ્ઞાનું ખંડન નહીં કરીએ તો સિંહ યમરૂપ થશે; આ પ્રમાણે બંને રીતે આપણી ઉપર અપમૃત્યુ પ્રાપ્ત થયેલ છે; તથાપિ હે વત્સો ! હાલતો હું સિંહથી રક્ષા

કરવાને જાઉં છું.” પિતાનાં એવાં વચન સાંભળી બંને કુમારોએ કહ્યું–“પિતાજી! અશ્વગ્રીવ રાજાનું બળ તો અમારા જાણવામાં આવ્યું! આ સિંહ એક પશુ છે, અને તેને ભયંકર જાણનાર તે પણ પશુ છે. હે પિતાજી! તમે અહીં રહો, અમે બે ભાઇઓ જઈશું, અને સ્વલ્પ સમયમાં સિંહનો ઘાત કરશું. હે નરસિંહ! તેવા કામમાં તમારે પોતાને શા માટે પ્રયાણ કરવું જોઈએ?” રાજાએ બેદથી કહ્યું–“તમે બન્ને કાર્યાકાર્યને નહીં જાણનારા અને કંઠમાં દુધવાળા હજી બાળક છો. હે કુમારો! ઉન્મત્ત હાથીની જેમ તમોએ મારી રૂબરૂ જે એક વિપરીત કામ કર્યું તેનું તો આ ફલ પ્રાપ્ત થયેલું છે, તો હવે વળી તમે મારાથી દૂર રહીને જે કૃત્ય કરો તેનું તો શું ફલ થાય તે કહી શકાતું નથી.” ત્રિપૃષ્ઠે કહ્યું–“હે પિતાજી! બાલકોની જેમ તે મૂર્ખ અશ્વગ્રીવ બીજાઓને સિંહની બીક લગાડે છે, માટે આપ પ્રસાદ કરીને અહીં રહો, અને અમે જઈને તે અશ્વગ્રીવ રાજાના મનોરથો સહિત સિંહનો ઘાત કરશું.” આ પ્રમાણે કહી મહાપ્રયાસે રાજાને સમજાવી તેમની આજ્ઞા લઈને તેઓ અલ્પ પરિવાર સાથે જ્યાં સિંહ હતો તે ભૂમિ તરફ આવ્યા. ત્યાં સિંહે હણેલા અનેક સુભટોના અસ્થિનો ઢગલો જાણે તેનો મૂર્તિમાન્ અપયશ હોય તેવો જોવામાં આવ્યો.

પછી સિંહના ભયવડે ઊંચા વૃક્ષ ઉપર ચડી ગયેલા શાળીના ક્ષેત્રના બેડુઓને કુમારોએ પૂછયું–“અહીં રક્ષા કરવા આવનારા (સોળ હજાર) રાજાઓ સિંહથી કેવી રીતે આ શાળીક્ષેત્રની રક્ષા કરે છે?” બેડુતોએ કહ્યું–“હે કુમારો! હાથી, ઘોડા, રથ અને સુભટોને સજ્જ કરી તેઓ વડે પ્રવાહને રોકવાની જેમ પોતાની તથા સિંહની વચમાં એક વ્યૂહ રચે. પછી તૃષાતુર હાથી જેમ વાવમાં જળ પીવા જાય તેમ સિંહ આવીને તે સૈનિક વિગેરેને મારે અને ફાડી નાખે, પછી ચાલ્યો જાય; એવી રીતે પોતાના જીવિતની શંકા રાખતા એ સર્વ રાજાઓ અમારી રક્ષા કરે છે.” આવાં તેઓનાં વચન સાંભળી બળભદ્ર અને વાસુદેવ ખુશી થયા. પછી પોતાનું સૈન્ય ત્યાંજ રાખીને બંને જણ એકલા જ્યાં સિંહની ગુફા હતી ત્યાં તત્કાળ ગયા. મેઘની ગર્જના જેવો તેમના રથનો ઘોષ સાંભળી, બંદીના ઘોષથી જેમ રાજા જાગે તેમ તરતજ સિંહ જાગ્યો. જાણે યમરાજની બે દીપિકા હોય તેવી વિકરાળ દૃષ્ટિ કરતો, જાણે યમરાજનાજ ચામર હોય તેવી કેશાવળિને કંપાવતો અને જાણે રસાતળનું દ્વાર હોય તેવા મુખને બગાસાથી ફાડતો એવો તે કેસરી પોતાની ગ્રીવાને કાંઈક સંકોચ કરતો આમ તેમ જોવા લાગ્યો. ‘આ કોઈ માત્ર રથનાજ પરિવારવાળા બે પુરૂષો છે’ એમ જાણી અવજ્ઞા બતાવીને એ સિંહ ફરીવાર કૃત્રિમ નિંદ્રાથી સુઇ ગયો. તેની એવી સ્થિતિ જોઈ બળદેવે કહ્યું–“શાલના ક્ષેત્રનું રક્ષણ કરવા આવેલા રાજાઓએ હસ્તી વિગેરેનું બલિદાન આપીને આ સિંહને ગર્વિત કર્યો જણાય છે.” પછી તરતજ નૃસિંહ ત્રિપૃષ્ઠ કુમારે ત્યાં જઇ મલ્લ જેમ મલ્લને બોલાવે તેમ એ મોટા સિંહને બોલાવ્યો. વિષ્ણુનો ઉગ્ર અવાજ સાંભળી સિંહ પોતાના મુખ ઉપર કાનની ટીશીયું ચડાવી ‘આ કોઇ વીર છે’ એમ ચિંતવવા લાગ્યો. પછી તરતજ જાણે સાક્ષાત્ રૌદ્ર રસ હોય તેવો એ કેસરી મુખ ફાડીને ભયંકર ગર્જના કરતો પોતાના ગુહાદ્વારમાંથી બહાર નીકળ્યો. તે વખતે જાણે સ્થળમાં રહેલા બે ખીલા હોય તેવા તેના મસ્તકપર બે કાન અકકડ રહેલા હતા, બે દીવીઓ પ્રદીપ્ત થઇ હોય તેવા પિંગલ નેત્રો હતાં, યમરાજનું જાણે શસ્ત્રગૃહ હોય તેવું દાઢો અને દાંતોથી ભરપૂર મુખ હતું, પાતાળમાંથી નીકળેલો જાણે તક્ષક નાગ હોય તેવી મુખની બહાર તેની જિહ્વા રહેલી હતી, યમરાજના ઘરનું તોરણ હોય તેવી મુખ ઉપર એક મોટી દાઢ હતી, અંતરમાં બળતા કોપરૂપી અગ્નિની શિખા હોય તેવી કેશાવલિ હતી. પ્રાણીઓના પ્રાણને

આકર્ષણ કરનારા ચીપીઆ હોય તેવા નખ હતા, અને જાણે ક્ષુધાતુર સર્પ હોય તેવા પુચ્છદંડને હલાવ્યા કરતો હતો.

આ પ્રમાણેના કેસરીસિંહે બહાર આવી ઇંદ્ર જેમ વજ્રને પર્વતપર પછાડે તેમ પોતાના પ્રચંડ પુંછડાને પૃથ્વી ઉપર પછાડયું. એ પુંછડાની પછાડના નાદથી વાજિંત્રના નાદથી જેમ સમુદ્રની અંદરના જલચરો નાસી જાય તેમ ચોતરફ પ્રાણીઓ નાસવા લાગ્યા. તે વખતે ત્રિપૃષ્ટ વાસુદેવે અચલ કુમારને કહ્યું-'હે આર્ય! હું છતાં તમારે યુદ્ધ કરવાનો અવસર લેવો ઘટિત નથી.' આમ કહીને તેણે અચલકુમારને ત્યાંજ ઉભા રાખ્યા. પછી એકલા સિંહની સામા જતાં ક્ષત્રીધર્મને જાણનારા ત્રિપૃષ્ટકુમારે વિચાર કર્યો કે 'આ સિંહ પગે ચાલતો છે, અને હું રથ ઉપર બેઠો છું; તો પેદલની સાથે રથપર બેસીને યુદ્ધ કરવું એ ક્ષત્રીધર્મને યોગ્ય નથી.' એમ વિચારી તેણે રથને છોડી દીધો. વળી વીરવ્રતરૂપ ધનવાળા એ હરિએ વિચાર્યું કે 'આ સિંહ અસ્ત્રરહિત છે અને હું અસ્ત્રવાળો છું, તો અસ્ત્રરહિતની સાથે અસ્ત્રવડે યુદ્ધ કરવું એ પણ અનુચિત છે.' એમ ધારી અસ્ત્ર પણ છોડી દીધાં. પછી બલથી ઇંદ્રને પણ ઉલ્લંઘન કરનારા ત્રિપૃષ્ટે 'હે સિંહ! અહીં આવ, તારી યુદ્ધ કરવાની કંડુને હું મટાડું.' એમ કહી તેને બોલાવ્યો. વાસુદેવનાં આ વચનનો પર્વતમાં પ્રતિછંદ પડયો તે જાણે કોપના આટોપથી ઉગ્ર એવા સિંહે એજ વચન પ્રતિછંદના મિષથી પાછું સામું કહ્યું હોય તેમ જણાયું. તે વખતે યુવાન કેસરી ચિત્તમાં વિચાર કરવા લાગ્યો કે "અહા! આ બાળકનું કેવું સાહસ છે? તે સૈન્ય વિના આવ્યો છે અને રથ ઉપરથી ઉતરી, શસ્ત્રોનો ત્યાગ કરી વળી મને ઊંચે સ્વરે બોલાવે છે. પણ જેમ દેડકો ઊંચા ઠેકડા મારીને ઉલટો સર્પની આગળ આવે તેમ આ દુર્મતિ મારી પાસે આવે છે; તો તેની ધીઠતાનું ફલ તેને પ્રાપ્ત થાઓ." આ પ્રમાણે વિચારી પોતાનું પૂંછડું ઊંચું ઉપાડી ઉછળીને તેણે એવી ફાળ મારી કે ક્ષણવાર તો આકાશમાંથી કોઇ ખેચરના વાહનમાંથી કેસરીસિંહ કુદી પડતો હોય તેવો ભ્રમ થયો. એવી ફાલ મારીને જેવો ત્રિપૃષ્ટ કુમારની ઉપર પડવા જાય છે તેવામાં તો ત્રિપૃષ્ટ કુમારે જેમ સાણસાથી સર્પને પકડે તમ પોતાના બે હાથથી તેના બે હોઠ જુદા જુદા પકડયા. પછી હોઠથી આકર્ષી વસ્ત્રની જેમ ચડચડાટ શબ્દ સાથે તેને ચીરી નાખ્યો. તે વખતે તત્કાલ સભાસદોની તથા ચારણભાટોની જેમ લોકોએ અંતરીક્ષ અને આકાશને ભરી દે તેવો મોટો જયજય શબ્દ કર્યો. આકાશમાં વિદ્યાધરો, દેવતાઓ અને અસુરો કૌતુકથી એકઠા થયા, અને મલયાચલના વાયુની જેમ વિષ્ણુની ઉપર પુષ્પવૃષ્ટિ કરી. એ સિંહના શરીરના બે ભાગ ક્ષણવારમાં ત્રિપૃષ્ટે પૃથ્વી ઉપર નાખી દીધા. પણ તેઓમાંથી ચેતન ગયેલું ન હોવાથી ક્રોધવડે તે ક્ષણવાર તરફડવા લાગ્યા. શરીર પરતંત્ર થવાથી બે ભાગે પડેલો એ સિંહ મહાશોકવડે તરફડતો ચિંતવવા લાગ્યો કે "અહો! કવચધારી અને શસ્ત્રધારી તેમજ સેંકડોગમે સુભટોથી વીંટાયેલા એવા અનેક રાજાઓ પણ વજ્રની જેમ ઉપરથી પડતા એવા મને સહન કરી શકયા નહીં; અને આ મહાકોમળ હાથવાળા અને શસ્ત્ર વિનાના એકાકી બાળકે મને મારી નાખ્યો, એ વાતનો મને મોટો ખેદ થાય છે, કાંઈ વધ થવાથી ખેદ થતો નથી." આવી ચિંતાથી સર્પની જેમ તરફડતા એ સિંહનો અભિપ્રાય જાણીને ત્રિપૃષ્ટ વાસુદેવના સારથિએ કહ્યું કે "લીલા માત્રમાં ઉન્મત્ત હાથીને ભેદનારા અને સેંકડોગમે સૈન્યથી પણ પરાભવને નહીં પામનારા એવા હે સિંહ! તું અભિમાને કરી શા માટે આમ ખેદ પામે છે? આ તને મારનાર સુભટોમાં શ્રેષ્ઠ એવા ત્રિપૃષ્ટકુમાર સર્વ વાસુદેવોમાં પ્રથમ વાસુદેવ છે, તે વયથી બાળક છે પણ તેજ પરાક્રમથી

બાળક નથી. જેમ સર્વ પશુઓમાં તું સિંહ છે તેમ સર્વ નરોમાં તે સિંહ છે. તેથી એની સાથેના સંગ્રામમાં હણાયેલા તને લજ્જા આવે તેમ નથી, પણ ઉલટી શ્લાઘા થાય તેમ છે." તેનાં આવાં વચનરૂપ અમૃતની વૃષ્ટિથી શાંત થઈને તે કેસરીસિંહ મૃત્યુ પામ્યો, અને નરકગતિનું આયુષ્ય બાંધવાથી નરકભૂમિમાં નારકી થયો. તે વખતે અશ્વગ્રીવની આજ્ઞાથી આ વૃત્તાંત જાણવાને આવેલા વિદ્યાધરોને ત્રિપૃષ્ટે તે સિંહનું ચર્મ આપ્યું અને કહ્યું–"આ પશુથી પણ ચકિત થયેલા અશ્વગ્રીવને તેનો વધ સૂચવનાર આ સિંહનું ચર્મ આપજો, અને કહેજો કે સ્વાદિષ્ટ ભોજનમાં લંપટ એવો તું હવે નિશ્ચિંત થા અને વિશ્રબ્ધ થઈને શાલિનું ભોજન ખા." આવો સંદેશો કહેવાનું કબુલ કરી વિદ્યાધરોના કુમારો ગયા, અને ત્રિપૃષ્ઠ તથા અચલકુમાર બંને પોતાના નગરમાં આવ્યા. બંને ભ્રાતાઓએ પિતાને પ્રણામ કર્યા, અને બલભદ્રે ત્યાં બનેલું સર્વ વૃત્તાંત પિતાને કહી સંભળાવ્યું. રાજા પ્રજાપતિ પોતાના બે કુમાર ફરી જન્મ્યા હોય તેમ માનવા લાગ્યો, અને સત્ય પ્રતિજ્ઞાવાળા ત્રિપૃષ્ટ કુમારની ઉપર ઘણો ખુશી થયો.

પેલા વિદ્યાધરોના કુમારોએ બધું વૃત્તાંત અશ્વગ્રીવ રાજા પાસે જઈને નિવેદન કર્યું, જે વૃત્તાંત તેને વજ્રપાત જેવું લાગ્યું.

આ તરફ વૈતાઢ્ય ગિરિ ઉપર દક્ષિણ શ્રેણીના આભૂષણ સદૃશ **રથનૂપુરચક્રવાળ** નામે નગર છે. તેમાં તેજવડે અગ્નિ જેવો અને અસાધારણ સમૃદ્ધિવાળો **જ્વલનજટી** નામે વિદ્યાધરોનો રાજા છે. તેને હંસીની જેવી મંદ ગતિવાળી અને પ્રીતિના પરમ સ્થાનરૂપ **વાયુવેગા** નામે પટ્ટરાણી છે. તે રાણીને સ્વપ્નમાં સૂર્યનું અવલોકન થયેલ હોવાથી જેનું નામ **અર્ક-કીર્તિ** પાડેલું છે એવો એક પુત્ર થયો છે, ને તે પછી સ્વપ્નમાં પોતાની પ્રભાથી સર્વ દિશાઓને ઉજ્જવલ કરનાર ચંદ્રલેખાના અવલોકનથી જેનું નામ **સ્વયંપ્રભા** પાડેલું છે એવી એક પુત્રી થઈ છે. કુમાર અર્કકીર્તિ જ્યારે યૌવનાવસ્થા પામ્યો ત્યારે મોટી ભુજાવાળા અને કીર્તિરૂપી ગંગાના હિમાચલરૂપ એ પુત્રને રાજાએ યુવરાજપદે આરોપણ કર્યો. પુત્રી સ્વયંપ્રભા પણ વનસ્થળી જેમ પોતાને સૌંદર્ય આપનારી વસંતસંપત્તિને પામે તેમ અનુક્રમે યૌવનવયને પ્રાપ્ત થઈ. મુખરૂપ ચંદ્રથી જાણે મૂર્તિમાન્ પૂર્ણિમા હોય અને કેશપાશ રૂપ અંધકારથી જાણે શરીરધારી અમાવાસ્યા હોય તેવી તે જણાતી હતી. તેના કાન સુધી લાંબા થયેલાં નેત્રો જાણે કર્ણનાં આભૂષણકમલો હોય તેવાં જણાતાં હતાં, અને તેના કર્ણો પ્રસરતી દૃષ્ટિરૂપી બે તલાવડીના જાણે બાંધેલા કિનારા હોય તેવા જણાતા હતા. પલ્લવોની જેવા હાથ, પગ અને અધર રૂપ રક્ત પત્રોથી તે લતાની જેવી શોભતી હતી; લક્ષ્મીના જાણે બે ક્રીડાપર્વત હોય તેવા ઊંચા સ્તનવડે તે સુંદર લાગતી હતી; તેની નાભિ લાવણ્યરૂપી સરિતાની ઘુમરીના જેવી જણાતી હતી; અને તેજ સરિતાની મધ્યમાં રહેલો કોઇ અંતરદ્વીપ હોય તેવો વિસ્તારવાળો નિતંબભાગ (શ્રોણિતટ) દેખાતો હતો. એકંદર તેના સર્વ અંગનો સૌભાગ્ય ભંડાર એવો ઉત્તમ હતો કે દેવતાઓની સ્ત્રીઓમાં, અસુરોની સ્ત્રીઓમાં અને વિદ્યાધરોની સ્ત્રીઓમાં પણ તેનો નમૂનો જોવામાં આવતો નહીં.

એક વખતે **અભિનંદન** અને **જગન્નંદન** નામે બે ચારણમુનિ આકાશમાર્ગે વિહાર કરતા તે નગરને પરિસરે ઉતર્યા. તે વખતે બીજી મૂર્તિને ધારણ કરીને જાણે લક્ષ્મીદેવી આવી હોય તેવી જ્વલનજટી વિદ્યાધર રાજાની પુત્રી સ્વયંપ્રભા ઋદ્ધિ સમેત તે બંને મુનિને વાંદવા આવી. વાંદીને બેઠા પછી તે મહાત્માની કર્ણામૃત તુલ્ય દેશના સાંભળીને તેને ગળીના રંગ જેવું સ્થિર સમકિત પ્રાપ્ત થયું. તે મુનિરાજની પાસેથી તેણે શ્રાવકધર્મ પણ સારી

રીતે સાંભળ્યો. **ઉત્તમ પુરુષો જાણ્યા પછી જરા પણ પ્રમાદ કરતા નથી.** ત્યાર પછી તે બંને મુનિઓએ ત્યાંથી બીજે વિહાર કર્યો. એકદા પર્વણીને દિવસે સ્વયંપ્રભાએ પૌષધવ્રત ગ્રહણ કર્યું; બીજે દિવસે પારણું કરવાની ઇચ્છાથી ભગવંત જિનેશ્વરની પૂજા કરી, અને પ્રભુની શેષા[1] લઈ ઘેર આવીને તે શેષા પિતાને અર્પણ કરી. હર્ષથી પુષ્ટ થયેલા વિદ્યાધરરાજે તે શેષા મસ્તકપર ધારણ કરી, અને પુત્રીને ઉત્સંગમાં બેસાડી. તે વખતે ઉત્કૃષ્ટ યૌવનવાળી સ્વયંપ્રભાને જોઇને રાજા કરજમાં મગ્ન થયેલા પુરુષની જેમ તેને યોગ્ય એવા પતિની શોધમાં ચિંતામગ્ન થયો. પછી પ્રસાદ સહિત પુત્રીને વિદાય કરી, અને સુશ્રુત વિગેરે પોતાના મંત્રીઓને બોલાવી રાજાએ તેના પતિ વિષે પૂછયું. પ્રથમ સુશ્રુત મંત્રીએ કહ્યું– "રત્નપુર નગરમાં રાજા **મયૂરગ્રીવ** અને દેવી **નીલાંજના**નો પુત્ર **અશ્વગ્રીવ** નામે વિદ્યાધરોનો ઇંદ્ર છે. તે અનેક વિદ્યાને સાધનાર અને ત્રણ ખંડ ભરતક્ષેત્રનો અધિપતિ આ પુત્રીને યોગ્ય એવો શ્રેષ્ઠ વર છે."

પછી બહુશ્રુત નામના મંત્રીએ કહ્યું– "હે દેવ! એ રાજાનું યૌવનવય તો વ્યતીત થયેલું છે, તેથી આપણી રાજપુત્રીને યોગ્ય તે વર નથી. પણ ઉત્તર શ્રેણીમાં રૂપ, યૌવન તથા લાવણ્યવાળા અને ભુજપરાક્રમી એવા અનેક ઉત્તમ વિદ્યાધરો છે, તો તેઓમાંથી કોઈ એક રાજાને યોગ્યતાનો વિચાર કરીને આ રાજપુત્રી આપો." તે પછી સુમતિ નામનો મંત્રી બોલ્યો–"હે પ્રભુ! તમારા અધિકારીએ જે કહ્યું તે બરાબર યુક્ત છે. આ પર્વતપર ઉત્તર શ્રેણીરૂપ હારમાં ચક્રદારૂપ અને અનેક અદ્ભુતતાના સ્થાનરૂપ **પ્રભંકરા** નામે એક નગરી છે. તેમાં ઇંદ્રના પરાક્રમને ધારણ કરનાર અને પ્રાતઃકાલના મેઘની જેવો સફલ **મેઘવાન** નામે રાજા છે. તેને માલતીની પુષ્પમાળાની જેવી શીલરૂપ સુગંધવડે શોભતી **મેઘમાલિની** નામે પટ્ટરાણી છે. તે દંપતીને સર્વ રાજાઓને નમાવનાર અને કામદેવની જેવા અપ્રતિમ રૂપવાળો **વિદ્યુત્પ્રભ** નામે એક પુત્ર છે, અને નિઃસીમ રૂપ લાવણ્યની સંપત્તિવડે કન્યા જેવી **જ્યોતિર્માલા** નામે એક પુત્રી છે. કાંતિથી દિશાઓના મુખને પ્રકાશ કરનારી આ સ્વયંપ્રભા રાજકુમારી મેઘને વિજળીની જેમ એ વિદ્યુત્પ્રભ રાજકુમારને યોગ્ય છે; અને એ **જ્યોતિર્માલા** નામે રાજકુમારી આપણા અર્કકીર્તિ કુમારને યોગ્ય છે; તો પરસ્પર કન્યાનો વિનિયોગ કરવાથી બન્નેને મહોત્સવ થાય તેમ છે." પછી શ્રુતસાગર નામે એક મંત્રી બોલ્યો– "હે મહારાજ! આ રત્ન જેવી કન્યાને લક્ષ્મીની જેમ કોણ ન ઇચ્છે? તેથી એની અભિલાષા કરનારા સર્વે વિદ્યાધરોમાં નિર્વિશેષપણું બતાવનારો સ્વયંવર કરવો યુક્ત છે. કારણ કે જો તેમ નહીં કરો અને કોઈ એકનેજ કન્યા આપશો તો તમારે બીજા વિદ્યાધરોની સાથે ફોગટનો વિરોધ થઇ પડશે. માટે તેમ શા માટે કરવું જોઇએ?"

આ પ્રમાણે સર્વે મંત્રીઓનો મત લઇને રાજાએ તે સર્વને વિદાય કર્યા પછી **સંભિન્નશ્રોત** નામના નિમિત્તિયાને બોલાવીને પૂછયું કે "અશ્વગ્રીવ રાજાને અથવા બીજા કોઈ ઉત્તમ વિદ્યાધરને આ કન્યા આપું કે તેનો સ્વયંવર કરું?" નૈમિત્તિકે કહ્યું–"પૂર્વે એક મુનિરાજ પાસેથી મેં સાંભળ્યું છે કે એકવાર ભરતચક્રીએ ભગવાન્ **ઋષભધ્વજને** પૂછયું ત્યારે તેમણે કહ્યું હતું કે આ અવસર્પિણી કાલમાં મારી જેવા બીજા ત્રેવીશ તીર્થંકરો, તારી જેવા અગ્યાર ચક્રવર્તીઓ, નવ બલદેવો, અર્ધ ભરતક્ષેત્રના સ્વામી નવ વાસુદેવો અને તેના પ્રતિપક્ષી અર્ધ ભરતક્ષેત્રના સ્વામી નવ પ્રતિવાસુદેવો ઉત્પન્ન થશે. તેથી હે રાજા! તે પ્રભુના કહેવા પ્રમાણે હાલ ત્રિપૃષ્ટ નામે વાસુદેવ ઉત્પન્ન થયેલ છે, તે અશ્વ–

[1] સ્નાત્રજલાદિ.

ગ્રીવ પ્રતિવાસુદેવને હણીને વિદ્યાધરોના નગર સહિત ત્રિખંડ ભરતક્ષેત્રની ભૂમિને ભોગવશે, અને સર્વ વિદ્યાધરોનું ઐશ્વર્ય તમને આપશે, તેથી આ કન્યા એ ત્રિપૃષ્ટને આપો, કારણકે તેના જેવો બીજો કોઈ હાલ આ પૃથ્વી ઉપર જણાતો નથી.” આ પ્રમાણેનાં વચનો સાંભળી રાજા બહુ હર્ષ પામ્યો, અને યથાયોગ્ય સત્કાર કરી નિમિત્તિયાને વિદાય કર્યો. પછી પ્રજાપતિ રાજાની પાસે તેણે **મારિચિ** નામે એક દૂતને મોકલ્યો. એ વિદ્યાધરદૂતે પ્રજાપતિ રાજા પાસે જઇ નમસ્કાર કરી પોતાની ઓળખાણ પાડીને વિનયપૂર્વક આ પ્રમાણે કહ્યું –“ ઉત્તર શ્રેણીના વિદ્યાધરોનો **જ્વલનજટી** નામે રાજા છે. તેને સર્વ સ્ત્રીઓમાં રત્નરૂપ સ્વયંપ્રભા નામે એક કન્યા છે. એ કન્યાને યોગ્ય એવા વરને અર્થે રાજા જ્વલનજટી અરોચક કવિની પેઠે ચિરકાલ ચિંતા કર્યા કરતો હતો. એ સંબંધી તેણે પોતાના મંત્રીઓની સાથે વિચાર કર્યો, પણ તે કન્યાને યોગ્ય વર તેના જોવામાં આવ્યો નહીં. પછી રાજાએ સંભિન્નશ્રોત નામે નિમિત્તિયાને પૂછ્યું ત્યારે તેણે જણાવ્યું કે ‘ આ કન્યા પ્રજાપતિ રાજાના કુમાર ત્રિપૃષ્ટને યોગ્ય છે. એ ત્રિપૃષ્ટ કુમાર પ્રથમ વાસુદેવ થઈ અર્ધ ભરતને ભોગવશે, અને પ્રસન્ન થઈને વૈતાઢય ઉપરની બે શ્રેણીનું અધિપતિપણું તમને આપશે.’ આવી નિમિત્તિયાની વાણી સાંભળીને પ્રસન્ન થયેલા અમારા રાજાએ મને અહીં મોકલ્યો છે, માટે હે સ્વામી ! ત્રિપૃષ્ટ કુમારને માટે તે કન્યાનો સ્વીકાર કર્યાની સંમતિ આપો.” પ્રજાપતિ રાજાએ ‘ બહુ સારૂં ’ એમ કહી તે વાર્ત્તા સ્વીકારી, અને અતિ બુદ્ધિમાન્ તે રાજાએ યથાયોગ્ય પોશાક આપીને તે દૂતને વિસર્જન કર્યો.

પછી જ્વલનજટી વિદ્યાધર અશ્વગ્રીવની શંકાથી તરતજ તે કન્યાનું પાણિગ્રહણ કરાવવા કન્યાને લઈને પ્રજાપતિ રાજાના નગર તરફ ચાલ્યો. પોતાની સાથે વિદ્યાધરો, સામંતો અને બીજા સામાન્ય બલવાહનો લઈને અનુક્રમે સમુદ્ર જેમ મર્યાદામાં રહે તેમ તે નગરની સમીપે આવી પડાવ નાખ્યો. તેને આવેલો સાંભળી પ્રજાપતિ રાજા પોતે પ્રધાનોના પરિવાર સાથે તેની સામો આવ્યો. કારણકે **અભ્યાગત પુરુષ સર્વનો ગુરૂ છે.** બન્નેના પ્રીતિયોગે સામસામા સૈન્યો એકઠા થયા તે જાણે ગંગા અને યમુનાના બે પ્રવાહો એકઠા થયા હોય તેવા શોભવા લાગ્યા. બંને રાજવંશીઓ એક સામાન્યતાથી હસ્તી ઉપર આરૂઢ થયેલા હતા તે જાણે બે સામાનિક દેવતા સામસામા મળ્યા હોય તેવા જણાતા હતા. તે બંને રાજાઓના સંગમથી સૂર્યચંદ્રના સંગમની જેમ તે દિવસ પર્વના દિવસ જેવો દેખાવા લાગ્યો. પછી ત્યાંથી નગરમાં તેડી લાવીને સમુદ્ર જેમ મૈનાક પર્વતને નિવાસભૂમિ આપે તેમ પ્રજાપતિ રાજાએ તે વિદ્યાધર રાજાને નિવાસભૂમિ અર્પણ કરી. તે ભૂમિ ઉપર જોતજોતામાં વિદ્યાધરોએ વિદ્યાના બળથી જાણે બીજું પોતનપુર હોય તેવું વિચિત્ર હવેલીઓવડે સુંદર એક રમણીય નગર રચ્યું. તે પુરની મધ્યમાં જાણે તેનો મુગટ હોય તેવો એક દીવ્ય તોરણવાળો પ્રાસાદ કર્યો, તેમાં મેરૂપર્વતપર સૂર્યની જેમ જ્વલનજટી રાજાએ નિવાસ કર્યો; અને બીજા સામંતો, અમાત્યો અને સેનાપતિઓ પ્રમુખે, દેવતાઓ જેમ વિમાનમાં રહે તેમ પોતપોતાને યોગ્ય જુદા જુદા મહેલોમાં નિવાસ કર્યો. પછી વિદ્યાધરોના રાજા જ્વલનજટીની રજા લઈ રાજા પ્રજાપતિ ભરતીથી નિવૃત્ત થયેલા સમુદ્રની જેમ પોતાના દરબારમાં પાછો આવ્યો. પછી પ્રજાપતિ રાજાએ ઉત્તમ ભોજન, અંગરાગ તથા સુંદર પોશાક વિગેરે વિદ્યાધરોના રાજાને માટે ભેટ તરીકે મોકલાવ્યું.

પછી ત્યાં બંને રાજાઓએ શુભ આકૃતિવાળી ચમરેંદ્ર ને બળીંદ્રની સભા હોય તેવા રત્નમય વિવાહમંડપો રચાવ્યા. કુળવૃદ્ધ સ્ત્રીઓએ રચેલાં શિક્ષાચાર્યની લીલાથી બંનેને ઘરે મંગલ ધવલ ગવાવા લાગ્યાં. પછી સુગંધી ચંદનના અંગરાગથી પ્રકાશમાન,

નીલ રત્નની પ્રતિમાની જેમ ગજેંદ્ર ઉપર આરૂઢ થયેલા, અને અનુવર થયેલા સરખી વયના રાજકુમારોએ પરવરેલા ત્રિપૃષ્ટકુમાર પોતાના વાસગૃહથી નીકળીને જ્વલનજટીના ભુવન સમીપે આવ્યા. ત્યાં રાજગૃહના તોરણની નીચે પૂર્વ દિશામાં સૂર્યની જેમ અર્ધમંડલની રાહ જોતા ઉભા રહ્યા. અર્ધ્વ દીધા બાદ કુલસ્ત્રીઓથી મંગલિક ગીત ગવાતે સતે ત્રિપૃષ્ટકુમાર નીચા નમી અગ્નિમય સંપુટ ભાંગી અણુવરની સાથે માતૃગૃહ (માયરા) માં ગયા; ત્યાં છેડા સહિત શ્વેત વસ્ત્રને ધારણ કરનારી અને નેત્રને આનંદ આપનારી એવી રાજકુમારી સ્વયંપ્રભા જાણે મૂર્ત્તિમાનૂ ચંદ્રપ્રભા હોય તેવી જોવામાં આવી. પછી વરકન્યા (ત્રિપૃષ્ટ-અને સ્વયંપ્રભા) ચિત્રા નક્ષત્ર ને ચંદ્રમાની જેમ એક આસનપર સાથે બેઠા. પછી ઝાલરના નાદથી જ્યારે લગ્નનો સમય સૂચવવામાં આવ્યો ત્યારે પુરોહિતે સંપુટની જેમ તેમના હસ્તકમળને જોડી દીધા. તે વખતે નવા ઉગેલા પ્રેમરૂપી વૃક્ષને સિંચન કરવામાં જળરૂપ બંનેની દૃષ્ટિનો તારામેલક થયો. પછી ત્યાંથી સ્વયંપ્રભા અને ત્રિપૃષ્ટકુમાર બંને વૃક્ષ અને લતાની જેમ સાથે મળીને વેદિના મધ્ય ભાગમાં આવ્યા. ત્યાં પીપળાદિક વૃક્ષોના સમિધ-વડે હુત દ્રવ્યની આહૂતિ આપીને બ્રાહ્મણોએ અગ્નિને જાગૃત કર્યો. પછી બ્રાહ્મણો વેદમંત્રનો પાઠ કરવા લાગ્યા, એટલે વેદિના અગ્નિને દક્ષિણ તરફ રાખીને વરકન્યાએ તેની ફરતી પ્રદક્ષિણા કરી.

આવી રીતે બલદેવના અનુજ બંધુ ત્રિપૃષ્ટકુમાર સ્વયંપ્રભાદેવીને પરણીને તેની સાથે હાથિણીપર આરૂઢ થઇ પોતાના ઘર તરફ ચાલ્યા. ઉચ્ચધ્વનિવાળા વાજિંત્રોના નાદથી સૂર્યના અશ્વને ઊંચા કર્ણવાળા કરતા એ ત્રિપૃષ્ટ વાસુદેવે સ્ત્રી સહિત પોતાના ઘરમાં પ્રવેશ કર્યો. આ વૃત્તાંત બાતમીદારરૂપ નેત્રવડે જાણવામાં આવ્યાથી અશ્વગ્રીવ રાજા કે જે પ્રથમ સિંહને માર્યાની કથા સાંભળવાથીજ ક્રોધ પામેલો હતો તે વિશેષ ક્રોધાયમાન થયો. તેણે ચિંતવ્યું કે "હું છતાં જ્વલનજટી સ્ત્રીરત્ન બીજાને કેમ આપે? કેમકે 'રત્ન તો રત્નાકરમાંજ હોય.' તેથી તે આપનાર અને ગ્રહણ કરનારની પાસે કન્યાની યાચના કરવાને દૂતને મોકલવો. કારણકે 'નીતિમાં દૂત પ્રથમ છે.'" આ પ્રમાણે મનમાં વિચારી એકાંતે નવા દૂતને બોલાવી બરાબર શિખવીને પોતનપુર તરફ મોકલ્યો. એ દૂત વાયુકુમારની જેમ શીઘ્ર ગતિએ જ્વલ-નજટી પોતનપુર હોવાથી ત્યાં જઇ પહોંચ્યો, અને જ્વલનજટીને આ પ્રમાણે કહ્યું–"દક્ષિણ લોકાર્દ્ધની ઉપર સૌધર્મ ઇંદ્રની જેમ દક્ષિણ ભરતાર્દ્ધનું રક્ષણ કરનાર હયગ્રીવ રાજાની આજ્ઞાથી હું તમને કહેવા આવ્યો છું કે તમારે ઘેર સ્વયંપ્રભા નામે કન્યારત્ન છે તે તમે મહારાજા હયગ્રીવ પાસે જઇને તેને આપો; કેમકે 'ભરતક્ષેત્રનું રત્ન બીજાને ઘેર હોય નહીં'. વળી તે કટુછાયાવાળા મહારાજા અશ્વગ્રીવ તમારા પણ સ્વામી છે, તો પુત્રી પણ તેનેજ આપવી જોઈએ; કારણકે નેત્ર તો મસ્તકે શોભે. વળી આજ સુધી આરાધેલા અશ્વગ્રીવ રાજાને હવે પુત્રી ન આપીને કોપ પમાડો છો તે ધમેલા સોનાને ફુંક મારીને ગુમાવવા જેવું કરોછો; માટે તેમ કરવું યોગ્ય નથી." આવી રીતે દૂત કહી રહ્યા એટલે જ્વલનજટી બોલ્યો–"તે કન્યા તો મેં ત્રિપૃષ્ટકુમારને આપી દીધી છે; અને કન્યાદાન તો એકજવાર થઇ શકે છે. વળી બીજી પણ વસ્તુ કોઈને આપી દીધી હોય તો પછી તેના ઉપર આપ-નારનો હક રહેતો નથી, તો કુલવાન્ કન્યાના સંબંધમાં તો તેમ શેનું જ સંભવે? તે તમે પોતેજ વિચારો." આ પ્રમાણે જ્વલનજટિએ દૂતને કહ્યું, એટલે તે દૂત અંતઃકરણમાં કલુષિત થઇ ત્યાંથી નીકળ્યો અને ત્રિપૃષ્ટકુમારની પાસે આવ્યો; કારણકે ' દૂત પોતાના સ્વામીના સંદેશાનેજ લઇ જનારો હોય છે.' તેણે ત્રિપૃષ્ટકુમારને કહ્યું–" જગત્નો જય

કરનાર અને આ પૃથ્વીના ઇંદ્ર અશ્વગ્રીવ રાજાએ મારી સાથે કહેવરાવ્યું છે કે જેમ મુગ્ધ વટેમાર્ગુ રાજાના ઉદ્યાનસંબંધી વૃક્ષના ફલને ગ્રહણ કરે તેમ મારે યોગ્ય એવી સ્વયંપ્રભા કન્યા તેં ગ્રહણ કરેલી છે. બંધુઓ સહિત તમારો હું નિયંતા સ્વામી છું અને મેં તમારૂં ઘણા કાળથી રક્ષણ કરેલું છે, માટે એ કન્યારત્નને તું છોડી દે; **સેવકોને સ્વામીનું શાસન પ્રમાણ કરવું યોગ્ય છે.**" આવાં દૂતનાં વચન સાંભળી વિકટ ભ્રકુટી ચડાવવાવડે ભાલસ્થલને ભયંકર કરતો અને રાતા લોચનથી કપોલની શોભાને ધારણ કરતો ત્રિપૃષ્ટકુમાર બોલ્યો-"હે દૂત! તારો સ્વામી શું જગત્માં આવો ન્યાય પ્રવર્ત્તાવે છે? લોકોમાં અગ્રેસર ગણાતા એવા તારા સ્વામીની અહા! કેવી કુલીનતા છે! આ ઉપરથી મને એમ લાગે છે કે તેણે પોતાના દેશમાં રહેલી અનેક કુલસ્ત્રીઓને ભ્રષ્ટ કરી હશે! કેમકે યુવાન માર્જારની પાસે દુધનું રક્ષણ કેમ થઈ શકે? અમારી ઉપર તો તેનો સ્વામિત્વ હક શા માટેજ હોય, પણ આવો માર્ગ લેવાથી બીજે ઠેકાણે પણ તેનો સ્વામિત્વ હક હશે તે થોડા વખતમાં ચાલ્યો જવાનો છે. તે શાલિના ભોજનની પેઠે હવે જો જીવવાથી તૃપ્ત થઇ ગયો હોય તો સ્વયંપ્રભાને લેવાને પોતે જાતે ખુશીથી અહીં આવે; હે દૂત! તું હવે અહીંથી શીઘ્ર ચાલ્યો જા, કેમકે દૂતપણાને લીધે તું અવધ્ય છે. વળી અહીં આવેલા તે હયગ્રીવનેજ હણવાને અમે ઇચ્છીએ છીએ." આ પ્રમાણે કહેવાથી જાણે ચાબુક મારી હોય તેમ તે દૂત ઉતાવળો ઉતાવળો ત્યાંથી નીકળીને એકદમ અશ્વગ્રીવ રાજા પાસે આવ્યો, અને સર્વ વૃત્તાંત તેમને નિવેદન કર્યું. આ વૃત્તાંત સાંભળીને હયગ્રીવનાં નેત્ર રાતાં થઇ ગયાં, દાઢો અને કેશ સ્ફુરવા લાગ્યા, દાંતો વડે તે હોઠ કરડવા લાગ્યો, શરીર ધ્રુજવા લાગ્યું; અને ભયંકર ભ્રકુટીથી તેનું લલાટ વિકટ જણાવા લાગ્યું. એવું ઉગ્રરૂપ કરી તેણે અવજ્ઞા અને કોપ સહિત વિદ્યાધરોના અધિપતિઓને આ પ્રમાણે કહ્યું-" અહા! જ્વલનજટિને દૈવે કેવી દુર્બુદ્ધિ આપી કે જેથી સૂર્યની સામો જેમ કાકીડો થાય તેમ તે મારી સામો થયો! તેનું કુલીનપણું કેવું કે જેણે મારા જેવા યોગ્યને છોડી પોતાની પુત્રીને પ્રજાપતિ રાજાના પુત્રની સાથે પરણાવી. એક સર્વ મૂર્ખમાં શિરોમણિ મૂર્ખ તો જ્વલનજટી, બીજો પ્રજાપતિ, ત્રીજો સાવકી બહેનનો પુત્ર ત્રિપૃષ્ટ અને ચોથો સગપણની ગણત્રીવડે થયેલો પોતાના પિતાનો સાળો અચલકુમાર, એ સર્વે નિર્લજ્જ થઈ મરવાનેજ ઇચ્છનારા છે, અને તેથીજ સિંહની સામે શીયાળની જેમ તેઓ મારી સામે લડવાને ઇચ્છે છે. તેથી હે વિદ્યાધરો! પવન જેમ મેઘને, સિંહ જેમ હરિણોને અને કેસરી જેમ હાથીઓને પરાભવ પમાડે તેમ તમે જઈ ને તેમનો પરાજય કરો." જેમના હાથમાં રણ કરવાની કંડૂ આવ્યા કરતી હતી એવા તે વિદ્યાધરો તૃષાવાળા પુરૂષો જેમ જળ મળવાથી હર્ષ પામે તેમ પોતાના પ્રભુની આવી આજ્ઞાથી ઘણો હર્ષ પામ્યા. તે પરાક્રમી વીરો જુદા જુદા યુદ્ધની પ્રતિજ્ઞા કરતા જાણે આકાશને ફોડતા હોય તેમ ભુજાઓના આસ્ફોટ કરવા લાગ્યા. સંગ્રામના કૌતુકથી મિત્રોની જેમ અમિત્ર-શત્રુઓ ઉપર ઉત્કંઠા બતાવતા 'મારી પહેલાં બીજો જીતે નહી" એવું પરસ્પર ધારીને ત્વરા કરવા લાગ્યા. ચાબુકોથી ઘોડાઓને, અંકુશથી હાથીઓને, પરોણાથી વૃષભોને અને લાકડીઓથી ઉંટોને પ્રહાર કરીને ઉતાવળે ચલાવવા લાગ્યા. તીક્ષ્ણ તલવારોને નચાવતા, સ્ફુર જાતના અસ્ત્રોને વિસ્તારતા, ભાથાઓને સજ્જ કરતા, ધનુષની પણછનો ટંકાર કરતા, મુદ્ગરોને ભમાડતા, મોટી ગદાઓને ચલિત કરતા, ત્રિશલ્પીને ફોડતા અને પરિઘ (ભૂગલ)ને ધારણ કરતા તે વીરો કોઈ આકાશ માર્ગે અને કોઈ પૃથ્વી માર્ગે યુદ્ધના કૌતુકવડે એકદમ પોતનપુર આવી પહોંચ્યા. તેઓનો દૂરથી મોટો કોલાહાલ સાંભળીને 'આ શું?' એમ પ્રજાપતિ રાજા એકાએક સંભ્રમ પામ્યો.

ત્યારે જ્વલનજટીએ કહ્યું–" આ અશ્વગ્રીવ રાજાની આજ્ઞાથી તેના સુભટો આવે છે તો તે ભલે આવે, તમે મારૂં યુદ્ધકૌતુક જુઓ! મારી પહેલાં ત્રિપૃષ્ટકુમારને કે અચલકુમારને યુદ્ધ કરવાની જરૂર નથી." આ પ્રમાણે ઉત્સુક થઈને જ્વલનજટી પરિકર બાંધી યુદ્ધ કરવા તૈયાર થયો.

અશ્વગ્રીવના તમામ સુભટો તેની ઉપર એક સાથે ક્રોધથી પ્રહાર કરવા લાગ્યા; કારણકે જ્યારે પોતાના પક્ષનો માણસ પરપક્ષમાં જોવામાં આવે છે ત્યારે વિશેષ ક્રોધ ઉત્પન્ન થાય છે. અપવાદ રહિત એવા જ્વલનજટીએ 'અપવાદથી * ઉત્સર્ગની જેમ તેઓના શસ્ત્રોનો પોતાના શસ્ત્રોથી નાશ કર્યો; અને પછી ઉત્પાતકાલનો મેઘ જેમ કરાની વૃષ્ટિથી હાથીઓને ઉપદ્રવ પમાડે તેમ પોતાના તીક્ષ્ણ બાણોની વૃષ્ટિથી તે સર્વ સુભટોને ઉપદ્રવિત કર્યા. સહજવારમાં વાદી જેમ સર્પોના ગર્વને હરી લે, તેમ તેઓના વિદ્યાબલ અને ભુજબલના ગર્વને જ્વલનજટીએ હરી લીધો. પછી તેઓને કહ્યું–" અરે વિદ્યાધરો! ચાલ્યા જાઓ, અનાથ અને ગરીબ એવા તમને કોઇ મારશે નહીં. હવે તમારા હયગ્રીવને મધ્યમાં સ્વામી કરીને રથાવર્ત્ત પર્વત ઉપર આવો, અમે પણ ત્યાં થોડા સમયમાં આવી પહોંચશું."

આ પ્રમાણે અવજ્ઞાથી કહ્યું, એટલે તે હયગ્રીવના સુભટો ભય પામી પ્રાણ લઇને કાગડાની જેમ ત્યાંથી નાસી ગયા, અને જાણે મસીથી લીપાયેલા હોય તેમ ઘણી લજ્જાથી જેમના મુખ મલિન થયેલાં છે એવા તે સુભટોએ મયૂરગ્રીવના પુત્ર અશ્વગ્રીવ પાસે આવીને તે વૃત્તાંત કહ્યું. તેઓની વાણીથી આહૂતિવડે અગ્નિની જેમ નીલાંજનાનો પુત્ર અને અક્ષય ભુજપરાક્રમવાળો અશ્વગ્રીવ રાજા, કોપથી રાતા વિકરાળ નેત્ર કરી અને રાક્ષસની પેઠે ભયંકર રૂપ ધરી પોતાના સામંત, અમાત્ય અને સેનાપતિ વિગેરેને આ પ્રમાણે આજ્ઞા કરવા લાગ્યો–" અરે વીરો! સર્વ પ્રકારની તૈયારીથી તમે સત્વર આવો, અને ઉછળતા સમુદ્રની જેમ બધું સૈન્ય એક સાથે પ્રયાણ કરે તેમ કરો. કારણકે ધૂમાડો જેમ મસલાંનો સંહાર કરે તેમ ત્રિપૃષ્ટ, અચલ અને જ્વલનજટી સહિત પ્રજાપતિ રાજાનો હું સંગ્રામમાં સંહાર કરીશ." આ પ્રમાણે કોપ સહિત અને ઉગ્ર એવો અશ્વગ્રીવ રાજા બોલી રહ્યો એટલે બુદ્ધિના ગુણગ્રામનું મંદિર એવા મુખ્ય પ્રધાને તેને આ પ્રમાણે કહ્યું–" આપ મહારાજાએ પૂર્વે લીલા માત્રમાં આ ત્રિખંડ ભરતક્ષેત્રને જીતી લીધું છે અને તે આપની કીર્ત્તિ તથા લક્ષ્મીની વૃદ્ધિને માટે થયેલું છે. તેમજ સર્વ પરાક્રમીઓમાં આપ અગ્રેસર થયા છો, તો આ એક માત્ર સામંતરાજાનો વિજય કરવા માટે તમે પોતે તૈયાર થયા છો તો હવે તેથી તમે વિશેષ શી કીર્ત્તિ અને શી લક્ષ્મી મેળવશો? પરાક્રમી પુરૂષોનો હીન પુરૂષના વિજયથી કાંઇપણ ઉત્કર્ષ થતો નથી. કારણકે " **હાથીને વિદારણ કરનાર કેસરીસિંહની એક હરિણ મારવાથી શી પ્રશંસા થાય!** " પણ કદિ જો હીન પુરૂષને દૈવયોગે વિજય થાય તો પૂર્વે ઉપાર્જેલો સર્વ યશોરાશિ એકી સાથે ચાલ્યો જાય છે. કેમકે **રણની ગતિ વિચિત્ર છે.** વળી સિંહના વધથી અને ચંડસિંહના ઘર્ષણની પ્રતીતિથી નિમિત્તિયાની સત્ય વાણી તરફ જોતાં તે મોટું શંકાનું સ્થાન છે. માટે હે પ્રભુ! આ વખતે છ ગુણોમાંથી આસનનો ગુણ ધારણ કરવો ઉચિત છે. **મોટો હાથી પણ અજ્ઞાતપણે દોડવાથી કાદવમાં**

* જૈનસિદ્ધાંતમાં ઉત્સર્ગ માર્ગ અને અપવાદ માર્ગ એમ બે પ્રકારના માર્ગો કહેલા છે. તેમાં ઉત્સર્ગ એ મુખ્ય વિધિમાર્ગ છે, અને યોગ્ય અવસરે તેમાં ફેરફાર કરવાનો રસ્તો બતાવેલો છે તે **અપવાદ માર્ગ કહેવાય છે.**

ખુંચી જાય છે. આ બાળક સાહસ કરનારો છે, તેથી કદિ અષ્ટાપદની જેમ એકદમ ઉછળીને તે પોતાનોજ ભંગ કરશે તો તમારૂં હિત અહીં બેઠા બેઠા સિદ્ધ થશે. હે પૃથ્વીપતિ! જો કદિ આમ બેસી રહેવાનું સહન કરવાને તમે અસમર્થ હો તો તમારા સૈન્યને તેની સામે જવાની આજ્ઞા કરો. કેમકે તમારા સૈન્યના પરાક્રમને પણ કોણ સહન કરી શકે એમ છે?"

રાજાએ અભિમાનના આવેશથી મંત્રીની આવી સત્ય અને હિતકારી વાણીનો અનાદર કર્યો. **ગર્વરૂપી મદિરાના કેફવાળા પુરૂષોને ચેતના ક્યાંથી હોય!** 'અરે મંત્રી! તું કાયર જણાય છે.' એ પ્રમાણે કહી મંત્રીનો તિરસ્કાર કરી કોપ પામેલા રાજાએ સેવકોની પાસે તરતજ પ્રસ્થાનનો દુંદુભિ વગડાવ્યો. તે દુંદુભિના શબ્દથી જાણે પાસેજ રહ્યા હોય તેમ સર્વ સૈનિકો સર્વ સામગ્રીસાથે દૂરથી પણ તત્કાળ ત્યાં આવીને એકઠા થયા. પછી અશ્વગ્રીવે સ્નાનગૃહમાં જઈ ગંગાના નિર્મલ અને ઊંચા તરંગોવડે હંસની જેમ ઝારીઓમાંહેના નિર્મળ જળવડે સ્નાન કર્યું, અને રેશમી વસ્ત્રથી શરીરને લુંછી દીવ્ય ધૂપવડે ધૂપિત થયો. પછી નંદનવનમાંથી લાવેલા ગોશીર્ષચંદનવડે તેણે શરીરે વિલેપન કરી, છેડાવાળું શ્વેત વસ્ત્ર ધારણ કરી, તલવાર બાંધી, પુરોહિતે જેને તિલક કરેલું છે એવો એ રાજાઓમાં તિલકરૂપ મહારાજા ચારણભાટોથી સ્તુતિ કરાતો, ઉજ્જ્વલ છત્ર અને ચામર સહિત, મદથી પૃથ્વીનું સિંચન કરતા એવા એક મોટા હાથી ઉપર આરૂઢ થયો. અનિવાર્ય શક્તિવાળા હાથીઓ, અશ્વો અને રથોથી પરિવારિત થઈ અશ્વગ્રીવ રાજા પર્વતોને પણ ચલાયમાન કરતો ત્યાંથી ચાલ્યો. માર્ગમાં ચાલતાં પ્રચંડ પવનથી હીંચકા ખાતા એવા તેના છત્રનો દંડ વૃક્ષની જેમ ભાંગી ગયો; અને વૃક્ષપરથી પુષ્પની જેમતેમજ આકાશમાંથી તારાની જેમ અશ્વગ્રીવના મસ્તક ઉપરથી છત્ર ભૂમિ પર પડી ગયું. જ્યેષ્ઠ માસમાં સરોવરની જેમ અને શરદૃતુમાં કાદવની જેમ તેના હાથીનો મદ તરત સુકાઈ ગયો; જાણે કાળથી ભય પામ્યો હોય તેમ તેણે મૂત્રોત્સર્ગ કરવા માંડયો અને વિરસપણે ગર્જના કરી પોતાનું મસ્તક નીચું નમાવ્યું. ચારે તરફ રજની વૃષ્ટિ, રૂધિરની વૃષ્ટિ, દિવસે નક્ષત્રોનું અવલોકન, ઉલ્કાપાત અને વિજળીનું પડવું ઇત્યાદિક ઉત્પાતો થવા લાગ્યા. ઊંચું મુખ કરી શ્વાનો દીન સ્વરે રોવા લાગ્યા, શશલાઓ પ્રગટ થવા લાગ્યા, ચિલ્લાઓ આકાશમાં ફરવા લાગ્યા, કાકોલ પક્ષીઓ પોકારવા લાગ્યા, માથાં ઉપર ગીધ પક્ષીઓ વધવા લાગ્યા, અને કપોત પક્ષી ધ્વજા ઉપર આવી બેઠો. આ પ્રમાણે અશ્વગ્રીવ રાજાને અપશુકનો થયાં. આવાં નઠારાં શુકનોને પણ અવગણીને યમરાજના પાસથી જાણે આકર્ષાયો હોય તેમ તે ઉચ્છૃંખલ થઇને આગળ ચાલ્યો. તે વખતે આવા અપશુકનો થવાથી ઉત્સાહ રહિત થયેલા વિદ્યાધરો અને રણની ઉત્કંઠા વગરના રાજાઓ સ્વાધીન છતાં પણ જાણે તેઓને વેઠે પકડયા હોય તેમ આવી આવીને અશ્વગ્રીવને વીંટાઈ વળ્યા. સંપૂર્ણ સૈન્યવાળો થયેલ તે હયગ્રીવ અનુક્રમે પ્રયાણો કરતો કરતો રથાવર્ત્તને પરિસ્કાર કરનારા એવા રથાવર્ત્ત પર્વત સમીપે આવી પહોંચ્યો. ત્યાં જાણે વૈતાઢય ગિરિ હોય તેમ એ પર્વતની નીચેની ભૂમિ ઉપર અશ્વગ્રીવના હુકમથી વિદ્યાધરોના સૈન્યોએ નિવાસ કર્યો.

આ તરફ પોતનપુરમાં વિદ્યાધરોના રાજા જ્વલનજટીએ બલભદ્ર અને વાસુદેવને કહ્યું "તમારામાં સ્વાભાવિક એવી શક્તિ છે કે જેની સામે કોઈપણ ટકી શકે તેમ નથી. તથાપિ પ્રેમવડે ભીરૂ થઈ હું તમને કહું છું; કારણકે **પ્રેમ અસ્થાને પણ ભય બતાવનાર છે.** વિદ્યાથી દુર્મદ, બલવાન, તીવ્ર, અનેક રાજાઓની સહાયવાળો, નિરંતર વિજય કર-

નારો અને ઊંચી ગ્રીવાવાળો એ અશ્વગ્રીવ કોને શંકા કરવા યોગ્ય નથી ? જોકે એક વિદ્યા સિવાય તમારા બંનેને હયગ્રીવથી કાંઈપણ ન્યૂન નથી. વિદ્યા વિના પણ તમે તેને હણવાને સમર્થ છો. તે છતાં હું તમને પ્રાર્થના કરું છું કે તમારે વિદ્યાસિદ્ધિને માટે જરા શ્રમ કરવો; જેથી તેનું વિદ્યાવડે કરેલું માયાયુદ્ધ પણ વ્યર્થ જાય.” જ્વલનજટીનાં આવાં વચનોનો સ્વીકાર કરી, તેઓ શુદ્ધ વસ્ત્ર પહેરી વિદ્યાનું આરાધન કરવાને તૈયાર થયા. જ્વલનજટીએ તેમને વિદ્યા શિખવી, એટલે તે મંત્રબીજના અક્ષરોને મનમાં સ્મરણ કરતા બંને ભાઇઓએ એકાગ્ર ચિત્તે સાત રાત્રિ નિર્ગમન કરી. સાતમે દિવસે શેષનાગને પણ કંપ થયો, અને સર્વ વિદ્યાઓ ધ્યાનારૂઢ એવા બલભદ્ર તથા વાસુદેવને પ્રાપ્ત થઇ. ગારૂડી, રોહિણી, ભુવનક્ષોભણી, કૃપાણસ્તંભની, સ્થામશુંભની, વ્યોમચારિણી, તમિસ્રકારિણી, સિંહત્રાસિની, વૈરિમોહિની, વેગાભિગામિની, દિવ્યકાસિની, રંધ્રવામિની, કૃશાનુવર્ષિણી, નાગવાસિની, વારિશોષણી, ધરિત્રવારિણી, બંધમોચની, વિમુક્તકુંતળા, નાનારૂપિણી, લોહશૃંખલા, કાલરાક્ષસી, છત્રદશદિકા, ક્ષણશૂલિની, ચંદ્રમૌલિ, રૂક્ષમાલિની, સિદ્ધતાડનિકા, પિંગનેત્રા, વનપેશળા, ધ્વનિતા, અહિકૃણા, ઘોષિણી અને ભીરૂભીષણા; આ પ્રમાણેના નામોવાળી વિદ્યાઓએ આવીને કહ્યું-‘અમે તમારે વશ છીએ, વિદ્યા સિદ્ધ થવાથી બંને જણા ધ્યાનમુક્ત થયા. **મહાત્માઓને પુણ્યના આકર્ષણથી શું શું પ્રાપ્ત નથી થતું ?**

પછી ત્રિપૃષ્ટ વાસુદેવે પોતાના જ્યેષ્ઠ બંધુ અચલ બલભદ્ર સાથે પ્રજાપતિ અને જ્વલનજટી વિગેરેથી યુક્ત એવું મોટું સૈન્ય લઈ શુભ દિવસે પ્રયાણ કર્યું. જાણે ગરૂડો હોય તેવા વેગવાન્ મોટા પંચરંગી અશ્વોથી, જાણે જયલક્ષ્મીના મંદિરો હોય તેવા શત્રુઓને આસ્કંદ કરનારા રથોથી, ઐરાવત હસ્તીને ઉલ્લંઘન કરનારા મદોદ્ધત હાથીઓથી, જાણે કેશરીસિંહ હોય તેવા ફાલ ભરીને ચાલતા ઉત્તમ પેદલોથી અને આકાશચારી તથા ભૂમિચારી લોકોથી આકાશ અને ભૂમિને આચ્છાદન કરતો, સ્વજનોની જેમ અનુકૂલ શકુનોએ પ્રેરેલો, વાજિંત્રોના નાદથી અને અશ્વ તથા ગજોના શબ્દોથી દિશાઓને ભેદતો અને મોટા સૈન્યોના ભારથી પૃથ્વીને કંપાવતો ત્રિપૃષ્ટ વાસુદેવ, પોતાના દેશના સીમાડાપર રહેલો જાણે શિલાસ્તંભ (પાળીઓ) હોય તેવા રથાવર્ત્ત પર્વત પાસે આવી પહોંચ્યો. બંને સૈન્યમાં ‘તમે આ યુદ્ધભૂમિમાં સભ્ય થવા માટે આવો ’ એમ પોતાના સ્વરવડે જાણે દેવતાઓને બોલાવતા હોય તેમ વાજિંત્રો વાગવા લાગ્યા. દેવ અને દૈત્યના ઇંદ્રોની જેમ રણની ઉત્કંઠાવાળા ત્રિપૃષ્ટ અને અશ્વગ્રીવના સૈન્યો સામસામા આવીને સ્થિત થયા. કવચ ધરીને સજ્જ થયેલા એ બંને સૈન્યોનો કોલાહલ, અશ્વસૈન્યે ચૂર્ણ કરેલી પૃથ્વીની રજની જેમ દિશાઓમાં વ્યાપી ગયો. સૈન્યના નિશાનની ધ્વજાઓ ઉપર રહેલા સિંહ, અષ્ટાપદ, ચિત્તા, હાથી અને વાનરોથી સર્વ આકાશ ભયંકર અરણ્યના જેવું દેખાવા લાગ્યું. નારદના જાણે બંધુ હોય તેમ કલહક્રીડા કરાવવામાં કુતૂહલવાળા અને સુભટોને ઉત્સાહ આપવામાં ચતુર એવા ભાટચારણો રણભૂમિમાં ફરવા લાગ્યા.

ત્યારપછી બંને સૈન્યોએ યુદ્ધનો આરંભ કર્યો. તેઓના બાણોની શ્રેણીથી જાણે આકાશમાં પક્ષીઓ ઉડતા હોય તેવો દેખાવ થઈ રહ્યો. તે વખતે અરણ્યમાં વૃક્ષની શાખાઓના અગ્રભાગના પરસ્પર સંઘર્ષથી જેમ દાવાનળ ઉત્પન્ન થાય તેમ તે બંને સૈન્યના સૈનિકોના યુદ્ધમાં પરસ્પર અથડાતા શસ્ત્રોથી અગ્નિ ઉત્પન્ન થયો. સમુદ્રમાં પરસ્પર અથડાવાથી જેમ અનેક જલજંતુઓનો વિનાશ થાય તેમ શસ્ત્રાશસ્ત્રવડે યુદ્ધ કરનારા અમિત પરાક્રમી અનેક સુભટોનો તે રણભૂમિમાં વિનાશ થયો. થોડીવારમાં સમુદ્રની વેલા જેમ

નદીના જળને પરાઙ્મુખ કરે તેમ ત્રિપુષ્ટ વાસુદેવની અગ્રસેનાએ અશ્વગ્રીવની સેનાને પરાઙ્મુખ કરી. તત્કાળ પોતાના અગ્ર સૈન્યનો ભંગ થતો જોઈને જાણે આંગળીના અગ્ર ભાગનો ભંગ થયો હોય તેમ અશ્વગ્રીવના પક્ષના વિદ્યાધરો ઘણા કોપાયમાન થયા. પ્રચંડ ભુજવાળા તેઓ રણભૂમિમાં એટલા બધા ઉત્કટ થઈ ગયા કે જાણે યમરાજના સચીવપણાની મુદ્રાને પ્રાપ્ત કરી આવેલા પિશાચ હોય તેવા તેઓ જણાવા લાગ્યા. તેઓમાં વિકટ અને ઉત્કટ દાંતવાળા, વિશાળ વક્ષસ્થલવાળા તેમજ શ્યામ અને ભયંકર આકૃતિવાળા રાક્ષસો, જાણે અંજનાચલ પર્વતના શિખરો હોય તેવા જણાવા લાગ્યા, કેટલાએક વિદ્યાધરો પુંછડારૂપી હળના પછાડવાથી પૃથ્વીને ફાડી નાખતા અને મંડલાગ્રની ક્રિયાને કરનારા નખોવાળા કેશરીસિંહો થયા; કેટલાએક પોતાની શુંઢોથી તૃણના પુળાની જેમ હસ્તીઓને આકાશમાં ઉછાળનારા તેમજ જાણે ઊંચા શિખરોવાળા પર્વતો હોય તેવા અષ્ટાપદ પશુઓ થયા; કેટલાએક પુંછડાઓને પૃથ્વીપર પછાડતા અને દાંતથી વૃક્ષોને મરડી નાખતા સિંહ તથા હસ્તીની આકૃતિ જેવા પણ વિકરાળ એવા વરાળ જાતના પશુઓ થયા; અને બીજા કેટલાએક ચિત્તા, સિંહ, વૃષભ, દંશ અને નાર વિગેરે શિકારી પ્રાણીઓનાં રૂપ કરીને તૈયાર થયા. પછી જાણે યમરાજને બોલાવતા હોય તેમ ભયંકર શબ્દો કરતા તે વિદ્યાધરો વેગથી ત્રિપૃષ્ટના સૈન્યને ઉપદ્રવ કરવા લાગ્યા. તેથી જેઓના મુખ ગ્લાનિ પામી ગયા છે અને જેમનો ઉત્સાહ ભંગ થઈ ગયો છે એવા પ્રજાપતિ રાજાના પુત્ર ત્રિપૃષ્ટ વાસુદેવના સુભટો તત્કાળ વિચાર કરવા લાગ્યા કે "અહા ! આ શું થયું ? શું અમે માર્ગની ભ્રાંતિથી આ યમરાજના નગરમાં આવ્યા ? અથવા શું રાક્ષસોના નિવાસસ્થાનમાં આવ્યા કે ભયંકર વિંધ્યસ્થળમાં આવ્યા ? અથવા શું અશ્વગ્રીવની આજ્ઞાથી આ સર્વ ભૂત અને ક્રૂર પ્રાણીઓ અમોને હણી નાખવાને માટે પોતપોતાના સ્થાનકોથી અહીં આવ્યા છે ? ખરેખર એક કન્યાને નિમિત્તે આ પ્રલયકાલ પ્રાપ્ત થયો છે. આ સમયમાં જો ત્રિપૃષ્ટ રાજા પોતે જય મેળવે તો અમારો પુરૂષાર્થ રહ્યો એમ સમજવાનું છે." આ પ્રમાણે ચિંતામાં નિમગ્ન અને બુદ્ધિ રહિત થયેલા તે સુભટો જ્યારે રણમાંથી પાછા વળવાને ઇચ્છવા લાગ્યા ત્યારે જ્વલનજટીએ આવી ત્રિપૃષ્ટને કહ્યું–" આ સર્વ વિદ્યાધરોની કેવળ માયા છે; આમાં કાંઈપણ સત્ય નથી, હું તે બરાબર જાણું છું. કારણકે સર્પનો ઘસારો સર્પજ જાણે. બીજો ન જાણે. એ મંદ બુદ્ધિવાળા વિદ્યાધરોએ આવી માયા બતાવીને પોતાની અશક્તિ બતાવી આપી છે. કારણકે શક્તિવાન્ એવો કયો પુરુષ આવી બાળકને બીવરાવવા જેવી ઇચ્છા કરે ? માટે હે મહાવીર ! બેઠા થાઓ, રથ ઉપર આરૂઢ થાઓ, અને આ શત્રુઓને માનરૂપી ઊંચા પર્વત ઉપરથી હેઠા ઉતારો. કિરણોથી ઉદ્યત થયેલા સૂર્યની જેમ તમે રથારૂઢ થશો ત્યારે પછી કયા પુરૂષનું તેજ વૃદ્ધિ પામશે?" આ પ્રમાણે જ્વલનજટીએ કહ્યું, એટલે મહારથીઓમાં અગ્રેસર એવો ત્રિપૃષ્ટ વાસુદેવ સૈન્યને આશ્વાસન આપી મોટા રથ ઉપર આરૂઢ થયો, અને મોટી ભુજાવાળા અચલ બલરામ પણ સંગ્રામના રથ ઉપર બેઠા. કારણકે બીજી કોઇ વખતે પણ પોતાના લઘુ બંધુને એકલા મૂકતા નહીં તો યુદ્ધ વખતે તો તેને એકલા કેમજ મૂકે ? પછી સિંહો જેમ ગિરિના શિખરો ઉપર ચડે તેમ જ્વલનજટી વિગેરે વિદ્યાધરો પણ રથો ઉપર આરૂઢ થયા. તે વખતે વાસુદેવના પુણ્યથી આકર્ષાયેલા દેવતાઓએ આવીને ત્રિપૃષ્ટ વાસુદેવને શાર્ઙ્ગ નામે દિવ્ય ધનુષ, કૌમોદકી નામે ગદા, પાંચજન્ય નામે શંખ, કૌસ્તુભ નામનો મણિ, નંદક નામે ખડગ અને વનમાળા નામે એકમાળા અર્પણ કરી. તેમજ બલભદ્રને

સંવર્તક નામે હળ, સૌનંદ નામે મુશળ અને ચંદ્રિકા નામની ગદા આપી. તેઓને આ પ્રમાણેનાં દિવ્ય શસ્ત્રો મળેલાં જોઇને હર્ષ પામેલા સર્વે સુભટો જાણે યમરાજના પુત્રો હોય તેમ એકઠા થઇને પૂર્ણ પરાક્રમ બતાવતા અધિક યુદ્ધ કરવા લાગ્યા. પછી ત્રિપૃષ્ટે યુદ્ધરૂપી નાટકમાં નાંદીરૂપ અને શબ્દથી દિશાઓના મુખને પૂરનારો પાંચજન્ય નામનો શંખરત્ન ફુંકયો.

સંવર્ત્ત પુષ્કરાવર્ત્ત નામના પ્રલય મેઘની ગર્જના જેવા તે શંખના નાદથી અશ્વગ્રીવના સર્વ સૈનિકો ક્ષોભ પામી ગયા; તે વખતે કેટલાએકના હાથમાંથી વૃક્ષોનાં પત્રોની જેમ શસ્ત્રો પડી ગયાં, કેટલાએક જાણે અપસ્માર વ્યાધિવાળા હોય તેમ પોતેજ પૃથ્વી ઉપર પડી ગયા, કોઈ શિયાળની જેમ ભીરૂ થઇ નાસી ગયા, કોઇ સસલાની જેમ નેત્ર આડા હાથ દઇને સંતાઈ ગયા, કોઈ ઘુવડ પક્ષીની જેમ ગુફામાં પેસી ગયા, અને કોઇ જળની બહાર મૂકેલા શંખલાની જેમ ખળભળવા લાગ્યા.

સમુદ્રના શોષણની જેમ પૂર્વે કદિ નહીં થયેલ પોતાના સૈન્યનો ભંગ સાંભળીને અશ્વગ્રીવે પોતાના સુભટોને કહ્યું–" અરે! વિદ્યાધરો! વૃષભના નાદથી જેમ વનમાં મૃગલા નાસી જાય, તેમ ફક્ત શંખના નાદથી ત્રાસ પામીને તમે કેમ નાસી જાઓ છો? તમે એ ત્રિપૃષ્ટ અને અચલનું શું પરાક્રમ જોયું કે જેથી ચાડીયા રૂપે ઉભા કરેલા પુરૂષના દર્શનથી પશુઓ નાસી જાય તેમ તમે ત્રાસ પામી જાઓ છો? આજ સુધી વિવિધ યુદ્ધની અંદર મેળવેલો યશ તમે હારી જાઓ છો; કારણકે ધોયેલા શ્વેત વસ્ત્ર ઉપર પડેલો લેશ માત્ર પણ કાજલનો ડાઘ તે વસ્ત્રની શોભાને ઘટાડે છે. દૈવયોગે તમારામાં જે આ સ્ખલિતપણું આવી ગયું છે તેને નિવૃત્ત કરો. આકાશચારી એવા તમારી આગળ એ ભૂચર મનુષ્યો શા હિસાબમાં છે? તમે યુદ્ધ કરો, અથવા જો અશક્ત હો તો કેવળ સહ્ય થઈને ઉભા રહો; હું અશ્વગ્રીવરાજા રણભૂમિમાં કોઇની સહાયની દરકાર કરતો નથી."

આ પ્રમાણે અશ્વગ્રીવે કહ્યું, એટલે લજ્જાથી નીચાં મુખ કરી સર્વ વિદ્યાધરો પર્વતથી સ્ખલના પામેલા સમુદ્રની જેમ પાછા વળ્યા. પછી અશ્વગ્રીવ પણ રથમાં બેસી અત્યગ્ર થઇ ક્રૂર ગ્રહની જેમ શત્રુઓનો ગ્રાસ કરવાને આકાશમાર્ગે ચાલ્યો; અને જાણે નવીન અસ્ત્રોનો મેઘ હોય તેમ બાણોથી, શસ્ત્રોથી અને બીજા અસ્ત્રોથી તેણે ત્રિપૃષ્ટના સૈન્ય ઉપર વૃષ્ટિ કરવા માંડી. એ અસ્ત્રોની વૃષ્ટિથી ત્રિપૃષ્ટનું બધું સૈન્ય ગ્લાનિ પામવા લાગ્યું; કારણકે ભૂમિચર મનુષ્યો કદિ ધીર હોય તોપણ આકાશચારીઓની સામે શું કરી શકે? પછી બલરામ, ત્રિપૃષ્ટ અને જ્વલનજટી રથમાં બેસી પોતાના વિદ્યાધર સુભટોની સાથે આકાશમાં ઉડયા; અને બંને પક્ષના વિદ્યાધરો આકાશમાં રહીને ગુરૂની પાસે જેમ પરીક્ષા આપે તેમ પરસ્પર પોતાની વિદ્યાશક્તિ બતાવતા અધિકાધિક યુદ્ધ કરવા લાગ્યા. તે વખતે બંને સૈન્યના ભૂચર વીરો પણ વનમાં જેમ હાથી લડે તેમ પરસ્પર ઘણો ક્રોધ કરીને યુદ્ધ કરવા લાગ્યા. થોડીવારમાં શસ્ત્રોથી પરસ્પર પ્રહાર કરતા એવા વિદ્યાધરોના રૂધિરની પૂર્વે કદિ નહીં થયેલી અને જાણે ઉત્પાતકારી હોય તેવી વૃષ્ટિ થવા માંડી; પરસ્પર આઘાતના શબ્દોથી ગગનને ગજાવતું દંડના નાદથી સંગીત જેવું જણાતું દંડાદંડી યુદ્ધ કેટલાએક વિદ્યાધરો કરવા લાગ્યા. ઉદંડ ભુજાથી પ્રચંડ એવા કોઈ ડંકાઓથી ઢોલની જેમ અડ્ડુગ-દંડવડે શત્રુઓને મારવા લાગ્યા; બીજાનો યુદ્ધમાં જય નહીં સહન કરનારા કોઈ પરસ્પર મળતી વખત કાંસીના તાલની જેમ વિશાળ સ્ફુરક જાતિના શસ્ત્રોનું આસ્ફોટન કરવા લાગ્યા; મેઘ જેમ વિજળીને ફેંકે તેમ કોઇ આકાશપર રસ્તાને પાડતા તડતડ શબ્દ કરતી

શક્તિઓને ફેંકવા લાગ્યા; કોઇ ભયંકર સર્પોની જેવા શલ્યોની વૃષ્ટિ કરવા લાગ્યા, અને કોઇ જાણે બીજા ગરૂડો હોય તેવા પત્રોથી સ્ફુરાયમાન પત્રી જાતના શસ્ત્રોને વર્ષાવવા લાગ્યા. એવી રીતે બંને સૈન્યમાં ઉછળતા અને પડતા એવા આયુધોથી આકાશ અને પૃથ્વી જાણે વિવિધ જાતનાં શસ્ત્રોથી વ્યાપ્ત હોય તેમ દેખાવા લાગ્યું. કોઇ તરત છેદીને હાથમાં ગ્રહણ કરેલા શત્રુઓના મસ્તકોવડે જાણે ઉદ્ભટ ક્ષેત્રપાલો હોય તેમ રણભૂમિમાં દેખાવા લાગ્યા. હાથીના મુખથી જેમ ગણપતિ અને ઘોડાઓના મુખથી જેમ કિંનરો ઓળખાય તેમ કબંધ ઉપર પડેલા હાથી અને અશ્વોના મસ્તકોને લીધે અનેક સૈનિકો તેવા દેખાવા લાગ્યા. તરત છેદાઇને ઘણીવાર કટીભાગ ઉપર પડેલા પોતાના મસ્તકવડે નાભિ ઉપર મુખવાળા ભૂત હોય તેમ કેટલાક જણાવા લાગ્યા. કોઈ વીર પુરૂષોના કબંધો દેવીના સ્વયંવરથી જાણે ઘણો હર્ષ પામ્યા હોય તેમ નૃત્ય કરવા લાગ્યા. કોઈના મસ્તકો છુટા પડી ગયા છતાં પણ જાણે કબંધ ઉપર ચડવાને આદરથી મંત્રો બોલતા હોય તેમ હુંકાર શબ્દો કરવા લાગ્યા.

આ પ્રમાણે કલ્પાંત કાળની જેવો ભયંકર સંગ્રામ પ્રવર્ત્યો. તે વખતે ત્રિપૃષ્ટ વાસુદેવે પોતાનો રથ અશ્વગ્રીવના રથની સામે હંકાર્યો. મહારથીઓમાં અગ્રણી એવા બલરામ પણ સ્નેહના ગુણથી આકર્ષાઇ પોતાના અનુજ ત્રિપૃષ્ટના રથની પાસે પોતાના રથના ઘોડા પ્રેરીને આવ્યા. તે વખતે અશ્વગ્રીવ અત્યંત ક્રોધથી રાતાં થયેલાં નેત્રો પ્રસારી તેમની સામે જોતો જોતો જાણે તે બંનેનું પાન કરી જવાને ઇચ્છતો હોય તેમ બોલ્યો–"અરે ! તમારા બંનેમાં મારા ચંડસિંહ દૂતપર ધસારો કરનાર કોણ છે ? અને પશ્ચિમ દિશાના અંતમાં રહેલા સિંહનો ઘાત કરીને દુર્મદ થનારો કોણ છે ? પોતાનાજ વધને માટે વિષ-કન્યા જેવી જ્વલનજટીની સ્વયંપ્રભા કન્યાને કોણ પરણ્યો છે ? વાનર જેમ સૂર્ય સામી ફાળ મારે, તેમ મારી ઉપર ફાળ મારનાર કોણ છે ? કયો મૂઢ બુદ્ધિવાળો પુરૂષ મને સ્વામી તરીકે નથી માનતો ? આટલીવાર સૈન્યનો ક્ષય થતાં પણ તમે શા માટે ઉપેક્ષા કરી ? તમે બે કોના આશ્રયથી મારી સામે થયા છો ? અરે બાળકો ! આનો પ્રત્યુત્તર આપો, અને પછી અનુક્રમે અથવા એક સાથે, સિંહની સાથે હાથીના બાળકોની જેમ તમે મારી સાથે યુદ્ધ કરો." આવાં અશ્વગ્રીવનાં વચન સાંભળી ત્રિપૃષ્ટ હસતાં હસતાં બોલ્યો–"અરે ! દુષ્ટ ! તારા દૂતને ધર્ષણ કરનાર, પશ્ચિમના સિંહનો શિકાર કરનાર, સ્વયંપ્રભાને પરણનાર તને સ્વામી તરીકે નહીં માનનાર અને આટલી વાર તારી ઉપેક્ષા કરનાર હું પોતે ત્રિપૃષ્ટ છું. અને બલથી બળવાન સૈન્યનો નાશ કરનારા જ્યેષ્ઠ ભ્રાતા બલરામ છે, ત્રણ લોકમાં પણ તેની સામે ટકી શકે તેવો કોઈ નથી, તો તું કોણ માત્ર છે ? હે મહાબાહુ ! જો તારે અભિમત હોય તો સૈન્યનો ક્ષય કરવાની કાંઇ જરૂર નથી. તું પોતે અસ્ત્ર ગ્રહણ કર, તું મારો રણભૂમિનો અતિથિ છો. આપણ બંનેનું દ્વંદ્વયુદ્ધ થાઓ, ભુજાઓનું કૌતુક પૂર્ણ થાઓ, અને બન્ને સૈન્યના સુભટો માત્ર સહ્ય થઇને જોયા કરો.':

આ પ્રમાણે અશ્વગ્રીવ અને ત્રિપૃષ્ટ બન્નેએ અંગીકાર કરીને પોતપોતાના છડીદારો પાસે પોતપોતાના સૈન્યોને યુદ્ધ કરતા અટકાવ્યા. પછી એક હાથ મધ્યમાં રાખી અને બીજો હાથ કામઠાની અણી ઉપર રાખી અશ્વગ્રીવે યમરાજની ભ્રકુટી જેવા ભયંકર ધનુષની ઉપર પણછ ચડાવી. પછી રણલક્ષ્મીની ક્રીડાના સંગીતની જાણે વીણા હોય તેવી ધનુષની પણછ મયૂરગ્રીવના પુત્રે હાથવડે વગાડી. તરતજ ત્રિપૃષ્ટ વાસુદેવે નિશામત્સ્યની જેમ શત્રુઓના નાશને સૂચવનારા શાર્ંગ નામના ધનુષને પણછ ચડાવી; અને લજ્જના નિર્ઘોષ

જેવો ભયંકર, મૃત્યુને આવાહન કરવાના મંત્ર જેવો અને શત્રુઓના બલને હરણ કરનારો ધનુષનો મોટો ઘોષ કર્યો. તે વખતે કંડિયામાંથી સર્પની જેમ ભાથામાંથી બાણો કાઢી કાન સુધી આકર્ષી અશ્વગ્રીવ વરસાવવા લાગ્યો. પછી કાળનું જાણે કટાક્ષ હોય અને કલ્પાંત કાળના અગ્નિની જાણે શિખા હોય તેવું કાંતિથી પ્રકાશમાન એક તીવ્ર બાણ ત્રિપૃષ્ટની ઉપર છોડ્યું. તે બાણને આવતું જોઈ અવિચ્છેદ પરાક્રમવાળા ત્રિપૃષ્ટ વાસુદેવે તત્કાલ છોડેલા બાણથી ઈક્ષુલતાની જેમ તેને છેદી નાખ્યું; અને એવી હાથચાલાકીથી એક બીજું બાણ મૂક્યું કે જાણે તે પહેલું જ હોય તેમ તેનાથી અશ્વગ્રીવનું ધનુષ પણ છેદી નાખ્યું. પછી અશ્વગ્રીવે જે જે નવાં નવાં ધનુષ્યો ગ્રહણ કર્યાં તે તે ધનુષ્યો તેના મનોરથની સાથે ત્રિપૃષ્ટ વીરે બાણોથી છેદી નાખ્યાં. એક બાણથી પ્રતિવાસુદેવનો ધ્વજ છેદ્યો; અને એક બીજા બાણથી એરંડાના વૃક્ષની પેઠે તેનો રથ ભાંગી નાંખ્યો.

આ પ્રમાણે સ્થિતિ થઈ તોપણ અશ્વગ્રીવ બીજા રથમાં બેસી ધારાઓથી મેઘની જેમ દૂરથી બાણોની વૃષ્ટિ કરતો ફરીવાર આગળ આવ્યો. એ વખતે તેણે બાણોવડે દુર્દિનનો આડંબર કર્યો કે જેથી રથ, સારથિ, ત્રિપૃષ્ટ કે બીજું કાંઈપણ દેખવામાં આવતું ન હતું; પણ સૂર્ય જેમ પોતાના કિરણોની છટાથી અંધકારનો નાશ કરે, તેમ ત્રિપૃષ્ટે બાણોની વૃષ્ટિઓથી તે દુર્દિનકારક શરવૃષ્ટિનો તત્કાળ નિરાસ કર્યો. પછી ત્રિપૃષ્ટના આવા પરાક્રમથી ક્રોધ પામેલા, પર્વત જેવા સારવાળા અને શક્તિવાળાઓમાં શ્રેષ્ઠ એવા અશ્વગ્રીવે વિજળીની જાણે સહોદરા હોય, વજ્રની જાણે વયસ્યા (સખી) હોય, મારી(મરકી) ની જાણે માતા હોય અને શેષનાગની જાણે જિહ્વા હોય તેવી એક પ્રચંડ શક્તિ હાથમાં ગ્રહણ કરી. જાણે યમરાજની નર્ત્તકી હોય તેમ ઘુઘરીઓના શબ્દ કરતી એ શક્તિને સ્તંભ ઉપર રાખેલા ચક્રની જેમ તેણે પોતાના મસ્તક ઉપર ફેરવવા માંડી, અને પોતાના વિમાનની ભ્રંશની શંકાથી ભય પામેલા વિમાનવાસીઓએ જેને માર્ગે આપ્યો છે એવી એ શક્તિ અશ્વગ્રીવે સર્વ બળથી ત્રિપૃષ્ટ ઉપર નાખી. તત્કાળ ત્રિપૃષ્ટે જાણે બે ભુજાદંડમાં ત્રીજો ભુજાદંડ હોય તેવી કૌમોદકી ગદા પોતાના રથમાંથી હાથમાં ગ્રહણ કરી, અને હાથી જેમ ક્રીડા કરનારની ધમણનો પોતાના શુંડાદંડથી વિનાશ કરે તેમ એ આવતી શક્તિની ઉપર તે ગદાનો પ્રહાર કર્યો; જેથી ઉગ્ર અગ્નિના કણિયાથી સેંકડો ઉલ્કાપાતને એ શક્તિ માટીના ઢેખાળાની જેમ ચૂરેચૂરા થઈને પૃથ્વી ઉપર પડી. પછી અશ્વગ્રીવે જાણે ઐરાવતનો કાઢી લીધેલો દાંત હોય તેવો એક મોટો પરિઘ ગ્રહણ કરીને ત્રિપૃષ્ટની ઉપર ફેંક્યો. ગરુડ જેમ ચાંચવડે મોટા સર્પને ખંડ ખંડ કરી નાખે તેમ ત્રિપૃષ્ટે તે પરિઘને ગદાવડે ખંડ ખંડ કરી નાખ્યો. પછી અશ્વગ્રીવે યમરાજની જાણે દાઢ હોય અને તક્ષકનાગની જાણે બેન હોય તેવી વજ્રશિલાના સારથી બનેલી એક ગદા ત્રિપૃષ્ટની ઉપર ફેંકી. મોટી ભુજાવાળા ત્રિપૃષ્ટે પોતાની કૌમોદકી ગદાથી તે ગદાના આકાશમાંજ રેતીના મોદકની પેઠે કટકે કટકા કરી નાખ્યા.

આવી રીતે સર્વ શસ્ત્રો જ્યારે ભાંગી ગયા ત્યારે અશ્વગ્રીવ પીડિત જનની પાસે બંધુવર્ગની જેમ તત્કાલ વિલખો થઈ ગયો, અને તરતજ તેણે નાગાસ્ત્રનું સ્મરણ કર્યું. તે નાગાસ્ત્ર શીઘ્ર પ્રગટ થયું એટલે તે અસ્ત્રને ધનુષ સાથે જોડ્યું. તે વખતે રાફડામાંથી સર્પોની જેમ તેમાંથી અનેક સર્પો ઉત્પન્ન થયા. ભૂમિ અને આકાશમાં ફુંફાડા મારીને દોડતા એવા તે સર્પોએ ક્ષણવારમાં તિર્યગ્લોકને પાતાળલોક જેવું કરી દીધું. લાંબા, ભયંકર અને કાળા એવા મોટા સર્પો સ્ફુરણાયમાન થઈને હજારો કેતુઓની શંકા કરાવવા લાગ્યા.

મૃત્યુના જાણે અવસર્પ હોય તેવા તે સર્પો આકાશમાં પણ પ્રસરવા લાગ્યા; જેથી ખેચરોની સ્ત્રીઓ તેનાથી ભય પામીને દૂર નાસવા માંડી. તે વખતે ત્રિતષ્ટના સૈનિકોને મોટી આશંકા થઇ પડી. કારણકે સ્વામીનો પ્રભાવ નહીં જાણનારને તેમજ ભક્તિવાનને તેમ થાય છે; પછી ત્રિપૃષ્ટે ધનુષ્ય ઉપર ગરૂડાસ્ત્રને ચડાવીને છોડયું, એટલે તેમાંથી કદળીના પત્રની જેમ પ્રસરતી પાંખોથી જાણે આકાશને સેંકડો છત્રોથી વ્યાપ્ત કરતા હોય તેવા અનેક ગરૂડો પ્રગટ થયા. સૂર્યનાં કિરણોથી અંધકારની જેમ તે ગરૂડોની પાંખોના સત્કારથી તે મોટા સર્પો ચારે બાજુ નાસી ગયા. નાગાસ્ત્રને નિરર્થક થયેલું જોઇ અશ્વગ્રીવે દુર્ધર એવું અગ્ન્યસ્ત્ર ચિંતવ્યું. જ્વાલાઓથી આકાશમાં સેંકડો ઉલ્કાપાતને બતાવતું તે અસ્ત્ર તેણે ધનુષ ઉપર સાંધીને છોડયું; તે વખતે ત્રિપૃષ્ટનું બધું સૈન્ય જાણે અગ્નિમાં મગ્ન થયું હોય તેમ વડવાનળથી ભય પામેલા સમુદ્રના મત્સ્યની જેમ આકુલવ્યાકુલ થઈ ગયું. તે જોઇને અશ્વગ્રીવના સુભટો ખુશી થઇ હસવા લાગ્યા, ભમવા લાગ્યા, ઉછળવા લાગ્યા, નાચવા લાગ્યા, ગાવા લાગ્યા, અને ઉતાવળા થઇને તાળીઓ પાડવા લાગ્યા. પછી ક્રોધથી નેત્રો રાતાં કરીને ત્રિપૃષ્ટે અવાર્ય એવા વારૂણાસ્ત્રને ધનુષ સાથે જોડીને સત્વર છોડયું, એ અસ્ત્રના પ્રભાવથી ત્રિપૃષ્ટના મનોરથોની જેમ તત્કાલ આકાશમાં મેઘ ઉત્પન્ન થયો, અને અશ્વગ્રીવના મુખની જેમ ગગનતળ શ્યામ થઇ ગયું. તરતજ દાવાનળને શમાવનારા વર્ષાઋતુના મેઘની જેમ અવિચ્છિન્ન જળ ધારાવડે વર્ષીને તે મેઘે શસ્ત્રાગ્નિને શમાવી દીધો.

આ પ્રમાણે તૃણની જેમ ત્રિપૃષ્ટે સર્વ અસ્ત્રોને ભગ્ન કરી નાખેલાં જોઈ છેવટે તેને મારવાને ઇચ્છતા અશ્વગ્રીવે પોતાના અમોઘ ચક્રનું સ્મરણ કર્યું. સેંકડો આરાથી નીકળતી સેંકડો જ્વાલાવડે પ્રકાશતું, અને જાણે સૂર્યના મંડલમાંથી ખેંચી આણેલું હોય, અથવા બલાત્કારે હરણ કરેલું યમરાજાનું એક કુંડલ હોય, વા કુંડલાકારે રહેલો તક્ષક નાગ હોય તેવું જણાતું, તેમજ ઘુઘરીઓના અવાજોથી ખેચરોને ત્રાસ પમાડતું એ ચક્ર સ્મરણ કરતાં જ પ્રગટ થયું. તેને ગ્રહણ કરીને અશ્વગ્રીવ બોલ્યો " અરે ત્રિપૃષ્ટ! કંઠમાં દુધવાલો હજુ તું બાળક છે. તારો વધ કરવાથી મને બાલહત્યા લાગશે, તેથી તું ચાલ્યો જા. હજુ સુધી તારી ઉપર મને દયા આવે છે. આ મારૂં ચક્ર ઈંદ્રના વજ્રની જેમ કોઇ ઠેકાણેથી પાછું હઠે તેવું નથી તેમજ નિષ્ફળ થાય તેમ પણ નથી; તેથી જ્યારે હું આ ચક્રને છોડીશ ત્યારે તું તારા પ્રાણને છોડીશ, તેમાં કાંઇ પણ સંદેહ રાખીશ નહીં. માટે ક્ષત્રિયપણાના અભિમાનને તજી દે અને મારા શાસનને અંગીકાર કર; તું બાળક છે, તેથી હું તારૂં પ્રથમનું માહું આચરણ માફ કરું છું. સારે નશીબે તારૂં કાર્ય બાલપણાની ચપલતાવડે કરેલું હું ગણું છું. વાસ્તે તું જીવતો જા. મારી તને મારવાની ઇચ્છા નથી."

આવું અશ્વગ્રીવનું ભાષણ સાંભળીને ત્રિપૃષ્ટ હસતો હસતો બોલ્યો-"અરે! અશ્વગ્રીવ! તું ખરેખર વૃદ્ધ થયો છે, અન્યથા ઉન્મત્તની પેઠે આવાં દુર્વચનો કેમ બોલે? પણ વિચાર કર કે બાલ એવો કેસરીસિંહ મોટા હાથીને દેખીને શું પલાયન કરે છે? ગરૂડનો બાળક શું મોટા સર્પોથી પાછો હઠે છે? બાળસૂર્ય પણ શું સંધ્યાકાલરૂપ રાક્ષસથી ક્ષોભ પામે છે? હું બાળક છું, છતાં પણ શું રણભૂમિમાં તારી સામે નથી આવ્યો? હે મિથ્યાભિમાની! પૂર્વે નાખેલા શસ્ત્રોનું બલ તો તેં જોયેલું છે તો હવે આ અસ્ત્રને છોડીને પણ મારૂં બલ જો, જોયા વિના તું શા માટે ગર્જના કરે છે?"

આ પ્રમાણે ત્રિતષ્ટનાં વચન સાંભળી આકાશરૂપી સાગરમાં જાણે દાવાનળ પ્રગટયો હોય તેવું એ ભયંકર ચક્ર અશ્વગ્રીવ પોતાના માથા પર ફેરવવા લાગ્યો. ઘણીવાર સુધી

ફેરવીને જાણે સૂર્યમંડળ ચ્યવતું હોય તેવી ભ્રાંતિને ક્ષણવાર આપતું એ ચક્ર સર્વબળથી તેણે ત્રિપૃષ્ટ ઉપર છોડ્યું, ત્રિપૃષ્ટ વાસુદેવના પર્વતની શિલા જેવા વિશાળ વક્ષસ્થળની સાથે અથડાઈને એ ચક્ર જાણે સામી લપડાક લાગી હોય તેમ ધારાથી પતિત થઈને પાછું હઠી ગયું. એ ચક્રના અગ્રભાગના મજબુત આઘાતથી વજ્રથી તાડન કર્યાની જેમ ત્રિપૃષ્ટ મૂર્છા ખાઈને નીચે પડ્યો; અને આકાશમાં પ્રકાશ કરતું તે ચક્ર તે ઠેકાણે જ સ્થિર રહ્યું. વાસુદેવની સર્વ સેનામાં તે વખતે હાહાકાર ઉત્પન્ન થયો. શત્રુના પ્રહારથી પોતાના અનુજ બંધુને મૂર્છિત થયેલ જોઈને તેમના ઉપરની પ્રીતિને લઈ બલભદ્ર પ્રહાર થયા વિના પણ મૂર્છિત થયા. બન્નેને મૂર્છિત જોઈ અશ્વગ્રીવે સિંહની જેમ સિંહનાદ કર્યો, અને તેના સૈનિકોએ વિજયને પ્રગટ કરતો હોય તેવો કિલકિલારવ કરી મૂક્યો.

થોડીવારે બલભદ્રને સંજ્ઞા આવી ત્યારે ઉન્નત હર્ષનાદ સાંભળીને 'અત્યારે કયખતે આવો હર્ષ કોને થયો છે? એમ પોતાના સૈનિકોને પૂછ્યું. તેઓએ કહ્યું–'હે દેવ! ત્રિપૃષ્ટ કુમારને પડેલી વિપત્તિવડે હર્ષ પામેલા અશ્વગ્રીવના સૈનિકોનો આ ઉર્જિત હર્ષધ્વનિ છે.' બલરામે કહ્યુ-"અહા! શું મારા અનુજ બંધુને વિપત્તિ હોય? તે તો જ્યારે રણમાં શ્રાંત થાય છે ત્યારે ક્ષણવાર રથમાં સુવે છે. તે ઉપરથી પોતાના મનમાં મારા બંધુને વિપત્તિ આવેલી ધારીને હર્ષ પામેલા આ અશ્વગ્રીવના સૈનિકોનો હર્ષ હું એક ક્ષણમાં હરી લઉં છું. અરે દુષ્ટ અશ્વગ્રીવ! ઉભો રહે, આજે રથ અને પરિવાર સહિત તને સહિત તને મસલાની જેમ હું ગદાથી ચૂર્ણ કરી નાખું છું." એમ કહી રથાવર્ત્ત પર્વતના શિખર જેવી ગદા ઉપાડી. જેવામાં અચલ બલભદ્ર દોડે છે, તેવામાં ત્રિપૃષ્ટ કુમાર જાગી ઉઠ્યા, અને 'અરે આર્ય! હું છતાં તમારે આ શો પ્રયાસ? એમ કહી જાણે ઉંઘમાંથી ઉઠ્યા હોય તેમ ત્રિપૃષ્ટ બેઠા થયા. ત્રિપૃષ્ટને ઉઠેલા જોઈ જાણે ગ્રામાંતરથી આવ્યા હોય તેમ બલભદ્રે બેહાથ પહોળા કરીને તેનું આલિંગન કર્યું. તરતજ પોતાના સ્વામીની જાગ્રતિને સૂચવનારો અને શત્રુઓના હૃદયમાં શલ્ય જેવો ત્રિપૃષ્ટનાં સૈનિકોએ હર્ષનાદ કર્યો. પ્રહારથી કરેલા પોતાના પાપનું જાણે પ્રાયશ્ચિત્ત કરવાને ઇચ્છતું હોય તેવું અશ્વગ્રીવે નાખેલું ચક્ર ત્રિપૃષ્ટે સમીપ રહેલું જોયું. જાણે સૂર્યનું ભાગીદાર હોય તેવું તેજથી ભયંકર તે ચક્ર હાથમાં લઈને વાસુદેવે અશ્વગ્રીવને કહ્યું–" મોટી ઉગ્રગર્જના કરીને તેં મારા ઉપર આ ચક્ર નાખ્યું હતું, પણ પર્વત સાથે હસ્તીના પરાક્રમની જેમ તેં આ ચક્રનું પરાક્રમ પણ જોઈ લીધું છે; તો હે દુર્મતિ! હવે અહીંથી ચાલ્યો જા! માર્જરની જેવા પાપવૃત્તિવાળા તને વૃદ્ધને કોણ હણે?" આવાં વચન સાંભળી દાંતથી અધરને ડંશતો અને કોપથી અંગને કંપાવતો અશ્વગ્રીવ ભ્રકુટી ચડાવીને બોલ્યો– " અરે શિશુ! વૃક્ષના ખરી પડેલા ફલ વડે પંગુની જેમ આ એક લોઢાનો ખંડ મળવાથી તું કેમ ઉન્મત્ત થઈ જાય છે? એને મારી ઉપર છોડી દે, મારૂં બલ જો, એ ચક્રને આવતાં વેત જ હું મુષ્ટિથી ચૂર્ણ કરી નાખીશ. "

અશ્વગ્રીવનાં આ પ્રમાણેનાં વચનો સાંભળીને અંકુડ શક્તિવાળા ત્રિપૃષ્ટ વાસુદેવે કોપ કરી ચક્રને આકાશમાં ભમાડીને અશ્વગ્રીવ ઉપર છોડ્યું. તે ચક્રે તરતજ કદલીના થડની જેમ અશ્વગ્રીવનું મસ્તક છેદી નાખ્યું, કારણકે પ્રતિવાસુદેવ પોતાના ચક્રથી જ હણાય છે.' તે વખતે ખેચરોએ હર્ષથી વાસુદેવની ઉપર પુષ્પની વૃષ્ટિ કરી અને ઊંચે સ્વરે જયનાદ કર્યો. અશ્વગ્રીવના દીનતા ભરેલા સૌન્યમાં પ્રતિનાદથી ભૂમિ અને અંતરીક્ષને રૂદન કરાવતો મોટો રૂદનધ્વનિ ઉત્પન્ન થયો. અશ્વગ્રીવના સ્વજનો તરતજ એકઠા થયા, અને

પુત્રોના નેત્રમાંથી ઝરતાં અશ્રુના જળવડે જાણે નિવાપાંજલિ આપતા હોય તેમ અશ્રુધારા વરસાવતા તેમણે અશ્વગ્રીવના અંગને અગ્નિસંસ્કાર કર્યો. અશ્વગ્રીવ પ્રતિવાસુદેવ મૃત્યુ પામીને સાતમી નરકભૂમિમાં તેત્રીશ સાગરોપમને આયુષે નારકી થયો.

એ સમયે આકાશમાં દેવતાઓએ ઊંચે સ્વરે ઉદ્‌ઘોષણા કરી કે " હે રાજાઓ ! તમે સર્વ પ્રકારે માન છોડી દો, અને ચિરકાલથી આદરેલો હયગ્રીવનો પક્ષપાત મૂકી દો, કિંતુ ભક્તિથી ત્રિપૃષ્ઠ વાસુદેવનું શ્રેષ્ઠ શરણ ગ્રહણ કરો. કેમકે આ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં આ પ્રથમ વાસુદેવ ઉત્પન્ન થયેલ છે, એ મહાભુજ રાજા ત્રિખંડ ભરતક્ષેત્રની પૃથ્વીનો ભોક્તા થશે." આ પ્રમાણેની અંતરીક્ષમાં થયેલી દિવ્યવાણી સાંભળીને અશ્વગ્રીવના તાબાના સર્વે રાજાઓ આવીને ત્રિપૃષ્ટ વાસુદેવને નમ્યા, અને અંજલિ જોડીને આ પ્રમાણે તેઓએ કહ્યું–"હે નાથ ! અમોએ અજ્ઞાનપણાથી અને પરતંત્રતાથી અદ્યાપિ પર્યંત જે કાંઈ તમારા અપરાધો કરેલા હોય તે સર્વ ક્ષમા કરો. હવેથી અમે તમારા કિંકરની જેમ તમારી સર્વ આજ્ઞા પાળશું. હે પ્રભુ ! અમને આજ્ઞા કરો." ત્રિપૃષ્ટે કહ્યું–"આમાં તમારો કાંઇ પણ અપરાધ નથી. સ્વામીની આજ્ઞાવડે યુદ્ધ કરવું તે ક્ષત્રિયોનો ધર્મ જ છે, તમે હવે ભય છોડી દો. હવેથી હું તમારો સ્વામી છું; તમે પોતપોતાના રાજ્યોમાં નિર્ભયપણે મારા થઈને વર્ત્તજો." આ પ્રમાણે સર્વ રાજાઓને આશ્વાસન આપી જાણે બીજો ઈંદ્ર હોય તેવો ત્રિપૃષ્ટ વાસુદેવ પોતાના સર્વ પરિવારને લઈને પોતનપુર ગયો, અને ત્યાંથી ચક્ર વિગેરે[1] સાત રત્નો સહિત ત્રિપૃષ્ટ વાસુદેવ પોતાના જ્યેષ્ઠ બંધુ બલભદ્રને સાથે લઇ દિગ્વિજય કરવાને નીકળ્યો.

પૂર્વમાં તે દિશાના મુખનું મંડન રૂપ માગધપતિને, દક્ષિણમાં તે દિશાના મસ્તકની માળારૂપ વરદામદેવને અને પશ્ચિમમાં તે દિશાને પ્રકાશ કરનાર પ્રભાસદેવને પોતાની આજ્ઞા મનાવી, અને વૈતાઢ્ય પર્વતની બંને શ્રેણીના વિદ્યાધરોનો તેણે વિજય કર્યો. પછી તે બંને શ્રેણીનું રાજ્ય જ્વલનજટીને અર્પણ કર્યું. **મહાત્માઓ સેવા કરવાથી કલ્પવૃક્ષની જેમ ફલે છે.** એવી રીતે દક્ષિણ ભરતાર્દ્ધને સાધી ત્રિપૃષ્ટ વાસુદેવ દિગ્યાત્રાથી નિવૃત્ત થઈ પોતાના નગર જવાને પાછા વળ્યા. અર્ધચક્રવર્ત્તીની સમૃદ્ધિથી અને ચક્રવર્ત્તી કરતાં અર્દ્ધભુજાના બલથી યુક્ત એવો એ ત્રિપૃષ્ટ કેટલેક પ્રયાણે મગધ દેશમાં આવ્યો. ત્યાં સર્વ રાજાઓમાં તિલક સમાન એ વાસુદેવે પૃથ્વીનું જાણે તિલક હોય તેવી અને કોટી પુરુષોથી ઉપાડી શકાય એવી એક મહાશિલા દીઠી. એ શિલાને પોતાની વામભુજાવડે ઉપાડીને આકાશમાં મસ્તક ઉપર છત્રની જેટલી ઊંચી કરી. તેમના આવા ભુજબલને જોઇને વિસ્મય પામેલા રાજાઓએ અને લોકોએ ચારણભાટની જેમ તેમની અત્યંત પ્રશંસા કરી. તે શિલાને પાછી યોગ્ય સ્થાને સ્થાપન કરીને ત્યાંથી પ્રયાણ કરતાં કેટલેક દિવસે ત્રિપૃષ્ટ વાસુદેવ લક્ષ્મીના સ્થાનરૂપ પોતનપુરની નજીક આવ્યા.

પછી મોટી સંપત્તિઓ જેમણે પ્રાપ્ત કરેલી છે એવા ત્રિપૃષ્ટ વાસુદેવે ગજેંદ્ર ઉપર આરૂઢ થઈ લક્ષ્મીનું જાણે નવીનનગર હોય તેવા પોતનપુરમાં પ્રવેશ કર્યો. તે જાણે તારાવાળું આકાશ હોય તેમ મોતીના સાથીઆ ચારે તરફ પૂરેલા હતા, અને ઘેર ઘેર તોરણોની શ્રેણી બાંધેલી હતી, તેથી જાણે સેંકડો ઇંદ્રધનુષ સહિત હોય તેવું તે નગર જણાતું હતું. જાણે મેઘ વર્ષ્યો હોય તેમ નગરની ભૂમિઉપર જળનો છંટકાવ કરેલો હતો, સુંદર

---

૧ ચક્ર, ધનુષ્ય, ગદા, શંખ, કૌસ્તુભમણિ, ખડ્ગ ને વનમાળા એ સાત રત્નો.

પાત્રોવાળા ઊંચા બાંધેલા મંચોવડે જાણે ઊંચા વિમાનવાળું હોય તેવું દેખાતું હતું, ઘરે ઘરે મંગલિક ગીતો ગવાતાં હતાં, તેથી જાણે સ્થાને સ્થાને વિવાહ મહોત્સવ ચાલતાં હોય તેમ લાગતું હતું, અને લોકોની એવી ભીડ થઈ હતી કે જાણે જીવલોક બધો તે નગરમાં એકત્ર થયો હોય તેમ જણાતું હતું.

નગરમાં પ્રવેશ કર્યા પછી પ્રજાપતિ રાજાએ, જ્વલનજટીએ, અચલ બલદેવે અને બીજા રાજાઓએ મળીને ત્રિપૃષ્ટને અર્દ્ધચક્રીપણાનો અભિષેક કર્યો.

હવે દીક્ષા લીધા પછી બે માસ પર્યંત છદ્મસ્થપણે વિહાર કરતા શ્રેયાંસ પ્રભુ અનુક્રમે પ્રથમના સાહસ્રામ્રવનમાં પધાર્યા, ત્યાં અશોક વૃક્ષની નીચે કાયોત્સર્ગે રહેલા અને બીજા શુકલ ધ્યાનના અંતમાં વર્ત્તતા એવા પ્રભુના તાપમાં જેમ મીણ ગળી જાય તેમ જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહની અને અંતરાય એ ચાર ઘાતિકર્મ વિનાશ પામ્યાં, જેથી માઘ માસની અમાવાસ્યાને દિવસે ચંદ્ર શ્રવણનક્ષત્રમાં આવતાં છઠ્ઠતપમાં વર્ત્તતા પ્રભુને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. દેવતાઓએ આવીને સમોવસરણ રચ્યું, તેમાં બેસીને મહાઅતિશયવાળા અગ્યારમા પ્રભુએ દેશના આપી, ભગવંતની દેશના સાંભળીને ઘણા પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા. જેમાંના કેટલાએકે સર્વવિરતિપણું અંગીકાર કર્યું, અને કેટલાએક દેશવિરતિ થયા, પ્રભુને ગોશુભ વિગેરે છોંતેર ગણધરો થયા. પ્રભુના મુખથી ત્રિપદી સાંભળીને તેઓએ દ્વાદશાંગી રચી. તે તીર્થમાં ત્રણ નેત્રવાળો, શ્વેતકાંતિને ધરનારો, વૃષભના વાહનવાળો, બે દક્ષિણ ભુજામાં બીજોરું અને ગદાને ધરનારો અને બે વામ ભુજામાં નકુલ અને અક્ષસૂત્ર ધરનારો ઈશ્વર[1] નામે યક્ષ પ્રભુનો શાસનદેવતા થયો. તથા ગૌર અંગવાળી સિંહના વાહનપર બેસનારી, દક્ષિણ ભુજામાં વરદ ને મુદ્ગરને ધારણ કરનારો અને વામ ભુજામાં કલશ ને અંકુશ રાખનારી માનવી[2] નામે પ્રભુની પાસે રહેનારી શાસનદેવી થઈ.

તે યક્ષ અને દેવી નિરંતર જેમની સમીપે જ રહે છે એવા શ્રેયાંસપ્રભુ વિહાર કરતા કરતા એકદા સર્વ નગરોમાં શ્રેષ્ઠ એવા પોતનપુરના ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં સમવસરણને માટે વાયુકુમાર દેવતાઓએ એક યોજન પૃથ્વીને માર્જન કરી, મેઘકુમારોએ તે ઉપર સુંગધી જળનો છંટકાવ કર્યો, વ્યંતરોએ સુવર્ણ તથા રત્નમણિઓથી તેનું તળ ચારે તરફ બાંધી લીધું, અને તેની ઉપર જાનુપ્રમાણ પંચવર્ણી પુષ્પોની વૃષ્ટિ કરી. પછી તે દિશાઓના જાણે ભ્રકુટીભંગ હોય તેવા પ્રત્યેક દિશામાં તોરણો બાંધીને તેના મધ્ય ભાગમાં અઢી ગાઉ ઊંચી તેમણે એક પવિત્ર મણિમય પીઠ બાંધી. તેની નીચે ભવનપતિઓએ જાણે પૃથ્વીનો મુગટ હોય તેવો સુવર્ણના કાંગરાવાળો પહેલો રૂપાનો કિલ્લો બાંધ્યો. તેની અંદર જ્યોતિષી દેવતાઓએ પોતાના તેજ વડે જાણે રચ્યો હોય તેવો રત્નના કાંગરાવાળો સુવર્ણનો કિલ્લો કર્યો. તેની અંદર વિમાનપતિઓએ માણિક્યના કાંગરાવાળો દિવ્યરત્નમય ત્રીજો કિલ્લો રચ્યો. દરેક કિલ્લે તોરણ સહિત ચાર ચાર દ્વારો કર્યા. મધ્ય કિલ્લાની ઈશાન દિશામાં મધ્યભાગે એક દેવ છંદો રચ્યો. છેલ્લા ગઢની ગર્ભભૂમિમાં વ્યંતર દેવતાઓએ નવસો ને સાઠ ધનુષ ઊંચુ એક ચૈત્યવૃક્ષ વિકુર્વ્યું. તેની નીચે પૂર્વ રચિત મણિપીઠની ઉપર તેઓએ એક પ્રતિછંદ કર્યો, અને તેની મધ્યમાં પૂર્વાદિ ચારે દિશા તરફ ચરણપીઠ સહિત એક એક સિંહાસન સ્થાપિત કર્યું. તે સિવાય બીજું પણ જે જે કરવા યોગ્ય કાર્ય હતું તે તે

---

૧. આ યક્ષનું બીજું નામ મનુજ છે.

૨. આ યક્ષણીનું બીજું નામ શ્રીવત્સા છે.

વ્યંતર દેવતાઓએ પૂર્ણ કર્યું. કારણકે **ભક્તિમાન પુરુષો અપ્રમાદ વડે સેવકોથી પણ ચઢી-આતા થાય છે.** ત્યાર પછી આકાશમાં રહેલા ત્રણ છત્રોથી શોભતા, બંને પડખે બે યક્ષોથી ચામર વડે વીંજાતા, આગળ ચાલતા ઇંદ્રધ્વજથી શોભતા, બંદીજનોની જેમ પોતાની મેળે વાગતી દુંદુભિ જેમની આગળ મંગલિક શબ્દો ઉચ્ચારી રહી છે એવા, સૂર્યથી ઉદયાચલની જેમ ભામંડલથી પ્રકાશતા, કોટીગમે સુર, અસુર તથા નરોથી પરવરેલા, દેવતાઓએ આગળ સંચાર કરેલા નવ સુવર્ણ કમલની ઉપર ચરણકમલને આરોપણ કરતા અને પ્રકાશમાન ધર્મચક્ર વડે જેમનો અગ્રદેશ અધિષ્ઠિત છે એવા શ્રેયાંસ ભગવાને પૂર્વદ્વારથી સમવસરણમાં પ્રવેશ કર્યો. પછી ગુંજારવ કરતા ભ્રમરાઓના ધ્વનિથી જાણે સ્વાગતને પૂછતું હોય તેવા ચૈત્યવૃક્ષને પ્રભુએ ત્રણ પ્રદક્ષિણા કરી, અને **નમસ્તીર્થાય** એમ કહી કમલની કર્ણિકાના પ્રતિચ્છંદરૂપ પૂર્વાભિમુખ સિંહાસનને પ્રભુએ અલંકૃત કર્યું, અને બીજી ત્રણ દિશાઓમાં રત્નના સિંહાસન પર પ્રભુનાં પ્રતિબિંબો વ્યંતર દેવતાઓએ વિકુર્વ્યાં. પછી પૂર્વ દ્વાર વડે પ્રવેશ કરીને સાધુઓ અગ્નિખૂણમાં અનુક્રમે બેઠા, અને વૈમાનિકની સ્ત્રીઓ અને સાધ્વીઓ તેમની પાછળ ઉભી રહી. દક્ષિણ દ્વારથી પ્રવેશ કરી અર્હંત પ્રભુને નમસ્કાર કરી ભવનપતિ, જ્યોતિષી અને વ્યંતરોની સ્ત્રીઓ નૈઋત્ય દિશામાં બેઠી; પાશ્ચિમ દ્વારથી પ્રવેશ કરી અને પ્રભુને પ્રણામ કરી ભવનપતિ, જ્યોતિષી અને વ્યંતરો વાયવ્ય દિશામાં બેઠા; અને ઉત્તર દ્વારથી પ્રવેશ કરી ભગવંતને નમી અનુક્રમે ઈશાન દિશામાં વૈમાનિક દેવો, મનુષ્યો અને મનુષ્યની સ્ત્રીઓ બેઠી. એવી રીતે ત્રીજા કિલ્લામાં શ્રીમાન્ ચતુર્વિધ સંઘ, મધ્ય કિલ્લામાં તિર્યંચ અને નીચેના ગઢમાં તેમનાં વાહનો ગોઠવાયાં.

તે વખતે રાજપુરુષોએ આવી ત્રિપૃષ્ટ અર્દ્ધચક્રવર્ત્તીને હર્ષથી કહ્યું– 'ભગવાન્ શ્રેયાંસ પ્રભુ ઉદ્યાનમાં સમોસર્યા છે.' આ વાર્ત્તા સાંભળી સદ્ય સિંહાસન પરથી ઉઠી, પાદુકાને તજી દઈ ત્રિપૃષ્ઠ વાસુદેવે પ્રભુની સન્મુખ દિશામાં ઉભા રહી તેમને વંદના કરી. પછી સિંહાસનપર બેસી પ્રભુના આગમનની વધામણીને કહેનારા પુરુષોને સાડા બાર કોટી સોનૈયા આપ્યા. પછી ત્રિપૃષ્ઠ વાસુદેવ મોટી સમૃદ્ધિએ યુક્ત થઈ, બળભદ્ર સાહિત સર્વ પ્રાણીઓને શરણ રૂપ એવા પ્રભુના સમવસરણ સમીપે આવ્યા અને ઉત્તર દ્વારથી સમવસરણમાં પ્રવેશ કરી વિધિ પ્રમાણે પ્રભુને વંદના કરી બલભદ્રની સાથે ઇંદ્રના પછવાડે બેઠા. પછી ઇંદ્ર, વાસુદેવ અને બલભદ્ર ફરીથી ઉભા થઈ ભગવંતને પ્રણામ કરી ભક્તિભાવિત ગિરાથી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

"હે પરમેશ્વર ! અમંદ આનંદના ઝરાને આપનારા અને મોક્ષના કારણભૂત એવા
"તમને મોક્ષને અર્થે અમારો નમસ્કાર છે તમારા દર્શન માત્રથીજ પ્રાણી બીજાં કર્મોને
"ભૂલી જઇ આત્મારામી થાય છે, તો તમારી દેશના સાંભળવાથી તો શું ન થાય ! આ
"સંસારરૂપી મરૂ દેશમાં તમારો અવતાર થવાથી જાણે ક્ષીર સમુદ્ર પ્રગટ્યો હોય, કલ્પ-
"વૃક્ષ ઉગ્યું હોય કે મેઘ વર્ષ્યો હોય તેમ જણાય છે. ક્રૂરકર્મરૂપ નઠારા ગ્રહોવડે પીડા
"પામતા એવા આ વિશ્વનું રક્ષણ કરવા માટે તમે અગ્યારમા જિનેંદ્ર જ્યોતિષીઓના
"પતિ (ચંદ્ર) રૂપે ઉદય પામ્યા છો. સ્વભાવથીજ નિર્મલ ઈક્ષ્વાકુ રાજાઓનું કુળ જળ-
"વડે સ્ફાટિકની જેમ તમે વિશેષ નિર્મલ કરેલું છે. હે પ્રભુ ! ત્રણ જગત્નાં સર્વ પ્રકારના
"સંતાપને હરવાથી તમારૂં ચરણમૂલ સમગ્ર પ્રકારની છાયાઓથી પણ અધિક થાય છે.
"હે જિનેશ્વર ! તમારા ચરણકમલમાં ભ્રમર રૂપે રહેતાં મને એટલો બધો હર્ષ પ્રાપ્ત

" થાય છે કે જેથી ભોગને માટે કે મોક્ષને માટે મને સ્પૃહા રહેતી નથી. હે જગન્નાથ! " ભવોભવ તમારા ચરણનું મને શરણ થજો ' એવી હું પ્રાર્થના કરું છું. તમારી સેવાથી " શું સાધી શકાતું નથી? "

આ પ્રમાણે ઇંદ્ર, વાસુદેવ અને બલદેવ સ્તુતિ કરી વિરામ પામ્યા પછી શ્રેયાંસ પ્રભુએ શ્રેયના હેતુરૂપ દેશના આપવાનો આરંભ કર્યો.

" આ અપાર સંસાર સ્વયંભૂરમણ સમુદ્રના જેવો છે, તેમાં પ્રાણી કર્મરૂપી ઊર્મિઓથી " આડો, અવળો ને ઊંચે નીચે અર્થાત્ ઊર્ધ્વ, અધો ને તિર્છા લોકમાં ભમ્યા કરે છે. પવનથી " જેમ સ્વેદબિંદુ અને ઔષધથી જેમ રસ ઝરી જાય છે, તેમ નિર્જરા વડે આઠે કર્મો ઝરી " જાય છે. સંસારના બીજોથી ભરેલાં એવાં કર્મોની નિર્જરણા કરવાથી તેનું નામ નિર્જરા " કહેવાય છે; તે નિર્જરા સકામ અને અકામ એવા બે પ્રકારની છે. જેઓ યમનિયમના " ધરનારા છે તેમને સકામ નિર્જરા થાય છે અને બીજા પ્રાણીઓને અકામ નિર્જરા થાય " છે. કર્મોની પરિપકવતા ફલની પેઠે પ્રયત્નથી અથવા સ્વયમેવ એમ બે પ્રકારે થાય છે. " જેમ સુવર્ણ દોષવાળું હોય પણ પ્રદીપ્ત અગ્નિ વડે શુદ્ધ થાય છે. તેમ તપ રૂપ અગ્નિ વડે " સદોષ જીવ પણ શુદ્ધિને પામે છે. તે તપ બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારનો છે. " અનશન, ઉનોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ અને સંલીનતા-એ છ પ્રકારે " બાહ્ય તપ કહેવાય છે, પ્રાયશ્ચિત્ત, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વિનય, વ્યુત્સર્ગ અને શુભધ્યાન- " એ છ પ્રકારે અભ્યંતર તપ કહેવાય છે. આ બાહ્ય અને અભ્યંતર તપરૂપી અગ્નિને " પ્રજ્વલિત કરીને નિયમધારી પુરુષ પોતાના દુર્જર એવાં કર્મોને પણ જરાવી દે છે. જેમ " કોઈ સરોવરનું દ્વાર ઉપાયોથી સર્વ તરફ બંધ કર્યું હોય તો પછી નવા જલપ્રવાહથી તે " કદિ પણ પુરાતું નથી, તેવી રીતે સંવરથી આવૃત થયેલો જીવ આશ્રવરૂપ દ્વારોનો રોધ " કરવાથી નવાં નવાં કર્મદ્રવ્યો વડે પૂરાતો નથી. પછી જેમ પૂર્વે સંચિત થયેલું સરોવરનું " જળ સૂર્યનાં પ્રચંડ કિરણોના અવિચ્છિન્ન તાપથી સુકાઈ જાય છે, તેમ પૂર્વે બાંધેલાં " પ્રાણીઓનાં કર્મ પણ તપસ્યાના તાપથી તત્કાલ ક્ષય પામી જાય છે. નિર્જરા " કરવામાં બાહ્ય તપ કરતાં અભ્યંતર તપ શ્રેષ્ઠ છે, અને તેમાં પણ ધ્યાનનું એક " છત્રરાજ્ય રહેલું છે, એમ મુનિઓ કહે છે. કારણકે ધ્યાન ધરનારા યોગીઓના ચિરકા- " લથી ઉપાર્જન કરેલાં અને ઘણા પ્રબલ કર્મ પણ તત્કાલ નિર્જરીભૂત થઈ જાય છે. જેમ " વૃદ્ધિ પામેલો શારીરિક દોષ લંઘન કરવાથી શોષાઈ જાય છે તેવી રીતે તપ કરવાથી પૂર્વ " સંચિત કર્મ ક્ષય પામી જાય છે; અથવા મેઘનો સમૂહ પ્રચંડ પવનના આઘાતથી આમ " તેમ વિખરાઇ જાય છે, તેમ તપસ્યાથી કર્મનો સમૂહ વિનાશ પામે છે. જ્યારે સંવર " અને નિર્જરા પ્રતિક્ષણ સમર્થપણે ઉત્કર્ષ પામે છે, ત્યારે તે જરૂર મોક્ષને ઉત્પન્ન કરે " છે. બન્ને પ્રકારની તપસ્યાથી થતી નિર્જરા વડે કર્મોને જરાવનારો શુદ્ધ બુદ્ધિવાળો " પુરુષ સર્વ કર્મોથી રહિત એવા મોક્ષને પામે છે. "

આ પ્રમાણેની પ્રભુની દેશના સાંભળીને તે વખતે ઘણા લોકોએ દીક્ષા ગ્રહણ કરી; બળભદ્ર અને વાસુદેવે સમકિત પ્રાપ્ત કર્યું. પ્રથમ પોરષી પૂર્ણ થઇ એટલે પ્રભુએ દેશના સમાપ્ત કરી. એટલે ત્રિપૃષ્ટ વાસુદેવના પુરુષો ચારપ્રસ્થ (આઠશેર)ના પ્રમાણવાળો બલિ લાવ્યા. તે બલિ પ્રભુની પાસે ઉડાડયો. તેમાંથી અર્ધભાગ નીચે પડયા અગાઉ દેવતાઓએ લઈ લીધો. બાકીના અર્ધમાંથી અર્ધ રાજાએ લીધો, અને અવશિષ્ટ ભાગ બીજાઓએ ગ્રહણ કર્યો; પછી ઉત્તર દ્વારથી નીકળી પ્રભુ મધ્ય વપ્રમાં રહેલા દેવછંદ ઉપર જઇ બેઠા. એટલે

છોંતેર ગણધરોમાં મુખ્ય એવા ગોશુભ ગણધરે પ્રભુના ચરણપીઠ ઉપર બેસીને ધર્મદેશના આપી. જ્યારે બીજી પોરષી પૂર્ણ થઈ, ત્યારે તેમણે ધર્મદેશના સમાપ્ત કરી એટલે ઇંદ્ર વાસુદેવ, બલરામ વિગેરે સર્વ પોતપોતાને સ્થાને ગયા. અને જાણે બીજો સૂર્ય હોય તેમ જ્ઞાનરૂપ આલોકને વિસ્તરતા પ્રભુએ તે સ્થાનથી બીજે સ્થળે વિહાર કર્યો.

કેવલજ્ઞાન થયા પછી બે માસે ઉણા એકવીશ લાખ વર્ષ સુધી વિહાર કરતાં શ્રેયાંસ પ્રભુને ચોરાશી હજાર મહાત્મા સાધુઓ, એક લાખ ને ત્રણ હજાર સાધ્વીઓ, તેરસો ચૌદ પૂર્વધારી, છ હજાર અવધિજ્ઞાની, છ હજાર મનઃપર્યવજ્ઞાની, સાડા છ હજાર કેવળજ્ઞાની, અગ્યાર હજાર વૈક્રિય લબ્ધિવાળા, પાંચ હજાર વાદલબ્ધિવાળા, બે લાખ ને ઓગણાશી હજાર શ્રાવક અને ચાર લાખ ને અડતાળીશ હજાર શુભ શ્રાવિકા–એટલો પરિવાર થયો. પછી પોતાનો મોક્ષકાળ નજીક જાણીને સમેત શિખર પર્વતે આવી પ્રભુએ એક હજાર મુનિઓની સાથે અનશનવ્રત ગ્રહણ કર્યું. એક માસને અંતે શૈલેશી ધ્યાને રહી, શ્રાવણ માસની કૃષ્ણ તૃતીયાને દિવસે ચંદ્ર ધનિષ્ઠાનક્ષત્રમાં આવતાં હજાર મુનિઓની સાથે શ્રી શ્રેયાંસપ્રભુ અનંત દર્શન, જ્ઞાન વીર્ય અને આનંદમય સ્વરૂપવાળા પરમપદને પ્રાપ્ત થયા.

કૌમાર વયમાં એકવીશલાખ, રાજ્ય પાળવામાં બેંતાળીશ લાખ અને દીક્ષાપાલનમાં એકવીશ લાખ–એમ સર્વ મળીને ચોરાશીલાખ વર્ષનું પ્રભુનું આયુષ્ય હતું. શ્રી શીતલનાથ પ્રભુના મોક્ષકાલ પછી છાસઠલાખ અને છત્રીશ હજાર વર્ષ તથા સો સાગરોપમે ઉણા એક કોટી સાગરોપમ ગયા ત્યારે શ્રી શ્રેયાંસ પ્રભુનો નિર્વાણકાલનો મહોત્સવ થયો હતો. તે નિર્વાણકલ્યાણકનો મહોત્સવ દેવતા અને ઇંદ્રોએ મળીને કર્યો હતો. **"મહત્પુરુષોનો અંતકાલ પણ પર્વ રૂપે થાય છે, શોક રૂપે થતો નથી."**

હવે ત્રિપૃષ્ટ વાસુદેવે બત્રીશહજાર અંતઃપુરની સ્ત્રીઓ સાથે સુખે વિલાસ કરતાં પોતાનું કેટલુંક આયુષ્ય નિર્ગમન કર્યું. અનુક્રમે સ્વયંપ્રભા રાણીથી જ્યેષ્ઠ **શ્રીવિજય** અને કનિષ્ઠ **વિજય** નામે બે પુત્રો થયા. એકદા રતિસાગરમાં મગ્ન થઈ રહેલા ત્રિપૃષ્ઠની પાસે મધુર સ્વરથી કિંનરને ઉલ્લંઘન કરે તેવા કેટલાએક ગવૈયાઓ આવ્યા. તેઓએ વિવિધ રાગોથી મધુર ગાયન કરી સર્વ કલાનિધિ એવા ત્રિપૃષ્ઠ વાસુદેવનું હૃદય હરી લીધું. તેઓના ગાયનના ગુણથી ખુશી થઇ તેઓને ત્રિપૃષ્ઠે પોતાની પાસે રાખ્યા, કારણ કે બીજા સામાન્ય જનો પણ ગાયનથી રંજીત થાય છે, તો તેને જાણનારાઓમાં અગ્રણી એવા ત્રિપૃષ્ઠ વાસુદેવ કેમ રંજીત ન થાય? એક વખતે ઇંદ્રની પાસે ગંધર્વોની જેમ રાત્રિએ શય્યામાં સુતેલા ત્રિપૃષ્ઠ વાસુદેવની પાસે તેઓ તારસ્વરે ગાવા લાગ્યા. હસ્તીની જેમ તેમના ગાયનથી જેમનું હૃદય આક્ષિપ્ત થયેલું છે એવા ત્રિપૃષ્ઠ વાસુદેવે વારા પ્રમાણે આવેલા એક પોતાની શય્યાના પાલકને આજ્ઞા કરી કે "જ્યારે મને નિદ્રા આવે ત્યારે ગવૈયાઓને ગાયન કરતા બંધ કરીને તું વિદાય કરી દેજે, કારણકે જ્યારે સ્વામી અવધાન રહિત હોય ત્યારે સર્વ પ્રયાસ વ્યર્થ થાય છે." સ્વામીની આવી આજ્ઞાનો શય્યાપાલકે સ્વીકાર કર્યો; અને થોડીવારમાં તો ત્રિપૃષ્ઠ વાસુદેવના નેત્રમાં નિદ્રા આવી. પણ શય્યાપાલે સંગીત સાંભળવાના લોભથી તે ગવૈયાઓને વિદાય કર્યા નહીં. કારણકે **જેમનું મન વિષયોથી વ્યાક્ષિપ્ત થાય છે તેઓના મનમાંથી સ્વામીની આજ્ઞા ગલિત થઈ જાય છે.** આ પ્રમાણે ગાયનમાંજ રાત્રિનો ચોથો પ્રહર થઇ ગયો એટલે પાછલી રાત્રિએ ત્રિપૃષ્ઠ વાસુદેવ જાગૃત થયા, તે વખતે ગાયકોનો અક્ષીણ સ્વર તેમના સાંભળવામાં આવ્યો. તત્કાળ તેણે શય્યાપાલને પૂછયું–'આ બિચારા કષ્ટકારી ગવૈયાને

તેં અદ્યાપિ પર્યંત કેમ વિદાય કર્યા નહીં,' શય્યાપાલે કહ્યું–"હે પ્રભુ! તેઓના ગાયનથી મારૂં હૃદય આક્ષિપ્ત થઈ ગયું, જેથી હું આ ગાયકોને વિદાય કરી ન શકયો, અને આપના શાસનનું પણ વિસ્મરણ થઇ ગયું." આ પ્રમાણે સાંભળીને તરતજ વાસુદેવને કોપ ઉત્પન્ન થયો, પણ તે વખતે તો તેને ગોપવી રાખ્યો. પછી પ્રાતઃકાલે પૂર્વ દિશામાં સૂર્યની જેમ સભામાં સિંહાસન પર આરૂઢ થયા. તે વખતે રાત્રિનું વૃત્તાંત સંભારી, તે શય્યાપાલને બોલાવી વાસુદેવે સેવકપુરુષોને આજ્ઞા કરી કે "આ ગાયનની પ્રીતિવાળા પુરુષના કાનમાં તપેલું તરવું અને તાંબુ રેડો, કારણકે એ કાનનોજ દોષ છે." તેઓએ શય્યાપાલને એકાંતમાં લઈ જઇને તે પ્રમાણે કર્યું, કારણકે ઉગ્ર શાસનવાળા રાજાઓની આજ્ઞા દુર્લંઘ્ય હોય છે. એની વેદનાથી શય્યાપાલ તરતજ મરણ પામ્યો, અને વાસુદેવે મહા માઠા વિપાકવાળું અશાતા વેદનીય કર્મ બાંધ્યું.

નિત્ય વિષયમાં આસક્ત, રાજ્યમૂર્ચ્છામાં પરાયણ, ભુજબલના ગર્વથી જગત્ને તૃણ સમાન ગણનાર, પ્રાણાતિપાત (જીવહિંસા)માં નિઃશંક, મહારંભ પરિગ્રહવાળા અને ક્રૂર અધ્યવસાયથી સમકિતરૂપ આભૂષણને નાશ પમાડનાર એવો ત્રિપૃષ્ટ વાસુદેવ નારકીનું આયુષ્ય બાંધી, ચોરાશીલાખ વર્ષનું આયુષ્ય પૂરું કરી સાતમી નરકભૂમિમાં ગયો. ત્યાં પ્રતિષ્ઠાન નામના નરકાવાસમાં રહી પાંચસો ધનુષ ઉન્નત શરીરવાળા તેણે તેત્રીશ સાગરોપમ સુધી મહાકિલષ્ટ કર્મોનું ફળ અવલોકન કર્યું. ત્રિપૃષ્ટ વાસુદેવને કુમારવયમાં પચીશ સહસ્ર, માંડલિકપણામાં પચીશ સહસ્ર, દિગ્વિજયમાં એક સહસ્ર, અને રાજ્ય પાળવામાં ત્રાશીલાખ ને ઓગણપચાશ હજાર વર્ષ–એમ સર્વ મળી ચોરાશીલાખ વર્ષનું આયુષ્ય પૂર્ણ થયું.

પોતાના અનુજ બંધુના પંચત્વથી ઉત્પન્ન થયેલા શોકવડે રાહુથી સૂર્યની જેમ અચલ બલદેવ પરાભવ પામ્યા. પોતે વિવેકી હતા તે છતાં પણ ભ્રાતૃસ્નેહના વશથી જાણે અવિવેકી હોય તેમ ઊંચે કરૂણ સ્વરે રૂદન કરવા લાગ્યા. તે વિલાપ કરતાં બોલ્યા કે " હે બંધુ ! તમે બેઠા થાઓ, આવા શયનકર્મમાં આવો આગ્રહ કેમ રાખોછો ? પુરૂષસિંહ એવા તમને હાલ આવું અપૂર્વ આલસ્ય કયાંથી પ્રાપ્ત થયું ? હે ભાઈ ! આપણા દ્વાર આગળ સર્વ રાજાઓ તમારા ચરણના દર્શન કરવાને ઉત્સુક થઈ ઉભા છે, તે દીન રાજાઓની ઉપર તમારે પ્રસાદ કરવો યુક્ત છે. હે બાંધવ ! ક્રીડા અર્થ તમારે આવું મૌન રાખવું ઘટતું નથી. કારણકે તમારી વાણીરૂપ અમૃત વિના મારું હૃદય ભંગ થઈ જાય છે, હે પ્રિયભાઇ ! મોટા ઉત્સાહવાળા અને વડિલની ભક્તિવાળા એવા તમોને આવી રીતે નિદ્રા અને મારી અવજ્ઞા કરવી સર્વથા સંભવતી નથી. અરે ! હું ઉગ્ર વિધિથી હત થઈ ગયો, મારીપર આ શું દુઃખ આવી પડયું ! " આ પ્રમાણે વિલાપ કરતાં કરતાં બલદેવ મૂર્છા પામીને પૃથ્વી ઉપર પડયા. ક્ષણવારે સંજ્ઞા મેળવી બેઠા થઇ ટળવળી ' હા ભ્રાત ! હા ભ્રાત ! ' એમ ઊંચે સ્વરે આક્રંદ કરવા લાગ્યા. અને વાસુદેવને પોતાના ઉત્સંગમાં લીધા. પછી જ્યારે વૃદ્ધોએ સારી પેઠે સમજાવ્યા ત્યારે ક્ષણવાર ધૈર્યનું અવલંબન કરીને તેમણે અનુજ બંધુનું અંગસંસ્કારાદિ કૃત્ય કર્યું. ઉત્તરક્રિયા કર્યા પછી પણ પોતાના અનુજ બંધુને વારંવાર સંભારી સંભારીને શ્રાવણ માસના મેઘની પેઠે તેમણે લોચનમાંથી અશ્રુપ્રવાહ પાડયા કર્યો. ત્યારપછી ઉદ્યાનમાં અરણ્યની પેઠે, ઘરમાં સ્મશાનની પેઠે, ક્રીડાસરોવરમાં કે નદીમાં ઘરની બાળોની પેઠે અને બંધુસમાજમાં શત્રુઓના સમાજની પેઠે બલભદ્રને અલ્પજલમાં મત્સ્યની જેમ જરા પણ પ્રીતિ ઉત્પન્ન થઈ નહીં. પછી અનુક્રમે

શ્રેયાંસ પ્રભુની શ્રેયકારી વાણીના સ્મરણથી સંસારની અસારતા ચિંતવીને તેઓ વિષયથી પરાઙ્મુખ થયા, પણ સ્વજનોના આગ્રહથી કેટલાએક દિવસ ઘરમાં રહ્યા. એકદા ધર્મ–ઘોષ નામના આચાર્ય ત્યાં પધાર્યા. બળદેવ તેમના ચરણ સમીપે પ્રાપ્ત થયા, અને અર્હંતની વાણીનો અનુવાદ કરનારી તેઓની દેશના સાંભળી તેમને સંસાર ઉપરથી વિશેષ નિર્વેદ પ્રાપ્ત થયો. તત્કાલ શુદ્ધ બુદ્ધિવાળા તેમણે તે આચાર્યની પાસે દીક્ષા ગ્રહણ કરી. કારણકે **મહાશયો જાણ્યા પછી તરતજ આચરણ કરવામાં પ્રવર્તે છે.** સદ્ગુણી બલદેવ મુનિએ મૂલ તથા ઉત્તર ગુણોનું સમ્યક્ પ્રકારે પાલન કરતાં, સર્વત્ર સમતાને ધારણ કરતાં, પરીષહોને સહેતાં, વાયુની પેઠે પ્રતિબંધ રહિત રહેતાં અને સર્પની જેમ એવ દૃષ્ટિથી અવલોકન કરતાં ગ્રામ, આકર તથા પુરાદિકમાં કેટલાક કાલ સુધી વિહાર કર્યો. સ્વભાવથીજ જેમના ચિત્તની વૃત્તિ નિર્મળ છે એવા અચલ બલભદ્ર પંચાશી લાખ વર્ષો નિર્ગમન કરી, છેવટ સર્વ કર્મનો ઘાત કરી મોક્ષપદમાં નિવાસ પામ્યા.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते महाकाव्ये चतुर्थे पर्वणि श्रीश्रेयांससत्रिपृष्टाचलाश्वग्रीव वर्णनो नाम प्रथमः सर्गः १ ॥

સર્ગ ૨ જો.

શ્રી વાસુપૂજ્ય ચરિત્ર.

ઇંદ્ર અને ઉપેંદ્રોના મુગટના અગ્રભાગથી જેમના ચરણના નખોની પંક્તિ ઘસાયેલી છે એવા વિશ્વને પૂજવા લાયક અને વિશ્વનું રક્ષણ કરનાર શ્રીવાસુપૂજ્ય ભગવાન્‌ને નમસ્કાર કરીને રૂપસ્થ ધ્યાનમાં રહેલો હું અર્હંતની જેમ વિશ્વને પવિત્ર કરનાર અને ચંદ્રથી પણ અતિ નિર્મલ એવું તે પ્રભુનું ચરિત્ર હવે કહીશ.

પુષ્કરવર દ્વીપાર્દ્ધમાં પૂર્વ વિદેહક્ષેત્રના આભૂષણરૂપ **મંગલાવતિ** નામના વિજયમાં રત્નસંચયા નામે એક નગરી છે. તે નગરીમાં સર્વલક્ષ્મીઓથી અધિક અને ચંદ્રની જેમ સર્વ જનને વલ્લભ **પદ્મોત્તર** નામે રાજા હતો. બીજા રાજાઓ જેવી રીતે તેના શાસનને ભક્તિથી મસ્તકપર ધારણ કરતા, તેવી રીતે તે જિનેશ્વરના ઉજ્જવલ શાસનને હંમેશાં હૃદયમાં ધારણ કરતો હતો. ગુણોના મંદિરરૂપ તે રાજાને લક્ષ્મી અને કીર્ત્તિ બંને જાણે જોડલે જન્મી હોય તેમ સાથેજ વધવા લાગી. રાજાઓમાં શિરોમણિરૂપ પદ્મોત્તર રાજાએ સમુદ્ર રૂપ ફરતા વસ્ત્રવાળી બધી પૃથ્વી ઉપર ફરતી બાઇની કટિમેખલાવાળી એક નગરીની જેમ ઉત્તમ રાજ્ય ચલાવવા માંડ્યું.

લક્ષ્મી વિદ્યુત્‌ના જેવી ચપલ છે, શરીર વયની પેઠે નાશવંત છે, લાવણ્ય કમલના પત્રઉપર રહેલા જલબિંદુના જેવું અસ્થિર છે, અને બાંધવો માર્ગમાં એકઠા મળેલા વટેમાર્ગુની જેમ જુદા જુદા ચાલ્યા જવાના છે. એવી રીતે હૃદયમાં ભાવના કરતા એ રાજાને સંસાર ઉપરથી વૈરાગ્યદશા પ્રાપ્ત થઈ; જેથી એકદા મોટા મનવાળા એ રાજાએ **વજ્રનાભ** ગુરૂના ચરણકમલ સમીપે જઈ મુકિતરૂપ લક્ષ્મીને પ્રાપ્ત કરાવનારી દીક્ષા ગ્રહણ કરી. પછી અર્હંત પ્રભુની ભકિત વિગેરે કેટલાક ઉજ્જવલ સ્થાનકોનું આરાધન કરીને સદ્બુદ્ધિવાળા તે રાજાએ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું. ખડ્ગની ધારા જેવું તીક્ષ્ણ એ વ્રત ઘણા કાલ પર્યંત પાળી પ્રાંતે કાલ કરીને પ્રાણત નામના દશમા દેવલોકમાં તે મહર્દ્ધિક દેવતાપણે ઉત્પન્ન થયો.

જંબૂદ્વીપના દક્ષિણ ભરતાર્ધમાં પૃથ્વીની ચંપકના પુષ્પમય શિરોભૂષણ જેવી **ચંપા** નામે એક નગરી છે. એ નગરીમાં રત્ન મણિમય ભીંતોવાળા ચૈત્યોની અંદર પ્રતિબિંબિત થયેલા લોકો જાણે વૈકિયરૂપને ધારણ કરતા હોય તેવા જણાય છે. રાત્રિએ જેમાંથી જળના નિઝરણા ઝરે છે એવા ચંદ્રકાંત મણિના પગથીઆવાળી અને સ્વયમેવ જળોત્પત્તિવાળી ક્રીડાવાપિકાઓ ત્યાં પ્રત્યેક મંદિરે શોભે છે. સુગંધી ધૂપના ધૂમાડાની શ્રેણીઓથી અનેક વાસાગરો સર્પિણીઓથી પાતાળભવનોની જેમ સારી રીતે શોભે છે. જેમાં નગરની સ્ત્રીઓ નિરંતર ક્રીડા કરે છે એવા ક્રીડાસરોવરો ક્ષીર સમુદ્રમાંથી નીકળતી અપસરાઓના વિલાસને ધારણ કરે છે. લીલાથી ષડ્જ સ્વરવાળી ષડ્જ કૈશિકી નામની ગીતિને ગાયન કરનારી ત્યાંની સ્ત્રીઓ મયુરની કેકારવાણી સાથે સ્પર્ધા કરે છે. ત્યાંના ધનાઢય લોકોના મંદિરોમાં તાંબૂલની બીડીને ધારણ કરતી સ્ત્રીઓ પઢાવાને માટે હાથમાં પોપટ રાખીને ફરતી હોય તેવી જણાય છે. તે નગરીમાં પરાક્રમથી જાણે ઇંદ્ર હોય અને કાંતિથી

જાણે સૂર્ય હોય તેવા ઇક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલા વસુપૂજ્ય નામે રાજા છે. મેઘ જેમ ગર્જના કરીને પછી જળવડે પૃથ્વીને તૃપ્ત કરે છે તેમ એ રાજા યાચકોને બોલાવવાનો ઢંઢેરો પીટાવીને પછી ધન વડે સર્વને તૃપ્ત કરતો હતો. પ્રતાપ માત્રથી શત્રુઓને દબાવનારા એ રાજાના અનેક સૈનિકો દિગ્વિજયને માટે નહીં પણ ફક્ત ક્રીડા કરવાને માટે જ પૃથ્વીમાં ફરતા હતા. આજ્ઞારૂપી સારવાળો એ રાજા દુષ્ટોને સખ્ત શિક્ષા કરતો હતો, તેથી 'ચોર' એ શબ્દ નામ કોશમાંજ ફક્ત જોવામાં આવતો હતો, લોકોમાં નહીં. ધર્મશાળી પુરૂષોમાં પ્રીતિ વાળા એ રાજાએ શ્રીવત્સ ચિન્હની પેઠે સર્વજ્ઞના પવિત્ર શાસનને હૃદયમાં ધારણ કરેલું હતું.

પોતાના કુળરૂપ સરોવરમાં હંસી જેવી, રૂપથી રતિને જીતનારી અને પ્રીતિનું પાત્ર એવી જયા નામે તેમને પટ્ટરાણી હતી. વક્ર અને મંદ ગમન કરનારી એ રમણી, ગંગા અસ્ત થવાને વખતે (પ્રાંતે) જેમ સમુદ્રમાં પેસે તેમ વસુપૂજ્ય રાજાના મનમાં પેસતી હતી, અને શુદ્ધ સ્ફટિક મણિની જેવા નિર્મળ એ રાણીની ચિત્તમાં સદ્ભક્તિથી પરમાત્માની જેમ વસુપૂજ્ય રાજા પેસતા હતા. રૂપલાવણ્ય અને નિર્મલ ગુણોથી સદેશ એવા એ રાજદંપતિને વિલાસ કરતાં કરતાં અદ્વૈત સુખમય સર્વકાળ નિર્ગમન થતો હતો. આ તરફ પ્રાણત દેવલોકમાં પદ્મોત્તર રાજાના જીવે ઉત્કૃષ્ટ સુખમાં મગ્ન થઈને પોતાનું આયુષ્ય પૂર્ણ કર્યું; પછી જયેષ્ઠ માસની શુકલ નવમીએ શતભિષા નક્ષત્રનો ચંદ્ર સાથે યોગ થતાં ત્યાંથી ચ્યવીને તે જયાદેવીની કુક્ષિમાં અવતર્યો. તે સમયે સુખે સુતેલા જયાદેવીએ તીર્થંકરના જન્મને સૂચવનારાં ચૌદ મહાસ્વપ્નો જોયાં. અભ્રની રેખા ચંદ્રને અને પર્વતની ગુફા સિંહને જેમ ધારણ કરે તેમ જયાદેવીએ અત્યુત્તમ ગર્ભને ધારણ કર્યો. અનુક્રમે ફાલ્ગુનમાસની કૃષ્ણ ચતુર્દશીએ વરૂણ નક્ષત્રમાં રાતા વર્ણવાળા અને મહિષ (પાડા)ના લાંછનવાળા એક પુત્રને જન્મ આપ્યો. આસન કંપ વડે છપ્પન દિક્કુમારીઓએ પ્રભુના જન્મને જાણી પ્રભુ અને તેમની માતાનું યથોચિત સૂતિકાકર્મ કર્યું. ત્યાર પછી પાલક વિમાન ઉપર આરૂઢ થઈને શક્ર ઇંદ્ર પોતાનો પરિવાર લઈ ત્યાં આવ્યા, અને તત્કાલ પ્રભુની જેમ પ્રભુના સૂતિકા ગૃહને પ્રદક્ષિણા કરી. પછી તેમાં પ્રવેશ કરી, જયાદેવીને અવસ્વાપિની નિદ્રા મૂકી તેમની પડખે પ્રભુના પ્રતિબિંબને સ્થાપન કરી, પોતે પાંચ રૂપ કર્યા. એક રૂપે પ્રભુને ગ્રહણ કર્યા, બીજા રૂપે છત્ર ધર્યું, બે રૂપે બે બાજુ ચામર વીંજવા લાગ્યા, અને એક રૂપે વજ્ર લઈને આગળ ચાલ્યા. ત્યાંથી સુમેરૂ પર્વત પર જઈ અતિપાંડુકબલા નામની શિલા ઉપર રહેલા સિંહાસન ઉપર પ્રભુને ઉત્સંગમાં લઈને શક્રેન્દ્ર બેઠા. તે અવસરે અચ્યુતેંદ્ર વિગેરે ત્રેસઠ ઇંદ્રોએ તીર્થના જલથી ભરેલા કુંભો વડે પ્રભુને અભિષેક કર્યો. પછી ઇશાનકલ્પના અધિપતિના ઉત્સંગમાં શક્ર ઇંદ્રે પોતાના ચિત્તની જેમ પ્રભુને સ્થાપન કર્યા, અને ભક્તિમાં ચતુર એવા તેણે પ્રભુની આસપાસ ચારે દિશાઓમાં સ્ફાટિકમણિના ચાર વૃષભ વિકુર્વ્યા. સ્નાનવિધિની વિલક્ષણતામાં ચતુર એવા શક્રેન્દ્રે તે વૃષભના શૃંગમાંથી નીકળતા જળ વડે પ્રભુને સ્નાન કરાવ્યું. પછી તે ચાર વૃષભોને અંતર્હિત કરી પ્રભુના શરીરને લુછી ગોશીર્ષચંદનથી વિલેપન કર્યું. અને દિવ્ય વસ્ત્રો, આભૂષણો અને પુષ્પોથી પ્રભુનું અર્ચન કરી આરતી ઉતારી આ પ્રમાણે સ્તુતિ કરવા માંડી.

" હે નાથ ! ચક્રવર્ત્તીઓના ચક્રથી, વાસુદેવોના ચક્રથી, ઇશાનેંદ્રના ત્રિશૂલથી, મારા " વજ્રથી અને બીજા ઇંદ્રોનાં અસ્ત્રોથી પણ જે કર્મો કોઇ દિવસ ભેદાતાં નથી તે કર્મો " તમારા દર્શન માત્રથી ભેદાઈ જાય છે. ક્ષીર સમુદ્રની વેલાથી, ચંદ્રાદિકની કાંતિથી,

" મેઘની ધારાઓથી, ગોશીર્ષચંદનના લેપનથી અને કદલીઓના ઘાટા ઉદ્યાનોથી જે
" દુઃખોનો પરિતાપ શમી જતો નથી તે તમારા દર્શન માત્રથી તત્કાલ શાંતિ પામી જાય
" છે. અનેક પ્રકારના કવાથો (ઉકાળા)થી, જાતજાતના ચૂર્ણોથી, ઘણા પ્રકારના લેપોથી,
" અનેક પ્રકારની શસ્ત્રક્રિયાથી તથા બહુ રીતના મંત્રપ્રયોગોથી જે રોગોછેદાતા નથી તે
" કહેવું ! ટુંકામાં એટલું કહેવાનું છે કે જે કાંઇ આ જગત્માં અસાધ્ય છે તે તમારા
" દર્શન માત્રથી સાધ્ય થઈ જાય છે. માટે હે જગત્પતિ ! આ તમારા દર્શનનું હું એ ફલ
" ઇચ્છું છું કે વારંવાર મને તમારૂં દર્શન થાઓ."

આ પ્રમાણે પ્રભુની સ્તુતિ કરી, તેમને લઇ જયાદેવીને પડખે મૂકી પ્રભુને નમસ્કાર કર્યો. પછી દેવીની અવસ્વાપિની નિદ્રા હરી, તેમના પડખામાંથી પ્રભુનું પ્રતિબિંબ લઈ, શક્ર ઇંદ્ર સ્વર્ગમાં ગયો, અને બીજા ઇંદ્રો મેરૂપર્વતથી પરભાર્યા સ્વસ્થાને ગયા.

પછી પ્રાતઃકાલે કમલોને વિકાસ કરનારા સૂર્યોદયની જેમ જગત્ના ચિત્તોને વિકસ કરનાર વસુપૂજ્ય રાજાએ જન્મોત્સવ કર્યો, અને વસુપૂજ્ય તથા જયાદેવીએ શુભ દિવસે પ્રભુનું વાસુપૂજ્ય એવું યથાર્થ નામ પાડયું. શક્ર ઇંદ્રે અંગુઠામાં સંક્રમાવેલા અમૃતને ચુસવાથી પ્રભુ વધવા લાગ્યા. કારણ કે અર્હંત ભગવાનને ધાત્રીમાતાઓ બીજાં કાર્ય કરવાથી જ ગણાય છે, સ્તનપાન કરાવ્યાથી ધાત્રી ગણાતી નથી. ઇંદ્રની આજ્ઞાથી પાંચ દેવાંગનાઓ ધાત્રીપણે છાયાની પેઠે પ્રભુની સાથે રહેતી હતી, અને તેમનાથી લાલનપાલન થયેલા પ્રભુ વૃદ્ધિ પામતા હતા. સમાન વયના થઈને આવેલા દેવકુમારોની સાથે કોઇવાર સુવર્ણરત્નમય દિવ્ય દડાઓથી, કોઇવાર હીરારત્નજડિત શંકુલા (શૂડી)થી કોઇવાર ભ્રમરની પેઠે ભમવાની ક્રીડાથી, કોઇવાર માંહોમાંહી દાવ કરી આમલીના વૃક્ષ ઉપર ચડવાની ક્રીડાથી, કોઇવાર ફાલ મારવાની ક્રીડાથી, કોઇવાર ઠેકવાથી રમતથી, કોઇવાર પાણીમાં તરવાથી, કોઇવાર સિંહનાદની રમતથી, કોઇવાર મુષ્ટિયુદ્ધથી અને કોઇવાર બાહુયુદ્ધથી ક્રીડા કરતા એવા પ્રભુએ બાલ્યપણાને યોગ્ય એવી શિશુવય નિર્ગમન કરી.

અનુક્રમે સીત્તેર ધનુષ ઊંચા ને સર્વ લક્ષણોએ યુક્ત એવા પ્રભુ મૃગાક્ષીઓના મનને હરનારૂં યૌવનવય પામ્યા. એક દિવસે સંસારસુખથી વિમુખ જણાતા વાસુપૂજ્ય પ્રભુને તેમના માતાપિતા પુત્રપણાના વાત્સલ્યભાવથી આ પ્રમાણે કહેવા લાગ્યા–" હે કુમાર ! તમારા જેવા પુત્રના જન્મ માત્રથી જગત્ બધાના અને અમારા સર્વ મનોરથો પૂર્ણ થયા છે, તોપણ કાંઈક તમને કહેવાનું છે કારણકે અમૃતથી કોણ તૃપ્તિ પામે ? મધ્ય દેશમાં, વત્સ દેશમાં, ગૌડ દેશમાં, મગધદેશમાં, કોશલ દેશમાં, પ્રાગ્જ્યોતિષમાં, નેપાળદેશમાં, વિદેહદેશમાં, કલિંગદેશમાં, પુંડ્ર દેશમાં, તામ્રલિપ્તમાં, મૂલ દેશમાં, મલય દેશમાં, મુદ્ગર દેશમાં, મલ્લવર્ત્ત દેશમાં, બ્રહ્મોત્તર દેશમાં, અને બીજા પણ પૂર્વદિશાના આભૂષણરૂપ સર્વ દેશોમાં તથા ડાહલ દેશમાં, દશાર્ણદેશમાં, વિદર્ભ દેશમાં, અશ્મક દેશમાં, કુંતલ દેશમાં, મહારાષ્ટ્ર દેશમાં, અંધ્ર દેશમાં, મુરલ દેશમાં, કથકૈશિક દેશમાં, સુર્પ્પર દેશમાં, કેરલ દેશમાં, દ્રમિલ દેશમાં, પાંડ દેશમાં, દંડક દેશમાં, ચૌડ દેશમાં, નાશિકય દેશમાં, કોંકણ દેશમાં, કૌવેર વાનવાસ દેશમાં, કોલ્લાદ્રિમાં, સિંહલ દેશમાં અને બીજા પણ દક્ષિણ દિશાના દેશોમાં, સૌરાષ્ટ્ર દેશમાં, ત્રિવણ કેશમાં, દશેરક દેશમાં, અર્બુદાચલમાં, કચ્છ દેશમાં, આવર્ત્તક દેશમાં, બ્રાહ્મણવાહમાં, યવન દેશમાં, સિંધુ દેશમાં અને બીજા પણ પાશ્ચમ *દિશાના દેશોમાં, તથા શક દેશમાં, કેકય [કાણુલ] દેશમાં, વોક્કણ દેશમાં, હૂણદેશમાં,*

વાનાયુજ દેશમાં, પંચાલ દેશમાં, કુલૂત દેશમાં, કાશ્મીર દેશમાં, કાંબોજ દેશમાં, વાન્હિક દેશમાં, જાંગલ દેશમાં, કુરૂ દેશમાં અને બીજા પણ ઉત્તર દિશાના દેશોમાં, તથા દક્ષિણ ભરતાર્દ્ધ ક્ષેત્રના સીમાડાની પાજ જેવા વૈતાઢ્ય પર્વતની બંને શ્રેણીમાં અને જુદા જુદા અનેક દેશોમાં કુલીન, પંડિત, શૂરવીર, મોટા ખજાનાવાળા, યશસ્વી, ચતુરંગ સૈન્યવાળા, પ્રજાપાલનમાં પ્રખ્યાત, નિષ્કલંક, સત્ય પ્રતિજ્ઞાવાળા અને ધર્મના અનુરાગી જે રાજાઓ અને ખેચરેશ્વરો રહેલા છે તે સર્વે મોટી ભેટો સહિત પોતાની કન્યાઓ તમને આપવાને અશ્રાંતપણે વારંવાર અમારી પ્રાર્થના કરે છે. તેથી તેઓની કન્યાઓ સાથે તમારા વિવાહોત્સવના દર્શન આપીને તેમના તથા અમારા મનોરથને પૂર્ણ કરો, અને કુલક્રમથી આવેલા આ રાજ્યને ગ્રહણ કરો. કારણ કે હવે વૃદ્ધાવસ્થામાં અમારે વ્રત ગ્રહણ કરવું એજ ઉચિત છે.” આવા માતાપિતાનાં વચન સાંભળીને વાસુપૂજ્ય ભગવાન્ હાસ્ય કરતા બોલ્યા–“હે માતાપિતા ! પુત્રપ્રેમને યોગ્ય એવાં આ તમારાં વચનો યુક્ત છે. પણ આ સંસારરૂપી અરણ્યમાં સાર્થવાહના વૃષભની પેઠે ભમી ભમીને હું ઘણો ખેદ પામી ગયો છું. કયા કયા દેશમાં, કયા કયા નગરમાં, કયા કયા ગામમાં, કઈ કઈ ખાણોમાં, કઈ કઈ અટવીમાં, કયા કયા પર્વતમાં, કઈ કઇ નદીમાં, કયા કયા દ્રહોમાં, કયા કયા બેટમાં, અને કયા કયા સમુદ્રમાં, જાતજાતના રૂપનું પરાવર્ત્તન કરી હું અનંતકાલ નથી ભમ્યો ? હવે તો નાના પ્રકારની યોનિઓમાં ભ્રમણ કરવાના સ્થાનરૂપ આ સંસારને મારે છેદી નાખવો છે. માટે સંસારરૂપી વૃક્ષને દોહદરૂપ કન્યાઓની સાથે વિવાહ કરવાની અને રાજ્યભાર ગ્રહણ કરવાની મારે કાંઇપણ જરૂર નથી. જો તમારે મારો ઉત્સવજ જોવો હોય તો દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણસમયના મહોત્સવો જન્મસમયની જેમ તમારે અને જગત્ને જોવા યોગ્ય થશે.”

આવાં પુત્રનાં વચન સાંભળીને વસુપૂજ્ય રાજાએ અશ્રુયુક્ત લોચનવડે કહ્યું–“અરે પુત્ર ! તું આ સંસાર તરવામાં ઉત્સુક છે એમ હું જાણું છું. તીર્થંકરના જન્મને સૂચવનારાં ચૌદ મહા સ્વપ્નોથી તમારો આ જન્મ સંસારસમુદ્રના પારને લાવનારો છે, એમ અમારા જાણવામાં આવ્યું છે. હું નિઃસંશય કહું છું કે તમે આ ભવસાગર તરી જ ગયા છો અને દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ સંબંધી મહોત્સવો પણ અવશ્ય થવાનાજ છે. તથાપિ તે ઉત્સવોની અંતર્ગત તમારો વિવાહોત્સવ પણ કરવાની મારી ઇચ્છા છે. કારણકે મોક્ષને પામવાને ઇચ્છતા એવા આપણા પૂર્વજોએ પણ એ ઉત્સવ આચરેલો છે. જુઓ આપણા ઇક્ષ્વાકુ વંશના આદિ પુરુષ ભગવાન્ ઋષભદેવજી પોતાના પિતા નાભિરાજાની આજ્ઞાથી સુમંગલા અને સુનંદા નામની બે કન્યાઓ સાથે પરણ્યા હતા. અને ત્યાર પછી પિતાની આજ્ઞા પ્રમાણે સૃષ્ટિવ્યવહાર બતાવી, રાજ્ય પાળી, ભોગ ભોગવી જ્યારે સમય આવ્યો ત્યારે દીક્ષા લીધી હતી અને તે પ્રમાણે ગ્રહણ કરેલી દીક્ષાથી પણ પ્રાંતે એ પ્રભુ મોક્ષને પામ્યા હતા. કારણકે તમારા જેવા પુરુષોને તો ગ્રામની જેમ મોક્ષ નજીક હોવાથી પ્રાપ્ત કરવું સહેલું છે. બીજા પણ અજિતનાથથી માંડીને શ્રેયાંસનાથ સુધીના તીર્થંકરોએ પિતાના વચનથી ઉદ્વાહ કરીને અને આ પૃથ્વી ઉપર રાજ્ય કરીને પછી મોક્ષને સાધ્યો છે, તેવી રીતે વિવાહ, રાજ્યશાસન, દીક્ષા અને નિર્વાણના સાધનોથી તમે પણ તે પ્રમાણે કરીને પૂર્વજોને અનુસરો.”

આવાં પિતાનાં વચન સાભળી વાસુપૂજ્ય કુમારે નમ્રતાથી કહ્યું–“હે પિતાજી ! એ સર્વ પૂર્વજોનાં ચરિત્રો હું જાણું છું; પણ આ સંસારના માર્ગમાં પોતાના કુળમાં

કે બીજાના કુળમાં એક બીજાનું સદૃશપણું કોઇથી પ્રવર્ત્તનવડે કરી શકાતું નથી. જે તીર્થંકરોએ વિવાહાદિક કરેલા છે તેઓને ભોગફલવાળાં સવિશેષ કર્મો રહેલા હતા. તેથી ત્રણ જ્ઞાનને ધારણ કરનારા એ મહાત્માઓએ ભોગ ભોગવીને તે કર્મોને ખપાવ્યાં હતાં. પણ મારે તો કાંઇપણ ભોગફલકર્મ અવશેષ રહેલું નથી કે જે મોક્ષમાં વિઘ્નરૂપ થાય, માટે મને તો દીક્ષા લેવાનીજ આજ્ઞા આપવાને યોગ્ય છો. વળી મલ્લિનાથ, નેમિનાથ અને પાર્શ્વનાથ[1]એ ત્રણ ભાવિ તીર્થંકરો પણ વિવાહ તથા રાજ્યને અંગીકાર કર્યા વગરજ મુક્તિને મેળવવા માટે દીક્ષા ગ્રહણ કરશે. ચરમ તીર્થંકર શ્રી વીરભગવાન્ પોતાને ભોગ્ય કર્મ થોડું હોવાથી વિવાહ કરશે, પણ રાજ્ય કર્યા વગરજ દીક્ષા લઈ સિદ્ધિ પામશે. તેથી કર્મની વિચિત્રતાને લીધે તીર્થંકરોનો પણ એકજ માર્ગ નથી. આ પ્રમાણે વિચાર કરી મને આજ્ઞા આપો, અને પ્રેમવડે કાયર થાઓ નહીં."

આ પ્રમાણે પોતાના માતાપિતાને સમજાવી, જન્મ પછી અઠાર લાખવર્ષ ગયા પછી પ્રભુ દીક્ષા લેવાને ઉત્સુક થયા. તત્કાલ આસનના કંપવાથી પ્રભુનો દીક્ષાઅવસર જાણી લોકાંતિક દેવતાઓ બ્રહ્મલોકમાંથી ત્યાં આવ્યા. તેઓએ પ્રભુને પ્રદક્ષિણા પૂર્વક પ્રણામ કરી 'હે સ્વામી! તીર્થને પ્રવર્ત્તાવો' એમ વિજ્ઞપ્તિ કરી. આ પ્રમાણે કહીને તેઓ પોતાના લોકમાં ગયા પછી અનુગ્રહ કરવામાં તત્પર એવા પ્રભુએ વાર્ષિકદાન આપ્યું. તે દાન આપી રહ્યા પછી વર્ષાઋતુને અંતે પ્રજા જેમ ઇંદ્રોત્સવ કરે તેમ ઇંદ્રોએ આવી પ્રભુના દીક્ષાભિષેકનો મહોત્સવ કર્યો. પછી સુરઅસુરોએ રચેલી અને સિંહાસનથી સુશોભિત એવી **પૃથ્વી** નામે શિબિકા ઉપર પ્રભુ બિરાજમાન થયા. તેમાં રહેલા પાદપીઠ ઉપર પોતાના ચરણ મૂકી મણિમય સિંહાસન ઉપર રહેલા પ્રભુ સુવર્ણના કમલ ઉપર રહેલા રાજહંસની પેઠે શોભવા લાગ્યા. કોઇ આગળ રહેલાં પોતપોતાનાં શસ્ત્રોને ઉછાળતા, કોઇ દિવ્ય છત્ર હાથમાં રાખતા, કોઈ ચામર ધારણ કરતા, કોઈ પંખા રાખતા, કોઈ સુગંધી પાત્ર ધરતા, અને કોઈ પુષ્પોની માલાઓ રાખતા એવા અનેક ઇંદ્રોએ પરવરેલા તથા દેવ, અસુર અને મનુષ્યોએ સેવેલા જગત્પતિ વિહારગૃહ નામના ઉત્તમ વનમાં આવ્યા. એ ઉપવનમાં આંબાના અંકુરોના સ્વાદવડે હર્ષ પામેલા મધુર શબ્દવાળા કોકિલો ભક્તિના ઉત્કર્ષથી જાણે પ્રભુની સ્તુતિ કરતા હોય, પવનના હલાવવાથી ખરી પડેલા પુષ્પોના ગુચ્છોના બાનાથી નવીન અશોક વૃક્ષો જાણે પ્રભુને અર્ઘ્ય આપતા હોય, ચંબેલી અને આસોપાલવના પુષ્પોથી ઝરતા એવા મકરંદરસના મિષથી દેવતાઓ જાણે પ્રભુના ચરણને ધોવાને પાદ્યજલ આપતા હોય, ચારોળીના પુષ્પોમાંથી નીકળતા મધુર રસના પાનથી ઉન્મત્ત થયેલી ભમરીઓનો સમૂહ જાણે પ્રભુની પાસે માંગલિક ગીતો ગાતો હોય, પ્રફુલ્લિત પુષ્પોના અત્યંત ભારથી જેમનાં મસ્તકો નમેલાં છે એવાં કર્ણિકારનાં વૃક્ષો જાણે પ્રભુને અધિક નમસ્કાર કરતાં હોય અને પુષ્પોના આભૂષણોથી રમણિક તેમજ પલ્લવરૂપી હાથને હલાવતી વાસંતી લતાઓએ પ્રભુની પાસે જાણે નૃત્યનો આરંભ કર્યો હોય તેવી રીતે વૃક્ષોને તથા લતાઓને વિશેષ શોભા ઉત્પન્ન કરતા વાસુપૂજ્ય ભગવાને જાણે બીજા વસંતરાજ હોય તેમ તે ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. પછી પ્રભુએ શિબિકા ઉપરથી નીચે ઉતરી ફાલ્ગુન માસમાં વૃક્ષો જેમ પત્રોને તજી દે તેમ પુષ્પમાળા તથા આભૂષણો તજી દીધાં. પછી સ્કંધભાગ ઉપર ઇંદ્રે મૂકેલાં દેવદૂષ્ય વસ્ત્રને વહન કરતા એવા પ્રભુએ ચતુર્થ તપ કરીને પંચમુષ્ટિ લોચ પૂર્વક ફાલ્ગુન માસની અમાવાસ્યાને

---

૧ અન્ય સ્થાનકે વાસુપૂજ્ય અને પાર્શ્વનાથ પરણ્યાનો અધિકાર છે, અહીં ના કહે છે, તત્વ કેવળી ગમ્ય.

દિવસે વરૂણ નક્ષત્રમાં દિવસના અપરાહ્ન કાલે છસો રાજાઓની સાથે દીક્ષા લીધી. ત્યાર પછી સુર, અસુર અને મનુષ્યોના અધિપતિઓ જગત્‌ના ગુરૂ એવા પ્રભુને નમસ્કાર કરીને સાયંકાલે યાચકો પોતપોતાને ઠેકાણે જાય તેમ પોતપોતાને સ્થાનકે ગયા. બીજે દિવસે મહાપુર નગરમાં સુનંદ રાજાને ઘેર પ્રભુએ પરમ અન્નથી પારણું કર્યું. તે વખતે દેવતાઓએ વસુધારાદિક પાંચ દિવ્ય પ્રકટ કર્યા, અને સુનંદે પ્રભુના ચરણને ઠેકાણે એક રત્નમય પીઠ કરાવી. ત્યાંથી પ્રભુ અનેક ગ્રામ, આકર અને નગર વિગેરે સ્થાનોમાં પવનની જેમ અપ્રતિબદ્ધપણે વિહાર કરવાને પ્રવર્ત્યા.

હવે પૃથ્વીપુર નગરમાં રાજાઓનો શિરોમણિ **પવનવેગ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેણે પૃથ્વી ઉપર ઘણા વર્ષો પર્યંત નિર્વિઘ્ને રાજ્ય કર્યું. પ્રાંતે યોગ્ય અવસરે તે રાજા **શ્રવણસિંહ** નામના મુનિની પાસે વ્રત લઈ, દુષ્કર તપ તપી, મૃત્યુ પામીને અનુત્તર વિમાનમાં દેવતા થયો.

આ જંબૂદ્વીપના દક્ષિણ ભરતાર્દ્ધમાં સર્વ સંપત્તિઓથી અવંધ્ય એવું **વિંધ્યપુર** નામે નગર છે. તેમાં વિંધ્યાદ્રિના જેવો બલવાન, શત્રુરૂપી તુલને ઉડાડવાને મહાવાયુ જેવો અને સર્વ રાજાઓમાં કેસરીસિંહ સમાન **વિંધ્યશક્તિ** નામે રાજા હતો. ક્રૂર ગ્રહોની પેઠે તે રાજાના બે ભુજદંડ જ્યારે પરસ્પર અથડાતા ત્યારે સર્વ રાજાઓ ક્ષોભ પામી જતા હતા. ભ્રકુટીના ભંગથી ભયંકર અને અત્યંત રાતી એવી દૃષ્ટિથી જાણે ગળી જતો હોય તેવા તે રાજાને શત્રુઓ નાસતાં નાસતાંજ જોઈ શકતા હતા. પોતાને જીવવાની ઇચ્છાથી શત્રુઓ પણ તેનો આશ્રય લેતા, અમે 'ધન આપીને પણ પ્રાણ બચાવવા' એ નીતિથી તેને મોટો દંડ આપતા હતા. એક વખતે શકઈંદ્ર જેમ સુધર્મા સભામાં બેસે તેમ સર્વ સામંત તથા અમાત્ય વિગેરે પરિવારથી પરવરેલો તે રાજા સભામાં બેઠો હતો તેવામાં છડીદારે પ્રવેશ કરાવેલો એક ચરપુરૂષ ત્યાં આવ્યો. રાજાને નમસ્કાર કરી બેસીને તેણે ધીમે ધીમે વિજ્ઞપ્તિ કરવા માંડી–"હે દેવ! આપના જાણવામાંજ હશે કે આ દક્ષિણ ભરતાર્દ્ધમાં લક્ષ્મીના ભંડાર તુલ્ય **સાકેતપુર** નામે એક મોટું નગર છે. ત્યાં ઘણી સૈન્યસમૃદ્ધિથી જાણે ભરત ચક્રવર્ત્તીનો સેનાપતિ હોય તેવો **પર્વત** નામે મોટી ભુજાવાળો રાજા છે. તેની પાસે પોતાના સ્વરૂપથી ઉર્વશી અને રંભાનો પરાભવ કરનારી અને કામદેવના ધનરૂપ **ગુણમંજરી** નામે એક વેશ્યા રહે છે. એ સુંદરીના મુખને રચતાં અવશિષ્ટ રહેલાં પરમાણુઓથીજ વિધાતાએ પૂર્ણિમાનો ચંદ્ર બનાવ્યો હશે એમ લાગે છે. અમારાથી શું અધિક લાવણ્ય કોઈ ઠેકાણે તમોએ સાંભળ્યું છે? એમ પૂછવાને માટેજ જાણે તેનાં નેત્રો કાનસુધી આવ્યાં હોય! એમ જણાય છે, અર્થાત્‌ તેનાં નેત્ર કર્ણપર્યંત લાંબાં છે. તેની છાતી ઉપર એવાં વિશાળ મનોહર સ્તનો રહેલાં છે કે જેમની ઉપમા એ પોતેજ છે, બીજું કાંઇ ઉપમા આપવા યોગ્ય નથી. તેનો મધ્યભાગ એવો કૃશ છે કે જાણે તેણે નિત્ય સહવાસથી ઉત્પન્ન થયેલા સ્નેહથી સ્તનરૂપી કુંભને પોતાની વિશાળતા આપી દીધી હોય તેમ જણાય છે. તેના હાથપગ કમલના જેવા કોમલ છે, અને તેમાં રહેલી રાગની સંપત્તિથી તે કંકેલિ વૃક્ષના પલ્લવોને અનુસરતા છે. એ સુંદર રમણી ગાયનમાં કોકિલા જેવી છે, નૃત્યમાં ઉર્વશી તુલ્ય છે, અને મધુર વીણા વગાડવામાં તુંબુરૂ ગંધર્વની જાણે સહોદરા હોય તેવી છે. હે મહારાજ! નારીઓમાં રત્નરૂપ એ વારાંગના આપ મહારાજાની પાસેજ ઘટે છે, માટે સુવર્ણ અને મણિની જેવો તમો બંનેનો ઉચિત યોગ થાઓ. જેવું લવણ વગરનું ભોજન, જેવું નેત્ર વગરનું મુખ અને જેવી ચંદ્ર વગરની રાત્રિ તેવી રીતે એ સુંદર વેશ્યા વગર તમારું

રાજ્ય છે.” આ પ્રમાણેનાં એ સેવકનાં વચનો સાંભળીને વિંધ્યશક્તિ રાજાએ એ ગુણમંજરી વેશ્યાની યાચના કરવાને માટે પર્વત રાજાની પાસે દૂતરૂપે પોતાના એક મંત્રીને મોકલ્યો.

જાણે વેગથી આકાશને તરી જતા હોય તેવા વેગી વાહનોથી તે મંત્રી સ્વલ્પ કાળમાં સાકેતપુર નગરે જઇ પહોંચ્યો, અને પર્વત રાજાની સભામાં જઇ તેને કહેવા લાગ્યો– “રાજા વિંધ્યશક્તિ તમારાથી જુદા નથી અને તમે તેનાથી જુદા નથી. સમુદ્ર અને તરંગજાલની પેઠે તમો બંને રાજાઓમાં અભેદપણું છે. તમારા બંનેનો આત્મા એકજ છે, ફકત શરીરજ જુદાં છે. જે તેમનું તે તમારું છે અને જે તમારું તે તેમનું છે. તમારી પાસે ગુણમંજરી નામે એક સુંદર વેશ્યા છે એમ સંભળાય છે, તેને અમારા રાજા વિંધ્યશક્તિ કૌતુકને માટે પોતાની પાસે મંગાવે છે. તેથી તમારા બંધુ અને તમારા જેવા તે રાજાને માગણી કરવાથી એ વેશ્યા આપો; કારણકે વેશ્યાસ્ત્રીઓને આપવામાં અને ગ્રહણ કરવામાં કાંઇપણ નિંદ્ય જેવું નથી.” આ પ્રમાણેનાં મંત્રીનાં વચનોથી યષ્ટિવડે સ્પર્શ કરેલા સર્પની પેઠે કોપથી પોતાના હોઠને કંપાવતો પર્વત રાજા બોલ્યો–“અરે ! સેવક ! એ દુષ્ટ હૃદયવાળો વિંધ્યશક્તિ રાજા મારો બંધુ છે. એ પ્રમાણે તું કેમ કહે છે ? કારણ કે એ પ્રાણથી પણ વહાલી એવી ગુણમંજરીની મારી પાસે યાચના કરે છે. જેના વિના હું એક મુહૂર્ત્ત માત્ર પણ રહેવા સમર્થ નથી તેને ગ્રહણ કરવાની ઇચ્છા કરનારા તારા રાજાએ મારા પ્રાણ લેવાની ઇચ્છા કરી છે. એક દાસીને પણ હું આપું નહીં તો ગુણમંજરીને શી રીતેજ આપીશ ? માટે ભલે વિંધ્યશક્તિ રાજા પોતાની શક્તિથી મારો મિત્ર થાય વા શત્રુ થાય. અરે મંત્રી! તું અહીંથી ઉઠીને જા, તારા રાજાને આ પ્રમાણે યથાર્થ કહેજે. કારણકે દૂતો યથાર્થ કહેનારા હોય છે.”

આવાં પર્વતરાજાનાં વચન સાંભળી વાંકાં નેત્ર કરતો મંત્રી ઉઠ્યો, અને વાહન ઉપર ચડીને સત્વર વિંધ્યશક્તિની પાસે આવી તેને સર્વ વૃત્તાંત કહ્યું. જે સાંભળી આહુતિના હોમથી જેમ અગ્નિ પ્રદિપ્ત થાય તેમ તે ક્રોધથી પ્રજ્વલિત થયો. પછી સમુદ્ર જેમ મર્યાદા છોડીને જાય તેમ લાંબા કાળની મિત્રતા છોડીને ગર્વના પર્વત જેવો વિંધ્યશક્તિ રાજા-પર્વતરાજાની ઉપર લશ્કર લઇને ચાલ્યો. એ ખબર સાંભળી પર્વત રાજા પણ સૈન્યવાહન સાથે સન્મુખ આવ્યો. **શૂરવીર પુરૂષ મિત્રની અને શત્રુની બંનેની સામે આવે છે.** પછી લાંબા કાળથી પ્રચંડભુજાઓ પર આવી રહેલી ખુજલી શમાવાને ઔષધ જેવું તેમના અગ્ર સૈનિકોની વચ્ચે મહાયુદ્ધ પ્રવર્ત્યું. સામસામા લડાઇ કરતા હાથીઓની જેમ બંને સૈન્યના સુભટો પરસ્પર સામા આવતા હતા અને પાછા હઠતા હતા. ભાલાથી વીંધાયા છતાં પણ હુંકાર કરતો કોઇ વીર પુરૂષ તંતુમાં પરોવાયેલા મણિની જેમ શોભતો શત્રુની સામે ધસી આવતો હતો. કુશલ ધનુષધારીઓએ ઘાટા બાણોના મારવડે સુભટ વિનાની કરી મૂકેલી યુદ્ધભૂમિ લણી લીધેલા શરકટવડે જેમ અરણ્યની ભૂમિ લાગે તેવી લાગતી હતી. સર્પોની જેમ પરના પ્રાણોને હરનારા પરિઘ, શલ્ય, ગદા અને મુદ્ગરો વિગેરેના પડવાથી સર્વ દિશાઓ વ્યાપી રહી હતી, અને શુકલ અને કૃષ્ણપક્ષમાં ચંદ્રિકાના તેજની જેમ બંને સૈન્યોનો ક્ષણે ક્ષણે સરખી રીતે જય પરાજય થતો હતો.

પછી પર્વતરાજા સર્વ બલથી હાથમાં ધનુષ લઇ, રથ ઉપર ચડીને યુદ્ધ કરવાને માટે રણભૂમિમાં આવ્યો. તે વખતે સૈન્યે ઉખેડેલી પૃથ્વી રજવડે જેમ અંતરીક્ષ ઢંકાઇ જાય તેમ એકી સાથે કરેલી બાણવૃષ્ટિથી તેણે શત્રુના સૈન્યને ઢાંકી દીધું; અને થોડીકવારમાં

તો જેનો વેગ રોકી શકાય નહીં એવા પર્વત રાજાએ બલવાન પવન જેમ વૃક્ષોને ભાંગી નાખે તેમ વિંધ્યશકિતના સૈન્યને ભાંગી નાખ્યું. પોતાના સૈન્યનો ભંગ થયેલો જોઇને ક્રોધ પામેલો મહાભુજ વિંધ્યશકિત રાજા જાણે કાલરાત્રિનો અનુજ બંધુ હોય તેમ શત્રુઓનો સંહાર કરવાને તૈયાર થયો. તેને આવતો જોઇને મૃગલાઓ જેમ સિંહને અને સર્પો જેમ ગરૂડને સહન કરી ન શકે તેમ પર્વત રાજાના સૈનિકો તેને સહન કરી શકયા નહીં. પછી ધનુષ્ય અને પ્રચંડ ભુજાના બળથી ગર્વ પામેલા વિંધ્યશકિત રાજાએ જેનું સૈન્ય પરાભવ પામેલું છે એવા પર્વત રાજાને પોતાની આગળ રણભૂમિમાં બોલાવ્યો. પછી નારાચ અને અર્દ્ધચંદ્ર બાણોથી પરસ્પર વધ કરવાની ઇચ્છા કરનાર તે બંને રાજાઓ વચ્ચે મોટું યુદ્ધ થયું. રથ ઉપર રહેલા તે બંને રાજાઓએ એક બીજાના રથ, રથના ઘોડા અને સારથિનું મેઘની જેમ મંથન કરી નાખ્યું. પછી બીજા રથ ઉપર બેસીને કલ્પાંત કાળમાં પર્વતોની જેમ તેઓએ ફરીવાર યુદ્ધ કરવા માંડયું. થોડીવારમાં વિંધ્યશક્તિએ પોતાની શકિતથી પર્વતરાજાને સર્પને જેમ વિષ રહિત કરે તેમ અસ્ત્ર અને વીર્ય વગરનો કરી દીધો. તેથી મોટા હાથીથી હાથીના બચ્ચાંની જેમ વિંધ્યશકિત રાજાએ પરાભવ કરેલો પર્વત રાજા પાછું જોયા વગરજ ત્યાંથી પલાયન કરી ગયો. વિંધ્યશક્તિએ પર્વતના નગરમાં પ્રવેશ કરી ગુણમંજરી વેશ્યા અને બીજું હસ્તી વિગેરે સર્વસ્વ લઇ લીધું. કહ્યું છે કે **જેનું પરાક્રમ તેની લક્ષ્મી** છે. પછી પૂર્ણ થયેલા મેઘની જેમ રણસાગરમાંથી નિવૃત્ત થઇને કૃતાર્થ થયેલો વિંધ્યશકિત રાજા પોતાના વિંધ્યપુરમાં આવ્યો. ફાળથી ચુકેલા સિંહની જેમ અને ઠેકડો મારવાથી ચુકેલા વાનરની જેમ રણમાંથી ભગ્ન થયેલો પર્વત રાજા ત્યારથી ઘણા કષ્ટમાં રહેવા લાગ્યો. છેવટે એવા પરાભવથી લજ્જા પામીને તેણે **સંભવાચાર્ય**ની પાસે દીક્ષા લીધી. દુઃખે તપી શકાય એવા મહા તપ કરતાં તેણે એવું નિયાણું કર્યું કે " આગામી ભવમાં હું વિંધ્યશકિતનો વધ કરનાર થાઉં." જેમ ફોતરાંઓ લઈ ને તેના બદલામાં માણિકય વેચે તેમ તેણે મોટા તપને આવું નિયાણું બાંધી વેચી દીધો. અંતે અનશન કરી મૃત્યુ પામીને તે પ્રાણત દેવલોકમાં દેવતા થયો. રાજા વિંધ્યશકિત પણ ચિરકાલ ભવમાં ભ્રમણ કરી પ્રાંતે એક ભવમાં જિનલિંગને ધારણ કરી મૃત્યુ પામીને દેવલોકમાં દેવતા થયો.

ત્યાંથી ચ્યવીને વિંધ્યશકિતનો જીવ વિજયપુરમાં **શ્રીધર** રાજાની **શ્રીમતી** નામની રાણીના ઉદરથી **તારક** નામે પુત્રરૂપે ઉત્પન્ન થયો. તે સીતેર ધનુષ્યની કાયાવાળો, કાજલના જેવા શ્યામ વર્ણવાળો, બોંતેર લાખ વર્ષના આયુષ્યવાળો અને ઘણા ભુજબલવાળો થયો. છેવટે તેણે ચક્ર મેળવી ભરતાર્દ્ધને સાધી લીધું. કારણકે **પ્રતિવાસુદેવો ભરતાર્દ્ધના સ્વામી થાય છે.**

આ તરફ સૌરાષ્ટ્ર દેશનું મુખમંડન **દ્વારકા** નામે નગરી હતી. તેનો સુંદર કિલ્લો પશ્ચિમ સમુદ્રના તરંગોથી નિરંતર ધોવાતો હતો. તે નગરમાં સર્વ જગતના ઉલટાક્રમનું નિવારણ કરનાર અને મોટા પરાક્રમવાળો જાણે વાસુદેવની હરીફાઇ કરતો હોય તેવો **બ્રહ્મ** નામે રાજા હતો. લવણ સમુદ્રને જેમ ગંગા અને સિંધુ તેમ તેના અંતઃપુરમાં પ્રધાન એવી **સુભદ્રા** અને **ઉમા** નામે તેને બે રાણીઓ હતી. કામદેવ જેમ રતિ અને પ્રીતિ સાથે વિષયસુખ ભોગવે તેમ તે બંને સ્ત્રીઓની સાથે બ્રહ્મરાજા ચિરકાલ વિષયસુખ ભોગવતો હતો.

તેવામાં પવનવેગનો જીવ અનુત્તર વિમાનથી ચ્યવી મહાદેવી સુભદ્રાના ઉદરમાં અવતર્યો. સુખે સુતેલા સુભદ્રા દેવીએ બલદેવના જન્મને સૂચવનારાં ચાર મહાસ્વપ્નો જોયાં.

સમય આવતાં કમલને જેમ ગંગા અને ચંદ્રને જેમ પૂર્વદિશા પ્રસવે તેમ સ્ફાટિકમણિના જેવા નિર્મલ કુમારને તેમણે જન્મ આપ્યો. બંદિવાનોને કારાગૃહમાંથી મુકત કરવા વિગેરે સુકૃત્યોથી જગતને પરમહર્ષ આપતા એવા બ્રહ્મરાજાએ પુત્રનું **વિજય** એવું નામ પાડયું. જુદાં જુદાં કાર્ય માટે નિમાયેલી પાંચ ધાત્રીમાતાઓએ લાલનપાલન કરેલો એ કુમાર શરીરની શોભાની સાથે વયોવૃદ્ધિને પામ્યો. કાનમાં સુવર્ણના ચપલ અકોટા, કંઠમાં નાભિસુધી લટકતો રત્નનો હાર, કટિભાગમાં સુવર્ણની કટારી સાથે કનકની કટિમેખલા, પગમાં વાગતી રત્નની ઘુઘરમાળ અને મસ્તક ઉપર કાનશીઆને ધારણ કરતો એ કુમાર સર્વને હર્ષ પમાડતો હતો. હવે પ્રાણત દેવલોકમાંથી ચ્યવીને પર્વત રાજાનો જીવ સરસી (તલાવડી) માં હંસની પેઠે ઉમાદેવીની કુક્ષિમાં અવતર્યો. સુખે સુતેલા ઉમાદેવીએ વાસુદેવના જન્મને સૂચવનારાં સાત મહાસ્વપ્નો મુખમાં પ્રવેશ કરતાં જોયાં. અનુક્રમે નવ માસ અને સાડા સાત દિવસની ગર્ભસ્થિતિ પૂર્ણ થતાં વર્ષાઋતુ જેમ પૂર્ણ મેઘને જન્મ આપે તેમ તેણે શ્યામ વર્ણવાળા કુમારને જન્મ આપ્યો. કુમારના જન્મથી જાણે પરબ્રહ્મમાં નિમગ્ન થયા હોય તેવા બ્રહ્મરાજાએ હર્ષથી યાચકોને પ્રસન્ન કરવા પૂર્વક પુત્રજન્મનો મોટો ઉત્સવ કર્યો. શુભ એવા ગ્રહ, નક્ષત્ર, તિથિ અને વારમાં કુમારનું **દ્વિપૃષ્ટ** એવું યથાર્થ નામ પાડયું. તાપસોની સ્ત્રીઓ પોતાના આંગણામાં ઉગેલા કંકલિના વૃક્ષનું જેમ લાલનપાલન કરે તેમ પાંચ ધાત્રીઓએ જુદાંજુદાં કાર્યોવડે તેનું લાલનપાલન કરવા માંડયું. સ્વેચ્છાથી ઉછળતા અને દોડતા એ ચપલ બાળકને પારાની જેમ તે ધાત્રીઓ હાથથી પકડી શકતી નહીં. પિતા, માતા અને જ્યેષ્ઠ બંધુ જેમને હર્ષ સાથે પોતાનો અંતરસ્નેહ બતાવતા હતા એવા બીજા વાસુદેવ પ્રતિદિન વધવા લાગ્યા. જાણે છઠ્ઠી ધાત્રીમાતા હોય તેમ વિજય કુમાર તે કુમારને તેની ઉપરના અત્યંત સ્નેહથી કેડ ઉપર, હૃદય ઉપર, પૃષ્ઠ ભાગ ઉપર અને સ્કંધ ઉપર વારંવાર તેડતો હતો. દ્વિપૃષ્ટ કુમાર પણ સ્નેહરૂપી કામણથી બંધાઈને વિજયકુમારને અનુસરીનેજ ઉભો રહેતો, ચાલતો, સુતો, બેસતો, જમતો અને પાણી પીતો હતો. જ્યારે સમય આવ્યો ત્યારે પિતાના અલંઘ્ય શાસનથી તેઓએ ફકત વિદ્યાગુરૂને નિમિત્તરૂપ કરીને લીલામાત્રમાં સર્વ કલાઓ ગ્રહણ કરી લીધી. જેમનું મધ્ય (હૃદયનો આશય) જાણવામાં આવતું નથી એવા ઉજજવળ અને શ્યામ વર્ણવાળા તે બંને સહોદરો જાણે મૂર્ત્તિમાન્ ક્ષીરસમુદ્ર અને લવણસમુદ્ર હોય તેવા જણાતા હતા. નીલાં અને પીળાં વસ્ત્રોને ધારણ કરનારા તથા તાડ અને ગરૂડના ચિહ્નવાળા એ બંને કુમારો બાળક હતા તો પણ તારક પ્રતિવાસુદેવની આજ્ઞાને જરાપણ માન્ય કરતા નહોતા. તેઓનો આજ્ઞાનો અતિક્રમ, ભુજવીર્ય અને અધૃષ્યપણું વિગેરે જોઈને તેના બાતમીદારોએ જઈ તારકને આ પ્રમાણે કહ્યું–" હે દેવ! દ્વારકામાં બ્રહ્મરાજાને ઘેર સાથે મળેલા વાયુ અને અગ્નિની જેવા બે અતિદુર્મદ કુમારો ઉત્પન્ન થયેલા છે, તેઓ તમારી આજ્ઞાને માનતા નથી. સર્વ શાસ્ત્રોની અંદર કુશળતા અને વિદ્યાની સિદ્ધિઓ તેઓના ભુજદંડના બલને અહંકારરૂપ થયેલી છે. તેથી હે દેવ! તમારા સંબંધમાં આ શુભ હોય તેમ જણાતું નથી; માટે તમને જેમ યોગ્ય લાગે તેમ કરો, અમે તો તમારા સેવકો છીએ." આવાં વચનો સાંભળીને તારકરાજાનાં નેત્રો કોપથી ચપલ થઇને ફરકવા લાગ્યાં. તરતજ મોટા પરાક્રમવાળા પોતાના સેનાપતિને બોલાવીને તેણે આજ્ઞા કરી કે–" અરે સેનાપતિ! એકદમ સર્વ રીતે તૈયાર થઇ જાઓ અને સામંતરાજાઓને બોલાવવામાં ત્વરિતકારરૂપ ભંભાને વગાડો. કેમકે વક્ર બુદ્ધિવાળા એ બ્રહ્મરાજાને પુત્રો સહિત મારી નાખવો છે. **ઉપેક્ષા કરેલો શત્રુ વ્યાધિની પેઠે પરિણામે વિષરૂપ થાય છે.**" રાજા-

ની આજ્ઞા સાંભળી મંત્રીએ કહ્યું–" મહારાજ ! આ બાબતમાં સારી રીતે ધ્યાન આપો; આજસુધી બ્રહ્મરાજા તમારો એક પત્તિરૂપ સામંત તરીકે વર્ત્યો છે, તો કાંઇપણ મિષ વગર તેની ઉપર ચડાઇ કરવી એ યોગ્ય નથી. કારણકે તેમ કરવાથી બીજા અમાત્યોને શંકા ઉત્પન્ન થશે; જ્યારે શંકા થઈ ત્યારે તેવા શંકાવાળાનો વિશ્વાસ કરવો યોગ્ય નહીં, વિશ્વાસ વગર તેના વિચાર કે હુકમ શા કામના ? અને જ્યારે વિચાર કે હુકમ વ્યર્થ થાય તો પછી સ્વામીપણું શા કામનું ? તેથી કાંઇપણ મિષ કરી તેની ઉપર અપરાધનો આરોપ કરો; પોતાના બે કુમારના બલથી ગર્વ પામેલા તે રાજા ઉપર અપરાધ લાવવો સહેલો છે, તેથી એક સંદેશો લઇ જનાર સેવકને મોકલી તેની પાસે પ્રાણથી પણ વહાલા એવા ઘોડા, હાથી અને રત્નોની માગણી કરો. જો તમને તે ન આપે તો પછી એજ અપરાધ મૂકીને તેને મારી નાખવો, કેમકે અપરાધીનો નિગ્રહ કરનારની ઉપર લોકાપવાદ આવતો નથી. જો કદિ આપણી માગણી પ્રમાણે તે આપે તો પછી વળી કાંઈ બીજું છળ શોધવું. જ્યારે છળ ગોતવા માંડે ત્યારે સર્વ જન અપરાધી થાય છે."

આ પ્રમાણે મંત્રીનો વિચાર સાંભળી તારક રાજાએ તેને શાબાશી આપી; અને પછી એક સેવકને એકાંતમાં સમજાવીને બ્રહ્મરાજાની પાસે મોકલ્યો; તત્કાળ તે દૂત દ્વારકાનગરીમાં વિજય અને દ્વિપૃષ્ટ કુમારની સાથે સભામાં બેઠેલા બ્રહ્મરાજાની પાસે જઈ પહોંચ્યો. રાજાએ ઘણા માનથી તેને પાસે બેસાડી, ચિરકાલ સુધી પ્રેમસહિત બોલાવી પછી આવવાનું કારણ પૂછ્યું. દૂતે કહ્યું–" હે દ્વારકાપતિ ! શત્રુઓના બાહુગર્વને હરનાર આપણા સ્વામી તારકરાજા તમને આજ્ઞા કરે છે કે તમારા રાજ્યમાં જે કોઇ ઉત્તમ હાથી, ઘોડા અને રત્નો હોય તે અમારે માટે તરત મોકલાવો; કારણકે આ દક્ષિણ ભરતાર્ધમાં જે કાંઈ ઉત્તમ વસ્તુ હોય તે ભરતાર્દ્ધના અધિપતિ એવા મારેજ ભોગ્ય છે, બીજાને નહીં." આવાં દૂતનાં વચનથી કેશરીસિંહની જેમ કોપ પામેલો દ્વિપૃષ્ટ કુમાર જાણે નેત્રથી તેને હણવાને ઇચ્છતો હોય તેમ હાક મારી બોલી ઉઠ્યો–" અરે દૂત ? તારો સ્વામી તારકરાજા કાંઇ અમારા વંશનો વડિલ નથી, તેમજ અમારો રક્ષક કે દાતા નથી, તેથી પોતાનું રાજ્ય કરનારા એવા અમારો તે કેવી રીતે સ્વામી થઈ શકે ? જેવી રીતે ભુજના પરાક્રમથી તે અમારી પાસેથી ઘોડા વગેરે માગે છે, તેવી રીતે ભુજના પરાક્રમથી અમે પણ તેની પાસેથી હાથી ઘોડા વિગેરે માગીએ છીએ; તેથી હે દૂત ! તું ચાલ્યોજા અને તારા સ્વામીના મસ્તકની સાથે હાથી, ઘોડા વિગેરે લેવાને અમે હમણાજ ત્યાં આવીએ છીએ એમ જાણજે." દ્વિપૃષ્ટ કુમારની આવી ઉત્કટ અને કટુ વાણી સાંભળીને મનમાં અત્યંત રોષ પામેલા તે દૂતે તરત જઇને તારક રાજાને તે સર્વ નિવેદન કર્યું. મદવાળા હાથીના ગંધથી બીજા મદગંધી હાથી ની જેમ દૂતની તે વાણી સાંભળીને ક્રોધ પામેલા તારક રાજાએ રણભેરી વગડાવી. ભેરીનો નાદ સાંભળીને તત્કાલ સૈન્ય, સેનાપતિઓ, સામંતો, મંત્રીઓ, મુગટધારી રાજાઓ, મહારથી સુભટો અને જેમના ભુજદંડ ઉપર વીર્યની ખુજલી આવે છે એવા તથા લાંબો કાળ થયાં યુદ્ધ કરવાને ઉત્સુક થયેલા અને જાણે યમરાજના બંધુ હોય તેવા વીર પુરૂષો રાજાની પાસે આવીને એકઠા થયા. તે વખતે પૃથ્વીકંપ, વિદ્યુત્પાત અને કાગડાઓના કલકલાટ વિગેરેથી અશુભ પારણામ સૂચવાતું હતું તોપણ તારક રાજાએ પ્રયાણ કર્યું. ક્રોધથી ધમધમી રહેલા પ્રતિવાસુદેવે અવિચ્છિન્ન પ્રયાણોથી તે દીર્ઘ માર્ગનો પણ અર્ધો ભાગ ઉલ્લંઘન કરી દીધો.

આ તરફ બ્રહ્મરાજા, વિજયકુમાર અને સૈન્યને સાથે લઈ યુદ્ધ કરવામાં ઉત્કંઠાવાળો દ્વિપૃષ્ટકુમાર કેશરીસિંહની જેમ તેની અગાઉથી જ સામો આવ્યો. અંગના ઉચ્છ્વાસથી

જેઓનાં બખ્તરોની જાળીઓ વારંવાર તુટી જાય છે એવા બંને સૈન્યના સુભટો માંડ માંડ બખ્તર પહેરી શકવા લાગ્યા. પછી મોટા સંહારના કારણરૂપ તે બંને સૈન્યનું એવું પરસ્પર યુદ્ધ ચાલ્યું કે જેથી તે રણભૂમિ મૃત્યુને જમવાના રસોડાના ગૃહ જેવી જણાવા લાગી. બંને તરફ લાખો છત્રો અને મુકુટો પડયા કે જેથી પડેલા યોદ્ધાઓની પણ સંખ્યા થઈ શકતી નહોતી. છત્રોથી શ્વેત કમલવાળી અને રુધિરરૂપ રક્ત જળ વડે પૂરાયેલી રણભૂમિ યમરાજની જાણે ક્રીડાવાપી હોય તેવી જણાવા લાગી. પછી દ્વિપૃષ્ટ કુમારે વિજય રથ ઉપર બેસી, જેનો ધ્વનિ યુદ્ધમાં વિજયને બોલાવવાના મંત્ર તુલ્ય હતો એવા પાંચજન્ય નામનો શંખ વગાડયો. સિંહનાદથી મૃગલાની જેમ અને મેઘનાદથી રાજહંસોની જેમ તે પાંચજન્યના નાદથી તારકના સૈનિકો ત્રાસ પામી ગયા. પોતાના સૈનિકોને ત્રાસ પામેલા જોઇને તારક રાજા તેમને લજ્જા પમાડી ભયથી નિવૃત્ત કરી પોતે રથ ઉપર ચડીને દ્વિપૃષ્ટ કુમારની સામે આવ્યો. તેને આવતો જોઈને હળના આયુધને ધરનારા વિજયકુમારે પોતાનું હળ સજ્જ કર્યું અને ઇંદ્ર જેમ પોતાના ઋજુરોહિત નામના ધનુષને ચડાવે તેમ દ્વિપૃષ્ટે શાર્ંગ ધનુષ ચડાવ્યું. ત્યાર પછી તારકે પણ ધનુષ્ય ઉપર પણછ ચડાવીને જાણે મૃત્યુની ઉભી કરેલી તર્જની–આંગળી હોય તેવા એક બાણને ભાથામાંથી ખેંચી કાઢીને તેની સાથે સંધાડયુ અને તે વાસુદેવ ઉપર છોડયું. એટલે વાસુદેવે તેને આવતાં જ પોતાના બાણ વડે છેદી નાંખ્યું. આ પ્રમાણે તે બંનેની તરફથી વારંવાર બાણોના મોક્ષ અને છેદ થયા. ત્યાર પછી ગદા, મુદ્ગર અને દંડ વિગેરે બીજા જે જે આયુધો તારક રાજાએ મૂકયાં તે બધાં વાસુદેવે પ્રતિઅસ્ત્રોથી ભાંગી નાખ્યાં. પછી સંગ્રામરૂપ સમુદ્રના ક્રૂર જુઓ* જેવું ચક્ર તારકરાજાએ હાથમાં ગ્રહણ કર્યું, અને કોપ તથા હાસ્યથી હોઠને કંપાવતો દ્વિપૃષ્ટ કુમાર પ્રત્યે બોલ્યો–"અરે બાળક ! તું દુર્વિનીત છે, તથાપિ મારા લાંબા કાળના સેવકનો પુત્ર છે અને બાલ્યાવસ્થાવાળો છે તેથી અનુકંપાવડે હું તને મારવા ઇચ્છતો નથી." તે સાંભળી વિજયકુમારના અનુજ બંધુ દ્વિપૃષ્ટ કુમારે હાસ્યથી અધરને ફરકાવીને કહ્યું–"અરે મૂર્ખ ! જેના હાથમાં શાર્ંગ ધનુષ છે એવા મારી ઉપર અનુકંપા કરતો તું કેમ લજ્જા પામતો નથી? જો કે તું મારો શત્રુ છે, તથાપિ તારી ઉપર હું ક્ષમા કરું છું. કારણકે જરાવસ્થાથી જેનું મૃત્યુ નજીક આવેલ છે એવા તારી ઉપર મરેલાને માર્યા જેવું કોણ કરે? આ ચક્રથી જો તારે વિજયની ઇચ્છા હોય તો તેને છોડી દે; તે જ્યારે વ્યર્થ થશે ત્યારે તું ગર્વથી મુક્ત થઈશ." આવાં દ્વિપૃષ્ટનાં વચનથી જળ વડે જેમ તપાવેલા તેલમાંથી અગ્નિ પ્રદીપ્ત થાય તેમ તારકરાજા કોપ વડે પ્રદીપ્ત થયો. અને ચક્રને મસ્તક ઉપર ભમાડવા માંડયું. પછી કલ્પાંતકાલનો મેઘ જેમ વિદ્યુત્ને છોડે તેમ જાજ્વલ્યમાન ચક્રને આકાશમાં ભમાડીને દ્વિપૃષ્ટની ઉપર છોડયું. તે તુંબડાના અગ્રભાગની જેવા પ્રહારથી વાસુદેવના હૃદય સાથે અથડાયું, તે વખતે તે ચક્રે રૂપાંતર પામેલા કૌસ્તુભ મણિની શોભાને ધારણ કરી. તેના પ્રહારથી ક્ષણવાર મૂર્છા પામીને દ્વિપૃષ્ટકુમાર રથ ઉપર પડયો. તે વખતે વસ્ત્રના છેડાનો પંખો કરીને વિજયકુમાર પવન નાખવા લાગ્યો. ક્ષણવારે સંજ્ઞા પામી વાસુદેવે પાસે રહેલા શત્રુના ચક્રને ખુટવેલા મંત્રીની જેમ ગ્રહણ કરી તારકને આ પ્રમાણે કહ્યું–"હે તારક ! આ ચક્ર તારાં સર્વ અસ્ત્રોનું સર્વસ્વ હતું, તેની શક્તિ પણ તારા જોવામાં આવી ગઇ છે; તો હવે તું જીવ લઇને અહીંથી ચાલ્યો જા, કેમકે જીવતો નર ભદ્રા પામે છે." તારકે કહ્યું–"એ ચક્ર મેં છોડી દીધેલું છે તો હવે માટીના ઢેફાની જેવું તે હાથમાં લઇને તું શું ભસે છે? તું એને મારી ઉપર છોડી દે, માટીના ઢેફાની હું

* જળચર ભયંકર પ્રાણીવિશેષ.

એના કાચી માટીના ઢેફાની પેઠે મુષ્ટિથી તાડન કરી ચૂરેચૂરા કરી નાખીશ.'' વાસુદેવે તેનાં આવાં ગર્વયુક્ત વચનો સાંભળીને ભમતા સૂર્યના ભ્રમને આપનારા અને ખેચરોને ત્રાસ પમાડનારા તે ચક્રને ભમાવીને પ્રતિવાસુદેવની ઉપર મૂકયું. તેણે કમલના નાળવાની પેઠે લીલામાત્રમાં તારકરાજાનું મસ્તક છેદી નાખ્યું; અને પાછું વાસુદેવના હાથમાં આવીને ઉભું રહ્યું. તે વખતે દ્વિપૃષ્ટની ઉપર આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ, અને તારક રાજાની ઉપર તેના અંતઃપુરની સ્ત્રીઓનાં નેત્રોમાંથી અશ્રુજળની વૃષ્ટિ થઇ.

તારકના પક્ષના જે રાજાઓ હતા તેઓએ વેતસ નામના વૃક્ષની જેવી વૃત્તિ ધારણ કરીને દ્વિપૃષ્ટ રાજા પાસે આવી પોતાના આત્માનું રક્ષણ કર્યું, કારણકે શક્તિવાનની પાસે એજ ઉપાય કરવો યોગ્ય છે. એ ચડાઇના આરંભથીજ ઉત્તમ સાધનો સાથે લઈને તેણે સર્વ દક્ષિણ ભરતાર્દ્ધને સાધી લીધું. મગધ, વરદામ અને પ્રભાસતીર્થના અધિપતિદેવતાઓને તેણે એક સામંત રાજાની માફક લીલામાત્રમાં જીતી લીધા. દિગ્યાત્રા કરીને પાછા વળતા તેઓ મગધ દેશમાં આવ્યા. ત્યાં ક્રોડ પુરૂષોએ ઉપડી શકે એવી એક મોટી શીલા તેના જોવામાં આવી. શત્રુઓને વિપરીત એવા વાસુદેવે ગજેંદ્ર જેમ કમલને ઉપાડે તેમ લીલામાત્રમાં તે શિલાને વામભુજાવડે લલાટ સુધી ઊંચી કરી. સર્વ ભુજાધારીઓમાં અગ્રેસર એવા વિષ્ણુ તેને પાછી યોગ્ય સ્થાને મૂકીને ત્યાંથી ચાલતાં કેટલાએક દિવસે દ્વારકામાં આવ્યા. ત્યાં બ્રહ્મરાજાએ, વિજયકુમારે અને સર્વ રાજાઓએ મળીને દ્વિપૃષ્ટને સિંહાસન ઉપર બેસાડી અર્દ્ધચક્રીપણાનો અભિષેક કર્યો.

તે સમયે એક માસ છદ્મસ્થપણામાં વિહાર કરી ત્રણ જગત્ના પતિ વાસુપૂજ્યપ્રભુ વિહારગૃહ નામના ઉદ્યાનમાં જયાં દીક્ષા લીધી હતી તેજ ઉદ્યાનમાં આવ્યા. ત્યાં પાટલ (ગુલાબ)ના વૃક્ષ નીચે રહેલા પ્રભુને શુકલ ધ્યાનને બીજે પાયે વર્તતાં પ્રાતઃકાલે અંધકાર નાશ પામે તેમ ઘાતિકર્મ નાશ પામ્યાં, એટલે માઘ માસની શુકલ દ્વિતીયાને દિવસે ચંદ્ર શતભિષા નક્ષત્રમાં આવતાં ચતુર્થ તપવાળા પ્રભુને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યાં દેવોએ સમવસરણ રચ્યું. એ દિવ્ય સમવસરણમાં બીરાજીને પ્રભુએ દેશના આપી. ભગવંતને સૂક્ષ્મ વિગેરે છાસઠ ગણધરો થયા. બીજી પોરષીએ મુખ્ય ગણધરે પાદપીઠપર બેસીને દેશના આપી. તેમના તીર્થમાં હંસના વાહનવાળો શ્વેતવર્ણી બે દક્ષિણ ભુજામાં બીજોરૂ અને બાણને ધરનારો અને વામ ભુજામાં નકુલ અને ધનુષને ધરનારો કુમાર નામનો યક્ષ વાસુપૂજ્ય પ્રભુના શાસનનો અધિષ્ઠાયક દેવ થયો. તેમજ શ્યામવર્ણવાળી, અશ્વના વાહનવાળી, બે દક્ષિણ ભુજામાં વરદ અને શકિતને ધરનારી ને બે વામભુજામાં પુષ્પ અને ગદાને રાખનારી ચંદ્રા નામે નિરંતર પ્રભુની પાસે રહેનારી શાસનદેવી થઈ.

તે બંને શાસનદેવતાએ યુકત એવા વાસુપૂજય ભગવાન્ વિહાર કરતાં કરતાં એકદા દ્વારકાની સમીપની ભૂમિએ આવીને સમવસર્યા. ત્યાં ઇંદ્રાદિક દેવોએ આઠસો ને ચાલીશ ધનુષ ઊંચું જેમાં અશોક વૃક્ષ છે એવું સમવસરણ રચ્યું. તેમાં પ્રવેશ કરી, અશોક વૃક્ષને પ્રદક્ષિણા દઈને **તીર્થાયનમઃ** એમ બોલતા પ્રભુ પૂર્વાભિમુખે સિંહાસન ઉપર આરૂઢ થયા. પ્રભુના પ્રભાવથી બીજી દિશાઓમાં પ્રભુની જેવાજ તેમના પ્રતિબિંબ દેવતાઓએ વિકુર્વ્યાં. પછી ચતુર્વિધ સંઘ પ્રથમ ગઢમાં યોગ્ય સ્થાને બેઠો, મધ્ય વપ્રમાં તિર્યંચો બેઠા, અને નીચેના વપ્રમાં સર્વના વાહનો રહ્યાં.

તે સમયે ત્યાં રહેલા રાજપુરૂષોએ પ્રફુલ્લિત નેત્રવાળા થઈને સત્વર વાસુદેવ સમીપે જઈ પ્રભુના સમવસરણના ખબર આપ્યા. દ્વિપૃષ્ટે વધામણી આપનાર પુરુષોને સાડા બાર કોટી સુવર્ણ આપ્યું. પછી વિજય કુમારની સાથે પોતે સમોસરણમાં આવ્યા. ત્યાં પ્રભુને પ્રદક્ષિણા પૂર્વક પ્રણામ કરી વિજય બલભદ્રની સાથે ઇંદ્રની પછવાડે બેઠા. પછી જગત્પતિને વારંવાર નમી ઇંદ્ર, દ્વિપૃષ્ટ અને વિજયકુમારે સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

"હે પ્રભુ! આ સંસારરૂપી અતિ ભયંકર સમુદ્રમાં એક તરફ મોહરૂપી દુર્દિન પ્રસરે "છે, એક તરફ આશારૂપી નવી નવી વેળાઓ ક્ષણે ક્ષણે થયા કરે છે, એક તરફ "મોટા મઘરના જેવો દુર્વાર કામદેવ રહેલો છે, એક તરફ પ્રચંડ અને પ્રતિકૂલ પવનના "જેવા પાપરૂપ વિષયો પ્રવર્ત્તે છે, એક તરફ મોટા મોટા આવર્ત્ત (ભમરી)ની પેઠે "ક્રોધાદિક ઉગ્ર કષાયો રહેલા છે, એક તરફ મોટા બડકની જેવા ઉત્કટ રાગદ્વેષ રહેલા છે, "એક તરફ મોટા ઊર્મિઓની પેઠે વિવિધ દુઃખોની પરંપરા છે, એક તરફ વડવાનલની "જેમ આર્ત્ત તથા રૌદ્ર ધ્યાન થયા કરે છે, એક તરફ વેત્રવલ્લીની જેમ સ્ખલના કરનારી "મમતા રહેલી છે, અને એક તરફ ઉદ્ધત નકોના સમૂહની જેમ ઘણા વ્યાધિઓ આવ્યા "કરે છે; તેથી હે પ્રભુ! એવા દારૂણ સંસારરૂપી સાગરની અંદર પડેલા પ્રાણીઓનો "હવે આપ ઉદ્ધાર કરો. હે જગત્પતિ! તમારું કેવલજ્ઞાન અને કેવલદર્શન વૃક્ષના પુષ્પ "અને ફલની જેમ પરના ઉપકારને માટેજ છે. આજ મારો જન્મગૌભવ કૃતાર્થ થયો "છે. કારણકે તેથી તમારી પૂજાનો મહોત્સવ કરવાનો મને લાભ પ્રાપ્ત થયો છે."

આ પ્રમાણે સ્તુતિ કરી ઇંદ્ર, વાસુદેવ અને બલભદ્ર વિરામ પામ્યા પછી વાસુપૂજ્ય ભગવાને નીચે પ્રમાણે દેશના આપવાનો આરંભ કર્યો.

"આ સંસારરૂપી સમુદ્રમાં શમિલાયુગના સંયોગની પેઠે માંડમાંડ મનુષ્યપણું "પ્રાપ્ત કરી પુરૂષોએ ધર્મપરાયણ થવું જોઇએ. તે ધર્મ સર્વ ઉત્તમ જિનેશ્વરોએ કહેલો છે. "જે ધર્મને અવલંબન કરનાર પ્રાણી આ સંસારસાગરમાં ડુબતો નથી તે ધર્મ સંયમ,[1] "સત્યવાણી, શૌચ (પવિત્રતા)[2], બ્રહ્મચર્ય, નિષ્પરિગ્રહતા, તપ, ક્ષમા, મૃદુતા, સરલતા "અને નિર્લોભતા–એ દશ પ્રકારે કહેવાય છે. કલ્પવૃક્ષ વિગેરે પદાર્થો પણ ધર્મના પ્ર- "ભાવથી એવી ઇચ્છિત વસ્તુને આપે છે કે જે વસ્તુ અધર્મીઓની દૃષ્ટએ પણ આવ- "તી નથી. હંમેશાં પાસે રહેનાર અને અતિ વાત્સલ્યને ધારણ કરનાર એક ધર્મરૂપી "બંધુ અપાર દુઃખસાગરમાં પડતા પ્રાણીઓને બચાવે છે. સમુદ્ર પૃથ્વીને બોળી નાખતો "નથી અને વરસાદ પૃથ્વીને આશ્વાસન આપે છે, તે કેવળ ધર્મનોજ પ્રભાવ છે. અ- "ગ્નિ આડી રીતે બાળતો નથી અને પવન ઉર્ધ્વ ભાગમાં વાતો નથી, તે પણ ધર્મનોજ "અચિંત્ય મહિમા છે. આલંબન અને આધાર વગરની પૃથ્વી જે સર્વને આધાર આપી "રહેલી છે તેમાં ધર્મ સિવાય બીજું કાંઇપણ કારણ નથી. ધર્મનાજ શાસનથી વિશ્વના "ઉપકારને માટે સૂર્યચંદ્ર આ જગત્માં ઉદયને પામે છે; એ વિશ્વવત્સલ ધર્મ બંધુ "વગરનાનો બંધુ છે, મિત્ર રહિત પુરુષોનો મિત્ર છે, અને અનાથ પુરૂષોનો નાથ છે. "ધર્મ પાતાળમાં રહેલ નર્કમાં પડતા પ્રાણીઓની રક્ષા કરે છે, અને છેવટે અનુપમ "સર્વજ્ઞપણાના ગૌભવને પણ ધર્મજ આપે છે.

"આ દશ પ્રકારનો ધર્મ મિથ્યાદૃષ્ટિઓએ તાત્વિકપણે બીલકુલ જોયો–જાણ્યો નથી "અને કદિ કોઇ ઠેકાણે કોઇએ કહ્યો હશે તો ફક્ત તે માત્ર વાણીનું જ નૃત્ય છે. પ્રાયઃ સર્વની

---

૧ આમાં સર્વ પ્રકારની અહિંસા સમાય છે. ૨ અચૌર્યતારૂપ પવિત્રતા.

"વાણીમાં તત્ત્વાર્થ હોય છે અને કોઇકના મનમાં તત્ત્વાર્થ હોય છે, પણ જિનમતને સ્પર્શ
"કરનાર પુરૂષોની તો વાણીમાં, મનમાં ક્રિયામાં–સર્વમાં તત્વાર્થ હોય છે. વેદ શા-
"સ્ત્રને પરાધીન બુદ્ધિવાળા અને કંઠમાં સૂત્ર (જનોઇ) પહેરનારા બ્રાહ્મણો તત્ત્વથી ધર્મ-
"રત્નનો લેશ પણ જાણતા નથી. ગોમેધ, નરમેધ અને અશ્વમેધાદિક યજ્ઞો કરનારા
"પ્રાણીઘાતક યાજ્ઞિક બ્રાહ્મણોને શી રીતે ધર્મ પ્રાપ્ત થાય? જેમાં શ્રદ્ધા થાય નહીં તેવી
"અછતી પરસ્પર વિરોધી એવી કલ્પિત વસ્તુને કહેનારા પુરાણકર્ત્તાઓમાં પણ કયાંથી
"ધર્મ હોય? ખોટી ખોટી વ્યવસ્થાવડે પર દ્રવ્યને ગ્રહણ કરવાને ઇચ્છતા એવા સ્માર્ત્તાદિક
"પુરૂષોમાં માત્ર માટીને પાણીવડે કેવી રીતે શૌચ (શુદ્ધિ)પણું હોય? ઋતુકાલનો વ્યતિક્રમ
"થતાં સ્ત્રીસેવન ન કરે તો ગર્ભહત્યાનું પાપ લાગે એવું કહેનારા અને બ્રહ્મચર્યનો નાશ
"કરનારા પુરૂષોમાં શી રીતે ધર્મ સંભવે? યજમાન પાસેથી સર્વસ્વ લેવાને ઇચ્છતા અને
"દ્રવ્યને માટે પ્રાણનો પણ ત્યાગ કરતા એવા બ્રાહ્મણોમાં અકિંચન (નિષ્પરિગ્રહ) પણું
"કયાંથી હોય? અલ્પમાત્ર અપરાધ થતાં ક્ષણવારમાં શાપ આપનારા એવા લૌકિક ઋષિ-
"ઓમાં ક્ષમાનો લેશ પણ જોવામાં આવતો નથી. જાતિ વિગેરેના મદથી અને દુરાચરણથી
"જેમનાં ચિત્ત નાચ્યાં કરે છે એવા ચોથા આશ્રમમાં રહેનારા (સંન્યાસી) બ્રાહ્મણોમાં
"કોમલતા (નિરભિમાનપણું) કયાં જોવામાં આવે છે? અંદર દંભ રાખનારા અને બહાર
"બગલાભક્ત બની રહેનારા એવા પાખંડ વ્રતવાળા દ્વિજોમાં સરલતાનો એક લેશ પણ
"નથી. સ્ત્રી, ગૃહ અને પુત્રાદિકના પરિગ્રહવાળા અને લોભના તો એક કુળગ્રહરૂપ
"બ્રાહ્મણોની કેવી રીતે મુક્તિ થાય? અથવા તેમાં નિર્લોભતા ધર્મ કેમ સંભવે? માટે
"રાગ, દ્વેષ અને મોહથી વર્જિત તથા કેવલજ્ઞાનથી શોભનારા અર્હંત ભગવંતોની તેમના
"ઉજ્જવલ ધર્મ ઉપરથીજ નિર્દોષતા સિદ્ધ થાય છે. રાગ, દ્વેષ અને મોહથીજ માણસમાં
"અસત્યવાદીપણું આવે છે, તો તે દોષ અર્હંત ભગવંતમાં લેશ પણ હોતા નથી તો શી
"રીતે તેમનામાં અસત્યવાદીપણું આવી શકે? જેઓનાં ચિત્ત રાગાદિક દોષોથી
"કલુષિત થયેલાં હોય છે તેઓના મુખમાંથી કદિપણ સત્યવાણી નીકળતી નથી. જેઓ
"યાગ હોમ વિગેરે ઇષ્ટ કર્મ કરે છે, વાપી, કૂપ અને તળાવ વિગેરેમાં નહાવાથી પુણ્ય
"માને છે, પશુનો ઘાત કરીને સ્વર્ગલોકનું સુખ શોધે છે, બ્રાહ્મણોને ભોજન આપવાથી
"પિતૃઓને તૃપ્ત કરવાને ઇચ્છે છે, ઘૃતયોનિ[1]વિગેરે કરીને પ્રાયશ્ચિત કરે છે, પાંચ
"પ્રકારની આપત્તિઓ આવતાં સ્ત્રીઓને પુનર્લગ્ન કરાવે છે, જો સ્ત્રીમાં પુત્ર થવાનો
"સંભવ હોય તો તેનામાં ક્ષેત્રજ[2]પુત્રની ઉત્પત્તિ કરવી એ પ્રમાણે કહે છે, દોષિત
"સ્ત્રીઓ રજ (અંતરાય) આવે ત્યારે શુદ્ધ થાય છે એ પ્રમાણે માને છે, કલ્યાણની બુ-
"દ્ધિથી યજ્ઞમાં બકરાંને મારી તેના શિશ્ન (લિંગ)થી આજીવિકા કરે છે, સૌત્રામણિ
"અને સપ્તતંતુ યજ્ઞમાં મદિરાનું પાન કરે છે, વિષ્ટા ખાનારી ગાયોનો સ્પર્શ કરીને
"પવિત્ર થવાનું માને છે, જલાદિકમાં માત્ર સ્નાન કરવાથી પાપની શુદ્ધિ થાય એમ
"બોલે છે, વડ પીંપલા અને આંબલી વિગેરે વૃક્ષોની પૂજા કરે છે, અગ્નિમાં હોમેલા હવ્ય-
"થી દેવને તૃપ્ત કરેલા માને છે, પૃથ્વી ઉપર ગાય દોવાથી રિષ્ટની શાંતિ થાય એમ વદે
"છે, સ્ત્રીઓને માત્ર વિડંબના કરે તેવા ધર્મવ્રતનો ઉપદેશ કરે છે, મોટી જટા,

---

૧ ઘૃતયોનિનું પ્રાયશ્ચિત્ત વેદદર્શનમાં અપાય છે. જો કોઈ પુરૂષ પરસ્ત્રીસંગ કરે તો તે ઘૃતની યોનિ કરીને તેનું દાન આપવા રૂપ પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ થાય છે.

૨ પોતાના પુરૂષના અભાવે બીજા પુરૂષના સંગથી જે સ્ત્રી પુત્ર ઉત્પન્ન કરે તે 'ક્ષેત્રજ' કહેવાય છે.

"ભસ્મવડે અંગરાગ અને કોપીનને[1] ધારણ કરે છે, આકડો ધંતૂરો અને માલૂરના "પુષ્પોથી દેવને પૂજે છે, ગીત નૃત્ય કરતાં વારંવાર અપશબ્દો બોલે છે, મુખ વગાડીને "ગીતનાદ આચરે છે, અસભ્ય ભાષાપૂર્વક દેવ, મુનિ અને લોકોને હણે છે, વ્રતનો ભંગ "કરીને દાસી દાસપણું કરવાને ઇચ્છે છે, અનંતકાય એવા કંદાદિ તથા ફલ, મૂલ અને "પાંદડાંઓનું ભક્ષણ કરે છે, સ્ત્રી અને પુત્ર સહિત જઈને વનમાં વસે છે, ભક્ષ્ય અભક્ષ્ય, "પેય અપેય અને ગમ્ય અગમ્યમાં સમાનપણે વર્ત્તે છે, યોગી એવા નામે પ્રસિદ્ધ થાય "છે, અને કેટલાક કૌલાચાર્યના શિષ્ય થાય છે. એઓને અને એ સિવાય બીજા પણ "કે જેઓનાં ચિત્તમાં જૈનશાસનનો સ્પર્શ થયો નથી એવાઓને ધર્મ શું? તેનું ફલ પણ "શું? અને તેમના ધર્મમાં પ્રમાણ પણ શું?

"શ્રીજિનેંદ્ર ભાષિત ધર્મના આરાધનથી આ લોકમાં અને પરલોકમાં જે સુખકારી "ફલ થાય તે તો તેનું આનુષંગિક[2] (અવાંતર) ફલ છે, પણ તેનું મુખ્ય ફલ તો "મોક્ષજ છે, જેમ કૃષિ કરવાનો મુખ્ય હેતુ ધાન્ય મેળવવાનો છે, તેમાં પલાલ વિગેરે "જે થાય તે આનુષંગિક ફલ છે. તેમ ધર્મ કરવાનું મુખ્ય ફલ મોક્ષજ છે, તેમાં જે "સાંસારિક ફલ થાય છે તે તો આનુષંગિક ફલ છે."

આ પ્રમાણે પ્રભુની દેશના સાંભળીને ઘણા લોકોએ દીક્ષા ગ્રહણ કરી; દ્વિપૃષ્ટ કુમારને સમકિત પ્રાપ્ત થયું અને બલભદ્રે શ્રાવકપણું ગ્રહણ કર્યું. પ્રથમ પોરષી પૂર્ણ થઈ એટલે પ્રભુએ દેશના સમાપ્ત કરી; પછી સૂક્ષ્મ નામના ગણધરે બીજી પોરષી સુધી દેશના આપી. પછી પ્રભુએ તે સ્થાનથી અન્યત્ર વિહાર કર્યો; અને ઇંદ્ર, ઉપેંદ્ર તથા બલભદ્ર વિગેરે પોતપોતાને સ્થાનકે ગયા.

બોંતેર હજાર મહાત્મા સાધુઓ, સંયમની શોભાને ધરનારી એક લાખ સાધ્વીઓ, એક હજાર અને બસો ચૌદ પૂર્વધારી, પાંચહજારને ચારસો અવધિજ્ઞાની, છહજાર ને એકસો મનઃપર્યવજ્ઞાની, છ હજાર કેવલજ્ઞાની, દશહજાર વૈક્રિય લબ્ધિવાળા, ચાર હજાર ને સાતસો વાદ લબ્ધિવાળા, બે લાખ ને પંદર હજાર શ્રાવકો અને ચાર લાખ ને છત્રીશ હજાર શ્રાવિકાઓ–આ પ્રમાણે એક માસે ઉણા ચોપનલાખ વર્ષોસુધી કેવળજ્ઞાન પામ્યા પછી વિહાર કરતા વાસુપૂજ્ય પ્રભુનો પરિવાર થયો. પછી પોતાનો મોક્ષકાલ નજીક આવેલો જાણીને પ્રભુ ચંપા નગરીએ પધાર્યા. ત્યાં છસો મુનિઓની સાથે પ્રભુએ અનશન અંગીકાર કર્યું. એક માસને અંતે આષાઢ માસની શુકલ ચતુર્દશીએ ચંદ્ર ઉત્તરાભાદ્રપદમાં આવતાં પ્રભુ છસો મુનિઓની સાથે મોક્ષે ગયા.

કુમારવયમાં અઢારલાખ વર્ષ અને વ્રતમાં ચોપનલાખ વર્ષ એ પ્રમાણે બોંતેર લાખ વર્ષનું શ્રી વાસુપૂજ્ય પ્રભુનું આયુષ્ય સંપૂર્ણ થયું. શ્રેયાંસ પ્રભુના નિર્વાણ પછી ચોપન સાગરોપમ ગયા ત્યારે વાસુપૂજ્ય ભગવાન્ નિર્વાણને પ્રાપ્ત થયા. તે વખતે દેવતાઓની સાથે ઇંદ્રોએ પ્રભુનો અને તેમના શિષ્યોનો યથાવિધિ નિર્વાણમહોત્સવ કર્યો.

મોટા આરંભ અને પરિગ્રહવાળો દ્વિપૃષ્ટ વાસુદેવ, કેસરીસિંહની જેમ નિઃશંક અને દ્વેષની પેઠે સુખમાં નિમગ્ન થઇ, યથેષ્ટ ભોગ ભોગવી, પોતાના આયુષ્યને પૂર્ણ કરી પ્રાંતે મૃત્યુ પામીને તમઃપ્રભા નામની છઠ્ઠી નરકભૂમિમાં ગયો. દ્વિપૃષ્ટ વાસુદેવને કુમારવયમાં પંચોતેરહજાર વર્ષ, તેટલાજ મંડલેકપણામાં, દિગ્વિજયમાં એકસો વર્ષ અને રાજ્યે

---

૧ કોપીન–લંગોટી. ૨ પેટાનું ફળ.

બોંતેરલાખ એોગણુપચાસ હજાર અને નવસો વર્ષ એ પ્રમાણે એકંદર ચુંમોતેર લાખ વર્ષનું આયુષ્ય પૂર્ણ થયું હતું. દ્વિપૃષ્ટ કાલધર્મ પામ્યા પછી બંધુસ્નેહથી મોહિત થઇ પંચોતેર લાખ વર્ષના આયુષ્યવાળા વિજય બલભદ્ર માંડમાંડ એકાકીપણે રહ્યા. પછી તેણે વાસુપૂજ્ય ભગવાનના વચનનું સ્મરણ કરવાથી તથા પોતાના બંધુના મરણથી સંસાર ઉપરથી ગાઢ વિરક્ત થઇ શ્રીવિજયસૂરિના ચરણકમલમાં વ્રત ગ્રહણ કર્યું. સમ્યક્ પ્રકારે ચારિત્ર પાળીને વિજય બલભદ્ર કાલધર્મ પામી મોક્ષે ગયા.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते
महाकाव्ये चतुर्थे पर्वणि श्रीवासुपूज्यद्विपृष्टविजयतारकचरित्र
वर्णनो नाम द्वितीयः सर्गः २ ॥

સર્ગ ૩ જો.

શ્રી વિમલનાથ ચરિત્ર.

નિષ્કર્મપણાથી નિર્મલ સ્વરૂપવાળા અને ઉજ્જ્વલ ધર્મ વ્યાખ્યારૂપી ગંગા નદીના ઉત્પત્તિ-સ્થાન હિમાચળ પર્વતરૂપ શ્રી **વિમલનાથ** ભગવાનને નમસ્કાર હો. નિર્મલ તીર્થજળની પેઠે જગતને પવિત્ર કરનારૂં તેરમા તીર્થંકર શ્રી વિમલ પ્રભુનું ચરિત્ર હવે કહેવામાં આવશે.

ધાતકીખંડ દ્વીપમાં પ્રાગ્વિદેહ ક્ષેત્રને વિષે ભરત નામના વિજયમાં **મહાપુરી** નામે એક રત્ન સમાન નગરી છે. તેમાં સમુદ્રની જેમ ધારી શકાય નહીં તેવો અને ગુણોવડેજ પાસે જવા લાયક લક્ષ્મીના સ્થાનરૂપ **પદ્મસેન** નામે રાજા છે. બલવાન્ અને વિવેકી જનોમાં અગ્રેસર એવા એ રાજાએ પૃથ્વીમાં પોતાના શાસનની જેમ પોતાના ચિત્તમાં જૈન શાસનને અખંડ પ્રસારવાળું કરી દીધું હતું. નઠારા ઘરમાં રહેનાર જેમ ખેદયુક્ત રહ્યા કરે તેમ આ સંસારમાં ખેદયુક્ત નિવાસ કરતો તે રાજા અધિક અધિક વૈરાગ્ય ધારણ કરતો હતો. પરિણામે માર્ગમાં ખેદ પામેલો વટેમાર્ગુ જેમ ઉત્તમ વૃક્ષની પાસે જાય તેમ સંસારથી અત્યંત નિર્વેદ પામીને તે રાજા **સર્વગુપ્ત** નામના આચાર્યની પાસે ગયો, અને તેમની પાસે દીક્ષા ગ્રહણ કરી. પછી નિર્ધન પુરૂષ જેમ ધન પામીને અને અપુત્ર જેમ પુત્ર પામીને તેનું સમ્યક્ પ્રકારે રક્ષણપાલન કરે તેમ તેણે સમ્યક્ પ્રકારે ચારિત્રનું પ્રતિપાલન કર્યું. અનુક્રમે વિધિપૂર્વક અર્હદ્ ભક્તિ વિગેરે સ્થાનકોને સેવવાથી તેમણે આત્મપરાક્રમવડે તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું. પછી ચિરકાલ પર્યંત તીવ્ર તપ તપી અંતે પોતાનું આયુષ્ય પૂર્ણ કરી મૃત્યુ પામી સહસ્રાર દેવલોકમાં મહર્દ્ધિક દેવતા થયો.

આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રના આભૂષણરૂપ અને જાણે પડી ગયેલો સ્વર્ગનો એક ખંડ હોય તેવું **કાંપિલ્યપુર** નામે નગર છે. ત્યાં આવેલાં સુંદર ચૈત્યો રાત્રિએ ચંદ્રકાંતમણિની પુતળીઓમાંથી ઝરતા જળવડે કરીને યંત્રમય ધારાગૃહોની શોભા ધારણ કરે છે. ત્યાં હવેલીઓની ઉપલી ભૂમિપર રહેલા સુવર્ણના કુંભો લક્ષ્મીને સદા નિવાસ કરવાને માટે જાણે સુવર્ણનાં કમલો મૂકયાં હોય તેવા શોભે છે. વિચિત્ર હવેલીઓ અને પ્રાસાદોની શ્રેણીઓ જેમાં આવેલી છે એવા એ નગરને વિધાતાએ સ્વર્ગપુરી રચવા પૂર્વે નમુનારૂપ આલેખ્યું હોય તેવું દીસતું હતું. દૈવે પણ પરાભવ કરવાથી શરણ અર્થે આવેલા પુરૂષોનું જાણે વજ્રમય બખ્તર હોય તેવો **કૃતવર્મા** નામે રાજા ત્યાં રાજ્ય કરતો હતો. ગંગાજલ અને તે રાજાનો યશ પરસ્પર સ્પર્ધા કરી ચોતરફ પૃથ્વીને પ્રસન્ન કરતાં કરતાં સમુદ્ર પર્યંત પહોંચ્યાં હતાં. યાચકોની જેમ શત્રુઓમાં તે કદાપિ પરાઙ્મુખ થતો નહીં, પણ પરનિંદાની જેમ પરસ્ત્રીથી તે નિરંતર પરાઙ્મુખ રહેતો હતો. પૃથ્વીમાં સૂર્યરૂપ એવા એ રાજાના શત્રુઓ રણભૂમિમાં તેના તેજને અંધકારમાંથી નીકળ્યા હોય તેમ સહન કરી શકતા નહીં. મોટા વટ વૃક્ષની છાયાની જેમ તેના ચરણની છાયા અનેક રાજાઓ નીચા નમીને પ્રણામવડે સેવતા હતા. ચંદ્રને રોહિણીની જેમ સર્વ અંતઃપુરના આભૂષણ જેવી શ્યામા નામે તેને પટ્ટરાણી હતી. મૂર્તિમતી કુળલક્ષ્મી હોય અને સાક્ષાત્ જાણે સતીવ્રત હોય તેવી એ રાણીરૂપ, લાવણ્ય અને લક્ષ્મીની પ્રત્યક્ષ અધિદેવતા જેવી જણાતી હતી.

નિરંતર પતિના ધ્યાનમાં વ્યાકુલ ચિત્તવાળી હોય તેમ એ રાણી હંસલીની પેઠે મંદ મંદ સંચાર કરતી હતી. પૃથ્વીમાં શ્રેષ્ઠ એવી સ્ત્રીઓમાં પણ તે એવી અસાધારણ સ્ત્રી હતી કે જેના સખીપણાને લક્ષ્મીદેવી કે ઈંદ્રાણીજ લાયક હતા. એ દેવી પૃથ્વી ઉપર જ્યાં જ્યાં વિચરતી ત્યાં ત્યાં લક્ષ્મી પહેરેગીરની પેઠે રાત્રિદિવસ તેની પછવાડે જ અનુસરતી હતી.

હવે સહસ્રાર દેવલોકમાં પદ્મસેન રાજાના જીવે પોતાનું ઉત્કૃષ્ટ સ્થિતિવાળું આયુષ્ય પૂર્ણ કર્યું, અને વૈશાખ માસની શુકલ દ્વાદશીને દિવસે ઉત્તરા ભાદ્રપદ નક્ષત્રમાં ત્યાંથી ચ્યવીને તે જીવ શ્યામાદેવીની કુક્ષિમાં આવી અવતર્યો. શ્યામાદેવીએ તીર્થંકરના જન્મને સૂચવનારાં ચૌદ મહાસ્વપ્ન મુખમાં પ્રવેશ કરતાં જોયાં. પૂર્ણ સમયે માઘ માસની શુકલ તૃતીયાની મધ્ય રાત્રિએ ઉત્તરા ભાદ્રપદનો ચંદ્ર થતાં અને બીજા સર્વ ગ્રહો પોતપોતાનાં ઉચ્ચ સ્થાનોમાં આવતાં કુંકુમના ચિન્હવાળા, તપેલા સુવર્ણના જેવી કાંતિવાળા, ત્રણ જ્ઞાનને ધરનારા એક પુત્રને શ્યામાદેવીએ સુખે જન્મ આપ્યો. આ ખબર જ્ઞાન વડે જાણીને છપ્પન દિકકુમારીઓ ત્યાં આવી, અને તેમણે પ્રભુ તથા પ્રભુની માતાનું સૂતિકાકર્મ દાસીની પેઠે કર્યું. પછી શક્ર ઇંદ્ર ત્યાં આવી, પ્રભુને મેરૂપર્વત ઉપર લઈ જઈ અતિપાંડુકબલા નામની શિલાપરના સિંહાસન ઉપર પ્રભુને ખોળામાં લઈને બેઠો. એટલે અચ્યુત વિગેરે ત્રેસઠ ઇંદ્રોએ તીર્થજલવડે એ તેરમા તીર્થંકરને અનુક્રમે સ્નાત્ર કર્યું. પછી પ્રભુને ઈશાન ઇંદ્રના ઉત્સંગમાં બેસાડી શક્ર ઇંદ્રે, પર્વતના શિખરોમાંથી નીકળેલા જાણે નિઝરણા હોય તેવા વૃષભના શીંગડામાંથી નીકળતા જલપ્રવાહવડે સ્નાન કરાવ્યું. પછી ઇંદ્રે માણિક્યને જેમ માર્જન કરે તેમ સ્નાત્રજળ વડે આર્દ્ર પ્રભુના અંગનું દેવદૂષ્ય વસ્ત્રવડે માર્જન કર્યું. પછી નંદનવનમાંથી લાવેલા ગોશીર્ષચંદનવડે શ્યામાદેવીના કુમારના શરીર ઉપર દેવદૂષ્ય વસ્ત્રનો ભ્રમ આપે એવું વિલેપન કર્યું. વિચિત્ર માલાઓથી અને દિવ્ય વસ્ત્રઅલંકારોથી પ્રભુનું અર્ચન કરી છેવટે આરતી ઉતારી શક્ર ઇંદ્રે આ પ્રમાણે સ્તુતિ કરી–

" હે જગત્પતિ ! ચોતરફ પ્રસરતા મોહરૂપી અંધકારથી, અતિ કોપ કરનારા જટાધારી
" તાપસરૂપી નિશાચરોથી, બુદ્ધિરૂપ સર્વસ્વને હરનારા ચાર્વાકરૂપી તસ્કરોથી, માયાક-
" પટમાં ઘણા નિપુણ એવા બ્રાહ્મણરૂપી શિયાળોથી, મંડલી થઇને ફરતા કોલાચાર્યરૂપી
" નાહારોથી, અનેક પ્રકારની ચેષ્ટા કરતા પાખંડીરૂપ ઘુવડ પક્ષીઓથી અને વિવેકરૂપ
" નેત્રને લુપ્ત કરનારા મિથ્યાત્વ રૂપ અંધકારથી, તથા અદ્‌ભુત પદાર્થના સર્વ પ્રકારના
" અજ્ઞાનથી આ સમય ઘણા કાળથી રાત્રિની જેવો આ ભરતક્ષેત્રમાં પ્રવર્ત્તતો હતો, તેમાં
" આપ જેવા સ્વામીરૂપ સૂર્યનો ઉદય થતાં અત્યારે પ્રભાતકાલ થયેલો છે. નીચા સ્થાનમાં
" જનારી આ સંસારરૂપી નદી કે જે અત્યારસુધી નીચ જનોએ ઉલ્લંઘન કરી શકાઈ
" નથી તે હવે તમારા ચરણરૂપ સેતુને પ્રાપ્ત કરી સુખે ઉલ્લંઘન કરવા યોગ્ય થઈ છે.
" હું ધારૂં છું કે જે ભવ્યજનો તમારા શાસનરૂપી નિશ્રેણી ઉપર ચડયા છે તે થોડા કાલમાં
" ઊંચા લોકાગ્ર ઉપર ચડી ચુકયા જ છે. ગ્રીષ્મઋતુના તાપથી તપેલા વટેમાર્ગુ-
" ઓને જેમ વર્ષાદ પ્રાપ્ત થાય તેમ સ્વામી વગરના એવા અમોને ચીરકાળે તમે એક
" ઉત્તમ સ્વામી પ્રાપ્ત થયેલા છો. "

આ પ્રમાણે એ તેરમા તીર્થંકરની સ્તુતિ કરીને ઇંદ્ર જેમ આવ્યો હતો તેમ પાછો શ્યામાદેવી પાસે જઈ પ્રભુને ત્યાં સ્થાપન કર્યા. પછી શક્રઇંદ્ર પ્રભુના વાસગૃહથી અને બીજા ઇંદ્રો મેરૂપર્વતથી કલ્યાણક યાત્રા કરીને વહાણવટીઓની જેમ પોતપોતાના સ્થાન પ્રત્યે ગયા.

પ્રભાતકાળે પુત્રજન્મના ખબર સાંભળી કૃતવર્મા રાજાએ અતિ હર્ષિત થઈ મોટી સમૃદ્ધિથી વિશ્વને સુખ આપે તેવો તેનો જન્મમહોત્સવ કર્યો. પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે તેમની માતા વિમલ (નિર્મલ) થઈ ગયા હતા, તેથી પિતાએ તેમનું **વિમલ** એવું નામ પાડયું. દેવાંગનાઓએ ધાત્રી થઈને લાલન કરેલા અને દેવોએ સમાનવયના મિત્રો થઈ રમાડેલા પ્રભુ અનુક્રમે વૃદ્ધિ પામ્યા. સાઠ ધનુષ ઊંચા અને એક હજાર ને આઠ લક્ષણોયુક્ત પ્રભુ યૌવનવયને પ્રાપ્ત થયા. જો કે પ્રભુને સંસાર ઉપર વૈરાગ્યભાવ હતો તોપણ માતાપિતાના આગ્રહથી ભોગ્ય કર્મરૂપ રોગની ઔષધિરૂપ એવી રાજપુત્રીઓની સાથે તેમણે વિવાહ કર્યો. કૌમારવયમાં પંદર લાખ વર્ષ ઉલ્લંઘન કર્યા પછી પિતાનાં વચનથી પ્રભુએ પૃથ્વી ઉપર રાજ્ય ચલાવવા માંડયું. કારણકે **તિર્થંકરોને પણ પિતાની આજ્ઞા માન્ય છે.** પૃથ્વીને પાલન કરતાં ત્રીશ લાખ વર્ષો ગયા પછી પ્રભુએ સંસારસાગરને તરવામાં નાવિકારૂપ દીક્ષા ગ્રહણ કરવાનો વિચાર કર્યો. તે વખતે સારસ્વત વિગેરે લોકાંતિક દેવતાઓએ આવીને 'હે સ્વામી! તીર્થ પ્રવર્તાવો' એમ જગદ્ગુરૂને કહ્યું. પછી જૃંભક દેવતાઓએ લાવેલા દ્રવ્યવડે પૃથ્વીપર રહેલા કલ્પવૃક્ષની પેઠે પ્રભુએ યાચકોને ઇચ્છા પ્રમાણે વાર્ષિક દાન આપ્યું. દાનને અંતે સર્વ ઇંદ્રોએ પોતાના હૃદયની જેવા નિર્મલ જળવડે વિમલ પ્રભુને દીક્ષાભિષેક કર્યો. પછી દિવ્ય વસ્ત્ર, અલંકાર તથા વિલેપનવડે યુક્ત થઈ પ્રભુ દેવત્તા નામની શિબિકા ઉપર આરૂઢ થયા. સુર, અસુર અને મનુષ્યોના અધીશોએ પરવરેલા પ્રભુ તે શિબિકાવડે સહસ્રામ્ર વનમાં પધાર્યા. તે ઉદ્યાનમાં શીતથી ભય પામતી એવી ઉદ્યાનપાલોની બાળાઓ તેમાં રહેલી લતાકુંજની શ્રેણીને મંદિરની પ્રીતિથી સેવતી હતી. જેમની ભવિષ્યમાં અદ્‌ભુત શોભા થવાની છે એવા આંબા અને ક્ષોરસળી વિગેરે વૃક્ષો જાણે તપસ્યા કરતા હોય તેમ અતિ શીતકારક બરફને સહન કરતા હતા. નવીન કૂવાના પાણીથી અને વડની ઘાટી છાયાથી ક્રીડા કરવાને ઇચ્છતા નગરના દંપતીઓની શીત વ્યથા બંધ પડતી હતી; ટાઢથી પીડા પામતા વાનરો ચણોઠીના ઢગલા કરતા, તેથી હાસ્ય કરતી નગરની સ્ત્રીઓની સ્મિત કાંતિના ઉર્મિઓને તે ઉદ્યાન તરંગિત કરતું હતું અને પ્રફુલ્લિત ચારોળી અને ડોલરની કળીઓથી જાણે તે હાસ્ય કરતું હોય તેમ જણાતું હતું. તેવા ઉદ્યાનમાં વિમલપ્રભુએ પ્રવેશ કર્યો.

શિબિકા ઉપરથી ઉતરી, આભૂષણ વિગેરેનો ત્યાગ કરી અને ઇંદ્રે નાખેલા દેવદૂષ્ય વસ્ત્રને સ્કંધ ઉપર ધારણ કરી, પ્રભુએ માઘ માસની શુકલ ચતુર્થીને દિવસે, જન્મ નક્ષત્રમાં, પાછલે પહોરે એક સહસ્ર રાજાઓની સાથે છઠ્ઠ તપ કરીને દીક્ષા ગ્રહણ કરી. ત્રીજે દિવસે ધાન્યકુટ નગરમાં **જયરાજાને** ઘેર પ્રભુએ પરમ અન્નથી પારણું કર્યું. દેવતાઓએ વસુધારાદિક પાંચ દિવ્ય પ્રગટ કર્યા અને પ્રભુના આહારસ્થાને જયરાજાએ એક રત્નપીઠ બંધાવી. પછી તે સ્થાનમાંથી બીજા ગ્રામ, આકર તથા પુર વિગેરેમાં પ્રભુએ છદ્મસ્થપણે વિહાર કર્યો.

આ જંબૂદ્વીપમાં પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રને વિષે **આનંદકરી** નામની નગરીમાં **નંદીસુમિત્ર** નામે રાજા રાજ્ય કરતો હતો. એ ચક્ષુવાળો છતાં વિવેક રૂપ ચક્ષુથી પણ અલંકૃત હતો. તેની પાસે અનેક સૈનિકો હતા, તથાપિ ખરેખરો તો પોતાના બાહુવડે જ સહાયવાન્ હતો. જન્મથી સંસારના સર્વ પદાર્થોને અનિત્ય, અસ્થિર જાણવાથી તેને સંસાર ઉપર ઉદ્વેગ હતો તથાપિ ક્રમ પાળવાને માટે તેણે પોતાના વડીલોનું રાજ્ય ધારણ કર્યું હતું. એક વખતે મનથી તો પ્રથમથીજ ત્યાગ કરેલું એવું પોતાનું રાજ્ય કાયાથી પણ

છોડી દઈને તેણે **સુવ્રતાચાર્ય**ની પાસે વ્રત ગ્રહણ કર્યું. પછી વિવિધ અભિગ્રહો ધારણ કરી અને દુશ્ચર તપ આચરી, અંતકાલે અનશન કરી તે **અનુત્તર** વિમાનમા દેવતા થયા.

આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રના આભૂષણરૂપ શ્રાવસ્તી નામની નગરીમાં **ધનમિત્ર** નામે એક રાજા થયો. એ ધનમિત્ર રાજાના સ્નેહને લીધે **બલિ** નામે એક બીજો રાજા તેનાજ આતથિપણે તેજ નગરીમાં આવીને વસ્યો હતો. એક વખતે રાજા ધનમિત્ર બલિ રાજાની સાથે પાસાવડે દ્યૂતક્રીડા કરવા લાગ્યો. ધનમિત્રનો બુદ્ધિવૈભવ ગમ અને ચરમાં અક્ષીણ હતો. સ્ત્રીઓની જેમ સોગટીઓને મારવામાં અને બાંધવામાં પરસ્પર પ્રવર્ત્તતા એવા તે બંને રાજમિત્રો સંગ્રામની જેમ ઘણું ઉત્કટ દ્યૂત વિસ્તારવા લાગ્યા. પરસ્પર સર્વ પ્રકારે વિજય મેળવવાની ઈચ્છા કરનારા તે બંને રાજાઓએ છેવટે પોતાના રાજ્યને પણમાં મૂકી રમવા માંડયું. કહ્યું છે કે **દ્યૂતાંધને બુદ્ધિ ક્યાંથી હોય?** એમ રમતાં રમતાં ધનમિત્ર રાજા પોતાનું રાજ્ય હારી બેઠો અને ક્ષણવારમાં રાંકના પુત્રની જેવો લક્ષ્મીરહિત અને એકલો થઇ નિસ્તેજપણે જીર્ણ કપડાં પહેરીને જાણે ભૂત વળગ્યું હોય તેમ ભટકતો સર્વ ઠેકાણે અપમાન પામવા લાગ્યો.

એક વખતે આમતેમ ભટકતા તે ધનમિત્રને **સુદર્શન** નામના એક મુનિ મળ્યા. તેમને નમસ્કાર કરીને લાંઘણ કરતો રોગી જેમ ઔષધનું પાન કરે તેમ તેણે તે મુનિ પાસેથી દેશનારૂપ અમૃતનું પાન કર્યું. તે દેશનાથી પ્રતિબોધ પામી તેણે તે મુનિરાજ પાસે દીક્ષા ગ્રહણ કરી અને ઘણા કાળ સુધી પાળી, પણ પોતાને થયેલા અપમાનને ભૂલી ગયો નહીં. છેવટે તેણે **નિયાણું** કર્યું કે 'મારા તપચારિત્રના પ્રભાવથી હું ભવાંતરે બલિરાજાનો વધ કરનાર થાઉં.' આવું નિયાણું બાંધી અનશનકર્મથી મૃત્યુ પામીને તે બારમા અચ્યુત કલ્પમાં ઉત્કૃષ્ટ આયુષવાળો દેવતા થયો.

બલિરાજા પણ યતિલિંગ ધારણ કરી કેટલેક કાલે મૃત્યુ પામીને દેવલોકમાં મહર્દ્ધિક દેવતા થયો. ત્યાંથી ચવીને તે ભરતક્ષેત્રમાં આવેલા નંદનપુર નામના નગરમાં **સમરકેશરી** રાજાની **સુંદરી** નામે રાણીની કુક્ષી થકી પુત્રરૂપે ઉત્પન્ન થયો. સ્નિગ્ધ અંજન જેવી કાંતિવાળો, સાઠ ધનુષ ઊંચા શરીરવાળો અને સાઠ લાખ વર્ષના આયુષ્યવાળો તે અદ્‌ભુત પરાક્રમી થયો. એ પ્રતાપી કુમારે વૈતાઢ્ય પર્વત સુધી ભરતાર્દ્ધને સાધી લીધું, અને અર્દ્ધચક્રધારી **મેરક** નામે પ્રતિવાસુદેવ થયો. વાયુની સામે જેમ બીજો વિશેષ વેગવાન ન હોય અને સૂર્યની સામે જેમ બીજો વિશેષ તેજસ્વી ન હોય તેમ તેની સામે બીજો કોઈ રાજા સ્પર્ધા કરનાર પ્રતિમલ્લ જેવો હતો નહીં. દૈવની જેમ તેની આજ્ઞાને પણ કોઈ ઉલ્લંઘન કરી શકતું નહીં; માત્ર રક્ષાના શિખાબંધની જેમ તેની આજ્ઞાને સર્વે મસ્તક ઉપર ધારણ કરતા હતા.

આ ભરતક્ષેત્રમાં દ્વારકા નગરીને વિષે સમુદ્રના જેવો ગંભીર **રૂદ્ર** નામે એક રાજા થયો. તેને જાણે સાક્ષાત્ લક્ષ્મી અને પૃથ્વી હોય તેવી **સુપ્રભા** અને **પૃથિવી** નામે રૂપ તથા ગુણની શોભાથી મનોહર એવી બે કાંતા હતી. તેમાંની સુપ્રભાદેવીના ઉદરમાં નંદિસુમિત્રનો જીવ અનુત્તર વિમાનથી ચવીને અવતર્યો. સુતેલા સુપ્રભાદેવીએ બલભદ્રના જન્મને સૂચવનારાં ચાર મહા સ્વપ્ન રાત્રિના શેષ ભાગમાં અવલોકયાં. અનુક્રમે નવમાસ અને સાડાસાત દિવસો ગયા, એટલે સુપ્રભાદેવીએ કાંતિથી ચંદ્ર જેવા એક પુત્રને જન્મ આપ્યો.

રૂદ્રરાજાએ તેનું **ભદ્ર** એવું નામ પાડયું અને કુળની ભદ્રલક્ષ્મી સહિત તે અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યો.

ધનમિત્રનો જીવ પણ અચ્યુત કલ્પમાંથી ચવીને સરોવરમાં કમલની જેમ **પૃથિવી-દેવીની** કુક્ષિમાં ઉત્પન્ન થયો. સુખે સુતેલા એ દેવીએ રાત્રિના શેષ ભાગે વાસુદેવના જન્મને સૂચવનારાં સાત મહા સ્વપ્નોને મુખમાં પ્રવેશ કરતાં જોયાં. સંપૂર્ણ સમય થતાં વિદૂર પર્વતની ભૂમિ જેમ વૈદૂર્યમણિને પ્રસવે તેમ શ્યામ અંગવાળા અતિ પ્રકાશમાન પુત્રને તે દેવીએ જન્મ આપ્યો. રૂદ્રરાજાએ હર્ષ પામી મોટા ઉત્સવવડે તે પુત્રનું **સ્વયંભૂ** એવું નામ પાડયું. પાંચ સમિતિવડે જેમ મુનિનું નિર્દોષ તપ વધે, તેમ પાંચ ધાત્રીઓએ પાલન કરાતો એ કુમાર નિત્ય વધવા લાગ્યો. શ્વેત અને શ્યામ વર્ણવાળા ભદ્ર અને સ્વયંભૂ એ બંને કુમારો શ્વેત તથા શ્યામ ગંગા અને યમુનાના પ્રવાહની જેમ હંમેશાં પ્રીતિથી સાથે રહેવા લાગ્યા. તેમની સાથે ક્રીડા કરતા બીજા રાજકુમારો તેમના ચરણઘાતને પણ સહન કરી શકતા નહીં. કારણકે તેમના ચરણના ઘાતથી તો પત્ર તો પણ પડી જતા હતા. શ્યામ અને પીત વસ્ત્રને ધરનારા તથા તાળ અને ગરૂડના ચિન્હવાળા એ બંને ભાઇઓ જ્યારે ક્રીડા કરતા ચાલતા ત્યારે પૃથ્વી પણ ચલાયમાન થતી હતી. વિશેષ શોભા આપનારૂં ભુજવીર્યનું અને બુદ્ધિનું જાણે તારૂણ્ય હોય તેમ સર્વ શસ્ત્રમાં અને શાસ્ત્રમાં તેમનો અભ્યાસ પ્રવર્ત્તવા લાગ્યો.

એક વખતે નગરીની બહાર તેઓ ક્રીડા કરતા હતા તેવામાં ઘણા હાથી ઘોડા અને દ્રવ્ય સમૂહવાળી તથા ઘણા રક્ષકો સહિત એક છાવણી પડેલી તેઓના જોવામાં આવી. બલભદ્રે પ્રધાનપુત્રને પૂછયું–"આ સર્વ સૈન્ય કોનું છે? કોઈ મિત્રે મોકલેલું છે કે શત્રુનું મોકલેલું છે?" સચિવપુત્રે કહ્યું–"શશિસૌમ્ય નામનો રાજા જીવિતની ઈચ્છાથી મેરક નામના પ્રતિવાસુદેવને પોતાના દંડની બદલીમાં આ સર્વ ભેટ તરીકે મોકલાવે છે." આવાં વચન સાંભળી વાસુદેવે કોપથી કહ્યું–"શું અમારી નજરે તેને દંડ મોકલાવાય? આપણે અહીં વિદ્યમાન છતાં એ વરાક મેરક કોણ માત્ર છે કે જે આ પાર્થિવોને પણ દંડે છે તો આપણે તેનું પરાક્રમ અવશ્ય જોવું જોઇએ." આ પ્રમાણે કહી વાસુદેવે હાથ ઊંચો કરી પોતાના સુભટોને કહ્યું–'આ છાવણીમાં જે દ્રવ્યાદિ છે તે સર્વ બલાત્કારે ખુંચી લ્યો.' આવી આજ્ઞા થવાથી તેના સુભટો ગદા, મુદ્ગર અને દંડાદિકવડે શશિસૌમ્ય રાજાના સૈનિકોને ફળેલાં વૃક્ષોની જેમ એકાએક તાડન કરવા લાગ્યા. જેમ અજાણ્યા પકડનારા આવે અથવા રાત્રિએ સુઇ ગયેલા ઉપર જેમ યુદ્ધ કરનારા આવે તેમ તે સુભટોના અકસ્માત આવી પડવાથી તેમના મારને નહીં સહન કરતા શશિસૌમ્ય રાજાના સુભટો કાગડાની જેમ પ્રાણ લઇને નાસી ગયા. પછી હાથી ઘોડા અને દ્રવ્ય વિગેરે સર્વ વાસુદેવે લઈ લીધું. **બલાત્કારે પારકી લક્ષ્મીનું હરણ કરવું એ ક્ષત્રિયોનો સ્વભાવજ છે.**

હવે શશિસૌમ્ય રાજાના માણસો પોકાર કરતા કરતા મેરકની પાસે આવ્યા અને એ હસ્તી અશ્વ વિગેરેને હરણ કર્યાની વાર્ત્તા તેને નિવેદન કરી. એ સાંભળી યમરાજની પેઠે અમર્યાદ ક્રોધ પામતો મેરક ભયંકર ભ્રકુટી ચડાવી સભા વચ્ચે બોલ્યો–"પિંડ ખાઇને ઉન્મત્ત થયેલો ગધેડો જેમ હાથીને પાટુ મારે, કૌટુંબિકની સ્ત્રીને જેમ બેડુ માણસ મારવા દોડે અને નાનો ડેડકો જેમ સર્પને ચપેટો મારે, તેમ પોતાના સ્વરૂપને નહીં જાણનારા આ રૂદ્રરાજાના કુમારે પોતાનાજ મૃત્યુને માટે આ કામ કરેલું છે. જેમ કીડીઓને પાંખો આવે તે તેમના મૃત્યુનું કારણ થાય છે, તેમ જ્યારે પુરૂષોને દૈવ પરાઙ્મુખ થાય ત્યારેજ વિપ-

રીત બુદ્ધિ થાય છે. ચોરની પેઠે મારી ભેટને હરણ કરનાર એ નવા ભત્રિજાને પિતા ભ્રાતા સહિત હું મારી નાખીશ.” મેરક આ પ્રમાણે કહી રહ્યા એટલે એક સચિવે કહ્યું–“ હે સ્વામી ! તે છોકરાઓ તો બાળક છે, તેથી તેમણે આમ કર્યું છે, પણ રૂદ્ર રાજા આપની ચિરકાલથી સેવા કરે છે, માટે આપે તેની ઉપર કોપ કરવો યુક્ત નથી. હું ધારૂંછું કે આ કાર્યમાં રૂદ્રરાજાની સંમતિ હશે નહીં, કેમકે આપની તરફ તેની આરાધના કરવાનીજ ઇચ્છા વર્ત્તે છે. સ્વામીના થતા કોપમાં અને નદીના પૂરમાં કોણ વચ્ચે પડે એવી શંકાથીજ રૂદ્રરાજા આ સંબંધમાં વિલંબ કરતા હોય તેમ ખરેખર જણાય છે. માટે હે દેવ ! પ્રસન્ન થાઓ, મને આજ્ઞા આપો, અને તેને અભય આપો. હું જઈને તેણે લુંટી લીધી છે તે કરતાં વિશેષ ભેટ લઈ આવીશ.”

મેરક પ્રતિવાસુદેવે તે પ્રમાણે કબુલ કર્યું એટલે તે મંત્રી ઉતાવળે દ્વારકામાં આવ્યો; અને ત્યાં ભદ્ર અને સ્વયંભૂ કુમાર સાથે રાજસભામાં બેઠેલા રૂદ્રરાજાની પાસે આવી તેણે કહ્યું–“ હે નૃપતિ ! તમારા પુત્રોએ અજ્ઞાનથી આ શું કર્યું ? સ્વામીના મુખની લજ્જાએ તેના શ્વાનને પણ મરાય નહીં. હવે તે સર્વ ભેટ પાછી અર્પણ કરી દો જેથી તમારે માથે દોષ રહેશે નહીં. તમારા પુત્રોના દોષને તેમની અજ્ઞાનતા ઢાંકી દેશે.” મંત્રીનાં આવાં વચન સાંભળી સ્વયંભૂકુમારે કહ્યું–“ હે મંત્રી ! સ્વામીભક્તિથી અને મારા પિતા તરફ પૂજ્યભાવથી તમે પવિત્ર બુદ્ધિવડે જે આ કહ્યું છે તે સત્ય અને ઉચિત છે, પણ બુદ્ધિથી નિરીક્ષણ કરશો તો તમને જણાઈ આવશે કે આ અમે ખુંચવી લીધું છે, તેમાં તે મેરકનું કેટલું લઈ લીધું છે ? પણ હવે અમે તો બધી પૃથ્વી ખુંચવી લઈશું; કારણકે આ આ ભૂમિજ વીર પુરૂષોને ભોગવવા યોગ્ય છે. વળી યમરાજા પેઠે કોપ પામેલા આર્ય બલભદ્રની અને મારી ભુજાના બલને સહન કરવાને રણભૂમિમાં કોણ સમર્થ છે ? માટે એ તમારા રાજાનેજ મારીને હું અર્ધ ભરતને ભોગવીશ; કીડાની જેવા બીજા ઘણા રાજાઓને કુટવાથી શો લાભ છે ? તે મેરકે આ ભરતાર્દ્ધને પોતાના ભુજબળથી તાબે કર્યું છે તે કાંઇ તેમના પિતાનું ન હતું. તેવી રીતના ન્યાયથી હવે બલવાનમાં પણ બલવાન એવા તે મારે તાબે થશે.” આ પ્રમાણે તેનું કહેવું સાંભળી વિસ્મય પામેલા તથા ભય પામેલા એ સચિવે તત્કાલ ત્યાંથી નીકળી એકદમ મેરક પાસે આવી યથાર્થપણે તે વૃત્તાંત કહી સંભળાવ્યું. તેની દુઃશ્રવ વાણી સાંભળીને ઉન્મત્ત હાથીની જેમ ક્રોધ પામેલા મેરકરાજાએ સૈન્યના ભારથી પૃથ્વીને કંપાવતા સતા પ્રયાણ કર્યું.

આ તરફ સ્વયંભૂ વાસુદેવે પણ રૂદ્રરાજા અને ભદ્ર કુમાર સહિત ગુફામાંથી કેશરીસિંહ નીકળે તેમ દ્વારકામાંથી બહાર નીકળી પ્રયાણ કર્યું. લોકોમાં ક્ષોભ ઉત્પન્ન કરતા એવા ભયંકર સ્વયંભૂ અને મેરક રાહુ અને વિષ્ણુની જેમ અનુક્રમે એક ઠેકાણે આવી મળ્યા. શસ્ત્રના પ્રહારથી ઉઠેલા અગ્નિવડે દિગંતરને વિકરાળ કરતું તે બંને સૈન્ય વચ્ચે મહાભયંકર યુદ્ધ પ્રવર્ત્યું. પછી સ્વયંભૂએ સર્વ શત્રુઓને ઉચ્ચાટન કરવાના મંત્રધ્વનિ જેવો જેનો મહા સ્વર છે એવો પાંચજન્ય નામનો શંખ પૂર્યો. એ પાંચજન્ય શંખનો ધ્વનિ સાંભળવાથી મેરકના સર્વ સૈનિકો ત્રાસ પામી ગયા. કેમકે કેશરીસિંહનો નાદ સાંભળીને હાથીઓ ટકી શકતા નથી. પછી પોતાના સૈનિકોને એક બાજુએ રાખી, મેરકરાજા પોતેજ રથમાં બેસીને કુકડાની જેમ સ્વયંભૂ કુમારની સામે યુદ્ધ કરવા આવ્યો. ‘ આપણે સૈનિકોનો વૃથા સંહાર શા માટે કરાવવો ?’ એમ પરસ્પર બોલતા મહા ધનુર્ધારી તે બંને વીરો એક બીજાના ધનુષનું આસ્ફાલન કરવા લાગ્યા. સૂર્યમંડળને આચ્છા-

દન કરે એવા બાણસમૂહરૂપ વાદળને વિકુર્વી તેમાંથી બાણરૂપ જળની વૃષ્ટિ કરતા તેઓ જાણે જયલક્ષ્મીનો વિવાહમંડપ રચતા હોય તેમ જણાવા લાગ્યા. જેમ વિષવડે વિષ અને અગ્નિવડે અગ્નિનો પરાભવ કરાય તેમ તેઓ પરસ્પર બાણવૃષ્ટિવડેજ બાણવૃષ્ટિનું નિવારણ કરવા લાગ્યા. તે વખતે પ્રસરતા એવા હજારો બાણરૂપ કિરણોથી જાણે ભયંકર બે સૂર્ય ઉગ્યા હોય તેવા તે દેખાવા લાગ્યા. ભાથુ અને ધનુષની વચમાં અલક્ષ્યપણે ગમનાગમન કરતો તેમનો હાથ ફક્ત રત્નજડિત ઉર્મિકા (વીંટી) ના તેજથીજ લક્ષમાં આવતો હતો. ક્ષણવાર ભાથામાં અને ક્ષણવાર ધનુષની પણચમાં આવી પડતો તે અતિ ચાલાક વીર પુરૂષોનો હાથ જાણે બે રૂપને ધારણ કરતો હોય તેમ શોભતો હતો. એ પ્રમાણે યુદ્ધ કરતાં બાણયુદ્ધવડે તે સ્વયંભૂને અજય્ય ધારી મેરકરાજાએ કલ્પાંત કાળનો પવન જેમ પર્વતોના શિખરોની વૃષ્ટિ કરે તેમ ગદાદિક અસ્ત્રોની તેના ઉપર વૃષ્ટિ કરવા માંડી. દૃષ્ટિવિષ સર્પની વિકરાળ દૃષ્ટિજ્વાલાઓથી જેમ વસ્તુ માત્ર ભસ્મ થઇ જાય તેમ સ્વયંભૂએ તેની સામે પ્રતિઅસ્ત્રો નાખીને તે અસ્ત્રો ભસ્મપ્રાય નિઃસાર કરી દીધાં. રણસમુદ્રનો પાર પામવાની ઇચ્છાવાળા મેરકે છેવટે ચક્રનું સ્મરણ કર્યું, એટલે તત્કાલ શીકારીના હાથમાં જેમ પક્ષી આવે તેમ ચક્ર તેના હાથમાં આવીને ઉભું રહ્યું. તેને આવેલું દેખીને મેરકે ગર્વથી સ્વયંભૂને કહ્યું–"અરે ભદ્ર! આટલી વાર કીડા માત્ર યુદ્ધ કરીને મેં તને સુભટ બનાવ્યો છે, પણ હવે ચાલ્યો જા, નહીં તો આ ચક્ર તારૂં મસ્તક છેદશે. વળી તસ્કરને ને કાગડાને નાસવામાં શી લજ્જા આવે તેમ છે?" સ્વયંભૂએ કહ્યું–"અરે મૂઢ! જો આવું તારૂં કીડાયુદ્ધ હોય તો કોપયુદ્ધ કેવું હશે તે જોવાનેજ હું આવ્યો છું, માટે તે બતાવ. શત્રુઓની લક્ષ્મીને ખુંચવી લેનાર વીર પુરૂષો જે તસ્કર કહેવાતા હોય તો પ્રથમ તુંજ તસ્કર છે, કારણકે તને આ રાજ્યલક્ષ્મી કોણે આપી છે? કદાપિ તારે આ ચક્ર મૂકી દઇને પણ અદ્યાપિ નાસી જવું હોય તો નાસી જા. કેમકે તારી જેવા તસ્કરને અને કાગડાને નાસી જવામાં કાંઇ લજ્જા નથી. અથવા એમ નહીં તો આ ચક્રને સત્વર મારી ઉપર છોડી દે; એનું પણ બળ જોતો જા, અન્યથા મરણ પામ્યા પછી તને પશ્ચાત્તાપ થશે." સ્વયંભૂનાં આવાં વચન સાંભળીને કોપ પામેલા મેરકે જાણે બીજો મંગલગ્રહ હોય તેવું અને જ્વાલાના સમૂહથી વિકરાળ એવું ચક્ર આકાશમાં ભમાડીને તેના ઉપર મૂકયું. જેમ કાંસાના તાળ સાથે કાંસાનો તાળ મળે તેમ તે ચક્ર આવીને વાસુદેવની છાતીમાં દૃઢ રીતે અથડાયું, તેથી ચક્રના અગ્રભાગના આઘાતવડે ચપલ નેત્રવાળા થયેલા સ્વયંભૂ કુમાર મદિરામત્ત પુરૂષની જેમ રથમાં મૂર્ચ્છા ખાઈને પડયા. 'વત્સ! સાવધ થાઓ, સાવધ થાઓ' એમ બોલતા બંધુપ્રિય બલભદ્રે નેત્રમાં અશ્રુ લાવી તેમને પોતાના ઉત્સંગમાં લીધા. પોતાના પ્રિય બંધુના અશ્રુજલવડે સિંચન થયેલા સ્વયંભૂ વાસુદેવ તરતજ સંજ્ઞા મેળવી 'ઉભો રહે, ઉભો રહે' એમ શત્રુ પ્રત્યે બોલતા બેઠા થયા. પ્રફુલ્લિત થયેલા નેત્રવડે પોતાના સુભટોથી જોવાતા સ્વયંભૂ કુમારે, જાણે શત્રુઓનું કાળચક્ર હોય તેવું તે ચક્ર હાથમાં લઇ મેરકને કહ્યું –"અરે મેરક! સર્વ અસ્ત્રોના સર્વસ્વ રૂપ આ ચક્ર અને આ તારૂં જીવિત સર્પના માથાના મણિની જેમ હવે ગયેલું જોતાં છતાં પણ હજુ તું કોને આધારે ઉભો રહ્યો છે? માટે અહીંથી સત્વર ચાલ્યો જા, રણભૂમિમાંથી નાસી જતાં શત્રુઓને આ સ્વયંભૂ હણશે નહીં." મેરકે કહ્યું–"તું પણ એ ચક્રને છોડી તેનું બલ જોઈ લે, કેમકે જે સ્ત્રી પોતાના સાચા પતિની થઈ નહી તે સ્ત્રી ઉપપતિ (જાર) ની શી રીતે થશે?" આ પ્રમાણે મેરકે કહ્યું, એટલે વાસુદેવે તે ચક્ર આકાશમાં ભમાડીને તેની ઉપર મૂકયું; તેણે તત્કાલ મેરકના મસ્તકને લીલામાત્રમાં છેદી નાખ્યું. તે વખતે સ્વયંભૂના ઉપર આકા-

શમાંથી પુષ્પવૃષ્ટિ પડી, અને મેરકનું ધડ પૃથ્વી ઉપર પડયું. મેરકનો આશ્રય કરી રહેલા રાજાઓએ તત્કાલ સ્વયંભૂ પાસે આવીને તેનો આશ્રય લીધો. એ યુદ્ધયાત્રા એક બીજા વરદાનરૂપ થઈ પડી. પછી દિશાઓના ચક્રને વિજય કરનારૂં એ ચક્ર દક્ષિણ ભુજામાં ધારણ કરીને સ્વયંભૂ વાસુદેવે દક્ષિણ ભરતાર્દ્ધને સાધી લીધું. જયલક્ષ્મીના સ્થાનરૂપ થઇને તેઓ દિગ્યાત્રામાંથી પાછા ફર્યા. નવોઢા સમાન ભરતાર્દ્ધની લક્ષ્મી સાથે સ્વેચ્છાએ ક્રીડા કરતા સ્વયંભુકુમારે માર્ગમાં ચાલતાં મગધદેશમાં એક મોટી શિલા જોઈ. એ શિલા કોટી પુરૂષોએ ઉપાડવા યોગ્ય અને પૃથ્વીનો જાણે કપાલપુટ હોય તેવી દેખાતી હતી. સર્પરાજ જેમ પૃથ્વીને ઉપાડે તેમ વાસુદેવે વામબાહુથી તેને છાતી સુધી ઊંચી કરી; અને પરાક્રમી પુરૂષોને આશ્ચર્ય પમાડી પાછી તે શિલા ત્યાંજ મૂકી. ત્યાંથી કેટલાક દિવસે તે દ્વારકામાં આવ્યા. ત્યાં રૂદ્રરાજાએ, ભદ્રબલદેવે અને બીજા રાજાઓએ મળીને સ્વયંભૂ કુમારને ઉત્સવ સહિત અર્દ્ધચક્રીપણાનો અભિષેક કર્યો.

હવે બે વર્ષ પર્યંત છદ્મસ્થપણે વિહાર કરી વિમલનાથ પ્રભુ સહસ્રામ્રવન નામના દીક્ષાઉદ્યાનમાં ફરીવાર આવ્યા. ત્યાં જંબૂવૃક્ષ નીચે અપૂર્વકરણના ક્રમથી ક્ષપકશ્રેણીમાં આરૂઢ થયેલા પ્રભુનાં ઘાતીકર્મ નાશ પામ્યાં. જેથી પોષ માસની શુકલ ષષ્ટિને દિવસે ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાં છઠ્ઠ તપયુક્ત પ્રભુને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યાં દેવતાઓએ રચેલા સમોસરણમાં બેસી પ્રભુએ દેશના આપી. **મંદર** વિગેરે સત્તાવન તેમને ગણધરો થયા. તેમના તીર્થમાં મયૂરના વાહનવાળો, ઉજ્જવળ વર્ણવાળો, દક્ષિણ તરફની છ ભુજાઓમાં ફલ, ચક્ર, ઈષુ, ખડ્ગ, પાશ અને અક્ષસૂત્ર અને વામબાજુની છ ભુજાઓમાં નકુલ, ચક્ર, ધનુષ્ય, ફલક, વસ્ત્ર અને અભયને ધારણ કરનારો **ષણ્મુખ** નામે યક્ષ શાસનદેવતા થયો. તથા હરિતાળના જેવા વર્ણવાળી, પદ્મ ઉપર બેઠેલી, દક્ષિણ ભુજામાં બાણ અને પાશને ધરનારી અને વામ ભુજામાં કોદંડ તથા નાગને રાખનારી **વિદિતા** નામે **શ્રી** વિમલનાથ પ્રભુની શાસનદેવી થઇ.

તે યક્ષ અને દેવી નિરંતર જેમની સમીપે રહેલાં છે એવા જગદ્ગુરૂ વિહાર કરતા કરતા એકદા દ્વારકા નગરીના પરિસર ભાગમાં પધાર્યા. ઇંદ્રાદિક દેવોએ ત્યાં સાતસો ને વીશ ધનુષ ઊંચા અશોકવૃક્ષયુક્ત સમોસરણ રચ્યું. પ્રભુએ પૂર્વ દ્વારવડે તેમાં પ્રવેશ કરી આર્હંતી સ્થિતિને પાળતાં તે ચૈત્યવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા કરી; અને તેરમા ધર્મચક્રી વિમલનાથે "**तीर्थाय नमः**" એમ કહી પૂર્વ દિશાની સન્મુખના સિંહાસનને અલંકૃત કર્યું. પછી સાધુઓ, સાધ્વીઓ, દેવતાઓ, દેવીઓ, નારીઓ અને નરો યથાયોગ્ય દ્વારે પેસી પોતપોતાને યોગ્ય સ્થાનકે બેઠા. તે વખતે રાજપુરૂષોએ સત્વર દ્વારકામાં જઈ પ્રભુના સમોસરણની વાર્ત્તા વાસુદેવને જણાવી. હર્ષ પામેલા સ્વયંભૂએ પ્રભુના આગમનને કહેનારા પુરૂષોને પારિતોષિકમાં સાડાબાર કોટી સોનૈયા આપ્યા. પછી સ્વયંભૂવાસુદેવે ભદ્ર બલદેવની સાથે ભદ્રના એક કારણરૂપ સમોસરણ પાસે આવી તેમાં પ્રવેશ કર્યો. ત્યાં ભગવંતને પ્રદક્ષિણા દઈ, પ્રણામ કરીને ભદ્ર સહિત ઇંદ્રની પાછળ બેઠા. પછી ઇંદ્ર, વાસુદેવ અને બલદેવે ફરી પ્રણામ કરી અંજલિ જોડી આ પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

"હે દેવ! વર્ષાકાળના જળથી પૃથ્વીના કાદવની જેમ તમારા દર્શનથી આ જગત્ના "પ્રાણીઓનું સાંસારિક દુઃખ નાશ પામ્યું છે. હે સ્વામી! તમારા દર્શનના કારણરૂપ "આજનો દિવસ ઘણો પવિત્ર છે કે જેમાં દુષ્કર્મથી મલિન એવા અમે નિર્મલ થઇશું. "અમારી દૃષ્ટિઓએ શરીરનાં સર્વ અંગોમાં રાજપણું પ્રાપ્ત કરેલું હતું, તેઓએ આજ "તમારૂં દર્શન પ્રાપ્ત કરી પોતાની બરાબર શુદ્ધિ કરેલી છે. તમારા ચરણના સંપર્કથી આ

"ભરતક્ષેત્રની ભૂમિ પવિત્ર થઈ ગઈ છે, તો તમારા દર્શન તેઓના પાપને નાશ કરે તેમાં
"શું કહેવું ! હે પ્રભુ ! ઘુવડ પક્ષીઓની જેમ મિથ્યાદૃષ્ટિ પુરૂષોને તમારૂં દર્શન કેવલજ્ઞા-
"ન રૂપ સૂર્યના પ્રકાશના અભાવનું જ કારણ થશે. તમારા દર્શનરૂપ અમૃતપાનવડે જેમના
"શરીર ઉચ્છવાસ પામેલા છે એવા પ્રાણીઓના કર્મબંધ આજે અવશ્ય તુટી જશે. વિવેક-
"રૂપી દર્પણને સાફ કરવામાં તત્પર અને કલ્યાણવૃક્ષના બીજ જેવા તમારા ચરણનાં રજ-
"કણો અમોને પવિત્ર કરો. હે સ્વામી! અમૃતના ગંડૂષ જેવા તમારાં દેશનાવચનો સંસા-
"રરૂપ મરૂદેશમાં મગ્ન થયેલા અમોને સ્વસ્થ કરવાને માટે થાઓ."

આ પ્રમાણે સ્તુતિ કરી તેઓ વિરામ પામ્યા, એટલે વિમલનાથ પ્રભુએ નિર્મલ ધર્મ-
દેશના આપવાનો આરંભ કર્યો.

"અકામ નિર્જરારૂપ પુણ્યથી પ્રાણીને સ્થાવરપણાથી ત્રસપણું કે તિર્યંચ પંચેંદ્રીપણું
"માંડ માંડ પ્રાપ્ત થાય છે. તેમાં પણ જ્યારે કર્મની લાઘવતા થાય ત્યારે પછી માનુષ્ય
"જન્મ, આર્યદેશ, ઉત્તમ કુળ, સર્વ ઇંદ્રિયોનું પાટવ અને દીર્ઘ આયુષ્ય કથંચિત્ મેળ-
"વાય છે. તે કરતાં પણ વિશેષ પુણ્ય હોય તો ધર્મકથક ગુરુની જોગવાઇ અને શાસ્ત્રનું
"શ્રવણ તથા તેમાં શ્રદ્ધા એટલાં વાનાં પ્રાપ્ત થાય છે, પણ તેમાં તત્ત્વનિશ્ચયરૂપ બોધિરત્ન
"પ્રાપ્ત થવું ઘણું દુર્લભ છે. જિનપ્રવચનમાં જેવું બોધિરત્ન અત્યંત દુર્લભ છે તેવું રાજ-
"પણું, ચક્રવર્ત્તીપણું કે ઇંદ્રપણું મેળવવું દુર્લભ નથી. સર્વ જીવોએ પૂર્વે અનંતવાર સર્વ
"ભાવો પ્રાપ્ત કરેલા હશે, પણ જ્યાં સુધી આ સંસારમાં તે જીવોનું પરિભ્રમણ જોવામાં
"આવે છે ત્યાં સુધી તેઓએ કદિ પણ બોધિરત્નની પ્રાપ્તિ કરેલી જણાતી નથી. સર્વ
"પ્રાણીઓને આ સંસારમાં પરિભ્રમણ કરતાં અનંત પુદ્ગલ પરાવર્ત્તન થઇ ગયાં છે, પરંતુ
"જ્યારે છેલ્લો અર્દ્ધપુદ્ગલપરાવર્ત્તન સંસાર અવશેષ રહે ત્યારે સર્વ કર્મોની સ્થિતિ એક
"કોટાકોટી સાગરોપમથી ઓછી યથાપ્રવૃત્તિકરણવડે કરીને કોઇ પ્રાણી ગ્રંથિભેદ થવાથી
"ઉત્તમ બોધિને પામે છે. કેટલાએક જીવો યથાપ્રવૃત્તિકરણ કરવાથી તે ગ્રંથિના સીમાડા
"ઉપર પ્રાપ્ત થયા હોય, તો પણ ત્યાંથી સીદ્ધાઈને પાછા વળે છે અને પાછા સંસારમાં
"ભમે છે. કુશાસ્ત્રનું શ્રવણ, મિથ્યાદૃષ્ટિનો સમાગમ, નઠારી વાસના અને પ્રમાદ કરવાની
"ટેવ–એ સમકિતપ્રાપ્તિની સામે થનારા શત્રુઓ છે. જો કે ચારિત્રની પ્રાપ્તિ પણ દુર્લભ
"કહેલી છે પણ જો બોધિની પ્રાપ્તિ થઇ હોય તો તે સફલ છે, અન્યથા નિષ્ફલ છે. અભવ્ય
"પ્રાણીઓ પણ ચારિત્ર ગ્રહણ કરીને નવમા ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થાય છે પણ બોધિ વિના
"તેઓ મોક્ષપદને પામી શકતા નથી. ચક્રવર્ત્તી પણ બોધિરત્નની પ્રાપ્તિ વિના રાંક જેવો
"છે, અને બોધિરત્નને પ્રાપ્ત કરનારો રાંક હોય તોપણ તેનાથી અધિક છે. જેઓને બોધિ-
"રત્નની પ્રાપ્તિ થઈ હોય છે તેઓ કદિ પણ આ સંસારમાં રાગ કરતા નથી, પણ મમતા-
"રહિત થઇને મુક્તપણે મુક્તિમાર્ગનેજ ભજે છે."

પ્રભુની આવી દેશના સાંભળીને ઘણા લોકોએ દીક્ષા લીધી, સ્વયંભૂ વાસુદેવ સમકિત
પામ્યા, અને બલભદ્રે શ્રાવકપણું સ્વીકાર્યું. જ્યારે પ્રથમ પોરષી પૂર્ણ થઈ ત્યારે પ્રભુ
દેશનાથી વિરામ પામ્યા. પછી મંદર ગણધરે તેવીજ રીતે દેશના આપી. બીજી પોરષી
જ્યારે પૂર્ણ થઇ ત્યારે તેમણે પણ દેશના પૂર્ણ કરી. પછી ઇંદ્ર, વાસુદેવ તથા બલભદ્ર
વિગેરે પોતપોતાને સ્થાનકે ગયા; અને લોકોના ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથી વિમલપ્રભુએ
પુર, ગ્રામ, ખાણ અને દ્રોણમુખ વિગેરેમાં વિહાર કર્યો. અડસઠહજાર મહાત્મા સાધુઓ,
એકલાખ ને આઠસો સાધ્વીઓ, અગ્યારસો ચૌદ પૂર્વધારી, ચારહજાર ને આઠસો અવધિજ્ઞાની

પાંચહજાર ને પાંચસો મનઃપર્યવજ્ઞાની, તેટલાજ કેવલજ્ઞાની, નવહજાર વૈક્રિય લબ્ધિવાળા, બે લાખ ને આઠ હજાર શ્રાવકો અને ચારલાખ અને ચોત્રીસહજાર શ્રાવિકાઓ–એટલો પરિવાર કેવલજ્ઞાન પછી બે વર્ષે ઉણા પંદરલાખ વર્ષ સુધી પૃથ્વીમાં વિહાર કરતા વિમલનાથ પ્રભુને થયો. પછી પોતાનો નિર્વાણકાળ નજીક આવેલો જાણી પ્રભુ સંમેતશિખર પર્વતે પધાર્યા, અને ત્યાં છ હજાર સાધુઓની સાથે અનશન વ્રત ગ્રહણ કર્યું. એક માસનું અનશન પાળી આષાઢ માસની કૃષ્ણ સપ્તમીએ ચંદ્ર પુષ્ય નક્ષત્રમાં આવતાં, તે સર્વે મુનિઓની સાથે પ્રભુ અવ્યયપદને પ્રાપ્ત થયા. પછી ઇંદ્રાદિક દેવતાઓએ ત્યાં આવીને પ્રભુનો અને બીજા મુનિઓનો નિર્વાણમહિમા કર્યો.પંદરલાખ વર્ષ કૌમાર વયમાં, ત્રીશલાખ વર્ષ પૃથ્વીનું રક્ષણ કરવામાં અને પંદરલાખ વર્ષ વ્રતમાં–એમ સર્વ મળીને સાઠલાખ વર્ષનું પ્રભુનું આયુષ્ય સંપૂર્ણ થયું હતું. શ્રી વાસુપૂજ્ય પ્રભુના નિર્વાણ પછી ત્રીશ સાગરોપમ ગયા ત્યારે શ્રી વીમળનાથ પ્રભુનો નિર્વાણકાલ થયો.

સ્વયંભૂ વાસુદેવે આશ્ચર્યકારી ઐશ્વર્યના મદથી વિવેક રહિત થઈને અનેક ક્રૂર કર્મો કર્યાં, જેથી પોતાનું સાઠલાખ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી તે તે પ્રકારનાં માઠા કર્મોથી છઠ્ઠી નરકભૂમિમાં ગયા. બારહજાર વર્ષ કુમારપણામાં તેટલાજ મંડલિકપણામાં, નેવું વર્ષ દિગ્વિજયમાં અને ઓગણસાઠ લાખ પંચોતેર હજાર નવસો ને દશ વર્ષ રાજ્યમાં એમ સર્વ મળી સાઠલાખ વર્ષનું તેમનું આયુષ્ય પૂર્ણ થયું હતું.

પોતાના બંધુના મૃત્યુ સંબંધી વિપત્તિના શોકથી વિરક્ત થયેલા ભદ્ર બલદેવ મુનિચંદ્ર મુનિની પાસે વ્રત ગ્રહણ કરી, પાંસઠલાખ વર્ષનું પોતાનું આયુષ્ય પૂર્ણ કરી, કાળધર્મ પામીને પરમપદને પ્રાપ્ત થયા.

इत्याचार्यश्रीहेमचन्द्रविरचिते त्रिशष्टिशलाकापुरुषचरिते
महाकाव्ये चतुर्थे पर्वणि श्रीविमलनाथस्वयंभूभद्रमेरकचरित्र
वर्णनो नाम तृतीयः सर्गः ३ ॥

સર્ગ ૪ થો.

શ્રી અનંતનાથ ચરિત્ર.

આ સંસારમાં પણ મોક્ષની પેઠે પ્રાણીઓને અનંત સુખ આપનારા તેમજ જેમણે અનંત ચતુષ્ટયને સિદ્ધ કરેલા છે એવા શ્રી અનંતનાથ ભગવાન તમારી રક્ષા કરો. અપાર સંસાર રૂપ સમુદ્રને તારવામાં વહાણની જેવું તે શ્રી અનંતનાથ ભગવંતનું ચરિત્ર હવે કહેવામાં આવે છે.

ધાતકીખંડ દ્વીપમાં પ્રાગ્વિદેહ ક્ષેત્રના ઐરાવત નામના વિજયને વિષે **અરિષ્ટા** નામે એક મોટી નગરી છે. તેમાં શત્રુઓના રથવાળા સૈન્યના રથવ્યૂહને સ્ખલના કરવામાં ગિરિ સમાન **પદ્મરથ** નામે મહારથી રાજા રાજ્ય કરે છે. તેમણે સર્વ શત્રુઓનો વિજય કરી બધી ઋદ્ધિ સાધી હતી, તથાપિ મોક્ષલક્ષ્મીને સાધવામાં ઉત્સુક થવાથી તે સર્વને તૃણસમાન ગણવા લાગ્યા. તેઓ ઉદ્યાનમાં વિહારલીલા, વાપિઓમાં જલક્રીડા, ગાંધર્વોના સંગીતનું અવલોકન, હાથીઘોડા વિગેરે વાહનોની વિચિત્ર ગતિનું દર્શન, વસંતના તથા કૌમુદીના મહોત્સવ જેવા ક્રીડાઉત્સવનું નિરીક્ષણ, નાટકાદિક દશ રૂપકના અભિનયનો ઉત્સવ, સ્વર્ગના વિમાન જેવા મહેલોમાં નિવાસ અને વિચિત્ર વસ્ત્રના વેષ, અંગરાગ અને આભૂષણનું ધારણ–એ સર્વ માત્ર લોકરીતિને અનુસરીને અનુભવતા હતા, પણ રાગપૂર્વક કાંઈપણ અનુભવતા નહોતા.

આ પ્રમાણે કેટલોએક કાળ ઉલ્લંઘન કરી છેવટે એ વિવેકી રાજાએ **ચિત્તરક્ષ** નામના ગુરૂના ચરણમાં જઈ દીક્ષા ગ્રહણ કરી. પછી અર્હંતની ભક્તિ વિગેરે સ્થાનોના આરાધનવડે તીર્થંકરનામકર્મ બાંધી, મૃત્યુ પામી પ્રાણત દેવ લોકમાં પુષ્પોત્તર વિમાને દેવતા થયા.

આ જંબૂદ્વીપમાં દક્ષિણ ભરતાર્દ્ધને વિષે ઈક્ષ્વાકુવંશ રૂપ પર્વતની ભૂમિમાં **અયોધ્યા** નામે ઉત્તમ નગરી છે. આસપાસ રહેલી નિર્મલ સ્વચ્છ જળવાળી ખાઇના મંડલથી રતિ વખતે જેની કેશવેણી છુટી ગઈ હોય તેવી રમણીના જેવી તે નગરી શોભતી હતી. તેમાં સારા નિષ્ક્રમ અને પ્રવેશવાળા, ઉત્તમ સંધિવાળા, અર્થવાળા અને સારી ભૂમિકાવાળા શ્રીમંતોનાં મંદિરો નાટકની પેઠે દીપતાં હતાં. તે ગૃહોની ઉપલી ભૂમિ ઉપર આવેલી સોનાની જાળીઓ, જાણે પ્રત્યેક ગૃહલક્ષ્મીના મુગટ હોય તેવી પ્રકાશતી હતી. તેમાં રહેલાં દેહેરાસરોમાં અર્હંત પ્રભુની પૂજાનાં પુષ્પોના ગંધને વહન કરનારો પવન, અમૃતના પાનની જેમ લોકોના તાપને હરી લેતો હતો.

તે અયોધ્યા નગરીમાં અતિશય પરાક્રમવડે સિંહ જેવો અને નરસિંહોમાં અગ્રેસર **સિંહસેન** નામે રાજા રાજ્ય કરતો હતો. પોતાનું કલ્યાણ કરવાની ઈચ્છાથી જેમ ઇષ્ટદેવની સમીપે ધરે તેમ ઘણા રાજાઓ ભક્તિ વડે તેને ઉત્તમ ભેટણાં આપતાં હતાં. કિરણોથી ચંદ્રની જેમ ગુણીજનોમાં અગ્રણી એ રાજા પોતાના ઉજ્જવળ ગુણોથી સર્વ જગત્ને પ્રસન્ન કરતો હતો. યોગ્યતામાં વિચક્ષણ એવો એ રાજા, સેવા કરવાને આવતા રાજપુત્રોની જેમ ધર્મ, અર્થ અને કામને સૌ સૌની યોગ્યતા પ્રમાણે ધારણ કરતો હતો. તેને ધર્મની

નિવાસભૂમિ અને શીલ તથા યશ વડે શોભતી સુયશા નામે એક રાણી હતી. ત્રણ જગત્‌ને પવિત્ર કરનાર ગંગાની જેમ માતાના, પિતાના અને શ્વસુરના કુળને એ પવિત્ર કરતી હતી. તેના મુખનો પ્રતિનિધિ ચંદ્ર હતો. કમળ તેના નેત્રોનો અનુજ બંધુ હતો, શંખ તેના કંઠનું ચિત્ર હતો, કમળનાળ તેની બે ભુજાઓનો મિત્ર હતો, કલશ તેના સ્તનનો કુટુંબી હતો, વિરદ્ધ તેની નાભીનો પુત્ર હતો, તેના નિતંબનું પ્રતિબિંબ નદીના કાંઠાની ભૂમિ હતું, કદળી તેના ઉરૂની નાની બહેન હતી, અને કમળ તેના ચરણનો અનુચર હતું. સર્વ અંગોમાં રમણિક એ સુંદરીનું શું શું અતિશય રમ્ય નહોતું ?

આ તરફ પ્રાણત દેવલોકમાં પદ્મરથ રાજાના જીવે સુખમગ્ન થઇ પોતાનું ઉત્કૃષ્ટ સ્થિતિવાળું સર્વ આયુષ્ય નિર્ગમન કર્યું. ત્યાંથી શ્રાવણ માસની કૃષ્ણ સપ્તમીએ ચંદ્ર રેવતી નક્ષત્રમાં આવતાં ચ્યવીને તે સુયશા રાણીના ઉદરમાં અવતર્યા. તે વખતે સુખે સૂતેલા દેવીએ રાત્રિના અવશેષ કાલે અર્હંતજન્મને સૂચવનારાં હસ્તી વિગેરે ચૌદ મહા-સ્વપ્નો જોયાં. પછી અનુક્રમે વૈશાખ માસની કૃષ્ણ ત્રયોદશીને દિવસે પુષ્ય નક્ષત્રમાં સુયશા-દેવીએ સીંચાણા (બાજ) પક્ષીના ચિન્હવાળા સુવર્ણવર્ણી કુમારને જન્મ આપ્યો. ઉર્ધ્વ-લોકમાંથી, અધોલોકમાંથી અને રૂચક દ્વીપથી છપ્પન દિક્‌કુમારીઓએ આવી પ્રભુનું સૂતિકાકર્મ કર્યું. તરતજ સૌધર્મ કલ્પનો ઇંદ્ર ત્યાં આવ્યો અને પ્રભુને પ્રણામ કરી, હાથ-માં લઇ, આકાશમાર્ગે મેરૂપર્વતના મસ્તક પર ગયો. ત્યાં અતિપાંડુકબલા નામની શિલા ઉપર ઉત્સંગમાં પ્રભુને રાખી સિંહાસન પર તે બેઠો. પછી અચ્યુત વિગેરે ત્રેસઠ ઇંદ્રો ત્યાં આવ્યા, અને તીર્થજલ મંગાવીને અનુક્રમે પ્રભુને સ્નાન કરાવ્યું. પછી જાણે પ્રભુના ભારને વહન કરવાનો મોટો શ્રમ લાગ્યો હોય તેમ શક્ર ઇંદ્રે મોટા સારવાળા બે પ્રભુને ઇશાન ઇંદ્રના ઉત્સંગમાં બેસાડયા, અને પોતે સ્ફાટિકના ચાર વૃષભને વિકુર્વી, તેમના શૃંગમાંથી નીકળતા જળ વડે પ્રભુને સ્નાત્ર કરાવ્યું. પછી દેવદૂષ્ય વસ્ત્રવડે પ્રભુના અંગને લુંછી, ચંદનાદિકથી વિલેપન અર્ચન કરી અને આરાત્રિક ઉતારી, સૌધર્મપતિએ નીચે પ્રમાણે સ્તુતિ કરી.

" હે નાથ ! જેઓ તમારી આગળ ભૂમિ પર આલોટી પૃથ્વીના રજથી વ્યાપ્ત થાય
" છે તેઓને ગોશીર્ષચંદનનો અંગરાગ દુર્લભ નથી. જેઓ ભક્તિ વડે એક પુષ્પ પણ
" તમારા મસ્તક પર ચડાવે છે તેઓ મસ્તક પર છત્ર ધારણ કરીને નિરંતર વિચરે છે.
" તમારા અંગ ઉપર જેઓએ એકવાર પણ અંગરાગ કર્યો હોય તેઓ દેવદૂષ્ય વસ્ત્રને
" ધારણ કરનારા થાય તેમાં કાંઇપણ શંકા નથી. જેઓ તમારા કંઠ ઉપર એકવાર પણ
" પુષ્પમાળા ધરે છે તેઓના કંઠ ઉપર દેવતાની સ્ત્રીઓની ભુજલતાઓ વીંટાઈ વળે છે.
" જેઓ તમારા અતિ નિર્મલ ગુણોનું એકવાર પણ વર્ણન કરે તેઓ લોકમાં અતિશય-
" વાન થઈ દેવતાઓની સ્ત્રીઓથી ગવાય છે. જેઓ ચારૂ ચતુરાઇથી તમારી આગળ
" નૃત્યાદિક ચેષ્ટા કરે છે તેઓને ઐરાવત હાથીના સ્કંધ ઉપર આસન મળવું દુર્લભ
" નથી. હે દેવ ! જેઓ રાત્રિદિવસ તમારા પરમાત્મ સ્વરૂપનું ધ્યાન કરે છે તેઓ હમેશાં
" આ લોકમાં સર્વને ધ્યાન કરવા યોગ્ય થાય છે. હે પ્રભુ ! તમને સ્નાત્ર, અંગરાગ,
" નૈપથ્ય ને આભૂષણ વિગેરે ધારણ કરાવવામાં તમારા પ્રસાદથી હમેશાં મારો
" અધિકાર રહો. "

આ પ્રમાણે સ્તુતિ કરી પ્રભુને લઈ, સુયશા દેવીની પાસે આવી તેમના પડખામાં જેમ હતા તેમ ઇંદ્રે મૂકયા. પછી નંદીશ્વર દ્વીપે શાશ્વત અર્હંતની પ્રતિમાનો અઠ્ઠાઇ-

ઉત્સવ કરી, શક્ર તથા બીજા ઇંદ્રો પોતપોતાને સ્થાને ગયા. જ્યારે પ્રભુ ગર્ભમાં હતા તે વખતે પિતા સિંહસેને શત્રુઓના અનંત બલને જીત્યું હતું, તેથી તે પ્રભુનું **અનંતજિત્** એવું નામ પાડયું. યોગી જેમ ધ્યાનામૃતનું પાન કરે, તેમ સ્તનપાન નહીં કરનારા પ્રભુ પોતાના અંગુઠામાંથી અમૃતનું પાન કરતા મોટા થવા લાગ્યા. અનુક્રમે ચંદ્રની પેઠે બાલ્યવય ઉલ્લંઘન કરી, પચાશ ધનુષની ઊંચી કાયાવાળા પ્રભુ યૌવનવયને પ્રાપ્ત થયા. માર્ગના વિશ્રામસ્થાનને વટેમાર્ગુ જેમ ત્યાગબુદ્ધિએ અંગીકાર કરે તેમ ત્યાજ્યપણાનો નિશ્ચય કરી અનંતનાથે પિતાની આજ્ઞાથી સ્ત્રીનો પરિગ્રહ (પાણિગ્રહણ) સ્વીકાર્યો, અને સાડાસાત લાખ વર્ષો વીત્યા પછી પિતાના ઘણા આગ્રહથી પ્રભુએ રાજ્યભાર ગ્રહણ કર્યો. પછી પંદર લાખ વર્ષ સુધી પૃથ્વીનું પાલન કર્યા બાદ સિંહસેનના કુમાર અનંતનાથના મનમાં દીક્ષા લેવાનો વિચાર ઉત્પન્ન થયો. તત્કાળ સારસ્વતાદિક લોકાંતિક દેવતાઓએ બ્રહ્મ દેવલોકમાંથી આવી 'હે નાથ! તીર્થ પ્રવર્ત્તાવો' એમ કહ્યું. પછી ઇંદ્રની આજ્ઞાથી કુબેરે પ્રેરેલા જૃંભક દેવતાઓએ પૂરેલા ધનવડે પ્રભુએ વાર્ષિક દાન આપ્યું. તે દાનને અંતે સંસારનો અંત કરવાને ઇચ્છતા પ્રભુને સુર, અસુર અને રાજાઓએ આવી દીક્ષાભિષેક કર્યો. પછી વિચિત્ર વેષ, વસ્ત્ર તથા માળને ધારણ કરી જગત્પતિ સાગરદત્તા નામે ઉત્તમ શિબિકામાં આરૂઢ થયા. શક્રાદિક ઇંદ્રોએ જેમની ઉપર છત્ર, ચામર અને પંખા ધારણ કર્યા છે એવા પ્રભુ તે શિબિકાવડે સહસ્રામ્રવન નામના ઉદ્યાનમાં આવ્યા. તે ઉદ્યાન જાણે જતી આવતી ખેચરની સ્ત્રીઓ હોય તેવી હિંચકા ખાવામાં આસક્ત થયેલી નગરની ચતુર સ્ત્રીઓથી આકુલવ્યાકુલ થઈ રહ્યું હતું. તેમાં નવીન પલ્લવોથી રાતા થઈ ગયેલા અને ભ્રમર રૂપ કેશને ઉછાળતા અશોક વૃક્ષો જાણે મધુપાન વડે મત્ત થઈ ઘુમતા હોય તેમ જણાતા હતા. ક્રીડાથી શ્રાંત થયેલી નગરસ્ત્રીઓના સર્વ શ્રમને હરણ કરતા અને ઊંચા પલ્લવને ફેરવતા આમ્રવૃક્ષો જાણે પંખો લઇને વીંજતા હોય તેમ દેખાતા હતા. જાણે વસંતલક્ષ્મીની કર્ણિકાઓ હોય તેવા કર્ણિકારનાં પુષ્પોથી અને જાણે સુવર્ણનાં તિલક હોય તેવાં કાંચનવર્ણી તિલકવૃક્ષવડે એ ઉદ્યાન ઘણું સુંદર લાગતું હતું. કોકિલોના અવાજથી જાણે પ્રભુને સ્વાગત આપતું હોય તેવા એ ઉદ્યાનમાં ઉત્સુક થઈને જેમ જગત્ના મનમાં પ્રવેશ કરે તેમ જગત્પતિ પ્રભુએ પ્રવેશ કર્યો. પછી ઇંદ્રના હાથના ટેકા વડે સાગરદત્તા નામની શિબિકામાંથી ઉતરી પ્રભુએ અલંકાર વિગેરેનો ત્યાગ કર્યો; અને વૈશાખ માસની કૃષ્ણ ચતુર્દશીએ રેવતી નક્ષત્રમાં અપરાહ્નકાલે છઠ્ઠતપ કરી એક હજાર રાજાઓની સાથે દીક્ષા લીધી. પછી સર્વ ઇંદ્રાદિક દેવતાઓ પ્રભુને વંદના કરી કૃતકાર્ય થઈ પોતપોતાને સ્થાનકે ગયા.

બીજે દિવસે વર્દ્ધમાન નગરનાં વિજયરાજાના મંદિરને વિષે ચૌદમાં અર્હંતે પરમ અન્નવડે પારણું કર્યું. ત્યાં દેવતાઓએ વસુધારાદિક પાંચ દિવ્ય કર્યા, અને પ્રભુના ચરણન્યાસને ઠેકાણે વિજયરાજાએ એક રત્નમય પીઠ કરાવી. પછી કપટ રહિત એવા છદ્મસ્થ પ્રભુ તે સ્થાનથી નીકળી પરીસહ સહન કરતા કરતા વિહાર કરવાને પ્રવર્ત્યા.

આ જંબૂદ્વીપમાં પૂર્વવિદેહને વિષે પરમ આનંદની જન્મભૂમિ રૂપ **નંદપુરી** નામે એક સુંદર પુરી છે. તેમાં શત્રુઓની સ્ત્રીઓને શોક આપનાર અને અશોક વૃક્ષની જેમ પોતાના કુલરૂપી ઉદ્યાનમાં આભૂષણરૂપ **મહાબલ** નામે રાજા હતો. નગરનો ચતુર માણસ જેમ ગામડામાં વસવાને વિરક્ત થાય તેમ મોટા મનવાળો એ રાજા અનુક્રમે સંસારવાસથી વિરક્ત થયો. તેથી તે રાજાએ **ઋષભ** મુનિના ચરણકમળમાં જઈ પાંચ મુષ્ટિ વડે કેશનો

લોચ કર્યો અને ચારિત્ર અંગીકાર કર્યું. ઉદ્યાનની જેમ મોટા ફલને આપનારા ચારિત્રધર્મને પાળી, મૃત્યુ પામીને તે રાજા સહસ્રાર દેવલોકમાં દેવતા થયો.

તે સમયમાં જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં **કૌશાંબી** નામે ઇંદ્રપુરીની જેવી નગરી હતી. તે નગરીમાં શત્રુઓના તેજને મુદ્રાંકિત કરનાર અને સમુદ્રની જેવો ગંભીર **સમુદ્રદત્ત** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને રૂપવડે સુરસુંદરીઓના રૂપ સંબંધી અહંકારને હરનારી અને નયનને આનંદ આપવામાં ચંદ્રિકારૂપ **નંદા** નામે રાણી હતી. એકદા વસંતને મલયાચળના પવનની જેમ તે સમુદ્રદત્તનો મિત્ર મલયભૂમિનો રાજા **ચંડશાસન** ત્યાં આવી ચડયો. તેને પોતાને ઘેર આવેલો જોઈ સમુદ્રદત્તો સગા ભાઈની જેમ પરિવાર સહિત ભોજન કરાવ્યું. તે વખતે સમુદ્રને ગંગાની જેમ તે સમુદ્રદત્તની પત્ની નંદા, કે જે નેત્રને આનંદ આપનારી હતી તે મલયપતિની નજરે ચડી. તેને દેખીને તત્કાળ જાણે કામદેવના દુઃસહ અસ્ત્રોએ ખીલી (જડી) લીધો હોય તેમ તે સ્તબ્ધ થઈ ગયો; અને વિપ્રલંભ શૃંગારરૂપ અગ્નિનો તીવ્ર ધામ થયો હોય તેમ તેના શરીરને પસીનો આવી ગયો. વળી જાણે પ્રેમ-અંકુરિત થયેલ હોય તેમ સર્વ અંગમાં પુલકાવળી પ્રગટ થઇ; તેના શરીરના ગુણથી જાણે ઝોડ વળગ્યું હોય તેમ તેનો સ્વર બદલાઈ ગયો; તેને આલિંગન કરવાને જાણે ઉત્સુક થયું હોય તેમ સર્વ અંગ કંપવા લાગ્યું; તેની પ્રાપ્તિ નહીં થવાથી શોક થયો હોય તેમ શરીરનો વર્ણ ફરી ગયો; જાણે કામાંધ થયો હોય તેમ અશ્રુવડે નેત્ર ઝાંખાં થઈ ગયાં; અને તેની પ્રાપ્તિ વગર જાણે મૃત્યુને લાવવાને ઇચ્છતો હોય તેમ તેનામાં લય પામી ગયો. આ પ્રમાણે સર્વ અંગઉપાંગમાં સુંદર એવી તે નંદા રાણીના અવલોકનથી ચંડશાસને કઈ કઈ કામાવસ્થા ન અનુભવી ? જેની બુદ્ધિ અસ્ત પામી ગઇ છે એવો એ કામપીડિત રાજા સમુદ્રદત્તના મંદિરમાં સુતો પણ રોગાર્ત્તની જેમ તેને નિદ્રા આવી નહીં. હમેશાં નંદાને મેળવવાના ઉપાયો ચિંતવતો ચંડશાસન મિત્રના મિષે શત્રુ થઇને કેટલોક કાળ ત્યાં રહ્યો. એ પ્રમાણે ઘણું રહેવાવડે સમુદ્રદત્તને વિશ્વાસ ઉપજાવીને એક દિવસે પક્ષી જેમ રત્નાવળી હાર લઈ જાય તેમ ચંડશાસન નંદાને હરી ગયો. રાક્ષસની પેઠે બળ અને છળ ધરનારા તે દુષ્ટે હરણ કરેલી રાણીને પાછી લાવવાને અસમર્થ એવા સમુદ્રદત્તના મનમાં સંસાર તરફ વૈરાગ્ય ઉત્પન્ન થયો. હૃદયમાં રહેલા શલ્યની જેવા એ મોટા અપમાનથી પીડાતા રાજાએ **શ્રેયાંસ** નામના મુનિની પાસે દીક્ષા લીધી. મુનિપણામાં મોટી તપસ્યા કરી, તેના ફળે કરીને પોતાની રાણી નંદાનું હરણ કરનાર ચંડશાસનનો વધ કરનાર થવાનું નિયાણું બાંધ્યું. આ પ્રમાણે નિયાણું કરવાથી અપ્રમિત ફળવાળા તપને પરિચિત ફળવાળો કરી દઇને કાળયોગે મૃત્યુ પામી સહસ્રાર લોકમાં દેવતા થયો.

કાળના ક્રમથી ચંડશાસન પણ મૃત્યુ પામી સંસારસાગરની જળચક્રી જેવી અનેક યોનિઓમાં ભટકયો. પછી ભરતક્ષેત્રમાં આવેલા **પૃથ્વીપુર** નગરમાં **વિલાસ**રાજાની **ગુણવતી** રાણીના ઉદરથી **મધુ** નામે પુત્ર થયો. અનુક્રમે વૃદ્ધિ પામતાં ત્રીશ લાખ વર્ષના આયુષવાળો, તમાલ પુષ્પના જેવી કાંતિવાળો અને પચાશ ધનુષ ઊંચો જાણે જંગમ પર્વત હોય તેવો દેખાવા લાગ્યો. મોટા બાહુથી જાણે બે શુંઢવાળો દ્વિગજ હોય, અને વિશાળ વક્ષસ્થળની શોભાથી જાણે જંગમ ગિરિરાજ હોય તેવો તે જણાતો હતો. લીલાવડે પૃથ્વી ઉપર ફરતા એ બળવાન્ મધુના ભારને નહીં સહન કરતી પૃથ્વી ઘાસથી પૂરાયેલા ખાડાની જેમ નમતી હતી. પૂર્વ રાજાઓની શસ્ત્રાશસ્ત્રી યુદ્ધની કથા સાંભળી, પોતાને સમોવડીયો યુદ્ધ કરનાર નહીં મળવાથી પોતાની ભુજાના પરાક્રમને માટે તે શોક કરતો હતો. પછી

ત્રણ ખંડરૂપ અર્દ્ધભરતક્ષેત્રને એક ગામડા માફક જીતી લઈને અનલ્પ પરાક્રમવાળા તેણે પોતાનું નામ ચંદ્રની અંદર લખ્યું અર્થાત્ પોતાના નામની કીર્તિ ચંદ્રમંડળ સુધી પહોંચાડી. ચક્રથી શત્રુઓના ચક્ર (સમૂહ)ને દબાવનાર ઇંદ્રના જેવો પરાક્રમી અને મનુષ્યોમાં સૂર્ય સમાન એ મધુ ચોથો પ્રતિવાસુદેવ થયો.

તે મધુ રાજાને ઉત્કટ ભુજારૂપી શિખરવડે ઉગ્ર શત્રુઓને કૂટનાર અને શત્રુઓની લક્ષ્મીની ભૂગળને તોડનાર **કૈટભ** નામે એક ભાઈ હતો.

હવે તે સમયમાં દ્વારકા નગરીમાં ગુણવડે સૂર્ય ચંદ્ર જેવો **સોમ** નામે એક રાજા હતો. તેને મનોહરદર્શના **સુદર્શના** અને ચંદ્ર સમાન મુખવાળી **સીતા** નામે બે પત્નીઓ હતી. હવે મહાબળ રાજાનો જીવ જે સહસ્રાર દેવલોકમાં દેવતા થયો હતો તે ત્યાંથી ચ્યવીને સુદર્શના દેવીના ઉદરમાં અવતર્યો; તે વખતે દેવી સુદર્શનાએ રાત્રિના શેષ ભાગે બળભદ્રના જન્મને સૂચવનારાં ચાર મહા સ્વપ્ન જોયાં. અનુક્રમે નવ માસ અને સાડા સાત દિવસો જતાં સુદર્શના દેવીએ ચંદ્ર સમાન કાંતિવાળા એક પુત્રને જન્મ આપ્યો. એની વધામણી સાંભળીને મોટા ઉત્સવવડે યાચકોના વર્ગને કૃતાર્થ કરતા સોમરાજાએ તેનું **સુપ્રભ** એવું નામ પાડયું. જે સમુદ્રદત્તનો જીવ હતો તે પણ આયુષ્ય પૂર્ણ થતાં કાલધર્મે સહસ્રાર દેવલોકમાંથી ચ્યવી સીતા રાણીની કુક્ષિમાં અવતર્યો. તે વખતે સુખે સુતેલી સીતાદેવીએ રાત્રિના શેષ ભાગે વાસુદેવના જન્મને સૂચવનારાં સાત સ્વપ્નો મુખમાં પેસતાં જોયાં. પૂર્ણ સમય થતાં નીલ મણિના જેવી કાંતિવાળા અને સર્વ લક્ષણયુકત પુત્રને તેણીએ જન્મ આપ્યો. તેમના પિતા સોમરાજાએ શુભ દિવસે એ ચોથા વાસુદેવનું **પુરૂષોત્તમ** એવું યથાર્થ નામ પાડયું.

નીલા અને પીળા વસ્ત્રને ધરતા અને ભુજામાં તાડ અને ધનુષને રાખતા તે બંને ભાઈ જાણે જોડલે થયા હોય તેમ પ્રીતિથી સાથે સાથેજ ફરતા હતા. આચાર્યને તો ફકત નિમિત્ત માત્ર કરી તેમણે સર્વ કલાઓ સંપાદન કરી. **તેવા મહાત્માઓનો એવો પૂર્વ જન્મના પુણ્યનો પ્રભાવજ હોય છે.** મોટા સુભટો પણ તેમનો ક્રીડામાં કરેલો આઘાત સહન કરી શકતા નહીં, કારણકે હાથી માત્ર સ્પર્શ કરતાં કરતાં અને સર્પ સુંઘતાં સુંઘતાં હણી નાખે છે. બલવડે પવન જેવા તે બંને ભાઈઓ અનુક્રમે દેહલક્ષ્મીનું જાણે લીલાવન હોય તેવું અંગને શોભાવનાર યૌવનવય પામ્યા. દેવતાઓએ એ બંને નરરત્નોમાં મોટા ભાઈ (બલભદ્ર)ને હળ વિગેરે અને નાનાભાઈ (વાસુદેવ)ને શાર્ંગ ધનુષ્ય વિગેરે વિજયાયુધ અર્પણ કર્યાં.

કલહ કરાવવામાં કૌતુકવાળા નારદજી મહા બળવાન્ એવા બલભદ્ર અને વાસુદેવને જોઈને પ્રતિવાસુદેવ મધુને મંદિરે આવ્યા. કાર્યને જાણનાર મધુએ નારદને અર્ઘ્ય આપી પ્રણામ કરીને કહ્યું–"હે મહામુનિ! આપને સ્વાગત છે! સદ્ભાગ્યના યોગથી આજે તમે દૃષ્ટિમાર્ગે આવ્યા છો. આ ભરતાર્દ્ધને વિષે સર્વ રાજાઓ અને માગધ, વરદામ અને પ્રભાસના અધિપ દેવતાઓ મારા સેવકો છે, તેથી હે નારદ! જે વસ્તુથી કે દેશથી તમારે પ્રયોજન હોય તે નિઃશંકપણે કહો, હું તમને આપીશ." નારદે કહ્યું–"મારે કોઈ વસ્તુનું પ્રયોજન નથી, તેમ કોઈ દેશ લેવાનો પણ ઇચ્છા નથી. હું તો ફકત ક્રીડા કરતો કરતો અહીં આવી ચડયો છું. પણ અરે મધુરાજા! 'હું અર્દ્ધ ભરતનો સ્વામી છું' એવી ખોટી બડાઇ તમે મારો છો, કેમકે બંદિજનનો સર્વ અર્થવાદ કાંઇ યથાર્થ હોય નહીં.

વળી બંદિજનો ધનના લોભથી જેની સ્તુતિ કરે તે જો બુદ્ધિમાન હોય તો તેણે શરમાવું જોઇએ, પણ તેમાં પ્રતીતિ રાખવી ન જોઇએ; કેમકે આ જગત્માં બલવાન્થી પણ બલવાન અને મોટાથી પણ મોટા જનો જોવામાં આવે છે; કારણકે **બહુરત્ના વસુંધરા** છે."

નારદનાં આવાં વચન સાંભળવાથી શમીવૃક્ષની અંદર અગ્નિ ઉત્પન્ન થાય તેમ મધુના હૃદયમાં કોપ ઉત્પન્ન થયો. એટલે અધરનો દંશ કરતાં તેણે તત્કાળ નારદને કહ્યું–"હે નારદ ! આ ભરતાર્દ્ધમાં ગંગાથી મોટી નદી કઇ છે ? અને વૈતાઢયથી મોટો પર્વત પણ કયો છે ? તેમજ મારાથી અધિક બલવાળો પણ કોણ છે ? હે નારદ ! જેને તમે મારાથી અધિક બલવાન્ માનતા હો તેનું નામ મને તત્કાલ કહો કે જેથી હાથીના બચ્ચાને અષ્ટાપદ પરાક્રમ બતાવે તેમ હું તેને મારૂં પરાક્રમ બતાવું. અરે દ્વિજ ! શું કોઇ મદોન્મત્તો અથવા પ્રમાદીએ તમારી અવજ્ઞા કરી છે, કે જેનો સ્તુતિ કરવાના મિષથી તમે વધ કરાવવાને ઇચ્છો છો ?" નારદે કહ્યું–"હું કોઇ મત્ત કે પ્રમાદી પુરુષની પાસે જતોજ નથી, તો પછી મારી તેનાથી શી રીતે અવજ્ઞા થાય ? પણ તમે તમારી સભામાં 'હું અર્દ્ધ ભરતનો સ્વામી છું.' એવું આજે બોલ્યા તેમ હવે ફરીવાર બોલશો નહીં, કારણકે તેથી તમારૂં હાસ્ય થશે. હાલ દ્વારકા નગરીમાં સોમરાજાને ઘેર સુપ્રભ અને પુરૂષોત્તમ નામે બે પુત્રો થયા છે, તેને શું તમે કાને પણ નથી સાંભળ્યા ? મોટા બલવાળા અને પરસ્પર પ્રીતિવાળા તે બંને મહાબાહુ જાણે મૂર્તિમાન્ પવન અને અગ્નિ હોય તેવા દુઃસહ છે, કૌતુકથી શક્ર અને ઈશાન ઇંદ્ર જાણે સ્વર્ગમાંથી ઉતરીને અવતર્યા હોય તેવા તેઓ માત્ર એક ભુજાવડે સમુદ્ર સહિત પૃથ્વીનોઉદ્ધાર કરી શકે તેવા છે. મહાવનમાં સિંહની જેમ તેઓ જ્યાં સુધી આ ભરતક્ષેત્રમાં રહેલા છે ત્યાં સુધી મદાંધ હસ્તીની જેમ તમે અજ્ઞાનથી ફોકટ શા માટે ગર્જના કરો છો ?"

આ પ્રમાણેનાં નારદજીનાં વચનો સાંભળી કોપથી નેત્ર રાતા કરતો અને દાંત વડે દાંત ઘસતો મધુરાજા જાણે દ્વંદ્વયુદ્ધ કરવાને ઇચ્છતો હોય તેમ બોલી ઉઠયો–" તમે કહો છો તે જો સત્ય છે તો આજે તમને જેમ યુદ્ધ જોવાને તેમ યમરાજને સ્વેચ્છાએ ક્રીડા કરવાને હું આમંત્રણ કરૂં છું; અને સોમ, સુપ્રભ તથા પુરૂષોત્તમ વગરનું દ્વારકાનું રાજ્ય પણ કરું છું. તો તે અમારા યુદ્ધને તમે તટસ્થ રહીને અવલોકન કરજો." આ પ્રમાણે કહી નારદ મુનિને વિસર્જન કર્યા પછી તેણે પોતાના એક દૂતને એકાંતમાં બોલાવી, સમજાવીને સોમરાજા અને તેના પુત્રો તરફ વિદાય કર્યો. તત્કાળ તે વેગવાળો દૂત દ્વારકાએ પહોંચી પુત્ર સહિત સભામાં બેઠેલા સોમરાજાની પાસે આવ્યો, અને પરાક્રમપૂર્વક કહેવા લાગ્યો. 'દૂત કદિ પરાક્રમ રહિત હોય તો પણ પોતાના સ્વામિના પરાક્રમથી પરાક્રમવાળો થાય છે.' દૂતે કહ્યું–" ગર્વિષ્ટનો ગર્વ હરનાર, વિનીત ઉપર વાત્સલ્ય રાખનાર, પ્રચંડ ભુજાબળથી સર્વનો વિજય કરનાર, ક્ષત્રિયવ્રત રૂપ મહાધનવાળો, દક્ષિણ ભરતાર્દ્ધમાં રહેલા કુલીન રાજાઓ રૂપ રાજહંસો જેના ચરણરૂપ કમલની દાસની પેઠે સેવા કરે છે, વૈતાઢય ગિરિની દક્ષિણ શ્રેણીપર રહેનારા વિદ્યાધરોના રાજાઓ જેને દંડ આપે છે, અને જાણે બીજો ઇંદ્ર હોય તેમ પ્રચંડ આજ્ઞાને પ્રવર્તાવી રહ્યો છે એવો, અર્દ્ધ ભરત ક્ષેત્રરૂપ ઉદ્યાનમાં મધુ (વસંત) સમાન અર્દ્ધચક્રી મધુ નામે રાજા છે. તેણે તમને શિક્ષા કરવા માટે મને મોકલ્યો છે, તે સાવધાન થઈ ને સાંભળો. તેમણે કહ્યું છે કે તમે પૂર્વે અમારી અત્યંત ભક્તિના કરનારા હતા, તે અમારા જાણવામાં છે. પણ અત્યારે પુત્રના પરાક્રમથી બદલાઈ ગયા છો એવું લોકોના મુખથી અમે સાંભળ્યું છે; પણ કદિ જો તમે પૂર્વની જેવાજ હો, તમારા

ભક્તિભાવમાં કાંઈ પણ ફેરફાર થયો ન હોય તો કુંચીની મર્યાદા કરીને તમારી પાસે જે સાર સાર હોય તે સ્વામીને દંડ તરીકે મોકલાવો. કારણકે સ્વામીના પ્રસાદથી તમને વળી બીજું ઘણું પ્રાપ્ત થશે. જુઓ સૂર્ય જેટલું જળ લે છે તે કરતાં ઘણું વધારે પાછું આપે છે, અને જો સ્વામીની અકૃપા હશે તો તમારૂં સર્વસ્વ વિનાશ પામી જશે, કેમકે જ્યારે સ્વામી રોષ ધરે ત્યારે જાણે ભય પામી હોય તેમ લક્ષ્મી ચાલી જાય છે. વળી જો તમે પોતાના સ્વામીની સાથે વિરોધ કરશો તો સંપત્તિ તો દૂર રહો, પણ સ્ત્રી, પુત્ર, મિત્રાદિ અને તમારૂં જીવિત પણ રહેશે નહીં. માટે હે રાજા! આપણા સ્વામીની આજ્ઞા માની દેશને મર્યાદાવડે પાલન કરો, અને શ્વાન જેવા તમારા પિશુન (ચાડીઆ) લોકોની વાણી નિષ્ફળ થાઓ.”

આવાં દૂતનાં વચન સાંભળી પુરૂષોત્તમ કુમારે રોષ ભરેલાં કઠોર વચને કહ્યું–“હે દૂત! તું દૂત હોવાથી અવધ્ય છે, તેથી આવાં કડવાં વચનો બોલે છે, પણ આવાં વચન બોલનાર તું અને તે પ્રમાણે બોલાવનાર તારો સ્વામી શું ઉન્મત્ત છે? મત્ત છે? પ્રમત્ત છે? કે પિશાચે ગ્રહેલો છે? જેમ બાળકો ક્રીડામાં સ્વેચ્છાએ રાજા થઇને રમે છે, તેવી રીતે-જ તારો મૂઢ સ્વામી સર્વનો સ્વામી થવા પ્રવર્ત્તે છે. પણ એ દુર્મદ રાજાને અમે સ્વામી તરીકે કયારે પણ સ્વીકારેલો નથી. તેમ છતાં જો પોતાનું ઇચ્છિત, વચન પ્રમાણે થતું હોય તો તે પોતાની મેળે ઇંદ્ર કેમ થતો નથી? પોતાના મોટા રાજ્યના બલથી તે અજ્ઞ રાજા જો અમારી ઉપર ચડી આવશે તો સમુદ્રની વેળાને વખતે કાંઠા ઉપર રહેલા મત્સ્યોની જેમ અવશ્ય મૃત્યુ પામશે. હે દૂત! જા, દંડની ઇચ્છાવાળા તારા સ્વામીને યુદ્ધ કરવાને માટે અહીં લાવ, જેથી તેના પ્રાણની સાથે દાસીની જેમ તેની રાજ્યલક્ષ્મીને હું બળાત્કારે ગ્રહણ કરી લઈશ.”

આ પ્રમાણેનાં પુરૂષોત્તમ વાસુદેવનાં વચનોથી તે દૂત રોષ પામીને ત્યાંથી ચાલી નીકળ્યો અને પોતાના સ્વામીને દુઃખે કહેવા યોગ્ય તે સર્વ વચનો આવીને કહ્યાં. એવો વાસુદેવનો સંદેશો સાંભળી, મેઘની ગર્જનાથી અષ્ટાપદને ક્રોધ ચડે તેમ મધુરાજાને કોપ ચડ્યો. તત્કાલ જેના નાદથી ભય પામીને બેચરની સ્ત્રીઓએ કર્ણદ્વાર ઢાંકી દીધાં છે એવો ભયંકર ધ્વનિવાળો રણયાત્રા ભેરી તેણે વગડાવ્યો, અને તરત જ મુગટ બદ્ધ રાજાઓ, મહાપરાક્રમી સુભટો, સેનાપતિઓ, અમાત્યો, બીજા સામંતો અને જાણે તેની બીજી મૂર્ત્તિઓ હોય તેવા રણપંડિત સૈનિકોને સાથે લઇ, માયા સ્વરૂપી દેવની જેવા મધુરાજાએ ત્યાંથી પ્રસ્થાન કર્યું. તે વખતે દુર્નિમિત્ત સૂચક અપશુકનો થવા લાગ્યાં. તથાપિ એ દુર્મદ રાજા તેને નહીં ગણતો, કાલપાશથી જાણે ખેંચાતો હોય તેમ તત્કાલ દેશના સીમાડા-પર આવ્યો. તેને ત્યાં આવેલો જાણીને ઉત્તમ પારાવતપક્ષીની જેમ વેગથી પુરૂષોત્તમ વાસુદેવ સોમ, સુપ્રભ, સેનાપતિ અને સૈન્યના પરિવારને લઈ સામો આવ્યો. તત્કાળ બંને તરફના કેટલાક સૈનિકોએ ઉંટ ઉપર બેસીને કવચ અને ધનુષ્ય ગ્રહણ કર્યાં. પછી અકાળે પ્રલયકાળ કરનારા અને રૂધિરપાન કરવામાં ઉત્સુક એવાં બાણો રાક્ષસોની જેમ ઊંચે ઉડી ઉડીને ખરવા લાગ્યાં. મહાવતોએ પ્રેરેલા ચાર દાંતવાળા ગજેંદ્રો સામા આવતા અને પાછા ફરતા સતા પોતાના દાંતો વડે યુદ્ધ કરવા લાગ્યા. એક તરફ ભાલું, બીજી તરફ મુદ્ગર અને હાથમાં ખડ્ગ ધારણ કરીને ઘોડેસ્વારો પોતાના અશ્વને ત્વરા કરાવવા લાગ્યા. અતિઘોર ધ્વનિથી જગત્ને બેરૂં કરી મૂકતા રથો, ભેદ પામતા સિંધુના કાંઠાની જેમ પરસ્પર અથડાવા લાગ્યા, અને ઢાલને ધારણ કરનારા પદચારી વીર સુભટો પરસ્પર ઢાલ

અથડાવતા સામસામા ખડગ ઉગામીને રહેવા લાગ્યા. થોડીવારમાં તો પ્રચંડ ઉત્પાતનો પવન જેમ મોટા વનને ઉખેડીને ભાંગી નાંખે તેમ મધુરાજાની સેનાએ વાસુદેવની સેનાને ભાંગી નાખી. તે વખતે જેની પછવાડે રથઉપર બેઠેલા બલભદ્ર રહેલા છે એવા વાસુદેવે શત્રુઓના મૃત્યુને સૂચવનારો પાંચજન્ય નામનો શંખ પૂર્યો. તેના નાદથી તત્કાળ મધુના સૈનિકોમાંથી કેટલાએક ત્રાસ પામ્યા, કેટલાક મૂર્છા પામ્યા, અને કેટલાક પૃથ્વી ઉપર પડી ગયા.

આવી રીતે પોતાના સૈન્યને વિહવળ બનેલું જોઈને મધુએ હાથમાં ધનુષ્ય લઈ વાસુદેવને હરીફાઇથી બોલાવ્યા. તત્કાળ વાસુદેવે પોતાના શાર્ઙ્ગ ધનુષ્યનો નાદ કરી તેના પ્રતિધ્વનિથી આકાશભૂમિને ગજાવી મૂકી. જેમ વાદી લોક પરસ્પર મારવાને માટે કંડીયામાંથી લઈ લઇને સર્પને છોડે, તેમ તે બંને વીરો ભાથામાંથી ખેંચી ખેંચીને તીક્ષ્ણ બાણોને વર્ષાવવા લાગ્યાં. છેદનકળામાં કુશળ એવા તેઓ જયલક્ષ્મીના જાણે પ્રાણ હોય તેવા એક બીજાનાં બાણોને છેદવા લાગ્યા. એવી રીતે ઘણીવાર સુધી તેમનાં અસ્ત્રો, એક બીજાનાં અસ્ત્રોથી એક દોરીને કાપી નાંખે તેમ કપાવા લાગ્યાં. **સમાન પરાક્રમી વીરોનું યુદ્ધ એવું જ હોય છે.** આ પ્રમાણે યુદ્ધમાં પરસ્પર સરખાપણું થવાથી મધુને અત્યંત કોપ ચડ્યો, તેથી કાંઈક તફાવત બતાવવાની ઈચ્છાથી તેણે ચક્રનું સ્મરણ કર્યું, એટલે તત્કાળ તે તેના હાથમાં આવીને ઉભું રહ્યું. તેનાવડે તે પુરૂષોત્તમને મારવાને ઈચ્છતો હતો, તથાપિ અધરને ફરકાવીને બોલ્યો–" અરે બાળક ! અહીંથી ચાલ્યો જા, બાલ્યવયમાંથી વાઘણના દાંતને જોવાની ઈચ્છા શામાટે કરે છે ? તારી જેવા બાળકને મારવાથી મારા બળનો કાંઈ ઉત્કર્ષ થવાનો નથી, કેમકે કદલીને ઉખેડવાથી ઉત્તમ ગજેંદ્રનું બળ વખણાતું નથી. આ તારો મોટો ભાઈ બળભદ્ર પોતાને મોટો સુભટ ધારીને મારી સામે ઉભો રહ્યા છે, પણ કદી હાથી મોટો હોય તોપણ પર્વતની આગળ તો તે નાનોજ છે."

આવાં મધુનાં વચન સાંભળી પુરૂષોત્તમ કુમારે સ્મિત હાસ્ય કરી કહ્યું–"અરે મૂર્ખ ! સૂર્ય નાનો છે તો પણ મહા મોટા અંધકારને હણે છે, અને અગ્નિનો નાનો તણખો પણ ઘાસની મોટી ગંજીને બાળી નાંખે છે, તેથી વીર પુરૂષોનું પ્રમાણ તેજમાંજ છે, તેજસ્વીની કાંઈ વય જોવાતી નથી. માટે નિઃશક થઈને ચક્ર છોડ, વિલંબ કર નહીં, કેમકે સર્પ પણ ઝેર છોડ્યા સિવાય શમતો નથી." વાસુદેવનાં આવાં વચન સાંભળીને બાળક જેમ ઉંબાડીયાને ફેરવે, તેમ અંગુલિમાં મુદ્રિકા જેવું કરીને મધુએ લીલાથી ચક્ર ફેરવવા માંડ્યું. પછી તેણે છોડેલું તે ચક્ર ઉગ્ર તેજને દર્શાવતું આવ્યું, અને પોતાના અગ્રભાગથી વાસુદેવના વક્ષસ્થળ ઉપર પ્રહાર કર્યો. તે પ્રહારથી વાસુદેવ મૂર્છા પામી રથમાં પડ્યા. એટલે બલભદ્રે છલાંગ મારી, તે રથમાં આવીને તેમને પોતાના ઉત્સંગમાં લઈ લીધા. અમૃતના સ્નાન જેવા પોતાના ભાઇના અંગના સંગથી વાસુદેવને તરત જ સંજ્ઞા આવી, એટલે પછી મધુના પ્રાણની જેમ તે ચક્ર તેમણે હાથમાં ગ્રહણ કર્યું, અને મધુ પ્રત્યે કહ્યું–" અરે મધુ ! હવે તું પણ મારી જેમ અહીં રહે નહીં, સત્વર ચાલ્યો જા; કેમકે શ્વાનને સિંહની સાથે સ્પર્ધા કરવી ઘટે નહીં." મધુએ કહ્યું–" અરે વાસુદેવ ! તું પણ ચક્ર છોડ, શરદઋતુના મેઘની જેમ ફોકટ ગર્જના કરીને શામાટે પોતાની બડાઈ મારે છે?" આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળીને વાસુદેવે તે ચક્ર છોડી તેનું મસ્તક તાડના ફલની જેમ પૃથ્વી ઉપર પાડી નાખ્યું. તે સમયે દેવતાઓએ પુરૂષોત્તમના ઉપર પુષ્પવૃષ્ટિ કરી અને 'સાધુ સાધુ' શબ્દો વદી વાસુદેવની સ્તુતિ કરી. તેમજ 'હા નાથ ! ક્યાં ગયા ?' એવાં વચનોથી મધુરાજાના

સ્વજનોએ મધુનો શોક કર્યો. મધુના ભાઇ મહા સુભટ કૈટભને પણ હરિના સેનાપતિએ મારી નાખ્યો. એટલે બીજા અવશેષ રહેલા મધુપક્ષના સર્વ રાજાઓ તરત શ્રીપતિ વાસુદેવના આશ્રય નીચે આવ્યા.

ત્યાંથી ચાલીને વાસુદેવે માગધ, વરદામ અને પ્રભાસના અધિપતિ દેવને સાધ્યા, અને દક્ષિણાર્ધ ભરતક્ષેત્રની સમૃદ્ધિ સંપાદન કરી. પાછા વળતાં મગધ દેશમાં કોટી પુરૂષોથી ઉપાડાય એવી એક મોટી શિલા લીલાથી ઉપાડી આનંદી વાસુદેવે ઢાંકણાની પેઠે પાછી મૂકી. સમુદ્રે તરંગ રૂપી હાથ વડે જેને અર્ઘ આપેલો છે એવા પુરૂષોત્તમ વાસુદેવ ત્યાંથી પોતાની દ્વારાવતી નગરીમાં આવ્યા. ત્યાં સોમરાજા, બલભદ્ર અને બીજા રાજાઓએ મળીને પરમ હર્ષથી વાસુદેવને અર્દ્ધચક્રીપણાનો અભિષેક કર્યો.

હવે ત્રણ વર્ષ સુધી છદ્મસ્થપણે વિહાર કરી અનંતનાથ પ્રભુ સહસ્રામ્રવન નામના ઉપવનમાં આવ્યા. ત્યાં અશોક વૃક્ષ નીચે રહી ધ્યાન કરતા એવા ભર્ત્તાના, સંસારના જાણે મર્મ હોય તેવાં ઘાતિકર્મો નાશ પામ્યાં, એટલે વૈશાખ માસની કૃષ્ણ ચતુર્દશીએ ચંદ્ર રેવતી નક્ષત્રમાં આવતાં છઠ્ઠ તપ કરીને રહેલા પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. પછી દિવ્ય સમોસરણમાં બેસીને પ્રભુએ દેશના આપી અને યશ વિગેરે પચાસ ગણધરો સ્થાપ્યા. તેમના તીર્થમાં ત્રણ મુખવાળો, મગરના વાહનવાળો, રાતાવર્ણનો, ત્રણ દક્ષિણ ભુજાઓમાં પદ્મ, ખડ્ગ અને પાશ અને ત્રણ વામ ભુજાઓમાં નકુળ, ફલક અને અક્ષસૂત્ર ધરનારો પાતાળ નામે યક્ષ, તથા ગૌરવર્ણવાળી, પદ્મપર બેસનારી, બે દક્ષિણ ભુજામાં ખડ્ગ અને પાશ અને બે વામ ભુજામાં ફલક અને અંકુશ ધરનારી **અંકુશા** નામે દેવી–એ બંને શાસનદેવતા થયા. એ બંને દેવતાઓ જેમની પાસે રહીને નિરંતર ઉપાસના કરે છે એવા અને મોક્ષની અગ્ર ભૂમિમાં જનારા પ્રભુ પૃથ્વી પર વિહાર કરતાં કરતાં દ્વારકાપુરીમાં આવ્યા. ત્યાં શક્રેંદ્રાદિક દેવતાઓએ છસો ધનુષ ઊંચા ચૈત્યવૃક્ષવડે શોભિત સમોસરણ રચ્યું. તેમાં પૂર્વ દ્વારથી પ્રવેશ કરી અનંત પ્રભુએ ચૈત્યવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા કરી, અને તીર્થને નમસ્કાર કરી પૂર્વાભિમુખ સિંહાસન ઉપર બેઠા. પછી સર્વ સંઘ પોતાની યોગ્ય સ્થિતિ પ્રમાણે બેઠો. વ્યંતર દેવતાઓએ પ્રભુનાં ત્રણ પ્રતિબિંબ ત્રણે દિશાઓમાં રત્નમય સિંહાસન ઉપર વિકુર્વ્યાં.

ઉદ્યાનના રક્ષક પુરૂષોએ ચૌદમા તીર્થંકર શ્રી અનંતનાથ પ્રભુ સમોસર્યાના ખબર પુરૂષોત્તમ વાસુદેવને નિવેદન કર્યા. તેમને સાડાબાર કોટી સોનૈયા આપી વાસુદેવ બળભદ્રને સાથે લઈ સમવસરણમાં આવ્યા. ત્યાં પ્રદક્ષિણાપૂર્વક પ્રભુએ પ્રણામ કરી અગ્રજ બંધુ સહિત ઈંદ્રની પછવાડે બેઠા. પછી ઈંદ્ર, વાસુદેવ અને બલભદ્રે ઉભા થઇ ફરીવાર નમસ્કાર કરી ભક્તિવડે ગદ્ગદ વાણીથી ભગવંતની સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

" હે પ્રભુ ! જ્યાં સુધી તમે અધીશ્વર થયા નથી, ત્યાં સુધી જ પ્રાણીઓના મનરૂપી
" ધનને વિષય રૂપ તસ્કરો ચોરી શકે છે. લોકોની દૃષ્ટિને અંધ કરનારૂં અને વિસ્તાર
" પામતું કોપરૂપી અંધારૂં તમારા દર્શનરૂપ અમૃતાંજનથી દૂર નાસી જાય છે. જ્યાં
" સુધી અજ્ઞ પ્રાણીઓ તમારા વચનરૂપ મંત્રને સાંભળતા નથી ત્યાં સુધી જ તેમને માન-
" રૂપી ભૂત વળગ્યા કરે છે. તમારા પ્રસાદથી માયારૂપ બેડીને તોડી સરલતારૂપ વાહ-
" નમાં બેસનારા પ્રાણીઓને મુક્તિ કાંઇ પણ દૂર નથી. જેમ જેમ પ્રાણીઓ નિઃસ્પૃહ-
" તાથી તમારી ઉપાસના કરે છે તેમ તેમ તમે તેમને ઉત્કૃષ્ટ ફળ આપો છો, એ મોટું

" આશ્ચર્ય છે. આ સંસારરૂપી સરિતાના રાગ અને દ્વેષ એ બે પ્રવાહ છે, તેની મધ્યમાં
" દ્વીપની જેવા મધ્યસ્થપણામાં તમારા શાસનથી રહેવાય છે. મોક્ષદ્વારમાં પ્રવેશ કરવાને
" ઉત્સુક મનવાળા પ્રાણીઓને મોહરૂપી અંધકારમાં તમે જે દીપકપણું ધારણ કરો છો
" તેવું બીજે કોઇ ધારણ કરતો નથી, માટે હે પરમેશ્વર! અમારા ઉપર પ્રસન્ન થાઓ કે
" જેથી અમે વિષય, કષાય, રાગદ્વેષ અને મોહાદિકથી અજીત થઇએ. "

આ પ્રમાણે સ્તુતિ કરીને ઈંદ્ર, વાસુદેવ અને બળભદ્ર જ્યારે વિરામ પામ્યા ત્યારે અનંતનાથ પ્રભુએ દેશના આપવી શરૂ કરી.

" અહો ભવ્ય જીવો ! તત્ત્વને નહિ જાણનારા પ્રાણીઓ, માર્ગથી અજાણ્યા વટેમા-
" ર્ગુની જેમ આ દુસ્તર સંસારરૂપ અરણ્યમાં ભટક્યા કરે છે. જીવ, અજીવ, આશ્રવ,
" સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ, એ સાત તત્ત્વો વિદ્વાનો કહે છે.

" તેમાં પ્રથમ તત્ત્વ જે જીવ છે તે મુક્ત અને સંસારી એમ બે પ્રકારે છે. તેઓ સર્વે
" અનાદિનિધન[1] અને જ્ઞાન દર્શન લક્ષણવાળા છે. તેમાં જે મુક્ત જીવ છે તે એક સ્વભાવી,
" જન્માદિ ક્લેશથી વર્જિત અને અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત વીર્ય તથા અનંત
" આનંદથી વ્યાપ્ત છે. સંસારી જીવ સ્થાવર અને ત્રસ એવા બે પ્રકારના છે. તે બંનેના
" પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદ છે. તેમાં પર્યાપ્તપણાના કારણરૂપ પર્યાપ્તિઓ છ છે.
" તેના આહાર, શરીર, ઈંદ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન એવાં નામ છે. તે
" પર્યાપ્તિ એકેંદ્રિયને ચાર, વિકલેંદ્રિયને પાંચ અને પંચેંદ્રિયને છ એ પ્રમાણે અનુક્રમે
" છે. પૃથ્વીકાય, અપ્પકાય, તેજોકાય, વાયુકાય અને વનસ્પતિકાય એ પાંચ એકેંદ્રિય
" સ્થાવર જીવ કહેવાય છે. તેમાં પ્રથમના ચાર સૂક્ષ્મ અને બાદર એવા બે પ્રકારે છે.
" પાંચમા જે વનસ્પતિકાય છે તે પ્રત્યેક અને સાધારણ એવા બે પ્રકારે છે. તેમાં પ્રત્યેક
" બાદરજ છે અને સાધારણ સૂક્ષ્મ ને બાદર બે પ્રકારે છે.

" ત્રસ જીવો બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચતુરિંદ્રિય અને પંચેદ્રિય એમ ચારે પ્રકારે છે.
" તેમાં પચેંદ્રિય સંજ્ઞી અને અસંજ્ઞી એવા બે પ્રકારના છે. જે શિક્ષા, ઉપદેશ અને આલાપને
" જાણે અને મન પ્રાણને પ્રવર્ત્તાવે તે સંજ્ઞી કહેવાય છે, અને તેથી વિપરીત–મન વિનાના
" તે અસંજ્ઞી કહેવાય છે. સ્પર્શના, રસના, નાસિકા, નેત્ર અને શ્રવણ એ પાંચ ઈંદ્રિયો
" કહેવાય છે. સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ એ પાંચ તેના અનુક્રમે વિષય છે. કૃમિ-
" શંખ, ગંડૂપદ, જલો, કોડીયો અને છીપ, વિગેરે વિવિધ જીવો દ્વીંદ્રિય છે. જુ, માકડ,
" મંકોડા અને લીખ વિગેરે ત્રીંદ્રિય જીવ છે; અને પતંગ, મક્ષિકા, ભ્રમર અને ડાંસ
" વિગેરે ચતુરિંદ્રિય જીવો છે. પંચેદ્રિય જીવોમાં જલ, સ્થલ અને આકાશચારી એમ ત્રણ
" પ્રકારના તિર્યંચ જીવો, નારકી, મનુષ્ય અને દેવતાને ગણેલા છે. મનોબલ, ભાષાબલ
" અને કાયબલ એ ત્રણ બલ, પાંચ ઈંદ્રિયો અને શ્વાસોશ્વાસ તથા આયુ એ દશ
" પ્રાણ કહેવાય છે. કાયબળ, આયુષ્ય, ઉચ્છવાસ અને સ્પર્શેંદ્રિય એ ચાર પ્રાણ સર્વ જીવો-
" માં છે, વિકલેદ્રિયમાં ભાષા અને એકેક ઇન્દ્રિય વધવાથી છ, સાત ને આઠ પ્રાણ છે,
" અસંજ્ઞીને એક ઈંદ્રિય વધવાથી નવ પ્રાણ હોય છે, અને પૂર્ણ સંજ્ઞીને મન સહિત
" દશ પ્રાણ હોય છે. દેવતા અને નારકી ઉપપાતપણે ઉત્પન્ન થાય છે, મનુષ્યો ગર્ભમાંથી
" ઉત્પન્ન થાય છે, અને તિર્યંચો જરાયુ અને ઈંડામાંથી ઉત્પન્ન થાય છે. બાકીના સમુર્છિમ

---

૧. જેની આદિ એટલે ઉત્પત્તિ અને નિધન એટલે મંત–નથી એવા.

" પંચેંદ્રી, વિકલેંદ્રી તથા એકેંદ્રી સમુર્છિમ રીતે ઉત્પન્ન થાય છે. સર્વ સમૂર્છિમ જીવો
" નારકીના પાપી જીવો માત્ર નપુંસકવેદી જ હોય છે. જીવો અને નારકીના પાપી જીવો
" માત્ર નપુસંક વેદી જ હોય છે, દેવતા–સ્ત્રી અને પુરૂષ બે વેદવાળા હોય છે અને
" બાકીના ગર્ભજ તીર્યંચ અને મનુષ્ય–સ્ત્રી પુરૂષ અને નપુંસકવેદી હોય છે.

"સર્વ જીવ વ્યવહારી અને અવ્યવહારી એમ બે પ્રકારના છે, જે અનાદિ સૂક્ષ્મ "નિગોદના જીવો છે તે અવ્યવહારી છે અને બાકીના સર્વ વ્યવહારી છે.

"૧ સચિત્ત ૨ અચિત્ત ૩ સચિત્તાચિત્ત ૪ સંવૃત ૫ અસંવૃત ૬ સંવૃતા સંવૃત "૭ શિત ૮ ઉષ્ણ અને ૯ શિતોષ્ણ એમ જીવને ઉપજવાની યોનિઓના નવ પ્રકાર છે.

"પૃથ્વી, અપ, અગ્નિ અને વાયુકાયની–પ્રત્યેકની સાત સાત લાખ યોનિ, પ્રત્યેક "વનસ્પતિની અને અનંતકાયની અનુક્રમે દશને ચૌદ મળી ચોવીશ લાખ યોનિ, વિકલેંદ્રીની "છ લાખ યોનિ, મનુષ્યની ચૌદલાખ યોનિ અને નારકી, દેવ તથા તિર્યંચ પંચેંદ્રીની "ચાર ચાર લાખ યોનિ–એમ સર્વ મળીને ચોરાશી લાખ યોનિઓ સર્વ જીવની એકંદર "છે. તે કેવળજ્ઞાનીએ જ્ઞાન વડે જોયેલી છે.

"એકેંદ્રી સૂક્ષ્મને બાદર, પંચેંદ્રી સન્ની અને અસન્ની તથા બેઇંદ્રિય, તેઇંદ્રિય અને "ચૌરેંદ્રિય એ સાત પર્યાપ્ત અને સાત અપર્યાપ્ત મળીને જીવોના મૂળ ચૌદ ભેદો "જિનેશ્વરે કહેલા છે, અને તેની માર્ગણા પણ ૧ ગતિ, ૨ ઇંદ્રિય, ૩ કાય, ૪ યોગ, "૫ વેદ, ૬ જ્ઞાન, ૭ કષાય, ૮ સંયમ, ૯ આહાર, ૧૦ દૃષ્ટિ, ૧૧ લેશ્યા, ૧૨ ભવ્ય, ૧૩ સમ્ય- "ક્ત્વ અને ૧૪ સંજ્ઞી, એમ ચૌદ કહેલી છે. તેમજ સર્વ જીવોના ગુણસ્થાન પણ ૧ મિથ્યા- "દૃષ્ટિ ૨ સાસ્વાદન સમ્યગ્ દૃષ્ટિ ૩ સમ્યગ દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ મિશ્ર ૪ અવિરત સમ્યગ્ દૃષ્ટિ "૫ વિરતાવિરત (દેશવિરતિ) ૬ પ્રમત્ત, ૭ અપ્રમત્ત ૮ નિવૃત્તિ બાદર ૯ અનિવૃત્તિ બાદર "૧૦ સૂક્ષ્મ સંપરાય ૧૧ ઉપશાંત મોહ ૧૨ ક્ષીણ મોહ ૧૩ સયોગી અને ૧૪ અયોગી "એમ ચૌદ કહેલા છે.

"૧ મિથ્યા દર્શનનો ઉદય છતે પ્રાણી મિથ્યાદૃષ્ટિ હોય છે, પરંતુ ભદ્રકપણાદિકની "અપેક્ષાએ તે મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન કહેવાય છે. ૨ મિથ્યાત્વના અનુદય ભાવમાં વર્તતાને "અનંતાનુબંધીનો ઉદય થયે સતે **સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ** ગુણસ્થાનક હોય છે. તેનો "ઉત્કૃષ્ટ છ આવળીનો કાળ છે. ૩ સમકિતને મિથ્યાત્વના સંયોગથી અંતરમુહૂર્ત્તની ',સ્થિતવાળું મિશ્રદર્શન નામે ગુણસ્થાનક થાય છે. ૪ અપ્રત્યાખ્યાની કષાયોના ઉદયથી "પરંતુ અનંતાનુબંધી કષાયોના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી **અવિરત સમ્યગ્ દૃષ્ટિ** નામે "ગુણસ્થાનક થાય છે. ૫ પ્રત્યાખ્યાની કષાયોના ઉદયથી વિરતાવિરત (દેશ વિરતિ) નામે "ગુણસ્થાનક થાય છે. ૬–૭ સંયથ (સર્વ વિરતિ)ને પ્રાપ્ત કર્યા છતાં તેમાં જે પ્રમાદ, "કરે છે તે પ્રમત્ત સંયત નામે ગુણસ્થાનકે છે, અને જે પ્રમાદ કરતા નથી તે અપ્રમત્ત "સંયમ નામના સાતમા ગુણસ્થાનકે છે, આ બંને ગુણસ્થાનક પરસ્પર પરાવૃત્તિએ કરીને "અંતર મુહૂર્ત્તની સ્થિતિવાળા છે. ૮ જે ગુણસ્થાનની પ્રાપ્તિ થયાથી કર્મોનો સ્થિતિઘાત "વિગેરે અપૂર્વ રીતે થાય તે **અપૂર્વ** કરણ નામે આઠમું ગુણસ્થાનક છે, તેમાં પ્રાપ્ત થયેલ "મુનિ ઉપશમ શ્રેણી અથવા ક્ષપક શ્રેણીપર આરૂઢ થાય છે; તેમજ એ ગુણઠાણામાં પ્રવેશ "થયેલા મુનિઓના પરસ્પર બાદર કષાયોના પરિણામ નિવૃત્તિ પામે છે, તેથી તેનું **નિવૃત્તિ** "**બાદર** એવું પણ નામ છે. ૯ જે ગુણસ્થાને એક સમયમાં સાથે ચડેલા મુનિઓના પરસ્પર

"બાદર કષાયેાના નિવર્ત્તેલા પરિણામનેા ફેરફાર થતેા નથી, સર્વના એક સરખાજ પ્રણામ
"જ્યાં વર્ત્તે છે તે **અનિવૃત્તિ બાદર** નામે નવમું ગુણસ્થાનક છે. તેની પ્રાપ્તિવાળા મુનિ
"ઉપશમ શ્રેણી કે ક્ષપકશ્રેણીપર આરૂઢ હેાય છે. ૧૦ પૂર્વે નવમે ગુણઠાણે લેાભ નામનેા
"કષાય સૂક્ષ્મ કીટ્ટી રૂપ કરેલ છે તેને વેદતાં **સૂક્ષ્મ સંપરાય** નામે દશમું ગુણસ્થાનક
"થાય છે, તેમાં પ્રાપ્ત થયેલ મુનિ પણ ઉપશમ શ્રેણી કે ક્ષપક શ્રેણી પર આરૂઢ હેાય છે.
"૧૧ મેાહનેા ઉપશમ થવાથી **ઉપશાંત મેાહ** ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે, અને ૧૨ મેાહનેા
"ક્ષય કરવાથી **ક્ષીણ મેાહ** ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. ૧૩ ઘાતિકર્મનેા ક્ષય થવાથી કેવળ-
"જ્ઞાનની ઉત્પત્તિ થાય છે તે **સયેાગી કેવળી** નામે તેરમું ગુણસ્થાનક છે, અને ૧૪ મન,
"વચન, કાયાના યેાગનેા ક્ષય થવાથી **અયેાગી કેવળી** નામે ચૌદમું ગુણસ્થાનક પ્રાપ્ત થાય
"છે. **આ પ્રમાણે જીવતત્ત્વનું સ્વરૂપ જાણવું.**

"**હવે અજીવ તત્ત્વનું સ્વરૂપ કહે છે**–ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય,
"કાળ અને પુદ્ગળાસ્તિકાય એ પાંચ અજીવ દ્રવ્યને જીવ દ્રવ્ય સહિત કરવાથી ષટ્ દ્રવ્ય
"થાય છે. તે ષટ્ દ્રવ્યેામાં કાળ વિના પાંચ દ્રવ્યેા પ્રદેશ સમૂહ રૂપ છે. જીવ વિના બાકીના
"દ્રવ્ય અચેતન અને અકર્તા છે. કાળ વિના બાકીના દ્રવ્ય અસ્તિકાય છે અને પુદ્ગળ વિના
"બાકીના દ્રવ્ય અરૂપી છે. છએ દ્રવ્ય ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સરૂપી છે. પુદ્ગળેા સ્પર્શ,
"રસ, ગંધ અને વર્ણ રૂપે છે. તેના અણુ અને સ્કંધ એવા બે પ્રકાર છે. અણુ અબદ્ધ છે
"અને સ્કંધ બદ્ધ છે. જે બદ્ધ સ્કંધ છે તે વર્ણ, ગંધ, રસ, શબ્દ, સૂક્ષ્મ, સ્થૂળ, સંસ્થાન
"અંધકાર, આતપ, ઉદ્યોત, પ્રભા અને છાયા રૂપે પરિણમે છે, અને તે જ્ઞાનાવરણાદિ કર્મ,
"પાંચ પ્રકારના શરીર, મન, ભાષા, ગમનાદિ ચેષ્ટા અને પ્રવાસેાચ્છવાસના દાયક છે; તેમજ
"સુખ, દુઃખ, જીવિત અને મૃત્યુરૂપ ઉપગ્રહના કરનારા છે. આ લેાકમાં ધર્માસ્તિકાય, અધ-
"ર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણ તેા પ્રત્યેકે એકેકજ દ્રવ્ય છે, અને તે સર્વદા
"અમૂર્ત્ત, નિષ્ક્રિય અને સ્થિર છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એક જીવના પ્રદેશ જેટલા
"અસંખ્યાત પ્રદેશવાળા અને સકળ લેાકવ્યાપી છે. તેમાં પેાતાની મેળે હાલવા ચાલવાને
"પ્રવર્ત્તેલા જીવેાને તથા પુદ્ગળેાને, સર્વ ગમનક્રિયામાં મત્સ્યાદિકની ગતિને જળની જેમ
"ધર્માસ્તિકાય સહાયકારી હેાય છે, અને જીવ તથા પુદ્ગળેા પેાતાની મેળે સ્થિર રહે છે
ત્યારે વટેમાર્ગુને છાયાની જેમ અધર્માસ્તિકાય સહાયકારી હેાય છે. વળી સર્વ વ્યાપી,
"નિજસ્વરૂપાધારે રહેલ, પર સર્વ વસ્તુને આધાર આપનાર, લેાકાલેાકવ્યાપી, અનંત પ્રદેશી
"આકાશાસ્તિકાય છે. લેાકાકાશના પ્રદેશમાં અભિન્નપણે રહેલા જે કાળના અણુઓ (સમય)
"છે તે ભાવેાનું પરાવર્ત્તન કરે છે તેથી મુખ્ય કાળ તે કહેવાય છે, અને જયેાતિઃશાસ્ત્રમાં
"સમયાદિકથી જેનું માન કરવામાં આવ્યું છે તેને કાળવેત્તાઓ વ્યવહારિક કાળ કહે છે.
"આ જગત્માં સર્વે પદાર્થો નવીન અને જીર્ણ રૂપથી જે પરાવર્તન પામ્યા કરે છે તે કાળ-
"નું જ ચેષ્ટિત છે. કાળક્રીડાની વિડંબનાથી સર્વ પદાર્થો વર્તમાનના ભૂતકાળની સ્થિતિ પામે
"છે અને ભવિષ્યના વર્તમાન સ્થિતિ પામે છે. **આ પ્રમાણે અજીવતત્ત્વનું સ્વરૂપ જાણવું.**

"મન, વચન અને કાયાની જે વર્ત્તના તે આશ્રવ છે. તેમાં શુભ વર્ત્તના તે પુણ્ય-
"બંધનેા હેતુ છે, અને અશુભ વર્ત્તના તે પાપબંધનેા હેતુ છે. એ ત્રીજું **આશ્રવતત્ત્વ**
" સમજવું. સર્વ આશ્રવેાનેા રેાધ કરવાનું જે કારણ તે **સંવર** કહેવાય છે, અને સંસા-
" રના હેતભૂત જે કર્મ તેની જે જરણા (વિનાશ) તેને **નિર્જરા** કહે છે. આ પ્રમાણે
" ચેાથું અને પાંચમું સંવર નિર્જરા તત્ત્વ છે.

"સકષાયીપણાથી જીવ કર્મ યોગ્ય પુદ્ગલોને જે ગ્રહણ કરે છે તે **બંધ** કહેવાય છે. તે બંધ જીવને પરતંત્રતાનું કારણ થાય છે. પ્રકૃતિ તે **સ્વભાવ** કહેવાય છે, તે જ્ઞાનાવરણાદિક "ભેદોથી આઠ પ્રકારની છે. જ્ઞાનાવરણી, દર્શનાવરણી, વેદનીય. મોહનીય, આયુષ્ય, "નામ, ગોત્ર અને અંતરાય, એ આઠ મૂળ પ્રકૃતિઓ કહેવાય છે. જઘન્યને ઉત્કૃષ્ટ ભેદે "કર્મના કાલનો જે નિયમ તે **સ્થિતિ** કહેવાય છે, કર્મનો જે વિપાક (પરિણામ) તે "**અનુભાવ** છે, અને તેના અંશની જે કલ્પના તે **પ્રદેશ** છે. મિથ્યાદૃષ્ટિ, અવિરતી, પ્રમાદ, "કષાય અને યોગ એ પાંચ બંધના હેતુ છે. એ પ્રમાણે **બંધતત્વનું** સ્વરૂપ જાણવું.

"ઉપર કહેલા બંધના હેતુનો અભાવ થતાં, ઘાતિકર્મને[1] ક્ષય થાય છે, તેથી જીવને "કેવળજ્ઞાન ઉપજે છે, અને પછી ચાર અઘાતિકર્મનો ક્ષય થવાથી મોક્ષ થાય છે. ચાર "નિકાયના દેવતાઓના તથા રાજાઓના જે સુખ ત્રણ ભુવનમાં છે તે સુખ, મોક્ષ સુખની સંપત્તિના અનંતમા ભાગે પણ નથી. **ઇતિ મોક્ષતત્વ.**

"આ પ્રકારે નવ તત્ત્વોને જાણનારો મનુષ્ય સમુદ્રમાં તરીઆની જેમ કદિ પણ આ "સંસારસમુદ્રમાં ડુબી જતો નથી."

આ પ્રમાણે પ્રભુની દેશનાથી ઘણા જનોએ દીક્ષા લીધી, પુરૂષોત્તમ વાસુદેવ સમકિત પામ્યા, અને સુપ્રભ બલરામે શ્રાવકત્વ સ્વીકાર્યું. પ્રથમ પૌરુષી પૂર્ણ થતાં પ્રભુ દેશનાથી વિરામ પામ્યા પછી **યશ** નામના મુખ્ય ગણધરે તેમના મરણપીઠ ઉપર બેસીને દેશના આપી. બીજી પૌરુષી પૂર્ણ થતાં તેઓ પણ દેશનાથી વિરામ પામ્યા, એટલે ઇંદ્ર, વાસુદેવ અને બલભદ્રાદિક પ્રભુને નમીને પોતપોતાને સ્થાને ગયા.

ત્યાંથી અનંતનાથ સ્વામી ગ્રામ, આકર અને નગર વિગેરેમાં ભવ્ય જંતુઓને બોધ કરતા પૃથ્વીપર વિહાર કરવા લાગ્યા. છાસઠ હજાર મહાત્મા સાધુઓ, નવસો ચૌદપૂર્વધારી[2] ચાર હજાર અને ત્રણસો અવધિજ્ઞાની, ચાર હજાર અને પાંચસો મનઃપર્યયજ્ઞાની[3], પાંચ હજાર કેવળજ્ઞાની, આઠ હજાર વૈક્રિય લબ્ધિવાળા, ત્રણ હજાર ને બસો વાદ લબ્ધિવાળા, બાસઠ હજાર તપસ્વી સાધ્વીઓ, બે લાખ ને છ હજાર શ્રાવકો અને ચાર લાખ ને ચૌદ હજાર શ્રાવીકાઓ—એ પ્રમાણે કેવળજ્ઞાન થયા પછી ત્રણ વર્ષે ઉણા સાડા સાત લાખ વર્ષ સુધી પૃથ્વીપર વિહાર કરતાં પ્રભુનો પરિવાર થયો. પછી પોતાનો મોક્ષકાલ નજીક જાણી પ્રભુ સમેતશિખર ગિરિ પધાર્યા; અને ત્યાં સાત હજાર સાધુઓની સાથે પ્રભુએ અનશન વ્રત ગ્રહણ કર્યું. એક માસને અંતે ચૈત્ર શુકલ પંચમીએ ચંદ્ર પુષ્ય નક્ષત્રમાં આવતાં અનંતપ્રભુ તે મુનિઓની સાથે મોક્ષે ગયા. તરતજ ઇંદ્રોએ દેવતાઓની સાથે ત્યાં આવી પ્રભુનો અને તેમના શિષ્યોનો નિર્વાણ મહિમાનો મહોત્સવ કર્યો. કૌમારવયમાં સાડાસાત લાખ વર્ષ, રાજ્યપાલનમાં પંદર લાખ વર્ષ અને દીક્ષામાં સાડાસાત લાખ વર્ષ મળી ત્રીશ લાખ વર્ષનું અનંતપ્રભુનું આયુષ્ય પૂર્ણ થયું. વિમળસ્વામીના નિર્વાણથી નવ સાગરોપમ અતિક્રમણ થયા પછી અનંતસ્વામીનું નિર્વાણ થયું.

પુરૂષોત્તમ વાસુદેવ ત્રીશલાખ વર્ષનું આયુષ્ય ભોગવી, ઉગ્ર પાપકર્મ કરવાને લીધે તમઃપ્રભા નામની છઠ્ઠી નરકભૂમિમાં ગયા. કુમારવયમાં સાતસો વર્ષ, મંડલીકપણામાં તેરસો

૧ જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતોકર્મ કહેવાય છે. ૨–૩ પ્રવચન સારોદ્ધારમાં એક હજાર ચઉદ પૂર્વી અને પાંચહજાર મનઃપર્યયજ્ઞાની કહ્યા છે.

વર્ષ, દિગ્વિજયમાં એંશી વર્ષ અને રાજ્યમાં એાગણત્રીશ લાખ સત્તાણું હજાર નવસો અને વીશ વર્ષ એમ ત્રીશલાખ વર્ષનું વાસુદેવનું આયુષ્ય પૂર્ણ થયેલું છે. પંચાવન લાખ વર્ષના આયુષ્યવાળા સુપ્રભ બલરામ, પોતાના અનુજ ભાઈના અવસાન પછી ઘણાકાળ સુધી દુઃખિતપણે સંસારમાં રહ્યા. પછી પોતાના લઘુ બંધુની વિપત્તિ (મૃત્યુ) જોવાથી વિરક્ત થયેલા સુપ્રભ બલભદ્ર મૃગાંકુશ મુનિની પાસે વ્રત ગ્રહણ કરી, કેવળજ્ઞાન પામી, અનંત ચતુષ્ટય મેળવીને અપુનર્ભવસ્થાન (મોક્ષ) ને પ્રાપ્ત થયા.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते
महाकाव्ये चतुर्थे पर्वणि अनंतस्वामिपुरुषोत्तमसुप्रभमधुचरित
वर्णनो नाम चतुर्थः सर्गः ४ ॥

સર્ગ ૫ મો.

શ્રી ધર્મનાથ ચરિત્ર.

ધર્મરૂપ ગંગાની ઉત્પત્તિના હિમાલય અને કુતીર્થ રૂપ અંધકારને દૂર કરવામાં સૂર્ય-સમાન એવા શ્રીમાન ધર્મનાથના ચરણનું શરણ હું ગ્રહણ કરૂં છું. સંસારસાગરને તરવામાં મોટા સેતુબંધરૂપ-એજ તીર્થનાથનું ચરિત્ર હવે કહું છું.

ધાતકીખંડ દ્વીપના પૂર્વ મહાવિદેહમાં ભરત નામના વિજયને વિષે **ભદ્રિલ** નામે એક વિશાળ નગર છે. તેમાં **દૃઢરથ** નામે રાજા હતો. બે દાંતથી હસ્તીની જેમ બે દૃઢ ભુજાઓથી તે શોભતો હતો. જ્યોતિશ્ચક્રમાં સૂર્યની જેમ સર્વ રાજાઓના તેજ તેણે હરી લીધા હતા, અને સરિતાઓનું પાત્ર જેમ સમુદ્ર તેમ સર્વ રાજાઓના દંડનું તે પાત્ર હતો, (અર્થાત્ સર્વ રાજાનો દંડ તે કરી શકતો હતો). આવું મોટું સામ્રાજ્ય પ્રાપ્ત છતાં એ વિવેકી રાજા ઇંદ્રની સંપત્તિને પણ આકડાના તુલ જેવી ચપળ જાણીને તેનો જરા પણ ગર્વ કરતો નહીં. વિષય સંબંધી સુખ તે પૂર્ણ રીતે પામ્યો હતો, તથાપિ અતિથિની જેમ સંસારવાસમાં તેને જરા પણ આસ્થા નહોતી. ભોગને વિષે અત્યંત વૈરાગ્યવાન અને પોતાના શરીર ઉપર પણ નિઃસ્પૃહ એવા દૃઢરથ રાજાએ છેવટે શરીરના મલની પેઠે પોતાના રાજ્યને એકદમ છોડી દીધું, અને સાંસારિક મહા દુઃખ અને રોગના વૈદ્યરૂપ **વિમલવાહન** નામના ગુરૂની પાસે તે ગયો. તેમની પાસેથી એ રત્નશિરોમણિ રાજાએ રૂચિરૂપી મૂલ્ય આપીને દુર્લભ એવું નિર્મળ ચારિત્રરત્ન ગ્રહણ કર્યું. યોગની માતા તુલ્ય સમતાને ધારણ કરતા અને પરીસહને સહન કરતા એ રાજમુનિએ ઘણું દુસ્તપ તપ આચર્યું. તીર્થોદક જેવા પવિત્ર શાસ્ત્રરૂપ ગંડૂષ (કોગળા)નું આચમન કરીને તેણે વિષયરૂપ મ્લેચ્છોથી દૂષિત એવા પોતાના આત્માને પવિત્ર કર્યો. અનુક્રમે અર્હંત ભક્તિ વિગેરે સ્થાનકોનું આરાધન કરીને સદ્બુદ્ધિવાળા તે મુનિરાજે તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું. પછી કાળસ્થિતિ નજીક આવતાં અનશન કરી, સમાધિથી મૃત્યુ પામી તે મુનિ વૈજયંત વિમાનમાં મહર્દ્ધિક દેવતા થયા.

આ જંબૂદ્વીપને વિષે ભારતવર્ષમાં રત્નાકર જેવું **રત્નપુર** નામે એક નગર હતું. તેમાં બંને બાજુએ કરેલા રત્નમય સોપાનનાં કિરણોની જાલથી જાણે વચમાં સેતુ (પાજ) બાંધી હોય તેવી ઉપવનની વાપિકાઓ શોભતી હતી. ઠેકાણે ઠેકાણે અર્હંતનાં સુવર્ણમય ચૈત્યો અને દર્પણવાળા ગૃહો 'અહીં હમેશાં ત્રણે પુરૂષાર્થ ઉદય પામેલા છે' એમ સૂચવતા હતા. રાત્રિએ જેમાં નક્ષત્રોનાં પ્રતિબિંબ પડે છે એવી મરકતમણિબદ્ધ માર્ગભૂમિ જાણે મોતીના સ્વસ્તિકવાળી હોય તેવી દેખાતી હતી. ત્યાં આવેલાં મોટાં મંદિરોની ખીંતીઓના કંઠમાં વધૂજનોએ લટકાવેલા હાર કંઠાભરણનું પૂર્ણ રૂપ પામતા હતા. ઉદ્યાનવાપિકાઓથી હેમંત, હવેલીઓના રસોડાથી ગ્રીષ્મ અને ગજોના મદથી વર્ષા-એમ ત્રણે ઋતુઓનો કાળ ત્યાં એક સાથેજ પ્રવર્ત્તતો હતો.

તે નગરમાં તેજવડે સૂર્ય સમાન, શત્રુરૂપ તૃણપુંજમાં અગ્નિ સમાન અને નિર્મળ ગુણોથી નિરંતર પ્રકાશતો **ભાનુ** નામે રાજા હતો. સમુદ્રના તરંગોની જેમ તેના ગુણોનું

પ્રમાણ કરવાને બૃહસ્પતિ પણ સમર્થ નહતા. તે એકજ રાજાએ જેનો કર[1] ગ્રહણ કરેલો છે એવી ભૂમિ કુલવતી અને શીલવતી લલનાની જેમ બીજા પતિને પ્રાપ્તજ થતી નહોતી. એ રાજાએ સ્વભાવથી ચપલ એવી લક્ષ્મીને પોતાના દૃઢ ગુણો (પક્ષે દોરી) થી બાંધીને હાથિણીની જેમ પોતાના વજ્રસ્તંભમાં સ્થિર કરી હતી. સૂર્યની જેમ પ્રૌઢ પ્રતાપવાળા એ રાજાએ દીપકની જેવા શત્રુરાજાઓના તેજને હરી લીધા હતા. અન્ય રાજાઓનો વિજય કરવા માટે તેને લલાટ ઉપર ભ્રકુટી પણ ચડાવવી પડતી નહીં, તો પછી ધનુષ ઉપર પણછ ચડાવવાની તો વાતજ શી કરવી !

તે રાજાને ચરણકમળની ઉપાસના કરવામાં ભ્રમરી જેવી અને લોકોત્તર પતિવ્રતવાળી **સુવ્રતા** નામે એક રાણી હતી. તેની પાસેથીજ કોકીલાઓ મધુર આલાપ, હંસલીઓ ગતિચાતુર્ય અને મૃગલીઓ દૃષ્ટિવિલાસ શીખેલી હતી. લજ્જા તેની સહચરી હતી. શીલલક્ષ્મી તેને શોભાવનારી હતી અને કુલીનતા તેની કાંચળી હતી. એ પ્રમાણે તેનો સ્વાભાવિક પરિવાર હતો. પતિભક્તિરૂપ તેને યોગ્ય અલંકાર હતો, તે સિવાય હાર વિગેરે બીજા અલંકારો તો ઉલટા તેનાથી અલંકૃત હતા, અર્થાત્ તેના અંગસંગવડેજ શોભતા હતા.

હવે વૈજયંત નામના બીજા અનુત્તર વિમાનમાં રહેલા દૃઢરથ રાજાના જીવે પરમ સુખમાં મગ્ન થઇ ત્યાં પોતાનું આયુષ્ય પૂર્ણ કર્યું. પછી ત્યાંથી ચ્યવીને વૈશાખ માસની શુકલ સપ્તમીને દિવસે પુષ્ય નક્ષત્રમાં ચંદ્ર આવતાં તે જીવ સુવ્રતા રાણીના ઉદરમાં અવતર્યો. તે વખતે સુવ્રતાએ તીર્થંકરના જન્મને સૂચવનારાં ગજ વિગેરે ચૌદ મહા સ્વપ્નો જોયાં. અનુક્રમે પૂર્ણ સમયે માઘ માસની શુકલ તૃતીયાને દિવસે પુષ્ય નક્ષત્રમાં વજ્રના લાંછન (ચિન્હ) વાળા સુવર્ણવર્ણી પુત્રને દેવીને જન્મ આપ્યો. તરતજ ભોગંકરા વિગેરે છપ્પન દિક્કુમારીઓએ આવીને પ્રભુ અને પ્રભુની માતાનું સૂતિકાકર્મ કર્યું, તેજ વખતે સૌધર્મેંદ્ર પણ પાલક વિમાનમાં બેસીને ત્યાં આવ્યો, અને પ્રભુને લઈને મેરૂપર્વત ઉપર ગયો. ત્યાં અતિપાંડુકબલા નામે શિલાની ઉપર રત્નમય સિંહાસનમાં પ્રભુને પોતાના ઉત્સંગે લઇને ઇંદ્ર બેઠો. અચ્યુત વિગેરે ત્રેસઠ ઇંદ્રોએ પવિત્ર તીર્થજલથી વિધિ પૂર્વક પ્રભુને સ્નાત્ર કરાવ્યું. પછી ઇશાન ઇંદ્રના ખોળામાં પ્રભુને બેસાડીને સૌધર્મેંદ્રે સ્નાત્ર કર્યું અને વિલેપન વિગેરેથી પૂજા કરીને નીચે પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

"પરમ ધ્યાન કરવા યોગ્ય સ્વરૂપવાળા અને પરમ ધ્યાન કરનારા એવા પંદરમા "તીર્થંકરને મારો નમસ્કાર છે. હે પ્રભુ ! દેવ અને દાનવથી હું મનુષ્યોની મોટી મહત્તા માનું "છું, કારણકે ત્રણ લોકોને વંદન કરવા યોગ્ય એવા તમે મનુષ્યપણામાં પ્રગટ થયેલા "છો. હે નાથ ! મોક્ષરૂપ સાધનને સાધી લેવા માટે તમારૂં શિષ્યપણું ગ્રહણ કરવાની ઇચ્છા- "વાળા એવા મને હમણાજ આ દક્ષિણ ભારતવર્ષમાં મનુષ્યપણું પ્રાપ્ત થયું. જે પ્રમા- "દીઓને તમારા ચરણનું દર્શન થતું નથી તેવા સ્વર્ગીઓ સુખી છતાં પણ તેમનામાં અને "નારકી જીવોમાં કાંઇ પણ ભેદ નથી. હે પ્રભુ ! જ્યાં સુધી સૂર્યની જેમ તમારો ઉદય થયો "ન હતો ત્યાં સુધીજ ઘૂવડ પક્ષીની જેમ કુતીર્થીઓ બોલી શકતા હતા. હવે વર્ષાદથી સરો- "વરની જેમ તમારી ધર્મદેશનારૂપ જળવડે આ ભરતાર્દ્ધ થોડા કાળમાં પૂર્ણ ભરાઈ જશે. "હે પરમેશ્વર ! રાજા જેમ શત્રુના દેશને મુક્ત કરી તેનું રાજ્ય તેને આપે તેમ તમે અનંત "પ્રાણીઓને મુક્ત કરીને અચલ સુખ આપશો. હે ભગવન્ ! દેવલોકમાં પણ ભ્રમરાની પેઠે "તમારા ચરણકમળમાં લીન થયેલા ચિત્તવડે મારા દિવસો નિર્ગમન થાઓ."

---

૧ કર એટલે સ્ત્રીપક્ષે હાથ અને પૃથ્વીપક્ષે કર એટલે રાજાનો ગ્રાહ્ય ભાગ.

શક્ર ઈંદ્રે આ પ્રમાણે સ્તુતિ કરીને ઇશાનેંદ્રની પાસેથી પ્રભુને લઇ સુવ્રતાદેવીની પાસે જેમ હતા તેમ મૂકી દીધા. જ્યારે પ્રભુ ગર્ભમાં હતા ત્યારે તેમની માતાને ધર્મ કરવાનો દોહદ થયો હતો, તેથી ભાનુ રાજાએ તેમનું ધર્મ એવું નામ પાડયું. દેવકુમારોની સાથે ક્રીડા કરતા પ્રભુએ શિશુ અવસ્થા નિર્ગમન કરી, અને પિસ્તાળીશ ધનુષ ઊંચી કાયાવાળા પ્રભુ યૌવનવયને પ્રાપ્ત થયા. પછી ચિરકાલથી ઇચ્છેલા માતાપિતાના કૌતુકને પૂર્ણ કરવા તેમજ ભોગ્ય કર્મને ભોગવવા પ્રભુએ પાણિગ્રહણ કર્યું. જન્મથી અઢી લાખ વર્ષ ગયા પછી પિતાના આગ્રહથી પ્રભુએ રાજ્યભાર ગ્રહણ કર્યો. પાંચ લાખ વર્ષ સુધી પૃથ્વીપર રાજ્ય કરીને પછી અવસર પ્રાપ્ત થયેલો જાણીને પ્રભુએ દીક્ષા લેવા વિચાર કર્યો તે જ વખતે 'હે સ્વામી! તીર્થ પ્રવર્ત્તાવો' એમ લોકાંતિક દેવતાઓએ આવીને વિજ્ઞપ્તિ કરી. એટલે પ્રભુએ દીક્ષારૂપ નાંદીના મુખરૂપ વાર્ષિક દાન આપવું શરૂ કર્યું. વર્ષાંતે દેવતાઓએ અભિષેક કરેલા પ્રભુ **નાગદત્તા** નામની શિબિકામાં બેસીને **વપ્રકાંચન** નામે રમણીય ઉદ્યાનમાં પધાર્યા.

એ ઉદ્યાનમાં પ્રિયંગુલતાની મંજરીમાં ભ્રમરાઓ ગુંજારવ કરતા હતા. ઉદ્યાનપાલિકાઓ નાગકેશરનાં પુષ્પનાં આભૂષણો ગુંથવામાં વ્યગ્ર થયેલી હતી. રોહડાના પરાગથી નગરસ્ત્રીનાં મુખ વ્યાપી રહેતાં હતાં. જાણે કામદેવનાં આયુધગૃહ હોય તેવાં ડોલરનાં પુષ્પોથી તે શોભતું હતું. ઉદ્યાનપાલના બાળકો લવલી (ચારોળી) લતાનાં પુષ્પને કાપવામાં વ્યગ્ર થઈ રહ્યા હતા. મચકુંદના મકરંદબિન્દુવડે તેનું ભૂમિતળ આર્દ્ર થઈ રહ્યું હતું. ફુલેલા મરૂચકનાં વૃક્ષોથી જાણે મરકત મણિથી પૃથ્વી બાંધી હોય તેવું દેખાતું હતું. આવી શિશિર ઋતુ સંબંધી લક્ષ્મીમય સુંદર ઉદ્યાનમાં પ્રભુએ પ્રવેશ કર્યો. પછી માઘ માસની શુકલ ત્રયોદશીએ પુષ્ય નક્ષત્રમાં દિવસના પાછલે પહોરે એક હજાર રાજાઓની સાથે છઠ્ઠ તપ કરીને પ્રભુએ દીક્ષા લીધી. બીજે દિવસે સોમનસપુરમાં **ધર્મસિંહ** રાજાના સુંદર ગૃહમાં પ્રભુએ પરમાન્નથી પારણું કર્યું. ત્યાં વસુધારા વિગેરે પાંચ દિવ્ય પ્રગટ થયા, અને ધર્મસિંહ રાજાએ પ્રભુના પગલાની ભૂમિપર રત્નમય પીઠ કરાવી. શરીરમાં પણ અપેક્ષા રહિત એવા જગત્પતિ પવનની જેમ અસ્ખલિતપણે ત્યાંથી પૃથ્વીપર વિહાર કરવાને પ્રવર્ત્યા.

જંબૂદ્વીપના અપર (પશ્ચિમ) વિદેહક્ષેત્રને વિષે અશોકાનગરીમાં **પુરૂષવૃષભ** નામે રાજા હતો. તે તત્ત્વજ્ઞાની અને સાત્વિક રાજાએ સંસારથી વિરક્ત થઈ પ્રજાપાલક મુનિની પાસે દીક્ષા લીધી. દુસ્તપ તપને તપતા એ રાજમુનિ આયુષ પૂર્ણ થયે કાલધર્મ પ્રાપ્ત થતાં મૃત્યુ પામી, સહસ્રાર દેવલોકમાં અઢાર સાગરોપમના આયુષ્યવાળા દેવતા થયા.

તે દેવના આયુષ્યના સોળ સાગરોપમ ગયા પછી પોતનપુર નામના નગરમાં **વિકટ** નામે એક રાજા થયો. હાથી હાથીને જીતી લે તેમ કોઇ **રાજસિંહ** નામના રાજાએ પોતાના પરાક્રમવડે તેને રણભૂમિમાં જીતી લીધો. તે પરાજયથી લજ્જા પામેલા વિકટરાજાએ પોતાના પુત્રને રાજ્ય આપી **અતિભૂતિ** નામના મુનિને ચરણે જઇ વ્રત ગ્રહણ કર્યું. પછી તીવ્ર તપસ્યા કરીને પ્રાંતે તેણે એવું નિયાણું બાંધ્યું કે 'આ તપના મહિમાથી હું ભવાંતરમાં રાજસિંહનો ઉચ્છેદ કરનાર થાઉં.' આ પ્રમાણે નિયાણું કરી કાળયોગે મૃત્યુ પામીને તે બીજા દેવલોકમાં બે સાગરોપમના આયુષ્યવાળો દેવતા થયો.

રાજા રાજસિંહ ચિરકાલ સંસારમાં ભમી આ ભરતક્ષેત્રમાં **હરિપુર** નામના નગરમાં **નિશુંભ** નામે રાજા થયો. પીસ્તાળીશ ધનુષ ઊંચી કાયાવાળો, દશલાખ વર્ષના આયુષ્ય-

વાળો અને ઉગ્રશાસન પ્રવર્ત્તાવનાર કૃષ્ણવર્ણી તે એક લીલામાત્રમાં દક્ષિણ ભરતાર્દ્ધને સાધી લઇને પાંચમો અર્દ્ધચક્રી (પ્રતિવાસુદેવ) કહેવાયો.

તે અવસરે ભરતખંડના **અશ્વપુર** નામે નગરમાં કલ્યાણના એક સ્થાનરૂપ **શિવ** નામે રાજા થયો. તેને **વિજયા** અને **અંમકા** નામે જાણે મૂર્ત્તિમાન્ કીર્તિ અને લક્ષ્મી હોય તેવી બે પ્રિય પત્નીઓ હતી. તેમાંની વિજય રાણીની કુક્ષિમાં પુરૂષવૃષભનો જીવ સહસ્રાર દેવલોકમાંથી ચ્યવી ચાર સ્વપ્નવડે બલભદ્રના જન્મને સૂચવતો આવીને ઉત્પન્ન થયો. ગર્ભકાલ પૂર્ણ થતાં વિજયાદેવીએ જાણે શરીરધારી પોતાના પતિનો ઉજ્જ્વળ યશસમૂહ હોય તેવા પુત્રને જન્મ આપ્યો. શિવરાજાએ શુભ દિવસે મોટા ઉત્સવવડે સારા દર્શનને લીધે તે પુત્રનું **સુદર્શન** એવું નામ પાડયું.

વિકટનો જીવ બીજા દેવલોકમાંથી ચ્યવી સાત સ્વપ્નવડે વાસુદેવના જન્મને સૂચવતો અંમકાના ઉદરમાં ઉત્પન્ન થયો. ગર્ભસમય પૂર્ણ થતાં સરિતા જેમ નીલ કમળને જન્મ આપે તેમ ઈંદ્રનીલમણિ જેવા નીલવર્ણી પૂર્ણ લક્ષણવાળા પુત્રને તેણે જન્મ આપ્યો. આ કુમાર અતિશય પરાક્રમથી પુરૂષોમાં સિંહરૂપ થશે એવું ધારીને રાજાએ તેનું **પુરૂષસિંહ** નામ પાડયું. ધાત્રીજનોએ લાલનપાલન કરેલા તાડ અને ગરૂડના ચિન્હવાળા એ બંને કુમારો પરસ્પર ક્રીડા કરતા અને નીલા તથા પીળા વસ્ત્રને ધારણ કરતા વૃદ્ધિ પામવા લાગ્યા. પોતાની જાતે દાટેલા નિધાનને જેમ જોઇએ ત્યારે પ્રાપ્ત કરાય, તેમ તેઓએ ઉપાધ્યાયને માત્ર સાક્ષી કરીને સર્વ કળાઓ સાવધાનપણે પ્રાપ્ત કરી લીધી. અનુક્રમે સ્વર્ગ અને ભૂમિના જાણે પ્રતિમલ્લ હોય તેવા તે બંને ભાઇઓ કવચ ધારણ કરીને શોભવા લાગ્યા; અને પરસ્પર સ્નેહધારી તેઓ અશ્વિનીકુમારની જેમ સહોદરપણે રહી પિતાની ઉપર અતિ ભક્તિથી તેના પદાતિની જેમ વર્ત્તવા લાગ્યા.

એકદા કોઇ ગર્વિષ્ઠ એવા સીમાડાના રાજાને સાધવા માટે શિવરાજાએ દિવ્ય અસ્ત્રની જેમ સુદર્શન બલભદ્રને મોકલ્યા. સ્નેહને લીધે તેમના બંધુ પુરૂષસિંહ વાસુદેવ પણ કેટલાક પ્રયાણ કરતા તેમની પછવાડે ગયા. **પ્રેમનો બંધ વજ્રલેપને અનુસરતો છે.** પણ બલભદ્રે મોટા પ્રયત્નથી વાસુદેવને સાથે આવતા રોકયા, એટલે યૂથમાંથી ભ્રષ્ટ થયેલા હસ્તીની જેમ તે રસ્તામાંજ રહ્યા. વિવિધ વિનોદથી ભ્રાતાના વિયોગનું દુઃખ સહન કરી વાસુદેવ ત્યાં રહ્યા હતા, તેવામાં પિતા તરફથી એક પુરુષ ત્યાં આવ્યો. અને તેણે પિતાનો લેખ તેમને આપ્યો, એટલે વાસુદેવે તે લેખ મસ્તક પર ધારણ કર્યો. તેમાં 'હે વત્સ! સત્વર અહીં આવ' એવા અક્ષરો જોવામાં આવ્યા. તરત સંભ્રમપણે લેખહાર પુરુષને પૂછયું–'હે દૂત! અમારી બંને માતા અને પિતાશ્રી કુશલ છે? અને મને સત્વર બોલાવવાનું કારણ શું છે?' દૂતે કહ્યું–'આપના પિતાના શરીરમાં મોટો દાહજ્વર ઉત્પન્ન થયો છે, તેથી તમને સત્વર બોલાવે છે.' પિતાના દાહજ્વરની ખબર સાંભળવાથી જાણે સાત કટકા થાય તેવો ઘા વાગ્યો હોય તેમ વાસુદેવ વિધુર થઈ ગયા, અને ત્યાંથી ચાલી નીકળ્યા. **સત્પુરૂષોને સ્વજનપીડા કરતાં વધારે બીજું દુઃખ હોતું નથી.**

બીજેજ દિવસે પોતાની નગરીમાં આવી પહોંચ્યા. **'જાતિવંતને તેવું દુઃખ માર્ગમાં દાવાનળ જેવું થઇ પડે છે.'** વાસુદેવે જ્વરાર્ત્ત પિતાએ આશ્રિત એવા ઘરમાં પ્રવેશ કર્યો. તે વખતે ત્યાં ચોળતા, બંડાતા, ઉકળાતા અને શોધાતા વિવિધ ઔષધોમાં દાસજનો

વ્યગ્ર હતા, રસવીર્યના વિપાકને જાણનાર અને ઔષધનું બલાબલ વિચારનારા ચતુર વૈદ્યો પિતાની આસપાસ બેઠેલા હતા, અંગરક્ષકો હાથની સંજ્ઞાથી ઘોંઘાટને અટકાવતા હતા અને દ્વારપાળો ભ્રકુટીની સંજ્ઞાથી વૈદ્ય લોકોને દૂર બેસવાનું સૂચવતા હતા. આવા ગૃહમાં પ્રવેશ કરી પિતાનું જાણે દુઃખ લેતા હોય તેમ વાસુદેવ તેમના દુઃખથી દુઃખી થઇ ગયા. પછી બે હાથવડે ચરણસ્પર્શ કરીને પિતાને પ્રણામ કર્યો, અને નેત્રમાં અશ્રુ આવવાથી જાણે પિતાને ભક્તિથી સ્નાન કરાવતા હોય તેમ દેખાવા લાગ્યા. પુત્રના કરસ્પર્શથી શિવરાજાને જરા આશ્વાસન મળ્યું. **ઈષ્ટના દર્શનથી સુખ થાય છે, તો સ્પર્શથી થાય તેમાં શું આશ્ચર્ય!** પછી શિવરાજા વારંવાર કરવડે પુત્રનો સ્પર્શ કરવા લાગ્યા, અને તેથી જાણે શીતળતા થઈ હોય તેમ અધિક રોમાંચવાળા થયા. થોડીવારે રાજાએ પૂછ્યું 'હે વત્સ! દાવાનળથી વૃક્ષની જેમ તમારૂં ઉદર દુર્બળ કેમ થઈ ગયું છે અને અધરપલ્લવ ફીકા કેમ પડયાછે?' તે વખતે વાસુદેવનો અનુચર બોલ્યો–"હે દેવ! આપની આવી દારૂણ દશા સાંભળી પૂરા વેગથી તમને જોવાને માટે ચાલ્યા અને હસ્તી જેમ વિંધ્યાચળનું સ્મરણ કરતો ઉતાવળો ચાલે તેમ તમારૂં સ્મરણ કરતા તેઓ ભક્તિવડે ભોજન અને જળ છોડી દઇને માત્ર બે દિવસમાં અહીં આવ્યા છે." આ પ્રમાણે સાંભળી દ્વિગુણ દુઃખ પામી રાજા બોલ્યા–વત્સ! ફોલ્લાપર ફોલ્લાની જેમ તમે આવો બીજો અનર્થ કેમ કર્યો? માટે સત્વર પરિવાર સહિત ભોજનનો અવસર સાચવો. સર્વ અર્થને સાધનારી કાયા ભોજનવડેજ ચાલે છે;' પિતાની વારંવાર આવી આગ્રહયુકત આજ્ઞા થવાથી મદવાળા દંતીની જેમ તેણે દુઃખ સહિત કાંઈક ભોજન કર્યું, પરંતુ શ્રીખંડ પણ લીધા વગર અને બીજાં વસ્ત્ર પહેર્યાં વગર દુઃખવડે તપ્તસ્થળમાં રહેલા નકુલ (નોળ) ના જેવી સ્થિતિ ભોગવતાં માત્ર ભોજન કરીનેજ દીન થઈ ગયેલા સર્વ પરિવારને સાથે લઈ પોતાના વાસગૃહમાંથી પગે ચાલી પિતાના વાસગૃહ પાસે આવ્યા. જ્યારે તેમાં પ્રવેશ કરતા હતા, તેવામાં માતાના દ્વારપાળોએ આગળ આવી રૂદન કરતાં કરતાં કરૂણ સ્વરથી વિજ્ઞપ્તિ કરી કે 'હે કુમાર! રક્ષણ કરો, રક્ષણ કરો, હજી મહારાજા જીવતાં છતાં દેવી નઠારો વ્યવસાય કરે છે.' તે સાંભળી વાસુદેવ સંભ્રમ પામી માતૃગૃહમાં આવ્યા; ત્યાં માતાને નીચે પ્રમાણે વચનો બોલતાં જોયા.

"પતિના પ્રસાદથી મોટા રત્નરાશિ, અનંત સુવર્ણ, રૂપાના સંચય, મોતી, હીરા, જાતિવાન રત્નોથી જડિત એવા હજારો પોશાક અને તે શિવાય જે સર્વ ખજાનો મેળવેલો છે તે સર્વ સાત ક્ષેત્રમાં અર્પણ કરો; કારણકે મહા માર્ગે પ્રયાણ કરનારને એ મુખ્ય પાથેય છે. પતિના મરણ પામ્યા પછી હું જરાવાર પણ વૈધવ્યને સહન કરી શકું તેમ નથી તેથી હું તેમની આગળજ જવા ઇચ્છું છું, માટે હે સેવકો! તમે સત્વર અગ્નિ સજ્જ કરો." આ પ્રમાણે મહા દુઃખ ઉત્પન્ન કરનારા શબ્દો માતા બોલતા હતા; તેની પાસે જઇને વાસુદેવે ગદ્‌ગદ સ્વરે કહ્યું–"અરે! માતા! માતા! શું તમે પણ આ મંદ ભાગ્યવાળા પુત્રને છોડી દેશો? આહા! મારૂં ભાગ્ય કેવું વિપરીત કે દેવીએ પણ આમ કરવા માંડયું!" અમ્મામાતા બોલ્યા–"અરે પુત્ર! તારા પિતાના રોગની મેં બરાબર પરીક્ષા કરી છે, તે રોગ અવશ્ય તારા પિતાના પ્રાણ લેવાને આવ્યો છે, અને 'વિધવા' એવા અક્ષરને સાંભળવાને હું ક્ષણવાર પણ સમર્થ નથી, તેથી તારા પિતાની આગળ કસુંબાના વસ્ત્ર ઓઢીને હું તો ચાલી જઈશ. વળી મહારાજા શિવરાજાની પત્ની થઇને તથા તારા જેવા પાંચમા વાસુદેવરૂપ પુત્રને જન્મ આપીને મારો જન્મ કૃતાર્થ થયો છે. તેમજ જ્યારે પતિનું મૃત્યુ

થશે, ત્યારે મારા પ્રાણ પોતાની મેળે ચાલ્યા જશે, તો હું તેમ ન થવા દેતાં અગાઉથીજ અગ્નિમાં પ્રવેશ કરીને તેનો ત્યાગ કરૂં, જેથી મારા સત્વની હીનતા ન કહેવાય. માટે હે વત્સ! ક્ષત્રિય જાતિના કુલાચારને આચરણ કરતી એવી મને આ કાર્યમાં વાત્સલ્યપણાથી પણ તું અંતરાય કરીશ નહીં. હે પુત્ર! મારી આશિષથી સુદર્શન બંધુની સાથે તું આનંદ પામીશ. હું હવે અગ્નિમાર્ગે પતિની આગળ જઇશ, માટે હું તને એક છેલ્લી પ્રાર્થના કરૂં છું કે આ વિધિમાં નિષેધ કરે તેવું તારે કાંઇ પણ હવે કહેવું નહીં." આ પ્રમાણે કહી સ્વામીના મૃત્યુખબર સાંભળવાને કાયર એવા અંબાદેવી પરલોકરૂપ નગરના દ્વારરૂપ અગ્નિમાં પ્રવેશ કરવાને ત્યાંથી ગયા.

ઉપરાઉપર પડતા દુઃખવડે જેનું અંગ શિથિલ થઈ ગયું છે એવ વાસુદેવ ત્યાંથી સરખી ભૂમિમાં પણ પગલે પગલે સ્ખલના પામતા પિતાની પાસે આવ્યા. પોતાની માતાને સંભારતા અને પિતાને આતુર જોતા વાસુદેવ દુઃખને સહન ન કરી શકવાથી પોતાના આત્માને નપુંસક જેવો માની પૃથ્વીપર ઢળી પડયા. પુત્રની આવી સ્થિતિ જોઇને શિવરાજા દાહજ્વરથી પીડીત હતા તોપણ ધૈર્ય ધરીને બોલ્યા–"હે વત્સ! આપણા કુળને અનુચિત એવી કાયરતા તમે કેમ ધરોછો? હે વત્સ! આ પૃથ્વી તમારી ભુજાના આધારવાળી છે, તો ધૈર્ય છોડીને તેનાપર પડતાં તમને લજ્જા કેમ આવતી નથી? હે પુત્ર! તું જ્યારે ધૈર્યને છોડી દઇશ ત્યારે તારૂં 'પુરૂષસિંહ' એવું નામ પાડનારા મારામાં અજ્ઞાનકરીપણું પ્રાપ્ત થશે." આ પ્રમાણે આશ્વાસન આપી પવિત્ર હૃદયવાળા શિવરાજા કાળધર્મ પામી ગયા. **કાળને જીતવાને કોણ સમર્થ છે?** પિતાના મરણના ખબર સાંભળવાથી વાયુથી વૃક્ષની જેમ અને વાયુરોગીની જેમ તેના શોકવડે વાસુદેવ ફરીને પૃથ્વી પર ઢળી પડયા. થોડીકવારે જલકુંભવડે જળ છાંટતાં તેમણે સંજ્ઞા પ્રાપ્ત કરી. 'હે તાત! હે તાત!' એમ આક્રંદ કરતા બેઠા થયા, અને બોલવા લાગ્યા–"હે પિતા! આ તમારૂં શરીર આજે ઉષ્ણ જણાતું નથી, તે કયા ઔષધનો ગુણ છે? તમને કયા વૈદ્યની પ્રતીતિ થઇ છે? અથવા આજે કેમ સુખનિદ્રા કરી છે? તે પ્રસાદ કરીને મને કહો." આ પ્રમાણે સ્નેહમાં મોહિતપણાથી કહી કહીને વાસુદેવે વિલાપ કરવા માંડયો. પછી ગોત્રવૃદ્ધ પુરુષોના સમજાવવાથી ધૈર્ય ધરી વાસુદેવે અગર ચંદનના કાષ્ઠવડે પિતાના અંગને અગ્નિસંસ્કાર કર્યો. પછી જલાંજલિ આપવા વિગેરે ઉત્તરક્રિયા કરી સભામાં આવીને બલભદ્ર ઉપર પિતાના મૃત્યુને સૂચવનારો પત્ર લખી મોકલાવ્યો. તે લેખ વાંચી ગર્વિષ્ટ એવા સીમાડાના રાજાને સાધી બલભદ્ર દુઃખી થઈને સત્વર ત્યાંથી ચાલી નીકળ્યા. પોતાને નગરે આવી બંને ભાઇઓ પરસ્પર કંઠે વળગી છુટે કંઠે રૂદન કરતા સર્વ સભાને પણ રોવરાવવા લાગ્યા. પછી આપ્ત જનોએ બોધ કરવાથી તેઓ માંડમાંડ ધૈર્ય પામ્યા, અને ધીમે ધીમે પિતાના સ્નેહને ભૂલવા લાગ્યા. તો પણ ઉભા રહેતાં, ચાલતાં બોલતાં, અને મૌન ધરતાં તેઓ પોતાની દૃષ્ટિની આગળ ધ્યેય વસ્તુની પેઠે પિતાનેજ જોતા હતા.

આ પ્રમાણે તેઓ પિતાના શોકથી આકુલવ્યાકુલ રહેતા હતા, તેવામાં ત્યાં નિશુંભ પ્રતિવાસુદેવનો દૂત આવ્યો. દ્વારપાળે પ્રથમ ખબર કરી અને આજ્ઞા મેળવીને પ્રવેશ કરાવ્યો. એટલે તે દૂતે નમસ્કાર કરી બલદેવ અને વાસુદેવને કહ્યું–"શિવરાજાનો સ્વર્ગવાસ લોકોના મુખથી સાંભળીને તમારા સ્વામી નિશુંભને ઘણો શોક થયો છે. તેથી તમારા પિતાની ભક્તિ સંભારીને એ કૃતજ્ઞ શિરોમણિ મહારાજાએ આ પ્રમાણે સંદેશો કહેવાને મને તમારી પાસે મોકલ્યો છે કે–અદ્યાપિ તમે બંને બાલક છો, શત્રુના

પરાભવનું સ્થાન છો અને મેં અર્પણ કરેલું તમારા પિતાનું પદ મોટું છે માટે તમે મારી પાસે આવીને નિરૂપદ્રવપણે રહો. કેમકે નદીમાં રહેલાને દાવાનળ શું કરી શકે તેમ છે? વળી ઘણા લાંબા કાળ પર્યંત કરેલી તમારા પિતાની ભક્તિના ઋણમાંથી મુક્ત થવાને ઇચ્છતા એવા મારે તમને લઘુ છતાં મોટા કરવા છે.” આવો દૂતનો સંદેશો સાંભળીને તેમને અત્યંત કોપ ઉત્પન્ન થયો અને શોક નિવૃત્ત થઇ ગયો; કારણકે બલવાન્ રસ પણ બીજા રસથી બાધ પામી જાય છે. પછી ભ્રકુટી ચડાવી, લલાટ પર વિકૃતિ બતાવી, સિંહ જેવા પુરૂષસિંહે ક્રોધ લાવીને કહ્યું– “ઇક્ષ્વાકુ-વંશમાં ચંદ્ર સમાન અને સર્વ વિશ્વના ઉપકારી એવા અમારા પિતાના મૃત્યુથી કોણ શોકનું સ્થાન થયું નથી? બીજા રાજાઓએ શોક કર્યો છે અને નિશુંભે પણ શોક કર્યો છે પણ તે નિશુંભ આવો સંદેશો ન મોકલાવે તો તેથી તેની પિશુનતા થાય. સિંહના બાળકને કોણ દેશ આપે છે? કોણ તેને ઉછેરે છે? અને તેનો પરાભવ કોનાથી થાય છે? અત્યારે અમારી પાસે આ પ્રમાણે બોલતો તે કેમ લજ્જા પામતો નથી? આમપણાના મિષથી તે ખરેખર અમારો અપમાન કરનાર શત્રુ છે. કદિ તારો સ્વામી અમારો મિત્ર હો, અમિત્ર હો કે ભલે ઉદાસી હો, અમે તેમાં નિરપેક્ષ છીએ; કારણકે ભુજપરાક્રમી વીરોને પોતાની ભુજાનીજ અપેક્ષા છે.” આવાં કુમારનાં વચનો સાંભળી દૂત બોલ્યો–“તે પિતા સમાન અમારા સ્વામીને શત્રુરૂપ માનતા એવા તમે પોતાના કલ્યાણમાં અકલ્યાણની ઇચ્છા કરી તમારૂં બાલકપણું સ્પષ્ટ રીતે બતાવો છો. અરે કુમાર! હજુ તમે રાજનીતિ જાણતા નથી. શા માટે હાથે કરી ઉદર ચોળીને શૂળ ઉત્પન્ન કરો છો? હું તમારાં વચનો મારા સ્વામીને કહીશ નહીં. હજુ મારૂં વચન માનો અને તેના પ્રસાદથી બંધુ સહિત તમારૂં ક્ષેમકુશળ લાંબા કાળ સુધી થાઓ; નહીં તો થોડા સમયમાં એ તમારો શત્રુ થશે, અને જ્યારે યમરાજની પેઠે તે રોષ કરશે, ત્યારે તમારે જીવિતમાં પણ સંશય થઇ પડશે.” આવાં દૂતનાં વચનોથી વાસુદેવને વિશેષ ક્રોધ ઉત્પન્ન થયો અને કહ્યું–“અરે દૂત! તું પોતાના જીવિતમાં પણ અપેક્ષા રહિત એવો ખરેખરો દૂત છે. વાણીના પ્રપંચમાં ચતુર એવા તારી જેવા દૂતની વાણી માત્ર ફણાટોપ કરનારા નિર્વિષ સર્પની જેમ બીકણ રાજાઓને બીવરાવે છે. અરે દૂત! જા, મારાં કહેલાં વચનો ગોપવીશ નહીં, બધાં તારા સ્વામીને કહેજે; તે કદિ અમારો શત્રુ થશે તો અમોએ તેને વધ્યકોટીમાં પરિપૂર્ણ રીતે ગણી લીધેલોજ છે.”

આવાં વાસુદેવનાં વચનથી દૂત ત્યાંથી ઉલો થયો, અને વેગથી નિશુંભની પાસે આવી તે સર્વ યથાર્થ કહ્યું. તે સાંભળી શત્રુને વિનાશ કરનાર નિશુંભને ઘણો ક્રોધ ચડ્યો. તત્કાળ સેનાવડે પૃથ્વીને આચ્છાદન કરતો તે અશ્વપુર ઉપર ચડી આવ્યો નિશુંભને આવેલો સાંભળી શત્રુનો વિજય કરનાર વાસુદેવ પોતાના જ્યેષ્ઠ બંધુને સાથે લઇ સદ્ય સર્વ સૈન્ય સહિત સામા ચાલ્યા. પરસ્પર મથન કરવાને ઉદ્યત થયેલા નિશુંભ અને પુરૂષસિંહ હાથીની જેમ અર્દ્ધ માર્ગે એકઠા થયા. બંનેના સૈનિકો ભૂમિ અને આકાશને ક્ષોભ કરતા, સિંહ-નાદ, ધનુષ્યના ટંકાર તથા હાંથોનું આસ્ફાલન કરતા પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. પોતાના શરીરની રક્ષા કરવામાં અપેક્ષા રહિત એવી બન્ને અક્ષૌહિણી (સેના)નો ક્ષય પ્રલય કાળની પેઠે ક્ષણવારમાં થઇ ગયો; પછી બલભદ્ર જેની પાછળ છે એવા વાસુદેવે રથમાં બેસીને પવનવડે અગ્નિની જેમ પાંચજન્ય નામનો શંખ પૂર્યો. પડતા વજ્રના ઘોર શબ્દની જેવા તે શંખના મોટા નાદથી શત્રુનું સર્વ સૈન્ય ક્ષોભ પામી પડી ગયું. તે વખતે ‘અરે પોતાના

આત્માને સુભટ માનનારા વાસુદેવ ! ઉભો રહે, ઉભો રહે,' આ પ્રમાણે કહેતો મહારથી પ્રતિવાસુદેવ વાસુદેવની સાથે યુદ્ધ કરવા આવ્યો. બંને વીરો કોપથી પોતાની ભ્રકુટી ચડાવી ભય પમાડતા પોતપોતાના ધનુષ્યનું આસ્ફાલન કરવા લાગ્યા. પછી મેઘ જેમ જળધારાની વૃષ્ટિ કરે તેમ બંને વીરો બાણવૃષ્ટિ કરીને સિંહનાદવડે મૃગલીને ત્રાસ ઉપજે તેમ ખેચરની સ્ત્રીઓને ત્રાસ પમાડવા લાગ્યા. આંતરા રહિત પડતા એવા તેમના બાણસમૂહથી રણભૂમિ બરૂના વૃક્ષથી છવાયેલા સમુદ્રના વિલાસને ધારણ કરવા લાગી. યુદ્ધરૂપી સાગરમાં તિમિંગલ રૂપ એ વીરો કરમુક્ત, યંત્રમુક્ત અને મુક્તામુક્ત એવા આયુદ્ધવડે યુદ્ધ કરવા લાગ્યા. તે સમયે નિશુંભે જાજવલ્યમાન જવાળારૂપ જિહવાવાળું અને તીક્ષ્ણ ધારાવડે વિકરાળ એવું પોતાનું ચક્ર ઈંદ્ર જેમ વજ્રને સંભારે તેમ સંભાર્યું. સ્મરણ કરતાંજ પ્રાપ્ત થયેલા તે ચક્રને અંગુલિથી આકાશમાં ભમાડતો નિશુંભ ક્ષોભ પમાડે તેવું વચન ગર્વથી બોલ્યો –"અરે કુમાર ! તું અનુકંપા કરવા યોગ્ય છે અને બાળક છે, તેથી અહીંથી નાસી જતાં તને શી લજ્જા છે ? માટે ચાલ્યો જા, અથવા મારી સેવા કર. શું તને એક પ્રવાન પણ સારો વિચાર આપનાર નથી ? આ ચક્ર મૂકવાથી હું પર્વતોને પણ ફાડી નાખું તો નવીન કુષ્માંડની[1] જેવા કોમળ શરીરવાળા તારી તો શી વાત કરવી ?"

આવાં વચન સાંભળી પુરૂષસિંહ કુમારે કહ્યુ–"હવે અતિ ગર્વવાળા એવા તારૂં અને ચક્રનું વીર્ય જોવાનું બાકીમાં છે, બીજા અસ્ત્રોથી તેં શું કર્યું છે ? અત્યારે મેઘ જેમ ઇંદ્રધનુષ્યને ધારણ કરે તેમ તેં આ ચક્રને ધારણ કરેલું છે, પણ હે મૂઢ ! તે મને શું કરવાનું છે ? તેને છોડ, હું તેનું પણ અમોઘપણું જોઉં." આવાં વાસુદેવનાં કઠોર વચનો સાંભળી નિશુંભે તેને મારવાની ઈચ્છાથી સર્વ બલવડે ચક્ર મૂકયું. તે ચક્ર પોતાના અગ્ર ભાગવડે વાસુદેવના હૃદયમાં વેગથી અથડાઈ વિંધ્યાદ્રિના તટમાં મોટા ગજની જેમ નિષ્ફળ થઈ ગયું. તેના આઘાતથી વાસુદેવ નેત્ર મીંચી મૂર્છા પામીને પડી ગયા. બલભદ્રે ગોશીર્ષ ચંદનથી સિંચન કર્યું, એટલે થોડીવારમાં પાછા ઉઠી, સંજ્ઞા પ્રાપ્ત કરીને હાથવડે તેજ ચક્ર લઈ 'અરે ઉભો ન રહે, જતો રહે, જતો રહે,' એમ નિશુંભને કહેવા લાગ્યા; પણ સામેથી 'છોડ, છોડ,' એમ વચનો આવતાં વાસુદેવે ચક્ર છોડયું, અને પ્રતિવાસુદેવ નિશુંભનું મસ્તક તે પાંચમા વાસુદેવે તે ચક્રવડે છેદી નાખ્યું. તત્કાલ પરાક્રમીઓમાં મુગટ રૂપ એ વાસુદેવના ઉપર જયલક્ષ્મીના હાસ્ય જેવી આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઇ. પછી તેજ પ્રયાણે કરીને વાસુદેવે ભરતાર્દ્ધને સાધી લીધું. **મહાત્માઓનો વ્યવસાય સહસા રીતેજ ફળે છે.** દિગ્યાત્રા કરીને પાછા ફરતાં વાસુદેવ મગધદેશમાં આવ્યા. ત્યાં એક લીલામાત્રમાં મૃત્તિકાના પાત્રની જેમ ભુજવડે કોટી શિલાને ધારણ કરી ત્યાંથી અશ્રવસૌન્યવડે પૃથ્વીને આચ્છાદન કરતા અશ્રવપુર આવ્યા; અને સ્થાને સ્થાને નગરસ્ત્રીઓથી પૂજાતા વાસુદેવે પુરમાં પ્રવેશ કર્યો. ત્યાં બલભદ્રે અને બીજા ભક્તિવાળા રાજાઓએ વાસુદેવને અર્દ્ધચક્રીપણાનો અભિષેક કર્યો.

તે સમયમાં **ધર્મનાથ** પ્રભુ બે વર્ષ સુધી છદ્મસ્થપણે વિહાર કરી ફરતાં ફરતાં જ્યાં દીક્ષા લીધી હતી તે પ્રકાંચન નામના ઉપવનમાં આવ્યા. ત્યાં દધિપર્ણ વૃક્ષની નીચે ધ્યાન કરતા પ્રભુને પોષમાસની પૂર્ણિમાને દિવસે પુષ્યનક્ષત્રમાં ચંદ્ર આવતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તરતજ તે સ્થાનકે દેવતાએ રચેલા સમવસરણમાં પ્રભુએ દેશના આપી, અને **અરિષ્ટ** વિગેરે તેંતાળીશ ગણધરો કર્યા. તેમના શાસનમાં ત્રણ મુખવાળો, કાચબાના

---

૧ કુષ્માંડ–કોળાનું ફળ

વાહનવાળો, દક્ષિણ ભુજાઓમાં બીજોરૂં, ગદા અને અભયને તથા વામ ભુજાઓમાં નકુળ, પદ્મ અને અક્ષમાળાને ધરનારો રક્તવર્ણો અને તેજસ્વી કિંનર નામનો યક્ષ શાસનદેવતા થયો; અને ગૌર અંગવાળી, મત્સ્યના વાહનવાળી, બે દક્ષિણ ભુજામાં ઉત્પળ અને અંકુશ તથા બે વામ ભુજામાં પદ્મ અને અભયને ધરનારી કંદર્પા નામે યક્ષણી શાસનદેવી થઈ. એ બંને નિરંતર પ્રભુની પાસે રહેવા લાગ્યા. આ બંને શાસનદેવતાથી સેવાતા ધર્મનાથ પ્રભુ પૃથ્વીપર વિહાર કરતા અનુક્રમે અશ્વપુરે આવ્યા. તત્કાળ ઈંદ્રાદિક દેવતાઓએ જેમાં પાંચસો ને ચાળીશ ધનુષ ઊંચું અશોક વૃક્ષ છે એવું સમવસરણ રચ્યું. પ્રભુએ તેમાં પ્રવેશ કરીને ચૈત્ય વૃક્ષને પ્રદક્ષિણા કરી, અને તીર્થને નમન કરીને પૂર્વ સિંહાસનપર બેઠા. બીજી ત્રણ દિશાઓમાં વ્યંતર દેવતાઓએ પ્રભુની જેવાંજ ત્રણ પ્રતિબિંબો રત્નસિંહાસનપર વિકુર્વ્યાં. પ્રભુની પર્ષદામાં ચતુર્વિધ સંઘ પહેલા વપ્રમાં યોગ્ય સ્થાને બેઠો, બીજા વપ્રમાં તિર્યંચો રહ્યા, અને ત્રીજા વપ્રમાં વાહનો ગોઠવાયાં.

તત્કાળ સેવકપુરૂષોએ આવીને પ્રફુલ્લિત નેત્રે પ્રભુ સમોસર્યાના સમાચાર પુરૂષસિંહ વાસુદેવને કહ્યા. તેમને સાડાબાર કોટી રૂપીયા ઈનામમાં આપી પુરુષસિંહ વાસુદેવ સુદર્શન બળદેવ સહિત સમોસરણમાં આવ્યા. ત્યાં પ્રભુને ભક્તિ પૂર્વક પ્રદક્ષિણા અને નમસ્કાર કરીને વાસુદેવ જ્યેષ્ઠ બંધુ સાથે ઈંદ્રની પછવાડે બેઠા. પછી ઇંદ્ર, વાસુદેવ અને સુદર્શન ફરીવાર સ્વામીને નમી પ્રભુની ભક્તિથી અસંતુષ્ટ હોય તેમ હર્ષથી સ્તુતિ કરવા લાગ્યા.

" જગતના નેત્રરૂપ, ચકોર પક્ષીને આનંદ આપવામાં ચંદ્રરૂપ અને મિથ્યાત્વ રૂપ
" અંધકારને દૂર કરવામાં સૂર્ય રૂપ એવા હે જગત્પતિ ધર્મનાથ! તમે વિજય પામો. હે
" નાથ! તમે છદ્મસ્થપણે ચિરકાળ રહ્યા તે છતાં છદ્મ (કપટ) રહિત છો, અને અનંત
" દર્શન છતાં અનેક દર્શનને બાધ કરનારા છો. તમારી દેશના રૂપ જળના પૂરથી જેમનો
" આત્મા પ્લાવિત થયેલો છે તે પ્રાણીઓની કર્મની મલીનતા તત્કાળ ધોવાઇ જાય છે. તેવી
" રીતે તમારા ચરણમૂળની છાયાથી પ્રાણીઓના સંતાપ શમી જાય છે, તેથી રીતે મેઘ
" અને વૃક્ષની છાયામાં પણ સંતાપ શમતો નથી. હે પ્રભુ! તમારા દર્શન કરવાથી થયેલા
" નિઃસ્પંદ શરીરવાળાં પ્રાણીઓ જાણે કોતરેલી પુતળીઓ હોય તેવા જણાય છે. હે
" જગદ્બંધુ! આ ત્રણ જગત્ સ્વભાવાદિની કેટલીક વિરૂદ્ધતાથી જુદું જુદું છે, પણ આજે
" તમારા પ્રભાવથી એકત્ર મળી જઇને બંધુરૂપે થઇ ગયેલું છે. આ ત્રિખંડ ભરતક્ષેત્રના
" મૂળ સ્થાનના દેવતા રૂપ હે પ્રભુ! જેમને બીજું કોઈ શરણ નથી એવા અમારી તમે
" રક્ષા કરો. હે જગત્પતિ! અમે તમને વારંવાર પ્રાર્થીએ છીએ કે હમેશાં તમારા ચરણ-
" કમળમાં અમારૂં મન ભ્રમરની ચેષ્ટા કરો."

આ પ્રમાણે સ્તુતિ કરીને ઇંદ્ર, વાસુદેવ અને બલભદ્ર વિરામ પામ્યા પછી ભગવાન્ ધર્મનાથ પ્રભુએ આ પ્રમાણે ધર્મદેશના આપી.

" ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્વર્ગમાં મોક્ષ વર્ગ અગ્રણી છે. તેનો યોગ
" કરાવનાર કારણ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ રત્ન છે. તત્ત્વને અનુસરનારી મતિ
" તે જ્ઞાન, સમ્યક્ પ્રકારની શ્રદ્ધા તે દર્શન અને સર્વ સાવદ્ય યોગનો ત્યાગ તે ચારિત્ર
" કહેવાય છે. પ્રાણીનો આત્માજ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ છે, અથવા તદાત્મકપણેજ
" તે શરીરમાં રહેલો છે; મોહના ત્યાગ થકી જે પોતાના આત્માવડે આત્માને વિષે આ-
" ત્માને જાણે છે તેજ તેના જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. આત્માને અજ્ઞાનપણાથી ઉત્પન્ન

" થયેલ દુઃખ આત્મજ્ઞાનવડેજ હણાય છે. જે આત્મજ્ઞાનથી રહિત છે તે તપ કરવા-
" વડે પણ અજ્ઞાનજનિત દુઃખને છેદી શકતો નથી. આ આત્મા ચૈતન્ય (જ્ઞાન) રૂપ છે પણ
" કર્મના યોગથી શરીરધારી થાય છે, અને જ્યારે ધ્યાનરૂપી અગ્નિથી કર્મ માત્ર દગ્ધ
" થઈ જાય છે ત્યારે તે નિરંજન સિદ્ધાત્મા બને છે. કષાય અને ઇંદ્રિયોથી જીતાયેલો
" આ આત્મા જ સંસાર છે, અને કષાય અને ઇંદ્રિયોને જીતનારો આત્મા જ મોક્ષ છે–એ
" પ્રમાણે વિદ્વાનો કહે છે. તે કષાયો ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર પ્રકારે છે;
" અને તે પ્રત્યેકના સંજ્વલન વિગેરે[1] ચાર ચાર ભેદ છે. તેમાં સંજ્વલન એક પક્ષ સુધી,
" પ્રત્યાખ્યાન ચાર માસ સુધી, અપ્રત્યાખ્યાન વર્ષ સુધી અને અનંતાનુબંધી આખા
" જન્મ સુધી સ્થિતિ કરે છે. તે અનુક્રમે વિતરાગપણું, મુનિપણું, શ્રાવકપણું અને સમ્યગ-
" દૃષ્ટિપણું હણે છે, અને દેવપણું, મનુષ્યપણું, તીર્યંચપણું અને નારકીપણું આપે છે.

તેમાં ક્રોધ નામે કષાય ઉપતાપ કરનાર, વૈરનું કારણ, દુર્ગતિને આપનાર અને
" શમતાસુખને અટકાવનાર ભોગળરૂપ છે. તે ઉત્પન્ન થતાં જ અગ્નિની પેઠે પ્રથમ પોતાના
" આશ્રયને તો બાળે જ છે, પછી બીજાને બાળે છે કિંવા નથી પણ બાળતો. આઠ વર્ષે
" ઉન પૂર્વકોટી વર્ષો પર્યંત ચારિત્ર અને તપ કરેલું હોય તો તેને પણ ક્રોધરૂપી અગ્નિ
" ક્ષણવારમાં દહન કરી નાખે છે. પૂર્વના પુણ્યસંભારથી સંચય કરેલું શમતારૂપ પય ક્રોધ-
" રૂપ વિષના સંપર્કથી તત્કાળ અસેવ્ય થઈ જાય છે. વિચિત્ર ગુણને ધારણ કરનારી,
" ચારિત્રરૂપ ચિત્રની રચના (ચિત્રશાળી) ને ક્રોધરૂપ ધૂમાડો પ્રસરીને અત્યંત મલીન કરી
" નાખે છે. વૈરાગ્યરૂપી શમીપત્રના પડીઆમાં જે શમતાનો રસ મેળવ્યો હોય તે શાક-
" પત્રના પડીઆમાંથી આવા ક્રોધ વડે તે રસ કેમ ઢળી ન જાય? વૃદ્ધિ પામેલો ક્રોધ
" શું શું અકાર્ય નથી કરતો? આગામી કાળે દ્વૈપાયનના ક્રોધરૂપ અગ્નિમાં મોટી દ્વારકા-
" નગરી સમિધરૂપ થઇ જશે. ક્રોધ કરનારને ક્રોધ કરવાથી કાર્યસિદ્ધિ થતી જોવામાં આવે
" છે, તે ક્રોધ સાથે સંબંધ ધરાવતી નથી. અર્થાત્ તે ક્રોધના ફળરૂપ નથી પણ જન્માંતરે
" મેળવેલા તેના સારા કર્મનું ફળ છે. જે પ્રાણીઓ આ લોકના અને પરલોકના તથા
" સ્વાર્થના અને પરાર્થના નાશને કરનારા ક્રોધને પોતાના શરીરમાં ધારણ કરે છે તેમને
" વારંવાર ધિક્કાર છે! ક્રોધાંધ પુરૂષો પિતાને, માતાને, ગુરૂને સુહૃદ (મિત્ર) ને, સહોદરને
" અને સ્ત્રીને તેમજ પોતાના આત્માને પણ નિર્દય થઈ ને હણી નાખે છે. આવા ક્રોધરૂપ
" અગ્નિને સત્વર બુઝાવવાને માટે ઉત્તમ પુરૂષોએ સંયમરૂપ આરામને વિષે નીકરૂપ એક
" ક્ષમાનો જ આશ્રય કરવો. અપકાર કરનાર પુરૂષની ઉપર થયેલો ક્રોધ બીજી રીતે રોકી
" શકાતો નથી, પણ સત્ત્વના માહાત્મ્યવડે રોકી શકાય છે અથવા આવી ભાવના રાખે
" તો તેના વડે રોકી શકાય છે કે–જે પોતે પાપને અંગીકાર કરી આપણને બાધા કર-
" વાની ઇચ્છા કરે છે તે પોતાના કર્મથી હણાઈ ગયો છે તો તેની ઉપર કયો મૂર્ખ જન
" પણ કોપ કરે? જો તારો એવો આશય હોય કે 'જે મારા અપકારી છે તેની ઉપર તો
" હું કોપ કરીશ' તો તને નિરંતર દુઃખ આપવામાં ખરેખરા કારણભૂત તારા કર્મની
" ઉપર શામાટે કોપ કરતો નથી. શ્વાન ઢેકું નાખનારને નહીં કરડવા જતાં ઢેફાને બચકાં
" ભરે છે, પણ કેસરીસિંહ બાણને કાંઇ કરતો નથી પણ બાણ નાખનારને જ મારે છે.
" માટે ક્રોધ કરનારે વિચાર કરવો કે જે મારાં ક્રૂર કર્મોએ પ્રેરેલો શત્રુ મારી ઉપર કોપ
" કરે છે તે કર્મોની ઉપેક્ષા કરીને હું બીજા પર ક્રોધ કરું છું; તેથી ખરેખર હું શ્વાનની

---

[1] સંજ્વલન, પ્રત્યાખ્યાની, અપ્રત્યાખ્યાની અને અનંતાનુબંધીએ ચાર ભેદ.

" રીતિનોજ આશ્રય કરું છું. ભવિષ્યકાળમાં ઉત્પન્ન થનારા શ્રી મહાવીર ભગવાન્ પોતાને
" ઉપસર્ગાદિ કરનારા પાપીઓની ઉપર ક્ષમા કરશે, કેમકે વગર વગર પ્રયાસે સ્વયમેવ
" પ્રાપ્ત થયેલી ક્ષમાને વહન કરવાને કોણ ન ઇચ્છે ? જે ત્રણ લોકને પ્રલયમાંથી પણ રક્ષણ
" કરવાને સમર્થ છે તેવા પુરૂષો પણ ક્ષમા કરે છે, તો કદળીના જેવો અલ્પ સત્ત્વવાળો
" તું ક્ષમા કેમ કરતો નથી ? વળી તેં પૂર્વ જન્મે એવું પુણ્ય કેમ ન કર્યું કે જેથી તને
" કોઇ પીડે જ નહીં; માટે હવે પોતાના પ્રમાદનો જ શોક કરીને ક્ષમાને અંગીકાર કર.
" ક્રોધાંધ મુનિ એને પ્રચંડ ચાંડાળ તે બેની વચ્ચે કાંઇપણ અંતર નથી, માટે ક્રોધનો ત્યાગ
" કરીને ઉજ્જવળ બુદ્ધિને ગ્રહણ કરો. મહર્ષિ ક્રોધી હતા અને કુરગડુ અક્રોધી હતા, તો
" દેવતાઓએ મહર્ષિ મુનિને છોડીને કુરગડુની સ્તુતિ કરી. કદિ જો કોઈ આપણને
" મર્મપીડક વચન કહે તો આપણે વિચારવું કે જો એ સત્ય હોય તો તેમાં કોપ
" કરવા જેવું શું છે ? અને જો અસત્ય હોય તો તે ઉન્મત્ત થઇને બોલે છે તો
" તેનો વિચાર શો ! જો કોઇ આપણને મારવાને આવે તો મનમાં વિસ્મય પામી
" હસવું કે મારો વધ થવો એ તો મારા કર્મને સાધ્ય છે, આ મૂર્ખ પુરૂષ તો ફોગટનો
" નાચે છે, જો કોઈ ખરેખર મારી નાખવાને આવે તો વિચારવું કે મારા આયુષ્યનો
" ક્ષય જ પ્રાપ્ત થયો જણાય છે, તો આ દુષ્ટ નિર્ભય થઇને પાપ બાંધે છે એને મરેલાને
" મારે છે. જો સર્વ પુરૂષાર્થને ચોરનારા ક્રોધની ઉપર તને ક્રોધ ઉત્પન્ન નથા થતો તો
" પછી અલ્પ અપરાધ કરનારા બીજાની ઉપર કોપ કરનાર એવાં તને ધિક્કાર છે ! તેથી
" સારી બુદ્ધિવાળા પુરૂષે સર્વ ઇંદ્રિયોને ગ્લાનિ કરનાર અને ચારે તરફ પ્રસરતા એવા
" કોપરૂપી સર્પને ક્ષમા રૂપી જાંગુલી વિદ્યાવડે જીતી લેવો.

" વિનય, શ્રુત, શીલ તથા ત્રિવર્ગ (ધર્મ, અર્થ અને મોક્ષ) નો ઘાત કરનાર **માન**
" પ્રાણીના વિવેકરૂપી લોચનનો લોપ કરીને તેને અંધ કરી નાખે છે. જાતિ, લાભ, કુળ,
" ઐશ્વર્ય, બલ, રૂપ, તપ અને શ્રુતનો મદ કરનાર પુરૂષ તે તે વસ્તુનું હીનપણું પ્રાપ્ત કરે
" છે. ઉત્તમ, મધ્યમ અને અધમ એવા જાતિના અનેક ભેદને જોઇને કયો વિદ્વાન્ જાતિ-
" મદ કરવા તત્પર થશે ? હીન કે ઉત્તમ જાતિ કર્મથી પ્રાપ્ત થાય છે, તો એવી અશાશ્વત
" જાતિને મેળવીને કોને મદ થાય ? અંતરાય કર્મનો ક્ષય થવાથી લાભ થાય છે, તે
" શિવાય થતો નથી; તેથી વસ્તુતત્ત્વને જાણનારો પુરૂષ કદિપણ લાભમદ કરતો નથી. બી-
" જાની પ્રસન્નતા અને શક્તિ વિગેરે[૨] મોટો લાભ પ્રાપ્ત થાય તો પણ મહાત્માઓ કદિ-
" પણ લાભમદ કરતા નથી. કુલવાન નહીં છતાં પણ બુદ્ધિ, લક્ષ્મી અને શીલવડે શોભતા
" એવા અનેક પુરૂષોને જોઈને મહા કુલિન પુરૂષોએ પણ કુળમદ કરવો નહીં; સારા
" કુળમાં ઉત્પન્ન થયા છતાં કુશીળ હોય તો તેને કુળથી શું ? અને પોતે સુશીળ છે
" તો તેને કુળની શી અપેક્ષા ? એવું વિચારીને વિચક્ષણ પુરૂષો કુળમદ કરતા નથી. વજ્ર-
" ધારી ઇંદ્રને ઘેર ત્રિભુવનના ઐશ્વર્યની સંપત્તિ સાંભળીને નગર, ગામ અને ધન વિગેરેના
" ઐશ્વર્યમાં શો મદ કરવો ? સંપત્તિ કુલટા સ્ત્રીની પેઠે ગુણી પુરૂષની પાસેથી પણ વખતે
" ચાલી જાય છે અને દોષવાનનો પણ આશ્રય કરે છે, તેથી વિવેકી પુરૂષોને ઐશ્વર્યની
" પ્રાપ્તિથી તેનો મદ થતોજ નથી. મોટો બલવાન્ હોય તેને પણ રોગાદિક ક્ષણવારમાં
" નિર્બળ કરી નાખે છે, તેથી તેવા અનિત્ય બળની પ્રાપ્તિથી પુરૂષોએ મદ કરવો યુક્ત
" નથી. જે બળવાન્ હોય તે પણ જરાની પાસે, મૃત્યુની પાસે અને કર્મફલને ભોગવ-

---

૧ આ દૃષ્ટાંત હવે પછી બનનાર છે. ૨ રાજાદિકની મહેરબાની કે મોટો અધિકાર.

" વામાં નિર્બળજ છે, એમાં કાંઈ તેનું બળ ચાલતું નથી; માટે તેઓએ બળમદ કરવો
" તે વ્યર્થ છે. આ સાત ધાતુમય દેહમાં હાનિવૃદ્ધધર્મ રહેલો છે અને જરા તથા રોગનો
" પરાભવ પણ રહેલો છે, તેથી અશાશ્વત એવા રૂપના મદને કોણ વહન કરે ? ભવિષ્યકા-
" ળમાં થનારા સનત્કુમાર ચક્રીનું રૂપ અને તેનો ક્ષય સાંભળીને કયો વિદ્વાન્ પુરૂષ સ્વ-
" પ્નમાં પણ રૂપનો મદ કરે ? શ્રી ઋષભદેવે કરેલી અને શ્રી વીરપ્રભુએ કરેલી તપસ્યા
" સાંભળીને પોતાના સ્વલ્પ તપમાં કોને મદ થાય તેમ છે ? જે તપ કરવાથી તત્કાળ
" કર્મનો સંચય તુટી જાય છે તે તપનો મદ કરવાથી ઉલટો કર્મનો સંચય વધે છે. પૂર્વે
" મહા પુરુષોએ જે શાસ્ત્રો પોતાની બુદ્ધિથી રચેલાં છે તેઓને માત્ર લીલાવડે સુંઘીને
" હું સર્વજ્ઞ છું,' એવો જે મદ ધરે છે તે પોતાના અંગનેજ ખાય છે. શ્રી ગણધરેંદ્રોની
" નિર્માણ અને ધારણ કરવાની શક્તિ[1] સાંભળીને કયો કર્ણ અને હૃદયવાળો પુરૂષ શા-
" સ્ત્રમદનો આશ્રય કરે ? દોષરૂપ શાખાને વિસ્તારતા અને ગુણરૂપી મૂલને નીચે લઈ જતા
" માનરૂપી વૃક્ષને મૃદુતારૂપ નદીના પૂરથી ઉખેડી નાખવું. ઉદ્ધતપણાનો નિષેધ એ મૃદુતાનું
" અથવા માર્દવનું સ્વરૂપ છે અને ઉદ્ધતપણું એ માનનું નિરૂપાધિક સ્વરૂપ છે.

" જે જે વખતે જાતિ વિગેરેનું ઉદ્ધતપણું અંતરમાં સ્પર્શ કરવા લાગે, તે તે વખતે
" તેના પ્રતિકારને માટે મૃદુતાનો આશ્રય કરવો. સર્વ ઠેકાણે મૃદુતા રાખવી, તેમાં પણ
" પૂજ્ય વર્ગમાં વિશેષ રાખવી, કારણકે પૂજ્યની પૂજાવડે પાપથી મુકત થવાય છે. બાહુ-
" બલી માનવડે લતાની જેમ પાપથી બંધાયા હતા, અને મૃદુતાવડે તત્કાળ તેનાથી મુક્ત
" થઈને કેવળજ્ઞાન પામ્યા હતા. ચક્રવર્તી પણ ચારિત્ર લઈને સંગ રહિત થઈ શત્રુઓના
" ઘરમાં પણ ભિક્ષા માગવા જાય છે; અહા ! તે માનના ઉચ્છેદને માટે કેવી કઠણ મૃદુતા !
" ચક્રવર્તી જેવા મહારાજા પણ તત્કાળ દીક્ષા લીધેલા એક રંક સાધુને પણ માન છોડી
" નમે છે અને ચિરકાળ તેની સેવા કરે છે. આ પ્રમાણે સર્વ માનનો વિષય જાણી બુદ્ધિ-
" માન્ પુરૂષે તેનો નિરાસ કરવાને હમેશાં મૃદુતાને ધારણ કરવી.

" હવે માયાનું સ્વરૂપ કહે છે. અસત્યની માતા, શીલરૂપ વૃક્ષને કાપવાની ફરસી અને
" અવિદ્યાની જન્મભૂમિ જે માયા તે દુર્ગતિનું કારણ છે. કુટિલપણામાં ચતુર અને માયા
" વડે બગલાની જેવી વૃત્તિવાળા પાપી પુરૂષો જગત્ને વંચતા પોતાના આત્માનેજ વંચે
" છે. રાજાઓ ખોટા ષડ્ગુણના યોગથી છળ અને વિશ્વાસઘાત વડે અર્થલોભને માટે સર્વ
" જગત્ને છેતરે છે. બ્રાહ્મણો તિલક, મુદ્રા, મંત્ર અને દીનત્વ બતાવી અંતરમાં શૂન્ય અને
" બહાર સારવાળા થઈ લોકોને ઠગે છે. માયાના ભાજન વણિકલોકો ખોટા તોલા અને
" માનમાપથી તથા દાણચોરી વિગેરેથી ભોળા લોકોને વંચે છે. પાખંડીઓ અને નાસ્તિ-
" કો જટા, મૌંજી, શિખા, ભસ્મ, વલ્કલ અને અગ્નિ વિગેરે ધારણ કરીને શ્રદ્ધાવાળા મુગ્ધ
" જનને ઠગે છે. વેશ્યાઓ અરાગી છતાં હાવભાવ, લીલા, ગતિ અને કટાક્ષ વડે કામી
" જનોનું મનરંજન કરતી સર્વ જગત્ને ઠગે છે. ધૂતકારો તથા દુઃખે પેટ ભરવામાં તત્પર
" લોકો ખોટા સોગનથી અને ખોટા નાણાથી ધનવાનને વંચે છે. સ્ત્રીપુરૂષ, પિતાપુત્ર, સહો-
" દર, સુહૃદજન, સ્વામીસેવક અને બીજા સર્વે એક બીજાને માયા વડે ઠગનારા હોય છે.
" બંદિલોકો અને ચોરલોકો અર્થમાં લુબ્ધ અને નિર્દય બની અહર્નિશ જાગરૂક રહી પ્ર-

---

૧ માત્ર ત્રિપદી સાંભળવાથી સર્વ શ્રુતના પારગામી થાય છે, અને અંતર મુહૂર્ત્તમાં દ્વાદશાંગીની રચના કરે છે. જુઓ ગણધર મહારાજની શક્તિ !

" માદી જનને છળે છે. કારીગર, અંત્યજ અને કોઈ પણ જાતનું કામ કરીને આજીવિકા
" ચલાવનારા પુરૂષો માયાથી ખોટા સોગનો ખાઈ ને સાધુજનને વંચે છે. વ્યંતરાદિકની
" નઠારી યોનિમાં રહેલા ક્રૂર દેવો ઘણા પ્રકારના છળ કરીને પ્રાયે પ્રમાદી મનુષ્યોને તથા
" પશુઓને પીડે છે. મત્સ્યાદિક જલચરો છળ કરીને પોતાનાં બચ્ચાંઓનું જ ભક્ષણ કરે
" છે, અને તેઓને પણ ધીવર લોકો માયાવડે જાળમાં બાંધે છે અને હણે છે. વિવિધ
" પ્રકારના ઉપાયો કરીને વંચનમાં પ્રવીણ એવા શિકારીઓ પણ કપટથીજ સ્થળચારી
" પ્રાણીઓને બાંધે છે અને મારે છે. માંસના ગ્રાસને ઇચ્છનારા પાપી પ્રાણીઓ **લાવક**
" વિગેરે અનેક જાતના બીચારા આકાશચારી પ્રાણીઓને અનેક પ્રકારની માયાવડે
" બાંધી લે છે.

" આ પ્રમાણે સર્વ લોકમાં પરવંચના કરવામાં તત્પર એવા પ્રાણીઓ પોતાના આ-
" ત્માનેજ વંચી સ્વધર્મ અને સદ્ગતિનો નાશ કરે છે. તેથી તિર્યંચ જાતિમાં ઉત્પન્ન
" થવાનું ઉત્કૃષ્ટ બીજ મોક્ષપુરીના દ્વારની ભૂંગળ અને વિશ્વાસરૂપ વૃક્ષને દાવાનળ
" સરખી માયા વિદ્વાનોએ ત્યાગ કરવા યોગ્ય છે. મલ્લીનાથ તીર્થંકર પૂર્વ ભવમાં સૂક્ષ્મ
" માયા કરશે અને તે માયાશલ્યને કાઢશે નહીં તેથી તે સ્ત્રીભાવને પ્રાપ્ત કરશે; માટે
" જગત્નો દ્રોહ કરનારી માયારૂપી સર્પિણીને જગત્ને આનંદનું કારણ એવી સરલતા-
" રૂપ ઔષધિ વડે જીતી લેવી. સરલતા એ અવાર્ય વિસ્તારવાળો મુક્તિપુરીનો માર્ગ
" કહેલો છે, અને તપ દાન વિગેરે લક્ષણવાળો જે માર્ગ છે તે તો અવશેષ માર્ગ છે.
" જેઓ સરલતાને સેવનારા છે તેઓ લોકમાં પણ પ્રીતિના પાત્ર થાય છે, અને
" સર્પની જેમ કુટીલ પુરૂષથી સર્વે ઉદ્વેગ પામે છે. જેઓની મનોવૃત્તિ સરલ છે તેઓ
" ભવવાસમાં રહેલા છે, તથાપિ તે મહાત્માઓને પોતાથીજ અનુભવાય તેવું અકૃત્રિમ
"મુક્તિસુખ મળે છે. જેઓના મનમાં કૌટિલ્યતા રૂપી શંકુ (ખીલો) કલેશ કર્યા કરે છે
"અને જેઓ બીજાને હાનિ કરવામાંજ તત્પર છે તેવા વંચક પુરૂષોને કયાંથી સુખ હોય!
"સર્વ વિદ્યાઓમાં વિદ્વત્તા મેળવ્યા છતાં અને સર્વ પ્રકારની કળાઓ પ્રાપ્ત કર્યા છતાં
"ધન્ય પુરૂષોનેજ બાળકની જેવી સરલતા પ્રગટે છે. બાળકો અજ્ઞ છતાં પણ તેમની
"સરલતા સર્વને પ્રીતિ ઉપજાવે છે; તો જેઓનાં ચિત્ત સર્વ શાસ્ત્રોના અર્થમાં આસક્ત
"થયેલા છે તેમની સરલતા પ્રીતિ ઉપજાવે તેમાં શું કહેવું! સરલતા સ્વાભાવિક છે અને
" કુટિલતા કૃત્રિમ છે, તો સ્વાભાવિક ધર્મને છોડી કૃત્રિમ ધર્મનો કોણ આશ્રય કરે !
"પ્રાયઃ સર્વ જનો છળ, પિશુનતા, વક્રોક્તિ અને પરવંચનામાં તત્પર છે, તે તેમાં રહ્યા
"છતાં પણ સુવર્ણપ્રતિમાની પેઠે નિર્વિકારી રહેનાર કોઈક ધન્ય પુરૂષજ હોય છે. સર્વ
"ગણધરો જો કે શ્રુતસમુદ્રના પારને પામ્યા હોય છે, તથાપિ શિક્ષા લેવાને માટે યોગ્ય
"હોય તેમ તીર્થંકરની વાણીને સરલતાથી સાંભળે છે. જે સરલપણે આલોચના કરે છે "તે
"સર્વ દુષ્કર્મને ખપાવે છે, અને જે કુટિલપણે આલોચના કરે છે તે થોડાં દુષ્કર્મ હોય
"તો તેને ઉલટાં વધારે છે. જેઓ મન, વચન અને કાયાથી સમસ્ત પ્રકારે કુટિલ છે તેમનો
"મોક્ષ થતો નથી; પણ જેઓ મન, વચન અને કાયાથી સર્વત્ર સરલ છે તેનો મોક્ષ થાય છે.

"આ પ્રમાણે કુટિલ પુરૂષોની અતિ ઉગ્ર એવી કર્મની પણ કુટિલતાને વિચારીને
"સારી બુદ્ધિવાળા પુરૂષે મોક્ષની ઇચ્છાથી સરલતાનોજ આશ્રય કરવો.

"સર્વ દોષોની ખાણ, ગુણનો ગ્રાસ કરવામાં રાક્ષસ, વ્યસન રૂપી લતાનું મૂળ અને
"સર્વ અર્થને બાધ કરનાર લોભ છે. નિર્ધન સોને, સોવાળો સહસ્રને, સહસ્રાધિપતિ

"લક્ષને, લક્ષપતિ કોટીને, કોટીપતિ રાજાપણાને, રાજા ચક્રવર્તીપણાને. ચક્રવર્તી દેવપણાને
"અને દેવ ઇન્દ્રત્વને ઇચ્છે છે. ઇંદ્રપણું પ્રાપ્ત થતાં પણ ઇચ્છા નિવૃત્તિ પામતી નથી, તેથી
"મૂલમાં લઘુપણે રહેલો એ લોભ કુંભારના ચક્રપર રહેલા શરાવલા (રામપાત્ર) ની જેમ
"વધ્યા કરે છે. સર્વ પાપમાં જેમ હિંસા, સર્વ કર્મમાં જેમ મિથ્યાત્વ અને સર્વ રોગમાં
"જેમ રાજયક્ષ્મા (ક્ષયરોગ) તેમ સર્વ કષાયમાં લોભ મોટો છે. અહા! આ પૃથ્વી
"ઉપર લોભનું એકછત્ર સામ્રાજ્ય છે; કે જેથી વૃક્ષો પણ પોતાની નીચે દ્રવ્ય હોય છે તો
"તેને પોતાના ચરણથી એટલે શાખા તથા મૂળીઆં વિગેરેથી ઢાંકી દે છે. દ્રવ્યના લોભથી
"બેઇંદ્રિય, ત્રીઇંદ્રિય, ચતુરિંદ્રિય પ્રાણીઓ પણ મૂર્છાવડે પોતાના પૂર્વે દાટેલા અથવા
"મૂકેલા નિધાનપર આવીને બેસે છે. સર્પ અને ગૃહગોધા (ઘરોલી) જેવા પંચેંદ્રિય
"પ્રાણીઓ પણ ધનના લોભથી પોતે અથવા પરે દાટેલા કે મૂકેલા નિધાનસ્થાનની ભૂમિપર
"આવીને લીન થઈ જાય છે. પિશાચ, મુહ્ગળ[1], પ્રેત, ભૂત અને યક્ષ વિગેરે દેવજાતિ લોભથી
"પોતાના અથવા પારકા નિધિપર અધિષ્ઠાયકપણે સ્થાન કરેછે. આભૂષણ, ઉદ્યાન અને વાપિકા
"વિગેરેમાં મૂર્છાવાળા દેવતાઓ પણ ત્યાંથી ચ્યવીને તેજ ઠેકાણે પૃથ્વીકાય[1] વિગેરેમાં ઉત્પન્ન
"થાય છે. મુનિજનો પણ ક્રોધાદિકનો વિજય કરીને ઉપશાંત મોહ નામના અગીઆરમા
"ગુણઠાણાને પ્રાપ્ત થયા છતાં એક લોભના અંશ માત્રથી પતિત થઈ જાય છે. લેશ માત્ર
"ધનલોભથી સહોદર ભાઈઓ પણ એક માંસના લવની ઇચ્છાએ બે કુતરાઓ લડે તેમ
"પરસ્પર યુદ્ધ કરે છે. ગ્રામ્ય જન, અધિકારી અને રાજાઓ ગામ વિગેરેના એક સીમાડાની
"બાબતમાં લોભ કરી સૌહૃદભાવને છોડી દઈને પરસ્પર વૈર બાંધે છે. લોભી જનો પોતાને
"હાસ્ય, શોક, દ્વેષ અને હર્ષનું કારણ ન હોય તોપણ સ્વામીની પાસે નટની જેમ કૃત્રિમ-
"પણે બતાવી આપે છે. લોભ રૂપી ખાડો જેમ જેમ પૂરવા માંડીએ તેમ તેમ વધતોજ
"જાય છે, એ મોટું આશ્ચર્ય છે. કદિ જળવડે સમુદ્ર પૂરી શકાય, પણ ત્રૈલોક્યનું રાજ્ય
"મળે તોપણ તે પૂરી શકાતો નથી. ભોજન, વસ્ત્ર, વિષય અને દ્રવ્યનો સંચય અનંતીવાર
"એકઠો કરી કરીને ભોગવ્યા છતાં પણ લોભનો એક અંશ પણ પૂરાતો નથી. જો લોભનો
"ત્યાગ કર્યો તો પછી નિષ્ફળ તપ કરવાની જરૂર નથી, અને જો લોભનો ત્યાગ
કર્યો નહીં, તો નિષ્ફળ તપ કરવાની જરૂર નથી. સર્વ શાસ્ત્રના સર્વસ્વને વિચારી
"વિચારીને એટલુંજ ધ્યાનમાં રાખવાનું છે કે મોટી બુદ્ધિવાળા પુરૂષે એક લોભના ત્યાગને
"માટેજ પ્રયત્ન કરવો. સહ્યબુદ્ધિવાળા પુરૂષે લોભના પ્રસરતા એવા ઉદ્વેલ સાગરને સંતોષના
"સેતુબંધ વડે રોકવો. જેમ મનુષ્યમાં ચક્રવર્તી છે અને દેવતામાં ઇંદ્ર છે, તેમ સર્વ ગુણોમાં
"સંતોષ એ શ્રેષ્ઠ ગુણ છે. સંતોષી મુનિ અને અસંતોષી ચક્રવર્તી તેમની જ્યારે તુલના
"કરીએ ત્યારે સુખ દુઃખનો ઉત્કર્ષ સમાન થાય છે, એટલે જેટલે દરજ્જે સંતોષી મુનિ
"સુખી છે તેટલો જ અસંતોષી ચક્રવર્તી દુઃખી છે. તેથીજ ચક્રવર્તી રાજાઓ પોતાને સ્વાધીન
"એવું રાજ્ય છોડીને પણ સંતોષ રૂપ અમૃતની તૃષ્ણાથી તત્કાળ નિઃસંગપણાને સ્વીકારે
"છે. જ્યારે ધનની ઇચ્છા નિવૃત્ત કરીએ છીએ ત્યારે સંપત્તિ પડખેજ આવીને રહે છે;
"કારણકે કાનને આગળથી ઢાંકીએ છીએ ત્યારે અંદર શબ્દાદ્વૈતજ વધે છે. જેમ નેત્ર
"ઢાંકવાથી બધું ચરાચરવિશ્વ ઢંકાઈ જાય છે, તેમ એક સંતોષ ધારણ કરવાથી પ્રત્યેક
"વસ્તુમાં વિરક્તિ થાય છે. ઇંદ્રિયોનું દમન અને કાયાને પીડા કરવાનું શું પ્રયોજન છે!
"માત્ર સંતોષ રાખવાથીજ મોક્ષલક્ષ્મી સામું જુએ છે. જેઓ મુક્તિ જેવું સુખ ભોગવે

---

૧ વ્યંતર જાતિ વિશેષ. ૨ આ કારણથીજ દેવોની પૃથ્વીકાય અપ્કાય અને વનસ્પતિકાયમાં ઉત્પત્તિ કહેલી છે.

"છે તેઓ જીવતા છતાં પણ મુક્ત છે, મુક્તિને માથે કાંઇ શીંગડું હોતું નથી. રાગ દ્વેષથી "સંયુક્ત અને વિષયથી ઉત્પન્ન થયેલું સુખ શા કામનું છે? કેમકે સંતોષથી ઉત્પન્ન થયેલું "સુખજ મોક્ષપ્રાપ્તિ યોગ્ય કર્મથી ન્યૂનતાવાળું નથી. બીજાને તૃપ્ત કરનારા એવા શાસ્ત્રોના "સુભાષિત શા કામના છે! પણ જેઓની ઇંદ્રિયો મલીન છે તેઓએ સંતોષના સ્વાદનું સુખજ "શોધવું જોઈએ. અરે પ્રાણી! જો તું કારણને અનુસરનારાંજ કાર્યો હોય એવું માનતો હો- "તો સંતોષના આનંદથીજ મોક્ષના અપાર આનંદની પ્રતીતિ કર. જે તીવ્રતપ કર્મને "નિર્મૂલ કરનારૂં કહેવાય છે તે પણ જો સંતોષરહિત હોય તો નિષ્ફળ છે. સુખાર્થી "પુરૂષોને કૃષિ, સેવા, પશુપાળવૃત્તિ અને વ્યાપાર કરવાની શી જરૂરછે? કારણકે સંતોષનું "પાન કરવાથી શું તેનો આત્મા નિવૃત્તિસુખને નથી પામતો ? તૃણની શય્યા ઉપર સુનારા "પણ સંતોષીઓને જે સુખ થાય છે તે સુખ રૂની શય્યાપર સુનારા પણ સંતોષ વગરના "પુરૂષોને થતું નથી. અસંતોષી ધનવાન પુરૂષો સમર્થ પુરૂષોની પાસે તૃણ સમાન લાગે છે, અને "સંતોષી પુરૂષોની પાસે સમર્થ પુરૂષો પણ તૃણ સમાન લાગે છે. ચક્રવર્તીની અને ઇંદ્રાદિકની "સંપત્તિ પ્રયાસજન્ય અને નશ્વર છે; પરંતુ સંતોષથી થયેલું સુખ આયાસ રહિત અને "નિત્ય છે. માટે સારી બુદ્ધિવાળા પુરૂષે સર્વ દોષના સ્થાન રૂપ લોભને દૂર કરવાને માટે "અદ્વૈત સુખના ગૃહરૂપ સંતોષનો આશ્રય કરવો.

આ પ્રમાણે કષાયને જીતનાર પ્રાણી આ ભવમાં પણ શિવસુખને ભજનારો થાય છે "અને પરલોકમાં અવશ્ય શાશ્વત શિવસુખને પ્રાપ્ત કરે છે."

આ પ્રમાણેની પ્રભુની દેશના સાંભળીને ઘણા પુરૂષોએ દીક્ષા લીધી, વાસુદેવે સમકિત સ્વીકાર્યું, અને બલભદ્રે શ્રાવકપણું અંગીકાર કર્યું. પ્રથમ પૌરૂષી પૂર્ણ થયા પછી પ્રભુ દેશનાથી વિરામ પામ્યા, એટલે પ્રભુના પાદપીઠ પર બેસીને અરિષ્ટ ગણધરે દેશના આપવા માંડી. બીજી પૌરૂષી પૂર્ણ થતાં ગણધરે પણ દેશના સમાપ્ત કરી. પછી ઇંદ્ર, વાસુદેવ અને બલભદ્ર વિગેરે શ્રી અર્હંત પ્રભુને નમસ્કાર કરી ત્યાંથી પોતપોતાને સ્થાનકે ગયા, અને સર્વ અતિશયથી શોભતા એવા શ્રી ધર્મનાથ ભગવાને પણ ત્યાંથી પૃથ્વીપર અન્યત્ર વિહાર કર્યો.

કેવળજ્ઞાન પામ્યા પછી બે વર્ષે ઊણા અઢીલાખ વર્ષ સુધી વિહાર કરતાં પ્રભુને બાસઠ હજાર મહાત્મા સાધુઓ, બાસઠ હજાર ને ચારસો સાધ્વીઓ, નવસો ચૌદ પૂર્વધારી, ત્રણ હજાર ને છસો અવધિજ્ઞાની, ચાર હજાર ને પાંચસો મનઃપર્યવધારી, તેટલાજ કેવળજ્ઞાની, સાત હજાર વૈક્રિય લબ્ધિવાળા, બે હજાર ને આઠસો વાદલબ્ધિવાળા, બે લાખ ને ચાલીશ હજાર[1] શ્રાવકો અને ચાર લાખ ને તેર હજાર શ્રાવિકાઓ–આ પ્રમાણે પરિવાર થયો.

પોતાનો મોક્ષસમય નજીક જાણીને પ્રભુ સમેતશિખર ગિરિ પધાર્યા. ત્યાં એકસો ને આઠ મુનિઓની સાથે અનશન વ્રત ગ્રહણ કર્યું. એક માસને અંતે જ્યેષ્ઠ માસની શુકલ પંચમીએ ચંદ્ર પુષ્પનક્ષત્રમાં આવતાં તે મુનિઓની સાથે પ્રભુ મોક્ષપદને પ્રાપ્ત થયા. તરતજ ઇંદ્રાદિક દેવોએ આવીને શ્રી ધર્મનાથ સ્વામીનો અને સાધુઓનો નિર્વાણમહિમાનો ઉત્સવ કર્યો. અનંતનાથ સ્વામીના નિર્વાણ પછી ચાર સાગરોપમ ગયા ત્યારે ધર્મનાથ સ્વામીનું નિર્વાણ થયું. કૌમારવયમાં અઢી લાખ વર્ષ, રાજ્યમાં પાંચલાખ વર્ષ અને વ્રતમાં અઢીલાખ વર્ષ–એ પ્રમાણે એકંદર દશલાખ વર્ષનું આયુષ્ય શ્રી ધર્મનાથ સ્વામીનું નિર્ગમન થયું.

---

૧ અન્યત્ર બે લાખ ને ચાર હજાર શ્રાવકો કહ્યા છે.

પુરૂષસિંહ વાસુદેવ સિંહની જેવા પોતાના હિંસ્રકર્મથી આયુષ્ય પૂર્ણ કરીને મરણ પામી છઠ્ઠી નરકભૂમિમાં ગયા. કૌમારવયમાં ત્રણસો વર્ષ, મંડલીકપણામાં સાડાબારસો વર્ષ, દિગ્વિજયમાં સીત્તોર વર્ષ અને રાજ્યમાં નવલાખ, અઠાણું હજાર, ત્રણસો ને એંશી વર્ષ —એ પ્રમાણે પુરૂષસિંહ વાસુદેવનું દશલાખ વર્ષનું આયુષ્ય પૂર્ણ થયું હતું. સત્તર લાખ વર્ષના આયુષ્યવાળા સુદર્શન બલભદ્રે પોતાના અનુજબંધુ વાસુદેવને વિરહે ભ્રાતૃસ્નેહને વશ થઇ મહા કષ્ટે જીવિતને ધારણ કર્યું. સુદર્શન ચક્રને ધારણ કરનારા પોતાના બંધુનું મૃત્યુ જોઈને આર્દ્ર શોકને વશ થઇ રહેલા સુદર્શન બલભદ્રે પ્રાંતે કીર્તિધર નામના સાધુની પાસે દીક્ષા ગ્રહણ કરી, અને આયુષ્ય પૂર્ણ કરીને મોક્ષપદને પામ્યા.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्ठिशलाकापुरुषचरिते
महाकाव्ये चतुर्थे पर्वणि धर्मनाथपुरुषसिंहसुदर्शननिशुंभचरित
वर्णनो नाम पंचमः सर्गः ५॥

સર્ગ ૬ ઠો.

શ્રી મઘવા ચક્રવર્તી ચરિત્ર.

આ ભરતક્ષેત્રમાં **મહીમંડળ** નામે નગરમાં શ્રી વાસુપૂજ્ય સ્વામીના તીર્થને વિષે **નરપતિ** નામે રાજા હતો. એ ઉત્તમ રાજા અનાથ જનનો નાથ હતો અને ચારિત્રમાં સાધુની જેમ ન્યાયમાં નિરંતર સાવધાન હતો. તે કદિ એક પુષ્પના ડીંટથી પણ કોઈ જનને મારતો નહોતો, કેવળ નવીન પુષ્પની જેમ યત્નવડે સર્વનું પાલન કરતો હતો. એ વિવેકી રાજા પગના આભૂષણની પેઠે અર્થ તથા કામને અને મુગટની પેઠે ધર્મને અધરોત્તરપણે (નીચાઊંચાપણે) ધારણ કરતો હતો. અનુત્તર સુખને આપનારા અરિહંત દેવ, સુસાધુ ગુરૂ અને દયામયી ધર્મનું મંત્રાક્ષરની પેઠે તે ધ્યાન ધરતો હતો. એકદા બુદ્ધિમાન અને મહાશયવાળા એ રાજાએ રાજ્યને રોગની જેમ તજી દઇને વિશ્વને અભય આપનારી દીક્ષા ગ્રહણ કરી. પાંચ સમિતિવડે વિજય પ્રાપ્ત કરી તથા ત્રણ ગુપ્તનું રક્ષણ કરવામાં તત્પર થઇ એ રાજમુનિએ રાજ્યની પેઠે ઘણા કાળ પર્યંત વિધિ યુક્ત દીક્ષાનું પ્રતિપાલન કર્યું. દિવ્ય રત્નાલંકારની જેમ નિર્દોષ મૂલ ગુણ અને ઉત્તર ગુણવડે તે અધિકપણે શોભવા લાગ્યો. ચિરકાલ વ્રત પાળી, પ્રાંતે કાળધર્મ પામીને એ મહાત્મા મધ્યમ ગ્રૈવેયકમાં અહમિંદ્ર દેવતા થયા.

અહીં જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રને વિષે સર્વ નગરીઓમાં શ્રેષ્ઠ **શ્રાવસ્તી** નામે નગરી હતી. અસંખ્ય ગુણરૂપ રત્નોવડે મૂર્ત્તિમાન્ સમુદ્ર હોય તેવો **સમુદ્રવિજય** નામે ત્યાં વિજયી રાજા હતો. હમેશાં આનંદદાયકપણાથી મિત્ર અને અમિત્રના હૃદયથી તે કદિ પણ દૂર થતો નહીં. સંગ્રામને વિષે ખેંચેલા નિર્મલ ખડગરૂપ દર્પણમાં પ્રતિબિંબિત થયેલો તે બલવાન્ રાજાનો આત્મા હમેશાં સન્મુખજ રહેતો હતો. બળાત્કારે સર્વ દિશાઓને વશ કરીને પછી તેમને કાયમ વશ રાખવાને માટે તેણે પોતાનો યશરૂપી અલંકાર આપ્યો હતો. ગાયનું ગોવાળ રક્ષણ કરે તેમ યથાવિધિ પૃથ્વીનું પાલન કરી યોગ્ય સમયે દૂધની જેમ કાંઇ પણ પીડા કર્યા વગર તે કર લેતો હતો. પવિત્ર લાવણ્યથી ભદ્ર અંગવાળી અને સર્વ ભદ્રના સ્થાન રૂપ **ભદ્રા** નામે તેને ધર્મચારિણી સ્ત્રી હતી. ધર્મની અબાધાએ તેની સાથે વિષયસુખ ભોગવતાં સમુદ્રવિજય રાજાએ કેટલોક કાળ નિર્ગમન કર્યો. અનુક્રમે ગ્રૈવેયક દેવલોકમાં જે નરપતિ રાજાનો જીવ હતો તે ત્યાંનું ઉત્કૃષ્ટ આયુષ્ય પૂરૂં કરીને ભદ્રાદેવીની કુક્ષિમાં અવતર્યો. સુખે સુતેલા ભદ્રા દેવીએ ચક્રવર્તીના જન્મને સૂચવનારાં ચૌદ સ્વપ્ન મુખમાં પ્રવેશ કરતાં જોયાં. ગર્ભસમય પૂર્ણ થતાં ઉત્તમ લક્ષણવાળા, સુવર્ણની જેવા વર્ણથી શોભતા અને સાડીબેંતાલીશ ધનુષના શરીરવાળા પુત્રને તેણે જન્મ આપ્યો. આ પુત્ર પૃથ્વીમાં મઘવા (ઇંદ્ર) જેવો થશે એવું ધારીને સમુદ્રવિજયે તેનું **મઘવા** એવું નામ પાડ્યું.

સૂર્યની પછવાડે ચંદ્ર જેમ આકાશને અલંકૃત કરે, તેમ સમુદ્રવિજયની પછવાડે તેણે પૃથ્વીને અલંકૃત કરવા માંડી. એકદા મેઘમાં જ્યોતિની જેમ શસ્ત્રાગારમાં તેજથી

દેદીપ્યમાન ચક્રરત્ન ઉત્પન્ન થયું. અનુક્રમે પુરોહિત વિગેરે બીજાં સર્વ રત્નો પણ સૌસૌના યોગ્ય સ્થાનમાં ઉત્પન્ન થયાં, અને ક્રમ પ્રમાણે તેમને આવીને મળ્યાં. પછી ચક્રરત્ન ચાલ્યું, એટલે તેની પાછળ દિગ્વિજય કરવાની ઇચ્છાએ મઘવાચક્રી પ્રથમ પૂર્વ સમુદ્રના આભૂષણરૂપ માગધતીર્થે ગયા. જાણે દ્રુત આવ્યો હોય તેમ તેમના નામથી અંકિત એવું બાણ જોઈને માગધપતિએ ત્યાં આવી તેમની સેવાનો આશ્રય કર્યો. પછી માગધપતિની જેમ દક્ષિણમાં વરદામદેવને અને પશ્ચિમમાં પ્રભાસપતિને જીતી લીધા. ત્યાંથી સમુદ્રના દક્ષિણ તટે જઇને સિંધુદેવીને સાધી. ત્યાંથી વૈતાઢય પર્વતે આવી વૈતાઢયકુમારદેવને સ્વાધીન કરી, તેની ભેટ લઇ, તમિશ્રા ગુફા પાસે આવ્યા. તે ગુફામાં દ્વારપાળની પેઠે રહેલા કૃતમાળ નામના દેવને વિધિ પૂર્વક સાધી લીધો. ત્યાંથી ચક્રવર્ત્તીની આજ્ઞાથી સેનાપતિ ચર્મરત્નવડે સિંધુને ઉતરીને તેના પશ્ચિમ નિષ્કૂટમાં ગયો, અને તે ભાગ સાધીને પાછો આવ્યો. પછી સેનાપતિએ દંડ રત્નવડે તે ગુફાનાં કમાડ ઉઘાડયાં, એટલે ચક્રવર્ત્તીએ ગજરત્નપર બેસીને સૈન્ય સહિત તેમાં પ્રવેશ કર્યો. કાકિણી રત્નવડે અંદર પ્રકાશ આપનારા મંડળો કરી ગજરત્નના કુંભસ્થળ ઉપર મણિરત્ન રાખી, તેની કાંતિના પ્રસારવડે અંદર ચાલ્યા. ગુફાની મધ્યમાં વર્દ્ધકિ રત્ને રચેલા સેતુબંધવડે અત્યંત દુસ્તર એવી ઉન્મગા અને નિમ્નગા નદી ઉતરી, પોતાની મેળે જેનાં કમાડ ઉઘડી ગયેલાં છે એવા ઉત્તર દ્વારને માર્ગે થઇ ચક્રવર્ત્તી સેનાસાથે તે ગુફાની બહાર નીકળ્યા. ત્યાં આપાત નામના અતિ દુર્જય કિરાતોને, અસુરોને ઇંદ્ર જીતે તેમ મઘવા ચક્રવર્ત્તીએ જીતી લીધા. પછી ત્યાંથી સેનાપતિએ જઇને સિંધુના પૂર્વ નિષ્કૂટને જીતી લીધો. ચક્રવર્ત્તીએ પોતે જઇને હિમાલયકુમારને સાધ્યો અને ત્યાંથી ઋષભકૂટે જઇને ચક્રવર્ત્તીએ કાકિણી રત્નવડે 'મઘવા ચક્રવર્ત્તી' એવું પોતાનું નામ લખ્યું. ત્યાંથી પાછા ફરતાં સેનાપતિ પાસે ગંગા નદીનો પૂર્વ નિષ્કૂટ સધાવ્યો અને પોતે ગંગાદેવીને સાધ્યા પછી એ ત્રીજા ચક્રવર્ત્તી મઘવાએ વૈતાઢય પર્વતની બંને શ્રેણીના વિદ્યાધરોને લીલામાત્રમાં સાધી લીધા. વિધિ જાણવામાં ચતુર એવા ચક્રવર્ત્તીએ ખંડપ્રપાતા ગુફાના દ્વારમાં રહેલા નાટયમાળ દેવને યથાવિધિ વશ કર્યો; અને સેનાપતિ પાસે જેનાં કમાડ ઉઘડાવ્યાં છે એવી ખંડપ્રપાતા ગુફામાં થઈ મઘવા ચક્રવર્ત્તી સમુદ્રજલમાંથી વહાણની જેમ વૈતાઢયમાંથી બહાર નીકળ્યા. ત્યાં ગંગાના મુખમાં નિવાસ કરી રહેલા નૈસર્પ વિગેરે નવનિધિઓ તેને સુખે વશ થઇ ગયા. પછી સેનાપતિની પાસે ગંગાનો પશ્ચિમ નિષ્કૂટ સધાવ્યો. આ પ્રમાણે મઘવાચક્રીએ ષટ્‌ખંડ ભરતક્ષેત્રને વશ કર્યું. આગળ ચાલતાં અનુક્રમે ચક્રવર્ત્તીપણાની સમગ્ર સામગ્રીથી પ્રકાશમાન થયેલા મઘવા ચક્રવર્ત્તી, અમરાવતીમાં ઇંદ્ર આવે તેમ પોતાની શ્રાવસ્તી નામની નગરીમાં આવ્યા. ત્યાં દેવતાઓ અને રાજાઓએ એકત્ર થઇને પૂર્ણ સંપત્તિવાળા મઘવાચક્રીને વિધિ પ્રમાણે ચક્રવર્ત્તીપણાનો અભિષેક કર્યો.

ચક્રવર્ત્તીપણામાં અભિષિક્ત થયા પછી એ મહારાજા બત્રીશ હજાર મુગટધારી રાજાઓથી નિરંતર સેવાતા હતા. સોળહજાર દેવતાઓથી આશ્રિત હતા, નવ નિધિઓથી તેમના મનોરથ પૂર્ણ થતા હતા, અને ચોસઠહજાર અંતઃપુરની સ્ત્રીઓની નયનકમળની માળાઓથી નિત્ય પૂજાતા હતા, આ શિવાય બીજા પણ અનેક પ્રમાદનાં સ્થાનો તેમને સુલભ હતાં, તથાપિ તે પોતાના પિતૃપરંપરાથી આવેલા શ્રાવકધર્મમાં કદિ પણ પ્રમાદી થતા નહીં. તેમણે સુવર્ણ અને રત્નોથી દેવતાઓના વિમાન જેવા વિવિધ પ્રકારનાં ચૈત્યો જિનબિંબ સહિત કરાવ્યાં. જેમ તે પૃથ્વીના એકજ પતિ હતા, તેમ તેના મનમાં અર્હંત્ દેવ, સાધુ

ગુરૂ અને દયામય ધર્મ એકજપણે હતા. ઇંદ્રિયોને નિયમમાં રાખનાર એ ચક્રવર્ત્તી, જેમ સર્વ રાજાઓ તેની પૂજાને છોડતા નહોતા તેમ પોતે દરરોજ ચૈત્યપૂજાને છોડતા નહીં. એવી રીતે દેશવિરતી શ્રાવકપણે પોતાના ઘણા આયુષ્યને નિર્ગમન કરી મઘવાચક્રીએ અંતકાળે વિધિ પ્રમાણે દીક્ષા ગ્રહણ કરી. પચવીશ હજાર કુમાર વયમાં, પચવીશ હજાર મંડળીકપણામાં, દશહજાર દિગ્વિજયમાં, ત્રણ લાખ ને નેવું હજાર ચક્રવર્ત્તીપણામાં અને પચાશહજાર વ્રતારાધનમાં–એમ એકંદર પાંચ લાખ વર્ષનું આયુષ્ય નિર્ગમન કરી, ઇંદ્રના જેવા વૈભવવાળા મઘવા ચક્રવર્ત્તી નિર્મળ આત્માવાળા પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરતાં કરતાં પંચત્વ પામીને સનત્કુમાર દેવલોકમાં મહર્દ્ધિક દેવતા થયા.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते
महाकाव्ये चतुर्थे पर्वणि मघवाचक्रवर्तीचरित
वर्णनो नाम षष्ठः सर्गः ६ ॥

સર્ગ ૭ મો.

શ્રી સનત્કુમાર ચક્રવર્તી ચરિત્ર.

નાગલોકની નગરી ભોગાવતી, દેવનગરી અમરાવતી અને રાક્ષસપુરી લંકાથી પણ અધિક અને કાંચનની શોભાને ધારણ કરનારી **કાંચનપુરી** નામે નગરી છે. ત્યાં શત્રુની સ્ત્રીઓના અશ્રુજળના પ્રવાહમાં મેઘજ્યોતિ સમાન **વિક્રમયશા** નામે પરાક્રમી રાજા હતો. યુથપતિ ગજેંદ્રને હાથણીઓની જેમ તેના અંતઃપુરમાં પાંચસો પ્રેમની પાત્ર રમણીઓ હતી. તે નગરીમાં સંપત્તિનો જાણે ભંડાર હોય તેવો **નાગદત્ત** નામે એક ઘણી સમૃદ્ધવાળો સાર્થવાહ રહેતો હતો. સૌભાગ્યકારી, લાવણ્યવાળી અને અતિશય રૂપથી શોભતી, વિષ્ણુને લક્ષ્મીની જેમ તેને **વિષ્ણુશ્રી** નામે સ્ત્રી હતી. કાળાશ અને કેશની જેમ પરસ્પર પ્રેમ ધરતા તે દંપતી સારસ પક્ષીની જેમ નિરંતર સ્મરક્રીડામાં રસિકપણે વિહાર કરતા હતા.

એકદા એ સુંદર સ્ત્રી કાકતાલીય ન્યાયથી વિક્રમયશા રાજાની દૃષ્ટિએ પડી. તેને જોતાંજ ચોરની જેમ કામદેવે જેનું વિવેકરૂપી ધન હરી લીધું છે એવો તે રાજા વિચાર કરવા લાગ્યો કે "અહા ! આ સ્ત્રીનાં મૃગલીનાં જેવાં મનોહર લોચન, મયૂરની કલા જેવો સુંદર કેશ-પાશ, પાકેલા બિંબફળના બે ભાગની જેવાં કોમળ અને અરૂણ હોઠ, જાણે કામદેવને ક્રીડા કરવાના બે પર્વતો હોય તેવા પીન અને ઉન્નત સ્તન, નવીન લતાની જેવી સરલ અને કોમળ ભુજા, વજ્રના મધ્યની જેવો કૃશ અને મુષ્ટિગ્રાહ્ય મધ્યભાગ, સેવાળની જેવી સ્નિગ્ધ રોમાવળી, આવર્ત્તના જેવી નાભિ, લાવણ્યરૂપ સરિતાના તટ જેવા નિતંબ, કદળીના સ્તંભ સમાન ઉરુ અને કમળ જેવા કોમળ ચરણ-એમ સર્વ અવયવો સુંદર છે, વધારે શું કહેવું! એ સ્ત્રીનું સર્વ અંગ સંપૂર્ણ મનોહર છે. આવી સુંદર સ્ત્રીને જરાવસ્થાથી વિકળ ચિત્તવાળા વિધાતાએ યોગ્યતા જોયા વગર સ્મશાનમાં ઇંદ્રસ્તંભની જેમ કોઇક અપાત્રમાં સ્થાપન કરેલી છે; તેથી એનું હરણ કરીને તેને મારા અંતઃપુરમાં સ્થાપન કરી વિધાતાના અનુચિતપણાના દોષને હું ટાળી નાખું." આ પ્રમાણે મનમાં નિશ્ચય કરીને કામદેવથી વિધુર થયેલા વિક્રમયશાએ તેનું હરણ કર્યું અને પોતાના યશને મલીન કર્યો. પછી તેને અંતઃપુરમાં લઇ જઇને તેની સાથે વિચિત્ર પ્રકારની કામદેવની લીલાવડે એકતાને ક્રીડા કરવા લાગ્યો. તે સ્ત્રીના વિયોગથી સાર્થવાહ, જાણે ભૂત વળગ્યું હોય, ધંતુરો ખાધો હોય, અપસ્મારનો વ્યાધિ થયો હોય, મદિરાનું પાન કર્યું હોય, સર્પે ડંશ્યો હોય, અથવા સન્નિપાત થયો હોય તેવો થઇ ગયો. એ પ્રમાણે તેનાથી વિયોગ પામેલા સાર્થવાહનો કેટલોક કાળ દુઃખમાં અને તેનો સંયોગ પામેલા રાજાનો કેટલોક કાળ સુખમાં નિર્ગમન થયો. રાજા વિક્રમયશાને તે વિષ્ણુશ્રીની સાથેજ નિરંતર રમતો જોઈ, તેના અંતઃપુરની બીજી સ્ત્રીઓએ ઇર્ષ્યાથી કામણ કર્યું. તે કામણવડે ક્ષણે ક્ષણે ક્ષીણ થતી એ સાર્થવાહની સ્ત્રી, મૂળના ક્ષયવડે લતાની જેમ છેવટે જીવિતથી મુક્ત થઈ ગઈ. તેના મૃત્યુથી રાજા પણ જીવન્મૃતની[૧] જેવો

૧ જીવતાં છતાં મરણ પામેલા જેવો.

થઈ, નાગદત્તની પેઠે પ્રલાપ અને વિલાપ કરવા લાગ્યો. 'આ મારી પ્રિયા પ્રણયથી રીસાઈને ચુપ રહેલી છે' એમ બોલતા રાજાએ તે મૃત્યુ પામેલી સ્ત્રીને અગ્નિમાં નાખવાને ના પાડી. પરંતુ મંત્રીઓએ વિચારી, રાજાને છેતરીને, તે વિષ્ણુશ્રીના કલેવરને અરણ્યમાં નખાવી દીધું.

'હે પ્રિયા ! તું હમણાંજ હતી, હવે કેમ મારા સામું જોતી નથી? સંતાઈ જવાની ક્રીડા કરવી રહેવા દે. વિયોગાગ્નિ મર્મને પીડા કરનાર હોવાથી મશ્કરીમાં પણ તેમ કરવું ઉચિત નથી. શું કૌતુકથી ક્રીડાસરિતામાં તો એકલી નથી ગઈ? અથવા ક્રીડાગિરિ કે ક્રીડોદ્યાનમાં તો નથી ગઇ? પણ તું મારા વિના શીરીતે ક્રીડા કરીશ? આ હું તારી પછવાડે આવું છું.' આ પ્રમાણે બોલતો બોલતો રાજા તે તે પ્રદેશમાં ઉન્મત્તની પેઠે ફરવા લાગ્યો. એમ ભમતાં ભમતાં ત્રણ દિવસસુધી રાજાએ અન્નપાન લીધું નહીં. તે જોઇ મંત્રીઓએ તેના મૃત્યુની શંકાથી ભય પામીને તે સ્ત્રીના શરીરને અરણ્યમાં બતાવ્યું. તે વખતે એ શરીર ઉપર રીંછની પેઠે બધા કેશ વિશીર્ણ થઇ ગયા હતા; શશલાની પેઠે વનના કંક પક્ષીઓએ તેનાં લોચન ખેંચી લીધાં હતાં, માંસના લોલુપી ગીધ પક્ષીઓએ તેનાં સ્તનને ચર્વિત કરી દીધાં હતાં, ફાઉડીઓએ તેના આંતરડાનો સાર આકર્ષિત કર્યો હતો, મધપુડાની જેમ તેને મક્ષિકાઓના સમૂહે આચ્છાદન કરી દીધું હતું, પડવાથી ભાંગી ગયેલા પક્ષીના ઈંડાની જેમ તેને ચારે બાજુએ કીડીઓ વળગી હતી, અને તેમાંથી દુર્ગંધ નીકળ્યા કરતી હતી. આવું વિષ્ણુશ્રીનું શરીર જોઇ, રાજા વિક્રમયશા વિરક્ત થઇ આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો.

"અહો ! આ અસાર સંસારમાં કાંઈ પણ સાર વસ્તુ નથી. આવા અસાર સ્ત્રીદેહમાં સારબુદ્ધિ વડે ચિરકાલ મોહ પામેલા એવા મને ધિક્કાર છે ! હળદરના રંગની જેવા આહાર્ય ગુણવાળી સ્ત્રીઓથી પરમાર્થવેત્તા પુરુષનું મનજ હરણ થતું નહીં હોય, બાકી તો સર્વ પુરુષોનાં મન હરણ થાય છે. વિષ્ટા, મુત્ર, મળ, શ્લેષ્મ, માંસ, મજ્જા અને અસ્થિથી પૂર્ણ તેમજ નસોથી ગુંથેલી એવી સ્ત્રીઓ ચર્મ (ચામડી) વડે મઢેલી હોવાથી માત્ર બહારથી રમણીય લાગે છે, પણ સ્ત્રીના શરીરનો જે અંદર અને બહાર વિપર્યાસ થઈ જાય અર્થાત્ અંદર છે તે બહાર આવે ને બહારનું અંદર જાય તો તે ગીધ અને શિયાળનેજ પ્રીતિવાળું થઈ પડે તેમ છે. કામદેવ જો સ્ત્રીરૂપ શસ્ત્રવડે આ જગત્ને જીતે છે, તો પછી જે તુચ્છ પીંછાનું શસ્ત્ર ગ્રહણ કરે તેને મૂઢ બુદ્ધિવાળો સમજવો. સંકલ્પમાંથી ઉત્પન્ન થનારા એ કામદેવે અહા ! આ બધા વિશ્વને હેરાન કરી દીધું છે. તેથી તેનું મૂળ જે સંકલ્પ તેનો હું ત્યાગ કરી દઉં."

આ પ્રમાણે વિચારી સંસારથી વિરક્ત થયેલા મોટા મનવાળા વિક્રમયશા રાજાએ **સુવ્રતાચાર્ય** પાસે જઇને દીક્ષા ગ્રહણ કરી. પછી પોતાના દેહ ઉપર નિઃસ્પૃહ થઈ, એક બે અને માસ ઉપવાસ વિગેરે તપસ્યા કરી. સૂર્ય જેમ કિરણોથી જલને શોષે તેમ તેણે પોતાના શરીરને શોષવી નાખ્યું. એ પ્રમાણે દુસ્તપ તપ આચરી કાલયોગે મૃત્યુ પામી તે સનત્કુમાર દેવલોકમાં શ્રેષ્ઠ આયુષ્યવાળા દેવતા થયા. દેવ સંબંધી આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવી રત્નપુર નામના નગરમાં **જિનધર્મ** નામે શ્રેષ્ઠિપુત્ર થયા. એ શ્રેષ્ઠિકુમાર બાળપણાથીજ જેમ સમુદ્ર મર્યાદાને પાળે તેમ બાર પ્રકારના શ્રાવકધર્મને પાળતો હતો, આઠ પ્રકારની પૂજાવડે તીર્થંકરોની આરાધના કરતો હતો, એષણીય વિગેરે દાનથી મુનિરાજને પ્રતિલાભતો હતો, અને અસાધારણ વાત્સલ્યભાવથી સાધર્મિક જનોને દાનવડે પ્રસન્ન કરતો હતો. આ પ્રમાણે તેણે કેટલોક કાળ નિર્ગમન કર્યો.

આ તરફ નાગદત્ત પ્રિયાના વિરહથી દુઃખી થઈ, આર્ત્તધ્યાનવડે મૃત્યુ પામી તિર્યંચયોનિમાં પરિભ્રમણ કરવા લાગ્યો. અનુક્રમે ચિરકાળ સંસારમાં ભમી સિંહપુર નામના નગરમાં અગ્નિશર્મા નામે બ્રાહ્મણનો પુત્ર થયો. કેટલેક કાળે ત્રિદંડીપણું ગ્રહણ કરી અજ્ઞાન તપમાં તત્પર થઈ ફરતો ફરતો રત્નપુર નગરે આવ્યો. તે નગરમાં **હરિવાહન** નામે અન્યધર્મી રાજા હતો, તેણે તે ત્રિદંડી પરિવ્રાજકને નંગરમાં આવેલા સાંભળીને પારણાને દિવસે પોતાને ત્યાં આવવા નિમંત્રણ કર્યું. ત્યાં આવેલા અગ્નિશર્મા સન્યાસીએ દૈવયોગે રાજદ્વારમાં આવી ચડેલા પેલા જિનધર્મ નામના વણિકકુમારને જોયો. તેને જોતાંજ પૂર્વ જન્મના વૈરથી અગ્નિશર્મા ઋષિનાં નેત્રો રોષથી રાતાં થઈ ગયાં. તત્કાલ અંજલિ જોડી પાસે ઉભેલા હરિવાહન રાજા પ્રત્યે તે બોલ્યો–"હે રાજા ! આ શ્રેષ્ઠીના **પૃષ્ઠભાગ** ઉપર અતિ ઉષ્ણ દૂધપાકનું પાત્ર મૂકીને જો ભોજન કરાવશો તો હું ભોજન કરીશ, અન્યથા કરીશ નહીં." રાજાએ કહ્યું–"બીજા પુરૂષના પૃષ્ઠ ઉપર સ્થાળ મૂકીને હું તમને ભોજન કરાવીશ." આ પ્રમાણેનાં રાજાનાં વચન સાંભળીને તે ત્રિદંડી ક્રોધ કરીને ફરીવાર બોલ્યો–"આ પુરૂષનાજ પૃષ્ઠ ઉપર અતિ ઉષ્ણ દૂધપાકનું પાત્ર મૂકીને જ હું ભોજન કરીશ, નહીં તો અકૃતાર્થપણે આવ્યો તેમ ચાલ્યો જઇશ." રાજા તેનો પરમ ભક્ત હતો, તેથી તે તેમ કરવાને કબુલ થયો. **જિનશાસનથી બાહ્ય એવા પુરૂષોને વિવેક કયાંથી હોય!** પછી રાજાની આજ્ઞા થવાથી તેણે પૃષ્ઠભાગ ધર્યો. તેની ઉપર ઉષ્ણ ભાજન મૂકીને તે ત્રિદંડી ભોજન કરવા લાગ્યો. દાવાનળને હાથી સહન કરે તેમ જિનધર્મ કુમારે પાત્રના તાપને સહન કર્યો; અને 'મારા પૂર્વ કર્મનું આ ફળ છે તે કર્મ આ મિત્રના યોગથી તુટી જાઓ' એમ ચિરકાળ ચિંતવન કરતો તે કુમાર સ્થિર રહ્યો. જ્યારે તે ત્રિદંડી જમી રહેવા આવ્યો તે વખતે તેની ઉષ્ણતાથી ઉછળેલા રૂધિર, માંસ અને ચરબીના રસથી તે પાત્ર કાદવ પરથી સરી પડે તેમ કુમારના પૃષ્ઠ ઉપરથી લપસી પડ્યું. ત્યાંથી પોતાને ઘેર આવીને પોતાના સંબંધવાળા સર્વ લોકોને બોલાવી જિનધર્મમાં વિચક્ષણ એવા જિનધર્મ કુમારે પોતાનું સર્વ દુષ્કૃત્ય ક્ષમાવ્યું. પછી ચૈત્યપૂજા કરી, મુનિ પાસે આવીને તેણે યથાવિધિ દીક્ષા ગ્રહણ કરી. પછી નગરમાંથી નીકળી પર્વતના શિખર ઉપર ચડીને પૂર્વ દિશાની સામે પૃષ્ઠભાગ ખુલ્લો રાખીને તેણે કાયોત્સર્ગ કર્યો. તે વખતે રૂધિરમય તેના પૃષ્ઠને ગીધ અને કંક પક્ષીઓ ચાંચોથી ચુંથતા હતા, તથાપિ તેણે બીજી દિશાઓની સામે પણ કાયોત્સર્ગ ધારણ કર્યો. એ પ્રમાણે નવકારમંત્રના ધ્યાનમાં તત્પર રહી એવી પીડા સમ્યક્ પ્રકારે સહન કરતો જિનધર્મ કુમાર મૃત્યુ પામીને સૌધર્મકલ્પને વિષે ઇંદ્ર થયો. પેલો ત્રિદંડી મૃત્યુ પામી આભિયોગિક કર્મવડે ઇંદ્રનો ઐરાવત નામે હાથી થયો, પછી આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવીને તે ત્રિદંડીનો જીવ કેટલાક ભવમાં ભ્રમણ કરી **અસિત** નામે યક્ષરાજ થયો.

આ જંબૂદ્વીપમાં કુરૂજાંગલ દેશને વિષે **હસ્તિનાપુર** નામે નગર હતું. તે નગરમાં અશ્વોની સેનાથી પૃથ્વીમંડલને આચ્છાદન કરનાર અને મંગલવડે શત્રુઓના મંડલને જીતનાર **અશ્વસેન** નામે રાજા હતો. ગુણરૂપ રત્નોના રોહણાચળરૂપ તે રાજામાં દૂધમાં પુરાની જેમ દોષની એક કણી પણ ન હતી. 'મને આ તૃણ સમાન ગણે છે' એવું ધારીને સૌભાગ્ય મેળવવાની ઇચ્છાએ લક્ષ્મી અસિધારા વ્રત કરવાને માટે તેની પાસે સ્થિર થઇ રહી હતી. યાચકોને આવતાં જોઇ તેને અતિશય હર્ષ થતો અને પોતાની આપવાની ઇચ્છાના અનુમાનથી જે તે થોડી યાચના કરે તો તેના મનમાં ખેદ થતો હતો. તેને **સહદેવી** નામે મહારાણી હતી. તે રૂપથી જાણે પૃથ્વીપર કોઇ દેવી આવેલ હોય તેવી જણાતી હતી. હવે પહેલા

દેવલોકમાં ઈંદ્ર સંબંધી લક્ષ્મી ભોગવીને જિનધર્મ કુમારનો જીવ તે સહદેવીના ઉદરમાં અવતર્યો. તે વખતે સહદેવીએ હસ્તી વિગેરે ચૌદ મહા સ્વપ્ન મુખમાં પ્રવેશ કરતાં જોયાં. અનુક્રમે પ્રસવસમય આવતાં અદ્વિતીય રૂપ ગૌરવવાળા, જાતિવંત સુવર્ણના જેવી કાંતિવાળા અને સર્વ લક્ષણે પરિપૂર્ણ એક કુમારને તેણે જન્મ આપ્યો. અશ્વસેન રાજાએ જગત્‌ને આનંદ આપનારા મોટા ઉત્સવથી તેનું **સનત્કુમાર** એવું નામ પાડ્યું. સુવર્ણના છેદ જેવા ગૌર અંગવાળો એ બાળક બાલ ચંદ્રની જેમ લોકોનાં નેત્રને પ્રસન્ન કરતો અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યો. એક રાજાના ઉત્સંગમાંથી બીજા રાજાના ઉત્સંગમાં–એમ સંચરતો તે કુમાર એક કમળથી બીજા કમળ ઉપર ફરતાં હંસની જેવો શોભતો હતો. તે બાળક છતાં પણ અપ્રતિમ રૂપવડે જોતાંજ સ્ત્રીઓનાં નેત્રને અને મનને હરી લેતો હતો. સર્વાંગયુક્ત શબ્દશાસ્ત્ર અને બીજાં સર્વ જ્ઞાનનું માત્ર ગુરૂના મુખમાંથી નીકળતાંજ એક ગંડૂષની[1] લીલાએ તેણે પાન કરી લીધું. રાજ્યલક્ષ્મીના ભુવનના સ્તંભરૂપ એવાં શસ્ત્રશાસ્ત્ર અને અર્થશાસ્ત્રો જાણે બીજા ભુજસ્તંભ હોય તેમ તેણે ગ્રહણ કરી લીધાં. નિર્મળ કલાનિધિ (ચંદ્ર)ની પેઠે અનુક્રમે વધતા એવા તેણે એક લીલામાત્રમાં બીજી સર્વ કળાઓ પણ ગ્રહણ કરી લીધી.

પછી મર્ત્યલોકમાંથી જેમ સ્વર્ગને પ્રાપ્ત કરે, તેમ તે સાડીએકતાળીશ ધનુષ્ય ઊંચી કાયાવાળા થઇ શિશુવયમાંથી યૌવનવયને પ્રાપ્ત થયા.

તે સનત્કુમારને કાલિંદીસુરનો પુત્ર **મહેંદ્રસિંહ** નામે એક પરાક્રમે વિખ્યાત મિત્ર હતો. એક વખતે વસંતઋતુ પ્રાપ્ત થતાં સનત્કુમાર તે મહેંદ્રસિંહની સાથે **મકરંદ** નામના ઉદ્યાનમાં કૌતુકથી ક્રીડા કરવા ગયો. નંદનવનમાં દેવકુમારની જેમ તે ઉદ્યાનમાં સનત્કુમારે મિત્રની સાથે વિચિત્ર પ્રકારની ક્રીડાઓથી ક્રીડા કરી. તે વખતે અશ્વસેન રાજાને ભેટ તરીકે પાંચ ધારામાં ચતુર અને સર્વ લક્ષણે લક્ષિત એવા અનેક અશ્વો આવેલા હતા. તેમાંથી જલતરંગની જેવો ચપલ **જલધિકલ્લોલ** નામે એક અશ્વ તેમણે સનત્કુમારને અર્પણ કર્યો. તે અશ્વને જોતાંજ કુમાર બીજી ક્રીડા તજી દઈને તેના પર આરૂઢ થયો. કારણ કે રાજપુત્રોને સર્વ કૌતુક કરતાં હાથી ઘોડા સંબંધી અધિક કૌતુક હોય છે. એક હાથમાં ચાબુક અને બીજાહાથમાં લગામ લઈને પલાણરૂપ આસનનો સ્પર્શ કર્યા વગર બે ઉરૂવડે પ્રેરીને તેણે અશ્વને ચલાવ્યો. તત્કાળ ચરણવડે પૃથ્વીને સ્પર્શ પણ કર્યા સિવાય આકાશમાં જ ચાલતો તે અશ્વ જાણે સૂર્યના ઘોડાને જોવા ઇચ્છતો હોય તેમ વેગથી દોડ્યો. જેમ જેમ કુમાર તેને લગામથી ખેંચવા લાગ્યો તેમ તેમ વિપરિત શિક્ષાવાળો તે અશ્વ અધિક અધિક દોડવા લાગ્યો. આસપાસ બીજા ઘોડેસ્વાર રાજપુત્રો અશ્વ દોડાવતા સાથે ચાલતા હતા. તેઓના મધ્યમાંથી જાણે અશ્વરૂપે રાક્ષસ હોય તેમ તે અશ્વ આગળ પડ્યો. સર્વ રાજાઓના જોતાં જોતાંમાં નક્ષત્રોમાંથી ચંદ્રની જેમ સનત્કુમાર સહિત અશ્વ અદૃશ્ય થઇ ગયો. વહાણને નદીનું પૂર ખેંચી જાય તેમ પોતાના કુમારને અશ્વે આકર્ષણ કરેલો જાણી, અશ્વસેન રાજા મોટી અશ્વસેના લઇને તેને પાછો લાવવા માટે પછવાડે ચાલ્યા. "આ અશ્વ ચાલ્યો જાય, આ તેનાં પગલાં છે, આ તેના ફીણ અને લાળ પડેલી છે." એ પ્રમાણે સાથેના લોકો કહેતા હતા, તેવામાં બ્રહ્માંડને પૂરનારી ધમણરૂપ જાણે અકાળે થયેલી કાળરાત્રિ હોય તેવી દૃષ્ટિને અંધ કરનારી મોટી પ્રચંડ વાવટી [પવનની શ્રેણી] ચડી આવી. વાદળાદિ વડે ગૃહની જેમ ઉડતી રજવડે દિશાઓ ઢંકાઈ ગઈ. સૈન્ય સર્વ સ્તંભિત થઇ ગયું. એક પગલું પણ ભરી શકવાને કોઈ સમર્થ થયું નહીં. રજરૂપ તરંગની શ્રેણીવડે કુમારના અશ્વનાં

---

૧. કોગળો.

પગલાં અને ખ્રીણુ વિગેરે સર્વ ચિન્હો ભંગ થઈ ગયાં. નીચે, ઊંચે, સમાન ભૂમિએ અને ફરતું વૃક્ષાદિ કાંઇ દેખાવા ન લાગ્યું. જાણે સર્વ જન પાતાળમાં પેઠા હોય તેમ થઇ ગયું. સર્વ સૈનિકો, સમુદ્રના જળમાં જેઓનાં વહાણ ભમવા માંડચાં હોય તેવા વહાણવટીઓની જેમ એનો ઉપાય કરવામાં મૂઢ થઈ આકુલ વ્યાકુલ થઈ ગયા.

આવો દેખાવ જોઈ કુમારના મિત્ર મહેંદ્રસિંહે નમસ્કાર કરી અશ્વસેન રાજાને વિજ્ઞપ્તિ કરી કે "હે દેવ! આ દૈવની દુર્ઘટ ઘટના[1] જુઓ, કયાં કુમાર! કયાં આ ક્રૂરદેશી અશ્વ! કયાં શીલ[2] જાણ્યા વગરના તે અશ્વ ઉપર તેનું ચડવું! કયાં તે દુષ્ટ અશ્વથી કુમારનું હરણ! અને કયાં રજથી દૃષ્ટિમાર્ગને આચ્છાદન કરનારી આ વાવલ્ય! તથાપિ એક સામંતરાજાની પેઠે તેવા દૈવને જીતી આપ સ્વામીની જેવા તે મારા મિત્રને હું શોધી લાવીશ. હે પ્રભુ! પર્વતોની ગુફાઓમાં અને તેના ઊંચા શિખરોમાં, ઘાટી વૃક્ષઘટાથી દુર્ગમ એવી અટવીઓમાં, પાતાળની જેવા નદીઓના કાંઠાના કોતરોમાં, નિર્જળ પ્રદેશમાં અને બીજા દેશોમાં અલ્પ પરિવાર સાથે વા કોઇવાર એકાકીપણે કુમારની શોધ કરવી મને સહેલ પડશે. આપ મહારાજા જ્યાં ત્યાં સૈન્ય લઈ શોધવા જશો તે નાની શેરીમાં ગજેંદ્રના પ્રવેશની પેઠે ઘણુ મુશ્કેલ પડશે." આ પ્રમાણે વારંવાર કહી ચરણમાં પડી મહેંદ્રસિંહે અશ્વસેન રાજાને પાછા વાળ્યા; એટલે તે દુઃખીપણે પોતાના નગરમાં આવ્યા.

પછી સારસાર પરિમિત પરિવાર લઈ ગજેંદ્રની પેઠે દુર્વાર એવો મહેંદ્રસિંહ તત્કાળ મોટી અટવીમાં પેઠો. તે અટવીમાં ગેંડાઓએ શીંગડાથી ઉખેડેલા પાષાણો વડે સર્વ માર્ગ વિષમ થઇ ગયો હતો. ઘામથી પીડાતા ડુક્કરોએ પ્રવેશ કરીને નાના તળાવોને કાદવમય કરી નાખેલા હતા. પ્રૌઢ રીંછોના નાદથી ગુફાઓમાં પડછંદા પડતા હતા. ગુફામાં બેઠેલા કેશરીઓના નાદથી ભયંકર દેખાવ થઇ રહ્યો હતો. ઊંચી ફાળ ભરતા ચિત્રાઓના સમૂહથી મૃગોનાં ટોળાં આકુલ વ્યાકુલ થઇ જતાં હતાં. પશુઓને ગળી જઈને અજગરો વૃક્ષોને વીંટાઇ રહ્યા હતા. ચમૂરૂ મૃગોનાં ટોળાં માર્ગમાં વૃક્ષોની છાંયામાં બેઠાં હતાં. સિંહણ સાથે જળપાન કરતા સિંહોએ માર્ગના સરિતાઓને રૂંધી હતી અને ઉન્મત્ત હાથીઓએ માર્ગનાં વૃક્ષોની ભાંગેલી શાખા વડે તે અટવી દુર્ગમ થઇ ગઈ હતી. આવી અટવીમાં સનત્કુમારનો શોધ કરવા તેણે પ્રવેશ કર્યો. કાંટાવાળા વૃક્ષોથી, શીકારી પ્રાણીઓથી અને ખાડાઓથી વિકટ એવી તે મહાટવીમાં અટન કરતાં તેની સાથેનું સર્વ સૈન્ય છુટું પડી ગયું. અનુક્રમે ખેદ પામી ગયેલા સાથેના મંત્રી અને મિત્રાદિકે છોડી દીધેલો મહેંદ્રસિંહ સંગ રહિત મુનિની જેમ એકલોજ ફરવા લાગ્યો. મોટા મોટા લતાગૃહોમાં અને પર્વતોની ગુફામાં તે પલ્લીપતિની જેમ ધનુષ્ય લઈ એકલો ભમતો હતો. વનના હાથીઓના નાદમાં અને સિંહોના ધ્વનિમા વીર સનત્કુમારના નાદની શંકાથી તે દોડવા લાગ્યો અને જ્યારે ત્યાં પોતાના મિત્રને જોયો નહીં, ત્યારે તે વળી પાછો ઉછળતા ઝરણાના ધ્વનિ ઉપર શંકા કરીને ત્યાં ઉતાવળો દોડી ગયો. પ્રેમની ગતિ એવી જ છે. નદી, હાથી અને સિંહને તેણે કહ્યું કે "મારા બંધુની જેવો ધ્વનિ અહીં થાય છે, તેથી તે તમારી પાસે હોય તેમ લાગે છે, કારણકે એક અંશના દર્શનથી સર્વ લક્ષ્ય થાય છે." આ પ્રમાણે સર્વ જગ્યાએ પોતાના મિત્રને જ્યારે જોયો નહીં ત્યારે પછી વૃક્ષ ઉપર ચડી ભૂલા પડેલા વટેમાર્ગુની પેઠે તેણે વારંવાર દિશાઓ જોવા માંડી. તે વખતે વસંત ઋતુ હોવાથી અશોકમાં શોક ધરતો, બકુલમાં આકુલવ્યાકુલ થતો, આમ્ર વૃક્ષને નહીં સહન કરતો, મલ્લિકામાં દુર્બલ

૧ ન ઘટે તેવું ઘટાવવાની-બનાવવાની શક્તિ. ૨ અશ્વની ગતિ વિગેરે.

થતો, કર્ણિકારનો તિરસ્કાર કરતો, ગુલાબમાં લાલચોળ થતો, સિંદ્વારથી દૂર રહેતો, ચંબેલીથી કંપાયમાન થતો, દુર્જનની જેમ મલયાનિલથી વિમુખ રહેતો, કોકિલાના પંચમ સ્વરના ઉચ્ચારમાં કાન ફોડે છે એમ માનતો અને ચંદ્રનાં કિરણોથી પણ તાપને શાંત નહીં કરતો મહેંદ્રસિંહ, દરિદ્રીના પુત્રની જેમ એકાકીપણે મહા દુઃખમાં વસંતસમયને નિર્ગમન કરતો હતો. જાણે અગ્નિના ખોટારવા પાથરેલા હોય તેમ ચરણકમળને બાળતી એવી સૂર્યકિરણોથી તપેલી રજ વડે પગે ભુંજાતા, તરતમાંજ ભુઝાઇ ગયેલા દાવાનળની ભસ્મવડે દુઃસંચર એવા માર્ગમાં જાણે અગ્નિસ્તંભને રચતો હોય તેમ ચરણના તાપને નહીં જાણુતા, અગ્નિની જ્વાલા હોય તેવા ઉષ્ણ વાયુથી શરીરને લાગતા તાપને ગિરિમાં ફરનારા હાથીની જેમ નહીં ગણકારતા અને રોગી જેમ કવાથ પીએ તેમ સરિતાના કાદવવાળા અને ઉષ્ણ પાણીનું પાન કરતા તે મહેંદ્રસિંહે એકાકીપણે ભમી ભમીને ગ્રીષ્મ ઋતુને નિર્ગમન કરી. જેના મુખમાં વિદ્યુત્ છે એવા રાક્ષસની જેમ વિશ્વને વિક્ષોભ કરનારા મેઘથી હૃદયમાં ક્ષોભ નહીં પામતા, તીક્ષ્ણ બાણની જેમ અખંડ ધારા વડે વીંધાઈ જતા પણ સન્નદ્ધબદ્ધ થયેલા સુભટની જેમ જરા પણ નહીં મુંઝાતા, સ્થાને સ્થાને વેગથી વૃક્ષને ઉન્મૂલન કરનારી વનની દુસ્તર નદીઓને રાજહંસની પેઠે અનાયાસે ઉતરી જતા અને વરાહની જેમ કાદવવાળા માર્ગને લીલામાત્રમાં ઉલ્લંઘન કરતા એ મહેંદ્રસિંહે મિત્રની શોધમાં વર્ષાઋતુ પણ ઉલ્લંઘન કરી. ત્યાર પછી મસ્તક પર ચિત્રાનક્ષત્રનો ઘોર તાપ અને પગમાં તપેલી રેતીને સહન કરવાથી અગ્નિના સરાવસંપુટની અંદર જાણે વસેલ હોય તેવો અનુભવ કરતા, સ્વચ્છ જલમાં, કમલોમાં અને હંસાદિક પક્ષીઓમાં અવિશ્રાંત હૃદયે 'રે મિત્ર! તું કયાં છે?' એવી રીતે પોકારતા, મદગંધી સપ્તવર્ણની વાસથી કાંધ પામી દોડતા હાથીઓની વચમાં વનાંતરે આવેલા હાથીની જેમ ચાલતા અને મિત્રની પેઠે કમલના સુગંધી પવને પ્રેરેલા તે મહેંદ્રસિંહે શરદૃઋતુના મેઘની જેમ ભમી ભમીને શરદૃઋતુને ઉલ્લંઘન કરી. ત્યાર પછી જાણે હિમાલયનો બંધુ હોય તેવા ઉત્તર દિશાના પવનવડે સરોવર અને નદીઓના હિમરૂપ થયેલા જળમાં, દાવાનળથી પણ અદાહ્ય છતાં જલમાં દહન થતી એવી પદ્મ, કલ્હાર, કૈરવ અને ઉત્પલની પંક્તિઓમાં અને શીતથી પીડિત હોવાથી દાવાનલની પણ ઈચ્છા કરતા કિરાત લોકોમાં દૃઢ નિશ્ચયથી ફરતા એવા તેણે હેમંતઋતુ પણ નિર્ગમન કરી. ત્યાર પછી વૃક્ષોના શીર્ણ થઇ પડી ગયેલા જાનુ સુધી જીર્ણ પત્રોમાં ગુપ્ત રીતે રહેલા સર્પ અને વીંછીઓની ઉપર નિઃશંકતાથી ચરણન્યાસ કરતા અને કર્ણના મર્મને વીંધતા હોય તેવા દુઃશ્રવ મર્મર શબ્દ વડે જાગ્રત થઈ ઊંચા કાન કરી રહેલા કેસરીસિંહોના નાદથી પણ નહીં કંપતા એવા તેણે નવીન પલ્લવના સ્વાદમાત્રથી ઉદરને ભરતા સતા શિશિર ઋતુને મિત્રની પીડા વડે અતિ ઠંડા થઈ જઇને નિર્ગમન કરી. એવી રીતે સનત્કુમારની શોધને માટે અટવીમાં ફરતાં મહેંદ્રસિંહને એક વર્ષ ચાલ્યું ગયું.

એક વખતે તે અટવીમાં કેટલેક દૂર જઇને નિમિત્તિઆની જેમ ઊંચું મુખ કરી દિશાઓને જોતો હતો તેવામાં જલકુકડી, કૌંચ, હંસ અને સારસપક્ષીઓનો હર્ષકોળાહલ તેના સાંભળવામાં આવ્યો અને કમળની ખુશબોને વહન કરતા પવનથી તેને આશ્વાસન મળ્યું; તેથી તે અનુમાન વડે 'અહીં નજીકમાં કોઇ સરોવર છે' એવો તેને નિશ્ચય થયો. તત્કાલ આનંદનાં અશ્રુ આવવાથી મિત્રનો સમાગમ થશે, એવો નિશ્ચય કરી રાજહંસની પેઠે તે સરોવરની સન્મુખ ચાલ્યો. આગળ જતાં ગાંધાર રાગમાં ગવાતું ગાયન,

મધુર વેણુનો નાદ અને મનોહર વીણાનો ધ્વનિ તેના સાંભળવામાં આવ્યો. એટલે હર્ષ સહિત આગળ ચાલતાં વિચિત્ર વેષધારી રમણીઓની વચમાં રહેલા અને પ્રિય છે દર્શન જેનું એવા પોતાના મિત્ર સનત્કુમારને તેણે દીઠો. તત્કાલ તેના મનમાં વિચાર થયો કે 'શું આ મારો પ્રિય મિત્ર સનત્કુમાર છે! વા શું કોઈ માયા છે! કે શું ઇંદ્રજાળ છે અથવા શું મારા હૃદયમાંથી બહાર નીકળીને તે અહીં પ્રગટ થયો છે!' આવો વિચાર કરતો હતો, તેવામાં કોઈ વૈતાળિકના મુખમાંથી આ પ્રમાણે કર્ણમાં અમૃત જેવાં વાકય તેના સાંભળવામાં આવ્યાં–"કુરુવંશ રૂપી સરોવરમાં હંસ સમાન, અશ્વસેન રૂપી સમુદ્રમાં ચંદ્ર સમાન અને સૌભાગ્યના કામદેવ સમાન હે સનત્કુમાર! તમે જય પામો. વળી વિદ્યાધરોની કન્યાઓની ભુજલતાને આલિંગન કરવાનું વૃક્ષ અને વૈતાઢય ગિરિની બંને શ્રેણીની જયલક્ષ્મીવડે આઢય એવા હે કુમાર! તમે જય પામો." આ પ્રમાણે સાભળતાંજ ગ્રીષ્મથી તપેલો હાથી જેમ જલાશય સમીપે આવે તેમ તે સનત્કુમારની પાસે ગયો. અશ્રુધારાની સાથે ચરણકમળમાં પડતા મહેંદ્રસિંહને ઉભો કરીને સનત્કુમારે આલિંગન કર્યું. અતર્કિત થયેલ પરસ્પરના સમાગમથી વિસ્મય પામેલા બન્ને મિત્રો વર્ષાકાળના મેઘની જેમ હર્ષાશ્રુને વર્ષાવવા લાગ્યા. વિદ્યાધરોના કુમારોએ આશ્ચર્યથી જોયેલા બંને મિત્રો રોમે રોમે હર્ષિત થઈ મોટાં મૂલ્યવાળાં આસન ઉપર બેઠા. દૃષ્ટિ અને મન બીજે નહીં રાખતાં તે બંને પરસ્પર યોગીની જેમ રૂપસ્થ ધ્યાનની મુદ્રામાં પરાયણ થયા. સનત્કુમારના યોગથી મહેંદ્રસિંહનો શ્રમ દિવ્ય ઔષધથી રોગની જેમ ઉતરી ગયો. પછી સનત્કુમાર પોતાના નેત્રના હર્ષાશ્રુ લુંછી અમૃત જેવી વાણીવડે મહેંદ્રસિંહ પ્રત્યે બોલ્યો–"પ્રિયમિત્ર! અહીં શી રીતે આવ્યા? એકાકી કેમ છો? હું અહીં છું તે તમે શી રીતે જાણ્યું? આટલો વખત ક્યાં નિર્ગમન કર્યો? મારો વિયોગ થતાં પૂજ્ય પિતાએ શી રીતે પ્રાણ ધારણ કર્યા? અને માતાપિતાએ આવા દુર્ગમ પ્રદેશમાં તમને એકલા કેમ મોકલ્યા?" આ પ્રમાણે કુમારે પૃછયું, એટલે મહેંદ્રસિંહે ગદ્ગદ વાણીએ પોતાનું પૂર્વ વૃત્તાંત યથાર્થ રીતે કહી આપ્યું. પછી સનત્કુમારે ચતુર એવી વિદ્યાધરોની રમણીઓ પાસે તેને સ્નાન અને ભોજનાદિ કરાવ્યું. પછી વિસ્મયથી પ્રફુલ્લિત લોચનવાળો મહેંદ્રસિંહ વિનયથી અંજલિ જોડી બોલ્યો–"પ્રિયમિત્ર! તે તુરગ પછી તમને કેટલી ભૂમિ સુધી લઈ ગયો? અને ત્યારથી થયેલા મારા વિયોગમાં તમને શું પ્રાપ્ત થયું? તેમજ આ સમૃદ્ધિ તમને કયાંથી પ્રાપ્ત થઈ? તે જો મારાથી ગોપવવા યોગ્ય ન હોય તો પ્રસન્ન થઇને કહેવાને યોગ્ય છો." આવાં તેનાં વચન સાંભળી સનત્કુમારે ચિત્તમાં વિચાર કર્યો કે "આ આત્મ સમાન મિત્રથી ગોપવી રાખવા યોગ્ય કાંઇ પણ નથી. પરંતુ જો કોઇ બીજો પણ પોતાનું વૃત્તાંત કહે તો તેથી પણ મહાત્માઓ લજ્જા પામે છે, તો હું મારૂં વૃત્તાંત સ્વમુખે શી રીતે કહું! માટે બીજા પાસે કહેવરાવું." આવી રીતે નિશ્ચય કરી તે અશ્વસેનના કુમારે પોતાના વામ પડખે રહેલી પ્રિયાને એવી આજ્ઞા કરી કે "વિદ્યાથી મારો વૃત્તાંત જાણનારી હે પ્રિયા **અકુલમતિ**! આ મારા મિત્ર મહેંદ્રસિંહને મારી કથા કહી સંભળાવો, કેમકે અત્યારે મારાં નેત્રકમળમાં નિદ્રા આવે છે." આ પ્રમાણે કહી સનત્કુમાર સુવાની ઇચ્છા દેખાડીને ઘરમાં ગયો.

હવે અકુલમતિ વિદ્યાધરી મહેંદ્રસિંહને કહે છે–"હે રાજા! તમો સૌના જોતજોતામાં તે અશ્વે તમારા મિત્રનું હરણ કર્યા પછી વેગવડે દોડતા તેણે યમરાજના રહસ્યક્રીડાસ્થાન જેવી એક મોટી અને ભયંકર અટવીમાં પ્રવેશ કર્યો. બીજે દિવસે પણ પંચમ

ધારાથી તે અશ્વ ચાલવા લાગ્યો. પરંતુ પછી મધ્યાહ્નકાલ થયો ત્યારે ક્ષુધા અને પિપાસાથી પીડિત થઈને જિહ્વા કાઢતો તે ઊભો રહ્યો; એટલે શ્વાસથી જેનો કંઠ પૂરાઈ ગયો છે અને જેના ચરણ અકડાઈ ગયા છે એવા તે અશ્વ ઉપરથી, પડતી દીવાલપરથી ઉતરી પડે તેમ તમારા મિત્ર ઉતરી પડયા. પછી અશ્વના ઉદર ઉપરથી બંધન અને લાંબો પટ્ટો છોડીને તેના પલાણ અને લગામ ઉતારી લીધા. તેજ વખતે તે અશ્વ ગતિ પૂર્ણ થવાથી પૃથ્વી ઉપર પડી ગયો અને જાણે પડવાના ભયથી હોય તેમ તત્કાળ તેના પ્રાણ નીકળી ગયા. પછી આર્યપુત્ર જલપાન કરવાની ઈચ્છાથી આમ તેમ જળ શોધવાને માટે તે ભૂમિમાં ફરવા લાગ્યા. તથાપિ મરૂ ભૂમિની જેમ કયાંય પણ જળ તેના જોવામાં આવ્યું નહીં. અંગની સુકુમારતાથી, અત્યંત દૂર આવવાના શ્રમથી અને અટવીના દાવાનળના દાહથી તમારા મિત્ર ઘણા આકુલવ્યાકુલ થઇ ગયા. તેથી નજીક રહેલા સપર્ણ વૃક્ષની નીચે જઈને બેઠા, તેવા જ નેત્ર મીંચીને પૃથ્વીપર પડયા. તે વખતે પુણ્યયોગે તે વનના અધિષ્ઠાયક યક્ષે આવીને અમૃતની જેવા શીતળ જળવડે તેના સર્વ અંગ ઉપર સિંચન કર્યું. તેનાથી સંજ્ઞા પ્રાપ્ત કરીને બેઠા થયા પછી તે દેવતાના આપેલા જળનું તેમણે પાન કર્યું. પછી તમારા મિત્રે ધીમેથી તેને પૂછયું–'તમો કોણ છો ? અને આ જળ કયાંથી લાવ્યા છો ?' યક્ષે કહ્યું–'હું અહીં વસનારો યક્ષ છું અને આ જળ તમારે માટે માનસ સરોવરમાંથી લાવ્યો છું.' ફરી આર્યપુત્ર બોલ્યા–'આ મારા અંગમાં એટલો બધો સંતાપ થાય છે કે જે માનસસરોવરમાં નાહ્યા વગર શાંત થશે નહીં.' તે વખતે 'તમારી ઈચ્છા હું પૂરી કરીશ' એમ કહીને તે યક્ષરાજ તમારા મિત્રને કદલી વૃક્ષના સંપુટમાં બેસારી માનસસરોવરે લઇ ગયો. ત્યાં મહાવત જેમ હાથીને સ્નાન કરાવે તેમ શીતળ અને નિર્મલ જલવડે તેણે આર્યપુત્રને સ્નાન કરાવ્યું. એટલે નિપુણ પગચંપી કરનાર પુરૂષની જેમ સર્વ અંગે સુખસ્પર્શવાળા એ જલથી તેમનો શ્રમ દૂર થઈ ગયો. તે વખતે તમારા મિત્રના પૂર્વ જન્મનો શત્રુ અસિતાક્ષ નામે યક્ષ તમારા મિત્રને હણવાને માટે નવીન યમરાજ આવે તેમ ત્યાં આવ્યો 'અરે ! ઉભો રહે, ભુખ્યો સિંહ જેમ હાથીને જુએ તેમ મેં તને ઘણે કાળે જોયો છે, તો હવે તું કેટલેક દૂર જઈશ ?' આ પ્રમાણે કહી તિરસ્કારપૂર્વક તેણે એક લાકડી ફેંકે તેમ એક વૃક્ષ ઉખેડીને તમારા મિત્રની ઉપર ફેંકયું. વૃક્ષને આવતું જોઈ તમારા મિત્રે હાથી જેમ ધમણને ઉછાળે તેમ હાથના પ્રહાર વડે તેને દૂર ફેંકી દીધું. પછી ક્રોધ પામેલા તે યક્ષે જાણે અકાલે કલ્પાંત કાલ થતો હોય તેમ રજ ઉડાડીને સર્વ જગત્‌ને અંધકારમય કરી દીધું અને ધૂમાડાના જેવા ધૂમ્રવર્ણી તેમજ ભયંકર આકૃતિને ધારણ કરનારા હોવાથી જાણે અંધકારના સહોદર હોય તેવા કેટલાએક પિશાચો વિકુર્વ્યા. જાણે જંગમ ચિતાગ્નિ હોય તેમ જવાળાઓથી વિકરાળ મુખવાળા, પડતા વજ્રના ધ્વનિ જેવો અટ્ટહાસ કરતા, પિંડાકાર કેશવાળા, દાવાનલ સહિત પર્વત હોય તેવાં પીળાં નેત્રવાળા, જેના કોટરમાં સર્પ રહ્યા હોય તેવા જાણે વૃક્ષો હોય તેમ લાંબી જિહવાઓને ધરનારા, અને તીક્ષ્ણ વાંકી તથા મોટી દાઢોથી જાણે મુખમાં કાતીને ધારણ કરી હોય તેવા તે પિશાચો, મક્ષિકાઓ જેમ મધ ઉપર દોડે તેમ આર્યપુત્ર ઉપર દોડયા. નટની જેમ શરીરથી અનેક પ્રકારની આકૃતિઓ બતાવી તેઓ તેમની આગળ આવી ફરવા લાગ્યા, તથાપિ તમારા મિત્ર તેઓને જોઈને જરા પણ ભય પામ્યા નહીં. એ બલવાન્ આર્યપુત્ર જ્યારે એવા પિશાચોથી ભય પામ્યા નહીં, ત્યારે તે યક્ષે અકાલે કાલપાસ જેવા નાગપાસથી તેમને બાંધી લીધા. પણ તત્કાળ ઉન્મત્ત હાથી જેમ પોતાના હસ્ત (સુંઢ) થી વલ્લીઓને તોડે તેમ આર્યપુત્રે તે સર્વ નાગપાસ તોડી નાખ્યાં. પછી વિલખો થયેલો યક્ષ, સિંહ જેમ પુંછવડે પર્વતના

શિખરપર પ્રહાર કરે તેમ પોતાના હાથ વડે પ્રહાર કરી કરીને આર્યપુત્રને મારવા લાગ્યો. તે વખતે ક્રોધ પામેલો મહાવત જેમ હાથીને લોઢાનો ગોળો મારે તેમ આર્યપુત્રે વજ્ર જેવી મુષ્ટિવડે તેની ઉપર પ્રહાર કર્યો. પછી પર્વત ઉપર વિદ્યુત્‌વડે મેઘની જેમ યક્ષે લોઢાના મોટા મુદ્‌ગરથી આર્યપુત્રપર પ્રહાર કર્યો. એટલે તેમણે ચંદન વૃક્ષને ઉન્મૂલીને તેવડે યક્ષપર પ્રહાર કર્યો, જેથી સુકાઈ ગયેલા વૃક્ષની જેમ તે યક્ષ પૃથ્વીપર પડી ગયો. થોડીવારે બેઠા થઈ યક્ષે ક્રોધથી એક શિલાની માફક પર્વતને ઉપાડીને આર્યપુત્રની ઉપર નાખ્યો. તે ગિરિના પ્રહારથી તમારા મિત્ર ક્ષણવાર સાયંકાલે દ્રહનું જળ જેમ નિશ્ચલ રહે તેમ નેત્રકમળને વીંચી નિશ્ચેતન થઈ ગયા. થોડીવાર પછી સંજ્ઞા મેળવી મેઘને જેમ મહાવાયુ વિખેરી નાખે તેમ તે પર્વતને દૂર કરી નાખીને આર્યપુત્ર પોતાના બાહુથી યુદ્ધ કરવા પ્રવર્ત્યા. પછી દંડ વડે યમરાજની જેમ તમારા મિત્રે ભુજદંડથી તેની ઉપર પ્રહાર કરીને તેના કણ કણ જેવા કટકા કરી નાખ્યા, તથાપિ અમરપણાને લીધે તે યક્ષ મૃત્યુ પામ્યો નહીં. પરંતુ મરવાને ઇચ્છતા ડુક્કરની જેમ મહા આકરી ચીસ પાડીને તે અસિતાક્ષ યક્ષ ત્યાંથી વાયુવેગે નાસી ગયો. તે વખતે રણકૌતુકને જોનારી દેવી અને વિદ્યાધરોની સ્ત્રીઓએ ષટ્ ઋતુઓની લક્ષ્મીની જેવી તમારા મિત્ર ઉપર પુષ્પવૃષ્ટિ કરી.

પછી વીર હૃદયવાળા તે આર્યપુત્ર દિવસના અપરાન્હ કાલે ત્યાંથી ચાલી ઉન્મત્ત હસ્તીની જેમ બાહ્ય ભૂમિમાં આવ્યા. ત્યાં કામદેવને જીવાડવાના ઔષધ જેવા તમારા મિત્રને આ ખેચરકન્યાઓ જે નંદન વનમાંથી ત્યાં આવેલી હતી તેમણે દીઠા. તેઓ તમારા મિત્રને જોઇને મનોહર હાવભાવ કરતી સ્વયંવર માળાની જેવી મદાલસ દૃષ્ટિઓ તેમના પર નાખવા લાગી; તેથી વક્તાઓમાં મુખ્ય એવા આર્યપુત્ર તેમનો ભાવ પ્રગટ કરવાની ઇચ્છાથી તેમની પાસે જઇને અમૃત જેવી મધુર વાણી વડે બોલ્યા–" તમે કયા મહાત્માની કુલભૂષણ પુત્રીઓ છો ? અને શા હેતુવડે તમે આ અરણ્યને અલંકૃત કરેલું છે ?" તેમણે કહ્યું–" હે મહાભાગ ! વિદ્યાધરોના રાજા શ્રીમાન્ ભાનુવેગની અમે આઠ કન્યાઓ છીએ અને અહીંથી નજીક અમારા પિતાની ઉત્તમ નગરી છે, માટે કમલિનીમાં રાજહંસની જેમ તમે વિશ્રાંતિ લેવાને માટે તેને અલંકૃત કરો." આવાં તેમનાં નમ્ર વચનથી તમારા મિત્ર તે નગરીમાં આવ્યા. તે વખતે જાણે સંધ્યાવિધિ કરવા જતો હોય તેમ સૂર્ય પશ્ચિમ સમુદ્રમાં મગ્ન થઇ ગયો. તે આઠ કન્યાઓને માટે વર શોધવાની ચિંતારૂપ શલ્યથી પીડાતા તેમના પિતાને વિશલ્ય કરવાની ઔષધિરૂપ તમારા મિત્રને તે કન્યાઓએ અંતઃપુરના પુરૂષોની સાથે તેમના પિતાની સમીપે મોકલ્યા. તેમને જોઈ ભાનુવેગ વિદ્યાધરે ઉભા થઇ આદર આપીને કહ્યું–" બહુ સારૂં થયું અને આજે અમારૂં ગૃહ પવિત્ર થયું, કે જેથી તમારા જેવા પુણ્યરાશિ પુરૂષ અમારા ભાગ્યવડે અહીં સ્વયમેવ પધાર્યા. તમે આકૃતિથીજ કોઇ મોટા વંશમાં ઉત્પન્ન થયેલા વીર પુરૂષ હો તેમ જણાઓ છો. કેમકે ક્ષીર સાગરમાંથીજ ચંદ્રનો જન્મ હોવો જોઇએ એવું તેની મૂર્ત્તિથીજ અનુમાન કરાય છે. આ કન્યાઓના તમે યોગ્ય વર છો, તેથી હું પ્રાર્થના કરૂં છું કે આ મારી આઠ કન્યાઓનું તમે પાણિગ્રહણ કરો. કારણકે સુવર્ણમાંજ રત્નજડાય છે."

આ પ્રમાણેની ભાનુવેગની પ્રાર્થનાથી આર્યપુત્ર આઠ દિશાઓની લક્ષ્મીની જેવી તે આઠ કન્યાઓને વિધિપૂર્વક પરણ્યા. પછી તેઓની સાથે રતિગૃહમાં જઇને કંકણબંધ સહિત રત્નપલંગપર નિદ્રાસુખ અનુભવવા લાગ્યા. તેવામાં તેમને નિદ્રાથી પરાજિત થયેલા

જોઈ અસિતાક્ષ યક્ષે આવી ત્યાંથી ક્ષણવારમાં ઉપાડીને બીજા સ્થાને ફેંકી દીધા. **બળવાનોથી પણ છળ ઘણું બળવાન છે.** જાગ્રત થયા પછી કંકણ સહિત પોતાના શરીરને અરણ્યમાં એકાકી ભૂમિપર પડેલું જોયું એટલે "આ શું થયું!' એમ તમારા મિત્ર આશ્ચર્ય પામીને વિચારવા લાગ્યા. પછી એકાકીપણે અટવીમાં પૂર્વવત્ અટન કરતાં સાત માલનો અને આકાશ સુધી ઊંચો એક પ્રાસાદ તેમના જોવામાં આવ્યો. 'શું આ કોઈ માયાવીનો માયાવિલાસ હશે?' એમ વિચાર કરતાં આર્યપુત્ર તે પ્રસાદની નજીક આવ્યા. ત્યાં ટીટોડીની જેમ કરૂણ સ્વરે વનને પણ રૂદન કરાવતું કોઇ સ્ત્રીનું રૂદન તેમના સાંભળવામાં આવ્યું. તે સાંભળીને દયાવીર આર્યપુત્ર નક્ષત્રના વિમાનની ભ્રાંતિ આપતી એ પ્રાસાદની સાતમી ભૂમિકા સુધી ચડ્યા. ત્યાં 'હે કુરૂવંશી સનત્કુમાર! જન્માંતરમાં પણ તમેજ મારા ભર્ત્તા થજો.' આ પ્રમાણે વારંવાર કહેતી અને નેત્રમાં અશ્રુ લાવી નીચું મુખ કરી રહેલી એક લાવણ્યવતી કન્યા તમારા મિત્રના જોવામાં આવી. પોતાનું નામ સાંભળી 'મારી સાથે સંબંધ ધરાવનાર આ કોણ હશે?' એમ શંકા કરતા તે આર્યપુત્ર પ્રત્યક્ષ ઈષ્ટદેવતા હોય તેમ તે સ્ત્રીની આગળ આવીને બોલ્યા–"હે ભદ્રે! તું કોણ છે? તે સનત્કુમાર કોણ છે? તું અહીં કેમ આવી છે? અને તારે શું દુઃખ આવી પડ્યું છે કે જેથી તું તેનું સ્મરણ કરતી રૂદન કરે છે?" આવાં તેમનાં વચનથી તે બાલિકા તત્કાળ હર્ષ પામી અને જાણે અમૃત વર્ષાવતી હોય તેવી મધુર વાણીએ બોલી–"સાકેતપુર નગરના અધિપતિ સુરાષ્ટ્રરાજા અને દેવી ચંદ્રયશાની સુનંદા નામે હું પુત્રી છું; અને કુરૂવંશ રૂપી આકાશમાં સૂર્ય સમાન તેમજ રૂપથી કામદેવનો તિરસ્કાર કરનાર સનત્કુમાર નામે અશ્વસેનરાજાના પુત્ર છે. એ મહાભુજ મનોરથમાત્રવડેજ મારા ભર્ત્તાર થયા છે અને મારા માતાપિતાએ પણ જલ મૂકીને મને તેમનેજ આપી છે. મારો વિવાહ થયા પછી કોઈ એક વિદ્યાધર પરદ્રવ્યનું ચોર હરણ કરે તેમ મને મારા સ્થાનમાંથી ઉપાડીને અહીં લઇ આવ્યો છે, અહીં આવી, આ પ્રાસાદ વિકુર્વી, મને અહીં મૂકીને તે વિદ્યાધર કોઇ ઠેકાણે ચાલ્યો ગયો છે. હવે આગળ શું થશે તે હું જાણતી નથી." આર્યપુત્રે કહ્યું-"અરે ભીરૂલોચના! હવે તું બીહીશ નહીં; જેનું તું સ્મરણ કરે છે તેજ હું કુરૂવંશી સનત્કુમાર છું." તે બોલી–"હે દેવ! તમે ચિરકાળે મારા દૃષ્ટિમાર્ગે આવ્યા છો. દૈવે મને આજે સુસ્વપ્નની જેમ તમારૂં દર્શન કરાવ્યું છે."

આ પ્રમાણે તે બંને વાર્ત્તાલાપ કરતા હતા તેવામાં ક્રોધથી રાતા નેત્રવાળો વજ્રવેગ નામે વિદ્યાધર વજ્રની જેવા વેગથી ત્યાં આવી પહોંચ્યો. તત્કાળ તે વિદ્યાધરે આર્યપુત્રને ઉપાડી ઉછળતા બેચરના ભ્રમને આપે તેવી રીતે આકાશમાં ઉછાળ્યા. તે વખતે "હા નાથ! દૈવે મને મારી નાખી" એમ બોલતી તે બાળા સડી ગયેલા પાંદડા પેઠે પૃથ્વીપર પડી ગઇ; તેવામાં તો તત્કાળ આર્યપુત્રે ક્રોધ કરી વજ્રજેવા પરાક્રમથી મસ્તકની ઉપર મુષ્ટિ મારે તેમ મુષ્ટિપ્રહારવડે તે દુરાશય વજ્રવેગને મારી નાખ્યો; અને ચંદ્રની જેમ નેત્ર-રૂપ કુમુદને આનંદ આપતા આર્યપુત્ર કિંચિત્ પણ અંગભંગ વગર તે બાલાની પાસે આવ્યા. પછી તેને આશ્વાસન આપી એ બુદ્ધિમાન વીરે તરતજ તેની સાથે પાણિગ્રહણ કર્યું; તે વખતે નિમિત્તીઆઓએ 'આ સ્ત્રીરત્ન થશે' એવી સૂચના કરી.

તેવામાં વજ્રવેગની વંધ્યાવળી નામે એક સહોદર બેન પોતાના ભાઇના વધથી કોપ કરીને ત્યાં આવી, પણ 'જે તારા ભાઇનો વધ કરશે તે તારો ભર્ત્તા થશે' એવું જ્ઞાનીઓનું વચન સ્મરણ કરીને તે ક્ષણવારમાં શાંત થઇ ગઈ. "પોતાનો લોભ કયા કાર્યથી ન વધે? બધાથી વધી પડે." પછી જાણે બીજી જયલક્ષ્મી હોય તેમ સ્વયંવરમાં પરાયણ એવી તે

કુમારીકા આર્યપુત્રને પતિ કરવાની ઇચ્છાએ ત્યાં ઉભી રહી. તેથી આનંદ પામીને સુનંદાએ આર્યપુત્રને કહ્યું, એટલે તમારા મિત્ર એ રાગી બાળાને ગાંધર્વ વિવાહથી ત્યાં તરતજ પરણ્યા. તે વખતેજ ત્યાં કોઈ બે વિદ્યાધરોએ આવી અશ્વસેનના કુમારને બખ્તર સહિત મહારથ આપીને કહ્યું કે "સર્પને ગરૂડ મારે તેમ તમે વજ્રવેગને મારી નાખ્યો, તે ખબર સાંભળીને તેનો પિતા અશનિવેગ કે જે દિગ્ગજના જેવા પરાક્રમવાળો અને સર્વ વિદ્યાધરોનો રાજા છે તે વિદ્યાધરોના સૈન્યથી દિશાઓને આચ્છાદન કરતો, ક્રોધ રૂપી ક્ષાર જલનો સાગર થઈને તમારી સાથે યુદ્ધ કરવાને માટે આવે છે. તેથી અમારા પિતા ચંદ્રવેગ અને ભાનુવેગે પ્રેરેલા અમે બંને તમારા શ્વસુર પક્ષના સંબંધી હોવાથી તમને સહાય કરવાને અહીં આવ્યા છીએ. અમારા પિતાએ આ ઇંદ્રરથ જેવો રથ અને કવચ મોકલાવ્યાં છે, તે લઈને શત્રુના સૈન્યનો વિજય કરો. અમારા પિતા ચંદ્રવેગ અને ભાનુવેગ પણ પવન સરખા વેગવાળા વાહનોમાં બેસી સેનાસહિત હમણાંજ સહાય કરવા આવશે તેમ જાણજો; અને અમને બંનેને તેમની બીજી મૂર્ત્તિઓજ છીએ એમ સમજજો. આમ વાત કરે છે તેવામાં તો જાણે પૂર્વ અને પશ્ચિમના બે સમુદ્ર હોય તેમ ચંદ્રવેગ અને ભાનુવેગ મોટી સેના લઈને ત્યાં આવી પહોંચ્યા. તે વખતે આકાશ માર્ગે આવતા અશનિવેગના સૈન્યનો પુષ્કરાવર્ત્ત મેઘની જેવો મોટો કોલાહલ થઈ રહ્યા. તે સમયે વંધ્યાવળીએ આર્યપુત્રને પ્રજ્ઞપ્તિ નામે વિદ્યા આપી. કારણકે **સ્ત્રીઓ ભર્ત્તારને વશ હોય છે.** આર્યપુત્ર પણ તૈયાર થઈ તે રથ ઉપર બેસીને રણ કરવાને ઉત્કંઠિત થઈ ઉભા રહ્યા. કેમકે **ક્ષત્રિયોને રણસંગ્રામ પ્રિય હોય છે.** શત્રુઓના યશરૂપ ચંદ્રને રાહુરૂપ એવા ચંદ્રવેગ અને ભાનુવેગ વિગેરે વિદ્યાધરો પોતપોતાના સૈન્યથી આર્યપુત્રની ફરતા ફરી વળ્યા. એટલામાં તો 'પકડો, પકડો, મારો, મારો' એમ બોલતા બોલતા અશનિવેગના સૈનિકો અતિ વેગથી ત્યાં આવી પહોંચ્યા; તરત જ દીનતા રહિત બંનેના સૈનિકો યુદ્ધ કરવા લાગ્યા અને કુકડાની જેમ ક્રોધથી ઉછળી ઉછળીને પ્રહાર કરવા લાગ્યા. તે વખતે તેમના સિંહનાદો શિવાય બીજું કાંઇપણ સાંભળવામાં આવતું નહોતું અને પ્રદીપ્ત આ યુદ્ધ શિવાય બીજું કાંઇ જોવામાં પણ આવતું નહોતું યુદ્ધકળાને જાણનારા તે વીરો હસ્તીની જેમ સામા આવી, પાછા ખસી, વારંવાર પ્રહાર કરતા હતા અને પ્રહારોને ઝીલતા હતા. એ પ્રમાણે ચિરકાળ યુદ્ધ કરીને જ્યારે બંનેના સૈનિકો ભગ્ન થઈ ગયા, ત્યારે અશનિવેગ પવનવેગી રથમાં બેસીને સામો આવ્યો. 'અરે ! યમદ્વારનો નવીન અતિથી અને મારા પુત્ર વજ્રવેગનો શત્રુ કયાં છે ?' આ પ્રમાણે આક્ષેપ કરીને બોલતાં તેણે ધનુષ્ય ઉપર પણચ ચડાવી. તેજ વખતે 'યમરાજના દ્વારનો નવો અતિથિ અને તારા પુત્ર વજ્રવેગનો શત્રુ હું આ રહ્યો.' આ પ્રમાણે કહીને આર્યપુત્રે પણ ધનુષ્યને પણચ સહિત કર્યું. પ્રથમ મોટા પરાક્રમવાળા તે બંને વીરોનું સૂર્યના કિરણોને આચ્છાદન કરનારૂં બાણયુદ્ધ ચાલ્યું. પછી તે આર્યપુત્ર અને વિદ્યાધરપતિએ પરસ્પરને મારવામાં તત્પર થઈ ગદા વિગેરે અસ્ત્રોથી યુદ્ધ કર્યું, પણ પરસ્પર પરાજય પામ્યા નહીં. પછી તેઓ સર્પ ને ગારૂડ, આગ્નેય અને વારૂણ વિગેરે એક બીજાને બાધ કરનારાં દિવ્ય અસ્ત્રોવડે પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. ધનુષ્યનું આસ્ફાલન કરી બાણને છોડતા વિદ્યાધરપતિના ધનુષ્યની જીવા (પણછ) ને જીવની જેમ આર્યપુત્રે એક બાણથી છેદી નાખી, પછી મંડલાગ્રને આકર્ષીને દોડતા એવા અશનિવેગની અર્ધ (એક) ભુજાને અશ્વસેનના પુત્રે અર્ધ યશની જેમ છેદી નાખી, તે છતાં પણ જેનો એક દાંત ભંગ થયો હોય તેવા હાથીની જેમ અને એક દાઢે ભગ્ન થયેલા સિંહની જેમ એક ભુજદંડ જેનો છેદાયો છે એવો તે ક્રોધથી આર્ય-

પુત્ર ઉપર દોડયો. તેથી દાંતવડે અધરને ડંશીને પ્રહાર કરવાને દોડયા આવતા તે અશનિવેગના મસ્તકને મારા પતિએ તેજ વખતે વિદ્યાએ અર્પેલા ચક્રવડે છેદી નાખ્યું. તત્કાળ અશનિવેગની રાજ્યલક્ષ્મી મારા પતિને પ્રાપ્ત થઈ. કારણકે **પરાક્રમી પુરૂષોજ લક્ષ્મીનું સ્થાન છે.** પછી અશ્વસેનના કુમાર, ચંદ્રવેગાદિક વિદ્યાધરોના સ્વામીઓ સાથે નિઃશંકપણે વૈતાઢય ગિરિએ ગયા. ત્યાં સેવકપણાને પ્રાપ્ત થયેલા વિદ્યાધરપતિઓએ તમારા મિત્રને સર્વ વિદ્યાધરોના મહારાજાપણાનો અભિષેક કર્યો; અને નંદીશ્વર દ્વીપે ઇન્દ્ર કરે તેમ તેણે શાશ્વત અર્હંત પ્રતિમાઓનો અતુલ સમૃદ્ધિથી ત્યાં અષ્ટાહ્નિકોત્સવ કર્યો.

એક વખતે વિદ્યાધરશિરોમણિ મારા પિતા ચંદ્રવેગે આર્યપુત્રને વિનય પૂર્વક કહ્યું કે "પૂર્વે એક સમયે જ્ઞાનના સમુદ્ર અને અપૂર્વ મહિમાવાળા એક ઉત્તમ મુનિ મારા જોવામાં આવતાં મેં તેમને પૂછયું હતું કે આ મારી પુત્રીઓનો સ્વામી કોણ થશે ? એટલે તેઓ બોલ્યા કે 'આ બકુલમતિ વિગેરે તમારી સો કન્યાઓને **સનત્કુમાર** નામના ચોથા ચક્રવર્તી પરણશે.' ત્યારથી 'આ કન્યાઓ આપવાને તેની પાસે કેમ જવાય અને પ્રાર્થના પણ શી રીતે કરાય' એ પ્રકારે હું ચિંતા કર્યા કરતો હતો તેવામાં તો મારા ભાગ્યયોગે તમે અહીંજ આવ્યા છો; તેથી હે સ્વામી ! હવે પ્રસન્ન થાઓ, અને આ કન્યાઓને પરણો". **મોટા પુરૂષોની યાચના અને મહર્ષિનું વચન સફળજ થાય છે.** આ પ્રમાણે મારા પિતાએ પ્રાર્થના કરવાથી અર્થીજનને ચિંતામણિરૂપ તમારા મિત્ર હું વિગેરે સો કન્યાઓને પરણ્યા. ત્યારથી કોઈ વાર મધુર સંગીતથી, કોઈવાર ઉત્તમ નાટકો જોવાથી, કોઇવાર શ્રેષ્ઠ આખ્યાનો સાંભળવાથી, કોઇવાર સુંદર ચિત્રો જોવાથી, કોઈવાર દિવ્ય વાપીકાઓમાં જલક્રીડાના મહોત્સવથી, કોઈ વાર ઉદ્યાનમાં પુષ્પ ચુંટવાની ગમ્મતથી અને કોઇવાર તેવી બીજી કોઇ ક્રીડાઓ કરતાં, વિદ્યાધરીઓથી વીંટાઇને તમારા મિત્ર સુખે કાલ નિર્ગમન કરવા લાગ્યા. આજે ક્રીડા કરવાને માટે તમારા મિત્ર હમણાજ અહીં આવેલ છે તેવામાં તો તમે આવી મળ્યાથી દુર્દૈવનો મનોરથ વિનાશ પામ્યો અને તમારા મિત્ર હર્ષ પામ્યા."

આ પ્રમાણે બકુલમતિ કહેતી હતી, તેવામાં જલના દ્રહમાંથી જેમ હસ્તી નીકળે, તેમ સનત્કુમાર રતિગૃહમાંથી બહાર નીકળ્યા. વિદ્યાધરોથી વીંટાયેલા તે મહેંદ્રસિંહની સાથે મેરૂઉપર ઇંદ્ર જાય તેમ વૈતાઢય ગિરિપર ગયા. ત્યાં મોટી સમૃદ્ધિવડે કેટલોક કળા નિર્ગમન કર્યા પછી એક વખતે મહેંદ્રસિંહે આ પ્રમાણે યોગ્ય વિજ્ઞાપ્તિ કરી–"હે સ્વામી ! તમારી આ સમૃદ્ધિ જોઇને મારૂં મન ઘણું હર્ષ પામે છે પણ તમારા વિયોગથી પીડિત માતાપિતા જ્યારે સાંભરે છે ત્યારે તે વિશેષ ખેદ પામે છે. હું ધારું છું કે તે પુત્રવત્સલ માતાપિતા 'આ સનત્કુમાર, આ મહેન્દ્ર' એવી રીતે સર્વ વિશ્વને તન્મય રૂપે જ જોતા હશે. માટે હવે પ્રસન્ન થઇને હસ્તીનાપુર ચાલો અને સમુદ્રને જેમ ચંદ્ર આનંદ પમાડે તેમ તમે પિતૃજનને આનંદ પમાડો."

મહેન્દ્રસિંહનાં આવાં વચન સાંભળી તે તત્કાળ પિતા પાસે જવાને ઉત્કંઠિત થયા. એટલે સેના સહિત સેંકડો વિદ્યાધરપતિઓથી વીંટાયેલા અને પ્રકાશમાન વિમાનોથી આકાશને સેંકડો સૂર્યવાળું કરતા સનત્કુમાર હસ્તીનાપુર તરફ ચાલ્યા તે વખતે કેટલાએક વિદ્યાધરો તેમનીપર છત્ર ધરતા હતા, કોઈ ચામર ઢોળતા હતા, કોઈ પાદુકા ઉપાડતા હતા, કોઇએ પંખા લીધા હતા, કોઇએ છડી ગ્રહી હતી, કોઈએ તાંબૂલકરંડ હાથમાં રાખ્યા હતા, કોઈ માર્ગ બતાવતા હતા, કોઈ વિનોદ બતાવતા હતા, કોઇ ગુણસ્તુતિ કરતા હતા, કોઇ તેમની આસપાસ હાથી ઉપર બેસીને ચાલતા હતા, કોઇ અશ્વારૂઢ થઇ ફરતા હતા, કોઇ રથ ઉપર ચડયા હતા અને કોઇ પગે ચાલતા હત–આ

પ્રમાણે સર્વ પરિવાર લઇ શત્રુ રૂપી પર્વતને વજ્ર સમાન એવા સનત્કુમાર સ્ત્રીઓ અને મિત્રો સહિત હસ્તીનાપુર આવ્યા. ગ્રીષ્મના તાપથી પીડિતને મેઘની જેમ સનત્કુમારે પોતાના દર્શનથી દુઃખાર્ત્ત માતાપિતાને અને નગરજનોને આનંદિત કર્યા. તેજ વખતે મનમાં પ્રસન્ન થયેલા અશ્વસેન રાજાએ પોતાના રાજ્ય ઉપર સનત્કુમારને અને તેના સેનાપતિ તરીકે મહેન્દ્રસિંહને સ્થાપિત કર્યા; અને પછી શ્રી ધર્મનાથ તીર્થંકરના તીર્થના કોઇ સ્થવિર મુનિની પાસે દીક્ષા લઇને અશ્વસેન રાજાએ પોતાનો સ્વાર્થ સાધ્યો.

રાજ્યને નીતિથી પાલન કરતા સનત્કુમારને અનુક્રમે ચક્ર વિગેરે ચૌદ મહારત્નો પ્રાપ્ત થયા. પછી તેણે ચક્રના માર્ગને અનુસરીને ષટ્‌ખંડ ભરતક્ષેત્ર અને નૈસર્પ વિગેરે નવ નિધિ સાધ્યા; અને એક હજાર વર્ષે ભરતક્ષેત્રને સાધીને હસ્તીરત્નપર આરૂઢ થઇ હસ્તીનાપુરમાં પ્રવેશ કર્યો. નગરમાં પેસતાં એ મહાત્માને અવધિજ્ઞાનવડે સૌધર્મ-ઇન્દ્રે સૌહૃદપણાવડે જાણે સાક્ષાત્ પોતેજ હોય તેમ જોયા. 'પૂર્વ જન્મમાં આ સૌધર્મેંદ્ર હતા, તેથી તે મારા બંધુ છે' એવું વિચારી ઇંદ્રે સ્નેહવશ થઈને કુબેરને આ પ્રમાણે આજ્ઞા કરી કે "કુરૂવંશ રૂપી સાગરમાં ચંદ્રરૂપ અને અશ્વસેન રાજાના પુત્ર આ સનત્કુમાર ચક્રવર્ત્તી છે તે મહાત્મા મારે બંધુવત્ છે. તે ષટ્‌ખંડ ભરતને સાધી આજે પોતાના નગરમાં પ્રવેશ કરે છે, માટે તમે જાઓ અને તેમને ચક્રીપણાનો અભિષેક કરો." આ પ્રમાણે કહી ઇન્દ્રે સનત્કુમારને માટે હાર, ચંદ્રમાળા, છત્ર, બે ચામર, મુગટ, બે કુંડળ, બે દેવદૂષ્ય અને પ્રકાશમાન સિંહાસન, બે પાદુકા અને પાદપીઠ કુબેરને અર્પણ કર્યાં તથા તિલોત્તમા, ઉર્વશી, મેના, રંભા, તુંબરૂ અને નારદને તથા તે શિવાય બીજાઓને ઇંદ્રે ચક્રવર્ત્તીના અભિષેકમહોત્સવમાં જવા માટે આજ્ઞા કરી. આ પ્રમાણે આજ્ઞા થતાં તરતજ કુબેર તેઓની સાથે હસ્તીનાપુરમાં આવ્યા અને ઇંદ્રનો સંદેશો સનત્કુમારને કહ્યો. પછી સનત્કુમારની આજ્ઞા લઈને કુબેરે એક ક્ષણમાં રોહણગિરિના તટ જેવી એક યોજનના વિસ્તારવાળી માણિક્યમય પીઠ વિકુર્વી, તેની ઉપર દિવ્ય મંડપ રચીને તેના મધ્યમાં મણિપીઠ બાંધી અને તેની ઉપર એક સિંહાસન રચ્યું; કુબેરના આદેશથી દેવતાઓ ક્ષીર સમુદ્રનું જલ લાવ્યા અને સર્વ રાજાઓ અમૂલ્ય ગંધ માલ્યાદિ લાવ્યા. પછી કુબેરે વિજ્ઞપ્તિ કરીને ચક્રવર્ત્તીને તે ઉત્તમ સિંહાસનપર બેસાર્યા અને ઇંદ્રે આપેલી ભેટો અર્પણ કરી. ઇન્દ્રના સામાનિક દેવો વિગેરે પરિવારની જેમ સનત્કુમારનો સામંતાદિ પરિવાર મણિપીઠની ઉપર યોગ્ય સ્થાને બેઠો. પછી દેવતાઓએ નાભિરાજાના પુત્ર ઋષભદેવ ભગવાનની જેમ સનત્કુમારને પવિત્ર જલવડે ચક્રવર્ત્તીપણાનો અભિષેક કર્યો. તે વખતે તુંબરૂ પ્રમુખ ગાયકોએ મંગલ ગીત આરંભ્યાં, દેવતાઓએ પટહાદિક વાજિંત્રો વગાડ્યાં, રંભા ઉર્વશી વિગેરે નર્ત્તકીઓએ નૃત્ય કર્યું અને ગંધર્વોએ વિચિત્ર પ્રકારનાં નાટકો ભજવી બતાવ્યાં.

આ પ્રમાણે સનત્કુમારને અભિષેક કરીને દેવતાઓએ દિવ્ય વસ્ત્ર, અંગરાગ, નેપથ્ય અને માલાવડે તેમને અલંકૃત કર્યા. પછી હર્ષ પામેલા કુબેરે તેમને મદગંધી ગજરત્ન ઉપર બેસારી હસ્તીનાપુરમાં પ્રવેશ કરાવ્યો અને પોતાની અલકાનગરીની જેમ હસ્તીનાપુરને સમૃદ્ધિથી પૂર્ણ કરી. ત્યાર પછી ચક્રવર્ત્તીએ વિદાય કરેલા કુબેર વિગેરે પોતપોતાને સ્થાનકે ગયા. દેવકૃત અભિષેક થઈ રહ્યા પછી બત્રીશ હજાર મુગટબદ્ધ રાજાઓએ તથા બીજા સામંતાદિકોએ પોતાની સંપત્તિરૂપ વલ્લીમાં નીક રૂપ ચક્રાપણાનો અભિષેક કર્યો. તે અભિષેકના બાર વર્ષ પર્યંત ઉત્સવથી આખું હસ્તીનાપુર બાર વર્ષ સુધી દંડ, દ્રાણ

અને રાજસુભટોના પ્રવેશથી રહિત થયું. કર વિગેરેથી જરાપણ નહીં પીડતા એવા અને ઋદ્ધિમાં ઇંદ્ર સમાન એવા સનત્કુમારે પોતાની પ્રજાનું પિતાની જેમ પાલન કર્યું. આ ત્રણ જગત્માં તેના જેવો પ્રતાપવાન અને અપ્રતિમ રૂપવંત કોઈ બીજો થયો નથી.

એક વખત સુધર્મા સભામાં રત્નમય સિંહાસનપર બેસી શક્ર ઇંદ્ર સૌદામની નામે નાટક કરાવતો હતો. તે વખતે સર્વના રૂપને પરાભવ કરનારા એવા પોતાના નિર્દોષ રૂપથી પર્ષદામાં બેઠેલા દેવતાઓને વિસ્મય કરતો અને દેહની પ્રભાથી તે સ્વર્ગના વાસી સર્વ દેવોના તેજને ઢાંકી દેતો સંગમ નામે કોઈ દેવ ઇશાન કલ્પથી કાંઈ કાર્ય પ્રસંગે ત્યાં આવ્યો. ક્ષણવારે તેના ગયા પછી દેવતાઓએ શક્ર ઇંદ્રને પૂછ્યું–'આ દેવને આવું લોકોત્તર તેજ અને આવું અનુપમ રૂપ કેમ પ્રાપ્ત થયું હશે?' શક્રેંદ્ર બોલ્યા–'તેણે પૂર્વ જન્મમાં આચામ્લ વર્દ્ધમાન તપ કરેલું છે, તેથી તેને આવું રૂપ અને તેજ પ્રાપ્ત થયું છે.' દેવતાઓએ ફરીવાર પૂછ્યું–'આના જેવો કોઈ બીજો પુરૂષ આ જગત્માં હશે?' સૌધર્મપતિ બોલ્યા–'કુરૂવંશમાં શિરોમણિ સનત્કુમાર ચક્રવર્ત્તીનું જેવું રૂપ છે તેવું રૂપ કોઇ બીજે ઠેકાણે દેવમાં કે મનુષ્યમાં નથી.' તે સાંભળી વિજય અને વૈજયંત નામના બે દેવતાને તે રૂપની પ્રશંસાપર શ્રદ્ધા નહીં આવવાથી તેઓ પૃથ્વી પર આવ્યા અને તેમનું રૂપ જોવાને માટે તેઓ બ્રાહ્મણનું રૂપ ધરીને રાજદ્વારમાં આવી દ્વારપાલોની પાસે ઉભા રહ્યા. તે વખતે સનત્કુમાર સર્વ વેશ ઉતારી અંગપર અભ્યંગ કરાવી સ્નાન કરવાનો આરંભ કરતા હતા. તે સમયે દ્વારપાલે આવી દ્વાર ઉપર રહેલા તે બે બ્રાહ્મણોની ખબર આપી. એટલે ન્યાયવત્તી ચક્રવર્ત્તીએ તે વખતે પણ તેમને પ્રવેશ કરવાની આજ્ઞા આપી. તેઓ ત્યાં આવી રાજાને જોઈ મનમાં વિસ્મય પામી મસ્તકને ધુણાવી ચિંતવવા લાગ્યા–"અહો! શું સુંદર સ્વરૂપ છે! આનું લલાટ તો અષ્ટમીના ચંદ્રનો તિરસ્કાર કરે છે. નીલકમલની કાંતિને જીતનારાં નેત્રો કાન સુધી વિશ્રાંત થયાં છે. અધર પાકેલા બિંબફલની કાંતિનો પરાભવ કરે છે. કાન છીપની શોભાને લજાવે છે. કંઠ પાંચજન્ય શંખને જીતે છે. ભુજાઓ હસ્તીની સુંઢનો તિરસ્કાર કરે છે. ઉરસ્થળ સુવર્ણગિરિની શિલાની લક્ષ્મીને લુટે છે. મધ્ય કટીભાગ કેશરીસિંહના કુમારના ઉદર જેવો છે. વિશેષ શું કહેવું! એના સર્વ અંગની શોભા વાણીથી અગોચર છે. અહા! લાવણ્ય સરિતાનું પૂર કેવું ઉછળે છે કે જેથી ચંદ્રિકામાં તારાની કાંતિની જેમ શરીરપર કરેલું અભ્યંગ તો કાંઈ જણાતું પણ નથી. જેવું ઇંદ્રે વર્ણન કર્યું તેવું જ રૂપ છે તેમાં જરાપણ ફેર નથી. કેમકે **મહાત્માઓ કદિપણ મિથ્યા ભાષણ કરતા નથી.**"

સનત્કુમારે પૂછ્યું–"હે ઉત્તમ દ્વિજો! તમે અહીં શા માટે આવ્યા છો?" તેઓ બોલ્યા–"હે નરકેશરી! આ સચરાચર જગત્માં લોકોત્તર ચમત્કારી તમારૂં રૂપ ગવાય છે; તેથી હે પૃથ્વીંદ્ર! દૂરથી તે હકીકત સાંભળી અમને કૌતુક થવાથી તે જોવાને અમે અહીં આવ્યા છીએ. હે રાજા! લોકોમાં તમારા રૂપનું અદ્‌ભુત વર્ણન અમારા સાંભળવામાં આવ્યું હતું, તેનાથી પણ અહીં તો વિશેષ જોવામાં આવે છે." તે સાંભળી સ્મિત હાસ્યથી અધરને વ્યાપ્ત કરતા સનત્કુમાર બોલ્યા "દ્વિજવરો! અત્યારે મારૂં અંગ અભ્યંગથી વ્યાપ્ત છે, તેથી અત્યારે તો તમને થોડી કાંતિ જણાય છે. પરંતુ ક્ષણવાર એક તરફ ઉભા રહી રાહ જુઓ. મારે સ્નાન કરવાનો સમય છે તે થઇ રહ્યા પછી વિચિત્ર વેશ અને ઘણા આભૂષણોથી જ્યારે હું મારા શરીરને શણગારીશ ત્યાર પછી તે રત્ન સહિત કાંચન જેવું તમારા જોવામાં આવશે." આ પ્રમાણે કહી રાજા સ્નાન કરી, ઉત્તમ વેશ અને

આભૂષણ પહેરી ગગન પર સૂર્યની જેમ મોટા આડંબરથી સભામાં આવીને બેઠા. પછી રાજાની આજ્ઞા થતાં તે બંને બ્રાહ્મણ રાજાની પાસે આવ્યા. તે વખત તેમનું વિકૃત થયેલું રૂપ જોઈ ખેદ પામીને તેઓ વિચાર કરવા લાગ્યા–"અહા ક્ષણવારમાં તે રૂપ, તે કાંતિ અને તે લાવણ્ય કયાં ચાલ્યું ગયું! અથવા મનુષ્યોને સર્વ ક્ષણિકજ હોય છે." એ પ્રમાણે તેમને ખેદ પામતા જોઇ રાજાએ પૂછ્યું–"પ્રથમ મને જોઇને ખુશી થયા હતા અને અધુના અકસ્માત ખેદથી મલિન મુખવાળા કેમ થઈ ગયા છો?" તે વખત તે વિપ્રોએ અમૃત જેવી મધુર વાણીએ કહ્યું–"હે મહાભાગ! અમે સૌધર્મ દેવલોકના નિવાસી દેવતા છીએ. ત્યાં દેવતાઓની સભામાં શક્રેંદ્રે તમારા રૂપનું વર્ણન કર્યું, તે વાતપર અમને શ્રદ્ધા ન આવી, તેથી મનુષ્ય રૂપે અમે નજરે જોવાને અહીં આવ્યા; ત્યાં પ્રથમ તો ઇન્દ્રે જેવું કહ્યું હતું તેવું જ રૂપ અમારા જોવામાં આવ્યું; પણ અત્યારે જાણે તદ્દન જુદું જ હોય તેવું રૂપ જણાય છે. કેમકે અત્યારે તો નિઃશ્વાસોથી દર્પણની જેમ, કાંતિના સર્વસ્વને ચોરનારા વ્યાધિઓથી તમારો દેહ સર્વત્ર ઘેરાયેલો લાગે છે, તેથી તે ઘણો વિરૂપ થયેલો છે." આ પ્રમાણે કહી તે દેવતાઓ તરતજ અંતર્ધાન થઈ ગયા. પણ તેનાં વચનો સાંભળતાંજ રાજાએ બરફથી ગ્રસ્ત થયેલા વૃક્ષની જેમ પોતાનું શરીર કાંતિ રહિત અવલોકયું. તે વિચાર કરવા લાગ્યો કે "રોગના સ્થાનરૂપ આ શરીરને ધિક્કાર છે! તુચ્છબુદ્ધિવાળા મુગ્ધજનો તેની ઉપર ફોગટ મૂર્છા રાખે છે. આ શરીર અંદરથી ઉત્પન્ન થતા વિવિધ વ્યાધિઓવડે દારુણ ઉંદરોના કીડાથી કાષ્ઠની જેમ વિદીર્ણ થઈ જાય છે. વડના ફલની જેમ કદિ તે બહારથી રુચીકર હોય, તથાપિ અંદર કીડાઓથી આકુળ હોય છે. મોટા સરોવરના જલને સેવાળની જેમ રોગ શરીરની રૂપસંપત્તિને તત્કાળ બગાડી નાખે છે. શરીર શિથિલ થાય છે, પણ આશા શિથિલ થતી નથી, રૂપ ચાલ્યું જાય છે પણ પાપબુદ્ધિ જતી નથી; જરા સ્ફુરે છે પણ જ્ઞાન સ્ફુરતું નથી–તેવા પ્રાણીઓના સ્વરૂપને ધિક્કાર છે! આ સંસારમાં રૂપ, લાવણ્ય, કાંતિ, શરીર અને દ્રવ્ય તે સર્વ કુશાગ્ર પર રહેલા જલબિંદુની જેમ ચપલ છે, તેથી આજકાલ વિનાશ પામનારા શરીરથી સકામ નિર્જરાને કરનાર તપ કરવો તેજ તેનું મોટું ફલ અને સાર છે." આ પ્રમાણે વૈરાગ્યભાવના પ્રાપ્ત થવાથી સનત્કુમાર ચક્રીએ તરતજ દીક્ષા લેવાની ઇચ્છા કરી અને તત્કાળ પોતાના પુત્રને રાજ્યપર બેસાર્યો. પછી પોતે ઉદ્યાનમાં જઇ વિનયંધર સૂરિની પાસે વિનય પૂર્વક સર્વ સાવદ્ય વિરતિ (ચારિત્ર) તથા પ્રધાન એવું તપ ગ્રહણ કર્યું.

મહાવ્રતધારી, ઉત્તમ ગુણને ધારણ કરનાર, ગામે ગામ વિહાર કરનાર અને સમતામાં એકાગ્ર ચિત્તવાળા એ સનત્કુમાર મુનિની પછવાડે, મહાયૂથપતિ હાથીની પાછળ હાથીના વૃંદની જેમ ગાઢ અનુરાગના બંધથી સર્વ પરિવાર ચાલ્યો. પરંતુ કષાય રહિત, ઉદાસી, મમતાત્યાગી અને પરિગ્રહ વર્જિત તે રાજમુનિની છ માસ સુધી ઉપાસના કરીને અંતે સર્વ પરિવાર પાછો વળ્યો. એકદા છઠ્ઠને પારણે તે મુનિ ગોચરી લેવા કોઇના ઘરમાં ગયા. ત્યાં બકરીના દૂધની છાશ અને ચીનકકુર[1] મળ્યા. તેનો તેઓએ આહાર કરી લીધો. ફરીવાર પણ છઠ્ઠ કરીને તેવી રીતે જ પારણું કર્યું તેથી જાણે વ્યાધિના દોહદ પૂરા થયા હોય તેમ તેમના શરીરમાં વ્યાધિઓ વૃદ્ધિ પામ્યા ખસ, શોષ, સોજા, શ્વાસ, અરુચિ, ઉદરપીડા અને નેત્રપીડા એ સાત વ્યાધિઓને તે પુણ્યાત્માએ સમતાભાવે સાતસો વર્ષ સુધી સહન કર્યા. તે અને બીજા પણ દુઃસહ પરીસહોને સહન કરતાં છતાં ઉપાય કરવામાં તદ્દન અપેક્ષા રહિત એ મહાત્માને અનેક લબ્ધિઓ પ્રાપ્ત થઈ. તેમાં મુખ્ય કફ, વિપૃષ, જલ, મલ, વિષ્ટા, આમર્શ અને બીજું સર્વ ઔષધીમય થવા રૂપ સાત લબ્ધિઓ હતી.

---

૧ ધન્ના વિશેષ–તુચ્છ ધાન્ય.

તે સમયે હૃદયમાં ચમત્કાર પામી ઇંદ્રે દેવતાઓની પાસે તેમની પ્રશંસા કરવા માંડી –‘ અહા ! બળતા ઘાસના પુળાની જેમ ચક્રવર્ત્તીની લક્ષ્મીને છોડી દઈને આ સનત્કુમાર મુનિ દુસ્તપ તપ કરે છે. તપના પ્રભાવથી તેમને સર્વ લબ્ધિઓ પ્રાપ્ત થઇ છે, છતાં પણ શરીરમાં અપેક્ષા રહિત આ મહાત્મા પોતાના રોગોની પણ ચિકિત્સા કરતા નથી. ’ ઇંદ્રે કરેલી આવી પ્રશંસા સાંભળીને વિજય અને વૈજયંત દેવને તે પર શ્રદ્ધા આવી નહીં, તેથી તેઓ વૈદ્યનું રૂપ કરી સનત્કુમારની સમીપે આવ્યા. તેઓ બોલ્યા–“ મહાભાગ ! શા માટે રોગથી પરિતાપ પામો છો ? અમે બંને વૈદ્ય છીએ અને પોતાનાંજ ઔષધોથી સર્વની ઉત્તમ રીતે ચિકિત્સા કરીએ છીએ. તમારૂં શરીર રોગથી ગ્રસ્ત છે, તેથી જો આપની આજ્ઞા હોય તો તમારા વૃદ્ધિ પામેલા રોગનો અમે નિગ્રહ કરીએ. ” તેમનું આવું કથન સાંભળી મહા તપસ્વી સનત્કુમાર બોલ્યા–“અરે વૈદ્યો ! પ્રાણીઓના શરીરમાં દ્રવ્યરોગ અને ભાવરોગ એમ બે પ્રકારના રોગ હોય છે. ક્રોધ, માન, માયા અને લોભ–એ પ્રાણીઓના ભાવ રોગ છે. તેઓ જન્માંતરમાં પણ પ્રાણીની પાછળ જનારા અને અનંત દુઃખના આપનારા છે, તેથી તે રોગની ચિકિત્સા કરવાને જો તમે સમર્થ હો તો ચિકિત્સા કરો. તરફ અને જો દ્રવ્યરોગની ચિકિત્સા કરતા હો તો આ તરફ જુઓ.”–આ પ્રમાણે કહીને તેમણે ગલત પતથી શીર્ણ થઈ ગયેલી પોતાની આંગળીને પોતાના કફના બિંદુથી લિંપી એટલે તત્કાલ તે સુવર્ણ જેવી થઇ ગઈ ! સુવર્ણ શલાકાની પેઠે પ્રકાશમાન તે અંગુલીને જોઈ તેઓ તેમના ચરણમાં પડ્યા. અને બોલ્યા–“ પ્રથમ વિપ્ર રૂપે આવીને જે બે દેવતા તમારૂં રૂપ જોઈ ગયા હતા તેજ અમે બંને દેવતાઓ આજે વૈદ્ય થઈને આવ્યા છીએ. ‘અપૂર્વ લબ્ધિ પ્રાપ્ત થયા છતાં પણ સનત્કુમાર ભગવાન વ્યાધિની બાધાને સહન કરીને તપ કરે છે. આ પ્રમાણે ઇંદ્રે તમારી પ્રશંસા કરી તે સાંભળી અમોએ અહીં આવી પ્રત્યક્ષ રીતે પરીક્ષા કરી. ” આ પ્રમાણે કહી, પ્રણામ કરી તે બંને દેવ અંતર્ધાન થયા. અર્ધ લાખ વર્ષ કુમારવયમાં, અર્ધ લાખ વર્ષ મંડલિકપણામાં, દશ હજાર વર્ષ દિગ્વિજયમાં, નેવું હજાર વર્ષ ચક્રવર્ત્તીપણામાં અને લાખ વર્ષ વ્રતમાં–એમ સર્વ મળીને ત્રણ લાખ વર્ષનું આયુષ્ય–ચોથા ચક્રવર્ત્તી સનત્કુમારે ભોગવ્યું. પોતાનો અવસાનસમય જાણવામાં આવતાં અનશનવ્રત ગ્રહણ કરી અને ત્રણ લાખ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી એ સનત્કુમાર ચક્રવર્ત્તી પંચ પરમેષ્ઠીનું ધ્યાન ધરતા કાલધર્મ પામી સનત્કુમાર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા.

इत्याचार्यश्रीहेमचन्द्रविरचिते त्रिशष्टिशलाकापुरुषचरिते
महाकाव्ये चतुर्थपर्वणि सनत्कुमारचरित
वर्णनो नाम सप्तमः सर्गः समाप्तः ॥

श्रीसंभव प्रभृति तीर्थकृतां तृतीये
ऽष्टानां चरित्रमहपर्ववरेऽष्ट सर्गे ।
ध्येयं पदस्थमिव वारिरुहेऽष्टपत्रे
ऽनुध्यायतो भवति सिद्धिरवश्यमेव ॥१॥

॥ समाप्तं चेदं चतुर्थ पर्व ॥

॥ श्रीमदर्हते नमः ॥

श्री त्रिषष्टि शलाका पुरुष चरित्र

श्री शांतिनाथ चरित्र.

पर्व ५ मुं.

सर्ग १ लो.

सर्व जगत्ना पापनी शांति करनार एवा सोळमा तीर्थंकर अने पांचमा चक्रवर्त्ती श्री शांतिनाथ भगवंतने नमस्कार थाओ. मोहरूपी अंधकारनो नाश करवामां सूर्यरूप एवुं ते भगवंतनुं अति पवित्र चरित्र हुं कहीश.

चंद्रनी पेठे मंडलाकारधारी आ जंबूद्वीपनो सातमो अंश [१] आ भरतक्षेत्र छे. तेना दक्षिणार्धमां मध्यखंडना आभूषणरूप देवनगर जेवुं रत्नपुर नामे नगर छे. ते नगरमां कमळना जेवा लोचनवाळो श्रीषेण नामे एक राजा हतो, जे लक्ष्मीदेवीनो विकस्वर कमळनी जेम निवासरूप हतो. ते राजा ज्येष्ठ बंधुनी जेम हमेशां धर्मने बहुमान आपतो अने लघु बंधुनी जेम अर्थ अने कामने निर्बाधपणे पाळतो हतो. धर्मकर्ममां तत्पर एवो ते राजा निरंतर अर्थी लोकोनी प्रार्थना पूर्ण करतो हतो; पण कामातुर स्त्रीओनी प्रार्थना पूरतो नहोतो. तेवा ते राजानुं रूप सर्व उपमाओथी एवुं विलक्षण हतुं के जे चित्रकारोना चित्रविषयमां आवी शकतुं नहीं ते पोतानुं दंडप्रधान साम्राज्य पाळतो हतो; छतां सर्व वांछित पूरनार देवतानी जेम दयाने आराधतो हतो.

वाणीथी हृदयने आनंद आपनारी अने नेत्ररूप कुमुदने चंद्रिका जेवी अभिनंदिता नामे तेने शुद्ध शीलवाळी एक राणी हती. ते कदि मन वडे पण पोताना शीळनुं खंडन करती नहीं, तेथी पोताना आत्माने शोभावती हती, परंतु बाह्यमंडन तो तेना मनने निःसार लागतां हतां. पोताना शरीर उपर आरोपण करेलां आभूषणोने तेणे दीपाव्यां हतां, तेथी स्वाभाविक सुंदर ए बालाने ते आभूषणो मात्र भाररूप लागतां हतां. तरंगनी जेवा लावण्यमय पवित्र अवयवोथी सुंदर तेना स्वरूपनी नकल मात्र दर्पणमां जणाती हती, बीजी कोई उपमामां जणाती नहीं. ए गुणभूषित रमणी पोते एक छतां अनेकरूपा होय तेम मातृकुल, पितृकुल अने श्वसुरकुल ए त्रणे कुलने शोभावती हती. ते श्रीषेण राजाने मेघमाळानी जेम हृदयरूप मयूरने आनंद आपनारी शिखिनंदिता नामे

१. भूमिना प्रमाणमां सातमो अंश नहीं पण सात क्षेत्रमांनुं एक क्षेत्र होवाथी सातमो अंश समजवो.

એક બીજી રાણી પણ હતી. પતિની સાથે અખંડ વિષય સુખનો અનુભવ કરતી અભિનંદિતાને કેટલેક કાલે ગર્ભ રહ્યો. તે વખતે તેણે સ્વપ્નમાં પોતાના ઉત્સંગમાં રહેલા **સૂર્યચંદ્રને** જોયા. તે સાંભળીને 'તમારે બે ઉત્કૃષ્ટ પુત્ર થશે' એમ રાજાએ કહ્યું. ગર્ભસ્થિતિ સંપૂર્ણ થતાં તેજ વડે સૂર્ય ચંદ્રની જેવા બે કુમારને અભિનંદિતાએ જન્મ આપ્યો. શ્રીષેણ રાજાએ મોટા ઉત્સવથી **ઇંદુષેણ** અને **બિંદુષેણ** એવાં તેમનાં નામ પાડયાં. ધાત્રીમાતાએ પુષ્પની જેમ અતિ યત્નથી લાલન પાલન કરેલા તે બંને ભાઇઓ જાણે રાજાની બે ભુજા હોય તેમ અનુક્રમે વૃદ્ધિ પામ્યા. યોગ્ય વય થતાં રાજાએ ઉપાધ્યાયની પાસે પોતાના નામની જેમ વ્યાકરણાદિક શાસ્ત્રો તેમને ભણાવ્યાં. તેઓ શાસ્ત્ર, શસ્ત્ર અને બીજી કલાઓમાં પારંગત થયા; તેમજ વ્યુહમાં પ્રવેશ કરવામાં અને તેમાંથી નીકળવામાં પણ કુશળ થયા. અનુક્રમે કામવિકારરૂપ સૂર્યના પ્રકાશમાં પ્રાતઃકાળરૂપ પવિત્ર યૌવનવયને તેઓ પ્રાપ્ત થયા.

આ ભરતક્ષેત્રમાં મગધદેશને વિષે મોટી સમૃદ્ધિથી સર્વ ગ્રામોમાં મુખ્ય **અચલગ્રામ** નામે એક ગામ હતું. તે ગામમાં સાંગ ચતુર્વેદ જાણનાર અને સર્વ દ્વિજોમાં શિરોમણિ **ધરણીજટ** નામે એક પૃથ્વીતળમાં વિખ્યાત બ્રાહ્મણ રહેતો હતો. વિહાર કરતી ગૃહલક્ષ્મી હોય તેવી, કુલીન અને પવિત્ર ભક્તિવાળી **યશોભદ્રા** નામે એક તેને પત્ની હતી. તેનાથી અનુક્રમે **નંદિભૂતિ** અને **શિવભૂતિ** નામે બે કુલદીપક પુત્રો થયા, તેમાં નંદિભૂતિ જયેષ્ઠ હતો. તે ધરણીજટના ઘરમાં **કપિલા** નામે એક દાસી હતી. તેની સાથે પણ તે બ્રાહ્મણ ઘણા કાળથી રતિક્રીડા કરતો હતો. કારણકે **જગતમાં વિષયો દુર્જય છે.** સ્વચ્છંદે ક્રીડા કરતાં તે દુષ્ટ દ્વિજને કર્મે કરીને તે કપિલા દાસીથી **કપિલ** નામે એક પુત્ર થયો.

ધરણીજટે નમ્રતાથી શોભતા એવા યશોભદ્રાના ઉદરથી થયેલા બંને પુત્રોને રહસ્ય સહિત સાંગવેદ ભણાવ્યા. અતિ બુદ્ધિમાન કપિલ માત્ર મૌનપણે સાંભળી સાંભળીને વેદ-સાગરનો પારગામી થયો. કેમકે **બુદ્ધને શું અગોચર છે ?**

વિદ્વાન થયેલો કપિલ પિતૃગૃહમાંથી નીકળીને દેશાંતરે ચાલ્યો, અને કંઠમાં બે યજ્ઞોપવીત ધારણ કરી હું ઉત્તમ બ્રાહ્મણ છું એવું ડિંડિમ વગાડતો દેશાંતરમાં ફરવા લાગ્યો. **વિદ્વાનને કોઈ પરદેશજ નથી.** એ પ્રમાણે ભમતો અનુક્રમે રત્નપુર નગરમાં આવ્યો. ત્યાં વર્ષાઋતુના મેઘની જેમ પોતાનું પાંડિત્ય બતાવીને ગર્જના કરવા લાગ્યો. તે નગરમાં સર્વ નગરજનોનો ઉપાધ્યાય, કળાનો ભંડાર અને ઘણા બુદ્ધિમાન વિદ્યાર્થીઓથી શોભિત સત્યકિ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તે સત્યકિની પાઠશાળામાં પ્રતિદિન જઈને કપિલ પ્રશ્ન કરનારા વિદ્યાર્થીઓના અને બીજા વિદ્વાનોના સંશયને છેદતો હતો. તે જોઇને વિસ્મય પામેલા સત્યકિએ પણ કૌતુકથી મંત્રની જેમ દુઃખે જાણી શકાય તેવા શાસ્ત્રોના રહસ્ય કપિલને પૂછયા. શ્રદ્ધાલુ શિષ્યોએ ઉપાધ્યાયની બુદ્ધિથી જોયેલ કપિલે તે સર્વ રહસ્ય સવિશેષણે કહી આપ્યા. તે સાંભળી પ્રસન્ન થયેલા સત્યકિ ઉપાધ્યાયે યુવરાજને રાજાની જેમ તેને પોતાના કાર્યનો ધુરંધર કર્યો. **ઉજ્જ્વલ ગુણોનું મૂલ્ય ક્યાં ન થાય ?** ત્યાર પછીથી હમેશાં કપિલ સર્વ શિષ્યોને વ્યાખ્યાન આપવા લાગ્યો અને સત્યકિ પોતાના પુત્રની જેમ તેનાથી નિશ્ચિંતપણે રહેવા લાગ્યો. કપિલે પણ પિતાની જેમ સત્યકિની અતિ ભક્તિ કરવા માંડી; 'તેથી આને માટે હું શું કરૂં ?' તેમ સત્યકિ પ્રસન્ન મનથી વિચારવા લાગ્યો.

એક વખતે સત્યકિની **જંબૂકા** નામની પત્નીએ આ પ્રમાણે કહ્યું–" હે ભટ્ટજી ! જો કે તમે સાવધાન છો, તથાપિ હું તમને સ્મરણ આપું છું કે દેવકન્યાની જેમ નિઃસીમ રૂપ

લાવણ્યથી શોભતી, નમ્ર, લજ્જાલુ, ક્ષમા, મૃદુતા અને સરળતાથી દીપતી સત્યભામા નામે મારા ઉદરથી થયેલી કન્યા યૌવનવયને પ્રાપ્ત થઈ છે, તથાપિ તેને યોગ્ય વર તમે કેમ શોધતા નથી? જેને ઘેર કન્યા, કરજ, વૈર અને વ્યાધિ વૃદ્ધિ પામતાં હોય તેને શી રીતે નિદ્રા આવે? અને તમે તો નિશ્ચિંત થઇને સુવોછો તે કેવી વાત?" સત્યકિ બોલ્યો– "પ્રિયા! તમે કહ્યું તે સત્ય છે. આટલા વખત સુધી મને સત્યભામાને લાયક વર મળ્યો નથી, પણ આ કપિલ કે જે રૂપસંપન્ન, ગુણીજનમાં મુખ્ય, યુવાન વિનીત અને ઉત્તમ દ્વિજજાતિ છે તે સત્યભામાને ઉચિત વર છે." જાંબૂકાએ તે વાત સ્વીકારી. પછી સત્યકિએ શુભ લગ્નમાં સત્યભામા અને કપિલનો વિધિ પૂર્વક વિવાહ કર્યો. કપિલ ભ્રાંતિ રહિત સત્યભામા સાથે પ્રતિદિન ભોગ ભોગવવા લાગ્યો અને સત્યકિની જેમ આખા નગરમાં પુરજનોથી પૂજાવા લાગ્યો. આ કપિલ (જમાઈ હોવાથી) સત્યકિને પણ પૂજ્ય છે' એવું ધારીને સર્વ જનો પ્રત્યેક પર્વદિવસે ધન ધાન્યાદિ તેને આપવા લાગ્યા. વર્ત્તમાન કાળે દ્વિજજાતિમાં ઉત્તમ થઇ પડેલો એ કપિલ એવી રીતે વર્ત્તવાથી ગુણોની જેમ ધનથી પણ વૃદ્ધ થઇ પડ્યો

એક વખતે વર્ષાઋતુમાં રાત્રિને વિષે તે કપિલ કોઇ સ્થાનકે નાટક જોવાને ગયો. ત્યાં ઘણો કાળ રોકાયો. પછી ત્યાંથી ઘરે આવતાં અર્દ્ધ માર્ગમાં સોયથી ભેદાય તેવો ગાઢ અંધકાર કરતો અતિ વર્ષાદ આવવા લાગ્યો. તે સમયે માર્ગમાં કોઇ માણસ હતું નહીં, તેથી તેણે વસ્ત્ર ન પલળે તેટલા માટે નગ્ન થઈ પોતાનાં વસ્ત્રો કાખમાં લઈ ગૃહના દ્વાર પાસે આવીને પાછાં પહેર્યાં. 'વૃષ્ટિથી મારા સ્વામીનાં વસ્ત્રો ભીંજાઈ ગયાં હશે' એવું ધારી સત્યભામા બીજાં વસ્ત્રો લઇને દ્વારપાસે સામી આવી–'મુગ્ધા! વિદ્યાના પ્રભાવથી મારાં વસ્ત્રો ભીંજાઈ ગયાં નથી, માટે બીજાં વસ્ત્રો લાવવાની કાંઈ જરૂર નથી.' આ પ્રમાણે કપિલે પોતાની પ્રિયાને કહ્યું. તે સમયે તેનાં વસ્ત્ર અનાર્દ્ર[1] અને આખું શરીર આર્દ્ર[2] છે એમ સત્યભામાના જોવામાં આવ્યું. તેથી તેણે મનમાં વિચાર્યું કે 'જો આણે વિદ્યાશક્તિવડે જળથી પોતાનાં વસ્ત્રની રક્ષા કરી હોય તો તે પોતાના અંગની કેમ રક્ષા ન કરે! તેથી જરૂર આ કપિલ નગ્ન થઇને આવેલ છે. તે ઉપરથી હું માનું છું કે આ મારો પતિ કુલવાન નથી. તેમ બુદ્ધિબળથી કાને સાંભળીનેજ વેદને ભણેલ હોય તેમ જણાય છે.' આ પ્રમાણે નિશ્ચય થતાં જ સત્યભામા તેનીપર મંદ રાગવાળી થઈ અને પકડી લાવેલા બાંદની જેમ ખેદ કરવા લાગી.

હવે તે સમયે અચળગ્રામમાં ધરણીજટ બ્રાહ્મણ દૈવયોગથી નિર્ધન થઈ ગયો. તેના સાંભળવામાં આવ્યું કે 'કપિલ ધનાઢ્ય થયો છે,' તેથી પોતાનો ઉદ્ધાર કરવાને તે રત્નપુરમાં આવ્યો. કપિલે પાદ્ય સ્નાનાદિકથી તેનો સત્કાર કર્યો. સાધારણ અતિથિ પણ પૂજ્ય છે, તો આ પિતારૂપ અતિથિને માટે તો શું કહેવું! પિતા સ્નાન કરીને નિત્ય કર્મ કરવા પ્રવર્ત્યા, એટલે ભોજનનો અવસર થવાથી કપિલે પોતાની પ્રિયાને કહ્યું–"પ્રિયા! મારે શરીર સંબંધી કાંઇ કારણ છે, તેથી આ પિતાને માટે મારાથી ઉત્તમ ભોજન સ્થાન તૈયાર કરો." પિતા અને પુત્રનું જુદું જુદું આચરણ જોઇને સત્યભામાને અધિક શંકા થઈ, કારણ કે તે કુલીન હતી. અતિ નિર્મલ આચરણથી પોતાના સાસરાને કુલવાન જાણી તે સત્યભામા તેમનું પિતા, ગુરૂ અને દેવવત્ આરાધન કરવા લાગી.

---

૧ ભીંજાયેલ નહીં. ૨ ભીંજાયેલ.

એક વખતે એકાંતમાં સત્યભામા બ્રહ્મહત્યાના સોગન આપી પોતાના શ્વસુરને મોટા વિનયથી પૂછવા લાગી–" પૂજ્ય પિતા ! આ કપિલ તમારો બંને શુદ્ધ પક્ષથી ઉત્પન્ન થયેલો પુત્ર છે કે વિપરીત પક્ષમાંથી ઉત્પન્ન થયેલો છે ? પ્રસન્ન થઈને જ સત્ય હોય તે કહો." ધરણીજટે જે યથાર્થ હતું તે કહી આપ્યું; કારણકે **મહાત્માઓ સોગનનો ભંગ કરવામાં ભીરૂ હોય છે.**

પછી કપિલે વિદાય કરેલો તે ધરણીજટ બ્રાહ્મણ ફરીને પોતાના અચલગ્રામમાં પાછો આવ્યો. તેમના ગયા પછી સત્યભામાએ શ્રીષેણ રાજાની પાસે જઈ વિજ્ઞપ્તિ કરી કે " દૈવયોગે આ કોઇ અકુલીન મારો ભર્ત્તા થયેલો છે, તો કેશરીસિંહ પાસેથી ગાયની જેમ, રાહુથી ચંદ્રકળાની જેમ અને બાજ પક્ષીથી ચકલીની જેમ મને તેની પાસેથી મૂકાવો. તેનાથી મુક્ત થઈ હું સતીપણે રહીને હવે નિરંતર સુકૃત કરીશ. પૂર્વના દુષ્કર્મયોગે ચિરકાળથી હું ઠગાયેલી છું." તે સાંભળી શ્રીષેણરાજાએ કપિલને બોલાવીને કહ્યું, " ધર્માચરણ કરવાને માટે આ સત્યભામાને છોડી દે. તે તારાપર વિરક્ત છે, તો હવે બલાત્કારે હરેલી પરસ્ત્રીની જેવી તેનાથી તને શું વિષયસુખ મળવાનું છે ?"કપિલે કહ્યું–" રાજન્ ! હું તેના વિના એક ક્ષણવાર પણ પ્રાણ ધારવાને સમર્થ નથી. તે પ્રિયા મારી જીવનઔષધી છે. પાણિગ્રહણ કરેલી તે મારી સ્ત્રીનો હું ત્યાગ કરીશ નહીં. ત્યાગ કરવો અને કરાવવો તે વેશ્યાઓમાંજ ઘટે છે." તે સાંભળી સત્યભામાએ ઉત્કટ થઈને કહ્યું કે " જો તે મને છોડશે નહીં તો હું જલ કે અગ્નિમાં પ્રવેશ કરીશ." રાજા બોલ્યો–" હે કપિલ ! આ બાલા પ્રાણનો ત્યાગ ન કરો, અને કેટલાક દિવસ સુધી તે મારા મંદિરમાં રહો." કપિલે તે વાત સ્વીકારી એટલે રાજાએ તેને રાણીઓને સોંપી. વિવિધ પ્રકારનાં તપ કરતી સત્યભામા રાજમંદિરમાં રહી.

તે સમયમાં કૌશાંબી નગરીમાં **બલ** નામે એક બલવાન રાજાને શ્રીમતી દેવીના ઉદરથી શ્રીકાંતા નામે એક કન્યા ઉત્પન્ન થઇ હતી. તે રૂપવતી બાળા યૌવનને પ્રાપ્ત થતાં શ્રીષેણરાજાના પુત્ર ઇંદુષેણને સ્વયંવરથી વરતાં તેને મોટી સમૃદ્ધિ સહિત તેણે રત્નપુર મોકલી. તેની સાથે **અનંતમતિકા** નામે એક વેશ્યા આવી હતી. તે ઉત્કૃષ્ટ રૂપવાળી ઇંદુષેણ અને બિંદુષેણના જોવામાં આવી. તેને જોતાંજ 'આ મારી છે, આ મારી છે' એમ બંને જણ વાદથી કહેવા લાગ્યા. પરસ્પર ઇર્ષ્યાથી તે બંને દેવરમણ નામના ઉદ્યાનમાં આવ્યા. ત્યાં એક કાંતાની સાથે રતિ કરવાની ઇચ્છાથી બે વૃષભની જેમ તે દુર્દાંત અને મહાભુજ સન્નદ્ધબદ્ધ થઈને યુદ્ધ કરવા લાગ્યા. તેમને યુદ્ધ કરતાં અટકાવવાને શ્રીષેણ રાજા સમર્થ થયા નહીં. **દુર્મદ પુરૂષો પ્રિય સમજુતીથી સાધ્ય થતા નથી, તેઓ દંડથીજ સાધ્ય થાય છે.** બંને પુત્રોની આ પ્રવૃત્તિ જોવાને અને અટકાવવાને અસમર્થ એવા શ્રીષેણરાજા અભિનંદિતા અને શિખિનંદિતાની સાથે વિચાર કરી ' આ કાળ પ્રાપ્ત થયો ' એમ બોલતા બોલતા તાળપુટ ઝેરથી વ્યાપ્ત એવા કમળને સુંઘી ક્ષણવારમાં મૃત્યુ પામ્યા. બંને રાણીઓ પણ તેજ પ્રમાણે સુંઘીને મૃત્યુ પામી. **કુલીન કાંતાઓ પતિ વિના જરાવાર પણ જીવિતવ્ય ધારણ કરી શકતી નથી.** આ ખબર સાંભળતાંજ ' હવે કપિલથી મને અનર્થ થશે' એવું ધારીને શરણ રહિત થયેલી સત્યભામા પણ તેજ પ્રમાણે વિષયુક્ત કમળ સુંઘીને તેમના માર્ગને અનુસરી. તે ચાર જણ અતિ મૃદુભાવથી મૃત્યુ પામીને જંબૂદ્વીપના ઉત્તર કુરૂક્ષેત્રમાં જુગલીઆપણે ઉત્પન્ન થયા. શ્રીષેણ તથા અભિનંદિતા પુરૂષસ્ત્રી થયાં, અને શિખિનં-

દિતા તથા સત્યભામા પુરૂષસ્ત્રી થયાં. ત્રણ પલ્યોપમ આયુષવાળા અને ત્રણ કોશ ઉંચા શરીરવાળા તેઓ અદ્વૈત સુખનો અનુભવ કરતા કાળ નિર્ગમન કરવા લાગ્યા.

અહીં દેવરમણ ઉદ્યાનમાં ઇંદુષેણ અને બિંદુષેણ યુદ્ધ કરતા હતા, ત્યાં વિમાનમાં બેસીને કોઇ વિદ્યાધર આવ્યો. પ્રતિકુલ દૈવનું નિવારણ કરનાર જાણે દ્વારપાળ હોય તેમ તે વિદ્યાધર તે બંનેની વચમાં ઉભો રહી ઉંચા હાથ કરીને બોલ્યો–" અરે! મૂઢો! આ તમારી બહેન છે, તેને જાણ્યા વગર તમે સ્ત્રી કરવાની ઇચ્છાથી શામાટે યુદ્ધ કરો છો? વિસ્તારથી મારાં વચન સાંભળો–આ જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં સીતા નદીના ઉત્તર તટ ઉપર **પુષ્કળાવતી** નામે એક વિસ્તારવાળો વિજય છે. તેની મધ્યમાં પૃથ્વીનો જાણે રૂપાનો મુગટ હોય તેવો વિદ્યાધરોનું નિવાસસ્થાન વૈતાઢય નામે આકાશ સુધી ઉંચો એક પર્વત છે. તે પર્વતની ઉપર ઉત્તર શ્રેણીમાં **આદિત્યાભ** નામના નગરમાં લક્ષ્મીથી કુંડલીંદ્ર (શેષનાગ) જેવો **સુકુંડળી** નામે રાજા છે. તેને **અજિતસેના** નામે શીલવતી દયિતા છે. તેનો હું **મણિકુંડલી** નામે પુત્ર છું. એક વખતે ત્યાંથી ગરૂડની જેમ આકાશમાં ઉડતો શ્રી જિનેંદ્રને વાંદવાને પુંડરીકીણી નગરીમાં ગયો. ત્યાં અપરિમિત કીર્ત્તિવાળા અમિતયશ નામના શ્રી જિનેશ્વર ભગવંતને વંદના કરી, અંજલિ જોડીને તેમની દેશની સાંભળી. દેશના પૂર્ણ થયા પછી મેં પૂછયું કે 'હે ભગવન્! હું કયા કર્મથી વિદ્યાધર થયો છું?' તે સાંભળી પ્રભુ બોલ્યા–"મહાઋદ્ધિવાન પશ્ચિમ પુષ્કરવર દ્વીપાર્દ્ધમાં શીતોદા નદીના વિશાળ દક્ષિણ તીરે સલિલાવતી વિજય છે, તેમાં શોકરહિત લોકોથી ભરપૂર **વીતશોકા** નામે નગરી છે. પૃથ્વીનો સ્વસ્તિક હોય તેવી તે શોભે છે. તે નગરીમાં પૂર્વે રૂપથી કામદેવ જેવો અને બલથી ઇંદ્ર જેવો **રત્નધ્વજ** નામે ચક્રવર્ત્તી રાજા હતો. તેને મહા પ્રધાન **કનકશ્રી** અને **હેમમાલિની** નામે બે શીલવતી ભાર્યા હતી. તેમાંથી કનકશ્રીને સ્વપ્નમાં ઉત્સંગમાં રહેલી કલ્પલતાની સૂચનાથી બુદ્ધિ અને લક્ષ્મીની જેવી બે પુત્રીઓ ઉત્પન્ન થઈ. માતાપિતાએ જન્મોત્સવ જેવા ઉત્સવથી તેમનાં **કનકલતા** અને **પદ્મલતા** એવાં નામ પાડયાં. બીજી સ્ત્રી હેમમાલિનીએ સ્વપ્નમાં પદ્મલતાના દર્શનવડે સૂચવાએલી પદ્મા નામે કુલનંદની દુહિતાને જન્મ આપ્યો. તે ત્રણ પુત્રીઓ કલાકલાપને પ્રાપ્ત કરી પવિત્ર યૌવનવયમાં આવતાં જાણે વિધાતાએ ત્રણ લોકની લક્ષ્મીને એક ઠેકાણે આણેલી હોય તેવી દેખાવા લાગી. તેઓમાં જે પદ્મા હતી તે અજિતસેના આર્યાની પાસે રહેવાથી વૈરાગ્ય પામી. છેવટે તેની પાસે તેણે યથાવિધિ દીક્ષા ગ્રહણ કરી.

એક સમયે આર્યાની આજ્ઞાથી પદ્મા સાધ્વીએ ચતુર્થ તપ કરવા માંડયું. તે તપમાં ત્રણ રાત્રિના ક્રમે બાસઠ ચતુર્થ[1] થાય છે. આવું દુસ્તપ તપ યથાર્થ રીતે કરનાર તે સાધ્વી એક વખતે શરીરચિંતા (વડી નીતિ) ને માટે રાજમાર્ગે જતી હતી. તેવામાં **મદનમંજરી** નામે વેશ્યાને માટે બે કામલંપટ બલવાન રાજપુત્રો યુદ્ધ કરતાં તેના જોવામાં આવ્યા. તે અવલોકતાં પદ્માના મનમાં વિચાર થયો કે 'અહા! આ સુંદર વેશ્યાનું કેવું ઉત્કૃષ્ટ સૌભાગ્ય છે કે જેને માટે આ બંને રાજપુત્રો યુદ્ધ કરે છે તો મને પણ આ તપના પ્રભાવથી ભવાંતરમાં આવું સૌભાગ્ય પ્રાપ્ત થજો.' આ પ્રમાણે તેણે નિયાણું બાંધ્યું. અંતે અનશન કરી નિયાણાની આલોચના કર્યા વગર મૃત્યુ પામીને તે પદ્મા સૌધર્મ કલ્પમાં વિપુલ સમૃદ્ધિવાળી દેવી થઈ.

---

૧. એક ચતુર્થમાં પહેલે દિવસ એકાસણું, બીજે દિવસ ઉપવાસ અને ત્રીજે દિવસે ઉપવાસ એમ ત્રણ રાત્રિનો ક્રમ સમજાય છે. પણ ૬૨ ચતુર્થ કેવી રીતે થાય છે તે સમજાતું નથી.

કનકશ્રી સંસારમાં ભમતાં કોઈ ભવમાં દાનાદિક ધર્મ કરવાથી હું વિદ્યાધરોનો ઇંદ્ર મણિકુંડલી નામે થયો છું. કનકલતા અને પદ્મલતા ભવભ્રમણ કરી પૂર્વ ભવમાં બહુ પ્રકારે દાનાદિક ધર્મ આચરવાથી જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રના રત્નપુર નગરને વિષે ઇંદુષેણ અને બિંદુષેણ નામે શ્રીષેણ રાજાના પુત્ર રૂપે થયેલ છે. પદ્માનો જીવ સૌધર્મ દેવલોકમાંથી ચ્યવી ભરતક્ષેત્રમાં કૌશાંબી નગરીને વિષે અનંતમતિકા નામે વેશ્યા થયો છે. તે વેશ્યાને માટે હમણાં દેવરમણ ઉદ્યાનમાં ઇંદુષેણ અને બિંદુષેણ પરસ્પર યુદ્ધ કરે છે." આ પ્રમાણે પ્રભુને મુખેથી પૂર્વ ભવ સાંભળી, પૂર્વ જન્મના સ્નેહને લીધે તમને યુદ્ધમાંથી નિવારવાને હું અહીં આવ્યો છું. હું તમારી પૂર્વ ભવની માતા છું અને આ વેશ્યા તમારી બહેન છે. આ સંસારમાં મોહનો વિલાસ આવો છે, તે તમે સમજી લ્યો. જન્માંતર રૂપી પડદામાં ઢંકાઈ રહેલા પ્રાણીઓ પૂર્વ ભવના પિતા, માતા, ભગિની, ભ્રાતા અને અન્ય સંબંધીને જાણી શકતા નથી. પોતાની લાળની જળથી કરોળીયાની જેમ પોતાના દેહમાંથીજ ઉત્પન્ન થતા રાગદ્વેષાદિક વડે આ જીવ પોતાના આત્માને યાવત્ જીવિત વીંટયા કરે છે. માટે રાગ, દ્વેષ અને મોહને તજી દઇને નિર્વાણ નગરના દ્વાર રૂપ દીક્ષાને તમે ગ્રહણ કરો." આવાં તેનાં વચન સાંભળી તેઓ બોલ્યા કે "અહો! ધિક્કાર છે અમને! શીકારી પ્રાણીઓની જેમ મોહથી ભગિનીના ભોગને માટે આ શો આરંભ કર્યો! તમે પૂર્વ ભવમાં અમારી માતા હતા તેમ આ ભવમાં ગુરૂ થયાછો, જેથી અમને બોધ કરીને આ ઉન્માર્ગમાંથી નિવૃત્ત કર્યા." આ પ્રમાણે કહી તેઓએ કવચ છોડી દઈ ધર્મરૂચિ નામના ગુરૂની પાસે ચાર હજાર રાજાઓની સાથે વ્રત ગ્રહણ કર્યું. તપ અને ધ્યાન રૂપ અગ્નિ વડે કર્મરૂપી માર્ગકંટકને દગ્ધ કરી તેઓ સરલ માર્ગે દુર્ગમ લોકાગ્ર (મોક્ષ) ને પ્રાપ્ત થયા; અને શ્રીષેણ વિગેરે ચાર યુગલીઆઓ મૃત્યુ પામીને પ્રથમ કલ્પમાં દેવણપણાને પ્રાપ્ત થયા.

આ ભરતક્ષેત્રમાં મહા ઉત્તમ વૈતાઢય ગિરિની ઉપર **રથનુપુર ચક્રવાળ** નામે નગર છે. તે નગરમાં ઇંદ્રનો અનુજબંધુ હોય તેવો **જ્વલનજટી** નામે એક વિવિધ સમૃદ્ધિમાન વિદ્યાધરોનો રાજા હતો. તેને તેજથી પ્રૌઢ સૂર્ય જેવો અને શત્રુઓની રાજલક્ષ્મીને સ્વયંવરે વરેલો **અર્કકીર્તિ** નામે એક યુવરાજ પુત્ર હતો. તે પુત્રની પછવાડે ચંદ્રની પ્રભા જેવી નેત્રને આનંદ આપનારી **સ્વયંપ્રભા** નામે એક પુત્રી થઈ. તેને પ્રજાપતિ રાજાના પુત્ર અને અચળ બળદેવના નાના ભાઈ પોતનપુરના અધિપતિ **ત્રિપૃષ્ટ** નામે પ્રથમ વાસુદેવ પરણ્યા. તે સમયે હર્ષ પામેલા ત્રિપૃષ્ટ વાસુદેવે પોતાના સાસરા જ્વલનજટીને વિદ્યાધરોની બંને શ્રેણીનું અખંડિત રાજ્ય આપ્યું. વિદ્યાધરના રાજા મેઘવનની **જ્યોતિર્માળા** નામની દુહિતા અર્કકીર્તિની પત્ની થઈ. શ્રીષેણ રાજાનો જીવ સૌધર્મ કલ્પથી ચવી કમળમાં હંસની પેઠે તે જ્યોતિર્માલાના ઉદરમાં અવતર્યો. તે સમયે જ્યોતિર્માળાએ સ્વપ્નમાં અતિ તેજથી આકાશને પ્રકાશિત કરતા સહસ્ર કિરણવાળા સૂર્યને પોતાના મુખમાં પ્રવેશ કરતો જોયો. ગર્ભસમય પૂર્ણ થતાં તેણે સામ્રાજ્ય રૂપ ભવનને દઢ આધાર આપનાર સ્તંભરૂપ અને સર્વ પવિત્ર લક્ષણોથી લક્ષિત એક પુત્રને જન્મ આપ્યો. દૃષ્ટ સ્વપ્નને અનુસારે મૂર્ત્તિથી અમિત તેજવાળા તે પુત્રનું માતાપિતાએ **અમિતતેજ** નામ પાડયું. કુમાર અર્કકીર્ત્તિને પોતાનું રાજ્ય સોંપી **જ્વલનજટીએ** જગન્નંદન અને અભિનંદન નામના ચારણઋષિની પાસે દીક્ષા ગ્રહણ કરી. સત્યભામાનો જીવ સૌધર્મ કલ્પથી ચવી જ્યોતિર્માલા અને સૂર્યકીર્ત્તિની પુત્રીપણે ઉત્પન્ન થયો. તે જ્યારે ગર્ભમાં આવી ત્યારે માતાએ સ્વપ્નમાં સારા તારાવાળી રાત્રિ જોઈ હતી તેથી માતાપિતાએ તેનું **સુતારા** નામ પાડયું. આનંદિતાનો જીવ સૌધર્મ

કલ્પથી ચવી ત્રિપૃષ્ટ અને સ્વયંપ્રભાના પુત્રપણે ઉત્પન્ન થયો. તે ગર્ભમાં આવતાં માતાએ સ્વપ્નમાં અભિષેક સહિત શ્રીદેવી જોયા, તેથી પિતાએ તેનું **શ્રીવિજય** એવું નામ પાડ્યું. સ્વયંપ્રભાને વિજય અને ભદ્ર (કલ્યાણ) ના કારણરૂપ **વિજયભદ્ર** નામે એક બીજો પુત્ર પણ થયો, અને શિખિનંદિતાનો જીવ પ્રથમકલ્પથી ચવી ત્રિપૃષ્ટ અને સ્વયંપ્રભા **જ્યોતિઃપ્રભા** નામે પુત્રી થયો.

પૂર્વે સત્યભામાનો પતિ જે કપિલ હતો તે તિર્યંચાદિક યોનિમાં ચિરકાળે સંસારે ભમી ચમરચંચા નગરીમાં **અશનિઘોષ** નામે વિદ્યાધરોનો પ્રખ્યાત રાજા થયો. અર્કકીર્ત્તિએ વિસ્તારવંત લોચનવાળી પોતાની સુતારા નામે પુત્રીને ત્રિપૃષ્ટના પુત્ર શ્રીવિજયની સાથે પરણાવી. ત્રિપૃષ્ટે પોતાની અતિ સુંદર પુત્રી જ્યોતિઃપ્રભાનો અર્કકીર્ત્તિના પુત્ર અમિતતેજની સાથે વિવાહ કર્યો. શ્રીવિજય સુતારાની સાથે અને મહાભુજ અમિતતેજ જ્યોતિઃપ્રભા સાથે વિષયસુખ ભોગવવા લાગ્યા.

એકદા રથનુપુર ચક્રવાળ નગરની લક્ષ્મી વડે દેવવન જેવા વિશાળ ઉદ્યાનમાં અભિનંદન, જગન્નંદન અને જ્વલનજટી–એ ત્રણ મહાશય મુનિઓ જાણે મૂર્ત્તિમાન્ જ્ઞાનાદિક ત્રણ રત્નો હોય તેવા સમોસર્યા. પોતાના પિતા અને તેમના ગુરૂને આવેલા જાણી અર્કકીર્ત્તિએ તત્કાળ ઉદ્યાનમાં આવી વંદના કરી. **ઉત્કંઠા વિલંબને સહન કરી શકતી નથી.** અભિનંદન મુનિએ મહા મોહરૂપી હિમરાશિને ગાળવામાં સૂર્યપ્રભા જેવી દેશના આપી. તે દેશના સાંભળવાથી અર્કકીર્ત્તિને સંસાર પર વૈરાગ્ય થયો તેથી અંજલિ જોડીને તેણે અભિનંદન મુનિને વિજ્ઞપ્તિ કરી કે 'હું મારા પુત્ર અમિતતેજને રાજ્યપર બેસાડી વ્રત લેવાને માટે પાછો આવું ત્યાં સુધી તમે અહીં બિરાજવા કૃપા કરશો.' "ધર્મકાર્યમાં પ્રમાદ કરવો નહીં" એમ મહર્ષિએ કહેલ વચન સાંભળી અર્કકીર્ત્તિ આર્દ્ર મને પોતાને ઘેર ગયો; અને વારંવાર આગ્રહ પૂર્વક પ્રાર્થના કરીને તેણે પોતાના પુત્ર અમિતતેજને રાજ્ય આપ્યું. **પિતા અને પુત્રનો આવો જ ક્રમ છે.** અમિતતેજે જેનો નિષ્ક્રમણોત્સવ કરેલો છે એવા અર્કકીર્ત્તિએ અભિનંદન મુનિની પાસે દીક્ષા ગ્રહણ કરી. ત્યારથી રાજમુનિ અર્કકીર્ત્તિ શમરાજ્યને પાળતા ગુરૂજનની સાથે વિહાર કરવા લાગ્યા; અને વિદ્યાધરોના મુગટથી જેના ચરણકમલનું આસન ઘસાય છે એવા તેજસ્વી અમિતતેજે પિતાના રાજ્યની ધુરાને ધારણ કરી.

આ તરફ ત્રિપૃષ્ટના શોકથી વૈરાગ્યને વહન કરતા અચળ બળભદ્રે ત્રિપૃષ્ટના પુત્ર શ્રીવિજયને રાજ્યપર બેસાડી દીક્ષા લીધી. રાજાઓથી પૂજાતો અને વિજયલક્ષ્મીએ સ્વયંવરે વરેલો શ્રીવિજય પિતાનું રાજ્ય પાળવા લાગ્યો. એક વખતે અમિતતેજ સુતારા અને શ્રીવિજયના દર્શનની ઉત્કંઠાથી પોતનપુરે આવ્યો. તે વખતે પોતનપુર નગર ઉંચી પાતકાઓથી અને માંચડાથી મંડિત અને અનુત્તર વિમાનની પેઠે આનંદના એક સામ્રાજ્ય રૂપ તેના જોવામાં આવ્યું. તેમાં પણ રાજકુલ-દરબારમાંતો વિશેષ ખુશાલી જોઈ. વિસ્મય પામેલો અમિતતેજ આકાશમાંથી સૂર્ય સમુદ્રમાં ઉતરે તેમ ત્યાં ઉતર્યો. તેને દૂરથી આવતો જોઇ શ્રીવિજય રાજા ઉભો થયો. **સામાન્ય અતિથિ પણ પૂજાને યોગ્ય છે, તો આવા ઉત્તમ સંબંધી અતિથિને માટે તો શું ન હોય!** પ્રૌઢ પ્રીતિથી ભરેલા અમૃતના દ્રહ જેવા તેઓ પોતપોતાની બહેનોને અને બનેવીઓને ગાઢ આલિંગન દઇને મળ્યા. પૂર્વ પશ્ચિમ પર્વતની ઉપર સૂર્યચંદ્રની જેમ તે બંને મોટા મૂલ્યવાળા

સિંહાસન પર બેઠા. પછી સ્વચ્છ મનવાળા અમિતતેજે શ્રીવિજયને પૂછ્યું કે "હમણા કૌમુદીઉત્સવ, આગ્રહાયણી, નવી ગ્રીષ્મઋતુ કે વસંતોત્સવ નથી તેમજ તમારે ઘેર પુત્રજન્મ પણ થયો નથી, તથાપિ આ નગર કયા ઉત્સવથી આનંમય જણાય છે?" શ્રીવિજય બોલ્યો–"આજથી આઠમે દિવસે એક ભવિષ્યવાદી નિમિત્તિઓ અહીં આવ્યો હતો. તેને મેં પૂછ્યું હતું કે 'તમે કાંઇ યાચવાને આવ્યા છો કે કાંઇ કહેવાને આવ્યા છો? આ પ્રમાણે આદરથી પૂછતાં તેણે કહ્યું–"હે રાજા! જો કે અમે યાચનાથી જ જીવીએ છીએ, તથાપિ આ વખતે તમારી પાસે યાચવું ઉચિત નથી. જે કહી પણ શકાય નહીં તેવું કહેવાને હું અહીં આવેલ છું, કારણ કે કહેવાથી ધર્મ વિગેરે સત્કૃત્ય વડે તેનો પ્રતિકાર થઈ શકે. આજથી સાતમે દિવસે મધ્યાહ્ન સમયે પોતનપુરના રાજાની ઉપર ધ્વનિ કરતો વિદ્યુત્પાત થશે." આવી કટુવાણીથી ઝેરની પેઠે અતિ ઘુર્ણિત થયેલો મારો મુખ્ય મંત્રી બોલ્યો કે "ત્યારે તે સમયે તારી ઉપર શું પડશે?" નિમિત્તિઆએ કહ્યું–"મંત્રી! મારા ઉપર કોપ શા માટે કરો છો? જે શાસ્ત્રથી જોવામાં આવે છે તે હું કહું છું, તેમાં મારો કાંઇ પણ દોષ નથી. તે દિવસે મારી ઉપર વસુધારા જેવી વસ્ત્ર, આભરણ, માણિક્ય અને સુવર્ણની વૃષ્ટિ પડશે." તે વખતે મેં મંત્રીને કહ્યું કે "હે મહામતિ! તેની ઉપર તમે કોપ કરો નહીં કારણ કે આ નિમિત્તિઓ દૂતની જેમ યથાર્થ કહેવાથી ઉપકારી છે" પછી મેં નિમિત્તિઆને પૂછ્યું કે "હે નિમિત્તજ્ઞ! કહો, તમે આ જ્ઞાન કયાંથી શિખ્યા છો! કારણકે આમ્નાય રહિત પુરુષનાં વચન ઉપર પ્રતીતિ ન આવવાથી શ્રદ્ધા થતી નથી." નૈમિત્તિકે કહ્યું–"હે રાજા! સાંભળો, જ્યારે બલદેવે દીક્ષા ગ્રહણ કરી, તે વખતે તેમની સાથે મારા શાંડિલ્ય નામના પિતાએ દીક્ષા લીધી અને પિતા વાત્સલ્યથી મોહિત થઇને તેની પછવાડે મેં પણ લઘુવય છતાં દીક્ષા લીધી હતી. તે સમયે આ સર્વ નિમિત્તજ્ઞાન હું શીખ્યો હતો. 'શ્રી જિનશાસન સિવાય બીજે અવ્યભિચારી જ્ઞાન હોતું નથી.' લાભ, અલાભ, સુખ, દુઃખ, જીવિત, મરણ, જય અને પરાજય—એ આઠ પ્રકારનું નિમિત્ત હું જાણું છું. જ્યારે હું યૌવનવયને પ્રાપ્ત થયો, ત્યારે એક વખતે વિહાર કરતો કરતો **પદ્મિનીખંડ** નામના ઉત્તમ નગરમાં ગયો. તે નગરમાં **હિરણ્યલોમીકા** નામે મારી એક કુઇ રહેતી હતી અને તેને **ચંદ્રયશા** નામે એક યૌવનવતી દુહિતા હતી. તે બાળા બાલ્યવયમાં મને વાગ્દાનથી આપી હતી, પણ મેં દીક્ષા લીધી તેથી અમારો વિવાહ થયો નહોતો. તે સુંદરીનું અવલોકન કરતાં જ મને અનુરાગ ઉત્પન્ન થયો, તેથી ભારની જેમ વ્રતને છોડી દઈ ને મેં તેની સાથે વિવાહ કર્યો. **કામાતુરને ચિરકાલ વિવેક કયાંથી રહે!** હે રાજા! તમારી ઉપર થવાનો આ મહા અનર્થ જાણીને સ્વાર્થ નિમિત્તો હું અહીં કહેવાને આવ્યો છું, તો હવે તમે જે જાણો તે કરો." આ પ્રમાણે કહીને તે મૌન રહ્યો. તે વખતે સર્વ કુળમંત્રીઓ બુદ્ધિમાન છતાં પણ રાજાનું રક્ષણ કરવાને આકુલ વ્યાકુલ થઈ ગયા. તેઓમાંથી એક મંત્રીએ કહ્યું કે 'સમુદ્રમાં વિદ્યુત્પાત થતો નથી, માટે સાત દિવસ સુધી રાજાએ વહાણમાં બેસીને સમુદ્રમાં રહેવું.' બીજા મંત્રીએ કહ્યું કે 'તે વાત મને ગમતી નથી, જો ત્યાં વિજળી પડે તો પછી તેને કોણ વારી શકે? તેથી આ અવસર્પિણી કાળમાં વૈતાઢય ગિરિ ઉપર વિદ્યુત્પાત થતો નથી, માટે તે ગિરિ ઉપર કોઈક ગુફામાં આપણા સ્વામીએ સાત દિવસ સુધી રહેવું. ત્રીજા મંત્રીએ કહ્યું કે "આ વાત મને રૂચતી નથી, કેમકે જે અવશ્ય બનાવ બનવાનો છે તે ગમે ત્યાં પણ થશે, તેમાં ફારફેર નહીં થાય. તે ઉપર એક કથા કહું તે સાંભળો–આ ભરતક્ષેત્રને વિષે વિજય નામના નગરમાં **રુદ્રસોમ** નામે એક શ્રેષ્ઠ બ્રાહ્મણ રહેતો હતો. તેને કાંઇ પણ સંતાન નહોતું.

ઘણી માનતાઓ તથા બાધાઓ કરવાથી છેવટે **જ્વલનશિખા** નામની સ્ત્રીથી **શિખી** નામે એક પુત્ર થયો. એક વખતે નઠારા દૈવયોગથી મનુષ્યના માંસપર પ્રીતિવાળો કોઈ દારૂણ રાક્ષસ તે નગરમાં આવીને વસ્યો. તે પ્રતિ દિવસ ઘણા મનુષ્યોને મારીને તેમનું અલ્પ માંસ ખાઈ બાકીનું ઠળીયાની જેમ નાખી દેતો હતો. તેની આવી ભયંકર હિંસા જોઈને રાજાએ તેને મીઠે વચને સમજાવીને કહ્યું–'અરે! આવી રીતે થોડા માંસ માટે ઘણા મનુષ્યોને શા માટે હણે છે? વ્યાઘ્રાદિક અન્ન પ્રાણી છે, તે પણ ક્ષુધાની શાંતિમાં ઔષધ રૂપ માત્ર એક જંતુનેજ મારે છે, માટે પ્રતિદિન તારે એક મનુષ્યનુંજ ભક્ષણ કરવું; અને તે મનુષ્ય નિર્ણય કરેલા વારા પ્રમાણે તારી પાસે સ્વયમેવ આવશે. રાક્ષસે આ વાર્ત્તા કબુલ કરી એટલે રાજાએ પોતાના નગરમાં રહેલા સર્વ મનુષ્યોના વારાને માટે સર્વના નામની ગોળીઓ કરી. તે નામની ગોળીઓમાંથી જેના નામની ગોળી નીકળે તે માણસે નગરની રક્ષા માટે રાક્ષસના ભક્ષણ થવા જવું, એમ ઠરાવ્યું. એમ કરતાં કરતાં એકદા દૈવયોગે તે રૂદ્રસોમા બ્રાહ્મણના પુત્રના નામની ગોળી નીકળી, અને યમરાજાએ જાણે તેના નામનું ચોપડાનું પાનું ઉઘાડયું હોય તેમ તે નામ વાંચવામાં આવ્યું. આ ખબર સાંભળી તેની માતા જ્વલનશિખા, 'હે પુત્ર! હવે શું તું મારા ઘરમાં નહીં રહે? એમ કરૂણ સ્વરે રૂદન કરતી પશુઓને પણ રોવરાવવા લાગી. આવો કાને સાંભળી ન શકાય તેવો કરૂણામય તેની માતાનો પોકાર તે ઘર નજીક એક મોટા ભૂતના ઘરમાં રહેનારા ભૂતોએ સાંભળ્યો. તત્કાળ કરૂણા આવવાથી તેમણે તે માતાને કહ્યું–' હે બ્રાહ્મણી! તું રૂદન કર નહીં, સ્વસ્થ થા, તારા પુત્રને રાક્ષસની પાસે જવા દે, અમે તેને રાક્ષસની પાસેથી પાછો લાવીશું. જેથી રાજાએ કરેલી વ્યવસ્થાનું ઉલ્લંઘન નહીં થાય અને તે મરશે પણ નહીં.' જ્વલનશિખા બોલી– હે દેવતાઓ! જો તેમ થાય તો ઘણું સારૂં.'–આ પ્રમાણે તે કહેતી હતી, તેવામાં તો પુરરક્ષકો આવી તે પુત્રને રાક્ષસની પાસે ખેંચીને લઈ ગયા. જેવો રાક્ષસ દ્વિજપુત્રને ગ્રહણ કરવા આવ્યો તેવામાં પેલા ભૂતો તેને તેની માતા પાસે હરીને લઈ ગયા. ભયને જોતી બ્રાહ્મણીએ ભય પામીને પોતાના પુત્રની રક્ષા થવાને માટે પર્વતની ગુફામાં તેને પૂરી દીધો. પરંતુ ત્યાં રહેલો કોઈ જાગતો અજગર તે પુત્રને ગળી ગયો. તેથી જે ભાવી છે તે અન્યથા થતું નથી માટે આ વિષે તપ કરવાનોજ ઉપાય કરો. કારણ કે નિકાચિત કર્મનો પણ તપથી ક્ષય થાય છે." પછી ચોથો મંત્રી બોલ્યો કે " આ નિમિત્તિઆએ પોતનપુરના રાજાની ઉપર વિદ્યુત્પાત થશે, એમ કહ્યું છે. કાંઈ શ્રીવિજયની ઉપર વિદ્યુત્પાત થશે એમ કહ્યું નથી. તો આજથી સાત દિવસ સુધી કોઇ બીજાને આ નગરનો રાજા કરો કે જેથી તેની ઉપર વિદ્યુત્પાત થાય. આમ કરવાથી આપણું દુરિત નાશ પામો." આ વિચાર સાંભળી હર્ષ પામેલા નિમિત્તઆએ તે મંત્રીની પ્રશંસા કરી કે 'મારા નિમિત્તજ્ઞાનથી પણ તમારૂં મતિજ્ઞાન અધિક છે. માટે આ અનર્થનો પરિહાર કરવાને આ કાર્ય શીઘ્રતાથી કરો; અને આજથી સાત દિવસ સુધી રાજા ચૈત્યમાં શ્રી જિનપૂજામાં તત્પર થઇને રહો.' તે સમયે હું બોલ્યો–" જે કોઈ પુરૂષને આ રાજ્ય ઉપર અભિષેક કરશું તે નિરપરાધી પુરૂષનો પ્રાણ નાશ થશે, તો તે પણ ચિંતનીય છે, કારણ કે ઇંદ્રથી માંડીને કીડી સુધી સર્વ પ્રાણીઓને પ્રાણ તજવા બહુ મુશ્કેલ છે. તો મારા જોતાં છતાં બીચારો કોઈ રાંક પુરુષ મૃત્યુ પામે તે કેવા ખેદની વાત છે! અમે બીજાના પ્રાણનું રક્ષણ કરવાનું જ વ્રત લઇને બેઠા છીએ, તે અમેજ પોતાના જીવિતને માટે બીજાનો ઘાત કેમ કરી શકીએ?" રાજાનું આવું કથન સાંભળી મંત્રીઓ બોલ્યા– હે દેવ! આપણે બે કાર્ય કરવાનાં છે કે આપની

ઉપર આવી પડેલો આ અનર્થ દૂર થાય અને કોઇ પ્રાણીનો વધ પણ ન થાય તો તેનો ઉપાય એ છે કે વૈશ્રવણની પ્રતિમાનો રાજ્ય ઉપર અભિષેક કરો, તમારી પેઠે સર્વ જન સાત દિવસ તેની સેવા કરશે. દિવ્ય શક્તિથી કદિ તેની ઉપર કાંઈ પણ ઉપસર્ગ ન થાય તો વધારે સારૂં છે અને કદિ થાય તો તેથી પ્રાણીવધનું પાપ લાગશે નહીં.'' આ વિચાર મને ઘટિત લાગવાથી હું જિનમંદિરમાં જઈ પૌષધ વ્રત ગ્રહણ કરીને દર્ભના સંસ્તારક ઉપર બેઠો. પછી સર્વ મંત્રીઓ વૈશ્રવણની પ્રતિમાને રાજ્યાભિષેક કરી રાજાની જેમ તેની પાસે વર્તવા લાગ્યા. **સ્વામીના હિતને માટે બુદ્ધિવંતજનો બીજા સાથે પણ સ્વામીની જેમ વર્તે છે.** અનુક્રમે સાતમો દિવસ આવ્યો, ત્યારે મધ્યાન્હ કાળે આકાશમાં ગર્જના કરતો પ્રલયકાલના જેવો દારૂણ મેઘ ચડી આવ્યો. થોડીવારમાં તે ઘોર મેઘમાંથી બ્રહ્માંડને ફોડે તેવો શબ્દ કરતો વિદ્યુત્પાત રાજ્યપર બેસારેલી પેલી યક્ષ પ્રતિમાની ઉપર પડ્યો. જે વખતે યક્ષ ઉપર વિદ્યુત્પાત થયો, તેજ વખતે નિમિત્તિઆની ઉપર અંતઃપુરના લોકોએ કરેલી રત્નાદિકની વૃષ્ટિ થઇ. મેં પણ અખંડ સમૃદ્ધિવાળું પદ્મિનીખંડ નગર આપીને તે નિમિત્તિઆને વિદાય કર્યો, અને તે યક્ષની મૂર્ત્તિ દિવ્ય રત્નમય નવીન બનાવી આપી. કારણ કે તે મારે વિપત્તિમાં બંધુ થઈ હતી. મારા વિઘ્નની શાંતિ થવાથી આજે નગરજન અને અમાત્યો હર્ષથી સર્વોત્સવ શિરોમણિ આ મહોત્સવ કરે છે.''

આ વૃત્તાંત સાંભળીને અમિતતેજે હર્ષથી પોતાની બેન સુતારાની વસ્ત્રાલંકારના દાનવડે પૂજા કરી. સુતારા અને શ્રીવિજયની પાસે કેટલોક કાળ રહીને અમિતતેજ પોતાના નગરમાં ગયો. એક વખતે શ્રીવિજય રાજા ક્રીડા કરવાના કૌતુકથી સુતારાને લઇને જ્યોતિર્વન નામના વનમાં ગયો. તે વખતે કપિલનો જીવ અશનિઘોષ વિપ્રતારણી વિદ્યા સાધીને આકાશમાર્ગે આવ્યો. ત્યાં પતિની સાથે ક્રીડા કરતી પોતાની પૂર્વ જન્મની સ્ત્રી સુલોચના સુતારા તેના જોવામાં આવી. પૂર્વ જન્મના સંસ્કારથી સંબંધને નહીં જાણતાં છતાં પણ અશનિઘોષે પોતાની સ્ત્રીની જેમ તે સુતારાની ઉપર જાગેલા અનુરાગથી તેને મેળવવાની ઉત્કંઠા કરી. પછી વિદ્યાના બલથી તે ક્રીડા કરતા સ્ત્રીપુરૂષની આગળ તેણે દિવ્ય કંદુકની જેમ છલંગ મારીને ક્રીડા કરતો એક નેત્રનું હરણ કરે તેવો મનોહર સુવર્ણનો મૃગ વિકુર્વ્યો. જાણે ઇંદ્રનીલમણિની હોય તેવી ખરીઓ અને શીંગડાથી અને નીલકમળના જેવા વિલાસ કરતાં બે લોચનથી તે શોભતો હતો; દેહની પીળી કાંતિથી જાણે સુવર્ણમય હોય તેવો લાગતો હતો અને ફાળ ભરવાથી આકાશને તથા ચરણપાતથી ભૂમિતળને મંડિત કરતો હતો. તે સુંદર મૃગને જોઈ દેવી સુતારાએ પોતાના પતિને કહ્યું–'સ્વામી ! આ મૃગ લાવો, તે મારે ક્રીડા કરવાને યોગ્ય છે.' કાંતાના કહેવાથી જાણે વાયુનું જુદું પડેલું વાહન હોય તેમ તે પવનવેગી મૃગની પાછળ રાજા વેગથી દોડ્યો. સરિતાના ઓઘની પેઠે કોઈ ઠેકાણે વક્ર અને કોઇ ઠેકાણે સરલ થઈને ચાલતો તે મૃગ જરાપણ સ્ખલના પામ્યા વગર રાજાને દૂર લઇ ગયો. ક્ષણવારે દશ્ય, ક્ષણવારે અદૃશ્ય, કોઈવાર પૃથ્વીપર અને કોઈવાર આકાશમાં ચાલતો તે મૃગ દેવકૃત માયાની જેમ પકડવાને અશક્ય થઈ પડ્યો. શ્રીવિજય દૂર ગયો એટલે અશનિઘોષ હળવે હળવે આવીને વનદેવીની પેઠે એકલી રહેલી સુતારાને હરી ગયો. પછી પ્રતારણી વિદ્યાના પ્રભાવે એ દુરાત્માએ બીજું સુતારાનું રૂપ કરીને 'મને કુફ્ફુટ સર્પે ડશી' એવો કૃત્રિમ પોકાર કર્યો. તે પોકાર સાંભળતાંજ રાજા હરિણને છોડી પાછો વળ્યો. **વિદ્વાનો ક્ષેમ હોય તે છતાં યોગને માટે તત્કાળ તત્પર થાય છે.** પૃથ્વીપર આળોટતી અને શરીરે પીડાતી સુતારાને જોઇને રાજાએ મણિમંત્ર અને ઔષધોના અનેક ઉપચાર કર્યા. જેઓની પ્રથમ પ્રતીતિ જોયેલી હતી, તેવા પણ તે સર્વ ઉપચાર

દુર્જન પુરુષમાં ઉપકારની જેમ નિષ્ફલ થઈ ગયા. જેના નેત્ર કમળ બીડાઈ ગયાં હતાં, વદન-છબિ વિવર્ણ થઈ ગઈ હતી, ઉરૂયુગળ અને સ્તનયુગળ કંપતા હતા, અને જેનાં સર્વ અંગ-ઉપાંગના સંધિ, અને અસ્થિબંધન શિથિલ થયા હતા—એવી સુતારા રાજાના જોતાં જોતાંમાં કાળધર્મ પામી. પોતાની પ્રિયાને ગતપ્રાણ જોઈ રાજા પણ ગતપ્રાણ થયો હોય તેમ નિઃસંજ્ઞ થઇ મૂર્છા પામીને પૃથ્વીપર પડ્યો. ચંદનનો રસ મસ્તકપર સિંચતાં પુનઃ ચૈતન્યને પ્રાપ્ત થયેલ તે આ પ્રકારે ઉંચે સ્વરે વિલાપ કરવા લાગ્યો—"અરે ! હે મનોરમા તને લઈ જનારા દૈવે મને લુંટી લીધો. હે પ્રિયા ! તારા પ્રાણથીજ મારૂં જીવિત હતું. વ્હાલી કાંતા ! તારા વિના હવે આ માણસ શોકના ભારથી આધારભૂત સ્તંભ વગરના જીર્ણ ગૃહની જેમ તત્કાળ પડી જશે. અરે ! મારી વલ્લભાને લોભાવનારા સુવર્ણ મૃગે વલ્લભાની આજ્ઞા પાળવામાં તત્પર આ જડ પુરૂષને ઠગી લીધો. મારી પ્રિયાને પ્રત્યક્ષ જોવાને તક્ષક નાગ પણ સમર્થ નથી, તો આ કુકકુટ સર્પની શી વીસાત ! પરંતુ અહા ! દૈવ બલવાન્ છે. તો હવે દયિતાની પછવાડે જવા માટે અગ્નિમાં બળી મરી પ્રાણ છોડીને આ પ્રસરતા દુર્દૈવનું કાંઇ ઉણું હોય તે હું પૂર્ણ કરૂં." આ પ્રમાણે વિલાપ કર્યા પછી રાજાએ એક ચિતા રચી, અને રતિમંદિરની શય્યાની પેઠે એ ધીર વીરે સુતારાની સાથે પોતે બેસીને તેને અલંકૃત કરી. પછી જેવો તેમાં અગ્નિ પ્રજ્વલિત કરીને બળવાનો આરંભ કરે છે તેવામાં બે વિદ્યાધરો ત્યાં આવ્યા. તેમાંથી એક જણે અભિમંત્રિત જલવડે ચિતાનું સિંચન કર્યું, ત્યાં તો તેમાંથી અટ્ટહાસ્ય કરતી પ્રતારણી વિદ્યા જે સુતારાનું રૂપ કરીને રહી હતી તે પલાયન કરી ગઈ. તે વખતે "પ્રજ્વલિત જ્વાળાવાળો અગ્નિ કયાં ? અને ગતપ્રાણા મારી પ્રિયા કયાં ! વળી અટ્ટહાસ્ય કરતી આ સ્ત્રી કોણ ! શું આ દૈવનાટક તો નહીં હોય !" આ પ્રમાણે ચિંતવન કરતો શ્રીવિજય સ્વસ્થ થયો, એટણે તેણે પોતાની આગળ સૌમ્ય આકૃતિવાળા બે પુરુષોને ઉભેલા જોયા. 'આ શું ?' એમ રાજાએ તેમને પૂછ્યું, એટલે તેઓ પ્રણામ કરી વિનયથી બોલ્યા—' અમે વિદ્યાધરપતિ અમિતતેજના સેવક છીએ. **સંભિન્નશ્રોત** તથા **દ્વીપશિખ** નામના અમે બે પિતાપુત્ર થઈએ છીએ. સ્વેચ્છાથી તીર્થના જિનબિંબોને વંદના કરવાને નીકળ્યા છીએ. અહીં નજીક આવતાં અમોએ શ્રવણમાં દુઃશ્રવ અને પશુઓના કર્ણને પણ કોતરી નાખે તેવી કરૂણાક્ષરવાળી આ પ્રમાણેની વાણી સાંભળી —'હે મારા પ્રાણનાથ શ્રીવિજય ! હે રાજાઓથી સેવિત નાથ ! અરે ! તેજથી સૂર્ય જેવા હે બાંધવ અમિતતેજ ! પરાક્રમવડે બલભદ્ર જેવા હે વત્સ વિજયભદ્ર ! સર્વદા સંનિહિત રહેનારા હે ત્રિપૃષ્ટ કુલના દેવતાઓ ! નાહાર પાસેથી મૃગલીની જેમ આ દુષ્ટ વિદ્યાધર પાસેથી સુતારાનું વગર વિલંબે રક્ષણ કરો, રક્ષણ કરો.' આવી વાણી સાંભળીને અમારા સ્વામીની બહેનને કોઇ દુરાત્મા હરી જાય છે તેવું જાણી શબ્દ પાતી બાણની પેઠે અમે તે વાણીને અનુસરીને ચાલ્યા. તત્કાળ હાથીએ ગ્રહણ કરેલી પદ્મિનીની પેઠે અશનિઘોષે પકડેલી ચપલ નેત્રા સુતારાને અમે જોઈ. સ્વામીની બહેનના હરણની ઉપેક્ષા કરવાને અસમર્થ એવા અમોએ ભ્રકુટી ચડાવી તે શત્રુને કહ્યું—"હે હત્યારા વિદ્યાધર ! દેવપ્રતિમાનું ચંડાળ હરણ કરે તેમ આ સુતારાનું હરણ કરીને તું કયાં જાય છે ? અરે દુષ્ટ ! હવે તું જીવતો રહેવાનો નથી અમે તને મારી નાખીશું, માટે આયુધ ગ્રહણ કર. અમે વિદ્યાધરના પતિ અમિતતેજના સેવક છીએ." આ પ્રમાણે આક્ષેપ કરી સાપને રમાડનારાની જેમ બે કૃષ્ણ સર્પની જેવી બે તરવારને મ્યાનમાંથી ખેંચી કાઢી અમે તે અધમ પુરૂષને મારવાની ઇચ્છાથી તેની સામા થયા. તે વખતે દેવી સુતારાએ કહ્યું—'તમે યુદ્ધ કરવું છોડી દો,

અને અહીંથી જ્યોતિર્વનમાં જાઓ, ત્યાં શ્રીવિજય પ્રભુ રહેલા છે. તે પ્રતારણી વિદ્યાથી પ્રાણ ત્યાગ કરતા હશે, તો ત્યાં જઇને તેને બચાવો; તેમના જીવવાથીજ હું જીવું તેમ છું.' આવી સુતારાની આજ્ઞાથી અમે તત્કાળ અહીં આવ્યા અને અમોએ મંત્રિત-જલથી તમારો ચિતાગ્નિ બુઝાવી દીધો. વેતાળની પેઠે ઉન્મત્ત થઇ અટ્ટહાસ્ય કરતી જે આ નાસી ગઈ તે સુતારાના રૂપને ધારણ કરનારી પ્રતારણી વિદ્યા હતી. પોતાની પ્રિયા સુતારાનું હરણ થયું, તે જાણવામાં આવતાં વિરહાગ્નિવડે ચિતાનળથી પણ અધિક પ્રજ્વલિત થયેલો શ્રીવિજય અતિ ખેદ પામ્યો. આ પ્રમાણે જોઈને તેઓ બોલ્યા– 'સ્વામી ખેદ કરો નહીં, દૈવની જેમ તમારાથી તે કેટલે દુર જશે! પછી તેઓ જાનુથી પૃથ્વીનો સ્પર્શ કરી પ્રણામ કરી ઘણી પ્રાર્થના કરી શ્રીવિજય રાજાને વૈતાઢય પર્વતપર લઇ ગયા. તેને જોઈ સસંભ્રાંતપણે તરતજ જાણે મૂર્ત્તિમાન વિજય હોય, તેમ અમિત તેજ શ્રીવિજયની સામો આવ્યો અને તેને મોટા માનથી ઉચિત આસનપર બેસાડી આગમનનું કારણ પૂછ્યું. શ્રીવિજયની પ્રેરણાથી તે બંને વિદ્યાધરોએ સુતારાના હરણનો વૃત્તાંત કહી બતાવ્યો. તે સાંભળી અર્ક્કીર્ત્તિના કુમારે ભ્રકુટીથી લલાટને વક્ર કરી અને રોષથી કપોળ તથા નેત્ર રાતાં કરી રાજાને કહ્યું–"જેમ ફણાધારી તક્ષકના મસ્તકને બજવાળે અને સુઈ ગયેલા કેશરી સીંહના કેશવાળાને ઉખેડે તેમ તમારી સ્ત્રી અને મારી બેન સુતારાનું હરણ કરીને હવે એ નરાધમ અશનિઘોષ કેટલું જીવશે!" આ પ્રમાણે કહીને અર્ક્કીર્ત્તિના પુત્રે શસ્ત્રાવરણી, બંધની અને મોક્ષણી વિદ્યા શ્રીવિજયને આપી. પછી શત્રુના કાળરૂપ અમિતતેજે રશ્મિવેગ, રવિવેગ, અર્ક્કીર્તિ, ભાનુવેગ, સૂર્યયશા, ભાનુ, ચિત્રરથ, અર્કપ્રભ, અર્કરથ, રવિતેજ, પ્રભાકર, કિર્ણવેગ અને સહસ્રકીર્ણ વિગેરે પોતાના પાંચશો પુત્રોને ત્રિપૃષ્ટના પુત્ર શ્રીવિજયની સાથે મહા શુરવીર સેના સહિત ચમરચંચા નગરીમાં અશનિઘોષની પાસેથી સુતારાને લેવા મોકલ્યા. વિદ્યાધરોના સૈન્યથી સર્વ ગગનમંડલને આચ્છાદન કરતો, સુભટોના શસ્ત્રોથી આકાશને સેંકડો ધ્વજાવાળું કરતો, અસંખ્ય અશ્વોના શબ્દથી સૂર્યના અશ્વને બોલાવતો, હાથીઓની પંક્તિથી ગગનમાં બીજી મેઘમાળાને વિસ્તારતો અને પ્રકાશિત વિમાનોથી ઉત્પાતના સૂર્યોને બતાવતો, ત્રિપૃષ્ટનો પુત્ર શ્રીવિજય ચમરચંચા નગરીમાં આવ્યો. અહિં અર્ક્કીર્ત્તિનો પુત્ર અમિતતેજ અશનિઘોષને વિદ્યાવાળો જાણી પોતાના પૂર્ણ પરાક્રમી સહસ્રરશ્મિ પુત્રની સાથે પારકી વિદ્યાનો છેદ કરનારી મહાજ્વાળા નામની વિદ્યાને સાધવા હિમવંત ગિરિપર ગયો. ત્યાં જયંત નામના મહર્ષિ કાઉસગ્ગ ધ્યાને રહ્યા હતા, તેમના અને ધરણેંદ્રના પવિત્ર ચરણમૂલમાં માસિક ભક્તવડે સાત રાત્રિની પ્રતિમા ધારણ કરીને તે વિદ્યા સાધવાના કર્મમાં પ્રવર્ત્યો. તેવી રીતે સાધવા બેઠેલા પિતાની રક્ષા કરવાને માટે સહસ્રરશ્મી તત્પર રહ્યો. તેમ રહેતાં તે પિતા પુત્રને કાંઈક ઉણો એક માસ વીતી ગયો.

આ તરફ ચમરચંચા નગરીની બહાર પડાવ નાખીને રહેલા શ્રીવિજયે અશનિઘોષની પાસે એક દૂત મોકલ્યો. તે દૂતે આવીને નિઃશંકપણે અશનિઘોષને કહ્યું કે "કાગડાની જેમ આવું લજ્જાકારી કર્મ કરનારા તને ધિક્કાર છે! ધૈર્ય અને વીર્ય રહિત પુરૂષોનું પરાક્રમ છળ કરવામાંજ હોય છે. આ દેવીનું હરણ કરીને તું તેવા છળધારી પુરૂષોમાં મુખ્ય થયો છે; વળી શ્રીવિજયની ઉપર પ્રતારણી વિદ્યા ચલાવીને દાઢી અને મૂછ ધરી રહેલા તેં કેવું પ્રેક્ષા પૂર્વક કામ કર્યું છે, તે પણ વિચારી જો. પ્રતાપ વડે સૂર્ય જેવા શ્રીવિજયને શું તું નથી જાણતો? જે પ્રતાપ રહિત હોય તેવા પુરૂષમાંજ

તારૂં છલ ચાલે છે; તે વીર તારી વિદ્યાને નિષ્ફળ કરીને અહીં આવેલ છે અને હવે બલથી સુતારાને લઇ જશે. તો હે બુદ્ધિમાન્ ! તું પોતાની મેળેજ જઇને પ્રથમથી સુતારાને અર્પણ કર. જો પ્રણિપાત પૂર્વક સુતારાને સ્વયમેવ અર્પણ કરીશ તો તારા જીવિતનું કુશલ થશે, અન્યથા તો મૃત્યુ તૈયારજ છે." દૂતનાં આવાં વચન સાંભળી અશનિઘોષ મેઘના ગર્જારવ જેવી ઘોર ગિરાથી બોલ્યો–"અરે ! દૂત ! તું ઉદ્ધત અને નિર્લજ્જ છે, આવો દૂત કોઈ ઠેકાણે મારા જોવામાં આવ્યો નથી. જો શ્રીવિજય અહીં આવ્યો છે, તો તે બિચારા તપસ્વીથી શું થવાનું છે ? કદિ પક્ષીઓ મેરૂપર્વત ઉપર જાય, તેથી શું તેમનામાં પરાક્રમ છે એમ સમજવું ? મારા એક લેશ માત્ર પરાક્રમથી તે નષ્ટ શક્તિવાળો થઈને પાછો ચાલ્યો જશે. કેમકે રેતીનું દેવાલય નદીના વેગને સહન કરી શકતું નથી. તેથી જે માર્ગે આવ્યો તે માર્ગે તે પોતાને ઘેર ભલે ચાલ્યો જાય; પણ જો સુતારાને માગશે તો તે યમરાજાને ઘેર જશે. આ બે વાતને વિચારી તે જાય કે રહે, ગમે તે કરે. તું પણ અહીંથી તત્કાળ જા અને આ પ્રમાણે મારી વાણી તેને કહે."

આ પ્રમાણે અશનિઘોષનાં કહેલાં વચનો સાંભળીને તે દૂતે નગરમાંથી નીકળી શ્રીવિજય પાસે આવી તે ઠગારાનો સંદેશો તેમને કહ્યો. કોપાનલમાં પવન જેવો તે સંદેશો સાંભળી રાજા શ્રીવિજયે પોતાની સજ્જ રાખેલી સેનાને પણ ફરીને સજ્જ કરી. શ્રીવિજયની સેનાને યુદ્ધમાં ઉત્કંઠિત જોઇને અશનિઘોષે યુદ્ધનું આતિથ્ય કરવાને પોતાના પુત્રોને આજ્ઞા આપી. તત્કાલ અશ્વઘોષ, શતઘોષ, સહસ્રઘોષ, મહાઘોષ, ભીમઘોષ, ઘનઘોષ અને મેઘઘોષ વિગેરે સર્વ પુત્રો સર્વ સામગ્રી લઈ યુદ્ધ કરવા માટે ચમરચંચા નગરીના દ્વારમાંથી બહાર નીકળ્યા. તે વખતે બંને સૈન્યમાં મોટા ધ્વનિથી શરદૃતુના મેઘ જેવાં રણવાજિંત્રો વાગવા માંડયાં. પછી જેમાં બાણથી છેદાઇને ઉછળતાં છત્રોથી આકાશ સો ચંદ્રવાળું દેખાતું હતું, કપાઇ પડતા મસ્તકોથી જાણે ઘણા રાહુવાળું હોય તેમ જણાતું હતું, પડતા અને ચળકતા શસ્ત્રોથી જાણે ઉલ્કાપાત થતા હોય તેવું દેખાતું હતું, મોટા મદગંધી ગજેંદ્રોના પરસ્પર અફળાવાથી જાણે પર્વતો અફળાતા હોય અને રૂધિરના કાદવથી જાણે ભૂમિપર સંધ્યાનાં વાદળાં વિશ્રાંત થયાં હોય તેવું જણાતું હતું. તેમાં મદ્યની જેમ રૂધિરના પાનથી ભૂત વેતાલ ઉન્મત્ત થઈને નાચતા હતા. મોટા સુભટો હુંકારા કરીને જાણે મંત્રાસ્ત્ર ભણતા હોય તેમ લાગતા હતા, બાણોથી હણાતા હસ્તીઓના કુંભસ્થલમાંથી નીકળતા મુક્તાફલવડે આકાશ બધું તારાવાળું દેખાતું હતું; અને સૈન્યના ઉડેલા રેણુથી જાણે સર્વત્ર પ્રદોષકાલ ઉત્પન્ન થયો હોય તેમ દેખાતું હતું; એવું બંને સૈન્યમાં મોટું યુદ્ધ પ્રવર્ત્યું. ઘોર ગદાના પ્રહારથી અતિ મૂર્છા પામેલા યોદ્ધાઓને કોઇ તેમના બંધુઓ પોતાના વસ્ત્રના છેડાથી પંખો કરી પવન નાખતા હતા. કોઈ તૃષાતુર થયેલા વીરોને જલના ઘડા લઈને ફરતી પ્રિયાઓ વારંવાર જળપાન કરાવતી હતી. પોતાની પ્રિયાઓ જોતાં છતાં દેવાંગનાઓ આવીને 'આ મારો પતિ, આ મારો પતિ' એમ કહેતી કહેતી ઉત્કંઠાએ કોઈ વીરોને વરતી હતી. કોઈ શત્રુનો મુગટ લઇને નાચતો હતો અને તેની સ્પર્ધા કરતું હોય તેમ તેના શત્રુનું ધડ પણ તેને જોઇ નાચતું હતું. જેમ વાનર એક વૃક્ષ પરથી બીજે વૃક્ષે જાય, તેમ કોઈ પોતાના ભમી ગયેલા રથમાંથી ઠેકડો મારીને બીજા રથમાં જતો હતો. કોઈ વીર ચિરકાલ યુદ્ધ કરતાં અસ્ત્ર ખુટી જવાથી પોતાના મસ્તક પરથી શીરસ્ત્રાણ લઈ તે વડે પ્રહાર કરી શત્રુને મારી નાખતો હતો. કેટલાક યોદ્ધાઓ બધાં અસ્ત્રો ક્ષીણ થઈ જવાથી દાંત વડે જેમ હાથીઓ યુદ્ધ કરે તેમ ભુજાદંડથી યુદ્ધ કરતા હતા.

આ પ્રમાણે અસ્ત્રોથી, શસ્ત્રોથી અને માયાથી યુદ્ધ કરતાં બંને સૈન્યોને કાંઈક ઉણો એક માસ વીતી ગયો. તે અરસામાં પવન જેમ વૃક્ષોને ભાંગી નાખે, તેમ શ્રીવિજયના સૈન્યે અશનિઘોષના કુમારોને મારથી પીડિત કરીને ભગ્ન કરી દીધા. એ પ્રમાણે જોઈને વજ્રના જેવી ગદા ઉપાડી પોતાના ભગ્ન થયેલા કુમારોનો તિરસ્કાર કરતો અને શત્રુઓને ત્રાસ પમાડતો અશનિઘોષ, વરાહ જેમ નાના સરોવરમાં અને મંદરાચલ જેમ સમુદ્રમાં પેસે તેમ વિદ્યા અને ભુજાના પરાક્રમથી પ્રકાશિત થઈ શત્રુઓના સૈન્યમાં પેઠો. તત્કાલ તેણે અમિતતેજના પુત્રોને ભગ્ન કરી દીધા. **મનસ્વી જનો સામસામો બદલો તત્કાલ આપે છે.** સુતારાના ભ્રાતૃજો (ભત્રીજાઓ) ને ભગ્ન થયેલા જોઈને શ્રીવિજય "ઉભો રહે, ઉભો રહે" એમ બોલતો પોતે અશનિઘોષની સાથે યુદ્ધ કરવા આવ્યો. બંને વીરો પરસ્પર ગાજતા, તિરસ્કાર કરતા, પોતાની શસ્ત્રશક્તિ અને વિદ્યાશક્તિ બતાવતા, અતિ ચાલાકીથી એક બીજાના પ્રહારને વંચતા અને સુરઅસુરોએ જોવાતા મોટું યુદ્ધ કરવા લાગ્યા. પછી પરાક્રમી શ્રીવિજયે ક્રોધ કરીને ખડ્ગવતી કેળની જેમ અશનિઘોષના બે કટકા કરી નાંખ્યા. એટલે તે બંને કટકામાંથી વડમાંથી વડવાઈની જેમ સૈન્યને ભયંકર એવા બે અશનિઘોષ થયા. તે બંને અશનિઘોષના બે બે ભાગ કર્યા, તો તેમાંથી ચાર ઉદ્ધત અશનિઘોષ થયા. તે ચારના બે બે ભાગ કર્યા, તો તેમાંથી આઠ અશનિઘોષ થયા. એ પ્રમાણે જેમ જેમ તેના ખંડ કર્યા તેમ તેમ શાળિના છોડની જેમ હજારો અશનિઘોષ થઈ ગયા. ઘણા અશનિઘોષથી વિંટાઈ રહેલો પોતનપુરનો રાજા વાદળાંવડે વિંટાઈ રહેલા વિંધ્યાદ્રિ પર્વતના જેવો દેખાવા લાગ્યો. જેવામાં અશનિઘોષને છેદી છેદીને શ્રીવિજય શ્રાંત થઇ ગયો, તેવામાં મહાજ્વાળા વિદ્યાને સાધીને અમિતતેજ ત્યાં આવ્યો. પ્રતાપથી ઉગ્ર તેજવાળા અમિતતેજને આવતો જોઇ સિંહથી મૃગલાની જેમ અશનિઘોષના સૈનિકો જીવ લઇને નાઠા. 'દુષ્ટ શત્રુઓને નાસવા પણ દેવા નહીં' એવું ધારી તેણે સાધેલી મહાજ્વાળા વિદ્યા તેમની ઉપર મોકલી. તે મહાવિદ્યાથી સદ્ય મોહ પામીને સર્વ શત્રુઓ અમિતતેજને શરણે આવ્યા. ગંધ હસ્તીના મદની ગંધથી બીજા હાથીઓ જેમ ભાગી જાય તેમ અમિતતેજને જોતાંજ અશનિઘોષ ઉચ્છૃંખલ થઈ નાઠો. અમિતતેજે મહાજ્વાળા વિદ્યાને કહ્યું કે 'આ દુરાત્માને તારે દૂરથી પણ અહીં પકડી લાવવો.' તત્કાલ સર્વ વિદ્યાનો અંત કરનારી એ મહા વિદ્યા કોપ પામેલા કાળની જેમ અશનિઘોષની પછવાડે દોડી. તેનાથી પલાયન થતાં અશનિઘોષને કોઈ ઠેકાણે પણ શરણ મળ્યું નહીં. છેવટ શરણની ઇચ્છાએ તે દક્ષિણ ભરતાર્દ્ધમાં પેઠો. તેના સિમાંતગિરિપર શ્રી ઋષભદેવ પ્રભુના ચૈત્યમાં સમોસરણને ઠેકાણે એક ગજધ્વજ સ્થાપન કરેલો હતો. પૂર્વ સાગરને કાંઠે આવેલા તે ગિરિની ઉપર શુકલ ધ્યાનને ધરનારા બલદેવ મુનિ એક રાત્રિની પ્રતિમા સ્વીકારીને રહ્યા હતા. તેજ રાત્રિએ ઘાતિકર્મનો છેદ થવાથી મહામુનિને વિશ્વસંક્રમમાં દર્પણરૂપ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. તેમના કેવળજ્ઞાનનો મહિમા કરવાની ઇચ્છાએ જાણે નિમાયેલા અધિકારી હોય, તેમ સુરઅસુરો સત્વર ત્યાં આવ્યા હતા અને અભિનંદન, જગનંદન, જ્વલનજટી, વિજટી, અર્કકીર્તિ, પુષ્પકેતુ અને વિમલમતિ વિગેરે ચારણ મુનિઓ પણ ત્યાં આવી બલદેવ મુનિને પ્રદક્ષિણા કરી નમસ્કાર કરીને પાસે બેઠા હતા. તે સમયે મહાજ્વાળા વિદ્યા પાછળ આવવાથી ભય પામેલો અશનિઘોષ તત્કાલ સમતારૂપ અમૃતના દ્રહરૂપ તે અચળ મુનીશ્વરને શરણે ગયો. મહાજ્વાળા અશનિઘોષને ત્યાં બેઠેલો જોઇ પાછી વળી ગઇ. કેમકે **કેવળીની સભામાં ઇંદ્રના વજ્રની પણ સ્ફુર્તિ થતી નથી.** પોતાના નિષ્ફળપણાથી લજ્જા પામેલી તે વિદ્યાએ આવી, અમિતતેજને સર્વ વૃત્તાંત કહી આપ્યું.

તે વૃત્તાંત સાંભળી મેઘધ્વનિથી મયૂરની જેમ અમિતતેજ અને શ્રીવિજય રાજા ઘણા ખુશી થયા. પછી એ નગરીમાંથી સુતારાને શીઘ્ર લઇ આવવાની મરિચિને આજ્ઞા કરી અને ઉત્કંઠાથી પૂરાયેલા હૃદયવાળા અમિતતેજ અને શ્રીવિજય સૈન્ય સહિત પવનવેગી વિમાનવડે સીમાદ્રિપર સત્વર આવી પહોચ્યા. ત્યાં પ્રથમ ઋષભનાથ પ્રભુના બિંબને વાંદીને પછી બલદેવ મુનિને વંદના કરી તેમની આગળ તેઓ બેઠા.

અહીં મરિચિ ચમરચંચા નગરીમાં પ્રવેશ કરી અશનિઘોષને ઘેર તેની માતાની પાસે આવ્યો; ત્યાં હિમપીડિત નલિનીના જેવી, પંકમગ્ન કમલિનીના જેવી, દાવાનલે દગ્ધ થયેલી લતા જેવી, પાશમાં બંધાયેલી મૃગલી જેવી, ઝાંખી પડેલી ચંદ્રલેખા જેવી, કિનારાપર પડેલી માછલી જેવી, બંધને પડેલી હાથિણી જેવી અને મરૂ દેશમાં રહેલી હંસલી જેવી અત્યંત દુઃખી, ઉપવાસ કરતી અને મંત્રની પેઠે પતિના નામનું સ્મરણ કરતી સુતારા તેના જોવામાં આવી. મરિચિએ અશનિઘોષની માતાને કહ્યું કે 'અમિતતેજે સુતારાને લાવવાને માટે મને આજ્ઞા કરી છે.' એટલે અશનિઘોષની માતા સુતારાને લઇને જ્યાં તેના પતિ હતા ત્યાં અચળ બળભદ્ર કેવળીની સભામાં આવી અને જાણે થાપણ રાખેલી હોય તેમ તે નિર્દોષ સુતારા, શ્રીવિજય અને અમિતતેજને અર્પણ કરી. પછી તે પ્રસન્ન થઇ ભગવાન્ બળદેવ કેવળજ્ઞાનીને વાંદી યોગ્ય સ્થાને બેઠી. તે વખતે અશનિઘોષે નર અને વિદ્યાધરના ઇંદ્ર એવા શ્રીવિજય અને અમિતતેજને મીઠાં વચનથી બમાવ્યા.

તે સભામાં એ પ્રમાણે સર્વે શાંત વૈરવાળા થઇ ગયા, પછી અચલ સ્વામીએ તેમની શુદ્ધિ કરનારી દેશના આપી. દેશનાને અંતે અશનિઘોષે લલાટે અંજલિ જોડીને બલભદ્ર-મુનિને વિજ્ઞપ્તિ કરી—"હે મુનિવર્ય! પોતાના સ્થાનમાં રહેલી આ સુતારાને હાથી જેમ કમલિનીને હરે, તેમ મેં કાંઇ દુષ્ટ મનથી હરી નહોતી. પરંતુ પૂર્વે એકવાર હું ચમરચંચા નગરીથી ભગવાન જયંત મુનિના સ્થાનમાં ગયો હતો અને ત્યાં નિવાસ કરીને મેં ભ્રમરની પેઠે કાંઇક ગણગણતાં સાત ઉપવાસ કરીને ભ્રામરી વિદ્યા સાધી હતી. ત્યાંથી પાછા ફરતા જ્યોતિર્વનમાં શ્રીવિજયની પાસે રહેલી આ સુતારા જોવામાં આવી. તેને જોવા માત્રથીજ તેની ઉપર કોઇ હેતુવડે મને અકથ્ય સ્નેહ ઉત્પન્ન થયો. પછી મેં ચિંતવ્યું કે આ રમણી વિના હું અહીંથી જઇ શકીશ નહીં, કેમકે મારૂં મન જાણે બંધાઇ ગયું હોય તેમ તેને લઈ જવાને ઉત્કંઠિત થાય છે. પણ શેષનાગના મસ્તકપર રહેલા મણિની જેમ આ બલવાન્ શ્રીવિજયની પાસેથી આ સ્ત્રી હરી શકાય તેમ નથી. પછી પ્રતારણી વિદ્યાથી શ્રીવિજયને મોહિત કરી સમળી જેમ હારલતાને હરે તેમ મેં તેનું હરણ કર્યું. તે અનિંદિત સુતારાને મેં મારી માતાની પાસે રાખી. ચંદ્રને પણ કલંક છે, પરંતુ આ સુતારામાં જરા પણ નથી. મેં કદિ પણ તેની પાસે કાંઈ કુવચન કહ્યું નથી. તો હે ભગવન્! તેની ઉપર મને આટલો બધો સ્નેહ થવાનું શું કારણ છે? તે આપ કહો." પછી ભગવંતે સત્યભામા અને કપિલની તથા શ્રીષેણ અને શિખિનંદિતા તથા અભિનંદિતાની કથા કહી બતાવી. પછી એ મુનિવરે કહ્યું કે "શ્રીષેણ, અભિનંદિતા, શિખિનંદિતા અને સત્યભામા મૃત્યુ પામીને યુગલીઆ થયા હતા. ત્યાંથી મૃત્યુ પામી તે ચારે સૌધર્મ દેવલોકમાં દેવતા થયા હતા. ત્યાંથી ચવીને શ્રીષેણનો જીવ આ અમિતતેજ થયો. શિખિનંદિતાનો જીવ તેની પત્ની જ્યોતિઃપ્રભા થયો. અભિનંદિતાનો જીવ આ શ્રીવિજય થયેલ છે અને સત્યભામાનો જીવ આ સુતારા થયો છે. કપિલ આર્ત્તધ્યાને મૃત્યુ પામી અનેક યોનિઓમાં ભમ્યો; અને આર્ત્તધ્યાનથી બાંધેલું કર્મ અકામ નિર્જરાવડે તિર્યંચ યોનિ

અને નારકીમાં ઉત્પન્ન થઈને અપાવ્યું. પછી ભૂતરત્ન નામની અટવીમાં ઐરાવતી નદીના કાંઠા ઉપર તાપસના અગ્રેસર જટિલ કૌશિક નામના તપસ્વીની પવનવેગા નામની પત્નીથી એ કપિલનો જીવ શમિલાયુગના ન્યાયે ધર્મિલ નામે પુત્રપણે ઉત્પન્ન થયો. આંગણાનાં વૃક્ષોની જેમ તપસ્વીઓએ લાલનપાલન કરેલો ધર્મિલ અનુક્રમે મોટો થયો એટલે માથે જટા રાખી પોતાના પિતાની પાસે તાપસી દીક્ષા લઈ તેણે બાલ તપ કરવાનો આરંભ કર્યો. કેમકે તે કાર્ય તેના પિતૃ પરંપરાએ ચાલ્યું આવેલું હતું. હેમંતઋતુમાં પર્વતના પથ્થરો જેમ ઝરણાને સહન કરે, તેમ હિમવડે ભયંકર એવી રાત્રિઓમાં ગળતા શીતળ જળના સંપાતને તે સહન કરવા લાગ્યો. ગ્રીષ્મઋતુમાં મધ્યાહ્નને માથે સૂર્ય અને આસપાસ પ્રજ્વલિત ધુણીઓ કરીને તે પંચાગ્નિના તાપ સહન કરવા લાગ્યો. ચોમાસામાં મેઘની વૃષ્ટિ વડે પૂરાયેલી ખીણો અને સરોવરોમાં કંઠ સુધી જલમાં રહી અઘોર મંત્રને જપવા લાગ્યો. અપ્પકાય અને પૃથ્વીકાય જીવોને પીડા કરવામાં ઉચ્છૃંખલ થયેલા ધર્મિલે વાપી, કૂપ અને સરોવરો ખોદ્યા અને ખોદાવ્યા. બાલકની પેઠે અલ્પ બુદ્ધિવાળા તેણે દાતરડાં અને કુહાડા લઈ કૃષિકારની જેમ પોતાની મેળે ઘણા સમિધ અને દર્ભ છેદી નાખ્યા. વળી ધુણ જાતના જીવોના દાહથી અને પતંગના પડવાથી થતા પાપમાં નિર્ભય થઈ તેણે ધર્મની સઘડીઓ કરી અને માર્ગમાં દીપદાન કરવા માંડ્યાં. ભોજનની પહેલાં અતિથિની જેમ કાગડા વિગેરે દુષ્ટ તિર્યંચોને તેણે પિંડદાન આપ્યાં. વડ, પિપળા અને અરિઠા વિગેરે વૃક્ષોને તેણે દેવની પેઠે પૂજ્યા અને વાંદ્યા. ગાયોની પૂજા કરી. પૂરા સહિત જલવડે વૃક્ષોનું સિંચન કર્યું, અને સ્થાને સ્થાને જલની પરબો બાંધી. આ પ્રમાણે એ મુગ્ધબુદ્ધિ ધર્મિલે પૂર્વોક્ત સર્વ કાર્ય ધર્મબુદ્ધિથી કરતાં કરતાં ઘણો કાલ નિર્ગમન કર્યો અને તેથી પ્રયાસ માત્ર ફળ મેળવ્યું. એક વખતે મહર્દ્ધિકની જેમ વિમાનપર બેસીને આકાશમાર્ગે જતો એક વિદ્યાધર તેના જોવામાં આવ્યો; તેને જોઈ 'આ તપના ફલથી હું ભવાંતરે આવો થાઉં' એવું તેણે નિયાણું કર્યું અને અનુક્રમે મૃત્યુ પામ્યો. ત્યાંથી ચરમચંચા નગરીમાં વિદ્યાધરના રાજા ઇંદ્રાશનિની આસુરી નામની પત્નીથી તું પુત્રપણે ઉત્પન્ન થયો છે. પૂર્વ જન્મના સંબંધથી સુતારાની ઉપર તને ગાઢ સ્નેહ ઉત્પન્ન થયો. કેમકે પૂર્વ સંસ્કાર સેંકડો જન્મ સુધી ચાલ્યાં આવે છે." આ પ્રમાણે પોતાનો પૂર્વભવ સાંભળી સુતારા, અમિતતેજ, શ્રીવિજય અને અશનિવેગ પરમસંવેગ અને વિસ્મય પામ્યા. પછી અમિતતેજે પૂછ્યું– 'હે મુનિવર્ય ! હું ભવ્ય છું કે અભવ્ય છું ?' બલભદ્ર મુનિ બોલ્યા–" આ ભવથી નવમા ભવને વિષે આ ભરતક્ષેત્રની અંદર બત્રીશ હજાર મુગટબદ્ધ રાજાઓએ સેવન કરાતો, ચૌદ મહારત્નનો નાથ, નવનિધિનો ઈશ્વર, લવણ સમુદ્ર તથા ક્ષુદ્ર હિમાલય જેની મર્યાદા છે એટલી પૃથ્વીનો સ્વામી અને માગધાદિક દેવકુમારોએ સેવેલો એવો તું પાંચમો ચક્રવર્ત્તી થઇશ, અને તેજ ભવમાં બેંસઠ ઇંદ્રોએ જેના ચરણને સેવેલ છે એવા શાંતિનાથ નામે સોળમા તીર્થંકર પણ તમેજ થશો. તે વખતે આ શ્રીવિજય રાજા તે તમારા પહેલા પુત્ર અને પહેલા ગણધર થશે." આ પ્રમાણે સાંભળી શ્રીવિજય અને અમિતતેજે અચળ મુનિને પ્રણામ કરીને શ્રાવકના બાર વ્રત ગ્રહણ કર્યાં. અશનિઘોષે બલભદ્ર મુનિને પ્રણામ કરી ભક્તિવડે નમ્ર થઇ વિજ્ઞાપ્ત કરી.–" હે સર્વજ્ઞ પ્રભુ ! આપના મુખથી મેં પૂર્વ ભવોમાં ભોગવેલ દુઃખ સાંભળવાથી મારૂં મન તે આવેશથી અત્યારે પણ કંપે છે. હે ભગવન ! તમારા કહેવા પ્રમાણે કપિલના જન્મમાં પ્રિયાના વિયોગથી મેં જે આર્તધ્યાન કર્યું હતું, તેથી વિવિધ પ્રકારના વધ, છેદ અને ભેદ વડે ભયંકર યોનિમાં ઉત્પન્ન થઈ થઈ મને બહુ વાર તેનું ફળ મળ્યું. ત્યાર પછી અકામ નિર્જરાએ માંડ માંડ તે દુષ્કર્મને જીર્ણ કરી હું પૂર્વ

ભવમાં મનુષ્યપણાને પામ્યો. પરંતુ તેમાં પણ અભાગ્ય યોગે જિનધર્મ નહીં પામવાથી તાપસ થઈ અલ્પ ફળવાળું અને બહુ કષ્ટવાળું મેં બાળ તપ કર્યું; તેવા તપને પરિણામે પણ પાછું નિયાણું કરી આ ચમરચંચા નગરીમાં હું વિદ્યાધરનો પતિ થયો. પણ હે પ્રભુ! તેવા નિદાનવાળા તપનું, પરસ્ત્રીહરણનું અને મહાજ્વાળા વિદ્યાના ભયનું મને તો મહાશુભ ફળવાળું પરિણામ આવ્યું કે જેથી સર્વ દુઃખમાંથી છોડાવનારા આપ જેવા મહાત્માનું શરણ મળ્યું. પાસે રહેલી વસ્તુને પણ જેમ અંધ ન જાણી શકે તેમ જિનધર્મને નહીં જાણતો હું આટલા ભવ પર્યંત ભમ્યો પરંતુ હવે આપ મારી રક્ષા કરો. હે વિભુ! અત્યાર પછી યતિધર્મ વિના મારી એક ક્ષણ પણ જશે નહીં માટે મને હમણાજ દીક્ષા આપો." 'તે યોગ્ય છે' એમ કહી મુનિએ અનુગ્રહ કરેલ અશનિઘોષ ઉત્તમ આશ્રયને પામીને વિનયથી અમિતતેજ પ્રત્યે બોલ્યો–" કર્મરૂપ ઘાસમાં અગ્નિ સમાન આ જ્વલનજટી પ્રત્યક્ષ વિજયી ધર્મ હોય તેવા તમારા પૂજ્ય પિતામહ છે; આ ભગવાન્ અર્કકીર્તિ કે જે તૃણની જેમ વૈભવનો ત્યાગ કરનાર અને તપના તેજવડે અર્ક (સૂર્ય) જેવા તમારા પિતા છે અને ભાવી ચક્રવર્તી તેમજ ભાવી તિર્થંકર એવા તમે છો તો તમને પ્રણિપાત કરતાં જો કે હું માની છું તે છતાં પણ મને કાંઇ લજ્જા નથી. માટે હવે આ ચમરચંચા નગરીનું મારૂં રાજ્ય અને અશ્વઘોષાદિક આ મારા પુત્રો અને મારૂં બીજું જે કાંઈ છે તે બધું તમારૂંજ છે એમ જાણજો, જુદું જાણશો નહી." આ પ્રમાણે કહી પોતાના મોટા પુત્ર અશ્વઘોષને ક્ષીરકંઠ બાલકની પેઠે અમિતતેજના ઉત્સંગમાં અર્પણ કર્યો. પછી ઇંદ્રાશનિના કુમાર અશનિઘોષે ઘણા રાજાઓની સાથે અચળ સ્વામીની પાસે દીક્ષા લીધી. શ્રીવિજયની માતા સ્વયંપ્રભાએ પણ ત્યાં આવી અચળ સ્વામીની પાસે દીક્ષા ગ્રહણ કરી. પછી બલભદ્ર મુનિને નમીને અમિતતેજ, શ્રીવિજય અને અશ્વઘોષાદિક પોતપોતાને સ્થાનકે ગયા.

અપાર લક્ષ્મીવાળો શ્રીવિજય અને અમિતતેજ શક્ર અને ઇશાન ઇંદ્રની જેમ પુષ્કળ લક્ષ્મીવડે નિરંતર અર્હંતના મંદિરોમાં ઉત્કૃષ્ટ રીતે અટ્ઠાઈ ઉત્સવાદિ આચરતા, એષણીય, કલ્પનીય અને પ્રાસુક પદાર્થોનું સાધુઓને દાન આપી પોતાની સમૃદ્ધિને કૃતાર્થ કરતા, અનેક ચિંતારૂપ ગ્રીષ્મઋતુથી આર્ત્ત પ્રાણીઓની પૂર્વ દિશાના પવન અને મેઘની જેમ સર્વ પીડાને હરતા, વળી સારી બુદ્ધિવાળા તેઓ રાતદિવસ આત્મગોષ્ઠીમાં રહેતા, ગુરૂની પાસેથી શાસ્ત્રના રહસ્યને ભાવથી સાંભળતા, બ્હીતો માણસ છાયાને પણ તજે તેમ કુતીર્થીની ગોષ્ઠીને છોડી દેતા, કુપથ્યની જેમ અખિલ વ્યસનોનો ત્યાગ કરતા, કોઇવાર ક્ષણમાત્ર વિષયસુખ અનુભવતા, યોગ્ય અવસરે રાજ્યની પાપ રહિત એવી ચિંતાને ચિંતવતા અને પોતપોતાના નગરમાં પણ એક મનવાળા થઈને રહેતા તેઓ કાળ નિર્ગમન કરવા લાગ્યા.

એકદા ચૈત્ય પાસે આવેલા પૌષધાગારમાં પોસહ ગ્રહણ કરીને વિદ્યાધરોને અર્હંત ધર્મ કહેતા હતા, તે સમયે શ્રી જિનબિંબને વાંદવાની ઇચ્છાએ જાણે ધર્મની બે ભુજા હોય તેવા બે ચારણ મુનિ તે ચૈત્યમાં ઉતર્યા. તેમને આકાશમાંથી ઉતરતાં જોઇને અમિતતેજ ઉભો થયો અને ઇષ્ટના દર્શનથી હર્ષ પામીને તેમને વંદના કરી. બંને મુનિઓએ જિનેંદ્રને ત્રણ પ્રદક્ષિણા કરી વંદના કરી, પછી અમિતતેજને કહ્યું–"મરૂસ્થળમાં જળની જેમ આ સંસારમાં મનુષ્યત્વ અતિ દુર્લભ છે, તે પ્રાપ્ત થાય તો કદિપણ તેને વ્યર્થ રીતે ગુમાવવું નહીં અને

શ્રી જૈન ધર્મના આરાધનમાં જરાપણ પ્રમાદ કરવો નહીં. કેમકે તે ધર્મ વિના ઉત્તરોત્તર મનોરથને પૂરનાર બીજું કોઈ નથી." આ પ્રમાણે કહી વિશ્વને ઈષ્ટ દર્શનવાળા તે બંને ચારણ મુનિ વર્ષાકાળના મેઘની જેમ આકાશમાર્ગે ચાલ્યા ગયા. ત્યાર પછી શ્રીવિજય અને અમિતતેજ પ્રતિવર્ષે શ્રી અર્હંતના ચૈત્યોમાં ત્રણ મહોત્સવો કરવા લાગ્યા. તેમાં ચૈત્ર અને આશ્વિન માસની બે અઠ્ઠાઈઓના ઉત્સવ દેવતાઓ નંદીશ્વર દ્વીપે જઈને કરે છે અને બીજાઓ પોતપોતાના ચૈત્યમાં કરે છે તે પ્રમાણે ચૈત્ર અને આશ્વિન માસમાં પોતપોતાના ચૈત્યમાં કરતા હતા, અને ત્રીજો આશાશ્વત (અનિયમીત વખતનો) ઉત્સવ સીમાદ્રિ ઉપર જઈને શ્રી ઋષભનાથના ચૈત્યમાં બળદેવની જ્ઞાનભૂમિને સ્થાનકે કરતા હતા.

એક વખતે રાજા અમિતતેજ મેરૂપર સૂર્યની જેમ પોતાના મહેલપર પ્રધાનમંડળના પરિવાર સાથે બેઠા હતા; તેવામાં કાદવ અને જલ સુકાઈ ગયાં હોય એવા ગ્રીષ્મ ઋતુના સરોવરની જેમ તપથી જેનાં માંસ તથા રૂધિર સુકાઈ ગયાં હતાં, ઉદ્વેગ સાગરની જેમ જેના શરીરપર નસોનું જાળ દેખાતું હતું. જીર્ણ વાંસની જેમ જેના શરીરના સાંધાઓ કડકડ બોલતા હતા, મગટ કરેલી પશુની જેવું જેમનું ઉદર દુર્બળ અને ભીષણ દેખાતું હતું, તેમજ નિર્દોષ તપ સંપદાના તેજથી જે પ્રકાશી રહ્યા હતા–એવા ધર્માદર્શ તુલ્ય માસક્ષપણક કોઈ મુનિ ભિક્ષાને માટે નગરમાં આવેલા તેમના જોવામાં આવ્યા. એક જિનદર્શનજ જેને પ્રિય છે એવો અમિતતેજ તેમને જોતાંજ મહેલથી ઉતરી તેમની પાસે આવ્યો, અને ત્રણ પ્રદક્ષિણા કરી વાંદી નિર્દોષ અન્નાદિક વડે તેમને પ્રતિલાભિત કર્યા. તે વખતે સત્પાત્રને આપેલા અન્નાદિક દાનના પ્રભાવથી વસુધારા વિગેરે પાંચ દિવ્ય પ્રગટ થયા. એવી રીતે ધર્મચેષ્ટા કરતાં અને સુખમગ્ન રહેતાં શ્રીવિજય અને અમિતતેજને હજારો વર્ષ વીતી ગયાં.

એક સમયે અમિતતેજ અને શ્રીવિજય સાથે મળીને નંદન વનમાં રહેલા શાશ્વત અર્હંતને વંદના કરવા ગયા. વંદના કરીને કુતૂહલથી ભમતાં ભમતાં નંદન વનની રમણિક ભૂમિ જોવા લાગ્યા. તેવામાં વિપુલમતિ અને મહામતિ નામના બે ઉત્તમ ચારણ મુનિ સુવર્ણશિલાપર બેઠેલા તેમના જોવામાં આવ્યા, એટલે તેમની પાસે જઈ પ્રદક્ષિણા કરી વાંદીને બંને શ્રાવક રાજા તેમની પાસે બેસી, આ પ્રમાણે ધર્મદેશના સાંભળવા લાગ્યા.

"આ જગત્માં મૃત્યુ સર્વ પ્રાણીઓની સમીપે હંમેશાં રહેલું છે; તેથી કસાઈના ઘર"માં રહેલા પશુઓની જેમ આ પ્રાણીઓનું જીવિત ચપલ છે. જે મનુષ્યો આયુક્ષણિક છે "એવું જાણે છે તથાપિ ધર્મમાં ઉદ્યમ કરતા નથી તે મોહનોજ વિલાસ છે. જન્મથી માંડી"ને મૃત્યુ સુધી મોહ એવો મોટો શત્રુ છે કે તે મનુષ્યના હિતકારી ધર્મને મૂલમાંથી "છેદી નાંખે છે. તેથી માનવજન્મના ફલની ઇચ્છાએ મોહને છેદીને નિરંતર ધર્મ કરવો "કે જેથી ફરીને પણ મનુષ્યજન્મ પ્રાપ્ત થાય."

આ પ્રમાણે દેશના સાંભળી પોતાનું અવશેષ આયુષ્ય કેટલું છે? એવો તેમણે પ્રશ્ન કર્યો. એટલે 'હવે માત્ર છવીશ દિવસનું આયુષ્ય બાકી છે' એવો મુનીશ્વરોએ પ્રત્યુત્તર આપ્યો. આવું મુનિવાકય અમોઘ જાણી તે નર અને વિદ્યાધરના રાજા નિર્વેદયુક્ત મહા પશ્ચાત્તાપ કરતા આ પ્રમાણે બોલ્યા–"અરે! નિદ્રા નિદ્રાલુની જેમ, સદા મદ પીનારની જેમ, સદા બાળકની જેમ, સદા મૂર્છિતની જેમ અને સદા અપસ્મારીની જેમ અમોએ અરણ્યમાં ઉગેલા પુષ્પની માફક આ મનુષ્યજન્મ પ્રમાદમાંજ નિષ્ફળ ગુમાવી નાંખ્યો છે." ચારણમુનિ તેમને પ્રતિબોધ કરવાને બોલ્યા–"હે મહાનુભાવ! ખેદ કરો નહીં. અદ્યાપિ

તમારે પ્રવજ્યા લેવી યુક્ત છે. જેમ નિશાને અંતે થયેલી ચંદ્રજ્યોતિ કુમુદવિકાશનું કારણ થાય છે તેમ જન્માંતે પણ ગ્રહણ કરેલી દીક્ષા કલ્યાણની હેતુ થાય છે. ચારણ મુનિના આવા પ્રતિબોધથી શ્રીવિજય અને અમિતતેજ ધર્મક્રિયામાં ઉત્સુક થઈ પોતપોતાની રાજધાનીમાં આવ્યા. ત્યાં મુખ્ય જિન ચૈત્યમાં મોટો અઠ્ઠાઈઉત્સવ કર્યો અને દીન તથા અનાથ પ્રાણીઓને યથારૂચિ દાન આપ્યું. પછી પોતપોતાના પુત્રને રાજ્ય સોંપી બંને રાજાઓએ અભિનંદન અને જગન્નંદન મુનિની પાસે જઈ વ્રત કર્યું, અને તરતજ પાદપોપગમ નામે અનશન પણ અંગીકાર કર્યું. તે સમયે શ્રીવિજયે પોતાના પિતાનું સ્મરણ કર્યું; અને તેમની અધિક સમૃદ્ધિ અને પોતાની હીન સમૃદ્ધિ વિચારીને 'હું તેમના જેવો થાઉં' એવું નિયાણું બાંધ્યું. નિયાણું કરનાર શ્રીવિજય અને નિયાણું નહીં કરનાર અમિતતેજ આયુક્ષયે મૃત્યુ પામી પ્રાણત નામના દશમા કલ્પમાં ઉત્પન્ન થયા. ત્યાં સુસ્થિતાવર્ત્ત અને નંદિતાવર્ત્ત વિમાનના સ્વામી મણિચુલ અને દિવ્યચુલ નામે દેવતા થઇ તેઓ સુખે રહેવા લાગ્યા. મનની ઇચ્છા પ્રમાણે વાંછિત અર્થને સિદ્ધ કરનારા તે દેવતાઓએ રતીસાગરમાં ગાઢ મગ્ન થઈ વીશ સાગરોપમનું આયુષ્ય સુખે નિર્ગમન કર્યું.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते
महाकाव्ये पंचमे पर्वणि श्रीशांतिनाथदेवस्य
श्रीषेणादिभवपंचकवर्णनो नाम प्रथमः सर्गः १ ॥

સર્ગ ૨ જો.

આ જંબૂદ્વીપમાં પ્રાગ્વિદેહના આભૂષણ રૂપ રમણીય નામના વિજયમાં સીતા નદીના દક્ષિણ તટને વિષે પૃથ્વીના શુભ વ્યુહને કરનારી પરમ સમૃદ્ધિ વડે શુભ અને શુભ લક્ષ્મીનું સ્થાન **શુભા** નામે એક નગરી છે. તેમાં સ્થિરતામાં મેરૂ જેવો અને ગાંભીર્યમાં સાગર જેવો **સ્તિમિતસાગર** નામે રાજા હતો. તેને અપ્સરાની સૌભાગ્ય સંપત્તિને પરાભવ કરનાર અને શીળની ધુરાને ધરનાર **વસુંધરા** અને **અનુદ્ધરા** નામે બે પત્ની હતી. નંદિતાવર્ત્ત વિમાનમાંથી ચવી અમિતતેજનો જીવ વસુંધરા દેવીના ઉદરમાં અવતર્યો. સુખે સુતેલી વસુંધરા દેવીએ બલભદ્રના જન્મને સૂચવનારાં ચાર મહા સ્વપ્ન મુખમાં પ્રવેશ કરતાં જોયાં. તે સમયે તેને ઉત્પન્ન થયેલા પરમાનંદથી પરાભવ પામી હોય તેમ નિદ્રા દૂર ગઇ. એટલે રાણીએ રાજાને વિજ્ઞપ્તિ કરી કે "પ્રાણનાથ! મેં આજે સ્વપ્નમાં વાદલમાં ચંદ્ર પ્રવેશ કરે તેમ સ્ફટિકના ગિરી જેવો ચાર દાંતવાળો હાથી મુખમાં પ્રવેશ કરતો જોયો; શરદઋતુના વાદળાનો બનાવેલો હોય તેવો નિર્મલ કાંતિવાળો, ઉંચી કોંઢવાળો અને સરલ પુંછવાળો ગર્જના કરતો વૃષભ મારા જોવામાં આવ્યો; દૂર પ્રસરતાં કિરણોના અંકુરોથી જાણે દિશાઓને કર્ણાભરણ રચતો હોય તેવો ચંદ્ર અવલોકયો, અને ત્યાર પછી ગુંજારવ કરતા ભ્રમરાઓથી જાણે શતમુખે ગાતું હોય તેવું અને વીકાશ પામેલા કમળોવડે પરીપૂર્ણ સરોવર જોયું. હે સ્વામી! આ સ્વપ્નનું શું ફલ પ્રાપ્ત થશે તે મને કહો. ઉત્તમ સ્વપ્નને માટે સામાન્ય માણસને પૂછવું અનુચિત છે." રાજાએ કહ્યું–'હે દેવી! લક્ષ્મીવડે દેવ જેવો અને લોકોત્તર બળવાળો તમારે બલભદ્ર પુત્ર થશે' ત્યારથી જેમ રત્નગર્ભા પૃથ્વી નિધાનને અને વંશલતા મુક્તાફળને ધારણ કરે તેમ વસુંધરા દેવીએ ગર્ભને ધારણ કર્યો. તે મહાદેવીએ ગર્ભસમય પૂર્ણ થતાં શ્રીવત્સના ચિન્હવાળા, શ્વેતવર્ણવાળા, પૂર્ણ અવયવવાળા અને સંપૂર્ણ લક્ષણને ધરનારા એક સુંદર પુત્રને જન્મ આપ્યો. પુત્રના જન્મથી સ્તિમિતસાગર રાજા પાર્વણ ઇંદુના[1] ઉદયથી સાગરની જેમ હર્ષ પામ્યો. પિતાએ બારમે દીવસે બાર સૂર્ય જેવી કાંતિવાળા તે પુત્રનું **અપરાજિત** નામ પાડયું. પુત્રને જોતાં, ચુંબન કરતાં, આલિંગન કરતાં અને ઉત્સંગમાં બેસારતાં મહારાજા, ધનને પ્રાપ્ત કરનારા નિર્ધનની જેમ કદિપણ વિરામ પામતા નહોતા. ત્યાર પછી કેટલેક કાળે સુસ્થિતાવર્ત્ત વિમાનમાંથી ચવીને શ્રીવિજયનો જીવ અનુદ્ધરા દેવીની કુક્ષિમાં અવતર્યો. તે સમયે સુખે સુતેલી અનુદ્ધરાદેવીએ રાત્રિના શેષ ભાગે પોતાના મુખમાં પ્રવેશ કરતાં સાત સ્વપ્ન જોયાં. તેમાં પ્રથમ કુંકુમ જેવી અરૂણ કેસરા, ચંદ્રલેખા જેવા નખ અને ચમરના જેવા પુંછવાળો કિશોર કેશરીસિંહ જોયો. પછી સુંઢમાં પૂર્ણ કુંભને ધરનારા બે હાથીએ ક્ષીરજલથી અભિષેક કરાતાં પદ્માસના લક્ષ્મીદેવી જોયાં. પછી મોટા અંધકારને ટાળનાર, રાત્રિનો પણ દિવસ કરનાર અને પ્રચંડ તેજને પ્રસારનાર સૂર્ય અવલોકયો. પછી સ્વચ્છ અને સ્વાદિષ્ટ જલથી પૂર્ણ, મુખ ઉપર પુંડરીક કમળથી અર્ચિત, સુવર્ણથી ઘડેલો અને પુષ્પમાળાથી શોભતો પૂર્ણ કુંભ જોયો. પછી વિવિધ જલચર પ્રાણીઓથી ભરપૂર, રત્નસમૂહથી પ્રકાશિત અને ગગન પર્યંત ઉછળતા તરંગોવાળો સમુદ્ર અવલોકયો. પછી પંચવર્ણી મણિની જ્યો-

---

૧ પૂર્ણિમાનો ચંદ્ર.

તિના પ્રસરવાથી ગગનાંગણમાં ઇંદ્રધનુષ્યની શોભાને ધરતો રત્નનો સંચય જોયો; અને છેલ્લે ધૂમ્ર રહિત, જ્વાળાઓથી આકાશને પલ્લવિત કરતો અને જોવા યોગ્ય સુખદાયક પ્રકાશવાળો અગ્નિ અવલોકયો. આ પ્રમાણે સાત સ્વપ્ન જોઇ જાગ્રત થયેલી અનુદ્ધરા દેવીએ તે પતિની પાસે નિવેદન કર્યાં. તે સાંભળી રાજાએ કહ્યું–'તમારે વાસુદેવ પુત્ર થશે.' સ્વપ્નફળ સાંભળી દેવી ખુશી થયા. સમય આવતાં આકાશ જેમ મેઘને જન્મ આપે, તેમ દેવીએ નેત્રને ઉત્સવ આપનાર અને નીલ કમળના જેવા શ્યામ વર્ણવાળા કુમારને જન્મ આપ્યો. અનુદ્ધરાના ઉદરથી ઉત્પન્ન થયેલા એ મહાવીર્ય કુમારનું રાજાએ મોટા ઉત્સવથી **અનંતવીર્ય** એવું નામ પાડયું. હંસ જેમ એક કમલથી બીજા કમલ પર જાય તેમ રાત્રિદિવસ ધાત્રીઓના ઉત્સંગમાં ફર્યા કરતો તે રાજકુમાર હળવે હળવે વૃદ્ધિ પામ્યો. અનુક્રમે વધેલા અને રમણીઓએ જોયેલા એ રમણીય આકૃતિવાળા વાસુદેવ પોતાના મોટાભાઇની સાથે મિત્રની જેમ રમવા લાગ્યા. જાણે વર્ષાઋતુ અને શરદઋતુના મેઘ એક ઠેકાણે મળ્યા હોય તેમ શ્વેત અને શ્યામ શરીરવાળા એ બંને ભાઇઓ શોભતા હતા. યોગ્યવયે તેમણે લીલામાત્રમાં સર્વ શાસ્ત્રો શીખી લીધાં. 'તેવા પુરૂષોને પૂર્વ ભવે અભ્યાસ કરેલી વિદ્યા સ્વયમેવ પ્રાપ્ત થાય છે.' તેમણે ગુરૂની પાસે એવો અભ્યાસ કર્યો કે જેથી તેઓ ગુરૂના જ્ઞાનને જીવાડનાર થઇ પડયા. અનુક્રમે તેઓ લક્ષ્મીનું વાસગૃહ અને મંત્રતંત્ર વગરનું કામિનીજનને કામણરૂપ યૌવનવય પામ્યા.

એકદા વિવિધ અતિશયવાળા **સ્વયંપ્રભ** નામે મુનિ ત્યાં પધાર્યા. તેમણે નગરની બહાર ઉપવનના કોઇ ભાગમાં નિવાસ કર્યો. તે સમયે અશ્વક્રીડામાં ચતુર રાજા સ્તિમિતસાગર અશ્વને ખેલાવવા માટે નગરની બહાર નીકળ્યો. ઉન્મત્ત અને શાંત અશ્વોને ખેલાવી અશ્વક્રીડામાં રેવંતકુમાર જેવો તે રાજા શ્રાંત થઇને તેજ વનમાં આવ્યો. ઘણા તરૂણ વૃક્ષોથી જાણે તેમાં મેઘ વિશ્રામ લેવા આવ્યા હોય તેવું, નીકવડે ઝરણાવાળો ગિરિ હોય તેવું, કદલીના પત્રથી જાણે પાંથજનને પંખો કરતું હોય તેવું અને સર્વત્ર ઉગેલી લીલોતરીથી જાણે મરકત મણિથી તળ બાંધ્યું હોય તેવું તે વન દેખાતું હતું. એલાઇચી, લવીંગ, કંકોળ અને ચારોળીની ખુશબોને વહન કરતા સુખકારી પવનો તેમાં માર્જન કરનારી દાસીનું કામ કરતા હતા. પૃથ્વીપર રહેલું જાણે નંદનવન હોય તેવા તે ઉદ્યાનમાં રાજા હર્ષથી નેત્રને સ્થિર કરતો પેઠો. ક્ષણવાર વિશ્રામ લઇ આગળ જોયું તો અશોકવૃક્ષની નીચે ધ્યાન ધરતા પ્રતિમાધારી મુનિને જોયા. તત્કાલ શીત લાગવાની જેમ ભક્તિથી તે રોમાંચિત થઇ ગયો. મુનિ પાસે જઇ ત્રણ પ્રદક્ષિણા દઇને વંદના કરી. મુનિએ પોતાનું ધ્યાન પારી ધર્મલાભ રૂપ આશિષ આપી. **સત્પુરૂષો પોતાનું આરંભેલું કાર્ય બીજાના હિતને માટે છોડી દે છે.** પછી સ્વયંપ્રભ મુનિએ જેવા જોઇએ તેવા ઉદાહરણોથી શ્રોતાને જાણે પ્રત્યક્ષ અનુભવ કરાવતી હોય એવી ધર્મદેશના આપી. તે દેશના સાંભળી રાજા ક્ષણવારમાં પ્રતિબોધ પામ્યો. ઘેર જઇ પોતાના પુત્ર અનંતવીર્યને રાજ્યાસને બેસાર્યો; અનંતવીર્ય તથા અપરાજિતે જેનો નિર્ગમોત્સવ કરેલો છે એવા રાજાએ સ્વયંપ્રભ મુનિની પાસે જઇ દીક્ષા ગ્રહણ કરી. એ મહાત્માએ દુઃસહ પરીસહોને સહન કરી મૂલ ગુણ અને ઉત્તર ગુણ ચિરકાલ પાલન કર્યા. છેવટે દૈવયોગે તેનાથી મન વડે ચારિત્રની વિરાધના થઇ ગઇ, તેથી મૃત્યુ પામી તે ભુવનપતિ નિકાયમાં ચમરેંદ્ર થયા. નિઃસીમ પરાક્રમ રૂપ ધનવાળો અને દેવતાથી પણ અપરાજિત એવો અનંતવીર્ય પોતાના ભાઇ અપરાજિતની સાથે પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યો. એક વખતે કોઇ વિદ્યાધરની સાથે તે બંને ભાઇઓને પવિત્ર મૈત્રી થઇ ગઇ. **સત્પુરૂષોનો સંસર્ગ સત્પુરૂષોની સાથે જ થાય છે.** તે વિદ્યાધરે

તેમને મહાવિદ્યા આપી અને 'આ વિદ્યાનું તમે સાધન કરજો' એવો ઉપદેશ આપી તે વૈતાઢ્ય ગિરિપર પોતાને સ્થાનકે ગયો. અનંતવીર્ય અને અપરાજિતને બર્બરી અને કિરાતી નામે બે દાસીઓ હતી. તે ગીત, નાટય વિગેરે કલામાં ઘણી કુશલતા ધરાવતી હતી. રંભાદિક અપ્સરાઓથી પણ સુંદર ગાયન અને નૃત્ય કરતી તે યુવતીઓ બલભદ્ર અને અનંતવીર્યના ચિત્તનું રંજન કરતી હતી.

એક વખતે બલભદ્ર અને વાસુદેવ તે રમણીઓની પાસે સભામાં ઉત્તમ નાટક કરાવતા હતા; તેવામાં ચંચળ શિખાને ધારણ કરનાર, સર્વ સ્થાનકે છુટથી ફરનાર, સર્વત્ર કલહ જોવામાં કૌતુકવાળા અને સ્થિરતામાં પારા જેવા અસ્થિર નારદ ફરતાં ફરતાં તે સભામાં આવી ચડયા. ત્રિદંડધારી નારદના હાથમાં વીણા હતી, અક્ષસૂત્ર, બ્રહ્મસૂત્ર અને કોપીન ધર્યાં હતાં, વર્ણે શ્વેત હતા, હંસની જેમ આકાશમાં ચાલતા હતા, સુવર્ણની પાદુકા ઉપર પગ રાખેલ હતા અને હાથમાં કમંડલ હતું. તે વખતે બર્બરી અને કિરાતીનું મનોહર નાટક જોવામાં બંને ભાઈઓનાં મન વ્યાક્ષિપ્ત હોવાથી તેમણે નારદ ઋષિને માન આપ્યું નહીં, તેથી નારદે કોપ કરીને વિચાર્યું કે 'આ મદ ભરેલા પુરૂષોની પાસે હું અભ્યાગત થઇને આવ્યો, તથાપિ તેઓ મને માન આપવાને ઉભા થયા નહીં. અરે! આ નીચ ચેટીઓના નાટકને બહુ માન આપે છે, ને હું આવ્યો છું છતાં તેઓ હીન જનની પેઠે મારી સામું પણ જોતા નથી! તેથી દાસી પર પ્રીતિ રાખનારા આ બંને અધમ પુરૂષોને તેની અવજ્ઞાનું ફળ હમણાજ હું બતાવું. આ પ્રમાણે ચિંતવી નારદ પવનની પેઠે વૈતાઢ્યગિરિ ઉપર રહેલા દમિતારિ રાજાની પાસે ગયા. લક્ષ્મી વડે ઇંદ્ર જેવો વિદ્યાધરોનો રાજા દમિતારિ સેંકડો વિદ્યાધરોના પરિવાર સાથે બેઠો હતો. તે દૂરથી નારદને આવતા જોઇ સિંહાસન અને પાદુકાનો ત્યાગ કરી સસંભ્રમપણે તેને માન આપવાને ઉભો થયો. તેમને બેસવાને સિંહાસન અપાવ્યું. 'તેવા ઋષિઓને જેટલું માન આપે તેટલું થોડું છે.' નારદ તે સિંહાસન પર નહીં બેસતાં પોતાની સાથે લાવેલા દર્ભના આસનપરજ બેઠા. **તેવા મહાત્માઓ ભક્તિને જ ઇચ્છે છે, વસ્તુને ઇચ્છતા નથી.** ત્રણ ખંડના વિજય કરનાર તે રાજાને નારદે કહ્યું– 'વિદ્યાધરોના રાજા અને મોટા પરાક્રમવાળા હે ત્રિખંડેશ્વર! તમારું કલ્યાણ થાઓ. હે રાજા! રાજ્ય, દેશ, નગર, ગોત્ર, સંબંધી, પરિગ્રહ અને તે સિવાય જે જે તમારા સંબંધમાં હોય તે સર્વને કુશળ છે?' દમિતારિ બોલ્યો–"મુનિવર્ય! મારે સર્વત્ર કુશળ છે, તેમાં પણ તમારા અનુગ્રહથી વિશેષ કુશલ છે. મહાશય! આપને એક વાત પૂછું છું કે તમે નિરંતર સ્વચ્છંદપણે આકાશમાં ફરો છો, તો કોઈ ઠેકાણે પૂર્વે ન જોયેલું હોય તેવું કાંઈ આશ્ચર્ય તમારા જોવામાં આવ્યું છે?" આ પ્રશ્ન સાંભળી 'હવે આપણો મનોરથ સિદ્ધ થઇ ચુકયો' એવું મનમાં ચિંતવી હર્ષવડે કપોલ પ્રફુલ્લિત કરતા નારદ દમિતારિ રાજા પ્રત્યે બોલ્યા–"હે રાજા! આ પૃથ્વીમાં ભ્રમણ કરવાના ફળ રૂપ, દેવલોકમાં પણ ન સંભવે તેવું એક આશ્ચર્ય આજે જ મારા જોવામાં આવ્યું છે. શુભા નામની મોટી નગરીમાં આજેજ ક્રીડાને માટે હું ગયો હતો, ત્યાં અનંતવીર્ય રાજા સભામાં બેઠેલા હતા અને તેની પાસે બર્બરિકા અને કિરાતી નામની બે રમણીઓ આશ્ચર્ય પમાડે તેવું નાટક ભજવી બતાવતી હતી. હું કૌતુકથી સ્વર્ગમાં અને પૃથ્વીપર ફર્યા કરૂં છું, પણ એવું અદ્‌ભુત નાટક કોઇ ઠેકાણે મારા જોવામાં આવ્યું નથી. હે રાજા! સૌધર્મ દેવલોકમાં જેમ શક્રેંદ્ર તેમ આ વિજયાર્દ્ધમાં આશ્ચર્ય રૂપ વસ્તુ માત્રના તમે જ પાત્ર છો. તેથી જ્યાં સુધી તમે એ નાટક કરનારીને અહીં લાવશો નહીં, ત્યાં સુધી તમારે વિદ્યા, પરાક્રમ, તેજ, હુકમ અને રાજ્ય ગમે તેવાં હોય તો પણ તે શા

કામનાં છે ? કાંઈ કામનાં નથી." આ પ્રમાણે કહી નારદ મુનિ પૃથ્વીમાં જેમ બીજ વાવે તેમ સ્વાર્થ સિદ્ધ કરવા માટે ત્યાં કલેશ બીજ વાવીને આકાશમાર્ગે ચાલ્યા ગયા. એમનાં વચનો સાંભળતાંજ ત્રણ ખંડના ઐશ્વર્યથી ગર્વ પામેલા દમિતારિ રાજાએ અપરાજિતના બંધુ અનંતવીર્યની પાસે દૂત મોકલ્યો. તે દૂત શુભા નગરીમાં આવી અગ્રજ બંધુ સહિત સભામાં બેઠેલા અનંતવીર્યને નમસ્કાર કરી વચનની વિશિષ્ટ રચનાથી આ પ્રમાણે બોલ્યો–"હે રાજન્! એ અર્ધ વિજયમાં જે કાંઇ અદ્‌ભુત વસ્તુ ઉત્પન્ન થાય તે સર્વ રાજાધિરાજ દમિતારિ રાજાનીજ છે, એમ સમજવું, તેમાં કાંઇ સંશય રાખવો નહીં. તેથી તમારી પાસે જે બર્બરી અને કિરાતી નામે બે પ્રખ્યાત નાટકકારિકા છે તેને મહારાજા દમિતારિ તરફ મોકલી દો. જે સર્વ રાજ્યના સ્વામી થાય તેને રાજ્યમાં પેટી વિગેરે જે કાંઈ ઉત્તમ પદાર્થ હોય તે સર્વ સ્વાધીન કરવાજ જોઈએ. કેમકે ઘર આપ્યું તો પછી શું તેમાંની સર્વ વસ્તુ જુદી રહી શકે!" આવાં દૂતનાં વચનો સાંભળી અનંતવીર્યે કહ્યું–'હે દૂત! તું હમણા ચાલ્યો જા, હું જરા વિચારીને પછી તત્કાળ તે દાસીઓને મોકલી આપીશ.' આ પ્રમાણે વાસુદેવના કહેવાથી દૂત હર્ષ પામ્યો, અને સત્વર પાછા ફરીને દમિતારિ રાજાને સિદ્ધપ્રાય થયેલું પ્રયોજન કહી આપ્યું. પ્રચ્છન્ન અગ્નિવાળા બે કુંડ હોય તેવા ગુઢ ક્રોધવાળા અપરાજિત અને અનંતવીર્ય બંને દૂતના ગયા પછી વિચાર કરવા લાગ્યા–"રાજા દમિતારિ આકાશગમન અને વિદ્યાસિદ્ધિના બલથી આપણી ઉપર આવું શાસન પ્રવર્ત્તાવે છે. તે શિવાય બીજું તેની પાસે કાંઈ અધિક નથી. આપણને પણ મિત્ર વિદ્યાધરે જે વિદ્યા પૂર્વે આપેલી છે તેનું હમણાજ સાધન કરીએ, તો પછી એ વરાકનો શો ભાર છે?" આ પ્રમાણે બંને ભ્રાતા ચિંતવતા હતા, તેવામાંજ જાણે સંકેત કરી રાખેલી હોય તેમ ત્યાં પ્રજ્ઞપ્તિ વિગેરે વિદ્યાઓ પ્રગટ થઈ; અને વિદ્યુતના તેજની જેવા ઉદ્યોતને ધરનારી, વિવિધ અલંકારે ભૂષિત અને વિચિત્ર દિવ્ય વસ્ત્રોથી અલંકૃત તે વિદ્યાઓ અંજલિ જોડી કહેવા લાગી–'જેને સાધવાની તમે ઇચ્છા કરો છો તેજ અમે વિદ્યાઓ છીએ. પૂર્વ જન્મમાં તમે અમને સિદ્ધ કરેલી હોવાથી અત્યારે તમારી આગળ વગર પ્રયાસે પ્રાપ્ત થયેલી છીએ. હે મહાભાગ! મંત્રાસ્ત્રમાં દેવતાની જેમ અમે તમારા શરીરમાં સંક્રમણ કરશું માટે હવે જે આજ્ઞા હોય તે બતાવો.' આવાં તે વિદ્યાઓનાં વચન સાંભળી તેમણે કહ્યું કે **'एवमस्तु'**[1] એટલે તત્કાલ તે વિદ્યાઓ પૂર્વ પશ્ચિમ સમુદ્રમાં જેમ સરિતાઓ પ્રવેશ કરે તેમ તેમના અંગમાં પ્રવેશિત થઇ. તેઓ સ્વભાવથી બલવાન તો હતાજ, તેમાં આ વિદ્યાના પ્રભાવથી કવચધારી સિંહની જેમ અધિક બલવાન થયા. પછી ગંધ અને મનોહર પુષ્પોથી તેમણે વિદ્યાઓની પૂજા કરી. **વિવેકી જનો કયારે પણ પૂજ્યની પૂજાનો ક્રમ ઉલ્લંઘતા નથી.** આ અરસામાં દમિતારિ રાજાએ મોકલેલો દૂત પુનઃ વેગથી ત્યાં આવ્યો અને તિરસ્કારથી બોલ્યો–"અરે મૂર્ખની પેઠે અજ્ઞાનપણાને લીધે તમે બંને યુવાનોએ સ્વામી તરફ આવો અનાદર કેમ આરંભ્યો છે? 'અમે પેટીઓને તરત મોકલી આપશું' આ પ્રમાણે કહીને અદ્યાપિ કેમ મોકલી નહીં? શું તમારે મરણ પામવાની ઇચ્છા છે? મને તો તમે ખરેખર મૂર્ખ લાગો છો. તે મહારાજાનો કોપ હજુ તમે જાણ્યો નથી. હું ધારું છું કે આ બે પેટીને બહાને તમારા ઉપર બે કૃત્યા (રિષ્ટ) આવેલી છે. તે તમારું મૂલમાંથી ઉન્મૂલન કર્યા વગર જશે નહીં. તમે બીજું વિશેષ આપશો નહીં પણ બે પેટિકા તો

---

૧ એમજ થાઓ.

આપો. નહીં તો મહારાજા દમિતારિ તમને અને તમારી રાજ્યલક્ષ્મીને જપ્ત કરી લઇ લેશે.” જોકે વાસુદેવ અનંતવીર્ય સમર્થ છે, તથાપિ કોપને ગૂઢ રાખી હાસ્યવડે અધરપલ્લવને હસાવતા હસાવતા શાંતતાથી બોલ્યા-“મહારાજા દમિતારિ મોટા મૂલ્યવાળા રત્નોની, ઘણા દ્રવ્યની, ઘોડાઓ અને ગજેંદ્રોની ભેટો આપીને સંતુષ્ટ કરવા યોગ્ય છે; તે મહારાજા જો માત્ર આ બે ચેટીઓથીજ સંતુષ્ટ થતા હોય તો તેઓને લઈ હે દૂત! તું આજે અપરાન્હ[1]કાળેજ જા.” આ પ્રમાણે કહ્યું એટલે પોતાની દૂતકલાને કૃતાર્થ માનતો તે દૂત પોતાને આપેલા ઉતારામાં ગયો.

દૂતના ગયા પછી બંને વીરોએ સ્તંભ ઉપર ગૃહના ભારની જેમ અને ધરી ઉપર ગાડાની જેમ પોતાના રાજ્યનો ભાર મંત્રીઓ ઉપર આરોપણ કર્યો. પછી દમિતારિ રાજા કેવો છે એમ તેને નજરે જોવાના કૌતુકથી પોતેજ-વિદ્યાના પ્રભાવે બર્બરિકા અને કિરાતીનું રૂપ ધારણ કર્યું. એ પુરૂષ રૂપ ચેટીઓએ દૂતની પાસે આવી ‘અનંતવીર્ય અને અપરાજિતે દમિતારિ રાજાને માટે અમને મોકલી છે’ એમ કહ્યું. એટલે બંને ચેટીઓની સાથે તે દૂત હર્ષ પામતો ત્યાંથી ચાલ્યો. તત્કાળ વૈતાઢ્ય ગિરિપર આવી તેણે દમિતારિ રાજાને વિજ્ઞપ્તિ કરી-“મહારાજા! જેમ અસુરો ચમરેંદ્રની આજ્ઞાને, દેવતાઓ ઇંદ્રની આજ્ઞાને, નાગકુમારો ધરણેંદ્રની આજ્ઞાને અને પક્ષીઓ ગરૂડની આજ્ઞાને ઉલ્લંઘન કરતા નથી તેમ આ રમણીય વિજયાર્દ્ધમાં સર્વ રાજાઓ દુષ્ટને શિક્ષા કરનાર એવા તમારી આજ્ઞાને ઉલ્લંઘન કરતા નથી. તેમાં પણ અપરાજિત અને અનંતવીર્ય તો વિશેષપણે નમ્ર થઈ મસ્તકપર મુગટની જેમ તમારી આજ્ઞાને સદા ધારણ કરે છે. આ બર્બરિકા અને કિરાતી નામે નટીરત્ન તેમણે તમારે માટે ભેટ કરવા મને અર્પેલ છે.” દમિતારિએ સૌમ્ય દૃષ્ટિથી બંને ચેટીનું અવલોકન કર્યું. ‘જે ગુણ જનશ્રુતિએ સાંભળવામાં આવે છે, તે તેના જ્ઞાતાઓને અનુરાગ કરનારો થાય છે.’ પછી તરતજ દમિતારિએ નાટકનો અભિનય કરવા તેમને આજ્ઞા કરી. **અપૂર્વ વસ્તુ જોવાની ઇચ્છા જરાપણ કાલક્ષેપ સહન કરી શકતી નથી.** મહારાજાની આજ્ઞા થતાં તે પાત્રરૂપ નટીઓ રંગભૂમિમાં આવી, અને પ્રત્યાહારાદિક અંગોથી પૂર્વ રંગ કરવા લાગી. રંગાચાર્યે પુષ્પાંજલિથી રંગપૂજા કરી. ગાયકાદિ પરિવાર યોગ્ય દિશાએ બેઠો. નટે આવી નાંદીવાદ પૂર્વક નાંદીપાઠ કર્યો. નાંદી થઈ રહ્યા પછી અંગ સહિત પ્રસ્તાવનાનો અભિનય શરૂ કર્યો. પછી ગાયિકાજન વિચિત્ર નેપથ્ય ધારણ કરી જાતિરાગ સહિત પાત્રના પ્રવેશને સૂચવનારી ધ્રુવાગીતિ ગાવા લાગ્યો. પછી પ્રકૃતિ, અવસ્થા, સંધિના અંગ અને સંધિવડે ઉન્નત એવા રસ સાગર નાટકનો અભિનય શરૂ થયો. એકાંત સુખામૃતના સિંધુરૂપ સંપ્રયોગ શૃંગારથી, તે તે દુઃખી અવસ્થાના કારણરૂપ વિપ્રયોગ શૃંગારથી, તે તે પરસ્પર સંઘટ્ટનના ઉપાયોથી અને સર્વ વિઘ્નના પરિહારથી કોઇ કોઈ પ્રસંગે કામદેવના સામ્રાજ્યની સંધિ અને વિગ્રહની કલ્પના થવા લાગી. નેપથ્યમાં આવેલા મોટા પેટવાળા, ઢાંતાળા, લંગડા, કુબડા, ચીબલા, છુટા કેશવાળા, માથે તાલવાળા, કાણા, બેડોળા, અપાને ઘંટ બાંધનારા, અંગે ભસ્મ લગાવનારા, કાખ અને નાસિકા વગાડનારા, કાન અને ભ્રૂગુટી નચાવનારા, બીજાની ભાષાનો અનુવાદ કરનારા અને કપટવડે મુગ્ધ કરનારા કેટલાક વિદૂષક અને વિટપુરૂષો ગામડીઆ પુરૂષોની પેઠે આવી આવીને નગરના ચતુર પુરૂષોને હસાવતા હતા. આકાશવાણી, દૈવને ઉપાલંભ, અશ્રુપાત, અસ્થાને યાચના, ભૂમિપર

---

૧ બપોર.

આલોટન, રૂદન, ભૃગુપાત (ભૈરવજવ), ગલેફાંસો, જલ તથા અગ્નિમાં પ્રવેશ, વિષભક્ષણ, શસ્ત્રઘાત, હૃદયતાડન, સમૃદ્ધિનો નાશ અને ઈષ્ટનો વધ-ઇત્યાદિક અનેક દેખાવોથી ક્રૂર લોકોને પણ આર્દ્ર કરી અશ્રુપાત કરાવતા હતા. કોઈવાર દાંત તથા હોઠના પીડવાથી નેત્રની રતાશથી, ભ્રૂગુટીના ચડાવવાથી, ગાલ વગાડવાથી, કરતલ પછાડવાથી, પૃથ્વી ફાડવાથી, આયુધ ખેંચવાથી, રૂધિર આકર્ષવાથી, વેગવડે દોડવાથી, પ્રહાર સહિત લડાઇઓથી, ગાત્રના કંપાવવાથી, અશ્રુપાત કરવાથી, સ્ત્રીના અપહરણથી અને સેવકોના તિરસ્કારથી ધીર પુરૂષોને પણ કંપાવતા હતા. કોઇવાર ગાંભીર્ય, સ્થૈર્ય, ચાતુર્ય તથા ત્યાગાદિક ઉજ્જવળ ગુણ, હૃદયના જુસ્સા, પરાક્રમ, ન્યાય અને દઢ પ્રતિજ્ઞા વિગેરે દેખાવોથી, જે સ્વભાવથી, ભીરૂ હતા તેઓમાં પણ પરાક્રમ પ્રગટ કરતા હતા. તાળવું, કંઠ અને હોઠના શોષવાથી ચપળ નેત્રવડે અવલોકવાથી કરકંપથી, સ્વરભેદથી, વિવર્ણ બતાવવાથી, સરલ ચિન્હોથી, પ્રેતાદિક વિકૃતરૂપ બતાવવાથી અને તેમના સ્વરને સંભળાવવા વિગેરેથી કોઈવાર સર્વ સભાજનોને ત્રાસ પમાડી દેતા હતા. કોઈવાર અંગનો સંકોચ, હૃદયનો ઉદ્વેગ, નાસિકા ને મુખનો વિષમ દેખાવ, થુંકવું, વારંવાર હોઠને મરડવા-તેથી અને દુર્ગંધ, વમન, વ્રણ, કીડાઓનું દર્શન અને શ્રવણ વિગેરે બીભત્સ દેખાવોથી સર્વ સામાજિક લોકો મનમાં અત્યંત દુઃખી થતા હતા. કોઇવાર લોચનના વિસ્તારથી, નિર્નિમેષ જોવાથી, શ્વેદ, અશ્રુ અને પુલકાવળીના દર્શનથી સાધુવાદથી દિવ્ય આલોકથી ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિથી અને ઇંદ્રજાળના દેખાવથી સહસા સભાસદોને વિસ્મય પમાડતા હતા. કોઇવાર મૂલોત્તર ગુણોથી ધ્યાનથી અધ્યાત્મગ્રંથના ચિંતનથી સદ્ગુરૂની ઉપાસનાથી, દેવપૂજાદિકથી અને વૈરાગ્ય સંસારભય અને તત્વજ્ઞાનાદિકના દેખાવોથી વિષયસ્વાદમાં લુબ્ધ પુરૂષોને પણ શાંતિ પમાડી દેતા હતા. એવી રીતે સર્વ નટો જે જે રસનો અભિનય કરતા, તે તે રસમાં સર્વ સભાજનો તન્મય થઈ જતા હતા. પ્રથમ કહી બતાવેલા સર્વ અભિનયો યથાર્થપણે કરી બતાવવાથી જાણે તે સર્વ પોતાની સમક્ષ બનેજ છે છેમ સભાજનો સમજતા હતા.

ચતુર જનોમાં અગ્રણી મહારાજા દમિતારિ આ નાટકનો વિધિ જોઇ આ બે ચેટી સંસારમાં રત્નરૂપ છે એમ માનવા લાગ્યો. પછી કપટથી નટી થયેલા તે બંને વીરોને રાજાએ પોતાની કનકશ્રી નામે પુત્રી નાટકશિક્ષાને માટે અર્પણ કરી. એ રમણીય રાજકન્યાનું પૂર્ણચંદ્ર જેવું મુખ હતું, ત્રાસ પામેલી હરિણીના જેવાં લોચન હતાં. પકવ બિંબ ફલ જેવા અધર[૧] હતા. શંખના જેવી ગ્રીવા[૨] હતી, કમળના જેવી ભુજાઓ હતી, સુવર્ણ કુંભની ઉપમાને પામેલાં સ્તનો હતાં, વજ્રના મધ્યભાગ જેવું કૃશ ઉદર હતું, વાપીકા જેવી ગંભીર નાભિ હતી, નદીતટ જેવો કટિપ્રદેશ હતો, કરભના જેવા ઉરૂ હતા, મૃગી જેવી જંઘાઓ હતી, કમલ જેવા હાથપગ હતા, સર્વ અંગ લાવણ્યજલમાં મગ્ન થયા હતા; કંઠમાં મધુર આલાપ શોભતો હતો અને તે શિરીષ પુષ્પના જેવી કોમલ હતી. આવી યૌવનવયને પ્રાપ્ત થયેલી મનોહર બાળાને જોઈ, તે કપટચેટી થયેલા વીરોએ તેને વારંવાર મધુર આલાપે બોલાવીને સર્વ પ્રકારના અભિનય સહિત સર્વ નાટકનો વિધિ નિર્બહણસંધિ સુધી શીખડાવી દીધો. તે કપટચેટીઓ નાટકના મધ્યમાં મહાભુજ અનંતવીર્યના ઉત્કૃષ્ટ રૂપ, શૌર્યાદિ ગુણોનું ગાન કરતી હતી. એક સમયે કનકશ્રીએ પૂછ્યું-' અરે યુવતીઓ ! ક્ષણે ક્ષણે જેના ગુણ તમે ગાયા કરો છો તે પુરૂષોત્તમ અનંતવીર્ય કોણ છે ?' માયાચેટી થયેલો

૧ હોઠ. ૨ ડોક.

અપરાજિત હાસ્ય કરી બોલ્યો–' હે શુભાનના ! આ વિજયમાં શુભા નામે એક મોટી નગરી છે. તેમાં ગુણનો સાગર અને પ્રતાપે સૂર્યરૂપ **સ્તિમિતસાગર** નામે રાજા છે. તે મહાત્માને વિનયની ભૂમિરૂપ અને શત્રુઓથી અપરાજિત **અપરાજિત** નામે જ્યેષ્ઠ પુત્ર છે અને નિર્મલ ગુણથી એકનિષ્ટ એવો **અનંતવીર્ય** નામે કનિષ્ટ પુત્ર છે. એ અનંતવીર્ય રૂપથી કામદેવને જીતનાર, શત્રુઓની ગર્વગ્રંથીને તોડનાર, દાતાર, દૃઢ પ્રતિજ્ઞાવાન અને શરણાગતવત્સલ છે. તેની ભુજા શેષનાગ જેવી લંબાયમાન છે; ભુજાંતર (હૃદય) શિલા જેવું વિશાળ છે, તે લક્ષ્મીનો વાસાગાર અને પૃથ્વીનો આધારભૂત છે. આશ્રિતોરૂપ કમલોનો સૂર્ય અને દાક્ષિણ્યતાનો ક્ષીરસાગર છે. અમે અલ્પબુદ્ધિવાળા તે મહાત્માના કેટલા વખાણ કરીએ ? સુર, અસુર અને મનુષ્યોમાં તેના જેવો બીજો કોઇ પુરૂષ નથી.' તે સાંભળી કનકશ્રી જાણે તે પોતાની આગળજ રહેલો હોય તેમ તેને જોવાને પવનથી હણાયેલી સરસીની જેમ ઉત્કંઠાવાળી થઇ ગઇ. રોમાંચના મિષથી જાણે સાક્ષાત કામદેવના બાણથી ભેદાએલી હોય અને નિ:સ્પંદ પુતળી હોય તેમ સ્તબ્ધ થઇ, ચિત્તમાં વિચાર કરવા લાગી કે 'જેના સદ્‌ગુણી અનંતવીર્ય ધણી છે તે દેશને, તે નગરીને, તે પ્રજાને અને તે સ્ત્રીજનને ધન્ય છે. દૂર રહેલો ચંદ્ર પણ પોયણીને આનંદ આપે છે અને આકાશમાં રહેલો મેઘ મયૂરીને નચાવે છે. તેમને તો દૈવની અનુકૂલતાથી તે ઘટિત રીતે થાય છે, પણ મારે ને અનંતવીર્યને તો કેવું દૈવ હશે ? તેનો મારી સાથે પ્રતિભાવ થવો તો દૂર રહ્યો પણ તેને હું દેખી પણ કેમ શકું ? વળી આવા મનોરથની સિદ્ધ કરી આપનાર મિત્ર પણ આ જગતમાં દુર્લભ છે.' આ પ્રમાણે ચિંતા કરતી કનકશ્રીને જોઇ ઇંગિતાકારથી તેના મનોગતભાવ જાણનારો અપરાજિત બોલ્યો–"અરે મુગ્ધા ! અપરાજિતના અનુજબંધુ અનંતવીર્યના ગુણ મારા મુખથી સાંભળી તમે શલ્યપીડિત હો તેમ શામાટે ખેદ પામો છો ? તમારી શું તેને જોવાની ઇચ્છા છે ?" હિમપીડિત પદ્મિનીની પેઠે ગ્લાન થયેલી કનકશ્રી દીન કરતાં પણ દીન થઇ સ્વરભેદથી ભાંગેતુટે અક્ષરે બોલી–"બ્હેન ચેટી ! અનંતવીર્યને જોવાની જે મારી ઇચ્છા તે કરવડે ચંદ્રને ગ્રહણ કરવાની ઇચ્છા જેવી છે, પગવડે આકાશમાં ચાલવાની ઇચ્છા જેવી છે અને બે ભુજાવડે સમુદ્ર તરવાની ઇચ્છા જેવી છે. એ સુંદર શુભાનગરીના અધિપતિ હું મંદભાગ્યાને દૃષ્ટિગોચર શી રીતે થાય ? મારે તેવો મનોરથ કરવો તે પણ કષ્ટ રૂપ છે." જ્યેષ્ઠા માયા નટીએ કહ્યું–' ભદ્રે ! જો તેને જોવાને તમારી ઇચ્છા હોય તો ખેદ કરો નહીં. હું હમણાજ તેમને બતાવીશ. મુગ્ધા ! મારી વિદ્યાશક્તિથી વનમાં જેમ વસંત અને મલયાનિલ આવે તેમ તે અનંતવીર્ય અને અપરાજિતને હું અહીં લાવીશ.' કનકશ્રી હર્ષથી બોલી–"પ્રિય બ્હેન ! તમારામાં સર્વ વાત સંભવે છે. કારણકે તે ગુણસમુદ્ર બંને વીરરત્નના તમે પાર્શ્વવર્ત્તી છો. તમારા આવા ભાષણથી મારૂં દૈવ અનુકૂળ છે એમ હું માનું છું. જરૂર કોઇ મારી કુલદેવતા તમારા મુખમાં ઉતર્યા છે. હે કલાવતી ! તમે હમણાજ તમારી વાણી સફળ કરો. તેવા નરરત્નનો પરિવાર પણ મિથ્યા ભાષણ કરતો નથી." જાણે દેવ સંતુષ્ટ થયા હોય તેમ રૂપથી કામદેવ જેવા અનંતવીર્ય અને અપરાજિતે આ પ્રમાણે વાર્ત્તાલાપ થતો હતો તેવામાં પોતપોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું. પછી અપરાજિત બોલ્યો–' ભદ્રે ! જેના ગુણો હું કહેતો હતો તે મારો ભ્રાતા આ અનંતવીર્ય છે. જુઓ, તે બરોબર છે કે નહીં ? મેં તેનો રૂપવૈભવ થોડો વર્ણવ્યો હતો. કારણકે તે વાણીથી અગોચર હતો. હવે તેને નેત્રગોચર કરો.' તેને જોતાંજ દમિતારિ રાજાની કન્યામાં એકીસાથે જુસ્સો, વિસ્મય, લજ્જા, પ્રમોદ, મદ અને ચપળતા પ્રગટ થયાં; અને અપરાજિતને શ્વસુર તુલ્ય માની તે બાળા ઉત્તરીય વસ્ત્રથી ઘુંઘટો વાળી મર્યાદા કરી ઉભી રહી. તત્કાળ કામદેવરૂપ

મેઘના મહોદયથી અનંતવીર્ય પણ પુષ્પિત કદંબની જેમ રોમાંચિત થઈ ગયો. મૃગેક્ષણા કનકશ્રી સહજવારમાંજ માન અને લજ્જા છોડી પોતેજ કૃતીપણું સ્વીકારી આ પ્રમાણે બોલી–"આ વૈતાઢ્ય પર્વત કયાં ! શુભા નગરી કયાં ! નારદ પાસેથી પિતાએ સાંભળેલું ચેટીનાટક કયાં ! તમારી પાસેથી ચેટી માટે પિતાશ્રીનું માગવું કયાં ! ચેટીરૂપે તમારા બંનેનું અહીં આવવું કયાં ! નાટકશિક્ષા માટે તમને મારૂં સોંપવું કયાં ! આર્યપુત્રે કરેલું તમારૂં ગુણકીર્ત્તન કયાં ! અને છેવટ તમોએ પ્રત્યક્ષ કરેલું આત્મ સ્વરૂપ કયાં ! આ સર્વ અસંભવિત છતાં પણ મારા ભાગ્યથીજ થયેલું છે. જેવી રીતે તમે મારા નાટ્યાચાર્ય થયા હતા, તેવી રીતેજ હવે મારા પતિ થયા છો. તેથી જો સંપ્રતિ કામદેવથી મને બચાવશો નહીં, તો તમને મારો હત્યા લાગશે. પ્રથમ શ્રવણ માત્રથી તમે મારૂં હૃદય ગ્રહણ કરેલું હતું, હવે મારા પાણિનું ગ્રહણ કરો, પ્રસન્ન થાઓ અને મારીપર અનુગ્રહ કરો. આ વૈતાઢ્ય પર્વતની દક્ષિણ અને ઉત્તર શ્રેણીમાં વસતા યુવાન વિદ્યાધરોમાં તમારા જેવા વરનો અભાવ છે. મારા સારા ભાગ્યે જીવલોકના ચંદ્રભૂત અને જીવનૌષધરૂપ તમે પ્રાપ્ત થયાછો." અનંતવીર્યે હર્ષથી કહ્યું–' હે સુભ્રુ ! હે સુભગે ! જો તમારી એવી ઇચ્છા હોય તો ચાલો, ઉઠો, આપણે શુભા નગરીએ જઇએ.' કનકશ્રી બોલી–' હવે આ મારા પ્રાણ ઉપર તમારૂંજ રાજ્ય છે. પણ વિદ્યાના સામર્થ્યથી દુર્મદ થયેલો મારો પિતા ઘણો દુષ્ટ છે, તેથી તે મોટો અનર્થ કરે અને તે અનર્થનું સ્થાન હું થાઉં તેનો મને ભય છે; જો કે તમે બલવાન છો પણ એકાકી અને અસ્ત્ર રહિત છો.' અનંતવીર્યે હાસ્ય કરીને કહ્યું–'કાતરે[1] ! ભય પામશો નહીં. સર્વ રીતે બલવાન એવો પણ તમારો પિતા મારી સાથે યુદ્ધ કરવામાં શા હિસાબમાં છે ? હે પ્રિયા ! કદિ કોઇ બીજો પછવાડે યુદ્ધ કરવાની ઇચ્છાએ આવશે, તો અમે તેને મૃત્યુ પમાડી દઇશું, તેથી નિશંક થઈને ચાલ્યા આવો.'

આ પ્રમાણે અનંતવીર્યે કહ્યું, એટલે તે બાળા તે ભુજવીર્યશાળી વીરની સાથે સાક્ષાત્ સ્વયંવરા લક્ષ્મી હોય તેવી રીતે ચાલી નીકળી. તે વખતે જાણે ધ્વજસહિત પ્રાસાદ હોય તેમ અનંતવીર્ય ઉંચા હાથ કરી મેઘના જેવી ગંભીર વાણીથી બોલ્યો–"હે સર્વે પુરાધ્યક્ષો! સેનાપતિઓ ! મંત્રીઓ ! કુમારો ! સામંતો ! સુભટો ! અને જે કોઈ બીજા દમિતારિના પક્ષ કરનારા હોય તેઓ ! સર્વે તમે સાવધાન થઇને મારૂં વચન સાંભળો. આ હું અપરાજિત વડે શોભતો અનંતવીર્ય દમિતારિ રાજાની પુત્રીને મારે ઘેર લઈ જાઉં છું તે 'ચોરી કરીને લઈ ગયો એવો પાછળ અપવાદ આપશો નહીં; માટે ઉપેક્ષા ન કરો અને જો ઇચ્છા હોય તો શસ્ત્રધારી થઇ મારી સામે આવી મારી શક્તિ જુઓ." આ પ્રમાણે ઉદ્ઘોષણા કરી અનંતવીર્ય કનકશ્રી અને અપરાજિતને સાથે લઇ વૈક્રિય વિમાનવડે આકાશમાં ચાલ્યો. અનંતવીર્યનાં આ પ્રમાણેનાં વચનો સાંભળી દમિતારિએ ' આ પૃથ્વીપર મરવાની ઇચ્છાવાળો આ તપસ્વી કોણ છે ?' એમ કહી સુભટોને આજ્ઞા કરી કે 'ભ્રાતા સહિત તે દુષ્ટને મારીને અથવા પકડીને કનકશ્રી પુત્રીને લઇ આવો અને તે દુષ્ટને તેના દુર્નયનું ફળ આપો.' દમિતારિની આજ્ઞા થતાંજ સર્વ સુભટો મનોવૃત્તિમાં જુસ્સો લાવી, ઉંચા દાંત કરીને ધસી આવતા હાથીઓની પેઠે ઉંચા હથિયાર કરી અનંતવીર્યની પછવાડે દોડ્યા. તે સમયે વીર્યભૂષિત અપરાજિત અને અનંતવીર્યને હલ અને શાર્ઙ્ગ ધનુષ્ય વિગેરે દિવ્ય રત્નો સ્વતઃ પ્રાપ્ત થયાં. તેવામાં તો અનેક શત્રુઓને દમન કરનારા દમિતારિના સુભટો એક સાથે મેઘની જેમ શસ્ત્રધારા વર્ષાવવા લાગ્યા. ક્ષણવારમાં તે બંને

---

૧ હે બીકણ સ્ત્રી !

પુરૂષવ્યાઘ્રોએ ક્રોધવડે આયાસ વગર યુદ્ધ કરવા માંડયું, જેથી હરિણની પેઠે તે સર્વ સુભટો તત્કાળ ત્રાસ પામીને પલાયન કરી ગયા. તેમને પલાયન થતાં જોઈ ક્રોધ કરતો દમિતારિ શસ્ત્રોવડે અધિક વૃક્ષવાળા વનની જેવું આકાશ કરતો યુદ્ધ કરવા ચાલ્યો. તે સમયે 'અરે યુદ્ધ કર, યુદ્ધ કર, ઉભો રહે, ઉભો રહે, આયુધ છોડી દે, છોડી દે, મરી જઈશ, મરી જઈશ, અમારા સ્વામીની કન્યાને છોડી દે, અમે તારા પ્રાણ બચાવશું" આવા વિકટ આટોપવડે ભયંકર અને કાનમાં કટુ લાગે તેવા સુભટોના આલાપ સાંભળી કનકશ્રી મોહવિહ્વલ થઇને 'હે આર્ય પુત્ર! હે આર્ય પુત્ર!' એમ કહેવા લાગી. તેને અનંતવીર્યે કહ્યું–'હે મુગ્ધા! દેડકાના અવાજની જેમ આકાશમાં થતા તે માનવધ્વનિથી તું વ્યર્થ શા માટે બીએ છે? ઇંદ્રથી મૈનાકની જેમ મારાથી ત્રાસ પામતા અને હણાતા આ સૈન્ય સહિત દમિતારિને હમણાજ જોઈ લે.' આ પ્રમાણે કનકશ્રીને આશ્વાસન આપી અનંતવીર્ય વાસુદેવ અપરાજિત બળદેવની સાથે તિરસ્કાર કરેલા સિંહની જેમ યુદ્ધ કરવા પાછો ફર્યો. તે વૈરીઓને કુટનારા દમિતારિના કોટીગમે સુભટોએ દીવાને પતંગીઆઓ ઘેરી લે તેમ વાસુદેવને ઘેરી લીધા. એટલે સ્થિરતામાં મેરૂ સમાન અનંતવીર્યે ક્રોધ કરીને વિદ્યાશક્તિથી પોતાની સેના તેની સેનાથી દ્વિગુણી ઉત્પન્ન કરી. દમિતારિના સુભટો ધાતુસહિત પર્વતોની જેમ રૂધિરપંક્તિથી આર્દ્ર શરીરવાળા થયા છતાં પણ યુદ્ધ કરવા લાગ્યા. તે વખતે "જેનું આ ધડ રણભૂમિમાં નાચે છે તે મારો પતિ થાઓ, જે આ ભાલામાં પરોવાઇને ચાલે છે તે વીરને પતિ કરવા હું ઉત્સુક છું, જે આ હણનારનું વર્ણન કરે છે તેની સાથે હું કયારે રમીશ? જે આ મુખમાં પ્રવેશ કરતા ભાલાને દાંત વડે ધરી રાખે છે તે મારો પતિ થાઓ, જે આ હાથીના કુંભસ્થલ ઉપર ચડી જાય છે તે મારા સ્વામી છે. જે આ અસ્ત્ર ભગ્ન થતાં ફક્ત મસ્તકપર રહેલા ટોપવડે યુદ્ધ કરે છે તેની હું દાસી છું. જે આ હાથીનો દાંત ઉખેડીને શસ્ત્રધારી થયેલ છે તે મારા પ્રિય છે." આ પ્રમાણે આકાશમાં રહેલી દેવાંગનાઓના મુખમાંથી અનુરાગવચનો નીકળતાં હતાં. દમિતારિ રાજાની વિદ્યાશક્તિવડે અતિ દુર્મદ થયેલા સૈનિકો રણભૂમિમાં ભદ્રહસ્તીની જેમ જરા પણ ભગ્ન થયા નહીં એટલે યુદ્ધરૂપ નાટકના અભિનય કરવામાં નટરૂપ વાસુદેવે નાદથી ભૂમિ અને આકાશના અંતરાલને પૂરે તેવો પંચજન્ય શંખનો શંખનાદ કર્યો. જગદ્વિજયી વિષ્ણુએ કરેલા શંખનાદના વ્યાપવાથી સર્વ શત્રુઓ જાણે અપસ્માર રોગી હોય તેમ મુખે ફીણ કાઢતા ભૂમિપર પડી ગયા. તેથી દમિતારિ રાજા પોતે રથપર બેસી અનંતવીર્યની સાથે દિવ્ય શસ્ત્રઅસ્ત્રથી યુદ્ધ કરવા લાગ્યા. છેવટે કનકશ્રીના પિતાએ વાસુદેવને દુર્જય જાણી વિધુરપણામાં પ્રિય મિત્રની જેવા ચક્રનું સ્મરણ કર્યું. તત્કાળ સેંકડો જવાળાથી આકુલ એ ચક્ર સમુદ્રમાં વડવાગ્નિની જેમ દમિતારિ રાજાના કરમાં આવીને સ્થિત થયું. તેને આવેલું જોઈ દમિતારિ બોલ્યો–'અરે દુર્મતિ! હવે અહીં ઉભો રહેવાથી મૃત્યુ પામીશ, માટે હજુ પણ મારી પુત્રીને છોડી દઇને જીવતો ચાલ્યો જા.' અનંતવીર્યે કહ્યું–'તારી કન્યાની સાથે તારા ચક્રને અને તારા પ્રાણને લઇને હું જઇશ; તે શિવાય જવાનો નથી.' આ પ્રમાણે કહેવાથી અગ્નિ જેવાં રાતાં લોચનવડે પ્રજ્વલિત થતા દમિતારિએ ચક્ર ભમાડીને અપરાજિતના બંધુ અનંતવીર્ય ઉપર છોડયું. વાસુદેવના હૃદયપર તુંબાગ્રની પેઠે તે ચક્રનો પ્રહાર લાગવાથી તે ક્ષણવાર મૂર્છિત થયા. પરંતુ અપરાજિત પવન નાખે છે તેવામાં તો તે પાછા ઉભા થયા અને તે પાર્શ્વસ્થ ચક્રને પકડી લીધું. સો આરાવાળું તે ચક્ર તેમના હાથમાં આવવાથી હજાર આરાવાળું થઈ ગયું. પછી અર્ધચક્રીએ હાસ્ય કરી પ્રતિવાસુદેવને કહ્યું–'તું કનશ્રીનો પિતાછે એમ ધારીને હું છોડી મુકું છું માટે ચાલ્યો જા.' દમિતારિ બોલ્યો–'અરે દુર્મતિ! લેણદારના પૈસાથી જેમ કરજદાર

ધનવાન થાય, તેમ તું મારા અસ્ત્રથી અસ્ત્રવાળો થયો છે માટે તે ચક્રને છોડી દે, તેમજ તારો પુરૂષાર્થ પણ છોડી દે, અથવા મારા વીર્ય રૂપ વારિધિમાં તું ઢેફા રૂપ થઈ જા.' આ પ્રમાણેનાં તેનાં વચનોથી ક્રોધ પામેલા અનંતવીર્યે યમરાજ જેવા થઈ તે ચક્રને છોડયું, તેથી તે ચક્રે તત્કાળ કમળની જેમ દમિતારિનું મસ્તક છેદી નાંખ્યું. તેનું વીર્ય જોઇ હર્ષ પામેલા દેવતાઓએ આકાશમાંથી પંચવર્ણના પુષ્પોની વૃષ્ટિ કરી. પછી તેઓ કહેવા લાગ્યા કે "હે વિદ્યાધરોના રાજાઓ ! સર્વે તત્પર થઇ સાંભળો. આ અનંતવીર્ય વિષ્ણુ છે અને આ અપરાજિત બલભદ્ર છે; માટે તેમના ચરણની ઉપાસના કરો અને રણાંગણમાંથી નિવૃત્ત થાઓ. સૂર્ય અને ચંદ્રની જેમ જેનો ઉદય હોય તે વંદનીય છે." આવાં દેવતાનાં વચન સાંભળી સર્વ વિદ્યાધરોના રાજાઓ મુગટ નમાવીને તે શરણ યોગ્ય બલદેવ અને વાસુદેવને શરણે ગયા. પછી વિદ્યાધરોના રાજાઓ, પોતાનો જ્યેષ્ઠ બંધુ અપરાજિત અને પ્રિયા કનકશ્રીને સાથે લઇ અનંતવીર્ય વાસુદેવ વિમાનમાં બેસી શુભાપુરી તરફ ચાલ્યા. કનકગિરિ (મેરૂ) ની પાસે નીકળતાં વાસુદેવને વિદ્યાધરોએ કહ્યું કે " અહીં રહેલા શ્રી અર્હંત ભગવંતની આશાતના કરો નહીં. આ કનકગિરિ ઉપર અનેક જિન ચૈત્યો છે, તેમને યથાયોગ્ય વંદના કરીને પછી આપ પૂજ્યપાદ અહીંથી આગળ ચાલો." તે સાંભળી વાસુદેવે પરિવાર સાથે વિમાનપરથી ઉતરી, નેત્રને શીતળતા આપનારા ચૈત્યોની યથાવિધિ વંદના કરી. પછી કૌતુકથી તે ગિરિવરની શોભા જોતા હતા. ત્યાં એક બાજુના પ્રદેશમાં વર્ષોપવાસની પ્રતિમાએ રહેલા કીર્તિધર નામના મુનિને દીઠા. તેજ વખતે તેમના ઘાતિકર્મનો નાશ થવાથી તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં દેવતાઓએ તેનો મહિમા આરંભ્યો. તે જોઈ અનંતવીર્ય વાસુદેવ ઘણા ખુશી થયા. પછી તે કેવળીભગવંતને ત્રણ પ્રદક્ષિણા દઇ નમસ્કાર કરીને પરિવાર સહિત અંજલિ જોડી આગળ બેઠા અને તેમની દેશના સાંભળવા માંડી. દેશના પૂર્ણ થયા પછી કનકશ્રીએ નમસ્કાર કરી પૂછયું–' ભગવન્ ! મારે પિતાનો વધ અને આવો બંધુવર્ગનો વિરહ કેમ થયો હશે?' મુનિવર બોલ્યા–" ધાતકીખંડ નામના દ્વીપમાં પૂર્વ ભરતને વિષે શંખપુર નામે એક સમૃદ્ધિવાન ગામ છે, તેમાં પારકા કામ કરવા વડે આજીવિકા ચલાવવાથી જીવિતને ધરનારી દારિદ્રદુઃખથી પીડિત **શ્રીદત્તા** નામે એક ગરીબ સ્ત્રી હતી. તે આખો દિવસ ખાંડવું, દળવું, પાણી ભરવું, ઘર વાળવું અને ઘર લીંપવું વિગેરે પારકા કામ કરતી હતી. એ પ્રમાણે બધો દિવસ વીતે ત્યારે ઘુવડની સ્ત્રીને આલોકનની જેમ તેને માંડમાંડ ભોજન મળતું હતું. અહા ! કેવી તેની મંદભાગ્યતા !

એક વખતે ફરતી ફરતી શોભાથી દેવગિરિ-મેરૂ જેવા શ્રીપર્વત નામના ગિરિ ઉપર આવી ચડી. ત્યાં નિર્મલ શિલાપર બેઠેલા, ત્રિવિધ ગુપ્તિથી પવિત્ર, ભૂતની જેવા દુઃસહ પરીસહોથી અપરાજિત, અખંડ પંચવિધ સમિતિવાળા, તપની અમિત શોભાને ધરનારા, નિઃસંગ, નિર્મળ, શાંત, કાંચન અને પથ્થર પર સમદૃષ્ટિવાળા, શુકલ ધ્યાનમાં વર્ત્તનાર અને ગિરિશિખરની પેઠે સ્થિર, **સત્યયશા** નામે એક મહામુનિ તેના જોવામાં આવ્યા. કલ્પવૃક્ષ જેવા તેમના દર્શન કરી શ્રીદત્તાએ પ્રીતિથી પ્રણામ કર્યો. એટલે તેમણે કલ્યાણ રૂપ વૃક્ષના દોહદરૂપ ' ધર્મલાભ ' આશિષ આપી. શ્રીદત્તા બોલી–" આવી દુઃસ્થિતિના અનુમાનથી હું ધારૂં છું કે મેં પૂર્વ જન્મમાં જરાપણ ધર્મ કર્યો નથી. નિત્યે દુષ્કર્મથી દગ્ધ થયેલી એવી મને, ગ્રીષ્મમાં તપેલી ગિરિભૂમિને મેઘવૃષ્ટિની જેમ તમારી ધર્મલાભ રૂપ આશિષ શીતળ કરે છે. જો કે હું મંદભાગ્યા તમારા ઉપદેશને યોગ્ય નથી તથાપિ તમારૂં વચન અમોઘ છે એમ હું જાણું છું, તેથી મને કાંઇ પણ કલ્યાણને માટે આજ્ઞા કરો. હે ભગ-

વન્! હું ભવાંતરે આવી સ્થિતિવાળી ન થાઉં તેમ કરો. હે ત્રાતા! તમારા જેવા રક્ષક હોય તો શું શું વાંચ્છિત ન મળે?" આવાં તેનાં વચન સાંભળી તેની યોગ્યતાનો વિચાર કરીને મુનિએ તે દુઃખી અબલાને **ધર્મચક્રવાલ** નામનો તપ બતાવ્યો. "હે દુઃખી સ્ત્રી! દેવગુરૂના આરાધનમાં લીન થઈને તારે બે અને ત્રણ રાત્રિના ક્રમથી સાડત્રીશ ઉપવાસ કરવા. આ તપના પ્રભાવથી કાગડીને બચ્ચાંની જેમ ફરીવાર તને આવો ભવ પ્રાપ્ત થશે નહીં." મુનિ મહારાજનાં વચનને માન્ય કરીને શ્રીદત્તા પોતાને ગામ ગઈ; અને ત્યાં જઈને ધર્મચક્રવાળ તપનો આરંભ કર્યો. તે તપના પ્રભાવથી તેણે પારણામાં પૂર્વે સ્વપ્નમાં પણ કદી નહીં જોયેલું અને સારી દશારૂપ નાટકની પ્રસ્તાવના રૂપ સ્વાદિષ્ટ ભોજન પ્રાપ્ત કર્યું. ત્યારથી ધનાઢ્ય લોકોના ઘરમાં સારૂં કામ કરવાનું મળતાં તેને દ્વિગુણ અને ત્રિગુણ મૂલ્ય અને ઉત્તમ વસ્ત્રો પ્રાપ્ત થવા માંડયાં. તેથી થોડા સમયમાં શ્રીદત્તા કાંઈક સકિંચના[1] થઈ, એટલે દેવગુરૂની પૂજા યથાશક્તિ વિશેષ કરવા લાગી. એક દિવસે તેના ઘરની ભીંતનો એક જીર્ણ પ્રદેશ પવન વિગેરેના વેગથી પડી ગયો. તેમાંથી સુવર્ણાદિક ધન નીકળી આવ્યું. તે ધનથી તેણે તપની સમાપ્તિમાં ચૈત્યપૂજા અને સાધુસાધ્વીને પ્રતિલાભિત કરવા પૂર્વક મોટું ઉદ્યાપન (ઉજમણું) કર્યું. તપસ્યાને છેલ્લે દિવસે તેણીએ કોઇ સાધુના યોગને માટે દિશાઓમાં જોવા માંડયું, ત્યાં માસક્ષમણના પારણાને માટે ફરતા **સુવ્રતમુનિ** તેના જોવામાં આવ્યા. પોતાના આત્માને ધન્ય માનતી શ્રીદત્તાએ પ્રાસુક અન્નાદિક વડે તેમને પ્રતિલાભિત કર્યા; અને પછી નમસ્કાર કરીને આર્હત ધર્મ વિષે પૃચ્છા કરી. મુનિએ કહ્યું-"હે શુભા! ભિક્ષાને માટે ગયેલા મુનિઓ કોઇ ઠેકાણે ધર્મદેશના કરે એવો અમારો આચાર નથી. તેથી હે ભદ્રે! જો તારે ધર્મ સાંભળવાની ઈચ્છા હોય તો મારા ઉપાશ્રયમાં ગયા પછી યોગ્ય સમયે ત્યાં આવજે." આ પ્રમાણે કહીને મુનિ પોતાને સ્થાનકે ગયા. લાવેલા આહાર વડે માસક્ષમણનું પારણું કરી તે મુનિવર્ય સ્વાધ્યાય કરતા હતા, ત્યાં નગરના લોકો અને શ્રીદત્તા વંદના કરવાને આવ્યા. વાંદીને સર્વે યોગ્ય સ્થાને બેઠા, એટલે મુનિએ પ્રસન્ન વાણીથી આ પ્રમાણે ધર્મદેશના આપી.

"આ સંસારમાં ચોરાશી લાખ યોનિમાં ભટકતો ભવી પ્રાણી, દૈવયોગે અંધ જેમ "ઇચ્છિત સ્થાનને પ્રાપ્ત કરે, તેમ માનુષ્ય જન્મને પ્રાપ્ત કરે છે. તેમાં સર્વ જ્યોતિષમાં "ચંદ્રની જેમ સર્વ ધર્મમાં પ્રધાન શ્રીસર્વજ્ઞકથિત ધર્મ પ્રાપ્ત થવો ઘણો દુર્લભ છે. "તેથી તે ધર્મમાં સમકિત પૂર્વક યત્ન કરવો કે જેથી સંસારી જીવ લીલામાત્રમાં આ "સંસારવારિધિને તરી જાય." આ પ્રમાણેની દેશના સાંભળી શ્રીદત્તાએ સુવ્રતમુનિને નમસ્કાર કરી સમકિત પૂર્વક સર્વજ્ઞોક્ત ધર્મને સ્વીકાર્યો. પછી સુવ્રતમુનિને વંદના કરી સર્વ પુરલોક અને શ્રીદત્તા હર્ષ પામતા પોતપોતાને સ્થાનકે ગયા.

કેટલાક કાળ સુધી આર્હત ધર્મને સારી રીતે પાળતી શ્રીદત્તાને કોઈ કર્મના પરિણામથી મનમાં આવો સંકલ્પ ઉત્પન્ન થયો કે 'અગર જો આ શ્રીજિનધર્મનું ફળ મોટું કહેવાય છે પણ મને તેવું ફળ મળશે કે નહીં, તે મારા જાણવામાં આવતું નથી.' સુવ્રતમુનિ જેવા સદ્ગુરૂનો ઉપદેશ છતાં શ્રીદત્તાએ આવા સંકલ્પવિકલ્પ કર્યા તેથી ખરેખર ભવિતવ્યતા અતિ દુર્વાર છે. એક વખતે તે સત્યયશા મુનિરાજને વાંદવા જતી હતી. ત્યાં તેણે આકાશમાર્ગે વિમાનમાં બેસીને જતા બે વિદ્યાધરોને જોયા. શ્રીદત્તા તેના રૂપથી મોહ પામીને ઘેર આવી. પછી પૂર્વે કરેલી વિચિકિત્સાની[2] આલોચના કર્યા વિના મૃત્યુ પામી.

---

૧ દ્રવ્યવાળી. ૨ ધર્મના ફળનો સંદેહ.

આ જંબૂદ્વીપમાં પ્રાગ્વિદેહના આભૂષણ રૂપ રમણીય નામના વિજયમાં વૈતાઢ્ય નામે પર્વત છે. તેમાં ઇંદ્રનગરીનું સહોદર હોય તેવું સર્વ કલ્યાણના મંદિર રૂપ શિવમંદિર નામે નગર છે. તેમાં મોટી સમૃદ્ધિવાળા વિદ્યાધરોના રાજાઓને પૂજવા યોગ્ય **કનકપૂજ્ય** નામે રાજા છે. તેની **વાયુવેગા** નામે પત્નીથી હું **કીર્તિધર** નામે પુત્ર થયો. મારે **અનિલવેગા** નામે એક અંતઃપુરપ્રધાન પત્ની હતી. એક વખતે સુખશય્યામાં સુતેલી તે સ્ત્રીએ રાત્રિએ કૈલાશ જેવો શ્વેત હાથી, મેઘની જેમ ગર્જના કરતો વૃષભ અને નિધિકુંભ જેવો કુંભ આ પ્રમાણે અનુક્રમે ત્રણ સ્વપ્ન જોયાં. તત્કાલ પ્રાતઃકાલે પદ્મિનીની જેમ જાગ્રત થયેલી અનિલવેગાએ પ્રફુલ્લિત વદને તે સ્વપ્નો મારી આગળ નિવેદન કર્યાં. તે સાંભળી મેં કહ્યું કે 'ત્રિખંડવિજયનો સ્વામી અર્ધચક્રવર્તી તારે પુત્ર થશે.' સમય આવતાં ખાણની ભૂમિ જેમ રત્નને જન્મ આપે તેમ અનિલવેગાએ સર્વ લક્ષણસંપૂર્ણ દેવ જેવા કુમારને જન્મ આપ્યો. જ્યારે કુમાર ગર્ભમાં હતો, ત્યારે મેં શત્રુઓને દમન કર્યા હતા, તેથી મેં તેનું **દમિતારિ** એવું નામ પાડ્યું. અનુક્રમે કુમાર મોટો થયો, સર્વ કલા ગ્રહણ કરી, અને રૂપપાવન યૌવનવયને પ્રાપ્ત થયો. એક સમયે એ વિજયમાં વિજયીપણે વિહાર કરતા, શાંતિના કરનાર મહાત્મા શ્રી શાંતિનાથ ભગવાન અમારા નગરની બહાર સમોસર્યા. તેમની પાસે જઈ વાંદીને મેં ધર્મદેશના સાંભળી. તેથી તત્કાળ વૈરાગ્ય પામી કુમાર દમિતારિને રાજ્ય ઉપર બેસાડ્યો અને મેં શાંતિનાથ ભગવાનની પાસે દીક્ષા લીધી. તે વખતે ચારિત્રને ઉચિત એવી ગ્રહણા અને આસેવના રૂપ બંને પ્રકારની શિક્ષા મેં અંગીકાર કરી. અનુક્રમે આ પર્વત ઉપર મેં વાર્ષિકી પ્રતિમા અંગીકાર કરી, તેથી મારા ઘાતિકર્મનો ક્ષય થતાં મને હમણાજ કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું. ચક્ર ઉત્પન્ન થતાં તે વડે ત્રણ ખંડનો વિજય કરી દમિતારિ રાજા મહા બળવાન પ્રતિવાસુદેવ થયો. દમિતારિની **ભદ્રિરા** નામની પ્રિયાની કુક્ષિથી શ્રીદત્તાનો જીવ તું **કનકશ્રી** નામે પુત્રી થઈ. પૂર્વ ભવે શ્રી જિનધર્મના ફળ સંબંધી તેં વિપરીત સંકલ્પ કર્યો અને તેની આલોચના પ્રતિક્રમણ કર્યા વગર મૃત્યુ પામી, તેથી આ ભવમાં તને બંધુનો વિરહ અને પિતાનો વધ પ્રાપ્ત થયો. માટે ધર્મસંબંધી કિંચિત્ પણ કલંક અત્યંત દુઃખ આપે છે. જેમ થોડું કે ઘણું ઉગ્ર વિષ ભક્ષણ કરવામાં આવ્યું હોય તો પ્રાણનો નાશ કરે છે. હવે ફરીવાર એ પ્રમાણે કરવું નહીં કે જેથી ફરીવાર તેવું જ ફળ મળે ભવ્યજીવે પાંચ દોષ[1] કરી વર્જિત એવું સમકિત ગ્રહણ કરવું."

આ પ્રમાણે સાંભળતાંજ કનકશ્રીને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેથી તેણે વાસુદેવ અને બલભદ્રને વિજ્ઞપ્તિ કરી કે "આવા અલ્પ દુષ્કૃત વડે પણ જો આવું દુઃખ પ્રાપ્ત થાય છે તો હવે મારે દુષ્કૃતની ખાણ રૂપ કામભોગ વડે સર્યું. જેમ નાનાં છિદ્ર વડે પણ જળમાં મોટું વહાણ ડુબી જાય છે, તેમ આ પ્રાણી થોડા દુષ્કૃત વડે પણ દુઃખમાં ડુબી જાય છે. પૂર્વ ભવમાં દારિદ્રપીડિત એવી મને મહા ઉત્તમ તપ કરતાં કરતાં પણ ફળની શંકા કયાંથી થઇ! અહા! કેવી મારી મંદભાગ્યતા! હવે ઐશ્વર્યમાં નિમગ્ન રહેતાં અને ઇચ્છિત ભોગ ભોગવતાં મને કેટલી બધી વિપરીત કલ્પનાઓ અને બીજા દોષો થવાનો સંભવ છે? માટે પ્રસન્ન થઈને મને સદ્ય દીક્ષા લેવાની આજ્ઞા આપો. આવા અનેક પ્રકારના છળ કરનાર ભવ રૂપ રાક્ષસથી હું ભય પામી છું." તે સાંભળી વિસ્મયથી વિકસિત નયને તેઓ બોલ્યા કે 'ગુરૂચરણના પ્રસાદથી તમારૂં એ કાર્ય નિર્વિઘ્ને થાઓ; પણ હે બુદ્ધિમતી!

---

૧. શંકા, આકાંક્ષા, વિચિકિત્સા, પ્રશંસા અને સંસ્તવ—આ પાંચ દોષ તજવા.

આપણે અહીંથી સૌભાગ્યશાળી શુભા નગરીમાં જઈએ. ત્યાં જઈને અમે તમારો મોટી સમૃદ્ધિએ નિષ્ક્રમણોત્સવ કરશું; અને ત્યાં સ્વયંપ્રભ પ્રભુની પાસે સંસાર સમુદ્રને તરવામાં વહાણ રૂપ વ્રતનું તમે ગ્રહણ કરજો. 'તથાસ્તુ' એમ કહી કનકશ્રીએ તે વાત અંગીકાર કરી. પછી બંને જણ તેને સાથે લઇ મહર્ષિને વાંદી શુભા નગરીમાં આવ્યા. ત્યાં દમિતારિએ પ્રથમ યુદ્ધ કરવાને મોકલેલા વીરોની સાથે મોટું યુદ્ધ કરતો **અનંતસેન** પુત્ર જોવામાં આવ્યો. પોતાના બંધુ અનંતવીર્યના પુત્રને શ્વાનોની પેઠે અનેક સુભટોથી વીંટાયેલો જોઇ હાથને ભમાડતા બલભદ્ર કોપથી દોડ્યા. બલભદ્રરૂપ પવનના વેગને નહીં સહન કરતા દમિતારિના સુભટો રૂની પૂણીની જેમ કાંદિશિક[1] થઇને દશે દિશાએ નાસી ગયા. પછી વાસુદેવે સર્વ પરિવાર સાથે તે નગરીમાં પ્રવેશ કર્યો. શુભ દિવસે સર્વ રાજાઓએ મળીને તેમને અર્ધચક્રીપણાનો અભિષેક કર્યો. તે અરસામાં પૃથ્વી પર વિહાર કરતા સ્વયંપ્રભ ભગવાન સ્વેચ્છાએ ત્યાં આવીને સમોસર્યા. નગરના દ્વારપાળોએ આવીને 'હે સ્વામી! સ્વયંપ્રભપ્રભુના અત્રે પધારવાથી તમે આજ સર્વ પ્રકારે વૃદ્ધ પામો છો.' એવું કહીને અનંતવીર્યને વધામણી આપી. તેને સાડાબાર કોટી રૂપીઆ વધામણીમાં આપી અનંતવીર્ય અગ્રજ બંધુ અને કનકશ્રીને સાથે લઈ પ્રભુને વાંદવા ગયા. ભગવાન સ્વયંપ્રભે ભવ્યજનના અનુગ્રહની ઇચ્છાથી સર્વ ભાષાનુગામિની વાણીથી દેશના આપી. પછી કનકશ્રીએ કહ્યું–'હે જગત્‌ગુરૂ! હું ઘેર જઇ વાસુદેવની આજ્ઞા લઈ દીક્ષા લેવાને આવું છું, માટે મારી ઉપર કૃપા કરશો.' તીર્થંકરે કહ્યું–'પ્રમાદ કરવો નહીં.' આ વાક્ય સાંભળી કનકશ્રી, વાસુદેવ અને બલભદ્ર પોતાને સ્થાને આવ્યા, પછી પોતાના સ્વામી વાસુદેવની આજ્ઞા લઈ મોટી સમૃદ્ધિએ જેનો નિષ્ક્રમણોત્સવ કરેલો છે એવી કનકશ્રીએ સ્વયંપ્રભ પ્રભુની પાસે દીક્ષા ગ્રહણ કરી. તેણે એકાવળી, મુક્તાવળી, કનકાવળી, ભદ્ર અને સર્વતોભદ્ર ઇત્યાદિ તપ કર્યાં. અનુક્રમે શુકલ ધ્યાનરૂપ અગ્નિ વડે ઘાતિકર્મરૂપ ઇંધણા દગ્ધ થતાં કનકશ્રીને અમ્લાન કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. પછી બાકી રહેલા ભવોપગ્રાહી કર્મને ખપાવી કનકશ્રી મોક્ષપદને પ્રાપ્ત થઈ.

વિવિધ ભોગ ભોગવતા વાસુદેવ અને બલભદ્ર દેવતાની પેઠે સુખે કાળ નિર્ગમન કરવા લાગ્યા. બલદેવ અપરાજિતને **વિરતા** નામે એક સ્ત્રી હતી; તેનાથી **સુમતિ** નામે એક પુત્રી થઈ. એ બાળા બાલ્યવયથીજ સર્વજ્ઞકથિત ધર્મની અનુરાગી, જીવાજીવાદિ તત્ત્વને જાણનારી, વિવિધ પ્રકારનાં તપઅનુષ્ઠાનને આચરનારી, અખંડ દ્વાદશવિધ શ્રાવકવ્રતને ધરનારી અને શ્રી જિનપૂજા તથા ગુરૂની ઉપાસનામાં તત્પર થઇ. એક વખતે સુમતિ ઉપવાસના પારણાને માટે બેસતી હતી, તેવામાં દ્વાર તરફ દૃષ્ટિ કરતાં એક મુનિને આવતાં જોયા. ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિવાળા તેમજ જાણે સાક્ષાત્ ધર્મ હોય તેવા તે મુનિને પોતાના સ્થાળમાં રહેલા અન્નથીજ પ્રતિલાભિત કર્યા. તે સમયે તત્કાળ ત્યાં વસુધારાદિ પાંચ દિવ્ય પ્રગટ થયા. **મહાત્માને આપેલું દાન કોટાનકોટીગણું થાય છે.** મુનિએ તે સ્થાનથી અન્યત્ર વિહાર કર્યો. **નિઃસંગ સાધુઓ પવનની જેમ એક ઠેકાણે રહેતા નથી.** રત્નવૃષ્ટિના ખબર સાંભળી બલભદ્ર અને વાસુદેવ ત્યાં આવ્યા, અને તે જોઇને બંને વિસ્મય પામ્યા. 'આ સુમતિનું ચરિત્ર આશ્ચર્ય રૂપ છે' એમ તેઓ કહેવા લાગ્યા; અને 'આ પ્રભાવિક બાલિકાને યોગ્ય વર કોણ થશે?' એમ ચિંતા કરવા લાગ્યા. પછી પોતાના **ઇહાનંદ** મંત્રીની સાથે વિચાર કરી તે બાલિકાનો સ્વંયવર કરવાનો દૃઢ

---

૧ ક્યાં જવું, ક્યાં જવું એવા વિચારમાં ભ્રમિત થઇ ગયેલા.

નિશ્ચય કર્યો. વાસુદેવની આજ્ઞાથી વિજયાર્દ્ધમાં રહેનારા સર્વ વિદ્યાધર અને મનુષ્યોના રાજાઓ સ્વયંવરમાં આવવા લાગ્યા. વાસુદેવના સેવકોએ તેમની આજ્ઞાથી ઇંદ્રનું સભાગૃહ હોય તેવો એક સહસ્ર રત્નસ્તંભવાળો ક્ષિતિના મંડનભૂત મંડપ રચ્યો. તેમાં ફણીપતિની ફણાના માણિક્યની શ્રેણી હોય તેવી ભ્રાંતિ આપનારાં રત્નમય સિંહાસનો રચાવ્યાં. વાસુદેવની આજ્ઞાથી તે ઉપર રાજાઓ અને શરીરની શોભાથી કામદેવ જેવા વિદ્યાધરના કુમારો આવીને બેઠા. પછી દિવ્ય વસ્ત્રો અને રત્નનાં અલંકારોને ધારણ કરનારી, વિચિત્ર રચનાથી રચેલા ખુશબોદાર વિલેપનથી અલંકૃત થયેલી, મસ્તકપર ચંદ્રના બિંબ જેવું શ્વેત છત્ર ધરનારી, સમાન વયની સખીઓથી પરવરેલી અને સુવર્ણ દંડવાળી પ્રતિહારીએ બતાવેલ માર્ગે ચાલતી બલભદ્રની કન્યા વરમાળા હાથમાં લઈને ત્યાં આવી. આસપાસ દેવતાઓની પેઠે બેઠેલા વિદ્યાધર રાજાઓની વચ્ચે આવીને સુમતિએ સમુદ્રને લક્ષ્મીની જેમ સ્વયંવરમંડપને અલંકૃત કર્યો. જાણે નીલકમળની માળાને રચતી હોય તેમ એ મૃગાક્ષીએ મુગ્ધ દૃષ્ટિવડે સ્વયંવરમંડપનું અવલોકન કર્યું. તે સમયે રત્નમય માણિક્યસ્તંભથી શોભિત, ગગનમાં સૂર્યમંડલની જેમ લટકતું અને રત્નમય સિંહાસનપર વિરાજિત દેવીએ અધિષ્ઠિત એક સુંદર વિમાન અકસ્માત્ મંડપના મધ્યમાં પ્રગટ થયું. રાજકન્યા સુમતિ, આવેલા રાજાઓ અને વિદ્યાધરના પતિઓ અતિ વિસ્મયથી વિકસિત નેત્રે તેને જોવા લાગ્યા. તેઓના જોતજોતામાં તો તે વિમાનમાંથી ઉતરી મંડપના મધ્યમાં એક સિંહાસનપર તે દેવી અધિષ્ઠિત થયા. તેમણે દક્ષિણ ભુજા ઊંચી કરી સુમતિ કન્યાને કહ્યું–"મુગ્ધે ધનશ્રી! પ્રતિબોધ પામ, પ્રતિબોધ પામ, પૂર્વભવનું સ્મરણ કર. સાંભળ! પુષ્કરવર દ્વીપાર્દ્ધમાં પૂર્વ ભરતક્ષેત્રના મધ્ય ખંડને વિષે વિશાળ સમૃદ્ધિવાળું શ્રીનંદન નામે નગર છે. તે નગરમાં શરણાર્થી જનોને રક્ષણ કરવામાં અહર્નિશ આલસ્ય રહિત મહેંદ્રના જેવો મહેંદ્ર નામે રાજા હતો. તે રાજાને પ્રાણથી પણ અતિવલ્લભ **અનંતમતિ** નામે એક અનંત ગુણપાત્ર રાણી હતી. એક વખતે અનંતમતિ રાણીએ સુખે સુતાં સુતાં રાત્રિના શેષભાગે પોતાના ઉત્સંગમાં બે સુગંધી અને નિર્મળ માળા અવલોકી. તે સ્વપ્નનું વૃત્તાન્ત રાજાને જણાવતાં રાજાએ કહ્યું કે 'હે દેવિ! આ સ્વપ્નના સૂચવનથી તમારે નિર્દોષ બે દુહિતા થશે' અનુક્રમે સમય આવતાં તેણે બે પુત્રીઓને જન્મ આપ્યો. તેમાં પહેલી તું **કનકશ્રી** અને બીજી તું **ધનશ્રી** એવા નામની આપણે બે બહેનો હતી. આપણે બંને પરસ્પર પ્રીતિથી સાથે મોટા થયા, સાથે કલાકલાપ ભણ્યા અને સાથે યૌવનવયને પ્રાપ્ત થયા. એક વખતે આમતેમ ક્રીડા કરતાં સ્વેચ્છાએ આપણે દેવતાની વિશ્રામ ભૂમિરૂપ **ગિરિપર્વત** નામના પર્વતપર આવી ચડ્યા. ત્યાં સ્વાદિષ્ટ ફલ અને સુંગધી પુષ્પોને ચુંટતી આપણે બંને વનગિરિની દેવીઓ હોય તેમ ફરવા લાગી. એમ ફરતાં ફરતાં એક મનોહર એકાંત પ્રદેશમાં અતિ શમતાથી શોભિત **નંદનગિરિ** નામના મુનિ આપણા જોવામાં આવ્યા. મુનિના દર્શનથી હર્ષ પામીને મુનિને ત્રણ પ્રદક્ષિણા કરી ભક્તિ પૂર્વક આપણે વંદના કરી. મુનિએ 'ધર્મ લાભ' આશિષ આપીને આપણને બંનેને હૃદયને આનંદકારક દેશના આપી. તે ધર્મદેશના સાંભળીને આપણે બંનેએ અંજલિ જોડી વિજ્ઞપ્તિ કરી કે 'જો અમારામાં યોગ્યતા હોય તો અમને યોગ્યતા પ્રમાણે ધર્મોદેશ આપો.' નંદનમુનિએ આપણી યોગ્યતા વિચારી આપણ બંને રમણીઓને બાર પ્રકારનો શ્રાવકનો ધર્મ સંભળાવ્યો; એટલે આપણે તે સ્વીકારી લીધો. મુનીંદ્રને વંદના કરીને આપણે બંને પોતાને ઘેર આવી તે ધર્મને સાવધાનપણે પાળવા લાગી,

એક દિવસે આપણે બંને કૌતુકથી ક્રીડાપર્વત, સરિતા, વાપીકા અને વિવિધ વૃક્ષોથી વ્યાપ્ત એવા અશોક વનમાં ગઇ. ત્યાં સરિતાને તીરે આપણે વિવિધ ક્રીડા કરતી હતી. તેવામાં ત્રિપુર નગરનો સ્વામી **વીરાંગ** નામનો એક યુવાન વિદ્યાધર આપણને હરી ગયો. પરંતુ તેની **વજ્રશ્યામલિકા** નામની શુભાશયવાળી સ્ત્રીએ કેશરીસિંહથી મૃગલીની જેમ આપણને બંનેને છોડાવી મૂકી. ત્યાંથી ભીમાટવીમાં નદીને કાંઠે વંશની જાળમાં આપણે શાપભ્રષ્ટ દેવીની પેઠે આકાશમાંથી પૃથ્વીપર પડી. પોતાની આવી મરણાંત આપત્તિ જાણીને શુભ ભાવનાવાળી આપણે નવકારમંત્ર પરાયણ થઈ અનશન વ્રત ગ્રહણ કર્યું. ત્યાંથી હું **કનકશ્રી** મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકના પતિની **નવમિકા** નામે અગ્ર મહિષી થઇ. તું **ધનશ્રી** મૃત્યુ પામીને કુબેર લોકપાળની મુખ્ય દેવી થઇ, અને ત્યાંથી ચવીને અહીં બળભદ્રની **સુમતિ** નામે પુત્રી થઇ છે. જ્યારે આપણે દેવલોકમાં હતા, ત્યારે આપણે સંકેત કરેલો હતો કે જે અહીંથી પ્રથમ ચવે તેણે આવીને બીજીને અર્હંત ધર્મનો બોધ કરવો. તેથી હું તારી બેન તને બોધ કરવાને અહીં આવી છું, માટે સંસારને તારનાર શ્રીજૈનધર્મનો પ્રતિબોધ પામ. નંદીશ્વર મહાદ્વીપમાં જઇને કરેલા શાશ્વત અર્હંત ભગવંતના અષ્ટાન્હિક મહોત્સવ, જંગમ પ્રભુના જન્મસ્નાત્રાદિ ઉત્સવ અને પૂર્વ ભવમાં અનુભવ કરેલી દેશનાની વાણીને યાદ કર. જન્માંતર રૂપ નિદ્રાથી તે બધું શા માટે ભૂલી જાય છે? હવે તો તું દેવતાને પણ દુર્લભ, માનવ જન્મરૂપ વૃક્ષનું ફળ અને જાણે સિદ્ધિની પ્રિય સખી હોય તેવી દીક્ષા ગ્રહણ કર.” આ પ્રમાણે કહીને તે ઇંદ્રાણી વિદ્યુત્‌ની જેમ પોતાની કાંતિથી આકાશમાં ઉદ્યોત કરતી વિમાનમાં બેસીને પોતાના સ્વર્ગમાં ગઈ. તરતજ તેની વાણીથી જેને જાતિસ્મરણ થયું છે. એવી સુમતિ જાણે સંસારનો ભય લાગ્યો હોય તેમ મૂર્છિત થઈને પૃથ્વીપર પડી ગઇ. જ્યારે ચંદનના જળથી તેને સિંચન કર્યું અને પંખાના પવનથી પવન નાંખ્યો ત્યારે તે બાળાને પાછી સંજ્ઞા આવી અને રાત્રિ જવાથી થયેલા પ્રાતઃકાલની જેમ બેઠી થઈ. પછી તે અંજલિ જોડીને બોલી કે–“અરે! સર્વ કુલિન રાજાઓ! અત્યારે મને જાતિસ્મરણ થયું છે. તમને મારે માટે અહીં બોલાવેલા છે, તેથી હું તમારી પ્રાર્થના કરું છું કે તમે સર્વ મને આજ્ઞા આપો કે જેથી હું સંસારભ્રમણરૂપ રોગની ઔષધીરૂપ દીક્ષા ગ્રહણ કરું.” તે સાંભળી સર્વ રાજાઓ બોલ્યા–“હે અનઘે[1]! ‘તથાસ્તુ’ અમે તને આજ્ઞા આપીએ છીએ કે તારું ઇચ્છિત નિર્વિઘ્ને થાઓ.” પછી વાસુદેવ અને બળભદ્રે હર્ષિત થઈ ને મોટી સમૃદ્ધિથી તેનો સર્વ ઉત્સવોમાં શિરોમણિ એવો નિષ્ક્રમણોત્સવ કર્યો. દેવરાજ (ઇંદ્ર) અને યક્ષરાજ (કુબેર)ની મુખ્ય દેવીઓએ આવીને તેની પૂજા કરી. ‘તેવી સાધ્વી સ્ત્રીઓ ઇંદ્રને પણ પૂજ્ય છે.’ પછી **સુવ્રત** મુનિની પાસે સાતસો કન્યાઓની સાથે તેણે મોક્ષવૃક્ષની નીક રૂપ દીક્ષા ગ્રહણ કરી. સંવેગથી ભાવિત અને આત્મા રૂપ કમલના ધ્યાનમાં ભમરી રૂપ તે સુમતિએ બે પ્રકારની શિક્ષા ગ્રહણ કરી અને વિવિધ પ્રકારનો તપ આચર્યો. આ પ્રમાણે કેટલોક કાળ વ્યતીત થયા પછી ક્ષપક શ્રેણીપર આરૂઢ થઇ મોક્ષ લક્ષ્મીના દૂત જેવું કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. પછી અનેક ભવ્ય જીવોને બોધ પમાડી ભવોપગ્રાહી કર્મનો ક્ષય કરી તે સુમતિ સાધ્વી અવ્યયપદને પ્રાપ્ત થઇ.

સમ્યક્ત્વવડે શોભતા અપરાજિત અને અનંતવીર્ય અશ્વિનીકુમારની જેમ સાથે મળીને રાજ્ય પાળવા લાગ્યા. પ્રાંતે ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી અનંતવીર્ય વાસુદેવ નિકાચિત કર્મથી પ્રથમ નરકમાં ગયા. ત્યાં બેતાલીશ હજાર વર્ષ નરકની વિવિધ વેદના

---

૧ પાપ વિનાની.

તેમણે સહન કરી. ઉપાર્જિત કર્મનો કદિપણ નાશ થતો નથી. ત્યાં વાસુદેવના જન્મના પિતા ચમરેંદ્રે આવીને વેદનાની શાંતિ કરી. અપત્યસ્નેહ ઘણો બલવાન છે. સંવેગવંત અનંતવીર્યના જીવે અવધિજ્ઞાન વડે પોતાના પૂર્વ કર્મને સંભારીને નરકની દુઃસહ વેદનાને સમ્યક્ ભાવે સહન કરી.

બંધુના શોકથી ઉદ્વેગ પામી બલભદ્રે ત્રણ ખંડ પૃથ્વીનું રાજ્ય પોતાના પુત્રને સોંપી જયધર ગણધરી પાસે વ્રત[1] ગ્રહણ કર્યું. તેની સાથે સોળ હજાર રાજાઓએ દીક્ષા લીધી. મહત્ પુરૂષને અનુસરનાર પુરૂષો મહત્ ફલને મેળવી છે. અનેક પરીસહોને સહન કરતાં બલભદ્રે ચિરકાલ પર્યંત તપ કર્યું. છેવટે અનશન કરી મૃત્યુ પામીને અચ્યુત દેવલોકમાં ઇંદ્ર થયા.

અનંતવીર્યનો જીવ નરકમાં દુષ્કર્મનું ફલ ભોગવી અગ્નિમાંથી સુવર્ણની જેમ શુદ્ધ થઇ નરકમાંથી નીકળ્યો; અને જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વૈતાઢય પર્વતની ઉત્તર શ્રેણીમાં ગગનવલ્લભપુરને વિષે વિદ્યાધરપતિ મહાત્મા મેઘવાહનની મેઘમાલિની પત્નીથી મેઘનાદ નામે પુત્રપણે ઉત્પન્ન થયો. અનુક્રમે યૌવનવયને પ્રાપ્ત થતાં તેને રાજ્ય પર બેસારી મેઘવાહને પરલોકનું કાર્ય સાધ્ય કર્યું. મેઘનાદ અનુક્રમે ભૂમિ પર અંતરિક્ષમાં જેમ સૂર્ય પ્રકાશ કરે તેમ વૈતાઢયની બંને શ્રેણીનો એક તેજસ્વી અધિપતિ થયો.

એક દિવસે મેઘનાદ પોતાના પુત્રોને બંને શ્રેણી પર રહેલા એકસો દશ નગરો વહેંચી આપી પ્રજ્ઞપ્તિ વિદ્યા વડે મંદર ગિરિ પર[2] ગયો. ત્યાં નંદન વનમાં રહેલા સિદ્ધાયતનમાં શાશ્વતી પ્રતિમાનું પૂજન કર્યું. તે સમયે કલ્પવાસી દેવતાઓ ત્યાં આવ્યા. અચ્યુતેંદ્રે તેને જોઈ પૂર્વ ભવના ભ્રાતૃસ્નેહથી ગુરૂની જેમ બોધ કર્યો કે 'આ સંસારનો ત્યાગ કર.' તેવા સમયમાં વિદ્યાધરપતિની જાણે શરીરધારી સ્વાર્થસિદ્ધિ હોય તેવા અમરગુરૂ નામે કોઈ મુનીંદ્ર ત્યાં પધાર્યા. મેઘનાદે તેમના ચરણમૂળમાં રહી ચારિત્ર અંગીકાર કર્યું, અને અપ્રમાદીપણે નિયમપૂર્વક તેનું પરિપાલન કર્યું. એકદા મેઘનાદ મુનિ નંદનગિરિ નામના પર્વત પર આરૂઢ થઈ, એક રાત્રિની પ્રતિમા અવલંબીને ધ્યાનસ્થ થયા હતા, તે વખતે પૂર્વ જન્મનો વૈરી, અશ્વગ્રીવ પ્રતિવાસુદેવનો પુત્ર જે ચિરકાલ ભવભ્રમણ કરી દૈત્યપણાને પામ્યો હતો, તેણે તેવી રીતે રહેલા મેઘનાદ મુનિને જોયા. પૂર્વના વૈરથી મોટા વૃક્ષને પાડાની જેમ તે સ્વભાવધીર મહામુનિને ક્રોધથી તેણે ઉપસર્ગ કરવા માંડયા. તથાપિ તેને ચલિત કરવાને તે જરાપણ શક્તિમાન થયો નહીં. 'દંતીના[3] દંતઘાતથી શું પર્વત જરા પણ કંપાયમાન થાય ? પ્રાંતે થાકીને તે અસુર લજ્જાથી મલિન મુખવાળો થયો સતો નિષ્ફળ થઇને ચાલ્યો ગયો. પછી મહામુનિ મેઘનાદ ધ્યાનથી વિરામ પામ્યા. ઉપસર્ગ અને પરીસહોથી નહીં કંપતા મેઘનાદ મુનિ ચિરકાલ તીવ્ર તપ આચરી, અંતે અનશન કરી મૃત્યુ પામીને અચ્યુત દેવલોકમાં ઇંદ્રના સામાનિક દેવપણાને પામ્યા.

इत्याचार्यश्रीहेमचन्द्रविरचिते त्रिशष्टिशलाकापुरुषचरिते
महाकाव्ये पंचमपर्वणि श्रीशांतिनाथदेवस्यषष्टसप्तमभव
वर्णनो नाम द्वितीयः सर्गः ॥

---

૧. દીક્ષા. ૨. મેરૂ પર્વત. ૩ હાથીના.

સર્ગ ૩ જો.

આ જંબૂદ્વીપના પૂર્વ મહાવિદેહમાં સીતા નદીને દક્ષિણતીરે **મંગલાવતી** નામે વિજય છે. તેમાં વિસ્તારવાળી **રત્નસંચયા** નામે નગરી છે. તે નગરીમાં અનેક રત્નોનો સંચય હોવાથી તે રત્નાકરની સ્ત્રી હોય તેવી લાગે છે. તેને વિષે લક્ષ્મીનો યોગક્ષેમ કરનાર* અને પવનની જેવો બલવાન **ક્ષેમંકર** નામે રાજા હતો. પુષ્પમાળા જેવી કોમળ અને રત્નમાળા જેવી નિર્મલ **રત્નમાળા** નામે તેને એક રાણી હતી. અપરાજિતનો જીવ જે અચ્યુતેંદ્ર થયો હતો, તે અચ્યુતલોકમાંથી ચ્યવી છીપમાં મોતીની જેમ રત્નમાળાની કુક્ષિમાં ઉત્પન્ન થયો. તે વખતે સુખે સુતેલી મહાદેવીએ રાત્રિના શેષભાગમાં ચૌદ મહા સ્વપ્ન અને પંદરમું વજ્ર અવલોકયું. તત્કાળ જાગ્રત થઇ તે વૃત્તાંત તેમણે પતિ આગળ કહ્યો. એટલે રાજા ક્ષેમંકરે કહ્યું કે 'તમારે ઇંદ્ર જેવો વીર ચક્રવર્ત્તી પુત્ર થશે.' ગર્ભસમય પૂર્ણ થતાં છઠ્ઠા[1] લોકપાળની જેવા લોકોત્તર પરાક્રમી અને પવિત્ર તથા મધુર આકૃતિવાળા એક પુત્રને તેણે જન્મ આપ્યો. જ્યારે તે પુત્ર ગર્ભમાં હતો ત્યારે દેવીએ સ્વપ્નમાં વજ્ર જોયું હતું તેથી પિતાએ તેનું **વજ્રાયુધ** નામ પાડયું. લોકોત્તર શરીરવાળો વજ્રાયુધ લોકોની દૃષ્ટિના દોષને દૂર રાખવાને માટે લલાટ પર વિઘ્નાશક આભૂષણ પહેરી દિવસે દિવસે મોટો થવા લાગ્યો. અનુક્રમે તે સુર અસુર અને માનવની સ્ત્રીઓના હૃદયને મોહક એવું યૌવનવય પામ્યો અને સર્વ કળાસાગરનો પાર પણ પામી ગયો. પછી હાથમાં કંકણ ધારણ કરનારી જાણે શરીરધારી લક્ષ્મી હોય તેવી **લક્ષ્મીવતી** નામે એક રાજપુત્રી સાથે તે પરણ્યો. અનંતવીર્યનો જીવ અચ્યુત કલ્પમાંથી ચ્યવી જેમ મેઘજલ આકાશમાંથી પૃથ્વી-પર આવે તેમ લક્ષ્મીવતીની કુક્ષિમાં અવતર્યો. સમય થતાં તેણીએ શુભ સ્વપ્નસૂચિત અને તેજવડે સૂર્ય જેવા સર્વ લક્ષણસંપન્ન પુત્રને જન્મ આપ્યો. શુભ દિવસે માતાપિતાએ જન્મોત્સવથી પણ અધિક ઉત્સવ કરી તેનું **સહસ્રાયુધ** એવું નામ પાડયું. ચંદ્રની જેમ અનુક્રમે મોટો થઇને તે કલાકલાપવડે સંપૂર્ણ યૌવનવયને પ્રાપ્ત થયો. રૂપમાં કામદેવ જેવો સહસ્રાયુધ શરીરશોભાથી લક્ષ્મીને ઉલ્લંઘન કરનારી **કનકશ્રી** નામે રાજકન્યા સાથે પરણ્યો. તે સ્ત્રીથી તેને પરાક્રમમાં મહાબળ જેવો સંપૂર્ણ નરલક્ષણસંયુક્ત **શતબાલ** નામે પુત્ર થયો.

એક વખતે રાજા ક્ષેમંકર પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર, મંત્રી, મિત્ર અને સામંતોની સાથે સભામાં બેઠો હતો. તે સમયે ઈશાનકલ્પમાં દેવતાઓની વચ્ચે ચર્ચા થઈ કે પૃથ્વીમાં વજ્રાયુદ્ધના જેવો કોઈ દૃઢ સમ્યક્ત્વધારી નથી. આ વચનપર ચિત્રચૂળ નામના એક દેવને શ્રદ્ધા આવી નહીં. તેથી તત્કાળ વિચિત્ર રત્નમુકુટ અને કુંડલને ચલિત કરતો તે મિથ્યાત્વથી મોહિત અને દુર્મતિ નાસ્તિક દેવતા વિવાદ કરવાની ઈચ્છાથી ક્ષેમંકર રાજાની પર્ષદામાં આવ્યો; તે વખતે પર્ષદામાં વિચિત્ર આલાપ સંલાપ ચાલતા હતા. તે સાંભળી આસ્તિકતાના ઉદ્યોત પર આક્ષેપ કરતો તે દેવ ગર્વથી આ પ્રમાણે બોલ્યો–" આ જગત્માં પુણ્ય, પાપ, જીવ અને પરલોક કાંઈ પણ નથી; પ્રાણીઓ આસ્તિકતાની બુદ્ધિથી

---

* યોગ=નવું પ્રાપ્ત કરવું. ક્ષેમ=પ્રાપ્ત થયેલાનું રક્ષણ કરવું. લક્ષ્મીનો યોગક્ષેમ કરનાર=નવી લક્ષ્મીનો ઉપાર્જક અને ઉપાર્જિત લક્ષ્મીનો રક્ષક. ૧ પાંચમો લોકપાળ રાજા ને છઠ્ઠો આ પુત્ર.

ફ્રોગટ કલેશ પામે છે.” તે સાંભળી નિષ્કપટ સમ્યક્ત્વને ધરનારા વજ્રાયુધે કહ્યું–“અરે આવું પ્રત્યક્ષ પ્રમાણથી વિરૂદ્ધ વચન કેમ બોલો છો? તમેજ અવધિજ્ઞાનવડે તમારા પૂર્વ જન્મના સુકૃતના ફળરૂપ તમારો વૈભવ જુવો. તમને જ પૂર્વ ભવમાં માનુષત્વ અને આ ભવમાં દેવત્વ પ્રાપ્ત થયેલું છે તો જો જીવવસ્તુ ન હોય તો તે કેવી રીતે ઘટે? હે ધીમાન્! આ લોકમાં મનુષ્યપણું પ્રાપ્ત કરી પરલોકમાં તમે દેવપણું પ્રાપ્ત કર્યું, તેથી આલોકની જેમ પરલોક પણ પ્રત્યક્ષ જ છે.” ક્ષેમંકરના પુત્ર વજ્રાયુધે આ પ્રમાણે પ્રતિબોધ કરવાથી ચિત્રચૂળ બોલ્યો–“તમે બહુ સારૂં કહ્યું, બહુ સારૂં કહ્યું. આ સંસારમાં પડતા એવા મારો તમે કૃપા કરીને ઉદ્ધાર કર્યો છે. અથવા જેના પિતા સાક્ષાત્ તીર્થંકર હોય તેની શી વાત! હું ચિરકાલ થયા મિથ્યાત્વી છું, પરંતુ સારે ભાગ્યે ઇર્ષાથી પણ તમારા દર્શન થયા છે, તો હવે મને સમ્યક્ત્વ રત્ન આપો. કેમકે સત્પુરૂષોનું દર્શન નિષ્ફળ થતું નથી.” બુદ્ધિમાનમાં શ્રેષ્ઠ એવા વજ્રાયુધે તેનો ભાવ જાણીને તેને સમ્યક્ત્વ આપ્યું. ‘સર્વજ્ઞના પુત્ર તેવા જ હોય છે.’ ફરી ચિત્રચૂળે કહ્યું–‘હે કુમાર! આજથી નિરંતર હું તમારો આજ્ઞાકારી છું. તો પણ આજે કાંઇક માગી લ્યો.’ વજ્રાયુધે કહ્યું–હું તમારી પાસે એટલું માગું છું કે તમારે આજથી દૃઢ સમ્યક્ત્વધારી થવું.’ દેવે કહ્યું–‘આ તમારી કેવી પ્રાર્થના! તેમાં તો મારો સ્વાર્થ છે. પણ એવું કાંઇ માગો કે જેથી હું તમારા ઋણથી મુક્ત થાઉં.’ તેના ઉત્તરમાં ‘મારૂં એટલું જ કાર્ય છે’ એમ વજ્રાયુધે કહ્યું એટલે તે દેવે દેવની જેવા નિસ્પૃહ વજ્રાયુધને દિવ્ય અલંકારો આપ્યાં. પછી ચિત્રચૂળે ઇશાનેંદ્રની સભામાં આવીને કહ્યું કે ‘તમે દૃઢ સમ્યક્ત્વધારી વજ્રાયુધની જે પ્રશંસા કરી હતી તે ઘટિતજ છે.’ તે વખતે ‘એ વજ્રાયુધ મહાત્મા ભગવાન તીર્થંકર થશે’ એવું કહેતો ઇશાનપતિ વજ્રાયુધની સ્તુતિ કરવા લાગ્યો.

આવી રીતે વિચિત્ર ગોષ્ઠી અને સુંદર ક્રીડા કરતા વજ્રાયુધ મહર્દ્ધિમાન દેવની પેઠે સુખમગ્ન રહેવા લાગ્યા. એક વખતે વસંતસમયમાં પુષ્પના પડાને ધરનારી સુદર્શના નામની એક વેશ્યાએ આવી વજ્રાયુધને કહ્યું–“સ્વામી! યુવાન પુરૂષોનો ક્રીડામિત્ર અને કામદેવનો વિજયમિત્ર વસંતઋતુ આજ એક છત્રવાળો થઇ વૃદ્ધિ પામે છે. આ ઋતુરાજમાં હીંચકા ઉપર બેઠેલી નવીન યૌવનવતી સ્ત્રીઓને તેમની સખીઓ હાથમાં યષ્ટિઓ લઇ પતિઓનાં નામ પૂછે છે. યુવાન રમણીઓ પોતાની મેળે પુષ્પ ચુંટે છે, માળા ગુંથે છે, કામદેવને પૂજે છે અને પોતાનું માન છોડી દે છે. તેમજ કેટલીક મનસ્વી કાન્તાઓ પણ સ્વયંદૂતી થાય છે, આ ઋતુરાજનો એવો કોઈ અપૂર્વ પ્રભાવ વિજય પામે છે. આ રમણીય ઋતુમાં કોકિલાના કૂજિત અને ભમરીઓના ગુંજારવ સુતેલા કામદેવ રાજાને જાગ્રત કરવા માટે બંદિજનોના કોલાહલ જેવા થઇ પડે છે. પુષ્પના મુકુટ, પુષ્પના હાર અને પુષ્પના બાહુભૂષણ તથા કંકણને ધરનારા યુવાન પુરૂષો જાણે પુષ્પધન્વાનો પાખંડ માર્ગ ચલાવતા હોય તેવા દેખાય છે. આવા વસંતના મિત્ર કામદેવ જેવો વસંતઋતુ ઉપસ્થિત થવાથી દેવી લક્ષ્મીવતી મારા મુખે આપને વિજ્ઞપ્તિ કરે છે કે “હે પ્રભુ! આવા મનોહર વસંતમાં નંદનવન જેવા સુરનિપાત નામના ઉદ્યાનમાં જઈને નવીન વસંતની શોભા જોવાનું અમોને કૌતુક થયું છે.” ‘જેવી તમારી ઇચ્છા’ એમ કહી કુમાર પરિવાર સાથે તે કામદેવના ધામ રૂપ ઉદ્યાનમાં આવ્યો. ચંદ્રની પછવાડે તારાઓની જેમ લક્ષ્મીવતી વિગેરે સાતસો દેવીઓ[1] તેની પછવાડે ત્યાં આવી. એ સુંદર ઉદ્યાન અતિ વિસ્તારવાળા છાયાદાર વૃક્ષોથી

---

૧ રાણીઓ.

જાણે એક છત્રવાળું હોય અને પુષ્પિત વૃક્ષોથી અદ્વૈત સુગંધનું તેને સામ્રાજ્ય પ્રાપ્ત થયું હોય તેવું દેખાતું હતું. વૃક્ષોની આસપાસના કયારાઓ પુષ્પમાંથી ઝરતા પરાગની કણિકાથી કાદવવાળા થઈ ગયા હતા અને ફલના ભારથી નમેલા વૃક્ષોની શાખાઓ ભૂતળને સ્પર્શ કરતી હતી. તે ઉદ્યાનમાં કુમાર વજ્રાયુધ અંતઃપુર સાથે કોઇ ઠેકાણે ઉત્કંઠિત મને અને કોઇ ઠેકાણે યોગીની જેમ ગુહામાં પેસીને ક્રીડા કરવા લાગ્યો. પછી ઉદ્યાનના વિહારથી શ્રાંત થઈ ગયેલી રમણીઓને લઇને તે પ્રિયદર્શન કુમાર જલક્રીડા કરવાને માટે એક વાપિકામાં ગયો. નંદીશ્વર દ્વીપની વાપિકા જેવી મનોહર વાપિકામાં શ્રમ નાશ કરવાને કુમારે પ્રિયા સહિત પ્રવેશ કર્યો. પછી ગિરિનદીમાં હસ્તીની જેમ પોતાની પ્રિયાઓની સાથે તે જલક્રીડા કરવા પ્રવર્ત્યો. જલક્રીડામાં થતા કરના આઘાતવડે ઉડેલા હારના મોતી અને જલબિંદુઓમાં કાંઈ પણ અંતર જણાતું નહોતું. જલમાં રમતી અંતઃપુરની રમણીઓના મુખનો અને સુવર્ણ કમળોનો મિત્રોની જેમ ઘણે કાળે પરસ્પર યોગ્ય સંગમ થઇ ગયો. મૃગાક્ષીઓની ઉપર અંજલિ, શીંગડી[1] અને ગંડૂષ[2] વડે થતા જલપ્રહારથી કામદેવ જલના આયુધને ધરનારો થઈ પડયો હોય તેમ જણાવા લાગ્યું. આસપાસ પથરાઈ ગયેલી કામિનીઓની કેશવેણી જાણે કામદેવે ધ્વજાને માટે તૈયાર કરેલા મીન હોય તેવી દેખાવા લાગી. જલક્રીડાથી શ્રાંત થઈ જલતીરે વિશ્રામ લેવા જતી કેટલીક ગૌરાંગી રામાઓ જાણે જલદેવીઓ હોય તેવી દેખાતી હતી. સુંદર ભ્રકુટીવાળી બાલાઓનાં નેત્રો પોતાના સાપત્ન[3] કમળના સંઘર્ષણથી જાણે રોષિત થયાં હોય તેમ જળના છાંટાથી આતામ્ર[4] થઇ ગયાં. મદગંધી વનહસ્તીના મદથી નદીના જલની જેમ વાપિકાનું જલ મૃગાક્ષિઓના અંગરાગથી સુગંધી થઇ ગયું.

આ પ્રમાણે શત્રુઓના ભયના અસ્થાનરૂપ વજ્રાયુધ કુમાર ભરપૂર જલક્રીડામાં વ્યગ્ર થઇ ગયા હતા. તે સમયે પૂર્વ જન્મના રિપુ દમિતારિ પ્રતિવાસુદેવનો જીવ ચિરકાલ ભવભ્રમણ કરી દેવપણાને પ્રાપ્ત થઇને વિદ્યુદ્દંષ્ટ્ર નામે વિખ્યાત થયો હતો, તે ત્યાં આવ્યો. વજ્રાયુધને જોઇ પરસ્પર દાઢને ઘસતો તે દેવ 'અરે! આ જીવતો કયાં જાય!' એમ ક્રોધથી ચિંતવવા લાગ્યો. પછી તેણે ચણાની મુષ્ટિની જેમ પરિવાર સહિત વજ્રાયુધને ચૂર્ણ કરવાને તે વાપિકા ઉપર એક પર્વતને ઉપાડીને નાખ્યો; અને તે અધમ અસુરે મહાવત જેમ પગમાં સાંકળ નાંખીને હાથીને બાંધે તેમ વરૂણના પાશ જેવા નાગપાશથી વજ્રાયુધને બાંધી લીધો. પરંતુ વજ્રાયુધે ઇંદ્ર જેમ વજ્રથી પર્વતને દળી નાંખે, તેમ મુષ્ટિથી ગિરિને ભાંગી નાંખ્યો અને કમલના તંતુની જેમ પાશને તોડી નાંખ્યો; પછી એ મહાભુજ જેમ પાતાળમાંથી શેષનાગ નીકળે તેમ તે વાપિકામાંથી અંતઃપુર સહિત અક્ષતાંગે બહાર નીકળ્યો. એ સમયે શક્રઇંદ્ર મહાવિદેહક્ષેત્રના જિનેશ્વરને નમીને નંદીશ્વર દ્વીપની યાત્રા કરવાને જતા હતા. તેણે વાપિકામાંથી નીકળતા વજ્રાયુધને જોયા. એટલે 'આ વજ્રાયુધ આ ભવમાં ચક્રવર્તી અને આગલા ભવમાં અર્હંત થશે' એમ ધારી ઇંદ્રે તેની પૂજા કરી. ભવિષ્ય કાલનો પણ ભૂતકાલની પેઠે ઉપચાર થાય છે. પછી 'તમે ધન્ય છો. કારણકે જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં શાંતિ નામે સોળમા તીર્થંકર તમે થશો.' આ પ્રમાણે કહી ઇંદ્ર નંદીશ્વર દ્વીપે ગયા; અને વજ્રાયુધે સ્વેચ્છાથી વિવિધ પ્રકારની ક્રીડા કરીને અંતઃપુરના પરિવાર સહિત પોતાના પુરમાં પ્રવેશ કર્યો.

---

૧ પીચકારીઓ. ૨ કોગળાઓ. ૩ સરખા. ૪ કાંઇક રાતા.

રાજા ક્ષેમંકર લોકાંતિક દેવતાએ સ્મરણ આપવાથી પ્રતિબોધ પામી દીક્ષા લેવાની ઇચ્છાવાળા થયા. તેથી તેણે વજ્રાયુધ કુમારને પોતાનો રાજ્યાધિકાર સોંપ્યો, અને વાર્ષિક-દાન આપી તેમણે દીક્ષા ગ્રહણ કરી. વિવિધ અભિગ્રહમાં તત્પર થઈ દુસ્તપ તપસ્યા આચરતાં ઘાતિકર્મનો ઘાત થવાથી તે ભુવનભર્ત્તા ક્ષેમંકર જિનને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તત્કાળ દેવતાઓએ આવીને કેવળજ્ઞાનનો મહિમા કર્યો. ઇંદ્ર અને વજ્રાયુધ યોગ્ય સ્થાને બેઠા પછી સમવસરણમાં રહેલા સર્વજ્ઞ પ્રભુએ દેશના આપી. તે દેશના સાંભળી ઘણા લોકોએ દીક્ષા લીધી, અને ઇંદ્ર તથા વજ્રાયુધ વિગેરે પોતપોતાને સ્થાનકે ગયા.

તે સમયે અસ્ત્રાગારના અધિપતિએ હર્ષ ભર્યા આવી વજ્રાયુધને મોટે સ્વરે કહ્યું કે 'અસ્ત્રાગારમાં ચક્ર રત્ન ઉત્પન્ન થયું છે. વજ્રાયુધે ચક્રરત્નની મોટી પૂજા કરી. તે શિવાય બીજાં તેર રત્નો પણ અનુક્રમે તેમને પ્રાપ્ત થયાં. પછી તેણે ચક્રરત્નની પછવાડે ચાલી વૈતાઢય પર્વત સહિત મંગળાવતી વિજયના છ ખંડ જીતી લીધા; અને પોતાની જાણે બીજી મૂર્ત્તિ હોય તેવા પૃથ્વીને ધારણ કરવામાં સમર્થ સહસ્રાયુધ નામના કુમારને યુવરાજપદે સ્થાપિત કર્યો.

એક વખતે સામાનિકદેવથી વીંટાયેલા ઇંદ્રની જેમ રાજા, સામંતો, મંત્રીઓ અને સેનાપતિઓથી વીંટાયેલો વજ્રાયુધ સભામંડપમાં બેઠો હતો. તે સમયે આકાશમાંથી પૃથ્વી ઉપર આવતો અને હસ્તીએ હણેલા વૃક્ષની જેમ શરીરને કંપાવતો એક યુવાન વિદ્યાધર મૈનાક પર્વત જેમ સમુદ્રને શરણે આવે તેમ વજ્રાયુધને શરણે આવ્યો. તેની પછવાડે જાણે મૂર્ત્તિમાન વિદ્યાદેવી હોય તેવી **સુરેખા** નામે એક સુંદર વિદ્યાધરી હાથમાં ઢાલ અને ખડ્ગ લઈને આવી; તેણે વજ્રાયુધને કહ્યું–'હે દેવ! તમે આ દુરાત્માને છોડી દો, જેથી હું તેને તેના દુર્નયનું ફળ તત્કાળ બતાવું.' થોડીવારે તેની પછવાડે યમદૂતના જેવો ભયંકર કોઈ વિદ્યાધર હાથમાં સુંદર ગદા રાખીને ક્રોધ કરતો આવ્યો. તેણે પણ વજ્રાયુધને કહ્યું કે "આ દુષ્ટનો દુર્નય સાંભળો કે જેથી હું અને આ સ્ત્રી તેનો વધ કરવાને અહીં આવ્યા છીએ. આ જંબૂદ્વીપમાં વિદેહક્ષેત્રના આભૂષણ જેવા **સુકચ્છ** નામના વિજયમાં વૈતાઢય નામે પર્વત છે. તેની ઉપર દેવલોકની શોભાનું જાણે મૂલ્ય હોય તેવું સર્વપુરશ્રેણીમાં શિરોમણિ રૂપ **શુકલ** નામે એક સુંદર નગર છે. તેમાં **શુકલદત્ત** નામે વિદ્યાધરોનો રાજા છે, અને તેને બન્ને કુલના યશને ધરનારી **યશોધરા** નામે પત્ની છે. તેનો **પવનવેગ** નામે હું પુત્ર છું. હું અનુક્રમે કલાકલાપમાં કુશળતા સાથે યૌવનવયને પ્રાપ્ત થયો. તે વૈતાઢય ગિરિ ઉપર ઉત્તર શ્રેણીમાં તેના આભૂષણ રૂપ **કિન્નરગીત** નામના નગરમાં **દીપચૂલ** નામે રાજા છે. તેને **ચંદ્રકીર્તિ** નામે પત્ની છે. તેનાથી **સુકાંતા** નામે સર્વ લક્ષણસંપૂર્ણ પુત્રી થઈ, અને તેની સાથે મારો વિવાહ થયો. અમો બંને દંપતીને રૂપશીલે વિરાજિત **શાંતિમતી** નામે પુત્રી થઈ, જે આ તમારી પાસે ઉભી છે. આ બાળા **મણિસાગર** નામના પર્વત ઉપર ભગવતી **પ્રજ્ઞપ્તિકા** નામની મહાવિદ્યાને સાધતી હતી. તે વખતે આ દુષ્ટ વિદ્યાધરે આવીને તે વિદ્યા સાધવામાં તત્પર બાળાને આકાશમાં ઉચકી લીધી. પરંતુ તત્કાળ તેને વિદ્યા સિદ્ધ થઈ. એટલે તેને તજી દઈ સદ્ય આ અધમ વિદ્યાધર ત્યાંથી પલાયન કરી ગયો. તેને કોઇ ઠેકાણે શરણ નહીં મળવાથી છેવટે તે દુરાત્મા તમારા ચરણમૂળમાં પ્રાપ્ત થયો છે. હું પ્રજ્ઞપ્તિ વિદ્યાની પૂજાને માટે બળિ લઈને મણિસાગર પર્વતપર જ્યારે આવ્યો ત્યારે તે ગિરિ ઉપર મારી પુત્રીને દેખી નહીં, તેથી તેને પગલે પગલે તેની પછવાડે હું અહીં આવ્યો છું. માટે દુષ્ટોને શિક્ષા કરનારા હે સ્વામી! દોષોની ખાણરૂપ આ અધમને છોડી

ઘો, કે જેથી આ ગદાવડે નાળીયેરના ફલની પેઠે તેને ચૂર્ણ કરી નાંખીને યમરાજના સ્થાનમાં પહોંચાડી દઉં."

આ પ્રમાણે વૃત્તાંત સાંભળી અવધિજ્ઞાનવડે તેમનો પૂર્વ સંબંધ જાણી વજ્રાયુધ ચક્રવર્ત્તી બોલ્યા–"અરે વિદ્યાધર ! આ સર્વનો પૂર્વ સંબંધ સાંભળ. આ જંબૂદ્વીપના **ઐરાવત** ક્ષેત્રમાં વિંધ્યપુર નગરમાં વિંધ્યદત્ત નામે એક રાજા હતો. તેની **સુલક્ષણા** નામે પત્નીથી નરલક્ષણોથી પૂર્ણ **નલિનકેતુ** નામે એક પુત્ર થયો. તે નગરમાં મિત્રરૂપ કમલમાં સૂર્ય સમાન **ધર્મમિત્ર** નામે એક સાર્થવાહ શિરોમણિ રહેતો હતો. તેને **શ્રીદત્તા** નામની સ્ત્રીથી દત્ત નામે પુત્ર થયો; અને તે દત્તને દિવ્ય રૂપવાળી **પ્રભંકરા** નામે પત્ની થઈ. એક દિવસે વસંત **ઋતુ**માં રતિ સાથે કામદેવની જેમ તે દત્ત પોતાની દયિતા સાથે ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો. તે સમયે **નલિનકેતુ** પણ ત્યાં આવી ચડયો. તે **પ્રભંકરાને** જોતાંજ કામબાણથી વીંધાઇ ગયો. 'અહા ! શું શ્લાઘનીય રૂપ છે ! જે આ સ્ત્રીની સાથે ક્રીડા કરે તે પણ શ્લાઘ્ય છે.' આ પ્રમાણે ચિંતવી તે કામાતુરે તત્કાલ તેનું હરણ કર્યું; અને ક્રીડા કરવાના ઉદ્યાનમાં, સરિતા અને વાપીકા વિગેરેમાં તે **નલિનકેતુ** તેની સાથે કામદેવની જેમ સ્વચ્છંદે ક્રીડા કરવા લાગ્યો. કુમાર દત્ત પોતાની પ્રિયાના વિયોગાગ્નિથી પીડિત થઇ નિરંતર **પ્રભંકરા**નું જ ધ્યાન ધરતો ઉદ્યાનમાં ભટકવા લાગ્યો; ત્યાં ફરતાં ફરતાં દૃષ્ટિમાં અમૃતાંજન સમાન જેનું દર્શન છે એવા **સુમન** નામે એક મુનિ તેના જોવામાં આવ્યા. તે સમયે ઘાતિકર્મના ક્ષયથી સુમન મુનિને અજ્ઞાન રૂપ અંધકારમાં દિવસ સમાન કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

દેવતાંઓએ આવીને કેવળજ્ઞાનનો મહિમા કર્યો. તે વખતે દત્ત કુમારે પણ આવીને મુનિના ચરણકમળમાં વંદના કરી. મુનિના મુખથી ધર્મદેશના રૂપ સુધાનું પાન કરી દત્ત કુમારે પૂર્વ તાપની ગ્લાનિ ક્ષણવારમાં છોડી દીધી. પછી નિરંતર દાનધર્મમાં તત્પર અને શુભ ધ્યાન ધરનારો દત્ત શાંતપણે ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્ણ કરી, જંબૂદ્વીપના પૂર્વ વિદેહમાં સુકચ્છ વિજયને વિષે વૈતાઢય ગિરિપર આવેલા **સ્વર્ણતિલક** નામના નગરમાં વિદ્યાધરના રાજા **મહેંદ્રવિક્રમની અનિલવેગા** પત્નીથી પુત્રપણે ઉત્પન્ન થયો. પિતાએ તેનું **અજિતસેન** એવું નામ પાડયું અને વિધિથી વિદ્યાઓ આપી.'વિદ્યાધરોનું મૂળ ધન વિદ્યાજ હોય છે.' યૌવન પ્રાપ્ત થતાં તે વિદ્યાધરોની અનેક કન્યાઓને પરણ્યો. તેમની સાથે આકાશમાર્ગે ફરતો ગિરિવનાદિકમાં અનેક પ્રકારે રમવા લાગ્યો.

વિંધ્યદત્ત મૃત્યુ પામ્યા પછી વિંધ્યપુરમાં વાસુદેવના જેવો ઉદ્ભટ નલિનકેતુ રાજાથયો. તે હરણ કરેલી દત્તની પત્ની પ્રભંકરા સાથે કાંદર્પિક દેવની પેઠે વિષયસુખ ભોગવવા લાગ્યો. એક વખતે જેમ વૈમાનિક દેવ દેવીની સાથે પ્રકાશમાન વિમાનપર ચડે, તેમ નલિનકેતુ પ્રભંકરાની સાથે પોતાના મહેલ ઉપર ચડયો. તે વખતે પર્વતના શિખર જેવા, અંજનાચળ જેવા ભાસ્વર કાંતિવાળા, ગર્જનાથી દિશાઓનો તિરસ્કાર કરનારા, ઉદ્ભ્રાંત થયેલા દિગ્ગજની જેવા, વિદ્યુત્થી આકાશને પ્રકાશિત કરતા અને ઇન્દ્રધનુષને ધરનારા મેઘ અકસ્માત્ આકાશમાં ચડી આવ્યા. તેમને જોઈ નલિનકેતુ ખુશી થયો. પાછા ક્ષણવારમાં પ્રચંડ પવનથી જાણે ખોટી રીતે ઉત્પન્ન થયા હોય તેમ તેઓ દશે દિશામાં વિખરાઈ ગયેલા જોવામાં આવ્યા. એ પ્રમાણે એક ક્ષણાર્ધમાં મેઘની ઉત્પત્તિ અને વિનાશ જોઇ નલિનકેતુ વૈરાગ્યથી વિચાર કરવા લાગ્યો કે 'જેમ આ મેઘ આકાશમાં ક્ષણમાં ઉદય અને ક્ષણમાં અસ્ત પામ્યા તેમ આ સંસારમાં સર્વ પદાર્થો તેવી સ્થિતિમાંજ રહેલા છે. એક જન્મમાં

આ પ્રાણી યુવાન, વૃદ્ધ, ધનાઢય, નિર્ધન પતિ, પેદલ, નીરોગી અને રોગી થાય છે. તેથી સંસારમાં સર્વ ક્ષણિક છે. માટે તેવા સંસારને ધિક્કાર છે !' આ પ્રમાણે વિચારી તત્કાળ પુત્રને રાજ્યપર બેસારી તેણે ક્ષેમકર તીર્થંકર પાસે દીક્ષા ગ્રહણ કરી. કેટલેક કાલે ઉગ્ર તપસ્યા કરવાથી અને શુભ ધ્યાન ધ્યાવાથી ઘાતિકર્મનો ક્ષય થઈને તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. પછી ક્રમે કરી ભવોપગ્રાહી ચાર કર્મને પણ હણી નલિનકેતુ મહર્ષિ અવ્યયપદને પામ્યા. સરલ અને ભદ્રિક સ્વભાવવાળી પ્રભંકરા રાણીએ સુવ્રતા ગણિની[1]ની પાસે ચાંદ્રાયણ તપ આચર્યું. સમકિત વગરના તે તપના ફળથી તે પ્રભંકરા મૃત્યુ પામી આ શાંતિમતી નામે તારી પુત્રી થઈ છે. દત્તનો જીવ આ અજિતસેન વિદ્યાધર થયો છે. તેણે પૂર્વના સ્નેહથી આ શાંતિમતીને ઉપાડી હતી માટે તેનાપર કોપ કરીશ નહીં. તેની ઉપરનો કોપ છોડી બંધુની પેઠે તેને ક્ષમા કર. કારણ કે જે અનંતાનુબંધી કષાય છે તે નરકને માટેજ થાય છે." આવી રીતે વજ્રાયુધની વાણી સાંભળવાથી ત્રણે જણા વૈરમુક્ત થઇ, સંવેગ પામીને પરસ્પર ખમાવવા લાગ્યા. ફરીવાર વળી ચક્રવર્ત્તી વજ્રાયુધે કહ્યું કે "તમે ત્રણ જણ થોડા કાળમાં ક્ષેમંકર પ્રભુની પાસે દીક્ષા ગ્રહણ કરશો. ત્યાં આ શાંતિમતી રત્નાવળી તપ કરશે અને અનશનવડે મૃત્યુ પામીને ઈશાનેંદ્ર થશે. તેજ વખતે હે પવનવેગ અને અજિતસેન ! તમને ઘાતિકર્મના ક્ષયથી કેવળજ્ઞાન ઉત્પન્ન થશે. તેથી તરતજ તમારા કેવળજ્ઞાનનો મહિમા મોટા ઉત્સવથી તે ઈશાનેંદ્ર આવીને કરશે અને પોતાના પુર્વ જન્મના દેહની પૂજા કરશે. પછી કાળે કરી ઈશાન ઇંદ્ર ચવી મનુષ્ય પણું પ્રાપ્ત કરી કેવળજ્ઞાન ઉપજાવીને સિદ્ધિપદને પામશે." આ પ્રમાણે ચક્રવર્ત્તી વજ્રાયુધનું ત્રિકાલ વિષયી જ્ઞાન સાંભળી સર્વે સભાસદ વિકસિત નેત્રે વિસ્મય પામી ગયા. પછી રાજા પવનવેગ, તેની પુત્રી શાંતિમતી અને અજીતસેન વિદ્યાધર વજ્રાયુધને પ્રણામ કરીને આ પ્રમાણે બોલ્યા–"હે જગત્પતિ ! તમે અમારા પિતા, સ્વામી, ગુરૂ અને દેવ છો. કેમકે પરસ્પર પાપ કરવાને પ્રવર્ત્તેલા અમોને તમારા શિવાય બીજો કોણ રક્ષણકર્ત્તા થાત ? જો તમારાં વચનરૂપ નરકદ્વારની અર્ગલા વચ્ચે આવી પડી ન હોત તો અમે પરસ્પર મૃત્યુ પામી આજેજ નરકમાં જાત; માટે હે સ્વામી ! અમને આજેજ આજ્ઞા આપો, કે જેથી સંસારથી ભય પામેલા અમે હમણાજ શ્રીક્ષેમંકર પ્રભુને શરણે જઈએ." આ પ્રમાણેની તેમની વિજ્ઞપ્તિ સાંભળી ચક્રવર્ત્તીએ આજ્ઞા આપી એટલે તરતજ તેઓએ ક્ષેમંકર પ્રભુની પાસે જઈને દીક્ષા લીધી. પછી તેમણે શાંત મન રાખીને વિનાશના ભયથી કૃશ થયા હોય તેવા શરીરોથી ઉગ્ર તપસ્યા કરી. તેમાંથી શાંતિમતી મૃત્યુ પામી ઈશાન કલ્પમાં ઇંદ્ર થઈ અને બીજો બન્નેને તે સમયે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ઈશાનેંદ્રે આવી તેમના કેવળજ્ઞાનનો મહીમા અને પોતાના દેહનું પૂજન કર્યું. ઈશાનેંદ્ર ત્યાંથી ચવી બીજા જન્મમાં સિદ્ધી પામ્યા અને તેઓ બન્ને આયુષ્ય પૂર્ણ થતાં તેજ ભવમાં મોક્ષે ગયા.

વજ્રાયુધ ચક્રી જયંત[1] સહિત ઇંદ્રની જેમ સહસ્રાયુધ પુત્રની સાથે પૃથ્વીનું પાલન કરતા હતા. એવામાં એકદા સહસ્રાયુધની પત્ની જયનાએ એક સમયે સ્વપ્નમાં કિરણોથી પ્રકાશમાન સુવર્ણ શક્તિ જોઈ. પ્રાતઃકાલે તેણે સ્વપ્નની વાર્ત્તા પોતાના પતિને કહી, ત્યારે તેણે કહ્યું કે 'હે દેવી ! મોટી શક્તિવાળો તારે પુત્ર થશે.' ત્યારથી તે દેવીએ દુર્વહ ગર્ભ ધારણ કર્યો. પછી સમય આવતાં પૃથ્વી જેમ ધાન્યને જન્મ આપે તેમ તેણે એક પુત્ર-

૧ સાધ્વીસમુદાયની અધિકારિણી.

તનને જન્મ આપ્યો. જયનાદેવીએ જોયેલા સ્વપ્નને અનુસારે પિતાએ તે બાલકનું **કનકશક્તિ** એવું નામ પાડયું. અનુક્રમે જ્યારે તે બાલ્યવય ઉલ્લંઘન કરી યૌવનને પ્રાપ્ત થયો, ત્યારે **સુમંદિરપુરના** રાજા **મેરૂમાલીની મલ્લદેવી** રાણીના ઉદરથી ઉત્પન્ન થયેલી **કનકમાળા** નામે રૂપલાવણ્યવતી કન્યાની સાથે યથાવિધિ પરણ્યો.

શ્રીસાર નામના નગરમાં **અજિતસેન** નામે રાજા હતો. તેની **પ્રિયસેના** નામે રાણીના ઉદરથી **વસંતસેના** નામે એક પુત્રી થઈ હતી. તે કનકમાળાની પ્રિય સખી હતી. તેના પિતા **અજિતસેન** તેને માટે કોઈ યોગ્ય વર શોધતો હતો, તેથી તેણે તે સ્વયંવરા કન્યા કનકશક્તિની પાસે મોકલી. એટલે કનકશક્તિ તેને પણ યથાવિધિ પરણ્યો. આ વિવાહથી વસંતસેનાની કુઇના પુત્રને મનમાં ઘણો ક્રોધ ઉત્પન્ન થયો. એક વખતે કનકશક્તિ ઉદ્યાનમાં ફરતો હતો, તેવામાં કૂકડાની પેઠે ઉંચો ઉછળતો અને પડતો એક પુરૂષ તેના જોવામાં આવ્યો. કનકશક્તિએ તેને પૂછયું–'અરે ભાઇ ! તમે પતંગની પેઠે આમ કેમ પડો છો અને ઉછળો છો ? તે જો રહસ્ય[૨] ન હોય તો કહો.' તેણે કહ્યું–"તમારા જેવા મહાત્માઓની પાસે રહસ્ય કહેવામાં કાંઈપણ હરકત નથી. કેમકે તે કહેવાથી ગુણ થાય છે; હું વિદ્યાધર છું. કોઇ કાર્યને માટે વૈતાઢય પર્વત ઉપરથી અન્યત્ર જતાં વચમાં આ ઉદ્યાનમાં હું આવી ચડયો. ઉદ્યાનની રમ્યતા જોવાને ક્ષણવાર રોકાયો. પછી અહીંથી ઉડવાને આકાશગામીની વિદ્યાનું મેં સ્મરણ કર્યું. પણ તે વિદ્યાનું એક પદ હું ભૂલી ગયો છું. તેથી જેની પાંખો બાંધેલી હોય તેવા પક્ષીની જેમ ઉછળું છું અને પાછો પડી જાઉં છું." કુમારે કહ્યું–'મહાપુરૂષ ! જો બીજાની પાસે તે વિદ્યા ભણાવી હોય તો ભણો.' તેણે કહ્યું–'સામાન્ય પુરૂષોની આગળ તે વિદ્યા ભણાય નહીં; પણ તમારા જેવા મહાત્માને તો તે વિદ્યા આપી શકાય તો ભણવામાં શી હરકત હોય ?' પછી વિદ્યાધર તે એક પદ રહિત વિદ્યા ભણી ગયો; એટલે જેને પદાનુસારી બુદ્ધિ છે એવા કુમારે તે ન્યૂન પદ કહી આપ્યું. તેથી તત્કાળ જેને પૂર્ણ વિદ્યાશક્તિ પ્રગટ થઈ છે એવા વિદ્યાધરે તે વિદ્યા કુમારને આપી. **વિવેકી જનો કૃતજ્ઞજ હોય છે.** પછી વિદ્યાધર ત્યાંથી સ્વસ્થાનકે ગયો; અને કુમાર કનકશક્તિ તે વિદ્યાનું યથાવિધિ સાધન કરી મોટો વિદ્યાધર થયો.

વસંતસેનાની કુઈ નો પુત્ર જે પ્રથમ રોષ ધરી રહ્યો હતો તે કનકશક્તિનો કાંઈ પણ અપકાર કરવા સમર્થ થયો નહીં. તેથી લજ્જાવડે અન્નપાન છોડી મૃત્યુ પામી **હિમચૂલ** નામે દેવતા થયો. કુમાર કનકશક્તિ, વસંતસેના અને કનકમાળા સાથે વિદ્યાશક્તિથી પવનની જેમ પૃથ્વીપર સ્વેચ્છાએ ફરવા લાગ્યો. એકદા તે કનકશક્તિ હિમવંતગિરિપર જઈ ચડયો. ત્યાં **વિપુલમતિ** નામે એક ચારણમુનિ તેના જોવામાં આવ્યા. તપેલા સુવર્ણ જેવા અંગવાળા, કૃશ થઈ ગયેલા અને કામદેવને જીતનારા તેમજ જાણે મૂર્તિમાન તપતેજ હોય તેવા તે મુનિને કુમારે ભક્તિથી વંદના કરી. પછી મુનિ પાસેથી 'ધર્મલાભ' આશિષ મેળવીને બે દેવીઓ સાથે ત્યાં બેસી સંસારરૂપ દાવાનલમાં વર્ષાઋતુ જેવી ધર્મદેશના તેણે સાંભળી. મહામતિ કનકશક્તિએ પ્રતિબોધ પામી રાજ્યશ્રીની પેઠે બંને દેવીઓને છોડી દઇને દીક્ષા લીધી. વિવેક અને શુભ હૃદયવાળી બંને દેવીઓએ પણ સંવેગ પામી **વિમલમતિ** નામે આર્યાની પાસે વ્રત ગ્રહણ કર્યું. મુનિ કનકશક્તિ વિહાર કરતાં કરતાં સિદ્ધિના સ્થાનરૂપ તેજ ગિરિ ઉપર એક શિલાને વિષે એક રાત્રિની પ્રતિમા અંગીકાર કરીને કાઉસગ્ગ ધ્યાને રહ્યા.

અહીં સ્તંભની પેઠે સ્થિર રહેલા કનકશક્તિને જોઈ પેલા દુરાશય હિમચૂલ દેવતાએ તેમને ઉપસર્ગ કરવા માંડયા. તે અધમદેવને ઉપસર્ગ કરતો જોઈ વિદ્યાધરોએ આવી ક્રોધથી તેને ત્રાસ પમાડયો. **સર્વ જનો સત્પુરૂષના પક્ષમાંજ રહે છે.** તપસમૂહના ગિરિરૂપ તે મુનિ પ્રતિમા ત્યાંથી વિહાર કરી **રત્નસંચયા** નગરીએ આવ્યા; અને તે નગરીની બહાર **સૂરનિપાત** નામના ઉપવનમાં આવી તેમણે પર્વતની જેમ સ્થિર થઇને એક રાત્રિની પ્રતિમા ધારણ કરી. તેજ રાત્રિએ ક્ષપકશ્રેણિમાં આરૂઢ થયેલા તેમને ક્ષણવારમાં ઘાતિકર્મના ક્ષયથી ઉજ્જવળ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. દેવતાઓએ આવી તે મહાશયનો કેવળજ્ઞાનનો મહિમા કર્યો. હિમચૂલ તે જોઈ ભય પામીને તેમને શરણે આવ્યો. વજ્રાયુધે પણ તે મહર્ષિનો કેવળજ્ઞાનનો ઉત્સવ કર્યો, અને તેમની દેશના સાંભળી પાછો નગરીમાં ગયો.

એકદા ક્રોડોગમે દેવતાઓએ અને રાજાઓએ સેવેલા ક્ષેમંકર પ્રભુ ત્યાં આવીને સમોસર્યા. સેવકોએ આવી વજ્રાયુધને કહ્યું– 'હે સ્વામી ! ક્ષેમંકર પ્રભુ ઉદ્યાનમાં સમોસર્યા છે.' તેઓને સાડાબાર કોટી સોનૈયા આપી વજ્રાયુધ પરિવાર સાથે ક્ષેમંકર પ્રભુની પાસે ગયા. પછી પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરી વાંદી ભક્તિથી પાસે બેસી ધર્મદેશના સાંભળી દેશનાને અંતે વજ્રાયુધ ચક્રી બોલ્યા–'સ્વામી ! આ દુરૂત્તર સંસારસાગરથી હું ભય પામ્યો છું, માટે કુમાર સહસ્રાયુધને રાજ્ય પર બેસારી જ્યાં સુધીમાં આવું ત્યાં સુધી મને દીક્ષા આપવાને આપ અહીં રહેવા કૃપા કરો.' પ્રભુએ કહ્યું–'ધર્મકાર્યમાં પ્રમાદ કરવો નહીં.' તે સાંભળી વજ્રાયુધે તત્કાળ પોતાની નગરીમાં આવી સહસ્રાયુધને રાજ્ય પર બેસાર્યો. પછી સહસ્રાયુધે જેમનો નિષ્ક્રમણોત્સવ કરેલો છે એવા વજ્રાયુધ ચક્રી શિબિકાપર બેસી ક્ષેમંકર પ્રભુની પાસે આવ્યા. ત્યાં ચારહજાર રાણીઓ, ચારહજાર મુગટધારી રાજાઓ અને સાતસો પોતાના પુત્રોની સાથે વજ્રાયુધે વ્રત ગ્રહણ કર્યું. વિવિધ પ્રકારના અભિગ્રહને ધારણ કરતા અને પરીસહોને સહન કરતા વજ્રાયુધ મુનિ વિહાર કરતાં કરતાં સિદ્ધિ પર્વતે આવ્યા. 'હું ઉપસર્ગોને સહન કરીશ' એવી શુદ્ધ બુદ્ધિથી તેણે ત્યાં **વિરોચન** નામના સ્તંભ ઉપર વાર્ષિકી પ્રતિમા ધારણ કરી. હવે અશ્વગ્રીવ પ્રતિવાસુદેવના પુત્ર **મણિકુંભ** અને **મણિકેતુ** ચિરકાલ ભવાટવીમાં ભમી, અંતે બાલ તપ કરી અસુરકુમાર થયા હતા; તેઓ સ્વેચ્છાએ ફરતાં ફરતાં ત્યાં આવી ચડયા; એટલે તેમણે મહર્ષિ વજ્રાયુધને જોયા. પૂર્વના અમિતતેજના ભવના વૈરથી તે બંને જણ વૃક્ષને બે મહિષો ઉપદ્રવ કરે તેમ તે મુનિને ઉપદ્રવ કરવા લાગ્યા. પ્રથમ સિંહ થઈને વજ્રાંકુર જેવા તીક્ષ્ણ નખથી બે પડખે રહી તેમના દેહને ઉઝરડવા લાગ્યા. પછી થોડીવારે બે હાથી થઇ અંતર્વેદીની જેમ સૂંઢના આઘાતથી, દાંતના પ્રહારથી અને પગના દુઃસહ પાતથી તેમને મારવા લાગ્યા. પછી સર્પ થઇને તે મહર્ષિના પડખામાં શકટના પાશની પેઠે દૃઢ બંધે ભરડો લઈ લટકવા લાગ્યા. પછી રાક્ષસ થઇને પોતાની દાઢ જેવી તીક્ષ્ણ કાતીથી તે મુનિને મોટો ઉપદ્રવ કરવા લાગ્યા. એવી રીતે તેઓ મુનિને વિવિધ ઉપસર્ગો કરતા હતા; તેવામાં ઇંદ્રની રંભા, તિલોત્તમા વિગેરે અપ્સરાઓ અને બીજી દેવાંગનાઓ અર્હંતને વાંદવા જતી હતી. તેમણે મુનિને ઉપસર્ગો કરતા તે બંને દેવતાઓને દીઠા, એટલે 'અરે પાપીઓ ! તમે આવા ઉત્તમ મુનિ ઉપર આ શું આરંભ્યું છે ?' એમ કહેતી તેઓ વેગ વડે આકાશમાંથી નીચે ઉતરી. તેમને ઉતરતી જોતાંજ તે બંને દેવતાઓ ક્ષોભ પામીને ત્યાંથી નાસી ગયા. 'સૂર્યનો પ્રકાશ થતાં ઘૂવડ પક્ષી કેટલીવાર ટકી શકે ?' પછી રંભાદિક દેવાંગનાઓએ ઇંદ્રની જેમ તે મુનિની આગળ ભક્તિથી નૃત્ય કરવા માંડયું. પછી

દર્શનથી પોતાના આત્માને પવિત્ર થયેલો માની તે દેવીઓ પરિવાર સાથે મુનિને વાંદી પોતપોતાને સ્થાનકે ગઈ.

વજ્રાયુધ મુનિએ વાર્ષિકી પ્રતિમા પૂર્ણ કરી, અનુપમ યમનિયમ ધારણ કરી, ત્યાંથી પૃથ્વી પર વિહાર કર્યો. રાજા સહસ્રાયુધ રાજશ્રેણીવડે શોભિત થઈ વિવાહિત રાજપુત્રીની જેમ પ્રાપ્ત થયેલી રાજ્યલક્ષ્મીને ભોગવવા લાગ્યો. એક વખતે તે નગરીમાં મુનિગણથી વીંટાયેલા **પિહિતાશ્રવ**[1] નામે ગણધર મહારાજ સમોસર્યા; એટલે સહસ્રાયુધે તેમની પાસે આવી ભક્તિ વડે તેમને વંદના કરી અને કર્ણમાં અમૃતવૃષ્ટિ જેવી તેમની દેશના સાંભળી. તે દેશનાથી આ સંસારને ઇંદ્રજાળની જેવો અસાર જાણી તેમણે પોતાના પુત્ર શતબલિને રાજ્ય પર બેસારી પિહિતાશ્રવ ગણધરની પાસે દીક્ષા ગ્રહણ કરી. પછી ગુરૂ પાસેથી દ્વિવિધ શિક્ષા ગ્રહણ કરીને તેમણે પૃથ્વી પર વિહાર કરવા માંડયો. એક વખતે સહસ્રાયુધ મુનિ વિહાર કરતાં કરતાં ચંદ્રને બુધ મળે તેમ વજ્રાયુધ રાજર્ષિને અકસ્માત્ મળી ગયા; પછી બંને પિતાપુત્ર સંયુક્તપણે સદા તપધ્યાનમાં તત્પર થઈ પરીસહને સહન કરી, પોતાના શરીરની પણ અપેક્ષા છોડી દઈ ક્ષમારૂપ ધનને ધારણ કરી, પુર, ગ્રામ અને અરણ્ય વિગેરેમાં વિહાર કરતાં ઘણો કાળ એક દિવસની જેમ સુખે નિર્ગમન કરવા લાગ્યા. પ્રાંતે બંને મુનિઓએ **ઇષત્પ્રાગ્ભાર** નામના ગિરિ ઉપર ચડી 'પાદપોપગમ' નામે અનશન ગ્રહણ કર્યું. આયુષ્યનો ક્ષય થતાં તે મહા મુનિવરોએ પરમ સમૃદ્ધિવાળા ત્રીજા ગ્રૈવેયકમાં અહમિંદ્રપણાનું અદ્‌ભુત પદ પ્રાપ્ત કર્યું, અને પચવીશ સાગરોપમની સ્થિતિ ત્યાં નિર્ગમન કરી.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते
महाकाव्ये पंचम पर्वणि श्रीशांतिनाथदेवस्य
षष्टसप्तमभववर्णनो नाम तृतीयः सर्गः ॥

---

૧ જેમણે આશ્રવ ઢાંકી દીધા છે એવા.

સર્ગ ૪ થો.

આ જંબૂદ્વીપના પૂર્વ મહાવિદેહમાં વિસ્તારવાળા પુષ્કળાવતી વિજયને વિષે સીતા નદીને કાંઠે મધ્ય ખંડની વચ્ચે સરોવરમાં પુંડરીક કમળની જેમ લક્ષ્મીનું નિધાન પુંડરીકિણી નામે નગરી છે. તે નગરીમાં પૃથ્વીમાં રહેલો ઈંદ્ર હોય તેવો, શત્રુઓના મનોરથને ખંડન કરનાર ઘનરથ નામે મહારથી રાજા હતો. સમુદ્રને ગંગા અને સિંધુની જેમ તેને પ્રિયમતી અને મનોરમા નામે બે પત્નીઓ હતી. વજ્રાયુધનો જીવ ગ્રૈવેયકમાંથી ચવી મહાદેવી પ્રિયમતીના ઉદરમાં ઉત્પન્ન થયો. તે સમયે અવશેષ રાત્રિએ સ્વપ્નમાં વર્ષતો, ગાજતો અને વિદ્યુતને પ્રકાશતો મેઘ મુખમાં પ્રવેશ કરતો તેના જોવામાં આવ્યો. તેણે પ્રાતઃકાલે તે સ્વપ્નનું વૃત્તાંત રાજા પાસે કહ્યું. તે સાંભળી રાજાએ કહ્યું–' તમારે મેઘની પેઠે પૃથ્વીના સંતાપને હરનારો પુત્ર થશે.' સહસ્રાયુધનો જીવ ગ્રૈવેયકમાંથી ચવીને મહાદેવી મનોરમાની કુક્ષિમાં અવતર્યો. તે સમયે તેણે સ્વપ્નમાં સુવર્ણની ઘુઘરીઓવાળો, ધ્વજપતાકાથી શોભતો અને લોઢાની ચક્રધારાવાળો એક રથ મુખમાં પ્રવેશ કરતો જોયો. પ્રાતઃકાળે પતિને વૃત્તાંત જણાવતાં તેમને કહ્યું કે 'હે દેવી ! તમારે મહારથીઓમાં અગ્રેસર પુત્ર થશે.' બન્ને દેવીઓએ સમય આવતાં જાણે બીજી મૂર્ત્તિને પ્રાપ્ત થયેલા સૂર્યચંદ્ર હોય તેવા બે કુમારને જન્મ આપ્યો. પિતાએ શુભ દિવસે પ્રિયમતીના પુત્રનું સ્વપ્નને અનુસારે મેઘરથ એવું નામ પાડયું અને મનોરમાના પુત્રનું સ્વપ્નને અનુસારે દૃઢરથ એવું નામ પાડયું. મેઘરથ અને દૃઢરથ કુમાર દૃઢ ભ્રાતૃભાવ ધારણ કરતાં અનુક્રમે બલભદ્ર અને વાસુદેવની જેમ મોટા થવા લાગ્યા. થોડા કાળમાં તેઓ કામદેવનું રાજ્યસ્થાન, કામિનીજનને કામણરૂપ અને રૂપના ઉત્કર્ષને પ્રગટ કરનાર યૌવનવયને પ્રાપ્ત થયા. એક વખતે સુમંદિરપુરના રાજા નિહતશત્રુના પ્રધાને આવી, પ્રણામ કરી ઘનરથ રાજાને વિજ્ઞપ્તિ કરી કે–" હે પ્રભુ ! ડોલરના પુષ્પ જેવી ઉજ્જ્વળ અને તે તે ઉત્તમ ગુણોથી પ્રકાશિત તમારી કીર્ત્તિ ચંદ્રપ્રભાની જેમ કોને હર્ષ આપતી નથી ? અમારા રાજા નિહતશત્રુ અહીંથી દૂર રહેલા છે તે છતાં પણ, તે તમારી સાથે નિર્મળ સૌહૃદપણાને ધરાવે છે; અને હમણા તો નવો સંબંધ બાંધવાવડે સાન્નિધ્યમાં આવી તમારી સાથે વિશેષ સ્નેહ કરવાને ઇચ્છે છે. તે નિહતશત્રુ રાજાને ત્રણ જગતની સ્ત્રીઓથી જુદી તેમના સ્વામીપણામાં રહી હોય તેવી ત્રણ કન્યાઓ છે. તેમાંથી બે કન્યા મેઘરથને અને એક કન્યા દૃઢરથને આપવાને ઇચ્છે છે, તેથી તેમ કરવાથી તમારા જેવાની સાથે તેનું પૂર્ણ સૌહૃદ થાઓ." ત્યારે રાજા ઘનરથે મેઘની જેવા ધ્વનિથી કહ્યું– ' હે મંત્રી ! આ સંબંધવડે અમારા બન્નેનો ગાઢ સ્નેહ થાઓ. પ્રવાહોથી પર્વતોની નદીઓની જેમ સત્પુરૂષોનો સ્નેહ વારંવાર બંધાતા સંબંધોથી હમેશાં વૃદ્ધિ પામે છે.' એટલે મંત્રી બોલ્યો–' હે દેવ ! કોઈ ઉત્તમ જોષીને બોલાવી માંગલિક કાર્યમાં ઉચિત એવું લગ્ન બતાવો અને શરીરશોભાથી કામદેવ જેવા તમારા બન્ને કુમારોને તે કન્યાના વિવાહના મિષથી ત્યાં મોકલો. અમારા સ્વામી ઉપર એટલો અનુગ્રહ કરો.' તેજ વખતે જોષીને બોલાવી, લગ્નનો નિશ્ચય કરી, બન્ને કુમારોને ત્યાં જવાની આજ્ઞા આપીને રાજાએ મંત્રીને વિદાય કર્યો. મંત્રી ખુશી થતો શીઘ્ર સુમંદિરપુરમાં આવ્યો અને નિહતશત્રુ રાજાને એ વૃત્તાંત કહીને હર્ષિત કર્યો.

પછી રાજા ધનરથે મૂર્ત્તિમાન કામદેવ હોય તેવા દૃઢરથ સહિત મેઘરથને સુમંદિરપુર તરફ રવાને કર્યા. સામંત, મંત્રી, સેનાપતિ અને સેનાથી વિંટાએલા બન્ને ભાઈ સરિતાના પુરની જેમ નિર્વિઘ્ને ચાલ્યા. કેટલાક પ્રયાણે કરી મર્યાદા પાળવામાં સાગરરૂપ તેઓ સુરેંદ્રદત્ત રાજાના દેશના સીમાડામાં આવ્યા. તે વખતે રાજા સુરેંદ્રદત્તે શિક્ષા આપીને મોકલેલા એક દૂતે આવી મેઘરથને ગર્વિષ્ટ વચનોવડે આ પ્રમાણે કહ્યું–" અમારા સ્વામી સુરેંદ્રદત્ત સુરેંદ્રના જેવા પરાક્રમી છે. તેઓએ કહ્યું છે કે તમારે અમારા દેશની મધ્યમાં થઈને જવું નહીં. તેથી આ દેશનો સીમાડો છોડી બીજે માર્ગે જાઓ. કેમકે મૃગપતિના માર્ગમાં મૃગની ગતિ ક્ષેમકુશલ થતી નથી." આવાં દૂતનાં વચન સાંભળી વાચાળ પુરૂષોમાં શ્રેષ્ઠ એવા મેઘરથે કહ્યું–" અમારે આ માર્ગ સરલ પડે છે, તો તેનો કેમ ત્યાગ થાય? નદી ખાડા પૂરે, વૃક્ષ ઉન્મેલે, ઉંચી ભૂમિ ખોદી નાખે તથાપિ પોતાનો માર્ગ છોડતી નથી. માટે અમે આ સરલ માર્ગથીજ જઇશું, તેથી જો તારો સ્વામી સરલ નથી તો ભલે પોતાની શક્તિ બતાવે." મેઘરથનાં આ સર્વ વચનો દૂતે જઇને સુરેંદ્રદત્ત રાજાને કહ્યાં. તે સાંભળી જેણે હાકોટા સાંભળ્યા હોય તેવા હાથીની જેમ ધમેલા તાંબાની જેવાં રાતાં નેત્ર કરી સુરેંદ્રદત્તે યુદ્ધને માટે ભંભાનાદ કરાવ્યો. હાથીસ્વારો, ઘોડેસ્વારો, પેદલો અને રથીકોનું મોટું સૈન્ય યુદ્ધ કરવાને એકઠું થયું. સુભટોની ભુજાના આસ્ફોટથી, ધનુષ્યના ટંકારોથી, ઘોડાના હેષારવથી, રથના ચિત્કારથી, હાથીઓની ગર્જનાથી, ઉંટના ઘોંઘાટથી, ખચ્ચરોના અવાજોથી અને રણવાદ્યના નાદથી ક્ષણમાં સર્વ જગતને બધિર કરતો સુરેંદ્રદત્ત રાજા સર્વ બલથી મેઘરથનું રણાતિથ્ય કરવાની ઇચ્છાએ સામો આવ્યો. અંધકારનો નાશ કરવા સૂર્યની જેમ મેઘરથ અને દૃઢરથ કુમાર યુદ્ધને માટે જૈત્રરથમાં આરૂઢ થયા. શંકુ, શલ્ય, ચક્ર, પ્રાસ, દંડ, ગદા, તીર, મુદ્ગલ, નારાચ અને વિશિખ તેમજ પાષાણ અને લોહના ગોળા, કરથી અને યંત્રોથી સર્વ સૈનિકો અસ્ત્રોના જાણે મેઘ હોય તેમ બંને સૈન્યમાં વર્ષાવવા લાગ્યા; તે વખતે બન્ને સૈન્યમાં એવો ગાઢ શસ્ત્રપાત થયો કે ખેચરોની સ્ત્રીઓને યુદ્ધદર્શન કરવામાં વિઘ્નકારી થઈ પડયો. સમુદ્રમાં જલજંતુઓથી જલજંતુની જેમ યુદ્ધમાં અસ્ત્રોથી અસ્ત્રો અને રથોથી રથો ભાંગવા લાગ્યા. જેમના વેગ અસ્ખલિત છે એવા શત્રુઓએ પવનથી વનની જેમ બન્ને કુમારનું સૈન્ય ભગ્ન કરી દીધું. પછી અદ્વૈત ભુજ પરાક્રમવાળા બન્ને વીરો ક્રોધ કરી મોટા સરોવરમાં હાથી પેસે તેમ શત્રુના સૈન્યમાં પેઠા. તે વખતે ઉછળેલા સમુદ્રની જેમ અસ્ત્રરૂપ ઊર્મિવડે શોભતા તે બંને વીરોને સ્ખલના કરવાને શત્રુઓના કોઇપણ સૈનિકો ઉભા રહી શકયા નહીં. બે હાથીવડે શેરડીના વાડાની જેમ તેઓએ સૈન્યરૂપ વનનું મથન કરવા માંડયું. તે જોઇને સુરેંદ્રદત્ત યુવરાજ સાહત તેમની સામે યુદ્ધ કરવાને દોડયો. સુરેંદ્રદત્ત મેઘરથ સાથે અને યુવાન યુવરાજ દૃઢરથની સાથે યુદ્ધ કરવા લાગ્યા. તેઓ પરસ્પર એક બીજાનાં શસ્ત્રો છેદવા લાગ્યા અને અસ્ત્રો બાધિત કરવા લાગ્યા. તે વખતે તે ચારે જણા રણાંગણમાં લોકપાળની જેવા શોભવા લાગ્યા. પછી કરાસ્ફોટ કરતા અને પરસ્પર તિરસ્કાર કરતા તેઓ બંધને જાણનારા સર્પની જેમ ભુજાયુદ્ધથી યુદ્ધ કરવા લાગ્યા. તે મહાપરાક્રમી ચારે વીર ભુજારૂપ શિખરને તિરછી રીતે ઊંચા કરવાથી જાણે ગજદંતવાળા પર્વત હોય તેવા ક્ષણવાર યુદ્ધભૂમિમાં દેખાવા લાગ્યા. એમ યુદ્ધ કરતાં છેવટે મેઘરથ અને દૃઢરથ કુમારોએ ક્ષણવારમાં તેમને ખેદ પમાડીને વનના હાથીની જેમ બાંધી લીધા. પછી તે દેશમાં સ્વદેશની પેઠે પોતાની આજ્ઞા ફેલાવીને બન્ને કુમાર પ્રસન્નપણે ત્યાંથી ચાલી સુમંદિરપુર સમીપે આવ્યા. તેમના આવવાની ખબર સાંભળી રાજા નિહતશત્રુ તત્કાળ સામો આવ્યો. 'બીજા સાધારણ અતિથિને પણ જે માન આપે તેને આવા

અતિથિને માટે તો શું કહેવું !' રાજાએ તેમને આલિંગન કરી શિર ઉપર ચુંબન કર્યું અને અહમિંદ્રની જેમ સુખાદ્વૈતને અનુભવવા લાગ્યો. પછી શુભ લગ્નમાં **પ્રિયમિત્રા** અને **મનોરમા** નામે પોતાની બે મોટી કન્યાઓને મેઘરથની સાથે વિધિપૂર્વક પરણાવી, અને રાજાએ જેનાં ચરણકમલ ધોયાં છે એવા દૃઢરથની સાથે ત્રીજી નાની કન્યા **સુમતિને** પરણાવી. મોટી સમૃદ્ધિથી યથાર્થ વિવાહ કર્યા પછી રાજાએ મોટા માન પૂર્વક વિદાય કરેલા તેઓ પોતાની નગરી તરફ ચાલ્યા. માર્ગમાં સુરેંદ્રદત્ત રાજાને તેના યુવરાજ સહિત પૂર્વવત્ તેના રાજ્યપર બેસારીને પોતાની નગરીમાં આવ્યા. તે મહાભુજ વીરો જાણે ઇંદ્ર અને ઉપેંદ્ર પ્રીતિયોગથી એક ઠેકાણે મળ્યા હોય તેમ પોતાની પ્રિયાઓ સાથે અનેક પ્રકારના ભોગ ભોગવવા લાગ્યા. કેટલોક કાળ ગયા પછી મેઘરથની પત્ની પ્રિયમિત્રાએ **નંદિષેણ** નામે અને બીજી પત્ની મનોરમાએ **મેઘસેન** નામે પુત્રને જન્મ આપ્યો. દૃઢરથની પત્ની સુમતિએ પણ ઉત્તમ ગુણરત્નના રોહણાચળ રૂપ **રથસેન** નામના એક પુત્રને જન્મ આપ્યો.

એક વખતે રાજા ઘનરથ અંતઃપુરમાં યૂથપતિ હાથીની જેમ સ્ત્રીઓ, પુત્રો અને પૌત્રોથી વીંટાઈ વિવિધ વિનોદ કરતો હતો, તેવામાં **સુરસેના** નામે એક ગણિકા હાથમાં કૂકડો લઈ ત્યાં આવીને વિજ્ઞપ્તિ કરવા લાગી કે "હે દેવ ! આ મારો કૂકડો પોતાની જાતિમાં મુગટરત્ન સમાન છે. તે કોઇ બીજાના કૂકડાથી કદીપણ જીતાતો નથી. જો કોઇ બીજાનો કૂકડો આ કૂકડાને જીતે તો હું તેને તેના પણમાં એક લાખ દીનાર આપું. હે પ્રભુ ! જો કોઈ બીજાની પાસે આવો કૂકડો હોય તો તે મારી પ્રતિજ્ઞા પણ ભલે તોડી પાડે." તે વખતે દેવી મનોરમાએ કહ્યું–'આ પ્રમાણેના પણથી મારા કૂકડાની સાથે આ કૂકડાનું યુદ્ધ થાઓ.' રાજાએ તે વાત સ્વીકારી, એટલે દેવી મનોરમાએ વજ્રતુંડ નામના પોતાના કૂકડાને દાસીની સાથે મંગાવ્યો. પછી બન્ને કૂકડાને પેદલની જેમ મેદાનમાં ખડા કર્યા, એટલે વિચિત્ર ગતિ કરતા અને નાચતા તે બન્ને પરસ્પર પ્રહાર કરવા લાગ્યા. ઉછળતા, પડતા, ખસી જતા અને હઠતા તેમજ પ્રહાર દેતા અને ઝીલતા તેઓ પરસ્પર લડવા લાગ્યા. તે ઉત્તમ કૂકડાની કલગી જોકે સ્વભાવથી રાતી હતી તથાપિ પ્રચંડ ચંચુ અને ચરણના પ્રહારવડે નીકળતા રૂધિરથી વિશેષ રાતી થઈ ગઇ. જાણે પક્ષીરૂપે બે આયુધધારી મનુષ્ય હોય તેવા તે બન્ને કુકડા વારંવાર પોતાના તીક્ષ્ણ નખ પરસ્પરના અંગમાં મારવા લાગ્યા. 'આ મહાદેવી મનોરમાનો કૂકડો જીતે છે; અરે ! આ સુરસેનાનો કૂકડો જીતે છે' એવી રીતે ક્ષણે ક્ષણે જયની ભ્રાંતિ થવા લાગી; પણ કોઇનો જય થયો નહીં. આ પ્રમાણે ઘણીવાર સુધી બન્નેનું ચાલેલું યુદ્ધ જોયા પછી રાજા ઘનરથ બોલ્યા કે 'આ બન્ને કૂકડામાંથી કોઇ કોઇથી જીતાશે નહીં.' ત્યારે મેઘરથે પૂછયું કે 'આ પ્રમાણે યુદ્ધ થતાં આમાંથી એકનો જય અને એકનો પરાજય કેમ નહીં થાય ?' એટલે ત્રિકાળજ્ઞાની રાજા ઘનરથ બોલ્યા–"આ બંને કૂકડાના પૂર્વ ભવનો વૃત્તાંત સાંભળો–

આ જંબૂદ્વીપના ઐરવત ક્ષેત્રને વિષે વિવિધ રત્નોના રાશિથી ભરપૂર રત્નપુર નામે નગર છે. તે નગરમાં **ધનવસુ** અને **દત્ત** નામે બે પરસ્પર ગાઢ મૈત્રીથી શોભતા વણિક હતા. તેઓને ધનની આશા નિવૃત્ત થઇ નહોતી, ચાતક પક્ષીની જેમ અત્યંત તૃષ્ણાવાળા હતા; તેથી તે બંને સાથે નાના પ્રકારના કરિયાણાંનાં ગાડાં અને ગાડીઓ ભરી ગામ, આણ, નગર અને દ્રોણમુખ વિગેરેમાં દારિદ્રના જાણે માતાપિતા હોય તેમ વ્યાપારને માટે ફરતા હતા. તેઓ તર્ષ્યા, ભુખ્યા, થાકેલા, મંદ, શિથિલ, કૃશ અને ટાઢતડકા તથા વરસાદથી પીડિત એવા બલદોની ઉપર અતિ ભાર ભરી ચાબુક, લાકડીના ઘા કરી અને પુંછડા

મરડી પરમાધાર્મિકની પેઠે તેમને હાંકતા હતા. તીક્ષ્ણ આરોથી તેમના સૂઝી ગયેલા પૃષ્ઠ ભાગને વ્યથા કરતા હતા. નાસિકાનો પ્રથમનો વેધ જો તુટી જાય તો ફરીવાર નાસિકાને વીંધતા હતા. ઘણો કાળ થાય તો પણ શીઘ્રતાથી ધારેલે ઠેકાણે જવાની ઇચ્છાએ બલદને છોડતા નહોતા. વિલંબ થાય તેને નહીં સહન કરતા તેઓ ચાલતાં ચાલતાં ખાઇ લેતા હતા. હમેશાં કૂટ તોલ, કૂટ, માન, કૂટ નાણાં અને કૂટ અર્થવાળાં વચનોથી માણસોને મોહિત કરતા હતા. શિયાળની જેવા તે કપટી વણિક બધા જગતને ઠગતા, અને એક દ્રવ્યની અભિલાષાથી ઘણાઓની સાથે લડાઇ કરતા હતા. મિથ્યાત્વવડે જેમની બુદ્ધિ મોહિત થઈ છે અને જેઓ હમેશાં લોભથી ભરેલા છે એવા તે નિર્દય અને કઠોર પુરૂષો ધર્મની તો વાર્ત્તા પણ કરતા નહોતા. આવી રીતે આર્ત્તધ્યાનમાં પડેલા તેઓએ હાથીનું આયુષ્ય બાંધ્યું. **આર્તધ્યાનનું ફળ તિર્યંચ યોનિમાં જન્મ થવો તેજ છે.**

એક વખતે શ્રીનદી તીર્થમાં રાગદ્વેષને વશ થયેલા તેઓ પરસ્પર કલહ કરતાં કરતાં યુદ્ધ કરીને મૃત્યુ પામ્યા. ત્યાંથી મૃત્યુ પામી તેજ ઐરવત ક્ષેત્રમાં સુવર્ણકૂલા નદીને કાંઠે **તામ્રકલશ** અને **કાંચનકલશ** નામે બે હાથી થયા. અનુક્રમે યૌવનવયને પ્રાપ્ત થયેલા અને સાતે પ્રકારે મદને ઝરતા તે બંને ગજેંદ્ર કાંઠાનાં વૃક્ષોને ભાંગી નાખતા નદીતીરે વિહાર કરવા લાગ્યા. એક વખતે તે જુદા જુદા યૂથના યૂથપતિ હાથી ફરતાં ફરતાં બિંબ-પ્રતિબિંબની જેમ પરસ્પરને જોતાં જોતાં એકઠા થઈ ગયા. તે સમયે પૂર્વ જન્મના રોષથી દાવાનળવાળા બે પર્વતો હોય તેમ તેઓ વેગથી પરસ્પરનો વધ કરવાને દોડયા. ઘણીવાર સુધી દાંતે દાંતે અને શુંઢે શુંઢે યુદ્ધ કરી જન્માંતરમાં યુદ્ધ કરવા માટે હોય તેમ તે બંને એકી સાથે મૃત્યુ પામ્યા.

ત્યાંથી મરણ પામીને જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં અયોધ્યા નગરીને વિષે ઘણી મહિષી-રૂપ ધનવાળો **નંદિમિત્ર** નામે એક પુરૂષ હતો, તેના અતિપ્રિય એવા મહિષીના યૂથમાં તેઓ હાથીના બચ્ચાંની જેવા પુષ્ટ અંગવાળા બે ઉત્તમ મહિષ થયા. તે મહિષ તે નગરીના **શત્રુંજય** રાજાની **દેવાનંદા** રાણીના ઉદરમાં ઉત્પન્ન થયેલા **ધનસેન** અને **નંદિષેણ** નામના બે કુમારોના જોવામાં આવ્યા. એટલે તે અયોધ્યાના રાજકુમારોએ કૌતુકથી તે ગર્વિષ્ટ અને યમરાજના વાહન જેવા મહિષોને પરસ્પર બઝાડયા. ત્યાં ચિરકાળ યુદ્ધ કરી તેઓ મૃત્યુ પામીને તે નગરીમાં **કાળ** અને **મહાકાળ** નામે દઢ અંગવાળા મેંઢા થયા. દૈવયોગે એક ઠેકાણે મળવાથી તે પૂર્વના વૈરી ચિરકાળ યુદ્ધ કરી મૃત્યુ પામીને આ સમાન બળવાળા બે કૂકડા થયેલા છે. પૂર્વે પણ તેઓમાંથી કોઈ એકએકથી જીતાયો નથી, કારણ-કે તેઓ સમાન પરાક્રમી છે. તેવી રીતે હમણા પણ કોઈનાથી કોઇ જીતાશે નહીં." તે વખતે મેઘરથે કહ્યું—" આ કૂકડા કેવળ પૂર્વ વૈરવાળા છે, એટલું જ નહીં પણ તેઓ વિદ્યા-ધરોથી અધિષ્ઠિત છે, તેથી પરસ્પર આમ યુદ્ધ કરે છે." પછી રાજા ઘનરથે ભ્રકુટી નમાવીને તે કહેવાની પ્રેરણા કરી, એટલે મેઘરથે અંજલિ જોડી આ પ્રમાણે તે વૃત્તાંત કહી બતાવ્યું.

" આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વૈતાઢય પર્વતની ઉત્તર શ્રેણીમાં સ્વર્ણનાભ નામના નગરને વિષે ગરૂડની જેવા પરાક્રમવાળો **ગરૂડવેગ** નામે રાજા છે. તેને પાપ વિનાની **ધૃતિ-ષેણા** નામે રાણી છે. તેણે પોતાના ઉત્સંગમાં રહેલા સૂર્યચંદ્રના સ્વપ્નાએ સૂચિત **ચંદ્ર-તિલક** અને **સુરતિલક** નામના બે કુમારને જન્મ આપ્યો. યૌવનવયને પ્રાપ્ત થતાં તે કુમારો એક વખત મેરૂપર્વતના શિખર ઉપર શ્રીમાન શાશ્વત અર્હંતની પ્રતિમાને વંદન કરવા ગયા. ત્યાં જિનવંદન કરીને કૌતુકથી ફરતા હતા, તેવામાં સુવર્ણની શિલા ઉપર બેઠેલા

સાગરચંદ્ર નામે એક ચારણમુનિ તેમના જોવામાં આવ્યા. પ્રદક્ષિણાપૂર્વક તે મુનિને વંદના કરીને અંજલિ જોડી તેમની આગળ બેસીને તેઓ ધર્મદેશના સાંભળવા લાગ્યા. દેશનાને અંતે નમસ્કાર કરીને તેઓ બોલ્યા–"ભગવન્! સારે ભાગ્યે અજ્ઞાન રૂપ અંધકારવડે પીડિત એવા અમોને આપ દીપકની પેઠે પ્રાપ્ત થયા છો, માટે હે પ્રભુ! અમારા પૂર્વ ભવોનું સ્વરૂપ કહો. તમારા જેવા મહાત્માનું જ્ઞાન સૂર્યના ઉદયની જેમ પરોપકારને માટેજ છે." મુનિવર્ય બોલ્યા–"ધાતકીખંડ દ્વીપમાં પૂર્વે ઐરવત ક્ષેત્રને વિષે **વજ્રપુર** નામે નગર છે. તેમાં સર્વ જીવને અભય આપવાનો ઘોષ કરનાર **અભયઘોષ** નામે રાજા હતો. તેને **સુવર્ણતિલકા** નામે પ્રિયા હતી. તેનાથી **વિજય** અને **વૈજયંત** નામે બે પુત્રો થયા. તેઓ અનુક્રમે કલાકલાપ ભણીને યૌવનવયને પ્રાપ્ત થયા. તે અરસામાં તે જ ઐરવત ક્ષેત્રમાં સ્વર્ણદ્રુમ નામના નગરને વિષે શંખના જેવા ઉજ્જ્વળ ગુણવાળો **શંખ** નામે રાજા હતો. તેની **પૃથ્વી** નામે રાણીને ઉત્સંગમાં રહેલી પુષ્પમાલાના સ્વપ્નાએ સૂચવેલી **પૃથ્વીસેના** નામે એક પુત્રી થઇ. રૂપના ઉત્કર્ષને અને વિશેષ ચાતુર્યને પોષણ કરનાર યૌવન અને કલાકલાપ તેણે સંપાદન કર્યાં. 'આ પુત્રીને યોગ્યવર આ જ છે' એવું ચિંતવી શંખરાજાએ તે કન્યા અભયઘોષને આપી. રાજા અભયઘોષ તે નવોઢા પૃથ્વીસેનાની સાથે રમા સાથે વિષ્ણુની જેમ ક્રીડા કરવા લાગ્યો.

એક દિવસે વસંતઋતુમાં વસંતનાં પુષ્પોને ધારણ કરનારી કોઇ એક દાસી અભયઘોષની પાસે આવી. તેને જોઈ દેવી સુવર્ણતિલકાએ રાજાને કહ્યું 'સ્વામી! વસંતઋતુએ આપણા ષડૃઋતુક નામના ઉદ્યાનને મંડિત કર્યું છે; માટે હે પ્રાણવલ્લભ! એ નવીન વસંતલક્ષ્મીનો અનુભવ કરવાને આપણે ઉચિત પરિવાર લઈ તે ઉદ્યાનમાં જઇએ.' તે સમયે હાથમાં કોટી મૂલ્યવાળા યુક્તિનાં પુષ્પો લઇ પૃથ્વીસેના રાજા પાસે આવી. તે જોઇ રાજાએ પ્રફુલ્લિત નેત્રે તેની માગણી કરી. પછી ઉચિત પરિવાર લઈ ઉદ્યાનમાં ગયો, અને ત્યાં અનેક પ્રકારની ક્રીડા કરી. પછી દેવી પૃથ્વીસેના રાજાની આજ્ઞા લઇ આમતેમ ફરતી હતી, તેવામાં એક તરફ **દંતમંથન** નામે એક વિશિષ્ટ જ્ઞાની મુનિ તેના જોવામાં આવ્યા. ભક્તિએ ભરપૂર અને હર્ષિત થઈને તેણે મુનિને વંદના કરી. ત્યાં સંસાર પર નિર્વેદ ઉત્પન્ન કરે તેવી મુનિ પાસે દેશના સાંભળી. તે સાંભળતાં જ તેણે તત્કાળ ભવથી ભય પામી રાજાની આજ્ઞા લઈ તે દંતમંથન મુનિની પાસે દીક્ષા ગ્રહણ કરી. દેવી પૃથ્વીસેનાનું અદ્ભુત ચરિત્ર વખાણતો રાજા અભયઘોષ પોતાને ઘેર ગયો.

એક વખતે તે રાજા અભયઘોષ પોતાના મંદિરની અગાશી ઉપર વિશ્રામ લેતો **સૂર્યની જેમ** રત્નસિંહાસન પર બેઠો હતો, તેવામાં તીર્થંકરના લિંગને ધરનારા અને છદ્મસ્થપણે વિચરતા **શ્રી અનંત** નામે અર્હંત પોતાના દ્વારદેશમાં પ્રવેશ કરતાં તેના જોવામાં આવ્યા. તત્કાળ રાજા સંભ્રમથી ઉભો થયો અને ઉચિત આહાર લઇ ભગવંતની પાસે આવી નમસ્કાર કર્યો. ભગવંતે તેની આપેલી ભિક્ષાથી ત્યાં જ પારણું કર્યું. દેવતાઓએ અભયઘોષના મંદિરમાં વસુધારાદિ પાંચ દિવ્ય પ્રગટ કર્યાં. પારણું કર્યા પછી પ્રભુએ અન્યત્ર વિહાર કર્યો. **છદ્મસ્થ પ્રભુ બીજા મુનિની જેમ કોઈ ઠેકાણે સ્થિર રહેતા નથી.** ત્યાર પછી જેને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે એવા તે અનંતપ્રભુ વિહાર કરતાં કરતાં તે વજ્રપુર નગરે આવીને સમોસર્યા. તે ખબર જાણી રાજા અભયઘોષે ત્યાં આવી ભક્તિથી ત્રણ પ્રદક્ષિણા દઈને વંદના કરી, અને સંસારને છેદનારી ધર્મદેશના સાંભળી.

દેશનાને અંતે રાજાએ પ્રણામ કરીને કહ્યું કે "ભવી પ્રાણીઓના પુણ્યથીજ કલ્પવૃક્ષની જેમ તમે અહીં પધાર્યા છો. હે સ્વામી! આ તમારી પ્રવૃત્તિ પરના ઉપકારને માટે જ છે, માટે હું તમને વિજ્ઞપ્તિ કરૂં છું કે હે વિશ્વપૂજ્ય કરૂણાનિધિ! જ્યાં સુધીમાં મારા પુત્ર ઉપર સર્વ પૃથ્વીનો ભાર મૂકી તમારા ચરણકમલમાં દીક્ષા લેવાને હું પાછો આવું ત્યાં સુધી અહીં બીરાજશો." 'ધર્મકાર્યમાં પ્રમાદી થવું નહી' એમ પ્રભુએ કહ્યું એટલે રાજા અભયઘોષે ઘેર આવી પોતાના બંને પુત્રોને જુદું જુદું કહ્યું–"હે વત્સ વિજય! આ ક્રમાગત રાજ્યને તું ગ્રહણ કર; અને હે વત્સ વૈજયંત! તું વિજયનું યૌવરાજ્ય સ્વીકાર. હું શ્રી અનંતનાથ પ્રભુની પાસે દીક્ષા લઇશ કે જેથી મારે ફરીવાર આ અતિગહન સંસારમાં આવવું પડે નહીં." પુત્રો બોલ્યા–"પૂજ્ય પિતા! જેમ તમે આ સંસારથી ભય પામ્યા છો, તેમ અમે પણ તમારા પુત્રો આ સંસારથી ભય પામ્યા છીએ; માટે અમો પણ દીક્ષા ગ્રહણ કરશું, કારણકે દીક્ષા લેવાથી આ લોકમાં તમારી સેવા અને પરલોકમાં મોક્ષપ્રાપ્તિ એ બે ફળ અમોને પ્રાપ્ત થશે." 'પુત્રો! તમને શાબાશ છે' એમ બોલતા રાજાએ મોટી ઉદારતાથી પોતાનું વિસ્તારવાળું રાજ્ય કોઇ બીજાને આપી દીધું, અને પોતાના બંને પુત્રોને સાથે લઈ પોતે શ્રી અનંતનાથ પ્રભુની પાસે ગયા. ત્યાં સર્વ સંઘની સમક્ષ તેમણે દીક્ષા ગ્રહણ કરી. તે ત્રણે રાજમુનિઓમાં અભયઘોષે અતિઉગ્ર તપ કરી વીશ સ્થાનકને આરાધી તીર્થંકરનામગોત્ર ઉપાર્જન કર્યું. આયુ પૂર્ણ થતાં તે ત્રણે કાળ કરી અચ્યુતદેવલોકે બાવીશ સાગરોપમના આયુષ્યવાળા દેવતા થયા.

આ જંબૂદ્વીપના પૂર્વ મહાવિદેહના આભૂષણ જેવા પુષ્કલાવતી નામના વિજયમાં પુંડરીકિણી નામે નગરી છે. તે નગરીમાં હેમાંગદ નામે રાજા છે. ઇંદ્રની જેમ તેને **વજ્રમાલિની** નામે પ્રિયા છે. અચ્યુત દેવલોકમાંથી ચવી અભયઘોષનો જીવ તે વજ્રમાલિનીના ઉદરમાં અવતર્યો. સમય આવતાં વજ્રમાલિનીએ ચૌદ મહાસ્વપ્નોએ જેનો તીર્થંકરમહિમા સૂચવ્યો છે એવા એક પુત્રને જન્મ આપ્યો. ઇંદ્રાદિકે આવી તેમનો જન્માભિષેક કર્યો. પિતાએ **ઘનરથ** નામ પાડયું. તે ઘનરથ તીર્થંકર થઈ અદ્યાપિ ગૃહવાસમાં રહી પૃથ્વીને પાવન કરે છે. તમે વિજય અને વૈજયંતના જીવ દેવલોકથી ચવીને ચંદ્રતિલક અને સૂર્યતિલક નામે વિદ્યાધર થયા છો. આ પ્રમાણે પોતાના પૂર્વ ભવને સાંભળી તેઓ ઘણા પ્રસન્ન થયા. પછી તે મુનિને નમસ્કાર કરી પોતાના પૂર્વ જન્મના પિતા જે તમો તેને જોવાને તેઓ ભક્તિથી અહીં આવેલા છે. હે સ્વામી! તેમણે કૌતુકથી આ કુકડામાં પ્રવેશ કરીને તેનું યુદ્ધ કરાવ્યું છે, તે તમારા દર્શનના ઉપાય રૂપ છે. અહીંથી તેઓ **ભોગવર્દ્ધન** નામે ગુરૂની પાસે જઇ દીક્ષા લઈ કર્મનો ક્ષય કરીને મોક્ષપદને પામશે." આ પ્રમાણેનો વૃત્તાંત સાંભળી પૂર્વની જેમ પોતાને પુત્રપણે માનનારા તેઓ પ્રગટ થઈ ઘનરથ રાજાને નમી પોતાના ઘર તરફ ગયા.

આ સર્વ વૃત્તાંત સાંભળી તે કુકડાઓ જાતિસ્મરણ પામવાથી વિચાર કરવા લાગ્યા કે "અહો! આ સંસાર આવા કલેશોનું કારણ છે. પૂર્વ જન્મમાં વણિક થઈને આપણે કાંઇ પણ ઉપાર્જન કર્યું નહીં. બીજું તો દૂર રહ્યું, પણ જે મનુષ્યજન્મ પુનઃ મળવો અતિ દુર્લભ છે તે આપણે નિષ્ફળ ખોઈ નાંખ્યો. અહા! તે જન્મમાં લુબ્ધકની[1] જેવા લુબ્ધ થઇ અનેક ઉપાયોથી આપણે ઘણા પ્રાણીઓને છેતર્યા. ચિરકાળ અસંતોષી થઇ ખોટા માન અને ખોટા તોલ વિગેરેથી લોકોને ઠગી છેવટે માંહોમાંહી કલહ કરનારા આ પણને ધિક્કાર

૧ જાળ નાખનાર–પાસ પાથરી પશુ પક્ષીઓને પકડનાર.

છે! તેને પરિણામે આર્ત્ત ધ્યાનમાં પડેલા આપણે એક બીજાને પરસ્પર હણી મૃત્યુ પામ્યા અને અનેકવાર તિર્યંચયોનિમાં ઉત્પન્ન થઈને પાપનું ફલ પ્રાપ્ત કર્યું.” આ પ્રમાણે વિચારી રાજાને પ્રણામ કરી તેઓ પોતાની ભાષામાં બોલ્યા–‘હે દેવ! આજ્ઞા કરો. અમે હવે અમારા આત્માનું હિત શી રીતે કરીએ? ઘનરથ રાજાએ અવધિજ્ઞાનથી જાણીને કહ્યું –‘તમોને અર્હંતદેવ, સાધુ ગુરૂ અને જીવ દયારૂપ ધર્મનું શરણ થાઓ. ઘનરથનું એ વચન સ્વીકારી તે બને કુકડા તરતજ અણશણ અંગીકાર કરી મૃત્યુ પામ્યા. ત્યાંથી મૃત્યુ પામીને તેઓ ભૂતરત્ના નામે મોટી અટવીમાં **તામ્રચૂલ** અને **સ્વર્ણચૂલ** નામે બે મહર્દ્ધિક ભૂતનાયક દેવ થયા. પછી અવધિજ્ઞાનથી પૂર્વ જન્મને જાણી વિમાન વિકુર્વીને તેઓ પોતાના પૂર્વજન્મના ઉપકારી મેઘરથની પાસે આવ્યા, અને ભક્તિથી મેઘરથને પ્રણામ કરી તેઓ બોલ્યા–“હે સ્વામી! તમારા પ્રસાદથી અમે હાલ વ્યંતરેશ્વર થયા છીએ. અમે અમારા કરેલાં પાપકર્મથી મનુષ્યમાંથી હાથી, મહિષ, મેંઢા અને પછી કુકડા એવી રીતે ઉત્પન્ન થઇ હાલ પાછા ઉત્કૃષ્ટ જન્મવાળા થયા છીએ. હે નાથ! જો તમે કુકડાના જન્મમાં શરણરૂપ ન થયા હોત તો પ્રતિદિન અસંખ્ય કીડાનું ભોજન કરનારા અમે કેવીએ ગતિમાં જાત! માટે હવે પ્રસન્ન થાઓ, અમારી ઉપર અનુગ્રહ કરો, અને જોકે તમે જ્ઞાનથી પૂર્વે જાણ્યું છે તથાપિ આ વિમાનપર આરૂઢ થઇ બધી પૃથ્વીનું અવલોકન કરો.” આવી તેમણે પ્રાર્થના કરી, એટલે દાક્ષિણ્યતાના ક્ષીરસાગર જેવા મેઘરથ પરિવાર સહિત તેના વિમાનમાં આરૂઢ થયા. વિમાન આકાશમાર્ગે મનની જેવા વેગથી ચાલવા લાગ્યું. તે વખતે તેઓ પૃથ્વીપર જે જે દર્શનીય વસ્તુ આવે તે તે આંગળીથી બતાવી કહેવા લાગ્યા–‘જુઓ, આ પોતાની વૈડુર્ય મણિમય પ્રભાથી દિશાઓના મુખને દૂર્વાંકુરિત કરતી જણાય છે તે ચાલીશ યોજન ઉંચી મેરુગિરિની ચૂલિકા છે. તેની ચારે દિશાઓમાં જે આ અર્ધચંદ્રકાર શિલાઓ છે તે અર્હંતના જન્માભિષેકજલથી પવિત્ર અને સિંહાસનથી અંકિત થયેલી છે. આ શાશ્વત અર્હંતનાં ઉંચાં ચૈત્યો છે અને તેમાં રહેલા અર્હંતબિંબના પૂજનમાં જેનાં પુષ્પ કૃતાર્થ થાય છે તે આ પાંડક નામે વન છે. આ છ વર્ષધર પર્વતો છે. તેની ઉપર આ છ પવિત્ર જળવાળા દ્રહો છે; જેમાંથી નીકળેલી પૃથ્વીતળના સેંથા જેવી આ ચૌદ મહા નદીઓ છે. વિદ્યાધરોની સમૃદ્ધિવડે ભરપૂર અને પોતપોતાના ક્ષેત્રાર્ધની મર્યાદાની શિલાભીંત જેવા આ વૈતાઢ્ય પર્વતો છે. તેઓના કુટ ઉપર શાશ્વત પ્રભુની પ્રતિમા સહિત આ સિદ્ધચૈત્યા છે. ઉંચા જાલકટક વડે શોભતી અને વિદ્યાધરોની વિલાસભૂમિ આ જંબૂદ્વીપની વલયાકારે રહેલી જગતી[1] છે. મધર અને જુડ વિગેરે જળચર જીવોનું મોટું નિવાસસ્થાન આ લવણોદધિ છે. કાલા સમુદ્રથી વીંટાયેલો આ ધાતકીખંડ નામે દ્વીપ છે. તેમાં અર્હંતના સ્નાત્રની શિલાઓથી અંકિત આ બે ક્ષુદ્ર મેરૂગિરિ[2] છે. શાશ્વત અર્હંત વડે પવિત્ર આ ઇષ્વાકાર[3] નામે બે પર્વતો છે. ધાતકીખંડના જેવો આ અર્ધ પુષ્કર દ્વીપ છે. ત્યાર પછી માનુષોત્તર પર્વત છે. તેનાથી આગળ મનુષ્યભૂમિ નથી.” આ પ્રમાણે આખ્યાન પૂર્વક પૃથ્વીને બતાવીને તેઓ મેઘરથને પાછા પુંડરીકિણી નગરીમાં લાવ્યા. પછી તેમને રાજમંદિરમાં મૂકી, પ્રણામપૂર્વક રત્નવૃષ્ટિ કરીને તેઓ પોતાને સ્થાનકે ગયા. અન્યદા લોકાંતિક દેવતાઓએ આવી ઘનરથ રાજાને કહ્યું કે ‘હે સ્વામી! તીર્થ પ્રવર્ત્તાવો.’ તે સાંભળતાંજ સ્વયંબુદ્ધ છતાં તેઓ

---

૧ કોટ. ૨ જંબૂદ્વીપમાં રહેલા લાખ યોજન ઉંચા મોટા મેરુની અપેક્ષાએ આ ૮૪૦૦૦ યોજન ઉંચા હોવાથી નાના મેરુ કહેવાય છે. ૩ અર્ધ અર્ધ ધાતકીખંડ રૂપ ધનુષ્યની મધ્યમાં તેટલા જ લાંબા બાણને આકારે હોવાથી ઇષ્વાકર કહેવાય છે.

બોધ પામ્યા, એટલે રાજ્ય ઉપર મેઘરથને અને યૌવરાજ્ય ઉપર દૃઢરથને બેસાડી વાર્ષિક દાન આપી તરતજ તેમણે દીક્ષા ગ્રહણ કરી. થોડા કાળમાં તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ભવિ પ્રાણીઓને બોધ કરતા ઘનરથ તીર્થંકર અનુક્રમે પૃથ્વીપર વિહાર કરી આઠ કર્મોનો ક્ષય કરીને મોક્ષે જશે.[૧]

નિરંતર અનેક રાજાઓના મુગટો વડે જેના ચરણકમલની પીઠ ઘસાયા કરે છે એવો મેઘરથ રાજા દૃઢરથ સાથે પૃથ્વીપર રાજ્ય કરવા લાગ્યો. એક વખતે પૌરજનના આગ્રહથી રાજા મેઘરથ ક્રીડા કરવાની ઈચ્છાએ દેવરમણ નામના ઉદ્યાનમાં ગયા. ત્યાં એક અશોકવૃક્ષની નીચે પોતાની પ્રિયામિત્રા પ્રિયા સહિત બેસીને તેમણે મધુર સંગીત કરાવવાનો આરંભ કર્યો. તે સમયે તેમની આગળ હજારો ભૂત અપૂર્વ સંગીત કરવાની ઈચ્છાથી પ્રગટ થયા. કોઇ વિશાળ ઉદરવડે લંબોદર (ગણેશ) જેવા લાગતા હતા, કોઇ કૃશ ઉદરથી જાણે પાતાળને ધારણ કરતા હોય તેવા દેખાતા હતા, કોઇ લાંબા અને કઠોર ચરણથી તાડ પર ચડયા હોય તેવા લાગતા હતા, અને કોઇ લાંબી ભુજાઓથી અજગર સહિત વૃક્ષ જેવા જણાતા હતા; કોઇએ સર્પનાં આભૂષણ પહેર્યાં હતાં, કોઇએ નોળનાં ઘરેણાં ધર્યાં હતાં, કોઇએ ચિત્તાનાં ચર્મ ઓઢયાં હતાં, કોઇએ વ્યાઘ્રચર્મનાં વસ્ત્ર ધર્યાં હતાં, કોઇએ અંગરાગ લગાવ્યો હતો, કોઇએ રુધિરના વિલેપન કર્યાં હતાં, કોઇએ ઘુવડનાં કર્ણાભરણ પહેર્યાં હતાં, અને કોઇએ ગીધના મુગટ ધર્યા હતા, કોઇએ ઉંદરની માળા, કોઇએ કાકીડાની માળા અને કોઇએ મુંડમાળા પહેરી હતી, કોઇએ હાથમાં ખોપરીઓ રાખી હતી, કોઈ અટ્ટહાસ્ય કરતા હતા, કોઈ કોલાહલ કરતા હતા, કોઈ ઘોડાના જેવા અવાજ કરતા હતા, કોઈ હાથીના જેવી ગર્જના કરતા હતા, કોઈ ભુજાના આસ્ફોટ કરતા હતા, કોઈ તાલ આપતા હતા, કોઈ મુખવાદ્ય વગાડતા હતા, અને કોઈ કક્ષા વગાડતા હતા. આ પ્રમાણે સર્વ ભૂત એકઠાં મળી જાણે પૃથ્વીને ફાડતા હોય અને આકાશને તોડતા હોય તેમ મોટા આડંબરથી પ્રચંડ તાંડવ કરવા લાગ્યા. એવી રીતે રાજાને સંતોષ આપવા તેઓ તાંડવ કરતા હતા, તેવામાં આકાશમાં એક ઉત્તમ વિમાન પ્રગટ થયું. તેમાં રતિ સાથે કામદેવ હોય તેવો સુંદર આકૃતિવાળો પુરૂષ એક યુવતીની સાથે રહેલો જોવામાં આવ્યો. તેને જોઈ પ્રિયમિત્રા દેવીએ રાજાને પૂછયું-'પ્રભો ! આ પુરૂષ અને આ સ્ત્રી કોણ છે અને અહીં તે શામાટે આવેલ છે ?' મેઘરથે કહ્યું-' આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રને વિષે વૈતાઢય પર્વતની ઉત્તર શ્રેણીમાં **અલકા** નામે ઉત્તમ નગરી છે, ત્યાં વિદ્યુદ્રથ નામે વિદ્યાધરોનો રાજા છે. તેને **માનસવેગા** નામે પ્રિયંવદા દેવી છે. સિંહના સ્વપ્નના સ્વપ્નથી સૂચિત **સિંહરથ** નામે તેને એક પરાક્રમવડે પ્રફુલ્લિત ભુજવૃક્ષવાળો પુત્ર થયો; અને તે રોહિણીને ચંદ્રની જેમ ઉત્કૃષ્ટ કુલમાં જન્મેલી સ્વાનુરૂપા **વેગવતી** નામે એક કન્યાને પરણ્યો. રાજા વિદ્યુદ્રથે તેને યુવરાજપદ આપ્યું. ' જ્યારે પુત્ર કવચધારી થાય ત્યારે રાજાઓને તેમ કરવું ઉચિત છે.' રાજા સિંહરથ લીલોદ્યાન અને ક્રીડાવાપી વિગેરે સ્થાનોમાં લલનાને સાથે રાખી વનમાં સિંહની જેમ સ્વેચ્છાએ સુખે રમવા લાગ્યો.

એકદા વિદ્યુદ્રથ રાજા સંસારમાં સર્વ પદાર્થ વિદ્યુતની જેવા ચલિત ધારી પરમ વૈરાગ્યને પ્રાપ્ત થયો. તેથી તરતજ સિંહરથને રાજ્યે બેસાડી તેમણે ગુરૂની પાસે જઈ 'સર્વ સાવદ્ય વિરતિ' ગ્રહણ કરી. અનુક્રમે અતિ સંવેગને પામી સંયમ, નિયમ અને ધ્યાનવડે

૧ આની પછીની હકીકત તેમના મોક્ષે પધાર્યા અગાઉની છે.

અષ્ટ કર્મનો ક્ષય કરી તે મોક્ષે ગયા. સૂર્યની જેવા પ્રતાપી રાજા સિંહરથે અતિ મુશ્કેલીથી મળે તેવું વિદ્યાધરોનું ચક્રવર્ત્તીપણું પ્રાપ્ત કર્યું. એક વખતે રાત્રિમાં યોગીની જેમ નિદ્રા રહિત થઈ સિંહરથ વિચાર કરવા લાગ્યો–" અહા ! અરણ્યમાં માલતીના પુષ્પની જેમ મેં મારો જન્મ ફોગટ ગુમાવ્યો. કેવળજ્ઞાનધારી અને સંસારસાગરથી તારવામાં વહાણ જેવા સમોસરેલા અર્હંત પ્રભુઓના મેં દર્શન કર્યા નહીં અને તેમની પૂજા પણ કરી નહીં. હવે સાક્ષાત શ્રી જિનેશ્વરને જોઈ મારા આત્માને પવિત્ર કરૂં. એકવાર પણ થયેલું તેમનું દર્શન સારા સ્વપ્નની જેમ ઇચ્છિત મનોરથને આપે છે." આ પ્રમાણે વિચારી સિંહરથ રાજા પત્ની સહિત ધાતકીખંડ દ્વીપના પશ્ચિમ વિદેહમાં સીતા નદીના ઉત્તર તીરે આવેલા **સૂત્ર** નામના વિજયમાં ખડ્ગપુર નામના નગરે ગયો. ત્યાં **શ્રી અમિતવાહન** તીર્થંકરના દર્શન કર્યાં. ભગવંતને પ્રણામ કરી રાજાએ સંસારસાગરમાં નાવિકા જેવી ધર્મદેશના સાંભળી. દુઃખરૂપ અગ્નિમાં જલના છંટકાવ જેવી તે દેશના સાંભળી અર્હંત પ્રભુને નમી તે પાછો પોતાની નગરી તરફ વળ્યો. તે સમયે ઘાટા બરૂના વૃક્ષવડે જેનો ભાગ વ્યાપ્ત છે એવા સમુદ્રમાં વહાણની જેમ અહીં ઉર્ધ્વ ભાગે જતાં તેની ગતિ સ્ખલિત થઇ ગઇ. 'આ મારી ગતિ કોણે સ્ખલિત કરી' એ જાણવાને તેણે નીચી દૃષ્ટિ કરી, તેવામાં અહીં રહેલો હું તેના જોવામાં આવ્યો. એટલે તે ક્ષેપથી મને ઉપાડીને ઉડાડનાર મારી પાસે આવ્યો. એટલે મેં મારા ડાબા હાથથી તેના ડાબા હાથપર આક્રમણ કર્યું. તેથી સિંહે આક્રાંત કરેલા હાથીની જેમ તે અતિ વિરસ પોકાર કરવા લાગ્યો. પોતાના પોતાને કષ્ટમાં દેખીને તેની ભાર્યા પરિવાર સહિત મારે શરણે આવી, એટલે મેં તેને છોડી મૂકયો. મેં છોડયા પછી તે આવા વિવિધરૂપ વિકુર્વી મારી પાસે સંગીત કરવા લાગ્યો." બાદ પ્રિયમિત્રાએ ફરીવાર પૂછયું–'પ્રિય ! પૂર્વ ભવમાં એણે શું શુભ કર્મ કર્યું છે, જેથી તેને આવી મોટી સમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે ?' મેઘરથ બોલ્યા–"હે પુષ્કરાર્ધ દ્વીપમાં પૂર્વ ભરતક્ષેત્ર વિષે સંઘપુર નામે એક મોટું નગર છે. તે નગરમાં **રાજ્યગુપ્ત** નામે એક ગરિબ કુલપુત્ર રહેતો હતો, તે પારકાં કામ કરીને પોતાનો ભોજનનિર્વાહ ચલાવતો હતો. તેને **શંખિકા** નામે એક અનુરાગી અને પતિભક્તા સ્ત્રી હતી, બંને દંપતી હમેશાં પારકા ઘરનાં કામ કરતાં હતાં. એક દિવસે તે સ્ત્રીપુરૂષ એકઠાં મળીને ફળ લેવાને માટે વિવિધ વૃક્ષોથી આકુલ **સંઘગિરિ** નામના મોટા પર્વતપર ગયાં. ત્યાં પક્વ ફલને માટે તેઓ ફરતાં હતાં, તેવામા **સર્વગુપ્ત** નામે એક મહામુનિને દેશના આપતાં તેમણે જોયાં. વિદ્યાધરોની સભા વચ્ચે બેઠેલા તે મહાત્માની પાસે આવી તેઓ ભક્તિથી નમસ્કાર કરીને બેઠા. મુનીશ્વરે તેમને વિશેષ ધર્મદેશના આપી. **દુઃખીની ઉપર મહાન પુરુષોનું અધિક વાત્સલ્ય હોય છે.** દેશનાને અંતે તેઓ બોલ્યા–'હે પ્રભુ ! અમે પાપી છીએ તે છતાં અમારૂં કોઇક પૂર્વ પુણ્ય હશે, કે જેથી અમને તમારૂં દર્શન થયું. હે જગત્પૂજ્ય ! તમે સર્વ વિશ્વના હિતકારી છો, તથાપિ પીડાને લીધે અમે તમારી પ્રાર્થના કરીએ છીએ કે અમારા ઉદ્ધારને માટે કાંઇપણ તપ બતાવો.' તેમની યોગ્યતા જોઇ મહામુનિ સર્વગુપ્તે ' બત્રીશ કલ્યાણક ' નામે એક તપ તેમને બતાવ્યો. તેનો અંગીકાર કરી તેઓ પોતાને ઘરે આવ્યા અને બત્રીશ દિવસે બત્રીશ ઉપવાસ કરવા વડે તે તપ કર્યો. પારણાને સમયે દ્વાર ઉપર દૃષ્ટિ કરીને કોઇ અતિથમુનિની શોધ કરવા માંડી. તેવામાં **ધૃતિધર** નામે એક સાધુને પોતાના ઘરમાં પ્રવેશ કરતાં જોયા. તેમને બંને જણે ભક્તિથી ભાતપાણીવડે પ્રતિલાભિત કર્યા. અન્યદા પેલા **સર્વગુપ્ત** મુનિ વિહાર કરતાં કરતાં પુનઃ ત્યાં આવી ચડયા. એટલે તેઓ તેમની પાસે આવી ધર્મ સાંભળવા લાગ્યા. દેશનાને પ્રાંતે એ વિવેકપરાયણ સ્ત્રીભર્ત્તારે માનુષ જન્મરૂપ વૃક્ષના ફલરૂપ દીક્ષા ગ્રહણ કરી. પછી રાજ-

ગુપ્તમુનિએ ગુરુની આજ્ઞાથી આચામ્લવર્દ્ધમાન[૧] નામે દુસ્તપ કરવા માંડયો. છેવટે અનશન કરી ચાર શરણનો આશ્રય લઇ મૃત્યુ પામીને બ્રહ્મદેવલોકમાં દશ સાગરોપમને આયુષે દેવતા થયા. ત્યાંથી ચવીને વિદ્યુદ્રથ રાજાનો પુત્ર વિદ્યાધરપતિ આ સિંહરથ થયેલ છે. જે તેની સ્ત્રી શંખિકા હતી, તે પણ વિવિધ તપસ્યા કરીને બ્રહ્મલોકમાં દેવતા થઇ હતી, ત્યાંથી ચવી અહીં તેની પત્ની થયેલી છે. હવે અહીંથી પોતાને નગરે જઇ પુત્રને રાજ્ય સોંપી તે સદ્બુદ્ધિમાન પુરુષ મારા પિતાની પાસે દીક્ષા ગ્રહણ કરશે; અને તપ ધ્યાનાદિકથી આઠ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સિદ્ધિપદને પામશે." આવાં તેમનાં વચન સાંભળી મેઘરથને ભકિતથી નમસ્કાર કરી રાજા સિંહરથ પોતાને નગરે ગયો અને પુત્રને રાજ્ય સોંપી મનને દમનાર તે સિંહરથ રાજા શ્રી ઘનરથ સ્વામીની પાસે જઈ, વ્રત લઇ, તપસ્યા કરીને સિદ્ધિપદને પ્રાપ્ત થયા. રાજા મેઘરથે પરિવાર સહિત દેવરમણ ઉદ્યાનમાંથી પાછા આવી પુંડરીકિણી નગરીમાં પ્રવેશ કર્યો.

એક વખતે વિદ્વાનોમાં મુખ્ય એવા મેઘરથે પૌષધાગારમાં પૌષધ અંગીકાર કરી શ્રી-ભગવંતભાષિત ધર્મનું વ્યાખ્યાન કરવા માંડયું. તે વખતે ભયથી કંપતું અને મરણોન્મુખ હોય તેમ દીન દૃષ્ટિ ફેરવતું એક પારાવત[૨] પક્ષી તેના ઉત્સંગમાં આવીને પડયું, તેણે માનુષી ભાષામાં અભયની યાચના કરી, એટલે રાજાએ કહ્યું કે 'ભય પામીશ નહીં, ભય પામીશ નહીં.' એવા આશ્વાસનથી તે પક્ષી પિતાના ઉત્સંગમાં બાળકની જેમ એ કારુણ્ય-સાગર રાજાના ઉત્સંગમાં સ્વસ્થ થઇને બેઠું. થોડી વારે 'હે રાજા ! એ મારું ભક્ષ્ય છે, માટે સત્વર તેને છોડી દો;' આ પ્રમાણે કહેતું એક બાજ પક્ષી સર્પની પાછળ ગરૂડની જેમ તેની પાછળ આવ્યું. રાજાએ બાજ પક્ષીને કહ્યું-" તને આ પક્ષી હું આપીશ નહીં, કારણ કે શરણાર્થીને સોંપી દેવો તે ક્ષત્રિયોનો ધર્મ નથી. વળી અરે પક્ષી ! તારા જેવા બુદ્ધિમાનને બીજાના પ્રાણથી પોતાના પ્રાણનું પોષણ કરવું તે પણ ઉચિત નથી. તારા શરીર ઉપરથી એક પીછું ઉખેડીએ તો તેથી તને જેવી પીડા થાય તેવી પીડા બીજાને પણ થાય છે; તો મારી નાંખવાથી તો કેટલી પીડા થાય તેનો તું વિચાર કર. વળી આ પક્ષીના ભક્ષણથી તને તો માત્ર ક્ષણવાર તૃપ્તિ થશે અને આ બીચારા પક્ષીના તો આખા જન્મને વિનાશ થઇ જશે. પંચેંદ્રિય પ્રાણીઓનો વધ કરવાથી અને તેના માસનું ભક્ષણ કરવાથી પ્રાણીઓ નરકે જાય છે, અને ત્યાં દુઃસહ પીડા ભોગવે છે. જે પરલોકમાં અનંત દુઃખને માટે અને આલોકમાં માત્ર ક્ષણવાર સુખને માટે થાય તેવી પ્રાણીની હિંસા કયો વિવેકી પુરુષ ક્ષુધાતુર હોય તોપણ કરે ? બીજા ભોજનથી પણ ક્ષુધા તો શાંત થાય છે. જે પિત્તાગ્નિ સાકરથી શમે છે તે દુધથી કેમ શાંત ન થાય ! વળી જીવહિંસાથી પ્રાપ્ત થયેલી નરકની વ્યથા સહન કર્યા વગર કોઇ પણ પ્રકારે શાંત થતી નથી. માટે હે પક્ષી ! તું પ્રાણીવધ છોડી દે અને ધર્મનું આચરણ કર; જેથી ભવેભવ સુખ પામીશ, આ વિષે તું સ્વયમેવ વિચાર કર." એટલે બાજપક્ષી મનુષ્યભાષાથી રાજા પ્રત્યે બોલ્યો-"હે રાજા ! આ કપોત મારા ભયથી તમારે શરણે આવ્યો છે, તેમ હું પણ ક્ષુધાથી પીડિત છું, તો કોને શરણે જાઉં તે કહો. કરૂણાધનવાળા મહા-પુરૂષો સર્વને અનુકૂળ હોય છે. હે નૃપતિ ! જેવી રીતે આ પારાવતનું રક્ષણ કરો છો તેવી રીતે મારું પણ રક્ષણ કરો; ક્ષુધાથી પીડિત એવા મારા આ પ્રાણ ચાલ્યા જાય છે. જ્યારે પ્રાણી સ્વસ્થ હોય ત્યારેજ ધર્માધર્મનો વિચાર કરે છે. ધર્મપ્રિય પુરુષ પણ ક્ષુધાતુર થાય ત્યારે

---

૧ એક આંબેલ ને એક ઉપવાસથી અનુક્રમે ૧૦૦ આંબેલ ને એક ઉપવાસ કરવો તેનું નામ આયંબીલ વર્દ્ધમાન તપ કહેવાય છે. ૨ પારેવું.

શું પાપ નથી કરતો ? માટે હવે ધર્મની વાર્ત્તાથી સર્યું. મારા ભક્ષ્યરૂપ આ પક્ષીજ મને આપો. એકને મારવો અને એકને બચાવવો, એ કેવો ધર્મ કહેવાય ! હે મહીપાળ ! પોતાની જાતે મારેલા પ્રાણીના તાજા માંસથીજ મારી તૃપ્તિ થાય છે, બીજા ભોજનથી થતી નથી. હું માંસનોજ ખાનારો છું.” ત્યારે મેઘરથ રાજા બોલ્યા–‘ અરે પક્ષી ! સાવધાન થા, મૃત્યુ પામીશ નહીં. આ કપોતની સાથે તોળીને હું મારા દેહનું તાજું માંસ તને આપું છું.’ બાજ પક્ષીએ તેમ કરવા કબુલ કર્યું. એટલે રાજાએ તાજવું મંગાવી એક તરફ કપોતને અને બીજી તરફ પોતાનું માંસ છેદી છેદીને મૂકવા માંડયું. જેમ માંસને ઉતરડી ઉતરડીને રાજા મૂકવા લાગ્યા તેમ તેમ કપોત ભારમાં વધવા લાગ્યો. કપોતને ભારમાં વધતો જોઇ અતુલ સાહસવાળો રાજા પોતાનું બધું શરીર લઇને ત્રાજવામાં બેઠો. જ્યારે રાજા તુલાપર અધિરૂઢ થયા ત્યારે તે જોઈને સર્વ પરિવાર હાહાકાર શબ્દથી આકુલવ્યાકુલ થઈ સંશયરૂપ તુલાપર આરૂઢ થઇ ગયો. સામંત, અમાત્ય અને મિત્રા રાજા પાસે આવીને કહેવા લાગ્યા –“ અરે પ્રભુ ! અમારા અભાગ્યે તમે આ શું આરંભ્યું છે ? આ શરીરવડે તમારે બધી પૃથ્વીનું રક્ષણ કરવું જોઈએ તો માત્ર આ એક પક્ષીના રક્ષણને માટે શરીરનો કેમ ત્યાગ કરો છો ? અથવા આ પક્ષી કોઇ માયાવી દેવ કે દાનવ હોવો જોઇએ; કારણકે સામાન્ય પક્ષીમાં આટલો બધો ભાર સંભવે નહીં.” આ પ્રમાણે તેઓ કહેતા હતા, તેવામાં મુગટ કુંડલ અને માળાને ધારણ કરનાર કોઇ દેવતા જાણે તેજનો રાશિ હોય તેવો પ્રગટ થયો અને બોલ્યો–“ હે નૃદેવ ! પુરુષોમાં તમે એકજ પુરૂષ છો કે જે સ્વસ્થાનથી મેરુપર્વતની જેમ પોતાના પુરૂષાર્થથી ચલિત થયા નહીં. ઇશાનેંદ્ર પોતાની સભામાં તમારી પ્રશંસા કરતા હતા તે મારાથી સહન થઈ નહીં, તેથી તમારી પરીક્ષા કરવાને હું અહીં આવતો હતો, તેવામાં પૂર્વ જન્મના વૈરથી આ બે પક્ષીને યુદ્ધ કરતાં મેં જોયાં, એટલે તેમાં હું અધિષ્ઠિત થયો હતો. માટે આ સર્વ મારો અપરાધ ક્ષમા કરો.” આ પ્રમાણે કહી રાજાને પૂર્વવત્ સજ્જ કરી તે દેવ સ્વર્ગમાં ગયો. તે વખતે સામંત વિગેરે વિસ્મય પામી રાજાને પૂછવા લાગ્યા–‘એ બાજ પક્ષી અને પારાવત પક્ષી પૂર્વ જન્મમાં કોણ હતા ? તેમને વૈર થવામાં શો હેતુ હતો ? અને આ દેવ પૂર્વ ભવમાં કોણ હતો ? તે કહો. રાજાએ અવધિજ્ઞાનવડે જાણીને તેમનું વૃત્તાંત કહેવા માંડયું.

આ જંબૂદ્વીપમાં ઐરવત ક્ષેત્રના મંડનરૂપ પદ્મખંડ જેવું **પદ્મિનીખંડ** નામે એક નગર છે. તે નગરમાં સંપત્તિથી સાગર જેવો **સાગરદત્ત** નામે શ્રેષ્ઠી હતો. તેને **વિજયસેના** નામે એક નિર્દોષ સ્ત્રી હતી. તેમને **ધન** અને **નંદન** નામે બે પુત્રો થયા. અનુક્રમે વૃદ્ધિ પામતા તેઓ યૌવનવયને પામ્યા. પિતાની સમૃદ્ધિથી ઉદ્ધત એવા તેઓ વિવિધ ક્રીડાવડે વિહાર કરતાં કાળ નિર્ગમન કરવા લાગ્યા. એક વખતે તેઓએ પોતાના પિતા સાગરદત્તને કહ્યું ‘હે તાત ! વ્યાપાર કરવાને માટે અમને દેશાંતર જવાની આજ્ઞા આપો.’ હર્ષ પામેલા પિતાએ તેમને આજ્ઞા આપી. ‘ પુત્રનો પ્રથમ ઉદ્યોગ પિતાના હર્ષને માટે થાય છે.’ વિવિધ કરિયાણાં લઇને તે મોટા સાર્થની ચાલ્યા. અનુક્રમે નાગપુર નામે એક મોટા નગરમાં આવ્યા. ત્યાં વ્યાપાર કરતાં તેઓને બે શ્વાન વચ્ચે એક ભક્ષ્યની જેમ એક મોટા મૂલ્યનું રત્ન પ્રાપ્ત થયું. તે રત્નને માટે તેઓ ક્રોધ કરી દુર્દાંત વૃષભની પેઠે શંખ નદીને કાંઠે આવીને માંહોમાંહે યુદ્ધ કરવા લાગ્યા યુદ્ધ કરતાં કરતાં તેઓ એક અગાધ ધરામાં પડયાં અને મૃત્યુ પામી ગયા. **લોભ કોને મૃત્યુને માટે ન થાય !** ત્યાંથી મૃત્યુ પામી તે બંને બંધુ આ પક્ષીરૂપે ઉત્પન્ન થઈ પૂર્વ જન્મના વૈરથી આ ભવમાં પણ પરસ્પર વૈર ધારણ કરે છે. હવે દેવતાનો પૂર્વભવ સાંભળો–

આ જંબૂદ્વીપમાં પૂર્વ વિદેહના આભૂષણ તુલ્ય સીતા નદીને દક્ષિણ તીરે **રમણીય** નામે વિજય છે. તેને વિષે **શુભા** (સુભગ) નામે નગરી છે. તેમાં **સ્મિતસાગર** નામે રાજા હતો. આજથી પાંચમે ભવે તેનો **અપરાજિત** નામે હું પુત્ર થયો હતો. તે વખતે હું બલદેવ હતો અને જે દૃઢરથ છે તે મારો અનુજ બંધુ **અનંતવીર્ય** નામે વાસુદેવ હેતો. તે સમયમાં મહાભુજ દમિતારિ નામે પ્રતિવાસુદેવ હતો, તેને **કનકશ્રી** કન્યાને માટે અમોએ યુદ્ધમાં મારી નાખ્યો હતો. તે સંસારરૂપ અરણ્યમાં ભમી જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આવેલા અષ્ટાપદગિરિના મૂલે **નિકૃતિ** નામની સરિતાને કાંઠે **સોમપ્રભ** નામના તાપસનો પુત્ર થયો. વયે વધતાં બાલ તપ આચરીને તે **સુરૂપ** નામે દેવતા થયો. તે દેવ જ્યારે ઈશાનેંદ્રે મારી પ્રશંસા કરી ત્યારે નહીં સહન થવાથી અહીં આવ્યો, અને આ પક્ષીઓમાં અધિષ્ઠિત થઈને તેણે મારી પરીક્ષા કરી.

રાજાનાં આવાં વચન સાંભળી તે બાજ અને કપોતને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. તરતજ તે બંને પક્ષી પૃથ્વી ઉપર મૂર્છા ખાઈને પડયા. રાજાના સેવકોએ પંખાથી પવન નાખ્યો અને જલ છાંટયું, એટલે તેઓ સુઈને ઉઠયા હોય તેમ સંજ્ઞા પામ્યા. પછી તેઓ પોતાની ભાષામાં બોલ્યા–"હે સ્વામી! તમે અમોને સારો બોધ આપ્યો. અમોને પૂર્વ જન્મનું દુષ્કૃત આવી અધમ યોનિનું કારણભૂત થઈ પડેલું છે. હે નાથ! તે વખતે અતિ લોભથી પરાભવ પામેલા અમોએ યુદ્ધ કરીને કેવળ રત્ન જ ગુમાવ્યું નથી પણ અમૂલ્ય મનુષ્યજન્મ પણ ગુમાવ્યો છે. અત્યારે પણ અમારે તો નારકીપણાનો જન્મ નજીક પ્રાપ્ત થયેલ હતો, પણ તમે કૂવામાં પડતા અંધની જેમ અમને નર્કમાં પડતાં બચાવ્યા છે. હે સ્વામી! હવે ઉન્માર્ગથી અમારી રક્ષા કરો અને સન્માર્ગને બતાવો કે જેથી અમને શુભ સ્થાન પ્રાપ્ત થાય." અવધિજ્ઞાનરૂપ તરંગના સમુદ્ર મેઘરથ રાજાએ તેમની યોગ્યતા વિચારીને યથાકાળે પ્રાપ્ત થયેલ અનશન અંગીકાર કરવાની આજ્ઞા કરી. તેજ પ્રમાણે અનશન અંગીકાર કરી શુભ ચિત્તવાળા તેઓ મૃત્યુ પામીને ભુવનવાસી દેવતાઓમાં દેવપણે ઉત્પન્ન થયા.

પછી રાજા મેઘરથ પોસહ પારી જાણે મૂર્ત્તિમાન ન્યાય હોય તેમ પૃથ્વીનું યથાયોગ્ય રીતે પાલન કરવા લાગ્યા. અન્યદા કપોત અને બાજ પક્ષીનું વૃત્તાંત સ્મરણ કરતાં રાજા સમતારૂપ વૃક્ષના બીજભૂત પરમ વૈરાગ્યને પ્રાપ્ત થયા, એટલે અષ્ટમ તપ કરી ઉપસર્ગ અને પરીસહોને સહન કરવાને શૈલની પેઠે સર્વાંગે નિશ્ચળ થઈ કાયોત્સર્ગમાં સ્થિત થયા. તે સમયે ઈશાનેંદ્રે અંતઃપુરમાં બેઠા બેઠા "**નમો ભગવતે તુભ્યં**" એમ બોલીને તેમને નમસ્કાર કર્યો. તે સમયે તેની ઈંદ્રાણીઓએ પૂછયું કે 'હે સ્વામી! તમો સર્વ જગતને નમવા યોગ્ય છો. તે છતાં અત્યારે અતિ ભક્તિથી કોને નમસ્કાર કર્યો?' ઈશાનેંદ્ર બોલ્યો "અહો દેવીઓ! માનવ લોકમાં સરોવરમાં કમળની જેમ પુંડરીકિણી નગરી વિષે ઘનરથ તીર્થંકરના પુત્ર મેઘરથ નામે રાજા અષ્ટમ તપ કરી શુદ્ધ ધ્યાનમાં લીન થઈ મહા પ્રતિમા ધારણ કરીને રહેલા છે. તેઓ આ ભરતક્ષેત્રના આભૂષણરૂપ તીર્થંકર થવાના છે, તેથી તેમને દેખીને મેં અહીં બેઠા બેઠા તેમને નમસ્કાર કરેલો છે. એ ધીર મહાત્માને આ ધ્યાનમાંથી ચલિત કરવાને ઇંદ્ર સહિત સુરાસુરના સમૂહ પણ સમર્થ નથી તો મનુષ્યો તો કોણ માત્ર છો" તે સાંભળી ઈશાનેંદ્રની **સુરૂપા** અને **અતિરૂપા** નામે બે મુખ્ય ઈંદ્રાણીઓ તે પ્રશંસા સહન ન થવાથી મેઘરથ રાજાને ક્ષોભ કરવાને માટે તેમની પાસે આવી. તેમણે પ્રથમ લાવણ્યજળની સરિતા જેવી અને જગતને જીતનાર કામદેવના જંગમ કિલ્લા જેવી તેમજ વિજય કરનાર અસ્ત્ર જેવી કેટલીક યુવતીઓને વિકુર્વી. પછી કામદેવને ઉત્પન્ન

કરનાર જીવનૌષધરૂપ વિવિધ વિકારોથી અનુકૂલ ઉપસર્ગો કરવા માંડ્યા. કોઇ રમણી મિથ્યા છોડી નાખેલા કેશપાશને બાંધવાના મિષથી કામદેવના સ્થાનરૂપ ભુજામૂલ બતાવવા લાગી. કોઈ અધો વસ્ત્ર શિથિલ કરી ગલેફમાંથી કાઢેલું દર્પણ હોય તેવું જઘન દેખાડવા લાગી. કોઇ સખી જનને બોલાવવાના બાનાથી વારંવાર કામદેવના અસ્ત્રને ઉગામ્યા જેવી ભ્રૂલતાનો ઉત્ક્ષેપ કરવા લાગી. કોઈ બાલા અનુરાગિણી થઈ ગાંધારગ્રામ સાથે મુખદૃષ્ટિના વિકાર કરી કામદેવના વૃત્તાંતને મધુરાલાપે ગાવા લાગી. કોઈ લીલાવતી સુંદરી વારંવાર અનુભવ કરેલી સંભોગક્રીડાને વખાણતી કામશાસ્ત્રની કથાનો આલાપ કરવા લાગી. કોઇ કામિની પિત્તાદિક પ્રકૃતિઓને યોગ્ય એવા રતિ સંબંધી સાધનો ધાતુરસથી આલેખવા લાગી. કોઈ વારંવાર આલાપ, કોઈ કરસ્પર્શ, કોઈ દૃષ્ટિપ્રસાદ અને કોઇ આલિંગન યાચવા લાગી. તે શિવાય બીજા વિવિધ કલાકલાપ તેઓ પ્રકાશ કરવા લાગી. એવી રીતે તે દેવીઓએ રાજાની તરફ રાત્રિથી માંડીને પ્રાતઃકાલ સુધી વિકૃતિઓ કરી. પણ તે વજ્ર ઉપર ટાંકણાના પ્રહારની જેમ રાજા ઉપર નિષ્ફલ થઇ પડી. પછી દેવીઓએ સર્વ વિકૃતિઓ સંહરી લીધી, અને મેઘરથને ખમાવી નમસ્કાર કરી પશ્ચાત્તાપ કરતી તે ઇશાનેંદ્રની બે ઇંદ્રાણીઓ પોતાને સ્થાનકે ગઈ.

પ્રાતઃકાળે રાજા મેઘરથે પ્રસન્ન થઈ પ્રતિમા પારી પોસહ પણ પાર્યો, અને રાત્રિનું વૃત્તાંત સંભારી સંભારી પરમ સંવેગને પ્રાપ્ત થયો. પ્રિયમિત્રા દેવી પણ પોતાના પ્રિયને તેવા સંવેગી જોઇ સંવેગને પામી. **સતી સ્ત્રીઓ પતિના માર્ગનેજ અનુસરે છે.** એકદા અર્હંત શ્રી ઘનરથ પ્રભુ વિહાર કરતાં કરતાં ત્યાં આવીને પૂર્વોત્તર (ઇશાન) દિશામાં સમોસર્યા. સેવકોએ આવી રાજાને પ્રભુનું આગમન જણાવ્યું. તેમને પારિતોષિક[1] આપી મેઘરથ રાજા દૃઢરથ સહિત પ્રભુ પાસે આવ્યા. એક યોજન સુધી પ્રસરતી સંગ્રામરાગી[2] સર્વભાષાનુસારી વાણી વડે પ્રભુએ દેશના આપી. દેશનાને અંતે રાજા પ્રભુને નમસ્કાર કરી બોલ્યો–"હે ભવ્ય! તમે વિશ્વનું રક્ષણ કરવાને ઉદ્યુક્ત થયા છો, તો મારૂં પણ રક્ષણ કરો. હે જગત્પતિ! તમે સર્વ જાણો છો અને સર્વના હિતકારી છો. તથાપિ હું એક પ્રાર્થના કરૂં છું.' કેમકે સ્વાર્થમાં કોણ ઉત્સુક ન થાય?' હે નાથ! જ્યાં સુધી હું ઘેર જઈ રાજ્ય ઉપર કુમારને બેસારી અહીં આવું, ત્યાં સુધી મને દીક્ષા આપવાને માટે તમે અહીં બીરાજશો." પ્રભુ બોલ્યા–'પ્રમાદ કરવો નહીં' આવી અર્હંતની શિક્ષા લઈ મેઘરથ પોતાને ઘેર આવ્યા અને દૃઢરથને કહ્યું–'હે વત્સ! તું આ પૃથ્વીનો ભાર ગ્રહણ કર, કે જેથી હું દીક્ષા લઉં. આ સંસારમાં પરિભ્રમણ કરી વટેમાર્ગુની જેમ હું નિર્વેદ[3] પામી ગયો છું.' તે સાંભળી દૃઢરથે અંજલિ જોડી કહ્યું–"પૂજ્યબંધુ! આ સંસાર દુઃખ રૂપ જ છે, અને વિવેકી જનોએ તજવા યોગ્યજ છે; તો આવા સાગર જેવા દુસ્તર અને અપાર સંસાર સમુદ્રમાં મારે માથે પૃથ્વીનો ભાર તમે કેમ મૂકી જાઓ છો? હે ઇશ! આજ સુધી આત્માથી અભેદ દૃષ્ટિએ મને જોઈ હમણા પૃથક કેમ કરો છો? મારી ઉપર તો પ્રસન્ન થાઓ અને આત્મવત્ મારો પણ ઉદ્ધાર કરો. હે સ્વામી! આજે તમારી સાથે હું પણ પિતાજી પાસે દીક્ષા લઇશ; આ પૃથ્વી બીજા કોઇને આપો." આ પ્રમાણે તેનું કહેવું સાંભળી મેઘરથે પોતાના પુત્ર મેઘસેનને રાજ્ય અને દૃઢરથના પુત્ર રથસેનને યુવરાજપદ સોંપ્યું. પછી મેઘસેને જેમનો નિષ્ક્રમણોત્સવ કરેલો છે એવા રાજા મેઘરથે દૃઢરથ,

---

૧ સંતોષ પામે તેટલું દાન. ૨ ગ્રામ-રાગ સહિત, ૩ ખેદ.

વિજેરે સાતસો પુત્રો અને ચાર હજાર રાજાઓની સાથે ભગવંતની પાસે આવી સર્વ સાવદ્ય વિરતિ ગ્રહણ કરી. દુઃસહ પરીસહ અને ઉપસર્ગોને સહન કરતા, ત્રણ ગુપ્તિ તથા પંચ સમિતિને ધારણ કરતા, પોતાના શરીરમાં પણ આકાંક્ષા નહીં રાખતા, વિવિધ અભિગ્રહ તથા તપને આચરતા અને એકાદશ અંગને ધારણ કરતા મેઘરથ મુનિ દૃઢરથની સાથે પૃથ્વીપર વિહાર કરવા લાગ્યા. અનુક્રમે અર્હંતભક્તિ વિજેરે શુભ વીશ સ્થાનકોના આરાધનથી તેમણે અતિ દુષ્કર એવું અર્હન્નામગોત્ર ઉપાર્જન કર્યું. તે મહાત્મા મેઘરથ મુનિએ સિંહનિક્રીડિત નામે દુસ્તપ તપ કરી એક લાખ પૂર્વ સુધી અખંડિત સાધુપણું પાળી, અંબર તિલક નામના પર્વતપર ચડી પર્વતની જેમ સ્થિર રહી, અનશન ધારણ કર્યું. અનુક્રમે આયુષ્ય પૂર્ણ કરી મેઘરથ મુનિ સર્વાર્થસિદ્ધ નામે વિમાનમાં ઉત્પન્ન થયા, અને તેમના લઘુ ભ્રાતા દૃઢરથ પણ ત્યાંજ ઉત્પન્ન થયા. ત્યાં તે બંનેએ તેત્રીશ સાગરોપમ પર્યંત કાળ અવ્યયપદ પામવાના વિસામા રૂપ મહાસુખમાં વ્યતીત કર્યો.

इत्याचार्यश्रीहेमचन्द्रविरचिते त्रिशष्टिशलाकापुरुषचरिते
महाकाव्ये पंचमपर्वणि श्रीशांतिनाथदेवस्यदशमैकादशभव
वर्णनो नाम चतुर्थः सर्गः ॥

સર્ગ ૫ મો.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ઋદ્ધિવાન કુરૂદેશને વિષે હસ્તીનાપુર નામે નગર છે. તે નગરમાં આવેલા મહેલોને માથે રહેલા કનકકુંભ નવા ઉત્પન્ન થયેલા સ્થળકમળના વનની શોભાને ધારણ કરે છે. ત્યાં આસપાસ વલયાકારે રહેલી વાપીકાઓ તેના સ્વચ્છ અને નિર્મળ જળમાં કિલ્લાનું પ્રતિબિંબ પડવાને લીધે જાણે નગરના કિલ્લાનું દર્પણ હોય તેવી શોભે છે. ઉદ્યાનોમાં વહેતી નીકોને કાંઠે કાંઠે રહેલા સ્નિગ્ધ દ્રુમો જલ લેવાને ઉતરેલા મેઘ હોય તેવા જણાય છે. ધનાઢયોનાં મંદિરોની રત્નમય ભીંતોમાં રાત્રિએ પ્રતિબિંબ રૂપે પડેલા ચંદ્રને માર્જારો દધિપિંડ ધારીને ચાટયા કરે છે. જિનચૈત્યોમાં બળતી અગરૂ-ધૂપની લતાઓ (ધૂમ્રશિખાઓ) ખેચરીઓને યત્ન વગર પટવાસની શોભાને આપે છે. ચૌટામાં દુકાનોની શ્રેણીમાં લટકતી રત્નની માળાઓથી જાણે રત્નાકરથી રત્ન સર્વસ્વ અહીં આણેલું હોય તેમ દેખાય છે. પવનથી હાલતી ચૈત્યોની ધ્વજાઓની પૃથ્વી પર પડતી ચપળ છાયા જાણે ધર્મનિધાનની રક્ષા કરનારા સર્પો હોય તેવી જણાય છે, અને જેમની ભૂમિ ઇંદ્રનીલ મણિઓથી જડેલી છે એવા નિવાસગૃહો જલપૂર્ણ ક્રીડાવાપીકાની જેવા દેખાય છે.

તે નગરીમાં ઇક્ષ્વાકુ વંશરૂપ સાગરમાં ચંદ્રરૂપ હોવાથી નેત્રને ઉત્સવ આપનાર અને કીર્ત્તિરૂપ ચંદ્રિકાથી જગતનું પ્રક્ષાલન કરનાર વિશ્વસેન નામે રાજા હતો. તે રાજા શરણ્ય જનને વજ્ર મંદિર જેવો, યાચકોને કલ્પવૃક્ષ જેવો, અને લક્ષ્મી તથા સરસ્વતીને મિત્રતાની સંકેતભૂમિ હતો. જાણે બીજો સમુદ્ર હોય તેવો તેનો યશોરાશિ નદીઓની જેમ શત્રુઓની કીર્ત્તિને ગળી જતો હતો. પ્રભાવથી શત્રુઓને સાધનારા તે રાજાનાં અસ્ત્રો નિધાનરૂપે કરેલા વિત્તની જેમ વગર વપરાયે પડયા રહેતાં હતાં. જાણે બંનેમાં સરખી રીતે વર્ત્તતો હોય તેમ તે યુદ્ધ કરનારના ગળા ઉપર ચરણ અને શરણાર્થીના પૃષ્ઠ ભાગ ઉપર હાથ મૂકતો હતો. તેણે રણાંગણમાં મ્યાનમાંથી ખેંચેલી તરવાર સ્વેચ્છાએ આવેલી વિજયલક્ષ્મી સહિત પાછી કોશમાં દાખલ થતી હતી. તેને ન્યાય બંધુ હતો, કીર્ત્તિ પ્રિયા હતી, નિર્મલ ગુણો સુહૃદ (મિત્રો) હતા અને પ્રતાપ પેદલરૂપ હતો. ઇત્યાદિક સર્વ પરિવાર તેના અંગમાંથી જ ઉત્પન્ન થયેલો હતો. ઉન્નતિને પામેલા અને જગતને આનંદ આપનારા તે રાજાને મેઘને વિદ્યુતની જેમ અચિરા નામે એક પત્નિ હતી. જેવી રીતે તે દેવી સર્વ સ્ત્રીજનમાં શિરોમણિ હતી, તેવી રીતે તેના વિનયાદિક ગુણોમાં શીલ પણ શિરોમણિ હતું. તે શ્રેષ્ઠ સતી હૃદય બહાર જેમ મુક્તાહાર હોય તેમ અહર્નિશ તેના પતિના હૃદયના અંતરંગ આભૂષણરૂપ હતી. તેનું રૂપ જોતાં દેવતાની સ્ત્રીઓ તેના નિર્માણના બહિર્ભૂત પરમાણુઓથી રચેલી હોય તેવી દેખાતી હતી. એ જગદ્વંદ્યા સાધ્વી પ્રવાહ વડે ગંગાની જેમ ચરણન્યાસથી પૃથ્વીને પવિત્ર કરતી ફરતી હતી. તે કુલીન રમણી લજ્જાથી ગ્રીવાને નમાવીને ' આ પૃથ્વી મારા પતિને પાલનીય છે ' એવી પ્રીતિથી જ હોય તેમ પૃથ્વી પર જ દૃષ્ટિ રાખતી હતી. જેમ સૌમનસ વનની પુષ્પવાટિકામાં પુષ્પોની જાતિ ખીલી રહે, તેમ તેનામાં સ્ત્રીજાતિ યોગ્ય સર્વે ગુણો ઉજ્જ્વળતાથી ખીલી રહ્યા હતા.

એવી રીતે સદા સામ્રાજ્યસુખમાં લીન એવા રાજા વિશ્વસેન અને અચિરા દેવીનો કેટલોક કાળ ઇંદ્ર અને ઇંદ્રાણીની જેમ વ્યતીત થયો. તે સમયે અનુત્તર વિમાનોમાં મુખ્ય સર્વાર્થસિદ્ધિ નામના વિમાનમાં મેઘરથના જીવે સુખમગ્નપણે પોતાનું આયુષ્ય પૂર્ણ કર્યું. ત્યાંથી ચવીને ભાદ્રપદ માસની કૃષ્ણ સપ્તમીએ ચંદ્ર ભરણી નક્ષત્રમાં આવતાં તે અચિરા દેવીની કુક્ષીમાં અવતર્યો. તે વખતે સુખે સુતેલા દેવીએ રાત્રિના શેષભાગે અનુક્રમે મુખમાં પ્રવેશ કરતાં ચૌદ મહાસ્વપ્ન જોયાં. પ્રથમ સ્વપ્ને ઝરતા મદજલના સુંગધથી મત્ત થયેલા ભ્રમરાઓના શબ્દો વડે જાણે મુખપ્રવેશની આજ્ઞા માગતો હોય તેવો ગજેન્દ્ર અવલોક્યો. બીજે સ્વપ્ને કૈલાશ પર્વતનો છુટો પડેલો એક મોટો શિલાભાગ હોય તેવો નિર્મળ અને શરીરની કાંતિથી પુંડરીક ગિરિની ઉત્કૃષ્ટ સમૃદ્ધિને લૂંટનારો વૃષભ જોયો. ત્રીજે સ્વપ્ને ઊંચા નાળવાવાળી કળિયુક્ત રાતા કમળ જેવા ઊંચા પુંછવડે શોભતો કેશરીસિંહ દીઠો. ચોથે સ્વપ્ને બંને બાજુ બે હાથી જેને અભિષેક કરી રહ્યા છે એવા દીવ્ય રૂપવાળા મહાલક્ષ્મી જાણે પોતાનું બીજું રૂપ હોય તેવા જોયા. પાંચમે સ્વપ્ને આકાશલક્ષ્મીના આભૂષણ જેવી, ઋજુ રોહિત ધનુષ્ય સમાન પંચવર્ણી દિવ્ય પુષ્પોથી ગુંથેલી વિસ્તારવાળી માળા અવલોકી. છઠે સ્વપ્ને અખંડ આકાશમંડલમાં ઉદ્યોત કરતો પૂર્ણિમાનો ચંદ્ર જાણે દિશાઓનું નિર્મલ રૂપાનું દર્પણ હોય તેવો દીઠો. સાતમે સ્વપ્ને રાત્રિ છતાં દિવસની શોભા બતાવતો કિરણરૂપ અંકુરના ઉદ્ભવમાં કંદરૂપ સૂર્ય જોયો, આઠમે સ્વપ્ને નૃતકીઓ રૂપ પતાકાઓના નૃત્યમંદિર જેવો અને દૃષ્ટિના વિશ્રામગૃહ જેવો મહાધ્વજ જોવામાં આવ્યો. નવમે સ્વપ્ને જાણે લક્ષ્મીને રહેવાનું સ્થાન હોય તેવો અને સુગંધી વિકસિત કમળવડે ઢાંકેલા મુખવાળો વિશાળ પૂર્ણ કુંભ દીઠો. દશમે સ્વપ્ને જાણે બીજો પદ્મહ્રદ હોય તેવું વિકસિત સુગંધી કમલોથી મનોહર જળપૂર્ણ સરોવર જોયું. અગ્યારમે સ્વપ્ને આકાશની અભ્રમાલાને આલિંગન કરવા ઇચ્છતો હોય તેમ તરંગરૂપ કરને ઉછાળતો અપાર સાગર અવલોક્યો. બારમે સ્વપ્ને આકાશમાં રહેલો મહેલ હોય તેવું, વિચિત્ર રત્નમય કલશવાળુ અને પતાકાના ભારથી શોભિત અપ્રતિમ વિમાન જોયું. તેરમે સ્વપ્ને પ્રકાશમય કિરણોથી આકાશને લિંપતો હોય તેવો અને સૂર્યાદિ જ્યોતિષીને બનાવવાના પુદ્ગલોનો જાણે સમૂહ હોય તેવો રત્નપુંજ જોવામાં આવ્યો. ચૌદમે સ્વપ્ને જાણે ઘણી જિહ્વા હોય તેવી આકાશને ચાટતી જ્વાળાઓથી અંધકારના પૂરતો ગ્રાસ કરતો નિર્ધૂમ અગ્નિ જોયો.

આ પ્રમાણે ચૌદ સ્વપ્ન જોઇને અચિરા દેવીએ જાગ્રત થઈ શય્યામાંથી ઉઠી વિશ્વસેન રાજાને કહ્યાં. તે સાંભળી રાજાને કહ્યું–'હે મહાદેવી! આ સ્વપ્નથી લોકોત્તર ગુણવાળો અને ત્રણ લોકનું રક્ષણ કરવામાં તત્પર એવો તમારે પુત્ર થશે.' પ્રાતઃકાલે નિમિત્તિયાઓને બોલાવીને પૂછતાં તેઓએ પણ કહ્યું કે 'આ સ્વપ્નોથી તમારે ચક્રી અથવા ધર્મચક્રી (તીર્થંકર) પુત્ર થશે.' રાજાએ તે સ્વપ્નાર્થ જાણનારા નિમિત્તિઓને સત્કાર કરીને વિદાય કર્યા. તે દિવસથી દેવીએ રત્નગર્ભાની જેમ તે ગર્ભરત્નને ધારણ કર્યો. તે સમયમાં પ્રથમથી કુરૂદેશમાં ઉદ્વેગ અને મહામારી વિગેરે અનેક અશિવ ઉત્પાતો પ્રવર્ત્તતા હતા. તેઓની શાંતિને માટે ઉપાય જાણનારા લોકોએ અનેક ઉપાયો કર્યા, તથાપિ જલવડે વડવાનળની જેમ તે જરા પણ શાંત થયા નહોતા; પણ જ્યારે ભગવંત **શ્રી** અચિરા દેવીના ઉદરમાં ગર્ભરૂપે આવ્યા, તે વખતથીજ તે સર્વ અશિવકારી ઉત્પાત શમી ગયા. **અર્હંત પ્રભુનો પ્રભાવ નિરવધિ છે.**

પછી નવ માસ અને સાડા સાત દિવસ જતાં જ્યેષ્ઠ માસની કૃષ્ણ ત્રયોદશીને દિવસે ચંદ્ર ભરણી નક્ષત્રમાં આવ્યો હતો અને સર્વ ગ્રહો ઉચ્ચ સ્થાને રહ્યા હતા તે સમયે

મૃગાંક[૧]ને પૂર્વ દિશા પ્રસવે તેમ અચિરાદેવીએ મૃગના અંકવાળા[૨] કનકવર્ણી એક કુમારને જન્મ આપ્યો. તે સમયે ત્રણ જગતમાં ઉદ્યોત થઈ રહ્યો, ક્ષણવાર નારકી જીવોને પણ અપૂર્વ સુખ થયું, અને દિકકુમારીઓનાં આસન કંપાયમાન થયાં; એટલે તેઓ અવધિજ્ઞાનથી પ્રભુનો જન્મ થયો જાણીને હર્ષ પામી પ્રથમ અધોલોકથી આઠ દિક્કુમારીઓ વિશ્વસેન રાજાના મંદિરમાં આવી અને વિધિથી પ્રભુને અને તેમની માતાને પ્રણામ કર્યો. અચિરા દેવીને તેમણે પોતાનો આત્મા ઓળખાવી 'તમે બીશો નહીં' એમ કહ્યું, અને સંવર્ત્તક પવન વિકુર્વીને એક યોજન પર્યંત પૃથ્વીની રજ દૂર કરી. પછી પ્રભુની અને માતાથી અતિ દૂર નહીં તેમ અતિ નજીક નહીં તેવી રીતે રહીને ગાયન કરનારીઓની જેમ પ્રભુના ગુણ ગાવા લાગી. ઉર્ધ્વ લોકમાંથી આઠ દિક્કુમારીઓ આવી. તેઓ વિધિ પૂર્વક પૂર્વવત્ સર્વ કર્યા પછી મેઘ વિકુર્વીને યોજન પર્યંત પૃથ્વીપર જળ સિંચન કરી પ્રભુના ગુણ ગાતી ઉભી રહી. પૂર્વ રૂચકથી હાથમાં દર્પણ લઇ આઠ દિક્કુમારીઓ આવી; તેઓ પ્રભુને અને માતાને પ્રણામ કરી પ્રભુના ગુણગાન કરતી પૂર્વ દિશામાં ઉભી રહી. દક્ષિણ રૂચકથી હાથમાં ઝારીઓ લઈ આઠ દિક્કુમારીઓ આવી, અને પ્રભુને તથા માતાને નમી પ્રભુના ગુણ ગાતી દક્ષિણ દિશામાં ઉભી રહી. પશ્ચિમ રૂચકમાંથી હાથમાં પંખા લઇને આઠ દિક્કુમારીઓ આવી; તેઓ પ્રભુને અને અચિરા દેવીને નમી પ્રભુના ગુણ ગાતી પાશ્ચિમ દિશામાં ઉભી રહી. ઉત્તર રૂચકથી હાથમાં ચામર લઇને આઠ દિક્કુમારીઓ આવી; તેઓ પૂર્વવત્ પ્રણામ કરી પ્રભુના ગુણ ગાતી ઉત્તર દિશામાં ઉભી રહી. ચાર વિદિશાઓના રૂચક ગિરિથી ચાર દિક્કુમારીઓ હાથમાં દીપક લઇને આવી, અને પૂર્વની પેઠે પ્રણામ કરી પ્રભુના ગુણ ગાતી વિદિશાઓમાં ઉભી રહી. રૂચકદ્વીપમાંથી બીજી ચાર દિક્કુમારીઓએ આવીને પ્રભુને અને માતાને પ્રણામ કરી પ્રભુનું ચાર અંગુળ ઉપરાંત નાળ છેદન કર્યું, પછી એક ખાડો ખોદી તેમાં દ્રવ્યનિધિની જેમ નાળ પધરાવી રત્ન અને હીરાવડે ખાડો પૂરી દઇ દૂર્વાથી તેની ઉપર પીઠ બાંધી લીધી. પૂર્વ, ઉત્તર અને દક્ષિણ દિશાઓમાં તેમણે ચતુઃશાળ સહિત ત્રણ કદલીગૃહ વિકુર્વ્યાં. પ્રથમ દક્ષિણ દિશાના કદલીગૃહમાં પ્રભુને અને માતાને લાવી ચતુઃશાળના મધ્ય ભાગમાં રચેલા રત્નસિંહાસનપર બેસાર્યા. ત્યાં બંનેને દિવ્ય સુગંધી તૈલથી અભ્યંગન કરીને સુગંધી દ્રવ્યથી અંગનું ઉદ્વર્ત્તન કર્યું. પછી પૂર્વ દિશાના કદલીગૃહમાં લઇ જઈ સિંહાસનપર બેસારી સુગંધી શુદ્ધોદકવડે તેમને સ્નાન કરાવ્યું. પછી દિવ્ય વસ્ત્રાલંકાર ધરાવી બંનેને ઉત્તર દિશાના રંભાગૃહમાં લઈ જઇને રત્નસિંહાસનપર બેસાર્યા. પછી આભિયોગિક દેવતાની પાસે ક્ષુદ્ર હિમાલય પર્વતથી ગોશીર્ષચંદન મંગાવી તેને બાળીને બન્નેને રક્ષાગ્રંથી બાંધી. પછી 'તમારૂં પર્વતના જેટલું આયુષ્ય થાઓ' એવું પ્રભુના કાનમાં કહી બે રત્નમય પાષાણના ગોળાનું આસ્ફાલન કર્યું. પછી પ્રભુને અને માતાને પાછા તેઓ સૂતિકાગૃહમાં લઈ જઈ પલંગપર બેસારી ભગવંતના ગુણ ગાતી ગાતી ઉભી રહી.

તે સમયે સૌધર્મ ઇન્દ્રનું આસન કંપવાથી પ્રભુનો જન્મ જાણી પાલક વિમાનમાં બેસી પરિવાર સાથે તે પ્રભુ પાસે આવ્યો. 'કુક્ષિમાં રત્નને ધારણ કરનારા હે દેવી! તમને નમસ્કાર છે' એમ કહી અચિરા દેવીપર અવસ્વાપિની નિદ્રા મૂકી, તથા તેમની પાસે પ્રભુનું પ્રતિબિંબ મૂકી પોતે ચાર દર્પણની જેમ[૩] પાંચ રૂપે થયા. તેમાંથી એક રૂપે પ્રભુને

---

૧ ચંદ્ર. ૨ ચિન્હ (લંછન.) ૩. ચાર દર્પણ ચાર બાજુ મૂકયા હોય તો તેમાં ચાર પ્રતિબિંબ પડે અને એક પોતે હોય તે મળીને જેમ પાંચ રૂપ થાય તેમ.

બે હાથમાં ધારણ કર્યા, બે રૂપે બે બાજુ ચામર વીંજવા લાગ્યા, એક રૂપે માથે ઉજ્જ્વળ છત્ર ધર્યું અને એક રૂપે વજ્ર ઉછાળતો આગળ ચાલ્યો. ક્ષણવારમાં મેરૂપર્વતપર જઈ અતિપાંડુકબલા નામે શિલાપર આવ્યા. ત્યાં પ્રભુને ઉત્સંગમાં લઇ સિંહાસન ઉપર બેઠા. તે વખતે આસનપ્રકંપથી પ્રભુના જન્મને જાણીને અચ્યુત વિગેરે ત્રેસઠ ઇંદ્રો પણ જાણે પ્રથમથી સંકેત કર્યો હોય તેમ ત્યાં આવ્યા. પછી સમુદ્રો, નદીઓ અને દ્રહો વિગેરેમાંથી લાવેલા જલવડે ભરેલા કુંભોથી પ્રથમ અચ્યુતેંદ્રે પ્રભુને સ્નાન કરાવ્યું. બીજા બાસઠ ઇંદ્રોએ પણ હાથમાં તીર્થજલના કુંભો લઇ તે સોળમા તીર્થંકરને સ્નાન કરાવ્યું. પછી ઇશાનેંદ્ર પાંચરૂપે થયા. એક રૂપે પ્રભુને ખોળામાં લીધા, એક રૂપે છત્ર અને બે રૂપે ચામર ધારણ કર્યા, અને એક રૂપે ત્રિશૂળ લઈ આગળ ઉભા રહ્યા. પછી શક્ર ઇંદ્રે પ્રભુની ચારે બાજુ જાણે ચાર દિશાઓના નિર્મળ હાસ્ય હોય તેવા સ્ફાટિકમય ચાર વૃષભ વિકુર્વ્યા, અને ધારા યંત્રની જેમ તેના શીંગડાના અગ્ર ભાગમાંથી નીકળતા જળવડે પ્રભુને સ્નાન કરાવ્યું. પછી ઇંદ્રે દેવદૂષ્ય વસ્ત્રથી અંગ લુંછી, ગોશીર્ષચંદનનું વિલેપન કરી, દિવ્ય અલંકારથી અને પુષ્પમાળાઓથી પ્રભુનું અર્ચન કર્યું. પછી વિધિ પૂર્વક સ્વામીની આરતી ઉતારી. ઇંદ્ર હર્ષથી ગદ્ગદ ગિરાવડે પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો.

"હે ભગવન્ ! વિશ્વજનના હિતકારી, અદ્ભુત સમૃદ્ધિવાળા અને આ સંસારરૂપ મરૂ-
"દેશના માર્ગમાં છાયાવાળા વૃક્ષ જેવા તમોને નમસ્કાર છે. હે પરમેશ્વર ! આજે સારે ભાગ્યે
"તમારૂં દર્શન થવાથી મારે પૂર્વસંચિત પાપ રૂપ રાત્રિનો પ્રભાતસમય થયો છે. હે જગત્પતિ !
"જેનાવડે તમારા દર્શન થયા તે નેત્રને ધન્ય છે, અને જેનાવડે તમારો સ્પર્શ થયો તે હાથને
"તે કરતાં વિશેષ ધન્ય છે. હે પ્રભુ ! કોઈ વાર તમે વિદ્યાધરોના મોટી ઋદ્ધિવાળા ચક્ર-
"વર્ત્તી થયા છો, કોઈવાર ઉત્કૃષ્ટ બળવાળા બળદેવ થયા છો, કોઈવાર અચ્યુતેંદ્ર થયા છો,
"કોઈવાર મહાજ્ઞાની ચક્રવર્ત્તી થયા છો, કોઈવાર ગ્રૈવેયકના આભૂષણભૂત અહમિંદ્ર થયા છો,
"કોઈવાર મહાસત્વવાન અને અવધિજ્ઞાની થયા છો, અને કોઈવાર સર્વાર્થસિદ્ધ વિમાનના
"અલંકારરૂપ અહમિંદ્ર થયા છો. હે પરમેશ્વર ! કયા કયા જન્મમાં તમે ઉત્કૃષ્ટ નથી થયા!
"છેવટે આજે તિર્થંકરના જન્મથી તમારા વર્ણનની વાણી પરિપૂર્ણ થઇ ગઇ છે. તમારા
"ગુણનું વર્ણન કરવાને હું સમર્થ નથી, તેથી માત્ર હું મારો સ્વાર્થજ કહી બતાવું છું
"કે હે નાથ ! પ્રત્યેક ભવને વિષે તમારા ચરણકમળમાં મારી પૂર્ણ ભક્તિ હજો."

આ પ્રમાણે સ્તુતિ કરીને શક્ર ઇંદ્રે ઇશાનપતિ પાસેથીજ પ્રભુને લઈ સત્વર અચિરાદેવીની પાસે યોગ્ય રીતે પાછા મૂકયા. પ્રભુને દૃષ્ટિવિનોદ આપવા ચંદુઆ ઉપર શ્રીદામ ગંડક[1] અને પ્રભુને ઓશીકે દેવદૂષ્ય વસ્ત્ર અને બે કુંડળ મૂકયાં. પછી ઇંદ્રે અમોઘ વાણીથી દેવતાની પાસે આઘોષણા કરાવી કે દેવતાઓમાંથી, દૈત્યોમાંથી કે મનુષ્યોમાંથી જે કોઇ અર્હંત પ્રભુનું કે તેમની માતાનું અશુભ ચિંતવશે તેનું મસ્તક અર્જક વૃક્ષની મંજરીની જેમ સાત પ્રકારે ભેદ પામશે, અર્થાત્ સાત કકડા થઈ જશે. પછી ઇંદ્રની આજ્ઞાથી કુબેરે હસ્તીનાપુર નગરમાં રત્ન તથા સુવર્ણની મહાવૃષ્ટિ કરી. પછી પદ્મિનીની નિદ્રા જેમ સૂર્ય હરે તેમ ઇંદ્રે અચિરાદેવીની અવસ્વાપિની નિદ્રા અને અર્હંતનું પ્રતિબિંબ હરી લીધું. પછી પ્રભુને માટે પાંચ અપ્સરાઓને ધાત્રીરૂપે રહેવાની આજ્ઞા કરીને શક્ર ઇંદ્ર ત્યાંથી અને બીજા ઇંદ્રો મેરૂપર્વતથી નંદીશ્વર દ્વીપે ગયા; ત્યાં શાશ્વત અર્હંતનો વિધિ પૂર્વક અઠ્ઠાઇઉત્સવ કરી પ્રસન્ન થઇને સર્વે પોતપોતાને સ્થાનકે ગયા.

---

૧ ચંદરવાની મધ્યમાં લટકતો પુષ્પમાળાના સમૂહનો ગુચ્છો.

અચિરાદેવી નિદ્રા રહિત થયા તે વખતે તેમને દિવ્ય વસ્ત્રાલંકાર તથા દિવ્ય અંગ-રાગવડે યુક્ત અને તેજનો પ્રસાર કરતો પુત્ર પોતાની પાસે જોવામાં આવ્યો. દેવીના પરિજને આનંદથી સંભ્રમ પામી રાજા પાસે આવીને પુત્રજન્મ અને દિક્કુમારીનું સર્વ કૃત્ય નિવેદન કર્યું. રાજાએ હર્ષથી તેમને પારિતોષિક આપ્યું, અને મોટી સમૃદ્ધિથી પુત્રનો જન્મમહોત્સવ કર્યો. જ્યારે આ ગર્ભ તેની માતાના ઉદરમાં આવ્યો, ત્યારે દેશમાંથી સર્વ અશિવ ઉત્પાત શાંત થયા હતા એવું ધારી રાજાએ પુત્રનું **શાંતિનાથ** એવું નામ પાડયું. ઈંદ્રે જેમાં અમૃત સંક્રમાવેલ છે એવા પોતાના અંગુઠાને ધાવી ક્ષુધા સમાવતા અને ધાત્રીઓથી લાલિત થતા પ્રભુ અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યા. જો કે પ્રભુ જન્મથીજ જ્ઞાનવૃદ્ધ છે, તથાપિ તે વિવિધ પ્રકારની બાલક્રીડા કરવા લાગ્યા. કારણકે સર્વત્ર સમયોચિતજ શોભે છે. પ્રભુની સાથે રજક્રીડા કરી પોતાના આત્માને મહા મૂલ્ય કરવાને ઇચ્છતા દેવતાઓ આશાતનાથી બીતા બીતા પ્રભુને રમાડતા હતા. ક્રીડામાં પણ પ્રભુ તેમને નિઃશંક પાદ-પ્રહાર કરતા નહીં. કારણકે **મહાત્માઓ ગમે તે અવસરે પણ દયાવીર હોય છે.** એવી રીતે વિવિધ ક્રીડાઓથી ક્રીડા કરતા શાંતિનાથ પ્રભુ ચાલીશ ધનુષ્ય પ્રમાણ શરીરથી લક્ષ્મીના ક્રીડાગૃહરૂપ યૌવનવયને પ્રાપ્ત થયા. પછી વિશ્વસેન રાજાએ શાંતિકુમારનો અનેક રાજ-કન્યાઓની સાથે વિવાહ કર્યો. 'મોટી સમૃદ્ધિવાળા પિતાઓ પુત્રના વિવાહોત્સવ વિના તૃપ્તિ પામતા નથી.' પચીશ હજાર વર્ષની વયે શાંતિકુમારને રાજ્યપર બેસારી વિશ્વસેન રાજાએ પોતાનું કાર્ય સાધવા માંડયું. પછી શાંતિકુમાર યથા વિધિ પૃથ્વીનું પાલન કરવા લાગ્યા. **મહાત્માઓનો અવતાર વિશ્વના પાલનને માટેજ હોય છે.**

અચિરાદેવીના કુમાર શાંતિનાથ પોતાની વિવાહિત સ્ત્રીઓની સાથે ક્રીડા કરવા લાગ્યા. **અર્હંત પ્રભુને પણ નિકાચિત ભોગનીય કર્મ અવશ્ય ભોગવવું પડેછે.** સર્વ અંતઃપુરમાં મુખ્ય **યશોમતી** નામે તેમને પટ્ટરાણી હતી. એક વખતે તેમણે સ્વપ્નમાં અભ્રમાં સૂર્યની જેમ મુખમાં પ્રવેશ કરતું ચક્ર જોયું, તે સમયે દૃઢરથ મુનિનો જીવ સર્વાર્થસિદ્ધ વિમાનમાં આયુષ્ય પૂર્ણ કરી ચવીને યશોમતીના ઉદરમાં ઉત્પન્ન થયો. નિદ્રામાંથી જાગ્રત થઇ યશોમતીએ તે સ્વપ્નની વાત પોતાના સ્વામી શાંતિનાથને કહી. ત્રણ જ્ઞાનને ધરનાર શાંતિનાથ પ્રભુએ કહ્યું કે 'હે દેવી! પૂર્વ જન્મમાં દૃઢરથ નામે એક મારે અનુજ બંધુ હતો. તે સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી ચવીને તારા ઉદરમાં અવતરેલો છે. સમય આવતાં તે પુત્રને તમે જન્મ આપશો.' પ્રાતઃકાલમાં મેઘની ગર્જના જેવું પતિનું અમોઘ વચન સાંભળી દેવી યશોમતી હર્ષ પામ્યા, અને ત્યારથી તેમણે ગર્ભ ધારણ કર્યો. સમય આવતાં જાણે પતિનું પ્રતિબિંબ હોય તેવા સર્વ-લક્ષણ સંપન્ન પુત્રને તેણે જન્મ આપ્યો તે ગર્ભમાં હતો તે વખતે દેવી યશોમતીએ ચક્ર જોયેલું હતું, તેથી તેનું **ચક્રાયુધ** એવું પિતાએ નામ પાડયું. ત્રણલોકમાં તિલકરૂપ એ ચક્રાયુધ ધાત્રીઓથી લાલિત થઈ હાથીના શિશુની જેમ વધવા લાગ્યો. અનુક્રમે યુવતિ-વર્ગના લોચનને મોહકારી અને કામદેવના ક્રીડોદ્યાનરૂપ યૌવનવયને પ્રાપ્ત થયો. પિતા શાંતિનાથે સ્વયંવરા થઇને આવેલી લક્ષ્મી જેવી રૂપલાવણ્ય વડે મનોહર અનેક રાજપુત્રી-ઓની સાથે તેનો વિવાહ કર્યો.

નીતિથી રાજ્યનું પાલન કરતાં શ્રીમાન શાંતિનાથને પચીશ હજાર વર્ષો વીતી ગયા. એકદા ઉપપાદ શય્યામાં જેમ દેવ ઉત્પન્ન થાય, તેમ શ્રી શાંતિનાથની અસ્ત્રશાળામાં વિશાળ જ્યોતિએ વ્યાપ્ત એવું ચક્રરત્ન ઉત્પન્ન થયું. પ્રભુએ તેનો અઠ્ઠાઈ ઉત્સવ કર્યો. **પૂજ્ય મહાશયો પણ જે આચારથી પૂજ્ય હોય તેની પૂજા કરે છે.** પછી સાગરમાંથી સૂર્યની

જેમ દિગ્વિજયની લક્ષ્મીના મુખરૂપ તે ચક્ર અસ્ત્રશાળામાંથી નીકળી પૂર્વદિશાની સન્મુખ ચાલ્યું. હજાર આરાઓની જેમ સહસ્ત્ર યક્ષોથી અધિષ્ઠિત એવા, તે ચક્રની પછવાડે સૈન્ય વડે ભૂતળને આચ્છાદન કરતા શાંતિનાથ રાજા વેગથી ચાલ્યા. પ્રતિદિન એક એક યોજન ચાલી તે ચક્ર સ્થિર રહેતું, એટલે પ્રભુ ત્યાં બાર યોજન વિસ્તારવાળી છાવણી નાખીને મુકામ કરતા હતા. એવી રીતે દિવસે દિવસે ખેદ રહિત પ્રયાણ કરતા વિશ્વસેનના કુમાર પૂર્વ દિશાના મુખના મંડનરૂપ માગધ તીર્થ સમીપે આવ્યા, જેનો મધ્ય ભાગ લબ્ધ થતો નથી એવા સમુદ્રની જેવો પોતાનો સ્કંધાવાર તેના કાંઠા ઉપર સ્થાપન કર્યો. પછી માગધ તીર્થની સન્મુખ વિજયેચ્છુ એવા પ્રભુ નિર્વિકારપણે ઉત્તમ સિંહાસન પર બેઠા. તે સમયે કાંઠાથી દ્વાદશ યોજન ઉપર દૂર રહેલા માગધપતિનું સિંહાસન લૂલા પગની જેમ કંપાયમાન થયું. માગધપતિ વિચારમાં પડયો કે 'એવું અપૂર્વ શું થયું કે જેથી મારું દૃઢ આસન ચલિત થયું? અથવા શું મારે ચવવાનો સમય આવ્યો કે કોઇ મારી સમૃદ્ધિને નહીં સહન કરનારાએ મારા આસનને કંપાવ્યું?' આ પ્રમાણે સંદેહ ઉત્પન્ન થતાં અવધિજ્ઞાન પ્રયુજ્યું, એટલે ધર્મચક્રી અને ચક્રવર્ત્તી શાંતિનાથ પ્રભુ ત્યાં આવેલા તેના જાણવામાં આવ્યા. તેથી માગધપતિએ વિચાર્યું કે 'અહો! બાળકની જેમ મેં આવા અજ્ઞાન ભરેલા વિચાર કર્યા તેથી મને ધિક્કાર છે! આ સોળમા તીર્થંકર અને પાંચમા ચક્રવર્ત્તી મારી ઉપર અનુકંપા લાવીને બેઠા છે. ત્રણ જગતની રક્ષા અને સંહાર કરવામાં જેમની ભુજા સમર્થ છે એવા તે પ્રભુની પાસે હું સૂર્ય પાસે ખદ્યોત જેવો છું. અચ્યુતેંદ્ર વિગેરે ઈંદ્રો જેની પદાતિની માફક સેવા કરે છે તે પ્રભુની હું કેવી રીતે ભક્તિ કરી શકીશ? તથાપિ અહીં આવેલા આ જગન્નાથની વસ્ત્રને બદલે તાંતણાથી ચંદ્રની જેમ હું મારી સંપત્તિ વડે પૂજા કરું.' આવો મનમાં નિશ્ચય કરી મોટી ભેટ લઈ માગધપતિ શાંતિનાથની પાસે આવ્યો. પછી આકાશમાં રહી પ્રણામ કરીને તે બોલ્યો–'હે નાથ! એક પત્તિ માત્ર એવા મારા ઉપર સારે ભાગ્યે તમે અનુગ્રહ કર્યો છે. હે સ્વામી! હું તમારો પૂર્વ દિશાનો દિગ્પાળ આપની આજ્ઞાનો ધારણ કરનાર છું, માટે દુર્ગપાળની જેમ અહર્નિશ મને આજ્ઞા કરજો.' આ પ્રમાણે કહી નમસ્કાર કરી તેણે શય્યાપાળની જેમ પ્રભુને ભક્તિથી દિવ્ય વસ્ત્રાલંકાર અર્પણ કર્યા. શ્રી શાંતિનાથે પણ સત્કાર કરીને તે દેવને વિદાય કર્યો. ત્યાંથી ચક્રરત્ન દક્ષિણ દિશા તરફ ચાલ્યું. અગાધ ભુજપરાક્રમવાળા પ્રભુ ચક્રના માર્ગે અનુસરતા અપ્રતિરૂદ્ધ વેગે દક્ષિણ સમુદ્રના કિનારા પાસે આવ્યા. ત્યાં આક્ષેપરહિત પણે વરદામ દેવને ઉદ્દેશીને સમુદ્રતીરે રત્નસિંહાસન ઉપર બેઠા. વરદામપતિ અવધિજ્ઞાને પ્રભુને આવેલા જાણી પોતાની રક્ષાના ઉપાયરૂપ ભેટ લઇ સામો આવ્યો. તેણે પ્રભુને નમી તેમની સેવા સ્વીકારી દિવ્ય અલંકારાદિ ભેટ આગળ ધરી. પ્રભુએ પ્રસન્નતાથી તેને બોલાવી વિદાય કર્યો. પછી ચક્રરત્ન ત્યાંથી પશ્ચિમ દિશા તરફ ચાલ્યું. શાંતિનાથજી તેની પછવાડે ચાલ્યા. અનુક્રમે નાગરવેલના વન સાથે સોપારીનાં વૃક્ષો જેમાં મળેલાં છે એવા પશ્ચિમ સમુદ્રને કાંઠે પ્રભુએ છાવણી નાખી. આસન ચલિત થતાં પ્રભાસપતિએ ત્યાં આવી શાંતિનાથ પ્રભુની સેવા કરી તેમના શાસનને અંગીકાર કર્યું. ત્યાંથી સિંધુ દેવીને ઉદ્દેશી ચક્રરત્ન પશ્ચિમોત્તર (વાયવ્ય) દિશાને માર્ગે ચાલ્યું. શાંતિનાથજી તેના માર્ગને અનુસરી પછવાડે ચાલ્યા. સિંધુ દેવીના સ્થાનની નજીક સમુદ્રને તીરે પ્રભુએ ચલિત નગરના જેવી છાવણી નાંખી. પછી સિંધુદેવીને મનમાં ધારી યોગીની જેમ તેનું આકર્ષણ કરવામાં તત્પર એવા પ્રભુ તેની સન્મુખ સિંહાસન પર બેઠા. અવધિજ્ઞાનથી પ્રભુને આવેલા જાણી સિંધુદેવી ભેટ લઇ ભક્તિથી તત્કાળ તેમની પાસે આવી. પછી શાંતિનાથને નમી અંજલિ જોડીને

બોલી–' હે સ્વામી ! આ દેશમાં સેનાનીની જેમ હું તમારી આજ્ઞાકારી થઈને રહેલી છું ' આ પ્રમાણે કહીને તે ભક્તિવડે નમ્રદેવીએ રત્નસુવર્ણમય સ્નાનપીઠ અને કલશો તથા આભૂષણાદિક પ્રભુને ભેટ કર્યાં. ત્યાંથી સેના સહિત ચક્રરત્નની પછવાડે ચક્રવર્ત્તી ચાલ્યા. તે ઉત્તર પૂર્વ (ઇશાન) દિશાએ ચાલતાં વૈતાઢય પર્વતની સમીપની ભૂમિએ આવ્યા. ત્યાં વૈતાઢયાદ્રિકુમાર નામના દેવે પ્રભુ પાસે આવી ભેટ આપી અને પોતે વશ થઈને રહ્યો. ત્યાંથી ચક્રના માર્ગને અનુસરી પ્રભુ તમિસ્રા ગુહાની નજીક આવ્યા. ત્યાં રહેલા કૃતમાળ દેવને તત્કાળ વશ કરી લીધો. ત્યાંથી શાંતિનાથની આજ્ઞાથી સેનાપતિએ ચર્મરત્નવડે સિંધુ નદી ઉતરી તેના દક્ષિણ નિષ્કૂટને ક્ષણમાં સાધી લીધું. ત્યાંથી આવી સેનાપતિએ અમોઘ શક્તિવાળા દંડરત્નથી કપાટને તાડન કરી તમિસ્રા ગુફા ઉઘાડી. પછી પ્રૌઢ પરાક્રમવાળા પ્રભુએ ગજરત્નપર ચડી સિંહની જેમ તે ગુહામાં સૈન્યસહિત પ્રવેશ કર્યો. વિશ્વસેનના કુમાર શાંતિનાથે ગુહામાં અંધકારને છેદવા માટે ઉદયગિરિપર સૂર્યની જેમ ગજેંદ્રના દક્ષિણ કુંભ ઉપર મણિરત્ન સ્થાપિત કર્યું; અને હાથમાં કાંકણી રત્ન લઈ ગુહાની બંને બાજુ અનુક્રમે ઓગણપચાસ માંડલા આલેખતાં ચાલ્યા. આગળ ચાલતાં ગુહાના મધ્યમાં આવેલી ઉન્મગ્ના અને નિમગ્ના નામની નદી ઉપર પ્રભુએ વર્ધકિરત્ન પાસે એક પદ્યા (સેતુ) બંધાવી, તે સેતુથી શાંતિનાથ સૈન્ય સહિત તે દુસ્તર નદીઓ ઉતર્યા. **ભુજ પરાક્રમી પુરૂષોને સર્વ કાર્ય સરલ છે.** પછી પ્રાતઃકાલે સૂર્યના દર્શનથી કમળકોશની જેમ પ્રભુના દર્શનથી ગુહાનું ઉત્તર દ્વાર પોતાની મેળે જ ઉઘડી ગયું. તત્કાળ તે દ્વારથી પ્રભુ સૈન્ય સહિત બહાર નીકળ્યા. **પ્રવાહની જેમ મહાત્માઓને સર્વ ઠેકાણે અસ્ખલિત માર્ગ જ હોય છે.** ગુહામાંથી ચક્રવર્ત્તીને સૈન્ય સહિત નીકળેલા જોઈ ત્યાં રહેલા મ્લેચ્છો ઉપહાસ્યથી આ પ્રમાણે કહેવા લાગ્યા–" અરે ! જુઓ, સિંહોના યૂથથી ભરેલા અરણ્યમાં જેમ હાથી આવે, તેમ આપણા દેશમાં અપ્રાર્થિત (મૃત્યુ) ને પ્રાર્થનારો આ કોણ આવ્યો છે? ધૂલી વડે ધુંસરા અંગવાળો અને પોતાના આત્માને સુભટ માનનારા આ પદાતિજનો ગધેડાની જેમ ઇચ્છા પ્રમાણે કૂદી રહ્યા છે તે કોણ છે? કેટલાક વૃક્ષ પર વાનરો ચડે તેમ હાથી પર ચડી બેઠેલા, કેટલાક તરંગ પર વહાણની જેમ ઘોડા પર ચડેલા અને કેટલાક લૂલા હોય તેમ રથ પર આરૂઢ થયેલા આ સર્વે કોણ છે? આ અંગારાની શગડી જેવો લોઢાનો* ખંડ શું હશે! અહા ! આ બુદ્ધિ વગરના લોકોનું કેવું અવિચારિત કામ છે કે જેઓએ શિયાળની જેમ એકઠા થઈને આ ઉજાગરાનો આરંભ કર્યો છે? હવે આપણે તેઓની ઉપેક્ષા કરવી યોગ્ય નથી. ઉપેક્ષા કરેલો શત્રુ વિષ રૂપ છે. માટે કાકોલ પક્ષીઓ જેમ ટીડોને હણે તેમ આપણે તેમને હણી નાખીએ." આ પ્રમાણે પરસ્પર કહી હાથમાં વિવિધ હથીઆરો લઈ તેઓ શાંતિનાથ ચક્રીના અગ્ર સૈન્યની સાથે યુદ્ધ કરવાને પ્રવર્ત્યા. કોઈ મુદ્ગરોથી રાફડાની જેમ હાથીઓને મારવા લાગ્યા. કોઇ ગદાથી ઘડાની ઠીબની જેમ રથોને ભાંગવા લાગ્યા, કોઇ બાણ અને ત્રિશૂલથી કુતરાની જેમ અશ્વોને વીંધવા લાગ્યા, કોઇ મંત્ર વડે શબની જેમ શલ્યથી પેદલને ખીલી લેવા લાગ્યા.

આ પ્રમાણે વિચિત્ર રીતે મારતા અને મોટું યુદ્ધ વધારતા તે સર્વ વીરો સિંહનાદ કરીને વારંવાર ભુજાસ્ફોટ કરવા લાગ્યા. તે દુર્લલિત કિરાત લોકોએ વાનરોની જેમ ઉછળતા થકા ચક્રવર્ત્તીના અગ્રસૈન્યને વનની જેમ ભાંગી નાખ્યું. પોતાના અગ્રસૈન્યનો ભંગ

* આગળ ચાલતું ચક્ર.

થયેલો જોઈ શાંતિનાથનો સેનાપતિ આહૂતિ વડે અગ્નિની જેમ ભયંકર પ્રજ્વલિત થયો. તત્કાળ યમરાજની જેમ તૈયાર થઈ, હાથમાં ખડ્ગ રત્ન ધારણ કરી અને અશ્વરત્ન પર બેસી તે કિરાત લોકોની સામે દોડ્યો. તે વખતે સંયુક્ત થયેલા સેનાપતિરત્ન, અશ્વરત્ન અને ખડ્ગરત્ન-એ ત્રણે રત્નો જાણે ત્રણે પ્રકારના અગ્નિઓ એકત્ર મળ્યા હોય તેવા દેખાવા લાગ્યા. પાંદડાની ગરૂડની જેમ પૃથ્વીને ફાડતો અશ્વરત્ન સેનાપતિના મનની સાથે કિરાત સૈન્યમાં પેઠો. તે વખતે નદીના ઓઘની પાસે વૃક્ષોની જેમ સ્વાર કે પેદલ કોઈ પણ કિરાત તેની આગળ ઉભો રહેવાને પણ સમર્થ થઈ શકયો નહીં. કોઈ ખાડામાં ઝંપાપાત કરવા લાગ્યા, કોઈ વનની કુંજમાં સંતાઈ ગયા, કોઈ ગીરિઓની ગુફામાં પેસી ગયા, કોઇ પાણીમાં ડુબી ગયા, કોઈએ હથીઆરો છોડી દીધા, કોઈએ વસ્ત્ર ઉતારી નાંખ્યાં અને કોઇ મુડદાના જેવા નિશ્ચેષ્ટ થઇને પૃથ્વીપર લોટવા લાગ્યા. વૃક્ષોની શાખાની જેમ કોઈના હાથ, ફળની જેમ મસ્તક અને પત્રની જેમ હાથનાં કાંડાં પૃથ્વીપર ત્રુટી પડ્યાં. કોઇના દાંત, કોઈના પગ અને કોઈની તુંબપાત્રની જેમ માથાની ખોપરી તુટી પડી. સેનાપતિ અશ્વરત્નવડે રણસાગરમાં પ્રવેશ કરતાં જલજંતુઓની જેમ શત્રુઓને શી શી વિપત્તિ ન પ્રાપ્ત થઈ? આ પ્રમાણે સેનાપતિએ ક્ષોભ પમાડેલા કિરાત લોકો ક્ષણવારમાં પવને ઉડાડેલા રૂની જેમ દશે દિશાઓમાં નાસી ગયા. તેઓ ઘણા યોજન સુધી દૂર ગયા પછી એક ઠેકાણે એકઠા મળી ક્રોધ અને લજ્જાથી પીડિત થઇને વિચાર કરવા લાગ્યા -"અહો! આપણને અકસ્માત્ શું થયું, કે જેથી આ કોઇક વૈતાઢય પર્વતને ઉલ્લંઘન કરીને અહીં આવ્યો! તેમાં પણ એ અસમાન પુરૂષે ઉદ્વેલ સમુદ્ર જેમ પૃથ્વીને આચ્છાદન કરે તેમ અત્યંત સૈન્યથી આપણી પૃથ્વીને આચ્છાદન કરી લીધી! વળી તે સેનાના અંગરૂપ માત્ર કોઈ એક પેદલ જેવા ઉદ્ભટ પુરૂષે આપણી જેવા સુભટમાની અનેક પુરૂષોને ક્ષણવારમાં કૂટી નાખ્યા! આપણે કે જેઓની ભુજાઓ પરાક્રમથી ઉપસેલી છે તેઓ એક બીજાથી લજ્જા પામીને હવે પરસ્પર પણ મુખ બતાવવાને સમર્થ થઇ શકતા નથી; હવે આપણે શું બળતા અગ્નિમાં પેસવું! ઉંચા પર્વતના શિખરપરથી મરવાને માટે ઝંપાપાત કરવો! અથવા શું પોતાની મેળેજ ઉગ્ર કાળકૂટ ઝેર ખાવું! વા વૃક્ષોની ઉપર ગળાફાંસો બાંધી હીંચકાની જેમ શરીરને લટકાવવું! વા જીર્ણ વસ્ત્રની જેમ છરીઓથી પોતાનું પેટ ફાડવું! વા કાકડીના ખંડની જેમ દાંતવડે જિવ્હાને કરડવી! ઇત્યાદિ કોઈપણ પ્રકારથી અત્યારે મરણજ આપણું શરણ છે. આવો પરાભવ થાય ત્યારે કયો માની પુરૂષ જીવવાને સમર્થ થાય! પરંતુ હજી શત્રુઓને સાધવા માટે એક ઉપાય છે. આપણે આપણા કુળદેવતા મેઘકુમારોને બોલાવીએ. કેમકે જેઓને ઉપાય માત્ર ક્ષીણ થયા હોય, પુરૂષાર્થની સંપત્તિ ક્ષય પામી હોય અને જેઓ શત્રુઓથી દબાઇ ગયા હોય તેઓને કુળદેવતાનુંજ શરણ છે." આવો નિશ્ચય કરી તે સર્વે કિરાતલોકો ચક્રવર્ત્તીના પ્રતાપથી તપ્ત થઇ જલમાં મગ્ન થવાને ઇચ્છતા હોય તેમ સિંધુના તીર ઉપર આવ્યા. ત્યાં સર્વસ્વ હારી ગયેલા દ્યૂતકારની પેઠે તે સર્વે દીન અને દિશા માત્ર વસ્ત્રવાળા (નગ્ન) થઇ ચત્તા સુઈ ગયા. એ પ્રમાણે એકઠા થઈને મેઘકુમારને પ્રસન્ન કરવા માટે તેમણે અષ્ટમ તપ આચર્યું. દેવતાઓ તપ અને ભક્તિથી ગ્રાહ્ય છે. અષ્ટમ તપને અંતે મેઘકુમાર પ્રગટ થયા અને કહ્યું કે 'વત્સો! બ્હીશો નહીં, તમારે શી પીડા છે તે કહો.' ક્લેચ્છો બોલ્યા-'કોઇ ચક્રવર્ત્તી અમોને મારી નાખે છે. તેના ભયથી કાગડાની જેમ નાસીને અમે અહીં આવ્યા છીએ. હે ભગવંત મેઘકુમારો! અમારી રક્ષા કરો; અમારા ત્રાતા તમેજ છો, કેમકે પાછી ગયેલી છીંકવાળાને પ્રાયઃ એક સૂર્યજ શરણરૂપ છે.' મેઘકુમારોએ

કિરાતોને કહ્યું—'આજેજ અમે તમારા શત્રુઓને જળમાં ડુબાવી દઈ શીતળ મૃત્યુથીજ મારી નાખીશું.' પછી તે મેઘકુમારો જાણે પૃથ્વીને એકાર્ણવ કરવાને ધારતા હોય તેમ લોઢાના મુશલ જેવી જળધારાઓથી શાંતિનાથના સૈન્યમાં વર્ષવા લાગ્યા. જ્યારે પોતાની સર્વ છાવણી જલવડે વ્યાપ્ત જોવામાં આવી, ત્યારે એ પાંચમાં ચક્રવર્ત્તીએ કરવડે ચર્મ રત્નનો સ્પર્શ કર્યો. તેથી પાણીમાં જેમ સેવાળ, જળ અને ફીણનો પિંડ વધે તેમ ચર્મરત્ન બાર યોજન સુધી વિસ્તાર પામ્યું. શ્રી શાંતિનાથની આજ્ઞાથી જાણે લાંગર નાંખેલું સ્થિર વહાણ હોય તેવા તે ચર્મરત્નની ઉપર બધું સૈન્ય ચડી ગયું. પછી ચર્મરત્નની જેમ છત્રરત્નને કરથી સ્પર્શ કરી તેને સૈન્યની ઉપર બાર યોજન સુધી વિસ્તાર્યું. પુરૂષોમાં શિરોમણિ પ્રભુએ છત્રરત્નના દંડના મૂળમાં, ગોખમાં દીપકની જેમ અંધકારનો નાશ કરવાને માટે મણિરત્ન સ્થાપિત કર્યું. પછી તેમાં રહી સર્વ સૈન્ય પ્રાતઃકાલે વાવેલા અને મધ્યાન્હે પાકીને તૈયાર થયેલા શાળિ વિગેરે ખાવા લાગ્યું. એ ગૃહી રત્નનો મહિમા છે. જેમ સમુદ્રમાં વહાણવટી રહે તેમ શાંતિનાથ ચક્રી સૈન્ય સાથે તે જળમાં સાત દિવસ રહ્યા. પછી પ્રભુના સેવકદેવતાઓ કોપ કરી શસ્ત્ર ધારણ કરીને મેઘકુમારોને કહેવા લાગ્યા—"અરે મેઘકુમારો! તમે વિચાર્યા વગર આ શું આરંભ્યું છે? રે અભાગીઆઓ! તમે આત્મ-શક્તિ કે પરશક્તિને જાણતા નથી. જેના શિખરો આકાશ સુધી ઉંચા છે એવો સુવર્ણનો મેરૂગિરિ કયાં અને મૃત્તિકાના કે વેળુના બનેલા જાનુ સુધી ઉંચા રાફડા કયાં! બધા જગ-તને પ્રકાશ કરનાર સૂર્ય કયાં અને બજુઆના નાનાં બચ્ચાં કયાં! બલનું ધામ ગરૂડ કયાં અને સાર વગરના ટીડ કયાં! પૃથ્વીને ધારણ કરનાર શેષનાગ કયાં અને બીચારા નાના સાપનાં પડકાં કયાં! સ્વયંભૂરમણ સમુદ્ર કયાં અને ઘરની ખાળો કયાં! તેમજ ત્રૈલોક્યે વંદના કરેલા આ તીર્થંકર અને ચક્રવર્ત્તી કયાં અને અમારાથી જીતી શકાય તેવા બીચારા રાંકડા તમે કયાં! માટે શીઘ્ર હવે અહીંથી ચાલ્યા જાઓ. નહીંતો તમારો અપરાધ અમે સહન કરશું નહી." આ પ્રમાણે તેઓએ આડંબરથી કહ્યું, એટલે તે મેઘકુમારોએ કિરાતોને સમજાવ્યા કે 'આ શાંતિનાથ પ્રભુજ તમારૂં શરણ છે.' મેઘકુમારની શિક્ષાથી તે મ્લેચ્છો નિશ્વાસ મૂકી મદ રહિત થયેલા હાથીઓની જેમ ક્રોધ છોડીને શાંત થઇ ગયા. પછી વિચિત્ર વાહનો, અદ્‌ભુત આભૂષણો અને ઘણા મૂલ્યવાળાં વસ્ત્રો તથા સુવર્ણ અને રૂપાના રાશિઓ ભેટ આપવા માટે લઇને તે શરણાર્થી કિરાતો સર્વ અંગે આળોટી પૃથ્વીનું માર્જન કરતાં ત્યાં આવ્યા. શાંતિનાથને ભેટ અર્પણ કરી નમીને તેઓ બોલ્યા—"હે પ્રભુ! અરણ્યના વૃષ-ભની જેમ અમે સદા ઉન્મત્ત છીએ. તેથી તમે અમારા સ્વામી અહીં આવ્યા છો તેમ નહીં જાણતા એવા અમોએ સાહસથી જે અપરાધ કર્યો છે તે ક્ષમા કરો, અને અમારા-પર પ્રસન્ન થાઓ. આજથી આ પૃથ્વીને સાધનાર એવા તમેજ અમારા સ્વામી છો; અમોને આજ્ઞા કરો; વધારે શું કહીએ! હવેથી તમારા સેવક થઈને અમે અહીં રહીશું."

આ પ્રમાણે બોલતા તે મ્લેચ્છોનો સત્કાર કરી, ભેટ સ્વીકારીને પ્રભુએ તેમનો અનુગ્રહ કર્યો. પછી શાંતિનાથે સેનાપતિ પાસે સિંધુનો ઉત્તર નિષ્કૂટ સધાવ્યો. ત્યાંથી મોટી સેવા-વાળા પ્રભુ પોતાના બહોળા સૈન્યથી ગંગા અને સિંધુ નદીના અંતરને આચ્છાદન કરતા ત્યાંથી ક્ષુદ્ર હિમાલય પર્વત પાસે આવ્યા. ત્યાં પર્વતના અધિષ્ઠાયક હિમવત્કુમારે ગોશીર્ષ-ચંદનથી, પદ્મહ્રદના જળથી અને બીજાં રત્નોથી **શ્રી** શાંતિનાથનું પૂજન કર્યું. ત્યાંથી ઋષભકૂટાદ્રિએ જઈ કાંકણી રત્ન હાથમાં લઈ ચક્રવર્ત્તીના કલ્પ પ્રમાણે **'પાંચમા ચક્રવર્તી શાંતિનાથ'** એવા અક્ષરો લખ્યા. શત્રુઓના પરાક્રમને શાંત કરનાર શાંતિનાથ ત્યાંથી પાછા ફરી અનુક્રમે વૈતાઢ્ય પર્વતની પાસેની ભૂમિમાં આવ્યા. ત્યાં બંને શ્રેણીમાં રહેનારા વિદ્યા-

ધરોના રાજાઓએ આલોક અને પરલોકના સુખને માટે ચક્રવર્ત્તીનો સત્કાર કર્યો. ત્યાંથી ગંગાને તીરે જઈ પોતે ગંગાદેવીને સાધ્યા, અને સેનાપતિ પાસે ગંગાનો ઉત્તર નિષ્કૂટ સધાવ્યો. ત્યાંથી વૈતાઢ્ય નીચેની ખંડપ્રપાતા નામની ગુફા પાસે આવ્યા, અને ત્યાં રહેલા નાટ્યમાલ દેવને વશ કર્યો. સેનાનીએ દંડરત્નથી તે ગુહાને ઉઘાડી, અટલે શાંતિનાથ ચક્રીએ ચક્રરત્નને અનુસરીને તેમાં પ્રવેશ કર્યો; અને પૂર્વની પેઠે મણિરત્ન હાથીના કુંભસ્થળપર રાખીને દીપકની જેમ કાંકણીરત્નવડે મંડલ આળેખી ગુહાગૃહનો અંધકાર શાંત કરી દીધો. પછી સૈન્ય સહિત પ્રભુ વાર્દ્ધકી રત્ને બાંધેલી પાજથી ઉન્મગ્ના અને નિમગ્ના નદીના જલને ઉતરી ગયા. **પરાક્રમી પુરૂષોને કાંઈપણ દુષ્કર નથી.** પ્રાંતે પોતાની મેળે ઉઘડી ગયેલા તે ગુહાના દક્ષિણ દ્વારથી પ્રભુ સિંહની જેમ સેના સહિત બહાર નીકળ્યા. પછી ગંગા નદીના વિપુલ તટની ઉપર ગંગાના તરંગ જેવા ચપલ અશ્વોથી અલંકૃત એવી પોતાની છાવણી નાખી. ત્યાં ગંગાના મુખપર નિવાસ કરીને રહેલા નૈસર્પ વિગેરે નવનિધિ શાંતિપ્રભુ પાસે આવીને તેમને વશ થયા. પછી પ્રભુએ સ્વચ્છંદી મ્લેચ્છ લોકોથી ભરપૂર એવું ગંગાનું દક્ષિણ નિષ્કૂટ એકપાળ સાધે તેની પેઠે સેનાપતિ પાસે સધાવી લીધું.

આ પ્રમાણે શાંતિનાથ ચક્રવર્ત્તી ષટ્ અરિવર્ગની જેમ ષટ્ખંડ ભરતને સાધી આઠસો વર્ષે પાછા આવ્યા, પ્રતિદિન અવિચ્છિન્ન પ્રયાણવડે માર્ગે ચાલતાં એ લક્ષ્મીના ધામ નરહસ્તી પ્રભુ અનુક્રમે હસ્તીનાપુર આવી પહોંચ્યા. નગરમાં પ્રવેશ કરીને ચિરકાળના ઉત્કંઠિત મંત્રીજન અને પૌરજનોએ દેવીની જેમ અનિમેષ દૃષ્ટિએ જોયેલા પ્રભુ પોતાના મહેલમાં આવ્યા. ત્યાં દેવતાઓએ અને બીજા મુગટબદ્ધ રાજાઓએ શાંતિનાથને ચક્રવર્ત્તીપણાનો અભિષેક કર્યો. તે અભિષેકનો ઉત્સવ કોઈપણ પ્રકારના દંડ, કર અને સુભટપ્રવેશ વિના બાર વર્ષ સુધી હસ્તીનાપુરમાં પ્રવર્ત્યો.

ચક્રવર્ત્તી શાંતિનાથ, જેની દરેકની હજાર હજાર યક્ષો રક્ષા કરે છે એવાં ચૌદ રત્ન અને નવનિધિએ આશ્રિત કરેલા હતા. બત્રીસ હજાર અંતઃપુરની સ્ત્રીઓથી પરવરેલા હતા. ચોરાશીલાખ હાથી, ચોરાશીલાખ ઘોડા અને તેટલાજ રથોથી વિભૂષિત હતા. છન્નુકોટી ગ્રામ, છન્નુકોટી પાયદળ, બત્રીશ હજાર દેશ અને તેટલા રાજાઓના તે સ્વામી હતા. ત્રણસો ને ત્રેસઠ રસોઈઆ તેમની સેવા કરતા હતા. અઢાર શ્રેણી પ્રશ્રેણીવડે તેમની ભૂમિ શોભતી હતી. બોંતેરહજાર મોટા નગરોના રક્ષક હતા. એકહજારે ઊણા એક લાખ દ્રાણ મુખ ઉપર તેમનું શાસન ચાલતું હતું. અડતાળીશ હજાર પત્તન અને ચોવીશહજાર કર્ખટ તથા મડંબના તે અધીશ્વર હતા. વીશહજાર રત્નાદિકની ખાણોના અને સોળહજાર ખેટ ગ્રામના તે ઈશ હતા. ચૌદહજાર સંબાધના તથા છપ્પન અંતર દ્વીપના તે પ્રભુ હતા, અને ઓગણપચાશ કુરાજ્યોના નાયક હતા. વિશેષ બીજું શું કહેવું ! તેઓ ષટ્ખંડ ભરતને ભોગવતા હતા. હમેશાં ગીત, નૃત્ય, તાંડવ, નાટકના અભિનય, પુષ્પચય અને જલક્રીડા વિગેરેથી ઉત્તમ સુખ અનુભવતા હતા. ચક્રવર્ત્તીપણાના અભિષેકથી આરંભીને આઠસો વર્ષ ઊણા પચીસહજાર વર્ષો તેમણે રાજ્ય કરવામાં નિર્ગમન કર્યાં.

તે સમયે બ્રહ્મ દેવલોકમાં રહેનારા લોકાંતિક દેવતાઓનાં આસનો કોઈએ ચલાવ્યાં હોય તેમ કંપાયમાન થયાં. તે વખતે 'આ શું થયું' એમ સારસ્વતાદિ નવે પ્રકારના તે દેવતાઓ સંભ્રાંત થઇ ગયા, પછી ક્ષણવારે અવધિજ્ઞાનવડે તેનું કારણ જાણી તેઓ માંહોમાંહે કહેવા લાગ્યા–"અરે ! આ જંબૂદ્વીપના ભરતાર્દ્ધમાં શાંતિનાથ અર્હંતનો દીક્ષાસમય નજીક આવ્યો છે. તેના પ્રભાવથી જાણે સચેતન થયા હોય તેમ આ આસનો આપણને

તે પ્રભુની દીક્ષાકાળની ઉચિત ક્રિયા કરવાને સૂચવે છે. જોકે ભગવંત ત્રિવિધ જ્ઞાનવડે પોતાની મેળે જાણે છે તથાપિ આપણો આ કલ્પ છે, માટે ચાલો આપણે તે પ્રભુને વ્રતનો સમય જણાવીએ.” આ પ્રમાણે પરસ્પર આલાપ સંલાપ કર્યા પછી તત્કાળ વિમાનમાં બેસી તે સારસ્વતાદિ દેવતાઓ ભગવાન શાંતિનાથની પાસે આવ્યા. પ્રભુને ત્રણ પ્રદક્ષિણા-પૂર્વક પ્રણામ કરી અંજલિ જોડીને કહ્યું–‘ હે સ્વામી ! તીર્થ પ્રવર્ત્તાવો.’ આ પ્રમાણે કહી નમસ્કાર કરીને લોકાંતિકદેવો પાછા સ્વર્ગમાં ગયા. પછી જૃંભક દેવતાઓએ પૂરેલા દ્રવ્ય-વડે પ્રભુએ વાર્ષિક દાન આપ્યું. વર્ષાંતે પોતાની જેવા **ચક્રાયુધ** નામના પુત્રને રાજ્ય સોંપી પોતે સંયમસામ્રાજ્ય લેવા તત્પર થયા. તે વખતે ઇંદ્ર પ્રમુખ દેવતાઓએ અને ચક્રાયુધાદિ રાજાઓએ મળીને ચક્રવર્તીપણા જેવો પ્રભુને દીક્ષાભિષેક કર્યો. પછી **સર્વાર્થ** નામની શિબિકામાં રત્નસિંહાસન ઉપર જગત્પતિ આરૂઢ થયા. તે શિબિકાને પ્રથમ મનુષ્યોએ ઉપાડી અને પછી પૂર્વ તરફ વૈમાનીક દેવોએ, દક્ષિણ તરફ અસુરકુમારોએ, પશ્ચિમ તરફ સુપર્ણકુમારદેવોએ અને ઉત્તર તરફ નાગકુમારોએ વહન કરવા માંડી. તે શિબિકામાં બેસી અચિરાના કુમાર શાંતિનાથ **સહસ્રામ્રવણ** નામના ઉદ્યાનમાં ગયા. એ મનોહર ઉદ્યાન દિશાઓના મુખને સંધ્યાકાળના વાદળાના જેવા ગુલાબનાં પુષ્પોથી રક્તવર્ણી કરતું હતું. શીરીષનાં પુષ્પોથી જાણે ગ્રીષ્મ ઋતુની શોભાવડે પુલકિત થયું હોય તેવું દેખાતું હતું. જાણે ધર્મજલના બિંદુઓ હોય તેવા મલ્લિકાનાં પુષ્પો તેમાં શોભતાં હતાં. કામદેવનાં બાણ જેવા સુવર્ણ કેતકીના કોશથી તે અંકિત હતું. જેની નવીન કળિઓમાં ભમી ભમરાની શ્રેણી ગુંજારવ કરતી હતી એવા ઘાતકીનાં વૃક્ષો જાણે ગ્રીષ્મ ઋતુની લક્ષ્મીના ગાયક હોય તેમ ત્યાં શોભી રહ્યાં હતાં. વનલક્ષ્મીના સ્તન જેવા પુષ્પગુચ્છોની સંપત્તિવડે ખજૂરનાં વૃક્ષોથી જર્જર થયેલી વસંતલક્ષ્મીને તે હસી કાઢતું હતું. પાકેલા ફલ ઉપર ઉડી રહેલા પોપટોના ઘાટા પિંછાઓથી દ્વિગુણ થયેલી તામ્રપલ્લવની સમૃદ્ધિવડે તે ઘણું સુંદર લાગતું હતું. તેમાં રહેલી વાપિકાઓને વિષે જલક્રીડા કરવાના રસમાં નગરજનો અતિ આકુલવ્યાકુલ થઈ ગયા હતા.

એ ઉદ્યાનમાં આવી પ્રભુ શિબિકા ઉપરથી ઉતર્યા. પછી રાજ્યની પેઠે પુષ્પમાલ્ય અને રત્નાલંકારાદિક તજી દીધાં; અને જ્યેષ્ટ કૃષ્ણ ચતુર્દશીને દિવસે ભરણી નક્ષત્રમાં દિવસના પાછલા પહોરે સિદ્ધને નમસ્કાર કરી છઠ્ઠ તપવાળા પ્રભુએ એક હજાર રાજાઓની સાથે દીક્ષા ગ્રહણ કરી, તે સમયેજ તેમને મનપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યાર પછી બીજે દિવસે મંદિરપુરમાં **સુમિત્ર** રાજાને ઘેર પ્રભુએ પરમ અન્નથી પારણું કર્યું. તે વખતે દેવતાઓએ તે રાજાના મંદિરમાં વસુધારાદિ પાંચ દિવ્ય પ્રગટ કર્યાં. સુમિત્ર રાજાએ પ્રભુના ચરણને ઠેકાણે એક રત્નમય પીઠ કરાવી.

આસન અને શયનને બીલકુલ તજી દઈ મૂલોત્તર ગુણના આધારરૂપ પ્રભુ નિઃસંગ અને નિર્મમ થઈ પૃથ્વીપર વિહાર કરવા લાગ્યા. અનુક્રમે એક વર્ષને અંતે વિહાર કરતાં કરતાં પાછા હસ્તીનાપુરના સહસ્રામ્રવણ વનમાં આવ્યા. ત્યાં છઠ્ઠ કરીને નંદી વૃક્ષની નીચે શુકલ ધ્યાન ધરતા પ્રભુના ઘાતિકર્મ તુટી ગયાં. પોષ માસની શુકલ નવમીએ ચંદ્ર ભરણી નક્ષત્રમાં આવતાં શાંતિનાથ પ્રભુને ઉજ્જવલ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આસનકંપથી પ્રભુના કેવળજ્ઞાનની વાર્ત્તા જાણીને ઇંદ્રાદિક દેવતાઓ પ્રભુએ પવિત્ર કરેલા તે પ્રદેશમાં આવ્યા. સાવણીના ધરનાર હોય તેમ દેવતાઓએ સંવર્ત્તક પવન વિકુર્વીને એક યોજન સુધી કાષ્ઠતૃણાદિક તથા રજને દૂર કરી નાખી. પછી રજને શમાવવાને પ્રથમ ગંધોદકની અને

પછી પંચવર્ણી[૪] દિવ્ય પુષ્પોની જાનુ સુધી વૃષ્ટિ કરી. પછી સુવર્ણ શિલાઓથી તે ભૂમિને સાંધેસાંધ મેળવીને બાંધો લીધી, અને પૂર્વાદિ ચારે દિશાઓમાં રમણીક તોરણો બાંધ્યાં. મધ્યમાં મણિમય પીઠ કરી ચાર ગોપુર[૧]વડે સુંદર એવા રૂપ્ય, સુવર્ણ અને રત્નના ત્રણ પ્રાકાર[૨] વિકુર્વ્યા. તેની ઉપર રત્નવપ્રની મધ્યમાં ચારચો ને એંશી ધનુષ ઉંચું એક ચૈત્યવૃક્ષ કર્યું. તેની નીચે દેવતાઓએ અનુપમ દેવચ્છંદ રચ્યો. તેની ઉપર પૂર્વાદિ ચારે દિશાની સન્મુખ ચાર રત્નમય સિંહાસન રચ્યાં. ચોત્રીશ અતિશયોથી પ્રકાશિત ભગવંત શાંતિનાથે પૂર્વ દ્વારાથી સમોસરણમાં પ્રવેશ કર્યો અને ચૈત્ય વૃક્ષને પ્રદક્ષિણા કરી **'तीर्थायनमः'** એમ કહ્યું. **પરંપરાથી અર્હંતોની એ સ્થિતિ છે.** પછી પ્રભુ પૂર્વ સિંહાસન ઉપર પૂર્વાભિમુખે બેઠા; એટલે બીજી ત્રણ દિશાઓમાં દેવતાઓએ તેમના ત્રણ પ્રતિબિંબ વિકુર્વ્યાં. પછી શ્રી ચતુર્વિધ સંઘ[૩] યથાયોગ્ય દ્વારે પ્રવેશ કરી પ્રભુના મુખ સામું જોતો યોગ્ય સ્થાનકે બેઠો. પરસ્પર વિરોધી એવા તિર્યંચો પણ મધ્ય વપ્રમાં આવીને બેઠા, અને નીચલા પ્રકારમાં બધાં વાહનો રાખવામાં આવ્યાં.

તે સમયે સહસ્રામ્રવનના ઉદ્યાનપાલકોએ હર્ષથી પ્રફુલ્લિત લોચને નગરમાં આવી ચક્રાયુધ રાજાને ખબર આપ્યા કે 'મહારાજ! આપ હમણા સારે ભાગ્યે વૃદ્ધિ પામો છો. કેમકે આપણા સહસ્રામ્રવનમાં સ્થિતિ કરી રહેલા શ્રી શાંતિનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે.' આ પ્રમાણે સાંભળી ચક્રાયુધ ઘણો હર્ષ પામ્યો. તત્કાળ તેમને પારિતોષિક આપી પ્રભુની પાસે આવ્યો, અને પ્રભુને પ્રદક્ષિણા પૂર્વક પ્રણામ કરી વિનયથી ઈંદ્રની પછવાડે બેઠો. પછી ફરીવાર પ્રભુને નમી ચક્રાયુધ અને ઈંદ્ર બંને હર્ષથી ગદ્ગદ એવી ગિરાવડે આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

"હે જગત્પતિ! દિનના[૪] ઉત્સવને કરનાર જ્ઞાનસૂર્યરૂપ તમારા ઉદયથી આજે જગતનો "કલ્યાણદશામાં પ્રવેશ થયો છે. હે જગદ્ગુરૂ! અમારી જેવાને પૂર્વ પુણ્યના યોગથીજ "કલ્યાણપ્રાપ્તિના ચિંતામણિ રૂપ તમારા કલ્યાણકના ઉત્સવો પ્રાપ્ત થાય છે. હે જગન્નાથ! "તમારા દર્શનરૂપ જલના તરંગો સર્વ પ્રાણીઓના કષાયાદિ મલથી ભરેલા મનને ધોઇ "નાખે છે. કર્મને છેદવાને મોટો યત્ન કરી તમે જે પૂર્વે તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું "તેજ તમારૂં નિઃસ્વાર્થ પરોપકારીપણું છે. આ જગતમાં ઘોર સંસારથી ભય પામેલા "પ્રાણીઓને તમારૂં આ સમોસરણ મોટા કિલ્લાની પેઠે શરણ રૂપ છે. હે પ્રભુ! તમે "સર્વ જીવોના સર્વ ભાવ જાણો છો અને સદા હિતકારી છો, થી તમારી પાસે કાંઈપણ "પ્રાર્થના કરવાની જરૂર નથી. તથાપિ એટલી પ્રાર્થના કરૂં છું કે જેમ તમે પૃથ્વીમાં "વિહાર કરી ગામ, આકર અને નગર વિગેરેને ક્ષણે ક્ષણે છોડી દ્યો છો, તેમ કોઈ વખત "પણ મારા હૃદયને છોડશો નહીં; અને હે ભગવન્! તમારા પ્રસાદથી નિરંતર તમારા "ચરણકમલમાં મારૂં ચિત્ત ભ્રમરરૂપ થયેલું રહે એવી રીતે મારો સર્વ કાલ નિર્ગમન થજો."

આ પ્રમાણે ઈંદ્ર અને ચક્રાયુધ ભગવંતની સ્તુતિ કરીને મૌન રહ્યા; એટલે ભગવંત શાંતિનાથે દેશના આપવા માંડી.

"અહો! આ ચાર ગતિવાળો સંસાર દાવાનળની જેમ અનેક દુઃખોની પરંપરાનું "મૂળ કારણ છે. મોટા મંદિરને આધારભૂત જેમ સ્તંભ હોય તેમ તે સંસારને ક્રોધ,

---

૧. દરવાજા ૨. ગઢ. ૩ શ્રી સંઘમાં સમ્યક્દૃષ્ટિ દેવીદેવતાઓનો સમાવેશ શ્રાવકશ્રાવિકામાં થાય છે. ૪ દિવસ; બીજે પક્ષે સંસારદુઃખમાં દબાયેલા દીન એવા સંસારી જનો.

" માન, માયા અને લોભ એ ચાર કષાય ચાર સ્તંભરૂપ છે. તે કષાય ક્ષીણ થતાં સંસાર
" પોતાની મેળે ક્ષીણ થઇ જાય છે. જેમ ' મૂળીઆં સુકાઈ જતાં વૃક્ષ એની મેળે જ સુકાઇ
" જાય છે.' પણ ઇંદ્રિયોનો જય કર્યા વગર તે કષાયને જીતવાને કોઈપણ સમર્થ થતું
" નથી. કેમકે પ્રજ્વલિત અગ્નિ વિના સુવર્ણનું જાડ્ય હણાતું નથી; ચપળ અને ઉન્માર્ગે
" ચાલનારા એ ઇંદ્રિયરૂપ અદાંત[1] અશ્વો પ્રાણીને ખેંચીને તત્કાળ નરકરૂપ અરણ્યમાં
" લઈ જાય છે. ઇંદ્રિયોથી જીતાએલો પ્રાણી કષાયોથી પણ પરાભવ પામે છે. ' વીર પુરુ-
" ષોએ જેની વચમાંની ઈંટો ખેંચી લીધી હોય તેવો કિલ્લો પછી કોનાથી ખંડિત ન
" થાય ?' પ્રાણીઓની નહીં જીતાએલી ઇંદ્રિયો તેને ઘાત, પાત, બંધ અને વધને માટેજ
" થાય છે. સ્વાર્થે પરવશ એવી ઇંદ્રિયોથી કયો પુરૂષ નથી હેરાન થતો ? કદિ તે શાસ્ત્રા-
" ર્થને જાણનારો હોય તથાપિ ઇંદ્રિયોને વશ થવાથી બાળકની પેઠે ચેષ્ટા કરે છે. આ
" કરતાં વધારે તે ઇંદ્રિયોનું લજ્જાવાળું સ્થાનક કયું બતાવીએ કે જેનાવડે ભરત રાજાએ
" પણ બાહુબળ જેવા બંધુ ઉપર ચક્ર મૂકયું ? બાહુબળિનો જય અને ભરતનો પરાજય
" એ જયપરાજયને વિષે પણ સર્વ ઇંદ્રિયોનું ચેષ્ટિતજ છે. ચરમ ભવમાં રહેલા પુરૂષો
" પણ જેનાવડે શસ્ત્રાશસ્ત્રિ યુદ્ધ કરે છે તેવા ઇંદ્રિયોના દુરંત મહિમાથી લજ્જાવા
" જેવું છે. કદી પ્રચંડ ચરિત્રવાળી ઇન્દ્રિયોથી પશુઓ અને સામાન્ય મનુષ્યો
" દંડાય પણ જે મોહને શાંત કરનારા[2] અને પૂર્વવેત્તા[3] હોય છે તેઓ પણ દંડાય
" છે, તે અતિ અદ્ભુત વાર્ત્તા છે. ઇંદ્રિયોએ જીતી લીધેલા દેવ, દાનવ, મનુષ્ય અને
" તપસ્વીઓ પણ નિંદિત કર્મ કરે છે, તે કેવી ખેદની વાત છે ! ઇંદ્રિયોને વશ થયેલા
" પ્રાણીઓ અખાદ્ય[4] વસ્તુ ખાય છે, અપેય[5] વસ્તુ પીવે છે અને અગમ્ય[6] સાથે ગમન
" કરે છે. નિર્દય ઇંદ્રિયોથી હણાઈ ગયેલા પ્રાણીઓ કુલશીલથી રહિત થઇ વેશ્યાઓનાં
" પણ નીચ કામ અને દાસત્વ કરે છે. મોહાંધ મનવાળા પુરૂષોની પરદ્રવ્ય અને પરસ્ત્રીમાં
" જે પ્રવૃત્તિ થાય છે તે જાગ્રત ઇંદ્રિયોનોજ વિલાસ છે. જે ઇંદ્રિયોના વશપણાને લીધે
" હાથ, પગ અને ઇંદ્રિયોનો છેદ તેમજ મરણ પણ થાય છે તે ઇંદ્રિયોની વાતજ શી
" કરવી ! જેઓ પોતે ઇંદ્રિયોથી જીતાઇ ગયેલા છે અને બીજાને વિનયનું ગ્રહણ કરાવે છે
" તેવા પુરૂષોને જોઇ વિવેકી પુરૂષો હાથવડે મુખ ઢાંકીને હસે છે. શ્રી વિતરાગ પ્રભુ વિના
" ઇંદ્રથી માંડીને એક કીડા સુધી સર્વ જંતુઓ ઇંદ્રિયોથી જીતાઈ ગયેલાજ છે. હાથિ-
" ણીના સ્પર્શથી ઉપજતા સુખને આસ્વાદન કરવાની ઇચ્છાથી સુંઢને પ્રસારતો હસ્તી તત્કાલ
" આલાન (ખીલો) બંધના કલેશમાં આવી પડે છે. અગાધ જળમાં વિચરનાર મીન ગળ-
" ગતમાંસને[7] ગળતાં ઢીમરના હાથમાં દીનપણે આવી જાય છે. મત્ત માતંગના ગંડસ્થલ
" ઉપર ગંધને લોભે ભમતો ભમરો કર્ણતાલના આઘાતવડે તત્કાળ મૃત્યુ પામી જાય છે.
" સુવર્ણના છેદ જેવી દીપશિખાના દર્શનથી મોહિત થયેલો પતંગ સહસા દીપમાં પડીને
" મરણ પામે છે. મનોહર ગીતોને સાંભળવામાં ઉત્સુક એવા હરિણ કાન સુધી ધનુષ્યને
" ખેંચીને રહેલા શીકારીનો વેધ્ય થઇ પડે છે. એવી રીતે એક એક વિષય સેવવાથી પં-
" ચત્વ[8] પમાય છે તો એક સાથે પાંચે વિષયો સેવવાથી કેમ પંચત્વ ન પમાય ? તે માટે
" મહામતિ પુરૂષે મનઃશુદ્ધિવડે ઇંદ્રિયોનો જય કરવો. કેમકે તેના વિના યમનિયમથી કા-

---

૧ દમન કર્યા વિનાના. ૨ ઉપશાંત મોહ નામના અગિયારમે ગુણસ્થાનકે પહોંચેલા. ૩ ચૌદ પૂર્વના જ્ઞાનવાળા. ૪ બાવીશ અભક્ષ્ય બત્રીશ અનંતકાયાદિ. ૫ મદિરાદિક ૬ માતા, બેન, પુત્રી, ગુરૂની સ્ત્રી, શેઠાણી, વ્રતની વિગેરે ૭ માછીઓએ જળમાં લોઢાના કાંટાપર લગાડેલ માંસ. ૮ મરણ.

" યાને કલેશ પમાડવો તે વૃથા છે. જે ઈંદ્રિયોના ગ્રામને જીતતો નથી તે દુઃખે પ્રતિબોધ
" પામી શકે છે, માટે સર્વ દુઃખમાંથી મુકત થવાને ઇંદ્રિયોનો જય કરવો. ઇંદ્રિયોની
" સર્વથા પ્રવૃત્તિ કરવી નહીં તેથી કાંઈ તેનો વિજય થતો નથી; પણ તેનાવડે ઉપજતા
" રાગદ્વેષથી મુક્ત થવું, જેથી તેની પ્રવૃત્તિ પણ તેના જય રૂપ થાય છે. પછી તે ઇંદ્રિ-
" યોના વિષય તેની પાસે રહ્યા હોય તોપણ ઇંદ્રિયોથી સ્પર્શ કરવાને અશકય થાય છે,
" માટે બુદ્ધિમાન પુરૂષે તેમાં જે રાગદ્વેષ ઉપજે છે તેને તજી દેવા. સદા સંયમી યોગીઓની
" ઇંદ્રિયો હણાયેલીજ હોય છે, તેથી તેઓના નિહત અર્થ[1] હણાયેલા હોતા નથી અને
" અહિતકારી વસ્તુઓ હણાયેલ હોય છે. જીતેલી ઇંદ્રિયો મોક્ષને માટે થાય છે અને નહીં
" જીતેલી સંસારને માટે થાય છે; માટે તેમાં જે તફાવત છે તેને સમજીને જે યોગ્ય લાગે
" તે કરવું. રૂ વિગેરેના કોમળ સ્પર્શમાં અને પાષાણ વિગેરેના કઠોર સ્પર્શમાં જે પ્રીતિ
" અને અપ્રીતિ થાય છે તે મિથ્યા છે, એવું ધારી તેનો ત્યાગ કરવાવડે સ્પર્શ ઇંદ્રિયનો
" જય કરવો. ભક્ષ્ય પદાર્થોના સ્વાદિષ્ટ રસમાં અને કટુ રસમાં પ્રીતિ ને અપ્રીતિ બંનેને
" તજીને જિવ્હા ઇંદ્રિયને જીતી લેવી. સુગંધ અને દુર્ગંધ ઘ્રાણેંદ્રિયમાં પ્રાપ્ત થતાં તેને
" વસ્તુ પરિણામરૂપ વિચારીને ઘ્રાણ ઇંદ્રિયનો જય કરવો. મનોહર કે નઠારૂં રૂપ જોઇને
" તેનાવડે ઉપજતા હર્ષ અને જુગુપ્સાને ત્યાગ કરી ચક્ષુ ઇંદ્રિયને જીતી લેવી. વીણાદિ-
" કના શ્રાવ્ય-મધુર સ્વરમાં અને ગધેડા વિગેરેના દુઃશ્રાવ્ય સ્વરમાં રતિ અને જુગુપ્સાને
" જીતવાથી શ્રોત્રેંદ્રિયનો જય થાય. કોઇપણ સારો કે નઠારો એવો વિષય નથી કે જે
" ઇંદ્રિયોએ અનેક વખત ભોગવ્યો ન હોય, તો શામાટે હવે સ્વસ્થપણાને ન સેવવું ?
" કોઇવાર શુભ વિષયો અશુભ થઈ જાય છે અને અશુભ વિષયો શુભ થઈ જાય છે, તો
" ઇંદ્રિયોથી કોનામાં રાગ ધરવો કે કોનામાં વિરાગ ધરવો ? કદિ કોઈ કારણથી તે વિષય
" રૂચિકર કે અરૂચિકર થાય પણ તત્ત્વથી જોતાં કદિપણ પદાર્થોમાં શુભ કે અશુભપણું
" હોતું નથી, તેથી જે પ્રાણી મનની શુદ્ધિથી ઇંદ્રિયોને જીતી કષાયને ક્ષીણ કરે છે તે
" થોડા કાળમાં અક્ષીણ સુખવાળા મોક્ષમાં જાય છે."

આ પ્રમાણે કર્ણમાં અમૃતવૃષ્ટિ જેવી પ્રભુની દેશના સાંભળીને ચક્રાયુધે સંવેગ યુક્ત થઇ ભગવંતને કહ્યું–" હે સ્વામી ! માત્ર કલેશનાજ સ્થાનરૂપ એવા આ સંસા-રથી હું ભય પામ્યો છું. બલવાન અને વિવેકી પુરૂષનું પણ પુરૂષાભિમાન તેમાં રહેતું નથી. ઘરમાં જ્યારે અગ્નિ લાગે અને વહાણ જ્યારે ફુટી જાય તે વખતે તેનો નાયક તેમાં જે કાંઇ સારવસ્તુ હોય તે લઇને બીજે જાય છે તેમ જન્મ, જરા અને મરણાદિકથી વિકરાળ એવા આ સંસારમાંથી સારભૂત એવા એક આત્માને લઇને હું તમારે શરણે આવ્યો છું. હે પ્રભુ ! આ ભવસાગરમાં પડતા એવા મારી ઉપેક્ષા કરશો નહીં. મને તો તે સંસારસમુદ્રથી ઉતરવાને નાવરૂપ દીક્ષા હમણાજ આપો." પ્રભુએ કહ્યું કે 'તમારા જેવા વિવેકીને તેમજ ઘટે છે.' આ પ્રમાણે કહેવાથી તરતજ ચક્રાયુધે પોતાના કવચધારી પુત્ર કુરૂચંદ્રને રાજ્ય સોંપ્યું અને પોતે બીજા પાંત્રીશ રાજાઓની સાથે પ્રભુ પાસે સંઘની સાક્ષીએ દીક્ષા ગ્રહણ કરી.

ચક્રાયુધ વિગેરે છત્રીશ ગણધરોને પ્રભુએ ઉત્પાદ, વિગમ અને ધ્રૌવ્ય એ ત્રિપદીનો ઉપદેશ કર્યો તે ત્રિપદીને અનુસારે તેમણે દ્વાદશાંગી રચી. પછી પ્રભુએ તેમને અનુયોગ-અનુજ્ઞા અને ગણાનુજ્ઞા આપી. તે સમયે ઘણા નર અને નારીઓએ પ્રભુની પાસે દીક્ષા લીધી, અને કેટલાકે સમકિત પૂર્વક શ્રાવકપણું સ્વીકાર્યું. પ્રથમ પૌરૂષી પૂર્ણ થયા પછી

---

૧ હિતકારક અર્થ.

પ્રભુ ઊઠીને મધ્ય પ્રાકારના મંડનરૂપ દેવચ્છંદા ઉપર વિશ્રામ લેવા બેઠા. પછી પ્રભુના ચરણપીઠ ઉપર બેસી મુખ્ય ગણધર ચક્રાયુધે સંઘની આગળ દેશના આપવા માંડી. બીજી પૌરૂષી પૂર્ણ થતાં તેમણે પણ દેશના સમાપ્ત કરી. પછી દેવતા વિગેરે સર્વ પ્રભુને નમી પોતાને સ્થાનકે ગયા. તેમના તીર્થમાં સુવરના વાહનવાળો, શ્યામવર્ણ ધરનારો, ડુક્કરના જેવા મુખવાળો, બે દક્ષિણ કરમાં બીજોરૂં અને કમલ, ને બે વામ કરમાં નકુલ અને અક્ષસૂત્રને ધરનારો ગરૂડ નામે શાંતિનાથ પ્રભુનો શાસનદેવતા થયો; અને ગૌર અંગવાળી, કમલના આસનપર બેસનારી, બે દક્ષિણ ભુજામાં પુસ્તક અને ઉત્પલ અને વામ ભુજામાં કમંડલ અને કમળને ધરનારી **નિર્વાણી** નામે પ્રભુની શાસનદેવી થઇ. તે બંને શાસનદેવતા નિરંતર જેમની સાનિધ્યમાં રહેતા હતા એવા શાંતિનાથ પ્રભુએ ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ કરવા માટે ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો.

એકદા વિહાર કરતા પ્રભુ પાછા હસ્તીનાપુર નગરે આવ્યા. કરૂણાનિધિ ભગવાન ત્યાં સમોસર્યાના ખબર સાંભળી કુરૂચંદ્ર પુરજન અને દેશજનને સાથે લઇ અમાવાસ્યાને દિવસે સૂર્યની પાસે જેમ ચંદ્ર આવે તેમ પ્રભુની પાસે આવ્યો. ચતુર્વિધ સંઘ યોગ્ય સ્થાને બેઠો. એટલે પ્રભુએ સંસારમાં વૈરાગ્ય ઉત્પન્ન કરનારી દેશના આપી. દેશનાને અંતે પ્રભુને નમી કુરૂચંદ્ર બોલ્યો–"હે સ્વામી ! પૂર્વ જન્મના કયા શુભ કર્મથી હું અહીં રાજ્ય પામ્યો છું ? પ્રતિદિન અદ્‌ભુત એવાં પાંચ વસ્ત્ર અને ફલાદિક મને પૂર્વના કયા કર્મથી ભેટ મળે છે ? અને તે ભેટની વસ્તુઓ હું ઈષ્ટ જનને આપીશ એવું ધારીને હું કયા કર્મથી તેનો ઉપભોગ પણ કરતો નથી, તેમ બીજાને આપતો પણ નથી ?" પ્રભુ બોલ્યા–"જે તને આ રાજ્યલક્ષ્મી મળી છે અને પ્રતિદિન પાંચ વસ્તુની ભેટ મળે છે તે પૂર્વે દીધેલા મુનિદાનના પ્રભાવથી મળે છે, અને જે તેનું દાન કે ઉપભોગ થઈ શકતાં નથી તે સાધારણ પુણ્યને લીધે છે. કેમકે 'જે વસ્તુ બહુને આધીન હોય છે તે એકથી ભોગવી શકાતી નથી.' તેથીજ 'આ વસ્તુ હું ઈષ્ટ જનને આપીશ' એવો તને વિચાર થયા કરે છે. **પ્રાણીઓને પૂર્વકર્મને અનુસારેજ બુદ્ધિ ઉત્પન્ન થાય છે.** હવે તારૂં વિશેષ ચરિત્ર સાંભળ.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રને વિષે કોશળ નામે દેશમાં **શ્રીપુર** કરીને એક નગર છે. તેમાં **સુધન, ધનપતિ, ધનદ** અને **ધનેશ્વર** નામે ચાર સરખી વયના વણિકપુત્રો સહોદર હોય તેમ મિત્રપણે રહેતા હતા. એક વખતે તે ચારે મિત્ર એકઠા થઇ ધન ઉપાર્જન કરવાને માટે દ્રોણ નામના પુરૂષની પાસે ઘણું ભાતું ઉપડાવી **રત્નદ્વીપ** પ્રત્યે ચાલ્યા. માર્ગમાં એક મહાટવી આવી. તે અટવી ઘણી ખરી ઉતરી ગયા પણ તે વખતે જોડે ભાતું ઘણું હતું તે છતાં પણ ખુટી જવા આવ્યું. આગળ ચાલતાં કાઉસગ્ગ ધ્યાને રહેલા એક મુનિ તેમના જોવામા આવ્યા; તે ક્ષણે તેમણે વિચાર્યું કે 'આ મુનિને કાંઈક વહોરાવીએ તો સારૂં.' પછી તેઓએ ભાતું વહન કરનારા દ્રોણને કહ્યું કે 'હે ભદ્ર ! આ મહર્ષિને કાંઇક ભાતું આપ.' એટલે તેણે અધિક શ્રદ્ધાથી મુનિને પ્રતિલાભિત કર્યા. તેથી તેણે મહા ભોગફળકર્મ ઉપાર્જન કર્યું. ત્યાંથી સર્વે રત્નદ્વીપે આવ્યા. ત્યાં સારો વ્યાપાર કરી પુષ્કળ ધન ઉપાર્જન કરી પુનઃ પોતાને નગરે આવ્યા. અને તે પુણ્યના બીજથી સર્વે આનંદ પામવા લાગ્યા. **સ્વાતી નક્ષત્રનું જલ એકવાર મળે તો પણ ધાન્ય ઉત્પન્ન થાય છે.** ચાર શ્રેષ્ઠિપુત્રમાં ધનેશ્વર અને ધનપતિ જરા માયાવી હતા, અને દ્રોણની વૃત્તિ તે ચારેથી શુદ્ધ હતી. તે દ્રોણ આયુષ્યનો ક્ષય થતાં પ્રથમ મૃત્યુ પામી મુનિદાનના પ્રભાવથી હસ્તીનાપુરના

રાજાનો તું પુત્ર થયો છે. તારા ગર્ભસમયે તારી માતાએ સ્વપ્નમાં મુખ વિષે ચંદ્રને પ્રવેશ કરતાં જોયો હતો, તેથી પિતાએ તારૂં કુરૂચંદ્ર એવું નામ પાડયું છે. જે સુધન અને ધનદ હતા તેઓ મૃત્યુ પામીને વણિકપુત્રો થયેલા છે, તેમાં સુધન કાંપિલ્યપુરમાં **વસંતદેવ** નામે વણિકપુત્ર થયો છે અને ધનદ કૃત્તિકાપુરમાં **કામપાળ** નામે થયો છે. પેલા માયાવી ધનપતિ અને ધનેશ્વર કાળયોગે મૃત્યુ પામી **મદિરા** અને **કેસરા** નામે કોઈ વણિકની પુત્રીઓ થયેલ છે. ધનપતિ શંખપુરમાં મદિરા નામે અને ધનેશ્વર જયંતી નગરીમાં કેસરા નામે ઉત્પન્ન થયેલ છે.

તે ચારે જણ અનુક્રમે મોટા થઇ શિશુવયને ઉલ્લંઘન કરી નવીન યૌવનવયને પ્રાપ્ત થયા; તેમાં સુધનનો જીવ જે વસંતદેવ થયેલો છે તે અન્યદા કાંપિલ્યપુરથી વ્યાપારને માટે જયંતી નગરીએ આવ્યો, ત્યાં તેણે ધન ઉપાર્જન કર્યું. એક વખતે અષ્ટમીનો ચંદ્રોત્સવ હતો, તેથી વસંતદેવ રતિનંદન નામે ઉદ્યાનમાં ગયો. ત્યાં દૈવયોગે ધનેશ્વરનો જીવ જે કેસરા થયેલો હતો તે કેસરા વસંતદેવના જોવામાં આવી. તેણીએ પણ સ્નિગ્ધ દૃષ્ટિથી વસંતદેવની સામું જોયું. એટલે તે બંનેને પરસ્પર પૂર્વ જન્મનો સ્નેહ પ્રગટ થયો. ત્યાં જયંતીનગરીનો નિવાસી પ્રિયંકર નામે વણિકપુત્ર હતો, તેને વસંતદેવે પૂછયું કે 'આ સ્ત્રી કોણ છે? અને કોની પુત્રી છે?' પ્રિયંકરે કહ્યું કે 'આ **પંચનંદી** નામે શેઠની પુત્રી, **જયંતિદેવની** બેન છે અને એનું નામ કેસરા છે, ત્યારથી વસંતદેવે કેસરાના ભાઈ જયંતીદેવની સાથે સ્નેહ કરવા માંડયો, અને એક બીજાને ઘેર જવા આવવા માંડયું. એક વખતે જયંતિદેવે વસંતદેવને જમવાનું નિમંત્રણ કર્યું. **એ પ્રકાર મૈત્રીરૂપ વૃક્ષનો દોહદ છે.** ત્યાં નેત્રરૂપ કુમુદને કૌમુદી સમાન કેસરા પુષ્પ વડે કામદેવની પૂજા કરતી તેના જોવામાં આવી, અને તેજ વખતે જયંતિદેવના હાથમાંથી પુષ્પની માળા લેતાં વસંતદેવને પણ તેણે સાનુરાગ દૃષ્ટિએ અવલોકયો. તે સમયે આ અનુકૂલ શુકન થયું, એમ બંનેને હર્ષ થયો. કેમકે **પરસ્પર જે શુભ ચેષ્ટા થાય તે બંનેને સારૂં પરિણામ આપે છે.** તે વખતે કેસરા અને વસંતદેવનો ભાવ ત્યાં રહેલી **પ્રિયંકરા** નામે ધાત્રીપુત્રીના જાણવામાં આવ્યો. **ચેષ્ટા ઉપરથી બીજાના હૃદ્‌ગત ભાવને જાણનારા માણસોને પરહૃદય જાણવું સહેલું છે.** પછી કેસરાના ભાઇએ વસંત જેમ કામદેવની પૂજા કરે, તેમ પોતાના મિત્ર વસંતદેવની પૂજા કરી. તે સમયે ધાત્રીસુતા પ્રિયંકરાએ કેસરાને કહ્યું–'કેસરા! તારા ભાઈ મિત્રની પૂજા કરે છે, તો તું પણ કાંઇ યોગ્ય લાગે તે કર.' તેનાં આવાં વચનથી એક સાથે લજ્જા, ભય અને હર્ષને ધારણ કરતી કેસરા બોલી–'તું ઉચિત જાણે છે, તો જે યોગ્ય લાગે તે તું જ કર.' પછી પ્રિયંકરા તેના આંગણામાં રહેલી પ્રિયંગુ વૃક્ષની મંજરી અને કક્કોલ વિગેરે લઇ વસંતદેવ પ્રત્યે બોલી–'હે સુંદર! લ્યો, આ મારા સ્વામિની પોતાને હાથે ચૂંટીને ઇષ્ટને આપવા લાયક પુષ્પ અને ફળો તમને આપે છે. 'હું તે બાલાને અભિષ્ટ છું' એમ વિચારી હર્ષ પામતા વસંતદેવે પોતાના હાથે તે પુષ્પ અને ફળ ગ્રહણ કર્યાં. પછી પોતાના નામની મુદ્રિકા તેને આપીને વસંતદેવે કહ્યું કે તમે તેને કહેજો કે 'આ કાર્ય તમે બહુ સારૂં કર્યું, હવેથી સદા ઇષ્ટને અનુકૂળ વર્ત્તજો.' પ્રિયંકરાએ આવું દૃઢ અનુરાગરૂપ અંકુરને ઉત્પન્ન કરવામાં મેઘજળ જેવું વચન કેસરાને કહ્યું. તે રાત્રિએ કેસરાએ પાછલે પહોરે સ્વપ્નમાં પોતાનું પાણિગ્રહણ કરતા એવા વસંતદેવને જોયો, અને વસંતદેવ પણ સ્વપ્નમાં તેને પરણ્યો. તેઓનું સ્વપ્ન દર્શન પણ તેમને વિવાહથી અધિક હર્ષદાયક થઇ પડયું. તત્કાળ શરીર રોમાંચિત કરી કેસરાએ એ સ્વપ્નની વાત પ્રિયંકરાને જણાવી.

તેજ વખતે નજીક રહેતા પુરોહિતે અકસ્માત કહ્યું કે ' એ પ્રમાણે અવશ્ય થશે. ' તે સાંભળી પ્રિયંકરાએ કેસરાને કહ્યું–' આ સ્વપ્ન અને શકુન વડે જોતાં વસંતદેવ અવશ્ય તમારો ભર્ત્તાર થશે; ' માટે આ શુકનગ્રંથી બાંધો. પછી પ્રિયંકરાએ જઈને વસંતદેવને સ્વપ્નની વાત કહી. એટલે તે પોતાના સ્વપ્ન પ્રમાણે જ તેને સ્વપ્ન આવેલું જાણી પોતાનો અર્થ સિદ્ધ થયેલો માનવા લાગ્યો. પછી પ્રિયંકરા બોલી–' મારી સ્વામિનીએ પોતાનો આત્મા તમને જ અર્પ્યો છે, તો હવે તમે સંકલ્પવિકલ્પ છોડી દઈ વિવાહની સર્વ તૈયારી કરો. ' વસંતદેવે કહ્યું–' વિધિએ (દૈવે) જ તૈયારી કરી મૂકેલી છે, કારણકે મનુષ્યઘટિત કાર્ય કદિ વિઘટિત થઇ જાય છે, પણ તેનું કરેલું ફરતું નથી. ' આ પ્રમાણે કાર્યચતુર વસંતદેવે આલાપ અને સત્યંકાર કરી જાણે મૂર્ત્તિમાન નિયતિ (ભવિતવ્યતા) હોય તેવી પ્રિયંકરાને વિદાય કરી. આ પ્રમાણે પ્રતિદિન એક બીજાના સંદેશારૂપ અમૃતનું પાન કરતા તે વસંતદેવ અને કેસરાનો કેટલોક કાળ ગયો, પણ તે શત વર્ષના નિર્ગમન જેવો થઇ પડ્યો. એક વખતે પોતાને ઘેર રહેલા વસંતદેવે પંચનંદી શેઠના ઘરમાં માંગલિક વાજીંત્રો વાગતાં સાંભળ્યાં. તત્કાળ વસંતદેવે પોતાના પુરૂષોને તેની તપાસ કરવા મોકલ્યા. તેઓએ આવીને કહ્યું કે ' કાન્યકુબ્જ (કનોજ) દેશના નિવાસી સુદત્તશેઠના વરદત્ત નામના પુત્રને પંચનંદી શેઠે પોતાની પુત્રી કેસરાને આપી. તે વધામણી માટે આ માંગળિક વાજાં વાગે છે. ' આ ખબર સાંભળતાંજ જાણે મુદ્ગરથી તાડિત થયો હોય તેમ વસંતદેવ મૂર્છા પામી ગયો. તે વખતે તત્કાળ પ્રિયંકરાએ આવી આશ્વાસન આપ્યું કે " હે ભદ્ર ! અમારી સ્વામિની કેસરાએ તમને સંદેશો કહાવ્યો છે કે તમારે કાંઇપણ ખેદ કરવો નહીં. મારા વડીલ જનનો ઉપક્રમ સાંભળ્યાં છતાં પણ મારે જે પ્રિય હશે તેની સાથે જ હું વિવાહિત થઇશ. માતાપિતા મારા અભિપ્રાયને જાણ્યા વગર આ કાર્ય કરવાને ઇચ્છે છે તો તે ભલે ઇચ્છે; હું તો મારૂં ઇચ્છિત છે તે જ કરીશ. હે નાથ ! કયાં તો તમે મારા ભર્ત્તા થશો અથવા તો મારૂં મરણ થશે; બીજું કાંઇપણ તમારે સમજવું નહીં. **કુલીનની વાણી કદિ પણ મિથ્યા થતી નથી.** " તે સાંભળી સંતોષ પામી વસંતદેવે કહ્યું–' પૂર્વોક્ત પ્રકારના અમને બંનેને સ્વપ્ન આવેલાં છે તેથી અને કુલીનોની પ્રતિજ્ઞા કદિ પણ વ્યર્થ થતી નથી તેથી મારી પણ એવી પ્રતિજ્ઞા છે કે ગમે તે ઉપાયથી કેસરાને પરણવું અથવા તો યમદ્વારમાં જવું. ' આ પ્રમાણે કહી પ્રિયંકરાને વિદાય કરી. એટલે તેણે કેસરાની પાસે આવી સર્વ વાર્ત્તા કહી; તે સાંભળી કેસરા ખુશી થઇ. આ પ્રમાણે પરસ્પર સંબંધ જોડવાના ઉપાયની ચિંતા કરતાં તે બંનેનો ચક્રવાક પક્ષીઓને રાત્રિની જેમ કેટલોક કાળ દુઃખમાં વ્યતીત થયો. પરંતુ અનેક ઉપાય કરતાં પણ તેમનો ઈરાદો પાર પડ્યો નહીં. તેવામાં કેસરાના વિવાહને માટે એક દિવસ પ્રાતઃકાલે જાન આવી. તે સાંભળી વસંતદેવ પવનની જેમ ઉતાવળો નગરની બહારના ઉદ્યાનમાં ગયો. ત્યાં જઇને તેણે વિચાર્યું કે ' અંગુલિવડે બતાવવાથી કોળાની જેમ તે કેસરા બીજાની સાથે વિવાહ થવાથી જરૂર મૃત્યુ પામશે; અથવા તો યથાયોગ્ય કૃત્યને નહીં સમજનારા તેના માતાપિતાથી ઘણા કાળથી ખેદ પામેલી અને મારી સાથેના વિવાહમાં નિરાશ થયેલી એ બાળા પરણ્યા વગરજ પંચત્વ પામશે. તેથી હું તેની અગાઉજ મૃત્યુ પામી મારા દુઃખને શાંત કરૂં. કેમકે દાઝ્યા ઉપર ફોલ્લા થયા જેવું પ્રિયાનું મરણ કોણ સાંભળવા ઇચ્છે ? ' આ પ્રમાણે ચિંતવી વસંતદેવ એક અશોકવૃક્ષની ઉપર ચડી પોતાના ભાથાની જેમ ગળે ફાંસી બાંધવાની તૈયારી કરવા લાગ્યો. પાસને જરા બાંધ્યો તેવામાં લતાગ્રહમાંથી કોઈ પુરૂષ ' અરે ! સાહસ કર નહીં ' એમ બોલતો બોલતો નીકળ્યો, અને અશોક વૃક્ષની ઉપર ચડી તેણે ફાંસીની ગાંઠ તોડી

નાંખી. પછી કહ્યું કે 'તેં આ કાર્ય તારી આકૃતિથી વિરૂદ્ધ કર્યું છે.' વસંતદેવે કહ્યું કે 'હે સુંદર! ઇન્દ્રવરૂણના નિઃસાર ફળની જેમ દૈવથી દગ્ધ થયેલા એવા મારી આકૃતિ વડે તમે શા માટે ભ્રાંત થાઓ છો? હે ભદ્ર! પ્રિયાના વિરહદુઃખનો અંત કરવાના કારણરૂપ મૃત્યુને ઇચ્છતા એવા મને પાશગ્રંથી તોડીને તમે શા માટે વિઘ્ન કર્યું?' પછી તેના પૂછવાથી વસંતે પોતાનું કેસરા સાથેના વિવાહ સંબંધી બધું વૃત્તાંત કહી સંભળાવ્યું. **પ્રાયઃ બીજાને કહેવાથી દુઃખ કાંઇક શાંત થાય છે.** તે પુરૂષે કહ્યું-"જો કે આ મહા દુઃખ પ્રાપ્ત થયું છે, તો પણ તેથી વિવેકી પુરૂષને પ્રાણત્યાગ કરવો યુક્ત નથી; પણ ઇચ્છિત અર્થની પ્રાપ્તિ થાય એવા ઉપાયો કરવા યુક્ત છે. કેમકે આ ઉપેય તો તને મળે તેમ છે. માટે તું પશુની પેઠે વૃથા શા માટે મરે છે? કદિ કોઈ ઉપાદેય વસ્તુમાં ઉપાય ચાલે તેવું ન હોય તોપણ તેથી મરવું ઉચિત નથી, કારણકે કાંઈ મરવાથી તે વસ્તુ પ્રાપ્ત થતી નથી. મર્યા પછી તો માત્ર પોતાના કર્મને ઉચિત એવી ગતિમાંજ જવું પડે છે. હું પોતે જ ઇષ્ટ વસ્તુ પ્રાપ્ય છતાં પણ તેના ઉપાયનો અભાવ હોવાથી આ જગતમાં પર્યટન કરતો જીવું છું, કેમકે **જીવતો નર કોઈ વખત પણ ભદ્ર જુવે છે.**"

"હું કૃત્તિકાપુરનો નિવાસી છું. મારૂ નામ **કામપાલ** છે. મારી યૌવનવયમાં ઉન્મત્ત થઇને હું દેશાંતર જોવાને માટે નીકળ્યો હતો. ફરતો ફરતો **શંખપુર** નગરે પહોંચ્યો; ત્યાં શંખપાળ નામે યક્ષનો મહોત્સવ થતો હતો તે જોવા હું ગયો. ત્યાં કામદેવના અંતઃપુર જેવા આમ્રકુંજમાં એકાંત શુભ દર્શનવાળી એક સુંદર કન્યા મારા જોવામાં આવી. તેને જોઈ હું તેના પર અનુરાગી થયો. તેણીએ પણ મને અનુરાગથી જોયો. તેના પ્રેમપાશથી બદ્ધ થયેલો હું ઘણીવાર સુધી ત્યાં ઉભો રહ્યો. એ અનિંદિતા બાળાએ સખી દ્વારા મને તાંબૂલ આપ્યું. જે હોઠના રાગની જેમ તેના પર મનોરાગનું પણ કારણ થયું. તાંબૂલને લેતાં તેનો બદલો કાંઇ આપવો જોઇએ એવી ઇચ્છાથી હું વિચાર કરતો હતો, તેવામાં આલાનસ્તંભને ઉખેડી સાંકળને તોડીને કોઈ બળવાન હાથી છુટીને અમારી તરફ આવતો દેખાયો. પ્રતિકાર નહીં ચાલવાથી છોડી દીધેલો, અતિ આકુલ વ્યાકુલ થયેલા મહાવતો જેની પાછળ દોડી રહ્યા છે એવો અને ઉપર ચડેલા ભયભીત મહાવતોને ક્ષોભ કરતો તે હાથી એક ક્ષણમાં તે નિકુંજ પાસે આવ્યો. તે વખતે કન્યાનો સર્વ પરિવાર નાસી ગયો. **પ્રાયઃ ભય પ્રાપ્ત થતાં પોતાનો આત્મા જ સર્વોપરિ રહે છે.** એટલામાં હાથી નજીક આવી ગયો, એટલે તે કન્યા ત્યાંથી નાસી શકી નહીં. તેથી સિંહ પાસે હરિણીની જેમ તે કંપતી ઉભી રહી. જેવી હાથીએ સુંઢથી તેને પકડવા માંડી તેવો જ મેં લાકડી વડે હાથીના પેચકમાં ઘા કર્યો. તેથી પુચ્છે અડકેલા સર્પની જેમ હાથી કન્યાને મુકી મારી ઉપર ધસ્યો. પણ હું તત્કાળ હાથીને છેતરી તે કન્યાને લઇને બીજી તરફ નાસી ગયો, અને ઉપદ્રવ ન થાય તેવા પ્રદેશમાં મેં તેને મૂકી દીધી; પણ તે સતી સ્ત્રીએ પોતાના હૃદયમાંથી મને મૂકયો નહીં. થોડીવારે તેનો પરિવાર ત્યાં આવ્યો તે મદિરાને મેં બચાવેલી છે એમ જાણીને ચારણભાટની જેમ મારી સ્તુતિ કરવા લાગ્યો. સખીઓ પાછી તેને આંબાના વનમાં લઈ ગઇ. પણ દૈવયોગે પવનથી ખેંચાઇને હાથીની સુંઢના જળકણો ત્યાં આવી પડયા. તેથી તે મદિરા અને તેની સખીઓ ભય પામી દશે દિશામાં નાસી ગઇ. મદિરા કયાં ગઈ, તે નહીં જણાવાથી હું તેને જોવાની ઇચ્છાથી ફરવા લાગ્યો. ઘણે સ્થાનકે ફરતાં છતાં ચિરકાળ સુધી તેને જોઇ નહીં. એટલે હું શૂન્યહૃદયે અહીં આવ્યો છું. તેને મેળવવાને નિરૂપાય છું; તથાપિ હું મરતો નથી, જુવો, આ જીવું છું. કેસરાની

પ્રાપ્તિમાં તો ઉપાય પણ છે, માટે તને તુલ્ય દુઃખવાળો મિત્ર જાણીને કહું છું કે તું અજ્ઞાનથી મરીશ નહીં. પ્રાતઃકાલે વિવાહ થવાનો છે તેથી આજે કેસરા એકલી આવીને રતિ સહિત કામદેવની પૂજા કરશે, કારણ કે એવો આચાર છે. તેથી તેની અગાઉ આપણે બંને કામદેવના મંદિરમાં જઇ સાધકની જેમ પ્રવેશ કરીને ગુપ્તપણે રહીએ. જ્યારે કેસરા મંદિરમાં આવશે, તે વખતે હું તેનો વેષ પહેરીને તેના પરિવારને ભૂલાવો ખવરાવી તેને ઘેર જઈશ. હું જ્યારે દૂર જાઉં, ત્યારે તેને લઇને તું અહીંથી સ્વચ્છંદે બીજે ચાલ્યો જજે; આવી રીતે કરવાથી તારી ઇચ્છા અખંડિત સિદ્ધ થશે." વસંતદેવ તેનાં વચનથી હર્ષ પામી બોલ્યો–' મિત્ર ! આ પ્રમાણે કરવામાં મને તો યોગ અને ક્ષેમ બંને જોવામાં આવે છે, પણ તને કષ્ટ જોવામાં આવે છે. તે સમયે ઇષ્ટ દેવની જેમ કોઇ બ્રાહ્મણીએ છીંક આધી, તે સાંભળી કામપાળે કહ્યું કે ' એમાં મારે કાંઈ પણ કષ્ટ પડવાનું નથી, પણ તારા કાર્યમાં જોડાવાથી ઉલટો મારો અભ્યુદય થવાનો સંભવ છે.' **સાત્વિક પુરૂષોને દૈવ પણ અનુકૂલ થાય છે.** તે વખતે એક વૃદ્ધ બ્રાહ્મણે મનમાં હર્ષ લાવીને અકસ્માત્ તેને સ્વાર્થને અનુકૂલ વચન કહ્યું કે ' તમે કહો છો તે એમજ છે.' પછી તે શુકનગ્રંથી બાંધી તેનું વચન સ્વીકારી વસંતદેવ તેની સાથે નગરીમાં પેઠો. પછી બંને જણ સાયંકાલે ઘેરથી નીકળ્યા, અને કામદેવના મંદિરમાં આવી કામદેવની મૂર્ત્તિની પછવાડે સંતાયા. ત્યાં રહ્યા રહ્યા તેમણે મંગળિક વાજિત્રનો ધ્વનિ સાંભળ્યો, એટલે જરૂર કેસરા આવે છે એવું જાણી તેઓ હર્ષ પામ્યા. કેસરા પણ સ્મરણમાત્રથી સાધ્ય પ્રિયસમાગમ નામના સાધ્યમંત્રનું વારંવાર સ્મરણ કરતી ત્યાં આવી. વિમાન ઉપરથી દેવી ઉતરે તેમ શિબિકામાંથી ઉતરીને કેસરાએ પ્રિયંકરાના હાથમાંથી સુવર્ણમય પૂજા ગ્રહણ કરી. પછી તે એકલી કામદેવના મંદિરમાં પેઠી. એવો આચાર હોવાથી પોતાને હાથે મંદિરનું દ્વાર બંધ કર્યું. પછી ભૂમિતળ ઉપર કામદેવને ઉદ્દેશીને પુષ્પ, પત્ર અને અર્ઘ્ય નાખી હૃદયમાં કામાસક્ત થઇ અંજલિ જોડીને આ પ્રમાણે બોલી–" હે ભગવાન મકરધ્વજ ! તમે સર્વના ચિત્તમાં ઉત્પન્ન થાઓ છો અને તેમાં રહો છો, તેથી તેનો સર્વ ભાવ જાણો છો. માટે હે પ્રભુ ! તમે મારો સર્વ ભાવ જાણો છો, તે છતાં મને આ અનભીષ્ટ[1] પતિ સાથે બલાત્કારે કેમ જોડો છો ? શું એ તમને ઘટિત છે ? વસંતદેવ વિના મારૂં મન બીજા પુરૂષમાં રમતું નથી, તેથી વિષકન્યાના પતિની જેમ બીજો પતિ મારે મરણને માટેજ છે. માટે હવે તો ફરીવાર જન્માંતરમાં એ વસંતદેવજ મારા પતિ હજો. હું તમને ચિરકાળથી નમસ્કાર કરૂં છું, તેમાં આ છેલ્લા નમસ્કાર છે." આ પ્રમાણે કહીને જોવામાં પોતાના મસ્તકને તોરણની ફાંસી કરી બાંધવા માંડયું, તેવામાં વસંતદેવે દોડી પાશગ્રંથીને તોડી નાખી. ' આ અહીં કયાંથી ?' એમ જાણી કેસરા અકસ્માત આશ્ચર્ય, લજ્જા અને ભય પામી ગઈ. પછી વસંતદેવે એ કુમુદેક્ષણા કેસરાને કહ્યું–" હે પ્રિયા ! હું તારો પ્રાણપ્રિય વસંતદેવ છું, કે જેની તમે કામદેવની પાસે પરલોકમાં પણ સ્વામી તરીકે યાચના કરી છે. હે કૃશોદરિ! આ મારા નિષ્કારણ મિત્ર મહાત્માની બુદ્ધિથી તમને હરી જવાની ઇચ્છાએ હું અહીં અગાઉથી આવીને બેઠો હતો. તમારો જે વેષ છે તે આ મારા મિત્રને આપો. તે વેષ પહેરીને તમારા પરિજનને મોહિત કરતો આ મિત્ર તમારે ઘેર જશે; અને હે શ્યામ કેશવાળી કાંતા ! આ મિત્ર કામપાળ તમારા પરિવાર સાથે જરા આગળ જશે, એટલે પછી આપણે ધારેલા દેશાંતરમાં ચાલ્યા જઈશું. વસંતદેવનાં આવાં વચનથી તે સ્ત્રીએ પોતાનો વેષ ઉતારીને કામપાળને આપ્યો. વંસતદેવ કામદેવની પછવાડે સંતાઇ રહ્યો. કામપાળે પુષ્પાદિકથી કામદેવની પૂજા કરીને પછી કેસરાનો વેષ ધારણ કર્યો, અને લજ્જાવડે મુખને ઢાંકી દીધું. તે સ્ત્રીવેશી કામ-

પાળ કામનારાનો તો મંદિરનું દ્વારઉઘાડી, પ્રિયંકરાને ટેકો દઇ શિબિકા ઉપર ચડયો. તેના ઉપાડનારા બોએ શિબિકા વહન કરી, એટલે કામપાળ પરિજનથી અલક્ષિત[૨] પંચનંદી શેઠને ઘેર આવ્યો. **સારી રીતે યોજેલા દંભના અંતને બ્રહ્મા પણ પામતા નથી.** પ્રિયંકરાએ વાહનપરથી ઉતારી, વધૂગૃહમાં લાવી, એક સુવર્ણમય વેત્રાસન ઉપર તેને બેસાર્યો; અને 'હે કેસરા! પ્રિય સમાગમના મંત્રનું સ્મરણ કરતી રહેજે.' આ પ્રમાણે કહી તેનું પ્રિય કરનારી પ્રિયંકરા ત્યાંથી અન્યત્ર ગઇ. પ્રિયંકરાનાં વાકયોનો ભાવાર્થ લઇ મહામતિ કામપાળ વારંવાર કામરતિ સમાગમના મંત્રનું સ્મરણ કરવા લાગ્યો.

તે વખતે શંખપુરનિવાસી કેસરાના મામાની દીકરી મદિરા જાન સાથે નિમંત્રણ કરેલું હોવાથી ત્યાં આવી, તે કામપાળની પાસે બેસી કાંઇક નીસાસો મૂકીને બોલી–"બહેન કેસરા! વાંચ્છિતની સિદ્ધિ દૈવને આધીન છે તો તેમાં તું શામાટે ખેદ કરે છે? હે સુંદરી તારી ઇચ્છા વસંતદેવની સાથે સંગમ કરવાની હતી, એવું મે શંખપુરમાં સાંભળ્યું હતું. હે સખી! હું મારા અનુભવથી પ્રિય પતિના વિરહની વેદના જાણું છું, તેથી તને આશ્વાસન આપવાને કહું છું કે જેમ પ્રતિકૂલ વિધિ અનભીષ્ટ કરે છે, તેમ ભાગ્યદશાના વશથી તે અનુકૂળ થાય તો અભીષ્ટ પણ તેજ કરે છે. પ્રિય સખિ! તું ધન્ય છે, જે તારા પ્યારાની સાથે દર્શન, આલાપ વિગેરે તો વારંવાર થાય છે; પણ મારો ભયંકર વૃત્તાંત તો સાંભળવા જેવો છે, તે સાંભળ–એક વખતે હું શંખપાળ યક્ષનો ઉત્સવ જોવાને પરિવાર સાથે ગઇ હતી. ત્યાં અશોકવૃક્ષની નીચે જાણે પ્રત્યક્ષ કામદેવ હોય તેવો હૃદયનું સર્વસ્વ ચોરનાર એક યુવાન પુરૂષ મારા જોવામાં આવ્યો. મેં સખીની સાથે તેને તાંબૂળ મોકલાવ્યું. થોડી વારમાં એક તોફાની હાથી ત્યાં આવ્યો. યમરાજની જેમ તે હાથી પાસેથી તે પુરૂષે મને બચાવી. પછી ફરીવાર તે હાથીની શંકા થતાં હું સખીજન સાથે ત્રાસ પામી આધી પાછી જતી રહી; એટલામાં તે યુવાન નર કયાં ચાલ્યા ગયા તે શોધ કરતાં પણ પાછા જોવામાં આવ્યા નહીં. ત્યારથી ભ્રમરે ડશેલી મર્કટીની જેમ સર્વ ઠેકાણે જેને અપ્રીતિ ઉપજે છે એવી હું કોઇક રીતે દીનપણે જીવું છું. ગઇ રાત્રે એ મનોહર યુવાનને મેં સ્વપ્નમાં જોયા હતા, તેથી જો દૈવ અનુકૂળ હશે તો તે પ્રત્યક્ષ થશે. પ્રિયબહેન! તારૂં દુઃખ હલકું કરવાને મેં આ મારી રહસ્ય વાર્ત્તા કરી છે, કેમકે બીજાને દુઃખી જોઈ ને દુઃખી માણસ આશ્વાસન પામે છે. હે સખી! હવે ખેદ કરીશ નહીં, જ્યારે વિધિ અનુકૂળ થશે ત્યારે સ્વયમેવ આરામ થઇ જશે, માટે કાયર ન થતાં ધીરજવાન થા."

મદિરાનું આ વૃત્તાંત સાંભળી કામપાળે મુખ ઉપરથી નીરંગી[૧] દૂર કરીને કહ્યું કે 'શંખપાળ યક્ષના ઉત્સવમાં તમે જે પુરૂષ જોયો હતો તે તમારો પ્રિય હું જ છું, રે કાંતા! દૈવની અનુકૂળતાથી આપણો અત્યારે સમાગમ થયો છે. તેવીજ રીતે વંસતદેવ અને કેસરાનો પણ સમાગમ થયો છે. હે સુદર્શના! હવે આલાપરૂપ વિઘ્ન કરો નહીં. વિઘ્નકા અને ભયને છોડી દો અને જરા નીકળવાનું દ્વાર બતાવો.' આ પ્રમાણે કહેવાથી મદિરાએ ગૃહોદ્યાનનો પશ્ચિમ બાજુનો માર્ગ બતાવ્યો, એટલે કામપાળ મદિરાની સાથે ત્યાંથી નીકળી ગયો; અને એ નગરમાં જ્યાં વસંતદેવ અને કેસરા પ્રથમથી રહેલાં હતાં ત્યાં તેમને મદિરા સાથે કામપાળ પણ આવી મળ્યો.

હે રાજા! તેઓ પૂર્વના સ્નેહથી નિત્ય આવીને તમને અદ્‌ભુત પાંચ વસ્તુઓ ભેટ કરે છે તે તત્વથી જાણી લેજો. તે સર્વ વસ્તુ એ ઇષ્ટ જનની સાથે તમે ભોગવી શકવાને

---

૧ બુરખા જેવું વસ્ત્ર અથવા લાલ કાઢેલો વસ્ત્રનો છેડો.

સમર્થ થશો. આટલા વખત સુધી એ અભીષ્ટ જનને નહીં જાણવાથી તમે તે ભોગવી શકયા નથી. પ્રભુનાં આવાં વચન સાંભળી રાજાને અને તેમને પૂર્વ સ્નેહનો ઉદ્યોત કરવામાં દીપક સમાન જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પછી કુરૂચંદ્ર રાજા ભગવંતને નમીને તેઓને સહોદરની જેમ સ્નેહથી પોતાને ઘેર લઈ ગયો. દેવતાઓ પણ પ્રભુને નમી પોતપોતાને સ્થાનકે ગયા, અને ભગવંતે વિશ્વનો અનુગ્રહ કરવા માટે ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો.

બાસઠ હજાર આત્મનૈષ્ટિક[1] મુનિઓ, એકસઠહજાર ને છસો સાધ્વીઓ, આઠસો ચૌદ પૂર્વધારી મહાત્મા, ત્રણ હજાર અવધિજ્ઞાની, ચારહજાર મનઃપર્યવજ્ઞાની, ચાર હજાર ને ત્રણસો કેવળજ્ઞાની, છ હજાર વૈક્રિય લબ્ધિવાળા, બે હજાર ને ચારસો વાદલબ્ધિવાળા, બે લાખ ને નેવું હજાર શ્રાવકો અને ત્રણ લાખ ને ત્રાણું હજાર શ્રાવિકાઓ, આ પ્રમાણે કેવળજ્ઞાનથી આરંભી ચોવીશ હજાર નવસો ને નવાણું વર્ષ સુધી વિહાર કરતાં પ્રભુનો પરિવાર થયો. પોતાનો નિર્વાણસમય નજીક જાણી શાંતિનાથ પ્રભુ સમેતશિખર પધાર્યા, અને ત્યાં નવસો મુનિઓની સાથે અનશનવ્રત ગ્રહણ કર્યું. એક માસને અંતે જ્યેષ્ઠ માસની કૃષ્ણ ત્રયોદશીએ ચંદ્ર ભરણી નક્ષત્રમાં આવતાં શાંતિનાથ ભગવાન તે મુનિઓની સાથે મોક્ષે ગયા. કૌમારપણામાં, મંડલિકપણામાં, ચક્રવર્ત્તીપણામાં અને વ્રતમાં પ્રત્યેકે પચીશ હજાર વર્ષો વ્યતીત થયેલાં હોવાથી શ્રી શાંતિનાથ પ્રભુનું એક લક્ષ વર્ષનું આયુષ્ય પૂર્ણ થયું. શ્રી ધર્મનાથ પ્રભુના નિર્વાણ પછી શાંતિનાથ પ્રભુનો નિર્વાણકાલ પુણા પલ્યોપમે ઉણા ત્રણ સાગરોપમ ગયા પછી થયેલો છે. પછી ઇંદ્રાદિક દેવોએ આવી શાંતિનાથ પ્રભુનો નિર્વાણમહિમા કર્યો. કેટલેક કાલે ચક્રાયુધ ગણધર કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ભવિ પ્રાણીઓને બોધ કરવા ચિરકાલ વિહાર કરી આયુષ્યનો ક્ષય થતાં કોટિશિલા નામે તીર્થ ઉપર ઘણા સાધુઓની સાથે મોક્ષે ગયા.

ષટ્‌ખંડ પૃથ્વીતલનો જય કરવામાં પણ જેને પ્રયાસ થયો નથી, તૃણની પેઠે રાજ્યલક્ષ્મીને છોડી જેમણે વ્રત ગ્રહણ કરેલું છે અને ચક્રવર્તી તથા તીર્થંકરપણાથી જેમનો યશ જગતમાં વિખ્યાત છે એવા શ્રી શાંતિનાથ ભગવંતનું આ ધીરોદાત્ત અને ધીરશાંત ચરિત્ર સદા જય પામે છે.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्ठिशलाकापुरुषचरिते
महाकाव्ये पंचम पर्वणि श्रीशांतिनाथ चरमभव
वर्णनो नाम पंचमः सर्गः ॥

---

१ આત્મામાંજ સ્થિતિ કરનાર—પુદ્‌ગળીક સુખથી વિમુખ.

શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર

પર્વ ૬ ઠું.

સર્ગ ૧ લો.

શ્રી કુંથુનાથ ચરિત્ર.

જગત્માં જયવંત એવા કુંથુસ્વામીની દેશનાવાણી જય પામે છે, જે વાણી મહા મોહરૂપ પાષાણને ભેદવામાં સરિતાના મોટા પૂર જેવી છે. સંસારસાગરને મંથન કરવામાં મંદરાચલ જેવું ત્રૈલોક્યપતિ શ્રી કુંથુસ્વામીનું પવિત્ર હવે કહું છું.

આ જંબૂદ્વીપના પૂર્વવિદેહ ક્ષેત્રમાં શોભાથી સ્વર્ગનો પણ વિજય કરનાર આવર્ત્ત નામે વિજય છે. તેમાં ખડ્ગિ નામે એક મોટી નગરી છે. ત્યાં સર્વ ગુણનું પાત્ર અને ધર્મધુરંધર જનોની સીમા જેવો સિંહાવહ નામે રાજા હતો; તે ધર્મનો આધાર, પાપનો કુઠાર, ન્યાયનું કુલગૃહ અને સુબુદ્ધિઓની જન્મભૂમિ જેવો હતો; તેનો વિચાર મનની જેમ વિદ્વાનોને પણ દુર્લક્ષ હતો; તેનું પ્રભુપણું ઇંદ્ર જેવું હતું અને ઉત્સાહ વિષ્ણુના જેવો હતો. સમુદ્રની પેઠે તેની મર્યાદા ઉલ્લઘન થતી નહોતી, પરંતુ એ શક્તિમાન રાજા સ્વયમેવ આ જગત્ને મર્યાદામાં રાખતો હતો. તેના ધનુષ્યનો ધ્વનિ લક્ષ્મીઓનો આકર્ષણ મંત્ર, શત્રુઓને ભેદમંત્ર અને પૃથ્વીનો રક્ષામંત્ર હોય તેવો શોભતો હતો. તે ધર્મનો માટેજ પૃથ્વીનું રાજ્ય કરતો, દ્રવ્યને માટે નહીં. સર્વદા ધર્મનિષ્ઠ પુરૂષોને દ્રવ્યપ્રાપ્તિ તે આનુષંગિક (અવાંતર) ફળરૂપ હોય છે. તત્ત્વવેત્તાઓમાં અગ્રેસર એ સિંહાવહ રાજાએ ભોજનને યોગીની જેમ અનાસક્તપણે ભોગને ભોગવતાં કેટલોક કાળ નિર્ગમન કર્યો.

એકદા સમુદ્રની વેલા (ભરતી) ની જેમ અધિક વૈરાગ્ય ધારણ કરી તેણે સંવરાચાર્ય પાસે જઇને દીક્ષા ગ્રહણ કરી. તીવ્ર વ્રતને પાળતા અર્હંત આરાધનાદિ કેટલાક સ્થાનકોની આરાધનાવડે તેણે તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું. કાળયોગે મૃત્યુ પામી એ સમદૃષ્ટિ અને સમાધિસ્થ મહાશય સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર વિમાનમાં દેવતા થયા.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તીનાપુર નામે મોટું નગર છે. તેમાં આવેલા ચૈત્યોની ઉજ્જ્વળ પતાકાના મિષથી જાણે ધર્મ નિત્ય નૃત્ય કરતો હોય તેમ જણાય છે. સર્વ ગૃહોની અંદર ચારે બાજુ રત્નોથી બાંધેલી આંગણાની ભૂમિમાં કર્દમનું નામ ફક્ત યક્ષકર્દમમાંજ[1] હતું. રત્નોથી જડેલા તે નગરીના કિલ્લામાં પડેલા પોતાનાં પ્રતિબિંબોની ઉપર મદગંધી હાથીઓ બીજા હાથીની બુદ્ધિથી દંતઘાત કરતા હતા. રાજમંદિરોમાં, પ્રજાના ગૃહોમાં,

---

૧ યક્ષકર્દમ તે ચંદન, કેસર, બરાસ, કસ્તુરી, અંબર, અગર, રક્તચંદન, સોનાનો વરખ વિગેરે પદાર્થોનો એક રસ.

દરવાજાઓમાં અને બીજા સર્વ સ્થાનોમાં આકાશમાં ગ્રહોની જેમ અર્હંતનાં પ્રતિબિંબો વ્યાપી રહ્યાં હતાં તે નગરમાં, અલકાપુરીમાં કુબેરની જેમ તેજવડે નવીન સૂર્ય જેવો **શૂર** નામે રાજા હતો; તેના હૃદયમાં બીજો અંતરાત્મા હોય તેવી રીતે ધર્મ વસી રહ્યો હતો; અને અર્થ અને કામ તો બહિરાત્માની જેમ બહારજ રહ્યા હતા. પ્રતાપથી દિશાઓને દબાવતા એવા તે રાજાને સર્વ શસ્ત્રો બાજુબંધ અને કડાં વિગેરેની જેમ ભુજાઓમાં આભૂષણને માટેજ હતાં. તે કોઈવાર કોપ કરતો નહીં, તથાપિ પૃથ્વીને સારી રીતે પાલતો હતો. **ચંદ્ર તીવ્રતા વિના પણ વિશ્વને પ્રકાશિત કરે છે.** રૂપલાવણ્યથી સુંદર અંગવાળી અને નિર્મળ શીળવડે શોભતી હરિને લક્ષ્મીની જેમ **શ્રી** નામે તેને પત્ની હતી. જાણે અમૃતની નીક હોય અથવા ચંદ્રની અધિદેવતા હોય તેમ વચનવડે અમૃતને ઝરતી એ સુંદરમુખી રમણી અતિશય શોભતી હતી. નિર્દોષ અંગવાળી તે શ્રીદેવી મંદ મંદ ચાલતી હતી અને મંદ સ્વરે બોલતી હતી. રાજહંસને હંસલીની જેમ શૂર રાજાને તે પ્રાણવલ્લભા હતી. વૈમાનિક દેવની જેમ શૂરરાજ નિર્વિઘ્ન સુખમાં મગ્ન થઇ તેની સાથે ઉત્તમ ભોગ ભોગવતો હતો.

અહીં સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેત્રીશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી સિંહાવહ રાજાનો જીવ શ્રાવણ માસની કૃષ્ણ નવમીએ ચંદ્ર કૃત્તિકા નક્ષત્રમાં આવતાં ત્યાંથી ચવી શ્રીદેવીના ઉદરમાં અવતર્યો. તે સમયે ચાર દાંતવાળો શ્વેત હાથી, કુમુદ પુષ્પના જેવી કાંતિવાળો વૃષભ, ઉંચી કેશવાળવાળો કેસરી, અભિષેકવડે મનોહરા લક્ષ્મી, પંચવર્ણી પુષ્પની માળા, પૂર્ણિમાનો ચંદ્ર, ઉદ્યોત કરતો સૂર્ય, પતાકા સહિત મહાધ્વજ, સુવર્ણનો પૂર્ણ કુંભ, કમળોથી ભરપૂર સરોવર, તરંગવડે ઉછળતો સમુદ્ર, રત્નમય વિમાન, આકાશ સુધી ઉંચો રત્નપુંજ અને નિર્ધૂમ અગ્નિ આ પ્રમાણે ચૌદ સ્વપ્નો **શ્રીદેવીએ** જોયાં. તેમણે રાજાને સ્વપ્નની વાર્ત્તા કહી. રાજાએ પ્રાતઃકાળે કહ્યું કે 'દેવિ ! આ સ્વપ્નના પ્રભાવથી તમારે ચક્રવર્તી અને તીર્થંકર પુત્ર થશે.' અનુક્રમે નવમાસ અને સાડાસાત દિવસ જતાં વૈશાખ માસની કૃષ્ણ ચતુર્દશીએ ચંદ્ર કૃત્તિકામાં આવતાં અને બીજા સર્વ ગ્રહો ઉંચના થતાં છાગના ચિન્હથી અંકિત સુવર્ણના જેવી કાંતિવાળા અને સર્વ લક્ષણોથી સંપૂર્ણ એવા એક પુત્રને શ્રીદેવીએ જન્મ આપ્યો. તે સમયે ક્ષણવાર નારકીને સુખ થયું. ત્રણ જગત્માં ઉદ્યોત થઇ રહ્યો, અને ઇંદ્રાદિકનાં આસનો કંપાયમાન થયાં. પ્રથમ આસનકંપથી આવીને દાસીઓની જેમ છપ્પન દિક્કુમારીઓએ સૂતિકર્મ કર્યું. પછી શક્રેંદ્ર પાંચરૂપે થઇ પ્રભુને મેરૂગિરિપર લઇ ગયા. ત્યાં ત્રેસઠ ઇંદ્રોએ તીર્થજળથી પ્રભુને અભિષેક કર્યો. પછી ઈશાન ઇંદ્રના ઉત્સંગમાં પ્રભુને બેસારી શક્રેંદ્રે સ્નાત્ર કરાવ્યું, અને પૂજાદિ વિધિ કરીને આ પ્રમાણે સ્તુતિ કરી.

"હે જગત્પતિ ! આજે ક્ષીરસાગર પ્રમુખ જલાશયોનાં જળ, પદ્મ વિગેરે દ્રહોનાં જળ "અને કમળો, ક્ષુદ્ર હિમાલય વિગેરે પર્વતોની ઔષધીઓ, ભદ્રશાળ પ્રમુખ વનનાં પુષ્પો "અને મલયાચલની આસપાસની ભૂમિના ચંદન એ સર્વે તમારા સ્નાત્રમાં ઉપયોગી થવાથી "કૃતાર્થ થયા છે; અને હે દેવ ! તમારા જન્મકલ્યાણકનો મહોત્સવ કરવાથી આ બધા "દેવતાઓનું ઐશ્વર્ય પણ કૃતાર્થ થયું છે. તમારા બિંબથી અલંકૃત થયેલો આ મેરૂ ગિરિ "આજે તમારા પ્રાસાદની જેમ સર્વ પર્વતોમાં ઉત્કૃષ્ટ અને તીર્થ રૂપ થયેલો છે. હે "ભુવનેશ્વર ! તમારા દર્શનથી અને સ્પર્શથી આજે નેત્ર અને હાથ ખરેખરા નેત્ર અને "હાથ થયા છે. હે નાથ ! આજે અમારૂં સ્વાભાવિક અવધિજ્ઞાન પણ સફળ થયેલું છે કે

"જેનાવડે હે પ્રભુ! તમારો જન્મ જાણીને અમે જન્મોત્સવ કર્યો છે. હે પ્રભુ! જેમ હમણાં "સ્નાત્રકાળે તમે મારા હૃદયપર રહ્યા હતા તેમ હૃદયની અંદર પણ ચિરકાળ રહો."

આ પ્રમાણે પ્રભુની સ્તુતિ કરી તેમને લઈને ઇંદ્ર હસ્તીનાપુર ગયા. અને ત્યાં શ્રીદેવીની પાસે પ્રભુને સ્થાપિત કર્યા.

પ્રાતઃકાળે શૂર રાજાએ પ્રભુનો જન્મોત્સવ કર્યો. **જ્યારે તીર્થંકર ઉત્પન્ન થાય ત્યારે સર્વ જગત ઉત્સવમય થાય છે.** પ્રભુ ગર્ભમાં હતા, ત્યારે તેમની માતાએ કુંથુ નામનો રત્નસંચય જોયો હતો, તેથી પિતાએ તેમનું કુંથુ એવું નામ પાડ્યું. ઇંદ્રે અંગુઠામાં સંક્રમાવેલા અમૃતનું પાન કરતા પ્રભુ અનુક્રમે વૃદ્ધિ પામતા પાંત્રીશ ધનુષ્ય ઉંચી કાયાવાળા થયા. પિતાની આજ્ઞાથી યોગ્ય સમયે તેમણે રાજકન્યાઓ સાથે વિવાહ કર્યો. 'ભોગફલકર્મ બીજી રીતે છેદી શકાતું નથી.' જન્મથી ત્રેવીશ હજાર અને સાડા સાતસો વર્ષ ગયા પછી પ્રભુએ પિતાની આજ્ઞાથી રાજ્ય ગ્રહણ કર્યું. તેટલાજ વર્ષ મંડલિકપણામાં ગયા પછી શસ્ત્રાગારમાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. જગતને પૂજનીય એવા શૂર રાજાના પુત્રે ચક્રરત્નની પૂજા કરી. **મહાત્માઓ સેવક જનનો પણ સત્કાર કરે છે.** પછી ચક્રરત્નને અનુસરીને પ્રયાણ કરતાં અનુક્રમે માગધપતિ, વરદામપતિ, પ્રભાસપતિ, સિંધુદેવી, વૈતાઢ્યાદ્રિકુમાર અને કૃતમાળદેવને પોતાની જાતે સાધી લીધા, અને સિંધુ નિષ્કૂટને સેનાપતિ પાસે સધાવ્યું. પછી સેનાપતિએ જેનાં દ્વાર ઉઘાડેલાં છે એવી તમિસ્રા ગુફામાં પેસી સામી બાજુ નીકળી આપાત જાતિના મ્લેચ્છોને સાધી લીધા. પછી સેનાપતિ પાસે સિંધુના બીજા નિષ્કૂટને સધાવ્યું. ત્યાંથી ક્ષુદ્ર હિમાલય પર્વત સમીપે જઈ ક્ષુદ્રહિમવંતકુમારને સાધ્યો. પછી ઋષભકૂટ ઉપર 'પોતાનો આચાર છે' એવું ધારી પોતાનું નામ લખ્યું. ત્યાંથી ચક્રરત્નને અનુસરી ચક્રવર્તી પાછા વળ્યા. અનુક્રમે વૈતાઢ્ય પર્વત પાસે આવ્યા, ત્યાં બંને શ્રેણીમાં રહેલા વિદ્યાધરોએ વિવિધ ભેટ ધરીને પ્રભુની પૂજા કરી. ગંગાદેવી અને નાટ્યમાલ દેવને પોતે સાધી ગંગાનું મ્લેચ્છ લોકોએ ભરપૂર એવું નિષ્કૂટ સેનાપતિ પાસે સધાવ્યું. પછી સેનાપતિએ ઉઘાડેલા ખંડપ્રપાતા ગુહાના દ્વારવડે વૈતાઢ્ય ગિરિમાં પેસી પરિવાર સાથે સામી બાજુ નીકળ્યા. ત્યાં ગંગાના મુખ ઉપર રહેનારા નૈસર્પ વિગેરે નવ નિધિઓ પ્રભુને પોતાની મેળે સિદ્ધ થયા, અને ગંગાનું બીજું નિષ્કૂટ સેનાપતિ પાસે સધાવ્યું. એવી રીતે આખા ભરતક્ષેત્રને કુંથુનાથ પ્રભુએ છસો વર્ષે સાધી લીધું. ચક્રવર્તીની સંપત્તિથી સંપૂર્ણ મનુષ્ય તથા દેવતાએ સેવેલા કુંથુનાથ ભગવાન્ દિગ્વિજય કરીને પાછા હસ્તીનાપુરમાં આવ્યા. પછી દેવ અને મનુષ્યોએ મળીને પ્રભુને ચક્રવર્તીપણાનો અભિષેક કર્યો. તેનો મહોત્સવ તે નગરમાં બાર વર્ષ સુધી પ્રવર્ત્યો. કુંથુસ્વામીને ચક્રવર્તીપણાના વૈભવમાં ત્રેવીશહજાર ને સાડાસાતસો વર્ષ નિર્ગમન થયાં. પછી લોકાંતિક દેવતાઓએ આવીને કહ્યું કે 'સ્વામી! તીર્થ પ્રવર્ત્તાવો.' તે વિજ્ઞપ્તિ સાંભળતાંજ પ્રભુએ પુત્રને રાજ્ય આપી વાર્ષિકદાન આપવા માંડ્યું. પછી દેવ અને રાજાઓએ જેનો નિષ્ક્રમણોત્સવ કરેલો છે એવા પ્રભુ **વિજયા** નામની શિબિકામાં બેસી સહસ્રામ્ર વનમાં પધાર્યા.

જે મનોહર વનમાં યુવાન પુરૂષની જેમ ચંપક લતાને ચુંબન કરતો આમ્રવૃક્ષને કંપાવતો, વાસંતી લતાને નચાવતો, નિગુંડીને મર્દન કરતો, ચારોળીને આલિંગન કરતો, નવમલ્લિકાને સ્પર્શ કરતો, ગુલાબને ચતુર કરતો, કમલિનીની પાસે જતો, અશોકલતાને દબાવતો અને કદલીપર અનુગ્રહ કરતો, એવો યુવાન પુરૂષની જેવો દક્ષિણ પવન વાતો હતો;

જેમાં લલિત લલનાઓ હિંચકા ખાવામાં આસક્ત હતી; જેમાં નગરના ધનાઢય શ્રેષ્ઠીકુમારો પુષ્પ ચુંટવાની ક્રીડામાં વ્યગ્ર થયા હતા; અને ઉન્મત્ત કોકિલાના મધુર આલાપથી તેમજ ભ્રમરાઓના ગુંજારવથી જાણે આવકાર આપતું હોય તેમ જે જણાતું હતું એવા સુંદર ઉદ્યાનમાં પ્રભુએ પ્રવેશ કર્યો. પછી શિબિકામાંથી ઉતરી, અલંકારાદિકનો ત્યાગ કરી, વૈશાખ માસની કૃષ્ણ પંચમીએ કૃત્તિકા નક્ષત્રમાં દિવસના પાછલે પહોરે એક હજાર રાજાઓની સાથે છઠ્ઠ તપયુક્ત પ્રભુએ દીક્ષા અંગીકાર કરી. તત્કાળ મનઃપર્યવ નામે ચોથું જ્ઞાન પ્રભુને પ્રાપ્ત થયું. બીજે દિવસે ચક્રપુરમાં વ્યાઘ્રસિંહ રાજાને ઘેર પ્રભુએ પરમ અન્નવડે પારણું કર્યું. દેવતાઓએ ત્યાં વસુધારાદિ પાંચ દિવ્ય કર્યાં. વ્યાઘ્રસિંહે પ્રભુના ચરણસ્થાને રત્નમય પીઠ કરાવી. પવનની જેમ નિઃસંગ અને પ્રતિબંધ રહિત એવા પ્રભુએ છદ્મસ્થપણે સોળ વર્ષ સુધી પૃથ્વીપર વિહાર કર્યો.

અન્યદા કુંથુનાથ સ્વામી વિહાર કરતાં કરતાં પાછા સહસ્રામ્ર વનમાં આવ્યા. ત્યાં તિલકના વૃક્ષની નીચે છઠ્ઠ તપ કરીને કાઉસગ્ગ ધ્યાને રહ્યા. ચૈત્ર માસની શુકલ તૃતીયાને દિવસે ચંદ્ર કૃત્તિકા નક્ષત્રમાં આવતાં ઘાતિકર્મનો ક્ષય થતાં પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તત્કાળ ઇંદ્ર સહિત ચતુર્વિધ દેવનિકાયે આવી ત્રણ પ્રાકારથી મંડિત એવું સમવસરણ રચ્યું; દેવતાઓએ સંચાર કરેલા સુવર્ણના કમલ ઉપર ચરણ મૂકતા પ્રભુએ પૂર્વ દ્વારથી સમવસરણમાં પ્રવેશ કર્યો. ત્યાં ધર્મચક્રી અને જગદ્‌ગુરૂ એવા કુંથુનાથ સ્વામીએ ચારસો ને વીશ ધનુષ્ય ઉંચા ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા કરી, અને તેની નીચે દેવછંદક ઉપર રહેલા પૂર્વ સિંહાસન ઉપર '**तीर्थायनमः**' એમ કહીને પૂર્વાભિમુખે બેઠા. એટલે વ્યંતર દેવતાએ પ્રભુના પ્રભાવથી બીજી ત્રણ દિશાઓમાં પ્રભુની જેવાજ પ્રભુનાં પ્રતિબિંબો વિકુર્વ્યાં; પછી યોગ્ય સ્થાને ચતુર્વિધ સંઘ બેઠો, મધ્ય વપ્રમાં તિર્યંચો બેઠા, અને નીચેના વપ્રમાં સર્વ વાહનો રહ્યાં. પ્રભુને સમોસરેલા જાણી કુરૂ વંશી રાજા ત્યાં આવ્યો, અને પ્રભુને નમસ્કાર કરી ઇંદ્રની પછવાડે અંજલિ જોડીને બેઠો. સૌધર્મેંદ્ર અને કુરૂવંશી રાજા ફરીવાર પ્રભુને નમી હૃદયમાં હર્ષ ધરતા આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

" ચતુર્વિધ ધર્મનો ઉપદેશ કરનાર, ચાર શરીરવાળા, ચાર મુખવાળા અને ચોથો
" પુરૂષાર્થ (મોક્ષ) ના સ્વામી એવા તમારી અમે સ્તુતિ કરીએ છીએ. હે જગદીશ્વર !
" તમે નિઃસંગપણાથી ચૌદ મહારત્નોનો ત્યાગ કરી ત્રણ નિર્દોષ રત્નોને ધારણ કરો છો.
" હે નાથ ! તમે આખા વિશ્વના મનને હરો છો, તે છતાં તમે મન રહિત છો; અને
" ઉત્તમ સુવર્ણના જેવા વર્ણવાળા છતાં ચંદ્રની જેવું શીતળ તમારા સ્વરૂપનું ધ્યાન થાય
" છે. હે પ્રભુ ! તમે નિઃસંગ થતાં મોટી ઋદ્ધિવાળા છો, ધ્યાનકરવા યોગ્ય છતાં ધ્યાતા
" છો, કોટિ દેવોથી વીંટાયેલા છતાં કૈવલ્યનેજ[1] ભજો છો. પોતે વીતરાગ છતાં વિશ્વનો
" તમારા પર રાગ વધારો છો, અને અકિંચન છતાં જગત્‌ને પરમ સમૃદ્ધિને માટે થાઓ
" છો. હે અર્હન્ ! જેનો પ્રભાવ જાણી શકાતો નથી અને જેનું રૂપ કળવામાં આવતું
" નથી એવા આપ દયાળું સત્તરમા ભગવંતને અમારો નમસ્કાર છે. હે વિભુ ! તમને
" પ્રણામ કરવો તે પણ મનુષ્યોને અચિંત્ય ચિંતામણિરૂપ થાય છે, તો તમારૂં મનથી,
" ધ્યાનથી અને વચનથી સ્તવન કરતાં શું ન થાય ? હે પ્રભુ ! તમારા સ્તવનમાં, પ્રણા-
" મમાં, અને તમારાજ વિષયમાં અમારી પ્રવૃત્તિ સદા રહો, બીજા મનોહર પદાર્થોની
" અમારે કાંઇ જરૂર નથી."

---

૧ કૈવલ્ય એટલે કેવલજ્ઞાન અને વિરોધપક્ષે કૈવલ્ય એટલે એકલા છો.

આ પ્રમાણે ઇંદ્ર અને કુરરાજ સ્તુતિ કરી રહ્યા પછી શ્રી કુંથુનાથ ભગવંતે ધર્મ દેશના આપવા માંડી.

" મોટા દુઃખનું કારણ એવો આ સંસારરૂપ સાગર ચોરાશી લાખ યોનિરૂપ જલ-
" ભ્રમરીઓમા પડવા વડે અતિ ભયંકર છે. તે ભવસાગરને તરવામાં સમર્થ એવી નાવિકા
" વિવેકી જનોને ઇંદ્રિય રૂપ ઉર્મિઓના જય સાથે મનઃશુદ્ધિ કરવી તે છે. વિદ્વાનોએ
" મનઃશુદ્ધિ નિર્વાણમાર્ગને બતાવનારી અને કદિપણ નહિ બુઝે તેવી એક દીપિકા
" કહેલી છે. મનઃશુદ્ધિ હોય તો જે અછતા ગુણો છે તે છતા થાય છે અને છતા ગુણ
" કદિપણ અછતા થતા નથી, માટે પ્રાજ્ઞ પુરૂષોએ સદા મનઃશુદ્ધિ કરવી. જે મનઃશુદ્ધિ કર્યા
" વિના મુક્તિને માટે તપસ્યા કરે છે, તે નાવ છોડી મહાસાગરને બે ભુજાએ તરવાને ઇચ્છે
" છે. તપસ્વીઓની મનઃશુદ્ધિ વગરની સર્વ ક્રિયા અંધને દર્પણની જેમ નિષ્ફળ થાય છે.
" મુક્તિમાં જવાની ઇચ્છાથી તપ કરતા પ્રાણીઓને ચક્રવાત (વંટોલીયા)ની જેમ ચપળ
" ચિત્ત કોઈ બીજી તરફજ નાંખી દે છે. અર્થાત્ મુક્તિમાં નહીં જવા દેતા અન્ય ગતિમાં
" લઇ જાય છે. નિરંકુશ થઈ નિઃશંકપણે ફરતો મનરૂપી નિશાચર આ ત્રણ લોકને સંસા-
" રના ઉંડા ખાડામાં પાડી નાંખે છે. મનનો રોધ કર્યા વગર જે માણસ યોગપર શ્રદ્ધા
" રાખે છે, તે પગવડે ગામમાં જવાને ઇચ્છનાર પંગુ માણસની જેમ ઉપહાસ્યને પામે છે.
" મનનો નિરોધ કરવાથી સર્વ કર્મનો નિરોધ થાય છે, અને મનને નહીં રૂંધનારાનાં
" સર્વ કર્મો પ્રસરી જાય છે. આ મનરૂપી કપિ વિશ્વમાં પરિભ્રમણ કરવામાં લંપટ છે, તેથી
" તેને મુક્તિની ઇચ્છાવાળા પ્રાણીઓએ યત્નથી કબજે રાખવો. સિદ્ધિને ઇચ્છનારા પ્રાણી-
" એ અવશ્ય મનની શુદ્ધિ કરવી; તે સિવાય તપ, શ્રુત અને યમ નિયમવડે કાયાનો દંડ
" આપવો તે કશા કામનો નથી. મનની શુદ્ધિવડે રાગ દ્વેષનો જય કરવો, જેથી આત્મા
" ભાવમલિનતા છોડીને સ્વસ્વરૂપમાં સ્થિર થાય છે."

આ પ્રમાણે પ્રભુની દેશના સાંભળી ઘણા લોકોએ દીક્ષા લીધી અને સ્વયંભુ વિગેરે પ્રભુના પાંત્રીશ ગણધરો થયા. પ્રથમ પૌરૂષી પૂર્ણ થતાં પ્રભુ દેશનાથી વિરામ પામ્યા એટલે સ્વયંભૂ ગણધરે પ્રભુના ચરણ પીઠપર બેસીને દેશના આપી. બીજી પૌરૂષી પૂર્ણ થઇ એટલે ગણધરે પણ દેશના સમાપ્ત કરી. એટલે સર્વ મનુષ્ય, દેવતાઓ વિગેરે કુંથુસ્વામીને નમીને પોતપોતાને સ્થાનકે ગયા. કુંથુસ્વામીના તીર્થમાં રથના વાહનવાળો, શ્યામવર્ણ ધરનારો, બે દક્ષિણ ભુજામાં વરદ અને પાસ અને બે વામ ભુજામાં બીજોરૂં અને અંકુશ રાખનારો, ગંધર્વ નામે યક્ષ શાસનદેવતા થયો; અને ગૌરવર્ણવાળી, મયૂરના વાહનપર બેસનારી, બે દક્ષિણ ભુજામાં બીજોરૂં અને ત્રિશૂલ તથા બે વામ ભુજામાં મુષંઢી અને કમ-ળને ધરનારી **બલાદેવી** નામે પ્રભુની સદા પાસે રહેનારી શાસનદેવી થઈ. તે બંને શાસન-દેવતા નિરંતર જેમની સાનિધ્યમાં રહેલા છે એવા પ્રભુએ ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો.

સાઠહજાર સાધુઓ, સાઠહજાર અને છસો સાધ્વીઓ, છસો ને સીત્તેર ચૌદપૂર્વધારી, અઢીહજાર અવધિજ્ઞાની, ત્રણહજાર ત્રણસો ને ચાલીશ મનઃપર્યવ જ્ઞાની, ત્રણ હજાર અને બસો કેવળજ્ઞાની, પાંચ હજાર ને એકસો વૈક્રિય લબ્ધિવાળા, બે હજાર વાદલબ્ધિવાળા, એક લાખ ને ઓગણીએંશી હજાર શ્રાવકો અને ત્રણ લાખને એકાશી હજાર શ્રાવકો–આટલો પરિવાર કેવલજ્ઞાન થયા પછી વિહાર કરતાં પ્રભુને થયો હતો. કેવલ-

જ્ઞાન થયા ગછી ત્રેવીશહજાર સાતસેા ને ચેાત્રીશ વર્ષ ગયા ત્યારે પેાતાને નિર્વાણ સમય નજીક આવેલેા જાણી પ્રભુ સંમેતશિખરે પધાર્યા અને ત્યાં એક હજાર મુનિઓની સાથે અનશન કર્યું. માસને અંતે વૈશાખ માસની કૃષ્ણ પ્રતિપદાને દિવસે કૃત્તિકા નક્ષત્રમાં તે સર્વ મુનિઓની સાથે કુંથુનાથ પ્રભુ મેાક્ષે ગયા. કૌમારપણામાં, રાજ્ય કરવામાં, ચક્રવર્ત્તીપણામાં અને વ્રતમાં સરખા ભાગે આયુષ્ય ગાળી, પંચાણુ હજાર વર્ષનું આયુષ્ય તેમણે પૂર્ણ કર્યું હતું. શ્રી શાંતિનાથ પ્રભુના નિર્વાણ પછી અર્દ્ધપલ્યેાપમ કાળ ગયેા ત્યારે શ્રી કુંથુનાથ ભગવાનનું નિર્વાણ થયું. તે અવસરે ઇંદ્રોએ દેવેા સહિત આવી ત્યાં પ્રભુનેા નિર્વાણ મહેાત્સવ કર્યેા અને પ્રભુની દાઢ તથા દાંત વિગેરે પવિત્ર વસ્તુ પૂજન કરવાને માટે ક્રમ પ્રમાણે પેાતાના સ્થાનમાં લઈ ગયા.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्ठिशलाकापुरुषचरिते
महाकाव्ये षष्ठे पर्वणि श्रीकुंथुनाथचरित
वर्णनो नाम प्रथमः सर्गः ॥

સર્ગ ૨ જો.

શ્રી અરનાથ ચરિત્ર.

ઇક્ષ્વાકુ વંશમાં તિલક રૂપ, ગોરોચના ચંદન જેવી સુંદર કાંતિવાળા અને ચોથા આરારૂપ સરોવરમાં હંસ સમાન એવા શ્રી અરનાથ પ્રભુ તમારૂં રક્ષણ કરો. ત્રણ જગત્‌રૂપ કુમુદને આનંદ આપવામાં ચંદ્ર સમાન એવા પરમેષ્ઠી શ્રી અરનાથ અર્હંતનું ઉજ્જવલ ચરિત્ર હવે કહેવામાં આવશે.

આ જંબૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં સીતા નદીના વિસ્તારવાળા તટ ઉપર **વત્સ** નામે વિજય છે. તેમાં **સુસીમા** નામે મોટી નગરીમાં શૌર્ય સંપત્તિની સીમારૂપ ધર્મ અને કીર્તિરૂપ ધનવાળો **ધનપતિ** નામે રાજા હતો. તે રાજા સારભૂત આજ્ઞાથી પૃથ્વીપર રાજ્ય કરતે છતે કોઇને બંધન, તાડન, અંગખંડન કે દંડ કાંઇપણ થતું નહોતું. પરસ્પર રાજ્યકલહ વગરના અને વાત્સલ્યભાવથી વર્ત્તતા લોકોથી બધી પૃથ્વી મુનિના આશ્રમ જેવી લાગતી હતી. તેના દયા રૂપ જળતરંગવાળા મનરૂપ સરોવરમાં હંસની જેમ શ્રીજિનોકત ધર્મ સદા ક્રીડા કરતો હતો. અનુક્રમે આ અસાર સંસારથી વિરકત થઇને સાર ગ્રહણ બુદ્ધિવાળા તેણે સંવરને ગ્રહણ કરી **સંવર** મુનિની પાસે દીક્ષા લીધી. વિવિધ અભિગ્રહને ધારણ કરીને તે રાજમુનિ વ્રતને પાળતાં, તીવ્ર તપસ્યા કરતાં પૃથ્વીપર વિહાર કરવા લાગ્યા. એકવાર તેમણે ચાતુર્માસના ઉપવાસ કર્યા. પારણાને દિવસે **જિનદાસ** નામે શ્રેષ્ઠીપુત્રે શ્રદ્ધાથી તેમને પ્રતિલાભિત કર્યા. અનુક્રમે અર્હંત આરાધનાદિ કેટલાએક સ્થાનકોના આરાધનવડે તે ધનપતિ મુનિએ કર્મનો ક્ષય કરતાં તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું. કાળયોગે મનઃસમાધિએ પંચત્વ પામી તે ધનપતિ મુનિ નવમા ગ્રૈવેયકમાં પરમ મહર્દ્ધિક દેવતા થયા.

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં પરમ સમૃદ્ધિવાળું **હસ્તીનાપુર** નામે નગર છે. ત્યાં સેવાને માટે આવેલા રાજાઓ પ્રજા જેવા લાગે છે અને દિવ્ય વાહન અને વેષ પહેરનારી પ્રજાઓ રાજા જેવી લાગે છે. નગરની આસપાસ આવેલી વલયાકાર ખાઇ, જાણે તેમાં લક્ષ્મીને સ્થિર રાખવાને માટે વિધાતાએ તેને આજ્ઞાલેખ (આણ) દીધેલ હોય તેવી જણાય છે. તે નગરીમાં સુવર્ણ, સ્ફાટિક અને નીલમણિનાં અનેક ચૈત્યો છે, તે મેરૂ, કૈલાશ અને અંજનગિરિનાં શિખરો હોય તેવાં દેખાય છે. તે નગરમાં દેવતાઓમાં ઇંદ્રની જેવો શ્રેષ્ઠ અને ચંદ્રની પેઠે સુદર્શન[1] **સુદર્શન** નામે રાજા હતો. તેના આસનમાં, શયનમાં, ગ્રહમાં અને બહાર નિરંતર સાનિધ્યે રહેતો ધર્મ જાણે તેનો પ્રિય મિત્ર હોય તેવો લાગતો હતો. સિદ્ધ મંત્રની જેમ તેનો પ્રતાપ એવો પ્રસરતો હતો કે તેની ચતુરંગ સેના માત્ર આચાર તરીકે રહેલી હતી. રાજાઓએ ભેટ કરેલા ગજેંદ્રોના ગાઢ મદજલની ધારાઓથી તેના ઘરના આંગણાની રજ હમેશાં શમી જતી હતી. તેના અંતઃપુરમાં શિરોમણિ જાણે કોઇ દેવી આવેલી હોય તેવી **મહાદેવી** નામે તેને એક પ્રિયા હતી. તે

---

૧ સારા દર્શનવાળો.

કદિ પણ પતિની સાથે પ્રણયકોપ કરતી નહીં અને પ્રકૃતિથી આર્ય એવી એ રમણી સપત્નીઓમાં પણ ઈર્ષ્યા ધરતી નહીં. તેનામાં રહેલો પતિનો પ્રસાદ અને ઉત્તમ સૌભાગ્ય તેને જરા પણ મદ ઉત્પન્ન કરતાં નહીં. તથાપિ તે પ્રમદાઓમાં શિરોમણિ કહેવાતી હતી. નિર્દોષ અંગવાળી અને લાવણ્યની સરિતારૂપ તે દેવીના જેવી બીજી પ્રતિમા માત્ર દર્પણમાંજ દેખાતી હતી, બીજે ઠેકાણે દેખાતી નહોતી. તેની સાથે ભોગ ભોગવતો બલવાન સુદર્શન રાજા સ્વર્ગમાં રહેનારા દેવતાની જેમ કાલ નિર્ગમન કરતો હતો.

ગ્રૈવેયક દેવલોકમાં રહેલા અને એકાંત સુખમાં મગ્ન એવ ધનપતિના જીવે ત્યાં પોતાનું આયુષ્ય પૂર્ણ કર્યું; અને ફાલ્ગુણ માસની શુકલ દ્વિતીયાને દિવસે ચંદ્ર રેવતી નક્ષત્રમાં આવતાં ત્યાંથી ચવીને મહાદેવીના ઉદરમાં અવતર્યો. સુખે સુતેલા મહાદેવીએ રાત્રિના શેષ ભાગે તીર્થંકરના જન્મને સૂચવનારાં ચૌદ મહા સ્વપ્ન જોયાં. માતાને નહીં પીડતો, શોભાને વધારતો અને ત્રણ જ્ઞાન ધરતો એ ગર્ભ ગૂઢ રીતે વધવા લાગ્યો. અનુક્રમે માર્ગશીર્ષ માસની શુકલ દશમીએ ચંદ્ર રેવતી નક્ષત્રમાં આવતાં નંદાવર્ત્તના લાંછનવાળા અને સર્વ લક્ષણોએ પૂર્ણ એવા એક કનકવર્ણી પુત્રને માતાએ જન્મ આપ્યો. તે સમયે છપ્પન દિક્કુમારીઓએ આવીને સૂતિકર્મ કર્યું અને ચોસઠ ઈન્દ્રોએ મેરૂ ઉપર લઇ જઇને જન્માભિષેક કર્યો. પછી ચંદનના વિલેપનાદિકથી પૂજા કરી, આરતી ઉતારીને સૌધર્મેંદ્રે આ પ્રમાણે સ્તુતિ કરી.

" અઢાર દોષ રહિત, અને અઢાર પ્રકારના બ્રહ્મચર્યને ધારણ કરનારા પુરૂષોને ધ્યાન
" કરવા યોગ્ય એવા અઢારમા તીર્થંકરને મારો નમસ્કાર થાઓ. હે તીર્થનાથ! જેવી રીતે
" તમે ગર્ભમાંથીજ ત્રણ જ્ઞાન ધારણ કરોછો, તેવી રીતેજ આ ત્રણ જગત્ને પણ ધારણ
" કરોછો. હે સ્વામી! રાગ દ્વેષાદિ તસ્કરો મોહરૂપ અવસ્વાપિની નિદ્રા મૂકી આ ત્રણ
" જગત્ને લાંબા વખતથી લૂંટી લે છે, માટે હવે સત્વર તેની રક્ષા કરો. હે નાથ! જેમ
" શ્રાંત થઈ ગયેલાઓ રથને, તૃષાતુરો નદીને, તાપથી તપેલાઓ વૃક્ષની છાયાને, દુખી
" જતાઓ વહાણને, રોગીઓ ઔષધને, અંધકારથી અંધ થયેલાઓ દીપકને, હિમથી
" પીડિત થયેલાઓ સૂર્યને, માર્ગ ભૂલી ગયેલાઓ ભોમીયાને અને વ્યાઘ્રથી ભય પામે-
" લાઓ અગ્નિને પ્રાપ્ત કરે તેમ અનાથપણાને લીધે ઘણા કાળથી વિધુર થઈ ગયેલા અમોએ
" અત્યારે તમારા જેવા તીર્થપતિ નાથને પ્રાપ્ત કરેલા છે. તમારા જેવા સ્વામીને પ્રાપ્ત
" કરી આ સુર, અસુર અને મનુષ્યો હર્ષથી ન સમાતા હોય તેમ પોતપોતાના સ્થાનથી
" અહીં આવે છે. હે નાથ! હું તમારી પાસે બીજું કાંઇ પણ માગતો નથી, માત્ર એટલું
" માગું છું કે તમે ભવેભવ મારા નાથ થજો."

આ પ્રમાણે સ્તુતિ કરી પ્રભુને લઇને ઈંદ્ર અચલપુરમાં આવ્યો અને ત્યાં દેવીના પડખામાં પ્રભુને પધરાવ્યા. પ્રભાતે રાજા સુદર્શને પ્રભુનો જન્મમહોત્સવ કર્યો અને સ્વપ્નમાં દેવીએ **અર** (ચક્રના આરા) દીઠેલા તેથી પ્રભુનું **અર** એવું નામ પાડયું. દેવાંગના રૂપ ધાત્રીઓથી, સમાન વયના થઇને આવેલા દેવતાઓથી અને ક્રીડાના સાધનો (રમકડાંઓ) થી ક્રીડા કરતા પ્રભુ અનુક્રમે મોટા થયા. ત્રીશ ધનુષની કાયાવાળા અરનાથ પ્રભુ પિતાના શાસનની ગૌરવતાને માટે યોગ્ય સમયે અનેક રાજકન્યાઓ સાથે પરણ્યા, અને જન્મથી એકવીશ હજાર વર્ષો ગયાં પછી પ્રભુએ પિતાની આજ્ઞાથી રાજ્યધુરા ધારણ કરી. માંડલિકપણામાં તેટલાજ વર્ષ ગયા પછી શસ્ત્રાગારમાં ગગનચારી ચક્રરત્ન ઉત્પન્ન થયું. પછી પ્રાપ્ત થયેલા બીજાં તેર રત્નોને પણ લઈ અરનાથ પ્રભુ ચક્રરત્નની પછવાડે દિગ્વિજય

કરવા નીકળ્યા. ચારસો વર્ષ સુધી ફરીને આખા ભરતક્ષેત્ર ઉપર પોતાનું શાસન પ્રવર્ત્તાવ્યું. ચક્રવર્ત્તીપણામાં પણ તેટલોજ કાળ (૨૧૦૦૦ વર્ષ) ગયો ત્યારે લોકાંતિક દેવતાઓએ આવીને કહ્યું કે ' હે સ્વામી ! તીર્થ પ્રવર્ત્તાવો.' એટલે પ્રભુ વાર્ષિક દાન આપી, પોતાના પુત્ર **અરવિંદને** રાજ્ય સોંપી, વૈજયંતી શિબિકામાં બેસીને સહસ્રામ્રવનમાં ગયા. તે વનનાં વૃક્ષો મુનિઓની જેમ મૌન રહેલા કોકિલ પક્ષીઓએ આશ્રિત કર્યા હતા, તેમાં આવેલી કૃષ્ણવર્ણી શેલડીના વાઢની રક્ષણ કરનારી સ્ત્રીઓના મધુર ગીત સાંભળી વટેમાંણુ ઉભા રહેતા. ત્યાં ક્રીડા કરતી નગર સ્ત્રીઓના કેશપાસને જોતાં મયૂરના છુટા પડેલાં પીંછાઓએ તેનું શરણ કર્યું હોય એમ જણાતું હતું. પુંનાગના પુષ્પોની ખુશબોથી મધુકરો પ્રમોદ ધરતા હતા, બોરડી અને નારંગીના ફલથી આકાશ પીળું થઈ ગયું હતું, જાણે હેમંતના હાસ્ય હોય તેવા ચારોળી, ફલી, ડોલર અને મુચકુંદની કલીઓથી તે શોભી રહ્યું હતું અને રોહડાનાં પુષ્પોની રજથી તેણે દિશાઓને નિર્મલ કરી હતી. આવા સુંદર ઉદ્યાનમાં નંદ્યાવર્ત્તથી લાંછિત એવા અરનાથ પ્રભુએ પ્રવેશ કર્યો.

પછી તે વનમાં વૈજયંતી શિબિકામાંથી ઉતરી, માર્ગશીર્ષ માસની શુકલ એકાદશીએ ચંદ્ર રેવતી નક્ષત્રમાં આવતાં દિવસના પાછલે પહોરે એક હજાર રાજાઓની સાથે પ્રભુએ છઠ્ઠ તપ કરીને દીક્ષા લીધી. તત્કાળ તેમને **મનઃપર્યવજ્ઞાન** પ્રાપ્ત થયું. બીજે દિવસે **રાજપુર** નગરમાં **અપરાજીત** રાજાને ઘેર પ્રભુએ પરમ અન્નથી પારણું કર્યું. દેવતાઓએ ત્યાં વસુધારાદિ પાંચ દિવ્ય કર્યાં અને પ્રભુના ચરણને સ્થાને રાજાએ રત્નપીઠ રચાવી. આસન અને શયનને બીલકુલ તજી દઇ વિવિધ અભિગ્રહને ધારણ કરતા પ્રભુએ છદ્મસ્થપણે ત્રણ વર્ષ સુધી પૃથ્વીપર વિહાર કર્યો. એકદા પાછા તેજ સહસ્રામ્રવનમાં આવી આમ્ર વૃક્ષની નીચે પ્રતિમા ધરીને ઉભા રહ્યા. ત્યાં કાર્ત્તિક માસની શુકલ દ્વાદશીએ ચંદ્ર રેવતી નક્ષત્રમાં આવતાં પ્રભુને ઘાતિકર્મના ક્ષયથી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. દેવતાઓએ આવી તત્કાળ સમોસરણ રચ્યું, તેમાં પ્રભુએ પૂર્વદ્વારથી પ્રવેશ કર્યો, અને ત્રણસો ને સાઠ ધનુષ ઉંચા ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા કરી **તીર્થાય નમઃ** એમ બોલી પૂર્વાભિમુખે પૂર્વ સિંહાસન પર આરૂઢ થયા. વ્યંતરોએ તરતજ બીજી ત્રણ દિશાઓમાં તેમના પ્રતિબિંબો વિકુર્વ્યા, ચતુર્વિધ સંઘ પણ આવીને યોગ્ય સ્થાને બેઠો. પ્રભુને સમોસર્યા જાણી રાજા કુરૂદ્રહ પણ તરત ત્યાં આવ્યો અને ભગવંતને નમીને તે ઈંદ્રની પછવાડે બેઠો. પછી ઇંદ્ર અને કુરૂદ્રહ રાજા ઉભા થઈને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

" ત્રણ ભુવનના અધીશ, સર્વ વિશ્વ પર વાત્સલ્ય ભાવના ધરનાર, કરૂણાના સાગર,
" અને અતિશયોથી શોભિત એવા હે પ્રભુ ! જય પામો. હે નાથ ! જેમ નિષ્કારણ જગ-
" તના ઉપકારને માટે સૂર્ય પોતાના સફલ કિરણોથી વિશ્વને પ્રકાશ કરે છે, જેમ ચંદ્ર
" પોતાની જ્યોત્સનાથી વિશ્વનો સંતાપ હરે છે, જેમ વર્ષાઋતુ મેઘના જલથી જગતને
" જીવન આપે છે, જેમ વાયુ પોતાની નિરંતરની ગતિથી જગતને આશ્વાસન કરે છે, તેવી
" રીતે નિષ્કારણ ત્રણ લોકના ઉપકારને માટે જ તમારી પ્રવૃત્તિ જય પામે છે. હે સ્વામી !
" જે આ જગત્ અત્યાર સુધી અંધકારમય અને અંધ થઈ રહ્યુ હતું, તે તમારાથી હવે
" પ્રકાશમય અને નેત્રવાળું થયેલું છે. હે નાથ ! હવેથી નરકનો માર્ગ બીલાઈ જશે તિર્યંચ
" યોનિમાં પણ થોડી ગતિ પ્રવર્ત્તશે, સ્વર્ગ લોક એક સીમાડાના બીજા ગામડા જેવું થશે,
" અને મુક્તિ જે ઘણી દૂર છે તે પણ નજીક થશે. હે પ્રભો ! વિશ્વના ઉપકારને માટે તમે
" વિહાર કરતાં પ્રાણીઓને અસંભવિત કલ્યાણ પણ શું શું પ્રાપ્ત નહીં થાય ? અર્થાત્
" સર્વ કલ્યાણ પ્રાપ્ત થશે. "

આ પ્રમાણે ઈંદ્ર અને કુબેરરાજ સ્તુતિ કરી રહ્યા પછી અરનાથ ભગવાને ધર્મદેશના દેવાનો આરંભ કર્યો.

" ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–એ ચાર પુરૂષાર્થમાં એકાંત સુખનો સાગર એવો " મોક્ષ પુરૂષાર્થ મુખ્ય છે; તેને સાધનારૂં ધ્યાન છે; તે સદા મનને આધીન છે. તે મનને " યોગીઓ આત્માધીન કરે છે, પણ રાગાદિ શત્રુઓ પાછા દબાવીને તે મનને પરાધીન " કરી દે છે. એ મનને સારી રીતે રક્ષણ કરીને રાખ્યું હોય તોપણ સહજ માત્ર મિષ " પામીને પિશાચની જેમ રાગાદિ તેને વારંવાર છળે છે. રાગાદિરૂપ તિમિરથી જ્ઞાનનો " નાશ કરનારૂં અજ્ઞાન અંધની જેમ ખેંચીને પ્રાણીને નરકના ખાડામાં પાડી દે છે. દ્રવ્યા- " દિકમાં જે રતિ અને પ્રીતિ તે રાગ અને તેમાં જે અરતિ અને અપ્રીતિ તે દ્વેષ એમ " વિદ્વાનો કહે છે. એ રાગ અને દ્વેષ સર્વ પ્રાણીઓના દૃઢ બંધનરૂપ છે અને સર્વ દુઃખ- " રૂપ વૃક્ષોના મૂલ અંકુર છે. જો એ રાગદ્વેષ જગત્માં ન હોત તો સુખમાં કોણ વિસ્મય " પામત ? દુઃખમાં કોણ કૃપણ થાત ? અને મોક્ષને કોણ ન પામત ? રાગ વિના દ્વેષ અને " દ્વેષ વિના રાગ રહેતો જ નથી, તેઓ બંનેમાંથી એકનો ત્યાગ કરતાં બંનેનો ત્યાગ " થાય છે. કામાદિ સર્વ દોષો રાગનો પરિવાર છે અને મિથ્યાભિમાન પ્રમુખ દ્વેષનો પરિ- " વાર છે. તે રાગ દ્વેષનો પિતા, બીજ, નાયક કે પરમેશ્વર, મોહ છે અને તે તેમનાથી " અભિન્ન છે; તેથી સર્વ દોષોના પિતામહ એવા તે મોહથી ઘણી સંભાળ રાખીને રહેવું " યોગ્ય છે. સંસારમાં આ ત્રણ (રાગ, દ્વેષ ને મોહ) દોષ જ છે. તે શિવાય બીજો કોઇ " દોષ નથી. તે ત્રણ દોષથી જ આ સંસારવારિધિમાં સર્વ પ્રાણીઓ ભમ્યા કરે છે. જીવ " સ્વભાવે સ્ફાટિક મણિ જેવો નિર્મળ છે પણ તે ત્રણ દોષની ઉપાધિથી તદ્રૂપપણે જણાય " છે. અહા ! આ આખું વિશ્વ રાજા વગરનું છે કે જેથી તેમાં રહેલાં પ્રાણીઓનું જ્ઞાન- " સર્વસ્વ અને સ્વરૂપ તે લૂંટારાઓ જોત જોતામાં લૂંટી લે છે. જે પ્રાણીઓ નિગોદમાં " છે અને જેઓ નજદીકમાં મુક્તિ જવાવાળા છે તે સર્વની ઉપર તેમની નિર્દય સેના " આવીને પડે છે. શું તેમને મુક્તિ સાથે વૈર છે કે મુમુક્ષુ સાથે વૈર છે કે જેથી તે " બંનેનો થતો યોગ તેઓ અટકાવે છે ? "

" ઉત્તમ મુનિ બંને લોકમાં અપકાર કરનારા એ ત્રણ દોષથી જેવા ભય પામે છે તેવા " વ્યાઘ્ર, સર્પ, જલ અને અગ્નિથી ભય પામતા નથી. આવો આ મહા સંકટવાળો માર્ગ " મહા યોગીઓએ આશ્રિત કરેલો છે, કે જેની બંને બાજુએ રાગદ્વેષરૂપ વ્યાઘ્ર અને " સિંહ ઊભા છે. નિર્વાણપદની ઇચ્છા કરનારા પ્રમાદ રહિત પુરૂષોએ સમભાવને અંગીકાર " કરીને એ રાગદ્વેષ રૂપ શત્રુનો જય કરવો. "

આ પ્રમાણે પ્રભુની દેશના સાંભળીને ઘણા લોકોએ દીક્ષા લીધી. પ્રભુને કુંભ વિગેરે તેત્રીશ ગણધરો થયા. પ્રથમ પૌરૂષી પૂર્ણ થઇ એટલે પ્રભુએ દેશના સમાપ્ત કરી. પછી તે- મના પાદ પીઠ પર બેસીને કુંભ ગણધરે દેશના આપવા માંડી. બીજી પૌરૂષી પૂર્ણ થઈ ત્યારે તેમણે પણ દેશના સમાપ્ત કરી. એટલે ઇંદ્રાદિક દેવતાઓ પ્રભુને નમીને પોતપોતાને સ્થાનકે ગયા. એ પ્રભુના તીર્થમાં ત્રણ નેત્રવાળો, શ્યામવર્ણો, શંખના વાહન પર બેસનારો, છ દક્ષિણ ભુજાઓમાં બીજોરૂં, બાણ, અક્ષ, મુદ્ગર, પાશ અને અભય તથા છ વામ ભુજાઓમાં નકુલ, ધનુષ્ય, ઢાલ, શૂલ, અંકુશ અને અક્ષસૂત્રને ધારણ કરનારો ષણ્મુખ નામે યક્ષ શાસન દેવતા થયો અને નીલવર્ણવાળી, કમળ પર બેસનારી, બે દક્ષિણ ભુજામાં

બીજોરું અને કમળ તથા બે વામ ભુજામાં પદ્મ અને અક્ષસૂત્ર ધરનારી **ધારિણી** નામે શાસનદેવી થઇ. એ બંને શાસનદેવતા નિરંતર અરનાથ ભગવંતની સમીપે જ રહેતા હતા.

એ શાસનદેવતાઓથી અધિષ્ઠિત અરનાથ પ્રભુ પૃથ્વી પર વિહાર કરતાં અન્યદા પદ્મિનીખંડ નામે નગરની બહાર સમોસર્યા. ત્યાં પ્રભુ દેશના આપીને વિરામ પામ્યા. પછી **કુંભ** ગણધરે સંશયનો છેદ કરે તેવી દેશના આપી તે સમયે એક વામન પુરુષ ત્યાં આવી ધર્મ સાંભળવા બેઠો હતો. દેશનાને અંતે **સાગરદત્ત** નામના એક શેઠે કુંભ ગણધરને નમસ્કાર કરીને કહ્યું કે–"હે ભગવન્! આ સંસારની પ્રકૃતિથીજ સર્વ પ્રાણીઓ દુઃખી તો હોય છે, પણ તેમાં હું સર્વથી વિશેષ દુઃખી છું; મારે લેશ માત્ર સુખ નથી. મારે **જિનમતી** નામે સ્ત્રી છે, તેના ઉદરથી રૂપવડે દેવાંગનાને પણ તિરસ્કાર કરનારી **પ્રિયદર્શના** નામે એક પુત્રી થઇ છે. તે પુત્રીએ સર્વ કલાઓમાં અસમાન કુશલતા મેળવી છે અને વય, સ્વરૂપ તથા ચાતુર્ય સંબંધી વિશેષ પ્રકારની શોભા પ્રાપ્ત કરી છે. તેને માટે યોગ્ય વર નહીં મળવાથી એકદા હું દુઃખી થઈને ચિંતા કરતો હતો તે વખતે મારી પત્ની જિનમતીએ કહ્યું કે, 'હે નાથ! શી ચિંતા કરો છો?' મેં કહ્યું–'હે સુંદરી! પુત્રી પ્રિયદર્શનાને યોગ્ય વર શોધતાં કોઇ મળતો નથી તેથી મને ચિંતા થાય છે.' મારી સ્ત્રીએ કહ્યું–હે પ્રિય! તેને માટે તમારે કોઇ શ્રેષ્ઠ વર શોધવો કે જેથી આપણને પછી પશ્ચાત્તાપ થાય નહીં.' મેં કહ્યું–'હે પ્રિયા! તે વિષે તો દૈવજ પ્રમાણ છે. કેમકે સર્વ લોકો પોતાના હિતમાં તત્પર રહે છે, કોઇ પોતાને માટે થોડું ઇચ્છતો નથી પરંતુ સૌને પોતપોતાના ભાગ્ય અનુસારેજ મળે છે, વધારે મળતું નથી.'

આ પ્રમાણે કહી હું બજારમાં ગયો. ત્યાં માર્ગમાં **તામ્રલિપ્તી** નગરીથી આવેલા **ઋષભદત્ત** નામના એક મહર્દ્ધિક સાર્થવાહને મેં દીઠો. સાધર્મીપણાને લીધે તે મારો પૂર્વે મિત્ર થયો હતો તેથી તેની સાથે સ્નેહ ભરેલા અને વ્યાપારના વૃત્તાંતે ગર્ભિત એવા કેટલાક વાર્ત્તાલાપ થયા. પછી એક દિવસે કોઇ કારણને લઇને તે મારે ઘેર આવ્યો. ત્યાં મારી પુત્રી પ્રિયદર્શનાની સામું ઘણીવાર સુધી તે જોઇ રહ્યો. પછી તેણે કહ્યું 'આ કોની કન્યા છે?' મેં કહ્યું–'તે મારી કન્યા છે, પણ તમે ઘણીવાર સુધી તેની સામું કેમ જોયું?' તે બોલ્યો–"**વીરભદ્ર** નામે એક યુવાન અને નીતિમાન્ મારે પુત્ર છે. તે રૂપથી કામદેવને, કાવ્ય શક્તિથી કવિ (શુક્ર)ને, વકતૃત્વ શક્તિથી ગુરૂને, વિજ્ઞાન શક્તિથી વર્ધકીને, ગીતથી હૂહૂ ગંધર્વને, વીણાથી તુંબરૂને, નાટયકલાથી ભરતને અને વિનોદ ક્રિયાથી નારદને ઉલ્લંઘન કરે તેવો છે. ગૂટિકાદિ પ્રયોગથી દેવની જેમ કામરૂપિ[1] છે. જગતમાં એવી કોઈ કળા નથી કે જે મારો પુત્ર વિધાતાની પેઠે જાણતો નથી. આજ સુધી તેને યોગ્ય એવી કોઇપણ કન્યા મારા જોવામાં આવી નથી, પણ આ તમારી કન્યા તેને યોગ્ય છે તે ચિરકાળે મારા જોવામાં આવી છે." તે સાંભળી હું બોલ્યો–"આ મારી કન્યા કલાકૌશલ્યવડે શોભિત છે અને તેને યોગ્ય વર મેળવવા માટે લાંબો કાળ થયાં હું પણ ચિંતાગ્રસ્ત છું. અનુકૂળ દૈવના યોગથી આપણા બંનેનો સુહૃદ સંબંધ છે. તો આ બંને આપણા અપત્યનો વરવધૂપણે સંબંધ ચિરકાળ પર્યંત જોડાઓ." પછી આવી યોગ્ય પુત્રવધૂના લાભથી હર્ષ પામી ઋષભદત્ત પોતાની નગરીએ ગયો અને ત્યાંથી તેણે મોટી જાન સાથે પોતાના પુત્ર વીરભદ્રને પરણવા મોકલ્યો. વર તરીકે આવેલા વીરભદ્રમાં તેના પિતાએ કહેલા સર્વે રૂપ અને ગુણ જોઈ

---

૧ ઇચ્છીતરૂપ કરનારો.

હું ઘણો આનંદ પામ્યો. પછી શુભ દિવસે કુલસ્ત્રીઓએ કરેલા માંગલિક આચાર પૂર્વક વીરભદ્ર મારી પુત્રી પ્રિયદર્શનાને પરણ્યો. કેટલાએક દિવસ મારે ત્યાં રહી પછી વધુ સહિત તે પોતાની નગરીએ ગયો. **માની પુરૂષો લાંબો કાળ કદીપણ સાસરાને ઘેર રહેતા નથી.**

કેટલોએક કાળ ગયા પછી મારા સાંભળવામાં આવ્યું કે રાત્રિના છેલ્લા પહોરે પ્રિયદર્શનાને સૂતી મૂકીને તે વીરભદ્ર એકાકી કયાંય પણ ચાલ્યો ગયો છે. હમણા તેના ખબર આ વામન પુરુષ લાવેલો છે, પણ તે સ્ફૂટ રીતે કહેતો નથી. માટે હે પ્રભુ ! તમે સ્ફૂટ રીતે કહો.'' આ પ્રમાણે સાગરદત્ત શેઠે ભગવાન્ કુંભ ગણધરને વિજ્ઞપ્તિ કરી, એટલે કૃપાળુ મુનિ બોલ્યા–''હે શ્રેષ્ઠિન્ ! તારા જમાતા વીરભદ્રને તે રાત્રે એવો વિચાર થયો કે 'હું કળાઓનો પારદર્શી છું, મારે ઘણા મંત્રો સિદ્ધ થયેલા છે, મેં દિવ્ય ગૂટિકાના વિસ્મયકારી પ્રયોગો જાણેલા છે, સર્વ પ્રકારના વિજ્ઞાનમાં મેં સંપૂર્ણ ચાતુર્ય મેળવ્યું છે. પરંતુ આ સર્વ મારૂં ચાતુર્ય અપ્રકાશિત હોવાથી નિરર્થક છે, કારણ કે અહીં વડિલોના સાનિધ્યપણાથી લજ્જાને લીધે હું નિયંત્રિત થયેલો છું. કૂવાના દેડકાની પેઠે અહીંજ પડયો રહેવાથી હું કાપુરૂષ જેવો થઈ ગયો છું; માટે અહીંથી બીજા દેશમાં જઈ મારા ગુણોને પ્રકાશિત કરૂં.' આ પ્રમાણે વિચારી તે ઊભો થયો. ફરી તેને વિચાર થયો કે આ પ્રિયદર્શના જો કૃત્રિમ નિદ્રા લેતી હશે તો મારા ગમનમાં વિઘ્ન કરશે. એવું ધારી તેણે પોતાની પ્રિયાને ક્રીડા કરવા માટે ઉઠાડવા માંડી. તે સમયે પ્રિયદર્શનાએ કહ્યું–'હે પ્રિય ! મને માથામાં પીડા થાય છે, શા માટે મને કદર્થના કરો છો ?' વીરભદ્રે કહ્યું–'કોના દોષથી મસ્તકપીડા થાય છે?' પ્રિયદર્શનાએ કહ્યું–'તમારા દોષથી.' વીરભદ્રે કહ્યું–'મારો શો દોષ છે?' પ્રિયદર્શના બોલી–'આ સમયે પણ તમે આવી ચાતુર્ય ભરેલી વાણી બોલો છો તે.' વીરભદ્રે કહ્યું–'હે કાંતા ! કોપ કરશો નહીં, હવે ફરીવાર હું આવું નહીં કરૂં.' આ પ્રમાણે સાભિપ્રાય વચનો કહીને તેણે પ્રિયદર્શના સાથે અધિક વિષયક્રીડા કરી. પછી રતિશ્રાંત થયેલી અને પોતાના પતિની વક્રોક્તિ નહીં જાણતી પ્રિયદર્શના ગાઢ નિંદ્રાથી સુઇ ગઇ. જ્યારે તે સાચી રીતે ઉંઘી ગઈ ત્યારે દૃઢ રીતે દબાયેલું અંતરીય વસ્ત્ર છોડાવ્યા વગર તેને ઉંઘતી મુકીને વીરભદ્ર વીરની જેમ પોતાના ઘરમાંથી બહાર નીકળી આવ્યો. પછી ગુટિકાના પ્રયોગથી તે શ્યામવર્ણ થઈ ગયો. **વર્ણના ફારફેરથી કાવ્યની[1] જેમ રૂપ પણ બદલાઇ જાય છે.**

વીરભદ્ર કુમાર વિદ્યાધરની જેમ ગ્રામ શહેર વિગેરેમાં પોતાના કળાકલાપને અને અતિશય વિજ્ઞાનને બતાવતો ફરવા લાગ્યો. પતિના જતા રહેવાથી પ્રિયદર્શના સાસુ સસરાની રજા લઇને પોતાને ઘેર આવી. **'પતિ વિના કુલિનસ્ત્રીઓએ બીજે નિવાસ કરવો ઉચિત નથી.'** અનુક્રમે ફરતો ફરતો વીરભદ્ર સિંહલદ્વીપમા **રત્નાકર** નામના રાજથી અધિષ્ઠિત એવા **રત્નાપુર** નગરમાં આવ્યો. ત્યાં શંખની જેવા ઉજ્જવલ ગુણવાળા **શંખ** નામના શેઠની દુકાને જઇને બેઠો. તેને જોઇને હર્ષ પામેલા શેઠે પૂછયું કે 'ભદ્ર ! તમે કયાંથી આવોછો ?' વીરભદ્રે કહ્યું–' તાત ! તામ્રલિપ્તી નગરીથી મારે ઘેરથી રીસાઈને નીકળ્યો છું અને ફરતો ફરતો અહીં આવ્યો છું.' શંખ શેઠ બોલ્યા–' કુમાર ! તમે સુકુમાર છતાં આવી રીતે વિદેશગમન કર્યું તે સારૂં કર્યું નહીં. કે વત્સ ! તું કાંઇ પણ અડચણ પામ્યા શિવાય અહીં મારી પાસે આવ્યો, તેથી એમ જણાય છે કે તારૂં વાંકું કર્મ પણ દૈવે સરળ કર્યું છે.' આ પ્રમાણે કહી શંખશેઠ તેને પોતાને ઘેર લઇ ગયો; અને પુત્રની

---

૧ કાવ્યપક્ષે વર્ણ એટલે અક્ષર લેવા.

પેઠે સ્નાનભોજન કરાવીને પછી સ્નેહથી કહ્યું–' હે પુત્ર ! મારે પુત્ર નથી, તો તું જ મારો પુત્ર છે. માટે આ મારા વૈભવનો સ્વામી થઈ તેને ઇચ્છા પ્રમાણે ભોગવ અને દાનવિલાસથી દેવ સમાન સમૃદ્ધિને ભોગવતાં મારાં નેત્રને પ્રસન્ન કર. હે વત્સ ! આ જગતમાં ધન સુલભ છે પણ તેનો ભોક્તા પુત્ર દુર્લભ છે.' તે સાંભળી વીરભદ્રે નમ્રતાથી કહ્યું–' પિતાના ઘરમાંથી નીકળીને પાછો હું પિતાના ઘરમાંજ આવ્યો છું, હું તમારી આજ્ઞામાં વર્તનાર અને સર્વદા તમારો શિષ્ય છું. ઔરસપુત્ર પાપપુત્ર કહેવાય છે અને હું તો તમારો ધર્મપુત્ર છું.'

પછી વીરભદ્ર શંખ શેઠને ઘેર સુખે રહીને પોતાની કળાવિજ્ઞાનની કુશળતાથી નગરજનોને વિસ્મય પમાડવા લાગ્યો. ત્યાંના રાજા રત્નાકરને સર્વ વિશ્વમાં સુંદર **અનંગસુંદરી** નામે એક પુરૂષદ્વેષિણી પુત્રી છે. તેના પાસે શંખશેઠની વિનયના સ્થાન જેવી **વિનયવતી** નામની પુત્રી પ્રતિદિન જતી હતી. એકદા વિનયવતીને વીરભદ્રે પૂછ્યું કે 'બેન ! તમે નિત્ય કયાં જાઓછો ?' એટલે વિનયવતીએ ભ્રાતૃસ્નેહથી જે યથાર્થ હતું તે કહી આપ્યું. વીરભદ્રે પૂછ્યું–'બેન ! તારી સખી કેવા વિનોદથી પોતાનો કાળ નિર્ગમન કરે છે ?' વિનયવતી બોલી–'વીણા વિગેરે વાજિંત્રોના વિનોદથી.' વીરભદ્ર બોલ્યો–' ત્યારે હું ત્યાં આવીશ.' વિનયવતીએ કહ્યું–' એક નાના બાળક પુરૂષનો પ્રવેશ પણ ત્યાં થતો નથી તો તમારો પ્રવેશ ત્યાં શી રીતે થાય ? વીરભદ્રે કહ્યું–' હું વધૂનું સ્વરૂપ ધારણ કરીશ.' પછી વિનયવતીની તેમાં સંમતિ થઇ, એટલે વીરભદ્રે સદ્ય સ્ત્રીવેષ ગ્રહણ કર્યો. તેવી રીતે અંતઃપુરમાં જતાં અનંગસુંદરીએ પૂછ્યું–' સખિ ! આ તારી સાથે બીજી સ્ત્રી કોણ છે? વિનયવતી બોલી–' એ મારી બેન છે.' પછી અનંગસુંદરીએ નવીન સુંદર વર્ણની એક ફલક ઉપર વિરહ પીડિત હંસલી ચિતરવા માંડી. તે વખતે સ્ત્રી રૂપ વીરભદ્રે કહ્યું–' તમે આ વિરહ પીડિત હંસલીને ચિતરવાનો આરંભ કર્યો છે, પણ તેની દૃષ્ટિ વિગેરે બરાબર જોઈએ તેવી થતી નથી.' 'ત્યારે લ્યો આ ચિત્ર તમે આલેખો.' એમ કહી અનંગસુંદરીએ વિવિધ વર્ણ સાથે તે ફલક (પાટીયું) વીરભદ્રને આપ્યું. એટલે વીરભદ્રે તત્કાળ બરાબર તાદશ હંસલી આલેખીને અનંગસુંદરીને આપી. તેને બરાબર નીરખી–જોઇને અનંગસુંદરી બોલી–' અહો ! અંદરના ભાવને પ્રકાશ કરે તેવી આ ચિત્રમાં કુશળતા ઘણી સારી વાપરી છે. જુવો, આ તેની દૃષ્ટિ અશ્રુજળના બિંદુને વર્ષાવી રહી છે, વદન ગ્લાનિ પામેલું છે, ચંચુ કમળનાળને શિથિલપણે રાખી રહેલ છે, ગ્રીવા શિથિલ થઈ ગઇ છે અને પાંખો ઉડવાને અસમર્થ લાગે છે. આ શૂન્ય સ્થિતિ કહ્યા વગરજ તેની વિરહ અવસ્થાને સ્પષ્ટ રીતે સૂચવે છે.

પછી અનંગસુંદરીએ વિનયવતીને કહ્યું–'સખિ ! આવી કળા જાણનારી આ તારી બેનને તું આટલા વખત સુધી અહીં કેમ લાવી નહોતી ? ઘરમાં ગુપ્ત રીતે શામાટે રાખી હતી ?' વીરભદ્રે કહ્યું–' ગુરૂજનની શંકાને લીધે મારી બેન મને અહીં લાવતાં નહીં. તે વિના બીજું કાંઇ કારણ નથી.' અનંગસુંદરીએ વિનયવતીને કહ્યું–'હવે પ્રતિદિન તમારી બેનને તમારે સાથે લઈને આવવું. હે સુંદરી ! આનું નામ શું છે ?' વીરભદ્ર સત્વર બોલ્યો કે ' મારૂં નામ **વીરમતી** છે.' રાજપુત્રીએ ફરીથી પૂછ્યું–'તમે બીજી કોઇ કળા જાણો છો ?' વિનયવતી બોલી–' થોડા કાળમાં જે હશે તે તમારા જાણવામાં આવશે. બીજાના માત્ર કહેલા અદ્‌ભુત ગુણમાં તત્કાળ પ્રતીતિ થતી નથી.' **'एवमस्तु'** એમ કહી અનંગસુંદરીએ ખુશી થઈ સત્કાર કરીને વિનયવતી અને વીરમતીને વિદાય કરી.

ઘેર આવી વેષ બદલી પિતૃભક્તિમાં બંધાયેલો વીરભદ્ર શેઠની દુકાને ગયો. શેઠે પૂછયું ‘વત્સ ! આટલીવાર કયાં રહ્યો હતો ? અહીં તારે માટે પૂછનારા પુરૂષોને ઉત્તર આપીને હું કંટાળી ગયો છું.’ વીરભદ્ર બોલ્યો-‘પિતાજી ! હું ઉદ્યાનમાં ગયો હતો.’ શેઠે કહ્યું-‘ ત્યારે તો બહુ સારૂં કર્યું.’

બીજે દિવસે પાછો કલાનિધિ વીરભદ્ર સ્ત્રીવેષ લઈ અંતઃપુરમાં ગયો. ત્યાં અનંગસુંદરીને વીણા વગાડતી જોઇ વીરભદ્રે કહ્યું-‘હે સુંદરી ! આ વીણા બરાબર સ્વર આપતી નથી. તેમાં કોઈ મનુષ્યનો વાળ ભરાઈ ગયોછે.’ અનંગસુંદરીએ પૂછયું-‘ તમે કેવી રીતે જાણ્યું ?’ વીરભદ્રે કહ્યું-‘તમે તેને બજાવો છો ત્યારે તેમાં જે રાગનો નિર્વાહ જોવામાં આવે છે, તે ઉપરથી મારા જાણવામાં આવ્યું છે.’ પછી રાજપુત્રીએ તે વીણા વીરભદ્રને આપી. એટલે તત્કાળ તેને જાણનારા વીરભદ્રે તે ઉખેળી નાખી અને મનુષ્યના હૃદયમાંથી શલ્યની જેમ તેમાંથી મનુષ્યનો વાળ કાઢીને બતાવ્યો. એટલે તે આશ્ચર્ય પામી. પછી તેને સારી રીતે ગોઠવી, દંડ સાથે બાંધી તૈયાર કરીને, પ્રવીણતાથી તુંબરું ગંધર્વને જીતનારા વીરભદ્રે તે વીણા વગાડવા માંડી. સારણીવડે શ્રુતિઓને સ્ફુટ કરનારા સ્વરો અને ધાતુ તથા વ્યંજનને સ્પષ્ટ કરનારા તાન ઉત્પન્ન કર્યા. વાદ્યના સર્વ પ્રકારને આશ્રયોને શ્રવણમાં અમૃતરૂપ સર્વ સકલ અને નિષ્કલ રાગો વીણામાં જણાવી દીધા. તે સાંભળી અનંગસુંદરી અને સર્વ સભા હર્ષોત્કર્ષને ધારણ કરીને મૃગોની જેમ ચિત્ર લિખિત હોય તેમ સ્થિર થઇ ગઇ. તે વીણાગીત સાંભળી રાજપુત્રી વિચારમાં પડી કે આવું ગુણવાન્ પાત્ર દેવતાને પણ દુર્લભ છે. આ સ્ત્રી વિના મારો જન્મ નિરર્થક છે. ‘સકળા પણ પ્રતિમા પુષ્પમાળાથીજ શોભે છે.’ આ પ્રમાણે અવસરે અવસરે બીજી કળાઓમાં વીરભદ્રે પોતાની પ્રવીણતા બતાવી તેના મનરૂપ વિત્તને ચોરી લીધું.

એક વખતે અનંગસુંદરીને પોતામાં અનુરક્ત થયેલ જાણી વીરભદ્રે એકાંતમાં શંખ શ્રેષ્ઠીને આ પ્રમાણે કહ્યું-“ પૂજ્ય પિતાજી ! બેન વિનયવતીની સાથે હું સ્ત્રીનો વેષ લઇ પ્રતિદિન અનંગસુંદરીની પાસે જાઉ છું, પણ તેથી તમે ભય રાખશો નહીં. હું જે કરીશ તે એવી રીતે કરીશ કે જેથી કોઇ જાતનો અનર્થ નહીં થાય પણ તમારી મ્હોટાઈ વધશે. જો રાજા પોતાની કન્યા મને આપવાને આપની પાસે પ્રાર્થના કરે તો પ્રથમ તમે તે માન્ય કરશો નહીં. જ્યારે અતિ આગ્રહ કરે ત્યારે માન્ય કરજો.” શેઠે કહ્યું-‘ વત્સ ! તું બુદ્ધિથી અધિક છે, તેથી સર્વ સમજે છે; અમે તો એટલું કહીએ છીએ કે તારે પોતાનું કુશળ થાય તેમ કરવું.’ પછી વીરભદ્રે કહ્યું-‘ પિતા ! તમે ઉદ્વેગ કરશો નહીં. હવે થોડા કાળમાં તમારા પુત્રનું શુભ પરિણામવાળું શુભ કાર્ય જોશો.’ શેઠે કહ્યું-‘ તે બાબત તું જાણે.’ એમ કહી શંખશેઠ મૌન ધરીને રહ્યા.

તે સમયે રત્નાકર રાજાની સભામાં વાર્ત્તા થઇ કે “ તામ્રલિપ્તી નગરીથી કોઇ યુવાન પુરૂષ શંખશેઠને ઘેર આવેલો છે, તે પ્રતિદિન નગરમાં વિચિત્ર કળાઓ બતાવી સર્વને વિસ્મિત કરે છે. તે વિદેશી છે, તેથી તેની જ્ઞાતિ જણાતી નથી પણ તેની આકૃતિ તે મ્હોટા કુળમાં ઉત્પન્ન થયો છે એમ કહી આપે છે.” રાજા વિચારવા લાગ્યો કે ‘ રૂપમાં કામદેવ, જેવો સદાચારવાળો, સારી આકૃતિવાળો, કળાનો રત્નાકર અને સદ્બુદ્ધિવાળો એ યુવાન પુરૂષ જો મારી પુત્રીને રૂચે તો તેનો સંબંધ જોડનાર વિધાતાનું તે કાર્ય દોષવાળું ન ગણાય.’

અહીં એક વખતે વીરભદ્રે અનંગસુંદરીને એકાંતમાં કહ્યું–' હે સખિ ! તમારી પાસે આવી સામગ્રી છતાં તમે ભોગથી વિમુખ કેમ છો?" અનંગસુંદરી બોલી–' બેન! ભોગ કોને વહાલા ન હોય ? પણ પોતાને યોગ્ય કુલીન પતિ મળવો દુર્લભ છે. મણિ એકલો સારો, પણ કાચની મુદ્રિકા સાથે જડાએલો સારો નહીં; નદી જળ રહિત સારી, પણ ઘણા જળજંતુઓથી આકુળ સારી નહીં; શાળા શૂન્ય સારી, પણ તસ્કર લોકોથી ભરપૂર સારી નહીં; વાડી વૃક્ષવગરની સારી, પણ વિષવૃક્ષવાળી સારી નહીં; તેમ રૂપ-યૌવનવાળી સ્ત્રી પરણ્યા વગરની સારી, પણ અકુલીન અને કળા રહિત પતિથી વિડંબિત થયેલી સારી નહીં. હે સખિ ! આટલા વખત સુધી હજુ કોઈ યોગ્ય વર મારા જોવામાં આવ્યો નથી, તો અલ્પ ગુણવાળા પતિને વરીને હું ઉપહાસ્યનું પાત્ર કેમ થાઉં ?' વીરભદ્ર બોલ્યો–' સખિ ! યોગ્ય વર મળે તેજ સારૂં, પણ ' યોગ્ય કોઈ વર નથી ' એવું બોલશો નહીં; કેમકે આ પૃથ્વી બહુ રત્નવાળી છે. તમારે માટે યોગ્ય વર હું હમણાંજ શોધી લાવું, પણ તમે અરોચક થઈ ગયા છો, તેથી તમને ભોગ રૂચશે નહીં.' અનંગસુંદરી એ કહ્યું–'સખી ! આવી આશા આપી મારી જીવ્હાને શા માટે ખેંચે છે ? અને આવું મિથ્યા કેમ બોલે છે ? જો તારૂં કહેવું સાચું હોય તો મને યોગ્ય એવો વર બતાવ કે જેથી મારાં કળા, યૌવન, રૂપ વિગેરે સર્વ કૃતાર્થ થાય.' આ પ્રમાણે વીરભદ્રને કહ્યું, એટલે તેણે પોતાનું રૂપ બતાવ્યું. તત્કાળ અનંગસુંદરી બોલી કે ' હવે હું તમારે આધીન છું, તમે મારા પતિ છો.' વીરભદ્રે કહ્યું–"**तथास्तु**" પણ તમને અપવાદ ન લાગે માટે હવેથી હું અહીં આવીશ નહીં, તમારે તમારા પિતાને આ વાર્ત્તા જણાવવી. જેથી રાજા શંખશ્રેષ્ઠીનો અપરાધ ન ગણે અને ઉલટા તેને બોલાવી 'અનંગસુંદરી વીરભદ્ર માટે ગ્રહણ કરો' એમ આગ્રહ સાથે કહે. અનંગસુંદરીએ તેમ કરવા કબૂલ કર્યું, એટલે વીરભદ્ર પોતાને ઘેર ગયો.

પછી અનંગસુંદરીએ તત્કાળ પોતાની માતાને બોલાવીને આ પ્રમાણે કહ્યું કે–' હે માતા ! આટલો વખત યોગ્ય વરના અભાવથી કેવલ માતપિતાને હૃદયમાં શલ્યની જેમ ખેદને માટેજ હું થઈ પડી હતી, પણ હવે કળા, રૂપ પ્રમુખ ગુણોથી મારે યોગ્ય એવો શંખશેઠનો પુત્ર વીરભદ્ર નામે એક ઉત્તમ વર મેં શોધ્યો છે માટે આજને આજ એ ગુણી વર મને આપો. તમે પોતે મારા પિતાને વિજ્ઞપ્તિ કરો કે તે મારે માટે તેના પિતા શંખશેઠની પ્રાર્થના કરે.' આવાં વચન સાંભળતાંજ રાણી ખુશ થઇ, તત્કાળ રાજા પાસે આવી કહ્યું કે ' સ્વામી ! વધામણી છે, સારે ભાગ્યે આપણી પુત્રીને યોગ્ય વરનો લાભ થયો છે. અનંગસુંદરીએ પોતાની મેળે પરીક્ષા કરીને શંખશેઠના યુવાન પુત્ર વીરભદ્રને યોગ્ય વર તરીકે પસંદ કર્યો છે.' રાજાએ કહ્યું–' આ વિષેજ હું ચિંતવન કરતો હતો, ત્યાં ચિંતામણિ કે કામધેનુ હોય તેમ તમે આવી પડ્યાં; અહા ! પુત્રીનું વરની પરીક્ષા કરવામાં કેવું સ્થૈર્ય અને ડહાપણ છે? કે જેણે આટલો કાળ ખમીને છેવટે આવા યોગ્ય વરને પસંદ કર્યો !' તત્કાલ રાજાના આમંત્રણથી ઘણા ધનાઢ્ય વણિકોથી પરવરેલો શંખશેઠ ત્યાં આવ્યો. તેણે રાજાને પ્રણામ કર્યો. રાજા રત્નાકરે શંખશેઠને કહ્યું–' તામ્રલિપ્તી નગરીથી કોઇ યુવાન પુરૂષ તમારે ઘેર આવ્યો છે તે સર્વ કળાસાગરના પારને પામેલો, અદ્વૈત સૌંદર્યવાળો અને ગુણગણથી ઉત્તમ છે એમ સાંભળવામાં આવ્યું છે.' શંખશેઠે કહ્યું–'હે દેવ ! તેના ગુણો લોકો જાણે છે.' રાજાએ કહ્યું–' તે તમારી આજ્ઞામાં છે કે નહીં ?' શંખશેઠે કહ્યું–' સ્વામી ! તે વિષે વધારે શું કહું ? સર્વ જન તેના ગુણથી ખરીદ થઇ તેનેજ વશ રહે છે.' રાજાએ કહ્યું–' શેઠજી ! મારી પુત્રી અનંગસુંદરી છે, તેને વીરભદ્રને માટે તમે

આજેજ ગ્રહણ કરો; તે બંને યોગ્ય વરવધૂનો ચિરકાળે યોગ થાઓ.' શેઠ બોલ્યા–' હે પ્રભુ ! તમે અમારા સ્વામી છો, અને અમે તમારી પાળવા યોગ્ય પ્રજા છીએ; તેથી આપ કહો છો તે સંબંધ અઘટિત છે. સંબંધ અને મિત્રતા સરખે સરખામાંજ શોભે છે.' રાજાએ કહ્યું–' શેઠજી ! શું યુકિતવડે મને ના કહો છો ? જાઓ, મારી આજ્ઞા નિર્વિચારે કરો. અહીંથી જઇને સત્વર સજ્જ થાઓ.' રાજાની આજ્ઞા માન્ય કરી શંખશેઠ ઘેર આવ્યા, અને રાજાના શાસનનો સર્વ વૃત્તાંત વીરભદ્રને કહ્યો. પછી શુભ દિવસે શુભ લગ્નમાં અનંગસુંદરી અને વીરભદ્રનો મોટી સમૃદ્ધિથી વીવાહોત્સવ થયો. એ સ્વયંવર વધૂવર સરખે સરખા હોવાથી તેમની પરસ્પર પ્રીતિ દિવસે દિવસે અધિક વધવા લાગી. વીરભદ્રે નિત્ય જૈન ધર્મનો ઉપદેશ આપી અનંગસુંદરીને શ્રાવિકા કરી દીધી. **સત્પુરૂષોનો સંગ આલોકમાં તો શું પણ પરલોકમાં પણ સુખને માટે થાય છે.** એક વસ્ત્ર ઉપર શ્રી અર્હંતની પ્રતિમા અને ચતુર્વિધ સંઘના ચિત્ર આળેખી વીરભદ્રે રાજકુમારીને અર્પણ કર્યાં અને પછી સારી રીતે તેની સમજુતી આપી.

એક વખતે વીરભદ્રને વિચાર થયો કે " આ સ્ત્રી મારી પર સ્નેહ ધરે છે એમ દેખાય છે, પણ પ્રકૃતિએ ચપળ એવી સ્ત્રીઓની સ્થિરતાને માટે નિશ્ચય સમજવો નહીં. ભવતુ, હું આ સ્ત્રીનો આશય કોઈ યુક્તિએ જાણીશ." આવો વિચાર કરી એ ચતુર સુંદર વણિકકુમારે અનંગસુંદરીને કહ્યું–" હે પ્રિયતમા ! મને તમારા શિવાય બીજું કાંઈ પણ પ્રિય લાગતું નથી, તથાપિ હવે સ્વદેશમાં જવાને માટે તમારી રજા લઉં છું. કારણકે મારા માતાપિતા મારા વિયોગથી પીડિત થઇ અતિ દુઃખી થતાં હશે માટે હું જઈને તેમને આશ્વાસન આપું. હે સુંદર ભ્રકુટીવાળી સ્ત્રી ! તમે અહીં જ રહેજો, હું જઇને તત્કાળ પાછો આવીશ. કેમકે તમારા વિના બીજે ઠેકાણે રહેવાને હું સમર્થ નથી." ત્યારે અનંગસુંદરી ગ્લાન વદને બોલી–" સ્વામી ! તમે બહુ સારૂં કહ્યું, જે સાંભળતાં જ મારા પ્રાણ જાણે જવાને ઇચ્છતા હોય તેમ લાગે છે. તમે આવું કહેવાને શક્તિમાન થયા, તે ઉપરથી એમ જણાય છે કે તમે કઠિન હૃદયવાળા છો. જો હું તમારા જેવી હોત તો તમારાં આવાં વચન સાંભળવાને શક્તિવાન થાત." આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળી વીરભદ્રે કહ્યું–' પ્રિયા ! કોપ કરશો નહીં, તમને સાથે લઈ જવાને માટે જ મેં આ ઉપાય કર્યો છે.'

પછી વીરભદ્રે અનંગ સુંદરી સાથે સ્વદેશ પ્રત્યે જવાને માટે રત્નાકર રાજાની આગ્રહ પૂર્વક રજા માગી. રાજાએ પ્રિયા સહિત વીરભદ્રને માંડ માંડ વિદાયગિરી આપી. ' પુત્રી અને જમાતાનો વિરહ કોને દુઃસહ નથી?' પછી તે દંપતી વહાણમાં બેસીને જળમાર્ગે ચાલ્યા. **સાહસિક પુરૂષોની ગતિ જળમાર્ગમાં અને સ્થલમાર્ગમાં સરખીજ હોય છે.** જેમ ધનુષ્યથી છૂટેલું બાણ હોય અને માળામાંથી ઉડેલું પક્ષી હોય તેમ અનુકૂળ પવને પ્રેરિત વહાણ સમુદ્રમાં ચાલ્યું. વહાણ કેટલેક દૂર ગયું તેવામાં એકદા કલ્પાંત કાળની જેવો મહાપવન વાવા લાગ્યો. કલ્પાંતકાળની જેમ અતિ ભયંકર થઇને ઉછળતા સમુદ્રે હાથી જેમ તૃણના પૂળાને ઉછાળે તેમ વહાણને ઉછાળવા માંડયું. વારંવાર ઉછળતું તે વહાણ ત્રણ દિવસ પર્યંત ભમી ભમીને છેવટે પથ્થરપર પડી ગયેલા પક્ષીના ઈંડાની જેમ ભાંગી ગયું. તત્કાળ અનંગસુંદરીને તેનું એક પાટીયું મળ્યું. ' આયુષ્ય તૂટ્યા વગર મૃત્યુ થતું નથી.' તેથી હંસલીની જેમ કલ્લોલથી ઉછાળા ખાતી ખાતી અનંગસુંદરી પાંચ રાત્રે

એક વનવાળા સમુદ્રના કાંઠા ઉપર નીકળી. પોતાના સંબંધીઓના વિયોગથી, વિદેશ ગમનથી, પ્રિયના વિયોગથી, વહાણના ભાંગવાથી, ધનના ક્ષયથી, તરંગ સાથે અથડાવાથી અને ક્ષુધા તથા તૃષાથી વિધુર થઈ ગયેલી અનંગસુંદરી જાણે જળ બહાર નીકળેલી જળમાનુષી હોય તેમ સંજ્ઞા રહિત થઈ મૂર્છા પામી કિનારા પર પડી ગઈ. તેને કોઈ સ્વભાવિક દયાળું તાપસકુમારે આર્દ્ર દૃષ્ટિએ જોઇ. પછી તેને ઉઠાડી બ્હેનની જેમ તે પોતાને આશ્રમે લઈ ગયો. ત્યાં તેને કુળપતિએ કહ્યું કે 'પુત્રી ! અહીં વિશ્વાસ ધરીને રહો.' તાપસીઓએ પાલન કરેલી તે કેટલાક દિવસ સુધી પિતાના ઘરની પેઠે ત્યાં રહીને સ્વસ્થ થઈ. તેના અતિશય રૂપથી તાપસે વિચાર કર્યો કે 'જો આ સુંદર સ્ત્રી નિત્ય અહીં રહેશે તો તાપસોની સમાધિનો ભંગ થશે.' આવું ધારી વૃદ્ધ તાપસે અનંગસુંદરીને કહ્યું–" હે વત્સે! અહીંથી નજીક એક પદ્મિનીખંડ નામે શહેર છે, ત્યાં પ્રાયઃ ધનાઢય લોકો વસે છે, તેથી ત્યાં રહેવાની તમને વિશેષ સ્વસ્થતા થશે, અને તમને ત્યાં તમારા ભર્ત્તારનો સમાગમ પણ અવશ્ય થશે; માટે વૃદ્ધ તાપસોની સાથે ત્યાં જાઓ.' આવી કુળપતિની આજ્ઞાથી અનંગસુંદરી વૃદ્ધ તાપસોની સાથે પદ્મિનીના ખંડમાં જેમ હંસલી આવે તેમ પદ્મિનીખંડ નગર પાસે આવી. 'આપણે નગરમાં પ્રવેશ કરવો યોગ્ય નથી' એવું ધારી તાપસો તેને નગરની પાસે મૂકીને પાછા ગયા. તે વખતે દૃષ્ટિપાતથી આકાશને કુમુદવાળી કરતી હોય તેમ દિશાઓને જોતી અનંગસુંદરી યૂથમાંથી ભ્રષ્ટ થરેલી મૃગલી હોય તેવી દેખાવા લાગી. તે સમયે દેહચિંતાર્થે આવતા, સાધ્વીઓથી પરવરેલા સુવ્રતા નામે ગણિની[1] જાણે પોતાની માતાને દેખે તેમ તેના જોવામાં આવ્યા. તેને જોતાંજ તેને સ્મરણ થયું કે 'આવા નિર્દોષ અને જગદ્વંદ્ય સાધ્વીઓ મારા પતિ વીરભદ્રે પટમાં ચીતરીને બતાવ્યા હતા.' પછી પૂર્વ વિધિના અભ્યાસથી તેમની પાસે આવીને સુવ્રતા ગણિનીને અને બીજી સાધ્વીઓને તેણે વંદના કરી. પછી અંજળિ જોડીને કહ્યું કે માતા ! મારા વચનથી સિંહલદ્વીપના ચૈત્યને વંદના કરો. તે ચૈત્યો બહુ સુંદર અને વિસ્તારવાળાં છે.' સુવ્રતા ગણિની બોલ્યાં–' શું તમે સિંહલદ્વીપથી આવ્યા છો ? અહીં એકલા કેમ છો ? તમારી આકૃતિ પરિવાર રહિત મનુષ્ય જેવી નથી.' 'હું સ્વસ્થ થયા પછી સર્વ વૃત્તાંત કહીશ ' એમ તેણે કહ્યું, એટલે સુવ્રતા ગણિની તેને સાથે લઈ તરતજ પોતાને ઉપાશ્રયે ગયા. ત્યાં અસાધારણ ભક્તિથી સાધ્વીઓને વંદના કરતી અનંગસુંદરીને તમારી પુત્રી પ્રિયદર્શનાએ દીઠી. પછી સુવ્રતા અને પ્રિયદર્શનાના પૂછવાથી તેને સુવ્રતાનું દર્શન થયું ત્યાં સુધીનો પોતાનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. પછી પ્રિયદર્શનાએ કહ્યું–' હે સુંદરી ! તારા પતિ વીરભદ્રના સર્વ કળા વિગેરે ગુણો તો મારા પતિ વીરભદ્ર સાથે મળતા છે, પણ તેનો વર્ણ કેવો છે ?' અનંગસુંદરીએ કહ્યું–' તેનો શ્યામવર્ણ છે.' પ્રિયદર્શના બોલી—' હે વર્ણિની ! મારા પતિનો ફક્ત વર્ણ જુદો પડે છે, બાકી સર્વ મળતું છે.' ગણિની બોલ્યા–' વત્સે ! આ પ્રિયદર્શના તારી ધર્મભગિની થાય છે, તેથી ધર્મક્રિયામાં તત્પર થઇ તેની સાથે રહે.' આ પ્રમાણે સુવ્રતા અને પ્રિયદર્શનાના કહેવાથી, દર્શન કરતાંજ અતિ વાત્સલ્ય બતાવેલ હોવાને લીધે અનંગસુંદરી ત્યાંજ રહી.

અહીં વીરભદ્ર વહાણ ભાંગી ગયા પછી સમુદ્રના તરંગોએ અનેક પ્રકારે તાડિત કર્યો છતાં પણ એક પાટીયા ઉપર લગ્ન થઇ રહ્યો. સાતમે દિવસે તે રતિવલ્લભ નામે એક વિદ્યાધરના જોવામાં આવ્યો. તેથી તે વિદ્યાધરે તેને તરતજ સમુદ્રમાંથી કાઢયો, અને વૈતાઢય-

---

૧ સાધ્વી ગણ (સમુદાય) માં મુખ્ય.

ગિરિ ઉપર લઇ ગયેા. તે અપુત્ર હેાવાથી હર્ષ પામીને તેણે **મદનમંજૂષા** નામની પેાતાની પ્રિયાને પુત્ર તરીકે અર્પણ કર્યો. તેઓના પૂછવાથી વીરભદ્રે પેાતાની સ્ત્રીનેા અને પેાતાનેા સમુદ્રમાં વહાણ ભાંગવા સુધીનેા સર્વ વૃત્તાંત પ્રથમથી કહી બતાવ્યેા. પછી તેણે કહ્યું-'હે પિતાજી ! યમરાજના મુખમાંથી ખેંચી લાવે તેમ તમે મને સમુદ્રમાંથી ખેંચી લાવ્યા, પણ મારી સાથે ડૂબેલી અનંગસુંદરીનું શું થયું તે તમે કહેા.' તે સાંભળી રતિવલ્લભ વિદ્યાધરે આલેાગિની વિદ્યાથી જાણી લઇને કહ્યું--'વત્સ ! તારી પ્રિયા અનંગસુંદરી અને પ્રિયદર્શના પદ્મિનીખંડ નગરને વિષે સુવ્રતા સાધ્વીના ઉપાશ્રયમાં બે બહેનેા હેાય તેમ સાથે રહીને ધર્મ આચરે છે.' બંને પત્નીઓની આવી કલ્યાણ વાર્ત્તા સાંભળી જાણે સર્વ અંગમાં અમૃત સિંચન થયું હેાય તેમ વીરભદ્ર ખુશી થયેા. સમુદ્રમાંથી બહાર નીકળતાંજ તેણે શ્યામવર્ણ કરનારી ગુટિકા દૂર કરી હતી એટલે તેનેા સહજ ગૌરવર્ણ થઇ ગયેલેા હતેા. પછી રતિવલ્લભે **વજ્રવેગવતી** નામની પેાતાની પત્નીના ઉદરમાંથી જન્મેલી **રત્નપ્રભા** નામની પેાતાની પુત્રી વીરભદ્ર સાથે પરણાવી. વીરભદ્ર પેાતાનું **બુદ્ધદાસ** એવું નામ જણાવી રત્નપ્રભાની સાથે વિષયસુખ અનુભવવા લાગ્યેા.

એક વખતે વિદ્યાધરેાને એકઠા થઇને કાંઈક જતાં જોઇ, વીરભદ્રે રત્નપ્રભાને પૂછયું કે 'આ સર્વે વેગથી કયાં જાય છે ?' રત્નપ્રભાએ કહ્યું-'હે પ્રિય ! આ વિદ્યાધરેા આ ગિરિ ઉપર રહેલા શાશ્વત અર્હંતની યાત્રા કરવા માટે વેગથી જાય છે.' આ પ્રમાણે સાંભળતાંજ શ્રાવક બુદ્ધદાસ રત્નપ્રભા પ્રિયાની સાથે વૈતાઢય ગિરિના શિખર ઉપર ગયેા અને ત્યાં ભક્તિથી શાશ્વત અર્હંતના ચૈત્યેાને વંદના કરી. રત્નપ્રભાએ પણ દેવની આગળ ગીત નૃત્યાદિ કર્યું. બુદ્ધદાસે કહ્યું-'હે પ્રિયા ! આ દેવ મને તેા અપૂર્વ લાગે છે, કારણ કે હું સિંહલદ્વીપનેા નિવાસી છું, તેથી મારા કુલદેવતા તેા બુદ્ધ છે.' રત્નપ્રભા બેાલી—'હે નાથ ! તેવા હેતુથીજ હું આ પ્રમાણે કહું છું કે આ દેવાધિદેવ પ્રભુ અમારા અપૂર્વ દેવ છે, અને તે અરિહંત પ્રભુ સર્વજ્ઞ, રાગાદિ દેાષને જીતનાર, ત્રૈલેાકયપૂજિત અને યથાસ્થિત અર્થના કહેવાવાળા છે. બીજા જે બુદ્ધ અને બ્રહ્માદિક છે તે દેવ નથી, કારણ કે તે સંસારના આવર્ત્તમાં પાડનારા છે અને પેાતાને મેાહાદિ દેાષ રહેલા છે એમ સૂચવનારા અક્ષસૂત્ર વિગેરેને ધારણ કરનારા છે.' આ પ્રમાણે પ્રતિદિન વિચિત્ર ક્રીડાવડે ક્રીડા કરતા અને રતિસાગરમાં મગ્ન થયેલા બુદ્ધદાસ અને રત્નપ્રભાનેા કેટલેાક કાળ વ્યતીત થયેા.

એક વખતે રાત્રિના શેષ ભાગે વીરભદ્રે રત્નપ્રભાને કહ્યું-'હે પ્રિયે ! ચાલેા આજે દક્ષિણ ભરતાર્દ્ધમાં ક્રીડા કરવા જઇએ.' રત્નપ્રભાએ તેમ કરવા હા પાડી એટલે તે દંપતી વિદ્યાવડે આકાશમાર્ગે થઈ પદ્મિનીખંડ નગરમાં સુવ્રતા સાધ્વીને ઉપાશ્રયે આવ્યા. ઉપાશ્રયના દ્વારે ઉભા રહી વીરભદ્રે રત્નપ્રભાને કહ્યું-'હું જરા દિશા જઇને આવું ત્યાં સુધી તું અહીંજ રહેજે.' એમ કહી કેટલીક ભૂમિ ચાલી તેનું રક્ષણ કરવાને માટે રાજાના બાતમીદારની જેમ સંતાઇને ઉભેા રહ્યો. ક્ષણવાર પતિ વગર એકલી રહેતાંજ તેણે ચક્રવાકીની જેમ તારસ્વરે રૂદન કરવા માંડયું. 'સ્ત્રીઓનેા એવેા સ્વભાવ જ છે.' તેના કરૂણસ્વરને સાંભળીને કરૂણાની સરિતારૂપ ગણિની સુવ્રતાએ પેાતેજ ઉપાશ્રયનાં દ્વાર ઉઘાડયાં. એટલે તેને રેાતી જોઈ સાધ્વીએ પૂછયું-'વત્સે ! તું કેાણ છે ? કયાંથી આવી છે ? એકાકી કેમ છે ? અને શા માટે રૂદન કરે છે ?' રત્નપ્રભાએ નમસ્કાર કરીને કહ્યું-" વૈતાઢય પર્વત ઉપરથી મારા પતિની સાથે હું અહીં આવી છું. મારા પતિ દિશા જવાને માટે

અહીંથી ગયા છે તેને ઘણીવાર થઇ. તે મારા વિના એક મુહૂર્ત્તવાર પણ રહી શકતા નથી. તેથી હે માતા ! આ વિશે હું આતુર થઈને તેમાં મ્હોટું કારણ હોય એવી આશંકા કરૂં છું. આ વખતે મારૂં મન તપેલા સ્થાનમાં રહેલા નકુલ (નોળીઆ)ની જેવું તલખે છે, તેથી હવે પ્રાણ ધારણ કરવાને પણ હું સમર્થ નથી.” તે સાંભળી સુવ્રતા ગણિનીએ અનુકંપા લાવીને કહ્યું–‘ હે પતિવ્રતા ! તું બીહીશ નહીં, સ્વસ્થ થા, અને જ્યાં સુધી તારો પતિ આવે ત્યાં સુધી આ ઉપાશ્રયમાં રહે.’ ગણિનીના કહેવાથી રત્નપ્રભા ઉપાશ્રયમાં પેઠી. પોતાની પ્રિયાને ભાગ્ય સ્થાનમાં ગયેલી જોઇને ગુપ્તપણે જોતો વીરભદ્ર ત્યાંથી ખસી ગયો! પછી સ્વેચ્છાએ વામન રૂપ લઈ, નગરમાં ક્રીડા કરતાં અને વિચિત્ર કળાઓ બતાવતાં તેણે સર્વ નગરજનોનાં મન હરી લીધાં; તેમજ રાજા ઇશાનચંદ્રને પણ અતિશય રંજિત કર્યો. ‘ એક કળા પણ ચિત્ત હરી લે તો સર્વ કળાને માટે શું કહેવું !’

અહીં ઉપાશ્રયમાં રહેલી રત્નપ્રભાને અનંગસુંદરી અને પ્રિયદર્શનાએ પૂછ્યું કે ‘ તારો પતિ કેવો છે અને કોણ છે ?’ રત્નપ્રભા બોલી–‘ સિંહલદ્વીપનો નિવાસી, ગૌરવર્ણી, સર્વ કળાનો ભંડાર અને રૂપે કામદેવ જેવો બુદ્ધદાસ નામે મારો પતિ છે.’ પ્રિયદર્શના બોલી– ‘ બધી રીતે તે મારા પતિને મળતો છે પણ સિંહલદ્વીપમાં નિવાસ અને બુદ્ધદાસ નામ એ મળતાં નથી.’ અનંગસુંદરી બોલી-‘ મારા પતિ સાથે પણ તે મળતો છે પણ તેનો આ વર્ણ, સિંહલદ્વીપમાં નિવાસ અને બુદ્ધદાસ નામ એ મળતાં નથી.’ પછી તે ત્રણે બ્હેનો હોય તેમ સંપથી સાથે રહી, સુવ્રતા ગણિનીના ઉપાશ્રયમાં તપ સ્વાધ્યાયમાંજ તત્પરપણે પુરૂષની વાર્ત્તા પણ નહીં કરતી રહેવા લાગી. માયાથી વામન થયેલો વીરભદ્ર પ્રતિદિન પોતાની ત્રણ પ્રિયાને જોવા આવે છે અને તેમના મનોહર શીલથી ખુશી થાય છે.

એક વખતે ઇશાનચંદ્ર રાજાની સભામાં કોઈ પ્રસંગે વાર્ત્તા થઈ કે આપણા નગરમાં સુવ્રતા સાધ્વીના ઉપાશ્રયે ત્રણ રૂપવતી મહાત્મા યુવતિઓ રહે છે. તે ત્રણે સ્ત્રીરત્નો આ પૃથ્વીના પવિત્રપણાનું કારણ છે. ઉત્તમ કુલોચિત માર્ગે ચાલનારી તે મહા સતીઓને કોઇ પુરૂષ બોલાવવાને પણ સમર્થ થઈ શકે તેમ નથી. તે વખતે તે કપટી વામન વીરભદ્ર બોલ્યો– ‘તેઓને અનુક્રમે બોલાવવાને હું સમર્થ છું. આવા દુષ્કર કાર્યમાં પણ મારૂં સામર્થ્ય જુવો.’ પછી પ્રધાન રાજપુરૂષો અને મુખ્ય નગર જનોથી વીંટાઇ તે સુવ્રતા ગણિનીને ઉપાશ્રયે ગયો. પ્રથમ ઉપાશ્રયના દ્વારે રહી સાથે આવેલા લોકોને તેણે શિખવ્યું કે તમારે મને પ્રથમ એમ કહેવું કે ‘કોઇ કથા કહો.’ પછી થોડા પરિવાર સાથે ઉપાશ્રયમાં પ્રવેશ કરી વામન વીરભદ્રે નિર્મળ વ્રતવાળા સુવ્રતા ગણિનીને અને બીજી સાધ્વીઓને વંદના કરી. ત્યાંથી પાછો ફરી વીરભદ્ર ઉપાશ્રયના દ્વારમંડપમાં બેઠો. તેને જોવાના કૌતુકથી પેલી ત્રણે સ્ત્રીઓ સાધ્વીઓની સાથે ત્યાં આવી, એટલે વામને કહ્યું–‘જ્યાં સુધી અમારે રાજાની પાસે જવાનો અવસર થશે નહીં, ત્યાં સુધી જેનું હૃદય વિનોદ કરવા તરફજ ખેંચાયેલું છે એવા અમે અહીંજ રહીશું. તે વખતે લોકોએ કહ્યું–‘હે રાજપુત્ર ! કોઈ કૌતુકવાળી કથા કહો.’ વામન બોલ્યો–‘કથા કહું કે વૃત્તક કહું ?’ ત્યારે તેઓએ પૂછ્યું કે ‘કથા અને વૃત્તકમાં શો ભેદ છે ?’ વામને કહ્યું કે–‘જે અનુભવેલું વૃત્તાંત તે વૃત્તક કહેવાય અને જે પ્રાચીન પુરૂષોનું ચરિત્ર તે કથા કહેવાય છે.’ ત્યારે તેઓ બોલ્યા–‘વૃત્તક કહો.’ વામને નીચે પ્રમાણે વૃત્તક કહેવાનું શરૂ કર્યું છે.

“આ ભરતક્ષેત્રમાં **તામ્રલિપ્તી** નામે મોટી નગરી છે. તેમાં ગુણવડે શ્રેષ્ઠ **ઋષભદત્ત** નામે એક શેઠ રહે છે. એક વખતે વ્યાપાર નિમિત્તે તે **પદ્મિનીખંડ** નામના નગરે ગયા.

ત્યાં **સાગરદત્ત** શેઠની **પ્રિયદર્શના** નામે કન્યા જોઈ. તે કન્યાને યોગ્ય જાણી તેની સાથે પોતાના **વીરભદ્ર** નામના પુત્રને પરણાવ્યો. તેની સાથે વીરભદ્ર વિષયસુખ અનુભવવા લાગ્યો. એક વખતે રાત્રિએ **પ્રિયદર્શના** કપટનિદ્રાએ સુતી હતી, તેને વીરભદ્રે જગાડવા માંડી. તે વખતે તેણે કહ્યું–'અત્યારે મને હેરાન કરો નહીં, મારા મસ્તકમાં પીડા થાય છે.' વીરભદ્રે કહ્યું–'કોના દોષથી ?' તેણીએ કહ્યું–'તમારા દોષથી.' વીરભદ્રે પૂછ્યું–'મારો શો દોષ છે ?' પ્રિયદર્શના બોલી–'પ્રિય ! આવે સમયે પણ તમે આવા ચાતુર્યવચન બોલો છો તે.' વીરભદ્ર બોલ્યો–'હવે ફરીવાર એવું કહીશ નહીં.' એમ કહી તેની સાથે વિષયક્રીડા કરી. પછી જ્યારે તે ખરેખરી સૂઇ ગઈ ત્યારે તેને છોડી તેનો પતિ વિદેશમાં ચાલ્યો ગયો. અહીં સુધી કહીને પછી વામને કહ્યું–'હવે મારે રાજદ્વારમાં રાજસેવાનો સમય થઇ ગયો.' એવું કહી તે ઉભો થયો. વામનને ઉભો થતો જોઈ **પ્રિયદર્શના** આદરથી બોલી–'ભદ્ર ! પછી તે વીરભદ્ર કયાં ગયો ? તે કહો.' વામન બોલ્યો–'હું સદા કુળકલંકથી ભય પામું છું, તેથી પરસ્ત્રીની સાથે બોલીશ નહીં,' પ્રિયદર્શના બોલી–'તમારા કુળને યોગ્ય એવું શીલ શું છે ? કુલીનોનો તો પ્રથમ ગુણ દાક્ષિણ્યતા છે, તો દાક્ષિણ્યતાથી કહો.' 'તે હું આવતી કાલે કહીશ.' આ પ્રમાણે કહી વામન ચાલ્યો ગયો. રાજપુરૂષોએ તે વૃત્તાંત રાજાને કહ્યું, તે સાંભળી રાજા પણ વિસ્મય પામ્યો. બીજે દિવસે તેવી રીતેજ વીરભદ્ર ગણિનીના ઉપાશ્રયમાં આવ્યો અને તેની તેમજ બાકી રહેલી પ્રિયાઓની કથા આ પ્રમાણે કહેવા લાગ્યો.

પછી વીરભદ્ર મંત્ર ગુટિકાવડે કૃષ્ણવર્ણ થઇ તે નગરીમાંથી નીકળ્યો અને વિવિધ દેશમાં ફરી **સિંહલદ્વીપે** આવ્યો. ત્યાં **રત્નપુર** નગરમાં **શંખ** શેઠની દુકાને બેઠો. શંખશેઠ તેના વૃત્તાંતથી માહિતગાર થઇ તેને પોતાને ઘેર લઈ ગયા. શેઠે તેને પુત્ર કરીને રાખ્યો. કળાવડે સર્વને વિસ્મય પમાડતો વીરભદ્ર તે નગરમાં સુખે રહ્યો. એક વખત શેઠની પુત્રી **વિનયવતી**ની સાથે સ્ત્રીનો વેશ લેઈને તે રાજપુત્રી **અનંગસુંદરી**ની પાસે ગયો. પોતાની કળાથી તેના ચિત્તનું હરણ કરી, આત્મસ્વરૂપ જણાવી છેવટે તેના સાથે ચિરકાળ ભોગ ભોગવ્યા. કેટલાક દિવસ ત્યાં રહી પછી તેને સાથે લઈને તામ્રલિપ્તી નગરી તરફ જળમાર્ગે ચાલતાં દૈવયોગે સમુદ્રમાં વહાણ ભાંગી ગયું. આટલી વાર્ત્તા કહી વામન વીરભદ્રે કહ્યું–'હવે રાજસેવાનો અવસર થયો છે, માટે હું જઇશ. સેવકોની સેવા કર્યા વગર રહેવાથી આજીવિકા ભાંગી જાય છે.' તે વખતે **અનંગસુંદરી**એ આગ્રહથી કહ્યું–'ભદ્ર ! તે વીરભદ્ર કયાં છે તે હાલ ને હાલ કહે.' 'આવતી કાલે તે વૃત્તાંત કહીશ' એમ કહી તે રાજ મંદિરમાં ગયો. રાજાના પુરૂષોએ સર્વ વૃત્તાંત પણ રાજાની પાસે નિવેદન કર્યો.

પછી ત્રીજે દિવસે પણ ઉપાશ્રયે આવી વામને તે વાર્ત્તા આગળ ચલાવી. સમુદ્રમાં વહાણ ડૂબી ગયું. તે વખતે દૈવયોગે એક પાટીયું વીરભદ્રના હાથમાં આવ્યું. સાતમે દિવસે **રતિવલ્લભ** નામના એક વિદ્યાધરે સમુદ્રમાં તણાતા વીરભદ્રને જોયો. તેથી તેને બહાર કાઢી વૈતાઢ્યગિરિપર પોતાના મકાનમાં તે લઈ ગયો. જ્યારે વીરભદ્ર સમુદ્રમાંથી બહાર આવ્યો, ત્યારે શ્યામતા કરનારી ગૂટિકા તેણે મુખમાંથી કહાડી નાંખી, એટલે તામ્રલિપ્તી નગરીની જેમ તે ગૌરવર્ણી થઈ રહ્યો. વિદ્યાધર રતિવલ્લભના પૂછવાથી તેણે પોતાનો સિંહલદ્વીપમાં નિવાસ અને **બુદ્ધદાસ** એવું નામ જણાવ્યું. તે વિદ્યાધરને અતિ પ્રિય થઈ પડ્યો. પછી તે વિદ્યાધરની **રત્નપ્રભા** નામની પુત્રી સાથે પરણ્યો, અને વિલાસ ઉપનાદિકમાં તેની સાથે સુખે રમવા લાગ્યો. એક વખતે તેની સાથે ક્રીડા કરવાની ઇચ્છાએ તે અહીં આવ્યો

અને આચમન કરવા જવાનું બાનું બતાવી તેને અહીં એકલી મૂકી તે બીજે સ્થાનકે ચાલ્યો ગયો. આટલી વાર્તા કહીને 'હવે હું પણ અહીંથી જઇશ' એમ કહી તે ઉભો થયો, એટલે **રત્નપ્રભા**એ પૂછ્યું કે- 'તે **બુદ્ધદાસ** અત્યારે કયાં છે ?' 'બાકીની કથા સવારે કહીશ.' એમ કહી તે ત્યાંથી ચાલ્યો ગયો. પછી તે ત્રણે સ્ત્રીઓ પોતાનો ત્રણેનો એક પતિ છે, એવું ધારી ઉંચે પ્રકારે ઉછવાસ પામવા લાગી."

કુંભ ગણધરે આટલું વૃત્તાંત કહીને શેઠને કહ્યું કે-'હે સાગર શેઠ ! તે આ વામન પુરૂષ તારો જમાતા છે. તેણે ત્રણ સ્ત્રીઓના પતિ થઇને છેવટે તેઓને માત્ર કુતૂહળથી વિરહ આપ્યો છે.' તે વખતે વામને ગણધરને વંદના કરીને કહ્યું કે 'તમે જ્ઞાનદૃષ્ટિએ જોઇને જે કહ્યું તે બરાબર છે, તેમાં જરાપણ ફેર નથી.' બીજી પોરષી પૂર્ણ થઈ એટલે કુંભ ગણધરે દેશના સમાપ્ત કરી. તેમની દેશના ત્યાં સુધીજ હોય છે. પછી સાગરશ્રેષ્ઠી ગણધરને નમી તે વામનની સાથે હર્ષ સહિત સુવ્રતા ગણિનીને ઉપાશ્રયે આવ્યો.

વામનને આવેલો જોઇ તે ત્રણે સ્ત્રીઓ તત્કાળ તેની પાસે આવી. 'પ્રિયની વાર્ત્તા કહેનાર કોને વહાલો ન લાગે ?' 'સાગરદત્તે કહ્યું-'હે વત્સો ! તમારા ત્રણેનો આ પતિ છે.' તેઓ બોલી-'શી રીતે ?' ત્યારે શેઠે બધી વાર્ત્તા કહી સંભળાવી. તે સાંભળી ગણિની સહિત સર્વે પરમ વિસ્મય પામ્યા. અંદર જઇને વામને પોતાનું વામન સ્વરૂપ છોડી દીધું, જેવો પ્રથમ અનંગસુંદરીએ જોયો હતો તેવો થઇને તેમની આગળ ઉભો રહ્યો શ્યામપણું છોડીને ગૌરવર્ણી થઇ રહ્યો. સર્વ સ્ત્રીઓએ ઉત્કંઠાપૂર્વક તેને ઓળખ્યો. ગણિનીએ વીરભદ્રને પૂછ્યું કે 'તમારે આવું શા માટે કરવું પડયું ? વીરભદ્રે કહ્યું-'ભગવતિ ! હું ક્રીડા કરવાને માટેજ ઘેરથી નીકળ્યો હતો અને ક્રીડાને લીધેજ સ્ત્રીઓના વિરહ તરફ મારી ઉપેક્ષા હતી સુવ્રતા ગણિની તાત્વિક વચન બોલ્યા કે "દૂરે, દેશાંતરે, અરણ્યમાં, પર્વતમાં, વાટે કે બીજે ગમે ત્યાં દુઃખના સ્થાનમાં પણ જો ધાર્મિક પુરૂષો જાય તો ત્યાં પણ પોતાના ઘરની જેમ તે અતુલ સુખ પ્રાપ્ત કરે છે. 'સત્પાત્ર દાન ના પ્રભાવથીજ ભોગ પ્રાપ્ત થાય છે' એવું આર્હત્ વચન છે, તો આ વીરભદ્રે કોને એવું દાન આપ્યું હતું, તે આપણે શ્રીઅરનાથ પ્રભુની પાસે જઇને પૂછીએ."

પછી સુવ્રતા ગણિની, સાગરદત્ત શેઠ અને ત્રણેય પ્રિયાઓ સહિત વીરભદ્ર અરસ્વામી પાસે આવ્યા અને યથાવિધિ પ્રભુને નમસ્કાર કર્યા. સુવ્રતા ગણિનીએ પ્રભુને પૂછ્યું-'આ વીરભદ્રે પૂર્વે ભોગફળવાળું શું કર્મ કરેલું છે તે કહો. પ્રભુ બોલ્યા- "આ ભવથી ત્રીજા ભવે પૂર્વ વિદેહક્ષેત્રમાં મોટું રાજ્ય છોડી વ્રત લઇને હું પૃથ્વી પર વિહાર કરતો હતો. એકદા ચાર માસના ઉપવાસને પારણે રત્નપુર નગરમા આવતાં જિનદાસ નામના શ્રેષ્ઠી-કુમારે મને ભક્તિપૂર્વક ભિક્ષા આપી. તે પુણ્યથી તે જિનદાસ બ્રહ્મલોકમાં દેવતા થયો. ત્યાંથી ચ્યવીને જંબૂદ્વીપના ઐરવત ક્ષેત્રમાં કાંપિલ્ય નગરને વિષે તે મોટો ધનાઢય શ્રેષ્ઠી થયો. ત્યાં પણ પરમ સમૃદ્ધિવડે શ્રાવકપણું પાળી મરણ પામીને અચ્યુત દેવલોકમાં દેવ થયો. ત્યાંથી ચવીને વીરભદ્ર થયો છે. પૂર્વના પુણ્યાનુબંધી પુણ્યથી આ ભવમાં પણ તે ભોગ ભોગવે છે." **પ્રાણીઓને જ્યાં ત્યાં પણ પુણ્ય અનુચર છે.** આ પ્રમાણે કહી બહુ-જનને બોધ પમાડી જગતના મોહને હરનાર ભગવાન અરનાથે અન્યત્ર વિહાર કર્યો. વીરભદ્ર ચિરકાળ ભોગ ભોગવી દીક્ષા લઈ અનુક્રમે પુણ્યના દૃઢ રથ ઉપર બેસી **દેવલોકમાં ગયો.**

પચાસ હજાર મહાત્મા સાધુઓ, સાઠ હજાર તીવ્ર વ્રતધારી સાધ્વીઓ, છસો ને દશ ચૌદ પૂર્વ ધારીઓ, બે હજાર ને છસો અવધિજ્ઞાની, પચીસોને એકાવન મનઃપર્યવજ્ઞાની, બેહજાર ને આઠસો કેવલજ્ઞાની, સાત હજારને ત્રણસો વૈક્રિય લબ્ધિવાળા, એક હજાર ને છસો વાદ લબ્ધિવાળા, એકલાખ ને ચોરાશી હજાર શ્રાવકો અને ત્રણલાખને બહોંતેર હજાર શ્રાવિકાઓ આટલો પરિવાર કેવલજ્ઞાન થયા પછી ત્રણ વર્ષે ઉણા એકવીશ હજાર વર્ષ સુધી પૃથ્વીમાં વિહાર કરતાં અરનાથ પ્રભુને થયો. પોતાનો નિર્વાણ સમય નજીક જાણી પ્રભુ સમેતશિખરે પધાર્યા. ત્યાં એકહજાર મુનિની સાથે પ્રભુએ અનશન ગ્રહણ કર્યું. એક માસને અંતે માર્ગશીર્ષ માસની શુદ દશમીએ, ચંદ્ર રેવતી નક્ષત્રમાં આવતાં, તે મુનિઓની સાથે પ્રભુ અવ્યયપદને (મોક્ષને) પ્રાપ્ત થયા. અરનાથ પ્રભુને કૌમારપણામાં, માંડળીકપણામાં, ચક્રવર્ત્તીત્વમાં, અને વ્રતમાં સરખે ભાગે ચોરાશી હજાર વર્ષનું આયુષ્ય પૂર્ણ થયું હતું. શ્રી કુંથુનાથ પ્રભુ મોક્ષે ગયા પછી કોટી હજાર વર્ષે ઉણો પલ્યોપમનો ચોથો અંશ ગયો ત્યારે શ્રી અરનાથ પ્રભુ મોક્ષે ગયા. હજાર મુનિઓની સાથે શ્રી અરનાથ પ્રભુને મોક્ષ પામેલા જાણીને ઇંદ્રાએ ત્યાં આવી ભક્તિવડે શરીરસંસ્કારપૂર્વક તેમનો નિર્વાણમહોત્સવ કર્યો.

इत्याचार्यश्रीहेमचन्द्रविरचिते त्रिशष्टिशलाकापुरुषचरिते
महाकाव्ये षष्ठे पर्वणि श्रीअरनाथचरित-
वर्णनो नाम द्वितीयः सर्गः ॥

સર્ગ ૩ જો.

છઠ્ઠા આનંદ બલભદ્ર, પુરૂષપુંડરીક વાસુદેવ અને બલિ પ્રતિવાસુદેવનું ચરિત્ર.

હવે શ્રી અરનાથ પ્રભુના તીર્થમાં થયલા છઠ્ઠા વાસુદેવ, બલદેવ અને બલિ નામના પ્રતિવાસુદેવનું ચરિત્ર કહીએ છીએ.

વિજયપુર નામના નગરમાં ચંદ્રની જેમ સુદર્શન અને જગતને આનંદ આપનાર **સુદર્શન** નામે રાજા હતો. **દમધર** નામના મુનિ પાસેથી જૈનધર્મ સાંભળીને વિરક્ત બુદ્ધિવાળા તે રાજાએ દીક્ષા લીધી અને મોટી તપસ્યા કરીને સહસ્રાર દેવલોકમાં દેવતા થયો.

આ ભરતક્ષેત્રને વિષે પોતનપુર નામના નગરમાં મિત્રરૂપ કમળમાં મિત્ર (સૂર્ય) ના ઉદય જેવો **પ્રિયમિત્ર** નામે રાજા હતો. તેની પ્રિયાને **સુકેતુ** નામના કોઈએક રાજાએ હરણ કરી. તે પરાભવથી વિરક્ત થઇ પ્રિયમિત્રે વસુભૂતિ મુનિની પાસે દીક્ષા લીધી. પ્રિયાના હરણથી થયેલા દુ:ખવડે પીડિત એવા તેણે મહા આકરી તપસ્યા કરી. પ્રાંતે એવું નિયાણું બાંધ્યું કે 'આ તપના પ્રભાવથી હું મારી પત્નીનું હરણ કરનારનો વધ કરનાર થાઉં.' આવા નિયાણાની આલોચના કર્યા વગર અનશન કરી મૃત્યુ પામીને તે માહેંદ્રકલ્પમાં મહર્દ્ધિક દેવતા થયો.

વૈતાઢ્યગિરિ ઉપર **અરિંજય** નામના નગરમાં **સુભૂમ** ચક્રીએ જેને બંને શ્રેણીનો વૈભવઆપ્યો છે એવો **મેઘનાદ** નામે વિદ્યાધરોનો રાજા હતો. તે **સુભૂમ** ચક્રવર્તીની સ્ત્રી **પદ્મશ્રીનો** પિતા થતો હતો. પેલો **સુકેતુ** ભવભ્રમણ કરી **અરિંજય** નગરમાં તે મેઘનાદના વંશમાં **બલિ** નામે પ્રતિવાસુદેવ થયો. તે પચાસહજાર વર્ષના આયુષ્યવાળો, કૃષ્ણવર્ણી અને છવીશ ધનુષની કાયાવાળો ત્રિખંડ પૃથ્વીનો ભોક્તા થયો.

આ જંબૂદ્વીપમાં દક્ષિણ ભરતાર્દ્ધમાં પૃથ્વીમંડલના મંડનરૂપ **ચક્રપુર** નામે નગર હતું. તેમાં મોટા રાજાઓના મસ્તકોને નમ્ર કરાવનાર અને જાણે બીજો લોકપાલ હોય તેવો **મહાશિર** નામે રાજા હતો. અદ્‌ભુત ચરિત્રવાળા અને સર્વ રાજાઓમાં શિરોમણિ તે રાજાને અનુક્રમે બુદ્ધિ અને લક્ષ્મી વિવેકથી વિભૂષિત હતી. સ્વયંભૂરમણ સમુદ્રમાં જળજંતુની જાતિની જેમ કોઈ એવી કળા નથી કે જે તે રાજામાં ન હતી. તે પૃથ્વીપર રાજ્ય કરતાં કોઈ ચોરની વાર્ત્તા પણ જાણતું નહીં; માત્ર તે રાજા સત્પુરૂષોના મનને ચોરી લેતો હતો. એકને પ્રીતિ અને બીજાને ભય ઉત્પન્ન કરતો એ રાજા સારા અને નઠારા પુરૂષોના હૃદયમાંથી કદિ પણ દૂર રહેતો નહીં. તે રાજાને રૂપથી સ્વર્ગની સ્ત્રીઓને જીતનારી એક **વૈજયંતી** અને જાણે અપરા લક્ષ્મી હોય તેવી બીજી **લક્ષ્મીવતી** નામે બે પત્નીઓ હતી. સુદર્શનનો જીવ જે સહસ્રાર દેવલોકમાં દેવતા થયો હતો, તે ત્યાંથી ચવીને વૈજયંતી દેવીના ઉદરમાં અવતર્યો. બલભદ્રના જન્મને સૂચવનારાં ચાર મહાસ્વપ્ન જોઈ હર્ષ પામેલા વૈજયંતી દેવીએ તે ઉત્તમ ગર્ભ ધારણ કર્યો. ગર્ભસમય પૂર્ણ થતાં ચંદ્રની જેવા નિર્મળ **આનંદ** નામના પુત્રને તેણે જન્મ આપ્યો. તે યૌવનમાં આવતાં ઓગણત્રીશ ધનુષની કાયાવાળો થયો.

પ્રિયમિત્રનો જીવ ચોથા દેવલોકમાંથી ચવી મહાદેવી લક્ષ્મીવતીના ઉદરમાં અવતર્યો. વાસુદેવના જન્મને સૂચવનારાં સાત મહાસ્વપ્નો જોઇ હર્ષ પામેલા લક્ષ્મીવતીએ ગર્ભ ધારણ કર્યો. પ્રસવસમય થતાં **પુરુષપુંડરીક** નામે એક શ્યામવર્ણી પુત્રને તેણે જન્મ આપ્યો. તે પુત્ર પણ ઓગણત્રીશ ધનુષની ઉંચી કાયાવાળો થયો. ગરૂડ અને તાડ વૃક્ષના ચિહ્નવાળા અને નીલ તથા પીત વસ્ત્ર ધરનારા તે બંને ભાઇ માતાપિતાના મનોરથની સાથે મોટા થયા. લીલામાત્ર ચાલતાં તેઓ પૃથ્વીને કંપાવતા હતા; અને તે બંને બાળક છતાં તેમને બાળધારક પુરૂષો તેડી શકતા નહોતા. અનુક્રમે તેઓ પવિત્ર યૌવનવયને પ્રાપ્ત થઈ સર્વ કળા રૂપ સાગરના પારગામી થયા. **રાજેંદ્રપુરના ઉપેંદ્રસેન** નામના રાજાએ **પદ્માવતી** નામની કન્યા પુંડરીક વાસુદેવને આપી. રૂપલક્ષ્મીથી નાગકન્યાને પણ દાસી કરનાર તે પદ્માવતીના રૂપ સંબંધી વાત સાંભળી **બલિ** પ્રતિવાસુદેવ તેનું હરણ કરવા આવ્યો. સર્વ જગતના બલવાન પુરૂષોની અવજ્ઞા કરનાર અને ભુજાના બળથી ધમધમી રહેલા **બલિની** સામે **આનંદ** અને **પુંડરીક** તત્કાળ ચડી આવ્યા. તે વખતે દેવતાઓએ શસ્ત્રાગારમાં નીમેલા પુરૂષોની જેમ શાર્ંગ ધનુષ્ય અને હળ વિગેરે શસ્ત્રો તેમને અર્પણ કર્યાં. પ્રથમ બલિ પ્રતિવાસુદેવની બલવાન સેનાએ આનંદ અને પુંડરીકની સેનાને ભાંગી નાંખી, અને પોતાના સ્વામીના જયને સૂચવે તેવા તેના સુભટોએ સિંહનાદ કર્યા. તે વખતે આનંદ અને પુંડરીક રથમાં બેસી હર્ષ ધરતા રણ કરવાને માટે આગળ આવ્યા. **વીર પુરૂષો યુદ્ધથી હર્ષ પામે છે.** પુંડરીકે તાર સ્વરે પાંચજન્ય શંખનો નાદ કર્યો; તેથી સમુદ્રમાં જલ-જંતુસમૂહની જેમ શત્રુઓનું ઘણું લશ્કર નાસી ગયું. પછી જાણે શંખનો અનુવાદ કરતો હોય તેમ તરતજ તેમણે શાર્ંગ ધનુષ્યનો ટંકાર કર્યો, તેના મોટા નાદથી બાકી રહેલા શત્રુઓ નાસી ગયા. તે વખતે મેઘ જેમ જલધારા વર્ષાવે તેમ બાણોને વર્ષાવતો તીવ્ર પરાક્રમી **બલિ** પોતે યુદ્ધ કરવાને આવ્યો. વિષ્ણુએ તેનાં બાણ છેદ્યાં, અને તેણે વિષ્ણુનાં બાણ છેદ્યાં; ' એવી રીતે ઘણીવાર બાણ છેદવાથી ક્રોધ પામેલા બલિએ ચક્ર ધારણ કર્યું. 'હવે તું રહેવાનો નથી' એમ કહેતાં બળવાન બલિએ તે ચક્ર ભમાડીને પુંડરીક વાસુદેવ ઉપર છોડ્યું. લપડાકની જેવા લાગેલા તેના પ્રહારથી મૂર્છા પામી ક્ષણવારમાં પાછી સંજ્ઞા મેળવીને વાસુદેવે તે ચક્ર પોતે ગ્રહણ કર્યું. 'અરે હવે તું રહેવાનો નથી' એમ બોલતા વાસુદેવે તે ચક્ર ભમાડીને છોડ્યું, જેથી તત્કાળ બલિનું મસ્તક છેદાઈ ગયું.

પછી પુંડરીક વાસુદેવ, આનંદ બલભદ્રને સાથે લઈ, શત્રુ રાજાઓને હણી દિગ્યાત્રા કરી અર્દ્ધ ચક્રવર્તી થયા. વાસુદેવે મગધ દેશમાં રહેલી કોટી શિલા નામની મહા શિલાને એક તાજવાની કોટિની જેમ લીલાવડે ઉપાડી. પાંસઠ હજાર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી પુંડરીક વાસુદેવ પોતાના ઉગ્ર અશુભ કર્મથી છઠ્ઠી નરકમાં ગયા. પુંડરીક વાસુદેવે અઢીસો વર્ષ કૌમારવયમાં, તેટલાજ માંડલિકપણામાં, સાઠવર્ષ દિગ્વિજયમાં અને ચોસઠ હજાર ચારસો ને ચાલીશ વર્ષ રાજ્યમાં એવી રીતે સર્વ આયુષ્ય પૂર્ણ કર્યું. પંચાશી હજાર વર્ષના આયુષ્ય-વાળા આનંદ બલભદ્રે પોતાના અનુજ બંધુ વિના નિરાનંદપણાથી કેટલોક કાળ નિર્ગમન કર્યો. અન્યદા પોતાતા ભાઇના વિયોગથી વૈરાગ્ય થતાં સુમિત્ર મુનિની પાસે દીક્ષા લઈ આનંદ બલભદ્ર આત્મારામ થઈ કેવલજ્ઞાન પામી સુખના ધામ રૂપ શાશ્વત સ્થાન (મોક્ષ)ને પ્રાપ્ત થયા.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्ठिशलाकापुरुषचरिते
महाकाव्ये षष्ठे पर्वणि आनंदपुरुषपुंडरीकबालचरित
कीर्तनो नाम तृतीयः सर्गः ॥

સર્ગ ૪ થો.

શ્રી સુભૂમ ચક્રવર્તી ચરિત્ર.

હવે અરનાથ પ્રભુના તીર્થમાંજ થયેલા આઠમા ચક્રવર્ત્તી સુભૂમનું અનુક્રમે આવેલું ચરિત્ર કહેવાય છે. આ ભરતક્ષેત્રમાં આવેલા વિશાળ નગરને વિષે ક્ષત્રિયવ્રતને પાળનાર **ભૂપાલ** નામે રાજા હતો. એક વખતે સંગ્રામમાં ઘણા શત્રુઓએ એક થઇને તેને જીતી લીધો. 'હમેશાં સમૂહ અતિ બલવાન હોય છે.' વૈરીઓના પરાભવથી મલિન મુખવાળો થઈને તે રાજાએ સંભૂતમુનિની પાસે દીક્ષા ગ્રહણ કરી. ચિરકાળ તપસ્યા કરી અંતકાળે ઘણા ભોગવિષયની પ્રાપ્તિ થવા નિયાણું બાંધી મૃત્યુ પામીને મહાશુક્ર દેવલોકમાં તે દેવતા થયો.

શ્રી ઋષભદેવને કુરૂ નામે એક પુત્ર હતો, જેના નામથી કુરૂદેશ પ્રખ્યાત થયો છે. તેનો પુત્ર **હસ્તી** નામે થયો હતો, જેના નામથી અનેક તીર્થંકર અને ચક્રવર્તીની જન્મ-ભૂમિ **હસ્તીનાપુર** પ્રસિદ્ધ થયેલું છે. તેના વંશમાં **અનંતવીર્ય** નામે મહા પરાક્રમી રાજા થયો હતો. ભરતક્ષેત્રમાં આવેલા વસંતપુર નગરમાં વંશનો ઉચ્છેદ કરનાર **અગ્નિક** નામે એક છોકરો હતો. તે એક વખતે પોતાના સ્થાનથી દેશાંતરે ચાલ્યો. આગળ જતાં સાર્થ વગરનો તે જ્યાં ત્યાં ભમતો ભમતો તાપસોને આશ્રમે આવી ચડ્યો. ત્યાંના કુલપતિએ (વૃદ્ધ તાપસે) તે અગ્નિકને પુત્ર કરીને રાખ્યો. તે લોકમાં **જમદગ્નિના** નામથી પ્રખ્યાત થયો. તીક્ષ્ણ તપસ્યા કરતો તે પ્રત્યક્ષ અગ્નિની જેમ પોતાના દુઃસહ તેજથી પૃથ્વીમાં વિશેષ વિખ્યાત થયો.

તે સમયે પૂર્વ જન્મમાં શ્રાવક હતો એવો **વૈશ્વાનર** નામે એક દેવ અને તાપસનો ભક્ત **ધન્વંતરિ** દેવ તે બંનેને આ પ્રમાણે પરસ્પર વાદ થયો. એક કહે કે અર્હંત ધર્મ પ્રમાણ છે અને બીજો કહે કે તાપસ ધર્મ પ્રમાણ છે. આ વિવાદમાં તેઓએ એવો નિર્ણય કર્યો કે 'અર્હંત ધર્મમાં જે જઘન્ય હોય તેની અને તાપસમાં જે ઉત્કૃષ્ટ હોય તેની આપણે પરીક્ષા કરવી કે બેમાં ગુણોથી અધિક કોણ થાય છે ?' તે વખતે અભિનવ ધર્મ પામેલો **પદ્મરથ** નામે રાજા મિથિલા નગરીથી નીકળીને ભાવયતિ થયેલો, તે શ્રી વાસુપૂજ્ય પ્રભુની પાસે દીક્ષા લેવાને ચંપાપુરી જતો હતો. તે વૈશ્વાનર અને ધન્વંતરિ દેવના જોવામાં આવ્યો. તેની પરીક્ષા કરવાને તે દેવતાઓએ તેની પાસે અન્નપાન લાવી મૂકયાં. તેને તૃષા અને ક્ષુધા ઘણી લાગી હતી, તથાપિ તે અગ્રાહ્ય જણાવાથી તેણે અંગીકાર કર્યાં નહીં. **વીર પુરૂષો કદિપણ સત્વથી ચલિત થતા નથી.** પછી તે દેવતાઓ માર્ગમાં કરવત જેવા કઠોર કાંકરા, કાંટા વિકુર્વી તે રાજાના કોમળ ચરણકમળમાં પીડા કરવા લાગ્યા. તેવે માર્ગે ચાલતાં તેના ચરણમાંથી રૂધિરની ધારાઓ ચાલતી હતી, તથાપિ રૂની તળાઇની જેમ તે સુંદર પગલાં ભરીને ચાલતો હતો. પછી તેને ક્ષોભ કરવા માટે તે દેવતાઓએ નૃત્યગીત થતાં બતાવ્યાં, પરંતુ ગોત્રજમાં દિવ્ય અસ્ત્રની જેમ તે સર્વ નિષ્ફળ થયાં. પછી સિદ્ધપુત્રનું રૂપ ધરી તેની આગળ આવીને તેઓ બોલ્યા–'હે મહાભાગ ! હજુ તમારૂં મોટું આયુષ્ય છે અને તમે યુવાન છો, માટે સ્વચ્છંદપણે ભોગ ભોગવો. યૌવનવયમાં

તપ કરવું તે કેવી બુદ્ધિ કહેવાય ? કયો ઉદ્યોગી પુરુષ પણ અર્દ્ધ રાતનું કામ સવારમાંથી કરે ? હે તાત ! યૌવન ગયા પછી દેહને દુર્બલ કરવાનું કારણ અને જાણે બીજી વૃદ્ધ વય હોય તેવું તપચારિત્ર ગ્રહણ કરજો.' રાજા પદ્મરથે કહ્યું–' જો મારૂં બહુ આયુષ્ય હશે તો મને પુણ્ય પણ ઘણું થઇ શકશે. કેમકે જલ પ્રમાણે કમળનું નાળ વધે છે; જેમાં ઇંદ્રિયો ચપળ થાય છે એવા યૌવનમાં જે તપ કરવું તેનું નામજ તપ કહેવાય છે. દારૂણ અસ્ત્રનું યુદ્ધ ચાલતું હોય તેવા રણમાં શૂરવીર જણાય તેજ ખરો શૂરવીર કહેવાય છે.' જ્યારે રાજા પદ્મરથ તેઓની પરીક્ષામાં ચલિત થયો નહીં, ત્યારે તેમને સાબાશી આપતા તે બંને દેવતાઓ ત્યાંથી તાપસોમાં ઉત્કૃષ્ટ એવા જમદગ્નિની પરીક્ષા કરવાને ગયા.

વડના વૃક્ષની જેવી વિસ્તારવાળી જટાથી પૃથ્વીનો સ્પર્શ કરતા અને જેના ચરણ રાફડાથી વ્યાપ્ત થયેલા છે એવા તે દાંત તાપસને તેમણે જોયા. પછી બંને દેવતા માયાથી ચટક પક્ષી (ચકલા ચકલી) નું જોડલું બની જગદગ્નિની દાઢીમાં માળો રચી તેમાં નિવાસ કરીને રહ્યા. તે સમયે ચકલે પોતાની સ્ત્રી ચકલીને કહ્યું–'હું હિમાલય ઉપર જઈશ.' એટલે ચકલી બોલી–' ત્યાં ગયા પછી બીજી ચકલીમાં આસક્ત થઇ તું પાછો આવે નહીં, માટે તને જવા દઇશ નહીં.' ચકલે કહ્યું–' હે પ્રિયા ! જો હું પાછો ન આવું તો મને ગોહત્યાનું પાપ છે.' આવા સોગન લેતા ચકલાને ચકલીએ ફરીવાર કહ્યું-"હે પ્રિય ! તું એવા સોગન લે કે ' જો હું પાછો ન આવું તો આ તાપસ મુનિનું પાપ મને લાગે' તો તે સોગન ઉપર હું તને જવા દઉં." ચકલાએ એ પ્રમાણે સોગન લીધા એટલે ચકલીએ કહ્યું–' તારો માર્ગ સુખદાયક થાઓ.' આવાં તે પક્ષીનાં વચનો સાંભળી જમદગ્નિ કોપ પામ્યો અને બે હાથે તે બંને પક્ષીઓને પકડી લીધા અને કહ્યું–'અરે પક્ષીઓ ! સૂર્યમાં અંધકારની જેમ આવું દુષ્કર તપ કરતા એવા મારામાં કયાંથી પાપ હોય ?' ચકલી બોલી–"હે તાપસ ! કોપ કરો નહીં, તમારૂં તપ વ્યર્થ છે. 'અપુત્રની ગતિ થતી નથી' એ શ્રુતિ શું તમે નથી સાંભળી ?" તે શ્રુતિને માનનારા જમદગ્નિ મુનિ વિચારમાં પડયા કે 'પુત્ર અને સ્ત્રી વગર મારૂં આ સઘળું તપ પ્રવાહમાં વહી ગયું.' આ પ્રમાણે જમદગ્નિને ધ્યાનથી ક્ષોભ પામેલા જોઇ ' મને ધિક્કાર છે કે જે હું તાપસોથી ભરમાઈ ગયો' એવો વિચાર કરતો ધન્વંતરિ શ્રાવક થઈ ગયો. ' બરી પ્રતીતિ થતાં કોને વિશ્વાસ ન આવે !' પછી બંને દેવતા અદૃશ્ય થઇ ગયા. મિથ્યા વિચારમાં ભમાએલો જમદગ્નિ તાપસ નેમિકકોષ્ટક નામના નગરમાં આવ્યો. તે નગરના જિતશત્રુને ઘણી કન્યાઓ હતી. ગૌરીને મેળવવા ઇચ્છતા શંકરની જેમ, તેમાંથી એક કન્યા મેળવવાની ઇચ્છાએ તે રાજા પાસે આવ્યો. તાપસને આવેલા જાણી રાજા જિતશત્રુ ઉભો થઈ અંજળિ જોડીને બોલ્યો–' તમે શા માટે આવ્યા છો અને મારે શું કાર્ય કરવાનું છે તે કહો.' જમદગ્નિ બોલ્યો–' હું કન્યાને માટે આવેલો છું.' રાજાએ કહ્યું–' મારે સો કન્યાઓ છે, તેમાં જે તમને ઇચ્છે તેને તમે ખુશીથી ગ્રહણ કરો.' જમદગ્નિએ અંતઃપુરમાં જઈ રાજકન્યાઓને કહ્યું કે ' તમારામાંથી કોઇ એક મારી ધર્મ-પત્ની થાઓ.' તે સાંભળીને ' અરે ! જટાધારી, માથે પળિઆવાળો, દુર્બળ અને ભીખ માગીને જીવનારો તું આવું બોલતાં લજ્જા કેમ પામતો નથી ?' આ પ્રમાણે કહીને તે સઘળીએ થુથુકાર કર્યો. તત્કાળ જમદગ્નિએ ક્રોધ કરીને ચડાવેલા ધનુષની યષ્ટિ જેવી તે બધી કન્યાઓને કુબડી કરી દીધી. તે સમયે એક કન્યા રેણુના પુંજની[1] સાથે રાજાના

૧ આ વાસુપૂજ્ય ૧૨ મા તીર્થંકર ન સમજવા.

આંગણામાં રમતી હતી, તેને જોઇ જમદગ્નિએ રેણુકા એવા નામથી બોલાવી, અને 'આ લેવાની ઇચ્છા છે ?' એવું કહી તેને એક બીજોરાનું ફળ બતાવ્યું. તે સમયે તે બાળાએ પાણિગ્રહણને સૂચવે તેવો પોતાનો પાણિ (હાથ) પ્રસાર્યો. નિર્ધન જેમ ધનને ગ્રહણ કરે, તેમ મુનિ જમદગ્નિએ હૃદયથી તેનું ગ્રહણ કર્યું; એટલે રાજાએ ગાય વિગેરેની સાથે તેને વિધિથી ધારણ કરાવી. પછી જમદગ્નિએ તપની શક્તિવડે બીજી નવાણું કન્યાઓને પોતાની શાળીના સ્નેહસંબંધથી પાછી સજ્જ કરી. તપસ્વીના આવા વ્યર્થ તપના વ્યયને ધિક્કાર છે ! એ મધુરાકૃતિ મુગ્ધાને પોતાના આશ્રમમાં લાવી તેની ઉપર જમદગ્નિ મોહિત થયા. હરિણીની જેવી એ લોલાક્ષી બાલાને તેણે પ્રેમથી ઉછેરવા માંડી. તાપસ જમદગ્નિ આંગળીઓથી દિવસ ગણતા હતા. એમ કરતાં કરતાં રેણુકા કામદેવના લીલાવન જેવા સુંદર યૌવનવયને પ્રાપ્ત થઇ. પછી સાક્ષાત્ અગ્નિને જ્વળાયમાન કરીને તેની સાક્ષીએ જમદગ્નિ મુનિ પાર્વતીને શિવ પરણે તેમ રેણુકાને વિધિથી પરણ્યો.

ઋતુકાલ પ્રાપ્ત થતાં મુનિએ રેણુકાને કહ્યું કે 'તારે માટે એવો ચરૂ સાધુ કે જેથી સર્વ બ્રાહ્મણોમાં અગ્રેસર એવો એક પુત્ર તને થાય.' રેણુકા બોલી હસ્તિનાપુરમાં અનંતવીર્ય રાજાની જે પત્ની છે તે મારી બેન થાય છે, તેથી તેને માટે પણ એક ક્ષત્રિય ચરૂ સાધો.' પછી પોતાની સ્ત્રીને માટે બ્રાહ્મણ ચરૂ અને શાળીને માટે ક્ષત્રિય ચરૂ પ્રાપ્તિ માટે તેણે સાધ્યા. અને તે બંને ચરૂ રેણુકાને આપ્યા. રેણુકાએ વિચાર કર્યો કે 'હું તો અરણ્ય મૃગલી જેવી છું, તો પુત્ર પણ તેવો ન થાઓ.' આવું વિચારી તેણે ક્ષત્રિય ચરુનું ભક્ષણ કર્યું, અને પોતાનો બ્રાહ્મણચરૂ તે બેનને આપ્યો. તેથી તે બંનેને એક એક પુત્ર થયો. રેણુકાને **રામ** નામે અને તેની બેનને **કૃતવીર્ય** નામે પુત્ર થયો.

એક વખતે અતિસાર (ઝાડા)ના રોગવાળો કોઇ વિદ્યાધર ત્યાં આવ્યો. અતિસાર રોગની પીડાથી તે આકાશગામી વિદ્યા ભૂલી ગયો હતો. રેણુકાના પુત્ર રામે **ઔષધોપચાર**થી પોતાના બંધુની જેમ તેની બરદાસ કરી; તેથી પ્રસન્ન થઈ તેણે રામને પરશુ વિદ્યા આપી. શરકટના વનમાં જઇને રામે તે વિદ્યા સાધી, ત્યારથી રામ **પરશુરામ** એવા નામથી પ્રખ્યાત થયો.

એક વખતે પોતાની બેનને મળવાને ઉત્કંઠિત રેણુકા પતિની રજા લઇ હસ્તીનાપુર ગઇ. **પ્રેમને કાંઇપણ દૂર નથી.** પોતાની શાળી તરીકે લાડ કરાવતાં અનંતવીર્યે ચપળ લોચનવાળી રેણુકા સાથે એકદા રતિક્રીડા કરી. **કામદેવ અત્યંત નિરંકુશ છે.** પછી તો અહલ્યા સાથે ઇંદ્રની જેમ તે ઋષિપત્નીની સાથે રાજા નિરંતર ઇચ્છાનુસાર રતિસુખ અનુભવવા લાગ્યો. કેટલેક કાળે ઉતથ્ય મુનિની સ્ત્રી **મમતાને** બૃહસ્પતિથી થયો હતો તેમ અનંતવીર્ય થકી રેણુકાને એક પુત્ર ઉત્પન્ન થયો. જમદગ્નિ તે પુત્ર સહિત રેણુકાને પોતાને ઘેર તેડી લાવ્યા. 'પ્રાયઃ સ્ત્રીલુબ્ધ જનો તેના દોષને જોતા નથી.' પોતાની માતાને પુત્ર સહિત જોતાં પરશુરામને કોપ ચડ્યો. તેથી અકાળે ફલિત થયેલી વલ્લીની જેમ તેણે પુત્ર સહિત ફરશીથી છેદી નાખી. તેની બેને આ વૃત્તાંત અનંતવીર્યને કહ્યો. એટલે પવનથી અગ્નિની જેમ તેનો કોપ ઉદ્દીપન થયો. તેથી અવાર્ય ભુજવીર્યવાળા અનંતવીર્યે જઇને ઉન્મત્ત હાથીની જેમ જમદગ્નિના આશ્રમને ભાંગી નાંખ્યો, અને તાપસોને ત્રાસ પમાડી તેના ગાય વિગેરે પદાર્થો લઈ કેશરીસિંહની જેમ મંદમંદ ગતિએ તે ત્યાંથી પાછો વળ્યો. ત્રાસ પામેલા તપસ્વીઓનો કોલાહલ અને તે વૃત્તાંત સાંભળી જાણે સાક્ષાત્ યમરાજ હોય તેમ

પરશુરામ ક્રોધ કરીને ત્યાં દોડી આવ્યો. સુભટોના સમૂહ વચ્ચે સંગ્રામ કરવાને કૌતુકી એવા અનંતવીર્યના, જમદગ્નિના પુત્ર પરશુરામે પોતાની દારૂણ ફરશીથી દારૂ [કાષ્ઠ]ની જેમ ખંડ ખંડ કરી નાખ્યા. પછી પ્રધાન પુરૂષોએ મળીને લઘુ વય છતાં પણ મહા વીર્યવાન કૃતવીર્યને રાજ્યપર બેસાર્યો. તેને તારા નામે વિશાળ લોચનવાળી એક રાણી હતી. તે દંપતી દેવતાની જેમ નિર્વિઘ્ને ભોગ ભોગવવા લાગ્યા.

ભૂપાલ રાજાનો જીવ મહાશુક્ર દેવલોકમાં પોતાનું આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચવીને તારા રાણીની કુક્ષિમાં અવતર્યો. એક વખતે કૃતવીર્યે માતાના મુખથી પિતાના મૃત્યુની વાર્ત્તા સાંભળીને આદેશ કરેલા સર્પની જેમ તાપસોના આશ્રમમાં જઇ જમદગ્નિને મારી નાખ્યો. પિતાના વધથી ક્રોધ પામેલા પરશુરામે શીઘ્ર હસ્તીનાપુરમાં જઈ કૃતવીર્યને માર્યો. 'યમરાજને શું દૂર છે ?' તેના રાજ્યપર પરશુરામ સ્વયમેવ પોતે બેઠો. 'રાજ્ય પરાક્રમને આધીન છે, તેમાં ક્રમાક્રમ જોવાતો નથી.' જ્યારે પરશુરામે રાજ્ય દબાવ્યું, ત્યારે તે નગરમાંથી કૃતવીર્યની સ્ત્રી તારા જે ગર્ભિણી હતી તે વ્યાઘ્રવાળા વનમાંથી મૃગલીની જેમ કોઇ તાપસના આશ્રમમાં નાસી આવી. કૃપાળુ તાપસોએ તેને નિધાનની પેઠે ભૂમિગ્રહ [ભોંયરા]માં ગુપ્ત રાખીને ક્રૂર પરશુરામથી બચાવી લીધી. ત્યાં ચૌદ મહા સ્વપ્નોએ સૂચિત એવો તે રાણીએ પુત્ર પ્રસવ્યો. તેણે ભૂમિગ્રહમાં જન્મ લીધો, તેથી તેનું સુભૂમ એવું નામ પાડ્યું.

હવે જ્યાં જ્યાં ક્ષત્રિય હતા ત્યાં ત્યાં પરશુરામની પરશુ મૂર્ત્તિમાન કોપાગ્નિ હોય તેમ પ્રદીપ્ત થતી હતી. એક વખતે પરશુરામ ફરતો ફરતો આશ્રમમાં આવી ચડ્યો, ત્યાં પ્રદીપ્ત થયેલી પરશુએ, ધૂમ અગ્નિને જણાવે તેમ 'અહીં કોઇ ક્ષત્રિય છે' એમ સૂચવી દીધું. પરશુરામે તાપસોને પૂછ્યું કે 'શું અહીં કોઇ ક્ષત્રિય છે ?' તાપસો બોલ્યા– 'અમે તાપસ રૂપે થયેલા ક્ષત્રિય છીએ.' પછી પરશુરામે ક્રોધથી દાવાનળ જેમ પર્વતના તટને તૃણ રહિત કરે તેમ પૃથ્વીને સાતવાર નક્ષત્રિયા કરી, અને હણેલા ક્ષત્રિયોની દાઢોથી વાંચ્છિત પૂર્ણ યમરાજના પૂર્ણ પાત્રની શોભા આપતો એક થાલ ભરી દીધો.

એક વખતે પરશુરામે કોઇ નિમિત્તિયાને પૂછ્યું કે 'મારો વધ કોનાથી થશે ?' 'સદા વૈર કરનારા પુરૂષો બીજાથી પોતાની શંકા કર્યા કરે જ છે.' તે સાંભળી નિમિત્તિયો બોલ્યો કે 'જે પુરૂષ સિંહાસન ઉપર બેસીને ક્ષીરરૂપ થઈ ગયેલી આ દાઢોનું ભક્ષણ કરશે તેનાથી તમારો વધ થશે.' તે સાંભળી પરશુરામે ત્યાં એક અવારિત દાનશાળા કરાવી અને તેની આગળ એક સિંહાસન મૂકાવી તેની ઉપર દાઢોનો થાળ રખાવ્યો. હવે તાપસોના આશ્રમમાં કૃતવીર્યની સ્ત્રીથી જે સુભૂમ નામે પુત્ર ઉત્પન્ન થયો હતો, તે આંગણામાં ઉગેલા વૃક્ષની જેમ વૃદ્ધિ પામી સુવર્ણવર્ણી અને અઠ્ઠાવીશ ધનુષ્ય ઉંચી કાયાવાળો થયો.

વૈતાઢ્યપર રહેનારા મેઘનાદ વિદ્યાધરે એક વખતે નિમિત્તિયાઓને પૂછ્યું કે 'મારી પદ્મશ્રી નામે કન્યા હું કોને આપું ?' તેઓએ તેનો યોગ્ય વર સુભૂમ છે એમ કહ્યું એટલે તેણે ત્યાં આવી સુભૂમને કન્યા પરણાવીને પોતે તેનો સેવક થઇને રહ્યો. એક વખતે કૂવાના દેડકાની જેમ ભૂમિગ્રહમાં રહેલા જેની સમાન કોઇ રાજા નથી એવા સુભૂમે પોતાની માતાને પૂછ્યું–'શું આ લોક આટલો છે કે આથી અધિક છે ?' માતાએ કહ્યું–" વત્સ ! આ લોક તો અનંત છે. તેના મધ્યમાં આ આશ્રમ એક મક્ષિકાના પગ જેટલો છે. આ

લોકમાં હસ્તીનાપુર નામે એક નગર છે, તેમાં કૃતવીર્ય નામે તારા પ્રખ્યાત અને પરાક્રમી પિતા રાજા હતા. તારા પિતાને મારી પરશુરામે તે રાજ્ય ખુંચવી લીધું, અને બધી પૃથ્વીને તેણે નિઃક્ષત્રિયા કરી દીધી છે. તેના ભયથી આપણે અહીં છાના રહીએ છીએ." તે સાંભળતાં જ સુભૂમ મંગલગ્રહની પેઠે ક્રોધથી પ્રજ્વલિત થઈ શત્રુ સાથે લડવા હસ્તીનાપુર તરફ ચાલ્યા. ક્ષાત્રતેજ જ દુર્ધર છે. ભૂમિગ્રહમાંથી નીકળી પરભાયો દાનશાળામાં જઈ સિંહની જેમ સિંહાસનપર બેઠો; અને તે વખતે ક્ષીરરૂપે થઈ ગયેલી પેલી ક્ષત્રિયોની દાઢોને તે ખાઇ ગયો. તરતજ દાઢની રક્ષા કરનારા બ્રાહ્મણો યુદ્ધ કરવાને ઉઠયા, પરંતુ હરિણોને વાઘની જેમ મેઘનાદે તે સર્વને મારી નાંખ્યા. તે ખબર સાંભળી પરશુરામ ક્રોધથી દાંતવડે હોઠને પીસતો કાળપાશથી જાણે ખેંચાયો હોય તેમ સત્વર ત્યાં આવ્યો. પરશુરામે રોષથી સુભૂમ ઉપર પોતાની ફરશી નાખી, પરંતુ જળમાં અગ્નિના તણખાની જેમ તે તત્કાળ બુઝાઇ ગઈ. સુભૂમની પાસે કાંઈ શસ્ત્ર હતું નહીં એટલે તેણે દાઢનો થાળ ફેંકયો, તે સદ્ય ચક્રરૂપ થઈ ગયો. 'પુણ્ય સંપત્તિવાળાને શું ન થાય ?' પછી આઠમા ચક્રવર્ત્તી સુભૂમે તે પ્રકાશમાન ચક્રવડે પરશુરામના મસ્તકને કમળની જેમ છેદી નાંખ્યું. જેવી રીતે પરશુરામે પૃથ્વીને સાત વાર નિઃક્ષત્રિયા કરી હતી, તેવી રીતે સુભૂમ ચક્રીએ પૃથ્વીને એકવીશ વાર નિર્બ્રાહ્મણી કરી.

ક્ષય પામેલા રાજાઓના હસ્તી, અશ્વ અને પેદલના રૂધિરની નવી સરિતાને વહન કરતા સુભૂમે પ્રથમ પૂર્વ દિશા સાધી. પછી અનેક સુભટોના કપાએલા મસ્તકથી છીપ અને શંખની જેમ પૃથ્વીને મંડિત કરતા એવા તેણે દક્ષિણ દિશાના પતિ (યમ)ની જેમ દક્ષિણ દિશાને સાધી. સુભટોના અસ્થિવડે સમુદ્રના તીરને દાંતવાળું કરતા તેણે પશ્ચિમ દિશા સાધી. પછી બળના ગિરિરૂપ સુભૂમ વૈતાઢય પર્વતની ગુહાના દ્વારને હેલામાત્રમાં ઉઘાડી મ્લેચ્છોને જીતવાને ભરતક્ષેત્રના ઉત્તર ખંડમાં પેઠા. મોટો ગજેંદ્ર જેમ ઈક્ષુદંડને ભાંગે તેમ ઉછળતા શોણિત રસથી પૃથ્વીને છાંટતા એવા તેણે મ્લેચ્છ લોકોને ભાંગી નાંખ્યા. પછી સુભૂમ ચક્રવર્ત્તીએ પોતાના સસરા મેઘનાદને વૈતાઢય ગિરિની બંને શ્રેણીઓના અધિપતિની પદવી આપી.

સાઠ હજાર વર્ષના આયુષ્યવાળા સુભૂમ ચક્રવર્ત્તીએ એવી રીતે ચારે દિશામાં ફરી અનેક સુભટોને મારી ષટ્ખંડ પૃથ્વીને સાધી. અનેક પ્રાણીઓની હિંસા કરતા અને નિત્ય રૌદ્ર ધ્યાનરૂપી અગ્નિવડે જેનો અંતરાત્મા બળ્યા કરે છે એવા સુભૂમ ચક્રવર્ત્તી કાલપરિણામના વશથી મૃત્યુ પામી સાતમી નરકભૂમિમાં ગયા. પાંચ હજાર વર્ષ કુમારપણામાં, તેટલાજ મંડલિકપણામાં, પાંચસો દિગ્વિજયમાં અને પાંચસે ઉણા અર્ધલક્ષ ચક્રવર્ત્તીપણામાં એવી રીતે સાઠ હજાર વર્ષનું આયુષ્ય તેણે પૂર્ણ કર્યું.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकाचरुषचरिने
महाकाव्ये षष्ठे पर्वणि सुभूमचरितवर्णनो
नाम चतुर्थः सर्गः ॥

સર્ગ ૫ મો.

નંદન બલભદ્ર, દત્તવાસુદેવ અને પ્રલ્હાદ પ્રતિવાસુદેવનું ચરિત્ર.

હવે શ્રી અરનાથ પ્રભુના તીર્થમાં થયેલા દત્ત, નંદન અને પ્રલ્હાદ નામે વાસુદેવ, બલભદ્ર અને પ્રતિવાસુદેવનું ચરિત્ર કહેવામાં આવશે. આ જંબૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં તેના આભૂષણ જેવી **સુસીમા** નામે નગરી છે. તેમાં **વસુંધર** નામે રાજા હતો. તે ચિરકાલ પૃથ્વીનું પાલન કરી **સુધર્મ** મુનિની પાસે વ્રત લઇ મૃત્યુ પામીને બ્રહ્મદેવલોકમા દેવતા થયો.

આ જંબૂદ્વીપના દક્ષિણ ભરતાર્દ્ધમાં **શીલપુર** નગરને વિષે **મંદરધીર** નામે એક રાજા હતો. તેને ગુણરત્નનો સાગર, પરાક્રમી અને મિત્રરૂપ કમલમાં સૂર્ય સમાન **લલિતમિત્ર** નામે પુત્ર હતો. **બલ** નામના મંત્રીએ, કુમાર લલિતમિત્ર ગર્વિષ્ટ છે એવું જણાવી તેના ભાઈને યુવરાજપદ ઉપર બેસારી દીધો. આ પરાભવથી વિરક્ત થયેલા લલિતમિત્રે **ઘોષસેન** મુનિની પાસે દીક્ષા લીધી. તે દુર્મદ કુમારે તપસ્યા કરતાં એવું નિયાણું બાંધ્યું કે 'આ તપના પ્રભાવવડે તે બલ મંત્રીનો વધ કરનાર થાઉં.' આવા નિયાણાની આલોચના કર્યા વગર તે કાલધર્મને પામી સૌધર્મ દેવલોકમાં પરમ મહર્દ્ધિક દેવતા થયો.

પેલો બલમંત્રી ચિરકાલ ભવાટવીમાં ભમી આ જંબૂદ્વીપમાં વૈતાઢ્યગિરિ ઉપર ઉત્તર શ્રેણીમાં **તિલકપુર** નામના નગરમાં વિદ્યાધરોનો ઇંદ્ર પ્રલ્હાદ નામે પ્રતિવાસુદેવ થયો.

આ જંબૂદ્વીપના દક્ષિણ ભરતાર્દ્ધમાં **વારાણસી** નામે નગરી છે. તે જાણે પોતાની સખી હોય તેમ ગંગા નદીથી આશ્રિત થયેલી છે. તે નગરીમાં તેજવડે અગ્નિ સમાન અને પરાક્રમથી સિંહ સમાન **અગ્નિસિંહ** નામે ઇક્ષ્વાકુવંશી રાજા હતો. તેનો યશ રૂપી હંસ શૌર્ય અને વ્યવસાય રૂપ બે પાંખોવડે જગતમાં નિરંતર પરિભ્રમણ કરવાથી વિરામ પામતો નહીં. રણભૂમિમાં લીલામાત્રમાં તેણે નમાવેલું ધનુષ્ય જોઇને જાણે તેની મર્યાદા ધરતા હોય તેમ સર્વ શત્રુરાજાઓ નમી જતા હતા. તેના બલવાન ભુજરૂપ સ્તંભ સાથે દૃઢ ગુણવડે બંધાયેલી લક્ષ્મી હાથણીની જેમ સ્થિરતાને પામી હતી. રૂપસંપત્તિથી અશેષ ભુવનની સ્ત્રીઓને જીતનારી **જયંત** અને **શેષવતી** નામે તેને બે પત્નીઓ હતી. વસુંધર રાજાનો જીવ જે દેવતા થયો હતો તે પાંચમા દેવલોકથી ચવીને મહાદેવી જયંતીના ઉદરમાં અવતર્યો. અનુક્રમે ચાર સ્વપ્નાએ સૂચવ્યો છે રામાવતાર જેનો એવો **નંદન** નામે તેણે પુત્ર પ્રસવ્યો. લલિતમિત્રનો જીવ સૌધર્મદેવલોકમાંથી ચવી શેષવતીના ઉદરમાં અવતર્યો. સાત સ્વપ્ને સૂચવેલો છે વાસુદેવ અવતાર જેનો એવો **દત્ત** નામે તેણે પુત્ર પ્રસવ્યો. અનુક્રમે શ્વેત અને શ્યામ વર્ણવાળા તે બંને ભાઈ ક્ષીરોદધિ અને કાલોદધિ સમુદ્રની જેવા દેખાવા લાગ્યા. છવીશ ધનુષ ઉંચી કાયાવાળા તેઓ યૌવનવયને પ્રાપ્ત થયા. નીલ અને પીત વસ્ત્રને ધારણ કરતા અને ગરૂડ તથા તાડના ચિન્હને રાખતા તે બંને ભાઇઓ જ્યેષ્ઠકનિષ્ઠ છતાં જાણે સમાન વયના હોય તેમ સાથે ને સાથે ફરતા હતા.

એકદા ભરતાર્દ્ધના સ્વામી અને સમર્થ એવા પ્રલ્હાદ પ્રતિવાસુદેવે, નંદન અને દત્તની પાસે ઐરાવણ જેવો હાથી છે એવું સાંભળીને તેની માગણી કરી. જ્યારે તેમણે એ ગજેંદ્રને

આપ્યો નહીં ત્યારે પ્રતિવાસુદેવ પ્રલ્હાદ તિરસ્કાર કરેલા સિંહની જેમ અતિશય કોપાયમાન થયો. પછી જેમ વનના બે ગજેંદ્રો હોય તેમ વાસુદેવ અને પ્રતિવાસુદેવ ક્રોધ કરી સર્વ યુદ્ધસામગ્રી લઇને પરસ્પર યુદ્ધ કરવા માટે સામસામા ચડી આવ્યા. પ્રલ્હાદના સૈન્યે સામા સૈન્યને ક્ષણવારમાં દીન દશાને પમાડી દીધું, એટલે નંદન અને દત્ત બંને રથમાં બેસી યુદ્ધ કરવાને ચાલ્યા. દત્તે શત્રુઓના બલને હણનારા પાંચજન્ય શંખને ફુંકયો અને જયકુંજરના વાજીત્ર રૂપ શાર્ંગ ધનુષ્યનો ટંકાર કર્યો. તે સાંભળી પ્રલ્હાદ પણ ધનુષ્યના ટંકારથી દિશાઓને ગજાવતો અને યમરાજની જેમ ભુજદંડને દઢ કરતો રણભૂમિમાં આવ્યો. હરિ અને પ્રતિહરિ બંને રોષથી બાણને છોડવા લાગ્યા, અને પરસ્પર વિજયની ઇચ્છાએ એક બીજાના બાણને છેદવા લાગ્યા. છેદ કરવામાં ચતુર એવા બંને વીર પરસ્પરનાં ગદા, મુદ્ગર અને દંડ વિગેરે બીજાં આયુધોને પણ છેદવા લાગ્યા. પછી ક્રોધ પામેલા પ્રલ્હાદે પ્રલયકાલના સૂર્યની જેવું તેજપુંજથી ભરપૂર અને સેંકડો જવાળાઓની માળાવડે વ્યાપ્ત એવું ચક્ર આકાશમાં ભમાડીને વાસુદેવ ઉપર મૂકયું. પરંતુ તેની સમીપ આવતાં તે ચક્ર નિષ્ફળ થયું, એટલે વાસુદેવે તે ચક્ર હાથમાં લઈ પ્રલ્હાદ ઉપર મૂકયું, જેથી તેનું મસ્તક તત્કાળ છેદાઇ ગયું. પછી દત્તવાસુદેવે દિગ્વિજય કરી ભરતાર્દ્ધને સાધી લીધું, અને કોટી શિલા ઉપાડીને તે આ ભરતમાં સાતમા અર્દ્ધચક્રી થયા. કૌમારવયમાં નવસો વર્ષ, મંડલિકપણામાં અને દિગ્વિજયમાં પ્રત્યેક પચાસ પચાસ વર્ષ અને વાસુદેવપણામાં ૫૫૦૦૦ વર્ષએમ બધા મળી છપ્પન હજાર વર્ષનું આયુષ્ય નિર્ગમન કરી દત્તવાસુદેવ પાપકર્મના વશપણાથી પાંચમી નરકભૂમિમાં ગયા.

પોતાના લઘુભાઇ દત્તવાસુદેવનો અવસાનકાળ થયા પછી પાંસઠ હજાર વર્ષના આયુષ્યવાળા નંદન બળભદ્રે બાકીનો કાળ માંડમાંડ પૂરો કર્યો. પ્રાંતે ભાઇના મૃત્યુથી અને ઘણી ભવભાવનાથી વૈરાગ્યવાન થયેલા નંદન બલભદ્ર દીક્ષા લઈ, નિરતિચાર તીવ્ર વ્રત પાળીને સિદ્ધિપદમાં પ્રતિષ્ઠા પામ્યા, અર્થાત્ મોક્ષે ગયા.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्ठिशलाकापुरुषचरिते
महाकाव्ये पंचम पर्वणि श्रीशांतिनाथ चरमभव
वर्णनो नाम पंचमः सर्गः ॥

સર્ગ ૬ ઠો.

શ્રી મલ્લીનાથ ચરિત્ર.

મલ્લિકાના પુષ્પની જેવી નિર્મળ અને ભવ્યપ્રાણીરૂપ ભમરાઓએ ઉત્કંઠાથી પાન કરેલી શ્રીમલ્લીનાથ ભગવાનની વાણી જય પામે છે. હવે શ્રોતાઓના અમૃતના શ્રવણમાં સ્રોત જેવું તે **શ્રી મલ્લીસ્વામીનું** અદ્‌ભુત ચરિત્ર કહેવામાં આવશે.

જંબૂદ્વીપના અપરવિદેહમાં સલિલાવતી વિજયને વિષે **વીતશોકા** નામે નગરી છે, તેમાં શત્રુઓના બલરૂપ વનને વિનાશ કરવામાં કુંજર (હાથી) જેવો અને બલથી બલભદ્ર જેવો **બલ** નામે એક દેવાકૃતિ રાજા હતો. તે રાજાને **ધારણી** નામે પત્નીથી કેશરીસિંહના સ્વપ્નથી સૂચિત **મહાબલ** નામે એક પૂર્ણ પરાક્રમી પુત્ર થયો. અનુક્રમે તે મહાબલ કુમાર ઉત્કટ યૌવનવયવાળી **કમલશ્રી** વિગેરે પાંચસો રાજકન્યા સાથે એક દિવસે પરણ્યો. તે મહાબળને **અચળ, ધરણ, પૂરણ, વસુ, વૈશ્રવણ,** અને **અભિચંદ્ર** નામે છ રાજાઓ બાલ-મિત્રો હતા. એકદા તે નગરની બહાર ઈશાન દિશામાં આવેલા ઇંદ્રકુંભ નામના ઉદ્યાનમાં કેટલાક મુનિઓ આવ્યા. બળરાજા તેમની પાસે ગયો. ત્યાં ધર્મ સાંભળી વૈરાગ્ય પ્રાપ્ત થતાં મહાબળને રાજ્ય ઉપર બેસારી દીક્ષા લઈને તે રાજા મોક્ષે ગયો.

મહાબલને **કમલશ્રી** નામે મુખ્ય રાણીથી સિંહના સ્વપ્નવડે સૂચિત **બલભદ્ર** નામે એક પુત્ર થયો. અનુક્રમે યૌવનવયને પ્રાપ્ત થતાં જાણે પોતાની બીજી મૂર્તિ હોય તેવા બલભદ્રને તેણે યુવરાજપદવી આપી. અને પોતે પોતાના છ બાલમિત્રો સાથે સૌહાર્દના એક ભાવથી નિત્યે આર્હંત ધર્મને સાંભળવા લાગ્યો. એકદા મહાબલે પોતાના મિત્રોને કહ્યું–'હે મિત્રો ! હું આ સંસારથી ભય પામ્યો છું માટે હવે દીક્ષા ગ્રહણ કરીશ. પછી તમારે શો માર્ગ લેવો છે?' તેઓ બોલ્યા–'જેવી રીતે આપણે એકઠા રહીને આજ સુધી સાંસારિક સુખ ભોગવ્યું તેવીજ રીતે એકઠા રહીને હવે મોક્ષસુખ ભોગવશું.' મહાબલે પોતાના રાજ્ય ઉપર બલભદ્રને બેસાયો અને બીજા મિત્રોએ પોતપોતાના પુત્રોને બેસાર્યા. પછી મહાબલે પોતાના છ મિત્રો સાથે મહાત્મા **વરધર્મ** મુનિની પાસે દીક્ષા લીધી. તે મહાત્માઓ સાતેની એવી પ્રતિજ્ઞા હતો કે 'આપણામાંથી જો એક તપસ્યા કરે તો તેઓ પ્રમાણે સર્વેએ કરવી.' આવો સંકેત કરી મોક્ષને માટે સરખી ઉત્કંઠા ધારણ કરી તેઓ ચતુર્થાદિ તપસ્યા કરવા લાગ્યા. તેમાં મહાબલ સર્વથી પોતાને અધિક ફળ મળે તેવી ઇચ્છાથી 'આજ મારૂં મસ્તક દુઃખે છે, આજે પેટમાં પીડા થાય છે, આજે ક્ષુધા લાગી નથી' આવા ખોટા બાના બતાવી પારણાને દિવસે પણ આહાર કરતા નહીં અને તેવી રીતે માયા (કપટ) થી તે છ મિત્રોને છેતરીને અધિક તપસ્યા કરતા હતા, તેવા માયામિશ્ર તપ કરવાવડે સ્ત્રીવેદ અને અર્હંત ભક્તિ પ્રમુખ સ્થાનકોને આરાધવા વડે તીર્થંકર-નામકર્મ મહાબળે ઉપાર્જન કર્યું. ચોરાશી લાખ પૂર્વના આયુષ્યવાળા તે સાતે મિત્ર-મુનિઓ ચોરાશી હજાર વર્ષ સુધી વ્રત પાળી આયુષ્યનો ક્ષય થતાં બે પ્રકારની સંલેખના કરી, અનશન વ્રત લઈ કાળધર્મ પામીને વૈજયંત નામના અનુત્તર વિમાનમાં દેવતા થયા.

આ જંબૂદ્વીપના દક્ષિણ ભરતાર્દ્ધમાં ધર્મમાં તત્પર એવા લોકોથી ભરપૂર મિથિલા નામે નગરી છે. ત્યાં આવેલા પ્રાસાદો તેની ઉપર રહેલા સુવર્ણના કુંભોથી ઉપર ઉદય પામેલા સૂર્યવાળા ઉદયગિરિનો વિભ્રમ ધારણ કરે છે. આ નગરીને સર્વ રત્નમય દેખીને અમરાવતી અને અલકાદિક નગરી રત્નમયી છે, એવી કથાઓમાં લોકોને શ્રદ્ધા થતી હતી. તેની રમણીયતાથી તૃપ્ત રહેતા દેવતાઓ ક્ષણવાર સ્વર્ગમાં અને ક્ષણવાર તે નગરીમાં એમ વારંવાર રહ્યા કરતા હતા. ઈક્ષ્વાકુવંશરૂપ ક્ષીરસાગરમાં અમૃત કુંભ જેવો અને નિધિ કુંભની પેઠે લક્ષ્મીના નિવાસરૂપ **કુંભ** નામે ત્યાં રાજા હતો. તે સરિતાઓનો જેમ જેમ સમુદ્ર તેમ સંપત્તિઓનો એક આશ્રય હતો, અને મણિઓનો જેમ રોહણગિરિ તેમ નીતિઓની ઉત્પત્તિભૂમિ હતો, એ મહામતિ રાજા શાસ્ત્રો અને શસ્ત્રોનો જાણ હતો અને પૃથ્વીના કર લઈ દીન જનોને આપી દેતો હતો. તે ધીમાન મહારાજાને યશમાં લોભ હતો, લક્ષ્મીમાં નહીં; દ્રવ્યમાં ત્યાગ (દાન) બુદ્ધિ હતી, પણ સીમાડામાં નહિ; અને ધર્મમાં વ્યસન હતું, પણ પાસકીડામાં ન હતું.

ઇંદ્રને ઇંદ્રાણીની જેમ મુખની પ્રભાથી ચંદ્રનો પરાભવ કરનારી **પ્રભાવતી** નામે તેને એક મહારાણી હતી. તે પૃથ્વીની આભૂષણરૂપ હતી અને તેનું આભૂષણ શીલ હતું, બાજુ અને કડાં વિગેરે આભૂષણો માત્ર પ્રક્રિયારૂપ હતા. પોતાના નિર્મળ સતીપણાથી સર્વ જગતને પવિત્ર કરતી તે પ્રભાવતી જંગમતીર્થ હોય તેમ કલ્યાણના હેતુ પણે શોભતી હતી. દક્ષસુતા રોહિણીની સાથે ચંદ્રની જેમ એ હૃદયહારિણી રમણીની સાથે કુંભ રાજા ઉત્તમ ભોગ ભોગવતા હતા.

સ્વર્ગવાસી મહાબલનો જીવ આયુષ્ય પૂર્ણ કરી વૈજયંત વિમાનમાંથી ચવી ફાલ્ગુન શુકલ ચતુર્થીએ ચંદ્ર અશ્વિની નક્ષત્રમાં આવતાં ચૌદ મહા સ્વપ્નોએ જેનો આર્હંત વૈભવ સૂચવેલો છે એવો તે મહાદેવી પ્રભાવતીની કુક્ષીમાં અવતર્યો. તેમના ગર્ભમાં આવ્યા પછી ત્રીજે માસે દેવીને માલ્ય (પુષ્પ) ની શય્યામાં સુવાનો દોહદ ઉત્પન્ન થયો. દેવતાએ તે દોહદ પૂર્ણ કર્યો. પછી પૂર્ણ સમયે માર્ગશીર્ષ માસની શુકલ એકાદશીએ ચંદ્ર અશ્વિની નક્ષત્રમાં આવતાં પૂર્વ જન્મમાં માયાવડે સ્ત્રીવેદકર્મ બાંધેલું હોવાથી કુંભના લાંછનવાળા નીલકાંતિને ધરનારા અને સર્વ શુભલક્ષણવાળા ઓગણીશમા આશ્ચર્યકારી તીર્થંકરરૂપ એક કન્યાને પ્રભાવતીએ જન્મ આપ્યો. દિક્કુમારીઓએ આવી તેનું સૂતિકાકર્મ કર્યું, અને ઇંદ્રોએ મેરૂગિરિપર લઈ જઈને તેમને સ્નાન કરાવ્યું, સ્નાન કરાવ્યા પછી તેમનું અર્ચન કરી, આરતી ઉતારીને શક્રઇંદ્રે આ પ્રમાણે ભક્તિનિર્ભર હૃદયથી સ્તુતિ કરવા માંડી.

"ત્રણ જ્ઞાનના નિધિ અને ત્રણ જગતમાં પ્રધાન એવા ઓગણીશમા તીર્થંકરને હું "નમસ્કાર કરું છું. હે નાથ ! સારે ભાગ્યે તમારા દર્શનથી હું ચિરકાળે પણ અનુગ્રહી "થયો છું. કેમકે સાધારણ પુણ્યથી અર્હંત પ્રભુનું સાક્ષાત દર્શન થતું નથી. હે દેવ ! "આજે તમારા જન્મોત્સવના દર્શનથી દેવતાઓનું દેવત્વ સફળ થયું છે. એક તરફ "અચ્યુત ઇંદ્રની ઉપર અને બીજી તરફ અન્ય પ્રાણીઓની ઉપર સમાન અનુગ્રહ કરવાની "બુદ્ધિવાળા હે પ્રભુ ! સંસારમાં પડતા એવા અમારૂં રક્ષણ કરો. પૃથ્વીના સુવર્ણ મુગટ "જેવા તમે ઇંદ્રનીલમણિની જેમ અતિશય શોભો છો. ઈચ્છા કર્યા વગર માત્ર સ્મરણ "કરવાથી પણ તમે મોક્ષને માટે થાઓ છો, તો દર્શન અને સ્તુતિ કરીને તમારી પાસે "તેથી અધિક ફળ શું માગીએ ? એક તરફ બધાં ધર્મકાર્યો અને એક તરફ તમારૂં

દર્શન તે બંનેની ફળપ્રાપ્તિ તરફ જોતાં તમારું દર્શન અધિક ફળપ્રાપ્તિના સાધનરૂપ જણાય "છે. તમારા ચરણકમળમાં આલોટતાં જેવું સુખ મને થાય છે તેવું સુખ ઇંદ્રપણામાં, "અહમિંદ્રપણામાં કે મોક્ષમાં પણ મને થતું નથી એમ હું માનું છું."

આ પ્રમાણે સ્તુતિ કરી ઇંદ્રે ઓગણીશમા અર્હંતને પાછા મિથિલાપુરીમાં લઈ જઈ માતાની પાસે મૂકયા. જયારે પ્રભુ ગર્ભમાં હતા ત્યારે માતાને પુષ્પમાલ્યપર શયન કરવાનો દોહદ થયો હતો, તેથી પિતાએ તેમનું **મલ્લી** એવું નામ પાડયું. ઇન્દ્રે મોકલેલી પાંચ ધાત્રી-ઓએ પ્રતિદિન પુષ્પની પેઠે લાલન કરાતા મલ્લીકુમારી અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યા.

અચલરાયનો જીવ વૈજયંત વિમાનથી ચવી આ ભરતક્ષેત્રના સાકેતપુર નામના નગરમાં **પ્રતિબુદ્ધિ** નામે રાજા થયો. રૂપથી સાક્ષાત્ પદ્મા[1] હોય તેવી **પદ્માવતી** નામે તેને સર્વ અંત:પુરમાં શિરોમણિ રાણી હતી. તે નગરને વિષે ઈશાન દિશામાં એક નાગદેવના મંદિરમાં અંદર નાગદેવની પ્રતિમા હતી. તેની અનેક લોકો માનતા કરતા હતા. એક વખતે પદ્માવતી રાણીએ નાગદેવની યાત્રાને માટે જવા સારુ પ્રતિબુદ્ધિ રાજાની આજ્ઞા માગી. રાજાએ તેમ કરવા સંમતિ આપી અને તેની સાથે રાજા પણ પુષ્પાદિ સામગ્રી લઈ યાત્રાને દિવસે તે નાગપ્રતિમાના મંદિરમાં આવ્યો. પુષ્પનો મંડપ, પુષ્પનો મુદ્ગર અને પોતાની પ્રિયાને જોઈ રાજાએ **સ્વબુદ્ધિ** નામના ઉત્તમ મંત્રીને પૂછયું–'હે મંત્રીવર્ય ! મારી પ્રેરણાથી તમે અનેક રાજાઓના મંદિરમાં ગયા છો, તો તેમાં કોઈ ઠેકાણે આવું સ્ત્રીરત્ન કે આવો પુષ્પનો મુદ્ગર તમારા જોવામાં આવ્યો છે ?' સ્વબુદ્ધિ મંત્રી બોલ્યા–"તમારી આજ્ઞાથી એકદા હું કુંભ રાજાની પાસે ગયો હતો, ત્યાં તેની મલ્લી નામે એક કન્યા મારા જોવામાં આવી. સ્ત્રીરત્નમાં મુખ્ય એવી તે રાજકન્યાની આયુષ્યગ્રંથીમાં એવો પુષ્પમુદ્ગર કરવામાં આવ્યો હતો કે તેવો સ્વર્ગમાં પણ અસંભવિત છે. તેના સ્વરૂપની આગળ ચક્રવર્ત્તીનું સ્ત્રીરત્ન, કામદેવની પત્ની રતિ અને ઇંદ્રાણી પ્રમુખ દેવસ્ત્રીઓ તે સર્વ તૃણતુલ્ય છે. એ કુંભરાજની કુમારી એકવાર પણ જેના જોવામાં આવી હોય તે અમૃત રસના સ્વાદની જેમ તેના રૂપને ભૂલી જતો નથી. મનુષ્યોમાં અને દેવતાઓમાં તે મલ્લીકુમારીના જેવી કોઇ નારી નથી. તેનું અદ્વૈતરૂપ વાણીથી પણ અગોચર છે." તે સાંભળી પૂર્વ જન્મના અનુરાગથી પ્રતિબુદ્ધિ રાજાએ તેને વરવા માટે કુંભ રાજાની પાસે એક દૂત મોકલ્યો.

તે અરસામાં ધરણનો જીવ પણ વૈજયંત વિમાનથી ચવી ચંપાપુરીમાં **ચંદ્રછાય** નામે રાજા થયો. તે ચંપાપુરીનો નિવાસી **અર્હન્નય** નામે એક શ્રાવક વેપાર કરવાને માટે વહાણમાં બેસી સમુદ્રયાત્રા કરવા નીકળ્યો હતો. તે વખતે ઇન્દ્રે દેવસભામાં એવી પ્રશંસા કરી કે 'અર્હન્નયના જેવો કોઈ દૃઢ શ્રાવક નથી.' તે સાંભળી ઇર્ષાવાન્ થયેલા એક દેવતાએ સમુદ્રમાં આવી ક્ષણવારમાં મેઘાડંબર સાથે ઉત્પાતના જેવો પવન ઉત્પન્ન કર્યો. વહાણ ડુબવાના ભયથી તેમાં બેઠેલા વેપારીઓ પોતપોતાના ઇષ્ટદેવની માનતા કરવા લાગ્યા. તે વખતે અર્હન્નયે સમાધિસ્થ થઇ પચ્ચખાણ કર્યું કે 'જો આ વિઘ્નમાં મારૂં મૃત્યુ થાય તો હવે મારે અનશન વ્રત (ચારે આહારનો ત્યાગ) છે.' તે વખતે પેલા દેવે રાક્ષસને રૂપે આકાશમાં રહીને કહ્યું કે 'હે અર્હન્નય ! તું તારો ધર્મ છોડી દે અને મારૂં વચન માન. જો તું માનીશ નહીં તો આ વહાણ ઘડાની ઠીબની જેમ ફોડી નાખી તને પરિવાર સાથે

[1] પદ્મદ્રહમાં નિવાસ કરનારી લક્ષ્મી.

આ જળજંતુઓનું ભક્ષ્ય કરીશ.' આટલું કહેતાં પણ જ્યારે અર્હન્નય ધર્મથી ચલિત થયો નહીં ત્યારે તે દેવે તેને ખમાવ્યો અને ઇન્દ્રે કરેલી પ્રશંસા સંબંધી વાર્તા કહી સંભળાવી. પછી તે શ્રાવકને બે મનોહર દિવ્ય કુંડલની જોડી આપી, ઘોર મેઘ અને પવનાદિ દૂર કરી તે દેવ અંતર્હિત થઈ ગયો. અનુક્રમે અર્હન્નય સમુદ્રના તીરની ભૂમિપર ઉતર્યો અને બધુ કરીયાણું લઇ મિથિલાપુરીમાં ગયો. યોગ્યતા જાણનાર અને ઉદાર મનવાળા અર્હન્નયે ત્યાં કુંભરાજાને એક કુંડલની જોડી ભેટ કરી. રાજાએ તે કુંડલની જોડી પોતાની પ્રિય દુહિતા મલ્લીને આપી અને નીતિ જાણનારા રાજાએ અર્હન્નયનો સત્કાર કરી તેને વિદાય કર્યો. ત્યાં જુનાં કરીયાણાં વેચી અને નવાં લઇ અકંપ બુદ્ધિવાળો અર્હન્નય ફરતો ફરતો ચંપાપુરીમાં આવ્યો. ત્યાંના રાજા ચન્દ્રછાયને બીજી કુંડલની જોડી ભેટ કરી. રાજાએ પૂછયું–' હે શ્રેષ્ઠી ! આ કુંડલની જોડી કયાંથી લાવ્યા છો ?' તે સાંભળી તેણે કુંડલ સંબંધી સર્વ વાર્તા કહી બતાવી. તે પ્રસંગે પ્રથમ એક કુંડલની જોડી મલ્લીકુમારીને આપેલી, તે વાત નીકળતાં તેણે મલ્લીકુમારીનું ઉત્કર્ષ સ્વરૂપ વર્ણન કરવા માંડયું– 'એ મલ્લીકુમારીનું મુખ જો ઉદિત હોય તો ભલે ચંદ્ર અસ્ત થઇ જાય. જો તેના અંગની કાંતિ હોય તો પછી મરકતમણિની કાંઈ જરૂર નથી. તેના લાવણ્યનું પૂર હોય તો ગંગાના જળની શી જરૂર છે? અને તેની રૂપલક્ષ્મી હોય તો પછી દેવાંગના ભલે દૂર રહે. હે રાજા! જેઓએ તે રમણીને નીરખી નથી તે પુરૂષોનાં નેત્ર વૃથા છે, કેમકે જેઓ કદી પણ વિકાશિત પદ્મિનીને જોતા નથી, તે હંસ શા કામના છે ?' તે સાંભળી ચંદ્રછાય રાજાએ પૂર્વ જન્મના સ્નેહયોગથી મલ્લીકુમારીને વરવાને માટે કુંભરાજાની પાસે પોતાના એક દૂતને મોકલ્યો.

હવે પૂરણનો જીવ વૈજયંત વિમાનમાંથી ચવી શ્રાવસ્તીપુરીમાં **રૂકમી** નામે રાજા થયો. તેને **ધારિણી** નામે પત્નીથી **સુબાહુ** નામે એક નાગકન્યા જેવી અતિ સ્વરૂપવાન કન્યા થઈ. રાજાને તે ઘણી વ્હાલી હતી, તેથી ચાતુર્માસમાં સર્વ પરિવાર સહિત આદર પૂર્વક વિશેષ પ્રેમવડે તેને સ્નાનવિધિ કરાવતો હતો; એક વખતે અંતઃપુરીઓએ વિશેષ પ્રકારે સ્નાન કરાવેલી તે બાળા દિવ્યાલંકાર ધારણ કરીને પોતાના પિતાને પ્રણામ કરવા ગઈ. તેને ઉત્સંગમાં બેસારી પિતાએ અંતઃપુરના સેવક (નાજર) ને કહ્યું–'આ કન્યાના જેવો સ્નાનવિધિ તેં કોઇ ઠેકાણે જોયો છે ?' તે સેવક બોલ્યો–"તમારી આજ્ઞાથી એકવાર હું મિથિલાપુરીમાં ગયો હતો. ત્યાં કુંભરાજાની પુત્રી મલ્લીકુમારીની આયુષ્યગ્રંથીમાં આથી પણ વિશેષ સ્નાનવિધિ મારા જોવામાં આવ્યો હતો. હે પ્રભુ ! તે રાજકુમારીનું સ્વરૂપ પણ નિરૂપમ છે. હું જો કહીશ તો તમને અસંભવિત લાગશે, પણ તમારે મારાં વચનપર વિશ્વાસ રાખવો. તેવું સ્ત્રીરત્ન પૂર્વે મારા જોવામાં કયાંઈપણ આવ્યું નથી. જ્યારથી તે જોવામાં આવેલ છે, ત્યારથી બીજી સ્ત્રીઓનું વર્ણન કરવામાં મારી જિહ્વાએ મૌનવ્રત ગ્રહણ કર્યું છે; તેની આગળ બીજી સ્ત્રીઓ નિર્માલ્ય જેવી જણાય છે. કલ્પલતાની આગળ આમ્રલતા શા હિસાબમાં હોય ?" તે સાંભળી રૂકમી રાજાને તેનાપર અનુરાગ ઉત્પન્ન થયો, તથા મલ્લી કુમારીની માગણી કરવાને તેણે પણ કુંભરાજા પાસે એક દૂતને મોકલ્યો.

વસુનો જીવ પણ વૈજયંત વિમાનથી ચવી **વારાણસી** પુરીમાં **શંખ** નામે રાજા થયો. એક વખતે અર્હન્નયે આપેલું મલ્લી કુમારીનું દિવ્ય કુંડલ ભાંગી ગયું, તેથી તેને સુધારવાને રાજાએ સ્વર્ણકારો (સોની) ને હુકમ કર્યો. સ્વર્ણકારોએ જોઈને કહ્યું કે–'હે દેવ ! અમે આવું દિવ્ય કુંડલ સુધારવાને સમર્થ નથી.' તે સાંભળતાંજ ક્રોધ પામીને રાજાએ

તેઓને નગરમાંથી બહાર કાઢી મૂકયા. તેઓ ત્યાંથી વારાણસી નગરીમાં આવ્યા અને ત્યાં શંખરાજાની પાસે પોતાને કાઢી મૂકવાના કારણમાં જે વૃત્તાંત બન્યું હતું તે સર્વ તેમણે કહી બતાવ્યું. તેમાં કુંડળને પ્રસંગે મલ્લીકુમારીના અદ્ભુત રૂપનું વર્ણન કરવા માંડયું. જે પદાર્થો બીજે ઉપમાન[1] ગણાય છે એ આ બાળાની પાસે ઉપમેય[2] તરીકે ગણાય છે; જેમ ચંદ્ર તેના મુખનો ઉપમેય છે, બિંબ ફળ તેના હોઠનું ઉપમેય છે, શંખ તેના કંઠપ્રદેશનો ઉપમેય છે, બિસલતા બે ભુજાની ઉપમેય છે, વજ્રનો મધ્યભાગ તેના મધ્ય ભાગ (કટિ)નો ઉપમેય છે; હાથીની સૂંઢ તેના ઉરૂની ઉપમેય છે, નદીની ભ્રમરી તેની નાભિની ઉપમેય છે, દર્પણ તેના જઘનનું ઉપમેય છે, મૃગલીની જંઘા તેની જંઘાનું ઉપમેય છે અને કમળ તેના હાથ પગનું ઉપમેય છે.” તેવું રૂપ સાંભળી પૂર્વના સ્નેહાનુબંધવડે શંખરાજાએ મલ્લીકુમારીની યાચના કરવા માટે એક દૂત કુંભરાજા પાસે મોકલ્યો.

વૈશ્રવણનો જીવ પણ વૈજયંત વિમાનથી ચવી **અદીનશત્રુ** નામે હસ્તીનાપુરમાં રાજા થયો હતો. અહીં મલ્લીકુમારીનો **મલ્લકુમાર** નામે એક ભાઈ હતો, તેણે કુતૂહલથી ચિત્રકારો પાસે એક વિચિત્ર ચિત્રશાળા કરાવવા માંડી હતી. તેમાં ચીતરનારા ચિત્રકારોમાં એક ચિત્રકાર ઘણો ચતુર હતો. ફક્ત એક અંગ જોવામાં આવે તોપણ તેને અનુસારે સર્વ અંગનું યથાસ્થિત ચિત્ર કરવાની તેને લબ્ધિ પ્રાપ્ત થયેલી હતી. એક વખતે પડદામાંથી મલ્લીકુમારીના પગનો અંગુઠો તેના જોવામાં આવ્યો, તેને અનુસારે સર્વ અંગોપાંગ સહિત મલ્લીકુમારીનું યથાર્થ રૂપ આળેખી લીધું. અન્યદા મલ્લકુમાર તે ચિત્રશાળામાં ક્રીડા કરવાને ગયો, અને તેમાં કરેલાં ચિત્રો જોવા લાગ્યો. તેવામાં ચિત્રમાં રહેલી મલ્લીકુમારીને જોઇ તે સાક્ષાત મલ્લીકુમારી છે, એવું ધારી લજ્જાથી તરત પાછો ફર્યો. તે વખતે ધાત્રીએ કહ્યું-‘કેમ પાછા ફર્યા ?’ ત્યારે કુમાર બોલ્યો- ‘અહીં મારી બેન મલ્લીકુમારી છે, તો ત્યાં શી રીતે ક્રીડા કરાય ?’ ધાત્રીએ બરાબર જોઈને કહ્યું-‘કુમાર ! આ સાક્ષાત્ મલ્લીકુમારી નથી પણ એ તો ચિત્રમાં આળેખેલ છે, માટે પાછા આવો.’ તેમ જાણી મલ્લીકુમારને ક્રોધ ચડયો. તેથી પેલા ચિત્રકારનો દક્ષિણ હસ્ત છેદી નાખ્યો અને તેને પોતાના નગરમાંથી કાઢી મૂકયો. તેણે હસ્તીનાપુરમાં જઈ અદીનશત્રુ રાજાને તે વૃત્તાંત કહ્યો અને પછી મલ્લીકુમારીનું વર્ણન કરવા માંડયું-“હે રાજા ! આ સર્વ જગતરૂપ આકાશમાં ચંદ્રલેખા સદૃશ તે મલ્લીકુમારી જેવી કોઈ બીજી સુંદરી સ્ત્રી કોઈ ઠેકાણે છે નહીં, થઇ નથી અને થશે પણ નહીં. જે કોઈ તે સુંદર કન્યાને જોઇ પછી અન્ય કન્યાને જુએ છે, તે મહાનીલમણિને જોઇ કાચના કટકાને જુએ છે. આ જગતમાં રૂપ, લાવણ્ય, ગતિ અને બીજી ચેષ્ટાઓથી તે બાળા નદીઓમાં ગંગાની જેમ સ્ત્રીઓમાં મુખ્ય છે.” આ પ્રમાણે તેનું વર્ણન કરીને પછી ચિત્રકારે ચિત્રનું ફલક આકર્ષી રાજાને બતાવ્યું. તેને જોઇ વિસ્મય પામેલા અને પૂર્વ સ્નેહથી ઉત્કંઠિત થયેલા રાજાએ તેની યાચના કરવાને કુંભરાજાની પાસે પોતાનો દૂત મોકલ્યો.

અભિચંદ્રનો જીવ પણ વૈજયંત વિમાનથી ચવી કાંપિલ્યપુર નગરમાં જિતશત્રુ નામે રાજા થયો હતો. તેના પુણ્યથી આકર્ષાઇને દેવલોકમાંથી અપ્સરાઓનું વૃંદ આવ્યું હોય તેમ ધારણી વિગેરે તેને એક હજાર રાણીઓ હતી. અહીં મિથિલા નગરીમાં ચોક્ષા નામે એક વિચક્ષણ પરિવ્રાજિકા હતી. તે રાજાના અને ધનાઢય પુરૂષોના ઘરમાં ફરતી ફરતી આપ્રમાણે કહેતી હતી કે “દાન કરવાથી અને તીર્થના અભિષેકથી

---

૧ ઉપમા આપવા યોગ્ય. ૨ ઉપમા પામવા યોગ્ય.

થયેલો ધર્મ, સ્વર્ગ અને મોક્ષનો હેતુ છે. એ અમારૂં તત્ત્વવચન છે.” આ પ્રમાણે કહેતી તે પરિવ્રાજિકા નગરના અને દેશના લોકોને ધર્મમાં પ્રવર્તાવતી હતી. એક વખતે ફરતી ફરતી તે કુંભરાજાના દરબારમાં જ્યાં મલ્લીકુમારી રહેતી હતી તે મહેલમાં આવી ચડી. ત્યાં પ્રથમ હાથમાં ત્રિદંડ રાખી, કષાયલાં વસ્ત્ર ધરીને તે ઉભી રહી. પછી દર્ભવડે કમંડલમાંનું જળ પૃથ્વીપર છાંટી તેનાપર પોતાનું આસન પાથરીને બેઠી. બીજા માણસની જેમ મલ્લીકુમારીને પણ તે ધર્મોપદેશ કરવા લાગી. તે સાંભળી ત્રણ જ્ઞાન ધરનારા મલ્લીકુમારી બોલ્યા–“જેટલાં દાન છે તે સર્વ ધર્મને માટે નથી; જો સર્વ દાન ધર્મ માટેજ થતાં હોય તો બિલાડા અને કૂતરાનું પોષણ પણ ધર્મને માટે થાય. જીવહિંસા જેમાં રહેલ છે એવા તીર્થાભિષેકથી શી રીતે પવિત્રતા થાય? રૂધિરવડે લીંપાએલું વસ્ત્ર શું રૂધિરવડે ધોવાથી શુદ્ધ થાય? માટે વિવેક મૂળ ધર્મ છે, તે અવિવેકીને થતો નથી. તેવા પુરૂષને તપસ્યા પણ કેવલ કલેશને માટે થાય છે, તેમાં કાંઈપણ સંશય નથી.” આ પ્રમાણે મલ્લીકુમારીએ કહ્યું, એટલે ચોક્ષા પરિવ્રાજિકા વિલખી થઈ નીચું મુખ કરી રહી; કારણકે પ્રભુનાં યુક્તિવાળાં વચનને બાધિત કરવાને કોણ સમર્થ થાય? પછી ‘અરે પાખંડી! આવા દર્ભના આસનપર બેસી તું આ વિશ્વને કેટલો વખત થયાં છેતરે છે?’ એમ કહી દાસીઓએ તેનો તિરસ્કાર કર્યો. ‘તે વખતે ચોક્ષાએ મનમાં ચિંતવ્યું કે રાજ્યસંપત્તિ વડે ઉન્મત્ત થઇ ગયેલી આ રાજકુમારીકાએ અને તેના છંદે વર્ત્તનારા તેના પરિવારે મારો જે તિરસ્કાર કર્યો છે તેનું વૈર વાળવાને માટે મારી બુદ્ધિ પહોંચાડીને આ રાજકુમારીને જ્યાં ઘણી શોકચો હોય તેની વચમાં ફેંકી દઉં, અર્થાત્ ઘણી રાણીઓવાળો રાજા પરણે એમ કરૂં જેથી એ દુઃખી થાય.’ આ પ્રમાણે ચિંતવી ક્રોધથી મનમાં ધમધમી રહેલી તે પરિવ્રાજિકા ત્યાંથી નીકળીને કાંપિલ્યપુરમાં જિતશત્રુ રાજાની પાસે ગઇ. રાજાએ મોટા સત્કારથી તેનાં દર્શન કર્યાં. એટલે આશીર્વાદ આપીને તે પોતાના આસનપર બેઠી. રાજાએ અંતઃપુર સાથે ભક્તિ પૂર્વક તેની વંદના કરી. તેણે ત્યાં પણ દાન અને તીર્થાભિષેકના ધર્મનો ઉપદેશ કર્યો. રાજાએ કહ્યું–‘ભગવતિ! તમે આ પૃથ્વીપર પરતંત્ર થયા વગર સ્વેચ્છાએ સર્વત્ર ફર્યા કરો છો, માટે હું તમને પૂછું છું કે ‘આ મારા અંતઃપુરની સ્ત્રીઓ જેવી અપૂર્વ સ્ત્રીઓ તમે કોઈ ઠેકાણે જોયેલી છે?’ તે સાંભળી ચોક્ષા હસતી હસતી બોલી–‘હે રાજા! કૂવાના દેડકાની જેમ તમે તમારા અંતઃપુરને કેમ બહુ માનો છો? મિથિલાનગરીમાં કુંભરાજાને ઘેર મલ્લી નામે એક સુંદર કન્યારત્ન છે. તે સર્વ મૃગાક્ષીઓમાં ચૂડામણિ છે. તેના માત્ર એક અંગુઠાની જે શોભા છે તે દેવાંગના કે નાગકન્યાઓમાં પણ જોવામાં આવતી નથી. વધારે શું કહું? તે મનોહર બાળાના શરીરના બાંધાની શોભા, તેનું સૌંદર્ય અને તેના લાવણ્યની સંપત્તિ કોઇ જુદીજ છે.’ તે સાભળતાંજ પૂર્વના સ્નેહને લીધે જિતશત્રુ રાજાએ તેની પ્રાર્થનાને માટે કુંભરાજાની પાસે એક દૂત મોકલ્યો.

અહીં મલ્લીકુમારીએ પોતાના પૂર્વ જન્મના મિત્ર છએ રાજાઓને અશોકવાડીમાં બોધ થવાનો છે એવું અવધિજ્ઞાનવડે જાણીને તે વાડીની અંદર મહેલના ઓરડાની મધ્યમાં મનોહર રત્નપીઠ ઉપર એક પોતાની સુવર્ણ પ્રતિમા કરાવીને સ્થાપન કરી. એ પ્રતિમાના પદ્મરાગ મણિ વડે અદ્ધર કર્યા, નીલમણિથી કેશ રચ્યા, ઇંદ્રનીલ અને સ્ફાટિકમણિનાં લોચન બનાવ્યાં, પ્રવાળાના હાથપગ રચ્યા, છિદ્રવાળું (પોલું) ઉદર કર્યું, તાળવાના ભાગમાં છિદ્ર કર્યું, અને તેની ઉપર સુવર્ણમય કમળનું ઢાંકણું કર્યું, બીજા સર્વ અવયવો

અતિ રમણીય બનાવ્યાં; અને તે પ્રતિમાવાળા ઓરડાની ફરતી ભીંત ચણાવી. તેમાં તાળાં દીધેલાં કમાડવાળાં છ દ્વારો કરાવ્યાં, તે દ્વારની આગળ નાના નાના છ ઓરડા કરાવ્યા, અને પ્રતિમાની પછવાડાની ભીંતમાં એક બીજું દ્વાર પડાવ્યું. પછી એ પ્રતિમાના તાળવા ઉપર સર્વ આહારનો એક એક પિંડ મૂકી તે પર સુવર્ણકમળ ઢાંકી દઈને મલ્લીકુમારી પ્રતિદિન ભોજન કરવા લાગ્યાં.

હવે જે છ રાજાઓએ મલ્લીકુમારીને માટે પોતપોતાના દૂતો મોકલ્યા હતા તેઓ એક સાથે મિથિલાપતિની પાસે આવ્યા. સર્વમાં પ્રથમ દૂતે કહ્યું–"અનેક સામંત રાજાઓ મસ્તકવડે જેના ચરણકમળને માર્જિત કરે છે એવા મહાપરાક્રમી, મહા ઉત્સાહી, રૂપમાં કામદેવ જેવા, અધિપતિ સૌમ્યતામાં ચંદ્ર જેવા, પ્રતાપમાં સૂર્ય જેવા અને બુદ્ધિમાં ગુરૂ જેવા સાકેતપુરના પ્રતિબુદ્ધિ રાજા તમારી નિર્દોષ કન્યા મલ્લીકુમારીને પરણવાને ઇચ્છે છે. તમારે કોંઈ બીજાને કન્યા તો અવશ્ય આપવી જોઇશે, તો અમારા રાજાને આપીને તેને સ્વજન કરવાને તમે યોગ્ય છો." બીજો દૂત બોલ્યો– "ધૂંસરા પ્રમાણ દીર્ઘ ભુજાવાળા, પુષ્ટ સ્કંધવાળા, વિશાળ લોચનથી શોભતા, કુલીન, ચતુર, સત્ય પ્રતિજ્ઞાવાળા, રણભૂમિમાં તીવ્ર, સર્વ શાસ્ત્રના અભ્યાસી અને સર્વ શસ્ત્રોમાં શ્રમ કરનાર, એવા ચંદ્રની છાયા જેવા શીતળ ચંપાનગરીના પતિ ચંદ્રછાય નામે યુવાન રાજા તમારી પુત્રી મલ્લીકુમારીને માગે છે, તો તેને આપવાને તમે યોગ્ય છો." ત્રીજા દૂતે કહ્યું–"યાચકોનો ચિંતામણી, ક્ષત્રિયોનો શિરોમણિ, શરણેચ્છુને શરણ કરવા યોગ્ય, વીર્યવંતમાં શ્રેષ્ઠ, જયશ્રીનું ક્રીડાગૃહ અને ગુણીજનોનો બગીચો રૂકમિ નામે શ્રાવસ્તી નગરીનો રાજા તમારી કન્યાને ઇચ્છે છે. માટે હે રાજા! વિધિએ મેળવેલા ઉચિત એવા વરવધુનો યોગ કરો, તમે યોગ્યતાને જાણનારા છો." ચોથો દૂત બોલ્યો–"અદ્‌ભુત ઐશ્વર્યથી યક્ષપતિ કુબેરને જીતનાર, વાચાલ, સૌંદર્યમાં કામદેવ સમાન, શત્રુઓના ગર્વને છેદનાર, સદાચાર રૂપ માર્ગના વટેમાર્ગુ, શાસનમાં ઇંદ્ર સમાન અને શંખના જેવા ઉજ્જવળ યશને ધારણ કરનાર શંખ નામે કાશી નગરીના રાજા છે, તે તમારી પાસે તમારી કન્યાની પ્રાર્થના કરે છે તે સ્વીકારો." પાંચમા દૂતે કહ્યું–"હે મિથિલાપતિ! મોટા બળવડે હસ્તી જેવો, હાથચાલાકીવાળો, મહાપરાક્રમી, અનેક રણમાં પસાર થયેલો, દૃઢ હૃદયવાળો, સારી બુદ્ધિવાળો, યુવાન, કીર્ત્તિરૂપી વેલનો પ્રરોહણ, ગુણરત્નોનો એક રોહણાચળ અને દીન અનાથ જનનો ઉદ્ધાર કરનાર હસ્તીનાપુરનો સ્વામી અદીનશત્રુ રાજા, તમારી કન્યા મલ્લિકુમારીને માગે છે તેથી તેને આપો." છઠ્ઠો દૂત બોલ્યો "હાથીઓથી પર્વતની જેમ શત્રુઓથી અકંપનીય, નદીઓથી સમુદ્રની જેમ ઘણી સેનાથી ચારે તરફ પરવરેલો, અપ્રતિહત શક્તિવાળા સેનાનીથી ઇંદ્રની જેવો અને સર્વ શત્રુઓને જીતનાર કાંપિલ્યપુરનો અધિપતિ જિતશત્રુ રાજા મારા મુખે તમારી કન્યાને પ્રાર્થે છે; માટે વિલંબ વગર તેને આપો."

આ પ્રમાણે છએ દૂતોનાં વચન સાંભળી કુંભરાજા બોલ્યા– "અપ્રાર્થિત વસ્તુની પ્રાર્થના કરનારા, મૂઢ અને બહુમાની એવા તે અધમ રાજાઓ કોણ છે? આ મારૂં કન્યારત્ન ત્રણ જગતમાં શિરોરત્ન છે. તેને પરણવાને ઇંદ્રાદિક દેવતાઓની પણ યોગ્યતા નથી. હે ગરીબ દૂતો! તમારા દુરાશયવાળા સ્વામીઓએ આ મનોરથો વૃથા કરેલા છે, તેથી શીઘ્ર અહીંથી તમે ચાલ્યા જાઓ. મારા નગરમાંથી સત્વર નીકળો." આ પ્રમાણે તિરસ્કાર કરેલા તે દૂતોએ ત્યાંથી નીકળી ઉતાવળા પોતપોતાના સ્વામી પાસે આવી ક્રોધરૂપ અગ્નિમાં પવન જેવો આ સંદેશો કહ્યો. પછી છએ રાજાઓએ પોતાનો સરખો પરાભવ થવાથી પરસ્પર

દૂતો મોકલીને કુંભરાજા સાથે મોટી લડાઈ કરવાનો નિશ્ચય કર્યો. પછી છ વર્ષધર પર્વતની જેવા તે છ રાજાઓ સૈન્યથી પૃથ્વીને આચ્છાદન કરતા મિથિલાપુરી પાસે આવ્યા. પ્રવેશના અને નીકળવાના દ્વારને રોકવામાં ચતુર એવા તેઓએ ચંદનના વૃક્ષને સર્પોની જેમ મિથિલાનગરીને વીંટી લઇને ફરતો ઘેરો નાખ્યો. કેટલાક દિવસ સુધી રહેલા આવા ઘેરાથી ખેદ પામેલા કુંભરાજા એક દિવસ તે સંબંધી ચિંતા કરતા હતા, તેવામાં મલ્લીકુમારી ત્યાં આવ્યા. તેણે કહ્યું– 'હે તાત ! તમે ઉદ્વેગી થયા હો તેમ કેમ જણાઓ છો?' એટલે કુંભરાજાએ પોતાને ઉદ્વેગ થવાનું કારણ કહ્યું. તે સાંભળી મલ્લીકુમારી બોલ્યાં– "પિતાજી ! ગૂઢ પુરૂષો મોકલી પ્રત્યેક રાજાને કહો કે 'તમને મલ્લીકુમારી આપીશ.' એમ કહી તે છએ રાજાઓને સમજાવો, અને પછી મારી પ્રતિમા જ્યાં રાખેલી છે, તેની આગળના છએ ઓરડામાં તેઓને સાયંકાલે શ્વેત વસ્ત્ર ધરાવીને ગુપ્ત રીતે જુદા જુદા લાવો." કુંભરાજાએ તે પ્રમાણે ગોઠવણ કરી એટલે તેઓ આવીને ત્યાં હાજર થયા પછી પેલા કમાડની જાળીમાંથી સર્વેએ મલ્લીકુમારીની પ્રતિમાને જોઈ. 'અહો ! પુણ્યયોગે આ સુંદર લોચનવાળી સુરૂપા મલ્લીકુમારી આપણે પ્રાપ્ત કરી' એમ પ્રત્યક્ષ મલ્લીકુમારીની બુદ્ધિથી પ્રત્યેક તેનું અનુરાગપૂર્વક ચિંતવન કરવા લાગ્યા. એવામાં પ્રતિમાની પછવાડે જે દ્વાર કરાવ્યું હતું ત્યાંથી મલ્લીકુમારીએ પ્રચ્છન્નપણે તેમાં પ્રવેશ કર્યો, અને પ્રતિમાવડે સંતાઈ રહીને તેમણે તાળવાને ઢાંકવાનું જે કમળ હતું તે પાડી નાખ્યું. તત્કાળ પ્રથમ નાંખેલાને કોહી ગયેલા આહારનો ગંધ તેમાંથી સ્ફુરી નીકળ્યો. તે વિષ્ટાની દુર્ગંધ જેવો અસહ્ય હોવાથી નાસિકાને અત્યંત બાધા કરવા લાગ્યો. છએ કમાડની જાળીમાંથી નીકળીને તે દુર્ગંધ છએ ઓરડામાં ફેલાયો. તેથી છએ રાજાઓની નાસિકાને ફાડી નાખતો હોય તેમ અપ્રિય થઈ પડ્યો. એટલે વસ્ત્રવડે નાસિકાને ઢાંકીને શત્રુઓથી કાયરની જેમ તેઓ ત્યાંથી પરાઙ્મુખ થઈ ગયા. તે વખતે મલ્લીકુમારીએ અંદરથી કહ્યું કે 'તમે પરાઙ્મુખ કેમ થાઓ છો?' તેઓ બોલ્યા–'અમે આ દુર્ગંધને સહન કરી શકતા નથી.' પછી મલ્લીકુમારી પ્રગટ થઇને બોલ્યાં–"આ પ્રતિમા તો સુવર્ણની છે પણ એમાં પ્રતિદિન આહારનો કવળ નખાય છે તેથી તેની આવી ગંધ આવે છે; તો માતાપિતાના વીર્ય અને લોહીથી ઉત્પન્ન થયેલા ગર્ભમાં પ્રથમ કલલ (પરપોટો) જેવું થઈ, પછી માંસની પેશીરૂપે થતાં માતાના કરેલા આહારના સત્વથી બનેલા રસથી પોષિત થયેલા, ઓરના પડદામાં તથા નરકમાં મગ્ન થયેલા અને વિષ્ટામૂત્રથી વાસિત એવા આ શરીરને માટે તો શું કહેવું ! આવી રીતે જેની ઉત્પત્તિ છે એવા, વિષ્ટાના કોઠારૂપ, રસ, રૂધિર, માંસ, ચરબી, અસ્થિ, મજ્જા અને વીર્યથી ભરેલા, મૂત્રના એક સ્ત્રોત, શ્લેષ્મ (બડખા)ની મસક અને શહેરની ગટર જેવા દુર્ગંધી શરીરમાં શું કાંઈ પણ સાર છે? જેમ ઉષર જમીનમાં અમૃતની વૃષ્ટિ પણ ખારરૂપ થઇ જાય, તેમ એ શરીરને સુગંધી કરવા માટે લગાવેલા કપૂર વિગેરે સુગંધી પદાર્થો પણ મલરૂપ થઇ જાય છે. એવી રીતે બહાર અને અંદર બીભત્સ એવા આ શરીરની ઉપર શું વિવેકી પુરૂષો જરા પણ રાગ ધારણ કરે ! અર્થાત્ ન કરે. અરે મુગ્ધ રાજાઓ ! આજથી ત્રીજા ભવે તમે મારી સાથે દીક્ષા લઇને તપ કર્યો હતો તે કેમ સંભારતા નથી?"

આવાં મલ્લીકુમારીનાં વચન સાંભળીને તેનો વિચાર કરતાં તે છએ રાજાઓને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. 'અર્હંતના અનુગ્રહથી શું ન થાય?' પછી મલ્લીપ્રભુએ જાળીવાળા છએ કમાડ ઉઘાડી નાખ્યાં. એટલે તે છએ રાજાઓ પ્રતિબોધ પામી આ પ્રમાણે કહેવા લાગ્યા–"હે ભદ્રે ! અમને યાદ આવ્યું કે પૂર્વ ભવે આપણે સાતે મિત્રો સંકેત

કરી એકઠા રહીને તીવ્ર તપ કરતા હતા. હે પ્રભુ! તમે અમને સારી રીતે બોધ આપીને નરકમાં પડતાં બચાવ્યા છે, તો હવે અમારે શું કરવા યોગ્ય છે તે બતાવો; કેમકે તમે અમારા ગુરૂ છો.” ‘સમય આવે ત્યારે દીક્ષા ગ્રહણ કરજો’ એમ કહી મલ્લીકુમારીએ તેમને વિદાય કર્યા એટલે તે રાજાઓ પોતપોતાના નગરમાં ગયા.

તે અવસરે લોકાંતિક દેવતાઓએ આવી મલ્લીનાથને કહ્યું કે ‘તીર્થ પ્રવર્ત્તાવો.’ તે સાંભળી પ્રભુએ જૃંભક દેવતાઓએ પૂરેલા દ્રવ્યથી વાર્ષિક દાન આપવા માંડયું. જન્મથી સો વર્ષ પૂર્ણ થયા ત્યારે પચીશ ધનુષ ઉંચી જેની કાયા છે એવા મલ્લીકુમારીનો કુંભરાજા અને ઇંદ્રાદિક દેવતાઓએ નિષ્ક્રમણોત્સવ કર્યો. પછી **જયંતી** નામે શિબિકા રત્નપર આરૂઢ થઇ મલ્લી પ્રભુ સહસ્રામ્ર વન નામે ઉત્તમ ઉદ્યાનમાં આવ્યાં.

તે ઉદ્યાન કોઇ ઠેકાણે કૃષ્ણ ઇક્ષુ (શેલડી)ના વાઢથી જાણે કૃષ્ણપક્ષવાળું હોય અને કોઇ ઠેકાણે શ્વેત ઇક્ષુના વાઢથી શુકલપક્ષવાળું હોય તેવું દેખાતું હતું. નારંગીના પકવ ફળવડે જાણે શોણ મણિઓથી જડેલું હોય, અને મરૂચકના ફળથી જાણે નીલમણિએ બાંધેલું હોય તેવું જણાતું હતું. તેમાં શીતથી પીડિત એવા વટેમાર્ગુઓ નારીના સ્તનની જેમ ઉષ્ણ એવું કૂવાનું જલ પીતા હતા અને વડના વૃક્ષની છાયાને સેવતા હતા. જાણે હેમંત લક્ષ્મીનાં હાસ્ય હોય તેવા વિકસ્વર ડોલરના પુષ્પોથી તે શોભી રહ્યું હતું. તેવા ઉદ્યાનમાં જગદ્ગુરૂએ પ્રવેશ કર્યો. પછી બાહ્ય પરિવારને યોગ્ય એવા એકહજાર પુરૂષો અને અભ્યંતર પરિવારને યોગ્ય એવી ત્રણસો સ્ત્રીઓની સાથે માર્ગશીર્ષ માસની શુકલ એકાદશીએ અશ્વિની નક્ષત્રમાં ચંદ્ર આવતાં પ્રાતઃકાલે મલ્લીનાથ પ્રભુએ અષ્ટમ તપ કરીને દીક્ષા ગ્રહણ કરી. તે વખતે મલ્લી પ્રભુને મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થયું; અને તેજ દિવસે અશોક વૃક્ષની નીચે કેવળજ્ઞાન પણ ઉત્પન્ન થયું. ઇંદ્રાદિક દેવોએ આવી ત્રણસો ધનુષ્ય ઉંચા ચૈત્યવૃક્ષવડે શોભિત એવું સમોસરણ રચ્યું. તેમાં પૂર્વ દ્વારથી પ્રવેશ કરી ચૈત્ય વૃક્ષને પ્રદક્ષિણા કરી **‘तीर्थाय नमः’** એમ કહી મલ્લી પ્રભુ પૂર્વ સિંહાસન ઉપર પૂર્વાભિમુખે બેઠા. તત્કાલ વ્યંતર દેવતાઓએ બીજી ત્રણ દિશાઓમાં તેમનાં રૂપ વિકુર્વ્યાં. શ્રીમાન્ ચતુર્વિધ સંઘ યોગ્ય સ્થાને બેઠો. કુંભ રાજા અને પેલા છ રાજાઓ પણ ત્યાં આવીને ઇંદ્રની પછવાડે બેઠા. પછી શ્રદ્ધાવડે નિર્મળ અંતરાત્માવાળા દેવરાજ (ઇંદ્ર) અને કુંભરાજ પ્રભુને નમસ્કાર કરી હર્ષવડે આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા–

“હે અર્હન્! જેઓ સારે ભાગ્યે તમારા ચરણમાં નમે છે, તેઓના લલાટ ઉપર “તમારા ચરણનખનાં જે કિરણો પડે છે, તે આ ભયંકર ભવથી ભય પામેલા પ્રાણીઓને “રક્ષાના તિલક જેવાં થાય છે. હે પ્રભુ! તમે જન્મથીજ બ્રહ્મચારી હોવાથી તમારે દીક્ષા “પણ જન્મથીજ છે અને તેથી તમારો બધો જન્મ વ્રતપર્યાયમાંજ છે એમ હું માનું છું. “હે નાથ! જ્યાં તમારૂં દર્શન નથી, તે ઘર શા કામનું છે? અને તમારા દર્શનથી પવિત્ર “એવું આ બધું ભૂમિતળ કલ્યાણ રૂપ છે. હે પ્રભુ! આ સંસારરૂપ શત્રુથી ભય પામેલા “મનુષ્ય, દેવ અને તિર્યંચ પ્રાણીઓને તમારૂં સમોસરણ એક શરણ આપનાર કિલ્લાભૂત “છે. તમારા ચરણમાં પ્રણામ કર્યા શિવાયના બીજાં જે કાંઇ કર્મો છે તે સર્વ કુકર્મો છે; “તેઓ આ સંસારની સ્થિતિનાં કારણ એવાં કર્મોને પ્રસવ્યાજ કરે છે. તમારા ધ્યાન “વિના જે બીજાં ધ્યાન છે તે સર્વ દુર્ધ્યાન છે, જેનાથી પોતાના તંતુથી કરોળીઆની “જેમ પોતાનો આત્માજ બંધાય છે. તમારા ગુણની કથા વિના જે કથા છે તે સર્વ

"દુષ્ટ કથા છે, જેનાથી વાણીવડે તિત્તિર પક્ષીની જેમ પ્રાણી વિપત્તિને પામે છે. હે જગદ્-
"ગુરૂ! તમારા ચરણકમળની સેવાના પ્રભાવથી આ સંસારનો ઉચ્છેદ થાઓ અથવા ભવે
"ભવે તમારી ભક્તિ થયા કરો."

આ પ્રમાણે સ્તુતિ કરીને ઇંદ્ર અને કુંભરાજા વિરામ પામતાં અને ચતુર્વિધ સંઘ સાંભળવાને ઉત્સુક થતાં, મલ્લીનાથ પ્રભુએ દેશના દેવાનો આરંભ કર્યો.

"આ સંસાર સ્વતઃ અપાર છતાં પૂર્ણિમાના દિવસવડે સમુદ્રની જેમ રાગાદિકથી
"વિશેષ વૃદ્ધિ પામે છે. જે પ્રાણીઓ અમંદ આનંદને ઉત્પન્ન કરનારા સમતારૂપ જ-
"ળમાં સ્નાન કરે છે, તેઓનો રાગદ્વેષરૂપ મલ તત્કાળ ધોવાઈ જાય છે. કોટી જન્મ સુધી
"તીવ્રતપને આચરવાવડે પ્રાણી જે કર્મને હણી શકતો નથી, તે કર્મને સમતાના આલં-
"બનથી અર્ધ ક્ષણમાં હણી નાંખે છે. કર્મ અને જીવ જે સાથે મળી ગયેલાં છે, તેને જ્ઞાન-
"વડે આત્મનિશ્ચય કરનાર સાધુ પુરૂષ સામાયિકરૂપ શલાકાથી જુદા કરી દે છે. યોગી પુરૂષો
"સામાયિકનાં કિરણવડે રાગાદિક અંધકારનો નાશ કરી પોતામાં પરમાત્મ સ્વરૂપને જુએ
"છે. સ્વાર્થ માટે નિત્ય વૈર ધરનાર પ્રાણીઓ પણ સમતાવાળા સાધુ જનના પ્રભાવથી
"પરસ્પર સ્નેહ ધરે છે. ઇષ્ટઅનિષ્ટપણે રહેલા ચેતન અને અચેતન પદાર્થોવડે જેનું મન મોહ
"પામતું નથી તે પુરૂષમાંજ સમતા કહેવાય છે. બાહુ ઉપર ગોશીર્ષચંદનનો લેપ કરે
"અથવા ખડ્ગથી તેનો છેદ કરે તોપણ જેની મનોવૃત્તિ ભેદાય નહીં-સમાન વર્તે તેનામાં
"અનુપમ સમતા છે એમ સમજવું. સ્તુતિ કરનાર તથા પ્રીતિ રાખનાર અને ક્રોધાંધ તથા
"ગાળો આપનાર ઉપર જેનું ચિત્ત સમાન વર્તે છે તે પુરૂષજ સમતાનું અવગાહન કરે
"છે. જેમાં કાંઇ હોમ, જપ કે દાન કરવું પડે નહીં તેમ છતાં માત્ર સમતાથીજ પરમ
"નિવૃત્તિ (મોક્ષ) પ્રાપ્ત થાય; અહા! તે કેવી અમૂલ્ય ખરીદી! પ્રયત્નથી ખેંચેલા અને
"કલેશદાયક રાગાદિકની ઉપાસના શા માટે કરવી? પ્રયત્ન વગર મેળવી શકાય તેવું અને
"મનોહર સુખકારી સમતાપણું જ ધારણ કરવું. પરોક્ષ હોવાને લીધે સ્વર્ગ અને મોક્ષ તો
"ગુપ્ત છે પણ સમતાનું સુખ તો સ્વસંવેદ્ય હોવાથી પ્રત્યક્ષ છે, તેને કોઈ ઢાંકી શકતું
"નથી. કવિઓના કહેવાથી રૂઢ એવા અમૃતપર શામાટે મોહિત થવું? જેનો રસ પોતાના
"અનુભવમાં આવે છે એવા સમતારૂપ અમૃતનું જ નિરંતર પાન કરવું. ખાદ્ય, લેહ્ય, ચુષ્ય
"અને પેય-એ ચારે પ્રકારના રસથી વિમુખ એવા મુનિઓ પણ હમેશાં સ્વચ્છાએ સમ-
"તારૂપ અમૃત રસને વારંવાર પીધા કરે છે. જેના કંઠમાં સર્પ નાખે કે મંદાર પુષ્પની
"માલા પહેરાવે, તથાપિ જેને પ્રીતિ કે અપ્રીતિ થતી નથી તે ખરેખરો સમતાનો પતિ
"છે. જે ગુઢ નથી, અવાર્ય નથી અને બીજી કોઈ રીતે જેની પ્રાપ્તિ મુશ્કેલ નથી એવી
"એક સમતાજ અજ્ઞને કે બુદ્ધિવાનને આ સંસાર રૂપ પીડાનું ઔષધ છે. અતિ શાંત
"એવા યોગીઓમાં પણ એક ક્રૂર કર્મ રહેલું છે કે જે સમતારૂપ શસ્ત્રથી રાગાદિકના કુળને
"હણી નાખે છે. સમતાનો પરમ પ્રભાવ પ્રથમ તો એજ છે કે જેથી એક અર્દ્ધ ક્ષણમાં
"પાપી જનો પણ શાશ્વતપદને પામી જાય છે. જેના હોવાથી જ્ઞાન દર્શન અને ચારિત્ર એ
"ત્રણ રત્ન સફલ થાય છે અને જે ન હોવાથી તે ત્રણ રત્ન નિષ્ફલ થાય છે, એવા મહા-
"પરાક્રમી સમતાગુણથી સદા કલ્યાણ છે. જ્યારે ઉપસર્ગો આવી પડ્યા હોય અથવા મૃત્યુ
પ્રાપ્ત થયેલ હોય, ત્યારે તત્કાળ કરવા યોગ્ય અને શ્રેષ્ઠ ઉપાય સમતાના જેવો બીજો
"કોઇ નથી. રાગદ્વેષનો જય કરવાને ઇચ્છતા એવા પુરૂષે મોક્ષરૂપ વૃક્ષનું એક બીજ અને
"અતિ અદ્ભુત સુખને આપનારૂં સમતાપણું સદા ધારણ કરવું."

મલ્લીનાથ પ્રભુની આવી દેશનાથી તે છ રાજાઓએ પ્રતિબોધ પામીને દીક્ષા લીધી અને કુંભરાજા વિગેરે શ્રાવક થયા. મલ્લી પ્રભુને ભિષક[1] વિગેરે અઠ્ઠાવીશ ગણધરો થયા. પ્રભુની દેશના થઈ રહ્યા પછી પ્રથમ ગણધરે દેશના આપી. બીજે દિવસે તેજ વનમાં રહેલા વિશ્વસેન રાજાની તરફથી પ્રભુને પરમ અન્નવડે પારણું થયું. પછી મલ્લીનાથના ચરણને નમી ઇંદ્રાદિક દેવતાઓ અને કુંભ વિગેરે રાજાઓ પોતપોતાને સ્થાનકે ગયા. પ્રભુ મલ્લીનાથના તીર્થમાં ઇંદ્રાયુધ સરખા વર્ણવાળો, ચાર મુખવાળો, હાથીના વાહનપર બેસનારો, ચાર દક્ષિણ ભુજામાં વરદ, પરશુ, ત્રિશૂલ અને અભયને રાખનારો અને ચાર વામભુજાઓમાં બીજોરૂં, શક્તિ મુદ્ગર, અને અક્ષસૂત્રને ધરનારો કુબેર નામે યક્ષ શાસનદેવતા થયો. તથા કૃષ્ણ વર્ણવાળી, કમલના આસનપર બેસનારી, બે દક્ષિણ ભુજામાં વરદ અને અક્ષસૂત્ર અને બે વામભુજામાં બીજોરૂં અને શક્તિ ધરનારી વૈરોટ્યા નામે શાસનદેવી થઈ. તે બંને દેવતા શ્રી મલ્લીનાથ પ્રભુના શાસનદેવતા કહેવાયા. પછી ત્યાંથી ભવ્યલોકને બોધ કરવાને માટે ગ્રામ, આકર અને નગર વિગેરેમાં મલ્લીનાથ પ્રભુ વિહાર કરવા લાગ્યા.

ચાલીશ હજાર મહાત્મા સાધુઓ, પંચાવન હજાર તપસ્વી સાધ્વીઓ, છસો ને અડસઠ ચૌદ પૂર્વધારી, બે હજાર બસો અવધિજ્ઞાની, સત્તરસો ને પચાસ મનઃપર્યવજ્ઞાની, બે હજાર ને બસો કેવલજ્ઞાની, બે હજાર નવસો વૈક્રિય લબ્ધિવાળા, એક હજારને ચારસો વાદ લબ્ધિવાળા, એક લાખને ત્યાશી હજાર શ્રાવકો અને ત્રણ લાખ ને સીત્તેર હજાર શ્રાવિકાઓ આટલો પરિવાર એકસો વર્ષ ઉણા પંચાવન હજાર વર્ષ સુધી વિહાર કરતાં મલ્લીનાથ પ્રભુને થયો.

શ્રી મલ્લીનાથ પ્રભુએ નિર્વાણસમય નજીક જાણી સમેતશિખરે જઇ પાંચસો સાધુઓ અને પાંચસો સાધ્વીઓની સાથે અનશન વ્રત ગ્રહણ કર્યું. એક માસને અંતે ફાલ્ગુન માસની શુદ્ધ દ્વાદશીએ ભરણી નક્ષત્રમાં મલ્લીનાથ પ્રભુ તે સર્વે સાધુ અને સાધ્વીઓની સાથે નિર્વાણપદને પ્રાપ્ત થયા. કૌમારવસ્થામાં અને વ્રતપર્યાયમાં મળીને મલ્લી પ્રભુનું પંચાવન હજાર વર્ષનું આયુષ્ય પૂર્ણ થયું હતું. અરનાથ પ્રભુના નિર્વાણ પછી કોટી હજાર વર્ષ ગયા ત્યારે શ્રી મલ્લી પ્રભુનો નિર્વાણકાળ થયો હતો. મલ્લીનાથ પ્રભુ નિર્વાણ પામ્યા પછી ઇંદ્રો અને કોટીગમે દેવતાઓએ આવીને શ્રી મલ્લીનાથ પ્રભુનો યથાવિધિ નિર્વાણ-મહોત્સવ કર્યો.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते
महाकाव्ये षष्ठे पर्वणि मल्लिनाथचरितवर्णनो
नाम षष्ठः सर्गः ॥

---

१ અભિક્ષક એવું નામ પણ અન્યત્ર કહેલ છે.

સર્ગ ૭ મો.

શ્રી મુનિસુવ્રત સ્વામી ચરિત્ર.

જ્ઞાનરૂપી ક્ષીરસાગરની વેળા (મર્યાદા) રૂપ અને પૃથ્વીને પવિત્ર કરનારી શ્રી મુનિસુવ્રતનાથની દાંતની કાંતિઓ દેશનાસમયે જય પામે છે. વિદ્વાનોની પ્રતિભા (બુદ્ધિ) ને ઉલ્લાસ કરવામાં સરસ્વતીના તેજ જેવું નિર્મળ શ્રી મુનિસુવ્રત સ્વામીનું ચરિત્ર હવે કહેવામાં આવશે.

આ જંબૂદ્વીપના અપર વિદેહમાં રહેલા ભરત નામના વિજયને વિષે ચંપા નામે એક વિશાળ નગરી છે. તે નગરીમાં લોકોત્તર પરાક્રમવાળો અને દીર્ઘ ભુજાવાળો સુરશ્રેષ્ઠ નામે સુરશ્રેષ્ઠ (ઇંદ્ર) જેવો રાજા હતો. તે ચારે પ્રકારે વીર હતો. દાનવડે સર્વની રક્ષા કરનાર હોવાથી દાનવીર, રણમાં ઉત્કટ હોવાથી રણવીર, આચારમાં શ્રેષ્ઠ હોવાથી આચારવીર અને શ્રી જૈનધર્મમાં ધુરંધર હોવાથી ધર્મવીર હતો. આજ્ઞા માત્રથીજ સર્વ રાજાઓને સાધી લેતો હતો, તેથી એ રાજા અસ્ત્રવિદ્યા અશ્વક્રીડામાંજ બતાવતો હતો, રણમાં બતાવતો[1] નહીં. વાણીને નિયમમાં રાખનારા મુનિઓ પણ રાત્રિદિવસ તેના ગુણોનું વર્ણન કરી પોતાનું વાચંયમત્વ (વાણીનો નિયમ) છોડી દેતા હતા. એકદા હૃદયને આનંદ આપનારા નંદન નામે મુનિ તે નગરીના ઉદ્યાનમાં સમોસર્યા. તેમની પાસે રાજા વંદન કરવા ગયો. ભક્તિથી વાંદીને આગળ બેઠો. મુનિએ દેશના દેવા માંડી. મોહરૂપી કાદવને ધોઈ નાખવામાં જળના પ્રવાહ જેવી તે મુનિની દેશના સાંભળીને સુરશ્રેષ્ઠ રાજાને ભવ ઉપર વૈરાગ્યભાવના ઉત્પન્ન થઇ, તેથી તે નંદન મુનિની પાસેજ તેણે તત્કાળ દીક્ષા લીધી, અને સાત્વિક શિરોમણિ તે રાજાએ યથાયોગ્ય રીતે તેનું પ્રતિપાલન કર્યું. અર્હંતની ભક્તિ વગેરે સ્થાનોના આરાધનથી તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરી, મૃત્યુ પામીને તેઓ પ્રાણત દેવલોકમાં દેવતા થયા. ત્યાંથી ચવીને તે હરિવંશમાં અવતર્યા. તેથી હરિવંશની ઉત્પત્તિ પ્રથમ કહીએ છીએ.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વત્સ દેશના મંડનરૂપ કૌશાંબી નામે નગરી છે. તે નગરીમાં શ્રીખંડચંદનના રસની જેવા સુગંધી યશવડે દિશાઓના મુખને મંડિત કરનાર સુમુખ નામે રાજા હતો. સર્પોને જાંગુલી મંત્રની જેમ રાજાઓને તેની આજ્ઞા અલંધ્ય હતી, અને ઇંદ્રના જેવું તેનું આદ્ભતીય ઐશ્વર્ય હતું. સામ-સાંત્વનને યોગ્ય એવા પુરૂષોમાં તે સામ-સાંત્વન કરનાર હતો. પિતાની જેમ તેનું હૃદય મૃદુ હતું, અને મૃતકમાં માંત્રિકની જેમ દાનસાધ્ય પુરૂષોમાં તે દાન કરતો હતો. લોઢામાં અયસ્કાંત મણિની જેમ તે માયાવી પુરૂષોમાં ભેદ કરતો હતો, અને બીજો યમરાજ હોય તેમ દંડનીય[2] પુરૂષોને તે દંડ આપતો હતો.

---

૧ અર્થાત્ રાજાઓને આજ્ઞામાત્રથીજ વશ કરતો હોવાથી તેને સંગ્રામમાં અસ્ત્રવિદ્યા બતાવવાનો પ્રસંગજ આવતો નહીં. ૨ દંડ કરવા યોગ્ય.

એક વખતે કામદેવનો સખા વસંતઋતુ આવતાં સુમુખ રાજા ક્રીડા કરવાને માટે ઉદ્યાનમાં જવા ચાલ્યો. ગજારૂઢ થઇને જતો હતો, તેવામાં માર્ગમાં વીરકુવિંદની વનમાળા નામની એક કમળલોચના સ્ત્રી તેના જોવામાં આવી. એ મનોહર બાલાનાં સ્તન પુષ્ટ અને ઉન્નત હતાં. ભુજલતા કમળના જેવી કોમળ હતી. મધ્ય ભાગ વજ્રની જેવો અલ્પ હતો. નિતંબમંડલ નદીતટની જેવું વિશાળ હતું. તેની નાભિ નદીની જલભમરી જેવી ગંભીર હતી. ઉરૂભાગ હાથીના સુંઢના જેવો હતો. હાથપગ નવીન સુવર્ણ કમલના જેવા આરક્ત હતાં, અને ભ્રકુટી નમેલી હતી. તેણે ડાબે હાથે નિતંબ ઉપર સુંદર વસ્ત્ર રાખ્યું હતું, અને દક્ષિણ હાથે સ્તન ઉપરથી લઇને ઉત્તરીય વસ્ત્ર ધર્યું હતું. આવી સુંદર બાળાને જોઇને સુમુખ રાજા કામાર્ત્ત થઈ ગયો. તત્કાલ ગજેંદ્રની ચાલને મંદ કરાવી મનમાં વિચારવા લાગ્યો કે 'અહા ! આ સુંદરી કોઇના શાપવડે સ્વર્ગમાંથી ભ્રષ્ટ થયેલી અપ્સરા હશે. વા મૂર્ત્તિમાન વનલક્ષ્મી કે વસંતશોભા હશે ! વા કામદેવથી વિયોગ પામેલી રતિ હશે ! વા પૃથ્વીપર આવેલી નાગકુમારી હશે ! અથવા વિધાતાએ કૌતુકથી આ સ્ત્રીરત્ન બનાવ્યું હશે !' આવી રીતે ચિંતવતા રાજાએ પોતાનો હાથી ત્યાંને ત્યાં આમ તેમ ફેરવવા માંડ્યો, પણ જાણે કોઇની રાહ જોતો હોય તેમ તે આગળ ચાલ્યો નહીં. એટલે 'હે રાજા! સર્વ સૌન્ય આવી ગયું છે છતાં તમે તમે અદ્યાપિ કેમ વિલંબ કરો છો ?' એવી રીતે ભાવને જાણવાની ઈચ્છાવાળા મંત્રીએ રાજાને પૂછ્યું. આવાં મંત્રીનાં વચનથી પોતાના ચિત્તને માંડમાંડ સ્થિર કરી રાજા યમુના નદીને કિનારે રહેલા મોટા ઉદ્યાનમાં આવ્યો. પરંતુ એ બાળાએ તેનું ચિત્ત હરી લીધું હતું, તેથી મનોહર મંજરીવાળા આમ્રવનમાં, નાચી રહેલા નવપલ્લવવાળા અશોક વનમાં, ભ્રમરાઓના સમૂહથી આકુલ એવા બોરસલીના ખંડમાં, જેના પત્રો પંખા જેવાં છે એવા કદલી વનમાં, વસંતલક્ષ્મીની કર્ણિકા જેવા કરેણના વનમાં અને બીજા કોઇપણ રમણીય સ્થલમાં તેને જરા પણ પ્રીતિ ઉત્પન્ન થઇ નહીં.

આવી રીતે રાજાનું મન ઉદ્વેગ પામેલું જોઇ સુમતિ નામનો મંત્રી કે જે રાજાના મનોભાવને જાણતો હતો, છતાં અજાણ્યો થઇ તેણે રાજાને પૂછ્યું—"હે નાથ ! મનનો વિકાર કે શત્રુઓનો ભય એ બે શિવાય રાજાને મોહ થવામાં ત્રીજું કાંઇ પણ કારણ સંભવતું નથી. તેમાં પરાક્રમથી જગતને દબાવનાર એવા તમને શત્રુથી ભય હોવાનો તો સંભવ જ નથી; તેથી જો કાંઇ મનને વિકાર થવાનું કારણ હોય અને તે જો ગુપ્ત રાખવા યોગ્ય ન હોય તો મને કહેવાને યોગ્ય છો." રાજા બોલ્યો—"હે મંત્રી ! નિષ્કપટ શક્તિવાળા એવા તમારાથી જ મેં શત્રુઓને વશ કર્યા છે, તેમાં આ મારી ભુજાઓ તો માત્ર સાક્ષીરૂપ છે, તો હવે નિશ્ચયે ખાત્રી છે કે મારા મનોવિકારનો પણ ઉપાય કરવાને તમે શક્તિમાન છો, તેથી શા માટે હું તમને તે ન જણાવું ? સાંભળો, હમણાં હું અહીં આવતો હતો તે વખતે માર્ગમાં સર્વ સ્ત્રીઓનાં સર્વસ્વરૂપને લૂંટનારી કોઇ અંગના મારા જોવામાં આવી છે; તેણીએ મારા ચિત્તને હરી લીધું છે, તેથી હું કામાતુર થઈને પીડાઉં છું; માટે તેનો યોગ્ય ઉપાય કરો." મંત્રી બોલ્યો—"હે પ્રભુ! તે ઉપાય મારા જાણવામાં આવ્યો છે. તે વીરકુવિંદની વનમાળા નામે સ્ત્રી હતી. તેને હું સત્વરે તમને મેળવી આપીશ. માટે તમે હાલ તો પરિવાર સાથે સ્વસ્થાનકે જાઓ. આવાં મંત્રીનાં વચન સાંભળી રાજા રોગવાળાની જેમ મનથી રહિત હોય તેવી રીતે શિબિકામાં બેસી તે વનમાળાનું જ ચિંતવન કરતો કરતો સ્વસ્થાનકે ગયો.

પછી સુમતિ મંત્રીએ, વિચિત્ર ઉપાય જાણવામાં પંડિતા આત્રેયી નામે એક પરિવ્રાજિકા હતી તેને વનમાળાને માટે મોકલી. આત્રેયી તત્કાળ વનમાળાને ઘેર ગઇ. વનમાળાએ વંદના કરી એટલે એ પરિવ્રાજકા આશીષ આપીને બોલી– "હે વત્સે! હિમઋતુમાં પદ્મિનીના જેમ તું નિસ્તેજ કેમ લાગે છે! દિવસે ચંદ્રકળાની જેમ તારા ગાલ ફીકા કેમ પડી ગયા છે? શૂન્ય દૃષ્ટિને લીધે જાણે કોઈ ચિંતામાં હો તેમ કેમ જણાય છે? તેં મને પ્રથમ ઘણીવાર તારૂં દુઃખ કહ્યું છે છતાં આજે કેમ કહેતી નથી? તે સાંભળી વનમાળા નિશ્વાસ મૂકી અંજળિ જોડીને બોલી–'ભદ્રે! જેમાં સ્વાર્થ સરવો દુર્લભ છે, એવી મારી કથા શું કહું! એક ગધેડી કયાં અને ઉચ્ચૈશ્રવા અશ્વરાજ કયાં! શૃગાલની યુવતી કયાં અને કેશરીસિંહનો કિશોર કયાં! બિચારી ચકલી કયાં અને પક્ષીઓનો રાજા ગરૂડ કયાં! તેમ હું કુવિંદ જાતિની સ્ત્રી કયાં અને તેવો દુર્લભ પ્રાણવલ્લભ કયાં! કદિ ઉપર કહેલ્લનો યોગ કોઇ દૈવયોગે પણ થાય. પરંતુ હીનજાતિવાળી એવી મારી સાથે તેમનો સંગ સ્વપ્નમાં પણ અસંભાવત છે." આત્રેયી બોલી–'હું તારા અર્થને સંપાદન કરી દઉં. મંત્રતંત્ર જાણનારાને અને પુણ્યવંતને અસાધ્ય શું છે! વનમાળા બોલી–"હે માતા! આજે માર્ગમાં હાથી ઉપર બેસીને જતા અને જાણે પ્રત્યક્ષ કામદેવ હોય તેવા દેખાતા રાજાને મેં જોયા છે, ચંદનના પ્રવાહ જેવા તેમના દર્શનથી પણ મારા દેહમાં તો તીવ્ર કામજ્વર પ્રગટ થયો છે. હે ભગવતિ! તક્ષક નાગના માથાના મણિની જેમ મારા કામજ્વરને હરનારો તેનો સમાગમ મુંજ રાંક સ્ત્રીને દુર્લભ છે, તો તેમાં તમે શું કરી શકશો?" આત્રેયી બોલી–"વત્સ! હું મંત્રબળથી દેવ, દૈત્ય, ચંદ્ર, સૂર્ય અને વિદ્યાધરને પણ આકર્ષું તો તે રાજા શા હીસાબમાં છે? હે અનઘે! હું પ્રાતઃકાલે રાજાની સાથે તારો યોગ કરાવીશ. જો તે ન થાય તો મારે જ્વલતા અગ્નિમાં પ્રવેશ કરવો; માટે તું ધીરજ રાખજે." આ પ્રમાણે વનમાળાને આશ્વાસન આપી પરિવ્રાજિકા ત્યાંથી ચાલી નીકળી, અને રાજાને માટે પ્રાયઃ સિદ્ધ કરેલો અર્થ તેણે સુમતિ મંત્રીને કહ્યો. મંત્રીએ રાજાને તે વાત કહીને આશ્વાસન આપ્યું. 'ઘણું કરીને પ્યારી સ્ત્રીને મેળવવાની પ્રત્યાશા પણ સુખને માટે જ થાય છે.' પ્રાતઃકાલે આત્રેયીએ જઇને વનમાળાને કહ્યું કે 'મેં સુમુખ રાજાને તારા પ્રેમમાં જોડી દીધો છે; માટે હે વત્સ! ઉઠ, હમણાંજ રાજાના મંદિરમાં જઇએ. ત્યાં જઇને રાણીની જેમ રાજાની સાથે તું સુખે ક્રીડા કર.' વનમાળા તરતજ આત્રેયીની સાથે રાજગૃહમાં ગઇ. રાજાએ અનુરાગથી તેને અંતઃપુરમાં રાખી; અને પછી ક્રીડાવન, નદી, ક્રીડાવાપી અને ક્રીડાશૈલ વગેરેમાં વિહાર કરતો સુમુખ રાજા તેની સાથે વિષયસુખ અનુભવવા લાગ્યો.

હવે પેલો વીરકુવિંદ વનમાળાના વિયોગથી ભૂત વળગ્યું હોય, ગાંડો થયો હોય કે ઉન્મત્ત થયો હોય તેમ ચારે તરફ ભમવા લાગ્યો. તેનાં સર્વ અંગ ધૂલિથી ધૂંસરાં થઈ ગયાં હતાં, જીર્ણ વસ્ત્રના કટકા પહેર્યા હતા, માથાના કેશ વિસંસ્થુલ હતા, રૂંવાડા અને નખ લાંબા વધ્યા હતા, અને કોલાહલ કરતા બાલકોથી વિંટાએલો તે ફરતો હતો. "હે વનમાલા! હે વનમાલા! તું કયાં છે? મને દર્શન આપ. અરે પ્રિયા! તેં આ નિરપરાધીનો એકદમ કેમ ત્યાગ કર્યો? અથવા જો મશ્કરીમાં ત્યાગ કર્યો હોય તો હવે લાંબો કાળ આમ કરવું ઉચિત નથી, અથવા તારા રૂપથી લુબ્ધ થયેલા કોઈ રાક્ષસ, યક્ષ કે વિદ્યાધરે તારૂં હરણ કરેલું હશે! અરે! આ નિર્ભાગી એવા મને ધિક્કાર છે!" આ પ્રમાણે વારંવાર નગરમાં ચોકે ચોકે, ત્રીકે ત્રીકે અને શેરીએ શેરીએ ફરીને એ વીરકુવિંદ રાંકની જેમ કાળ નિર્ગમન કરવા લાગ્યો. એક વખતે વાનરની જેમ બાલકોથી વીંટાએલો

તે તેવી રીતે બોલતો બોલતા રાજાના ગૃહાંગણમાં આવી ચડ્યો, ત્યાં નિર્માલ્ય માલ્યને ધરતો અને પિશાચે વળગ્યો હોય તેવો દેખાતો તે વીરકુવિંદ કૌતુક જોવામાં ઉત્કંઠિત રાજલોકોથી વીંટાઈ વળ્યો. એવા મોટા તાળીઓના નાદ સાથે મળેલો તેની પછવાડે લાગેલા લોકોનો મોટો કોલાહલ સુમુખ રાજાના સાંભળવામાં આવ્યો. તેથી આ શું હશે ! એવી જિજ્ઞાસાથી રાજા વનમાળાની સાથે તેને જોવા પોતાના આંગણામાં આવ્યો. વિકૃતિ ભરેલી જેની આકૃતિ થઇ ગઈ છે તેવો, મલીન, શૂન્ય મનવાળો થઈ ગયેલો, લોકોએ તિરસ્કાર કરાતો, રજથી ભરેલો અને હે વનમાળા ! હે વનમાળા ! તું કયાં ગઈ ? એમ વારંવાર બોલતો એવો તેને જોઇ વનમાળા અને રાજા સુમુખ વિચાર કરવા લાગ્યા–"અહા ! નિર્દય ચંડાળોની જેમ આપણે દુઃશીલીયાઓએ આ ઘણું નિર્દય કામ કર્યું. આ વિશ્વાસુ ગરીબ માણસને આપણે ઠગી લીધો છે. આના જેવું બીજું કોઈ પાપ ઉત્કૃષ્ટ નથી, અને આપણે જ સર્વ પાપીઓમાં ઉત્કૃષ્ટ છીએ. વિશ્વાસઘાતી પુરૂષોથી પણ આપણે ચડીઆતા છીએ કે આ જીવતાં છતાં મરણ પામેલાની જેવા ગરીબ માણસને હેરાન કરીએ છીએ. આ વિષયલંપટપણાને વારંવાર ધિક્કાર છે ! આ તીવ્ર પાપકર્મથી અવિવેકીમાં શિરોમણિ એવા આપણને જરૂર નરકમાં પણ સ્થાન મળવાનું નથી. તે મહાત્માઓને ધન્ય છે કે જેઓએ સર્વદા જિતેંદ્રિય થઈ પરિણામે દુઃખનું જ કારણ એવું વિષયસુખ છોડી દીધું છે. જેઓ અહોરાત્ર જિનધર્મને સાંભળે છે, આચરે છે અને વિશ્વોપકાર કરે છે તેઓ વિવેકથી વંદવા યોગ્ય છે." આ પ્રમાણે પોતાની નિંદા કરતા અને ધર્મિષ્ટ જીવોની પ્રશંસા કરતા તે સુમુખ અને વનમાળાની ઉપર આકાશમાંથી અકસ્માત વિજળી પડી અને તેણે તેમના પ્રાણ હરી લીધા.

પરસ્પર સ્નેહના પરિણામથી અને પ્રાંતે થયેલા શુભ ધ્યાનથી મૃત્યુ પામીને તે બંને હરિવર્ષ ક્ષેત્રમાં જુગલીઆપણે ઉત્પન્ન થયા. માતાપિતાએ હરિ અને હરિણી એવાં તેમનાં નામ પાડ્યાં. પૂર્વ જન્મની પેઠે તેઓ અહીં પણ પાછા રાત્રિદિવસ સાથે રહેનારાં દંપતી થયા. દશ પ્રકારના કલ્પવૃક્ષોથી ઈચ્છિત અર્થ સંપાદન કરતા કરતા તેઓ દેવતાની જેમ સુખ વિલસતા રહેવા લાગ્યા.

રાજા રાણી વિદ્યુત્પાતથી મૃત્યુ પામ્યા તે જોઈને વીરકુવિંદે મહા દુસ્તપ એવું બાળ તપ આચર્યું. પ્રાંતે મૃત્યુ પામીને સૌધર્મ કલ્પમાં તે કિલ્વિષિક (મલીન) દેવતા થયો. ત્યાં અવધિજ્ઞાનવડે તેણે પોતાનો પૂર્વ જન્મ અને પેલા હરિહરિણી નામે જુગલીઆને જોયા. તેમને જોતાંજ તેના નેત્ર રોષથી રાતાં થઇ ગયાં, અને આકૃતિ ભ્રકુટીના ભંગથી ભયંકર થઈ ગઈ. પછી યમરાજની જેમ તેનો સંહાર કરવાને ઈચ્છતો હોય તેમ તે હરિવર્ષ ક્ષેત્રમાં આવ્યો. તેણે વિચાર કર્યો કે "આ બંને સ્ત્રીપુરૂષ મારે વધ્ય છે, પણ જો અહીં મારીશ તો ક્ષેત્રના પ્રભાવથી તે અવશ્ય સ્વર્ગે જશે; આ સ્થાન અકાળે મૃત્યુ થવાથી પણ દુર્ગતિ આપતું નથી, માટે મારા પૂર્વજન્મના દ્વેષી આ બંનેને અહીંથી બીજે સ્થાનકે લઇ જાઉં." આવો નિશ્ચય કરી તે દેવ કલ્પવૃક્ષની સાથે તેને ત્યાંથી ઉપાડીને આ ભરત-ક્ષેત્રની અંદર ચંપાપુરીમાં લાવ્યો. તે વખતે તે નગરીમાં ઈક્ષ્વાકુ વંશનો ચંદ્રકીર્તિ નામે રાજા અપુત્ર મરણ પામ્યો હતો. તેથી યોગીઓ જેમ આત્માને શોધે, તેમ તે રાજાના પ્રધાનો રાજ્યને લાયક કોઇ પુરૂષને ચારે તરફ શોધતા હતા. તે વખતે દેવસમૃદ્ધિથી સર્વ લોકોને વિસ્મય પમાડતો જાણે તેજનો પુંજ હોય તેવો તે દેવ આકાશમાં રહીને બોલ્યો–" રાજ્યને માટે ચિંતા કરનારા હે પ્રધાનો અને સામંતો ! તમારો રાજા અપુત્ર મરણ

પામેલ છે, તેથી તમે કોઇ રાજાને ઇચ્છો છો, તો તમારા પુણ્યથી પ્રેરાયેલો હું હમણાજ આ હરિ નામે એક જુગલીઆને હરિવર્ષ ક્ષેત્રમાંથી અહીં લાવેલો છું; આ હરિણી નામે તેની સહજ પત્ની છે અને તેઓને આહાર કરવાને માટે આ કલ્પવૃક્ષ પણ હું અહીં લાવેલો છું. શ્રીવત્સ, મત્સ્ય, કલશ, વજ્ર અને અંકુશાદિક લાંછનવાળો અને જેનાં કમળ જેવાં લોચન છે એવો આ હરિ આજથી તમારો રાજા થાઓ. આ જુગલીઆને તમારે કલ્પદ્રુમના ફળ સાથે પશુપક્ષીનું માંસ અને મદ્યનો અહાર આપવો.” તેનાં આ વચનો કબૂલ કરીને તે મંત્રીઓ તે દેવને પ્રણામ કરી બંને જુગલીઆને રથમાં બેસારી રાજમંદિરમાં લઇ આવ્યા. પછી સર્વ સામંતો અને મંત્રીઓએ એકઠા થઈને બ્રાહ્મણો, ભાટો અને ગંધર્વોનાં ગીત સાથે હરિને રાજ્યાભિષેક કર્યો. તે દેવતાએ પોતાની શક્તિથી તેમનું આયુષ્ય ટૂંકું કર્યું અને દેહની પણ સો ધનુષ માત્ર ઉંચાઈ રાખી. પછી કૃતાર્થ થઈને તે અંતર્ધાન થઇ ગયો. શ્રીશીતલનાથ પ્રભુના તીર્થમાં એ હરિરાજા થયો, તેનાથી ચાલેલો વંશ પૃથ્વીમાં હરિવંશ નામથી પ્રખ્યાત થયો. હરિ રાજાએ સમુદ્ર જેની કટિમેખલા છે એવી પૃથ્વીને સાધી લીધી, અને લક્ષ્મીના જેવી અનેક રાજાઓની કન્યાઓને પરણ્યો.

કેટલોક કાલ ગયા પછી એ હરિને હરિણી થકી વિશાળ છાતીવાળો પૃથ્વીપતિ નામે એક પુત્ર થયો. અનેક પ્રકારનાં પાપકર્મોને ઉપાર્જન કરીને હરિ ને હરિણી સાથે મૃત્યુ પામ્યા. ત્યાર પછી તેનો પુત્ર પૃથ્વીપતિ રાજા થયો. ચિરકાલ રાજ્ય કરી મહાગિરિ નામના પુત્રને રાજ્ય પર બેસાડી તપસ્યા કરીને પૃથ્વીપતિ સ્વર્ગે ગયો. મહાગિરિ રાજા રાજ્ય કરી અનુક્રમે હિમગિરિ નામના પોતાના પુત્રને રાજ્ય પર બેસારી તપસ્યા કરીને મોક્ષપદને પામ્યો. પછી હિમગિરિએ રાજ્ય કરી પોતાના જ્યેષ્ઠ પુત્ર વસુગિરિને રાજ્યનો અભિષેક કરી દીક્ષા લઈને મોક્ષસ્થાન પ્રાપ્ત કર્યું. વસુગિરિ પણ પોતાના સ્થાન ઉપર ગિરિ નામના પુત્રને બેસારી દીક્ષા લઇને સ્વર્ગે ગયો. એવી રીતે અનુક્રમે હરિવંશમાં અનેક રાજાઓ થયા, તેમાં કેટલાક તપસ્યા કરીને મોક્ષે ગયા અને કેટલાક સ્વર્ગે ગયા.

આ ભરતક્ષેત્રને વિષે મગધદેશનું મંડન અને પૃથ્વીને સ્વસ્તિક (સાથી) રૂપ રાજગૃહ નામે નગર છે. તેમાં પ્રત્યેક ઘરમાં યુવાન સ્ત્રીપુરૂષોના રતિક્રીડા કરતાં તૂટી ગયેલા મુક્તાહારના મોતીઓને પ્રાતઃકાલે દાસીઓ વાળી નાખતી હતી. ત્યાં ઘેર ઘેર ઘોડાઓ, ઘેર ઘેર દયાદાન, ઘરોઘર ચિત્રશાળા અને ઘરોઘર રંગશાળાઓ વિરાજતી હતી. હંસોને સરોવરની જેમ અને ભમરાઓને પુષ્પમાલાની જેમ એ નગર મહા મુનિઓને પણ સદા સેવા કરવા યોગ્ય હતું. તે નગરમાં હરિવંશમાં મુકતામણિ જેવો નિર્મળ અને ઉગ્ર તેજવડે સૂર્ય સમાન સુમિત્ર નામે રાજા થયો. એ રાજા દુર્વિનીતને શિક્ષા કરનાર, જયલક્ષ્મીને વરનાર, પોતાના વંશને ઉન્નત કરનાર અને સર્વ રાજાઓને તાબે કરનાર હતો. જાણે નવમો દિગ્ગજ હોય, આઠમો કુલગિરિ હોય અથવા બીજો શેષનાગ હોય તેમ તે પૃથ્વીને ધારણ કરતો હતો. જિનાગમમાં જેમ સર્વ જ્ઞેય વસ્તુ દેખાય તેમ તેનામાં ઔદાર્ય, ધૈર્ય અને ગાંભીર્ય પ્રમુખ સર્વ ગુણો દેખાતા હતા. હરિને પદ્મા દેવીની જેમ તેને પદ્માવતી નામે પૃથ્વીને પવિત્ર કરનારી રાણી હતી. ચંદ્રરેખાથી આકાશલક્ષ્મીની જેમ સર્વ જગતને નેત્રાનંદ આપનારી એ રાણીથી રાજલક્ષ્મી શોભતી હતી. સુગંધી ચૂર્ણથી વસ્ત્રની જેમ પોતાના શીલાદિક ગુણની સુગંધથી તેણે રાજાનું ચિત્ત સુવાસિત કર્યું હતું. આકાશમાં તારાગણની જેમ તેના ગુણગણની સંખ્યા કરવાને બૃહસ્પતિ પણ સમર્થ નહોતો. અનુરાગથી જંગમ-

પણાને પ્રાપ્ત થયેલી જાણે પૃથ્વી હોય તેવી એ રાણી સાથે સુમિત્ર રાજા ઉત્તમ ભોગ ભોગવતો હતો.

અહીં પ્રાણતકલ્પમાં સુરશ્રેષ્ઠ રાજાનો જીવ જે દેવતા થયો હતો, તેણે સુખસાગરમાં મગ્નપણે પોતાનું આયુષ્ય પૂર્ણ કર્યું. શ્રાવણ માસની પૂર્ણિમાએ ચંદ્ર શ્રવણ નક્ષત્રમાં આવતાં ત્યાંથી ચવીને તે પદ્માવતી દેવીની કુક્ષિમાં અવતર્યો. તે સમયે સુખે સુતેલી પદ્માવતી દેવીએ રાત્રિના શેષ ભાગે તીર્થંકરના જન્મને સૂચવનારાં ચૌદ મહા સ્વપ્ન જોયાં. અનુક્રમે જ્યેષ્ઠ માસની કૃષ્ણ અષ્ટમીએ શ્રવણ નક્ષત્રમાં કૂર્મના લાંછનવાળા અને તમાલના જેવા શ્યામ કાંતિવાળા પુત્રને તેમણે જન્મ આપ્યો. દિક્કુમારીઓએ આવી ભક્તિથી સૂતિકર્મ કર્યું. પછી ઇંદ્ર આવીને એ વીશમા તીર્થંકરને મેરૂ ગિરિપર લઇ ગયા. પ્રથમ શક્ર ઈંદ્રના ઉત્સંગમાં બેઠેલા પ્રભુને ત્રેસઠ ઈંદ્રોએ પવિત્ર તીર્થજલવડે જન્માભિષેક કર્યો. પછી ઇશાનેંદ્રના ઉત્સંગમાં બેસારી સ્નાત્રપૂજાદિ કરીને શક્રેંદ્ર આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો–

"હે પ્રભુ ! ભ્રમરરૂપી અમોએ આજે આ અવસર્પિણી કાલરૂપ સરોવરમાં કમળ જેવા "તમોને સારા ભાગ્યે ઘણે કાળે પ્રાપ્ત કર્યા છે. હે દેવ ! અત્યારે તમારા સ્તોત્રથી, ધ્યાનથી "અને પૂજાદિકથી અમારાં વાણી, મન અને શરીરે કલ્યાણકારી ફળ મેળવ્યું છે. હે નાથ ! "જેમ જેમ તમારે વિષે મારી ભક્તિ વિશેષ વિશેષ થાય છે, તેમ તેમ મારાં પૂર્વકર્મો લઘુ "લઘુ થતાં જાય છે. હે સ્વામી ! મહા પુણ્યનું કારણ એવું તમારૂં દર્શન જો અમને ન થયું "હોત તો અમો કે જે અવિરતિ છીએ તેમનો જન્મ બધો નિરર્થક થઇ જાત. હે પ્રભુ ! "તમારા અંગના સ્પર્શથી, તમારી સ્તુતિ કરવાથી, તમારા નિર્માલ્ય સૂંઘવાથી, તમારા દર્શનથી "અને તમારા ગુણગાન સાંભળવાથી અમારી પાંચે ઇંદ્રિયો કૃતાર્થ થઇ ગઇ છે. વર્ષાઋતુના "મેઘની જેમ નેત્રને આનંદ આપનાર અને નીલરત્ન જેવી કાંતિવાળા તમારા વડે આ "મેરૂગિરિનું શિખર શોભે છે. જોકે તમે માત્ર ભારતવર્ષમાં રહ્યા છો તે છતાં સર્વ ઠેકાણે "વ્યાપ્ત થયેલા જણાઓ છો, કેમકે સર્વ સ્થાનકે રહેલા પ્રાણીઓના ભવની પીડાનો તમે "નાશ કરોછો. અહીંથી ચ્યવનકાળે પણ મને તમારા ચરણનું સ્મરણ થજો, કારણ કે પૂર્વ "જન્મના સંસ્કારથી ભવાંતરમાં પણ તે (સ્મરણ) જ મને થયા કરે."

આ પ્રમાણે વીશમા અર્હંતની સ્તુતિ કરી તેમને લઇને ઇંદ્રે પાછા પદ્માવતી દેવીની પાસે જેમ હતા તેમ મૂકી દીધા. પ્રાતઃકાલે સુમિત્ર રાજાએ પ્રભુનો જન્મોત્સવ કર્યો. જેમાં કારાગ્રહમાંથી અપરાધીઓનો મોક્ષ કરી અને દ્રવ્યના દાન આપી લોકોને પ્રસન્ન કર્યા. જ્યારે એ પ્રભુ ગર્ભમાં હતા, ત્યારે તેમની માતા મુનિની જેમ સુવ્રતા (સારા વ્રતવાળા) થયા હતા, તેથી પિતાએ તેમનું **મુનિસુવ્રત** એવું નામ પાડયું. ત્રિવિધ જ્ઞાનવડે જેમનો આત્મા પવિત્ર છે એવા પ્રભુ લોકોમાં બાલક્રીડાથી અજ્ઞાન નાટય કરતાં અનુક્રમે મોટા થયા. યૌવનવય પ્રાપ્ત થતાં પ્રભુની વીશ ધનુષની કાયા થઈ. પિતાએ તેમને પ્રભાવતી વિગેરે રાજપુત્રીઓની સાથે પરણાવ્યા. મુનિસુવ્રત સ્વામીને પ્રભાવતી દેવીથી પૂર્વ દિશામાં ચંદ્રની જેવો સુવ્રત નામે એક કુમાર થયો. સાડાસાત હજાર વર્ષો ગયા પછી પ્રભુએ પિતાએ આરોપણ કરેલા રાજ્યભરને ગ્રહણ કર્યો. પૃથ્વીનું પાલન કરતાં પંદર હજાર વર્ષો નિર્ગમન થયાં, ત્યારે પ્રભુના જાણવામાં આવ્યું કે હવે ભોગ્ય કર્મનો ક્ષય થયો છે. તેવામાં લોકાંતિક દેવતાઓએ આવી વિજ્ઞપ્તિ કરી કે 'સ્વામી ! તીર્થ પ્રવર્ત્તાવો.' એટલે પ્રભુએ વાર્ષિક દાન આપવા માંડયું. ક્ષત્રિય વ્રતરૂપ ધનને ધારણ કરનાર અને ન્યાયરૂપ

કમલમાં ભ્રમર સમાન પોતાના પુત્ર સુવ્રતને પ્રભુએ રાજ્યપર બેસાર્યો. પછી દેવતાઓએ અને સુવ્રતરાજાએ જેમનો નિષ્ક્રમણોત્સવ કરેલો છે એવા મુનિસુવ્રત પ્રભુ એક સહસ્ર પુરુષોએ વહન કરવા યોગ્ય એવી **અપરાજિતા** નામની શિબિકાપર આરૂઢ થઈ. **નીલગુહા** નામના ઉદ્યાનમાં આવ્યા. તે ઉદ્યાન નવીન કલિઓના ઉઘડવાથી જાણે દાંતાળાં હોય અને નવપલ્લવોના દેખાવથી જિવ્હા કાઢતાં હોય તેવાં આમ્ર વૃક્ષોથી શોભતું હતું, આમ તેમ પવને ઉડાડેલા જીર્ણ પત્રના મર્મર શબ્દથી આકાશમા જતી એવી વસંતસંપત્તિને બોલાવતું હતું, સિંદ્વાર પુષ્પોની અનિવાર્ય શોભાને જોઈ શકતા ન હોય તેમ મદ રહિત થયેલા ડોલરનાં પુષ્પો તેમાં રહેલાં હતાં, અને ઉદય પામતા દમનક પુષ્પોના સુગંધથી તે વિશેષ સમૃદ્ધિવાન લાગતું હતું. એવા ઉદ્યાનમાં જઈ ફાલ્ગુન માસની શુકલ દ્વાદશીએ શ્રવણ નક્ષત્રમાં પાછલે પહોરે એક હજાર રાજાઓની સાથે પ્રભુએ છઠ્ઠ તપ કરીને દીક્ષા ગ્રહણ કરી. બીજે દિવસે રાજગૃહ નગરમાં **બ્રહ્મદત્ત** રાજાને ઘેર મુનિસુવ્રત પ્રભુએ ક્ષીરાન્નવડે પારણું કર્યું. દેવતાઓએ ત્યાં વસુધારાદિ પાંચ દિવ્ય પ્રગટ કર્યાં. બ્રહ્મદત્ત રાજાએ પ્રભુના ચરણને સ્થાને એક રત્નપીઠ રચાવી. પછી નિઃસંગ, મમતા રહિત અને સર્વ પરીસહોને સહન કરતા પ્રભુએ અગ્યાર માસ સુધી વિહાર કર્યો. પાછા ફરીને વિહાર કરતાં કરતાં નીલગુહા ઉદ્યાનમાં આવ્યા. ત્યાં ચંપકવૃક્ષની નીચે પ્રતિમા ધારણ કરીને રહ્યા. ફાલ્ગુન માસની કૃષ્ણ દ્વાદશીએ ચંદ્ર શ્રવણ નક્ષત્રમાં આવતાં ઘાતિકર્મનો ક્ષય થવાથી પ્રભુને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ઇંદ્રાદિક દેવતાઓએ આવી બસો ને ચાલીશ ધનુષ ઉંચા અશોક વૃક્ષવાળું સમોસરણ રચ્યું. તેમાં પ્રવેશ કરી ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા દઈ '**तीर्थाय नमः**' એમ બોલી પ્રભુ સિંહાસન ઉપર બીરાજ્યા. વ્યંતર દેવતાઓએ બીજી ત્રણ દિશાઓમાં પ્રભુનાં પ્રતિબિંબ વિકુર્વ્યાં. શ્રીમાન ચતુર્વિધ સંઘ યોગ્ય સ્થાને બેઠો. પ્રભુને સમોસર્યા જાણી સુવ્રતરાજા ત્યાં આવ્યો, અને સ્વામીના ચરણમાં નમી ઇંદ્રની પછવાડે બેઠો. પછી ઇંદ્રે અને સુવ્રતે પ્રભુને નમી લલાટ ઉપર અંજલિ જોડી ભક્તિગર્ભિત સ્તુતિ આ પ્રમાણે કરી–

" હે જગત્પતિ ! જે તમારા ગુણોનું વર્ણન કરવાને અમારા જેવા પણ તૈયાર થાય " છે, તે તમારા ચરણદર્શનોજ પ્રભાવ છે. હે પરમેશ્વર ! દેશનાસમયમાં શાસ્ત્રરૂપ વત્સને " પ્રસવ આપનારી તમારી વાણીરૂપ ગાયને અમે વંદન કરીએ છીએ. જેમ ચીકણા પદા- " ર્થના યોગથી પાત્ર પણ ચીકણું થાય છે, તેમ તમારા ગુણને ગ્રહણ કરવાથી માણસ " પણ તત્કાલ ગુણી થઈ જાય છે. જેઓ અન્ય કર્મનો ત્યાગ કરી તમારી દેશના સાંભળે " છે, તેઓ ક્ષણવારમાં પૂર્વ કર્મોનો પણ ત્યાગ કરે છે. હે દેવ ! તમારા નામરૂપ રક્ષામં- " ત્રથી સંવર્મિત[1] થએલા આ જગતને હવે પછી પાપરૂપ પિશાચ વળગી શકશે નહીં. " હે નાથ ! વિશ્વને અભય આપનાર એવા તમે વિદ્યમાન છતાં હવે કોઇને કાંઈપણ ભય " નથી; પણ જ્યારે અમે અમારા સ્થાનમા જઇશું ત્યારે તમારો વિયોગ થશે, તે અમને " ભય છે. હે સ્વામી ! તમારી પાસે શાશ્વત વૈરથી[2] અંધ થયેલા બહિરંગ શત્રુઓજ " માત્ર શમી જાય છે એમ નહીં, પણ અંતરંગ શત્રુઓ જે કામ ક્રોધાદિ છે તે પણ " શમી જાય છે. હે પ્રભુ ! તમારા નામની સ્મૃતિ કે જે આ લોક અને પરલોકના વાંછિત " મનોરથને આપવામાં કામધેનુ તુલ્ય છે, તે હું ગમે ત્યાં રહું તો પણ મને પ્રાપ્ત થયા " કરજો."

---

૧ બખ્તરવાળા. ૨ જાતિવૈર.

આ પ્રમાણે ઇંદ્ર અને સુવ્રત રાજા સ્તુતિ કરીને વિરામ પામ્યા, એટલે પ્રભુએ સર્વ જીવને બોધ આપવા માટે ધર્મદેશના આપવા માંડી.

" ક્ષાર સમુદ્રમાંથી રત્નની જેમ આ અસાર સંસારમાંથી ઉત્તમ સારરૂપ ધર્મને ગ્રહણ " કરવો. તે ધર્મ સંયમ,[૧] સત્ય વચન, પવિત્રતા,[૨] બ્રહ્મચર્ય, નિષ્કંચન પણું, તપ, ક્ષમા, " મૃદુતા, સરલતા અને મુક્તિ[૩] એ દશ પ્રકારે છે. પોતાના દેહમાં પણ ઇચ્છા રહિત, " પોતાનાઓમાં પણ મમતાએ વર્જિત, નમસ્કાર કરનાર અને અપકાર કરનાર પ્રાણી " ઉપર નિરંતર સમદૃષ્ટિ રાખનાર, નિત્યે ઉપસર્ગ તથા પરીસહોને સહન કરવાને સમર્થ, " નિત્ય મૈત્ર્યાદિક ભાવનાયુક્ત હૃદયવાળો, ક્ષમાવાન, વિનયી, ઇંદ્રિયોને દમનાર, ગુરૂશા- " સનમાં શ્રદ્ધાળુ અને જાતિ વિગેરે ગુણોથી સંપન્ન એવો પ્રાણી યતિધર્મને માટે યોગ્ય- " તાવાળો છે. સમકિત મૂળ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ બાર " પ્રકારે ગૃહસ્થનો ધર્મ છે.

" ૧ ન્યાયથી દ્રવ્યોપાર્જન કરનાર, ૨ શિષ્ટાચારની પ્રશંસા કરનાર, ૩ સરખા કુલ- " શીલવાન અને બીજા ગોત્રવાળાની સાથે વિવાહસંબંધ જોડનાર, ૪ પાપથી બ્હીનાર, " ૫ પ્રસિદ્ધ દેશાચાર આચરનાર, ૬ કદિપણ અવર્ણવાદ નહીં બોલનાર, તેમાં પણ રાજા- " દિકના વિશેષ અવર્ણવાદ નહીં બોલનાર, ૭ અતિ પ્રકાશ કે અતિગુપ્ત નહીં તેવા, " સારા પાડોશવાળા અને અનેક નીકળવાના માર્ગ વગરના ઘરમાં નિવાસ કરી રહેનાર, " ૮ સદાચારી પુરૂષોની સાથે સંગ રાખનાર, ૯ માતાપિતાની પૂજા કરનાર, ૧૦ ઉપદ્રવ- " વાળા સ્થાનનો ત્યાગ કરનાર, ૧૧ નિંદિત કાર્યમાં નહીં પ્રવર્ત્તનાર, ૧૨ આવકના " પ્રમાણમાં ખર્ચ કરનાર, ૧૩ દ્રવ્યની સ્થિતિ પ્રમાણે વેષ રાખનાર, ૧૪ આઠ પ્રકારના " બુદ્ધિના ગુણે યુક્ત, ૧૫ હમેશાં ધર્મ સાંભળનાર, ૧૬ અજીર્ણમાં ભોજનનો ત્યાગ " કરનાર, ૧૭ પાચનશક્તિ પ્રમાણે વખતસર ભોજન કરનાર, ૧૮ એક બીજાને બાધ ન " કરે તેવી રીતે ત્રણે વર્ગ (ધર્મ, અર્થ, કામ)ને સાધનાર, ૧૯ અતિથિનો, સાધુનો અને " દીન પુરૂષનો યથાયોગ્ય સત્કાર કરનાર, ૨૦ કદિ પણ દુરાગ્રહ નહીં કરનાર, ૨૧ ગુણ " ઉપર પક્ષપાત રાખનાર, ૨૨ દેશકાલને અનુચિત આચરણ તજી દેનાર, ૨૩ સ્વપરના " બળાબળને જાણનાર, ૨૪ સદાચારી અને જ્ઞાનવૃદ્ધની પૂજા કરનાર, ૨૫ પોષ્ય[૪] વર્ગનું " પોષણ કરનાર, ૨૬ દીર્ઘદર્શી, ૨૭ વિશેષ જાણનાર, ૨૮ કૃતજ્ઞ, ૨૯ લોકપ્રિય, ૩૦ " લજ્જાવાન, ૩૧ દયાળુ, ૩૨ સૌમ્ય, ૩૩ પરોપકાર કરવામાં તત્પર, ૩૪ અંતરંગ છ " શત્રુઓના[૫] વર્ગનો પરિહાર કરનાર અને ૩૫ ઇંદ્રિયોને વશ રાખનાર–એવો પુરૂષ " ગૃહસ્થધર્મને યોગ્ય છે. (અર્થાત્ આ માર્ગાનુસારીના ૩૫ ગુણને ધારણ કરનાર પ્રાણી " ગૃહીધર્મ–સમકિત મૂળ બાર વ્રત ગ્રહણ કરવાને યોગ્ય છે.) આ સંસારમાં મનુષ્યજન્મની " સાફલ્યતાને ઇચ્છનારો પુરૂષ જો યતિધર્મ લેવાને અશકત હોય તો તેણે સદા શ્રાવક- ' ધર્મ આચરવો."

આ પ્રમાણે પ્રભુની દેશના સાંભળીને ઘણાઓએ દીક્ષા લીધી અને કેટલાક શ્રાવક થયા. અર્હંતની દેશના સફળ જ હોય છે. મુનિસુવ્રત પ્રભુને ઇંદ્રાદિક અઢાર ગણધરો

૧ સર્વથા હિંસાત્યાગ. ૨ ભાવ પવિત્રતા–અદત્ત ત્યાગ. ૩ નિર્લોભતા. ૪ પોષણ કરવા યોગ્ય સ્ત્રી પુત્ર કુટુંબ પરિવારાદિ. ૫ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર અથવા બીજા છ.

થયા. પ્રભુ દેશનાથી વિરામ પામ્યા એટલે ઈંદ્ર ગણધરે દેશના આપી. તેમની દેશના પણ વિરામ પામ્યા પછી પ્રભુને વંદના કરી ઇંદ્ર અને સુવ્રત વિગેરે સર્વ જનો પોતપોતાને સ્થાનકે ગયા. તે પ્રભુના તીર્થમાં ત્રણ નેત્રવાળો, ચાર મુખવાળો, શ્વેતવર્ણી, જટાધારી, વૃષભપર બેસનારો, ચાર દક્ષિણ ભુજામાં બીજોરૂં, ગદા, બાણ તથા શક્તિ અને ચાર વામ ભુજામાં નકુલ, અક્ષસૂત્ર, ધનુષ્ય અને પરશુ ધારણ કરનાર **વરૂણ** નામે યક્ષ શાસનદેવતા થયો. તેમજ ગૌરવર્ણી, ભદ્રસનપર બેસનારી, બે દક્ષિણ ભુજામાં વરદ તથા અક્ષસૂત્ર અને બે વામભુજામાં બીજોરૂં અને ત્રિશૂલ ધરનારી **નરદત્તા** નામે શાસનદેવી થઈ. એ બંને મુનિસુવ્રતસ્વામીના તીર્થમાં શાસનદેવતા કહેવાયા.

એકદા એ બંને શાસનદેવતા જેમની સાંનિધ્યમાં રહેલા છે એવા પ્રભુ પૃથ્વીપર વિહાર કરતાં કરતાં ભૃગુકચ્છ (ભરૂચ) નગરે સમોસર્યા. તે નગરનો રાજા **જિતશત્રુ** જાતિવંત અશ્વ ઉપર ચડી પ્રભુને વંદના કરવા આવ્યો અને દેશના સાંભળવા બેઠો. તે સમયે જિતશત્રુ રાજાનો જે અશ્વ હતો તેણે પણ રોમાંચિત થઈ ઉંચા કર્ણ કરી પ્રભુની દેશના સાંભળી. દેશનાને અંતે ગણધરે પ્રભુને પૂછયું કે–'સ્વામિ ! આ સમોસરણમાં અત્યારે ધર્મને કોણ પામ્યું ?' પ્રભુ બોલ્યા–'આ સમોસરણમાં જિતશત્રુ રાજાના જાતિવંત અશ્વ વગર બીજું કોઇ ધર્મને પામ્યું **નથી**.' તે સાંભળી જિતશત્રુ રાજાએ વિસ્મયથી પૂછયું–'હે વિશ્વનાથ ! એ અશ્વ કોણ છે કે જે ધર્મને પ્રાપ્ત થયો ?' પ્રભુએ તેની નીચે પ્રમાણે કથા કહી–

"પદ્મિનીખંડ નગરમાં પૂર્વે **જિનધર્મ** નામે એક શ્રેષ્ઠી શ્રાવક હતો. સર્વનરમાં અગ્રેસર **સાગરદત્ત** નામે તેને એક મિત્ર હતો. તે ભદ્રકપણાથી પ્રતિદિન તેની સાથે જિનચૈત્યમાં આવતો. એક વખતે સાધુઓની પાસેથી તેણે સાંભળ્યું કે 'જે અર્હંત પ્રભુનાં બિંબ કરાવે તે જન્માંતરમાં સંસારને મથન કરે તેવા ધર્મને પામે.' તે સાંભળી સાગરદત્તે એક સુવર્ણનું આર્હત બિંબ કરાવી મોટી સમૃદ્ધિથી સાધુઓની પાસે તેની પ્રતિષ્ઠા કરાવી. સાગરદત્ત પ્રથમ મિથ્યાત્વી હતો તેથી તેણે તે નગરની બહાર પૂર્વે એક મોટું શિવાલય કરાવ્યું હતું. ઉત્તરાયણનું પર્વ આવતાં સાગરદત્ત ત્યાં ગયો. ત્યાં શિવપૂજકો ઘૃતપૂજનને માટે પ્રથમ સંચય કરી રાખેલા ઠરેલ ઘીના ઘડાઓ ત્વરાથી ખેંચતા હતા. ઘણા દિવસ થયાં પડી રહેલા તે ઘડાની નીચે પિંડાકાર થઈને ઘણી ઉધઇઓ ચોટેલી હતી, તે ઘડા લેવાથી માર્ગમાં પડી હતી. આમ તેમ ચાલતા પૂજકોથી તે ઉધઇને ચગદાતી જોઇ સાગરદત્ત દયા લાવી તેને વસ્ત્રથી દૂર કરવા લાગ્યો. તે વખતે 'અરે ! શું તને ધોળીઆ યતિઓએ આ નવી શિક્ષા આપી છે ?' એમ બોલતા એક પૂજારીએ પગનો બળથી ઘા કરીને તે સર્વ ઉધઇને વિશેષે ચગદી નાંખી. સાગરદત્ત શેઠે વિલખા થઇ તેને શિક્ષા થાય એવું ધારી પૂજારીઓના મુખ્ય આચાર્યના મુખ સામું જોયું. આચાર્યે પણ તે પાપની ઉપેક્ષા કરી, એટલે સાગરદત્તે વિચાર્યું કે 'આ નિર્દય પાપીઓને ધિક્કાર છે! જે આ દારૂણ હૃદયવાળા પુરૂષો પોતાના આત્માને અને યજમાનને દુર્ગતિમાં પાડે છે તેને ગુરૂબુદ્ધિએ શા માટે પૂજવા ?' આવો વિચાર કર્યા છતાં પણ તેના આગ્રહથી તેણે શિવપૂજન કર્યું. પરિણામે સાગરદત્ત શેઠ સમકિતને પ્રાપ્ત ન કરવાથી, દાનશીલનો સ્વભાવ ન હોવાથી અને મોટા આરંભ કરીને ઉપાર્જન કરેલા ધનની રક્ષાને માટેજ એક નિષ્ઠા ધરી રહેવાથી, મૃત્યુ પામીને આ જાતિવંત અશ્વ થયેલ છે, અને તેને બોધ કરવાને માટે જ હું અહીં આવ્યો છું. પૂર્વ જન્મમાં તેણે જિનપ્રતિમા કરાવેલી હતી, તેના પ્રભાવથી અમારો ધર્મોપદેશ સાંભળીને

તે ક્ષણવારમાં પ્રતિબોધ-ધર્મ પામ્યો છે.” ભગવંતનાં આવાં વચનથી લોકોએ વારંવાર સ્તુતિ કરેલા એ અશ્વને રાજાએ ખમાવીને સ્વેચ્છાચારી કર્યો (છોડી મૂક્યો). ત્યારથી ભરૂચ શહેર **અશ્વાવબોધ** નામે પવિત્ર તીર્થ તરીકે લોકમાં પ્રખ્યાત થયેલું છે.

જગતના ઉપકારી મુનિસુવ્રત પ્રભુ દેશના સમાપ્ત કરી, ત્યાંથી વિહાર કરીને અન્યદા હસ્તીનાપુર નગરે સમોસર્યા. તે નગરમાં **જિતશત્રુ** નામે રાજા હતો, અને એક સહસ્ર વણિકનો સ્વામી **કાર્ત્તિક** શ્રેષ્ઠી નામે એક શ્રાવક હતો. એકદા કષાયલા વસ્ત્ર પહેરનારો અને ભાગવત વ્રત ધરનારો એક સન્યાસી તે નગરમાં આવ્યો. માસ માસ ઉપવાસ કરીને તે પારણું કરતો હતો તેથી લોકો તેને અતિશય પૂજતા હતા. સર્વ નગરજનોએ અતિ ભક્તિથી પારણે પારણે તેનું નિમંત્રણ કર્યું હતું, પણ ફક્ત સમકિતરૂપ એક ધનને ધારણ કરનારા કાર્ત્તિક શ્રાવકે તેને નિમંત્રણ કર્યું ન હતું. તેથી તે સન્યાસી ભૂતની જેમ નિરંતર કાર્ત્તિક શેઠનાં છિદ્ર જોવામાં તત્પર રહેતો હતો.

એક વખતે જિતશત્રુ રાજાએ તેને પારણાને માટે નિમંત્રણ કર્યું. ત્યારે સન્યાસીએ રાજાને કહ્યું-‘હે રાજા! જો કાર્ત્તિક શેઠ મને ભોજન પીરસશે તો હું તમારે ઘેર પારણું કરીશ. રાજા તે વાત સ્વીકારીને કાર્ત્તિક શેઠને ઘેર ગયો; શેઠની પાસે માગણી કરી કે ‘હે નિર્દોષ શેઠ! તમારે મારે ઘેર આવી ભગવાન પરિવ્રાજકને પીરસવું.’ શેઠે કહ્યું-‘હે સ્વામી! એવા પાખંડી પરિવ્રાજકોને પીરસવું તે અમારે યુક્ત નથી, તથાપિ એ કાર્ય તમારી આજ્ઞાથી હું કરીશ.’ એમ કહી તેમ કરવાને સ્વીકાર્યું. પછી શેઠ વિચારવા લાગ્યા કે ‘જો પ્રથમથી દીક્ષા લીધી હોત તો આ કાર્ય ન કરવું પડત.’ એવો ખેદ કરતો કાર્ત્તિક શેઠ યોગ્ય વખતે રાજગ્રહમાં આવ્યો. જ્યારે કાર્ત્તિક શેઠે પીરસવા માંડયું, ત્યારે પરિવ્રાજક વારંવાર તર્જની આંગળી બતાવીને તેનો તિરસ્કાર કરવા લાગ્યો. કાર્ત્તિકશેઠે ઇચ્છા વગર તેને પીરસ્યા પછી વૈરાગ્યભાવથી ભગવંતને ત્યાં સમોસર્યા જાણીને એક હજાર વણિકોની સાથે ભગવંત પાસે આવીને દીક્ષા લીધી. દ્વાદશાંગીને ધારણ કરી બાર વર્ષ સુધી વ્રત પાળી મૃત્યુ પામીને કાર્ત્તિક શેઠ સૌધર્મ કલ્પમાં ઇંદ્ર થયા. પેલો પરિવ્રાજક મૃત્યુ પામીને આભિયોગીક કર્મવડે તે ઇંદ્રનું વાહન ઐરાવણ નામે હાથી થયો. પૂર્વ વૈરથી તે ઇંદ્રને જોઇને નાસવા લાગ્યો. ઇંદ્ર બળાત્કારે તેને પકડીને તેની ઉપર આરૂઢ થયા, કેમકે તે તેના સ્વામી છે. તે ઐરાવણે પછી બે મસ્તક કર્યાં, એટલે ઇન્દ્રે પોતાનાં બે સ્વરૂપ કર્યાં. જેમ જેમ તે હાથીએ જેટલાં જેટલાં મસ્તક કર્યાં, તેટલાં તેટલાં ઇંદ્રે પોતાનાં પણ રૂપ કર્યાં. પછી ત્યાંથી તેને પલાયન થતો જોઇને ઇંદ્રે વજ્રથી પ્રહાર કરી તે પૂર્વ જન્મના વૈરીને તત્કાળ વશ કરી લીધો.

કેવલજ્ઞાન થયા પછી વિહાર કરતાં મુનિસુવ્રત સ્વામીને એકાદશ માસે ઉણા સાડા સાત હજાર વર્ષો વીતી ગયાં. તે વિહારમાં ત્રીશ હજાર મહાત્મા સાધુઓ, પચાસ હજાર તપસ્વી સાધ્વીઓ, પાંચસો મહા બુદ્ધિમાન ચૌદ પૂર્વધારી, અઢારસો અવધિજ્ઞાની, પંદરસો મનઃપર્યવજ્ઞાની, અઢારસો કેવળજ્ઞાની, બે હજાર વૈક્રિયલબ્ધિવાળા, એક હજાર ને બસો વાદલબ્ધિવાળા, એક લાખ ને બોંતેર હજાર શ્રાવકો, ત્રણ લાખ ને પચાસ હજાર શ્રાવિકાઓ-આટલો પરિવાર મુનિસુવ્રત સ્વામીને થયો. અનુક્રમે નિર્વાણકાળ પ્રાપ્ત થયો એટલે શ્રીમુનિસુવ્રત સ્વામી સંમેતશિખરે પધાર્યા. ત્યાં એક હજાર મુનિઓની સાથે અનશન ગ્રહણ કર્યું. એક માસને અંતે જેષ્ઠ માસની કૃષ્ણ નવમીએ શ્રવણ નક્ષત્રમાં તે

મુનિઓની સાથે પ્રભુ શાશ્વતપદ (મોક્ષ) ને પ્રાપ્ત થયા. સાડાસાત હજાર વર્ષ કુમારપણામાં, તેટલાંજ વર્ષ વ્રતમાં અને પંદર હજાર વર્ષ રાજ્યમાં એમ સર્વ મળી ત્રીશ હજાર વર્ષનું આયુષ્ય મુનિસુવ્રત પ્રભુનું પૂર્ણ થયું; અને શ્રીમલ્લિનાથ સ્વામી મોક્ષ ગયા પછી ચોપન લાખ વર્ષ ગયાં ત્યારે શ્રીમુનિસુવ્રત સ્વામીનું નિર્વાણ થયું. એક હજાર મુનિઓની સાથે મુનિસુવ્રત પ્રભુ જ્યારે મોક્ષે ગયા, ત્યારે ઈંદ્રોએ દેવતાઓ સહિત સંભ્રમથી આવી તેમનો વિધિપૂર્વક મોટો મોક્ષમહિમા કર્યો.

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते
महाकाव्ये षष्ठे पर्वणि मुनिसुव्रतस्वामिचरित
वर्णनो नाम सप्तमः सर्गः ॥

સર્ગ ૮ મો.

મહાપદ્મ ચક્રવર્તી ચરિત્ર.

શ્રી મુનિસુવ્રત સ્વામી વિહાર કરતા હતા, તે સમયમાં **મહાપદ્મ** નામે ચક્રવર્ત્તી થયા છે તેમનું ચરિત્ર હવે કહીએ છીએ. આ જંબૂદ્વીપના પૂર્વ વિદેહની ભૂમિના આભૂષણ-ભૂત સુકચ્છ નામના વિજયમાં **શ્રીનગર** નામે એક શહેર છે. તે નગરમાં શત્રુરાજાઓના યશરૂપ હંસને નાશ કરવામાં મેઘ સમાન અને પ્રજાપાલન કરવામાં તત્પર **પ્રજાપાલ** નામે રાજા હતો. એક વખતે અકસ્માત્ વિદ્યુત્પાતને જોઈ વૈરાગ્ય પામેલા તે રાજાએ **સમાધિગુપ્ત** નામના મુનિની પાસે દીક્ષા લીધી. ચિરકાળ ખડ્ગધારા જેવું વ્રત પાળી છેવટે મૃત્યુ પામીને તે અચ્યુતેંદ્ર થયો. **લેશ માત્ર તપ પણ નિષ્ફળ થતું નથી.**

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સુરનગરના જેવું **હસ્તીનાપુર** નામે નગર છે. તે નગરમાં પદ્મદ્રહમાં શ્રીદેવીના નિવાસભૂત મધ્ય કમળની જેવો-ઈક્ષ્વાકુવંશમાં **પદ્મોત્તર** નામે એક રાજા થયો. તેને ઉજ્જ્વલ ગુણવાળી, રૂપથી દેવાંગનાને પણ પરાભવ કરાનારી અને સર્વ અંતઃપુરનું આભૂષણ **જ્વાળા** નામે મુખ્ય રાણી હતી. તેને કેશરીસિંહના સ્વપ્નાએ સૂચિત અને શોભાથી દેવકુમાર જેવો **વિષ્ણુકુમાર** નામે એક પુત્ર થયો. ત્યાર પછી પ્રજાપાળ રાજાનો જીવ દેવ સંબંધી આયુષ્ય પૂર્ણ કરી અચ્યુત દેવલોકમાંથી ચવી જ્વાળાદેવીના ઉદરમાં અવતર્યો. યોગ્ય સમયે જ્વાળાદેવીએ ચૌદ મહાસ્વપ્નોએ સૂચિત અને સર્વ શોભાનું ધામ એવા **મહાપદ્મ** નામના પુત્રને જન્મ આપ્યો. વિષ્ણુકુમાર અને મહાપદ્મ બંને સહોદર ભાઈ અનુક્રમે મોટા થયા. પછી આચાર્યને નિમિત્ત માત્ર કરીને તેઓએ સર્વ કળા સંપાદન કરી. મહાપદ્મ કુમારને વિજયવાન જાણી સદ્બુદ્ધિવાળા પદ્મોત્તર રાજાએ તેને યુવરાજપદે સ્થાપિત કર્યો.

તે સમયે ઉજ્જયિની નગરીમાં **શ્રીવર્મ** નામે રાજા હતો. તેને **નમુચિ** નામે એક પ્રખ્યાત મંત્રી હતો. એક વખતે મુનિસુવ્રત પ્રભુથી દીક્ષિત થયેલા **સુવ્રત** નામે આચાર્ય વિહાર કરતાં કરતાં તે નગરીએ સમોસર્યા. તેમને વાંદવાને નગરજનો સર્વ વૈભવ સાથે જતા હતા, તે મહેલના શિખર ઉપર ચડેલા શ્રીવર્મ રાજાના જોવામાં આવ્યા. તે જોઈ સ્વચ્છ બુદ્ધિવાળા રાજાએ નમુચિને પૂછ્યું કે 'આવા અકાળ સમયે આ નગરજનો સર્વ ઋદ્ધિ સમેત કયાં જાય છે?' નમુચિ બોલ્યો-'નગરની બહાર ઉદ્યાનમાં કોઇ મુનિ આવેલા છે, તેમને ભક્તિથી વાંદવાને માટે તેઓ સત્વર જાય છે.' રાજાએ કહ્યું-'ત્યારે ચાલો આપણે પણ જઈએ.' નમુચિ બોલ્યો-'જો તમારે ધર્મ સાંભળવાની ઈચ્છા હોય તો હું તમને ધર્મ કહીશ.' રાજાએ કહ્યું કે 'ત્યાંતો હું અવશ્ય જઈશ.' એટલે મંત્રી બોલ્યો કે 'ભલે આપને જવું હોય તો ચાલો પણ ત્યાં તમારે તટસ્થપણે રહેવું, હું બધાને વાદમાં જીતીને નિરુત્તર કરી દઈશ. **પાખંડીઓનું પાંડિત્ય પ્રાકૃત (સાધારણ) લોકોમાં જ ચાલી શકે છે.** આ પ્રમાણે વાત થયા પછી રાજા, મંત્રી અને રાજાનો સર્વપરિવાર વિવિધ આશય ધરી સુવ્રતાચાર્યની પાસે આવ્યા. તેઓએ સ્વેચ્છાવાદથી મુનિઓને ધર્મ સબંધી પ્રશ્ન કરવા માંડયા, પરંતુ તેમના ઉંચા નીચા ઘડા વિનાનાં વચનો સાંભળીને મુનિઓએ કાંઈ પણ જવાબ આપ્યો નહીં, મૌન

ધરી રહ્યા; એટલે નમુચિ ક્રોધ કરી આર્હંત શાસનની નિંદા કરતો સૂરિ પ્રત્યે બોલ્યો– 'અરે ! તમે ગૌરવતાવાળું શું જાણો છો ?' ત્યારે સુવ્રતાચાર્યે એ અનાર્ય મંત્રીને કહ્યું કે 'જો તારી જિવ્હાપર ખુજલી આવતી હોય તો અમે કાંઇ બોલીએ.' તે વખતે એક ક્ષુલ્લક[1] બોલ્યો–"હે ગુરૂ મહારાજ ! વિદ્વતાના અભિમાની એવા આ માણસની સાથે તમારે કાંઇ પણ બોલવું યુક્ત નથી. તમે જુવો, હું સભ્ય થઈ તેને વાદમાં જીતી લઈશ. ભલે તે ગમે તે પક્ષ કહે, તથાપિ હું તેને યથાર્થ રીતે દૂષિત કરીશ." તે સાભળી નમુચિભટ્ટ ક્રોધથી કઠોર વાણીએ બોલ્યો–' તમે સર્વદા અપવિત્ર, પાખંડી અને વેદથી બાહ્ય છો, તેથી તમે મારા દેશમાં વસવાને યોગ્ય નથી. એટલો જ મારો પક્ષ છે, બીજું તમને શું કહેવું ?' ક્ષુલ્લક બોલ્યો – "જે સંભોગ છે તે જ અપવિત્ર છે, અને તેનો જે સેવક હોય તે જ પાખંડી અને વેદબાહ્ય છે. વેદમાં પાણીનું સ્થાન, ખાંડણીયો, ઘંટી, ચુલો અને માર્જની (સાવરણી) એ પાંચ સ્થાન ગૃહસ્થોને પાપને માટે કહ્યાં છે; તે પાંચ સ્થાનોની જે નિત્ય સેવા કરે છે તેઓ સદા વેદબાહ્ય કહેવાય છે. અમે તો પાંચ સ્થાન રહિત છીએ, માટે શી રીતે વેદબાહ્ય કહેવાઈએ ? મ્લેચ્છ લોકોમાં ઉત્તમ જાતિની પેઠે નિર્દોષ એવા અમારે આ દોષવાળા લોકોમાં નિવાસ કરવો તે ઉચિત નથી." આવી રીતે ક્ષુલ્લકે યુક્તિથી વાદમાં પરાભવ કરવાથી તે મંત્રી, રાજા અને રાજાનો પરિવાર પોતપોતાના સ્થાનકે ગયો.'

તે રાત્રે ઉઠી નમુચિ મંત્રી નિશાચરની જેમ ઉત્કટ અને ક્રોધથી પ્રજ્વલિત થઈ સુવ્રતાચાર્યના શિષ્યને મારવાને આવ્યો. વાદી સર્પને સ્થંભિત કરે તેમ તત્કાળ શાસનદેવીએ તેને સ્થિર કરી રાખ્યો. પ્રાતઃકાલે લોકો તેને તે સ્થિતિમાં જોઇ વિસ્મય પામ્યા. રાજા અને લોકો તે આશ્ચર્ય જોઈ ગુરૂ પાસે ધર્મ સાંભળી હાથી જેમ મદ રહિત થઈ જાય તેમ શાંત થઈ ગયા. તેવી રીતનું અપમાન થવાથી નમુચિ ત્યાં ન રહેતાં હસ્તીનાપુરમાં આવ્યો. કેમ કે 'અપમાનીત થયેલા માનીનું સ્થાન વિદેશ જ છે.' યુવરાજ મહાપદ્મે તેને પોતાના પ્રધાનપદપર રાખ્યો. "હંમેશાં જો બીજા રાજાનો પ્રધાન પોતાની પાસે રહેવા આવે, તો રાજાઓ તેના વિશેષ અભિલાષી થાય છે." મહાપદ્મના દેશના પ્રાંતભાગમાં **સિંહબલ** નામે એક રાજા રહેતો હતો; તે આકાશમાં રહેલા રાક્ષસની જેમ દુર્ગમાં રહેવાથી અતિ બલવાન હતો. વારંવાર મહાપદ્મના દેશને લુંટી લુંટીને તે પોતાના કિલ્લામાં પેસી જતો, તેથી કોઈ તેને પકડી શકતું નહીં. એક વખતે કોપ પામેલા મહાપદ્મે નમુચિ મંત્રીને કહ્યું કે 'તમે સિંહબલને પકડવાનો કાંઇ ઉપાય જાણો છો ?' નમુચિએ કહ્યું–' હે રાજા ! તેનો ઉપાય હું જાણું છું, એવું વચન હું કેમ કહું ? કારણ કે ઘેર બેસી ગર્જના કરનારા પુરૂષોને 'ગેહેનદી'* એવો અપવાદ લાગવો સુલભ છે; માટે તેના ઉપાય કરીને તેના ફળથીજ સ્વામીને બતાવી આપીશ, નહીં તો વચન માત્રથી ઉપાય કહેવામાં તો કાયર પુરૂષો પણ પંડિત થાય છે.' મંત્રીનાં વચનથી હર્ષ પામી મહાપદ્મે તત્કાળ તેને આજ્ઞા આપી, એટલે તેણે વાયુની જેમ ત્યાં જઇને સિંહબળના દુર્ગને સ્ખલિત કર્યો. તીક્ષ્ણ ઉપાયને જાણનારા નમુચિએ તે દુર્ગને ભાંગી નાખ્યો, અને મૃગને જેમ સિંહ પકડે તેમ સિંહબળને પકડીને મહાપદ્મ પાસે આવ્યો. મહાપદ્મે કહ્યું– 'મંત્રિરાજ ! વર માગો.' એટલે તેણે કહ્યું કે 'સમય આવશે ત્યારે માગીશ.' તે વચન

---

૧ લઘુવયનો શિષ્ય.

* ૧ જે ઘરમાં બેઠો બેઠો મોટી ફીશીયારી મારે તે 'ગેહેનદી' કહેવાય છે.

સ્વીકારી નમુચિ જેનો કારભાર કરે છે એવો મહાપદ્મ યૌવરાજ્યપદ સારી રીતે પાળવા લાગ્યો.

એક વખતે મહાપદ્મની માતા જ્વાળાએ સંસારસાગરને તરવામાં કર્ણધાર (નાવિક) જેવો એક અર્હંતની પ્રતિમાનો રથ કરાવ્યો, અને તેની સાપત્ન માતા લક્ષ્મીએ મિથ્યા દૃષ્ટિથી પોતાની સપત્નીની સરસાઈ કરવાને એક બ્રહ્મરથ કરાવ્યો. એક વખતે રથયાત્રાનો પ્રસંગ આવતાં લક્ષ્મીએ રાજાની પાસે એવી માગણી કરી કે નગરમાં મારો બ્રહ્મરથ પહેલો ચાલે અને પછી આ અર્હંતરથ ચાલે.' જ્વાળા રાણીએ પણ કહ્યું કે ' જો નગરમાં મારો જૈનરથ પ્રથમ ચાલશે નહીં તો મારે હવે અનશન[1] છે.' બંને રાણીઓના એ વિચાર સાંભળી સંશય પામેલા રાજાએ બંને રથની યાત્રા અટકાવી. ' મધ્યસ્થ માણસને બીજો શો ઉપાય ઉચિત છે ?' પછી પોતાની માતા જ્વાળાને થએલા દુઃખથી પીડિત એવો મહાપદ્મ રાત્રે લોકો સુઈ ગયા એટલે હસ્તીનાપુરમાંથી નીકળી ગયો. સ્વેચ્છાએ આગળ ચાલતાં તે એક મહાટવીમાં આવ્યો. ત્યાં ફરતાં ફરતાં એક તાપસનો આશ્રમ જોવામાં આવ્યો. પ્રિય અતિથિના સમાગમથી તાપસોએ જેનો સત્કાર કરેલો છે એવો મહાપદ્મ પોતાના ઘરની જેમ ત્યાં રહેવા લાગ્યો.

અહીં ચંપા નગરીમાં રાજા **જન્મેજયને** કાળ રાજાએ રૂંધ્યો. જન્મેજય રાજા મૃત્યુ પામ્યો. પછી નગરનો ભંગ થતાં દાવાનળ લાગવાથી દિગ્મૂઢ થયેલી હરણીઓની જેમ અંતઃપુરની સ્ત્રીઓ નાસી ગઈ. તેમાં ચંપા નગરીના પતિ જન્મેજયની **નાગવતી** નામે એક પ્રિયા પોતાની **મદનાવળી** નામે પુત્રીની સાથે નાસીને આ તાપસના આશ્રમમાં આવી. ત્યાં મહાપદ્મ અને મદનાવળી મળતાં કામદેવના અસ્ત્ર રૂપ તેઓને પરસ્પરનું દર્શન થતાં તત્કાળ પરસ્પર અનુરાગ થઈ ગયો. મદનાવળીને અનુરાગી થયેલી જાણી નાગવતીએ કહ્યું–"પુત્રી ! ચપળતા કર નહીં; નિમિત્તિઆનું વચન સંભાર. એક નિમિત્તિઆએ તને જ કહ્યું છે કે 'ષટ્‌ખંડ ભરતક્ષેત્રના સ્વામીની તું પ્રધાનપત્ની થઈશ.' તેથી જે તે પુરૂષપર અનુરાગ કર નહીં, મનને નિયમમાં રાખ; તને ચક્રવર્ત્તી રાજા જરૂર પરણશે." એ વખતે વિપરીત બનાવના ભયથી તે આશ્રમપતિએ મહાપદ્મને કહ્યું કે 'હે વત્સ ! જ્યાં જવું હોય ત્યાં જાઓ, અને તારું કલ્યાણ થાઓ.' તે વખતે મહાપદ્મ વિચાર કર્યો કે 'એક સાથે બે ચક્રવર્તી થતા નથી, હું એકજ ચક્રવર્તી થવાનો છું; તેથી આ મારી જ પત્ની છે.' આવો નિશ્ચય કરી મહાપદ્મ તાપસના આશ્રમમાંથી ચાલી નીકળ્યો. પછી ફરતો ફરતો એક **સિંધુસદન** નામના નગરમાં આવી ચડ્યો. તે સમયે ત્યાં નગરની બહાર ઉદ્યાનમાં વસંતઉત્સવ ચાલતો હતો. તેથી નગરની સ્ત્રીઓ કામદેવના શાસનમાં રહી ત્યાં વિવિધ ક્રીડા કરતી હતી. તે ક્રીડાનો કોલાહલ સાંભળી ત્યાંના રાજા મહાસેનના એક હાથીએ કદલીના સ્તંભની જેમ તેના આલાનસ્તંભને ઉખેડી નાંખ્યો; અને શય્યાપર પડેલી રજની જેમ મહાવતોને ફેંકી દઈ અંગપર વાયુના સ્પર્શને પણ નહીં સહન કરતો રોમાંચિત થઈ ગયો. તેને વશ કરવાના ઉપાયમાં અસમર્થ પુરૂષોએ દૂરથી છોડી દીધેલો એ હાથી તત્કાળ ઉદ્યાનમાં ક્રીડા કરતી પુરસ્ત્રીઓની નજીક આવ્યો. અકસ્માત્ ભય પ્રાપ્ત થવાથી તે નાસી શકી નહીં, તેથી ત્યાંજ ઉભી રહી અને મગરે દબાવેલી હંસીઓની જેમ તાર સ્વરથી પોકાર કરવા લાગી. તેઓને પોકાર કરતી જોઇ, મહાપદ્મે ગજેન્દ્રની પાસે દોડી જઇ પાછળ રહીને કહ્યું–'રે દુર્મદ હાથી ! પછવાડે જો.' તે

---

૧ ચારે આહારનો ત્યાગ કરવો તે.

સાંભળતાં જ હાથી ક્રોધથી મહાપદ્મની સન્મુખ વળ્યો. અને ચરણ–ન્યાસથી જાણે પોલાણવાળી હોય તેમ પૃથ્વીને કંપાવવા લાગ્યો. તે વખતે 'આપણી રક્ષાને માટે કોઈ મહાત્માએ યમરાજની જેવા આ હાથીની આગળ પોતાનો દેહ અર્પણ કર્યો' એવી રીતે તે સ્ત્રીઓ કહેવા લાગી. ક્ષણવારમાં નજીક આવેલા તે હાથીની સન્મુખ મહાપદ્મે ઉંચુ વસ્ત્ર નાખ્યું. 'કોઈ વખત છળ પણ શોભે છે.' હાથીએ કુમારની બુદ્ધિએ તે વસ્ત્રને તોડી નાંખ્યું. 'ક્રોધ એકલો સંભ્રમ કરે તેવો છે, તો મદમૂર્છિત હોય તેની તો વાત જ શી કહેવી!' ત્યાં મોટો કોલાહલ થતાં સર્વ નગરજનો એકઠા મળ્યા, અને સામંતો તથા સેનાપતિઓ સહિત મહાસેન રાજા પણ આવ્યો. રાજા મહાસેને પદ્મકુમારને કહ્યું–'હે પરાક્રમી વીર! દૂર ખસી જા, અકાળ મૃત્યુ જેવા એ ક્રોધી હાથીની સાથે યુદ્ધ કરવું શા કામનું છે?' પદ્મકુમારે કહ્યું –'રાજન્! આપ કહો છો તે ઘટિત છે, પણ આરંભેલું કાર્ય છોડી દેવું તે મને લજ્જાકારી છે. વળી આ ઉત્તમ હાથીને વશ કરીને જાણે જન્મથી જ શાંત હોય એવો હું હમણાંજ કરી દઈશ તે જુવો; તમે સૌજન્યપણાથી ભીરૂ થશો નહીં.' આ પ્રમાણે કહી મહાપદ્મકુમારે તેની ઉપર વજ્રમુષ્ટિનો ઘા કર્યો. જેથી આચ્છાદન વસ્ત્રના વેધની જેમ હસ્તીનું મુખ નીચું થઇ ગયું. પછી એ ઉન્મત્ત હાથી જેવો કુમારને પકડવાને ઉદ્યમવંત થયો તેવો જ વિદ્યુત્પાતની જેમ ઉછળીને તેની ઉપર કુમાર આરૂઢ થઈ ગયો. પછી મંડૂકાસન વિગેરે નવનવાં આસનોથી આગળ પાછળ અને પડખે ફર્યા કરતા મહાપદ્મ તે હાથીને ઘણો ખેદિત કરી દીધો. કુંભસ્થળ ઉપર લપડાકો મારવાથી, કંઠભાગે અંગુઠાના પીડનથી અને પૃષ્ઠભાગે પાદન્યાસથી મહાપદ્મ હાથીને આકુળ વ્યાકુળ કરી દીધો. શાબાશીના પોકારો કરતાં નગરજનો વિસ્મય પામી જેને જોતાં હતાં અને રાજા મહાસેન બંધુબુદ્ધિથી જેના પરાક્રમનું વર્ણન કરતા હતા એવો મહાપદ્મ તે નાગને ભમાવીને સ્વેચ્છાએ હસ્તીના બાળકની જેમ તેને રમાડતો તેની સાથે ક્રીડા કરવા લાગ્યો. પછી કોઈ બીજા મહાવતને હાથી સોંપી બીજી કલા ઉપર પગ મૂકી પોતે નીચે ઉતરી ગયો. રાજા મહાસેન પરાક્રમથી અને રૂપથી 'આ કુમાર કોઇ પ્રધાનકુળમાં જન્મ્યો છે' એવું ધારી તેને પોતાને ઘેર લઈ ગયો. ત્યાં પોતાની સો કન્યાઓને તેની સાથે પરણાવી. 'ઘેર આવેલો તેવો વર પુણ્યથી જ મેળવાય છે.' અહર્નિશ તે રાજકન્યાઓની સાથે ભોગ ભોગવતા કુમારને મદનાવળીનું સ્મરણ નિત્ય શલ્યની જેમ ખુંચવા લાગ્યું.

એકદા રાત્રિએ કમળમાં હંસની જેમ મહાપદ્મ કુમાર શય્યામાં સૂતો હતો, તેવામાં પવન જેવા વેગવાળી વેગવતી નામની એક વિદ્યાધરી તેનું હરણ કરવા આવી. ત્યાં નિદ્રાનો ભંગ થયો એટલે કુમારે કહ્યું–'હે ક્ષુદ્રા! મને શા માટે હરે છે? એમ કહીને વજ્રના ગોળા જેવી મુષ્ટિ ઉગામી. વિદ્યાધરી બોલી– "હે પરાક્રમી વીર! કોપ કરો નહીં, સાવધાન થઇને સાંભળો–વૈતાઢ્યગિરિ ઉપર સુરેન્દ્રય નામે એક નગર છે. તેમાં ઈંદ્રધનુ નામે એક વિદ્યાધર રાજા છે. શ્રીકાંતા નામે તેની પત્ની છે અને તે દંપતીને જયચંદ્રા નામે એક પુત્રી થઇ છે. યોગ્ય વર નહીં મળવાથી જયચંદ્રા સર્વ પુરુષોપર દ્વેષ કરનારી થઈ છે; કેમકે "હીન વરવાળી સ્ત્રીઓ જીવતાં મર્યા જેવી છે." ભરતક્ષેત્રના તમામ રાજાઓને ચિત્રપટમાં આળેખીને આળેખી મેં તેને બતાવ્યા, પણ તેને તેમાંથી કોઇ પણ રૂચ્યો નહીં. પછી એક વખતે ચિત્રપટ ઉપર તમારૂં રૂપ આળેખીને બતાવ્યું, એટલે તત્કાલ તેના હૃદયમાં કામદેવે સ્થાન કર્યું. તમારા જેવા પ્રાણવલ્લભ મળવા દુર્લભ ધારીને એ પુરૂષદ્વેષિણી સ્ત્રી પોતાના જીવિતની પણ દ્વેષિણી થઇ ગઈ. અને 'આ આ પદ્મોત્તર રાજાનો પુત્ર

મહાપદ્મ મારો પતિ થાઓ, અન્યથા મરણ મારૂં શરણ થાઓ.' આવી તેણે પ્રતિજ્ઞા કરી. તે જયચંદ્રાનો તમારી ઉપરનો અનુરાગ મેં તેના માતાપિતાને કહ્યો. યોગ્ય વરની ઇચ્છા સાંભળીને તત્કાળ તેઓ પણ ખુશી થયા. તે હું વેગવતી નામની વિદ્યાધરી છું; અને હે પ્રભુ! જયચંદ્રાના માતાપિતાની આજ્ઞાથી તમને લઈ જવાને માટે આવી છું. તમારી પર અનુરાગી થયેલી જયચંદ્રાને ધીરજ આપવાને મેં પ્રતિજ્ઞાથી કહ્યું છે કે 'હે સુભ્રુ! સ્વસ્થ થા, હું ખરેખર ત્યાં જઇશ અને તારા હૃદયપદ્મને વિકસ્વર કરવામાં સૂર્યરૂપ એ મહાપદ્મને જરૂર લાવીશ, નહીંતો અગ્નિમાં પ્રવેશ કરીશ; માટે તું તારા મનની પીડાને શાંત કર.' આ પ્રમાણે પ્રતિજ્ઞાપૂર્વક તેને આશ્વાસન આપી તેના શ્વાસમાં ચંદ્ર સમાન એવા તમારી પાસે હું આવી છું, અને તમને ત્યાં લઈ જાઉં છું; માટે કોપ કરો નહીં; તમે ઉપકારી છો." આ પ્રમાણેની હકીકત સાંભળી મહાપદ્મે આજ્ઞા આપી, એટલે તે વેગવતી વિદ્યાધરી આભિયોગિક દેવતાનાં રચેલાં વિમાન જેવા વેગવડે ચાલીને મહાપદ્મ કુમારને સુરોદયપુરમાં લાવી. પ્રાતઃકાળે સુરોદયપુરના પતિ ઈંદ્રધનુ રાજાએ જેની પૂજા કરી છે એવો પદ્મકુમાર રોહિણીને ચંદ્રની જેમ જયચંદ્રાને પરણ્યો.

જયચંદ્રાના મામાના દીકરા **ગંગાધર અને મહીધર** નામે વિદ્યામદ તથા ભુજબલથી દુર્મદ એવા બે વિદ્યાધરો હતા. તેઓ આ જયચંદ્રાના વિવાહના ખબર સાંભળી તત્કાળ ગુસ્સે થયા. "એક દ્રવ્યનો બે જણને અભિલાષ તેજ મોટા વૈરનું કારણ છે."
તેઓ બંને સર્વ બલથી જયચંદ્રાના પતિ પદ્મકુમારની સાથે યુદ્ધ કરવા સુરોદયપુરમાં આવ્યા. નિષ્કપટ યુદ્ધ કરવામાં કૌતુકી એવા મહાપદ્મ કુમાર અને દુર્વાર ભુજપરાક્રમવાળો વિદ્યાધરોનો પરિવાર નગરની બહાર નીકળ્યો. કોઈને ત્રાસ પમાડતો, કોઈને ઘાયલ કરતો અને કોઈને મારી નાંખતો મહાપદ્મ ગજેંદ્રોની સાથે સિંહની જેમ શત્રુઓના સુભટોની સાથે લીલાથી યુદ્ધ કરવા લાગ્યો. વિદ્યાધરપતિ ગંગાધર અને મહીધર પોતાના સૈન્યનો ભંગ થયેલો જોઇ જીવ લઈને નાસી ગયા.

પછી ચક્રરત્નાદિ રત્નો ઉત્પન્ન થતાં એ બલવાન મહાપદ્મે ષટ્‌ખંડ ભરતક્ષેત્ર ઉપર વિજય મેળવ્યો. શુકલ પક્ષની ચતુર્દશીએ એક કળાએ અધુરી ચંદ્રની પૂર્ણતાની જેમ એક સ્ત્રીરત્ન વિના મહાપદ્મને ચક્રવર્તીપણાની સર્વ સમૃદ્ધિ પૂર્ણ થઇ. પછી પૂર્વે જોયેલ સ્ત્રીરત્ન મદનાવળીનું સ્મરણ કરતો મહાપદ્મ ક્રીડા કરવાને મિષે તે તાપસોના આશ્રમમાં ગયો. તાપસોએ તેનું આતિથ્ય કર્યું. ત્યાં ફરતા સતા જન્મેજય રાજાની રાણીએ તેમને દીઠા એટલે પોતાની પુત્રી મદનાવળી તેમને પરણાવી. એ પ્રમાણે ચક્રવર્ત્તીની સંપૂર્ણ સમૃદ્ધિ પ્રાપ્ત કરીને પદ્મરાજા હસ્તીનાપુર આવ્યો; અને પ્રથમ વૃત્તાંત સાંભળવાથી ખુશી થયેલા માતાપિતાને અધિક હર્ષ ધરી પ્રથમની જેમજ પ્રણામ કર્યો. કર્ણમાં રસાયણ જેવું પોતાના પુત્રનું ચરિત્ર સાંભળી સિંચન કરેલા વૃક્ષની જેમ માતાપિતા વિકસ્વર થઇ ગયા.

અન્યદા મુનિસુવ્રત સ્વામીના હસ્તદીક્ષિત શિષ્ય **સુવ્રત** નામના આચાર્ય વિહાર કરતાં કરતાં ત્યાં પધાર્યા. રાજા પદ્મોત્તરે પરિવાર સાથે આવીને તેમને નમસ્કાર કર્યો, અને સંસારવૈરાગ્યની માતારૂપ તેમની દેશના સાંભળી. દેશનાને અંતે 'સ્વામી! જ્યાં સુધી પુત્રને રાજ્યપર બેસારીને હું દીક્ષા લેવાને આવું, ત્યાં સુધી આપ ભગવંતે અહીંજ બિરાજવું.' એવી રીતે રાજાએ આચાર્યને વિનંતિ કરી. 'પ્રમાદ કરશો નહીં' એવું સૂરિએ કહ્યું; એટલે રાજા પદ્મોત્તર તેમને વંદના કરી પોતાના નગરમાં આવ્યો. પછી અમાત્ય,

સામંત વિગેરે સર્વ પ્રકૃતિવર્ગને અને વિષ્ણુકુમાર પુત્રને બોલાવી રાજા પદ્મોત્તરે કહ્યું–"આ સંસાર દુઃખનો સાગર છે, રોગીને અપથ્યની ઇચ્છા જેમ રોગની વૃદ્ધિને માટે થાય છે તેમ પ્રાણીની જે તેના પોષણને માટે પ્રવૃત્તિ છે તે તેની વૃદ્ધિને માટેજ થાય છે. કૂવાની પાસે ગયેલા અંધ પુરૂષને જેમ બાહુ આપનાર પુરૂષ મળી જાય તેમ આ સંસારસમુદ્રમાં પડતો એવો હું તેનો ઉદ્ધાર કરવા માટેજ સુવ્રત પ્રભુ અત્રે પધારેલા છે; તેથી આજે મારા રાજ્ય ઉપર વિષ્ણુકુમારને બેસારો. હું સુવ્રત પ્રભુની પાસે અવશ્ય દીક્ષા ગ્રહણ કરીશ." વિષ્ણુકુમારે કહ્યું–'પિતાજી ! મારે રાજ્યથી સર્યું, હું તે ગ્રહણ કરવાનો નથી; તમારી સાથે દીક્ષા લઇ તમારેજ માર્ગે ચાલીશ.' એટલે રાજાએ પદ્મકુમારને બોલાવી આગ્રહથી કહ્યું–'વત્સ ! આ રાજ્ય સ્વીકારો, જેથી અમે સુખે વ્રત લઇએ.' પદ્મકુમારે અંજલિ જોડી કહ્યું–"પૂજ્ય પિતા ! જ્યાં સુધી પિતા તુલ્ય આર્ય વિષ્ણુકુમાર હોય ત્યાં સુધી મને તે કાર્ય કરવું ઉચિત નથી. માટે જગતમાં એકજ સમર્થ એવા વિષ્ણુકુમારનો રાજ્ય ઉપર અભિષેક કરો, હું એક પેદલની જેમ તેમનો યુવરાજ થઇને રહીશ.' રાજાએ કહ્યું –'મેં તેની પ્રાર્થના કરી પણ તે તો રાજ્ય ગ્રહણ કરવાને ઇચ્છતો નથી, મારી સાથે દીક્ષા લેવાને ઇચ્છે છે.' આ પ્રમાણે સાંભળી પદ્મકુમાર મૌન રહ્યો એટલે પદ્મોત્તર રાજાએ ચક્રવર્ત્તીપણાના અભિષેક સાથે તેનો રાજ્ય ઉપર અભિષેક કર્યો. પછી પદ્મકુમારે જેમનો નિષ્ક્રમણોત્સવ કરેલો છે એવા પદ્મોત્તર રાજાએ વિષ્ણુકુમારની સાથે સુવ્રત મુનિ પાસે જઇને દીક્ષા લીધી. પદ્મકુમારે પૃથ્વી પર પોતાના શાસનની જેમ સર્વ જનોએ પૂજેલા પોતાની માતાના જૈનરથને આખા નગરમાં ફેરવ્યો. રથ ફેરવવાના સમય સુધી સુવ્રતાચાર્ય પદ્મોત્તર પ્રમુખ શિષ્યો સહિત તે નગરમાં રહ્યા. પછી અન્યત્ર વિહાર કર્યો.

અદ્‌ભુત ચરિત્રવડે શોભનાર પદ્મચક્રીએ પોતાના વંશની જેમ સર્વત્ર જિનશાસનની પણ ઉન્નતિ કરી. ગ્રામ, આકર, નગર અને દ્રોણમુખ વિગેરેમાં જાણે નવીન પર્વતો નિષ્પન્ન થયા ન હોય તેવાં કોટીગમે ચૈત્યો કરાવ્યાં. પદ્મોત્તર મુનિ ગુરૂની સાથે વિહાર કરી ઉત્તમ વ્રત પાળી કેવલજ્ઞાન ઉત્પન્ન કરીને સિદ્ધિને પ્રાપ્ત થયા. વિષ્ણુકુમાર મુનિએ અદ્‌ભુત તપસ્યા કરી અને તેના મહિમાથી અનેક લબ્ધિઓવાળા થયા. મેરૂની જેવા ઉન્નત, ગરૂડની જેવા આકાશગામી, દેવની જેવા કામરૂપી અને કામદેવની જેવા સ્વરૂપવાન, એવી વિવિધ અવસ્થા પામવાને વિષ્ણુકુમાર સમર્થ થયા. પણ સાધુઓને અસ્થાને લબ્ધિનો ઉપયોગ કરવો ઉચિત ન હોવાથી તેઓ લબ્ધિ ફોરવતા નહોતા.

એક વખતે ચાતુર્માસ કરવા માટે સુવ્રતાચાર્ય સાધુઓના પરિવાર સાથે વિહાર કરતાં કરતાં હસ્તીનાપુરમાં આવીને રહ્યા. આચાર્યને આવેલા જાણી પૂર્વ વૈરનો બદલો લેવાની ઇચ્છાએ નમુચિ મંત્રીએ મહાપદ્મને વિજ્ઞપ્તિ કરી કે–'હે નરેંદ્ર ! પ્રથમ તમે જે મને વરદાન આપેલ છે તે અત્યારે આપો. **મહાત્મા લોકોની પાસે થાપણની પેઠે રાખેલું વરદાન નાશ પામતું નથી.**' રાજાએ કહ્યું–'તે વરદાન માગો.' એટલે નમુચિએ કહ્યું–' મારે એક યજ્ઞ કરવો છે, તેથી યજ્ઞ પૂરો થાય ત્યાં સુધી તમારૂં રાજ્ય મને આપો. તમે કહેલું વચન સંભારો.' સત્ય પ્રતિજ્ઞાવાળા મહાપદ્મ રાજાએ નમુચિ મંત્રીને રાજ્ય ઉપર બેસાર્યો, અને પોતે અંતઃપુરમાં પ્રવેશ કર્યો. પછી નમુચિ કપટથી નગરની બહાર નીકળી બગલાની પેઠે દુષ્ટ ધ્યાન કરતો એક પાપી યજ્ઞમાં દીક્ષિત થયો. તેને અભિષેક-કલ્યાણ કરવા માટે મંત્રીઓ અને સર્વ ધર્મના આચાર્યો આવ્યા, માત્ર જૈનના શ્વેત ભિક્ષુઓ આવ્યા નહીં. 'સર્વ ધર્મના લિંગીઓ મારી પાસે આવ્યા અને ઇર્ષાથી શ્વેતાંબરી

ભિક્ષુકો આવ્યા નહીં.' આ પ્રમાણે ધારી એ દુર્મતિ તેઓનાં છિદ્ર શોધવા લાગ્યો. પછી સુવ્રતાચાર્યની પાસે જઈ આક્ષેપ કરીને તે બોલ્યો– "જે રાજા હોય તેનો સર્વ ધર્મના લિંગીઓ આશ્રય કરે છે. સર્વ તપોવનો રાજાઓથી રક્ષણીય છે, એવું ધારી તપસ્વીઓ પોતાના તપનો છઠ્ઠો ભાગ રાજાને આપે છે. તમે અધમ પાખંડીઓ મારી નિંદા કરનારા, અભિમાનવડે સ્તબ્ધ, મર્યાદાને લોપનારા અને લોકવિરુદ્ધ તથા રાજ્યવિરુદ્ધ વર્તનારા છો, તેથી તમારે મારા રાજ્યમાં રહેવું નહીં; અહીંથી બીજે ચાલ્યા જાઓ. તમારામાંથી જે કોઇ અહીં રહેશે, તે દુરાશય મારે વધ્ય છે." સુરી બોલ્યા–' તમને અભિષેક કરે ત્યારે અમારે આવવાનો આચાર નથી તેથી અમે આવ્યા નથી, અને અમે કોઇની પણ નિંદા કરતા નથી.' તે સાંભળી નમુચિ ક્રોધ કરીને બોલ્યો–' આચાર્ય ! હવે વિશેષ વિસ્તાર કરવાની કાંઇ જરૂર નથી. જો તમે સાત દિવસ પછી અહિં રહેશો, તો મારે ચોરની જેમ નિગ્રહ કરવા યોગ્ય થશો.' આ પ્રમાણે કહી નમુચિ પોતાને સ્થાનકે ગયો. પછી સૂરિએ મુનિઓને પૂછયું–'હવે આપણે શું કરવું તે યથાશક્તિ અને યથામતિ કહો.' તેઓમાંથી એક સાધુ બોલ્યા–"વિષ્ણુકુમાર મુનિએ છ હજાર વર્ષ સુધી તપ કરેલું છે અને હાલ મંદરાચળ[1] ઉપર છે. તે મહાશય પદ્મરાજાના જ્યેષ્ઠ બંધુ થાય છે, તો તેનાં વચનથી આ નમુચિ શાંત થઈ જશે. કારણ કે તે પણ પદ્મની જેમ તેના સ્વામી છે. માટે જે વિદ્યાલબ્ધિવાળા સાધુ હોય તે તેમને તેડવાને જાઓ. **સંઘના કાર્યમાં લબ્ધિનો ઉપયોગ કરવો દુષિત નથી.**" એટલે એક બીજા સાધુ બોલ્યા કે 'હું આકાશમાર્ગે ત્યાં સુધી જવાને શક્તિમાન છું પણ પાછો આવવાને શક્તિમાન નથી. માટે આ કાર્યમાં મારું જે કર્ત્તવ્ય હોય તે કહો, હું કરું.' ગુરૂ બોલ્યા– 'તમને વિષ્ણુકુમાર પાછા લાવશે, માટે તમે તેડવા જાઓ.' એવું ગુરૂએ કહ્યું એટલે તે મુનિ આકાશમાર્ગે ગરૂડની જેમ ઉડીને ક્ષણવારમાં વિષ્ણુકુમાર પાસે આવ્યા. તે મુનિને આવતાં જોઇ વિષ્ણુકુમારે મનમાં વિચાર્યું કે 'આ મુનિ વેગથી આવે છે, તેથી કાંઇ સંઘનું કાર્ય હશે, અન્યથા વર્ષાઋતુમાં સાધુઓનો વિહાર સંભવે નહીં; તેમજ તેઓ જેવા તેવા કાર્યમાં લબ્ધિઓનો ઉપયોગ પણ કરે નહીં.' આ પ્રમાણે વિષ્ણુકુમાર ચિંતવતા હતા ત્યાં તો તે મુનિએ આવીને તેમને વંદના કરી અને પોતાના આગમનનું કારણ કહ્યું. તે સાંભળી વિષ્ણુકુમાર ક્ષણવારમાં તે મુનિને લઇ આકાશમાર્ગે હસ્તીનાપુર આવ્યા અને પોતાના ગુરૂ સુવ્રતાચાર્યને વંદના કરી. પછી સાધુઓના પરિવાર સાથે વિષ્ણુકુમાર નમુચિની પાસે આવ્યા. એક નમુચિ શિવાય બીજા સર્વ રાજા પ્રમુખ લોકોએ વંદના કરી. પછી ધર્મકથાપૂર્વક વિષ્ણુકુમારે શાંતતાથી નમુચિને કહ્યું કે "જ્યાં સુધી ચાતુર્માસ છે ત્યાં સુધી આ સર્વે મુનિઓ આ નગરમાં રહો. એ મુનિઓ સ્વયમેવ એક ઠેકાણે ચિરકાળ રહેતા નથી, પણ વર્ષા ઋતુમાં ઘણા જંતુઓની ઉત્પત્તિ થાય છે, તેથી તેમને વિહાર કરવો કલ્પતો નથી. હે બુદ્ધિમાન રાજા ! આવા મોટા નગરમાં અમારા જેવા ભિક્ષુકો ભિક્ષાવૃત્તિથી રહે તેમાં તમને શી હાનિ છે ? ભરત, આદિત્યયશા અને સોમયશા પ્રમુખ રાજાઓએ મુનિઓને ભક્તિથી વાંદ્યા છે; જો કદિ તમે તેવી રીતે ન કરો તો ભલે, પણ નગરમાં તો રહેવા દ્યો."

આ પ્રમાણે વિષ્ણુકુમારે કહ્યું એટલે નમુચિ મંત્રીએ કોપથી દારૂણ થઈને કહ્યું કે 'આચાર્ય ! વધારે વચનો બોલશો નહીં, તમને અહિં રહેવા દઇશ નહીં.' સમર્થ છતાં ક્ષમાવાળા વિષ્ણુકુમારે ફરીવાર કહ્યું–' જો તમારી ઇચ્છા હોય તો આચાર્ય નગરની બહાર

---

૧ મેરૂ.

ઉદ્યાનમાં નિવાસ કરીને રહે.' અધમ મંત્રીએ ક્રોધ કરી ફરીને તે મહર્ષિને કહ્યું–"હું તમારો ગંધ પણ સહન કરી શકતો નથી, માટે તમારે નિવાસ કરવાની હવે પ્રાર્થનાજ કરવી નહીં. નગરમાં કે નગર બહાર ચોર લોકની જેમ શ્વેતાંબરીનો નિવાસ કદિપણ મર્યાદાને યોગ્ય થશે નહીં. જો તમારે જીવવું પ્રિય હોય તો તમે અહિંથી ચાલ્યા જાઓ. નહીં તો સર્પોને ગરૂડ હણે તેમ તમને હણી નાખીશ." આવાં નમુચિનાં વચન સાંભળી આહુતિવડે અગ્નિની જેમ વિષ્ણુકુમાર ક્રોધથી પ્રદીપ્ત થયા, તો પણ તેઓ બોલ્યા–' અરે ! અહિં અમને રહેવા માટે ત્રણ પગલાં માત્ર ભૂમિ તો આપો.' એટલે નમુચિએ કહ્યું–'હું તમને ત્રણ પગલાં માત્ર ભૂમિ આપું છું; પણ જે તેટલી ભૂમિની બહાર રહેશે તેને હું તત્કાળ હણી નાખીશ.' **'તથાસ્તુ'** એમ કહી વિષ્ણુકુમારે શરીર વધારવા માંડયું. મુગટ, કુંડલ, માળા, ધનુષ્ય, વજ્ર અને ખડ્ગ ધરતા, મોટા ફુત્કારાથી જીર્ણ પત્રની જેમ ખેચરોને પાડી નાખતા, કમળના પત્રની જેમ ચરણથી પૃથ્વીને કંપાવતા, કલ્પાંત કાળના પવનની જેમ સમુદ્રોને ઉછાળતા, સેતુબંધની પેઠે સરિતાઓને પ્રતીપગમન કરનારી (પાછી વળનારી) કરતા, કાંકરાના સમૂહની જેમ તારાચક્રને ખેરવતા, રાફડાના રાશિની જેમ પર્વતોને ફાડી નાખતા, મહા પરાક્રમી, મહા તેજસ્વી અને સુર અસુરોને ભયંકર એવા વિષ્ણુકુમાર અનુક્રમે વિવિધરૂપે વધી મેરૂગિરિ જેવા થયા. [૧]તે સમયે ત્રણ જગતને ક્ષોભ થતો જોઈ તેમને પ્રસન્ન કરવાને ઇંદ્રે ગાયન કરનારી દેવાંગનાઓને આજ્ઞા કરી. તે ગાયિકા દેવીઓ ત્યાં આવીને સર્વજ્ઞ શાસ્ત્રમાં કહેલા ભાવને જણાવનારૂં ગાયન ગાંધાર સ્વરે તેમના કર્ણની સમીપે આ પ્રમાણે ગાવાલાગી– "પ્રાણીઓ કોપથી આ ભવમાં પણ દગ્ધ થાય છે, વારંવાર સ્વાર્થમાં મોહિત થાય છે અને મૃત્યુ પામ્યા પછી અનંત દુઃખવાળા નરકમાં પડે છે." આ પ્રમાણે તેમનો કોપ શમાવવાને કિંનરોની સ્ત્રીઓ તેમની આગળ ગાવા લાગી અને નૃત્ય પણ કરવા લાગી. પછી પદ્મકુમારના અગ્રજ બંધુ કે જેના ચરણ જગતને વંદન કરવા યોગ્ય છે, તેઓ નમુચિને પૃથ્વીપર નાંખી પૂર્વ અને પશ્ચિમ સમુદ્રને કિનારે (જંબૂદ્વીપની જગતી ઉપર) બે પગલાં મૂકીને સ્થિત થયા. આ વૃત્તાંત જાણી પદ્મકુમાર સંભ્રમથી ત્યાં આવ્યા, અને પોતાના પ્રમાદથી તથા નમુચિના દોષથી ચકિત થઇ ગયા. પછી પોતાના અગ્રજ મહર્ષિને અતિ ભક્તિથી નમસ્કાર કરી અંજલિ જોડીને અશ્રુવડે મુનિના ચરણને પ્રક્ષાલિત કરતાં આ પ્રમાણે બોલ્યા–

"હે પ્રભુ ! લોકોત્તર ગુણવાળા તમે વિજયવંત સ્વામી છતાં પૂજ્ય પિતાશ્રી પદ્મોત્તર રાજા અદ્યાપિ મારા ચિત્તથી વિદ્યમાનજ છે. આ અધમ નમુચિ મંત્રી હમેશાં શ્રી સંઘની આશાતના કરતો તે મારા જાણવામાં આવ્યું નહીં, તેમ કોઈએ મને જણાવ્યું પણ નહીં; તથાપિ હું પોતેજ અપરાધી છું. કારણ કે એ પાપી મારો સેવક છે. **સ્વામી સેવકના દોષથી દુષિત થાય છે** એવી નીતિ છે. તે નીતિ પ્રમાણે હું પણ તમારો સેવક છું અને તમે મારા સ્વામી છો, તો તમે પણ મારા દોષથી ગ્રહણ થશો, માટે કોપ તજી દો. હે મહાત્મા ! આ પાપી મંત્રીના અપરાધથી આ ત્રણે લોક પ્રાણસંશયમાં આવી પડયું છે, માટે હે કરૂણાનિધિ ! તેની રક્ષા કરો." એવી રીતે બીજા પણ અનેક સુર અસુર અને નરોના ઈશ્વરોએ (ઇંદ્રોએ અને રાજાઓએ) અને ચતુર્વિધ સંઘે વિવિધ પ્રકારે સ્તુતિ કરીને મહામુનિ વિષ્ણુકુમારનું સાંત્વન કરવા માંડયું. જ્યારે આકાશમાં અત્યંત વૃદ્ધિને પામેલા વિષ્ણુકુમારને સાંભળ્યા ત્યારે સર્વે એ ત્યાં આવી આવીને ભક્તિથી તેના ચરણનો સ્પર્શ કર્યો. ચરણને અત્યંત સ્પર્શ થતાં વિષ્ણુકુમારે નીચે જોયું એટલે ત્યાં પોતાના ભાઇ

૧ લક્ષયોજન પ્રમાણ શરીર કર્યું. વૈક્રિય લબ્ધિનું એટલું બળ છે.

પદ્મ, ચતુર્વિધ સંઘ અને સુર અસુર તથા રાજાઓ જોવામાં આવ્યા. મુનિએ વિચાર્યું કે "આ કૃપાળુ સંઘ, આ દીન એવો મારો ભાઇ પદ્મકુમાર અને આ સુર અસુર તથા રાજાઓ ભય પામીને મારા કોપની શાંતિને માટે એકસાથે પ્રયત્ન કરે છે, તો મારે આ સંઘ માન્ય છે અને ભ્રાતા પદ્મ વિગેરે સર્વ અનુકંપા કરવા યોગ્ય છે." આવો વિચાર કરી એ મહામુનિ વિષ્ણુકુમાર શરીરની વૃદ્ધિનો ઉપસંહાર કરી મર્યાદામાં આવેલા સમુદ્રની જેમ પોતાની મૂલ પ્રકૃતિની અવસ્થામાં સ્થિર થયા. સંઘના આગ્રહથી તે મહામુનિએ નમુચિને છોડી દીધો એટલે પદ્મરાજાએ તરતજ તે અધમ મંત્રીને નગરમાંથી કાઢી મૂકયો. આ ત્રિપદી (ત્રણ પગલાં) ના ચરિત્રથી વિષ્ણુકુમાર ત્રણ જગતમાં ત્રિવિક્રમ એવી પવિત્ર વિખ્યાતિને પામ્યા. આવી રીતે શ્રીસંઘનું કાર્ય કરી, શાંત થઇ ઉત્કૃષ્ટ તપસ્યા કરીને વિષ્ણુકુમાર મુનિ કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા.

મહાપદ્મરાજાએ પણ સંસારથી ઉદ્વેગ પામી તૃણની જેમ રાજ્યને છોડી દઇને સદ્‌ગુરૂની પાસે દીક્ષા લીધી. કુમારવયમાં પાંચસો વર્ષ, મંડલિકપણામાં પણ તેટલાં વર્ષ, દિગ્‌વિજયમાં ત્રણસો વર્ષ, ચક્રવર્ત્તીપણામાં અઢાર હજાર ને સાતસો વર્ષ અને વ્રતમાં દશ હજાર વર્ષ, સર્વ મળીને ત્રીશ હજાર વર્ષનું આયુષ્ય પદ્મચક્રવર્ત્તીનું પૂર્ણ થયું હતું. પદ્મ ચક્રવર્ત્તી મુનિપણાના વિવિધ અભિગ્રહવડે સુંદર એવાં તીવ્ર તપ કરી અને ઘાતિ કર્મનો ક્ષય થતાં કેવળજ્ઞાનની સમૃદ્ધિ મેળવી શાશ્વત સુખના ધામ (મોક્ષ) ને પ્રાપ્ત થયા.

"આ છઠ્ઠા પર્વમાં બે જિન અને ચક્રવર્ત્તી, બે તીર્થંકર, બે ચક્રવર્ત્તી, બે રામ (બળદેવ), બે વાસુદેવ અને બે પ્રતિવાસુદેવ એમ ચૌદ મહાત્મા શલાકા પુરૂષોનું કીર્ત્તન કરેલું છે. કીર્ત્તિથી દિશાઓને વ્યાપ્ત કરનારા તે મહાશય પુરૂષોનું આ ઉદાર ચરિત્ર હમેશાં લોકોના કર્ણને અતિથિરૂપ થાઓ."

इत्याचार्यश्रीहेमचंद्रविरचिते त्रिषष्ठिशलाकापुरुषचरित्रे
महाकाव्ये षष्ठे पर्वणि पद्मचक्रवर्तीचरित
वर्णनो नाम अष्टमः सर्गः ।

पर्व छठुं समाप्त.